


# ગોપીગીત-સુબોધિની

## (સવિવરણ)

ગોસ્વામી શ્યામ મનોહર

# ગોપીગીત

**ગોસ્વામી શ્યામ મનોહર**

**:: પ્રકાશક ::**
**ગોસ્વામી શ્યામ મનોહર**
૬૩, સ્વસ્તિક સોસાયટી
૪થો રસ્તો, જુહુ સ્કીમ
વિલેપાર્લે, મુંબઇ ૪૦૦૦૫૬

**ગોપીગીત-સુબોધિની** (સવિવરણ) (વ્રજભાષા)
**વિવરણકાર :** ગોસ્વામી શ્યામ મનોહર

**ગુજરાતીમાં અનુવાદ :**
શ્રીરમેશભાઈ પંચાસરા, રાજકોટ

**પ્રકાશક : ગોસ્વામી શ્યામ મનોહર**
૬૩, સ્વસ્તિક સોસાયટી,
૪થો રસ્તો, જુહુસ્કીમ, વિલે-પાર્લે, મુંબઇ ૪૦૦૦૫૬

**સહયોગ પ્રકાશન : પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર**
૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ.
પ્રવિણ વી. ડઢાણીયા, મો. ૯૪૨૭૪ ૯૫૧૫૯

**પ્રકાશનાર્થ આર્થિકસહયોગ :**
૧. શ્રી જિજ્ઞેશભાઈ કડકીયા, વડોદરા
૨. શ્રી એજલબેન ભાવિનભાઈ પરીખ, અમેરીકા
૩. ગો.વા. સરધારા રમાબેન કુરજીભાઈ, રાજકોટ
૪. શ્રી આરવ ભાર્ગવ ડઢાણીયા, અમેરીકા

**પ્રથમસંસ્કરણ : (વ્રજભાષા)**
પવિત્રા એકાદશી વિ.સં.૨૦૭૬, સન્ ૨૦૨૦. **પ્રતિ :** ૧૦૦૦
**દ્વિતીયસંસ્કરણ : (ગુજરાતી આવૃત્તિ)**
પવિત્રા એકાદશી વિ.સં.૨૦૭૭, સન્ ૨૦૨૧. **પ્રતિ :** ૫૦૦

**નિઃશુલ્કવિતરણાર્થ**

**મુદ્રક :** પૂર્વીપ્રેસ, રાજકોટ.

# પુષ્ટિમાર્ગીય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | પુષ્ટિવાક્સુધા (ત્રીજી આવૃત્તિ) | ૨૫-૦૦ |
| ૨. | જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો (બીજી આવૃત્તિ) | ૧૨૫-૦૦ |
| ૩. | સિદ્ધાન્તમુક્તાવલી (શ્રીપુરુષોત્તમજીની ટીકા) | અપ્રાપ્ય |
| ૪. | સિધ્ધાંત સૂક્તિ (ગો.શ્રીશ્યામમનોહરજી) (ચોથી આવૃત્તિ) | અપ્રાપ્ય |
| ૫. | વિશોધનિકા : (દે ધના ધન, ભાગ-૪) | નિઃશુલ્ક |
| ૬. | સિદ્ધાન્ત રહસ્ય (સંક્ષિપ્ત) (ત્રીજી આવૃત્તિ) | નિઃશુલ્ક |
| ૭. | શ્રીકૃષ્ણાશ્રય (શ્રીકલ્યાણરાયજીની ટીકા) | અપ્રાપ્ય |
| ૮. | ચિરકુટ ચર્ચા સમીક્ષા | નિઃશૂલ્ક |
| ૯. | ધર્માધર્માગ્રદર્શનમ્ (ત્રીજી આવૃત્તિ) | અપ્રાપ્ય |
| ૧૦. | શ્રીભાગવત સુધા - રસબિંદુ (ત્રીજી આવૃત્તિ) | ૨૫-૦૦ |
| ૧૧. | શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ (ત્રીજી આવૃત્તિ) | ૨૦-૦૦ |
| ૧૨. | શ્રીયમુનાષ્ટકમ્ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૩. | બાલબોધ અને પંચપદ્યાનિ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૪. | સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૫. | સિદ્ધાંતમુકતાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૬. | નવરત્નમ્ અને અંતઃકરણપ્રબોધ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૧૭. | વિવેકધૈર્યાશ્રય (છઠ્ઠી આવૃત્તિ) | ૧૦-૦૦ |
| ૧૮. | શ્રીકૃષ્ણાશ્રય (છઠ્ઠી આવૃત્તિ) | ૧૦-૦૦ |
| ૧૯. | વિવેકધૈર્યાશ્રય અને શ્રીકૃષ્ણાશ્રય (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૨૦. | ચતુઃશ્લોકી, ભક્તિવર્ધિની અને જલભેદ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૨૧. | સંન્યાસનિર્ણય અને સેવાફલ (છઠ્ઠી આવૃત્તિ) | ૧૫-૦૦ |
| ૨૨. | ભક્તિયોગ (ગુજરાતી) (ગો.શ્રીશ્યામમનોહરજી) | નિઃશૂલ્ક |
| ૨૩. | કૃષ્ણ એવ તાત્પર્યમ્ (ગો.શ્રીશ્યામમનોહરજી) (બીજી આવૃત્તિ) | નિઃશૂલ્ક |
| ૨૪. | પુરુષોત્તમયોગ (ગો.શ્રીશ્યામમનોહરજી)(બીજી આવૃત્તિ) | નિઃશૂલ્ક |
| ૨૫. | ૪૧ શિક્ષાપત્ર સાર સંચય | ૧૫-૦૦ |
| ૨૬. | શિક્ષાઃશ્લોકી (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |

| | | |
|---|---|---|
| ૨૭. | ષોડશગ્રન્થ પરિચય (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | અપ્રાપ્ય |
| ૨૮. | સેવા અને વ્રજલીલા (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૨૯. | ષોડશગ્રંથ (શ્રીનૃસિંહલાલજીની ટીકા સહિત) (ગુજરાતી) | અપ્રાપ્ય |
| ૩૦. | પુષ્ટિમાર્ગીય પીઠાધીશ (સ્વરૂપ અને કર્તવ્ય) (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૧. | અહંકાર મીંમાસા (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૨. | ભગવત્સેવાનો સિદ્ધાંત શુદ્ધ પ્રકાર (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૩. | વાર્તા વિવેચના (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૪. | ષોડશ ગ્રન્થો (વિસ્તૃત વિવરણ સહિત) (ગુજરાતી) | ૧૦૦-૦૦ |
| ૩૫. | વલ્લભાખ્યાન અને શ્રીમદ્ ભાગવતનું પ્રારૂપ (ગુજરાતી) (ગોસ્વામી શ્યામમનોહરજી) | પ્રેસમાં |
| ૩૬. | પુરુષાર્થ વ્યવસ્થા (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૭. | સપ્તગ્રંથાઃ (સિદ્ધાન્તવચનાવલી, અમૃતવચનાવલી, પક્ષગ્રહણ,વિશોધનિકા ૧-૪) | નિઃશુલ્ક |
| ૩૮. | વિવેક (ગો.શ્રીશ્યામમનોહરજી) (ગુજરાતી) | નિઃશુલ્ક |
| ૩૯. | ગોપીગીત (ગો.શ્રીશ્યામમનોહરજી)(ગુજરાતી) | નિઃશુલ્ક |

**:: પ્રાપ્તિસ્થાન ::**

**પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર**

૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ.

પ્રવિણ વી. ડઢાણીયા, મો. ૯૪૨૭૪ ૯૫૧૫૯

## ॥ પ્રકાશકીય ॥

**નમામ્યાચાર્યવર્યાન્ મે તત્સુતૌ સ્વપ્રભૂનહમ્ ॥**
**રાસસ્થશ્રુતિરૂપાઃ વૈ ઋષિરૂપાશ્ચ ગોપિકાઃ ॥૧॥**

**પ્રમાણસાધનાતીતં રમણં સ્વેચ્છયા તયોઃ ॥**
**વ્રજરાજકુમારં હિ રાધયારાધિતં ભજે ॥૨॥**

**સુબોધિન્યુત્સુકં યો માં ચકારાન્યતં હૃદા ॥**
**સ્મરામિ સાદરં વાડીલાલં સ્વગ્રન્થદાયકમ્ ॥૩॥**

**સ કાલઃ કીદૃશો હ્યાસીદ્ યો નીતો ગીતચિન્તને ॥**
**જનાર્દનક્ષેત્રવાસે જીવન્મુકત્યનુભાવકઃ ॥૪॥**

ગો.શ્રીદીક્ષિતજી મહારાજ (મારા દાદાજી) ના નિત્યલીલાસ્થ થયા પછી કેટલાક વરસો સુધી એમનો જન્મદિવસ દાદાજીના પ્રિય શિષ્ય શ્રીહંસરાજ ગો. વેદને ત્યાં કોલ્હાપુરમાં મનાવવા જતા રહેતા હતા. ત્યાંજ એ પ્રસંગમાં પ્રિય હંસુભાઈના અનુરોધથી ગોપીગીત-સુબોધિનીનું ચિંતન શરુ કર્યું હતું. હવે પ્રયોજન તો યાદ નથી આવી રહ્યું પરંતુ ત્યારે કોલ્હાપુરથી હુબલી ધારવાડ બેંગલુરુ કોયંબતુર ત્રિશુર અલેપ્પી વરકલા અને કન્યાકુમારીની દક્ષિણયાત્રાનો કાર્યક્રમ થયો. આ સન.૧૯૭૯ મે-જુનમાં કરવામાં આવેલી યાત્રાના દરમિયાન ગોપીગીત-સુબોધિનીનું ચિંતન-પ્રવચન ચાલતું રહ્યું. અંતિમ અંશ જનાર્દન (વરકલા) ક્ષેત્રમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણની બેઠકમાં સંપન્ન થયું. આની મધુરસ્મૃતિ પણ આજસુધી દિવ્ય આહ્લાદક લાગે છે તો અનુભૂતિનું શું કહેવું? “તે હિ નો દિવસાઃ ગતાઃ!”

પ્રિય હંસુભાઈએ જ ત્યારે આ પ્રવચનની ઓડિયો કેસેટ ઉતારી હતી. આને સર્વપ્રથમ શ્રીધનેશ ગાંધીએ લિપિબદ્ધ કરવાનું ઈચ્છયું. પછી દિલ્હીનિવાસી પ્રિય શ્રીઅશોક શર્માજીએ સંપૂર્ણરૂપમાં લિપિબદ્ધ કરી. તેનું યથોચિત સંશોધન સંપાદન શ્રીઅતુલ્ય શર્માજીએ અતીવ મનોયોગપૂર્વક કમ્પ્યુટરમાં ફીડ કર્યું જેને પાછળથી શ્રી-શ્રીમતી ધર્મેન્દ્ર ઝાલાએ મુદ્રણપ્રકાશનોચિત સંદર્ભોલ્લેખ અનુચ્છેદક શીર્ષક વગેરેથી ખૂબજ

સરખીરીતથી મંડિત કર્યું. આવરકચિત્ર બનાવવા માટે શ્રીમતિ ખ્યાતિ ભુલ્લા તથા મુદ્રણોપયોગી ઉત્તરદાયિત્વ શ્રીપરેશ શાહ શ્રીપ્રવીણ ડઢાણીયા શ્રીપીયૂષ ગોંધિયા અને એમના સહયોગિઓએ વહન કર્યું. તેમજ ગુજરાતીમાં અનુવાદનું કાર્ય શ્રીરમેશભાઈ પંચાસરાએ વહન કર્યું. આ બધાના પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા જ્ઞાપન કરતા...

**ગોસ્વામી શ્યામમનોહર**

મુંબઈ વિ.સં.૨૦૭૭

## ।। ગોપીગીતવિવરણમ્ : વિષયાનુક્રમણિકા ।।


| વિષય | પાના નં. |
|---|---|
| ગોપીગીતમ્ | ૧ |
| વિવરણમંગલાચરણમ્ | ૩ |
| વિવરણોપક્રમ | ૩ |
| નિરોધનું સ્વરૂપ | ૩ |
| નિરોધસ્કંધમાં તામસપ્રકરણનું સ્થાન | ૬ |
| તામસપ્રકરણના અવાંતર પ્રમાણ પ્રમેય સાધન ફલ પ્રકરણ | ૬ |
| તામસફલપ્રકરણના અધ્યાયાર્થ : ભગવદ્ગુણ | ૮ |
| પ્રથમાધ્યાય : ઐશ્વર્ય | ૯ |
| દ્વિતીયાધ્યાય : વીર્ય | ૧૧ |
| તૃતીયાધ્યાય : યશ | ૧૪ |
| ચતુર્થાધ્યાય : શ્રી | ૧૪ |
| પંચમાધ્યાય : ધર્મી | ૧૪ |
| ષષ્ઠાધ્યાય : વૈરાગ્ય | ૧૫ |
| સપ્તમાધ્યાય : જ્ઞાન | ૧૬ |
| પૂર્વાધ્યાયસંગતિ | ૧૭ |


## ।। ગોપીગીતનું અધ્યયન ।।


| | |
|---|---|
| સુબોધિની કારિકા | ૧૮ |
| ગોપીગીતની વિભિન્ન વ્યાખ્યાઓ | ૧૮ |
| કરમચંદકમ્પાઉન્ડર : નીમહકીમ ખતરે જાન | ૧૯ |
| ત્રિવેણીસંગમ!! | ૨૦ |
| ગોપિજનોના અપરાધનું સ્વરુપ | ૨૧ |
| ગોપીજનોના પ્રકાર | ૨૬ |
| સ્તુતિઓના પ્રકાર | ૨૮ |
| **શ્લોક : ૧** | **૩૧-૬૮** |
| જયતિ | ૩૨ |
| 'જયતિ'થી મંગલસ્થાપન | ૩૪ |

| | |
|---|---|
| ત્વદવતારેત વ્રજઃ સર્વોઽપિ કૃતાર્થઃ | ૩૫ |
| પ્રક્ષિપ્તમાં પણ પ્રક્ષિપ્ત!! | ૩૬ |
| વ્રજનો સર્વોત્કર્ષ | ૩૭ |
| માયાવાદીઓની માયા! | ૩૭ |
| વ્રજનું માહાત્મ્ય : વૈકુંઠાદપિ ઉત્કર્ષઃ | ૩૮ |
| બારીના ચક્કરમાં દીવાલ જ તોડી નાખવી! | ૩૯ |
| પ્રપંચના વિના નિરોધ નહીં | ૪૦ |
| **શ્રયત ઇન્દિરા શશ્વદ્ અત્ર હિ** | ૪૧ |
| **દયિત દશ્યતામ્** | ૪૩ |
| **ત્વયિ ધૃતાસવઃ ત્વાં વિચિન્વતે** | ૪૪ |
| નાટક ચાલવાનું નથી | ૪૪ |
| હૃદય અને આંખનો ઝઘડો | ૪૬ |
| **દયિત = પ્રિય દયાવાન્** | ૪૮ |
| અધિકારાનુસાર યશવર્ણનથી જ પ્રભુની પ્રસન્નતા | ૫૦ |
| મહાપ્રભુજીને કોની કાની આપવી | ૫૧ |
| ઠાકોરજીને ગીતાનો ઉપદેશ!! | ૫૨ |
| સ્તુતિનું કારણ | ૫૩ |
| ગોપીગીત : ફલાત્મક યશનું વર્ણન | ૫૩ |
| રસાભિનય-રસાનુભવની પ્રક્રિયા | ૫૫ |
| સંયોગ-વિપ્રયોગ | ૫૭ |
| રામાવતાર અને કૃષ્ણાવતાર | ૫૮ |
| સંગીતમાં ટૂં-ટૂં... | ૫૯ |
| અવજ્ઞા : દમ્મા કેશવમ્ અબ્રવીત | ૬૧ |
| સ્તુતિનો હેતુ | ૬૨ |
| રસસ્વભાવથી અપરાધ અને સ્તુતિ | ૬૩ |
| ગાળની મિઠાસ | ૬૪ |
| વ્રજપતિનો વિલક્ષણ મૂડ | ૬૫ |
| સ્વભાવોદ્ગિરણ | ૬૬ |
| તચ્છ્રવણેન પ્રભોઃ પરમસન્તોષઃ | ૬૭ |

**શ્લોક : ૨** **૬૯–૧૧૨**
તામસભાવથી પ્રાર્થના : **કિં વધો ન !** ૬૯
ચોરીનો સ્વભાવ વધી-વધીને...ઘાત સુધી ૭૧
અદર્શનસ્ય વધસાધકત્વમ્ ૭૩
હે વરદ્! ૭૫
ભગવદ્દૃષ્ટિ સર્વધાતુકા ૭૬
ગોપીઓની તન્મયતા/અર્જુનદૃષ્ટિ ૭૭
અધિકારાનુસાર સંબોધન ૭૮
લૌકિક અને અલૌકિક કામ ૭૯
કાંઈક તો કર ૮૨
દર્શન દાન ન કરવાથી તારું નાથત્વ જશે! ૮૨
હે સુરતનાથ ૮૫
વિધાન અને અનુવાદ ૮૭
અસ્તિ કશ્ચિદ્ વાગર્થઃ? ૮૮
દૃષ્ટિસૃષ્ટિવાદ અને સૃષ્ટિદૃષ્ટિવાદ ૯૦
કન્વેયરબેલ્ટ્ પર ભગવાન્! ૯૧
જો ભક્ત પણ શૂન્યહૃદય બની જશે! ૯૨
ઈન્દ્રિયસામર્થ્યનો દુરૂપયોગ-નિરૂપયોગ-સદુપયોગ ૯૨
શુદ્ધાદ્વૈત પણ નાસ્તિકતા? ૯૪
કાળા આકાશ વચ્ચે ચમકતો કંચનજંઘા ૯૫
આધુનિક તર્કસંગત વૈજ્ઞાનિક રાસવર્ણન! ૯૭
કારિકા ૧૦૬
ભગવદ્ભાવાવેશની પ્રક્રિયા ૧૦૬

**શ્લોક : ૩** **૧૧૩–૧૧૯**
કાલીયવિષ = વિષયાસક્તિથી રક્ષા ૧૧૪
તૃણાવર્ત = રાજસભાવથી રક્ષા ૧૧૫
"અહં બ્રહ્માસ્મિ" તો છે પરંતુ "તત્ત્વમસિ"? ૧૧૬
સાધનદોષથી રક્ષા ૧૧૭
આ પ્રેમનો પંથ કરાલ મહા! ૧૧૮

**શ્લોક : ૪** **૧૨૦-૧૬૪**
પુષ્ટિભક્તિમાં માહાત્મ્યજ્ઞાનનો રોલ્/મહત્ત્વ ૧૨૦
જ્ઞાની ચેદ્ ભજતે કૃષ્ણં ૧૨૪
અનન્તશ્રી ૧૨૫
અનેકતન્ત્રકાન્તારે ૧૨૭
એકથી વધીને એક! ૧૨૮
તમેતો બ્રહ્મ છો! ૧૨૯
વૈષ્ણવીં વ્યતનોત્ માયામ્ ૧૩૦
જ્ઞાનીનો ઉપાલંભ/બ્લેકમેઈલ ૧૩૧
નિગૂઢપ્રશ્ન ૧૩૨
**ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્** ૧૩૪
અખિલદેહીનામ્ અન્તરાત્મદક્ ૧૩૫
વિખનસાર્થિતઃ ૧૩૭
**સાત્ત્વતાં કુલે ઉદેયિવાન્** ૧૩૮
કૃષ્ણનું પ્રાકટ્ય ૧૪૦
વ્યાખ્યાની ત્રણ પ્રણાલી ૧૪૩
દેવકીજન્મવાદો ૧૪૫
શૃંગારરસભાવવત્ત્વાત્ કટાક્ષોક્તિ ૧૪૬
ભવાન્ ૧૪૬
સ્નેહઃ પાપશંકી ૧૪૭
મનોરથની ગતિ ૧૪૮
પરસ્પર શોભાતિશય ૧૫૦
સેવામાં મનનું લાગવું/પ્રભુમાં અખંડવૃત્તિ ૧૫૧
પ્રભુસન્મુખતા ૧૫૨
આશાનું પણ આસ્વાદન! ૧૫૩
ભગવદ્ભાવોને તોળી ન શકીએ ૧૫૪
હઠેન દાસીકૃતા ૧૫૭
ઈત્થંભૂતગુણો હરિઃ ૧૫૮
ભક્તિઃ પ્રવર્તિતા દિષ્ટ્યા મુનિનામપિ દુર્લભા ૧૫૮
સખ ઉદેયિવાન્ ૧૬૦

આત્મારામોઽપિ અરીરમત્ ૧૬૧
આગમનં સ્વસમર્પણાર્થમેવ ૧૬૨
**શ્લોક : ૫ ૧૬૫-૧૯૬**
અપ્રાર્થિતં ન દાસ્યતીતિ...પ્રાર્થયન્તિ ૧૬૫
શિરસિ કરસરોરુહં ધેહિ ૧૭૦
કાન્ત! કામદં વિચરચિતાભયમ્ ૧૭૨
શરણાગતપાલનં તુ ઈશ્વરધર્મઃ ૧૭૪
પ્રકાશ ૧૭૬
જ્ઞાનમાર્ગીય અને ભક્તિમાર્ગીય ભાષા ૧૭૭
રસાવેગમાં રસોચ્છલન ૧૭૮
શુદ્ધાદ્વૈતદર્શનના વિકાસના બે બીજરુપભાવ : નિર્ભયતા અને રમણ ૧૮૪
નિર્ભયતાનું કારણ ૧૮૫
નિર્ભયતા ક્યારેક અરમણનું કારણ પણ ૧૮૬
''કેટલું સુંદર!'' વિરુદ્ધ ''અહીંયા શું રાખ્યું છે!'' ૧૮૬
જ્ઞાનદષ્ટિ અને ભક્તિદષ્ટિ ૧૯૦
સર્વાત્મભાવ ૧૯૧
વિમુક્તમાનિનઃ ૧૯૩
પણ્ડિતમન્યતા ૧૯૩
સિતારવાદનના સર્ટીફિકેટો જુઓ! ૧૯૪
વિમુક્તમાનિતા અને વિમુક્તતા ૧૯૫
માધવ! તાવકાઃ...ત્વયિબદ્ધસૌહૃદાઃ ૧૯૫

**શ્લોક : ૬ ૧૯૭-૨૩૦**
પૂર્વશ્લોકસંગતિ ૧૯૭
ધાર્ષ્ટ્યેન ૧૯૭
ભવત્કિંકરી ૨૦૨
અવતારપ્રયોજન ૨૦૨

**શ્લોક : ૭ ૨૩૧-૨૪૧**

| | |
|---|---|
| **શ્લોક : ૮** | **૨૪૨–૨૬૪** |
| મરણપૂર્વાવસ્થા મોહ/ઈમા મુહ્યતીઃ | ૨૪૫ |
| નિત્યતા મા અસ્તુ! | ૨૪૭ |
| ઈશ્વરવાદ અને શૂન્યવાદ | ૨૪૮ |
| હે વીર! | ૨૫૦ |
| પ્રભુની વાણીના ત્રણસ્વરૂપ | ૨૫૨ |
| સ્વરૂપ/લીલાનુસારી શાસ્ત્રવર્ણન | ૨૫૩ |
| વિધાન અભિધાન અને અપોહન | ૨૫૫ |
| મધુરયા ગિરા = શ્રુતિઓનો મોહ | ૨૫૮ |
| બુધમનોજ્ઞયા ગિરા | ૨૬૨ |
| પુષ્કરેક્ષણ! | ૨૬૨ |
| **શ્લોક : ૯** | **૨૬૫–૨૯૭** |
| ક્રિયાન્ પૂર્વં જીવઃ! | ૨૭૯ |
| તાપનિવર્તકતા | ૨૮૧ |
| અજ્ઞાનમૂલક અને જ્ઞાનમૂલક વૈરાગ્ય | ૨૮૧ |
| સંસ્કારયોગ્યતા અને ત્યાગયોગ્યતા | ૨૮૩ |
| સંસ્કારાશક્તૈઃ પરિત્યાગએવ બોધ્યતે | ૨૮૬ |
| કવિભિઃ ઈડિતં કલ્મષાપહમ્ | ૨૮૮ |
| શ્રવણમંગલમ્ | ૨૮૯ |
| ભગવત્કથાની શ્રી | ૨૯૦ |
| તો કથા જ શામાટે ન કરો! | ૨૯૪ |
| **શ્લોક : ૧૦** | **૨૯૮–૩૨૦** |
| રસાનુભૂતિ = આનંદનું સાકારરૂપ | ૨૯૯ |
| ષડ્ વ્યોમોહકા ગુણાઃ | ૩૦૬ |
| વિયોગો બાધતે તાવદ્... | ૩૦૭ |
| પ્રહસિતં પ્રિય | ૩૦૯ |
| ભગવદવગુણ કે ભગવદ્ગુણ? | ૩૧૦ |
| હે પ્રિય! | ૩૧૧ |

| | |
|---|---|
| ક્ષોભજનકતા | ૩૧૨ |
| વેણુવાદનથી ઉપદેશ | ૩૧૬ |
| ધ્યાનમંગલમ્ | ૩૧૯ |
| વાણીસંબંધિ ક્ષોભક | ૩૧૯ |
| **શ્લોક : ૧૧** | **૩૨૧-૩૪૩** |
| કિમ્ આસનમ્ તે ગરુડાસનાય...! | ૩૨૨ |
| ગોમયમ્ પાયસમ્ | ૩૨૪ |
| એકલવ્યતા | ૩૨૫ |
| કલિલતા મનઃ કાન્ત! ગચ્છતિ | ૩૨૮ |
| લે મહારાજ! | ૩૩૬ |
| ક્યારેક ચરણને પૂછીને જો! | ૩૩૭ |
| પ્રભુ નાંગે પાયન અનુદિન ગૈયા ચારી | ૩૩૯ |
| મનઃકાન્ત કલિલતાં ગચ્છતિ | ૩૪૩ |
| **શ્લોક : ૧૨** | **૩૪૪-૩૭૪** |
| મનોહરે વપુષિ મગ્નમનઃ મુનિમંડલીઃ | ૩૪૪ |
| શ્રુતિઓનો ગૌણાર્થ અને મુખ્યાર્થ | ૩૪૫ |
| વેણુનાદનું આહ્વાન | ૩૪૫ |
| શ્રુતિઓનો સમન્વય | ૩૪૬ |
| સન્ધ્યાયાં ભગવન્તં દષ્ટ્વા... | ૩૫૦ |
| સહજસ્નેહનું સ્વરૂપ | ૩૫૦ |
| ભગવદ્ભાવનું કારણ | ૩૫૩ |
| પ્રભુ પોતાના ગુણ અને ગુણસંબંધી સેવક સહિત પ્રકટે છે | ૩૫૪ |
| દિનપરિક્ષયે | ૩૫૭ |
| રજોગુણસ્ય અયં સમયઃ | ૩૫૭ |
| નિલકુન્તલાઃ ભ્રમરાઈવ રસબોધકાઃ | ૩૫૯ |
| વનરુહાનનમ્ | ૩૬૦ |
| **મુહુ દર્શયન્ નઃ મનસિ સ્મર યચ્છસિ** | ૩૬૨ |

હે વીર! ૩૬૪
સ્નેહ અને પરિશ્રમનો વિચાર ૩૬૫
વ્રજરજ અને પ્રભુમુખારવિંદ ૩૭૨
આધુનિકદષ્ટિ અને સ્નેહદષ્ટિ ૩૭૩

**શ્લોક : ૧૩ ૩૭૫–૪૧૧**

ચરણની દોષનિવર્તકતા અને ગુણાધાયકતા ૩૭૯
આધિહન્ અને આર્તિહન્ ૩૮૧
પ્રણયાવલોકન જ પૂજન ૩૮૨
હ્દયતાપઃ ચિન્તા ચ નિવારણીયા ૩૮૫
યોગીઓની અને ગોપીજનોની સમસ્યા ૩૮૭
દષ્ટોપકારેણૈવ તાપો ગમિષ્યતિ ૩૮૮
ચરણપંકજના પણ ભગવાનના જેવા ષડ્ગુણ ૩૯૦
પ્રણતકામદમ્ = ઐશ્વર્યમ્ ૩૯૦
સાગર અને કૃપાસાગર ના ગુણ ૩૯૪
પદ્મજાર્ચિતમ્ = ધર્મરૂપમ્ ૩૯૫
ધરણિમણ્ડનમ્ = કીર્તિ/શ્રીરૂપ ૩૯૫
ચરણની પુરુષાર્થરૂપતા = અનિષ્ટનિવારકતા અને ઈષ્ટપ્રાપકતા ૩૯૬
**ધરણિમણ્ડનમ્ ધ્યેયમ્ આપદિ** ૪૦૦
ટિપ્પણી : શ્લોક : ૧૨ ૪૦૧
ટિપ્પણી : શ્લોક : ૧૩ ૪૦૨
વૈરાગ્યથી વૈરાગ્ય ૪૦૩
સકલં તદ્ધિ તવૈવ માધવ! ૪૦૪
નગ્નક્ષપણકસ્ય ગ્રામે રજકઃ કિં કરિષ્યતિ ૪૦૫
બ્રહ્મસંબંધદીક્ષાનું તાત્પર્ય ૪૦૫
વરઃ તુષ્યતિ નાન્યથા ૪૦૮
શરણાગતિતાત્પર્ય ૪૦૯

| | |
|---|---|
| **શ્લોક : ૧૪** | **૪૧૨-૪૩૯** |
| દાનવીર | ૪૧૫ |
| અધરામૃતનું ચતુર્ધાવર્ણન | ૪૧૭ |
| કામનાની પરિચ્છિન્નતા બ્રહ્મની અપરિચ્છિન્નતા | ૪૧૮ |
| ક્ષુદુદ્બોધક અને અન્તઃકરણદોષનિવર્તક | ૪૨૧ |
| વેણુનાદ = પ્રમાણબલ | ૪૨૮ |
| શાસ્ત્રમ્ અવગત્ય...કૃષ્ણઃ સેવ્યઃ | ૪૨૯ |
| બ્રહ્મસૂત્ર : પ્રમાણ-પ્રમેય-સાધન-ફલનિરૂપણ | ૪૩૨ |
| સર્વોત્કૃષ્ટસાધન અનન્યભક્તિ | ૪૩૩ |
| નૃણાં મને ભોક્તૃભાવાત્મકમ્ | ૪૩૭ |
| **શ્લોક : ૧૫** | **૪૪૦-૪૪૭** |
| **ત્રુટિ યુગાયતે** | ૪૪૦ |
| **જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દશામ્** | ૪૪૨ |
| ટકવું મુખારવિંદપર | ૪૪૬ |
| **શ્લોક : ૧૬** | **૪૪૮-૪૬૨** |
| સર્વ સાધન હીનસ્ય...શ્રીકૃષ્ણઃ શરણં મમ | ૪૪૮ |
| કપટનું મૂલ | ૪૪૮ |
| ખુરશીનો ફાયદો (એડવાન્ટેજ) | ૪૫૦ |
| બ્રહ્મની માયિકતા! | ૪૫૧ |
| ક્રીડાને માટે દેહધારણ | ૪૫૨ |
| તસ્ય ધીરાઃ પરિજાનન્તિ યોનિમ્ | ૪૫૪ |
| આપીતમપિ નાતૃપ્યત | ૪૫૫ |
| **ગતિવિદ્ :** ભજને તારતમ્યવિદ્ | ૪૫૭ |
| તવ ઉદ્ગીતેન ચ મોહિતાઃ | ૪૫૮ |
| બધા પુષ્ટિજીવ ગતિવિદ્ | ૪૬૦ |
| હીનતાની ઉત્કૃષ્ટતા | ૪૬૨ |

| | |
|---|---|
| **શ્લોક : ૧૭** | **૪૬૩–૪૬૬** |
| મોહના કારણો : ગુણત્રય અને ભગવદ્રૂપના ષડ્ગુણ | ૪૬૪ |
| અતિસ્પૃહાયુક્ત મનની સ્થિતિ | ૪૬૫ |
| **શ્લોક : ૧૮** | **૪૬૭–૪૮૦** |
| પ્રભુનું સ્વરૂપ અને વ્રજમાં પ્રાકટ્ય | ૪૬૭ |
| સર્વોદ્ધારકતા કૃષ્ણાવતારની વિશેષતા | ૪૬૯ |
| વ્રજલીલાનું વૈશિષ્ટ્ય | ૪૭૧ |
| અર્જુનના બહાનાથી ગીતોક્તસિદ્ધાંત પ્રકટ કર્યા | ૪૭૨ |
| વ્રજલીલાનું રહસ્ય | ૪૭૩ |
| પુષ્ટિભક્તનું સ્વરૂપ = ત્વત્સપૃહાત્મના | ૪૭૭ |
| **શ્લોક : ૧૯** | **૪૮૧–૪૮૪** |
| **પ્રભુનું પ્રાકટ્ય** | **૪૮૫–૪૮૯** |
| ઉદ્ધૃતવચનાનુક્રમણિકા | ૪૯૦–૫૦૩ |

***

||શ્રીકૃષ્ણાય નમઃ||
||શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ||

## (તામસફલપ્રકરણ અંતર્ગત)

# ||ગોપીગીતમ્||

|| શ્રીગોપ્ય ઊચુઃ ||

જયતિ તેડધિકં જન્મના વ્રજઃ શ્રયત ઈન્દિરા શશ્વદ્ અત્ર હિ ।
દયિત! દશ્યતાં દિક્ષુ તાવકાસ્ ત્વયિ ધૃતાસવસ્ ત્વાં વિચિન્વતે ||૧||

શરદુદાશયે સાધુજાતસત્સરસિજોદરશ્રીમૃષા દશા ।
સુરતનાથ! તે શુલ્કદાસિકા વરદ! નિઘ્નતો નેહ કિં વધઃ ||૨||

વિષજલાપ્યયાદ્ વ્યાલરાક્ષસાદ્ વર્ષમારુતાદ્ વૈદ્યુતાનલાત્ ।
વૃષમયાત્મજાદ્ વિશ્વતો ભયાદ્ ઋષભ! તે વયં રક્ષિતા મુહુઃ ||૩||

ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્ અખિલદેહિનામ્ અન્તરાત્મદક્ ।
વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ! ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે ||૪||

વિરચિતાભયં વૃષ્ણિધુર્ય તે શરણમીયુષાં સંસૃતેર્ ભયાત્ ।
કરસરોરુહં કાન્ત! કામદં શિરસિ ધેહિ નઃ શ્રીકરગ્રહમ્ ||૫||

વ્રજજનાર્તિહન્! વીર યોષિતાં નિજજનસ્મયધ્વંસનસ્મિત ।
ભજ સખે! ભવત્ કિંકરીઃ સ્મ નો જલરુહાનનં ચારુ દર્શય ||૬||

પ્રણતદેહિનાં પાપકર્ષણં તૃણચરાનુગં શ્રીનિકેતનમ્ ।
ફણિફણાર્પિતં તે પદામ્બુજં કૃણુ કુચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્ ||૭||

મધુરયા ગિરા વલ્ગુવાક્યયા બુધમનોજ્ઞયા પુષ્કરેક્ષણ! ।
વિધિકરીરિમા વીર! મુહ્યતીર્ અધરીસીધુનાપ્યાયસ્વ નઃ ||૮||

તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્ ।
શ્રવણમંગલં શ્રીમદાતતં ભુવિ ગૃણન્તિ યે ભૂરિદાડજનાઃ ||૯||

પ્રહસિતં પ્રિય! પ્રેમવીક્ષિતં વિહરણં ચ તે ધ્યાનમંગલમ્ ।
રહસિ સંવિદો યા હૃદિસ્પૃશઃ કુહક નો મનઃ ક્ષોભયન્તિ હિ ||૧૦||

ચલસિ યદ્ વ્રજાત્ ચારયન્ પશૂન્ નલિનસુન્દરં નાથ! તે પદમ્ ।
શિલતૃણાંકુરૈઃ સીદતીતિ નઃ કલિલતાં મનઃ કાન્ત! ગચ્છતિ ॥૧૧॥

દિનપરિક્ષયે નીલકુન્તલૈર્ વનરુહાનનં બિભ્રદાવૃતમ્ ।
ઘનરજસ્વલં દર્શયન્ મુહુર્ મનસિ નઃ સ્મરં વીર! યચ્છસિ ॥૧૨॥

પ્રણતકામદં પદ્મજાર્ચિતં ધરણિમણ્ડનં ધ્યેયમ્ આપદિ ।
ચરણપંકજં શન્તમં ચ તે રમણ! નઃ સ્તનેષ્વર્પયાધિહન્ ॥૧૩॥

સુરતવર્ધનં શોકનાશનં સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્ ।
ઇતરરાગવિસ્મારણં નૃણાં વિતર વીર! નસ્ તેઽધરામૃતમ્ ॥૧૪॥

અટતિ યદ્ ભવાન્ અહ્નિ કાનનં ત્રુટિ યુગાયતે ત્વામ્ અપશ્યતામ્ ।
કુટિલકુન્તલં શ્રીમુખં ત ચે જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દશામ્ ॥૧૫॥

પતિસુતાન્વયભ્રાતૃબાન્ધવાન્ અતિવિલંઘ્ય તેઽન્ત્યચ્યુતાગતાઃ ।
ગતિવિદસ્તવોદ્ગીતમોહિતાઃ કિતવ યોષિતઃ કસ્ ત્જેન્ નિશિ ॥૧૬॥

રહસિ સંવિદં હૃચ્છયોદયં પ્રહસિતાનનં પ્રેમવીક્ષણમ્ ।
બૃહદુરઃ શ્રિયો વીક્ષ્ય ધામ તે મુહુર્ અતિસ્પૃહં મુહ્યતે મનઃ ॥૧૭॥

વ્રજવનૌકસાં વ્યક્તિર્ અંગ! તે વૃજિનહન્ત્ર્યલં વિશ્વમંગલમ્ ।
ત્યજ મનાક્ ચ નસ્ત્વત્સ્પૃહાત્મનાં સ્વજનહૃદ્રુજાં યન્નિષૂદનમ્ ॥૧૮॥

યત્ તે સુજાતચરણામ્બુરુહં સ્તનેષુ
ભીતાઃ શનૈઃ પ્રિય! દધીમહિ કર્કશેષુ ।।
તેનાટવીમ્ અટસિ તદ્ વ્યથતે ન કિંસ્વિત્
કૂર્પાદિભિર્ ભ્રમતિ ધીર્ ભવદાયુષાં નઃ ॥૧૯॥

***

## । મંગલાચરણ ।

## ।। વિવરણમ્ ।।

### ।। વિવરણમંગલાચરણમ્ ।।

**કિયાન્ પૂર્વં જીવઃ તદુચિતકૃતિશ્ચાપિ કિયતી ।**
**ભવાન્ યત્સાપેક્ષો નિજચરણદાને (દાસ્યે) બત ભવેત્ ।।**
**અતઃ સ્વાત્માનં સ્વં નિરુપમમહત્ત્વં વ્રજપતે!।**
**સમીક્ષ્યાસ્મન્નેત્રે શિશિરય નિજાસ્યામ્બુજરસૈઃ ।।**
**નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।**
**લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।।**
**ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।**
**ષડ્ભિર્ વિરાજતે યોऽસૌ પંચધા હૃદયે મમ ।।**

### ।। વિવરણોપક્રમ ।।

### ।। નિરોધનું સ્વરૂપ ।।

દશમસ્કંધ આખો ભક્તોના નિરોધના અને પ્રભુના નિરોધના વર્ણનના માટે પ્રવૃત્ત થયો છે. નિરોધ=ભક્તોનો નિરોધ કહો કે પ્રભુનો નિરોધ કહો, બંનેને જોવાની દિશા અલગ અલગ છે પરંતુ છે એક જ સિક્કાની બે બાજુ. ભક્ત ભગવાનમાં નિરુદ્ધ થઈ જાય અથવા ભગવાન્ ભક્તમાં નિરુદ્ધ થઈ જાય.

**'પ્રપંચવિસ્મૃતિપૂર્વક'** એટલે કે પ્રપંચને ભૂલીને જે વખતે ભક્તની ભગવાનમાં અનન્ય આસક્તિ સિદ્ધ થઈ જાય તો ભક્તનો 'નિરોધ' કહેવાય. ભક્તોની સાથે ભક્તોના મનોરથના અનુરૂપ અથવા મનોરથથી પણ વધારે, સુખપ્રદ લીલાઓ પ્રભુ જે કરે, એ ભગવાનનો નિરોધ.

ભગવાનનો નિરોધ શા માટે છે? કેમકે ભગવાન્ સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઊતિ મન્વન્તર ઈશાનુકથા મુક્તિ આશ્રયાદિ રૂપ અનેકવિધ લીલા કરી રહ્યો છે. પ્રત્યેક કણ-કણમાં એની લીલા ચાલી રહી છે. પ્રત્યેક ક્રિયા એનીજ લીલા છે અને એની લીલા હોવાના કારણે, કોઈ પણ વસ્તુ એવી નથી જે એની લીલા ન હોય અરે! આટલો વ્યસ્ત જે નિરંતર દશવિધ લીલા કરી રહ્યો છે.

આવું હોવા છતાં પણ જે વખતે પ્રભુ એમ કહે ''નહીં, હમણાં મને ફુરસત નથી''.

દ્વિતીયસ્કંધના સુબોધિનીજીમાં આપ જો જોશો તો ખબર પડશે કે પ્રભુની જેમ દશવિધ લીલાઓ છે, એમ આચાર્યચરણે ત્યાં બતાવ્યું છે કે વસ્તુમાત્રમાં પ્રભુની દશવિધ લીલાઓ ચાલી રહી છે. જેમ એક બેગ્ લઈ લો, એક ગુંદની શીશી લઈ લો, આચાર્યચરણ આવી નાની વસ્તુમાં પણ ભગવાનની દશવિધ લીલા ચાલી રહી છે, એવું નિરૂપણ કરે છે. આટલા નાના સ્ટેજપર જઈને જેની દશવિધ લીલાઓ ચાલી રહી હોય અને સમગ્ર બ્રહ્માંડમાં જેની દશવિધ લીલાઓ ચાલી રહી હોય, એ વ્યક્તિ કેટલો વ્યસ્ત! આટલો વ્યસ્ત વ્યક્તિ ક્યારેક એમ કહે કે ''ભાઈ! હમણાં ફુરસતમાં નથી. બીજી વાત ન કરો.'' તો શું થઈ ગયું? **'નિરોધ'** થઈ ગયો. એટલે કે બધી લીલાઓને ભૂલીને કોઈ એક લીલામાં પ્રભુનું અભિમાન જાગી જાય. હવે બધી લીલા ચાલી રહી છે. કોઈ લીલા સ્થગિત નથી થઈ પરંતુ ભગવાનને એની વિસ્મૃતિ થઈ જાય તે **'નિરોધ'**.

જેમ ભક્તના પ્રપંચનો નાશ નથી થતો. **''તન્મન્સ્કાઃ તદાલાપાઃ તદ્વિચેષ્ટાઃ તદાત્મિકાઃ તદ્ગુણાનેવ ગાયન્ત્યો ન આત્માગારાણિ સસ્મરુઃ''** (ભાગ.પુરા.૧૦/૨૭/૪૩). વ્રજભક્તોનું મન ભગવાનમાં લાગી ગયું, એમની વાણીમાં ભગવાનની વાતો આવવા લાગી ગઈ, ભગવાનની ચેષ્ટાઓ એમના શરીરમાંથી પ્રકટ થવા લાગી ગઈ, એમનો આત્મા ભગવદાત્મક થઈ ગયો અને ભગવદ્ગુણોને ગાતા ગાતા એમને આ સ્થિતિ પ્રાપ્ત થઈ કે ન તો પોતાનું ભાન રહ્યું, ન સ્મરણ રહ્યું, ન પોતાના ઘરનું સ્મરણ રહ્યું. એમને કોઈ આત્મઘાત નહોતો થયો, ન એમણે કોઈ ઘરથી સંન્યાસ લીધો. દેહમાં રહીને, દેહની વિસ્મૃતિ થઈ જવી, ઘરમાં રહીને ઘરની વિસ્મૃતિ થઈ જવી, કેવળ પ્રભુમાત્રપરતા, એમનામાં પ્રાપ્ત થઈ, તેના કારણે એમનો નિરોધ થયો. આ પ્રભુમાત્રપરતારૂપ એકાગ્રતા કોઈ યૌગિક ક્રિયાઓના કઠોર નિયમેથી પ્રાપ્ત નહોતી થઈ. કેવળ ભગવદાસક્તિના કારણે આ એકાગ્રતા એમને પ્રાપ્ત થઈ, તેના કારણે એમનો નિરોધ થયો. આ પ્રભુમાત્રપરતારૂપ એકાગ્રતા કોઈ યૌગિક ક્રિયાઓના કઠોર નિયમોથી પ્રાપ્ત નહોત થઈ. માત્ર ભગવદાસક્તિના કારણે

આ એકાગ્રતા એમને પ્રાપ્ત થઇ હતી. આ અર્થમાં વસ્તુનો નાશ ન હતો, ઘરનો નાશ ન હતો, કેવળ આસક્તિના કારણે વસ્તુની વિસ્મૃતિ થઇ હતી, ઘરની વિસ્મૃતિ થઇ હતી; સંસારની વિસ્મૃતિ થઇ હતી, સંસારનો નાશ નથી થયો. બરાબર આ જ પ્રકારથી પ્રભુ દશવિધ લીલાઓ કરે, તો એ દશવિધ લીલાઓ સ્થગિત નથી થઇ જતી. એ દશવિધ લીલાઓ ચાલતી રહે. દશવિધ લીલાઓ ચાલતી હોવા છતાં પણ બીજી બધી લીલાઓની વિસ્મૃતિ અને કેવળ એક ભક્તોના મનોરથોને પૂર્ણ કેવીરીતે કરવા? ભક્ત જે મનોરથકરે તેનાથી કેવીરીતે **''ચિન્તિતાધિકદાયક''** (પુ.સ.ના.૨૭૯) રૂપમાં અધિક ફલનું દાન કરવું? આ અર્થમાં ભગવાનનો નિરોધ છે. લીલાઓ બધી ચાલી રહી છે પરંતુ ભગવાનનો નિરોધ આ લીલામાં થઇ ગયો. હવે કોઇ બીજા કામની એમને ફુરસત નથી. હવે આ વિરુદ્ધધર્માશ્રય છે કે બીજી બધી લીલાઓને કરવા છતાં પણ વિસ્મૃતિ. આ પ્રભુને માટે કોઇ અઘરૂં કામ નથી.

સમજો કે ટાઇપરાઇટિંગ કરે છે એમને બરાબર ખબર છે. ક્રિયાઓ બધી ચાલતી રહે, આંખ સામે લખેલા પત્રને જોતી રહે અને આંગળી એની કીબોર્ડપર પડતી રહે. સારા ટાઇપિસ્ટને તમે પૂછો તો ખબર પડશે કે તેના મનમાં કોઇક બીજા વિચાર પણ આવતા રહે. તેનો મતલબ જે મનમાં વિચાર કાંઇક આવી રહ્યા છે, આંખ કાંઇક બીજું જોઇ રહી છે, મતલબ જ્ઞાનશક્તિ અન્યત્ર છે, ક્રિયાશક્તિ આંગળીની અન્યત્ર છે અને મનની સ્નેહશક્તિ પણ ક્યાંક ભટકતી રહે, આનું નામ **'નિરોધ'**.

આવીજ રીતે બધી પ્રભુ લીલાઓ કરતા રહે પરંતુ પ્રભુનું મન એમાં નથી. એ લીલાઓ આપમેળે ચાલતી રહે. જે ચીજનું સર્જન થઇ રહ્યું છે તેનું સર્જન થતું રહે, જેનું પાલન થઇ રહ્યું છે તેનું પાલન થતું રહે, જેનો નાશ થઇ રહ્યો છે તેનો નાશ ચાલતો રહે, ભક્તની ભક્તિ ચાલતી રહે, જેને મુક્તિ આપવી છે તેને મુક્તિ મળતી રહે. જે-જે ખાતા છે તે કામ બધા ચાલતા રહે છે પરંતુ ભગવાનના ચિત્તની એકાગ્રતા ભક્તના મનોરથની પૂર્તિમાં છે. આ અર્થમાં ''ભગવાનનો નિરોધ'' **આ આખો દશમસ્કન્ધ ભક્તનો ભગવાનમાં નિરોધ અને ભગવાનનો ભક્તમાં નિરોધ આના વર્ણનમાં જ કહેવામાં આવ્યો છે.**

## (નિરોધસ્કંધમાં તામસપ્રકરણનું સ્થાન)

હવે એના અધિકારીના વિભિન્ન ભેદ બતાવ્યા. વ્રજના તામસ ભક્ત મથુરાના રાજસ ભક્ત દ્વારિકાના સાત્ત્વિક ભક્ત. આવા એમના વિવિધ ભેદ બતાવ્યા. આ ભેદોના અનુસાર, એક વાત બિલકુલ સત્ય છે કે ભગવાન્ જ્યાં પણ પધારે, વ્રજમાં બિરાજે તો તામસ વ્રજભક્તોના જે તામસ મનોરથ હતા, એમના તામસ ભાવથી પ્રભુએ પૂર્તિ કરી. મથુરાના રાજસ ભક્તોના જે રાજસ મનોરથ હતા, એમના રાજસ ભાવથી પૂર્તિ કરી અને તેનાથી અધિક પૂર્તિ કરી. એવીરીતે સાત્ત્વિક ભક્તોના સાત્ત્વિક મનોરથ હતા, એમના સાત્ત્વિક ભાવોથી પૂર્તિ કરી.

આ ભગવાનમા આસક્તિના કારણે **''શય્યાસનાટનાલાપ-ક્રીડાસ્નાનાદિકર્મસુ ન વિદુઃ સન્તમ્ આત્માનં વૃષ્ણયઃ કૃષ્ણચેતસઃ''** (ભાગ.પુરા.૧૦/૮૭/૪૬) આવું દ્વારિકાના ભક્તોના માટે પણ કહેવામાં આવે છે. વ્રજભક્તોને માટે પણ કહેવામાં આવે છે જે **''તન્મન્સકાઃ તદાલાપાઃ તદ્વિચેષ્ટાઃ તદાત્મિકાઃ તદ્ગુણાનેવ ગાયન્ત્યો ન આત્માગારાણિ સસ્મરુઃ''** (ભાગ.પુરા.૧૦/૩૧/૪૩). જેટલા ભક્ત છે એમની ભગવાનમાં એકાગ્રતા અને ભગવાનની એમનામાં એકાગ્રતા, આમાંજ નિરોધ ગતાર્થ થાય છે. આમાં તામસપ્રકરણ વ્રજની લીલાનું છે. વ્રજમાં જે ભગવાને લીલાઓ કરી, એ બધી લીલાઓના પ્રકરણને આચાર્યચરણે 'તામસપ્રકરણ' નામ આપ્યું.

## (તામસપ્રકરણના અવાંતર પ્રમાણ પ્રમેય સાધન ફલ પ્રકરણ)

તામસપ્રકરણના ચાર અવાંતરપ્રકરણ કર્યા. પ્રમાણ પ્રમેય સાધન અને ફલ. પ્રમાણ પ્રમેય સાધન અને ફલ નો મતલબ આ કે ભગવાને એવી લીલા કરી કે ભગવાનના જ્ઞાનના કે ભગવદ્રસાનુભવના જે પણ પ્રમાણ હતા તે પ્રમાણ હવે નથી જોઈતા. કોઈ અન્ય પ્રમાણથી ભગવાનને જાણવા માગે, તો નિરોધ કેવીરીતે કહેવાય? તો આસક્તિમાં ભેદ પડી જશે. એક સાધનની આસક્તિ એક પ્રમાણની આસક્તિ એક પ્રમેયની આસક્તિ. જાણવા છે પ્રભુને? હવે જાણશો શું જ્યારે એજ જન્મી ગયો છે તમારે ત્યાં! હવે તમે કહેશો કે અમે આ પ્રમાણથી જાણશું તે પ્રમાણથી જાણશું તો જેટલા વધારે પ્રમાણોથી જાણવાની કોશિશ કરશો એટલો તમારો નિરોધ ખંડિત. તો પ્રભુએ પ્રમાણનો

નિરોધ કર્યો. મને જાણવા માટે કોઈ પ્રમાણની આવશ્યકતા નથી. મને જાણવા માટે મારી લીલાઓ પર્યાપ્ત છે અને બીજા બધા પ્રમાણ વ્યર્થ છે. આ પ્રમાણનો નિરોધ.

વ્રજભક્તોને કોઈ સાધન કરવાની જરુરત નથી. વ્રજભક્તોની પાસે જાણવાના જે ઉપાય ભગવાને શાસ્ત્રોમાં બતાવ્યા એ નથી. **"તે નાધીતશ્રુતિગણા નોપાસિતમહત્તમાઃ અવ્રતાતપ્તતપસઃ સત્સંગાદ્ મામ્ ઉપાગતાઃ કેવલેન હિ ભાવેન ગોપ્યો ગાવો નગા મૃગાઃ યેઽન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધા મામીયુઃ અઞ્જસા"** (ભાગ.પુરા.૧૧/૧૨/૭-૮). કોઈ પ્રમાણની જરુરત નથી. પ્રમેય જે પ્રમાણોથી સિદ્ધ થાય છે, એ પ્રમાણોનો ભગવાને પોતાનામાં નિરોધ કર્યો. પોતાનામાં નિરોધ કેવીરીતે કર્યો? જો વ્રજભક્તોની અવિદ્યા દૂર કરવી છે તો ભગવાન્ પૂતના મારશે. જો વ્રજભક્તોના દેહ ઈન્દ્રિયાદિના અધ્યાસ દૂર કરવા છે તો ભગવાન્ બે-ચાર અસુર મારે અને ભાવના આ કરે કે મેં વ્રજભક્તોના અજ્ઞાનાદિ દોષ નિવૃત્ત કરી દીધા. હવે ભક્ત ખુદ જ્યારે કરે તો ધ્યાન ધારણા સમાધિ યમ નિયમ ના જે પણ કાંઈ કઠોર નિયમ હતા તે એમના પર લાગુ થાય, પરંતુ એ બધી સાધના ભગવાન્ પોતાની મેળે ખુદ કરી રહ્યા છે. કેમ? કેમકે વ્રજભક્તોમાં ભગવાનનો નિરોધ થઈ ગયો. ભગવાન્ કેમ નિરોધના સાધન કરી રહ્યા છે? એટલામાટે કે વ્રજભક્તોમાં નિરોધ હોવાના કારણે ભગવાન્ આ વિચારી રહ્યા છે કે જીવ જે કાંઈ સાધન પોત-પોતાના પ્રમાણોથી મને જાણવાને માટે કરે છે, એ બધા સાધન અને પ્રમાણ વ્રજભક્તોના બદલે હું કરી લઉં જેથી એમનો ભાર ઓછો થઈ જાય. મતલબ **"ચિન્તિતાધિકદાયક"** (પુ.સ.ના.૨૭૯) એમના બધા દોષ ખુદ બેસીને નિવૃત્ત કરી રહ્યા છે.

દાદાજી ઘણી વખત અમને પુસ્તક આપતા, તો એમ જ ન આપતા, અન્ડરલાઈન કરીને આપતા. કારણ શું? આખું પુસ્તક વાંચીને કયો ભાગ મહત્ત્વપૂર્ણ છે કયો ભાગ મહત્ત્વપૂર્ણ નથી તે હું અલગ કરું ત્યારે એ મહત્ત્વની વાતની ખબર પડે. પરંતુ દાદાજીનો સ્નેહ, તેથી પહેલાથી જ દાદાજી પુસ્તક વાંચીને અન્ડરલાઈન કરીને આપતા કે "આ વાંચી લેજો." હવે વધારે ખટપટની જરૂરત નથી રહેતી. અન્ડરલાઈન કરેલી છે, એટલો ભાગ જોયો

અને વાત સમજમાં આવી જતી કે કઈ વાત ક્યાં છે? વધારે ખટપટ નહોતી થતી. આવીરીતે અન્ડરલાઈન કરીને પુસ્તક વાંચવા આપતા. જે સાધન મારે કરવું જોઈએ એ દાદાજીએ કરી લીધું. એવીજ રીતે જે કાંઈ પણ જાણવાના સાધન વ્રજભક્તોને કરવા જોઈતા હતા એ પ્રભુ કરતા રહ્યા. એમને ફક્ત નવનીત-નવનીત વલોવાયેલું શુદ્ધ માખણ મળ્યું. પ્રમાણનો નિરોધ, જે કોઈ વિષયને જાણવા હોય, જે વિષયોને જાણવાના કારણે પ્રભુનું જ્ઞાન સંભવ બની શકે, એ વિષયોથી પણ વ્રજભક્તોનો નિરોધ કરાવી દીધો. ભગવાન્ બીજા કોઈ વિષયને જાણતા નથી. જે જે મનોરથ વ્રજભક્તોના હોય, એવું એવું પોતાનું સ્વરૂપ ધારણ કરીને, તેવા તેવા ભાવને અનુરૂપ પોતાની પ્રમેયરૂપતા જતાવી. આ થયો પ્રમેયનો નિરોધ. આવીજ રીતે સાધનોનો નિરોધ અને ફલનો નિરોધ છે. મતલબ બીજું કોઈ ફલ નહીં કેવળ પ્રભુ જ ફલ. **''ભગવાનેવ હિ ફલમ્''** (પુ.પ્ર.મ.૧૭). કેવળ પ્રભુ જ ફલ આ રૂપમાં અને એ પ્રભુની ફલરૂપતા ભક્તોના જ રૂપમાં બીજા રૂપમાં એમની ફલરૂપતા નહીં. આ અર્થમાં પ્રભુનો પણ નિરોધ ભક્તમાં થયો. આ આખા પ્રકરણને સમજાવવા માટે તામસફલપ્રકરણની પ્રવૃત્તિ થઈ છે.

### (તામસફલપ્રકરણના અધ્યાયાર્થ : ભગવદ્ગુણ)

પ્રત્યેક પ્રમાણ પ્રમેય સાધન અને ફલ પ્રકરણમાં ભગવાનના છ ગુણ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય અને સાતમા ખુદ પ્રભુ, એમ સાત સાત અધ્યાયના પ્રકરણ છે. તદનુસાર આ તામસફલપ્રકરણ સાત અધ્યાયનું પ્રકરણ છે. આમાં ઐશ્વર્ય વીર્ય યશ શ્રી પછી સ્વયં ઠાકોરજી મતલબ કે ધર્મી અને પછી વૈરાગ્ય અને જ્ઞાન. આ ક્રમથી એક એક અધ્યાયનું નિરૂપણ છે. પ્રથમ અધ્યાય તામસફલપ્રકરણનો ઐશ્વર્યનો અધ્યાય છે. બીજો અધ્યાય વીર્યનો અધ્યાય છે. ત્રીજો અધ્યાય યશનો અધ્યાય છે. ચોથો અધ્યાય શ્રીનો છે. પાંચમો અધ્યાય ધર્મીનો છે મતલબ પ્રભુના નિરૂપણપરક છે, પ્રભુના ગુણપરક નથી. ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય આ બધા પ્રભુના ગુણ છે. છઠો અધ્યાય પ્રભુના વૈરાગ્ય ગુણના નિરૂપણને માટે છે. સાતમો અધ્યાય જ્ઞાનના વર્ણનને માટે છે. થોડોક આપણે આ ક્રમ સમજી લઈશું જેથી આપણને આ ખબર પડે કે ગોપીગીત ક્યાં છે. જેમ આપણે ક્યાંય જઈએ તો નકશો જોઈ લઈએ

બરાબર કે આ ગામ જવાનો આ નકશો છે. એવીરીતે થોડોક નકશો હું તમને બતાવી રહ્યો છું કે આપણે ક્યાં જવું છે. એ આપણે સરખી રીતથી સમજી લઈએ. તેના પછી આપણે ગોપીગીત શરુ કરીએ.

**(પહેલો અધ્યાય : ઐશ્વર્ય)**

પહેલા અધ્યાયમાં ઐશ્વર્યનું વર્ણન કર્યું. આચાર્યચરણ ખૂબજ સુંદર એનું કારણ બતાવે છે. ઐશ્વર્ય કેવી રીતે? ઐશ્વર્ય મતલબ કે જે સ્વતંત્ર હોય તે 'ઈશ્વર' કહેવાય. ઈશ્વર હોવાનો ગુણ 'ઐશ્વર્ય'. પરતંત્ર હોય એ 'ઈશ્વર' ન કહેવાય. સ્વતંત્ર હોય તે 'ઈશ્વર' કહેવાય. સ્વતંત્ર હોવાના કારણે એ ઈશ્વર છે અને ઈશ્વરનો ગુણ=ઐશ્વર્ય. સ્વતંત્ર એટલે શું? કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ જે હોય તે સ્વતંત્ર.

પહેલા અધ્યાયમાં ઐશ્વર્યનું વર્ણન શામાટે છે? વ્રજની ગોપિકાઓ પોત-પોતાના ઘરમાં, પોત-પોતાના કામમાં લાગેલી હતી. વેણુવાદન કરીને ઠાકોરજીએ એમને બોલાવ્યા. હવે વેણુવાદન તો અવ્યક્ત શબ્દ હતા, વ્યક્ત શબ્દ તો હતા નહીં. કોઈ પણ સ્વર લગાવો સા રે ગ મ પ ધ નિ સા, એમાં ક્યાંય પણ 'આવો' એવું તો નહીં આવે. મતલબ કે કોઈ વ્યક્ત આજ્ઞા તો નથી. અવ્યક્ત શબ્દ, જેમાં કોઈ વ્યક્ત આજ્ઞા નથી, વ્યક્ત નિર્દેશ નથી, એનાથી તો ખેંચીને બોલાવી લીધા. આ 'કર્તું સમર્થ' મતલબ કે જે વસ્તુને જે રૂપથી કરવું છે, એ રૂપથી કરી શકે. 'અકર્તું સમર્થ' કેવીરીતે? 'જાઓ' કહ્યું છતાંપણ ભક્ત ગયા નહીં. જ્યારે વ્રજભક્ત ઠાકોરજીની પાસે પહોંચી ગયા, તો ભગવાને કહ્યું ''હવે તમે વ્રજમાં જાઓ. તમે અહીં કેમ આવી ગયા?'' તો કોઈ ગોપિકા ન ગઈ. આ 'અકર્તું સમર્થ' આ વ્યક્ત શબ્દ હતા. સાક્ષાત્ પરબ્રહ્મ કહે કે 'જાઓ', તો કોઈની તાકાત છે કે ટકી રહે. ખાલી આંખ ફાડે તો ભાગી જાય માણસ. પરંતુ, જ્યારે આજ્ઞા આપે કે ''ચાલ્યા જાઓ, અહીં ન રોકાઓ'' અને વ્રજભક્તો સ્થિર રહેલા છે. આ 'અકર્તું સમર્થ' પોતાની વાણીને પોતે ઉલટાવી દીધી. પોતાનો અવ્યક્તનાદ, અકર્મ થઈ ગયો ને! જે બોલાવવામાં સમર્થ નથી તેનાથી તો ભક્તોને બોલાવી લીધા અને પોતાની વ્યક્ત વાણી જે નિષેધ કરી રહી છે કે 'જાઓ', પરંતુ જવામાં સમર્થ નથી. ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પણ સામે જવાબ દેવો, ખંડન કરવું! આ 'અન્યથાકર્તું સમર્થ'

છે. ભગવાન્ કહી રહ્યા છે 'જાઓ' અને વ્રજભક્ત કહી રહ્યા છે કે 'જાઓ' નો અર્થ 'ન જાઓ', આ અન્યથાકર્તું સામર્થ્ય. ભગવાન કહી રહ્યા છે **''રજન્યેષા ઘોરરૂપા''**, વ્રજભક્ત કહી રહ્યા છે ***'અઘોરરૂપા'***. જ્યારે તમે સાથે છો તો ઘોર કેવીરીતે? એક નવો અવગ્રહ/અર્થ પોતાની રીતે કાઢ્યો એમાંથી. **''ઘોરસત્ત્વનિષેવિતા''** મોટા મોટા ભયાનક જાનવર અહીં રહે છે. તેઓ કહી રહ્યા છે ***'અઘોરસત્ત્વનિષેવિતા'***, જ્યારે તમે અહીં રહી રહ્યા છો, જ્યારે અમે અહીં રહી રહ્યા છીએ તો તમારામાંથી અમારામાંથી કોણ ઘોર છે બતાવો? અહીં આ બધું અઘોરસત્ત્વ છે. ભગવાન્ કહી રહ્યા છે **''ન ઈહ સ્થેયં''** ''અહીંયા ન રહો'' તો તેઓ કહી રહી છે કે ''અહીં જ રહો''. આ પ્રકારથી બધું અન્યથાકર્તુમ્. હવે આ અન્યથાકરણમ્ વ્રજભક્તોએ અને ગોપિકાઓએ શામાટે પોતાના સામર્થ્યથી કર્યું? આ બધી ત્રણે પ્રકારની લીલાઓ, ભગવાનના ઐશ્વર્યના નિરૂપણમાં છે. ભગવાન્ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સર્વસમર્થ છે મતલબ કે ચાહે સો કરે. અવ્યક્તનાદથી બોલાવી શકે અને વ્યક્તનાદથી ન પણ જાય. વ્યક્તનાદનો એક અર્થ સ્પષ્ટ સમજમાં આવી રહ્યો છે પરંતુ તેનો ઉલટો અર્થ પણ સમજમાં આવી રહ્યો છે. એ અન્યથાકર્તું સામર્થ્ય. આ પ્રકારથી ઐશ્વર્યનું વર્ણન પહેલા અધ્યાયમાં કર્યું.

હંસુભાઈએ પ્રશ્ન કર્યો ''એ વ્રજભક્તોના અનુસાર જ આપણો બધો સેવાપ્રકાર ચાલે છે. તો આપણામાં આ લીલા કેવીરીતે નિરોધ લાવશે? આપણા અને ઠાકોરજીની વ્રજલીલામાં અંતર શું?''

તેના જવાબમાં કહીએ છીએ સ્ફુટ તો જરૂર છે, સ્ફુટ નથી એવી વાત નથી. પરંતુ અંતર કેટલું છે આમાં અને તેમાં, કે આપણી સેવા હજુ પ્રમાણદશાની જ સેવા છે. એ સેવામાં પણ પૂર્ણનિરોધ સિદ્ધ નથી થયો. નિરોધરૂપા સેવા નથી નિરોધમાર્ગીય સેવા છે, મતલબ નિરોધની તરફ લઈ જનારી સેવા. કેમકે પ્રપંચવિસ્મૃતિ અને ભગવદાસક્તિ બંને જ આપણને પૂર્ણરૂપથી નથી. જ્યારે નિરોધ જ આપણો સિદ્ધ નથી થયો તો ફલ અત્યારથી ક્યાંથી પ્રાપ્ત થશે! નિરોધ સિદ્ધ થઈ જાય તો નિરોધનું ફલ થાય. નિરોધમાં પણ પ્રમાણનિરોધ પ્રમેયનિરોધ સાધનનિરોધ અને ફલનિરોધ. આ ફલનિરોધ તો નિરોધની ચોથી કક્ષા છે.

પ્રમાણપ્રકરણમાં પણ આપણો નિરોધ તો સિદ્ધ થવો જોઈએ. ત્યાં નિરોધ સિદ્ધ કેમ થયો છે? કેમકે પ્રભુ ખુદ નિરુદ્ધ થઈ ગયા છે. તેનાથી નિરોધ સિદ્ધ થઈ રહ્યો છે. આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીને એ ભાવથી ગ્રહણ કરવાનું શરુ કરીએ તો પ્રમાણનો નિરોધ થઈ ગયો કે મારા ઘરમાં મારો ઠાકુર પધાર્યો. ત્યારે તો એ લીલા થોડીક આગળ ચાલે. અન્યથા ''ઘરના છોકરા ઘંટી ચાટે પાડોશીને આટો'' ના ન્યાયથી આપણે ગામના મંદિરોમા ભટકીએ, પછી તો પ્રમાણનિરોધ જ ન થયો. આગળ પ્રમેય સાધન અને ફલ ની કક્ષા તો દૂરાપાસ્ત વાત છે. ઘરમાં ઠાકોરજી પુષ્ટ થઈને પધાર્યા એમાં તો ભાવ છે નહીં. હવે એમાં ભાવ જ નથી તો પછી લીલા ચાલે કેવીરીતે? પહેલા જ ઠાકોરજીની સ્વરૂપવિસ્મૃતિ કરી રહ્યા છો!. જ્યારે પ્રપંચની વિસ્મૃતિ કરો તો કથા આગળ ચાલે. નિરોધની લીલા તો ત્યારે આગળ ચાલે જ્યારે પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ હોય. તમે સ્વરૂપવિસ્મૃતિપૂર્વક પ્રપંચાસક્તિ કરતા જાઓ કે પોતાના સ્વરૂપને અમે ભૂલશું અને ગામની પંચાત કરશું. પછી માગણી કરશું કે સેવાનું ફલ અમને કેવીરીતે દેખાય? બતાવો, દેખાય ક્યાંથી? પુસ્તક સીધુ વાંચવાનું છે તેને ઊંધું ખોલીને વાંચવા માંડો તો પાઠ સમજમાં આવશે? આવું થઈ જાય તો એનો ઉપાય શું? એ ''તું જે કહે છે તે નથી નીકળતું'' (એક ડોસીના મરવાના સમયે તેના પ્રાણ નહોતા નિકળી રહ્યા. એના દિકરાએ કહ્યું કે ''માં રામનું નામ લો.'' ડોસીએ કહ્યું ''જે તું કહે છે તે નથી નીકળતું'', આટલું કહેતા એના પ્રાણ નીકળી ગયા પરંતુ રામનું નામ એના મોઢામાંથી ન નિકળ્યું.) આચાર્યચરણે બધી વાત સમજાવી પરંતુ આપણે સમજીએ જ નહીં એ વાત એટલા માટે ગોટાળા થાય છે.

### (બીજો અધ્યાય : વીર્ય)

બીજા અધ્યાયમાં ભગવાનના વીર્યનું વર્ણન છે. કેવીરીતે વીર્યનું વર્ણન છે? તે બતાવે છે કે જો એ ગોપિકાઓ કોઈ સામાન્ય પ્રેમિકાઓ હોત અને ભગવાન્ કોઈ સામાન્ય પ્રેમી જેવા હોત તો અહીં ભગવાન્ અંતર્હિત થયા અને ત્યાં ગોપિકાઓ ઘરમાં જઈને સુઈ જતી કે ચાલો રાસ કરવા ગયા હતા પરંતુ ન મળ્યા. આપણે ટીકીટ લઈને ફિલ્મ જોવા જઈએ, નાટક જોવા જઈએ અને કોઈ વખત હીરો ન આવે તો શું કરીએ? ઘરમાં જઈને સુઈ જઈએ. રેડીયો

ચાલુ કરીને બેસી જઈએ. અરે! આજ શો ન થયો તો આજે રેડિયો સાંભળી લો. પત્તા રમવા લાગી જઈએ. ઠાકોરજીની પાસે ગયા રાસ કરવા, જેટલી વાર દેખાણા એટલી વાર બરાબર રહ્યું, આનંદ આવી ગયો. અંતર્હિત થઈ ગયા તો ચાલો આવજો. તમે તમારા રસ્તે, અમે અમારા રસ્તે. એક આવી પણ લીલા ચાલે દુનિયામાં! આ તોતાચશ્મ પ્યાર. પોપટને પિંજરામાં પૂરી રાખો, 'રામ રામ રામ' કરે. પિંજરામાંથી ઉડ્યો તો પછી તેને 'રામ રામ' યાદ ન આવે. જેટલા વખત પિંજરામાં રહ્યો એટલી વખત 'રામ રામ'. કેમકે ગામમાં બીજા પોપટ તો 'રામ રામ' કરતા નથી. હવે એ 'રામ રામ' કરવું બીજા પોપટો સાથે બોલવામાં તો સહાયક થાય નહીં, તો એ શામાટે બોલે 'રામ રામ'? પિંજરામાં એ 'રામ રામ' બોલે તો તેને દાડમ મળે, અનાર મળે. કદાચ 'રામ રામ' દાડમ અનાર ના અર્થમાં કહેતો હશે. બોલે તો એ દાડમ અનાર છે, કેમકે સારા સિખવાડવાવાળા, સિખવાડ્યા પહેલાં સામે રાખે ખાવામાટે અને સિખવાડ્યા પછી તેને ખાવા માટે આપે. કલાક સુધી રોજ તેની સામે 'રામ રામ' કરો, પછી અનાર કે દાડમ આપો, તો થોડાક દિવસ પછી તેને સમજમાં આવી જાય કે દાડમ અનાર ત્યારે મળે જ્યારે 'રામ રામ' થાય. તો જ્યારે પણ દાડમ અનાર મગફળી ની ભૂખ લાગે તો ત્યારે 'રામ રામ રામ' શરુ કરે. હવે એ બિચારા કહે 'રામ રામ' છે પરંતુ એનો મતલબ તો દાડમ અનાર મગફળી થાય. મતલબ કે નામ મોટું પરંતુ અર્થ આટલો નાનો. આટલા માટે એ ભાષા તો પોપટને આવડે નહીં, પોપટ એમ સમજતો હશે કદાચ કે માણસ બધા મૂરખા છે, જે "ટૈં ટૈં" ન કરીને "રામ રામ" બોલે છે દાડમ અનારને. એની ભાષામાં કદાચ તેને "ટૈં ટૈં" કહેવામાં આવતું હશે? તો જે ભાષાઓ આપણે ન બોલતા હોઈશું, એ બોલતો હશે. તો આ તોતાચશ્મ પ્યાર કહેવાય. આંખે જોયાનો પ્યાર.

આવી રીતનો જો વ્રજભક્તોનો તોતાચશ્મ પ્યાર હોત તો ભગવાન્ તિરોહિત થયા અને એમણે કહ્યું હોત ચાલો ગયા હતા પરંતુ આજે પ્રોગ્રામ ફેલ થયો, ચાલો હવે ઘરે ચાલો, પરંતુ આવું નથી. તિરોહિત થઈ ગયા તો પણ વ્રજભક્ત ત્યાંજ બેઠા રહ્યા શોધ્યા ઉદ્વિગ્ન થયા કાતર થયા વિરહકાતર થયા. **"ક્વાસિ ક્વાસિ મહાભુજ!"** (ભાગ.પુરા. ૧૦/૨૭/૩૯) કહ્યું. કોઈના મનમાં આવી વૃત્તિ ન આવી કે ફરીથી હવે ઘરે ચાલ્યા જઈએ. ચાલ્યા પણ

જતા તો કોઈ ફરક ન પડત. પાછા સવારે તો ફરીથી જવાના જ હતા. એ તો રાતના પણ પાછા આવી શકતા હતા. પ્રભુએ તિરોહિત થઈને અને એમની સાથે કૈતવ ન કર્યું પરંતુ સ્નેહનું સંવર્ધન કર્યું. આ અર્થમાં ભગવાનનું સ્વરૂપ કેવું છે? પરોક્ષ અપરોક્ષ બંનેમાં એટલું સામર્થ્ય છે કે એ પ્રેમ પ્રભુ નભાવી શક્યા. આ અર્થમાં બીજા અધ્યાયમાં પ્રભુના સામર્થ્યનું અને વીર્યનું વર્ણન થયું.

જ્યારે તિરોહિત થઈ ગયા, ત્યાર પછી ગોપિકાઓએ શોધવાનું શરુ કર્યું. જ્યારે શોધવાનું શરુ કર્યું ત્યારે ધીરે ધીરે જે રાધાસહચરી હતા, એમની સાથે અંતર્હિત થવાના એક એક ચિન્હ જોવામાં આવ્યા. આગળ રસ્તામાં ગયા ત્યારે ચાર ચાર ચરણચિન્હ જોવામાં આવ્યા. જેનાથી આ વાત સમજમાં આવી કે મહારાજ ક્યાંક છૂપાઈ ગયા છે. એકલા જ ગાયબ નથી થયા બે જણા ગાયબ થયા છે. ત્યારે આ ખ્યાલ આવ્યો કે જરૂર કાંઈક ગરબડ છે. અહીં રાધાસહચરીના મનમાં પણ આ ભાવ જાગ્યો કે અન્ય ગોપિકાઓનું મહત્ત્વ ભગવાનના હૃદયમાં એટલું નથી જેટલું મારું મહત્ત્વ છે. જો ભગવાનના હૃદયમાં મારું મહત્ત્વ છે તો મારું મહત્ત્વ કેટલું? આ પ્રકારથી એમને પણ એજ માન થયું જે માન અન્ય વ્રજભક્તોને થયું. એ માનના પ્રશમન(શાંત કરવા) માટે, પ્રભુ એમની સામેથી પણ અંતર્હિત થયા. એ માનનું જે રૂપ હતું કે રાધાસહચરીના હૃદયમાં આ ભાવ જાગ્યો કે જેમ અન્ય ગોપિકાઓથી અંતર્હિત થઈને ભગવાન્ મારી સાથે પધાર્યા છે, તદવત્ હું પણ ક્યાંક છૂપાઈ જાઉં અને આ મને શોધતા ફરે તો એ દશ્યનો કેવો આનંદ આવે! એ દશ્યને એમણે આ કહ્યું **"ન પારયે અહં ચલિતું નય માં યત્ર તે મનઃ"** (ભાગ.પુરા. ૧૦/૨૭/૩૭). આપ મને દોડાવીને લઈ જઈ રહ્યા છો પરંતુ હવે હું ચાલવામાટે તૈયાર નથી. જો તમારે લઈ જવી છે તો મને ગોદીમાં ઉપાડીને લઈ જાઓ. અન્યથા હું અહીં બેઠી છું. "બેઠી છું" નો મતલબ કે હું છૂપાઈ જાઉં અને તમે શોધતા ફરો. આ આકાર જ્યારે ભાવનો આવ્યો ત્યારે પાછા ભગવાન્ અંતર્હિત થયા.

ત્યારે એ ગોપિકાઓ શોધતી શોધતી, વૃક્ષોને લતાઓને પશુ-પક્ષીઓને, બધાને પૂછતી પૂછતી જ્યારે એમના આ ચરણચિહ્ન જોયા. તો તેનું અનુસરણ કરવાનું શરુ કર્યું. ચાર ચાર ચરણચિન્હ જોયા. એ ચરણચિહ્નના

વિભિન્ન રૂપ, વિભિન્ન સ્થળોમાં ગતિ, બધું અનુમાનપૂર્વક કથા ઘડતી ચાલી ગઈ એ હવે આમ થયું, હવે આમ થયું અને હવે આમ થયું. એ એક એવી ગોપીનું આવું સૌભાગ્ય જોઈને, થોડીક ઈર્ષ્યા થઈ, એમના મનમાં થોડોક ક્ષોભ થયો. એ ક્ષોભ ઈર્ષ્યા આ બધાને લઈને જે વખતે આગળ ગઈ તો અચાનક ખબર પડી કે એ ગોપી પણ આપણી જેમ જ બેસીને વિલાપ કરી રહી છે. **"હા નાથ! રમણ! પ્રેષ્ઠ! ક્વાસિ ક્વાસિ મહાભુજ"** (ભાગ.પુરા.૧૦/૨૭/૪૦) ત્યારે એમના મુખથી આ ખબર પડી. પ્રભુએ ઉપદેશ નથી આપ્યો જુઓ, ઉપદેશ કોઈને નથી આપ્યો. ઉપદેશ આપવા બેસે તો લીલામાં રસાભાસ થઈ જાય. કેવળ લીલા એવી કરી કે બધાને પોત-પોતાની વાત સમજમાં આવી ગઈ. એ ગોપીએ આ વાત કહી કે મને એવો ગર્વ થયો તેથી મને આવા વચન કહ્યા અને એથી પ્રભુ તિરોહિત થયા. ત્યારે બધી ગોપીઓને સમજમાં આવી ગયું કે આવો જ ગર્વ અમને પણ થયો અને આવાજ ગર્વના કારણે પ્રભુ તિરોહિત થયા. જ્યારે પોતાનો દોષ સમજમાં આવ્યો ત્યારે પ્રભુના ગુણ સમજમાં આવ્યા.

### (ત્રીજો અધ્યાય : યશ)

જ્યારે પ્રભુના ગુણ સમજમાં આવ્યા ત્યારે પ્રભુના યશના ગાનમાં બધીજ પ્રવૃત્ત થઈ. એક એક ગોપી પોતાના તરફનું એક એક ગાન કરવા લાગી. આ તો આપણે ગોપીગીતમાં જઈને જોઈશું. ગોપીગીતમાં ગોપિકાઓને ભગવાનના ગુણનું ગાન કર્યું, એજ યશનું પ્રકરણ છે.

### (ચોથો અધ્યાય : શ્રી)

ભગવાનના આ ઐશ્વર્ય યશના ગાનથી જ્યારે પ્રભુનું પ્રાકટ્ય થયું, **"તાસામ્ આવિરભૂચ્છૌરિઃ સ્મયમાનમુખામ્બુજઃ પીતામ્બરધરઃ સ્રગ્વી સાક્ષાત્ મન્મથમન્મથઃ"** (ભાગ.પુરા.૧૦/૨૯/૨) આ પ્રકારનું પ્રકટ રૂપ જ ભગવાનની શ્રી છે, ભગવાનની શોભા છે. **"ચકાસ ગોપીપરિષદ્ગતોઽર્ચિતઃ ત્રૈલોક્યલક્ષ્મ્યેકપદં વપુર્ દધત્"** (ભાગ.પુરા. ૧૦/૨૯/૧૪) આ ભગવાનની શ્રી છે.

### (પાંચમો અધ્યાય : ધર્મી)

તેના પછી રાસલીલા શરુ થઈ જે સાક્ષાત્ ધર્મીનું નિરૂપણ છે. તેના

પછી પરીક્ષિતે આડો-અવળો પ્રશ્ન કરી દીધો અને રાસલીલાનું વર્ણન ત્યાંજ સમાપ્ત થઇ ગયું.

**(છઠ્ઠો અધ્યાય : વૈરાગ્ય)**

રાસલીલાનું વર્ણન સમાપ્ત થયું અને શ્રીશુકદેવજીને ભગવાનનો વૈરાગ્ય ગુણ યાદ આવ્યો. પછી મનમાં વિરક્તિ જાગી. શામાટે વ્યુત્ક્રમ(ઉલટોક્રમ) થઇ ગયો? નહીંતર ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય. વૈરાગ્યનું વર્ણન તો છેલ્લે આવવું જોઇએ પરંતુ વચમાં વૈરાગ્યનું વર્ણન શામાટે આવી ગયું? કેમકે જે કથા ચાલી રહી હતી તે વખતે પરીક્ષિતે કાંઇક આડો-અવળો પ્રશ્ન કરી દીધો. એવો પ્રશ્ન ન કર્યો કે જેનાથી કથાનો સ્રોત વધારે આગળ વધે. પરંતુ એવો પ્રશ્ન કર્યો કે જેનાથી કથાનો સ્રોત અવરૂદ્ધ થયો(અટકી ગયો). જેનાથી કથામાં વિઘ્ન થયું. કથાના મૂલરસમાં આભાસ થયો. એ આભાસના કારણે શુકદેવજીને થોડીક વિરક્તિ થઇ, તો એમને ભગવાનનો વૈરાગ્ય ગુણ યાદ આવી ગયો. કથા તો ચાલતી રહી તેનાપર ભગવાનના વૈરાગ્યના ગુણના નિરૂપણની કથા ચાલી. કેમકે પરીક્ષિતે બહુ પ્રમાણમૂલક પ્રશ્ન કર્યો હતો. કેમ પ્રમાણમૂલક હતો? વચન જૂઓ. પ્રમાણના આધારે પરીક્ષિતે આ પ્રશ્ન કર્યો **''સંસ્થાપનાય ધર્મસ્ય પ્રશમાય ઈતરસ્ય ચ અવતીર્ણો હિ ભગવાન્ અંશેન જગદીશ્વરઃ સ કથં ધર્મસેતૂનાં કર્તા વક્તાભિરક્ષિતા પ્રતીપમ્ આચરદ્ બ્રહ્મન્! પરદારાભિમર્શનમ્. આપ્તકામો યદુપતિઃ કૃતવાન્ વૈ જુગુપ્સિતમ્. કિમ્ અભિપ્રાય એતં નઃ સંશયં છિન્ધિ સુવ્રત!''** (ભાગ.પુરા. ૧૦/૩૦/૨૭-૨૯). આ આખું રાસલીલાનું વર્ણન સાંભળીને પરીક્ષિતના મનમાં આ સંદેહ થઇ ગયો કે **''સંસ્થાપનાય ધર્મસ્ય''** ભગવાનનો અવતાર ધર્મના સંસ્થાપન અને અધર્મ ના પ્રશમનને માટે છે અને એ જગદીશ્વર ભગવાન્ અહીં પ્રકટ થયા, ધર્મસેતુનું નિર્માણ કરવાવાળા, ધર્મસેતુના વક્તા, ધર્મસેતુનું અભિરક્ષણ કરવાવાળા, એમણે જ ધર્મથી વિપરીત પરસ્ત્રીઓની સાથે રાસ કર્યો! આનું કયું સ્વરૂપ? વળી યદુપતિ ભગવાન્ તો આપ્તકામ છે. એમના મનમાં કોઇ કામના તો છે જ નહીં પરંતુ આ પ્રકારથી પરસ્ત્રીઓની સાથે જે રાસ કર્યો, તો આવું જુગુપ્સિત કામ કેમ કર્યું?

હવે આ વાત પરીક્ષિતની સાંભળતા જ શુકદેવજીનો મૂડ ખરાબ થઇ ગયો. બહુ ડાંટ ડપટ લગાવી, સમજાવ્યું **''ધર્મવ્યતિક્રમો દષ્ટ ઈશ્વરાણાં ચ**

**સાહસમ્ તેજીયસાં ન દોષાય વહ્નેઃ સર્વભુજો યથા. નૈતત્ સમાચરેદ્ જાતુ મનસાપિ હ્યનીશ્વરઃ વિનશ્યતિ આચરન્ મૌઢયાદ્ યથા રુદ્રો અબ્ધિજં વિષમ્''** (ભાગ.પુરા.૧૦/૩૦/૩૦-૩૧) વગેરે કહીને સમજાવ્યું અને બધી વાત કહી પરંતુ શુકદેવજીનો મૂડ તો ખરાબ થઈ ગયો. તેથી જ્ઞાનના બદલે ભગવાનનો વૈરાગ્યગુણ પહેલાં યાદ આવી ગયો. તને કથામાં વિરતિ થઈ તેથી ભગવાનનો વૈરાગ્યગુણ યાદ આવી ગયો. નંદરાયજી ધર્મનું બહુ અભિમાન લઈને ધર્મકર્તવ્યથી અંબિકાવનમાં યાત્રા કરવા ગયા. ત્યાં અજગરે એમનો ગ્રાસ કર્યો પછી ભગવાને કેવીરીતે એમને છોડાવ્યા, આ યાદ આવ્યું. તેના પછી આ બાલભાવનો ક્રમ બતાવવામાટે કે બાલભાવમાં પ્રમાણપરક થઈને અન્યાશ્રય કરવા ગયા તો કેવું વિઘ્ન આવ્યું. કાંતભાવમાં પ્રમાણપરક થઈને ગોપિકાઓ દાઉજીની સાથે રાસને માટે પધાર્યા તો એમાં શંખચૂડ આવ્યો. પછી ઠાકોરજીને છોડાવવા પડ્યા. આમ જ્યારે-જ્યારે ધર્મપરક થઈને ધર્મનિષ્ઠાથી કે પ્રમાણનિષ્ઠાથી અન્યાશ્રય કર્યો ત્યારે-ત્યારે વિઘ્ન આવ્યું. આટલા માટે પ્રમાણનિષ્ઠા અને ધર્મનિષ્ઠા ફલપ્રકરણમાં આટલી મહત્ત્વપૂર્ણ નથી. શુકદેવજી કાંઈક પરોક્ષરીતિથી પરીક્ષિતને આ સમજાવી રહ્યા છે કે જ્યારે ફલપ્રકરણ ચાલી રહ્યું છે, એમાં આ પ્રમાણ અને ધર્મની ચર્ચાઓ તું ક્યાં લાવી રહ્યો છે? આ તો ધર્મ જેના માટે છે તેનું પ્રકરણ ચાલી રહ્યું છે, પ્રમાણોથી સિદ્ધ થનારો જે છે તેનું પ્રકરણ ચાલી રહ્યું છે, એની વચમાં તેં આ પ્રકરણ ક્યાં ચાલૂ કરી દીધું? આવી બે કથાઓ કહી. તેનાથી થોડુંક ચિત્તનું સમાધાન થયું વૈરાગ્યના કારણે, પરીક્ષિતના પ્રશ્નપર પણ થોડી વિરક્તિ આવી હશે.

## (સાતમો અધ્યાય : જ્ઞાન)

આ કથા કહીને શુકદેવજીના હૃદયને પણ થોડુંક સમાધાન થયું, ભગવાના વૈરાગ્યનો થોડોક વિચાર કરીને કે બધુંજ કાંઈ ભગવદિચ્છાથી થઈ રહ્યું છે. અંતમાં ભગવાને જ નંદરાયજીને અજગરથી છોડાવ્યા અને ભગવાને જ ગોપીકાઓને શંખચૂડથી છોડાવ્યા. આવું વિચારીને શંખચૂડ અને અજગર રૂપી શંકાઓ જે પરીક્ષિતને ગ્રસી રહી છે, એનાથી ભગવાન જ છોડાવશે, આમ વિચારીને શુકદેવજી ફરી પાછા ભગવદ્જ્ઞાનમાં તત્પર હોવાના કારણે, અથવા જ્ઞાન-વૈરાગ્યના જ્ઞાનના કારણે એમને પાછલું પ્રકરણ યાદ આવ્યું જ્યારે સવારે વ્રજભક્ત પાછા ફરીને વ્રજમાં આવ્યા તો એમની સ્થિતિ સંસારની ક્રિયાઓમાં

રચીપચી ન હતી. **''તન્મનસ્કાઃ તદાલાપાઃ તદ્વિચેષ્ટાઃ તદાત્મિકા તદ્ગુણાનેવ ગાયન્ત્યો ન આત્માગારાણિ સસ્મરુઃ''** (ભાગ.પુરા. ૧૦।૨૭।૪૩) આ ન્યાયથી યુગલગીતનું વર્ણન ભગવાનના જ્ઞાનના રૂપમાં શુકદેવજીએ કર્યું. આ આપણા તામસપ્રકરણની આખી થીમ છે.

## (પૂર્વાધ્યાયસંગતિ)

પૂર્વાધ્યાયના અંતમાં શુકદેવજી કહે છે. **''પુનઃ પુલિનમ્ આગત્ય કાલિન્દ્યા કૃષ્ણભાવનાઃ સમવેતા જગુઃ કૃષ્ણં તદાગમનકાંક્ષયા''** (ભાગ.પુરા. ૧૦/૨૭/૪૪). આચાર્યચરણ સુબોધિનીજીમાં કહે છે **નનુ વિવેકરહિતાઃ કથં તત્ર આગતાઃ? તત્ર આહ કૃષ્ણભાવના ઇતિ. કૃષ્ણએવ ભાવના યાસામ્... તતઃ ''કસ્યા વા ભાગ્યાત્ સ્નેહેન કૃપયા વા આગચ્છેદ્'' ઇતિ સંદેહાત્ સમવેતા જાતાઃ. તદા સાધનાન્તરમ્ અલભમાનાઃ કૃષ્ણં સદાનન્દં જગુઃ, દોષનિવારણે હરિગુણગાનમેવ સાધનમ્ ઇતિ નિવૃત્તે પુનર્ દોષે સ્વયમેવ આયાસ્યતીતિ તદાગમનકાંક્ષયા જગુઃ**

***

## । મંગલાચરણ ।

## ।। ગોપીગીતનું અધ્યયન ।।

હવે ગોપીગીતના અધ્યયનમાં પ્રવૃત્ત થઈએ.

**(સુબોધિનીજી કારિકા)**

**અષ્ટાવિંશે હરેર્ ગાનં સ્વભાવાદ્ અપરાધતઃ ।**
**કૃતાવજ્ઞા ગોપિકા હિ સ્તોત્રં ચક્રુર્ ઈતીર્યતે ।।૧।।**

**એકોનવિંશતિવિધા ગોપ્યઃ સ્વસ્યાધિકારતઃ ।**
**એકોનવિંશતિવિધાં સ્તુતિં ચક્રુર્ હરેઃ પ્રિયામ્ ।।૨।।**

**વિવરણમ્ :**

આ અઠ્ઠાવીસમાં અધ્યાયમાં હરિનું ગાન છે. હરેઃ **ગાનં સ્વભાવાદ્ અપરાધતઃ કૃતાવજ્ઞા ગોપિકાહિ સ્તોત્રં ચક્રુઃ ઈતિ ઈર્યતે.** હરિનું ગાન મતલબ કે હરિના ગુણોનું ગાન, હરિના યશનું ગાન. કેમ? કેટલાક લોકો સમજી નથી શકતા. મનમાં આ સંદેહ થાય કે ભગવાન્ તિરોહિત થયા તો આ ગાનની શું જરૂરત હતી? મનમાં એવો સંદેહ થાય કે ગાન કરીને શું ગોપિકાઓ પોતાના પ્રેમને પ્રકટ કરી રહી હતી? કોને જતાવવા માગી રહી હતી? જો આ પ્રકારની કોઈ ગણત્રી મનમાં હતી, તો આવા ગણત્રીમૂલક પ્રેમને શું પ્રેમ કહી શકાય?

**(ગોપીગીતની વિભિન્ન વ્યાખ્યાઓ)**

વ્યાખ્યાકારો ગડબડ શડબડ કરતા રહે. વાત સમજમાં આવે નહીં. ક્યારેક કહી દે કે આ વાત થઈ. 'ગોપી' શબ્દના અલગ અલગ અર્થ કાઢે. **"ગોભિઃ ઈન્દ્રિયૈઃ પિબતિ કૃષ્ણરસમ્ ઈતિ ગોપી"**, ઈન્દ્રિયોથી રસને, કૃષ્ણરૂપી રસનું જે પાન કરે એ ગોપી. હવે મગજ ચકરાય એમનો બ્રહ્મ તો નિર્ગુણ નિરાકાર નિર્ધર્મક છે એમને ઈન્દ્રિયોથી જ્ઞાન કેવીરીતે થઈ શકે? જ્ઞાન ન થઈ શકે તો ઉલટા-સુલટા અર્થ કાઢે. આ હિનાધિકારક ભક્તિ છે. ક્યારેક કહે કે પ્રેમ અને જ્ઞાન ની વચ્ચે અંતર છે. જ્ઞાની નિર્ગુણ નિરાકારને ભજે છે. પ્રેમ ઉપરની અવસ્થા તેને ભજે છે પરંતુ આ બધા આરોપિત ધર્મ છે. મતલબ કે કોણ જૂએ છે? કોને જૂએ છે? કોણ જોવાવાળો છે? કોણ દેખાવાવાળો છે? કોણ દ્દષ્ટા છે? કોણ દ્દશ્ય છે? જ્ઞાનમાં ભગવાન્ દ્દષ્ટા છે અને જીવ દ્દશ્ય છે.

કર્મમાર્ગમાં એમ વિચારે કે મર્યાદામાં ભગવાન્ દૃષ્ટા છે અને જીવ દૃશ્ય છે. જ્ઞાનમાર્ગમાં ન તો ભગવાન્ દૃષ્ટા છે અને ન જીવ દૃશ્ય છે. કેવલ દૃશ્યમાત્ર છે. ભક્તિમાર્ગમાં એમ વિચારે કે જીવ દૃષ્ટા છે અને ભગવાન્ દૃશ્ય છે. આમ વિભિન્ન વિકલ્પ કરીને વાતને સ્પષ્ટ કરવાના બદલે વધારે અટપટી બનાવી દે.

આચાર્યચરણોંએ બહુ સીધું કહ્યું **સ્વભાવાદ્ અપરાધતઃ** ગાન કર્યું છે આમાં ન દૃષ્ટ અને દૃશ્યનો ઝઘડો છે; ગાન કર્યું છે એમાં ન જ્ઞાન અને ભક્તિ નો ઝઘડો છે; એમણે પોતાના સ્વભાવથી ગાન કર્યું છે. પ્રત્યેક ગોપિકાઓનો કાંઈક સ્વભાવ છે. હવે બધી ગોપિકાઓ ઉપર એક સ્વભાવ લાદવો!

સંસ્કૃતમાં એક શ્લોક આવે **‘‘યસ્ય કસ્ય તરોર્ મૂલમ્ યેન કેન પ્રપેશયેત્ યસ્મૈ કસ્મૈ પ્રદાતવ્યમ્ યદ્વા તદ્વા ભવિષ્યતિ.’’** ગામમાં મહામારી ફેલાઈ. તો ચેલો ગુરુજીની પાસે ગયો. ગુરુજીની પાસે જઈને પૂછ્યું કે ‘‘ગુરુજી! કોઈ દવા બતાવો. આ રોગ ફેલાયો છે. કોઈ જડી-બૂટી છે શું?’’ ગુરુજીએ કહ્યું કે ‘‘કોઈ પણ વૃક્ષની જડ લઈલે.’’ એણે કહ્યું કે ‘‘કયા વૃક્ષની જડ લઉં?’’ ગુરુજીએ કહ્યું ‘‘ગમે તેની પણ લઈ લે અને એને વાટી લે. વાટીને એની ગોળી બનાવ અને દે બધાને.’’ એણે પૂછ્યું કે ‘‘કઈ ગોળી કયા રોગીને દેવી?’’ ગુરુજીએ કહ્યું’’ જ્યારે કોઈ રોગી આવે તો એને કોઈપણ ગોળી આપી દે. એમાં શું છે? કોઈ વિવેકનો પ્રશ્ન થોડો છે. ચેલાને પૂછ્યું કે, ‘‘રોગ મટશે કે નહીં મટે?’’ ગુરુજીએ કહ્યું ‘‘જેનું આયુષ્ય હશે એ તો મરવાનો નથી તારી ગોળીથી, જેનું આયુષ્ય નથી એ તારી ગોળીથી બચવાનો નથી. તો તારે ચિંતા શામાટે કરવી? પુણ્ય કર અને ગોળી દેતો રહે. મરવાવાળો મરશે અને જીવવાવાળો જીવશે. એમાં મરનારો ઝઘડો કરવા તો આવશે નહીં અને જીવનારો વૈદ્યરાજને ધન્યવાદ દેવા તો આવશે કે તમારી ગોળીથી બચી ગયો. કોને ખબર છે કોની ગોળીથી બચ્યો કે શેનાથી બચ્યો?’’ ‘‘યસ્મૈ કસ્મૈ પ્રદાતવ્યમ્ યદ્વા તદ્વા ભવિષ્યતિ.’’ આવ્યો ને રોગી તો દે ગોળી!

**(કરમચંદ કંપાઉંડર : નીમહકીમ ખતરે જાન)**

અમારા કિશનગઢમાં કરમચંદ એક કંપાઉન્ડર્. એની સામે અમને એક વખત તાવ આવી ગયો. બે-ત્રણ દિવસ તો મેં પોતાના ઉપર બહુ કાબુ રાખ્યો ભૂખ્યા રહીને કે કદાચ તાવ ઉતરી જાય પરંતુ મગજમાં તાવ ચડવા લાગ્યો. તો

હું પણ હિંમત હારી ગયો. મેં કહ્યું કે ''ભાઇ! બોલાવો જે પણ હોય.'' હવે ત્યાં કરમચંદ જ કંપાઉન્ડર બીજો કોઇ ડોક્ટર મળે નહીં. કરમચંદે આવીને કહ્યુ કે ''કાં તો ટાઇફોડ હોવો જોઇએ, કાં તો ન્યુમોનિયા હોવો જોઇએ, કાં તો ફ્લુ હોવો જોઇએ.'' હવે ત્રણેમાંથી કયો રોગ છે ખબર પડે તો એની દવા આપે ને! એણે કહ્યું કે હશે તો ત્રણેમાંથી જ કોઇ એક રોગ. તો એણે ત્રણેયની દવા આપી દીધી. હવે ત્રણેયની દવાઓ આપી દીધી તો તાવ તો ઉતરી ગયો. એક દિવસમાં કે બે દિવસમાં. હવે શરીરમાંથી મારી ચામડી ખરવાની શરુ થઇ. દવાઓનું રિએકશન આવી ગયું. હું કહું કે ''મારી ચામડી ઉતરી રહી છે. આ દવાઓની અસર છે'' પરંતુ બધા કિશનગઢના લોકો કહે કે ''ઠંડીમાં ચામડી ઉતરે. મેં કહ્યું કે ''ભાઇ! આનાથી મોટી મોટી ઠંડી મેં સહન કરી છે, ક્યારેય ચામડી મારી ઉતરી નહીં'' પરંતુ એ કહે કે ''જે જે આપ ચિંતા કરો જ નહીં.'' હવે આપણને કરમચંદ જેવો કંપાઉન્ડર મળે તો શું થશે! મેં બે દિવસ વધારે રાહ જોઇ કે ઠંડીના ટાઇમે કદાચ ખરતી હશે, આ એક નવું કૌભાંડ થયું. હવે કાનમાંથી ચામડી ઉતરવા લાગી. તો મેં કહ્યું કે ''હવે ભાગો અહીંયાથી. નહીંતર કરમચંદ કાંઇક વિચારીને કોઇ બીજી એક દવા આપી દેશે તો કરમ આપણા બધાજ ફૂટી જશે.'' એજ ''યસ્મૈ કસ્મૈ પ્રદાતવ્યમ્ યદ્વા તદ્વા ભવિષ્યતિ.'' ત્રણેયની ગોળી જ્ઞાન કર્મ ભક્તિ ની ભેળવીને બધાને આપી દે. હવે એ રિએક્શન આવી જાય. આ એક સારા વૈદ્યનો પ્રકાર નથી કે બધાના માટે એક જ રસ્તો.

**(ત્રિવેણીસંગમ!!)**

મુંબઇમાં નવનીતપ્રિય શાસ્ત્રીજીની કથા હતી તો એક ભાગવત ભણવા આવ્યો. હવે એણે ભાગવત ભણ્યું. ભાગવત ભણ્યા પછી, નવનીતપ્રિય શાસ્ત્રીજીની કથા પછી એણે ટકોર કરી કે તમે માત્ર ભક્તિમાર્ગનો સંપ્રદાય ચલાવો. અમારે તો જ્ઞાન કર્મ અને ભક્તિ નો ત્રિવેણી સંગમ છે. આ વાતનું મને બહુ ખોટું લાગ્યું. મેં કહ્યું કે ''આવી કેવી વાત? આનો મતલબ કે આની સરસ્વતી તો સૂકાઇ ગયેલી છે.'' ''બોલ્યા કેમ?'' મેં કહ્યુ ''ત્રિવેણી સંગમમાં તો સરસ્વતી સૂકાઈ ગયેલી છે.'' ગંગા અને યમુના બે જ નદી વહી રહી છે. સરસ્વતી તમારી સૂકાઇ ગઇ છે. બેનો જ સંગમ થઇ રહ્યો છે જ્ઞાનનો અને કર્મનો. ક્યાં છે ત્રિવેણીનો સંગમ? જ્યાં ત્રિવેણી સંગમ છે ત્યાં દ્વિવેણી જ છે

ગંગા અને યમુના ની. સરસ્વતી સૂકાઇ ગયેલી છે. સરસ્વતી તમારી પણ સૂકાઇ ગયેલી છે. કરો તમે તમારી ત્રિવેણીનો સંગમ. અમારે તો ભક્તિમાર્ગનો સંપ્રદાય છે.'' **''ભૂલ જિન જાય મન અનત મેરો. અન્યસમ્બન્ધતે અધિક ડરપત રહોં સકલ સાધનહુ તે કર નિવેરો''** (શ્રીહરિરાયજી).

તો આવા વૈદ્ય આ પ્રકારની દવાઓ આપતા ફરે. બધાને માટે બધા માર્ગ ખુલા છે જાઓ. ''ચોર બનોકે મોર યહાં સબ ચલતા હે.'' આવો અર્થ આચાર્યચરણ નથી કરતા. આચાર્યચરણ સ્પષ્ટ કરે છે **અષ્ટાવિંશે હરેઃ ગાનં સ્વભાવાદ્ અપરાધતઃ**. પ્રત્યેક ગોપીનો એક જ સ્વભાવ છે એવી વાત નથી. પ્રત્યેક ગોપીનો અલગ-અલગ સ્વભાવ છે. બધીજ પુષ્ટિભક્ત છે, પરંતુ સ્વભાવ બધાના એક જેવા નથી. પુષ્ટિભક્તિમાં પણ અલગ-અલગ સ્વભાવ છે. એ બધા સ્વભાવોને ઓળખવા જરૂરી છે જેમ કોઇ વૈદ્યની પાસે જાઓ તો તમારી સિમ્પટમ ઓળખે. સિમ્પટમ (લક્ષણો) ઓળખીને પછી દવા આપે તો એ દવાનો લાભ થઇ શકે. કરમચંદની જેમ ત્રણેય રોગની સંભાવના માનીને ત્રણેય રોગની દવાઓ આપે તો એનો ઉપાય તો કાંઇ થઇ ન શકે. આચાર્યચરણ પ્રત્યેક ગોપીના સ્વભાવને ઓળખે છે. પ્રત્યેક ગોપીના સ્વભાવને ઓળખીને પછી એની વ્યાખ્યા કરી રહ્યા છે. 'ગોપી', ગોપી એટલે કોણ? એ ''ગોભિઃ કૃષ્ણરસમ્ પિબતિ ઇતિ ગોપી''. હવે બધી ગોપી ગોપી. જ્ઞાન કર્મ અને ભક્તિ ની બધી ગોપી. આવો ત્રિવેણી સંગમ આચાર્યચરણની વ્યાખ્યામાં નહીં મળે. હવે તમે લોકો સમજી જાઓ ''યસ્મૈ કસ્મૈ પ્રદાતવ્યમ્ યદ્વા તદ્વા ભવિષ્યતિ''.

## (ગોપીજનોના અપરાધનું સ્વરૂપ)

એટલા માટે આચાર્યચરણ પહેલાથી જ કહે છે **સ્વભાવાદ્ અપરાધતઃ**. પ્રત્યેક ગોપીનું પોત-પોતાનું ચરિત્ર છે. પ્રત્યેક ગોપીનો પોત-પોતાનો સ્વભાવ છે. એ ભક્ત છે એ વાત બરાબર છે પરંતુ ભક્તિના કારણે એમણે પોતાનો સ્વભાવ નથી ખોયો. એ ભક્ત છે અને ભક્ત હોવાની સાથે સાથે એમનો સ્વભાવ પણ છે. આ ગાન, પ્રત્યેક ગોપીએ પોત-પોતાના સ્વભાવના અનુરૂપ કર્યું છે. ''ગોભિઃ કૃષ્ણરસમ્ પિબતિ ઇતિ ગોપી'' ના ન્યાયથી એક જેવું ગાન નથી કર્યું. **અપરાધતઃ** આ **'અપરાધ'** શબ્દ શું છે? **'માન'**. ખરેખર જેને 'અપરાધ' કહેવામાં આવે છે પ્રભુની સમક્ષ માન કરે, આ જીવનો અપરાધ,

પરંતુ આ માન અથવા આ અપરાધ, લૌકિક અપરાધ નથી. આ અપરાધ પણ ભગવદાત્મક અપરાધ છે. આ જોકે અહી વર્ણન નથી આવ્યું, આ વર્ણન આગળ જઈને ગુસાંઈજીએ કર્યું છે. કેમકે હું પહેલાં જ બતાવી ગયો છું કે આ નિરોધનું પ્રકરણ છે અને નિરોધનું પ્રકરણ હોવાના કારણે દરેક વસ્તુને ભગવાને પોતાનામાં નિરુદ્ધ કરી છે. જેમ આમના સાધનોનો પોતાનામાં નિરોધ કર્યો છે. એવીજ રીતે આમના કુસાધનોનો પણ ભગવાને પોતાનામાં નિરોધ કર્યો છે. મતલબ કે કદાચ એમનો અપરાધ પણ ઘટિત થઈ રહ્યો છે, તો ભગવદાત્મક અપરાધ છે. કોઈ લૌકિક અપરાધ નથી.

એક કારણ બતાવું. આરંભમાં જ્યારે ગોપિકાઓ આવી અને ભગવાને એમને કહ્યું કે તમે વ્રજમાં પાછા ફરીને ચાલ્યા જાઓ. તે વખતે ભગવાનના વાક્યોને અન્યથા કહેતી વખતે આ સ્પષ્ટ કહ્યું **''મૈવં વિભો અર્હતિ ભવાન્ ગદિતું નૃશંસં સંત્યજ્ય સર્વવિષયાન્ તવ પાદમૂલમ્ પ્રાપ્તા''** (ભાગ.પુરા. ૧૦/૨૯/૩૧). બધા વિષયોનો ત્યાગ કરીને આ ગોપિકાઓ જે ભગવાનની પાસે આવી છે, એમનામાં શું માનાદિક અપરાધ હોઈ શકે છે? એક સાધારણ જ્ઞાની અથવા એક સાધારણ નિષ્કામ કર્મ કરનારો સાધક આ ગુણોથી પર થઈ જાય છે, તો પ્રભુચરણ આ વાત કહી રહ્યા છે કે સાક્ષાત્ અંગસંગવાળી ગોપિકાઓમાં શું આ અપરાધ સંભવ છે? ખરેખર એમનામાં આ અપરાધ ક્યારેય પણ સંભવ જ નથી. પરંતુ ભગવાનની રસાત્મિકા લીલા છે, તેની ગતિરૂપતાને પ્રકટ કરવામાટે ભગવાન્ સ્વયં એમના હૃદયમાં માનના રૂપમાં પ્રકટ થયા છે. એટલે કે ''દોષોપિ ભગવદાત્મકઃ'' દોષ પણ એમના ભગવદાત્મક છે. એનું કારણ શું? કેમકે પ્રકરણ નિરોધનું ચાલી રહ્યું છે. ભગવાન્ એમનાથી બંધાઈ ગયા છે અને તેઓ ભગવાનથી બંધાઈ ગઈ છે આ મૂલપ્રકરણ છે. આ મૂલપ્રકરણને સમજીને બધી વાત આગળ સમજો, ત્યારે વાત સમજમાં આવી જશે. હવે જે ભગવાન સાથે બંધાઈ ગઈ છે અને ભગવાન જેમની સાથે બંધાઈ ગયા છે, એવા ભક્તોના માન ચાહે કામ ચાહે ક્રોધ ચાહે ઈર્ષ્યા વગેરે ગુણ લૌકિક નથી. ભગવાને જ એ લીલાઓને પ્રકટ કરવામાટે તે-તે પ્રકારના ભાવ એમના હૃદયમાં પેદા કર્યા છે. અહીં આવીને ગુસાંઈજીએ સ્પષ્ટ કર્યું છે કે માન આમનામાં કેમ આવ્યું? માન આમનામાં એટલા માટે આવ્યું કે ભગવાન્ એમની સાથે ચાલે. ભગવાને એમના ગળામાં હાથ રાખ્યો.

અમારે મુંબઈમાં એક નંદલાલ હતો એવો ચતુર કે કોઈ પ્રધાન આવે તો કેમેરામેનને દસ રૂપિયા વીસ રૂપિયા પચાસ રૂપિયા આપી દે; કરવાનું કાંઈ નહીં. નિર્દોષભાવી પ્રધાનની પાછળ ઊભો રહે. કેમેરામેનને ઈશારો કરી દે કે ''ફોટો પાડી લો'' બસ. કેમ? પ્રધાનની સાથે ફોટો આવી જાય. હવે એ પ્રધાન આને ઓળખે નહીં, આ પ્રધાનને ઓળખે નહીં સિવાય કે આ પ્રધાન છે. સાથે ફોટો આવી જાય અને એ ફોટો ઘરમાં ગોઠવાઈ જાય. મોટા મોટા નેતાઓની સાથે, નાસરની સાથે એનો ફોટો, નહેરુની સાથે એનો ફોટો. કોઈ એવો મોટો નેતા નહીં કે જેમની સાથે નંદલાલનો ફોટો ન હોય. હવે એમાં કારણ શું? કેમેરામેનને પચાસ રૂપિયા આપ્યા તેથી એ ફોટો સાથે પડાવવાના કારણે કેટલું માન થાય એને! કોઈ નેતા કહી દે તો એનું કેટલું માન થઈ જાય! એનાથી ઓફિસરો પણ ગભરાવા લાગી જાય. સામાન્ય માણસ તેના ઘરમાં આવે અને જૂએ કે જવાહરલાલ નહેરુની સાથે તે ઊભેલો છે. કલામ નાસરની સાથે ઊભેલો છે. જોતાંજ સ્તબ્ધ થઈ જાય માણસ કે શું વ્યક્તિત્વ છે આનું, મોટા મોટા બધા નેતાઓની સાથે આનું હળવા-મળવાનું છે. હવે યુક્તિ ફક્ત એટલી કે કેમેરામેનને એણે પચાસ રૂપિયા આપ્યા. દાદાજીની પાસે રોજ આવતો હતો, મૂલતાની હતો.

તો એક ફોટો નેતાની સાથે હોવાથી આટલું માન વધે તો જે વખતે ઠાકોરજી એમના ગળામાં ખુદ હાથ રાખી દે તો કેટલું માન વધ્યું. એ જે માન વધાર્યું એનો જવાબદાર કોણ? એમના ગળામાં ખુદ ઠાકોરજીએ હાથરાખીને એ પ્રકારનું માન વધાર્યું. માન વધ્યું તો વધ્યું પરંતુ એવું વધ્યું કે એ ઠાકોરજી સુધી પહોંચી ગયું. માન વધે તો પાછી તેની કોઈ સીમા થોડી છે. હવે માન વધ્યું અને ઠાકોરજી સુધી પહોંચ્યું, ત્યારે ઠાકોરજી તિરોહિત થયા. આ વાતને સમજાવવા માટે કે વધારવામાં આવેલું માન મારું છે. વધારાયેલું માન એટલા અર્થમાં સહાયક છે કે જેટલા અર્થમાં લીલામાં સહાયક થઈ શકે છે. એટલા અર્થમાં સહાયક નથી કે જેમાં એ લીલામાં વ્યવધાયક બની જાય. એટલા માટે **'અપરાધ'** પણ કહી રહ્યા છે, **'અવજ્ઞા'** પણ કહી રહ્યા છે કે ગોપિકાઓએ ભગવાનની અવજ્ઞા કરી. ગોપિકાઓએ ભગવાનનો અપરાધ કર્યો. આ અપરાધ અને અવજ્ઞા નું સામર્થ્ય એમનું આપેલું છે, આ વાત ન ભૂલતા. આ વાત

કારિકામાં સમજમાં નહીં આવે પરંતુ પ્રકરણ જોશો તો સમજમાં આવશે કે નિરોધનું પ્રકરણ છે. એટલા માટે એમના દોષોનો પણ નિરોધ છે, એમના ગુણોનો પણ નિરોધ છે, એમના સારાપણાનો પણ નિરોધ છે અને એમની જે કાંઇ ખરાબી છે એનો પણ નિરોધ છે.

શ્રીયામુનેયાચાર્ય કહે છે **''વપુરાદિષુ યોઽપિ કોઽપિ વા ગુણતોઽસાનિ યથાતથાવિધઃ તદયં તવ પાદપદ્મયોઃ અહમ્ અદ્યૈવ મયા સમર્પિતઃ''** (આળ.સ્તોત્ર.૫૨) જેવું મારું શરીર છે, જેવો મારો ગુણ છે, જે કાંઇ હું છું, જેવા મારા ગુણ છે, **''તદહમ્ તવ પાદપદ્મયોઃ''** જેવો હું છું તારા પાદપદ્મમાં **''અહમ્ અદ્યૈવ મયા સમર્પિતઃ''**, હું સમર્પિત છું. હવે સમર્પિત છું તો જે કાંઇ પણ છું તારો છું. એમાં મારે ચિંતા કરવાની શું વાત છે! જ્યારે જીવ ભગવાનમાં નિરુદ્ધ થઇ ગયો અને ભગવાન્ જે વખતે જીવમાં નિરુદ્ધ થઇ ગયા, તો ગુણ અને અવગુણ, એના દોષ અને એના શીલ બધું જ કાંઇ ભગવદાત્મક થઇ ગયું, એનું હવે કાંઇ પણ નથી અને બધું જ કાંઇ એનું છે કેમકે ભગવાન્ એનો છે. જેનો ભગવાન્ છે એને કઇ વસ્તુ નથી! એટલા માટે કહે છે કે **કૃતાવજ્ઞા ગોપિકા હિ સ્તોત્રં ચક્રુઃ ઈતિ ઈર્યતે** એમણે સ્તોત્ર કર્યું. જે ગોપિકાઓએ ભગવાનની અવજ્ઞા કરી એવી ગોપિકાઓએ પોતાના સ્વભાવથી અને અપરાધના કારણે આ ગાન કર્યું છે. ધ્યાનથી જોશો તો ભગવાનના આ યશને પ્રકટ થવામાટે જીવથી અપરાધ કરાવ્યો છે. અસલમાં સ્વભાવ જીવને ઉત્તેજિત કરી રહ્યો છે. નહીંતર યશ પ્રકટ કેવીરીતે થશે? યશ પ્રકટ થઇ રહ્યો છે, એના કારણે આ અપરાધ અને સ્વભાવ અહીં દેખાઇ રહ્યા છે. અહીં યશ ખુદ પ્રકટ થવા માગી રહ્યો છે. માર્ગ શોધી રહ્યો છે.

જેમ આ થોડીક વિપરીત ઉપમા છે પરંતુ સમજવામાં સહાયક થશે. આપણા શરીરમાં કોઇ વિજાતીય દ્રવ્ય ચાલ્યું જાય તો શું થાય કે જે શરીરના શ્વેતકણ હોય છે, તે એ વિજાતીય દ્રવ્યને પકડી-પકડીને ખાય છે અને એનાથી લોહીમાં એમનો જોરદાર સંઘર્ષ થાય. એ સંઘર્ષના કારણે શરીરમાં ગરમી આવે છે. એ ગરમીથીજ એ બધા વિજાતીય દ્રવ્ય નષ્ટ થાય છે. આપણે શું કહીએ કે તાપ વધારે ચઢ્યો, તો વધારે બીમાર છે. વધારે તાપ ચઢ્યો એનો મતલબ આ છે કે એની અંદર વધારે સામનો થઇ રહ્યો છે. જો ઓછો તાપ ચઢે તો ખતમ

જ થઇ જાય પરંતુ શું થાય કે વધારે સંઘર્ષ એટલો વધી જાય, જે સહન ન કરી શકાય અને જીવ ચાલ્યો જાય એ એક બીજી કથા છે. નહીંતર તો તાપ ખુદ પોતાનામાં ખરાબ વસ્તુ નથી. તાપ પોતે એક સહાયક વસ્તુ છે. એક વિજાતીય દ્રવ્ય જે આપણા શરીરમાં આવી ગયું એને કોઇક પ્રકારથી લોહી પચાવવા માગે છે અને પચાવવા માટે ગરમી પેદા કરે છે જેથી એ પચી જાય. ખરેખર તાપ તો શરીરના નિર્વાહને માટે હોય છે પરંતુ વધારે થઇ જાય તો લોકો એમ કહે છે કે તાપના કારણે ચાલ્યો ગયો. ગયો તો વિજાતીય દ્રવ્યના કારણે, તાપના કારણે નહીં. તાપ તો એવી વસ્તુ છે કે જો ન હોત તો વિજાતીય દ્રવ્ય શરીરમાં ગોટાળા કરી દેત. હવે આપણને એ વિજાતીય દ્રવ્ય તો દેખાય નહીં, દેખાય તો તાપ. તાપ આવી ગયો અને ચાલ્યો ગયો. તાપ આવવાથી નથી ચાલ્યો ગયો. તાપ તો સારી વસ્તુ હતી.

એવી રીતે યશ જે વખતે અંદર આવ્યો, ત્યારે સ્વભાવ સાથે એનો સંઘર્ષ શરૂ થઇ જાય, પ્રકટ થઇ જાય ઈર્ષ્યાના રૂપમાં. જો યશ સ્વભાવની સાથે ટકરાય નહીં, તો ગાન પ્રકટ કેવીરીતે થશે? ગાન તો સહજ જ એ રૂપમાં પ્રકટ થયું છે જેવીરીતે ગાન પ્રકટ થાય છે. એમાં કોઇ ખરાબી નથી પરંતુ જ્યારે ભગવાનનો યશ આપણી અંદર આવ્યો અને આપણા સ્વભાવ સાથે ટકરાયો, તો એ પ્રકટ થશે જ. હવે જેનો તામસ સ્વભાવ છે તો યશ તામસરૂપમાં પ્રકટ થશે. જેનો રાજસ સ્વભાવ છે તો રાજસરૂપથી યશ પ્રકટ થશે અને જેનો સાત્ત્વિક સ્વભાવ છે, એ સાત્ત્વિકરૂપથી યશ પ્રકટ થશે. પ્રભુનો યશ એક વખત વિજાતીય દ્રવ્ય બનીને આપણા સ્વભાવમાં અંદર આવે છે અને આપણા સ્વભાવ સાથે ટકરાઇને પછી ગાનના રૂપમાં પ્રકટ થઇ જાય. હવે ગાનના રૂપમાં જે વખતે પ્રકટ થઇ રહ્યો છે તો તાપ તો થશે જ. ખરેખર તાપમાં ખરાબી નથી. અહીં ખરાબીનું ઉદાહરણ છે. ઉદાહરણમાં ખરાબી છે. અહીં શ્રેષ્ઠતામાં લઇ લો. આ જે સ્વભાવ પ્રકટ થઇ રહ્યો છે, કોઇ ભગવાનને ગાળ આપી રહી છે, કોઇ ભગવાનની પ્રશંસા કરી રહી છે, કોઇ ભગવાનને કહી રહી છે કે ''તમે વંચક છો.'' કોઇ કહી રહી છે કે ''તમે કિતવ છો'' કોઇ કહી રહી છે કે ''તમે ક્રૂર છો.'' કોઇ કહી રહી છે કે ''તમે દયાળુ છો.'' હવે આ કે તમે દયાળુ છો કે ક્રૂર છો કે તમે કિતવ છો કે સજ્જન છો, આ બધું ભગવાનના ગાનના રૂપમાં યશ પ્રકટ થઇ રહ્યો છે પરંતુ પ્રકટ કેવીરીતે થઇ રહ્યો છે? સ્વભાવનું માધ્યમ લઇને.

જેમ આપણા શરીરની અંદર રહેલું જીવવાનું જે તત્ત્વ પ્રકટ થાય તાપના રૂપમાં પરંતુ આટલું વિજાતીય દ્રવ્ય આવ્યું, એનાથી કેટલો તાપ ચડ્યો, આને લઈને પ્રકટ થાય. થોડું ઘણું કોઈ વિજાતીય દ્રવ્ય થયું હોય, તો સો ડિગ્રી તાપ આવીને જ છુટકારો થઈ જાય. હવે કોઈ ભયંકર વિજાતીય દ્રવ્ય આપણા શરીરમાં અંદર જીવવામાટે ગયું તો, એને જીતવામાટે વધારે એને સંઘર્ષ કરવો પડે. વધારે સંઘર્ષ કરે તો બે ત્રણ ચાર ડિગ્રી સુધી તાવ આવી જાય. જોર મારે તો પાંચ ડિગ્રી સુધી તાવ આવી જાય. એ માધ્યમને લઈને એ પ્રકટ થઈ રહ્યો છે. હકીકતમાં પ્રકટ થઈ રહ્યો છે એની શ્રેષ્ઠતા છે, એની અશ્રેષ્ઠતા નથી. એવીજ રીતે સ્વયં યશ પ્રકટ થઈ રહ્યો છે. અપરાધ અને સ્વભાવ આ તો ફક્ત એના માધ્યમ બને છે.

**કારિકા :**

**એકોનવિંશતિવિધા ગોપ્યઃ સ્વસ્ય અધિકારતઃ**
**એકોનવિંશતિવિધાં સ્તુતિં ચક્રુઃ હરેઃ પ્રિયામ્.**
**રાજસી તામસી ચૈવ સાત્ત્વિકી નિર્ગુણા તથા ।**
**એવં ચતુર્વિધા ગોપ્યઃ પતિમત્યો નિરૂપિતાઃ ।।૩।।**

**વિવરણમ્ :**

ઓગણીસ પ્રકારની ગોપિકાઓએ પોત-પોતાના અધિકારના અનુરૂપ ભગવાનની ઓગણીસ પ્રકારની સ્તુતિ કરી, એ ઓગણીસ પ્રકારની કેવીરીતે છે એ ગણાવી રહ્યા છે.

**(ગોપીજનોના પ્રકાર)**

પહેલાં તો ગોપીજનોના બે પ્રકાર. એક તો શ્રુતિરૂપા ગોપિકાઓ. વેદની એક એક શ્રુતિઓ ગોપીના રૂપમાં પ્રકટ થઈ. પ્રત્યેક શ્રુતિ પરમાત્માનું જ પ્રતિપાદન કરે છે પરંતુ તદ્-તદ્ આચાર્ય, તદ્-તદ્ ઋષિઓએ પોત-પોતાના સ્વભાવના અનુરૂપ તદ્-તદ્ શ્રુતિઓનો પરમાત્માથી ભિન્ન અર્થોમાં યોજન કર્યું. એ બધી શ્રુતિઓ 'અન્યપરાઃ' થઈ ગઈ. એક એક ભાષ્યકાર એક એક ઋષિએ એક એક શ્રુતિનો અર્થ પરમાત્માથી અલગ જે બતાવ્યો, એ માનો વ્રજની એક એક ગોપિકાઓનો એક એક ગોપોની સાથે વિવાહ થયો. તો બધી શ્રુતિઓ 'અન્યપરાઃ' થઈ ગઈ.

વ્યાસજીએ આવીને **"અથાતો બ્રહ્મજિજ્ઞાસાઃ"** (બ્ર.સૂ.૧।૧।૧) બ્રહ્મજિજ્ઞાસા કરવી છે, કરીને ફરીથી બધી શ્રુતિઓનો બ્રહ્મપરક અર્થ કર્યો. એ જાણે એક રાસ છે. એ નામાત્મક રાસ છે. એ જે સમન્વયાધ્યાય વ્યાસજીએ લખ્યો, તે એક નામાત્મક રાસ છે. આ રૂપાત્મક રાસ છે. શ્રુતિઓ અન્યપરા છે કેમકે પ્રથમતયા શ્રુતિઓમાં એવો વ્યામોહ ઉત્પન્ન થઈ જ જાય છે. કોઈ પણ શ્રુતિ આવી નથી કે બધાને પોત-પોતાનો મોહ ઉત્પન્ન થાય જ કે આ શ્રુતિને અહીં ઘટાવો. કોઈ શ્રુતિને મહાદેવપરક લાગૂ કરી દે, કોઈ કાર્તિકેયપરક લાગૂ કરી દે, કોઈ ગણેશજીપરક લાગૂ કરી દે, કોઈ સૂર્યપરક લાગૂ કરી દે, કોઈ નિરાકારપરક લાગૂ કરી દે, કોઈ નિર્ગુણપરક લાગૂ કરી દે. જેના મનમાં જે શ્રુતિ આવે, તેને તેના ઉપર લાગૂ કરી દે. આ શ્રુતિઓ અન્યપરાઃ થઈ ગઈ. આ શ્રુતિરૂપા ગોપિકાઓ અન્યપરા છે. કેમકે ઋષિઓએ એમના વિવાહ અલગ અલગ પ્રમેયોની સાથે કરી દીધા.

બીજી ગોપિકાઓ કુમારિકાઓ છે. એ કુમારિકાઓ અનન્યપૂર્વા કહેવાય. અગ્નિરૂપાઓ, અગ્નિકુમારિકા. એ બધી ભગવાનનું જ પતિતરીકે વરણ કરી ચુકી છે. કાત્યાયની વ્રતના પ્રસંગમાં ભગવાને એમને વરદાન આપ્યું છે **"મયા ઈમા રંસ્યથ ક્ષપાઃ"** (ભાગ.પુરા.૧૦।૧૯।૨૭), શરદઋતુમાં હું તમારી સાથે રાસ કરીશ. હવે બે વિભાગ થયા ગોપિકાઓના, એક વિવાહિતા અને બીજી કુમારિકા. જે વિવાહિતા ગોપિકાઓ છે તે શ્રુતિરૂપા છે. જે કુમારિકાઓ છે તે ઋષિરૂપા છે.

આચાર્યચરણ એક બહુ સુંદર વાત નિબંધમાં કહે છે કે આ ઋષિઓ શ્રુતિના ઉલ્ટા-પુલ્ટા અર્થ બતાવીને દુનિયાને વ્યામોહ પેદા કરે છે પરંતુ ખુદ એવું નથી કરતા. ખુદ પરમાત્મોપાસક થાય. તેઓ અન્યપરક નથી થતા પરંતુ દુનિયાને અન્યપરક કરી દે. એમ આચાર્યચરણ આજ્ઞા કરે છે. ગામને નિર્ગુણ નિર્ધર્મક નિરાકાર નિર્વિશેષ અર્થ બતાવીને શ્રીશંકરાચાર્ય **"ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મૂઢમતે"** (શંકરાચાર્ય) કરે. આખા ગામને નિર્ગુણ નિર્ધર્મક નિરાકાર નિર્વિશેષ બતાવીને ખુદને માટે **"ભજ ગોવિન્દં..."**. આ તો બધી કુમારિકાઓ, ઋષિ છે જેટલા, તે બીજે ક્યાંય નથી જતા. શ્રુતિઓનો અર્થ અન્યપરક કરી દે. બીજાઓને અન્યપરક કરી દે. દરેક ઋષિએ બધાને

અલગ અલગ અન્યપરક કરી દીધા છે પરંતુ ખુદ **"ભજ ગોવિન્દં..."**. એ ક્યારેય અન્યપરક નથી થતા. આથી આ બધા ઋષિઓ 'અનન્યપૂર્વા' છે. આટલા માટેજ આચાર્યચરણ આજ્ઞા કરે છે **"રાજસી તામસી ચૈવ સાત્ત્વિકી નિર્ગુણા તથા એવં ચતુર્વિધા ગોપ્યઃ પતિમત્યો નિરૂપિતાઃ"**. પતિમતી ગોપી ચાર પ્રકારની છે. રાજસી તામસી સાત્ત્વિકી અને નિર્ગુણા. મતલબ કે એમના સ્વભાવનું વર્ણન છે. જે પ્રકારથી આ પતિમતી ગોપિકાઓ ચાર પ્રકારની છે એજ પ્રકારથી કુમારિકાઓ પણ ચાર પ્રકારની છે. સાત્ત્વિક રાજસ તામસ અને નિર્ગુણા. પહેલો શ્લોક ગાનારી ગોપિકા સાત્ત્વિક-રાજસી છે. બીજો શ્લોક ગાવાવાળી સાત્ત્વિક-તામસ છે. ત્રીજો શ્લોક ગાવાવાળી ગોપિકા નિર્ગુણ છે.

**કારિકા :**

**તથૈવ અનન્યપૂર્વાશ્ચ પ્રાર્થનામ્ આહુઃ ઉત્તમામ્ ।**
**ગુણાતીતાઃ સાત્ત્વિકીશ્ચ તામસી રાજસીસ્તથા ।।૪।।**

**વિવરણમ્ :**

**(સ્તુતિઓના પ્રકાર)**

હવે તમે ગોપીગીતના શ્લોકોપર ધ્યાન આપશો તો કેટલાક શ્લોક એવા છે જે પ્રાર્થનાપરક છે અને કેટલાક શ્લોક વર્ણનપરક છે. પ્રાર્થનાપરક શ્લોક કુમારિકાઓના છે. વર્ણનપરક શ્લોક શ્રુતિરૂપાઓના છે. શ્રુતિઓનું કામ શું? બ્રહ્મનું વર્ણન કરવું. તો વર્ણનપરક શ્લોક તો શ્રુતિરૂપાઓના દ્વારા વર્ણિત શ્લોક છે બીજા પ્રાર્થનાપરક, એટલે જે વસ્તુની પ્રાર્થના કરવામાં આવી છે કે "તમે પ્રકટ થઈ જાઓ," કે "તમે આવી જાઓ," આવા આવા પ્રાર્થનાપરક શ્લોક કુમારિકાઓના શ્લોક છે અર્થાત્ ઋષિરૂપા ગોપિકાઓના.

અહીં વિવાહિતાઓને 'અન્યપૂર્વા' કહેવામાં આવે છે અને કુમારિકાઓને 'અનન્યપૂર્વા' કહેવામાં આવે છે. અન્યપૂર્વાનો મતલબ શું? પહેલાં ક્યાંક બીજે ગઈ છે અને પછી કૃષ્ણની પાસે આવી છે. અનન્યપૂર્વા એ જે પહેલાં ક્યાંય પણ નથી ગઈ અને કૃષ્ણની પાસે આવી છે. એમના બધા પ્રસંગમાં પહેલાં કુમારિકાઓનું વર્ણન કરે છે. અનન્યપૂર્વા ગોપિકાઓમાં પાંચમો શ્લોક ગાનારી ગોપિકા સાત્ત્વિકસાત્ત્વિક છે. છઠ્ઠો શ્લોક ગાનારી સાત્ત્વિક-તામસ છે. સાતમો શ્લોક ગાનારી સાત્ત્વિક-રાજસ છે. આઠમો શ્લોક

ગાનારી નિર્ગુણ છે.

**કારિકા :**

> **કૃષ્ણભાવનયા સિદ્ધા વિશેષેણાહ તાઃ શુકઃ ।**
> **અનન્યપૂર્વિકાએવ પુનઃ તિસ્રો મુદા જગુઃ ।।૫।।**

**વિવરણમ્ :**

આ જે ઋષિરૂપા ગોપિકાઓ છે, એમની કૃષ્ણભાવના અતિશય પ્રબલ છે. એટલા માટે શુકદેવજી એમનું વર્ણન પ્રથમતયા કરવા માગે છે. અનન્યપૂર્વા રાજસક્રમથી ત્રણ શ્લોક ગાય છે. નવમો શ્લોક રાજસ-સાત્ત્વિકે ગાયો છે. દશમો શ્લોક ગાનારી ગોપિકા રાજસ-તામસ છે. અગીયારમો શ્લોક ગાનારી ગોપિકાઓ રાજસ-રાજસ છે. ઓગણીસ શ્લોકોમાં કઈ ગોપિકાએ કયો શ્લોક કહ્યો છે આ વાત આપણે હવે સમજી રહ્યા છીએ. તો બે પ્રકારની ગોપિકાઓ આપણે સમજ્યા. ઋષિરૂપા કુમારિકા અને શ્રુતિરૂપા અન્યપૂર્વિકા. કુમારિકા ગોપિકાઓના પ્રથમ ચાર શ્લોક છે. એ ગોપિકાઓ ચાર સ્વભાવની છે. એક સાત્ત્વિક સ્વભાવની છે, એક રાજસી સ્વભાવની છે, એક તામસી સ્વભાવની છે અને ચોથી નિર્ગુણ સ્વભાવની છે. આ ચાર શ્લોકોના ચાર અધિકારીઓનું વર્ણન આવી ગયું. ફરીથી ત્રણ શ્લોક બીજા એમનાજ છે. **અનન્યપૂર્વિકાએવ પુનસ્તિસ્રો મુદા જગુઃ** અને ત્રણ શ્લોક એમની જ અધિકીમાં કહ્યા છે.

**કારિકા :**

> **સાત્ત્વિકી તામસી ચૈવ રાજસી ચેતિ વિશ્રુતાઃ ।**
> **સપૂર્વાશ્ચ તતસ્ તિસ્રઃ તામસી રાજસી પરા ।।૬।।**
> **પુનસ્તાએવ ત્રિવિધા''અટતી''ત્યાદિભિસ્ ત્રિભિઃ ।।**
> **રાજસી તામસી ચૈવ સાત્ત્વિકીતિ વિભેદતઃ ।।૭।।**

**વિવરણમ્ :**

ત્યાર પછી અનન્યપૂર્વા બારમા, તેરમા અને ચૌદમા સુધીના શ્લોકોમાં રાજસ ક્રમથી ગાન કરે છે અને પંદરમા સોળમા અને સત્તરમા સુધી તામસ ક્રમથી ગાય છે. આ પ્રકારે ગાનમાં બારમો શ્લોક ગાનારી ગોપિકા રાજસ-તામસ છે, તેરમો શ્લોક ગાનારી ગોપિકા રાજસ-રાજસ છે, ચૌદમો શ્લોક ગાનારી ગોપિકા રાજસ-સાત્ત્વિક છે.

આના પછી એ જ અન્યપૂર્વા પંદરમો, સોળમો અને સત્તરમો શ્લોક તામસ ક્રમથી ગાન કરે છે. પંદરમા શ્લોકને ગાનારી ગોપિકા તામસ-સાત્ત્વિક છે. સોળમા શ્લોકને ગાનારી તામસ-તામસ છે.

**કારિકા :**

**અનન્યપૂર્વા દ્વિવિધા રાજસી સાત્ત્વિકી તથા ।**
**તમસા તામસી તત્ર નાસ્તિ ઈતિ એકોનવિંશતિઃ ।।૮।।**
**અથવા પ્રાર્થનાદ્યાઃ યાઃ સપ્તાન્તે દ્વિવિધા પુનઃ ।**
**ચતુર્થ્યસ્તુ સમાસ્તત્ર તત એકોનવિંશતિ ।।૯।।**

**વિવરણમ્ :**

સત્તરમા શ્લોકને ગાનારી તામસ રાજસ છે.

અન્યપૂર્વા ગોપિકાઓએ સત્તરમા શ્લોકમાં પોતાના કથનનો ઉપસંહાર કરી લીધો. તેથી હવે તામસ ક્રમથી અઢારમો અને ઓગણીસમો શ્લોક અનન્યપૂર્વા ગાય છે. અઢારમો શ્લોક ગાનારી ગોપિકા તામસ-સાત્ત્વિક છે. ઓગણીસમો શ્લોક ગાનારી તામસ-રાજસ છે. આ પ્રકારથી ઓગણીસ શ્લોકોમાં ઓગણીસ ગોપિકાઓનું વર્ણન આવ્યું.

અથવા બીજો કલ્પ આ પણ બતાવ્યો કે પ્રાર્થનાના નવ શ્લોક એટલે પહેલો બીજો ત્રીજો પાંચમો છઠ્ઠો સાતમો અને આઠમો અને તેના પછી તેરમો અને ચૌદમો આ શ્લોક અનન્યપૂર્વા એટલે કુમારિકાઓએ ગાયા છે તથા અન્યપૂર્વા એટલે વિવાહિતાઓના પણ નવ દશ અગીયાર બાર પંદર સોળ સત્તર અઢાર અને ઓગણીસ એમ નવ શ્લોક ગાયા છે. બાકી ચોથો શ્લોક બંનેએ ગાન કર્યો છે.

**કારિકા :**

**તત્તદ્વાક્યાનુસારેણ તાસાં ભાવો નિરૂપ્યતે ।**
**અન્યથાઽનેકતા સ્તોત્રે પ્રકારૈર્ નોપયુજ્યતે ।।૧૦।।**

**વિવરણમ્ :**

તે-તે ગોપિકાઓના ભાવાનુસાર શ્રીશુકદેવજીએ વર્ણન કર્યું છે અને આટલા માટે આટલી વિવિધતા ભગવાનની આમાં આવી ગઈ છે. એક જ ભગવાન્ એમના માટે ક્રૂર થઈ ગયા છે અને એક જ ભગવાન્ એમના માટે દયાળુ પણ થઈ ગયા છે. નહીંતર આ જે પ્રકાર છે એનું વર્ણન કેવીરીતે થઈ શકે?

| શ્લોક : ૧ |

ઉત્થાનિકા :

તત્ર પ્રથમં રાજસ્યઃ કાશ્ચન ગોપ્ય આહુઃ જયતિ ઈતિ :

|| શ્રીગોપ્ય ઊચુઃ ||

જયતિ તેઽધિકં જન્મના વ્રજઃ શ્રયત ઈન્દિરા શશ્વદત્રહિ ।
દયિત દશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ।।૧।।

સુબોધિનીજી :

મંગલાર્થો અત્ર 'જય' શબ્દઃ, યથા ફલં સાધયેત્ સ્તોત્રં તથા નિર્વિઘ્નાર્થઃ. અન્યથા ક્રિયામ્ આદૌ ન પ્રયુંજ્યાત્. ત્વદવતારેણ વ્રજઃ સર્વોઽપિ કૃતાર્થો, વયમેવ પરમ્ અકૃતાર્થાએવેતિ યથા વયમપિ કૃતાર્થા ભવામઃ તથા યત્નઃ કર્તવ્ય ઈતિ વક્તું વ્રજસ્ય તવાવતારેણ સર્વોત્કર્ષો જાત ઈતિ આહુઃ તે જન્મના વ્રજો અધિકં જયતિ ઈતિ. સર્વોત્કર્ષેણ સ્થિતિઃ જયો, અધિકજયો વૈકુંઠાદપિ ઉત્કર્ષઃ. નહિ વૈકુંઠે ભગવાન્ એવંવિધાં લીલાં કરોતિ. યદ્યપિ મથુરાયાં જન્મ જાતં તથાપિ તેન જન્મના ન મથુરા સર્વોત્કર્ષેણ સ્થિતા કિન્તુ વ્રજએવ.

નનુ ભગવજ્જન્મનઃ સર્વોત્કર્ષહેતુત્વં ન લોકે પ્રસિદ્ધમ્, અનન્યત્વેન એકત્વાદ્, અતઃ તાદશ ઉત્કર્ષહેતુઃ વક્તવ્યો યો લોકે પ્રસિદ્ધઃ ઈતિ ચેત્, તત્ર આહ શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ ઈતિ. અત્ર વ્રજે ઈન્દિરા સર્વદા શ્રયતે હીનભાવેન આશ્રયં કુરુતે. વૈકુંઠે તુ સૈવ નિયતા ભાર્યેતિ ન તસ્યાઃ સર્વદા શ્રયણં કર્તવ્યં ભવતિ, ઈહ તુ તાદશ્યો વયમ્ અનેકા ઈતિ તસ્યાઃ સ્વાસ્થ્યાભાવાત્ કદા વા મમાવસરો ભવિષ્યતીતિ નિરન્તરં સેવતે. અતો લક્ષ્મીસ્થિત્યા લોકા ઉત્કર્ષં મન્યન્તે સા પુનઃ લક્ષ્મીઃ ગોકુલાશ્રયા જાતા. હિ યુક્તશ્ચ અયં અર્થઃ : પતિવ્રતા હિ સા, યત્ર પતિઃ સ્વયમ્ અન્યાધીનતયા તિષ્ઠતિ ભક્તેષુ કૃપાં ખ્યાપયિતું તદુક્તમ્ ઉલૂખલપ્રકરણે, તત્ર તદ્ભાર્યા સુતરામેવ આશ્રયતે ઈતિ કિમ્ આશ્ચર્યમ્! તવ જન્મના વ્રજસ્ય સર્વોત્કર્ષઃ સર્વજનીનઃ, અતઃ તવ રમણે ન કાપિ ન્યૂનતા ન વા લક્ષ્મ્યા મનસિ વિષાદો, અંગીકૃતત્વાત્.

અતઃ કારણાદ્ અસ્મદર્થમ્ આગતેન ત્વયા દશ્યતામ્ ઈદં ગોકુલમ્ એકદા દ્રષ્ટવ્યમ્. વાક્યાર્થો વા કર્માગ્રે વક્ષ્યમાણઃ. તાવકાઃ ત્વયિ ધૃતાસવઃ દિક્ષુ

**ત્વાં વિચિન્વત ઈતિ દશ્યતામ્. એતાદશો અર્થો અનુચિત ઈતિ અનુચિતપ્રદર્શનેન બોધયન્તિ. લોકા હિ બ્રહ્માદયઃ ત્વમ્ અવતીર્ણો વ્રજે વર્તસે ઈતિ નિશ્ચિત્ય સમાયાન્તિ, વ્રજસ્થાઃ પુનઃ અસ્મદાદયઃ દિક્ષુ વિચિન્વન્તિ – ઈયં મહતિ અનૌચિતી.**

**નનુ વ્રજસ્થાનાં ભક્તિઃ નાસ્તિ, અન્યથા વિરહે મ્રિયેરન્, અતઃ અભક્તા ન પશ્યન્તિ ઈતિ યુક્તમ્ ઈતિ ચેત્, તત્ર આહુઃ ત્વયિ ધૃતાસવ ઈતિ, ત્વદર્થમેવ ધૃતા અસવઃ પ્રાણાઃ યૈઃ. યદૈવ ત્વદનુપયોગં જ્ઞાસ્યન્તિ તદૈવ ત્યક્ષ્યન્તિ ઈતિ ભાવઃ. અતએવ ત્વાં વિચિન્વતે પ્રાણાન્ આશ્વાસયિતુમ્, અલ્પવિલમ્બેઽપિ પ્રાણા ગમિષ્યન્તિ ઈતિ. અન્યથા વ્રજે ગચ્છેયુઃ, પ્રાતઃ ત્વમેવ આયાસ્યતીતિ અન્વેષણં વ્યર્થમેવ સ્યાત્. દિક્ષુ ત્વદીયાઃ ત્વયિ સતીતિ મહદ્દૈન્યમ્. અતઃ એકવારં ત્વદીયાઃ પશ્ય ઈતિ પ્રાર્થના. એવમ્ એકયા દર્શનં પ્રાર્થિતમ્. દયિત! ઈતિ સમ્બોધનાદ્ ભર્ત્રદર્શનેન સ્ત્રીણાં જીવનં ન યુક્તમ્ ઈતિ નિરૂપિતમ્. યદ્યપિ ભગવાન્ ચેત્ પશ્યેત્ તદા ન કોઽપિ પુરુષાર્થઃ સિધ્યેત્ તથાપિ દૈન્યં દષ્ટ્વા આત્માનમપિ પ્રદર્શયેદ્ ઈતિ તથા પ્રાર્થના ।।૧।।**

**વિવરણમ્ :**

આ રાજસી ગોપી બોલી રહી છે. હવે આ રાજસી શામાટે છે? આ જ્યારે આપણે સરખીરીતથી શ્લોક વાંચી લઈશું ત્યારે સમજમાં આવશે. એમણે શું શું વાત કહી. આ વાત કહેવામાં એમનો રાજસ સ્વભાવ કેવીરીતે પ્રકટ થયો? હમણાં આપણે એમ માનીને ચાલીએ કે આ રાજસી ગોપી છે. હવે એનો રાજસી સ્વભાવ કેવીરીતે પ્રકટ થઈ રહ્યો છે એ આખું વર્ણન વાંચશું ત્યારે સમજમાં આવશે.

**(જયતિ)**

**મંગલાર્થો અત્ર 'જય'શબ્દઃ.** 'જય'શબ્દ મંગલને માટે છે. 'જય'નો અર્થ મંગલ નથી પરંતુ મંગલ કરવામાટે 'જય' શબ્દ છે. જેમ આ યશ ગાન કરી રહી છે તો મંગલ થાય પરંતુ મંગલ શું? ''આયે ભવન મેરે'' આવે છે ને! પદમાં. મારા ભવનમાં આવ્યા એ જ સૌથી મોટું મંગલ છે. ઠાકોરજી પ્રકટ થઈ જાય, આનાથી મોટું મંગલ ભક્તને કોઈ બીજું છે નહીં. પ્રભુ પ્રકટ થાય એટલા

માટે **'જયતિ'** કહી રહી છે. **યથા ફલં સાધયેત્ સ્તોત્રં તથા નિર્વિઘ્નાર્થઃ.** કથંચિત્ આ યશગાનનું ફલ પ્રભુ પ્રકટ થઈ જાય, એના માટે **'જયતિ'** કહી રહી છે. એટલે કે બોલવા જઈ રહ્યા છે પરંતુ મનમાં એક હિચક આવી ગઈ કે એવો શબ્દ મોઢામાંથી ન નીકળી જાય કે જેનાથી પ્રકટ ન થાય.

જ્યારે શ્રીમહાપ્રભુજીને સંન્યાસ લેવો હતો તો એ સમયે ઝુંપડીમાં અગ્નિનું પ્રાકટ્ય થયું. ત્યારે મહાલક્ષ્મીજીએ કહ્યું ''નિકળો નિકળો નિકળો.'' એટલે મહાપ્રભુજી નિકળી ગયા. નિકળો આ અર્થમાં નહોતું કહ્યું કે ઘર છોડીને નીકળી જાવ. એ ઝુંપડી જે બળી રહી હતી એટલા માટે કહ્યું હતું પરંતુ એમને સંન્યાસ લેવાની પત્નીની આજ્ઞા માની લીધી.

કોઈએ કવિતામાં કહ્યું ''મતિરામ હરી ચૂડિયાં ખનકી''. એટલે કે હરી ચૂડિયાં ખનકી પરંતુ એ 'મતિરામ' ''મતિ રામ હરી'' થઈ ગયું. ''મતિરામ'' એનું નામ હતું. તો 'મતિ' અને 'રામ' અલગ થઈ ગયા. તેથી ''મતિ રામ હરી'' એમ થઈ ગયું. તો બે વરસ સુધી એનાથી કવિતા બનવાની જ બંધ થઈ ગઈ. ''મતિ રામ હરી'' એવો શબ્દ જે નિકળી ગયો પહેલાથી તો એનાથી બે વરસ સુધી કવિતા બનવી જ બંધ થઈ ગઈ. એ શબ્દનો એવો પ્રભાવ પડી ગયો. શબ્દનો પણ બહુ વિચિત્ર પ્રભાવ પડી જાય ને! કોઈ તથાસ્તુ કહી જાય. એણે કહ્યું ''મતિ રામ હરી ચૂડિયાં ખનકી'' અને કોઈએ તથાસ્તુ કહી દીધું તો એ બે વરસ સુધી ચૂડિયાં જ ખનકાવતો રહ્યો. કેમે મતિ તો રામે હરી લીધી. તો આવીરીતે કોઈ શબ્દ ન નિકળી જાય, એટલા માટે જુના માણસોમાં બહુ સાવધાની રહેતી. જો તમને ખબર હોય તો કોઈ આપણી પાસેથી જવાની આજ્ઞા માગે તો આપણે એમ ન કહીએ કે 'જાઓ'. કેમકે 'જાઓ' પરંતુ કહીએ કે ''જઈ આવો''. આપણે એમ ન કહીએ કે 'જાઓ'. કેમકે 'જાઓ' કહીએ અને ખરેખર ચાલ્યો જાય તો! ''ચલન ચહત અબ કૃપાનિધાના'' તો મુશ્કેલી થઈ જાય ને! એટલા માટે આપણે ત્યાં 'જાઓ'ની આજ્ઞા નથી આપતા. જુના પુરાણા લોકો જ્યારે જવાની આજ્ઞા માગૈ તો આપણે 'જાઓ' ન કહીને ''જઈ આવો'' કહીએ છીએ. એટલે કે જાઓ ભલે પણ જઈને આવો. એવીજ રીતે ગોપિકાઓનું હૃદય એટલું ઉદ્વિગ્ન છે પ્રભુના દર્શન ન થવાના કારણે, તેથી બહુજ સાવધાનીથી પહેલા પહેલા જ કહી રહી છે **'જયતિ'**. અરે! બધી વાત પછી સંભાળી લઈશું પરંતુ એક વખત જય તો થઈ જાય. જય થઈ જાય તો

બધી વાત સચવાઈ જશે. આ વખતે તો પ્રભુના અપ્રકટ હોવાથી પરાજય થઈ ગયો. એટલે કે પ્રમાણનો પરાજય થઈ ગયો, સાધનનો પરાજય થઈ ગયો. કેમકે પ્રભુ જે વખતે અપ્રકટ થઈ જાય, તો પછી બધા સાધન પરાસ્ત થઈ જાય.

કુમારિકાઓ પુષ્ટિજીવની સાધનશક્તિનું સ્વરૂપ છે. શ્રુતિરૂપા ગોપિકાઓ પુષ્ટિજીવની પ્રમાણશક્તિનું સ્વરૂપ છે. પુષ્ટિજીવ આટલી જ સાધના કરી શકે છે કે **''નન્દગોપસુતં દેવિ પતિં મે કુરુ તે નમઃ''** (ભાગ.પુરા.૧૦।૧૯।૪). પુષ્ટિજીવ આટલું જ જાણી શકે છે કે **''અક્ષણ્વતાં ફલમ્ ઈદં ન પરં વિદામઃ સખ્યઃ પશૂનનુનિવિવેશયતોર્ વયસ્યૈઃ વક્ત્રં વ્રજેશસુતયોર્ અનુવેણુજુષ્ટં યૈર્વા નિપીતમ્ અનુરક્ત કટાક્ષમોક્ષમ્''** (ભાગ.પુરા.૧૦।૧૮।૭). પુષ્ટિજીવોની પ્રમાણશક્તિનું આધિદૈવિક સ્વરૂપ શ્રુતિરૂપા ગોપિકાઓ છે. પુષ્ટિજીવોની ક્રિયાશક્તિનું આધિદૈવિક સ્વરૂપ કુમારિકાઓ ઋષિરૂપા ગોપિકાઓ છે. જે વખતે ભગવાન્ તિરોહિત થયા, તે વખતે બધા સાધનોનો પરાજય છે. હવે એ સાધનોનો જય, એ સાધનોના સામર્થ્યથી તો થઈ નથી શકતો. પ્રભુના સામર્થ્યથી જ થઈ શકે છે. એમની ક્રિયાશક્તિનું જે સાધન છે અને એમની જ્ઞાનશક્તિનું જે સાધન છે, એટલે કે શ્રુતિરૂપા અને ઋષિરૂપા ગોપિકાઓનો વિજય શેમાં નિહિત છે? પ્રભુના પ્રકટ થવામાં, પ્રકટ પ્રભુ જ એમનું મંગલ છે.

### ('જયતિ'થી મંગલસ્થાપન)

**મંગલાર્થો અત્ર 'જય'શબ્દઃ.** મંગલ જ એમનો વિજય છે. એટલા માટે કહી રહ્યા છે કે **જયતિ તેઽધિકં જન્મના વ્રજઃ. યથા ફલં સાધયેત્ સ્તોત્રં તથા નિર્વિઘ્નાર્થઃ.** આ સ્તોત્ર આપણા ફલને સિદ્ધ કરી દે, ગોપિકાઓના મન તે વખતે એવા આર્દ્ર થઈ ગયા **'જયતિ'** શબ્દ કહેવાથી. **અન્યથા ક્રિયામ્ આદૌ ન પ્રયુંજ્યાત્.** ક્રિયાથી વાક્ય શરુ ન થાય. તે **જન્મના વ્રજઃ અધિકં જયતિ.** આમ ક્રિયા તો છેવટે આવવી જોઈએ પરંતુ કોઈ પ્રકારથી મોઢાથી ગરબડ નિકળી જાય અને ''મતિ રામ હરી'' થઈ જાય એમાં પ્રભુ પ્રકટ ન થાય તો વ્યાકરણનું ખંડન થતું હોય તો થવા દો પરંતુ પહેલા મંગલ તો કરી દો. જેમ ઘરમાં રહેવા તો પછી જઈએ પરંતુ પહેલા કુંભ સ્થાપન કરી આવીએ. જ્યારે વ્યવસ્થા થઈ

જશે ત્યારે રહેવા જઈશું પરંતુ પહેલા એક વખત કુંભ તો સ્થાપન કરી દઈએ. એમ **'જયતિ'** થી ગોપિકાઓએ મંગલ સ્થાપન કરી દીધું. હવે એને ભરતા રહેશે જ્યારે સમય આવશે. મંગલ આ સમયે બહુ પહેલી આવશ્યકતા છે. પ્રભુના પ્રકટ થવામાં મંગલ નિહિત છે. નહીં તો **ક્રિયામ્ આદૌ ન પ્રયુંજ્યાત્** નહીં તો ક્રિયાપદની પહેલા શું આવશ્યકતા હતી!

**(ત્વદવતારેણ વ્રજઃ સર્વોડપિ કૃતાર્થઃ!)**

**ત્વદવતારેણ વ્રજઃ સર્વોડપિ કૃતાર્થો.** હવે જૂઓ એક એક રાજસભાવ. **જયતિ** તો કહ્યું એ તો યશ છે. હવે એ યશ સ્વભાવ સાથે ટકરાઈને આવી રહ્યો છે. હવે ધીરે ધીરે ટોન્ટિંગ્ શરુ થઈ રહી છે. એ રાજસ સ્વભાવનો યશ છે. કહે છે **ત્વદવતારેણ વ્રજઃ સર્વોડપિ કૃતાર્થો.** અરે! તારા પ્રકટ થવાથી, તારા અવતારથી આખું વ્રજ કૃતાર્થ થઈ ગયું. એટલે કે હવે જો તું પ્રકટ નહીં થાય તો વ્રજમાં અકૃતાર્થતા થઈ જશે. બોલ તને શું ઈચ્છા છે? શું તું પોતાના અવતારને અવ્યવસ્થાપિત કરવા જઈ રહ્યો છે? હવે એ આમ નથી કહી રહી પરંતુ એમની ભીતર છૂપાયેલા અંદરના રાજસભાવ આવા છે.

અમારા એક પરિચિતથી અમે મહીના, બે મહીનાથી નહોતા મળ્યા. તેથી અમે એક દિવસ વિચાર્યું કે ચાલો એમને મળી આવીએ. હવે એમના ઘરમાં ઝઘડો ચાલી રહ્યો હતો. પરંતુ અમને ખબર નહોતી કે એમના ઘરમાં ઝઘડો ચાલી રહ્યો છે. જ્યારે ઘરમાં ગયા તો ખબર પડી કે ઝઘડો ચાલી રહ્યો છે. હવે પાછું ય કેવીરીતે જવું! હવે અમારા ઘુસવાથી એમનો ઝઘડો તો બંધ થઈ ગયો પરંતુ બધા મોઢા બગાડીને ગંભીર ચહેરા કરીને બેસી ગયા. હવે એમની માંએ તો બહુ પ્રસન્નતા વ્યક્ત કરી કે ‘‘આપ પધાર્યા, બહુ આનંદ થયો, સારું લાગ્યું’’ પરંતુ અમે પણ સમજી રહ્યા હતા કે કેટલો આનંદ થયો આ વખતે! એક છોકરાએ તો કહી જ દીધું કે ‘‘રાતના આટલા મોડા કેમ પધાર્યા? સવારે પધારજો.’’ તો મેં કહ્યું ‘‘બહુ સારું , તો હું જઈ રહ્યો છું.’’ પરંતુ એક વખત કબૂલ તો કરી લે તો અમે પણ ભાગી જઈએ. હવે ઘુસી ગયા તો ભાગીએ કેવીરીતે! આમ જ ભાવ વ્યક્ત થઈ જાય. હવે થયું વિનયથી પરંતુ ઝઘડાના સમયે કેમ આવી ગયા! હવે ઝઘડો તો રાત જેવો અંધકાર જ છે. આથી કહ્યું કે ‘‘સવારે પધારજો.’’

એવીજ રીતે આના મોઢામાંથી નિકળી જાય કે તે **જન્મના વ્રજઃ સર્વોઽપિ કૃતાર્થો.** તારા જન્મના કારણે સર્વ વ્રજમાં કૃતાર્થતા છે. જ્યારે તારા જન્મથી કૃતાર્થતા છે અને તું પ્રકટ નથી થઈ રહ્યો તો તારા જન્મનું પ્રયોજન શું? આ રાજસભાવ અંદરનો. **વયમેવ પરમ્ અકૃતાર્થાએવેતિ યથા વયમપિ કૃતાર્થા ભવામઃ તથા યત્નઃ કર્તવ્યઃ ઈતિ વક્તું વ્રજસ્ય તવાવતારેણ સર્વોત્કર્ષો જાતઃ ઈતિ આહુઃ.** આખું વ્રજ તો કૃતાર્થ થયું પરંતુ અમે તો હજુ સુધી કૃતાર્થ નથી થઈ શકી. કેમકે તું પ્રકટ નથી થઈ રહ્યો. હવે આ કયો ન્યાય કે આખું વ્રજ તો કૃતાર્થ થયું પરંતુ અહીં અમે પણ રહ્યા રહી છીએ એ કૃતાર્થ ન થઈ. શું અમે વ્રજમાં નથી! અમે પણ જેનાથી કૃતાર્થ થઈએ એવો યત્ન કરવો જોઈએ.

**(પ્રક્ષિપ્તમાં પણ પ્રક્ષિપ્ત!!)**

હમણાં કે.કા.શાસ્ત્રીએ ગીતા છપાવી. એમાં કહ્યું કે ‘‘ગીતાના સાતસો શ્લોક મહાભારતમાં પ્રક્ષિપ્ત છે.’’ આ વાત તો અમને સમજમાં આવી ગઈ કે આખી ગીતા મહાભારતમાં પ્રક્ષિપ્ત છે. બધાના બધાજ સાતસો શ્લોક ખોટા. પછી કહે કે ‘‘સાતસો શ્લોકમાંથી સીત્તેર શ્લોક અપ્રક્ષિપ્ત છે.’’ ત્યારે મારું માથું ઠણક્યું કે આનો મતલબ શું? જ્યારે આખી ગીતા ખોટી તો છસ્સો ત્રીસ શ્લોક વધારે ખોટા! ભાઈ ખોટામાં ખોટું શું! કોઈ ન્યુટનને માટે કહે છે કે એણે એક બિલાડી અને બિલાડીના બચ્ચાને નિકળવા માટે ઘરની દીવાલમાં બે કાણા પાડ્યા. કોઈએ પૂછ્યું કે ‘‘બે કાણા કેમ રાખ્યા?’’ તો એણે કહ્યું કે ‘‘એકમાંથી બિલાડી નિકળશે અને બીજામાંથી બિલાડીનું બચ્ચું નિકળશે.’’ તો એમણે કહ્યું ‘‘મોટા કાણામાંથી બચ્ચું પણ નિકળી જશે.’’ તો કહે કે ‘‘આ વાત તો સમજમાં આવી જ નહોતી.’’ અરે! જ્યારે આખી ગીતા જ પ્રક્ષિપ્ત છે, સાતસોએ સાતસો શ્લોક ખોટા છે તો સીત્તેરને વધારે ખોટા કહેવાનો મતલબ શું? હવે મોટા શાસ્ત્રી છે તો એમને આ વાત સમજમાં ન આવે. આપાણા જેવાને આ વાત સમજમાં આવે. આ તો સમજમાં આવી જાય કે સાતસો શ્લોક ખોટા પરંતુ આ સમજમાં ન આવે કે સાતસોમાંથી સીત્તેર શ્લોક વધારે કેવીરીતે ખોટા? પરંતુ એણે આ આધારપર આખી ચોપડી જ છપાવી નાખી. ગુજરાત ગવર્નમેંટે એ ચોપડી છપાવી છે. સાતસો શ્લોક ખોટા અને સાતસોમાંથી એ સીત્તેર શ્લોક ખોટા. હવે મોટા મોટા શાસ્ત્રીઓમાં આવા આવા

ગોટાળા થાય છે. હવે પુષ્ટિમાર્ગનું તિલક વધારામાં તાણ્યું છે, આ એની ખૂબસૂરતી.

### (વ્રજનો સર્વોત્કર્ષ)

શ્રીઠાકોરજી ઉપર ગોપિકાઓ કાંઈક આવો જ આરોપ લગાવી રહી છે કે આખું વ્રજ કૃતાર્થ અને અમે અકૃતાર્થ!! આ કેવી જાતનું ગણિત છે મહારાજ, આ જરાક અમને સમજાવો! કાં તો તમે તમારું ગણિત સુધારો. આખું વ્રજ કૃતાર્થ તો અમે પણ કૃતાર્થ, કેમકે અમે પણ તો વ્રજમાં છીએ. જો અમે કૃતાર્થ નહીં તો આખું વ્રજ કૃતાર્થ કેવીરીતે? અમને એ વાત સમજાવો. બે વાત કેવી રીતે થઈ શકે? આ રાજસ સ્વભાવના કારણે પૂછી રહી છે. સ્તુતિ કરી રહી છે મતલબ ભગવાન સ્તુત્ય છે, આ વાત સમજમાં આવી રહી છે પરંતુ રાજસ સ્વભાવ કોઈ ને કોઈ નિંદામાં પ્રવૃત્ત કરે છે. દબાયેલી જીભની લીલા છે કડક નિંદા નહીં. કડક નિંદા પ્રકટ થઈ જાય તો તામસ સ્વભાવ પ્રકટ થઈ જાય. દબાયેલી જીભથી નિંદા છે કે ભઈ વિચારો તો જરા! ''રાજ મુખારવિંન્દસુ આજ્ઞા કરેં ઔર દાસ મનમેં વિનતી કરે.'' આવું જે વિચારે તે રાજસ સ્વભાવ કહેવાય. આ પ્રકારથી એક ગોપિકા કહી રહી છે **સર્વોઽપિ વ્રજઃ કૃતાર્થો વયમેવ પરમ્ અકૃતાર્થા.** આ કઈ જાતનો હિસાબ છે આ સમજાવો મહારાજ! નહીંતર તમારું ગણિત સુધારો. **યથા વયમપિ કૃતાર્થા ભવામઃ તથા યત્નઃ કર્તવ્યઃ.** આવો કાંઈક યત્ન કરો. **ઈતિ વક્તું વ્રજસ્ય તવાવતારેણ સવોત્કર્ષો જાત ઈતિ આહુઃ.** તારા વ્રજમાં અવતરિત થવાના કારણે વ્રજનો પરમ ઉત્કર્ષ થયો શું કહીએ! આમ મેણાં મારી રહી છે. કેવો ઉત્કર્ષ થયો કે અમે વેણુનાદ સાંભળીને રાતના વનમાં આવી ગઈ. તારી વાતનો જવાબ આપીને બધું જ કાંઈ તને સમજાવી પણ દીધું અને તો પણ તું અપ્રકટ થઈ ગયો! આ કેવો ઉત્કર્ષ છે વ્રજનો! **તે જન્મના વ્રજો અધિકં જયતિઈતિ. સર્વોત્કર્ષેણ સ્થિતિઃ જયો, અધિકજયો વૈકુંઠાદપિ ઉત્કર્ષઃ.** કહે છે કે હે પ્રભુ! તારા જન્મના કારણે વ્રજનો અધિક ઉત્કર્ષ છે. કહે કે કેટલો ઉત્કર્ષ? કહે છે એટલો ઉત્કર્ષ કે જેટલો ઉત્કર્ષ વૈકુંઠમાં પણ નથી.

### (માયાવાદીઓની માયા!)

આ જ્ઞાનમાર્ગીલોકો ખોટા ખોટા અર્થ કરે. વિકુંઠ કહે છે જાણો મુક્તિ.

હવે વિકુંઠ એટલે જ્ઞાન જેમાં કોઈ કુંઠા ન રહી જાય. એટલે ગુસાંઈજી કહી રહ્યા છે કે ભક્તિમાં કુંઠા રહે છે. વિકુંઠ એટલે જ્ઞાન અને વૈકુંઠ માં કેમકે ભગવાનનો જન્મ નથી કેમકે જ્ઞાનમાં ભગવાન અજન્મા છે. ભક્તિમાં ભગવાનનો માયિક જન્મ થાય છે. હવે એજ માયિક જન્મ થઈ જાય. હવે જેમ વૃક્ષ છે, ઝાડ છે વગેરે વગેરે ઉપર લાકડા કાપવાવાળાને શું દેખાય, લાકડું. એમ ભગવાનની લીલામાં વિરુદ્ધધર્માશ્રયતા છે, અલૌકિકતા છે, બધું છે પરંતુ માયાવાદી જ્ઞાનીને માત્ર માયા જ દેખાય. માયા લાવો ક્યાંક ને ક્યાંકથી. વર મરો, કન્યા મરો પરંતુ ગોરનું તરભાણું ભરો. એવીરીતે માયા માયા માયા... લાવો પાગલની જેમ. ન આવતી હોય ક્યાંયથી પણ પરંતુ માયાને પકડીને લઈ આવો. ભગવાનનો જન્મ નથી તો કેવીરીતે જન્મ્યા? માયાના કારણે થઈ જાય. અરે ભાઈ! ભગવાનના ઉદ્યાનમાં લીલા છે, માયા પણ છે અને કેટલા પ્રકારની માયા છે, યોગમાયા છે, સર્વભવનસામર્થ્યરૂપા માયા છે. કેટલાય પ્રકારની માયા છે પરંતુ એમને એક જ પ્રકારની માયા દેખાય અવિદ્યારૂપ માયા. અવિદ્યાના કારણે ભગવાનનો જન્મ થઈ જાય. વૈકુંઠમાં ભગવાનનો જન્મ નથી અને ભક્તિમાં જન્મ થઈ જાય છે એટલા માટે જ્ઞાનનો અધિક ઉત્કર્ષ છે, આને આપણે નથી જોતા એવું તેઓ માને.

## (વ્રજનું માહાત્મ્ય : વૈકુંઠાદપિ ઉત્કર્ષઃ)

પરંતુ આચાર્યચરણ શું કહે છે, **અધિકજયો વૈકુંઠાદપિ ઉત્કર્ષઃ** વૈકુંઠથી અધિક ઉત્કર્ષ કેમ છે? કેમકે **ન હિ વૈકુંઠે ભગવાન્ એવંવિધાં લીલાં કરોતિ.** જે પ્રકારની લીલા ભગવાન્ વ્રજમાં કરી રહ્યા છે એ પ્રકારની લીલા વૈકુંઠમાં સંભવ નથી. આનું કારણ શું? કેમકે વૈકુંઠમાં તો બધુંજ કાંઈ નિર્ગુણ છે. વ્રજનું માહાત્મ્ય નિર્ગુણતાના કારણે નથી. યદ્યપિ વ્રજમાં પણ જે નિર્ગુણ ભક્ત છે, જેમના ઉદ્ગાર આગળ જઈને આવશે, એમને મહાપ્રભુજી કહેશે કે બહુ ઉત્તમ ઉદ્ગાર છે પરંતુ વ્રજનું માહાત્મ્ય એ નિર્ગુણ ઉદ્ગારોના કારણે કે ભક્તની નિર્ગુણતાના કારણે નથી. **વ્રજનું માહાત્મ્ય છે તામસ-ભક્તોમાં ભગવાનના નિરુદ્ધ થવાના કારણે.** ધ્યાનથી સમજો આ વાતને કે વ્રજનું માહાત્મ્ય નિર્ગુણ-ભક્તોના કારણે નથી, વ્રજનું માહાત્મ્ય ભગવાનના કારણે પણ નથી, વ્રજનું માહાત્મ્ય ભક્તિના કારણે પણ નથી. વ્રજનું માહાત્મ્ય બહુ નાજુક વાત છે.

તામસ-ભક્તોમાં ભગવાનના નિરુદ્ધ હોવાના કારણે. આમાંથી એક પણ શબ્દ કાઢી લો, તો બધું ગડબડ થઈ જાય. આટલું નાજુક છે આનું માળખું. જેમ પત્તાનું મકાન ઊભું કરો અને એમાંથી એક પત્તું કાઢી લો, આખું મકાન પડી જશે. કોઈ ટકી નહીં શકે. એવું લચીલું આ માળખું છે કે વ્રજનું માહાત્મ્ય ફક્ત આ કારણે છે કે તામસ-ભક્તોમાં ભગવાન નિરુદ્ધ થઈ ગયા. આ વૈકુંઠમાં સંભવ નથી. વૈકુંઠમાં નિર્ગુણભક્ત મળી જશે, વૈકુંઠમાં પુષ્ટિભક્તિ મળી જશે, વૈકુંઠમાં પુરુષોત્તમ મળી જશે પરંતુ તામસ-ભક્તોમાં ભગવાનનો નિરોધ નહીં મળે. આ વૈકુંઠમાં નહીં મળી શકે. એનું કારણ શું? **"નિરોધો અસ્ય અનુશયનમ્ આત્મનઃ સહ શક્તિભિઃ"=પ્રપંચાધિકરણિકા લીલાઃ.**(ભાગ.પુરા.૨/૧૦/૬) પ્રપંચમાં ભગવાનની લીલા નિરોધ છે. તેથી નિરોધમાં આશ્રયભાવ, એટલે વૈકુંઠમાં આશ્રયભાવ તો છે પરંતુ વૈકુંઠમાં પ્રપંચ ન હોવાના કારણે નિરોધ સંભવ નથી. અરે! જેલ હોય તો બંધાય ને માણસ અને જેલ જ ન હોય તો માણસ બંધાય કેવીરીતે!

## (બારીના ચક્કરમાં દીવાલ જ તોડી નાખવી!)

મને એકે કહ્યું અંગ્રેજીના સમર્થનમાં, કે અંગ્રેજી હોવી જ જોઈએ. કેમ? તો કહે કે અંગ્રેજીના કારણે બહારની હવા અંદર આવે છે અંગ્રેજીની બારી બંધ કરી દેશો તો બહારની શુદ્ધ હવા અંદર આવવાની બંધ થઈ જશે. તમારા રૂમમાં અંધારુ અને અકળામણ થઈ જશે. અમે કહ્યું આ વાત એકદમ સાચી છે પરંતુ બારી ત્યારે જ હોય જ્યારે દીવાલ હોય જો ભારતીય ભાષાઓની દીવાલ નહીં હોય તો બારી ક્યાં બનશે? પહેલા ભારતીય ભાષાની દીવાલ તો ઊભી કરો. પછી એમાં અંગ્રેજીની બારી ખોલી દો. અંગ્રેજીની બારી બને એમાં અમને કોઈ તકલીફ નથી પરંતુ અંગ્રેજીની બારી બનાવવાના ચક્કરમાં ક્યાંક દીવાલ ન તોડી નાખતા. આપણા હિન્દુસ્તાનની જેટલી ભાષાઓ છે ગુજરાતી હોય મરાઠી હોય કન્નડ હોય મારવાડી હોય, એ બધી ભાષાઓની દીવાલો ઊભી રહેવા દો અને પછી એમાંથી એક એક બારી બનાવી લો. અંગ્રેજીની બારી જ શામાટે બનાવો, બધી ભાષાની ચારેય દિવાલ પર બારી બનાવો. રશિયન બારી બનાવો. ફ્રેંચની બારી બનાવો, જાપાનીઝની બારી બનાવો, પચાસ બારી બનાવો પરંતુ દીવાલ તો સાબૂત રાખો! જ્યારે દીવાલ જ તોડી નાખશો તો બારી ક્યાંથી આવશે!

**(પ્રપંચના વગર નિરોધ નહીં)**

તો એવીજ રીતે જો પ્રપંચ ન થયો તો ભગવાનનો નિરોધ ક્યાંથી આવશે? નિરોધનો મતલબ શું? એક પ્રકારથી ઘેરાઇ જવું. ઘેરાવા માટે કેટલી જરૂરત છે? કોઇ ઘેરવાવાળી વસ્તુ તો જોઇએ. કોઇ ઘેરવાવાળો જોઇએ. જ્યાં સુધી બે વસ્તુ ન હોય ત્યાં સુધી તો બને નહીં. ઘેરવાવાળી વસ્તુ કઇ? જ્યાં સુધી પ્રપંચથી પ્રભુ ખુદ ઘેરાય નહીં ત્યાં સુધી નિરુદ્ધ કેવીરીતે થશે? આટલા માટે તામસ-ભક્તોમાં ભગવાનનો નિરોધ વૈકુંઠમાં સંભવ નથી. એવું ન સમજતા કે વૈકુંઠમાં પુષ્ટિભક્ત નથી. પુષ્ટિભક્તિ પણ છે, પુષ્ટિસ્વરૂપ પણ છે. એવી વાત નથી કે પુષ્ટિસ્વરૂપ નથી પરંતુ ત્યાં અવિદ્યાગ્રસ્ત જીવ નથી અને ત્યાં તામસ સ્વભાવ નથી. એકાદ એવો ભક્ત નથી કે જે આ રીતની ખરી ખોટી સંભળાવી દે ભગવાનને. ત્યાં બધા હાથજોડીને ઊભા રહે. હવે એમાં ખરી ખોટી ન સંભળાવે તો માહાત્મ્ય શું!

એટલા માટે કહી રહ્યા છે કે **વૈકુંઠાદપિ ઉત્કર્ષઃ**. કહેવા શું માગી રહી છે આ ગોપિકા? અરે ભાઇ! અમારામાં કોઇ દોષ હોય, તો એજ તો તારો વ્રજનો ઉત્કર્ષ છે. અમે જેમ દોષવાળી છીએ, એ દોષોના કારણે, એ દોષોનો સ્વીકાર કરીને તું પ્રકટ ન થયો તો નિરોધનો, લીલાનો સ્વભાવ કેવીરીતે ચરિતાર્થ થશે? જો અમારા દોષોનો તેં ઈન્કાર કર્યો, તો તારી નિરોધલીલા સાંગોપાંગ નહીં થાય. નહીં તો લીલા કરતો રહે વૈકુંઠમાં બેસીને! જો તું અપેક્ષા રાખે, તું એવી અપેક્ષા રાખે કે જ્યારે તમે સર્વથા નિર્દુષ્ટ થઇ જાઓ ત્યારે હું પ્રકટ થાઉં તો મહારાજ પછી વૈકુંઠમાં પધારો. **"ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ"** (પુ.પ્ર.મ.૧૭), **"જૈસો હૂં તૈસો કહાઊં તેરો"** (શ્રહરિરાયજી). અમે સુધરવાના નથી પરંતુ તું અમારી સાથે આવી જા. બાકી પછી સંભાળી લઇશું એક બીજાની સાથે રહીને. આ શું છે? વિધિસરના લગ્ન અને પ્રેમલગ્ન નો ફરક છે. વિધિસરના લગ્ન જેવા પણ થાય છોકરીને પરણાવી દેવામાં આવે. તેના પછી અંદરોઅંદર એકબીજાને સમજીને એકબીજાને સુધારી લે. પ્રેમલગ્ન શું છે કે એકબીજાના અનુભવ થાય, ચકાસણી થાય. એકબીજાની સાથે મળે અને પછી લગ્ન થાય. પરંતુ વિધિસરલગ્નનું ચક્કર છે કે જેવા છે પરણાવી દો એક વખત, બાકી પછી સંભાળી લેશે પ્રભુ. **તે જન્મના વ્રજો અધિકં જયતિ.** જ્યારે જન્મી ગયો છે તો પ્રકટ થઇ જા. અમારા દોષોને શું જો છો! અમે તને સંભાળી

લઈશું, તું અમારા ગુણ-દોષોને સંભાળી લેજે પરંતુ એક વખત તો પ્રકટ થઈ જા.

તો કહે છે કે **ન હિ વૈકુંઠે ભગવાન્ એવંવિધાં લીલાં કરોતિ. યદ્યપિ મથુરાયાં જન્મ જાતં તથાપિ તેન જન્મના ન મથુરા સવોત્કર્ષેણ સ્થિતા કિન્તુ વ્રજએવ.** જન્મ તો મથુરામાં થયો પરંતુ મથુરામાં એ ઉત્કર્ષ ન આવ્યો. કયો ઉત્કર્ષ? તામસ-ભક્તોના ચક્કરમાં ભગવાન્ ફસાઈ ગયા, ફાવે તેમ નાચ નચાવ્યો, એટલે કે સૂરદાસજી કહે છે **"યે લે અપની લકુટ કમરિયા બહુવિધ નાચ નચાયો"** ઠાકોરજી પણ એટલા કંટાળ્યા કે આટલો નાચ? કોઈ કાંઈ કહે, કોઈ કાંઈ કહે કોઈ કહે કે માં નથી, કોઈ કહે કે બાપ નથી. કોઈ ચોર બતાવે, કોઈ કાંઈ બતાવે. તો **"યે લે અપની લકુટ કમરિયા બહુ વિધ નાચ નચાયો. સૂરદાસ તબ વિહંસિ યશોદા લે ઉર કંઠ લગાયો."** તો કહે છે કે આ સામર્થ્ય ભક્તોને વૈકુંઠમાં ક્યાંથી મળશે? આ જે તારો સર્વોત્કર્ષ છે કે તામસ-ભક્તોમાં તારો નિરોધ એ મથુરામાં સ્થિત ન થયો પરંતુ વ્રજમાં જ થયો.

**(શ્રયત ઈન્દિરા શશ્વદ્ અત્ર હિ)**

કહે છે **નનુ ભગવજ્જન્મનઃ સર્વોત્કર્ષહેતુત્વં ન લોકે પ્રસિદ્ધમ્, અનન્યત્વેન એકત્વાદ્, અતઃ તાદૃશ ઉત્કર્ષહેતુઃ વક્તવ્યો યો લોકે પ્રસિદ્ધ ઈતિ ચેત્, તત્ર આહ "શ્રયત ઈન્દિરા શશ્વદ્ અત્ર હિ" ઈતિ.** સમજો કે ભગવાનના જન્મથી વ્રજનો સર્વોત્કર્ષ થયો, આ દરેક વ્યક્તિ તો જાણી ન શકે અને જે વ્યક્તિ જાણે છે, તે સર્વોત્કર્ષ અને જન્મમાં ભેદ નહીં કરે. કેવી રીતે? એટલે કે ઘર ક્યાં? બગીચાની સામે. બગીચો ક્યાં? ઘરની સામે. ભેદ કેવીરીતે થશે કે બંને ક્યાં છે? ભગવાનના જન્મથી ઉત્કર્ષ કેવી રીતે? જન્મ્યો કેવી રીતે? ઉત્કર્ષને કારણે. ભેદ કેવી રીતે થઈ શકશે કે જન્મથી ઉત્કર્ષ કે ઉત્કર્ષથી જન્મ? બંને એક જ વસ્તુ લાગી રહી છે. ઓળખવો કેવી રીતે કે વ્રજનો ઉત્કર્ષ? એ કહે છે **સર્વોત્કર્ષહેતુત્વં ન લોક પ્રસિદ્ધમ્.** તો તે કહે છે કે કોઈ એવો હેતુ બતાવો કે જેનાથી વ્રજનો ઉત્કર્ષ ઓળખી શકાય. ત્યાં કહે છે **તત્ર આહ શ્રયત ઈન્દિરા શશ્વદ્ અત્ર હિ ઈતિ. અત્ર વ્રજે ઈન્દિરા સર્વદા શ્રયતે હીનભાવેન આશ્રયં કુરુતે. વૈકુંઠે તુ સૈવ નિયતા ભાર્યેતિ ન તસ્યાઃ સર્વદા શ્રયણં કર્તવ્યં ભવતિ.** કહે છે કે એક ઉત્કર્ષ તો વ્રજનો આ છે કે વૈકુંઠમાં તો તારી ફક્ત એક લક્ષ્મી છે અને અહીં

ષોડશસહસ્ર લક્ષ્મી છે. જેમ આગળ જઈને રાસપંચાધ્યાયીના પ્રારંભમાં શ્રીમહાપ્રભુજીએ વર્ણન કર્યું છે કે આ ષોડશસહસ્ર ગોપિકાઓમાં લક્ષ્મી આવિષ્ટ છે. લક્ષ્મીના અંશોનો પ્રવેશ છે. આથી લક્ષ્મીને પણ આ સૌભાગ્ય મળે કે કથંચિત્ તામસ-ભાવથી ભગવાનસાથે સ્નેહ કેવીરીતે થાય? એ લક્ષ્મીને ત્યાં કેવીરીતે મળી શકે? લક્ષ્મીને તામસ-ભાવના સ્નેહનું સુખ વૈકુંઠમાં મળે નહીં. લક્ષ્મીને રાજસ ભાવના સ્નેહનું સુખ વૈકુંઠમાં મળે નહીં. સાત્ત્વિક-ભાવના સ્નેહનું સુખ જેવું સુખ લક્ષ્મીને વૈકુંઠમાં તો મળે નહીં. આટલા માટે આ વિવિધ ભાવવાળી ગોપિકાઓમાં લક્ષ્મી પ્રવિષ્ટ થઈ જાય અને વિવિધ ભાવોના સુખનો લક્ષ્મી અનુભવ કરે છે. તો લક્ષ્મી અમારો આશ્રય કરે કે અમે સુખ લેવામાટે લક્ષ્મીનો આશ્રય કરીએ? વૈકુંઠમાં ચાલ્યા જઈએ તો ત્યાં તો લક્ષ્મી મહારાણી બનીને બેસેલી છે. ત્યાં તો લક્ષ્મીની આગળ કોઈ બોલી જ ન શકે.

તો એમ કહે છે કે **ઈન્દિરા અત્ર વ્રજે સર્વદા શ્રયતે ...ઈહ તુ વયમ્ અનેકા.** અહીં અનેક લક્ષ્મીઓ ઊભી રહીને રાહ જોઈ રહી છે. ત્યાં એક લક્ષ્મીના કારણે તું બેઠેલો વૈકુંઠનાથ બને છે અને અહીં અનેક ગોપિકાઓ બેઠેલી છે તો તું ગોપિકાવલ્લભ કેમ નથી બનતો? **અત્ર હીનભાવેન આશ્રયં કુરુતે. વૈકુંઠે તુ સૈવ નિયતા ભાર્યેતિ** ત્યાં તો એક નિયત ભાર્યા છે તારી બીજી કોઈ ભાર્યા નથી. **ઈતિ ન તસ્યાઃ સર્વદા શ્રયણં કર્તવ્યં ભવતિ.** એ સહારો તો તને મળે નહીં પરંતુ વ્રજનો ઉત્કર્ષ શું છે કે એ લક્ષ્મી અહીં શ્રયણ કરે છે, અહીં આશ્રય કરે છે. **ઈહ તુ તાદશ્યો વયમ્ અનેકા ઈતિ તસ્યાઃ સ્વાસ્થ્યાભાવાત્ કદા વા મમ્ અવસરો ભવિષ્યતીતિ નિરન્તરં સેવતે.** હવે જ્યારે અનેક થઈ જાય, જ્યાં હરિફાઈ થઈ જાય, ત્યાં તો ઝુકવું જ પડે. વૈકુંઠમાં તો કોઈ ઝુકવાનો પ્રશ્ન જ નથી. કેમકે **સ્વાસ્થ્યાભાવાત્** માં કોઈ સ્વસ્થતા જ નથી રહેતી. કોણ જાણે કયા ભાવમાં કયું સુખ કઈ ગોપિકાને ન મળી જાય, આ આશંકામાં, આ આશામાં દરેક ગોપિકાઓની પાછળ પાછળ લક્ષ્મી ડોલતી ફરે. પ્રત્યેક સુખને લેવામાટે પ્રત્યેક ગોપિકાઓની પાછળ લક્ષ્મી ડોલતી ફરે છે. નહીંતર તો કયો અવસર ચૂકી જાય? શું ખબર પડે?

**અતો લક્ષ્મીસ્થિત્યા લોકાઃ ઉત્કર્ષં મન્યન્તે.** હવે કહે કે દુનિયા એમ કહે છે, અમારે તો લક્ષ્મીની ચિંતા નથી પરંતુ લક્ષ્મીની પાછળ પાછળ ફરે છે. હવે

બોલ! હવે તો પ્રકટ થા જો કદાચ વૈકુંઠમાં જઈને પાછો છૂપાઈ ગયો હો તો! કોને ત્યાં જશે? ત્યાં પણ તને કોઈ નહીં મળે. જે લક્ષ્મીની પાછળ તું જતો હશે એ લક્ષ્મી તો અમારી પાછળ ફરી રહી છે. હવે તું ક્યાં છૂપાઈને જવા માગે છે બતાવ? **અતો લક્ષ્મીસ્થિત્યા લોકાઃ ઉત્કર્ષં મન્યન્તે સા પુનર્ લક્ષ્મીઃ ગોકુલાશ્રયા જાતા. હિ યુક્તશ્ચ અયમ્ અર્થઃ – પતિવ્રતા હિ સા, યત્ર પતિઃ સ્વયમ્ અન્યાધીનતયા તિષ્ઠતિ ભક્તેષુ કૃપાં ખ્યાપયિતુમ્, તદુક્તમ્ ઉલૂખલપ્રકરણે, તત્ર તદ્‌ભાર્યા સુતરામેવ આશ્રયત ઈતિ કિમ્ આશ્ચર્યમ્!.** અરે ભાઈ! જે વ્રજભક્તોને આધીન તું થઈ ગયો, હવે પતિ જ્યારે આધીન થઈ ગયો તો પત્ની તો સહજમાં સુતરામ આધીન થઈ જ ગઈ. પત્ની તો સ્વયં જ અહીં ફરી રહી છે, કેમકે **પતિવ્રતા હિ સા** કેમકે પતિવ્રતા છે. જ્યારે પતિ અન્યાધીન થઈને, ભક્તાધીન થઈને બિરાજમાન છે, ભક્તમાં પોતાની કૃપા બતાવવા માટે, તો એની ભાર્યા પણ ભક્તાધીન થઈને કેમ નહીં બિરાજે! આ વાત ઉલૂખલપ્રકરણમાં બતાવવામાં આવી છે કે ભક્તાધીન છે. જો ભક્તાધીન ન હોત તો ઉલૂખલથી કેમ બંધાત? **તવ જન્મના વ્રજસ્ય સર્વોત્કર્ષઃ સર્વજનીનઃ.** આ પ્રકારથી તારા જન્મના કારણે વ્રજનો ઉત્કર્ષ સર્વજનીન છે.

## (દયિત દશ્યતામ્)

**અતઃ તવ રમણે ન કાપિ ન્યૂનતા ન વા લક્ષ્મ્યા મનસિ વિષાદો, અંગીકૃતત્વાત્. અતઃ કારણાદ્ અસ્મદર્થમ્ આગતેન ત્વયા દશ્યતામ્ ઈદં ગોકુલમ્ એકદા દ્રષ્ટવ્યમ્.** હવે વિનય આવી ગયો, કેમકે રાજસ છે. થોડુંક કહી-સંભળાવવાનું પણ કરે ફરી રાજસભાવના કારણે પોતાની તરફ ઢળી જાય કે શું સ્થિતિ થઈ. પછી થોડાક દુઃખી થઈને કહી રહ્યા છે કે અરે ભાઈ! જ્યારે આ સ્થિતિ છે **તવ જન્મના વ્રજસ્ય સર્વોત્કર્ષઃ સર્વજનીનઃ.** ત્યારે તારા રમણમાં તો કોઈ ન્યૂનતા છે નહીં. રમણમાં ન્યૂનતા નથી અને તું કહે છે કે લક્ષ્મી નારાજ થઈ જશે. લક્ષ્મી પણ નારાજ નહીં થાય કેમકે લક્ષ્મી તો ખુદ અહીં ફરી રહી છે. મતલબ કે એણે અમને સ્વીકાર કરી લીધા છે. હવે તું અમારા માટે અને વ્રજના માટે જ, પ્રકટ થયો છે તો કેમ અમારી આંખોથી ઓઝલ છો? જો અમારા માટે પ્રકટ ન હોત અને અમારી આંખથી ઓઝલ થાત, ત્યારે તો વાત બરાબર હતી પરંતુ જ્યારે અમારા માટે પ્રકટ થયો છે તો અમારી આંખથી

ઓઝલ થવાનું કારણ શું? **અતઃ કારણાદ્ અસ્મદર્થમ્ આગતેન ત્વયા દશ્યતામ્ ઈદં ગોકુલમ્ એકદા દ્રષ્ટવ્યમ્.** એક વખત તું આ ગોકુલને આવીને જો. એક વખત તું આ વ્રજને આવીને જો કે તારા ચાલ્યા જવાથી શું સ્થિતિ થઈ ગઈ!

### (ત્વયિ ધૃતાસવઃ ત્વાં વિચિન્વતે)

અથવા ગોકુલને નહીં તો અમને જો કે અમે તને કેવીરીતે શોધી રહી છીએ! **તાવકાઃ ત્વયિ ધૃતાસવઃ દિક્ષુ ત્વાં વિચિન્વત ઈતિ દશ્યતામ્.** અમે તને કેવીરીતે શોધી રહી છીએ? તો કહે કે શા માટે શોધી રહી છો? આટલો વિરહ છે તો પ્રાણ કેમ નથી નિકળી જતા? તો કહે છે કે **ધૃતાસવઃ** પ્રાણ એટલા માટે નથી નિકળતા કે પ્રાણનો કાંઈક તારા માટે ઉપયોગ છે. સ્વસુખના વિચારથી પ્રાણધારણ નથી પરંતુ પ્રભુસુખના વિચારથી પ્રાણધારણ છે. અમને એવું પણ લાગી રહ્યું છે કે વિરહના કારણે અમે પ્રાણ પણ ત્યાગી દઈએ તો તારું વ્રજમાં આગમન વ્યર્થ થઈ જશે. **ત્વયિ ધૃતાસવઃ ત્વાં વિચિન્વતે ઈતિ દશ્યતામ્.** આ આવીને જો. **એતાદશો અર્થો અનુચિત ઈતિ અનુચિતપ્રદર્શનેન બોધયન્તિ.** જો તું નહીં આવે અને અમે તારા નિમિત્તથી તારામાટે પ્રાણ ધારણ કરીને બેઠેલી છીએ અને છતાંપણ તેં આવીને અમને ન જોયા, તો કેટલી અનુચિત વાત થશે! જરાક તો વિચાર કર.

**લોકા હિ બ્રહ્માદયઃ ત્વમ્ અવતીર્ણો વ્રજે વર્તસે ઈતિ નિશ્ચિત્ય સમાયાન્તિ, વ્રજસ્થાઃ પુનર્ અસ્મદાદયઃ દિક્ષુ વિચિન્વન્તિ.** કહે છે કે જ્યારે ભગવાને વ્રજમાં પ્રકટ થવાની ઈચ્છા પ્રકટ કરી તો દેવતાઓએ વિચાર કર્યો કે ઓ હો હો!! હવે વ્રજમાં લીલા થશે. તો એક એક દેવતાઓ એક એક રૂપ લઈ લઈને પ્રકટ થયા. હવે તેઓ આવીને જોશે કે ભગવાન્ અહીં આવીને લીલા કરવાને બદલે તિરોહિત થઈ ગયા તો શું દેવતાઓ તારા પર નહીં હસે?

### (નાટક ચાલવાનું નથી)

રવીન્દ્રનાથ ટાગોરના સમયમાં કોઈએ ચૈતન્ય મહાપ્રભુનું નાટક કર્યું. કલકત્તાની એક વેશ્યાને ચૈતન્ય મહાપ્રભુ બનાવ્યા. હવે ચૈતન્ય મહાપ્રભુનું જ્યારે નાટક થયું તો એમની ઈચ્છા થઈ કે રામકૃષ્ણ પરમહંસ જો એક વખત આવીને નાટક જૂએ તો પ્રચાર વધી જાય અને નાટક ખૂબ ચાલે. જઈને રામકૃષ્ણ પરમહંસને સમજાવ્યા કે ‘‘એક વખત આપ આવીને નાટક જૂઓ.’’

એમણે કહ્યું કે "નાટક જોવામાં મારી રુચી નથી" એમણે કહ્યું કે, "આપ કમસે કમ આ તો જૂઓ કે ચૈતન્ય મહાપ્રભુનો આવેશ કેવો આવે છે?" રામકૃષ્ણ પરમહંસે કહ્યું કે "ત્યારે તો જરૂર આવીને જોઈશ પરંતુ એક વાત ચોક્કસ સમજો કે આ નાટક ચાલવાનું નથી." એણે કહ્યું કે "બાબાજી છે, ભક્તિના કારણે એમ જ બોલે છે," પરંતુ કહ્યું કે "આપ જૂઓ તો ખરા પછી અમે આપને કેશ્ કરતા રહેશું." રામકૃષ્ણ પરમહંસ ગયા અને નાટક જોયું. વસ્તુતઃ એ વેશ્યાએ એવો સુંદર અભિનય કર્યો, જાણે સાક્ષાત્ ચૈતન્ય પધાર્યા હોય. રામકૃષ્ણ તો ગદ્ગદ્ થઈ ગયા. ઈન્ટરવલ થયો તો સીધા દોડીને અંદર ગયા અને વેશ્યાના પગ પકડી લીધા. ચૈતન્ય માનીને એમને એટલો આવેશ આવી ગયો. હવે એ વેશ્યાએ કહ્યું કે "રામકૃષ્ણ પરમહંસ મારા પગમાં પડી ગયા તો હવે હું નાટક કરીશ શું!" ઈન્ટરવલથી સીધી આશ્રમમાં ચાલી ગઈ, નાટક ખતમ થઈ ગયું. હવે બધા કહે "નાટક ચાલૂ કરો નાટક ચાલૂ કરો" પરંતુ જ્યારે હીરોઈન જ ન મળે તો નાટક ક્યાંથી ચલાવે! બધું કૌભાંડ થઈ ગયું. રામકૃષ્ણએ કહ્યું હતું કે "ચૈતન્યનો આવેશ આવે છે તો નાટક ચાલશે નહીં જો ચૈતન્યનો આવેશ નથી તો નાટક તો ચાલી જ રહ્યું છે" પરંતુ ચૈતન્યનો આવેશ આવી જાય તો નાટક ચાલી નહીં શકે. વસ્તુતઃ એ ઈન્ટરવલ પછી ભાગી જ ગઈ કે જ્યારે રામકૃષ્ણએ પગ પકડી લીધા, વળગી ગયા, તો હવે કોને નાટક બતાવવું!

આવીજ રીતે બધા મોટા મોટા દેવતાઓ જોવા આવે અને આ જોઈ લે કે તું જ ગાયબ છે તો શું સ્થિતિ થશે ડ્રામાની! આ છૂપાવાનું નાટક કેવીરીતે ચાલશે મહારાજ! એટલા માટે હવે પ્રકટ થઈ જાઓ. આવું નાટક ન કરો. તું અવતીર્ણ થયો છે એ જોવામાટે બધા દેવતાઓ આવ્યા. **"આયે દેવ વિમાનન ચઢ ચઢ...એક એક તે આગે બઢ બઢ"** આપણે ત્યાં આવે છે કે નહીં. એક એક વિમાનમાં દેવતા જોવા આવ્યા અને અહીં આવીને જૂએ કે હીરો જ ગાયબ છે. આવું નાટક ચાલશે કેવીરીતે! કેટલી વાર ચાલશે! તો આવું ન કર. **વ્રજસ્થાઃ પુનર્ અસ્મદાદયઃ દિક્ષુ વિચિન્વન્તિ**. અમે દિશાઓમાં શોધી રહી છીએ કે ક્યાં ગયો નાયક? **ઈયં મહતિ અનૌચિતી.** આનાથી વધારે અનૌચિતી બીજી કઈ હશે! કહે કે **નનુ વ્રજસ્થાનાં ભક્તિઃ નાસ્તિ, અન્યથા વિરહે મ્રિયેરન્, અતઃ**

**અભક્તા ન પશ્યન્તીતિ યુક્તમ્ ઈતિ ચેત્.** કહે છે કે હું તો એટલા માટે પ્રકટ નથી થઈ રહ્યો કે તમારામાં ભક્તિ નથી. કેમકે જો સાચી ભક્તિ હોય, જો સાચો સ્નેહ હોય, આટલો વિરહ સાચો હોય તો મરી જવું જોઈએ એટલા માટે જે ભક્ત નથી તેને હું જોવા નથી માગતો અથવા મને ભક્ત જોઈ પણ નથી શકતા. તો કહે કે આ વાત નથી. અમે જે મરી નથી રહી તેનું કારણ પણ તું ખુદ જ છે. અમે તો મરી પણ જઈએ, પરંતુ તું છે એના કારણે અમે મરી પણ નથી શકતી. કરીએ તો શું કરીએ!

### (હૃદય અને આંખનો ઝઘડો)

શ્રીગુસાંઈજી બહુ સુંદર આજ્ઞા કરે છે. મારું હૃદય તો વિરહ ઈચ્છે છે પરંતુ આ આંખો વિરહ નથી ઈચ્છતી પરંતુ તારું રૂપ ઈચ્છે છે. આ હૃદય અને આંખ માં ઝઘડો થઈ ગયો. હું બંનેને સમજાવું કે તું પણ સમજી જા થોડીવાર અને તું પણ સમજી જા થોડીવાર પરંતુ બંનેમાંથી કોઈ પણ મારી વાત માનતું નથી. આંખ ઝઘડો ઠાનીને બેઠી છે કે નહીં! જોવો છે જોવો છે જોવો છે...વિપ્રયોગ કહીએ તો કહે છે કે આ પ્રાણ અને આંખો ની બંધાયેલી જે આશા છે કે આ હૃદયમાંથી બહાર પ્રકટ થઈ જશે તો એ પ્રકટ થયેલા સ્વરૂપના માટે તો પ્રાણ જ અપેક્ષિત થશે. જો પ્રાણ છૂટી ગયા તો બાહ્ય પ્રકટ રૂપને શું લાભ થશે!

**તત્રાહુઃ ત્વયિ ધૃતાસવ ઈતિ, ત્વદર્થમેવ ધૃતા અસવઃ પ્રાણા યૈઃ. યદૈવ ત્વદનુપયોગં જ્ઞાસ્યન્તિ તદૈવ ત્યક્ષ્યન્તિ ઈતિ ભાવઃ.** કમસે કમ તું એક વખત પ્રકટ થઈને આ કહી દે કે તમે મારા ઉપયોગના નથી રહ્યા, તો ચાલ અમે મરવામાટે તૈયાર છીએ પરંતુ પ્રકટ થઈને આટલી વાત તો કહી દે જો તું આ ઈચ્છે છે કે અમે અમારા પ્રાણ ત્યાગી દઈએ તો એક વખત પ્રકટ થઈને આ વાત કહી દે. વગર પ્રકટ થયે આ ગોટાળા ચાલૂ ના રાખ. નક્કી ન થાય કે હૃદયનો પક્ષ લેવો કે આંખનો પક્ષ લેવો. આપણા મનમાં આ સંવાદ વિસંવાદ ચાલતો જ રહે. **અતએવ ત્વાં વિચિન્વતે પ્રાણાન્ આશ્વાસયિતુમ્.** એટલા માટે અમે અમારા પ્રાણને આશ્વાસન આપીએ છીએ કે હમણાં તમે ન નિકળો. કદાચ આ વૃક્ષપર ન મળ્યો જો જેમ ચીરહરણ લીલા કરીને કદમ્બવૃક્ષના ઉપર બેસી ગયો હતો, એમ કદમ્બપર બેઠેલો મળશે. જો અહીં નહીં મળે તો ત્યાં

મળી જશે; ક્યાંક ને ક્યાંક તો મળશે. આ આશા અનવરત આશ્વાસન આપી રહી છે. એટલા માટે પ્રાણ ટકેલા છે. નહીંતર પ્રાણોના ટકવાની કોઈ આવશ્યકતા ન હતી અને અપેક્ષા પણ ન હતી. **અલ્પવિલમ્બેઽપિ પ્રાણા ગમિષ્યન્તીતિ.** અલ્પ પણ વિલમ્બ થશે તો પ્રાણ ચાલ્યા જશે. કેમકે હવે થાક શરુ થયો છે. હવે એટલો શોધી ચૂક્યા જ્યારે નથી મળી રહ્યો, હવે થાક લાગી રહ્યો છે. જો નિરાશા થોડીક પણ સ્પર્શી ગઈ તો પ્રાણ પછી ટકી નહીં શકે.

**''આશાબન્ધઃ કુસુમસદૃશં પ્રાયશો હિ અંગનાનાં સદ્યઃપાતિ પ્રણયિહૃદયં વિપ્રયોગે રુણદ્ધિ.''** (મેઘદૂત.પૂર્વ.૯) આશાનું બંધન ફૂલના જેવું નાજુક બંધન છે. આનાથી બંધાયેલો છે તો બંધાયેલો છે જો છૂટી ગયો તો પ્રાણ છૂટી જશે. જો આશાનું બંધન જરાક પણ છૂટ્યું તો પ્રાણ છૂટવામાં જરાક પણ વાર નહીં લાગે. આ કુસુમ સદશ(જેવા) આશાના બંધનથી બંધાયેલા છીએ, આટલામાં જ પ્રાણ બંધાયેલા છે. તેથી કહી રહ્યા છે કે **અન્યથા વ્રજે ગચ્છેયુઃ**. જો તારા મિલનની અમને આશા ન હોત, તો વ્રજમાં જઈને સૂઈ ન જાત અરે આજે ન મળ્યો પરંતુ કાલે સવારે તો તું આવશે જ ને! અમારી સાથે સંતા-કુકડી રમી રહ્યો છે પરંતુ વ્રજની સાથે સંતા-કૂકડી કેવીરીતે કરીશ? વ્રજમાં તો સંતાકૂકડી ચાલે નહીં. માત્ર દર્શનનો જ પ્રશ્ન હોત તો અત્યારે નહીં કલાક પછી, જેમ પ્રાતઃકાલના સમયે વનમાં ગાય ચરાવવા જાય છે તો અમે દિવસ વ્યતીત કરીએ છીએ કે નહીં! એ પાંચ-છ કલાક જેમ પસાર કરીએ છીએ, તેમ આ પાંચ-છ કલાક પણ પસાર કરી લેશું. ચિત્તમાં કોઈ નિરાશા નથી, મનમાં કોઈ સ્નેહની ક્ષીણતા નથી. આશાનું બંધન છે અને વિપ્રયોગની તીવ્રતા છે, એટલા માટે અહીં શોધી રહી છીએ. પ્રાણ તારામાં અટકેલા છે એટલા માટે પ્રાણ તને શોધી રહ્યા છે.

**પ્રાતઃ ત્વમેવ આયાસ્યતીતિ અન્વેષણં વ્યર્થમેવ સ્યાત્. દિક્ષુ ત્વદીયાઃ ત્વયિ સતીતિ મહદ્દૈન્યમ્.** હવે તું ન હો અને તને શોધી રહ્યા હોઈએ ત્યારે તો કોઈ વાત નથી. તું છે અને આટલામાં જ છૂપાયો છો અને દેખાઈ નથી રહ્યો. આનાથી વધારે દીનતાનો બીજો વિષય શું! સંતાકુકડી હોય તો કેટલા સમયની હોય! કોઈ વધારે સમયની થોડી હોય કાંઈ. હવે તો ઘણી વાર થઈ ગઈ, વિલંબ થઈ ગયો. હવે આ વધારે વિલંબનો હેતુ શું છે? **અતઃ એકવારં ત્વદીયાઃ પશ્ય**

**ઈતિ પ્રાર્થના.** એટલા માટે જો તું ઈચ્છતો હોય કે અમારા પ્રેમના પરીક્ષણમાં અમારા પ્રાણ છૂટી જાય, તો કમસે કમ એક વખત પ્રકટ થઈને એમ તો કહી દે કે હું દર્શન આપવા નથી માગતો, પરંતુ કહી તો દે.

(**દયિત**=પ્રિય દયાવાન)

**દયિત! ઈતિ સમ્બોધનાદ્ ભર્ત્રદર્શનેન સ્ત્રીણાં જીવનં ન યુક્તમ્ ઈતિ નિરૂપિતમ્.** '**દયિત**' મતલબ દયાવાન. '**દયિત**' કહેવાથી જે દયાવાળો છે. જે પ્રિય છે. દયાના પાત્રને પણ દયિત કહી શકીએ છીએ કદાચ. દયાળુને પણ દયિત કહી શકીએ છીએ. પ્રિયને પણ દયિત કહે છે. તો કહે છે કે જ્યારે પતિ નથી દેખાતો, ત્યારે જીવન યુક્ત નથી. આટલા માટે કહે છે કે ''એક વખત અમને જો.''

આચાર્યચરણ કહે છે **યદ્યપિ ભગવાન્ ચેત્ પશ્યેત્ તદા ન કોઽપિ પુરુષાર્થઃ સિધ્યેત્ તથાપિ દૈન્યં દૃષ્ટ્વા આત્માનમપિ પ્રદર્શયેદિતિ તથા પ્રાર્થના.** અરે! તું અમને એક વખત જો! ભગવાન્ તો બધાને સતત જોઈ જ રહ્યો છે, જોવામાં શું પુરુષાર્થ સિદ્ધ થઈ જશે! ભગવાન્ જૂએ એનાથી પુરુષાર્થ સિદ્ધ નહીં થાય. ભગવાન્ દેખાય એનાથી પુરુષાર્થ સિદ્ધ થશે. તું અમને દેખા આમ પ્રાર્થના ન કરીને તું અમને જો આમ પ્રાર્થના કરી રહી છે, તે એટલા માટે કે તું **દયિત** છો. જો તું એક વખત અમારી સ્થિતિ જોઈ લઈશ, તો તારે પ્રકટ થવું જ પડશે. તો અમે એમ કહી રહ્યા છીએ કે ''એક વખત તું અમને જોઈ લે'' તો જોવાનો (પ્રભુને) કામ તો સ્વભાવતયા સિદ્ધ થઈ જ જશે. સીધા દેખાવાની પ્રાર્થના ન કરીને જોવાની પ્રાર્થનાનો અભિપ્રાય આ છે કે અમારી અવસ્થા જો અને તેના પછી જો તને દેખાવાની ઈચ્છા ન થાય, તો ઠીક છે વાત ખતમ થઈ. એક વખત અમારી અવસ્થા જોઈ લે તો તું અમને દેખાઈ જઈશ, આ અમને પૂર્ણ વિશ્વાસ છે.

**ટિપ્પણી :**

**અષ્ટાવિંશાધ્યાયાર્થોક્તો સ્વભાવાદ્ અપરાધતઃ ઈતિ, તદવસ્થાયાએવ સ્વભાવો યદ્ગુણગાનમેવ ભવત્યેવ. અતઃ તત્સ્વભાવાદેવ ગાનં ચક્રુઃ ઈતિ સમ્બન્ધઃ. પક્ષાન્તરમ્ આહુઃ અપરાધતઃ ઈતિ. ભક્તેભ્યોઽપિ સ્વસ્મિન્ આધિક્યજ્ઞાનલક્ષણમ્ અપરાધં પ્રાપ્ય ''અસ્માન્ યદિ પ્રાર્થયિષ્યતિ તદા રસં**

**દાસ્યામ'' ઈતિ માનલક્ષણા કૃતાવજ્ઞા યાભિઃ તાદૃશ્યો યતો અતઃ સ્તોત્રં ચક્રુઃ ઈત્યર્થઃ. અવજ્ઞયા અપ્રસાદે સ્તોત્રેણ પ્રસાદો ભવિષ્યતીતિ તથા ઈતિ ભાવઃ. યદ્વા, સ્વભાવાદ્ રસસ્વભાવાદ્ યો અપરાધઃ ઈતિ અગ્રે પૂર્વવત્. સ્તોત્રમ્ ઈતિ ગાનવિશેષમ્, તથા ચ સ્તોત્રરૂપં ગાનં ચક્રુઃ ઈત્યર્થઃ. અગ્રે ગુણકથનં ભાવવૈજાત્યજ્ઞાપનાર્થમ્ ઈતિ જ્ઞેયમ્. (૧)**

**વિવરણમ્ :**

પ્રથમ ટિપ્પણીમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરી રહ્યા છે **અષ્ટાવિંશે હરેઃ ગાનં... ચક્રુઃ હરેઃ પ્રિયામ્.** કારિકામાં કહે છે કે ઘણાએ ઠાકોરજીની સ્તુતિ કરી અને ઘણાઓની સ્તુતિ સાંભળીને ઠાકોરજી પ્રસન્ન પણ થયા હશે અને પ્રકટ પણ થયા હશે. બધી સ્તુતિઓમાં પ્રભુના યશનું જ વર્ણન છે પરંતુ આચાર્યચરણ જ્યારે એમ કહે છે કે **સ્તુતિં ચક્રુઃ હરેઃ પ્રિયામ્** હરિને પ્રિય સ્તુતિ. ગોપીગીતને આ જે વિશેષણ આપ્યું કે આવી સ્તુતિ જે હરિને પ્રિય છે. આ ગોપીગીતમાં સામાન્ય પ્રકરણના અર્થમાં યશનું વર્ણન છે. આ વાત તો ઠીક છે. સમજમાં આવી પરંતુ આ નિરોધનું જે મુખ્યપ્રકરણ છે એની સંગતિ સમજાવી છે. સ્તુતિઓ તો ભગવાનને બીજી પણ કેટલીય પ્રિય હોઈ શકે છે. કેટલીય સ્તુતિઓ પસંદ આવી હશે. તે-તે ભક્તોએ તે-તે અવસરોપર કરી હશે પરંતુ આ વખતે પ્રભુનો નિરોધ છે અને એ નિરોધના કારણે આ સ્તુતિથી વધારે કોઈ સ્તુતિ પ્રિય લાગતી નથી. જે પ્રકારથી ગોપીકાઓ પ્રભુના યશનું વર્ણન કરી રહી છે, આ યશના વર્ણન સિવાય બીજો કોઈ યશ પ્રભુને આ સમયે સારો નથી લાગી રહ્યો. પ્રભુનો પણ નિરોધ થઈ ગયો છે. એટલા માટે કહે છે **એકોનવિંશતિવિધાં સ્તુતિં ચક્રુઃ હરેઃ પ્રિયામ્.** અહીં ઓગણીસ પ્રકારથી હરિને પ્રિય સ્તુતિનું વર્ણન છે. આ ઓગણીસ પ્રકારથી હરિની સ્તુતિ હરિને પ્રિય લાગે. મતલબ કે જે સ્તુતિ સાંભળીને હરિ નિરુદ્ધ થઈ જાય. એવી સ્તુતિ અને પ્રભુના યશનું અહીં વર્ણન છે, તે ઓગણીસ પ્રકારથી છે. એ ઓગણીસ પ્રકાર કેમ છે? એમાં હેતુ બતાવ્યો કે ગોપીજનોના ખુદના સ્વભાવ અને યૂથના જે પ્રકાર છે તે ઓગણીસ પ્રકારના થઈ જાય છે. કાલે આપણે આનું સ્વરૂપ વિસ્તારથી સમજ્યા. વિવાહિતા અને કુમારિકા. એટલે કે શ્રુતિરૂપા અને અગ્નિકુમારિકા ઋષિરૂપા. પછી એમના અંતર્ગત ચાર ચાર ભેદ, સાત્ત્વિક રાજસ તામસ અને નિર્ગુણ ના. પછી સાત્ત્વિકમાં ત્રણ ત્રણના ભેદ. આ

પ્રકારથી ત્રણ ત્રણ ત્રણ નવ, નવ અને નવ અઢાર અને એક નિર્ગુણ. નિર્ગુણ બંનેમાં સામાન્ય છે. એટલા માટે ઓગણીસ. એટલે નવ ભેદ શ્રુતિરૂપાઓના, નવ ભેદ ઋષિરૂપા ગોપીજનોના અને એક નિર્ગુણ ગોપીનો. એ બંનેમાં સમાન છે. એટલા માટે નવ નવ અઢાર અને એક ઓગણીસ, એવા ભેદ થાય છે. આ કેમકે પોત-પોતાના અધિકારથી એમણે સ્તુતિ કરી છે, જે ગોપીને જેવા યશનું ગાન કરવાનો અધિકાર હતો, એ ગોપી પ્રભુના એવા યશને ગાય તો પ્રભુનો એમાં નિરોધ થાય. એટલે યશ ગાતા પણ આવડવું જોઈએ ને! ભળતો માણસ કોઈ ભળતો યશ ગાવા લાગી જાય તો મજા ન આવે.

## (અધિકારાનુસાર યશવર્ણનથી જ પ્રભુની પ્રસન્નતા)

કાલીદાસની કથામાં આવે છે કે કુમારસંભવમાં શ્રીશંકર અને પાર્વતીના શૃંગારનું વર્ણન જે વખતે કર્યું તો કાલીદાસને કોઢ થઈ ગયો. કેમકે આવા ઉદ્દામ શૃંગારના વર્ણનનો અધિકાર કાલીદાસનો હતો નહીં. આ યશના વર્ણનનો અધિકાર કાલીદાસનો હતો નહીં એટલે એમને કોઢ થઈ ગયો. જ્યારે એમને કોઢ થઈ ગયો તો એમણે પ્રાયશ્ચિતરૂપથી રઘુવંશ કાવ્ય લખ્યું જેના કારણે પાછો એ કોઢ દૂર થયો. કારણ શું? શ્રીશંકર-પાર્વતીની કુમારસંભવમાં કોઈ નિંદા ન હતી. પરંતુ જે રીતના ઉદ્દામ શૃંગારનું યશવર્ણન એમણે કર્યું એ વર્ણનનો કાલીદાસનો અધિકાર ન હતો. યશનું વર્ણન પણ અધિકારાનુરૂપ થાય તો સારું લાગે. નહીંતર ગડબડ ગોટાળા થાય.

દાદાજીનો નિયમ હતો કે ચોરી કરવાનો જેનો અધિકાર હોય એ ચોરી કરે તો એનાપર નારાજ નહોતા થતા પરંતુ જ્યારે એ માગતો તો તેઓ નારાજ થઈ જતા. અંતે ચોરી કરવાવાળાને પણ રુપિયા આપવા છે અને માગવાવાળાને પણ રુપિયા આપવા છે. પરંતુ ચોરી કરવાવાળો ચોરી કરીને રુપિયા લે તો નારાજ ન થાય. કેમકે એનો સ્વભાવ છે. માગીને રુપિયા લે તો નારાજ થઈ જતા અને માગવાવાળો જ્યારે ચોરી કરીને લેતો તો બહુ નારાજ થઈ જતા. બહુ ગાળો આપતા "દુષ્ટ છે, ભ્રષ્ટ છે, નીચ છે, નાપાક છે..." કેમકે એનો માગવાનો અધિકાર છે, ચોરી કેમ કરી! તો અધિકારાનુસાર પૈસા આપી શકાય. જેનો ચોરીનો અધિકાર છે એને ચોરીથી પૈસા આપવામાં આવે. જેનો માગવાનો અધિકાર છે તેને માગવાથી પૈસા આપવામાં આવે. એમાં જે

ગડબડી ફેલાવે તો ગડબડ થઇ જાય.

એવીજ રીતે જેનો જેવો યશવર્ણનનો અધિકાર છે, એ ભક્ત એ પ્રકારના યશનું વર્ણન કરે, ત્યારે તો પ્રભુની પ્રસન્નતા થાય, કેમકે એ પ્રકારના યશનું વર્ણન કરવાથી રસાભાસ ન થાય ને! અમને મહાપ્રભુજીને પલના ઝુલાવવા કેમ નથી પસંદ આવતું? કેમકે રસાભાસ થાય. હવે ભાવના અમારી એવી નથી કરીએ શું! એટલા માટે અમને ત્યાં જઇને નંદમહોત્સવ કરવામાં વધારે સારું લાગે છે. પલના ઝુલાવવામાં અમને થોડોક રસાભાસ લાગે હવે કરવું શું! મનમાં એવી ભાવના જ નથી કે મહાપ્રભુજી બાલક છે. મનમાં એવી ભાવના કે અમારા તાતજી છે. હવે તાતજીને પલના ઝુલાવીએ તો રસાભાસ થાય. શું કરીએ સ્વભાવ છે! વાત સાચી છે કે પુરુષોત્તમભાવથી પલના ઝૂલે, એમાં કોઇ દોષ નથી, પલના ઝૂલે એમાં કોઇ દોષ નથી પરંતુ અમારા મનનો ભાવ એવો નથી તો શું કરીએ! હવે સમજો કે કોઇ દિવસ દાદાજીને અમે પલના ઝુલાવતા હોઇએ તો રસાભાસ જ છે પછી. આવો રસાભાસ અમારા ચિત્તમાં ત્યારે થાય જ્યારે મહાપ્રભુજીની આ પ્રકારની સેવાનો પ્રસંગ ઉપસ્થિત થઇ જાય કે જે સેવા આપણે શ્રીઠાકોરજીની કરી શકીએ એ પ્રકારની સેવાનો પ્રસંગ જ્યારે શ્રીમહાપ્રભુજીનો ઉપસ્થિત થાય તો. એક ધોતી ઉપરણો ધારણ કરેલ ગંભીર વ્યક્તિત્વ, એમાં પલના ઝૂલવાનો ભાવ મનમાં પેદા ન થાય તો શું કરવું! હવે નથી ઈલમ્માગારુ સાથે અમારું આઇડેન્ટિફિકેશન. આ તો સહુ-સહુના આઇડેન્ટિફિકેશનની વાત છે. કોઇને હોય કોઇને ન હોય.

## (મહાપ્રભુજીને કોની કાની આપવી)

હમણાં અમે સોરમ ગયા તો એક બાળકીએ અમને પૂછ્યું કે ‘‘ઠાકોરજીને જ્યારે ભોગ ધરીએ તો મહાપ્રભુજીની કાનિથી ભોગ ધરીએ પરંતુ મહાપ્રભુજીની બેઠકમાં જ્યારે જઇએ ત્યારે ભોગ કોની કાનીથી ધરવો? તો મેં કહ્યું : સામે ત્રણ વ્યક્તિ દેખાઇ રહી છે. એક ઈલમ્માગારુ દેખાઇ રહ્યા છે. એક મહાલક્ષ્મીજી દેખાઇ રહ્યા છે. એક શ્રીગુસાંઇજી અથવા દામોદરદાસજી વગેરે દેખાઇ રહ્યા છે. પુત્ર કે શિષ્ય બિંદુસૃષ્ટિ કે નાદસૃષ્ટિ, બે પ્રકારના પુત્રો દેખાઇ રહ્યા છે. હવે એમાં તમને જેમાં જ્યાં પોતાનું આઇડેન્ટિફિકેશન થતું હોય, એમની કાનિથી ભોગ ધરો. હવે અમે આમાં શું કહી શકીએ કે મહાપ્રભુજીને કોની કાનિથી ભોગ ધરવો? ઈલમ્માગારુસાથે આઇડેન્ટિફિકેશન થતું હોય તો

એમની કાનિથી ભોગ ધરો, મહાલક્ષ્મીજીથી આઈડેન્ટિફિકેશન થતું હોય તો એમની કાનિથી ભોગ ધરો અને દામોદરદાસજીથી આઈડેન્ટિફિકેશન થતું હોય તો એમની કાનિથી ભોગ ધરો. હવે મહાપ્રભુજીને કોની કાનિથી ભોગ ધરી શકાય છે! અમે તો ગુસાંઈજીની કાનિથી ભોગ ધરીએ. કેમકે એમનાથી જ અમારું આઈડેન્ટિફિકેશન લાગે. અને કરીએ શું! સ્વભાવ નથી તો. હવે આ તો પોત-પોતાના હૃદયની વાત છે. આમાં કોઈ સિદ્ધાંતની વાત તો ચાલે નહીં. સિદ્ધાંત ચલાવવા જાઓ તો માહાત્મ્યજ્ઞાનનો અપરાધ લાગે.

સમજો કે ઠાકોરજી યુદ્ધમાં પધારી રહ્યા છે. એ વખતે કોઈ ગોપીગીત ગાય તો મૂડ ખરાબ થઈ જાય કે નહીં? ગોપીગીતનો એક પ્રસંગ છે. એ પ્રસંગમાં ગોપીગીત ગાવામાં આવે તો ગોપીગીતની પણ શોભા છે અને સમજ્યા વગર કે ગોપીગીતમાં સર્વોચ્ચ પ્રભુને પ્રિય યશનું વર્ણન છે, હવે આવ જુએ ન તાવ જ્યારે જૂઓ ગોપીગીત ગાવાનું શરુ કરી દે. પલનામાં ગોપીગીત, 'લે મહારાજ'ની વૃત્તિથી ગોપીગીત ગાવા લાગી જઈએ તો રુચતું હોય તો રુચવાનું બંધ થઈ જાય.

**(ઠાકોરજીને ગીતાનો ઉપદેશ!!)**

વર્કલામાં જનાર્દનમાં અમે ગયા હતા. ત્યાં કોચીનથી એક વૈષ્ણવ આવ્યા હતા. હવે મહાપ્રભુજીની બેઠકમાં ઠાકોરજીને ભોગ આવી રહ્યા હતા, તો એણે ગીતા સંભળાવવાનું શરુ કર્યું. **''અશોચ્યાન્ અન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ગતાસૂન્ અગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પંડિતાઃ''** (ભગ.ગીતા.૨/૧૧) તો હંસુભાઈએ કહ્યું ''અરે તમે કોને ઉપદેશ આપી રહ્યા છો? ઠાકોરજીને ઉપદેશ આપી રહ્યા છે? આ ઉપદેશની જરૂરત કોને છે. જે વખતે ઠાકોરજીને ભોગ આવી રહ્યા છે!'' **''ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પંડિતાઃ''** આ ગીતાનો પાઠ તો સો ટકા સાચો પરંતુ એનો પ્રસંગ પણ માણસ જૂએ કે ન જૂએ કે પછી પકડીને ઠાકોરજીને ગીતાનો ઉપદેશ આપવો શરુ કરી દઈએ! આવા કેટલાય શિષ્ય હોય. આપણને ગીતાનો ઉપદેશ ઠાકોરજીએ આપ્યો અને આપણે જ્યારે ઠાકોરજીને મળીએ તો ઠાકોરજીને પકડીને ગીતાનો ઉપદેશ આપવાનું શરુ કરી દઈએ. હું તને એક વાત બતાવું અને એક દિવસ તું જ ભસ્માસુરની જેમ આવીને મને સમજાવવા લાગી જાય અરે ભાઈ! મેં જ તને આ વાત સમજાવી અને હવે મારો સાંભળવાનો મૂડ નથી. પરંતુ માનેજ

નહીં. કહે ''સાંભળો! કેમ સમજાવી''. તકલીફ થઈ જાય, રસાભાસ થઈ જાય. એમ દરેક સ્તુતિનો, દરેક યશનો એક પ્રસંગ છે અને એ પ્રસંગમાં એ યશનું વર્ણન, એ સ્તુતિ કરો તો એ યશ અને એ સ્તુતિની શોભા છે. (એમાં ચિત્તનો નિરોધ થાય) સ્તુતિ કરવાવાળાને પણ અને સ્તુતિ સાંભળવાવાળાને પણ ચિત્તનો નિરોધ થાય. અન્યથાપ્રસંગમાં અન્યથાવર્ણન કરો તો કાલીદાસની જેમ કોઢ થઈ જાય.

## (સ્તુતિનું કારણ)

એટલા માટે સ્તુતિ શામાટે કરી? આ શ્રીગુસાંઈજી બતાવી રહ્યા છે. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરી રહ્યા છે **કૃતાવજ્ઞા સ્વભાવાદપરાધતઃ ગોપિકા ચક્રુઃ.** જ્યાં સુધી આ પ્રસંગ ન આવે, જ્યાં સુધી તમારો સ્વભાવ અને આ તમારો અપરાધ 'માન'નો પ્રભુની સાથે થયો છે આ અપરાધ કોઈ સાધારણ અપરાધ નથી. જેમ પ્રભુના વર્ણનમાં શ્રીમહાપ્રભુજી કહે છે **''અધરં મધુરં...મધુરાધિપતેરખિલં મધુરમ્''** (મધુરા.૧) તો **''મધુરાધિપતે અપરાધોપિ મધુરો ભવતિ''**. જો મધુરાધિપતિનો કોઈ અપરાધ થયો છે તો એ અપરાધ પણ મધુર છે. જીવનો આ મધુર અપરાધ જ્યાંસુધી ઘટિત ન થઈ જાય ત્યાંસુધી ગોપીગીતનો પ્રસંગ પ્રાપ્ત નથી થતો. જ્યાંસુધી આ સ્વભાવ ન હોય કરવાવાળાનો, ગોપીજનોનો પણ કાંઈક સ્વભાવ છે, એ સ્વભાવ જ્યાંસુધી ન થાય, ત્યાં સુધી ગોપીગીત વર્ણનનો પ્રસંગ ન થાય. જ્યાંસુધી આપણાથી ઠાકોરજીની કોઈ મધુર અવજ્ઞા ન થઈ જાય, અવજ્ઞા એટલે ઠાકોરજીની આજ્ઞાનું ઉલ્લંઘન, ઠાકોરજી ન ઇચ્છતા હોય, એવો કોઈ અપરાધ આપણે કરી બેસીએ પરંતુ એ અપરાધમાં એ મધુરતા હોવી જોઈએ જે મધુરતા ગોપીજનોની અવજ્ઞા, ગોપીજનોના અપરાધમાં હતી. એ મધુરતા જ્યાંસુધી એ અવજ્ઞામાં ન હોય, એ સ્વભાવમાં એવી મધુરતા ન હોય, એ અપરાધમાં એવી મધુરતા ન હોય, ત્યાંસુધી આ પ્રકારના યશનું વર્ણન સાંભળવું ઠાકોરજીને પસંદ નહીં આવે.

## (ગોપીગીત : ફલાત્મક યશનું વર્ણન)

ગોપીગીત તામસફલપ્રકરણના અંતર્ગત યશનું વર્ણન છે. આ વાત ક્યારેય ન ભૂલતા. એટલે કે ગોપીગીતમાં પ્રભુનું જે પ્રકારનું યશનું વર્ણન છે, તે

ફલાત્મક યશ છે. આ વાત ક્યારેય ન ભૂલતા પરંતુ એ ફલાત્મક યશનો પણ પ્રસંગ ક્યારે આવે છે, તેની સંગતિ ક્યારે આવે છે **"પ્રાર્થયે રસિકાઃ સ્વૈરં પશ્યન્તુ ઈદમ્ અહર્નિશમ્ એતદરસાભિજ્ઞસ્તુ મા દ્રાક્ષીદપિ વૈષ્ણવઃ"**(શૃં.ર.મં) શ્રીગુસાંઈજી આજ્ઞા કરી રહ્યા છે. આ એનો પ્રસંગ અને અધિકાર, એના ભાવ એના અપરાધ જે પણ કાંઈ છે અહીં, એ બધાનો જે વખતે યોગ જોડાઈ જાય, તે વખતે આ યશ છે, ઉત્તમોત્તમ યશ પ્રભુના ચિત્તના પણ નિરોધકારી યશનું વર્ણન છે. ભક્તના પણ ચિત્તના નિરોધકારી યશનું વર્ણન છે. આ વાતને શ્રીગુસાંઈજી ટિપ્પણીમાં સમજાવી રહ્યા છે.

આ આટલી બધી જે વ્યાખ્યા કરી એનું મૂલ કારણ આ છે કે શ્રીગુસાંઈજી આ વાતને સમજાવી રહ્યા છે આમાં કોઈ શ્યામુબાવાનું વચન નથી. હવે જૂઓ ધ્યાન દઈને! **તદવસ્થાયાએવ સ્વભાવો યદ્ ગુણગાનમેવ ભવત્યેવ.** જે અવસ્થામાંથી આ ગોપિકાઓ પસાર થઈ છે, એ અવસ્થા બહુ મધુર અવસ્થા છે. એ સ્વભાવ બહુ મધુર સ્વભાવ છે. એ સ્વભાવનું જે સ્વરૂપના યશનું વર્ણન કરવું છે એ સ્વરૂપ બહુ મધુર સ્વરૂપ છે. અતએવ એ યશવર્ણન બહુ મધુર યશ વર્ણન છે. હવે આ માધુર્ય પૂરી સ્થિતિનું, પૂરી અવસ્થાનું માધુર્ય જ યશવર્ણનના રૂપમાં પ્રકટ થઈ ગયું છે. આ કોઈ બળજબરીથી કરવામાં આવેલ વર્ણન નથી. આ વાત માધુર્યનું જ એક ઉચ્છલન છે. જેમ કોઠીમાં જલ ભરતા જાઓ, જ્યારે અધિક ભરાઈ જાય ત્યારે છલકી જાય. અથવા દૂધમાં જેમ ઉફાણો અધિક આવી જાય તો તપેલીની બહાર દૂધ આવી જાય, એમ એ માધુર્યના અતિરેકના કારણે આ રસનું ઉચ્છલન થયું છે. એ માધુર્યનો અતિરેક કેમ થયો છે? એ મધુર રસ જે એમના હૃદયમાં ભરાયેલો હતો, એ પ્રભુના છૂપાઈ જવાના કારણે પાક્યો છે, તપ્યો છે એટલા માટે એમાં ઉફાણો આવી ગયો છે. દૂધ તપે તો ઉફણી જાય. એમ પ્રભુના વિપ્રયોગના કારણે જે તાપ થયો અને એ તાપના કારણે તપી-તપીને એમાં ઉફાણો આવ્યો તો એ યશોગાનના રૂપમાં છલકાઈ ગયો છે. આમાં બીજો કોઈ હેતુ નથી. આટલી મધુરતા જો ખ્યાલમાં આવે તો ગોપીગીતનો ભાવ ખ્યાલમાં આવે, નહીં તો ખ્યાલમાં ન આવે.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરી રહ્યા છે **તદવસ્થાયાએવ સ્વભાવો યદ્**

**ગુણગાનમેવ ભવત્યેવ. અતઃ તત્સ્વભાવાદેવ ગાનં ચક્રુઃ ઈતિ સમ્બન્ધઃ.** અતઃ સ્વભાવથી ગાન કર્યું આ તો પહેલો પક્ષ. બીજો પક્ષ **અપરાધતઃ.** અપરાધના કારણે એમણે ગાન કર્યું. **ભક્તેભ્યોઽપિ સ્વસ્મિન્ આધિક્યજ્ઞાનલક્ષણમ્ અપરાધં પ્રાપ્ય "અસ્માન્ યદિ પ્રાર્થયિષ્યતિ તદા રસં દાસ્યામ" ઈતિ માનલક્ષણા કૃતા અવજ્ઞા યાભિઃ તાદશ્યો યતો અતઃ સ્તોત્રં ચક્રુઃ ઈત્યર્થઃ.** (આ પંક્તિ થોડીક ક્લિષ્ટ છે આનાપર વિચાર કરીને કાલે બતાવીશ શ્રીગુસાંઈજીની કૃપાથી પંક્તિ લાગશે તો.) તાત્પર્ય અહીં આટલું છે કે અપરાધ શું થયો? પ્રભુનો અવજ્ઞારૂપ અપરાધ થયો.

### (રસાભિનય-રસાનુભવની પ્રક્રિયા)

પ્રભુ રસાભિનય કરી રહ્યા છે. ભક્ત રસાનુભવ કરી રહ્યા છે. એક રસનો અભિનય અને એક રસનો અનુભવ કરી રહ્યા છે. જેમ મંચપર કલાકાર હોય, એ રસનો અભિનય કરે, દર્શક રસનો અનુભવ કરે. નટ હોય જેમ મેં કાલે તમને બતાવ્યું કે ચૈતન્યમહાપ્રભુનો એણે અભિનય કર્યો. ચૈતન્યમહાપ્રભુના અભિનયમાં જે ઉન્માદ પ્રકટ થયો, એ ઉન્માદને એ નર્તકીએ તો અભિનય કર્યો અને એ ઉન્માદનો અનુભવ રામકૃષ્ણ પરમહંસે કર્યો. તો આ અભિનય અને અનુભવ માં સંવાદ જોઈએ. અભિનય કરી રહ્યો હોય અને માણસ અનુભવના લાયક સ્થિતિમાં ન રહે તો સંવાદ તૂટી જાય. જે અનુભવ કરવામાટે તૈયાર બેઠો છે અને એની સામે કોઈ સારો અભિનય ન કરે તો રસાભાસ થઈ જાય. આથી રસાભિનય અને રસાનુભવ નો સંવાદ જોઈએ. ભગવાને વેણુનાદ કરીને રસાભિનય શરુ કર્યો અને એ રસાભિનયને અનુભવ કરવાવાળી ગોપિકાઓ છે. હવે ઉત્તમ અભિનયનો આ સ્વભાવ છે કે અનુભવ કરવાવાળામાં એનો આવેશ આવે.

આ જમનાદાસ અત્તરવાળા છે ને! એને મધુકાકા એક દિવસ અમેરિકન પિક્ચર દેખાડવા લઈ ગયા. હવે એ અમેરિકન પિક્ચરમાં ફાઈટિંગ, મારામારી શરુ થઈ. તો આ જમનાદાસ અત્તરવાળાએ બાંયો ચડાવવી શરુ કરી. જ્યારે જોરશોરથી મારામારી શરુ થઈ તો સીટપરથી ઉઠ્યા. ત્યાં સુધી તો મધુકાકાથી સહન થયું. જ્યારે બાંયો ચડાવી રહ્યા હતા, આમ આમ કરી રહ્યા હતા, ત્યાં સુધી તો સહન થયું પરંતુ જેવા સીટપરથી ઊભા થયા તો પાછળથી

એક થપ્પડ લગાવી કે ''બેસો છાનામાના.'' કેમકે એ સ્થિતિ અસહ્ય થઈ ગઈ. હવે અભિનયને જોતા જોતા એ અનુભવના આવેશમાં આવી જાય, એ અનુભવની તીવ્રતા છે પરંતુ બધા આવો અનુભવ કેમ નથી કરી શકતા? કેમકે બધાના અનુભવ આટલા તીવ્ર નથી હોતા.

જેમ પહેલા અહીં કેદારનાથમિશ્રાજી આવ્યા હતા. ત્યારે સુદામાલીલા થઈ તો કૃષ્ણ અને સુદામા એટલા ન રોવે જેટલા મિશ્રાજી રોવા લાગી ગયા. એ એમના અનુભવની તીવ્રતા હતી. એ દરેક વ્યક્તિને ન થાય. આપણે બધા લોકો બેઠા છીએ. અમે પણ બેઠા છીએ. અમને પણ એ વિરહનો અનુભવ થઈ રહ્યો હતો, એ વેદનાનો અનુભવ થઈ રહ્યો હતો પરંતુ એટલો અનુભવ ન હતો કે અમારી આંખમાં આંસૂ આવે. પરંતુ જ્યારે અનુભવ તીવ્ર થઈ જાય તો પછી અભિનય શરુ થઈ જાય જે હવે એ અશ્રુપાતને તમે શું કહેશો જે મિશ્રાજીની આંખમાં સુદામાલીલાને જોઈને આવ્યા? હવે સુદામા મિશ્રાજી નથી, મિશ્રાજી સુદામા નથી, મિશ્રાજીથી કોઈ કૃષ્ણ છૂટ્ટા નથી થઈ રહ્યા પરંતુ મિશ્રાજીની આંખમાં આંસૂ કેમ? એટલા માટે કે એ અનુભવ થતાં થતાં અભિનયમાં બદલાઈ જાય. એ અભિનય શરુ થવા લાગી જાય. જેમ આગની પાસે કોઈ વસ્તુ થોડોક વખત રાખો તો એ ગરમ થાય અને ગરમ થતા થતા પિગળવા લાગી જાય. આ સ્વભાવ છે. એવીજ રીતે અનુભૂતિનો આ સ્વભાવ છે કે રસાનુભૂતિ થોડીકવારમાં રસાભિનયમાં પરિવર્તિત થઈ જાય.

હમણાં કાશ્મીરની વાત છે. જ્યારે ભુટ્ટોને ફાંસી લગાવી તો લોકો બહુ નારાજ થઈ ગયા. તો ભુટ્ટોને ફાંસી લગાવવાવાળાના ઉપર એક નાટક બનાવ્યું. નાટકમાં કેસ ચલાવવો અને એમને ફાંસી લગાવવી. હવે એ અભિનય કરતા કરતા એ બધાને એટલું જોશ આવી ગયું કે જે પાકિસ્તાનનો પ્રધાનમંત્રી ઝિયા બન્યો હતો, કાશ્મીરમાં એને હકીકતમાં મારી નાખ્યો. એ ચઢ્યો હતો ખાલી અભિનયને માટે ફાંસીના તખ્તાપર ચઢાવવાવાળાને એટલું જોશ આવી ગયું કે એને મારી જ નાખ્યો. કેમકે અનુભવ કરતા કરતા એ એટલો તીવ્ર બની ગયો કે એ અભિનયમાં પરિવર્તિત થઈ ગયો. એનામાં આ જ ભાવ જાગી ગયો કે આ જ ઝિયા છે મારો આને. બસ વાત આટલી કે કેમ ભુટ્ટોને ફાંસીપર ચઢાવ્યો? તો ખરેખર એ ગરીબ છોકરાને બધાએ મળીને મારી નાખ્યો. એ અભિનયની

તીવ્રતા હતી. એવીજ રીતે અનુભવની તીવ્રતામાં માણસ અનુભવ કરવા લાગી જાય કે ''એ જ હું છું.'' એવો ભાવ જાગી જાય. જ્યાં કુશળ અભિનય થાય ને! ત્યાં ધીરે ધીરે હકીકતમાં એવો અનુભવ થવા લાગી જાય કે ''હું એ જ છું.''

જે પ્રકારનો શૃંગારનો રસાભિનય પ્રભુ પ્રસ્તુત કરી રહ્યા છે, એ અભિનયના તીવ્ર થતાં થતાં ગોપીજનોને આવું થઇ ગયું કે હવે અમે અભિનય કરીએ. હવે રોલ બદલો. હવે પ્રભુને દર્શક બનાવો અને ખુદ અભિનય કરો. હવે શૃંગારરસમાં કેમકે વિપ્રયોગ છે, એટલા માટે વિપ્રયોગનો અનુભવ તો કરાવવો છે. આ પ્રકારનો અભિનય પણ કરવો છે, નહીંતર તો ભગવાન્ આ જે આજ્ઞા કરી રહ્યા છે **''ન પારયેડહં નિરવદ્યસંયુજાં''** (ભાગ.પુરા.૧૦/૨૯/૨૨). એટલે કે ગોપીજનોના પ્રેમનું ઋણ હું ચુકવી નથી શકતો, તો શું ગોપીજનોની વચમાંથી તિરોહિત થવા માગશે પ્રભુ? શું પ્રભુ છૂપાશે? તો એ શુ ગોપીજનોના પ્રેમનો અનુભવ પ્રભુને નથી કે જે છૂપાવા માગે! અથવા એમને માન કે જે રસાનુભવની તીવ્રતામાં પ્રકટ થયેલું માન છે, આ શું પ્રભુને ખબર નથી?

**(સંયોગ-વિપ્રયોગ)**

ખબર છે પરંતુ રસની જ આ મર્યાદા છે કે **''ન વિનાવિપ્રલમ્ભેન શૃંગાર/સંભોગઃ પુષ્ટિમ્ અશ્નુતે''** (દ્ર.સાહિ.દર્પ.૩/૨૧૩) જ્યાંસુધી વિપ્રયોગ ન થઇ જાય ત્યાંસુધી શૃંગારરસ પુષ્ટ નથી થતો. **''કષાયિતેહિ વસ્ત્રાદૌ ભૂયાન્ રાગો વિવર્ધતે''** રાગ ક્યારે વધે? **''કષાયિતે''** સ્નેહ ક્યારે વધે? જ્યારે વિપ્રયોગ થાય ત્યારે. જ્યાંસુધી વિપ્રયોગ નથી થતો ત્યાંસુધી સ્નેહ વધી ન શકે. શ્રીહરિરાયજી જે વિપ્રયોગ પરમફલવાદી છે, એનું કારણ આ છે કે તેઓ સ્નેહને પ્રધાન માને છે. બીજો કેમ્પ જે સંયોગ પરમફલવાદી છે, એ આટલા માટે સંયોગને પરમફલ માને છે કે તેઓ ભગવાનના રૂપદર્શનના આગ્રહવાદી છે. એટલે કે રસમાં બે વાત હોય. એક પોતાના હૃદયમાં રહેલો ભાવ અને એક એ ભાવને પોષણ આપનારૂં આલંબન. જેમ વાત્સલ્ય આપણા હૃદયમાં પેદા થયું, તો એ વાત્સલ્યને પણ કોઈ આલંબન તો જોઇએ ને! તો બાળક વાત્સલ્યનું આલંબન બને. આપણા હૃદયમાં શ્રદ્ધા હોય તો આ ભાવ થયો. હવે એ શ્રદ્ધાનું આલંબન કોઇ શ્રદ્ધાસ્પદ વ્યક્તિ તો જોઇએ ને! સ્વભાવ તો

શ્રદ્ધાનો છે પરંતુ શ્રદ્ધાસ્પદ વ્યક્તિ ન હોય તો શ્રદ્ધા પ્રકટ નહીં થાય. એવીજ રીતે વાત્સલ્યનો સ્વભાવ છે કે જ્યાંસુધી બાળક ન પ્રકટે ત્યાંસુધી એ વાત્સલ્યનું કામ ખોટું. એવીજ રીતે શૃંગારનો ભાવ જ્યાંસુધી મૂર્તિવત્ શૃંગાર પ્રકટ ન થાય ત્યાંસુધી એ સ્વભાવનું આલંબન પ્રકટ ન થાય. તો સ્નેહ જ્યારે ભાવ છે તો એ સ્નેહના અનુરૂપ કોઇ સ્નિગ્ધ વસ્તુ પણ તો હોવી જોઇએ જેની સાથે સ્નેહ થઇ શકે. વિપ્રયોગપરમફલવાદી એમ કહે છે કે સ્નેહ પ્રધાન છે. સંયોગપરમફલવાદી એમ કહે છે કે નહીં સ્નિગ્ધ વસ્તુ પ્રધાન છે. સ્નેહના વગર સ્નિગ્ધ કેવીરીતે પ્રકટ થશે અને સ્નેહાસ્પદ વસ્તુના વગર સ્નેહ થઇ ન શકે. બંને અન્યોન્યાશ્રિત છે પરંતુ બંનેનો ઝઘડો ચાલે. હવે આ ઝઘડો પણ મધુર છે. આથી આ ઝઘડો પણ ચાલતો રહેવો જોઇએ. કેમકે જે વસ્તુ મધુર છે તે બધી ચાલતી રહેવી જોઇએ. દુનિયામાં અમધુર કાંઇ ન ચાલવું જોઇએ. અમધુર દોસ્તી પણ ન ચાલવી જોઇએ અને મધુર ઝઘડો પણ ચાલે તો હરકત નથી. આટલા માટે સ્વભાવ અને અપરાધ જે પ્રકટ થયા, પ્રભુને આ બધી વાતો ખબર છે, પરંતુ કેમકે શૃંગારરસની મર્યાદા છે કે વગર વિપ્રયોગે શૃંગારરસ પુષ્ટ ન થાય, એટલા માટે વિપ્રયોગરસનો અભિનય તો પ્રભુને કરવો છે. હવે આ વચમાં ગોપીજનોની ભીતર રસાનુભવની તીવ્રતામાં આ ભાવ જાગ્યો કે ભગવાન્ અમારો વિપ્રયોગાનુભવ કરે, ત્યારે પ્રશ્ન ઉપસ્થિત થયો કે હવે શું કરવું?

### (રામાવતાર અને કૃષ્ણાવતાર)

શ્રીગુસાંઇજી બહુ સુંદર સમાધાન કરે છે : રામાવતાર અને કૃષ્ણાવતાર ની એક તુલના જૂઓ. ત્યાં રામાવતારમાં વિપ્રયોગનો અનુભવ કરતા કરતા શ્રીરામચંદ્રજીએ વનના એક-એક વૃક્ષ અને લતાઓને પૂછ્યું કે ''સીતા ક્યાં ગયા?'' અહીં ગોપિકાઓ પૂછી રહી છે કે ''કૃષ્ણ ક્યાં ગયા?'' આમ રામ અને કૃષ્ણની સરખામણી કરશો તો એકદમ વિરુદ્ધ દેખાશે. દરેક વાત એમની વિરુદ્ધ છે. બંનેની સુંદરતા અલગ અલગ છે. રામનું સૌંદર્ય એક અલગ છે. કૃષ્ણનું સૌંદર્ય એક અલગ છે પરંતુ છે બંને એક બીજાથી વિપરીત. એ દિવસમા જન્મ્યા તો આ રાતમાં જન્મ્યા. એ મધ્યાહ્નમાં જન્મ્યા તો આ મધ્યરાત્રિમાં જન્મ્યા. જેટલું જોશો એટલું વિપરીત મળતું જ ચાલ્યું જશે. ત્યાં

એક પત્નીવ્રતનો એટલો ભયંકર આગ્રહ કે એક પત્ની પણ ન નભી. અહીં અનેક પત્ની એવી કે અહીં સોળહજાર કરી અને ત્યાં દ્વારિકામાં જઇને સોળહજાર બીજી કરી. બધી વાતોમાં કેટલી વિપરીતતા છે. અહીં પ્રારંભમાં વનવાસ થયો પછી રાજ્યલાભ થયો. ત્યાં જૂઓ તો પ્રારંભમાં રાજ્યલાભ છે અને પછી વનવાસ છે. આમ બધું ઉલ્ટું-ઉલ્ટું ચાલે. કેમકે એ બધો મર્યાદા અને પુષ્ટિ નો ભેદ છે. અહીં વનની લીલાઓ અતિસુખદ લીલાઓ છે. ત્યાં વનની લીલાઓ અત્યંત દુઃખદ લીલાઓ છે. જે કાંઇ પણ લીલાઓ વનની છે શ્રીરામાવતારમાં તે અત્યંત દુઃખદ લીલાઓ છે. અહીં વનની લીલા જેવી સુખદ કોઈ લીલા જ નથી. **''ચલો કિન દેખન કુંજ કુટી'' ''યામેં કહા ગાંઠકો લાગે''**. કેવી સુખદ વનની લીલાઓ છે. ત્યાં કેવી દુઃખદ લીલાઓ વનની છે. તો દરેક વાતમાં અહીં અને ત્યાં માં વિપરીતતા છે, ત્યાં લક્ષ્મણ નાના છે અહીં મોટા છે. એજ શેષ રામના અનુજ છે. એજ શેષ કૃષ્ણના અગ્રજ છે. તો એ અનુસાર ત્યાં એમણે વિપ્રયોગાનુભવ કર્યો. એવો વિપ્રયોગાનુભવ કર્યો કે ધોબીએ કહી દીધું તો સીતાને છોડી દીધા. અહીં બ્રહ્મા કહે તો ઠાકોરજી કોઇને છોડવા નથી માગી રહ્યા. ચાલો ઠીક છે. ખુદ દુઃખી હશે. એ મૂર્ખ છે જે એમ વિચારે છે કે શ્રીરામચંદ્રજીએ શંકાના કારણે સીતાજીને છોડી દીધા. શ્રીરામના હૃદયમાં સીતાજીના માટે શંકાને કોઈ સ્થાન જ ન હતું. આ તો આજકાલના મૂર્ખલોકો બકવાસ કરે. એમને કોઈ શંકા ન હતી પરંતુ એ નાટન જ આ પ્રકારનું હતું કે વિપ્રયોગાનુભવ કરવો છે. અહીં વિપ્રયોગની તૈયારી જ નથી. ન ભક્તોની તૈયારી છે અને ન ભગવાનની તૈયારી છે, તો એનો ઉપાય શું? જે વખતે વ્રજભક્તો અનુભવ કરી રહ્યા છે તે વખતે અનુભવની તીવ્રતામાં એમનામાં અભિનય પ્રકટ થવા લાગ્યો. એ અભિનય જ્યારે પ્રકટ થવા લાગ્યો, ત્યારે ડિસ્ટર્બન્સ, રસાભાસ થયો.

**(સંગીતમાં ટૂં-ટૂં...)**

મુંબઈમાં અમારા એક પરિચિત છે. એને ક્યાંય પણ સંગીતના કાર્યક્રમમાં લઈ જાઓ તો ત્યાં ગાવાવાળો શરુ કરે અને અહીં આ ટૂં-ટૂં અવાજ કાઢવાનો શરુ કરે. હવે ભાઈ! તને આનંદ આવી રહ્યો છે, આ વાત સાચી છે પરંતુ સાંભળી જશે ગાવાવાળો તારી ટૂં-ટૂં તો એનો કેટલો મૂડ ખરાબ થઈ

જશે!! એ જેમ જેમ તાન વધે તેમ તેમ એને આવેશ આવે. અમે એની સાથે સંગીત સાંભળવાનું છોડી દીધું. કેમકે જ્યારે સંગીત સાંભળે તો ટૂં-ટૂં કરે તો ચિત્તમાં ગભરાટ થવા લાગે. એની વાત સમજમાં આવે કે અમારાથી વધારે બિચારો સહૃદય છે, એવા સહૃદય અમે સંગીત સાંભળવામાં નથી પરંતુ એ એવો એવો વિચિત્ર અવાજ કાઢે, જેમ જેમ સિતાર વાગે, એ ટૂં-ટૂં કરે તો સાંભળવામાં કંટાળો આવી જાય. કેમકે જે વખતે સાંભળવા આવ્યા છો તો સાંભળી લો. અનુભવ કરો, અભિનય ન કરો પરંતુ એ ગરીબથી રહી ન શકાય. તો એ રસાભાસ થઈ જાય.

એવીજ રીતે જ્યારે ભગવાને આમની અભિનયની તૈયારી જોઇ તો ભગવાને કહ્યું કે હવે બંધ કરો આ જલ્સો. થોડોક વખત તિરોહિત થઈ જાઓ જેથી કે આમને ખ્યાલ આવે કે આ અનુભવકર્ત્રી છે, અભિનયકર્ત્રી નથી. આથીજ આમણે જ્યારે કહ્યું **''ન પારયે અહં ચલિતું નય માં યત્ર તે મનઃ''** (ભાગ.પુરા.૧૦/૨૭/૩૭) તો પ્રભુએ કહ્યું **''સ્કન્ધમ્ આરુહ્યતામ્ ઈતિ''** (ભાગ.પુરા.૧૦/૨૭/૩૮) અને આચાર્યચરણ આજ્ઞા કરે છે **''સ્વસ્કન્ધમેવ આરુહ્યતામ્ ઈતિ. સએવ અત્યન્તં નટવટુઃ યઃ સ્વસ્કન્ધમ્ આરુહ્ય નરીનર્તિ.''** (સુબો.૧૦/૨૭/૩૯) તમે જો તમારા ખંભાપર ચઢીને નાચી શકતા હો તો આ વખતે અમે તમને એલાઉ કરશું કે તમે રસાભિનય કરો પરંતુ અત્યારે અમારો તો ગાવાનો મૂડ છે. ગાયન સાંભળવાનો મૂડ નથી. અત્યારે અમારો અભિનય કરવાનો મૂડ છે, અનુભવનો મૂડ નથી. પ્રભુ ચાહે તો કરી શકે છે અને રામાવતારમાં પ્રભુએ વિપ્રયોગાનુભવ કર્યો છે. એવો કર્યો છે કે કોઈ નહીં કરી શકે.

હું સમજું કે વન હતું અને લક્ષ્મણ હતા અને કોઈ સાથે હતું નહીં, તો રામે એક એક વૃક્ષ અને લતાઓને પૂછવાની કાતરતા બતાવી પરંતુ અયોધ્યામાં તો એ કાતરતા પણ નહીં દેખાડી શક્યા હોય! એ કરુણતાનો ક્યારેક મનપર ખ્યાલ લાવો કે સીતાને મોકલી દીધા અને એક આંસૂ પણ ટપકાવી ન શક્યા! કેટલી કરુણ સ્થિતિ એ વખતે એમણે અનુભવ કરી હશે! એ કરુણતાનો આપણને અનુભવ થઈ શકે? વનમાં તો આપણને એ કરુણતાનો સહારો મળી ગયો કે વૃક્ષ લતાઓની સામે કાતર થઈ થઈ ને પૂછી લીધું. રોઈ લીધું તો કદાચ

હ્રદય થોડુંક હલ્કું થઈ જાય પરંતુ જ્યાં એક આંસૂ ન ટપક્યું, એક અશ્રુ ન ટપક્યું અને એકદમ રાજ્યોચિત મર્યાદામાં આજ્ઞા કરી દીધી અને એ વખતે તો કદાચ સીતાજી નવોઢા હતા, આ વખતે તો સગર્ભા હતા તો પણ મોકલી દીધા. કેટલી મોટી કરુણતા થઈ હશે! એક આંસૂ નહીં, એક ઉફ પણ શ્રીરામના મોઢામાંથી ન નીકળી, કેટલા મોટા વિપ્રયોગનો અનુભવ કર્યો હશે! પરંતુ એ બધા વિપ્રયોગના અનુભવ પછી પણ કોઈ જાતની એમાં ન્યૂનતા નથી. પ્રભુ ચાહે તો વિપ્રયોગાનુભવ કરી શકે છે, નથી કરી શકતા એવી વાત નથી. હવે પ્રશ્ન એ થાય કે વિપ્રયોગાનુભવ કોનો થાય? જ્યારે પોતાનો પ્રિય પોતાને ન દેખાય તો આપણને વિપ્રયોગ થાય. ભગવાન્ તો સર્વજ્ઞ છે. એમનાથી કોઈ વસ્તુ છૂપાઈ કેવીરીતે શકે કે એમને વિપ્રયોગ થાય! ભગવાન્ સર્વજ્ઞ છે એટલા માટે ગોપિઓ ઈચ્છે કે છૂપાઈ જાય તો પણ છૂપાઈ નહીં શકે. એટલા માટે કહે છે કે પ્રભુની વિપ્રયોગાનુભવ માટે તૈયારી નથી. આથી શ્રીગુસાંઈજી સમાધાન આપે છે કે સર્વજ્ઞ હોવા છતાં પણ પ્રભુ જો ઈચ્છે તો અજ્ઞ બનીને રોઈ શકે છે, કાતર બની શકે છે, જેમ રામાવતારમાં થયા. અરે! જ્યારે માખણને માટે રોઈ શકે છે, જ્યારે આપ્તકામ માખણને માટે રોઈ શકે છે, તો પોતાની પ્રિયાઓના છૂપાઈ જવામાં રોઈ ન શકે શું! આનંદથી રોઈ શકે છે, પરંતુ અત્યારે તૈયારી નથી. મૂડ અત્યારે રોવાનો નથી રોવડાવવાનો છે તો શું ઉપાય? જેવો મૂડ એવી વાત.

### (અવજ્ઞા : દપ્તા કેશવમ્ અબ્રવીત)

આચાર્યચરણ ત્યાં કહે છે **સએવ અત્યન્તં નટવટુઃ યઃ સ્વસ્કન્ધમ્ આરુહ્ય નરીનર્તિ. અશક્યં હિ ઉપદિશતિ, પ્રાર્થિતં તથા ઈતિ.** શ્રીગુસાંઈજી કહે છે **''વસ્તુતસ્તુ મહારસનિધાનં તેન રસોદ્દીપકમ્ ઈતિ ઉક્તં ભવતિ. 'એતાદશે વને મદ્‌વિયોગેન માં વિચિન્વન્ યદિ પ્રિયો ભવતિ તદા કીદશો રસઃ સ્યાદ્' ઈતિ આશયેન અબ્રવીત્. અતએવ દપ્તાત્વમ્ ઉક્તમ્''** (ટિપ્પણી.૧૦/૨૭/૩૭). સ્વામિનીની આ ઈચ્છા થઈ કે હું છૂપાઈ જાઉં જેમ તેઓ બધાની આગળથી છૂપાઈ ગયા, આવી રીતે મને કોઈ મોકો મળે તો છૂપાઈ જઉં આમની આગળથી અને એ શોધતા હોય, તો આનંદ આવી જાય. એટલા માટે થોડોક દર્પ આવ્યો અને રસાનુભવની તીવ્રતાના કારણે રસાભિનયમાં એ પ્રકટ થવા

લાગ્યો. એથીજ શ્રીગુસાંઈજી કહે છે **"નહિ પૂર્ણજ્ઞાનશક્તેઃ અવિષયઃ કોઽપિ ભવિતું શક્નોતિ. યદ્યપિ વિરુદ્ધસર્વધર્માશ્રયત્વેન રસાત્મકત્વેન ચ જાનન્નેવ અજાનન્નપિ ભવિતું શક્નોતિ ઇત્યેવમ્ ઉત્તરં ન સમ્ભવતિ, તથાપિ અત્ર અતિપ્રીતિવિષયત્વેન "તં ધર્મં પ્રકટયિતું ન પારયે" ઇતિ ભગવદાશયજ્ઞાપનાય 'પ્રિયા'પદમ્ ઉક્તમ્"** (ટિપ્પણી.૩૮). હવે છૂપાઇ ન શકે અને સ્વામિનીના હૃદયમાં આવો ભાવ જાગ્યો કે હું છૂપાઉં અને પ્રભુ શોધે તો તે સંભવ ન હતું પરંતુ કહે કે પૂર્ણ જ્ઞાનશક્તિ હોવાના કારણે આ તો સંભવ નથી તો પણ પ્રભુ તો વિરુદ્ધધર્માશ્રય છે. ચાહે તો પૂર્ણજ્ઞાન શક્તિમાન હોવા છતાં પણ, આપ્તકામ હોવા છતાં પણ જેમ માખણને માટે રોયા છે, આવા પૂર્ણજ્ઞાન શક્તિમાન હોવા છતાં સ્વામિનીને શોધતા શોધતા રોવે, તો કેમ ન રોઇ શકે! તો કહે છે **"તથાપિ અત્ર અતિપ્રીતિવિષયત્વેન 'તં ધર્મં પ્રકટયિતું ન પારયે"** (ટિપ્પણી.૩૮). તમે પ્રિયા છો અને હું જુદો પડવા નથી માગતો બીજી કોઇ વાત નથી. તમે પ્રિયા છો અને હું તમારાથી જુદોપડવા નથી માગતો, એટલા માટે મારી આગળથી હું તમને છૂપાવા નહીં દઉં. પહેલા હું છૂપાઇને જોઉં. એટલા માટે કહે છે **" 'પ્રિયાત્વાત્ મમ અશક્યં ભવત્યાઃ તિરોધાનં, તત્સામર્થ્યાભાવાદ્ ભવત્યાઃ સ્વતસ્તિરોધાનં તથા' ઇતિ ભાવઃ"** (ટિપ્પણી.૧૦/૨૭/૩૮). પ્રિયા જે પ્રાર્થના કરી રહી છે એ આપવું જોઇએ પરંતુ અત્યારે જે મારો મૂડ છે, એમાં મારા માટે પણ અશક્ય બની ગયું છે, પ્રભુ કહી રહ્યા છે, એટલા માટે આપી નથી શકતો.

### (સ્તુતિનો હેતુ)

**"અસ્યાં દશાયાં હૃદિ પ્રકટઃ સન્નેવ આનન્દાત્મકતદ્રસપોષકો યતઃ ઇત્યર્થઃ"** (ટિ.૩૮). તો આ અપરાધ અને અવજ્ઞા એ બધું ભગવદિચ્છાથી જ ભગવદ્રસાનુભૂતિની તીવ્રતાના કારણે જ પ્રકટ થયા છે. આ કોઇ લૌકિક અપરાધ કે લૌકિક અવજ્ઞા નથી. આ બધી લીલામાં આ અવજ્ઞાનો પણ એક રોલ છે અને લીલામાં આ અપરાધનો પણ એક રોલ છે એટલા માટે શ્રીમત્પ્રભુચરણ કહે છે **"અસ્માન્ યદિ પ્રાર્થયિષ્યતિ તદા રસં દાસ્યામ્."** (ટિ.કા.૧) જો ભગવાન્ અમારી પ્રાર્થના કરે, ભગવાન્ અમારી ચાટુકારિતા કરે, એમને એવું જે ક્યારેક માન જાગ્યું, તો તે વખતે પ્રભુએ એમની અવજ્ઞા માની. એ અવજ્ઞા માનીને તિરોહિત થયા. **અવજ્ઞયા અપ્રસાદે સ્તોત્રેણ પ્રસાદો**

**ભવિષ્યતીતિ તથા ઈતિ ભાવઃ.** તો વ્રજભક્તોમાં આ ભાવ જાગ્યો, આ પ્રકારની અમે અવજ્ઞા કરી, તેથી અપ્રસન્ન થઈને તિરોહિત થયા, હવે સ્તુતિ કરશું તો પ્રસન્ન થઈને પ્રકટ થઈ જશે. આ અપરાધના કારણે સ્તુતિ છે આ સ્તુતિનો હેતુ છે.

**(રસસ્વભાવથી અપરાધ અને સ્તુતિ)**

**યદ્વા સ્વભાવાદ્ રસસ્વભાવાદ્ યો અપરાધઃ ઈતિ અગ્રે પૂર્વવત્** (ટિ.). હવે **સ્વભાવાદ્ અપરાધતઃ**નો એક અર્થ આ પણ થઈ શકે છે કે અપરાધ સ્વભાવના કારણે થયો છે અને સ્વભાવ કયો? રસનો સ્વભાવ. રસનો સ્વભાવ છે કે અભિનયની તીવ્રતા અનુભવ કરતા કરતા અભિનય પ્રકટ થવા લાગી જાય. **સ્તોત્રમ ઈતિ ગાનવિશેષેણમ્, તથા ચ સ્તોત્રરૂપં ગાનં ચક્રુઃ ઈત્યર્થઃ**(ટિ.). સ્તોત્ર એક ગાનવિશેષ છે. પ્રભુને પ્રસન્ન કરવામાટે, એમણે આ સ્તોત્રગાન કર્યું. **અગ્રે ગુણકથનં ભાવવૈજાત્યજ્ઞાપનાર્થમ્ ઈતિ જ્ઞેયમ્**(ટિ.). અર્થાત્ ગુણકથન કર્યું. કોઈ સાત્ત્વિકી છે કોઈ રાજસી છે કોઈ તામસી છે. આ કેમ ગણાવી રહ્યા છે? આચાર્યચરણ આમ જે કહે છે **રાજસી તામસી ચૈવ સાત્ત્વિકી નિર્ગુણા...** તો આ ભાવવૈજાત્ય છે. નહીંતર ગોપિકાઓમાં ગુણવૈજાત્ય કેમ આવ્યું જો ભાવવૈજાત્ય નથી? આગળ ગુણનું કથન અને ભાવવૈજાત્યનું કારણ બતાવવા માટે ગુણનું નિરૂપણ આચાર્યચરણે કર્યું છે. હવે અહીં આ વાત પ્રકટ થઈ કે પ્રભુને પ્રસન્ન કરવા માટે તો ગોપીગીત ગાયું અને એમાં પણ પાછી ગાળો જ આપી છે. આનો શું સંબંધ છે? આ ગાળોથી શું પ્રભુ પ્રસન્ન થઈ જશે?. ગાલિબ કહે છે **"ઉસે બેરહમ કહનેસે વો મુઝપે મેહરબાન ક્યૂં હો?"** કોઈને ઘડીએ ઘડીએ જઈને નિર્દય છે, નિર્દય છે, કહેવાથી શું એ દયાળુ થઈ જશે! અરે! વધારે ગુસ્સે થઈ જશે. જો કોઈ નિર્દય પણ હોય અને એની સામે જઈને તમે કહો કે તમે બહુ નિર્દયતા કરી રહ્યા છો, તો આ પ્રકારની સ્તુતિથી તો દયાનો થોડોઘણો પણ અવકાશ હશે તો લોપ થઈ જશે. તો એટલા માટે આ પ્રકારે કુહક કહેવો અને કિતવ કહેવો, આ બધાનો શું સંબંધ છે? અપરાધના કારણે. તો કહી રહ્યા છે કે આમાં પાછો એક હેતુ બીજો છે અને એ હેતુ છે **નનુ "તદાગમનકાંક્ષયા જગુઃ" ઈતિ વચનાદ્ યથા માનેન અપરાધાદ્ ગતઃ** (ટિ.). ભગવાન્ પધારશે આ આકાંક્ષામાં એમણે ગાવાનું શરુ કર્યું. તો

ગયા કેમ? પધાર્યા કેમ? તિરોહિત કેમ થયા? અપ્રકટ કેમ થયા? જે માનને કારણે. હવે પ્રકટ કેવીરીતે થશે? જો સ્તોત્રના કારણે સંતુષ્ટ થઈને પ્રકટ થઈ જશે. ત્યારે પછી સ્તુતિમાં જ ગાલી-ગલૌચની આ બધી સ્થિતિ કેમ? આવો યશ કેમ ગાયો કે તમે નિર્દય છો, તમે ક્રૂર છો. તો કહી રહ્યા છે **સ્તુતિઃ હિ યથાધિકારં ભવતિ** (ટિ.). દરેક વ્યક્તિ સ્તુતિ પોતાના અધિકારાનુસાર કરે છે. દરેક વ્યક્તિ પોતાના અધિકાર અનુરૂપ સ્તુતિ કરી શકે છે. **એતાસામ્ એતાદશએવ અધિકારો યેન 'કુહક'-'કિતવા'દિવચનાનામપિ સ્તુતિત્વમ્** (ટિ.). આ ભક્તોનો અધિકાર એવો છે કે આ ઠાકોરજીને બે-ચાર ગાળો આપે તો એમને મજા આવે કે હવે પડી ગાળ મજેદાર. આ ખરેખર ક્યાંક દીન બની જાય તો ઠાકોરજીનો મૂડ ખતમ. હવે આ પોત પોતાનો અધિકાર છે.

**(ગાળની મિઠાસ)**

અમે કનિકાકા કે દાદાજી ની ગાળો ન ખાતા તો દિવસ ખાલી જતો. એમનો અધિકાર હતો ગાળો આપવાનો. તેઓ આશીર્વાદ આપતા તો એ સ્વાદ ન આવતો જે સ્વાદ ગાળો ખાઈને આવતો. એકાદ એવી તમતમતી ગાળ પડતી તો સ્વાદ સ્વાદ થઈ જતું, જનમ સુધરી જતો. કેમકે એમની ગાળમાં એ મીઠાસ હતી, એ સ્વાદ હતો. બીજો કોઈ ગાળ આપે તો નારાજ પણ થઈ જઈએ, દિલમાં ખૂંચી જાય, વરસો સુધી ભૂલીએ નહીં કે ગાળ આપી હતી. મોટા મંદિરમાં આ બે વ્યક્તિ એવા હતા, એક તો કનિકાકા અને એક દાદાજી જેમની ગાળોની મજા આવતી. ખીજાવીને ગાળ ખાવી જીવનનો ઉત્તમોત્તમ અનુભવ હતો. તો આ ગોપિકાઓનો સ્વભાવ એવો છે કે આ પ્રકારથી છૂપાઈને, થોડા અપ્રકટ થઈને, આને ચિઢાવીને બે-ચાર ગાળ પ્રભુ ખાઈ લે તો પ્રભુને પણ સંતોષ થાય કે આજે દિવસ સારો ગયો. એકાદ ગાળ પડી ગઈ જોરદાર. આ એમનો અધિકાર છે પરંતુ દરેક માણસ એનું અનુસરણ કરીને ગાળ આપે તો એ એમને ખરાબ લાગી જાય. આ પોત-પોતાનો અધિકાર છે. મતલબ કે આમની ગાળ ગાળ નથી, આમની ગાળ સ્તુતિ છે. બીજાની સ્તુતિ પણ હોય તો ગાળ બની જાય આ અનધિકાર ચેષ્ટા કરે તો. એટલા માટે કહે છે **એતાસામ્ એતાદશએવ અધિકારો યેન 'કુહક'-'કિતવા'દિવચનાનામપિ સ્તુતિત્વમ્** (ટિ.) આ ગાળો છે અને પ્રભુ માને કે ચાલો આજે સારી સ્તુતિ કરી. જેમ કુંભનદાસજીએ કહ્યું કે નહીં! ત્યાં ''ચલેગો કિ મૂંડ કટવાયેગો?''

શ્રીનાથજીને ગાળ આપી કે નહીં? શ્રીનાથજી પ્રસન્ન થઇ ગયા. **અન્યથાગ્રે તથાનુવદિષ્યન્ "તદાગમનકાંક્ષયા જગુઃ" ઇતિ ન વદેત્** (ટિ.). આમણે જે ગાળ આપી છે, એ ગાળ પણ પ્રભુને પ્રકટ કરવામાટે આપી છે. પ્રભુ જ્યારે પ્રકટ થયા છે, તો એ આમણે બે-ચાર ગાળો આપી સરખી રીતે ખેંચી-ખેંચીને એટલા માટે પ્રભુ પ્રકટ થયા છે. એ નરમાઈથી સ્તુતિ કરી દેત તો પ્રભુનો મૂડ ખરાબ થઈ જાત. આજે તો દિવસ સારો ન ગયો, ઠંડો ગયો. દાદાજી ઘણી વખત અમને ઓળખી જતા કે જાણીજોઇને છેડી રહ્યો છું, ગાળ ખાવામાટે તો કહી દેતા કે "તું દુષ્ટ છે, બદમાશી કરે છે." તો એ દિવસે અમારો પણ મૂડ બગડી જતો જ્યારે ગાળ ન પડતી. જે દિવસે ન ઓળખી શકતા અને આપણે કોઈ એવી ચુભતી કહી આવતા બસ ગાળોનો વરસાદ શરુ થઈ જતો અને અમારું ચિત્ત પ્રસન્ન થઈ જતું. ક્યારેક ક્યારેક ઓળખી જતા દાદાજી કે જાણીજોઇને છેડી રહ્યો છું. બદમાશી કરી રહ્યો છું. તો કહેતા "ગાળ ખાવામાટે કરી રહ્યો છું." એવી એવી કહેતા કે ત્રાહિ ત્રાહિ થઇ જતું. "અરે! તારી બુદ્ધિ કેમ ભ્રષ્ટ થઈ. તારા ઉપર પાણા પડે." એક દિવસ દાદાજીએ આગળ જઈને કહ્યું "મારી તો એવી ઈચ્છા થાય છે કે ભણવા-બણવાનું છોડીને હવે બસ તબલા વગાડું." તો એવા ગરમ થયા કે ત્રાહિ ત્રાહિ થઈ ગયું. "અરે! તબલા વગાડશે! આ જ કરમ રહી ગયું છે બાકી તારી જીંદગીમાં!" બહુજ મજા આવી જતી. લાલ થઈ જતા આખાય. એ ગાળનો એક સ્વાદ હતો. એ ગાળની મિઠાસ દરેકના મોઢામાં નથી.

### (વ્રજપતિનો વિલક્ષણ મૂડ)

એટલા માટે યથાધિકાર કહે છે. **ન હ્યેવં બ્રહ્માદિભિરપિ વક્તું શક્યમ્** (ટિ.). બ્રહ્મા આ વાતની, આવી ગાળની કલ્પના કરી શકે? વિચારીએ તો બ્રહ્માજીને ગભરાટ થઈ જાય, કે આવી ગાળ આપી કેવીરીતે શકે છે! **"હિહીહીહીંકારાન્ પ્રતિપશુ વને કુર્વતિ સદા નમદ્બ્રહ્મેશેન્દ્રપ્રભૃતિષુ ચ મૌનં ધૃતવતિ મૃગાક્ષીભિઃ સ્વેક્ષાનવકુવલયૈઃ અર્ચિતપદે રતિપ્રાદુર્ભાવો ભવતુ સતતં શ્રીપરિવૃઢે"** (પરિવૃઢાષ્ટક.૩). ગાયોના વિષે જે એ ગોવાળીયા હીં-હીં કરીને એ ગાયોને ચરાવે એમ ફરતા ફરે. બ્રહ્મા બિચારા સ્તુતિ કરતા હોય, એમની તરફ દૃષ્ટિ પણ ન જાય એવો કોઈ વિલક્ષણ મૂડ જે વખતે વ્રજમાં ઠાકોરજીનો જોયો, તો મતિ ચકરાવે ચડી જાય. બ્રહ્મા જે સ્તુતિ કરી રહ્યા છે એના તરફ

દષ્ટિ પણ નહીં અને જે ગાયો છે એ તો સ્તુતિ નથી કરી શકતી કેમ કે પશુ છે, એમની પાછળ હીં-હીં કરીને દોડી રહ્યા છે ત્યાં. આ કેવો મૂડ છે! આ પોત-પોતાના અધિકારની વાત છે.

**તથા ચ સ્વસ્વભાવોદ્‌ગિરણે તચ્છ્રવણેન પ્રભોઃ પરમસન્તોષ ઈતિ 'તાસાં ભાવએવ નિરૂપ્યતે' ઈત્યર્થઃ** (ટિ.). પ્રભુને સ્તુતિનો સંતોષ નથી. આ શબ્દ ન કહ્યા હોત  અને કોઈ બીજા શબ્દ કહ્યા હોત તો પણ વાત એની એજ થાત પરંતુ અહીં સ્વભાવ પ્રકટ થઈ ગયો. સ્વભાવનું ઉદ્‌ગિરણ થઈ ગયું જેમ માણસને પચે નહીં અને ઉલ્ટી થઈ જાય. બહુ ગરિષ્ઠ ખાઈ લીધું અને એ પચે નહીં અને ઉલ્ટી થઈ જાય એ ઉદ્‌ગિરણ. આવો જે એમનો સ્વભાવ છે, એનો એવો અતિરેક થયો કે એમનાથી રહેવાય નહીં, એ સ્વભાવ પ્રકટ થઈ ગયો. ઉદ્‌ગિરણ થઈ ગયું. એ જે વખતે ઉદ્‌ગિરણ થઈ જાય ત્યારે પરમ સંતોષ થઈ જાય. જ્યારે સ્વભાવ માણસનો ઝલકી જાય એ પણ ક્યારે? જ્યારે ગભરાયેલી પરિસ્થિતિમાં. માણસ જેમ કાબૂ કરી રહ્યો હોય ખૂબ પરંતુ અચાનક એ સ્વભાવ પ્રકટ થઈ જાય. ત્યારે એના સ્વભાવના પ્રાકટ્યનો આનંદ સામાન્યતયા રુટીનમાં કોઈ માણસ કામ કરતો હોય, એને એ આનંદ ન મળે. જેમ એક માણસ ક્રોધી છે અને ક્રોધને બહુ કાબૂમાં રાખીને બેઠો હોય. હવે એ કોઈ એવી પરિસ્થિતિ એને ઉશ્કેરતી જાય અને એકાએક એના ક્રોધનો વિસ્ફોટ થઈ જાય, તો એ ક્રોધની મજા આવશે, એવી સામાન્યમાં મજા નહીં આવે. જેમ કોઈનો હસવાનો સ્વભાવ છે અને ખૂબ કાબૂ રાખે પોતાની જાતપર, પરંતુ એકાએક એ હસવાનો સ્વભાવ ફૂટી જ જાય કોઈ વખત તો એ હસવાના જેવું હસવું સામાન્ય સ્થિતિમાં નહીં આવે.

**(સ્વભાવોદ્‌ગિરણ)**

એક મહારાજની શોકસભામાં અમે માધવબાગમાં ગયા. હવે એક શાસ્ત્રીનો દિકરો શોકસભામાં આવીને બોલ્યો. એને પ્રવચન કરવાની વચ્ચે ઉંઉંઉં... કરવાની આદત હતી. એ પ્રવચન કરે "...મહારાજ મારા ઉપર બહુજ કૃપા રાખતા હતા ઉંઉંઉં..." હવે હું વિચારું કે શોકસભામાં વચમાં આ ઉંઉંઉં... શું થઈ રહ્યું છે! બહુ વિચિત્ર વાત છે. હવે એ વખતે બાળપણ હતું, બહુ કોશિશ કરી પોતાની જાતપર કાબૂ રાખવાની, કે ભાઈ! શોકસભા છે

ગંભીર ચહેરો કરીને બેસવું જોઈએ. બહુજ ગંભીર ચહેરો રાખીને બેઠો. હવે મેં વિચાર્યું કે જોઉં દાદાજી ઉપર કેવો પ્રભાવ પડી રહ્યો છે? દાદાજીની દાઢી વધેલી હતી અને એકદમ ગંભીર ચહેરો લાલ થઈ રહ્યો હતો, ખાલી ફાંદ હસવાના કારણે હલી રહી હતી. હવે એ દશ્ય જોઈને મારાથી રહેવાયું જ નહીં, ચાલૂ શોકસભામાં હું ઠહાકા લગાવીને હંસી પડ્યો. હવે દાદાજી મારાપર ચિઢાય કે ''ચાલૂ શોકસભામાં હસે છે, તને શરમ નથી આવતી.'' મેં કહ્યું કે ''આપનો ચહેરો એકદમ ગંભીર, ખાલી ફાંદ હલી રહી હતી હસવાના કારણે.'' તો દાદાજીએ કહ્યું કે ''ચહેરાપર કોઈ ભાવ હતો?'' તો મેં કહ્યું ''ચહેરાપર ભાવ હોત તો હસવુ ન આવત. જેટલો આપે કાબૂ કરી રાખ્યો હતો અને ચહેરો ગંભીર બનાવીને ખાલી ફાંદ હલાવી રહ્યા હતા, તેથી હંસી ત્યાં ફૂટી જ ગઈ.'' હવે એમની હંસી મને આજસુધી આવે છે કે કેવી હંસી હતી. જીવનમાં સેંકડો વખત હસ્યો હોઈશ પરંતુ એવી હંસી જે ફૂટી, એની હંસી મને આજ સુધી યાદ આવે છે. તો ફૂટી જાય સ્વભાવથી, ઉદ્ગિરણ થઈ જાય, એનો એક અલગ આનંદ છે. જે રુટીનમાં સ્વભાવ ચાલે એનો એક અલગ આનંદ છે. હવે પોતાના ઉપર બહુજ સંયમ કરી રહ્યા છીએ, સંતોષ કરી રહ્યા છીએ, કાબૂ કરી રહ્યા છીએ અને સ્તુતિ કરવા જઈએ પરંતુ ગાળનો સ્વભાવ એકાદ વખત ફૂટી જાય તો એવો આનંદ સામાન્ય દશામાં ન આવે.

### (તચ્છ્રવણેન પ્રભોઃ પરમસન્તોષઃ)

શ્રીગુસાંઇજીએ કેવીરીતે સ્વભાવને પકડ્યો છે એ તમે જુઓ. **તથા ચ સ્વસ્વભાવોદ્ગિરણે તચ્છ્રવણેન પ્રભોઃ પરમસન્તોષ ઈતિ** (ટિ.). બધી સ્તુતિ કરી રહી છે. બધાના મનમાં આ છે કે કથંચિત સ્તુતિ કરીને પ્રકટ કરીએ. સ્તુતિ કરવા બેઠા અને એ સ્વભાવના કારણે એકાએક જોરમારીને એકાદ ગાળ નિકળી જાય, તો પ્રભુને પણ આનંદ થઈ જાય કે આ ફૂટ્યો સ્વભાવ. એ સ્વભાવ ફૂટ્યો તો જે એની પ્રસન્નતા છે, એ પરમ સંતોષ પ્રભુને થાય છે. કદાચ એજ સંતોષના કારણે પ્રભુ પ્રકટ થઈ જાય કે હવે તો પ્રકટ થવું પડશે. કદાચ હસી આવી ગઈ હશે પ્રભુને પ્રકટ થતા પહેલાં. ત્યાં આવ્યું છે કે પ્રભુ હસતા હસતા પ્રકટ થયા. એકાદ ગાળ સાંભળીને પ્રભુથી પણ નહીં રહેવાયું હોય. પ્રકટ થયા પહેલાં પ્રભુને પણ હસી આવી રહી હશે કે જુઓ પડી ગાળ અને એમનાથી

રહેવાયું નહીં હોય અને પ્રકટ થઇ ગયા.

**વિપક્ષે બાધકમ્ આહુઃ 'અન્યથા'ઇતિ. યદિ અન્યસ્તુતિવદ્ અત્રાપિ સ્તુતિત્વમેવ સ્યાત્ ન ભાવમાત્રનિરૂપણં, તદોપાલમ્ભાદિપ્રકારૈઃ અનેકરૂપતા સ્તુતૌ ન સમ્ભવતીતિ સા ન ઉચ્યેત ઇત્યર્થઃ** (ટિ.). કેવળ વગર ભાવથી, ભાવહીન આ સ્તુતિ હોત, તો એમાં સ્વભાવ પૂરો ન આવત. આ ભાવહીન સ્તુતિ નથી. ભાવસહિત સ્તુતિ છે. એટલા માટે આ ભાવમાં સ્વભાવ જોડાઇ ગયો છે. એટલા માટે કોઈએ ઉપાલંભ દીધો કોઈએ ગાળ દીધી કોઈએ પ્રાર્થના કરી જેનો જેવો સ્વભાવ, એવો એવો સ્વભાવ સ્તુતિમાં પ્રકટ થયો છે. આ વિવિધ વિવિધ સ્વભાવ પ્રકટ થયા છે સ્તુતિમાં, આ આ વાતનો હેતુ છે કે આ ફક્ત ભાવહીન સ્તુતિ નથી, આ ફક્ત કોઇ જાતની બૌદ્ધિક સ્તુતિ નથી પરંતુ આ ફક્ત ઉચ્છલિત સ્તુતિ છે. જો ગણના કરી હોત તો જેમ આપણે ઓફિસમાં જઈએ અને કોઇ ઓફિસરને ખુશ કરવામાટે ખોટી ચાપલૂસી કરીએ, તો આપણે પૂરી ગણત્રી કરીને એક-એક શબ્દ બોલીએ. એકાદ શબ્દ પણ મોઢામાંથી એવો ન નિકળી જાય કે જેથી ઓફિસર નારાજ થઇ જાય. કેમકે એમાં આપણો ભાવ નથી, એનીપાસે માત્ર આપણું કામ કઢાવવા માગીએ. એમ ગોપિકાઓને પ્રભુપાસેથી કોઇ કામ નથી કઢાવવું. પોતાના સ્વભાવના ઉચ્છલનમાં કરવામાં આવેલી સ્તુતિ છે. એટલા માટે આમાં ભાવ છે. ભાવ છે કેમકે સ્વભાવથી ઉચ્છલિત છે. એટલા માટે આ સ્તુતિમાં ભાવપ્રવણતા છે ભાવાત્મકતા છે આ વાત બતાવી શ્રીગુસાંઇજીની ટિપ્પણીએ.

***

## ॥ શ્લોક : ૨ ॥

**ઉત્થાનિકા :**

**એવં સ્વદૈન્ય-અનૌચિત્યાદિનિરૂપણેન તસ્યા રાજસત્વં નિરૂપિતમ્. તામસી તુ વધાભાવં પ્રાર્થયિતુમ્ અદર્શનસ્ય બાધસાધકત્વમ્ આહ શરદુદાશયે ઈતિ :**

**વિવરણમ્ :**

**એવં સ્વદૈન્ય-અનૌચિત્યાદિનિરૂપણેન તસ્યા રાજસત્વં નિરૂપિતમ્.** પહેલી ગોપી રાજસી હતી. રાજસ સ્વભાવના કારણે, પ્રભુ પ્રકટ થાય એવી પ્રાર્થના કરવાના બદલે એણે બીજી પણ વિનીત પ્રાર્થના એક વખત વધારે કરી. પ્રકટ થાવ કે ન થાવ પરંતુ એક વખત જૂઓ તો ખરા. એક બાજુ આવી વિનીત ભાવના પ્રકટ કરી અને બીજી બાજુ પ્રભુનું અનૌચિત્ય બતાવ્યું **"દયિત દશ્યતામ્ દિક્ષુ તાવકા સ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે"** એટલે કે પ્રકટ ન થવું તમારું અનુચિત છે, આવો પણ મોઢેથી ભાવ પ્રકટ થઈ ગયો. કેમકે રાજસ છે ને! રાજસ હોવાના કારણે મનની સ્થિતિ એની ચંચલ છે થોડો વિનય કરવા જાય, થોડો અવિનય થઈ જાય. પાછો થોડોક વિનય કરવા જાય તો થોડોક અવિનય થઈ જાય તો થોડોક એક વિલક્ષણ પ્રકારનો એના બોલવામાં, એક જાતનું જેમ લોલક ક્યારેક આમ જાય ક્યારેક આમ જાય, એવી ચંચલતા એની વાણીમાં અને એના ભાવમાં આવે છે કેમકે ગોપી રાજસ છે.

### (તામસભાવથી પ્રાર્થના : કિં વધો ન!)

હવે આ બીજી ગોપી તામસી છે. કરી તો પ્રાર્થના રહી છે પરંતુ એકદમ પત્થરના રૂપમાં. એટલે કે પ્રાર્થના શું કરી રહી છે આક્ષેપ જ લગાવી રહી છે. શું કહે કે **તામસી તુ વધાભાવં પ્રાર્થયિતુમ્ અદર્શનસ્ય વધસાધકત્વમ્ આહ શરદુદાશય ઈતિ.**

**શ્લોક :**

**શરદુદાશયે સાધુજાતસત્સરસિજોદરશ્રીમુષા દશા ।**
**સુરતનાથતે શુલ્કદાસિકા વરદ!નિઘ્નતો નેહ કિં વધઃ ॥૨॥**

સુબોધિની :

શરત્કાલીનો યો અયમ્ ઉદાશયઃ પુષ્કરિણી, તત્ર સાધુ સમ્યક્ પ્રકારેણ જાતં યત્ સરસિજં કમલં તદન્તર્વતિની યા શ્રીઃ, તામપિ મુષ્ણાતિ ઈતિ તાદગ્રૂપયા દશા દૃષ્ટયા, હે વરદ!, યો નિહન્તિ તસ્ય કિં વધો ન!, અપિ તુ વધદોષો ભવત્યેવ. યેનૈવ સાધનેન પરસ્ય પ્રાણા ગચ્છન્તિ તત્સમ્પાદનસાધકો ઘાતકઃ દોષભાગ્ભવતિ. અનેન ભગવદ્દૃષ્ટિઃ સર્વઘાતુકા નિરૂપિતા, ''આયુઃ મનાંસિ ચ દશા સહ ઓજ આચ્છિદ્'' ઈતિ વાક્યાત્. તથા અસ્માનપિ પ્રાયેણ ક્રૂરદૃષ્ટ્યા પશ્યસિ, અન્યથા કથં પ્રાણબાધા સ્યાત્? રૂપં તુ આનન્દમયમિતિ તદ્દૃષ્ટૌ તદેવ જીવયેદ્, અતઃ તદભાવાત્ કેવલં ઘાતયસ્યેવ. કિંચ ન વયં વધાર્હાઃ યતો દાસિકાઃ કુત્સિતા દાસ્યઃ, નહિ સ્ત્રિયઃ અપ્રયોજિકાશ્ચ હન્યન્તે.

કિંચ વયં શુલ્કદાસિકાઃ, ત્વં ચ સુરતનાથઃ, સર્વપુરુષાર્થસાધકત્વેન તવ સમ્બોધનાનિ યથાધિકારં નિયતાનિ. યથા ધર્મમાર્ગે હે ધર્મપાલક! હે બ્રહ્મણ્ય! હે યજ્ઞેશ્વર! ઈત્યાદીનિ, અર્થે હે લક્ષ્મીપતે!, હે સર્વસિદ્ધિદ! ઈત્યાદીનિ, તથા મોક્ષે હે મુકુન્દ! હે યોગેશ્વર! હે જ્ઞાનનિધે! ઈત્યાદિની ધર્માર્થમોક્ષાર્થિભિઃ ઉચ્યન્તે. એવમ્ અસ્માભિરપિ સુરતનાથ! ઈતિ ઉચ્યતે. સુરતં સમ્ભોગઃ જગતિ યાવાન્ અસ્તિ તસ્ય ભવાન્ નાથઃ, ત્વદાજ્ઞાવ્યતિરેકેણ સુરતં જગતિ ન પ્રવર્તતે. અતો બ્રહ્મણા કામેન વા લોકે સુરતપ્રવૃત્ત્યર્થં વયં શુલ્કરૂપા દાસિકા દત્તાઃ. શુલ્કં માર્ગનિર્વાહકં દ્રવ્યં પ્રતિબન્ધનિવર્તકમ્. સુરતં ચેદ્ ભગવત્યેવ નિરુદ્ધં તિષ્ઠેત્ તદા લોકે રસો ન ભવિષ્યતીતિ અસ્મદ્દ્વારા ત્વત્તઃ તલ્લોકે પ્રસૃતં ભવત્વિતિ વયમ્ આગતાઃ. તત્ કાર્યં દૂરતએવ સ્થિતં, પ્રત્યુત અસ્માન્ મારયસિ. એવં સતિ સર્વમેવ કામશાસ્ત્રં વ્યર્થં સ્યાત્ તૃતીયઃ પુરુષાર્થશ્ચ ન ભવેત્. અતઃ સર્વથા યદર્થં વયં પ્રેષિતાઃ તત્કર્તવ્યમ્. અથવા યદાકદાચિત્ કર્તવ્યમ્, ઈદાનીં જીવયિતવ્યા રૂપપ્રાકટ્યેન.

દશો મારકત્વમ્ ઉપપાદયન્તિ શ્રીમુષા...ઈતિ. યસ્તુ ચોરો ભવતિ સ ઘાતકોઽપિ ભવતિ, યથા યથા ચૌર્યે નૈપુણ્યં તથા તથા ઘાતકત્વમ્. તદર્થમ્ આહુઃ ઉદરશ્રીમુષા ઈતિ. તત્રાપિ દુર્ગજાતાઃ તે અતિનિપુણાઃ, તત્રાપિ જલદુર્ગજાઃ. તત્સરસિજમ્. તત્રાપિ તે દુર્ગએવ તિષ્ઠન્તિ, તત્રાપિ તે સાધુજાતાઃ પ્રભવઃ, તત્રાપિ પ્રકાશવતિ કાલે શીતાદ્યુપદ્રવરહિતે. એવં દેશકાલસ્વરૂપાદિભિઃ

**અશક્યચૌર્યાદપિ પુરુષાત્ તદુદરવર્તિસર્વસ્વનેતા અન્તઃસ્થિતપ્રાણાન્ સાધારણગોપિકાદીનાં નેષ્યતિ ઈતિ કિમ્ આશ્ચર્યમ્! ચૌર્ય હિ ક્રિયતે બલિષ્ઠેન અપકીર્ત્યભાવાય, તદત્ર તુ ન ભવિષ્યતિ ઈતિ ઉક્તં કિં વધઃ ન ઈતિ.**

**અથવા અદશા અદર્શનેન દર્શનમ્ અદત્વા નિઘ્નતઃ કિં વધો ન? સુરતાર્થમ્ આગતાઃ. તદ્ગતં દૂરે, અન્તરા મરણમ્ ઉપસ્થિતમ્. તથા સતિ સુરતસ્ય અપ્રકટિતત્વાત્ નાથત્વમપિ ન સ્યાત્. નહિ યોગી અશ્વનિર્માણ-સમર્થોऽપિ 'અશ્વપતિઃ' ઉચ્યતે. પ્રકટયતિ ચેત્ તદા તથા. કિંચ અસ્મદ્વધે કિમ્ આશ્ચર્યં, તવ અદર્શને લક્ષ્મીરપિ ન તિષ્ઠેત્, તદાહુઃ શ્રીમુષા ઈતિ. ઉદરસ્થિતા શ્રીઃ ચેદ્ બહિરાનીતા, તદેવ મ્રિયતે અપુષ્ટત્વાત્ આમગર્ભવત્. યદ્યપિ તસ્યાઃ જીવને કાલદ્રવ્યદેશવસ્તૂનિ બહુન્યેવ સન્તિ, તથાપિ ત્વદદર્શને ન જીવતિ, તથા વયમપિ, કિંચ ત્વં સર્વેષાં વરાન્ પ્રયચ્છસિ, અસ્માન્ તુ મારયિષ્યસિ ઈતિ મહદાશ્ચર્યમ્! વરદાતા હિ પ્રત્યક્ષો ભવતિ. અથવા તે વયમ્ અમુલ્યદાસિકાઃ ધર્મદાસિકાઃ. અતો ન હન્તવ્યાઃ. એવમ્ અનેકવિધક્રૌર્યભાવનયા કાશ્ચિદ્ ભગવન્તમ્ ઉપાલભન્તે.**

**અન્તઃસ્થિતો રસઃ પુષ્ટો બહિઃ ચેદ્ ન વિનિર્ગતઃ ।**
**તદા પૂર્ણો નૈવ ભવેદ્ ઈતિ વાગ્નિર્ગમઃ તથા ॥૧૧॥**

**વિવરણમ્ :**

**શરત્કાલીનો યો અયમ્ ઉદાશયઃ પુષ્કરિણી, તત્ર સાધુ સમ્યક્ પ્રકારેણ જાતં યત્-સરસિજં કમલં, તદન્તર્વર્તિની યા શ્રીઃ, તામપિ મુષ્ણાતીતિ તાદગ્રૂપયા દશા દષ્ટયા, હે વરદ! યો નિહન્તિ તસ્ય કિં વધો ન!** ભગવાનપર આક્ષેપ લગાવી રહી છે. અને કહી રહી છે કે તમે છૂપાઈ નથી ગયા પરંતુ અમારી હત્યા કરી રહ્યા છો. તમે છૂપાઈ નથી ગયા પરંતુ તમે અમારો વધ કરી રહ્યા છો. વધ કેવી રીતે કરી રહ્યા છો? તો કહે છે કે તમે તમારા નેત્રોથી અમારો વધ કરી રહ્યા છો.

**(ચોરીનો સ્વભાવ વધી-વધીને ઘાત સુધી)**

આચાર્યચરણ કહે છે કે વધ કેમ? વધની શું જરૂરત પડે? તો કહે છે કે જે માણસમાં એક વખત ચોરીનો ગુણ પ્રકટ થાય અને ધીરે ધીરે જો ચોરીનો

સ્વભાવ વધવા લાગે, તો ક્યારેક ને ક્યારેક એનો વધ કરવો જ પડે. હવે તમારી આંખોમાં ચોરીનો સ્વભાવ પ્રકટ થઈ ગયો. જ્યારે ચોર પકડાય તો ક્યારેક ને ક્યારેક તો એને મારવો પડે. શરુઆતનો નવો ચોર થોડો ડરપોક હોય, થોડો નાહિંમત હોય પરંતુ ધીરે ધીરે ચોરી કરતા કરતા દૃઢ અભ્યાસ ચોરીનો થઈ જાય, ત્યારે જેમ ચોરી-છૂપીથી સામાન ચોરી લીધો, એવીજ રીતે કોઈના પ્રાણ પણ ચોરી લે તો હરકત નહીં આવે. કેમકે ચોરીનો અભ્યાસ વધી જાય ને! તો તમારી આંખો ચોર છે. જૂઓ એક ચોરીનો અપરાધ લગાવી રહી છે અને ચોરી કરતા કરતા તમારી આદત બગડી ગઈ છે અને તમારી આંખો એટલી અપરાધી સ્વભાવની થઈ ગઈ છે કે એ હત્યાપર પણ ઉતરી આવી છે. તમે કહી રહ્યા છો કે અમે વધ નથી કરી રહ્યા તો બોલો કેવીરીતે વધ નથી કરી રહ્યા?

ચોરી કેવીરીતે છે? એ કહે છે **શરદ્-ઉદાશયે સાધુજાતસત્સર-સિજોદર શ્રીમુષા દશા** ચોર માહિર ક્યારે કહેવાય? માહિર ચોર થવા સુધીમાં ત્રણ ભેદ હોય છે. એક હોય ઉચક્કો. એક હોય ચોર. અને એક હોય ડાકુ. ઉચક્કો શું હોય? બહુ નબળા પ્રકારનો ચોર હોય. એ ચોરી કરે નહીં પરંતુ પડેલો હોય એવો લાવારિસ સામાન મળી જાય તો ઉપાડી લે. ચોર એનાથી થોડોક આગળ વધેલો હોય, એ ચોરી કરે. ચોરી કરે એટલે બરાબર યોજના બનાવે. ક્યા સમયે ચોરી કરવાથી સામાન બરાબર હાથમાં આવશે. એવી યોજના બનાવે. પરંતુ એટલી હિંમત એની ન હોય કે ડાકુની માફક બંદૂક કે હથીયાર છાતીપર રાખીને, તમારો માલ બળજબરીથી પડાવી જાય. એક અંતિમ અવસ્થા ચોરની હોય છે એ ડાકુમાં આવી જાય. તમારા ઉપર હથીયાર રાખે અને હથીયાર રાખીને તમારો માલ તમારી પાસેથી લઈ જાય. ગોપિકાઓ ભગવાનપર ઉચક્કા(તસ્કર)નો આરોપ નથી લગાવી રહી. કેમકે તામસી છે ને! તે આ નથી કહી રહી કે પ્રભુની આંખો તસ્કર જેવી છે. તે કહી રહી છે કે ક્યાંક ચોર અને ડાકુ ની વચ્ચેનું કામ કરી રહ્યા છો. કેવીરીતે? તમે શ્રીને ચોરો. શ્રી કેવીરીતે? શ્રી એટલે પૈસા. શ્રી એટલે શોભા, શ્રી એટલે ધન. તો તમે શ્રીના ચોરવાવાળા છો. ક્યાંથી અમે શ્રી ચોરી? તો કહે છે કે શરદઋતુમાં ખિલેલા કમળની શોભાને તમારી આંખોથી તમે ચોરી લીધી છે. એટલે કે આ શોભા

તમારી નથી, આ ચોરવામાં આવેલી શોભા છે. આ તમારા નેત્રની શોભા નથી. હવે ચોરી કરવાની તમે આંખને ટેવ પાડી છે, તો આંખની શોભા તમે ચોરી કરીને વધારો છો. હવે બહુ ચોરી કરવાની ટેવથી તમારી આંખોમાં મદનો સ્વભાવ પણ આવી ગયો. હવે તમે ચોરીથી ડાકુગીરીપર જઈ રહ્યા છો. જ્યાં સુધી તમે આંખોથી કમળની શોભા ચોરી, ત્યાં સુધી તો અમે માફ કરી શકતા હતા કે તમે ચોર છો પરંતુ હવે તમે ડાકુગીરીના સ્તરપર જઈ રહ્યા છો. હવે આ આંખોથી તમે અમારા પ્રાણોને પણ ચોરવા જઈ રહ્યા છો. હવે તમારા પર ડાકુગીરીનો આરોપ આવી રહ્યો છે, વધનો ભયંકર આક્ષેપ આવી રહ્યો છે. નહીંતર પ્રકટ થઈ જાઓ. નહીં તો આ આક્ષેપ નક્કી છે. એ કહે **છે "તામસી તુ વધાભાવં પ્રાર્થયિતુમ્"** તામસી ગોપી શું યુક્તિ લગાવી રહી છે કે પ્રાર્થના તો કરી રહી છે કે મારો વધ ન કરો, જેમ બહુ કરગરી રહી હોય, દીન હોય પરંતુ દીનતાની પ્રાર્થના કરતા કરતા પાછો એના મનમાં તામસ જાગે. તામસ જાગે તો વધાભાવની પ્રાર્થના કરવા જઈ રહી હતી કે અમે મરી રહી છીએ, રાજસી ગોપીએ પણ આ પ્રાર્થના કરી હતી **"ત્વયિ ધૃતાસવઃ ત્વાં વિચિન્વતે"** અમે મરી જઈશું જો તું અમારી સામે પ્રકટ નહીં થાય. તો આ જ વાત એને પણ ખ્યાલમાં આવી કે મરી તો અમે પણ જઈશું પરંતુ આ વાત ખ્યાલમાં આવતા-આવતા પછી તામસ જોર પકડી ગયું. તો કહે કે તમે જ મારવાવાળા છો. એ તો આમ કહી રહી છે કે જો તમે પ્રકટ નહીં થાવ તો અમે મરી જઈશું પરંતુ આને પ્રાર્થના કરતા કરતા જોશ આવી ગયું, તેથી આક્ષેપ લગાવી દીધો કે અમે મરશું તો મરશું પરંતુ મારનારા તમે છો.

**(અદર્શનસ્ય વધસાધકત્વમ્)**

એ કહે છે **તામસી તુ વધાભાવં પ્રાર્થયિતુમ્ અદર્શનસ્ય વધસાધકત્વમ્ આહ** તમે જો દર્શન નથી આપી રહ્યા, આ દર્શન ન આપીને અમને મારી રહ્યા છો. હવે એની આખી ભૂમિકા ઘડી રહી છે કે તમે મારવાની, ઘાતકતાની હદસુધી પહોંચ્યા છો, આના લક્ષણ, આની સિમ્પ્ટમ અમને પહેલાથી ખબર છે. આ તમારી આદત, જેમ અપરાધીની કેસ હિસ્ટ્રી જોવામાં આવે કે પહેલા આણે અપરાધ કર્યા કે નથી કર્યા? એટલે કે બધા અપરાધની સાબિતી ન મળતી હોય તો કેસહિસ્ટ્રી જોવામાં આવે. કેસ હિસ્ટ્રીમાં જો આ સિદ્ધ થાય કે

પહેલાથી જ આની અપરાધિવૃત્તિ છે, તો એ અપરાધની સચોટ સાબિતી ન મળતી હોય ત્યારે પણ આ સાબિતી માની લેવામાં આવે કે આનો પહેલાથી જ અપરાધ કરવાનો સ્વભાવ છે તો આ વખતે આણે અપરાધ કેમ નહીં કર્યો હોય? આ હેતુથી જો તમારો પહેલાથી ચોરીનો સ્વભાવ છે તો આજે તમે ઘાતપર ઉતરી આવ્યા છો.

હવે એ ચોરીનો સ્વભાવ સિદ્ધ કરી રહી છે કે **શરદુદાશયે** અરે? સાધારણ ચોર તો અંધારામાં ચોરી કરે. જ્યારે વાદળ ગાજી રહ્યા હોય, જ્યારે દુનિયા ડરીને અંદર સૂતેલી હોય ત્યારે ચોરી કરે, પરંતુ શરદના અજવાળામાં તો કોઈ ચોરી ન કરે. તમે શરદના અજવાળામાં ચોરી કરી રહ્યા છો. તમે ઊંચા ચોર છો. **શરદકાલીન ઊદાશયે** આપ તો શરદકાલના અજવાળામાં ચોરી કરી રહ્યા છો. કોઈ સાધારણ તસ્કર હોય તો પડેલો માલ ઉપાડી લે. તમે એનાથી ઊંચી કક્ષાના ચોર સાબિત થઈ રહ્યા છો. કેમકે સરોવરની વચમાં કમળ, જે ચારે તરફથી સુરક્ષિત હતા જેને કોઈ ચોરી ન શકે, જેમ જલદુર્ગ બનાવીને કોઈ બેસી જાય, તો કોઈ ચોરી ન શકે ને! જેમ સેફડિપોજિટમાં કોઈ વસ્તુ રાખી દીધી તો પછી સાધારણ ચોર તો એને ચોરી ન શકે. સેફડિપોજિટમાંથી કોઈને કોઈ વસ્તુ ચોરવી હોય તો ઊંચી કક્ષાનો ચોર જોઈએ. તો એમ કહે કે તમારી આંખો કોઈ ઊંચી કક્ષાની ચોર છે. તે આ વાતથી સિદ્ધ થઈ રહ્યું છે કે જે ઉદાશય છે, ગંભીર જલ છે, એમાં જે કમળ હતા અને બહુ સુરક્ષિત હતા, ત્યાંથી તમે એની શોભા ચોરી લીધી. આથી ઊંચી કક્ષાના ચોર છો આ સિદ્ધ થયું. જ્યારે ઊંચી કક્ષાના ચોર છો આ સિદ્ધ થઈ ગયું તો તમે ઘાતક પણ સિદ્ધ છો, કેમ નથી? સિદ્ધ કરો પ્રકટ થઈને. કેમકે તામસ જાગી ગયું એકદમ પ્રાર્થના કરતા-કરતા.

**તત્ર સાધુ સમ્યક્ પ્રકારેણ જાતં.** અચ્છા હવે કોઈ બદમાશી કરતો હોય અને એની કોઈ વસ્તુ ચોરી લઈએ જેમ ભિંડ-મુરૈનાના ચોર ડાકુ હતા. તેઓ કહેતા હતા કે કોઈ ગરીબ માણસ હોય એને ત્યાં ચોરી નહીં કરીએ. જે સાધુ માણસ હોય એને ત્યાં ચોરી નહીં કરીએ પરંતુ ખુદ જે બદમાશીથી પૈસા કમાતા હોય, એવાઓના ઘરે ધાડ પાડતા અને માલ ચોરી લેતા. હવે બિચારા કમળે શુ બદમાશી કરી? કોઈ બદમાશી નથી કરી. સાધુ પેદા થયું. પોતાની મેળે પેદા

થયો. કોઈ બીજાની શોભા એણે નથી લીધી. પોતાના સહજરૂપથી સાધુ કમળ પેદા થયું એને ત્યાં પણ તમે ચોરી કરી. એટલે કે તમે બહુ મોટા અપરાધી છો, હવે બતાવો! આમ કહી રહી છે. કોઈ ખોટા પ્રકારથી કમળે શોભા પ્રાપ્ત કરી હોત તો તો એની શોભા તમે ચોરી લેતા, કેમકે એણે પણ ખોટા પ્રકારથી પ્રાપ્ત કરી. તો અમે પણ એનાથી ખોટા પ્રકારથી પ્રાપ્ત કરી. કમળ બિચારાએ શોભા કોઈ ખોટા પ્રકારથી તો પ્રાપ્ત કરી નહોતી, એણે પણ સમ્યક પ્રકારથી પોતાની શોભા પ્રાપ્ત કરી હતી. એની શોભા તમે ચોરી લીધી. ચોરી કેવીરીતે લીધી? શોભા એવીરીતે ચોરી લીધી કે કમળ ખિલે, શરદઋતુમાં પૂર્ણ કમળ ખિલે એની જેવી શોભા, એનાથી વધારે બે ગણી શોભા તમારા નેત્રોની છે. જેમ કોઈના ઘરમાં સજાવટ વધારે દેખાય તો આવકવેરાવાળાઓને ચિંતા થાય કે ક્યાંથી ચોર્યો માલ? આટલી સજાવટ કેવીરીતે થઈ રહી છે? અડધી તો કમાણી કરી પણ અડધી ક્યાંથી આવી? તો એવીજ રીતે આમને ચિંતા થઈ રહી છે કે ચાલો અડધી તો ઠીક તમારા નેત્રની શોભા પરંતુ એ કમળોની શોભા જે ફીકી પડી રહી છે તમારા નેત્રોના કારણે, આટલી અધિક પેદા થયેલી શોભા ક્યાંથી આવી છે હિસાબ લાવો? હવે જો તમે હિસાબ નથી આપી શકતા તો ગોટાળો છે. કાળા ધોળા ચોપડાઓ છે તમારા. આ વાત તેઓ કહી રહ્યા છે

(હે વરદ!)

હવે કહે છે **તત્ર સાધુ સમ્યક્ પ્રકારેણ જાતં યત્–સરસિજં કમલં, તદનતર્વર્તિની યા શ્રીઃ, તામપિ મુષ્ણાતીતિ તાદગ્રૂપયા દશા દષ્ટયા,** હે વરદ! તું વરદાન આપવાવાળો છે. હવે પ્રાર્થના કરવી છે ને તો એના માટે કહી રહી છે કે તમે તો વરદાન આપવાવાળા છો. અરે ભાઈ! ચોરી કરી તો કરી તમે પરંતુ અમારો વધ તો ન કરો. આટલું વરદાન તો આપી દો. આ પ્રાર્થના કરી રહી છે. ચોરી કરી તો કરી ચાલો અમે એને જાહેર નહીં કરીએ, ચુપ રહી જશું, બોલી તો નાખ્યું છે. જેમ એક બેરિસ્ટરે અમને કહ્યું. જજને ગાળ દેવી હતી. હવે ગાળ કેવી રીતે દેવી? એમ કહી દઈએ જજને કે "તું બેવકૂફ છો" તો તો જજ નારાજ થઈને કેસ જ હરાવી દે. તો એણે જજને એમ કહ્યું કે "નહીં, નહીં. અમે એમ નથી કહી રહ્યા કે "તમે બેવકૂફ છો" પરંતુ અમારા કહેવાનો મતલબ આ છે કે "આવા બુદ્ધિશાળી હોવા છતાં આપ આવી વાત કહી જ ન શકો."

હવે એવી વાત કહી દીધી તો જજ બેવકૂફ સાબિત થઈ જાય. મતલબ કે જજને ગાળ ન દેવા છતાં પણ બેવકૂફ કહી દીધો ભરી કોર્ટમાં એણે. આ પ્રકારથી કહી રહી છે કે ''અમે આ વાતને જાહેર નહીં કરીએ કોઈને કે તમે ચોરીના ધંધા કરી રહ્યા છો. પરંતુ પ્રકટ થઈ જાઓ નહીંતર જાહેર કરી દઈશું.'' આમાં થોડોક બ્લેકમેલનો પણ ટોન છે.

**(ભગવદ્દૃષ્ટિ સર્વધાતુકા)**

**વરદ! નિઘ્નતો નેહ કિં વધઃ** અત્યાર સુધી તો તમે ચોરી જ કરી રહ્યા હતા. હવે શું વધ પણ કરશો? **અપિ તુ વધદોષો ભવત્યેવ. યેનૈવ સાધનેન પરસ્ય પ્રાણા ગચ્છન્તિ તત્સમ્પાદનસાધકો ઘાતકઃ દોષભાગ્ભવતિ. અનેન ભગવદ્દૃષ્ટિ સર્વધાતુકા નિરૂપિતા.** અરે ભાઈ! અમે તમારો ઘાત ક્યાં કરી રહ્યા છીએ? તો કહે કે ''તમે ઘાત કરો કે ન કરો, તમારા સાધનથી કોઈ મરતું હોય તો તમે ઘાતક કહેવાશો જ.'' જેમ તમે કહો કે અમે તો અમારા રસ્તાપર ગાડી ચલાવી રહ્યા હતા, વચમાં આવનારો મરી ગયો, એમ નથી માનવામાં આવતું. તમે તમારા રસ્તાપર ગાડી ચલાવી રહ્યા હતા પરંતુ આ જવાબદારી છે કે જે વખતે રસ્તાપર ગાડી ચલાવો, તે વખતે કોઈ વચમાં આવે તો તેને બચાવીને ચાલો. એમ જો તમે પોતાના નેત્રોમાં કમળની શોભા ચોરી રહ્યા હો તો ચોરો પરંતુ તમને વધ કરવાનો અધિકાર નથી.

જો તમારી આટલી વધારે ચોરી કરવાના કારણે, જેમ કમ્યુનિસ્ટ કહે કે ''શેઠિયો કમાય તો કમાય પરંતુ એક શેઠિયાના કમાવાના કારણે કેટલા લોકો ભૂખ્યા મરી રહ્યા છે! તો એ કમાવું શું કામનું!'' એમ જો તમે નેત્રોમાં ચોરી કરીને પોતાની શોભા વધારતા હો તો એમાં અમને વાંધો નથી પરંતુ એ અધિક વધતી શોભા જો અમારા વધનો હેતુ થતી હોય, અમને દાવો કરવાનો અધિકાર છે. જેમ તમારો પાડોશી તમને કહે કે ''ગાય પાળો પરંતુ અમને મચ્છર કરડે તો અમને દાવો કરવાનો અધિકાર છે. ગાય પાળવી તમારો વિષય છે પરંતુ મચ્છર તો અમને કરડી રહ્યા છે.'' તો એમ ગોપિકાઓ કહી રહી છે કે ''તમે જો પોતાના નેત્રોની શોભા વધારતા હો તો વધારો પરંતુ અમારા વધનો અધિકાર તમને નથી. જો કોઈ પણ સ્થિતિમાં અમારો વધ થઈ જશે, તો એ અપરાધના ભાગીદાર તમે થશો.'' જૂઓ આ એમનો કેવો તામસ ટોન છે. પ્રાર્થના કરી રહી

છે અને કેવી કેવી વાતો કરી રહી છે. આથી તમારી દૃષ્ટિ સર્વઘાતક છે. મતલબ કે ઘાતશીલ છે. અમારો વધ કરનારી છે. **અનેન ભગવદ્દૃષ્ટિઃ સર્વઘાતુકા નિરૂપિતા, ''આયુર્ મનાંસિ ચ દશા સહ ઓજ આચ્છૈદ્''** (ભાગ.પુરા. ૧/૧૫/૧૫) **ઈતિ વાક્યાત્. તથા અસ્માનપિ પ્રાયેણ ક્રૂરદષ્ટ્યા પશ્યસિ, અન્યથા કથં પ્રાણબાધા સ્યાત્?** કહે છે કે ''જો તમે ક્રૂર દૃષ્ટિથી ન જોતા હો, તો અમને પ્રાણબાધા કેમ થઈ રહી છે?'' જો કહો કે ''અમે તો કમળની શોભાથી જોઈએ છીએ.'' ''તો કમળથી અધિક તમારા નેત્રની શોભા અમારા વધનો હેતુ બની રહી છે.'' **રૂપં તુ આનન્દમયમિતિ** રૂપથી ઘાત નથી થઈ રહ્યો. દૃષ્ટિથી ઘાત થઈ રહ્યો છે. **તદ્દષ્ટૌ તદેવ જીવયેદ્** કેમકે રૂપનું દર્શન થઈ જાય તો અમે જીવિત થઈ જઈએ પરંતુ દૃષ્ટિ ઘાત કરી રહી છે. **અતઃ તદભાવાત્ કેવલં ઘાતયસ્યેવ** મતલબ કે તમારા નેત્ર અને રૂપ બંને હોય, તો અમે ફરીથી જીવી જઈશું, પરંતુ જો રૂપરહિત કેવળ દૃષ્ટિ હોય, રૂપરહિત કેવળ દૃષ્ટિ કેવીરીતે? દૃષ્ટિની શોભા હૃદયમાં ચુભી ગઈ છે. મતલબ કે આ ગોપીનું ધ્યાન દૃષ્ટિની શોભાપર જ લાગેલું છે.

### (ગોપીઓની તન્મયતા/અર્જુનદૃષ્ટિ)

જેમ અર્જુનને પોપટની આંખ જ દેખાતી હતી, એવીજ રીતે આ તામસી ગોપીની દૃષ્ટિ માત્ર ભગવાનની દૃષ્ટિપર લાગેલી છે. હવે એ ભગવાનની દૃષ્ટિ ઘડીએ ઘડીએ આના હૃદયને ચુભી રહી છે. ચુભી રહી છે એટલા માટે વધનો પ્રસંગ આવી રહ્યો છે. એમાં તિક્ષણપણું પણ છે મતલબ કે ધાર પણ છે બધું જ છે. હવે એ બધાના કારણે હૃદયમાં દૃષ્ટિ ચુભી રહી છે, એટલા માટે એ કહી રહી છે કે રૂપરહિત દૃષ્ટિ છે. પ્રભુના સ્વરૂપમાં તો રૂપરહિત દૃષ્ટિ હોઈ નથી શકતી પરંતુ આની દૃષ્ટિમાં એકાગ્રતાના કારણે આના અનુભવમાં ફક્ત રૂપરહિત દૃષ્ટિ છે. હવે આ રૂપરહિત દૃષ્ટિને રૂપસહિત દૃષ્ટિ કરવાનો ઉપાય શું? એવું રૂપ લઈને પ્રકટ થઈ જાઓ જેથી દૃષ્ટિપરથી અમારું ધ્યાન હટી જાય અને સમગ્ર રૂપપર અમારું ધ્યાન ચાલ્યું જાય. જ્યારે તું પ્રકટ નથી થઈ રહ્યો ત્યારે અમારી દૃષ્ટિમાં તારી દૃષ્ટિ ચુભેલી છે અને તકલીફ આપી રહી છે. જો પ્રકટ થઈ જશે તો તારું રૂપ તો આનંદમય છે અને એ આનંદમયરૂપના કારણે અમારું ધ્યાન દૃષ્ટિપરથી હટી ગયું, તો બચવાની થોડી ઘણી સંભાવનઓ છે. ફક્ત મારી દેતો

હોત તો ચાલો ક્ષમા કરી દઈએ પરંતુ કોને મારી રહ્યો છે એ તો વિચાર! જેમને ત્યાં ચોરી નહોતી કરવી જોઈતી ત્યાં ચોરી કરી. જ્યારે ચોરી નહોતી કરવી જોઈતી ત્યારે ચોરી કરી. જે વસ્તુની ચોરી નહોતી કરવી જોઈતી હતી એ વસ્તુની ચોરી કરી. જેમને ન મારવા જોઈએ એમને મારી રહ્યો છે. મતલબ કે અપરાધ કેટલો તીવ્ર છે. **કિંચ ન વયં વધાર્હાઃ યતો દાસિકાઃ કુત્સિતા દાસ્યઃ, ન હિ સ્ત્રિયઃ અપ્રયોજિકાશ્ચ હન્યન્તે. કિંચ વયં શુલ્કદાસિકાઃ, ત્વં ચ સુરતનાથઃ. સર્વપુરુષાર્થસાધકત્વેન તવ સમ્બોધનાનિ યથાધિકારં નિયતાનિ.** અરે! અમે કોઈ અપરાધ કર્યો હોય અને તું મારે તો તારા મારવાનો પણ હેતુ સમજમાં આવે પરંતુ અમે તો તારી દાસિકાઓ છીએ. દાસી પણ નહીં દાસિકા. દાસિકા એને કહે છે જે એકદમ નિમ્નસ્તરની દાસિઓ હોય. મતલબ જે અતિ દયનીય હોય. તો જે અત્યંત દયનીય છે એમનો તું વધ કરી રહ્યો છે. તો આ કેટલો મોટો અપરાધ છે! અને પાછી અમે દાસી છીએ દાસ પુરુષ નથી સ્ત્રીનો વધ ગણવામાં આવશે. સ્ત્રી અને બ્રાહ્મણ નો વધ ન થાય એવી શાસ્ત્રની આજ્ઞા છે. એક તો સ્ત્રી અને એ સ્ત્રીમાં પણ દાસિકાઓ, એમનો તું વધ કરી રહ્યો છે! **કિંચ વયં શુલ્કદાસિકાઃ** અમે મોલ લીધેલી દાસિકાઓ છીએ. મોલ લીધેલી દાસીઓનો પ્રાચીનકાળમાં ક્યારેય હનન નહોતું થઈ શકતું. હવે તો એ પ્રથા હટી ગઈ. એ મોલ લીધેલી દાસીઓનો વધ પણ નહોતો થઈ શકતો. અને કહી રહી છે **ત્વં ચ સુરતનાથઃ** અને તું તો સુરતનાથ છે.

### (અધિકારાનુસાર સંબોધન)

આચાર્યચરણ કહે છે **સર્વપુરુષાર્થસાધકત્વેન તવ સમ્બોધનાનિ યથાધિકારં નિયતાનિ.** મતલબ જેનો જેવો અધિકાર એવા નામથી ભગવાનને સંબોધન કરે. જેમ ધર્મમાર્ગમાં કોઈને સ્તુતિ કરવી હોય ભગવાનની તો આમ કહે કે તમે 'ધર્મપાલક' છો, 'બ્રહ્મણ્ય' છો, 'યજ્ઞેશ્વર' છો, 'ગોબ્રાહ્મણ-પ્રતિપાલક' છો. માગવાવાળો આવે ને ! તો આવતાવેંત જ ત્યાંથી શરુઆત કરે "અરે દીક્ષિતજી મહારાજ મોટા દાની હતા! એના તમે દિકરા છો." મતલબ વાત સમજી જવી કે હવે આપણે શું કરવું? "અરે! તમારા પિતા મોટા દાની હતા!" મતલબ દાન માગવા આવ્યો છે. નહીંતર સ્તુતિની શું જરૂરત છે? અરે ભાઈ! કોઈ બીજી સ્તુતિ કરી દે કે તમે બહુ લાંબા છો, છ ફુટના છો.

એ સ્તુતિ નહીં પરંતુ આવતાની સાથે સ્તુતિ કરે ''અરે! શું કહેવું તમારા પિતાનું. મોટા દાની હતા દીક્ષિતજી મહારાજ. ધર્મના સ્તંભ હતા.'' મતલબ હવે જો દાન નહીં આપો તો તમે ધર્મના સ્તંભ ન રહ્યા. આપણને પહેલાથી જ ફસાવી લે. એમ ગોપિકાઓ ઠાકોરજીને ફસાવી રહી છે. આચાર્યચરણ કહે છે જેને ઠાકોરજીથી ધર્મ માગવો હોય એ ''હે ધર્મપાલક! હે બ્રહ્મણ્ય!, હે યજ્ઞેશ્વર!'' આવા આવા સંબોધન કરે. જેને પૈસા માગવા હોય તો એ શું કહે? 'હે લક્ષ્મીપતે!' ધ્યાન જ પહેલા ગયું છે એ સ્વરૂપપર. છે તો સ્તુતિ ભગવાનની, છે તો સંબોધન ભગવાનનું પરંતુ એમાં કોઈ બીજું સ્વરૂપ ખ્યાલમાં ન આવે. સૌથી પહેલા ખ્યાલમાં આવે ''હે લક્ષ્મીપતે!, હે સર્વસિદ્ધિદ!''. કેમકે અર્થપુરુષાર્થ સિદ્ધ કરવો છે તો સૌથી પહેલા એ રૂપ સારું લાગે. જેને મોક્ષ જોઈતો હોય તો એ કેવીરીતે પ્રાર્થના કરે ભગવાનની ''હે મુકુન્દ!, હે યોગેશ્વર!, હે જ્ઞાનનિધિ!''. જ્ઞાનનિધિ કેમ કહી રહ્યા છો કેમકે તારી પાસેથી જ્ઞાન જોઈએ. મુકુન્દ કેમ કહી રહ્યા છો કેમકે તારી પાસેથી મોક્ષ જોઈએ. તો આવીજ રીતે ગોપિકાઓ કામપુરુષાર્થની સિદ્ધિને માટે ભગવાનને કહી રહી છે, **'સુરતનાથ!'** જેથી ઠાકોરજી ફસાઈ જાય. **ઈત્યાદિનિ ધર્માર્થમોક્ષાર્થિભિઃ ઉચ્યન્તે. એવમ્ અસ્માભિરપિ સુરતનાથ! ઈતિ ઉચ્યતે. સુરતં સમ્ભોગઃ જગતિ યાવાન્ અસ્તિ તસ્ય ભવાન્ નાથઃ, ત્વદાજ્ઞાવ્યતિરેકેણ સુરતં જગતિ ન પ્રવર્તતે.**

## (લૌકિક અને અલૌકિક કામ)

કામને મનસિજ કહેવામાં આવે. મનમાં જે પેદા થાય તે મનસિજ. કામનું ઉત્તરરૂપ છે વાણી. **''જગૌ કલં વામદશામ્ મનોહરમ્''** (ભાગ.પુરા.૧૦/૨૬/૩) તો **''રન્તું મનશ્ચક્રે''** (ભાગ.પુરા. ૧૦/૨૬/૧) અને **''વામદશામ્ મનોહરમ્ જગૌ''**. આ બાજુ વાણી પ્રકટ થઈ છે અને એ બાજુ મન પ્રકટ થયું છે. આથી સિદ્ધ થયું કે પ્રભુમાં અલૌકિક કામ પ્રકટ થયો. અલૌકિક કામ મતલબ શું? આપણને જે લૌકિક કામ પ્રકટ થાય છે, આપણા લૌકિક પતિ-પત્નીને માટે, એનું આધિદૈવિક સ્વરૂપ કામદેવ છે. એ કામદેવના કારણે પેદા થતો કામ લૌકિક કામ કહેવાય. કોઈ કામદેવના પ્રભાવમાં આવીને પ્રભુમાં કામ ઉત્પન્ન નથી થયો. પ્રભુનો કામ અલૌકિક છે આ અર્થમાં કે તે એમના આનંદ દિવ્ય સ્વભાવને પ્રકટ કરે છે. આટલાજ માટે એ વિકારરૂપ

નથી. જ્યારે કે લૌકિક કામ વિકારરૂપ માનવામાં આવે છે. દોષરૂપ માનવામાં આવે છે. કેમકે તે કામના અધિષ્ઠાતા કામદેવના કારણે પેદા થયો છે એ અર્થમાં એ લૌકિક છે. **સુરતં સમ્ભોગઃ જગતિ યાવાન્ અસ્તિ તસ્ય** મતલબ લૌકિક કામ તો ભોગરૂપ છે. સમ્યક્ભોગ નથી કેમકે અંતમાં દુઃખમાં પરિણત થાય છે. **''વિષયેન્દ્રિયસંયોગાદ્ યત્ તદ્ અગ્રે અમૃતોપમમ્ પરિણામે વિષમિવ''** (ભગ.ગીતા ૧૮/૩૮) પરંતુ આ કામ આદિ-અંતમાં સુખરૂપ છે. સગુણકામ પહેલા દુઃખરૂપ છે અને પછી પણ દુઃખરૂપ છે પરંતુ આ એવો નથી. ''અગ્રપશ્ચાત્ ઉભયતઃ'' સુખરૂપ છે, કેમકે આનંદરૂપ છે પરંતુ તું તો અલૌકિક કામના રૂપમાં પ્રકટ થયો છે. લૌકિક કામના વિકારરૂપમાં પ્રકટ નથી થયો. આ પ્રકારનો કાંઈક અલૌકિક કામ છે. **તસ્ય ભવાન્ નાથઃ ત્વદાજ્ઞાવ્યતિરેકેણ સુરતં જગતિ ન પ્રવર્તતે.** કેમકે તારી આજ્ઞા ન હોય તો આ જગતમાં અલૌકિક કામ પ્રકટ નથી થઈ શકતો. **અતો બ્રહ્મણા કામેન વા લોકે સુરતપ્રવૃત્ત્યર્થં વયં શુલ્કરૂપા દાસિકા દત્તાઃ** બ્રહ્માએ અથવા કામદેવે કામને પેદા નથી કર્યો પરંતુ અમને પેદા કર્યા છે, જેથી અલૌકિક કામ પ્રકટ થાય. હવે પ્રકટ થાય તો એને ખરીદ કેવીરીતે કરવો? તો શુલ્કરૂપમાં સ્વીકાર કરીને આ અલૌકિક કામને પ્રકટ કરો. **શુલ્કં માર્ગનિર્વાહકં દ્રવ્યં.** માર્ગના નિર્વાહને માટે દ્રવ્યનું શુલ્ક આપવામાં આવે. **પ્રતિબન્ધનિવર્તકમ્** અને જે કાંઈ રસ્તામાં પ્રતિબંધ આવે એનું પણ નિવર્તન એ શુલ્કના કારણે થાય છે. જેમ આપણે જઈએ તો હાથખરચી લઈએ ને! આજકાલ આપણે જેને ટ્રાવેલર્સચેક કહીએ.

**સુરતં ચેદ્ ભગવત્યેવ નિરુદ્ધં તિષ્ઠેત્ તદા લોકે રસો ન ભવિષ્યતિ.** હવે જો અલૌકિક કામ પ્રભુમાં જ નિરુદ્ધ રહેત, તો આ રસ લોકમાં પ્રકટ ન થાત. એટલા માટે **અસ્મદ્દ્વારા ત્વત્તઃ તલ્લોકે પ્રસૃતં ભવત્વિતિ વયમ્ આગતાઃ.** પરંતુ જ્યારે અમે શુલ્કરૂપથી આવ્યા તો અમારા કારણે આ અલૌકિક કામ પ્રકટ થશે એટલા માટે અમે અહીં આવી. **તત્ કાર્યં દૂરતએવ સ્થિતં, પ્રત્યુત અસ્માન્ મારયસિ.** હવે અમારા અવતારનું પ્રયોજન તો પૂર્ણ થયું નથી અને અમને મારી રહ્યો છે? **એવં સતિ સર્વમેવ કામશાસ્ત્રં વ્યર્થં સ્યાત્.** જો અમે મરી જઈએ તો જેટલું પણ કામશાસ્ત્ર છે એ બધું વ્યર્થ થઈ જશે. **''ભૂતલ ભૂષણ વિષ્ણુસ્વામીપથ શૃંગારશાસ્ત્ર સબ રોતે. જો પે શ્રીવલ્લભ પ્રકટ ન હોતે''** (વધાઈ :

સગુણદાસજી) એ ન્યાયથી કહે છે કે અમે લોકમાં અલૌકિક કામના પ્રવર્તનને માટે પ્રકટ થઇ છીએ. હવે જો અહીં અમારા પ્રાણ છૂટી ગયા તો એ અલૌકિક કામનું પ્રવર્તન નહીં થાય. **તૃતીયઃ પુરુષાર્થશ્ચ ન ભવેત્.** જો અલૌકિક કામ પ્રકટ ન થયો તો તૃતીયપુરુષાર્થ સિદ્ધ નહીં થાય. કેમકે લૌકિક કામ તો પુરુષાર્થરૂપ જ નથી ઉલટો અપરાધ છે. **અતઃ સર્વથા યદર્થં વયં પ્રેષિતાઃ તત્કર્તવ્યમ્ અથવા યદાકદાચિત્ કર્તવ્યમ્, ઈદાનીં જીવયિતવ્યા.** અરે! તારું કર્તવ્ય જે કરવું હોય તું કર પરંતુ સૌથી મોટી વિટંબણા અમારી આ છે કે તું અમને જીવતા રાખ. અમે જીવિત કેવીરીતે થશું? તો કહે **રૂપપ્રાકટ્યેન.** જો તારું રૂપ પ્રકટ થાય તો.

**દશો મારકત્વમ્ ઉપપાદયન્તિ** દષ્ટિની મારકતા, ઘાતકતાનું ઉપપાદન કરે છે. **શ્રીમુષા ઈતિ. યસ્તુ ચોરો ભવતિ સ ઘાતકોઽપિ ભવતિ.** ચોરને ક્યારેક ક્યારેક ઘાતક પણ બનવું પડે છે. **યથા યથા ચૌર્યે નૈપુણ્યં તથા તથા ઘાતકત્વમ્.** જેટલો જેટલો ચોરીમાં હોશીયાર થતો જાય એમાં એટલી એટલી ઘાતકતા પણ વધતી જાય છે. **તદર્થમ્ આહુઃ 'ઉદરશ્રીમુષા' ઈતિ.** મતલબ સરસિજના ઉદરમાં રહેલી શોભાને તેં ચોરી લીધી. આ તારી ચોરીનો પહેલો અપરાધ થયો. **તત્રાપિ યે દુર્ગજાતાઃ તે અતિનિપુણાઃ, તત્રાપિ જલદુર્ગજાઃ.** દુર્ગમાંથી ચોરી લે તો બીજા ચોરનો પણ ચોર અને જલદુર્ગમાંથી ચોરે એ તો એનાથી પણ નિપુણ ચોર. **તત્સરસિજમ્.** હવે સરસિજ જે કમળ, એ જલમાં દુર્ગ હતું. **તત્રાપિ તે દુર્ગએવ તિષ્ઠન્તિ, તત્રાપિ સાધજાતોઃ પ્રભવઃ.** અને એ કમળ બહાર આવતા હોય અને એમની શોભા ચોરતો હોય તો ઠીક છે પરંતુ જે કમળ પોતાના તળાવમાં સ્થિત છે. મતલબ બધાથી શોભાસ્પદ કમળ, એની શોભા તારા નેત્રોએ ચોરી. હવે એ કોઈ બીજી શોભા ચોરત તો વાત બીજી હતી પરંતુ **સાધુજાતાઃ પ્રભવઃ.** બિચારા સાધુકમળની શોભા ચોરી. **તત્રાપિ પ્રકાશવતિ કાલે.** કોઈએ અંધારામાં ચોરી લીધી તો તે એમની અસાવધાનતા છે. મતલબ કોઈની અસાવધાનતામાં ચોરી ત્યારે તો કોઈ વાત હતી પરંતુ **પ્રકાશવતિ કાલે. શીતાદ્યુપદ્રવરહિતે.** આ બધી વાત આપણને આજ સમજમાં ન આવે. પુરાણા શહેરમાં કિશનગઢમાં જાઓ તો બધા શીયાળામાં અંદર સૂવે તો ચોરી ખૂબ આનંદથી થાય. છતપર સૂવે કોણ! તેથી છતથી ચઢીને ઘુસી આવે. હવે તો બધાજ અંદર સૂવે તો ખબર જ ન પડે. જુના જમાનામાં આવી બધી ચોરીઓ

વધારે થતી હતી. ધાતુક લોકો ગરમીમાં ચોરી કરતા. એનું કારણ શું કે ગરમીમાં બધા છતપર સૂતા તો ધાતુક લોકો ત્યાં જઈને બધાને કેપ્ચર કરી લેતા.

**એવં દેશકાલસ્વરૂપાદિભિઃ અશક્યચૌર્યાદપિ પુરુષાત્ તદુદરવર્તિ-સર્વસ્વનેતા અન્તઃસ્થિતપ્રાણાન્ સાધારણગોપિકાદીનાં નેષ્યતીતિ કિમ્ આશ્ચર્યમ્!** જ્યારે આટલા ચોર હોય તો અમારા પ્રાણ નહીં ચોરી જાઓ, એની શું ખાત્રી છે! **ચૌર્યં હિ ક્રિયતે** સારું ચોરી જશો, અમને ચોરી જવા દો. તો કહે કે **બલિષ્ઠેન અપકીર્ત્યભાવાય, તદત્ર તુ ન ભવિષ્યતીતિ ઉક્તં કિં વધઃ ન ઈતિ.** માણસ ચોરી ક્યારે કરે જ્યારે થોડોક સમાજનો ડર હોય ત્યારે. આ સમાજનો ડર હટી જાય તો માણસ ડાકુ બની જાય. સમાજનો ડર હોય ત્યારે ચોરી કરે. ચોરી-છૂપી કોઈ વસ્તુ ચોરે. તો આ કમળની શોભા તમે ચોરી કરી, એ વાત તો છૂપાઈ ગઈ. કેમકે અમારા જેવા કેટલાક લોકોને ખબર પડી પરંતુ બધાને તો ખબર ન પડી. હવે જો અમારા પ્રાણ નિકળી ગયા તો આખા ગામને ખબર પડી જશે.

## (કાંઈક તો કર!)

ગાલિબ કહે કે **''ઈશ્ક મુઝકો નહીં વહશત હી સહી. મેરી વહશત તેરી શોહરત હી સહી.''** મને પ્રેમ ન મળે, ભલે પાગલપન મળે. મારો સ્નેહ ભલે પાગલપનમાં બદલાઈ જાય પરંતુ મારા આ પાગલપણાના કારણે તારી કીર્તિ થતી હોય, યશ વધતો હોય કે કોની પાછળ આવા પાગલ થયા આ દુનિયામાં? આમના કારણે. તારી કીર્તિ થવા દે. **''કતા ન કીજે તાલ્લુક હમસે, કુછ નહીં તો અદાવત હી સહી.''** બધા સંબંધ તો ન તોડ. કાંઈક તો રાખ ભલે ઝઘડો કરવામાટે, પરંતુ પ્રકટ તો થઈ જા. સામે આવ. સામે આવ્યા વગર આનો ઉકેલ (સોલ્યુશન) નહીં થઈ શકે. **''કતા ન કીજે તાલ્લુક હમસે, કુછ નહીં તો અદાવત હી સહી.''** અમારાથી સંબંધ ન તોડ. ભલે અમારાથી ઝઘડો કરવા પ્રકટ થઈ જા. પરંતુ પ્રકટ તો થઈ જા. જો અમે મરી જઈશું તો તારી અપકીર્તિ નહીં થઈ જાય શું!

## (દર્શન દાન નહીં કરવાથી તારું નાથત્વ જશે!)

અથવા **અદશા અદર્શનેન દર્શનમ્ અદત્વા નિઘ્નતઃ કિં વધો ન?** અથવા

દર્શન ન આપીને જે અમારો વધ કરી રહ્યા છો, એ શું વધ નથી? **સુરતાર્થમાગતાઃ** અમે સુરતને માટે અહીં વનમાં આવ્યા. કામનું પ્રપોજલ તમે કર્યું. વેણુનું આવાહન તમે કર્યું. બોલાવીને મારવા, આ ક્યાંનો ન્યાય છે! એક તો બોલાવે, આમંત્રિત કરે, આમંત્રિત કરીને મારે. આ ક્યાંનો ન્યાય છે! ગોપીજન કહે છે **તદ્ગતં દૂરે, અન્તરા મરણમ્ ઉપસ્થિતમ્. તથા સતિ સુરતસ્ય અપ્રકટિતત્વાદ્ નાથત્વમપિ ન સ્યાત્.** ત્યારે તો સુરત પણ નહીં થાય અને તમે નાથ પણ નહીં કહેવાઓ. **ન હિ યોગી અશ્વનિર્માણસમર્થોઽપિ અશ્વપતિઃ ઉચ્યતે.** અરે! એક યોગી છે તે જો ચાહે તો ઘોડો પેદા કરે ચાહે તો હાથી પેદા કરી શકે. ઘોડો અને હાથી બંનેને પેદા કરી શકે છે એથી એ અશ્વપતિ નહીં કહેવામાં આવે. એકાદ ઘોડો પોતાના સામર્થ્યથી પોતાની પાસે રાખે, તો અશ્વપતિ કહેવાય. સમજોકે કોઈની પાસે લાખ રુપિયા છે, દસલાખ રુપિયા છે કોઈની પાસે આથી મિલમાલિક તો નહીં કહેવાય. એકાદ મિલ ચાલતી હોય, ભલેને નુકશાનમાં ચાલતી હોય, તો એ મિલમાલિક કહેવાય. લાખ રુપિયાના કારણે મિલમાલિક નથી કહેવાતો. એમ સામર્થ્યના કારણે અશ્વપતિ નહીં પરંતુ અશ્વ હોય તો અશ્વપતિ કહેવાય. હશે તમારામાં કોઈ પ્રકારનું સુરતનાથનું સામર્થ્ય, વૈકુંઠાદિમાં તમારું સુરતઆદિનું સામર્થ્ય હશે પરંતુ હવે જો તમે પ્રકટ નહીં થાવ તો તમારું સુરતનાથત્વ સ્વીકાર્ય નથી. આમાં મોટી ધમકીઓ છે. તામસીનો સ્વભાવ કેવો છે આમાં જૂઓ!

**કિંચ અસ્મદ્વધે કિં આશ્ચર્ય, તવ અદર્શને લક્ષ્મીરપિ ન તિષ્ઠેત્.** તો કહે છે કે કેમ તમે આવું માનીને બેઠા છો કે હું તમારો વધ કરી રહ્યો છું? હું પ્રકટ નથી થઈ રહ્યો તો તમારો વધ થઈ રહ્યો છે! તો કહે છે કે અમને એ બતાવો કે જો તમે ન દેખાવ તો લક્ષ્મી રહી જશે શું? જો તમારા દર્શન ન થાય તો લક્ષ્મી ટકી શકશે? શ્રીને તમે જ ચોરો છો. જ્યાં તમે નહીં રહો ત્યાંથી લક્ષ્મી પણ આપમેળે ચાલી જશે. જ્યારે લક્ષ્મી જશે તો અમારી શું વિસાત! **તદાહુઃ શ્રીમુષા ઈતિ. ઉદરસ્થિતા શ્રીશ્ચેદ્ બહિરાનીતા, તદૈવ મ્રિયતે, અપુષ્ટત્વાદ્ આમગર્ભવત્.** કમળના ઉદરમાં સ્થિત શ્રીને જ્યારે તમે ચોરી લો છો, જેમ કાચી કેરીને બહાર કાઢી લો તો કેરી ખતમ થઈ જાય. એમ શ્રીને બહાર કાઢી દીધી, તો શ્રી ખતમ થઈ જશે. જ્યારે તમારા દર્શન ન થયા તો શ્રી પણ ખતમ

થઈ જાય, તો અમે ખતમ નહીં થઈએ, એમાં આશ્ચર્ય શું!

**યદ્યપિ તસ્યાઃ જીવને કાલદ્રવ્યદેશવસ્તૂનિ બહુન્યેવ સન્તિ, તથાપિ ત્વદ્દર્શને ન જીવતિ, તથા વયમપિ.** જોકે એના જીવવામાટે ઘણાબધા દેશ કાળ દ્રવ્ય વસ્તુઓ છે પરંતુ અમારામાટે જીવવાનું બીજું કોઈ કારણ જ નથી જો તમારા દર્શન ન થયા તો. તો પણ શ્રી તમારા વગર જીવતી નથી તો અમે કેવીરીતે જીવશું! **કિંચ ત્વં સર્વેષાં વરાન્ પ્રયચ્છસિ, અસ્માન્ તુ મારયિષ્યસીતિ મહદાશ્ચર્યમ્!** ગામમાં તો તમે શ્રેષ્ઠ કહેવાઓ છો. ગામના તો તમે વરદ છો અને અમારા મારક છો! ગામમાં ખ્યાતિ તમારી વરદની છે. જેને જે વર જોઈતો હોય એ ભગવાનના વરદ હસ્તથી મળે છે. આવા વરદ હસ્ત રાખીને અમને કેમ મારો છો! **વરદાતા હિ પ્રત્યક્ષો ભવતિ.** વરદાતાને પ્રત્યક્ષ થવું જ જોઈએ. જો વરદાતા પ્રત્યક્ષ નથી તો વર કોનીપાસે માગવો! જો વરદ છો તો પ્રત્યક્ષ થવું જોઈએ તમારે નહીંતર તો તમે વરદ કેવા!

**અથવા તે વયમ્ અમૂલ્યદાસિકાઃ ધર્મદાસિકાઃ, અતો ન હન્તવ્યાઃ.** અથવા તો અમે ન ખરીદવામાં આવેલી દાસિકાઓ છીએ એટલા માટે વધના લાયક નથી. જેમ **'શુલ્કદાસિકા'** પાઠ થાય તેમ **'અશુલ્કદાસિકા'** પણ પાઠ થાય છે. અશુલ્કદાસિકા એને કહેવામાં આવે જેમ અમે 'ધર્મપિતા', ધર્મપુત્ર સંબંધ રાખીએ એવીજ રીતે ધર્મથી વગર કિંમત આપીને જેને અમે 'ધર્મદાસિકા' માની લીધા હોય. જેમ આપણને દયા આવી કોઈપર અને એણે કહ્યું કે ''મારું પાલન કરો.'' તો આપણે કહ્યું ''કે ચાલો ધર્મથી તું અમારો દાસ.'' એવી જે અશુલ્કદાસિકાઓ, ધર્મથી જેમને દાસ માન્યા, તો તમને એ ધર્મની દુહાઈ છે, એમ કહી રહી છે. **એવં અનેકવિધક્રૌર્યભાવનયા કાશ્ચિદ્ ભગવન્તમ્ ઉપાલભન્તે.** આવા આવા અનેક પ્રકારના ભગવાનના ક્રૂરતાના ગુણ ધ્યાનમાં આવી રહ્યા છે. કરી તો રહી છે પ્રાર્થના પરંતુ એ બધા કાર્ય ધ્યાનમાં આવી રહ્યા છે કે ભગવાન્ આ પ્રકારથી ક્રૂર છે, એ પ્રકારથી ક્રૂર છે. અસલ કારણ શું કે ખુદના હૃદયમાં ભાવ તામસ છે.

**ટિપ્પણી :**

**સુરતનાથ ઈત્યત્ર. (સુરતં સમ્ભોગઃ ઈત્યાદેઃ અયમ્ અર્થઃ. રતં લૌકિકં 'ભોગ' શબ્દવાચ્યં, તત્તુ સૃષ્ટિમ્ આરભ્ય પ્રવર્તતે. તત્ર ન ભગવદાજ્ઞાપેક્ષા,**

સૃષ્ટિસમાનયોગક્ષેમત્વાત્ તસ્ય. એવં સતિ સુષ્ઠુ અલૌકિકં શોભનરૂપં યત્ રતં તત્ સમ્યગ્ભોગ શબ્દવાચ્યમ્. તદસ્માસ્વેવ ત્વદાજ્ઞયા ઇચ્છયા ઇતિ યાવત્, તયૈવ પ્રવર્તતે. યતો જગત્ લૌકિકં ગચ્છતિ, નશ્યત્યેવ, ન તુ સ્થિરમ્ અતો અત્યલૌકિકં સ્વરૂપાનન્દરૂપં તત્ર પ્રકટિભવિતું ન અર્હતિ. એતાદસ્ય તસ્ય ભવાનેવ નાથઃ પ્રવર્તકો રક્ષકશ્ચ. એવં સતિ સ રસઃ ચેત્ ત્વય્યેવ નિરુદ્ધઃ તિષ્ઠેત્ તદા તુ અલૌકિકા અપિ ભક્તાઃ શૂન્યહૃદયા ભવેયુરિતિ ત્વદિચ્છાં જ્ઞાત્વા ત્વાં પ્રાર્થયિત્વા તાદશીઃ વયં પ્રકટીકૃતાઃ યતઃ પ્રતિબન્ધનિવૃતિઃ. અતએવ અગ્રે ''વિખનસાર્થિતઃ'' ઇતિ વક્ષ્યતે. કામો ભગવદીયઃ. મનસઃ પૂર્વરૂપત્વાદ્ વાચઃ ઉત્તરરૂપત્વાત્ ''મનઃ ચક્રે'' ઇતિ ઉક્ત્વા ''જગૌ કલં વામદશાં મનોહરં'' ''તા દષ્વાન્તિકમ્'' ઇત્યાદિકં ચ વાગ્રૂપમ્ અલૌકિકભાવપ્રવર્તકં સ્વપ્રિયાસુ ઇતિ આશયેન 'આજ્ઞા'પદમ્ ઉક્તમ્. ''મૈવં વિભો અર્હતિ'' ઇત્યાદિ વાચાં ભગવદ્‌ભાવાત્મકત્વાત્ તાસામપિ આજ્ઞારુપત્વમ્ ઇતિ આશયઃ. તૈરેવ વચનૈઃ પ્રતિબન્ધનિવૃત્તિરપિ.) અતો બ્રહ્મણા ઇતિ. અત્ર અયં ભાવઃ ''બ્રહ્માદયો બહુતિથં યદપાંગમોક્ષકામા'' ઇત્યત્ર ભગવદ્‌ભાવકામાઃ સન્તઃ સાક્ષાત્ તમલભમાનાઃ શ્રિયોપાંગા ભાવોદ્‌ગારિણો નિરન્તરં પ્રિયસંગતત્વેન તદ્‌ભાવાત્મકત્વં પ્રાપ્તાઇતિ તત્સમ્બન્ધે તદનુભાવેન કદાચિત્ સ ભાવોઽપિ ભવેદ્ ઇતિ આશયા તત્કામાઃ તપશ્ચરન્તિ ઇતિ નિરૂપિતમ્. પ્રકૃતે ચ સ્વયં પ્રભુઃ પ્રકટ ઇતિ તન્માર્ગપ્રકટનાર્થં દ્વારભૂતા વયં તેન પ્રકટિતા ઇતિ. અત્ર 'સુરત'શબ્દેન સુષ્ઠુ ભગવતા સમં રતં યેન ઇતિ ભગવદ્‌ભાવએવ ઉચ્યતે ન તુ સમ્ભોગઃ, તસ્યાપામરમનુવર્તમાનત્વેન ત્વદાજ્ઞા...ઇત્યાદિના નાથત્વવિવરણં યત્ તદનુપપત્તેઃ. એતન્માર્ગપ્રાકટ્યેન બ્રહ્મણો ન કોઽપિ ભાવઃ સિદ્ધઃ ઇતિ અરુચ્યા પક્ષાન્તરમ્ આહુઃ કામેન વા ઇતિ, ભગવદીયભાવરૂપેણ ઇતિ જ્ઞેયમ્. સ્વામિનીદર્શને હિ ભગવતો ભાવઃ ઉદ્રિક્તઃ સન્ કામકાર્યં કરોતિ અતઃ તેનૈવ સ્વાર્થં વયં પ્રકટીકૃતા ઇત્યર્થઃ.

વિવરણમ્ :

કાલે આપણે 'શરદુદાશયે સાધુજાત... નેહ કિં વધઃ' આના સુબોધિનીજી જોયા. હવે એની ટિપ્પણી જોઈએ :

(હે સુરતનાથ!)

સુરતનાથઇત્યત્ર. સુરતં સંભોગ ઇત્યાદેઃ અયમ્ અર્થઃ. રતં લૌકિકં

**'ભોગ'શબ્દવાચ્યં, તત્તુ સૃષ્ટિમ્ આરભ્ય પ્રવર્તતે. તત્ર ન ભગવદાજ્ઞાપેક્ષા, સૃષ્ટિસમાન-યોગક્ષેમત્વાત્ તસ્ય.** કેટલાક ટીકાકાર 'સુરત'નો અર્થ કરતી વખતે લૌકિક કામ અને અલૌકિક કામ નો પ્રભેદ નથી કરતા. આચાર્યચરણોંએ સામાન્યતયા 'સુરતં' અહીં આ કહ્યું. સુબોધિનીજીમાં **સુરતં સમ્ભોગઃ જગતિ યાવાન્ અસ્તિ તસ્ય ભવાન્ નાથઃ** હવે અહીં કયો અર્થ લેવો સુરતનો? શું લૌકિક કામ એવો અર્થ લેવો? જેમ ધર્મનો નિયામક દેવ અધિષ્ઠાતા આધિદૈવિક સ્વરૂપ ધર્મરાજ માનવામાં આવે, અર્થનું આધિદૈવિક સ્વરૂપ લક્ષ્મી માનવામાં આવે, એમ કામનું આધિદૈવિક સ્વરૂપ શું ભગવાન્ છે? જો **'સુરતનાથ'**શબ્દનો અર્થ અહીં લૌકિક કામ લેવામાં આવે, તો આવો અર્થ ધ્વનિત થાય કે કામનું આધિદૈવિક સ્વરૂપ ભગવાન્ છે. હકીકતમાં વાત એવી નથી. કામનો એક સ્વતંત્ર આધિદૈવિક દેવ કામદેવ માનવામાં આવેલ છે. એ લૌકિક કામના અર્થમાં ભગવાન્ **'સુરતનાથ'** નથી પરંતુ અલૌકિક કામ ના અર્થમાં સુરતનાથ છે. આ વાતનો આપણે ભેદ કરીને સમજીએ તો ગડબડ થઈ જાય. એટલા માટે શ્રીગુસાંઈજી અહીં સ્પષ્ટીકરણ આપી રહ્યા છે. **સુરતં સમ્ભોગ ઈત્યાદેઃ અયમ્ અર્થઃ.** આચાર્યચરણે 'સુરત'નો અર્થ જે સમ્ભોગ કર્યો તો ત્યાં શ્રીગુસાંઈજી કહી રહ્યા છે કે 'રતમ્' અને 'ભોગ' એમ છુટ્ટા પાડો. જેમ 'સુરત'માં 'સુ' અને 'રત' છે એવીજ રીતે 'સમ્ભોગ'માં 'સમ્' અને 'ભોગ' છે. એમાં રતં લૌકિકં **'ભોગ' શબ્દવાચ્યં,** 'રતં' લૌકિક છે 'ભોગ'શબ્દવાચી. અહીં 'સુરત'નો અર્થ જે સમ્ભોગ કર્યો, તો સમ્યક્તયા ભોગ લૌકિક કામમાં નથી. આથી અહીં **સુરતનાથ! તે** માં લૌકિક કામ ન લેવો. આ વાત બતાવી. કેમકે **તત્તુ સૃષ્ટિમ્ આરભ્ય પ્રવર્તતે** લૌકિક કામ સૃષ્ટિના આરંભથી જ ચાલી રહ્યો છે. **તત્ર ન ભગવદાજ્ઞાપેક્ષા** અને એના નાથ પ્રભુ હોય, મતલબ એનું નિયમન પ્રભુ કરતા હોય, એવી અપેક્ષા નથી. કેમકે **સૃષ્ટિસમાનયોગક્ષેમત્વાત્ તસ્ય** કેમકે સૃષ્ટિ ચાલી રહી છે, એવીજ રીતે લૌકિક કામ પણ સમાન રૂપમાં ચાલી રહ્યો છે. **એવં સતિ સુષ્ઠુ અલૌકિકં શોભનરૂપં યદ્ રતં તત્ 'સમ્યગ્ભોગ'શબ્દવાચ્યમ્.** આટલા માટે 'સંભોગ'નો અર્થ અહીં સુષ્ઠુ અલૌકિક મતલબ કે જે કામની શોભા, જે કામના કારણે થતી હોય.

(વિધાન અને અનુવાદ)

જેમ બતાવ્યું કે **''જોપે શ્રીવલ્લભ પ્રકટ ન હોતે. ભૂતલભૂષણ વિષ્ણુસ્વામીપથશૃંગારશાસ્ત્ર સબ રોતે''** (સગુણદાસજી). કેમકે આ શૃંગારશાસ્ત્રની લૌકિક કામપરક વ્યાખ્યાઓ પ્રચલિત હતી અને એ જ માન્ય થઈ જતી. આચાર્યચરણે પહેલી વખત આ બતાવ્યું કે વાત્સ્યાયન ઋષિનું તાત્પર્ય આટલું ક્ષુદ્ર ન હોઈ શકે કે લૌકિકશૃંગારપરક એ બધા ગ્રંથોની રચના કરે. આમાં ભગવાનની અલૌકિક લીલાઓને સમજાવવા માટે ઋષિએ આ શાસ્ત્ર લખ્યું છે. હવે એના લૌકિક અર્થ ઘટાવવા હોય, મતલબ કે દુનિયામાં સ્વયં ભગવાન્ જ અલૌકિકરૂપથી અલૌકિકરૂપમાં પ્રકટ થયા છે. એવીજ રીતે શાસ્ત્રના પણ અલૌકિક અર્થને બદલે લૌકિક અર્થ થઈ જતા હોય, એ જીવ સ્વભાવ છે. બાકી મૂળ ઋષિતાત્પર્ય એવું નથી હોઈ શકતું. **''મુનિર્વિવક્ષુઃ ભગવદ્ગુણાનાં સખાપિ તે ભારતમ્ આહ કૃષ્ણઃ. યસ્મિન્ નૃણામ્ ગ્રામ્યસુખાનુવાદૈઃ મતિગૃહીતાનુ હરેઃ કથાયામ્.''** (ભાગ.પુરા.૩/૫/૧૨). મહાભારતમાં આણે એને માર્યો અને એણે આને માર્યો આ મુખ્ય પ્રયોજન છે કે કથંચિત્ હરિમાં બુદ્ધિને લગાવવાનું પ્રયોજન છે? મુખ્ય પ્રયોજન છે કથંચિત્ બુદ્ધિ હરિમાં લાગે. ગ્રામોચિત એણે આને માર્યો આણે એને માર્યો, એમાં જે રત છે, એ કદાચ આ ઝઘડો સાંભળીને જ ભગવાનમાં રત થઈ જાય. ગ્રામ્યસુખ તો કેવળ અનુવાદ છે. ગ્રામ્યસુખનું વિધાન નથી. અનુવાદ અને વિધાન માં કેટલો ફરક હોય કે અનુવાદમાં, વ્યક્તિનું ખુદનું તાત્પર્ય નથી હોતું. જેવું એમણે કહ્યું, એવું અમે કહ્યું. પછી અમે આવૃત્તિ કરી. જે વિધાન હોય એમાં વ્યક્તિનું તાત્પર્ય હોય. એક વેદમાં પોતાનું વિધાન માનવામાં આવે, અનુવાદ નથી માનવામાં આવતો . કેમકે વેદ જ્યારે પણ વાત કહે છે, એનું કોઈ તાત્પર્ય હોય છે. સ્મૃતિ વેદનો અનુવાદ કરે છે. એમનું ખુદનું તાત્પર્ય નથી તેમાં. આટલા માટે અનુવાદનુ પ્રામાણ્ય નથી માનવામાં આવતું પરંતુ વિધાનનું પ્રામાણ્ય માનવામાં આવે છે. એવો સિદ્ધાંત છે. કેમકે તાત્પર્યવશ શબ્દપ્રમાણ થાય. જે તાત્પર્યવાન શબ્દ ન હોય તો પોપટ જેમ બોલે તેનું પ્રમાણ્ય થઈ જાય. પોપટ કોઈ વાક્ય બોલતો હોય, તો તેનું પ્રામાણ્ય ન કહેવાય. કેમકે એ બોલી રહ્યો છે પરંતુ તેનું તાત્પર્ય એ અર્થમાં નથી. વ્યક્તિ કોઈ વાત કહે તો આપણે માનીને ચાલીએ કે બોલી રહ્યો છે તો કાંઇક તાત્પર્ય હશે.

**(અસ્તિ કશ્ચિદ્ વાગર્થઃ?)**

જ્યારે કાલીદાસ પહેલી વખત બોલ્યા તો વિદ્યાવતીએ કહ્યું કે **"અસ્તિ કશ્ચિદ્ વાગર્થઃ?"** સાચી કથા છે કે ખોટી કથા છે, એ તો ભગવાન્ જાણે! પરંતુ કથા પ્રચલિત છે. કાલીદાસ મૂર્ખ હતા. મૂર્ખ હતા તો જ્યારે પોતાની પત્નીની પાસે ગયા ત્યારે 'ઉષ્ટ્ર' પણ બરાબર નહોતા બોલી શકતા. "ઊષ્ટ ઊષ્ટ" કહેતા હતા. તો પત્નીએ એને કાઢી મૂક્યા. તેના પછી કાલિદાસે જઈને દેવીમાંને પ્રસન્ન કરીને વિદ્વાન થવાનું વરદાન માગ્યું અને પ્રાપ્ત પણ કર્યું. હવે ઘરે આવીને એણે દ્વાર ખોલવામાટે કહ્યું **"અનવૃતકપાટં દ્વારં દેહિ"**. તો તેની પત્નીએ કહ્યું **"અસ્તિ કશ્ચિદ્ વાગર્થઃ"**. ત્યારે તેની પત્નીએ કહ્યું કે "હવે જે કાંઇ બોલી રહ્યા છે એ વાણીમાં કાંઈક અર્થ છે." મતલબ તાત્પર્યની સાથે બોલી રહ્યા છે. નાસમજીથી નથી બોલી રહ્યા. તેના પછી પત્નીદ્વારા બોલવામાં આવેલા વાક્યના એક એક શબ્દપર કાલીદાસે એક મહાકાવ્ય રચ્યું. 'અસ્તિ' ને લઈને **"અસ્તિ ઉત્તરસ્યામ્ દિશિ દેવતાત્માઃ હિમાલયો નામ નગાધિરાજઃ"** થી પ્રારંભ કરીને **'કુમારસંભવ'**ની રચના કરી. **'કશ્ચિદ્'**પદને લઈને **"કશ્ચિદ્ કાન્તાવિરહગુરુણા"**થી પ્રારંભ થનારું **'મેઘદૂત'** કાવ્યની રચના કરી. અને **'વાક્'**પદને લઈને **"વાગાર્થાવિવ સમ્પૃક્તૌ"**થી પ્રારંભ થનારા **'રઘુવંશ'** મહાકાવ્યની રચના કરી. આવી આખ્યાયિકા હતી. હવે સાચી ખોટી એ તો ભગવાન્ જાણે.

તો તાત્પર્યવાન્ વાક્ય પ્રમાણ હોય. એ ન્યાયથી ૠષિનું તાત્પર્ય તો અલૌકિક-શૃંગારમાં જ છે, લૌકિક-શૃંગારમાં નથી. હવે આ તાત્પર્યને ન સમજવાના કારણે અધિકારભેદથી, પોત-પોતાના અર્થમાં તેનું અર્થઘટન લોકો કરી રહ્યા છે. એટલા માટે કહે છે **તત્ર ન ભગવદાજ્ઞાપેક્ષા સૃષ્ટિ સમાન યોગક્ષેમત્વાત્ તસ્ય.** કેમકે સૃષ્ટિ કાલ-કર્મ-સ્વભાવથી ચાલી રહી છે. જ્યારે કોઈ વસ્તુનું એક્સ્પ્લેનેશન (વર્ણન) ન મળે તો ત્યાં ભગવાનને લઈ આવો. સૃષ્ટિ તો કાલ-કર્મ-સ્વભાવથી પોતાની મેળે ચાલી રહી છે. જ્યારે પણ કોઈ એક્સ્પ્લેનેશન્ તૂટી જાય અને આપણે જગતનું કાલ-કર્મ-સ્વભાવના દ્વારા એક્સ્પ્લેનેશન્ ન કરી શકીએ, તો ભગવાનને વચમાં લાવીને એની ક્રિયા કરી નાખો. આવા નાસ્તિક લોકો આસ્તિકોનો અંગ્રેજીમાં ઉપહાસ ઉડાવે. સૃષ્ટિ તો

કાલ-કર્મ-સ્વભાવથી પ્રકટ થઈને પોતાની મેળે ચાલી રહી છે, ત્યાં આપણને ભગવાનની જરુર ક્યાં પડે! પરંતુ જ્યાં લાવવી પડે છે ત્યાં લાવવી પડે છે. એજ ન્યાયથી જેમ સૃષ્ટિ સ્વતઃ ચાલી રહી છે કાલ-કર્મ-સ્વભાવથી તો એવીજ રીતે આ લૌકિક કામ પણ પોતાની મેળે પ્રકટ થતો રહે છે. એમાં ભગવાનને નાથ બનવાની વિશેષ આવશ્યકતા છે નહીં.

**એવં સતિ સુષ્ઠુ અલૌકિકં શોભનરૂપં યત્ રતં તત્ 'સમ્યગ્ભોગ શબ્દવાચ્યમ્'**. આટલા માટે સમ્ભોગનો અર્થ લૌકિક કામ ન કરીને, આ અલૌકિક જેનાથી આ લૌકિક કામની પણ શોભા વધે. **મતલબ "યો વૈ ભૂમા તત્સુખં નાલ્પે સુખમ્ અસ્તિ"** (છાન્દો.ઉપ.૭/૨૩/૧). **"યદ્ અલ્પં તન્મર્ત્યમ્"** (છાન્દો.ઉપ.૭/૨૪/૧). જે પણ કાંઈ અલ્પ છે એ તો મર્ત્ય(મરણશીલ) છે. જે ભૂમા છે તે સુખ છે. એ ન્યાયથી જો આ લૌકિક કામની પણ કાંઈક શોભા થતી હોય તો એ કામના કારણે થઈ રહી છે. એ શોભનરૂપ અલૌકિક કામને અહીં 'સમ્યગ્'શબ્દથી વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. **'તદસ્માસ્વેવ ત્વદાજ્ઞયા ઈચ્છયા ઈતિ યાવત્, તયૈવ પ્રવર્તતે. યતો જગત્ લૌકિકં ગચ્છતિ, નશ્યત્યેવ, ન તુ સ્થિરમ્'**. હવે એ **સુરત** મતલબ અલૌકિક-કામ, તેના અનુસાર ગોપીજનો સ્તુતિ કરી રહ્યા છે કે એ અલૌકિક-કામની સ્થિતિ અમારામાં છે. (અને) તે અમારા સ્વભાવથી નથી પરંતુ તમારી આજ્ઞા અને તમારી ઈચ્છાથી છે. એનું કારણ શું? શ્રીગુસાંઈજીની પંક્તિ યાદ કરો **"તદનંગગુણો ન તદવ્રતકૃતો અન્યદીયોપિ વા"**. જે ગોપિકાઓ હતી તે બહુજ નાની પાંચ વરસની બાલિકાઓ હતી. જેવું વર્ણન ભાગવતમાં આવ્યું છે, એ પ્રકારનું વર્ણન એ વયક્રમમાં તો સંગત નથી થતું. તો આ વર્ણન અને એમની વયનો જે ઉલ્લેખ, આની સંગતિ શું? તો જે પ્રકારની લીલાઓનું વર્ણન છે, એ પ્રકારની લીલાનું વર્ણન ન તો કૃષ્ણની એ વખતની વયથી સંગત થાય છે અને ન ગોપિકાઓની વયક્રમથી સંગત થાય છે. જે ચિત્રો બનાવે છે લોકો તેમાં તો યુવતિઓના ચિત્ર બનાવે છે. બાલિકાઓ તો ખૂબજ નાની હતી. તો કહે કે કાત્યાયનીના વ્રતથી શું એમની વયમાં કાંઈ અસ્વભાવિક વિકાસ થઈ ગયો હતો? તો ગુસાંઈજી કહે છે કે વયનો કોઈ અસ્વભાવિક વિકાસ નહોતો થયો. એમણે કાત્યાયનીવ્રત કર્યું, તો કાત્યાયનીવ્રતના કારણે કોઈ એવું વરદાન મળ્યું

હતું કે જેનાથી એમનામાં યૌવન પ્રકટ થયું? તો કહે કે કાત્યાયનીના વ્રતનો પણ પ્રભાવ ન હતો. કેવળ પ્રભુએ શૃંગારાત્મિકા દૃષ્ટિથી એમને જોયા અને એ દૃષ્ટિનો જ આ બધો પ્રભાવ હતો. **''પ્રિયકટાક્ષગો અયં પરમ્''**. ન તો આ કાત્યાયનીવ્રતનો પ્રભાવ છે, ન એમની વયનો આ અસ્વભાવિક વિકાસ છે. આ કેવળ પરમાત્માની શૃંગારાત્મિકા દૃષ્ટિનું વર્ણન છે.

**(દૃષ્ટિસૃષ્ટિવાદ અને સૃષ્ટિદૃષ્ટિવાદ)**

જેમ અદ્વૈતીઓમાં **દષ્ટિસૃષ્ટિવાદ** છે એણે જોયું તો સૃષ્ટિ પેદા થઈ. એક **સૃષ્ટિદૃષ્ટિવાદ** છે અને બીજો દૃષ્ટિસૃષ્ટિવાદ છે. એમ આ પરમાત્માની દૃષ્ટિસૃષ્ટિવાદ છે કે એણે જોયું અને એવી સૃષ્ટિ પેદા થઈ. પરમાત્માની દૃષ્ટિમાં, વચનમાં અને સંકલ્પમાં પણ આટલું સામર્થ્ય છે કેમકે સત્યકામ છે, સત્યસંકલ્પ છે, સત્યદૃષ્ટિ છે. ઋષિઓમાં આ સામર્થ્ય માનવામાં આવે કે **''ઋષિણામ્ પુનર્ આદ્યાનામ્ વાચમ્ અર્થોનુધાવતિ''**. (ઉત્ત.રામચ.૧/૧૦). અર્થ વાણીનું અનુસરણ કરે. વાણી અર્થનું અનુસરણ ન કરે. જે કહે **'ઋતમ્ભરા પ્રજ્ઞા'** કહેવાય મતલબ જે એમની કલ્પના થઈ તે સત્ય થઈ જાય અને સત્યના અનુસાર એમની પ્રજ્ઞા ઘટિત નથી થતી. આ એમનો પ્રભાવ છે. ઋષિઓમાં જ્યારે આ પ્રકારનો વિશેષ પ્રભાવ માનવામાં આવે તો પરમાત્મામાં એ પ્રભાવ કેમ ન હોઈ શકે? એટલા માટે જે આ પરમાત્માનું કાંઇક વર્ણન છે **દષ્ટિસૃષ્ટિવાદ** છે. વાત સમજાવવા માટે કહી રહ્યો છું. આને ગંભીરતાથી ન લેતા. આપણે ત્યાં દૃષ્ટિસૃષ્ટિવાદ માન્ય નથી પરંતુ ઉપહાસમાં આ વાતને કહી રહ્યો છું. પરમાત્માએ એ દૃષ્ટિથી જોયું અને જે પ્રકારથી પરમાત્માએ જોયું એ પ્રકારથી સૃષ્ટિ થઈ. કુરાનમાં કહે કે પરમાત્માએ કહ્યું **'કુન'** થઈ જાઓ અને આખી સૃષ્ટિ થઈ ગઈ. **'કુન'** કહેતાજ આખી સૃષ્ટિ પેદા થઈ ગઈ. કેમકે પરમાત્માની વાણી છે અને વાણીનો વિષય બધો ઘટિત થઈ ગયો. પરમાત્માએ એ દૃષ્ટિથી જોયું અને એ પ્રકારની આખી સૃષ્ટિ પેદા થઈ ગઈ. એજ વાત ગોપીજન કહી રહ્યા છે **તદસ્માસ્વેવ**. આ દૃષ્ટિથી તમે અમને જ જોયા છે અને તમે અમને જોયા છે આથી એ અલૌકિક-કામની પ્રતિષ્ઠા અમારામાં જ છે. એ અમારા સ્વાભાવિક વયક્રમથી નથી. ન કોઈ અમારા અસ્વાભાવિક તપ કે વ્રતના કારણે છે. એ **ત્વદાજ્ઞયા ઈચ્છયા** છે. **તયૈવ પ્રવર્તતે** અથવા આ અશુધ્ધ પાઠ હોય તો **ત્વયૈવ પ્રવર્તતે**. એવો પણ પાઠ થઈ શકે છે. **યતો જગત્ લૌકિકં ગચ્છતિ, નશ્યત્યેવ, ન**

**તુ સ્થિરમ્.** કેમકે જો જગતમાં કામની કોઇ પ્રતિષ્ઠ પણ થઇ, અલૌકિક-કામની, તો કહે છે કે એ તો જગત્ છે, મતલબ જે ચાલતું રહેતું હોય એનું નામ 'જગત્'. 'ગચ્છતિ' મતલબ જે ચાલતું રહેલું હોય, 'જગત્' મતલબ જે નિરંતર ચાલી રહ્યું હોય. લૌકિક જગત્ તો સ્વયં ચાલી રહ્યું છે. એમાં જો કોઇ વસ્તુ પ્રતિષ્ઠિત પણ કરી, તો એ તેને લઇને જશે. મોટાભાગે એવું જ થાય કે જેટલા પણ શાસ્વતમૂલ્ય જગતમાં સ્થાપિત કરતા જઇએ, એ જગતમાં ટકી ન શકે, શાસ્વત રહી ન શકે, કેમકે જગત્ એને પણ લઇને ચાલી રહ્યું છે. સ્થાપિત થયું નહીં કે ચાલવાનું શરુ કરી દે. સ્થિર રહી જ ન શકે ચાહે કોઇપણ સિદ્ધાંત સ્થાપિત કરો. મતલબ ચોરીનો સિદ્ધાંત પણ સ્થાપિત કરો તો એ પણ સ્થિર નહીં રહી શકે બે-ચાર માણસ એવા અચોર પેદા થઇ જશે અને જો અચોરીનો સિદ્ધાંત સ્થાપિત કરો તો ચોર તો પેદા જ થયા છે. **'હે'** આ જગત્ ચાલી રહ્યું છે. જેમ એરપોર્ટપર કન્વેયરબેલ્ટ હોય છે કે જેનાપર સામાન રાખ્યો નહીં કે સામાન ચાલવાનો શરુ થઇ જાય.

### (કન્વેયરબેલ્ટ પર ભગવાન્!)

અમદાવાદમાં અમને એક માણસ કહી રહ્યો હતો કે ''મંદિરમાં એક કન્વેયરબેલ્ટ લગાવી દઇએ અને ભક્ત આવીને ઊભા રહી જાય અને ફરીને દર્શન કરે તો કેમ?'' મેં કહ્યું કે ''થોડુંક રહ્યું સહ્યું તે પણ ચૌપટ થઇ જશે.'' આજ તમે ભક્તોને કન્વેયરબેલ્ટપર ચઢાવી રહ્યા છો, કાલે તમે એમ કહેશો કે ''ભક્ત જ કન્વેયરબેલ્ટપર કેમ ચઢે, ભગવાનને જ કન્વેયરબેલ્ટપર પધરાવો ને! કે ચારેબાજુ ભગવાન્ ફરી જાય અને બધાને દર્શન થઇ જાય.'' મતલબ પ્રભુનું રહેલું માહાત્મ્ય, આપણા મનમાં પ્રભુના દર્શનની ઉત્કંઠા, એ બધું ખતમ! એમ જગત્ પણ એક કન્વેયરબેલ્ટ છે કે રાખ્યું નહીં કે ચાલવાનું શરુ થઇ જાય. ક્યારેક એરપોર્ટપર જઇને જોવા જેવું દશ્ય હોય છે કે સામાન રાખ્યો નહીં કે સામાન ચાલે.

**અતો અત્યલૌકિકં સ્વરૂપાનન્દરૂપં તત્ર પ્રકટીભવિતું ન અર્હતિ.** એટલા માટે અલૌકિક સ્વરૂપાનંદરૂપ કામ કે **'તત્ર'**=જગતમાં પ્રકટ ન થઇ શકે. એટલા માટે **એતાદશસ્ય તસ્ય ભવાનેવ નાથઃ**. હવે જો તેને આ જગતમાં પ્રકટ કરવો હોય, તો જગતના સામર્થ્યથી પ્રકટ નથી થઇ શકતો. એ અલૌકિક-કામ

આપણા અલૌકિક સ્વભાવના કારણે પ્રકટ ન થઈ શકે પરંતુ તું **'અચિન્ત્યકાર્યકર્તા'**(પુ.સ.ના.૫/૬૮) છે મતલબ **તર્કાગોચરકાર્યકૃત્** (પુ.સ.ના.૫/૬૮) છે, એટલા માટે તું ઈચ્છે તો આ લોકમાં જ અલૌકિક કામને પણ પ્રકટ કરી શકે છે. **પ્રવર્તકો રક્ષકશ્ચ** પ્રવર્તક પણ તું છે અને રક્ષક પણ તું છે.

**(જો ભક્ત પણ શૂન્યહૃદય થઈ જશે!)**

**એવં સતિ સ રસઃ ચેત્ ત્વય્યેવ નિરુદ્ધઃ તિષ્ઠેત્ તદા તુ અલૌકિકાઅપિ ભક્તાઃ શૂન્યહૃદયા ભવેયુઃ ઈતિ ત્વદિચ્છાં જ્ઞાત્વા ત્વાં પ્રાર્થયિત્વા તાદશીઃ વયં પ્રકટીકૃતાઃ યતઃ પ્રતિબન્ધનિવૃત્તિઃ.** કેમકે તું જ પ્રવર્તક છે, તું જ રક્ષક છે. જો તારા વગર કોઈ વિષયમાં કામનું પ્રવર્તન કે નિર્દેશન થયું તો તે પોતાની એ અલૌકિક ગરિમાથી ચ્યુત થઈ જશે. એટલા માટે એ રસ જો તારામાં જ નિરુદ્ધ રહ્યો, **તદાતુ અલૌકિકાઅપિ ભક્તાઃ શૂન્યહૃદયા ભવેયુઃ.** તો જે અલૌકિક ભક્ત છે, જેમનામાં આ અલૌકિક રસનો અનુભવ કરવાનું સામર્થ્ય છે, મતલબ જે વિષયાનંદથી આગળ વધીને બ્રહ્મનંદ અને બ્રહ્માનંદની સ્થિતિથી પણ આગળ જઈને ભજનાનંદની સ્થિતિમાં જે ભક્ત પહોંચી શકે છે, એમના હૃદયમાં પણ જો આ રસની અનુભૂતિ ન થઈ તો એમના હૃદયમાં તો શૂન્યતા જ આવી જશે.

**(ઈન્દ્રિયસામર્થ્યનો દુરુપયોગ-નિરુપયોગ-સદુપયોગ)**

વેણુગીત સુબોધિનીજીમાં કહ્યું છે **"ઈદમેવ ઈન્દ્રિયવતામ્ ફલમ્ મોક્ષોપિ નાન્યથા યથા અન્ધકારે નિયતાસ્થિતિર્ ન અક્ષણોઃ ફલમ્ ભવેત્"** (સુબો.કારિકા.૧૦/૧૮/૧૦). શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે જે પ્રવાહીજીવ છે એમની ઈન્દ્રિયોની સાર્થકતા તો આ અર્થમાં છે કે તે લૌકિકવિષયોનો ઉપભોગ કરશે. લૌકિકવિષયોના ઉપભોગના કારણે આ જગતમાં આવશે અને જશે. કેમકે તેઓ જાગતિક છે. જે કન્વેયરબેલ્ટથી છટકીને બહાર ભાગવા માગી રહ્યા છે, તેઓ કદાચ ઈન્દ્રિયોને પણ બેકાર કરી દેશે. અમે આને આ પ્રકારથી સમજાવીએ કે જેમ ઈન્દ્રિયોવગેરેને સામર્થ્ય પ્રભુએ આપ્યું, તો પ્રાવાહિક જીવ તો સામર્થ્યનો દુરુપયોગ કરે. મર્યાદાજીવ તેનો નિરુપયોગ કરે. જે ઈન્દ્રિયવાન છે અને જો ભગવાનની કૃપાના પાત્ર છે, તેઓ જ સદુપયોગ કરી શકે છે.

તો ભગવાને ઇન્દ્રિયોવગેરેને જે સામર્થ્ય આપ્યું છે, આંખોથી રૂપના દર્શનનું સામર્થ્ય, કાનથી શબ્દના ગ્રહણનું સામર્થ્ય, નાકથી ગંધના શ્રવણનું સામર્થ્ય, એમનો જો લૌકિકવિષયોમાં વિનિયોગ થયો ત્યારે તો દુરુપયોગ થઇ ગયો. દુરુપયોગ આ અર્થમાં કે એ ક્ષુદ્ર ઉપયોગ છે. જો એનો ઉપયોગ જ ન કર્યો તો તમારી પાસે લાખ રુપિયા આવ્યા અને તમે જમીનમાં દાટી દીધા, તો પછી એ પુરાતત્ત્વવિભાગના કામમાં આવશે. ન તમારા દાનમાં કામ આવ્યા, ન તમારા ઉપભોગમાં કામ આવ્યા, તેથી એ તો ફક્ત નાશના જ કામમાં આવ્યા. એમ લખપતિ પણ શું કામના! એવા લાખ રુપિયા શું કામના જે કામ જ ન આવે! જમીનમાં દટાયેલા જ રહે, જેને ન દેવાનું સામર્થ્ય, ન ઉપભોગ કરવાનું સામર્થ્ય, ન છોડવાનું સામર્થ્ય, બસ નાશનું સામર્થ્ય. કોઇ પુરાતત્ત્વવેત્તા હોય તે એને સેંકડો વરસો પછી ખોદીને કાઢે. એ કામમાં તો આવ્યા નહીં. જ્ઞાનીને જે આ પ્રકારનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે તે નિરુપયોગ ચાલ્યું જાય છે. ભક્તિનો કૃપાભાજન તેનો સદુપયોગ કરી શકે છે. એ સામર્થ્યથી ભગવાનને ઇન્દ્રિયોના વિષય બનાવીને, પોતાના હૃદયને શૂન્ય થતાં બચાવી શકે છે. કેમકે ભગવાનના રૂપને રસને ગંધને બધાને પોતાની ઇન્દ્રિયોના વિષય બનાવીને, પોતાના હૃદયને રસપૂરિત કરી શકે છે. તો આ ભક્તમાં અને જ્ઞાનીમાં ફરક છે. આ ફરક જો ભગવાન્ તિરોહિત જ રહે, તો એવા ભગવાન્ જ્ઞાનીના જ કામના, ભક્તના કામના ક્યાં થયા! આ તિરોહિત જ રહેવું હતું તો ભક્તોને ઇન્દ્રિયોવગેરેનું સામર્થ્ય જ પ્રદાન કેમ કર્યું! ફક્ત અસંગ આત્મા પર્યાપ્ત હતો. તો કહે છે કે પ્રવાહીજીવોને અમે પ્રદાન કર્યું તો પ્રવાહીજીવોમાં તો એની ઉપયોગિતા છે. દુરુપયોગ જ ભલે પરંતુ અનુપયોગ તો નથી. કાંઇક તો છે!

હવે જો કહીએ કે મર્યાદાજીવોને પણ ઇન્દ્રિયસામર્થ્ય તો આ ન્યાયથી પ્રદાન કર્યું નહીંતર મુક્ત કેવીરીતે થાત? ઈસાઇઓમાં આ જ ન્યાય છે. ઈસાઇઓમાં કહે છે કે ‘‘ભગવાને મનુષ્યને સ્વતંત્ર કેમ બનાવ્યો? સ્વતંત્ર ન બનાવત તો ભગવાનને મેળવવાનો જે એનો પ્રયત્ન છે તે એનો ન કહેવાત.’’ એ ન્યાયથી મર્યાદાજીવને જે ઇન્દ્રિયાદિકનું જે સામર્થ્ય આપવામાં આવ્યું, એમાં જો ઇન્દ્રિયોનું સામર્થ્ય ન આપ્યું હોત તો મુક્ત કેવીરીતે કહેવાત? અબદ્ધજીવ અને મુક્તજીવ માં ફરક શું રહી જાત? સૌથી મોટી તકલીફ આ છે

કે બદ્ધજીવ તો મુક્ત થઈ શકે પરંતુ અબદ્ધજીવ મુક્ત પણ ન થઈ શકે. મુક્ત થવામાટે બદ્ધ હોવું જરુરી છે. ચાલો મર્યાદામાર્ગના જીવોને ઈન્દ્રિયાદિકનું સામર્થ્ય આપ્યું એ પણ ચાલો સંગત થઈ ગયું, પરંતુ જે ફક્ત ભક્તિમાર્ગીય જીવ છે, એમને ન તો બંધનની વાત છે અને ન કોઈ મુક્તિની વાત છે. તો એમના ઈન્દ્રિયાદિકના સામર્થ્યનું પ્રયોજન શું? એ નિષ્પ્રયોજિત રહી જશે જો ભગવદ્પ્રાકટ્ય નહીં થાય તો. જો ઈન્દ્રિયાદિકના સામર્થ્યથી ભગવાનને વિષય બનાવી ન શક્યા તો, તો કમાયેલી બધી સંપત્તિ કે જે આપણને વારસામાં મળી એ બધી નકામી ગઈ. એટલા માટે કહે છે **"ઇદમેવ ઈન્દ્રિયવતાં ફલં મોક્ષોઽપિ નાન્યથા. યથા અન્ધકારે નિયતાસ્થિતિર્ ન અક્ષ્ણોઃ ફલં ભવેત્."** એ તેં આપી છે અને એનું પ્રવર્તન અને નિર્વાહ જેમ તેં કર્યો છે, તેનું રક્ષણ પણ હવે તારી જવાબદારી છે. જો વ્રજની લીલા ન થાત! (તો કેવી રીતે ખબર પડત) પ્રભુને જોઈ શકાય છે, પ્રભુના ખંભાપર હાથરાખી શકાય છે, પ્રભુના હાથમાં હાથમિલાવીને ચાલી શકાય છે અને ક્યારેય ઈચ્છા થાય તો એકાદ ચપત પણ લગાવી શકાય છે. આ બધા જીવના બાહુના સદુપયોગ છે. હવે વ્રજભક્તોએ તો સદુપયોગ કરીને બતાવ્યું. જીવની થોડીઘણી પ્રબુદ્ધઈચ્છા છે એ ડરના માર્યા પ્રકટ નથી થતા.

### (શુદ્ધાદ્વૈત પણ નાસ્તિકતા?)

આવી વાત કહે તો નાસ્તિક માનવામાં આવતો. વાસ્તવમાં એવું થયું. જ્યારે મર્યાદામાર્ગના ભાવનું જોર બહુ પકડાઈ જાય, ત્યારે આ પ્રકારના ભાવોને પાપ માનવામાં આવ્યું છે. જ્યારે "જોન્ ઓફ્ ક્રોસ્" એ 'ક્રાઈસ્ટ્'નું આ પ્રકારનું બધું વર્ણન કર્યું, જેમ આપણે ત્યાં મધુર ભક્તિનું સ્વરૂપ બતાવ્યું, તો એ પુસ્તક ત્યાં પ્રતિબંધિત થઈ ગયું અને ત્યાંથી તેને કાઢવામાં આવ્યો, આમ કહીને કે "તેં ઈશ્વરનો અપરાધ કર્યો." હવે ત્યાં એમાં એક મધુરભાવ જાગ્યો પરંતુ કેમકે મર્યાદા એવી પ્રબલ હતી કે તેને અપરાધ ન ગણવામાં આવ્યો. થોડીઘણી સૂક્ષ્મ ઈચ્છામાં પણ એકાદ વખત આવા ડંડા પડી જાય. બ્રુનોએ જે વખતે શુદ્ધાદ્વૈતનું નિરૂપણ કર્યું, તો તે વખતે રાજાએ એને બોલાવીને એનામાટે કહ્યું કે "જેટલા પણ યહૂદી છે તે બધા આને લાત મારીને જાઓ." હવે જેટલા પણ એ ગામમાં હતા એ બધા ત્યાં ગયા અને એક લાત

મારીને આવ્યા તો એ જમાનામાં શુદ્ધાદ્વૈત બોલવાનો આ દંડ ભોગવવો પડ્યો. કેમકે લોકોના મનમાં દ્વૈતવાદની મર્યાદા બહુ પ્રબલ હતી. બ્રુનો જ્યારે પાછો ફરીને આવ્યો ત્યારે રબાઈને બહુ ગાળો લખી. સો દોઢસો ગાળો લખીને ડરનો માર્યો ગોળી ખાઈને મરી ગયો. હવે આવી સ્થિતિમાં ગાળો ન દે તો બીજું શું આપે! જ્યારે દ્વૈતવાદની મર્યાદાની પ્રબલતા થઈ જાય તો આ વાત કહેવામાં પણ ડર લાગવા લાગી જાય ને! આવી સ્થિતિમાં એકાદ ઉદાહરણ હોય કે આવું પણ માન્ય છે તો આપણે પણ પાંચમા સવાર બની શકીએ.

ચાર ઘોડેસવાર દિલ્હી જઈ રહ્યા હતા. પાછળ એક માણસ ગધેડાપર બેસીને જઈ રહ્યો હતો. સિપાહીએ પૂછ્યું કે ''ચારેય સવાર ક્યાં જઈ રહ્યા છે?'' તો ઘોડાપર જે સવાર હતા તે મોટા અફસરો હતા તો એમણે વિચાર્યું કે ''કોણ જવાબ આપે!'' પરંતુ પાછળ જે ગધેડાપર બેસીને આવી રહ્યો હતો એનાથી રહેવાયું નહીં. એટલે બોલ્યો કે ''પાંચેય સવાર દિલ્હી જઈ રહ્યા છે.'' આવીજ રીતે દિલ્હી જવાવાળા જે પાંચમો સવાર છે એ કમસે કમ કહી તો શકે કે દિલ્હી જઈ રહ્યા છીએ. નહીંતર દિલ્હીના દરવાજ જ બંધ થઈ જાય.

**(કાળા આકાશ વચ્ચે ચમકતો કંચનજંઘા)**

તો એ ન્યાયથી કહે છે કે જો બધા ભક્ત શૂન્યહૃદય થઈ ગયા, આ આપણે ત્યાંની પરિભાષા સરળ કરીને તમને બતાવી રહ્યો છું કે શુદ્ધપુષ્ટિના જીવ કેવા હોય. આ વાત જે મર્યાદાના જીવ છે અથવા પ્રવાહના જીવ છે એમાં તો આવી ન શકે. આપણે (આધુનિક મિશ્રપુષ્ટિજીવ) પણ કમસે કમ આ આશા તો રાખી શકીએ. અરે! આમ તો કહી શકીએ કે આ પ્રકારની આશા હોવી જોઈએ. આ આપણો આઈડિયલ્ છે. જો આપણને શિખર જ ન દેખાતું હોય તો ક્યાં પહોંચવું છે આ ખબર કેમ પડત!

ત્યાં દાર્જિલિંગમાં ટાઈગરપોઈન્ટ જોવા જઈએ તો ત્યાંથી વહેલી સવારે કંચનજંઘા દેખાય. હવે કંચનજંઘાની ઊંચાઈ ઉપર તેની બાજુમાં અંધારું હોય. તો જ્યારે સૂર્યના કિરણો સૌથી પહેલા કંચનજંઘાપર પડે. એ વખતે કે જે વખતે આ આખા વિસ્તારમાં અંધારું છે. સૂર્યોદય અહીં નથી થયો. કંચનજંઘાની ઊંચાઈના કારણે આ વાત સંભવ છે. હવે વહેલી સવારે એ ચારે તરફ અંધારું, કાળા આકાશપર કંચનજંઘા એકદમ તેજ ભડકતી આગ જેવી

દેખાય. વિલક્ષણ દશ્ય છે પરંતુ એ દશ વખત જાઓ તો પણ એક વખત ન દેખાય. કેમકે જ્યારે જાઓ ત્યારે વાદળ આવી જાય અને સૂર્યોદય દેખાય નહીં. હવે એ સૂર્ય પ્રતિબિંબિત થતો તો હશે પરંતુ વાદળોની આડશ એવી આવી જાય મર્યાદાની, કે રોજ ટાઈગર પોઈન્ટપર જઈએ અને વાદળોના કારણે પાછા આવી જઈએ. સોમાંથી એક વખત દેખાય જે દિવસે દેખાય, તે દિવસે એ વિલક્ષણતા નજરમાં આવે કે આખું કાળું આકાશ અને વચમાં ચમકતી કંચનજંઘા. પરંતુ દરેક વખતે એ મર્યાદાના વાદળો વચમાં આડા આવતા હોય તો સૂર્યનું પ્રતિબિંબ કંચનજંઘાપર દેખાય નહીં. હવે આઠહજાર ફુટ ટાઈગરહિલ્સપર જાઓ અને એનો લાભ કાંઈ થાય નહીં. એટલા માટે કહે છે **એવં સતિ સ રસઃ ચેત્ ત્વય્યેવ નિરુદ્ધઃ તિષ્ઠેત્ તદાતુ અલૌકિકાઅપિ ભક્તાઃ શૂન્યહૃદયા ભવેયુરિતિ ત્વદિચ્છાં જ્ઞાત્વા ત્વાં પ્રાર્થયિત્વા.** જ્યારે અમે જોયું કે ભાઈ! તારી પાસે પણ આ પ્રકારની કેટલીક ઈચ્છા છે, હવે કેવી ઈચ્છા છે આ તમને કેવીરીતે ખબર પડી? હવે એ ભગવાનની ઈચ્છા છે આ રહસ્ય આમને કેવીરીતે ખબર પડી **''સ વૈ નૈવ રેમે તસ્માદ્ એકાકી ન રમતે સ દ્વિતીયમ્ ઐચ્છત્. સ ઈમમેવ આત્માનં દ્વેધા પાતયત્ તતઃ પતિશ્ચપત્ની ચ અભવતામ્.''** (બૃહ.ઉપ.૧/૪/૩). આ રહસ્ય જો કોઈને ખબર પડી ગઈ અને એણે આ રહસ્યને ખુલ્લું કરી દીધું તો એ તો શ્રુતિરૂપા ગોપિજનોએ. શ્રુતિરૂપા ગોપીઓએ પ્રકટ થઈને કહ્યું કે ''ચાલો આ એની રમણેચ્છા છે તે પૂરી કરો.'' દેવતાઓએ અને ભક્તોએ પણ આવી પ્રાર્થના કરી અને **તાદશીઃ વયં પ્રકટીકૃતઃ**. હવે આ પ્રકારનું સ્વરૂપ અમારું પ્રકટ થયું. **યતઃ પતિબન્ધનિવૃત્તિઃ**. આથી ભગવાનના અલૌકિક સ્વરૂપનું માધુર્યના (અને) સૌંદર્યના અનુભવમાં મર્યાદાના કે લૌકિકતાના કે લોકોત્તર મર્યાદાઓના પ્રતિબંધ નિવૃત્ત થઈ જાય. ભક્ત પોતાની ભક્તિના મૃદુ સ્વભાવના અનુરૂપ ભગવાનના સૌકૌમાર્યના સૌંદર્યના માધુર્યના સ્વરૂપનો અનુભવ કરી શકે.

શ્રીગુસાંઈજી સમજાવી રહ્યા છે કે **અતએવ અગ્રે વિખનસાર્થિત્ ઈતિ વક્ષ્યતે.** એટલા માટે આગળ જઈને કહેશે **''વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઊદેયિવાન્ સાત્ત્વતાં કુલે''** (શ્લોક ૪). **કામો ભગવદીયઃ**. અહીં લૌકિક કામ નથી. એ મનના વિકારમાંથી ઉત્પન્ન થનારો કામ નથી. અહીં અલૌકિક-કામ છે.

**મનસઃ પૂર્વરૂપત્વાદ્ વાચ ઉત્તરરૂપત્વાત્** (દ્રષ્ટ : ઐત.ઉપ.૧/૧/૨) દ્રષ્ટ. : ‘‘મનએવ પિતા વાઙ્ માતા...’’ (બૃહ.ઉપ.૧/૫/૭) **‘‘મનશ્ચક્રે’’** (ભાગ.પુરા.૧૦/૨૬/૧) **ઈતિ ઉક્ત્વા ‘‘જગૌ કલં વામદશાં મનોહરમ્’’ ‘‘તા દષ્ટ્વાન્તિકમ્’’** (ભાગ.પુરા.૧૦/૨-૬/૩,૧૭) **ઈત્યાદિકં ચ વાગ્રૂપમ્ અલૌકિકભાવ પ્રવર્તકં સ્વપ્રિયાસુ ઈત્યાશયેન ‘આજ્ઞા’પદમ્ ઉક્તમ્.** હવે કહે કે કામ છે આ કેવીરીતે ખબર પડી? તો કહે કે ભાગવતના દશમસ્કંધ ૨૬મા અધ્યાયમાં સ્પષ્ટ નિરૂપણ કર્યું છે, **‘‘ભગવાનપિ તા રાત્રીઃ શરદોત્ફુલ્લમલ્લિકાઃ વીક્ષ્ય રન્તું મનશ્ચક્રે યોગમાયામ્ ઉપાશ્રિતઃ’’** (ભાગ.પુરા.૧૦/૨૬/૧). ભગવાને મનથી ઉત્પન્ન કર્યો, વિરાટસ્વરૂપના વર્ણનમાં મન પૂર્વરૂપ છે અને વાક્ કામનું ઉત્તરરૂપ છે તે ન્યાયથી પહેલા જ્યારે મનને ઉત્પન્ન કર્યું. તેના પછી, **‘‘જગૌ કલં વામદશાં મનોહરમ્’’** (ભાગ.પુરા.૧૦/૨૬/૩). **‘કલ’** મતલબ વાણી પણ ઉત્પન્ન કરી, કેવળ વાણી જ ઉત્પન્ન ન કરી પરંતુ એનો ઉદ્દીપન વિભાવ પણ ઉત્પન્ન કર્યો. આ કહેકે ‘‘પ્રતિયાત્ વ્રજં નેહ સ્થેયં સ્ત્રીભિઃ સુમધ્યમાઃ’’ (ભાગ.પુરા.૧૦/૨૬/૧૯). ‘‘ગોકુલ જાઓ, ગોકુલ જાઓ’’. આ બધાના અલૌકિક-કામનું ઉદ્દીપન પણ કર્યું. જે વાગ્રૂપથી પણ અલગથી પ્રવર્તિત કર્યું. આથી ભગવાનના અલૌકિકસ્વરૂપમાં કોઈ અલૌકિક-કામનો પ્રાદુર્ભાવ પણ ભાગવતમાં સ્વીકાર કરવામાં આવેલ છે. **અલૌકિકભાવપ્રવર્તકં સ્વપ્રિયાસુ ઈતિ આશયેન્ ‘આજ્ઞા’પદમ્ ઉક્તમ્.** એટલા માટે કહી રહી છે કે ભગવાનની આજ્ઞાથી અલૌકિક-કામનું પ્રવર્તન છે મતલબ આ ભગવદાજ્ઞા ન હોય, તો આ વેણુનાદ ફક્ત ગોપીકાઓને સંભળાયો. વેણુનાદ તો વનમાં થયો, સાંભળવામાં આવ્યો વ્રજમાં અને સંભળાયા પછી જે જઈ શકતી હતી, જેનો જારભાવ ન હતો, જેમને સર્વાત્મભાવ હતો, એ જ રાસમાં પહોંચી શકી. જેમણે જારભાવથી પ્રભુને જોયા. જેમણે વિકૃતભાવથી સગુણભાવથી પ્રભુને જોયા, તેઓ રાસમાં પહોંચી શકી નહીં, આ બધા પ્રતિબંધ કેમ થયા જો ભગવદાજ્ઞા ન હોત તો?

## (આધુનિક તર્કસંગત વૈજ્ઞાનિક રાસવર્ણન!)

અમે જ્યારે ઈન્ટરમાં હતા ત્યારે અમને તુલના કરવામાટે કોઈ પ્રોફેસરે કહ્યું કે ‘‘હરિઔધનું રાસવર્ણન અને સૂરનું રાસવર્ણન આની તુલના કરો.’’

તુલના તો અમે પણ કરી દેત પરંતુ એણે બધા મુદ્દા લખાવ્યા, કે હરિઔધનું રાસવર્ણન વૈજ્ઞાનિક છે, આધુનિક છે, તર્કસંગત છે અને સૂરનું રાસવર્ણન અવૈજ્ઞાનિક, અસંગત છે અને ઉદાહરણ આપ્યું કે હરિઔધે જે રાસવર્ણન કર્યું તેમાં બધા વ્રજના પુરુષ અને સ્ત્રી બાલ-બચ્ચા બધા ગયા છે અને સૂરના રાસવર્ણનમાં ફક્ત ગોપિકાઓ જ ગઈ છે. આમ કેમ થઈ શકે કે બધી ગોપિકાઓ જાય. અમને વાત બહુ ખરાબ લાગી. હરિઓધ સારા કવિ છે એમાં બેમત નથી પરંતુ આ પ્રકારથી સૂરને નીચા પાડવા, એ ગમ્યું નહીં. તેથી અમે એક આખો નિબંધ લખ્યો કે ''ભગવાને ઓલઈન્ડિયા રેડિયોપર જઈને બંસી બજાવી. ગોપિકાઓએ એને સાંભળીને ટેલીફોનપર ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટસાથે કોન્ટેક્ટ કર્યો કે કૃષ્ણ ક્યાં છે? માહિતી આપો. તો ત્યાંના ઓફિસરે કહ્યું કે ''કૃષ્ણ હજુ આ વિસ્તારમાં ફરી રહ્યા છે''. પછી ભાગંભાગ શરુ થઈ...'' તો એ વાંચીને બહુ નારાજ થઈ ગયો. હવે ખબર ન પડે કે કોણે લખ્યો પરંતુ બહુ ગાળો દીધી કે આ નિબંધ આ પ્રકારથી ખોટો છે. જ્યારે ઘંટડી વાગવાની તૈયારી થઈ તો અમે ઊભા થઈને કહ્યું કે ''સર, આપે જે વાત કહી તે વાત અમને સ્વીકાર્ય છે પરંતુ સવાલ એ છે કે જો હરિઔધ વૈજ્ઞાનિક છે તો એણે જેટલા વૈજ્ઞાનિક ઉપકરણ બતાવ્યા એ ગાંધીવાદના યુગના હિસાબથી બતાવ્યા. અમે ગાંધીવાદના પછી જે ફરધર્ ડેવલપમેન્ટ્ થયું છે, તેના અનુસાર રાસવર્ણન બનાવ્યું, આને તમે પસંદ કેમ નથી કરી રહ્યા?'' જેટલી માહિતી એને હતી એના હિસાબથી એણે કહ્યું, હવે એની સરખામણીમાં માહિતી અમને વધારે મળી ગઈ છે તો અમારું રાસવર્ણન વધારે તર્કસંગત માનો. હરિઔધની સરખામણીમાં વધારે વૈજ્ઞાનિક વર્ણન! આ શું છે કે આ પ્રકારનું રાસનું વર્ણન થઈ શકે છે કે એકને સંભળાયું અને બધાને સંભળાયું નહીં અને અમુક જ જઈ શકી, બધી ન જઈ શકી. આમાં જો કોઈ વેણુનું કારણ હોત ત્યારે તો સંભવ ન થઈ શકે. અમારા સર્ની વાત સાચી છે. અવૈજ્ઞાનિક તથ્ય છે પરંતુ આ વૈજ્ઞાનિક તથ્ય નથી, આમાં વિજ્ઞાનોત્તર તથ્ય છે. વિજ્ઞાનથી ઉપરનું તથ્ય છે જેના કારણે જેને પ્રભુએ બોલાવવા હતા એમનેજ વેણુનાદ સાંભળવામાં આવ્યો. બધાને સાંભળવામાં ન આવ્યો. જેને સંભળાયો એમાંથી પણ એ જ જઈ શકી જેમને પ્રભુ ચાહતા હતા કે આવે, બધી ન આવી શકી. આની વૈજ્ઞાનિક કે તાર્કિક વ્યાખ્યા નથી થઈ શકતી. આ અતિવૈજ્ઞાનિક તથ્ય છે. આથી સિદ્ધ થાય છે કે

અહીં ભગવદાજ્ઞા નિયામિકા છે. આમાં કોઇ વેણુનાદ નિયામક નથી, ન ગોપિકાઓનો સ્વભાવ નિયામક છે.

**''મૈવં વિભો અર્હતિ''** (ભાગ.પુરા.૧૦/૨૯/૩૧). **ઈત્યાદિવાચાં ભગવદ્ભાવાત્મકત્વાત્ તાસામપિ આજ્ઞારૂપત્વમ્ ઈતિ આશયઃ.** હવે ઉલટાવીને ગોપિકાઓએ પણ આજ્ઞાઓ આપી છે. ગોપિકાઓએ પણ કોઇ વિનય નથી કર્યો, જ્યારે પાછા જવાનું કહ્યું કે ''પાછા ચાલ્યા જાઓ'', તો ગોપિકાઓએ કહ્યું કે ''આવી આજ્ઞા તમે નથી આપી શકતા''. આ આજ્ઞા ગોપિઓએ કરી **''મૈવં વિભો! અર્હતિ ભવાન્ ગદિતું નૃશંસં સન્ત્યજ્ય સર્વવિષયાન્ તવ પાદમૂલમ્ પ્રાપ્તા ભજસ્વ દુરવગ્રહ! મા ત્યજ અસ્માન્''** (ભાગ.પુરા. ૧૦/૨૯/૩૧). કહેવામાટે પ્રાર્થના છે પરંતુ આજ્ઞાના સ્વરમાં પ્રાર્થના છે. દાદાજી આ વાતને કહેતા કે જ્યારે ફરવા જવું હોય ત્યારે તાતજીની પાસે જઈને કહેતા કે ''કાકાજી! ફરવા જવું છે આજ્ઞા આપો.'' એમાં પૂછવું કાકાજીને અમારે ફરવા જવું છે એની આજ્ઞા આપો તો કહેવાનો મતલબ શું? અમને આજ્ઞા આપો એના માટે એમને આજ્ઞા કરી રહ્યા છીએ. એમ ગોપિકાઓ ભગવાનને કહી રહી છે **''મૈવં વિભો...પાદમૂલમ્''** આ આજ્ઞા આપવાનું સામર્થ્ય પણ શું ગોપિકાઓનું હોઈ શકે છે? આ આજ્ઞા આપવાનું સામર્થ્ય ગોપિકાઓનું નથી હોઈ શકતું. આ પણ એક પ્રકારથી ભગવદભિપ્રેત છે. આ ભગવદભિપ્રાય જ ભગવાનની વાણીથી મુખરિત ન થઈને આમની વાણીથી મુખરિત થઈ ગયો છે. અભિપ્રાય તો ભગવાનનો જ છે. ભગવાને જ કહ્યું છે કે ''તમે ચાલ્યા જાઓ પાછા.'' એનો જવાબ જે ભગવાનને અભિપ્રેત છે, એ જવાબ જ ગોપિકાઓએ આપ્યો.

જેમ સુકરાતને જે કહેવું હતું તે સુકરાત ક્યારેય ન કહેત. એવા એવા આડા-અવળા સવાલ પૂછત કે છેવટે સામેવાળાને એજ વાત કહેવી પડત જે સુકરાતની કલ્પના હોત. એનાથી પોતાના વિચાર કહેવડાવતો ખુદ ન કહેત. તો જ્યારે એનાપર આ આક્ષેપ આવ્યો કે તમે બધાને બગાડી રહ્યા છો, તો એણે આ જ કહ્યું કે ''મેં કોને કઈ વાત કહી છે?'' હું તો બધાથી એમની વાત જ સમજવાની કોશિશ કરતો રહ્યો. ખરેખર વાત સાચી પણ છે અને ખોટી પણ છે. બાહ્યરૂપથી જૂઓ તો સુકરાતે પોતાનો મત ક્યારેય કોઈને નથી સમજાવ્યો.

બધાથી એણે પ્રશ્ન જ કર્યા. માત્ર પ્રશ્ન જ કર્યા પરંતુ પ્રશ્ન એવા જટિલ હતા કે એ પ્રશ્નના જવાબ આપવાવાળા પ્રશ્નનો જવાબ એ જ આપતા હતા જે જવાબ સુકરાતને અભિપ્રેત થતા હતા.

આ પ્રકારથી ભગવાને ગોપિકાઓની સામે એવા એવા પ્રશ્ન ઊભા કર્યા કે ગોપિકાઓને એ જ જવાબ આપવા પડ્યા જે જવાબ ભગવાનને અભિપ્રેત હતા. ફરક ફક્ત કેટલો પડ્યો? આ આજ્ઞામાં અને એ આજ્ઞામાં "પાછા જાઓ" આજ્ઞામાં અને "નહીં જઈએ" કે "પાછા જાઓ કહેવાની આજ્ઞા તમે નથી આપી શકતા" આ આજ્ઞા, આમાં ફરક કેટલો પડ્યો? એક જ અભિપ્રાય એક વખત આ બાજુથી નિકળ્યો છે અને એક વખત એ બાજુથી. **તૈરેવ વચનૈઃ પતિબન્ધનિવૃત્તિરપિઃ.** કેમકે આ આજ્ઞા ભગવાનની જો ગોપિકાઓના મુખારવિંદથી મુખરિત ન થાત તો તો મહાન્ પ્રતિબંધ પહેલા જ ઉપસ્થિત થઈ જાત. "પ્રથમ ગ્રાસે મક્ષિકાપાતઃ" થઈ જાત, જે વખતે ભગવાને કહ્યું કે "પાછા જાઓ વ્રજમાં" એજ વખતે પ્રથમ ગ્રાસમાં મક્ષિકાપાત થઈ ગયો. પરંતુ જેમ આ ભગવાનની આજ્ઞા પ્રભુના મુખારવિંદથી મુખરિત થઈ, એવી જ રીતે ગોપિકાઓના મુખારવિંદથી આ આજ્ઞા મુખરિત થઈ કે "આવી આજ્ઞા આપવાનું તમારું સામર્થ્ય નથી." આથી બધા પ્રતિબંધ નિવૃત્ત થયા. તો આ પ્રતિબંધ પણ નિવૃત્ત થયા છે તો ભગવદાજ્ઞાથી થયા છે.

આવું શ્રીગુસાંઈજી કહી રહ્યા છે. એવું લાગે છે કે પહેલી ટિપ્પણી **'સુરતનાથ' ઈત્યત્ર અતો બ્રહ્મણા ઈતિ'**થી પ્રારંભ થઈ રહી છે. આ બીજી ટિપ્પણી ક્યાંક બીજે મળી છે આથી એ જોઈન્ટ કરી છે અને એનો ઉલ્લેખ કરવાનું ભૂલી ગયા છે અથવા ક્યાંક ક્યાંક આ પ્રકારની ટિપ્પણીમાં શ્રીગોકુલનાથજીનો પ્રશ્લેષ છે અથવા શ્રીગુસાંઈજીએ પણ બે બે વખત ટિપ્પણી લખી છે પરંતુ આનો ક્રમ નથી મળતો. પહેલા એક વખત એક ટિપ્પણી લખી અને પછી બીજી ટિપ્પણી લખી અને એ વાત એડિટીંગમાં છૂટી ગઈ છે. એની જુની પાંડુલિપિ જોઈએ તો આ વાત લક્ષ્યમાં આવે. અથવા આ શ્રીગોકુલનાથજીની જોડેલી ટિપ્પણી છે.

**અતો બ્રહ્મણા ઈતિ. અત્ર અયં ભાવઃ. "બ્રહ્માદયો બહુતિથં યદપાંગમોક્ષકામાઃ"** (ભાગ.પુરા.૧/૧૬/૩૨) **ઈત્યત્ર ભગવદ્ભાવકામાઃ**

**સન્તઃ સાક્ષાત્ તમ્ અલભમાનાઃ શ્રિયોપાંગ ભાવોદ્ગારિણો નિરન્તરં પ્રિયસંગતત્વેન તદ્ભાવાત્મકત્વં પ્રાપ્તા ઈતિ તત્સમ્બન્ધે તદનુભાવેન કદાચિત્ સ ભાવોડપિ ભવેદ્ ઈતિ આશયા તત્કામાઃ તપશ્ચરન્તિ ઈતિ નિરૂપિતમ્.** મતલબ એક કૃપાનું કટાક્ષ ભગવાન્ મારાપર નાખે, અથવા એક કૃપાનું કટાક્ષ અમારાપર પડે આ કામનાને માટે બ્રહ્માજી લક્ષ્મીજી અને મોટા મોટા દેવ તપસ્યાઓ કરી રહ્યા છે. નિરંતર ભગવાનનું અનુસરણ કરી રહ્યા છે. હવે જે નિરંતર અનુસરકણ કરી રહ્યા છે, તો અમે શું ખોટું કરી રહી છીએ? જો અમે ન જઈએ તો અમે શું ખોટું કર્યું? કેમકે **ભગવદ્ભાવકામાઃ સન્તઃ** આ દેવતાઓ ભગવદ્ભાવની કામનાથી અને સાક્ષાત્ ભગવદ્ભાવનો લાભ તો મળે નહીં, સાક્ષાત્ ભગવદ્ભાવ પ્રાપ્ત થાય નહીં આના માટે ઊભેલા છે. **પ્રકૃતે ચ સ્વયં પ્રભુઃ પ્રકટ ઈતિ તન્માર્ગપ્રકટનાર્થં દ્વારભૂતા વયં તેન પ્રકટિતા ઈતિ.** બ્રહ્માજી ભગવાનના કૃપાકટાક્ષની કામનાથી તપસ્યા કરે અને તપસ્યા કરવા છતા પણ ભગવાનનું કૃપાકટાક્ષ એમને નથી મળતું.

અમે નાશિકમાં જ્યારે ભણવા જતા તો અમારે એક તારાચંદ હતો. એ તારાચંદનો બાપ એને રોજ ફટકારતો, કે ''મૈં કો ની પઢ્યા પર થે ક્યોં નહીં પઢો'' તારાચંદ ભણી ન શક્યો તો તારાચંદે પોતાના દિકરાને ભણવા મોકલી દીધો. હવે તારાચંદનો બાપ તો ભણી ન શક્યો અને તારાચંદ પણ ન ભણ્યો પણ એણે પોતાના દિકરાને અમારા પંડિતજીની પાસે ભણવામાટે મોકલી દીધો. એ છોકરો પણ મોટો ઉપદ્રવી, ભણતો નહોતો. એ રોજ એની સાથે લડતો કે ''મૈં તો કો ની પઢ્યો પર થે ક્યોં નહીં પઢો?'' એમ બ્રહ્માજીને બ્રાહ્મણ હોવાના નાતે ઈચ્છા તો થઈ પરંતુ કૃપાકટાક્ષ ન મેળવી શક્યા. તેથી એમણે ગોપિકાઓને પ્રકટ કર્યા. ચાલો મને તો કૃપાકટાક્ષ ન મળી શક્યા પરંતુ તમે તો કૃપાકટાક્ષ મેળવો. ''મૈં તો કો ની પઢ્યા પર થે ક્યોં નહીં પઢો?'' આ પ્રકારથી ગોપિકાઓને પ્રકટ કર્યા છે. ક્યારે પ્રકટ કર્યા? જ્યારે ખબર પડી કે હવે ભગવાન્ પ્રકટ થવાના છે. તો બ્રહ્માજીએ કહ્યું ચાલો કે તમે તો એ કૃપાકટાક્ષને પ્રાપ્ત કરી લો કે કેવા છે?

**અત્ર 'સુરત' શબ્દેન સુષ્ઠુ ભગવતા સમં રતં યેનેતિ ભગવદ્ભાવએવ ઉચ્યતે ન તુ સમ્ભોગઃ** જૂઓ બંને ટિપ્પણી એવી છે કે આ ટિપ્પણીને તે

ટિપ્પણીની ખબર નથી અને તે ટિપ્પણીને આ ટિપ્પણીની ખબર નથી. આથી આ નક્કી થઈ રહ્યું છે કે બે અલગ અલગ ટિપ્પણી છે. જો એક ટિપ્પણી હોત તો રિપીટેશન કેમ થાત! હવે આનાથી એવું લાગી રહ્યું છે કે આ ટિપ્પણી કોઈ અલગ સંદર્ભમાં લખી નાખવામાં આવી હશે અને ફરી પાછું એ સંદર્ભને રિરાઈટ કર્યો છે. કદાચ અહીં તો નહીં પરંતુ અણુભાષ્યમાં તેલીવાલા કહે છે કે "ગુસાંઈજીએ બે વખત અણુભાષ્ય લખ્યું છે." એ બંને કોપી તેલીવાલાએ જોઈ છે. બંનો કોપીઓના દર્શન એમણે કર્યા છે. એક વખત એમણે એક પ્રકારથી લખ્યું પરંતુ પછી એમને આખું પસંદ ન આવ્યું, એને કાપ્યું નહીં, એવું ને એવુંજ છોડી દીધું અને ફરીથી રિરાઈટ કર્યું છે. ક્યાંક જે સર્વાંશમાં પસંદ ન આવ્યું ત્યાં તો કાઢી નાખતા હતા પરંતુ એમાં પણ કોઈ સારી વાત આવી તો રહેવા દેતા હતા. એમાં કોઈ થોડીક ન્યૂનતા રહી ગઈ તો ફરી પાછી રિરાઈટ કરીને એને લખી. આ પ્રકારથી બે-બે કોપી એમને મળેલી છે અને એમણે કહ્યું છે કે "એને એડિટ કરવામાં બહુ મુશ્કેલી થઈ છે કે આ ક્રમ રાખું કે બીજો ક્રમ રાખું!" મને લાગે છે કે શ્રીગુસાંઈજીની આ પદ્ધતિ છે, આ પ્રકારથી બે-બે વખત લખવાની. એક વખત લખ્યું અને બીજી વખત પાછું લખ્યું. આમ શ્રીગુસાંઈજીની આ અલગ અલગ વખતે લખવામાં આવેલી પંક્તિ છે. તેને આ પ્રકારથી સંકલિત કરવામાં આવ્યું છે, આવું પ્રતિત થાય છે. પાંડુલિપિ હોય તો બધી વાત કહી શકે, નહીંતર તો ગડબડ થઈ રહી છે.

**તસ્યાઃ આપામરમનુવર્તમાનત્વેન 'ત્વદાજ્ઞા...' ઈત્યાદિના નાથત્વવિવરણં યત્ તદનુપપત્તેઃ. એતન્માર્ગપ્રાકટ્યેન બ્રહ્મણો ન કોઽપિ ભાવઃ સિદ્ધઃ ઈતિ અરુચ્યા પક્ષાન્તરમ્ આહુઃ કામેન વા ઈતિ ભગવદીયભાવરૂપેણ ઈતિ જ્ઞેયમ્.** હવે આ જૂઓ, એક તો બ્રહ્માએ અમને પ્રકટ કરી અને કહે કે બ્રહ્માને અમને પ્રકટ કર્યા પછી પણ કોઈ લાભ ન થઈ શક્યો કે થઈ શકશે. આ અરુચિના કારણે આચાર્યચરણ બીજો કલ્પ આપી રહ્યા છે, જેમ તુલસીદાસજી કહે છે કે "લૌકિક માણસોની સ્તુતિ કરી કરીને સરસ્વતી રોઈ રહી હતી પરંતુ જ્યારે રામની સ્તુતિ થઈ ત્યારે સરસ્વતીએ પોતાના ઘરમાં વધાઈ માની." તો એ ન્યાયથી કહે છે કે "કામ પણ પસ્તાઈ રહ્યો હતો, રોઈ રહ્યો હતો કે ક્યાં ફસાવ્યો ભગવાને!" પરંતુ જ્યારે કામનો અલૌકિક કામ તરીકે વિનિયોગ થાય

તો એવો વિચાર કરીને કામે જ આ ગોપિકાઓને પ્રકટ કરી છે. આ ભાવ અહીં લઈ રહ્યા છે.

**સ્વામિદર્શને હિ ભગવતો ભાવ ઉદ્રિક્તઃ સન્ કામકાર્યં કરોતિ અતઃ તેનૈવ સ્વાર્થં વયં પ્રકટીકૃતા ઈત્યર્થઃ.** હવે આ કામને **સ્વામિની દર્શને હિ ભગવતો ભાવ ઉદ્રિક્તઃ.** આ પ્રસંગ અહીં આવીને જોશો તો પૂર્ણવર્ણન આવ્યું છે. **"દૃષ્ટ્વા કુમુદ્વન્તમ્ અખંડમંડલં રમાનનાભં નવકુઙ્કુમારુણમ્ વનં ચ તત્કોમલગોડભિરંજિતં જગૌ કલં વામદશાં મનોહરમ્."** (ભાગ.પુરા. ૧૦/૨૯/૩). આ કારિકામાં આખું વર્ણન આવ્યું છે. **"નિશમ્ય ગીતં તદનઙ્ગવર્ધનં વ્રજસ્ત્રિંયઃ કૃષ્ણગૃહીતમાનસાઃ આજગ્મુર્ અન્યોન્યમ્ અલક્ષિતોદ્યમાઃ સ યત્ર કાન્તો જવલોલકુંડલાઃ"** (ભાગ.પુરા.૧૦/૨૯/૪). આ કારિકામાં આખું અલૌકિક કામનું વર્ણન આવ્યું છે. એ અલૌકિક કામે પોતાના સ્વાર્થના માટે અમને પ્રકટ કર્યા છે. **સ્વાર્થં વયં પ્રકટીકૃતા ઈત્યર્થઃ** આ પ્રકારથી શ્રીગુસાંઈજીનું વ્યાખ્યાન પૂરું થયું.

કાલના પ્રસંગમાં આ બતાવ્યું કે બ્રહ્માજીએ ગોપિજનોને અલૌકિક શૃંગારના પ્રાકટ્યના માટે પ્રકટ કરી. આ પણ બતાવ્યું કે કામ હતો એને પણ પ્રકટ કરી. આ લાઈન્ શ્રીગુસાંઈજીએ ડેવલપ કરી છે. જ્યારે બ્રહ્માએ પ્રકટ કરી, એનું સમર્થન શ્રીગુસાંઈજી (કરી રહ્યા છે.) જૂઓ આ શાસ્ત્રી કહે કે "શ્રીગુસાંઈજીએ સુબોધિનીજી નથી જોયા" ન જોયા હોય તો આવો ખૂણામાં પડી રહેલો શ્લોક આ વખતે કેવીરીતે યાદ આવે! આપણે જે નિરંતર જોતા રહીએ છીએ એમને તો યાદ આવે નહીં અને ગુસાંઈજીને કેવીરીતે યાદ આવી ગયો!

**અતો બ્રહ્મણેતિ.** આચાર્યચરણ આજ્ઞા કરે છે **અતો બ્રહ્મણા કામેન વા લોકે સુરતપ્રવૃત્ત્યર્થં વયં શુલ્કરૂપા દાસિકા દત્તાઃ.** બ્રહ્માએ, જેમ તમે તે દિવસે બતાવી રહ્યા હતા, કિર્લોસ્કરે કે કોણે કહ્યું "કે મેં સુગરફેક્ટ્રી ન ચલાવી તો શું થયું!" હું એને ખરીદી શકું છું. "આઈ કેન્ બાઈ ધેયર્ એક્સ્પીરિયેન્સ્ એન્ડ્ ટેકનોલોજી ઑલસો." એમ બ્રહ્મા ઈચ્છે છે, કે નથી અમને અનુભવ, ન હોય! પરંતુ જ્યારે અમારી બનાવેલી વસ્તુને એ અનુભવ મળી જાય તો અમને મળી ગયો. તો શુલ્કરૂપથી ભગવદ્ભાવ છે, ભગવત્કટાક્ષ છે, ભગવત્સ્નેહદૃષ્ટિ છે,

એ મળે નહીં! તો એટલા માટે, બ્રહ્માજીએ આ ગોપિકાઓને પ્રકટ કર્યા શુલ્કના રૂપમાં કે આ શુલ્ક લઈને તો ભાવ આપી દો. મતલબ આ શુલ્કના રૂપમાં જો ભાવ અમને મળે છે તો કમાઈને નહીં તો ખરીદીને ભલે! હવે આ વાત શ્રીઆચાર્યચરણે કહી **બ્રહ્મણા કામેન વા લોકે સુરતપ્રવૃત્યર્થ વયં શુલ્કરૂપા દાસિકા દત્તાઃ.** એનાપર શ્રીગુસાંઈજી કહી રહ્યા છે **અત્ર અયં ભાવઃ. ''બ્રહ્માદયો બહુતિથં યદપાંગમોક્ષકામા''** (ભાગ.પુરા.૧/૧૬/૩૨). **ઈત્યત્ર ભગવદ્ ભાવકામાઃ સન્તઃ.** ભગવદ્ભાવની કામના બ્રહ્માના હૃદયમાં પણ છે. એ ભાવ એને પ્રાપ્ત થતો નથી. **સાક્ષાત્ તમ્ અલભમાનાઃ** સાક્ષાત્ એમને મળે નહીં, તો શું કરે છે કે લક્ષ્મીજીની આંખોમાં એ ભાવનો પડછાયો જોવા ઈચ્છે.

જેમ અલ્લાઉદ્દીન ખિલજીની કથામાં આવે છે કે તેને પદ્મિની જોવી હતી. પદ્મિની વિવાહિતા રાણી હતી અને એને ઓજલ હતી. તો તેને એ જોઈ શકે નહીં. તો એણે કહ્યું કે સમાધાન આનાપર થઈ જાય કે તે ઊભી રહે ઊપર અને તેની આગળ એક કાચ રાખી દેવામાં આવે અને એ કાચમાં એનો પ્રતિબિંબ દેખાઈ જાય. એમ બ્રહ્માજી સાક્ષાત્ ભગવદ્ભાવ ભગવાનના નેત્રોમાં એમને ન દેખાય, તો તેઓ શું કરે કે ચાલો હવે ભગવાનના નેત્રોમાં દર્શન તો નથી થઈ રહ્યા એ ભાવ ના, તો ભલે ન થાય. ભગવાનનો ભાવ લક્ષ્મીજીના નેત્રોમાં જે ઝલકે ત્યાં એનું પ્રતિબિંબ જોઈને થોડોક સંતોષ માનવા માગે. **શ્રિયોપાંગ ભાવોદ્ગારિણો નિરન્તરં પ્રિયસંગતત્વેન.** શ્રીના જે અપાંગ છે મતલબ લક્ષ્મીના કટાક્ષ, એ ભાવોનું ઉદગિરણ કરે છે. એ ભાવોને એ પાછો રિફલેક્ટ કરે છે. કેમકે નિરંતરની સંગિની છે. એમના કટાક્ષ નિરંતર પ્રિયસંગત છે. નિરંતર પ્રિયસંગત હોવાના કારણે લક્ષ્મીના નેત્રોમાં આ ભાવ સદા આવતા રહે કે જે ભાવ પ્રભુના નેત્રોમાં આવે છે, તો ત્યાંથી એ રિફલેકશનથી પ્રાપ્ત કરવા ઈચ્છે છે. ભાઈ! અસલ ન મળે પરંતુ લક્ષ્મીના નેત્રોમાં ભરેલા ભાવ અમારાપર ક્યારેક પડી જાય તો કાંઈક ખબર પડે કે કેવા ભાવ છે ત્યાં!

**તદ્ભાવાત્મકત્વં પ્રાપ્તા ઈતિ તત્સમ્બન્ધે તદનુભાવેન કદાચિત્ સ ભાવોઽપિ ભવેદ્ ઈતિ આશયા તત્કામાઃ તપઃ ચરન્તિ ઈતિ નિરૂપિતમ્.** તેથી લક્ષ્મીજીને માટે તપસ્યા કરે છે પૈસા મેળવવા માટે નહીં. બ્રહ્માજી લક્ષ્મીજીનું ધ્યાન ધરીને તપસ્યા કરે કે એમના નેત્રોથી પ્રભુના ભાવ ક્યારેક છાયાના રૂપમાં

ઝલકતા મળી જાય. આચાર્યચરણ કહે છે **"અત્ર 'કટાક્ષ'પદેન ભગવન્નિષ્ઠાનુરાગસહિત-ભગવદવિષયકકામભાવસહિત-સ્વસમર્પણભાવોદ્ગિરણસહિતાર્દ્ધદષ્ટિઃ ઉચ્યતે"** (સુબો.૧/૧૬/૩૨). જે ભગવાનમાં સ્નેહ છે, ભગવાનની સ્નેહદષ્ટિનો જે જવાબ એમની દષ્ટિમાં અને એ દષ્ટિના જવાબમાં ભાવસહિત સ્વસમર્પણની ભાવનામાં, એ સર્વસ્વસમર્પણની ભાવનામાં જે આખી દષ્ટિ છૂપાઇ રહી છે, એ દષ્ટિને જોવા ઇચ્છે છે. કૃપા કરીને ક્યાંય આ દષ્ટિ દેખાઈ જાય! પરંતુ એ ભગવદ્દષ્ટિ એમને મળે નહીં અને એ લક્ષ્મીજીની ભાવદષ્ટિ પણ એમને મળે નહીં. **"તતઃ તસ્યાં દષ્ટૌ ભગવાન્ ભગવદ્વિષયકઃ કામો ભગવત્સ્નેહો લક્ષ્મીઃ સૃષ્ટિઃ ઈતિ પંચપદાર્થાઃ સન્તિ"** (સુબો. ૧/૧૬/૩૨). કેમકે જો ત્યાં પણ જોઈ શકાય તો કેટલી મોટી વાત છે, ત્યાં ભગવાન્ દેખાઈ જાય, ભગવદ્વિષયક ભાવ દેખાય જાય, ભગવાનનો આમના વિષે સ્નેહ દેખાય જાય, લક્ષ્મી દેખાઈ જાય અને આખી સૃષ્ટિ દેખાઈ જાય. કેમકે ભગવાનની એક દષ્ટિમાં આખી સૃષ્ટિનો પ્રાદુર્ભાવ છે. તો પાંચ પાંચ પદાર્થ જ્યાં દેખાઈ રહ્યા છે પરંતુ એ નથી દેખાતા. **"તે હિ દુર્લભા એકત્ર સમુદિતાઃ અતો દષ્ટિવિષયતાસિદ્ધ્યર્થં ભગવત્પ્રપન્ના ભગવતિ શરણં ગતાઃ ભગવન્તં હૃદયે સ્થાપયિત્વા ઈત્યર્થઃ તાદશઃ સન્તસ્તપઃ કુર્વન્તિ."** (સુબો.૧/૧૬/૩૨). મતલબ એ મળે નહીં તો નિરંતર પોતાના હૃદયમાં ભગવાનની છબિને ધારણ કરીને અને એનાપર ધ્યાનથી સમાધિ લગાવીને તપસ્યા કરે કે ચાલો ધ્યાનથી તો દેખાયા હવે કોઈ વખત સાક્ષાત્કાર પણ થશે. મતલબ આ શ્લોકમાં લક્ષ્મીનું એવું અસાધારણ માહાત્મ્ય બતાવવું છે પરંતુ ત્યાંથી પ્રભુચરણ આ બતાવી રહ્યા છે કે લક્ષ્મી અને નારાયણ ની પરસ્પર સ્નેહદષ્ટિની બ્રહ્માને જ્યારે આટલી લાલસા છે તો વ્રજની ગોપિકાઓની સ્તુતિમાં જેની સ્નેહદષ્ટિમાં જેમાં થોડોક તામસભાવ પણ કદાચ રહેલો હશે. એમાં લક્ષ્મીજીને નિહાળવામાં નિર્ગુણભાવ પણ હશે, પરંતુ વ્રજની ગોપિકાઓ કેમકે ખુદ તામસ છે, તો એ તામસ સાત્ત્વિક રાજસ નિર્ગુણ ના ભાવવિકાર ભગવાનની દષ્ટિમાં નહીં આવ્યા હોય શું? ન આવ્યા હોય તો સ્નેહ પ્રકટ જ કેવીરીતે થાય? એ ભાવોના માટે અહીં સુતરાં બ્રહ્માજીએ પ્રકટ કરી. **પ્રકૃતે ચ સ્વયં પ્રભુઃ પ્રકટ.** આ વખતે તો પ્રભુ તામસ ભક્તોની વચમાં પ્રકટ થયા છે.

**તન્માર્ગપ્રકટનાર્થં દ્વારભૂતા વયં બ્રહ્મણા પ્રકટિતા.** હવે બતાવો શ્રીગુસાંઈજીને સુબોધિનીજી ન સમજાયા એમ માનવું? શ્રીગુસાંઈજીને નહીં સમજાય તો કોને સમજાશે! લોકો ન સમજે ન જાણે કાંઈપણ બકવાસ કરી દે.

હમણા મને કિશનગઢમાં એક વલ્લભપંથી મળ્યા. બોલ્યા કે અમે ખાલી મહાપ્રભુજીને જ વાંચીએ બીજા કોઈને વાંચીએ નહીં. તો અમે કહ્યું ''મહાપ્રભુજીની પંક્તિઓમાં શ્રીગુસાંઈજીએ જે પ્રશ્લેષ કર્યો છે એ વાંચો કે નહીં?'' તો બોલ્યા ''એ કેવી રીતે'' પછી બોલ્યા ''બહુ પોલિટિકલી વાત કરો છો. વધારે વાત કરવાની નહીં.'' મેં કહ્યું કે ''જાણવામાટે પૂછી રહ્યો છું'' કે ''શ્રીમહાપ્રભુજીની પંક્તોિઅની વચ્ચે જ્યાં શ્રીગુસાંઈજીની પંક્તિ આવે છે તે વાંચો છો કે નહીં?'' તો બોલ્યા ''મને ખબર નથી પડતી કે ક્યાં ક્યાં ઉમેરી છે.'' પછી બોલ્યા ''વધારે વાત કરવાની નહીં, બહુ પોલિટિકલી બોલે છે બાવા.''

**કારિકા :**

**અન્તઃસ્થિતો રસઃ પુષ્ટો બહિશ્ચેત્ ન વિનિર્ગતઃ।**
**તદા પૂર્ણો નૈવ ભવેદિતિ વાગ્નિર્ગમઃ તથા॥**

**વિવરણમ્ :**

**(ભગવદ્ભાવાવેશની પ્રક્રિયા)**

અગ્નિ પ્રવેશ થયા પછી આખું લાકડુ અગ્નિમય થઈ જાય. તદ્વત્ જ્યારે લૌકિકભાવ ભગવદ્ભાવના સ્પર્શમાં આવશે, ત્યારે એ સંપર્કના કારણે લૌકિકભાવમાં ભગવત્તાપ અને ભગવદ્રસનું સ્વરૂપ પ્રજ્જવલિત થશે અને એ આખો ભડકવા લાગી જશે.

હવે આમાં બે પ્રક્રિયા છે. બહારથી ભીતર જવાની અને ભીતરથી બહાર આવવાની. આપણે ત્યાં એટલા માટેજ નિરોધના બે રૂપ બતાવ્યા; ભગવાનનો ભક્તમાં નિરોધ અને ભક્તનો ભગવાનમાં નિરોધ. આનો સાધન અને ફલ ભાવ ઉલટાક્રમથી છે. સામાન્યતયા આપણે વાત કરીએ તો એવું લાગે કે ભગવાનનું ભક્તમાં નિરુદ્ધ થવું ફલદશા છે. ભક્તનું ભગવાનમાં નિરુદ્ધ થવું સાધનદશા છે. વાત તો એકદમ સાચી છે પરંતુ ક્રમ ઉલટો છે. ભગવાનનો ભક્તમાં નિરોધ થવો આમ તો ફલનિરોધ હોવો જોઈએ; ભક્તનો ભગવાનમાં

નિરોધ સાધનનિરોધ હોવો જોઈએ. **''કૃષ્ણાધિના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિઃ ઉચ્યતે''** (ત.દી.નિ.૩/૫/૨૬). એ ન્યાયથી જો ભક્ત પહેલા ભગવાનમાં નિરુદ્ધ થાય, ત્યારે ભગવાન્ ભક્તમાં નિરુદ્ધ થાય. આ પ્રકારની મર્યાદા જો હોય તો એ મર્યાદા કહેવાય. પુષ્ટિની જરુરિયાત ઉલ્ટી થઈ જાય. ભગવાન્ પહેલા ભક્તમાં નિરુદ્ધ થાય ત્યારે ભક્ત ભગવાનમાં નિરુદ્ધ થાય. એટલા માટે સાધનરૂપથી ભગવાનનો ભક્તમાં નિરોધ પહેલા થાય છે અને જો પુષ્ટિલીલા છે તો ફલરૂપથી ભક્ત ભગવાનમાં નિરુદ્ધ થાય છે. જો મર્યાદાલીલા છે તો ભક્ત ભગવાનમાં નિરુદ્ધ થાય છે, તેના પછી ભગવાન્ ભક્તમાં નિરુદ્ધ થાય છે.

હવે અગ્નિ અને લાકડું, અને અલૌકિકભાવ/ભગવદ્ભાવ અને લૌકિકભાવ આની તુલનાથી આ વાતને કેવીરીતે સમજવી? પહેલા ભગવદ્ભાવ બહારથી અંદર ગતિ કરે છે. મતલબ પહેલા ભગવાન્ ભક્તમાં નિરુદ્ધ થાય છે. ભક્તનું નિરુદ્ધ થવું શું છે? **ભક્તના લૌકિકભાવોનું સંપૂર્ણ ભગવન્મય થઈ જવું જ ભક્તનું નિરુદ્ધ થવું છે. જેમ લાકડાનું અગ્નિમય થઈ જવું.** પહેલા અગ્નિ લાકડાસાથે સંપર્ક કરે, ત્યારે લાકડુ અગ્નિમય થાય, ત્યારે લાકડાની અંદર રહેલ જ્વલનસામર્થ્ય પ્રકટ થશે. પરંતુ પહેલા અગ્નિ લાકડાસાથે સંપર્ક કરે. આ ન્યાયથી બહારથી અંદર અને અંદરથી બહાર. લીલાના બે પક્ષ છે. બહારથી અંદર આ સામાન્ય ક્રમમાં સંયોગનો પક્ષ છે. **અલૌકિકભાવ જે વખતે બહારથી અંતર્ગતિ કરી રહ્યો છે, એ સંયોગપક્ષ છે. આ જ અલૌકિકભાવ જે વખતે આંતરથી બાહ્યગતિ કરે છે તો તે વિપ્રયોગપક્ષ થઈ જશે.** પહેલા તો લાકડુ અગ્નિને અંદર ગ્રહણ કરે અને જ્યારે સંપૂર્ણરીતે ગ્રહણ કરી લે, ત્યારે તો અગ્નિને પોતાનામાંથી બહાર ફેંકવા લાગે. આખું પ્રજ્જ્વલિત થઈને લાકડુ અગ્નિને બહાર ફેંકવા લાગે. તો આચાર્યચરણ દરેક વખતે બે વાત ધ્યાનમાં રાખે છે કે જે વખતે ભગવદ્સંયોગની અનુભૂતિ થઈ રહી છે, તે વખતે ભાવની બાહ્યથી આંતરગતિ માને છે અને જે વખતે વિપ્રયોગમાં ગુણગાન કરી રહી છે, તે વખતે ભાવની આંતરથી બાહ્ય ગતિ માની રહ્યા છે. આચાર્યચરણ કહે છે **''શબ્દોહિ ધૂમવદ્ લોકે''** (સુબો.કા.૧૦/૨૭/૫). જેમ લાકડુ બળવાના પહેલા ધુમાડો છોડે છે, બળતા પહેલા બધો ધુમાડો છોડી દે અને પછી બળે એમ આ આખા ગોપીગીતના પ્રકરણના શબ્દ છે. જેમ લાકડુ

આર્દ્રતા હોય ત્યાં સુધી ધુમાડો છોડે તેમ લૌકિકભાવોની આર્દ્રતા જ્યાંસુધી શબ્દરૂપી ધુમાડાના રૂપમાં બહાર ન નિકળી જાય, ત્યાં સુધી તેમાં પૂર્ણ પ્રજ્જવલન આવે નહીં તો ત્યાંસુધી તે શબ્દરૂપી ધુમાડો છોડે. તો આ ગોપીજનો ધુમાડો છોડી રહી છે. આથી આચાર્યચરણ કહે છે **''શબ્દોહિ ધૂમવદ્ લોકે''**. આ જે બધા શબ્દો પ્રકટ થઇ રહ્યા છે, તે માનો એમના લૌકિકભાવોની આર્દ્રતા જ આ ધુમાડાના રૂપમાં નિકળી રહી છે. **જયતિ તેઽધિકં... વિચિન્વતે.** આ ધુમાડો છોડી રહ્યું છે એમનું હૃદય.

આચાર્યચરણ બહુ સુંદર સમજાવે છે. જ્યાંસુધી ભીનું લાકડુ હોય ત્યાંસુધી ધુમાડો છોડે. જ્યારે એ આર્દ્રતા દૂર થઇ જશે ત્યારે ધુમાડો બધો છૂટી જશે અને પછી સૂકેલા લાકડાની જેમ ભડ ભડ ભડ કરીને બળે. તો જ્યાંસુધી લૌકિકભાવોની આર્દ્રતા રહેશે ત્યાંસુધી આ ધુમાડો પ્રભુ છોડાવતા રહે છે. સંયોગ પ્રદાન કરે અને પછી તિરોહિત થઇ જાય, ફરીથી ધુમાડો છોડે, ફરીથી ધુમાડો છોડવાના કારણે તેમાં લૌકિકભાવોની આર્દ્રતા દૂર થઇને શુષ્કતા આવે અને એ શુષ્કતાના કારણે તે આગને વધારે ગ્રહણ કરી શકે, આગ વધારે બહાર ફેંકી શકે છે, કેમકે ભ્રમરગીતમાં ધુમાડો નથી છોડતા તેમા તો આગ છોડે છે, ગરમી છોડી રહ્યા છે અગ્નિના પ્રક્ષેપણ કરી રહ્યા છે. એ ભ્રમરગીતની સ્થિતિ છે. ગોપીગીતની સ્થિતિને આચાર્યચરણ માને છે કે અહીં ધુમાડો છોડી રહી છે. ગોપીગીતની સ્થિતિ ધુમાડો છોડવાની સ્થિતિ છે અને ભ્રમરગીતની સ્થિતિમાં તો એમાંથી આગ નિકળી રહી છે. એની સરખામણીમાં અહીં કહે છે **''લૌકિકે તુ ભાવેષુ યત્રૈવ હરિવેશનં''** (સુબો.કા.૧૦/૫/૫). આ તો ગોપિકાઓના પ્રસંગમાં છે પરંતુ જે પણ લૌકિકભાવ દ્વેષવગેરેના છે ચાહો તો આને કંસપર પણ ઘટાવી લો. કંસ પણ ધુમાડો છોડતો હતો, એક-એક અસુરોને મોકલીને રાક્ષસ મોકલીને રોજ-રોજ નવી નવી આજ્ઞાઓ આપીને ''આને મારીને લાવો, તેને મારીને લાવો.'' આ ધુમાડા છે એના, કેમકે એના દ્વેષમાં હરિનું અંતર્વેશન થઇ ગયું હતું. એના ભયમાં હરિનું અંતર્વેશન થઇ ગયું, તેથી ધુમાડો છોડવા લાગ્યો હતો. તો જ્યાં પણ લૌકિકભાવમાં હરિનું વેષણ થયું, **''નિવર્તતે તદૈવાત્ર વહ્નેઃ દારુમય યથાઃ''**(ત્યાંજ) એ લૌકિકભાવ પોતાનીમેળે બળવા લાગી જશે. પોતાનીમેળે બળીને રાખ થઇ જશે. એને બાળવાની કોઇ જરૂર

નહીં પડે. એક વખત જ્યારે પૂર્ણરૂપથી પ્રજ્જ્વલિત થઈ જાય તો પોતાનીમેળે જ રાખ બનીને ખતમ થઈ જશે.

**"યાવદ્ બહિઃસ્થિતો વહ્નિઃ પ્રકટો વા વિશેન્ન હિ. તાવદ્ અન્તઃસ્થિતોઽપિ એષ ન દારુદહનક્ષમઃ. એવં સર્વગતો વિષ્ણુઃ પ્રકટઃ ચેદ્ ન તદ્ વિશેત્ તાવદ્ ન લીયતે સર્વમિતિ કૃષ્ણસમુદ્યમઃ"** (સુબો.કા.૧૦/૧/ ૧૬-૧૭). વિષ્ણુ તો સર્વત્ર છે. 'વિષ્ણુ' શબ્દની વ્યુત્પત્તિપર ધ્યાન આપો તો 'વિષ્ણુ' મતલબ જે વ્યાપક હોય વ્યાપક હોય એને 'વિષ્ણુ' કહેવાય છે. એક 'વિષ્ણુ' અને બીજો 'જિષ્ણુ' એકજ દેવના બે નામ છે. 'જિષ્ણુ' જ જયશીલ હોય 'વિષ્ણુ' જે વ્યાપનશીલ હોય. તો સર્વગત વિષ્ણુ પ્રકટ થઈને સર્વગત તો છે મતલબ અગ્નિ લાકડાની અંદર તો રહે છે પરંતુ પ્રકટ સંપર્ક જ્યાંસુધી તેનો ન આવી જાય, ત્યાંસુધી લાકડુ પોતાની મેળે બળશે નહીં. પ્રભુનું પ્રાકટ્ય પહેલી શરત છે. સર્વગતનું પ્રાકટ્ય થવું પહેલી શરત છે. મતલબ પ્રભુનું ભક્તમાં નિરુદ્ધ થવું આ પહેલી શરત છે. **"તાવત્ ન લિયતે સર્વમ્"** જ્યાંસુધી એ ખુદ નિરુદ્ધ નહીં થઈ જાય, ત્યાંસુધી એના હૃદયના પ્રપંચને તે કેવીરીતે ભૂલી શકશે! એના હૃદયને પ્રપંચની વિસ્મૃતિ કેવીરીતે થઈ શકશે! એ નહીં થઈ શકે, એટલા માટે કૃષ્ણ છૂપાઈ જવા ઈચ્છે છે. હવે જો તે છૂપાય અને પ્રકટ થઈ ફરી ન છૂપાય અને છૂપાઈને ફરીથી ન પ્રકટે, તો છૂપાઈને જે વખતે બીજી વખત પ્રકટે ત્યાંસુધી તો બધો ધુમાડો નિકળી જશે. લૌકિકભાવોના આવેશ દૂર થઈ જશે અને આ પછી એકદમ પ્રજ્જ્વલિત થઈ જશે.

આ જ વાતને આચાર્યચરણ બીજા શબ્દોમાં અહીં પણ કહી રહ્યા છે :

**અન્તઃસ્થિતો રસઃ પુષ્ટો બહિશ્ચેન્ન વિનિર્ગતઃ।**
**તદા પૂર્ણો નૈવ ભવેદિતિ વાગ્નિર્ગમઃ તથાઃ॥**

હવે આચાર્યચરણની આ કારિકાની પંક્તિ સરળતાથી લાગશે. ત્યાં (જન્મપ્રકરણ-પહેલાઅધ્યાયમાં) અગ્નિના ઉદાહરણથી વાત સમજાવી છે. અહીં (ગોપીગીતમાં) રસના ઉદાહરણથી સમજાવવામાં આવી રહ્યું છે. એક પાત્રમાં રસ રેડી રહ્યા છો, હવે જેટલી એ પાત્રની ક્ષમતા છે એટલો વખત તો

તે પચાવતું ચાલ્યું જશે એને પરંતુ જ્યારે તમે એમાં રસ એટલી હદ સુધી ભરી દીધો કે જ્યાં પાત્રની ક્ષમતા પૂરી થઈ ગઈ ત્યારે પાત્ર આમ કહી દેશે કે હવે સહન નથી થઈ શકતું. એજ વખતે તે રસ એ પાત્રને આખું ભીનું કરી દેશે. રસનો સ્વભાવ છે ભીના કરવાનો. તો એ તે પાત્રને આખું ભીનું ક્યારે કરશે? જે વખતે પાત્રની ક્ષમતા પૂરી થઈ જાય. તો ભગવદ્ભાવ આ જ પ્રકારથી લૌકિકભાવના પાત્રમાં જ્યારે ભરવામાં આવે ત્યારે લૌકિકભાવ પોતાની પાત્રતાના આધારે એને સ્વીકારે છે કે આવો, કેટલો પણ આવો. હજી અમે સૂકેલા છીએ, હજી વધારે આવો હજી અમે સૂકેલા છીએ પરંતુ સૂકું કેટલો વખત સૂકુ રહેશે? જો વરસાદ વરસવા લાગી ગયો તો તો તું સૂકો નહીં રહે. તો એ કહી રહ્યા છે **અન્તઃસ્થિતો રસઃ પુષ્ટો** અન્તઃસ્થિતરસ જ્યારે એક વખત થયો ત્યારે તે ધીરે ધીરે પુષ્ટ થવા લાગે. હવે એ પુષ્ટ થવાની પ્રક્રિયા શું છે? એ મેં કાલે કે પરમદિવસે તમને બતાવી હતી, 'તાપ'. તાપથી એની પુષ્ટિ થઈ રહી છે. કેવીરીતે? તાપના કારણે એમાં ઉફાણો આવશે. જે પાત્રમાં જેટલો રસ ભર્યો, માનો તપેલીમાં ભર્યો અને તપવાનું શરુ થયું, તો તે ઉફણીને બહાર આવશે. તો આ વિપ્રયોગના તાપથી એ રસને ઉફાણો આપી રહ્યા છે. એટલા માટે એ રસનું ઉચ્છલન વાણીના રૂપમાં બતાવવામાં આવી રહ્યું છે.

આ વાત આચાર્યચરણને કેમ કહેવી પડી? આ વાત એટલા માટે કહેવી પડી રહી છે કે આ ઉપક્રમ નથી. આ એમના તામસભાવ અને રાજસભાવ જે ઉચ્છલિત થઈ ગયા છે, એનું જસ્ટિફિકેશન છે આ આવનારો નિર્ગુણ ભાવ છે કે સાત્ત્વિક ભાવ છે એના માટે તો વકીલાત કરવાની જરુર નથી. એ કેસ તો એવો છે કે પોતાની મેળે છૂટશે. સામે આવ્યા અને એ કેસ છૂટી જશે પરંતુ આ જે ગાળો આપી છે ખેંચી-ખેંચીને એનું જસ્ટિફિકેશન છે. તો એનું આચાર્યચરણ જસ્ટિફિકેશન આપી રહ્યા છે આને ગાળોના રૂપમાં ન લો આ અંતઃસ્થિત રસ છલકાઈને બહાર આવી ગયો છે, બસ વાત આટલીજ છે. ભગવાન્ પ્રકટ થાય એટલા માટે આમણે પ્રાર્થના કરી છે અને પ્રાર્થના કરવાના બદલે ગાળો આપી રહ્યા છે. '**કુહક**' કહી દીધા, '**કિતવ**' કહી દીધા, 'ધૂર્ત' કહી દીધા 'ઠગ' કહી દીધા.

હવે એ ગાલિબ કહે છે **''તેરે બેમહર કહનેસે વો તુઝપર મેહરબાન ક્યૂં**

હો?'' 'બેમહર' કહેવાથી તમારાપર મહેરબાન નહીં થઈ જાય. તમે **'કિતવ'** કહી રહી છો, **'કુહક'** કહી રહી છો અને પાછી કહી રહી છો કે પ્રકટ થઈ જાઓ. તો શામાટે પ્રકટ થઈ જાય? તો કહે છે કે પ્રકટ થશે અને એટલા માટે પ્રકટ થશે કેમકે તે અંતઃસ્થિત રસ છલકીને બહાર આવી ગયો. પોતાના ભગવદ્‌ભાવથી હવે એ બધા લૌકિકભાવને આર્દ્ર કરી દેશે. જ્યારે આર્દ્ર કરી દેશે તો પછી પ્રકટ થવામાં કોઈ તકલીફ નહીં થાય.

આનું સૌથી સારું પ્રમાણ આ છે કે જ્યારે કુરુક્ષેત્રમાં ગોપીજન ઠાકોરજીને મળ્યા તો ન તો ગાળો આપી અને ન આગ્રહ પણ કર્યો કે વ્રજમાં ચાલો પરંતુ એટલું જ કહ્યું કે **''આહુશ્ચ તે નલિનનાભ! પદારવિન્દં...ગેહંજુષામપિ મનસિ ઉદિયાત્ સદા નઃ''** (ભાગ.પુરા. ૧૦/૭૯/૪૯). કહે છે ''અમારું મન આપનામાં લાગેલું રહે.'' હવે સવાલ એ રહ્યો કે શ્રેષ્ઠ આ તામસતા છે શ્રેષ્ઠ એ સાત્ત્વિકતા હતી? કાલે આપણે આ વાત પણ સમજી હતી કે સ્થિતિનો ઉત્કર્ષ અને પ્રક્રિયાનો ઉત્કર્ષ મતલબ જન્મ, સ્થિતિ અને સંહાર આ ત્રણેય પ્રક્રિયાઓમાં ઉત્કર્ષના કારણે અંતર આવી જાય. જેમ તમારે ત્યાં કીંમતનો ભાવનો ગ્રાફ ન બનાવે! ગ્રાફ જો બનાવવો હોય, તો ઉત્પત્તિનો ગ્રાફ, એની સ્થિતિ ક્યાં આવી તેને જૂઓ તો એ પછી ડાઉન આવશે, એવીજ રીતે સ્થિતિ અને સંહારનો ગ્રાફ બનાવશો તો તે એક સ્થિતિ પછી ડાઉન જ આવશે પરંતુ આમાં તામસ ભાવનો ઉત્કર્ષ સ્થિતિમાં જ ફિટ રહેશે. હવે એના પછી પણ એક સ્થિતિ આવશે અને એ પ્રલયની સ્થિતિ છે સંહારની સ્થિતિ છે. એ આમાં નથી પરંતુ એ સ્થિતિ મુક્તિમાં ફિટ છે. અહીં ફિટ નથી. આ રુદ્રલીલામાં ફિટ છે પરંતુ વિષ્ણુલીલામાં આ ફિટ નથી.

એટલા જ માટે આચાર્યચરણ એમ કહે છે **''ભગવાન્ બ્રહ્માવિષ્ણૂ રુદ્રશ્ચ ભૂત્વા પુનઃ કૃષ્ણએવ જાત.''** (સુબો.૧૦/૨૯/૨). પહેલા બ્રહ્મા થયા, જે વખતે એણે ભાવથી સંકલ્પ કર્યો, પછી વિષ્ણુ થયા, એનું પાલન કર્યું અને જે વખતે તિરોહિત થયા, ત્યારે રુદ્ર થઈ ગયા છે. પછી પ્રકટ થઈ ગયા છે **''તાસામ્ આવિર્ભૂત્ શૌરિઃ''** (ભાગ.પુરા. ૧૦/૨૯/૨). તો પછી કૃષ્ણ બની રહ્યા છે, એમ આચાર્યચરણ કહે છે. તો તેની અલગ અલગ એક્સિસ છે. એ

એક્સિસમાં તેની ઊંચાઇ માપશો તો વાત સમજમાં આવશે, નહીંતર ગડબડ ગોટાળો થઇ જશે. મતલબ જે લોકમાં પ્રભુના પ્રકટ થવાની લીલા છે, એ લીલામાં આનાથી બીજી કોઇ શ્રેષ્ઠ લીલા નથી. હવે આના પછી કહો કે તિરોહિત થવાની, મથુરા પધારવાની લીલા છે, તો આપણે કહીશું કે તે એમનો ડિપાર્ટમેંટ છે એની એ જાણે. આ ડિપાર્ટમેંટ આપણને ખબર નથી.

આથી કાલના પ્રસંગમાં આપણે જોયું કે વ્રજભક્ત બધા તામસ છે, તામસનો મતલબ છે કે એમનામાં આગ્રહ છે. હવે મહાપ્રભુજીનો સિદ્ધાંત છે **''અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્રદર્શનમ્''**(વિ.ધૈ.આ.૫). પરંતુ એ સિદ્ધાંત બ્રહ્મવાદી સિદ્ધાંત છે, કોઇ શુદ્ધપુષ્ટિમાર્ગીય સિદ્ધાંત નથી. કાલની વાતના સંદર્ભમાં હું આ વાત કહી રહ્યો છું કે **''અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્રદર્શનમ્''** મતલબ આપણે કોઈપણ વાતનો આગ્રહ ન રાખવો જોઇએ, આ પ્રકારની મનોવૃત્તિ પ્રાણીની હોવી જોઇએ, આ ઉપદેશ મહાપ્રભુજી બ્રહ્મવાદની ફ્રેમવર્કમાં આપી રહ્યા છે, પુષ્ટિમાર્ગની ફ્રેમવર્કમાં નહીં. પુષ્ટિમાર્ગની ફ્રેમવર્કમાં તો થોડો ઘણો આગ્રહ હોવો જોઇએ. **''શૌકે દીદાર અગર હે તો તકાજા ભી કરો.''** આ તકાજો ન કર્યો તો શૌકે દીદારનો મતલબ શું રહી જશે? આ જ ભાવ જો એમના સ્થિર થઇ ગયા અને મનમાં થયું કે **''તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્. સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ.''** (નવરત્ન ૮). પછી આ બ્રહ્મજ્ઞાન તો થયું પરંતુ પુષ્ટિભક્તિ તો ન થઇ. ભગવાનને દર્શન આપવા હશે તો આપશે અને નહીં આપવા હોય તો નહીં આપે, હવે ભગવાન્ સાથે શું ઝઘડો કરવો અને શું પ્રાર્થના કરવી? બિરાજો મહારાજ ઉપદેશ આપવામાટે. ત્યારે તો 'મુદ્દઇ તૂ ઇશ્કરા નાલાયકી' તેં બરાબર તાલીમ નથી લીધી. તું નાલાયક છે. સ્નેહના માટે તો તું નાલાયક છે. આ પ્રકારથી જો બ્રહ્મજ્ઞાન સ્ફુરિત થઇ જાય તો ''મુદ્દઇ તૂ ઇશ્કરા નાલાયકી'' થઇ જાય. એ બ્રહ્મજ્ઞાન અહીં અપેક્ષિત નથી. એ બ્રહ્મજ્ઞાનની એક પોતાની મહત્તા છે, એની પોતાની ગરિમા છે, એની પોતાની શ્રેષ્ઠતા છે, બધુંજ છે.

***

## ।। શ્લોક : ૩ ।।

**ઉત્થાનિકા :**

**અન્યાઃ પુનઃ કોમલાઃ, બહુધા ત્વયા રક્ષિતાઃ ઈદાનીમપિ પાલય ઈતિ આહુઃ વિષજલાપ્યયાદ્ ઈતિ.**

**વિવરણમ્ :**

**અન્યાઃ પુનઃ કોમલાઃ** હવે જૂઓ ભાષા કેવી વાપરે છે કે માણસ ન ભ્રાંત થતો હોય તોય થઈ જાય. હવે એમને 'કોમલા' પણ કહી. જ્યારે આ ભગવાનને ગાળો આપી રહી છે તો મહાપ્રભુજી પણ એજ તામસભાવથી એમને ગાળો આપી રહ્યા છે. પરંતુ મનનો ચોર ક્યાં પકડાય? એમનામાટે આટલું લખ્યું પરંતુ એમનામાટે બે લાઈનો છે. મતલબ સુબોધિની લખવાની પણ બહુ યુક્તિ આચાર્યચરણને જાગતી નથી. હવે ગાળો ન આપે તો એની શું વ્યાખ્યા લખે! ઠીક છે બ્રહ્મ બ્રહ્મ જેવો તો છે જ, હવે બોલશો તો પણ ગડબડી થઈ જશે. હવે નહીં બોલો તોજ સારું છે. શ્રીશંકરાચાર્યજીના ભાષ્યમાં આવે છે કે ગુરુજીની પાસે જઈને પૂછ્યું કે "નિર્ગુણ બહ્મનું વર્ણન કરો, નિર્ગુણ બ્રહ્મનું વર્ણન કરો." ત્રીજી વખત પૂછ્યું કે "કેમ નથી બોલતા?" તો તેઓ બોલ્યા કે "ત્રણ વખત બોલ્યો પરંતુ તું ન સમજે તો હું શું કરું!" તો એણે પૂછ્યું કે "શું બોલ્યા?" તો કહ્યું કે "આ વાત બોલવા લાયક નથી." હવે જ્યાં નિર્ગુણભાવ છે ત્યાં શું બોલવું! ચુપ રહેવું જ સારું છે. હવે મહાપ્રભુજી પણ બે-ચાર લાઈનો લખીને શાંત થઈ જાય. પંક્તિ તો ત્યારે ચાલે કે જ્યારે ઠાકોરજીને બે-ચાર ગાળો પડે ત્યારે જ પંક્તિમાં થોડીક ગતિ આવે. એટલા માટે કહી રહ્યા છે **અન્યાઃ પુનઃ કોમલાઃ, બહુધા ત્વયા રક્ષિતાઃ ઈદાનીમપિ પાલય ઈત્યાહુઃ વિષજલાપ્યયાદ્ ઈતિ.**

**શ્લોક :**

**વિષજલાપ્યયાદ્ વ્યાલરાક્ષસાદ્ વર્ષમારુતાદ્ વૈદ્યુતાનલાત્।**
**વૃષમયાત્મજાદ્ વિશ્વતો ભયાદ્ ૠષભ તે વયં રક્ષિતા મુહુઃ।।૩।।**

**સુબોધિની :**

**વિષજલં કાલીયહ્રદજલં, તત્ પીત્વા સર્વએવ બાલકાઃ ગાવશ્ચ મૃતાઃ તે**

**પુનર્જીવિતાઃ. વ્યાલાઃ સર્પાઃ કાલિય-સુદર્શનાદયઃ, રાક્ષસાઃ તૃણાવર્તાદયઃ, તેષામ્ એકવદ્ભાવઃ, તસ્માદપિ રક્ષિતાઃ. વર્ષમારુતાદ્ ઈન્દ્રકૃતાત્. તત્રૈવ વૈદ્યુતાનિ અનલો દાવાગ્નિશ્ચ, તયોરપિ એકવદ્ભાવઃ. વૃષો યોઽયં મયાત્મજઃ વ્યોમાસુરઃ, તસ્માદપિ રક્ષિતાઃ. ન તાસાં ભૂતભવિષ્યદ્વિષયક-પદાર્થજ્ઞાનનિર્બન્ધો અસ્તિ, સર્વજ્ઞત્વાત્. કિં બહુના, વિશ્વતએવ ભયાત્. પાલને હેતુઃ ઋષભ ઈતિ, ભર્તા હિ પાલયત્યેવ. અતઃ સર્વદા પાલક ઈતિ ઈદાનીમપિ પાલય ઈત્યર્થઃ. તે ચ મારકા બાહ્યાઃ, ઈદાનીન્તનસ્તુ આન્તરઃ ઈતિ સર્વથા પાલનીયાઃ।।૩।।**

**વિવરણમ્ :**

આ સાત્ત્વિકગોપી છે. આ ગાળો નથી દઈ શકતી. કેમ? ભગવાનને થોડીક યાદ દેવડાવી રહી છે કે તમે અમારી દરેક વખતે રક્ષા કરી. એ દરેક વખતે અમને મારવા આવનાર હેતુ બધા બાહ્ય મારક હતા. આ વખતે કોઈ આંતર મારકહેતુ પેદા થયો છે. જેમ કાલીયથી અમને બચાવ્યા. એ બાહ્ય હતું પરંતુ અમને હવે આંતરથી બચાવવા જોઈએ. કેમ? જો કોઈ બચાવવા આવ્યા છે અમને અને બચાવતા આવ્યા છે અમને તો આ અભિપ્રેત છે કે તમે અમને અધિકતર બચાવવા માગો છો. અમને બચાવવા તમને અભીષ્ઠ છે. એ વખતે તો બહુજ અલ્પબાધા હતી, બાહ્ય બાધા હતી પરંતુ આ વખતે તો આંતર બાધા ઉપસ્થિત થઈ છે. તેથી તમે નહીં બચાવો તો બીજો કોણ બચાવશે?

**(કાલીયવિષ=વિષયાસક્તિથી રક્ષા)**

આ તો લીલાપક્ષ છે, પરંતુ આધ્યાત્મિકપક્ષમાં પણ જૂઓ એક અંતર્ગર્ભિત પ્રાર્થના એવી પ્રતિત થાય છે. આચાર્યચરણ ત્યાં કહે છે કે કાલીય ઈન્દ્રિયોનો દોષ છે. ભક્તિમાર્ગમાં કેટલી કેટલી બાધાઓ છે. એમને અહીં ગણાવી રહ્યા છે. એ બધી બાધાઓથી અમને બચાવ્યા. ઈન્દ્રિયદોષ ભક્તિમાર્ગમાં બાધક છે. કેમકે ઈન્દ્રિયોના દ્વારા પ્રપંચાસક્તિ પહેલા થાય છે. **''ઈન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ. તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ''** (ભગ.ગીતા.૨/૬૦-૬૧). ભગવાન્ આજ્ઞા કરે છે. એટલા માટે કહે છે **વિષજલાપ્યયાદ્** વિષજલથી એમને બચાવ્યા. કેમ વિષજલથી બચાવ્યા? કેમકે આ જેટલા પણ વિષય છે પ્રપંચના તે વિષજલાત્મક છે.

એમાં જે અમારી ઈન્દ્રિયોની પ્રવૃત્તિ થાય છે, એ ઈન્દ્રિયોની પ્રવૃત્તિને અમે રોકીએ, હકીકતમાં આ વાત કોઈ રાજસી(ગોપી) કે તામસી(ગોપી) કહેત તો એને મોઢે સારી પણ લાગત નહીં. ગોપીના ચરિત્રની સંગતિ છે. આ સાત્ત્વિકી ગોપી છે. હવે જોજો આ આગળ જે નિર્ગુણ ગોપી આવશે તે બ્રહ્મજ્ઞાનના શબ્દ બોલશે. આચાર્યચરણ કહે છે કે આ જ્ઞાની બની ગઈ. કેમકે એ નિર્ગુણ ગોપી છે. આ સાત્ત્વિકી ગોપી છે. **''સત્વાત્ સંજાયતે જ્ઞાનમ્''** (ભગ.ગીતા. ૧૪/૧૭). એ ન્યાયથી એમાં થોડી થોડી એ વાતો આવે છે જે જ્ઞાનીને માટે કહેવી ઉચિત છે. એટલા માટે તે કહે છે કે વિષયાસક્તિથી અમને બચાવ્યા.

**(તૃણાર્વત=રાજસભાવથી રક્ષા)**

રાજસભાવોથી અમને બચાવ્યા. તૃણાવર્ત રાજસભાવ હતો. ગયા વરસે મેં બતાવ્યું હતું કે જેટલા પણ આપણી અંદર રહેલા રાજસભાવ છે તે ઠાકોરજીને ઉડાવીને ઉપર લઈ જાય છે. જેમ તૃણાવર્ત આવ્યો, એ વખતની લીલાનું અનુસંધાન કરો, તો એ સમયે શું થયું? ઠાકોરજી ગોદમાં બિરાજેલા હતા અને ભારે લાગવા માંડ્યા. ઠાકોરજી ભારે લાગવા માંડ્યા તો યશોદાજીએ જમીનપર પધરાવ્યા. જમીનપર પધરાવ્યા અને તૃણાવર્ત આવ્યો અને ઠાકોરજી ઉડીને ઉપર. જે દિવસે તમારા માથે બિરાજતા ઠાકોરજી તમને ભારે લાગ્યા, આ તમારા મનમાં જે રાજસભાવ છે તે આ તૃણાવર્ત છે. તે તૃણનું આવર્તન જ્યાં આવ્યું નહીં, તો ઠાકોરજી સીધા ઊપર. જો તમે એનું વર્ણન જૂઓ તો બહુજ સુંદર વર્ણન છે.

કેવી ભયંકર સ્થિતિ થઈ હશે! **''દૈત્યો નામ્ના તૃણાવર્તઃ કંસભૃત્યઃ પ્રણોદિતઃ ચક્રવાતસ્વરૂપેણ જહારાસીનમ્ અર્ભકમ્''** (ભાગ.પુરા. ૧૦/૭/૨૦) **આસીનમ્ અર્ભકમ્ જહાર.** એ તૃણાવર્ત તમારા ઘરમાં બિરાજતા ઠાકોરજીને ઉડાવીને ઊપર લઈ જાય. જે દિવસે તમારા મનમાં આ તૃણાવર્ત શરુ થયો કે સેવા ભારે લાગી રહી છે, એજ દિવસે **''જહાર આસીનમ્ અર્ભકમ્''**. તમારા ઘરમાં બિરાજેલા પ્રભુ ઉડી જશે. **''ગોકુલં સર્વમ્ આવૃણ્વન્ મુષ્ણંશ્ચક્ષુંષિ રેણુભિઃ પૂરયન્ સુમહાઘોરં શબ્દેન પ્રદિશો દિશઃ''** (ભાગ.પુરા. ૧૦/૭/૨૧). અને ઠાકોરજી ઊપર ઉડી ગયા તો એના પછી તમારું ગોકુલ 'ગો'=ઈન્દ્રિયાણિ એનું આખું 'કુલ' તમારું ધૂમિલ પડી જશે. **''મુષ્ણન્ ચક્ષૂંષિ**

રેણુભિઃ'' અને એની આંખોમાં એટલી ધૂળ પડી કે આંખો બંધ થઇ ગઇ. **''પૂરયન્ સુમહાઘોરં શબ્દેન પ્રદિશો દિશઃ''** જેટલી દિશાઓ હતી, પ્રદિશાઓ હતી, એ બધામાં એક ઝંઝાવાતનો એવો ઘોર શબ્દ પેદા થયો, **''મુહૂર્તમ્ અભવદ્ ગોષ્ઠં રજસા તમસાવૃતમ્ સુતં યશોદા નાપશ્યત્ સ્વયં ન્યસ્તવતી યતઃ''** (ભાગ.પુરા.૧૦/૭/૨૨). એક મુહૂર્તના માટે આખું ગોષ્ઠ રજ અને તમ ના અંધકારથી ભરાઇ ગયું. **''સુતં યશોદા ન અપશ્યત્ સ્વયં ન્યસ્તવતી યતઃ''** પોતાના પુત્રને જ્યાં યશોદાજીએ બેસાડ્યો, ત્યાં તેને ન જોયો કે કૃષ્ણ ક્યાં ગયો? કેમકે એને ભારે માનીને છોડ્યો હતો ત્યાં ન હતો. જ્યારે પોતાનો પુત્ર ન જોયો, ત્યારે કોઇ કહે કે ખુદ પોતાને જોઇ લેશે. તો ભાગવતકાર કહે છે **''ન અપશ્યત્ કશ્ચન આત્માનં પરં ચ અપિ વિમોહિતઃ''** અને જ્યારે આત્મા જ ન દેખાઇ તો પર ક્યાંથી દેખાશે?

### (''અહં બ્રહ્માસ્મિ'' તો છે પરંતુ ''તત્ત્વમસિ''?)

એક સ્વામીજીને ત્યાં અમે ગયા. **''અહં બ્રહ્માસ્મિ''** (બૃહ.ઉપ.૧/૪/૧૦). નો ઉપદેશ ચાલી રહ્યો હતો. અમારા દાદાજીની હોસ્પિટલ ચાલતી હતી. તો અમે વિચાર્યું કે ''એમને ત્યાંથી એકાદ વર્કર લઇ લઇએ.'' દાદાજીનો આદેશ પણ હતો તેથી અમે એમને ત્યાં ગયા. હવે એ **''અહં બ્રહ્માસ્મિ''**ના ઉપદેશમાં એટલા તલ્લીન હતા કે કલાક સુધી ઊભા રહ્યા પછી પણ એમણે અમારા ઉપર ધ્યાન ન આપ્યું. અમે વિચાર્યું કે ''ગરજ તો આપણી છે તેથી ઊભા રહો અને વાટ જૂઓ.'' જ્યારે ઉપદેશ પૂરો થયો તો અમે એમની પાસે ગયા અને કહ્યુ કે ''આપે છ વાગ્યાનો સમય આપ્યો હતો.'' તો બોલ્યા ''હાં હાં આપ્યો હતો, બેસો.'' તો બેસવામાં કોઇ હરકત તો ન હતી પરંતુ હું એ જોવા માગતો હતો કે **''અહમ્ બ્રહ્માસ્મિ''** જ છે કે ક્યાંય **''તત્ ત્વમ્ અસિ''** પણ છે. મેં કહ્યું કે ''ઊભો છું એ બરાબર છે.'' હવે એમને ચિંતા થઇ કે આ ક્યાં બેસવા માગે છે! હવે એમણે પોતાના પુસ્તક-બુસ્તક ઉપાડીને કહ્યું કે ''અહીં બેસશો.'' મેં કહ્યુ કે ''આપ બેસાડશો તો બેસી જઇશ.'' તો જે વખતે આત્મા ન દેખાય, **''અહમ્ બ્રહ્માસ્મિ''** ન દેખાય તો **''તત્ ત્વમ્ અસિ''** ક્યાંથી દેખાય એટલા માટે આચાર્યચરણ **'અહમ્ બ્રહ્માસ્મિ''** અથવા **''તત્ ત્વમ્ અસિ''** ને પ્રાધાન્ય આપવાના બદલે **''સર્વં**

**ખલુ ઈદં બ્રહ્મ**''ને પ્રાધાન્ય આપી દે કે જેમાં બધા અહમ્ અને તત્ત્વ આવી જાય. એમને બહુ કન્ફ્યુજન થઈ ગયું કે ''હવે આ ક્યાંક બેસી જ ન જાય મારા આસનપર'', એટલા ગભરાઈ ગયા. મેં કહ્યું કે ''આપ ચિંતા ન કરો, હું અહીં બરાબર છું.'' **''અહમ્ બ્રહ્માસ્મિ''** કહેવું તો બહુ સરળ છે પરંતુ **''તત્ ત્વમ્ અસિ''** કહેવું સરળ નથી. કહેવામાં બહુ જોર પડી જાય.

એટલા માટેજ ભાગવત કહે કે **''ન અપશ્યત્ કશ્ચન આત્માનં પરં ચ અપિ વિમોહિતઃ તૃણાવર્તવિસૃષ્ટાભિઃ શર્કરાભિર્ ઉપદ્રુતઃ''** (ભાગ.પુરા. ૧૦/૭/૨૩). તૃણાવર્તે જે શર્કરાઓનું સૃજન કર્યું, એનાથી બધાની આંખો ઢંકાઈ ગઈ. મતલબ 'ત્વમ્' ન દેખાયો, 'અહમ્' ન દેખાયો તો 'તત્' અને 'ત્વમ્' પણ ન દેખાય, 'આત્મા' ન દેખાય તો ''અયમ્ આત્મા'' ક્યાંથી દેખાય! આ પ્રકારની સ્થિતિ તૃણાવર્તના ઊભા થવાથી ઊભી થઈ જાય છે. તો બહુ સાવધાની પ્રત્યેક પુષ્ટિમાર્ગીયને રાખવી જોઈએ કે પોતાના ઠાકોરજીને ભારરૂપ ક્યારેય ન માનવા. ઘણાલોકો અપરસ ન નભે તેથી ઠાકોરજીને ભારરૂપ માને. કેટલાક લોકો અમે બધા ઘરમાં બિરાજીએ છીએ એટલે ભારરૂપ માને? અરે ''અપરસ મોટી કે ઠાકોરજી મોટા તમારા!'' આવા આવા મિથ્યા હેતુથી ઠાકોરજીને ભારરૂપ માને તો ગોકુલમાં તૃણાવર્ત આવી જાય. આ પ્રકારે તૃણાવર્તરૂપી સ્થિતિથી બચવું પ્રત્યેક પુષ્ટિમાર્ગીયનું પ્રથમ કર્તવ્ય છે. જો ગોપીગીત સમજમાં આવતું હોય તો! શ્રીઆચાર્યચરણ કહે છે કે **તેષામ્ એકવદ્ભાવઃ** કેમકે આ બધું શું છે? આ બધું લૌકિક વિષયાસક્તિના સ્વરૂપ છે. ચાહે ઐન્દ્રિયક દોષ ચાહે અનૈન્દ્રિયક વિષયદોષ. અંતઃકરણના દોષ ચાહે અંતઃકરણના વિષયોના દોષ. આ બધાનો એકવદ્ભાવ છે.

### (સાધનદોષથી રક્ષા)

હવે બીજું ગ્રુપ આવી રહ્યું છે **વર્ષમારુતાદ્ વૈદ્યુતાનલાત્.** આ બધા સાધનદોષ છે કે અમે અમારા મર્યાદિત સાધનોથી પ્રભુને પ્રસન્ન કરી લેશું, આની સ્તુતિ કરી લેશું અને તેની સ્તુતિ કરી લેશું. ત્યારે તો તમારા ઉપર બહુ વિજળી પડનારી છે. **''તસ્માત્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્''** (ભાગ.પુરા. ૧૦/૨૨/૧૮). ભગવાને કહ્યું છે. ક્યાં તમે ભટકી રહ્યા છો? આ જે અંધડ ચલી ફિર બરસાત પડી એ બધા સાધનોના અભિમાનની,

અન્યાશ્રય કરવાનો, વરસાદ પડ્યો છે. એટલા માટે એનો એકવદ્ભાવ છે કે લૌકિક વિષયાસક્તિઓનું સ્વરૂપ અસુર છે, એનો એકવદ્ભાવ છે. જે માર્યાદિક સાધનોના અભિમાન છે એ પણ એક દેવનો ઉપદ્રવ છે. આ અસુરોના ઉપદ્રવ છે એ દેવના ઉપદ્રવ છે.

## (આ પ્રેમનો પંથકરાલ મહા!)

ભક્તિમાર્ગમાં દેવ પણ ઉપદ્રવ કરે છે અને અસુર પણ ઉપદ્રવ કરે છે. તેથી બધાથી બચીને ચાલવું જોઈએ. **''યે પ્રેમકો પંથકરાલ મહા, તલવારકી ધારપે ધાવનો હે''**. આ પ્રકારથી દેવ અને અસુર બંનેથી બચીને નિકળે તો ભક્તિમાર્ગપર ચાલી શકશે. **''અતિ ક્ષીણ મૃણાલકે તાર હુતે તિહિં ઉપર પાંવ દે ધાવનો હે''** કમળની ડાંડીને તોડી દો તો એમાંથી જે અતિ ક્ષીણ તાર નિકળે, એના ઉપર પગ રાખીને ચાલવાનું છે. **''સુઈ બેહકે દ્વાર સકૈ ન તહાં પરતીતિકો ટાંડો લદાવનો હે. કવિ બોધા અનીઘની નેજહુતેં ચઢિ તાપે ન ચિત્ત ડરાવનો હે. યે પ્રેમકો પંથકરાલ મહા તલવારકી ધારપે ધાવનો હે.''** તેથી જો તમે દેવ અને અસુર બંનેથી બચીને સ્નેહ નભાવી શક્યા, કેવળ ભગવદાસક્તિથી તો નભશે, નહીંતર તો બંને બાજુ ઉપદ્રવ છે. એટલા માટે આચાર્યચરણ આજ્ઞા કરે છે કે જો તમે તમારી સેવાને રોગ ઉદ્વેગ અને પ્રતિબંધ થી રહિત ન કરી શક્યા, જો તમને પ્રતિબંધ અનવરત કાયમ જ રહે, જો તમે સૌથી મોટા રિઝવાર કૃષ્ણને ન રિઝાવી શક્યા તો કયા દેવતાને રિઝાવી શકશો! તમારા કયા આત્માને રિઝાવી શકશો! **''તદા અન્યાસેવાતુ વ્યર્થા સ્યાત્. તદા જ્ઞાનમાર્ગે સ્થાતવ્યમ્''** (સેવાફલવિવરણ). મતલબ અહીં મર્યાદાના જ્ઞાનવાળો જ્ઞાનમાર્ગ નહીં. જ્ઞાનમાર્ગ આ કે હવે જે કાંઈ છે તે તું જ છે. તમે જો આ કૃષ્ણને ન રિઝાવી શક્યા, તો જ્ઞાનમાર્ગમાં સ્થિત રહો.

એટલામાટે કહે છે **વૃષો યોઽયં મયાત્મજઃ વ્યોમાસુરઃ, તસ્માદપિ રક્ષિતાઃ**. વ્યોમાસુરથી પણ અમારી રક્ષા કરી, **ન તાસાં ભૂતભવિષ્યદ્વિષયક-પદાર્થજ્ઞાનનિર્બન્ધો અસ્તિ, સર્વજ્ઞત્વાત્.** આ સાત્ત્વિકી ગોપીકાઓ છે. આમને ભૂત ભવિષ્ય અને વર્તમાન બધી લીલાઓ દેખાઈ રહી છે. એટલા માટે આમ કહી રહી છે. પહેલા રક્ષા કરી છે અને આગળ પણ રક્ષા કરશે, ત્યાં સુધીનો ઉલ્લેખ કરી રહી છે. **કિં બહુના, વિશ્વતએવ ભયાત્** વિશ્વના બધા ભયોથી

અમારું પાલન કર્યું છે. કેમ પાલન કર્યું છે? તો બહુ સાત્ત્વિકભાવ કહી રહી છે **ઋષભ ઈતિ, ભર્તા હિ પાલયત્યેવ.** મતલબ તમે અમારા પતિ છો, તમે અમારા ભર્તા છો, તમે પાલન નહીં કરો તો બીજો કોણ કરશે! **અતઃ સર્વદા પાલક ઈતિ ઈદાનીમપિ પાલય ઈત્યર્થઃ.** તમે સર્વદા પાલન કરતા આવ્યા છો, એટલા માટે અત્યારે પણ પાલન કરો. **તે ચ મારકા બાહ્યાઃ** તેઓ પણ મારક હતા, આ દેવકૃત ઉપદ્રવ કે દાનવકૃત ઉપદ્રવ તો બધો બાહ્ય ઉપદ્રવ હતો, હવે આ ઉપદ્રવ તો અંદરથી બહાર પ્રકટ થવાની પ્રોસેસનો છે, આ ઉપદ્રવ પણ અમને મારી રહ્યો છે. આનાથી તમે નહીં બચાવો તો બીજો કોણ બચાવશે! આવી મોટી આત્યંતિક સાત્ત્વિકભાવયુક્ત ભાવનાથી ગોપિકા પ્રાર્થના કરી રહી છે. કાલ સુધી આપણે રાજસ તામસ ભાવોની ભાષાનું અંતર જોયું.

એક એવો પ્રશ્ન થયો કે જ્યારે **ન તાસાં ભૂતભવિષ્યદ્વિષયક–પદાર્થજ્ઞાનનિર્બન્ધો અસ્તિ, સર્વજ્ઞત્વાત્.** તો પ્રાર્થના કેમ કરી રહી છે? એનું તાત્પર્ય શ્રીગુસાંઈજીએ વિજ્ઞપ્તિમાં બતાવ્યું છે **"અંબુદસ્ય સ્વભાવોऽયં સમયે વારિ મુંચતિ તથાપિ ચાતકઃ ખિન્નો રટત્યેવ ન સંશયઃ".** (વિજ્ઞપ્તિ૧/૮). મેઘનો તો સ્વભાવ છે, જે વખતે વરસે તે વખતે વરસે પરંતુ ચાતક બેસીને શું કરે? એ તો વરસવાનું રટણ જ લગાવતું રહે છે કે "વરસો વરસો વરસો..." તેથી આ સર્વજ્ઞ છે અને સર્વજ્ઞ હોવાના કારણે તેને એ પણ ખબર છે કે પ્રકટ થશે. એ તો **"સમયે વારિ મુંચતિ"** પરંતુ આ ચાતકની જેમ સ્નેહભાવથી રટણ લગાવી રહી છે.

***

## ॥ શ્લોક : ૪ ॥

**ઉત્થાનિકા :**

**અન્યા પુનઃ ભગવતો મહાનુભાવત્વં જ્ઞાત્વા તસ્ય સ્વરૂપં કીર્તયન્તિ તતશ્ચ જ્ઞાનિભ્યો યથા મોક્ષં પ્રયચ્છતિ તથા અસ્મભ્યમપિ અસ્મદુચિતં મોક્ષં દાસ્યતિ ઈતિ. તં સ્તુવન્તિ ન ખલુ ઈતિ.**

**વિવરણમ્ :**

રાજસી-રાજસી તામસ-રાજસી અને સાત્ત્વિક-રાજસી આ પ્રકારે ત્રણેય પ્રકારની ગોપિકાઓના ભેદ બતાવ્યા. હવે નિર્ગુણગોપિકા પ્રાર્થના નથી કરી રહી પરંતુ વર્ણન કરી રહી છે. ત્રણ ગોપિકાઓએ તો પ્રાર્થના કરી, આ નિર્ગુણગોપિકા કેવળ ભગવાનનું તત્ત્વતઃ વર્ણન કરી રહી છે પરંતુ એવું ન સમજતા કે પ્રાર્થનામાં તાત્પર્ય નથી. કેમકે આ નિર્ગુણ છે, એટલા માટે બધા શબ્દ એટલા સંભાળીને બોલે છે કે જેમાં પ્રાર્થના ન ઝલકે. હવે જો પ્રાર્થના ન હોય તો ભાવ માધુર્ય નહીં રહી જાય. આ એક વાત ખાસ સમજવાની છે.

### (પુષ્ટિભક્તિમાં માહાત્મ્યજ્ઞાનનો રોલ/મહત્વ)

આચાર્યચરણ કહે છે **''પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્. સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ.''** (વિ.ધૈ. આ.૨). કેમકે પ્રભુ સર્વસમર્થ છે સર્વજ્ઞ છે અને સર્વવ્યાપિ છે તો જે સર્વસમર્થ છે સર્વજ્ઞ છે સર્વવ્યાપિ છે પ્રભુ છે સર્વસ્વામી છે ચતુર્ગુણ વિશિષ્ઠ જે વ્યક્તિ હોય, તેની સામે પ્રાર્થના વ્યર્થ થઈ જાય. આ વ્યર્થ થઈ જવાનો નિયમ ક્યાંનો છે? બ્રહ્મવાદનો, આ નિયમ છે માહાત્મ્યજ્ઞાનનો કે બ્રહ્મ સર્વવ્યાપિ છે. મહાપ્રભુજીએ પણ **''પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્''** આ બધું કહ્યું, એ કોનામાટે કહ્યું? જે શરણમાર્ગીય જીવ છે એમના માટે કહ્યું. પ્રારંભદશામાં જે વખતે પોતાના અધિકારની કક્ષા સ્પષ્ટ નથી કે પોતે શરણમાર્ગીય છે કે ભક્તિમાર્ગીય છે, તો બંને ઉપદેશ બંનેને પ્રવૃત્ત કરે છે, એ ન્યાયથી બંનેને ઉદ્દિષ્ટ કરીને પ્રારંભિક દશામાં કહ્યું, પરંતુ મૂલતઃ આ ઉપદેશ કહ્યો છે માહાત્મ્યજ્ઞાનપૂર્વક. ભગવાનના માહાત્મ્યને જો સમજીએ તો ભગવાનનું માહાત્મ્યજ્ઞાન શું છે? પ્રભુનું માહાત્મ્ય આ છે કે પ્રભુ સર્વવ્યાપિ છે સર્વસ્વામી છે સર્વાન્તરાત્મા છે સર્વજ્ઞ છે, સર્વસમર્થ છે. જે પણ કાંઈ આપણે

માગશું એ તેને પહેલાથીજ ખબર છે. જે પણ કાંઈ આપણી જરુરીયાત છે, તે સ્વયં જ ખુદ આપશે સર્વસ્વામી હોવાના કારણે. કોની સામે માગવામાં આવે? જે માગવાની પહેલા એ વસ્તુને જાણતો ન હોય. સર્વજ્ઞ હોવાના કારણે પ્રભુ તો જાણે છે કે આપણે શું જોઈએ છે? મતલબ આપણું હિત શેમાં છે અને આપણી કામના શું છે? બંને વાતો પ્રભુ જાણે છે. કોઈ વ્યક્તિ એવો હોય કે પોતાનું હિત જાણતો હોય અને પોતાની કામના ન જાણતો હોય. કોઈ વ્યક્તિ એવો હોય કે પોતાની કામના જાણતો હોય પરંતુ પોતાનું હિત ન જાણતો હોય અને તો હિત ન જાણતો હોય અને કામના જાણતો હોય અને હિત જાણતો હોય અને કામના ન જાણતો હોય. આમ સર્વ વરદ, વરદાયી વ્યક્તિની સામે પછી માગવા મંગાવવાના ચક્કરથી શું લાભ! પ્રયોજન શું! આપણો અંતરાત્મા હોવાના કારણે જે આપણું હિત પણ જાણે છે અને આપણી કામનાને પણ જાણે છે, એની સામે શું માગી શકીએ છીએ! હવે ન માગી શકીએ, આ પ્રકારનો ભાવ હૃદયમાં સુદઢ હોય તો આ પ્રકારનો ભાવ આપણા હૃદયમાં સ્થિર હોવો જ જોઈએ.

માહાત્મયજ્ઞાન આપણે ત્યાં ભવન નથી સોપાન છે, રૂમ નથી પરંતુ સીઢી છે. માહાત્મ્યજ્ઞાનપર ચઢીને કોણ બેસી જાય? જે પુષ્ટિમાર્ગના ભવનમાં જવામાં હાંફતો હોય એ. સીઢીપર કોણ બેસે? દમ થઈ જાય ને!. આપણે સીઢી ચઢીએ અને હાંફી જઈએ, તો સીઢીપર બેસી જઈએ. સીઢી કાંઈ બેસવામાટે હોય? સીઢી બેસવામાટે નથી હોતી. માહાત્મ્યજ્ઞાનની સીઢીપર ચઢતા જે હાંફે, એ માહાત્મ્યજ્ઞાનની સીઢીપર જ ક્યાંક બેસી જાય. મતલબ એને ભવનમાં પહોંચવાનો અધિકાર નથી. એ હાંફીને બેસે પરંતુ જે ભવનમાં પહોંચવામાં સમર્થ છે, જેને ભવનમાં પહોંચવાની ભાવના છે, એ શામાટે માહાત્મ્યજ્ઞાનની સીઢીપર બેસશે! એ માહાત્મ્યજ્ઞાનની સીઢીપર ચઢીને ભવનમાં પહોંચી જશે અને જ્યારે ભવનમાં પહોંચી જશે તો પછી માહાત્મ્યજ્ઞાનપર પોતાની જે પ્રકારની મુદ્રા, જે પ્રકારની પોતાની ક્રિયા જે પ્રકારનો પોતાનો ભાવ, એ રહેવો કોઈ અન્યાય નથી. કેમકે જે વખતે તમે સીઢીપર ચઢીને પહેલા માળે આવી ગયા, તો સીઢી જેટલી ઊંચાઈ આપી શકતી હતી, તમને એટલી ઊંચાઈ તો મળી ગઈ. સીઢી શું કરે? માણસને

જમીનથી ઊપર લઈ જાય. મતલબ અજ્ઞાનનું જે આપણું સ્તર છે, અજ્ઞાનના સ્તરપર આપણે જે કાંઈ પણ ભ્રાંતિ માનીને બેસી જઈએ છીએ, માહાત્મ્યજ્ઞાન શું કરે? તમને એ ભ્રાંતિઓથી ઊપર ઉઠાવી દે. મતલબ અસંભાવના વિપરીત ભાવનાથી માહાત્મ્યજ્ઞાન તમને ઉપર ઉઠાવી દે. ઊપર ઉઠાવીને તમને લઈ જાય. હવે તમે જ્યારે માહાત્મ્યજ્ઞાનની સીઢીપર ચઢીને એ ઊંચાઈ સુધી પહોંચી ગયા તો એ ઊંચાઈ તો તમને મળી જ ગઈ. હવે સીઢીનું પોતાનામા કોઈ પ્રયોજન નથી પરંતુ ઊંચાઈનું પ્રયોજન છે. પ્રયોજન તે ઊંચાઈનું છે સીઢીનું નથી. તો એ ઊંચાઈપર જે વખતે તમે પહોંચી ગયા તો તે વખતે સીઢીની પદ્ધતિ અનાવશ્યક થઈ જાય. એટલા માટે માહાત્મ્યજ્ઞાનપર **"પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્"**નો જે નિયમ હતો, જે ડિસિપ્લિન્ હતી, એ નિયમ જે વખતે તમે સુદઢ સર્વતોધિક સ્નેહપર પહોંચી ગયા, પછી આવશ્યક નથી રહી જતા.

હવે તમે કહેશો કે "અમે તો સેવા કરી રહ્યા છીએ, અમે તો ભક્તિમાર્ગીય છીએ અમારે કોઈ જ્ઞાનથી શું લેવા-દેવા! માહાત્મ્યજ્ઞાન અમને રુચતું નથી". હવે જ્યારે એવું માનીને પ્રાર્થનાઓ અને બીજા ઉપદ્રવ શરુ કરી દે, ત્યારે તો તમને હજી સુધી ન તો બરાબર માહાત્મ્યજ્ઞાન થયું છે ન સુદઢ સર્વતોધિક સ્નેહ થયો છે. માત્ર માહાત્મ્યજ્ઞાનના સ્નેહના શબ્દ તમે સાંભળ્યા છે અને પોપટની જેમ બોલી રહ્યા છો. માહાત્મ્યજ્ઞાન કે સ્નેહ થવો એક બીજી વસ્તુ છે અને માહાત્મ્યજ્ઞાન કે સ્નેહ ને વ્યક્ત કરવાવાળા શબ્દોને સાંભળી લેવા અને પોપટની જેમ બોલી નાખવા, એક બીજી વાત છે. આપણે કહીએ તો છીએ કે "પ્રભુ સર્વાન્તર્યામી છે સર્વાન્તરાત્મા છે સર્વવ્યાપિ છે" પરંતુ એવું આપણા જીવનના કાર્યક્રમમાં અનુભવીએ? ક્યારેક આપણને ગ્લાનિ થાય? મતલબ એક સામાન્ય વાત બતાવું કે આપણા ગુરુજન બેઠા હોય તો જેવી વાતો આપણે ન કરીએ, તો એવી વાતોને આપણે પ્રભુને સર્વવ્યાપિ સમજીને કરવાથી ચૂકીએ છીએ? નહીં. કરવું હોય તે તો બધુંજ કાંઈ કરીએ જ છીએ. કરીએ તો કરીએ અને ઠાકોરજીની સામે પણ કરીએ. મતલબ માહાત્મ્યજ્ઞાન આપણને નથી. જે શબ્દ સાંભળીએ છીએ તે આપણે પોપટની જેમ બોલીએ છીએ. એ તો શબ્દોનો વ્યાપાર છે. એ પણ સારો છે, ખરાબ

નથી પરંતુ ખરેખર માહાત્મ્યજ્ઞાન આપણને થયું નથી, એટલા માટે એ નિયમ આપણાપર લાગૂ નથી થઈ રહ્યો. એ નિયમ લાગૂ થઈ રહ્યો છે એમનાપર કે જેમનાપર માહાત્મ્યજ્ઞાન લાગૂ થઈ રહ્યું છે.

હવે આ વાત પૂછશો કે વ્રજભકતોને માહાત્મ્યજ્ઞાન ક્યાંથી થયું? નિર્ગુણ ભકત છે એમને તો માહાત્મ્યજ્ઞાન છે જ. સાત્ત્વિક ભકત છે એમને પણ થોડુંઘણું માહાત્મ્યજ્ઞાન છે. રાજસ અને તામસ છે એમને માહાત્મ્યજ્ઞાન નથી પરંતુ માહાત્મ્યજ્ઞાન ન હોવા છતાં પણ એમને ભગવાન્ લિફ્ટથી ઘરમાં લાવ્યા છે. સીઢીપર ચઢાવીને નથી લાવ્યા. મુંબઈમાં જઈને જુઓ, સીઢી પણ હોય અને લિફ્ટ પણ હોય. કોઈ સીઢીથી આવે અને કોઈ લિફ્ટથી આવે. હવે જે લિફ્ટથી આવી ગયા છે એ તો આવીજ ગયા છે, એમને પ્રભુ ખુદ લઈને આવ્યા છે. હવે માલિકનો તો કોઈ માલિક હોઈ ન શકે. ઊંચાઈ તો એમને પ્રાપ્ત થઈ ગઈ. હવે તો માહાત્મ્યજ્ઞાનની જે ડિસિપ્લિન હતી, જે શિસ્ત હતું, એ ન તો એમણે પાળ્યું અને ન એમણે સમજ્યું. કેમકે એમને ખબર જ ન પડી. એકાએક સમજો પચ્ચીસમાળની બિલ્ડિંગ છે. બંધ ગાડીમાં કોઈને લઈ જઈએ, તો બહારથી મકાન દેખાય નહીં. સીધા લિફ્ટમાં જઈએ અને લિફ્ટમાં ઊભા કરી દઈએ, લિફ્ટ ઊપર ચાલી જાય તો શું ખબર પડે કે કેટલી ઊંચાઈપર આપણે ગયા? જ્યારે ઊપર જઈએ અને નીચે જોઈએ તો ખબર પડેકે ઓ હો હો આટલા ઊંચા આવી ગયા! એવીજ રીતે વ્રજભક્તોને પણ ખબર ન પડી કે એમને પ્રભુ કેટલી ઊંચાઈપર લઈ આવ્યા. ઊંચાઈ એમને ક્યાંથી મળી? પ્રભુ એમને ત્યાં પ્રકટ્યા એ ઊંચાઈ હતી.

આચાર્યચરણ આજ્ઞા કરે છે **"જ્ઞાનભક્ત્યોઃ તુ ભગવદાવિર્ભાવાર્થમ્ ઉપયોગઃ આવિર્ભાવઃ ચેદ્ અન્યથાસિદ્ધઃ"** (સુબો.૧૦/૨૬/૧૩). જ્ઞાન અને ભક્તિની આવશ્યકતા ભગવદાવિર્ભાવના માટે છે અને એ આવિર્ભાવ જો અન્યથા સિદ્ધ થઈ ગયો તો જ્ઞાન અને ભક્તિ શું કરશે? હવે સીઢી એમ તો દેકારો નથી કરી શકતી કે લિફ્ટથી ન જાઓ. મકાનમાં સીઢી બની ગઈ છે એટલા માટે સીઢી દેકારો કરે કે જવાવાળા લિફ્ટથી ન જાઓ. જવાવાળા તો લિફ્ટથી જાય પરંતુ જેને લિફ્ટ પ્રાપ્ત ન હોય, એમને સીઢી વગર કરવું શું? ઘણાબધા મકાનોપર લખવામાં આવેલ હોય કે બિલ્ડિંગના સ્ટાફના જે નોકર

છે, એમને લિફ્ટ ન વાપરવી. આવું લખેલું હોય. હવે એ બિલ્ડિંગના સ્ટાફના લોકો બિચારા લિફ્ટ ન વાપરે. હવે નોકરોના માટે બીજા ખુલા પ્રકારની કોઈ નવી લિફ્ટ બનાવે જેથી એમને દરવખતે દેખાતું રહે. નોકરોની લિફ્ટ જે બને તે જાળીવાળી ખુલા પ્રકારની બને. આવવા-જવાવાળાઓના માટે બંધ દરવાજાઓની સારી લિફ્ટ બને. જ્યારે એ ચઢે તો ખબર જ ન પડે કે કેટલી ઊંચાઈપર જઈ રહ્યા છીએ.

## (જ્ઞાની ચેદ્ ભજતે કૃષ્ણં)

નિર્ગુણગોપિકાઓને તો માહાત્મ્યજ્ઞાન છે, એ સ્પષ્ટ છે. સગુણગોપિકાઓને માહાત્મ્યજ્ઞાન કેવીરીતે થયું? હવે પ્રશ્ન આ છે કે નિર્ગુણ અને સાત્ત્વિક ગોપિકાઓ તો સીઢીથી ગઈ અને રાજસ તામસ લિફ્ટથી ગઈ. આમાં તો રાજસ અને તામસ નો ઉત્કર્ષ દેખાય છે. આને એવું સમજવું કે નિર્ગુણગોપિકાઓને માહાત્મ્યજ્ઞાન સાધનાથી નથી પરંતુ સિદ્ધ છે, એમના સ્વભાવમાં છે. રાજસ તામસ માં જ્ઞાનની સાધના નથી. આ અંતર છે. ફલ તો સમાન જ છે. માહાત્મ્યજ્ઞાન જે વખતે પ્રબલ થાય, તે વખતે ભાવ થોડોક ખંડન તો થાય જ છે અને એ ભાવ ખંડિત જે થાય છે, મતલબ જેમ હંસુભાઈએ હમણાં સંદેહ કર્યો કે તામસોપર અનુગ્રહ વધારે? તો તામસોથી પણ વધારે અનુગ્રહ આ નિર્ગુણોપર છે. એનું એક તાત્પર્ય આ છે કે આવા નિર્ગુણોને જો ભાવ થાય તો **"જ્ઞાની ચેદ્ ભજતે કૃષ્ણં તસ્માત્ નાસ્તિ અધિકઃ પરઃ"** (ત.દી.નિ.૧/૧૪). જે તામસને ભાવ થાય તો તામસ તો હૃદયપ્રધાન વ્યક્તિ છે પરંતુ નિર્ગુણ હૃદયપ્રધાન નથી હોતા, જ્ઞાનપ્રધાન હોય છે, ભાવપ્રધાન નથી. તામસ તો ભાવપ્રધાન હોય છે પરંતુ નિર્ગુણ તો જ્ઞાનપ્રધાન ભક્ત હોય છે. તો જ્ઞાનપ્રધાન ભક્તને ભાવ થવો આ પુષ્ટિનો પરમ ઉત્કર્ષ માનવામાં આવે છે. **"જ્ઞાની ચેદ્ ભજતે કૃષ્ણં તસ્માત્ નાસ્તિ અધિકઃ પરઃ"** કેમકે તામસને તો ભાવ થઈ જાય. નિર્ગુણને કેવીરીતે ભાવ થાય?

હમણા (શ્યામદાસ) જ્યારે મુંબઈમાં હતા ત્યારે એમણે અમને કહ્યું "તમે રસેલને અને એવા એવા નાસ્તિકોને વાંચીને પુષ્ટિમાર્ગીય રહો છો, આ અમને આશ્ચર્ય લાગે છે! એને વાંચીને તમે નાસ્તિક કેમ નથી થઈ જતા!" તો અમે કહ્યું કે "અમે નાસ્તિક નથી થતા અને બહુ નાસ્તિક મત વાંચુ, બલ્કે

આસ્તિકથી વધારે નાસ્તિક મત વાંચુ. વાંચી લઉં પરંતુ ક્યારેય મારાપર અસર ન થાય.'' તો મારા કહેવાથી એણે રસેલ વાંચ્યો. હવે એ પાના ઉથલાવત ઉથલાવતા ''નહીં નહીં!'' કહે, એને એટલું ડિસ્ટર્બન્સ થઇ ગયું. વાંચતો જાય અને બેચેન થતો જાય. આમ પાનું બદલે અને બીજું બદલે અને બોલતા જાય કે ''આ વાત નથીં, આ વાત નથીં'' ગભરાઇ ગયો. અમે કહ્યું કે ''અમને ક્યારેય આવી ગભરાહટ ન થાય.'' એ બોલ્યો કે ''અમને તો બહુ આશ્ચર્ય છે કે નાસ્તિક મત વાંચીને પુષ્ટિમાર્ગમાં આસ્થા કેવીરીતે રહી જાય?'' હવે કોઇને રહી જાય તો રહી જાય! અમને તો રહી જાય.

જ્ઞાનપ્રધાનમાં જેનો ભાવ રહી જાય, એ તો પરમ પુષ્ટિનું ઉદાહરણ છે. આમેય પણ આમને પુષ્ટિનું મહત્ત્વ કમ નથી. આ દષ્ટિથી જો તમે તામસ ભક્તોને નીચે પાડવા જશો તો અમે વકીલાત એમની પણ કરશું. ભાવપ્રધાન વ્યક્તિને કૃષ્ણમાં ભાવ થઇ જાય, લૌકિક વિષયમાં ભાવ ન થાય, આનાથી મોટો અનુગ્રહ કયો! જે વ્યક્તિ ભાવપ્રધાન જ છે, એને તો વિષયમાં ભાવ હશે, એને વગર જ્ઞાને જો ભાવના આલંબનરૂપમાં કૃષ્ણ મળી જાય તો આનાથી વધારે અનુગ્રહનું ઉદાહરણ શું? એટલા માટે ભક્ત ચાહે તામસ હોય, ચાહે નિર્ગુણ હોય, એમાં ભેદ કરી શકવો બહુ કઠિન છે. આ શ્રેષ્ઠ છે કે તે શ્રેષ્ઠ છે, કહી નહીં શકાય.

અમે વારંવાર ઉદાહરણ આપીએ છીએ : બે હોટલોમાં હરિફાઇ થઇ. કહે ગામમાં બધાથી સારી હોટલ. તો બીજાએ કહ્યું કે જીલ્લામાં બધાથી સારી હોટલ. પેલાએ કહ્યું પ્રાંતમાં બધાથી સારી હોટલ. બીજાએ કહ્યું કે દેશમાં બધાથી સારી હોટલ. હવે શું બાકી રહ્યું? તો એણે કહ્યું કે સામેવાળી હોટલથી સારી હોટલ. હરિફાઇ ખતમ કરી દીધી.

### (અનન્તશ્રી)

જુના જમાનામાં પત્રોમાં શ્રી૬ લખતા હતા. તો આ મહારાજોમાં અને સ્વામિજીઓમાં હરિફાઇ થઇ ગઇ. શ્રી૬ ની જગ્યાએ શ્રી૮ થયું. પછી શ્રી૧૦૮ થયું. તેના પછી શ્રી૧૦૦૮ થયું. એના પછી એનું શ્રી૧૧૦૮ થયું. હવે કરપાત્રીજી અને એવા કેટલાક બીજા વ્યક્તિ આવ્યા તો એમણે કહ્યું કે લેટ્ અસ્ ડ્રોપ્ ધીસ ટોપિક્ અને એમણે પોતાની આગળ અનન્તશ્રી વધારાનું

લગાવી દીધું. હવે કરો હરિફાઇ. અરે! થોડાક દિવસ લાખશ્રી ચાલતી, પછી કરોડશ્રી ચાલતી. થોડીક હરિફાઇ વધારે ચાલતી. એમણે સીધુંજ પોતાની આગળ અનન્તશ્રીવિભૂષિત કરપાત્રીજી મહારાજ લગાવી દીધું. હવે ભટ્ટજી જેવો કોઇ માણસ મળે તો અતિઅનન્ત કરે! તો હરિફાઇ વધે, નહીંતર અનન્તવિભૂષિતની સાથે હરિફાઇ ખતમ થઇ ગઇ.

એમ ગોપીઓમાં હરિફાઇ થઇ ન શકે. કેમકે એક જ કૃપાનું આ પક્ષમાં જેટલું વૈલક્ષણ્ય છે તો એ પક્ષમાં પણ એટલું જ વૈલક્ષણ્ય છે. અંતમાં તામસપ્રકરણમાં ભક્તોપર જ્યાં પણ કૃપા થઇ છે, એ વિલક્ષણ કૃપા જ છે. ચાહે તે તામસ ભક્તપર થઇ હોય, ચાહે રાજસ ભક્તપર થઇ હોય ચાહે સાત્ત્વિક ભક્તપર થઇ હોય, ચાહે નિર્ગુણ ભક્તપર થઇ હોય, કેમકે જો એક વિરુદ્ધધર્મ અહીં છે તો બીજો વિરુદ્ધધર્મ ત્યાં છે. હવે એજ બતાવ્યું છે કે **"તે નાધીતશ્રુતિગણા ન ઉપાસિતમહત્તમાઃ અવ્રતાતપ્તતપસઃ સત્સંગાત્ મામ્ ઉપાગતાઃ. કેવલેન હિ ભાવેન ગોપ્યો ગાવો નગા મૃગાઃ યે અન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધાઃ મામીયુઃ અઞ્જસા"** (ભાગ.પુરા.૧૧/૧૨/૭-૮). તો કાંઇ વાંચ્યું નહીં, કાંઇ સાંભળ્યું નહીં, જાણ્યું નહીં અને વગર વાંચ્યે સાંભળ્યે જાણ્યે એ વસ્તુ એમણે કેવીરીતે પ્રાપ્ત કરી? ઉદ્ધવજીએ પણ તો ગોપીઓના માટે આ જ કહ્યું છે. **"ભક્તિઃ પ્રવર્તિતા દિષ્ટ્યા મુનીનામપિ દુર્લભા"** (ભાગ.પુરા. ૧૦/૪૭/૨૫). જે મુનીઓને પણ દુર્લભ ભક્તિ છે એ તમને કેવીરીતે પ્રાપ્ત થઇ? કોઇ કારણ નથી મળતું. મુનીઓને પ્રાપ્ત થઇ તો એના માટે તો ઘણાબધા કારણ મળી જશે કે એમણે આટલા દિવસ સાધના કરી, આ રીતે ચિત્તને એકાગ્ર કર્યું અને બધું કર્યા પછી જો એમનું ચિત્ત ભગવાનમાં એકાગ્ર થઇ ગયું, તો તો એની આખી યાદી છે, એની કેસ હિસ્ટ્રી છે. અહીં તો કોઇ કેસ્ હિસ્ટ્રી છે નહીં.

દવાને માટે તમે ડોક્ટરની પાસે જાઓ તો ડોક્ટર તમારી કેસહિસ્ટ્રી માગે ને! કેસહિસ્ટ્રી હોય તો બીમારી સમજમાં આવે. હવે અહીં કોઇ કેસહિસ્ટ્રી તો છે નહીં પરંતુ લાભ તો એવો દેખાઇ રહ્યો છે કે જે મુનીઓને પણ દુર્લભ છે. આ અર્થમાં કૃપા તો છે ને ત્યાં! આવી ભક્તિનો લાભ એમને કેવીરીતે થયો? વગર કૃપાએ તો એ સંભવ નથી એટલા માટે એ બાજુ પણ કૃપા છે

અને આ બાજુ પણ વિલક્ષણ કૃપા છે. આટલું જાણી ગયા તો એમના ભાવ અખંડિત કેવીરીતે રહી શકત. એમના ભાવ તો ખંડિત થવાજ જોઈતા હતા.

### (અનેકતન્ત્રકાન્તારે)

ગાયકવાડ સીરીજમાં બૌદ્ધગ્રંથોની બહુ સુંદર એડિટ કરવાવાળા એક રામાનુજ પંડિત હતા. બૌદ્ધ અને નાસ્તિક ગ્રંથોનો બહુજ સુંદર અભ્યાસ કર્યો અને બહુજ સુંદર એડિટ કર્યું. એ બૌદ્ધધર્મના બહુ સુંદર અધિકારી વિદ્વાન હતા. બૌદ્ધધર્મની ભૂમિકા લખીને એના અંતમાં એમણે લખ્યું છે **''અનેકતંત્રકાંતારે, વિશતો મે અનેકધા વિષ્ણુઃ અવ્યાહતપંથાઃ હૃદયાત્ માપસર્પતુ''**. અનેક અનેક દર્શનના જે ગાઢ જંગલ છે, જેમાં કોઈપણ માણસ સરળતાથી ભટકી શકે, એમાં વગર રસ્તાઓપર હું ભટકતો રહું પરંતુ મારા હૃદય સુધી પહોંચવાનો જે રસ્તો છે તેનાપર વિષ્ણુ તું ક્યારેય ન ભટકી જતો. જે રસ્તો મારા હૃદય સુધી પહોંચી રહ્યો છે એ રસ્તાપર વિષ્ણુ તું કયારેય ન ભટકે. બાકી હું બધા જંગલોમાં ભટકું પરંતુ તને ભટકવાની છૂટ નથી. કેવો સુંદર ભાવ છે. એકદમ નિર્ગુણ ભાવ છે વિચાર કરો તો. મારા રસ્તા ભલે વ્યાહત હોઈ શકે છે, એમાં કોઈ હરકત નથી, એમાં અમે માથું ફોડશું પરંતુ તારો રસ્તો તું ક્યારેય ન ભટકતો. સીધો હૃદય સુધી પહોંચી જજે. એમણે બૌદ્ધધર્મપર જે કાંઈ લખ્યું છે, એટલું સુંદર એ સમયના બૌદ્ધ પણ નથી લખી શક્યા. પ્રાચીનકાળમાં નહીં પરંતુ પરવર્તીકાળનો બૌદ્ધધર્મ એટલો સુંદર ખુલાસો ન લખી શક્યા જેવો એમણે કર્યો સ્વયં રામાનુજના વૈષ્ણવ હોવા છતાં પણ આટલા અધિકારી વિદ્વાન હતા.

તો બસ એજ વાત છે કે આવા નિર્ગુણભાવવાળા ઉદ્ધવજી જ્યારે વ્રજમાં આવ્યા તો ગભરાઈ ગયા. વ્રજમાં આવા નિર્ગુણભક્ત હતા કે જેમને બધા રહસ્યોની ખબર હતી પરંતુ બધા રહસ્ય જાણીને પણ ચુપચાપ બેસી ગયા હતા. વ્યવહાર ભગવાનની સાથે એવોજ હતો કે જેવો તામસોનો વ્યવહાર છે. લીલાઓ ભગવાનની એમની સાથે એજ હતી જે તામસભક્તોની સાથે હતી. જેમ ભગવાન્ પોતાની ચોરી ખુદ જાણતા હતા, એમ ભગવાનની ચોરી આ નિર્ગુણભક્ત પણ જાણતા હતા.

હું શામાટે કહી રહ્યો છું કે અહીં શબ્દોમાં તો કેવળ વર્ણન છે પરંતુ

તાત્પર્યમાં પ્રાર્થના પણ છે. શબ્દોમાં પ્રાર્થના નથી. એનું કારણ આ છે કે તેઓ ભગવાનની ચોરી ખોલી રહ્યા છે. હવે જો સર્વથા નિર્ગુણ હોય, મતલબ માત્ર જ્ઞાની હોય તો આ ચોરી ખોલવાની જરુર અહીં નથી પડતી. તો થોડીક ચોરી ખોલીને ઠાકોરજીની સાથે બ્લેકમેલિંગ કરી રહ્યા છે. એ કેમકે **''જ્ઞાની ચેદ્ ભજતે''** (ત.દી.નિ.૧/૧૪). તો એ **''ચેદ્ ભજતે''** છે ને! તેઓ ભજન કરી રહ્યા છે, એથી એમનાથી રહી નથી શકાતું પરંતુ સ્વભાવ નિર્ગુણ છે. એટલા માટે નિર્ગુણ હોવાની જે કાંઈ મર્યાદા છે, ડેકોરમ્ છે એમની, ડીસેન્સી છે, તેને નિભાવીને તેઓ થોડીક થ્રેટનિંગ્ કરી રહ્યા છે અને એ એટલી ગૂઢ છે કે સમજવાવાળો સમજી જાય બાકી દરેક માણસના ખ્યાલમાં ન આવે. એ ક્યારે એના ખ્યાલમાં આવે, જ્યારે એને આ સંદર્ભમાં જોડીને જુએ ત્યારે ખ્યાલમાં આવી શકે. નહીંતર તો ન આવી શકે, એવુંજ લાગે કે વર્ણન કરી રહી છે અને ન તો કોઈ જાતનો આમના હૃદયમાં ભાવ છે, ન કોઈ પ્રાર્થના પણ છે.

**(એકસે બઢકર એક!)**

બહુ વિપરીત ઉદાહરણ છે, કદાચ એના મૂળ તાત્પર્યને નહીં પકડી શકો તો રસાભાસ થઈ જાય એવું ઉદાહરણ છે. જો તાત્પર્ય પકડી શકશો તો વાતને સરખીરીતે સમજી શકશો. કાઠિયાવાડમાં ઠાકોરસાહેબે એક નવું મકાન બનાવ્યું. નવું મકાન બનાવ્યું તો ગાવાવાળા લોકોને બોલાવ્યા. એ ગાવામાં બહુ એક્સપર્ટ હોય પરંતુ અક્કલમાં એમને ઓછા માનવામાં આવે. હવે કોઈ ત્યાંની રબારી જેવી નવી જાતિ છે. હવે ઠાકોરસાહેબે નવું મકાન બનાવ્યું તો બધા ગામવાળાઓને બોલાવ્યા તો એમને પણ બોલાવ્યા. બંને ભાઈ આવ્યા. તો એ ગાવાવાળામાંથી નાના ભાઈને પૂછ્યું કે ''મકાન કેવું લાગ્યું?'' હવે એને ઠાકોરસાહેબે પૂછ્યું તો કાંઈક તો મકાનની મહત્તા બતાવવી જોઈએ. તો બોલ્યો કે ''આપે આટલું ભવ્ય સુંદર મકાન બનાવ્યું પણ દરવાજો નાનો બનાવ્યો. આપ મરી જશો તો અહીંથી નિકળશો કેવીરીતે?'' ઠાકોરસાહેબના ચહેરાપર વળ આવી ગઈ. ભ્રમરો તણાઈ ગઈ. અરે! નવું મકાન હમણાંજ બનાવ્યું, હમણાંજ અપશુકનની વાત કહી દીધી. હવે એ બીજા મોટાભાઈએ જોયું કે કાંઈક ભૂલ થઈ ગઈ નાનાથી તો એણે તુરત કહ્યું ''અરે ઠાકોરસાહેબ! માફ કરજો આ તો બિલકુલ જનાવર છે. શું જાણે! આ કોઈ પ્રશ્ન છે! અરે! મરી

જશો તો કાપી-કાપીને બહાર લઈ જઈશું એમાં કાંઈ કહેવાની વાત છે આ તો મૂરખ છે દરવાજો નાનો છે તેથી શું થયું!.'' તો એમણે કહ્યું ''અરે! આ તો વધારે માથાનો નિકળ્યો.'' જૂઓ છે ને એકથી એક ઉમદા!

**(તમે તો બ્રહ્મ છો!)**

તો આનાપરથી એકથી એક ઉમદા છે. એમ જે ગાળો આપી રહી છે એ તો થોડીક સારી છે પરંતુ આ નિર્ગુણા વગર ગાળો આપ્યે એનાથી પણ ઉમદા છે. આ અર્થમાં સમજજો કોઈ બીજા અર્થમાં નહીં. ગાળો આપી રહી હતી તો એ થોડીક રસની મર્યાદા હતી, એ નભી રહી હતી અને એવી રસમર્યાદામાં ગાળો આપી રહી હતી. આ એ ભગવત્સંબંધી તથ્યનું ઉદ્‌ઘાટન કરી રહી છે કે જો આપ પ્રકટ નહીં થાવ તો રસની મર્યાદા તૂટી રહી છે, કેમકે શૃંગારરસનો એવો નિયમ છે કે એના વર્ણનમાં મૃત્યુ ન થાય મૂર્છા સુધી શૃંગારરસ જાય. મૃત્યુ આવી જાય તો શૃંગારરસ રસાભાસ થઈને કરુણરસ કહેવાઈ જાય. એટલા માટે પ્રાચીન અલંકારશાસ્ત્રમાં, જ્યાં પણ શૃંગારનું વર્ણન છે, અથવા જે કાવ્ય કે લીલા શૃંગારાત્મિકા માનવામાં આવે છે, ત્યાં મૃત્યુનું વર્ણન નિષિદ્ધ છે. વિરહ એટલો તીવ્ર થઈ રહ્યો છે કે બધા મરવાને માટે તૈયાર છે, તો રસાભાસ તો થઈ જ રહ્યો છે. આ બાજુ રસાભાસ થઈ રહ્યો છે તો તે એ બાજુ ઠાકોરજીનો રસાભાસ કરી રહી છે કે તમે તો **ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્** છો. તમે તો બ્રહ્મ છો. હવે જો કૃષ્ણને આ સમજાવી દેવામાં આવે કે તમે ગોપિકાનન્દન નથી, તો કૃષ્ણનો રસાભાસ થઈ ગયો કે નહીં? હમણાં સુધી તો ગાળો આપી રહી હતી, જે **'કિતવ'** કહી રહી હતી એ રસની મર્યાદામાં ગાળો આપી રહી હતી, જે કહી રહી હતી કે ''પ્રકટ થઈ જાઓ'' એ પણ રસની મર્યાદામાં ગાળો આપી રહી હતી, જે કહી રહી હતી ''પ્રકટ થઈ જાઓ'' એ પણ રસની મર્યાદામાં ''પ્રકટ થઈ જાઓ'' કહી રહી હતી. આ કહી રહી છે કે ઠીક છે જો મૃત્યુ જ થવાનું છે અને રસાભાસ જ થવાનો છે તો પછી રહસ્યને સંપૂર્ણ જ અનાવૃત(ઉઘાડું) કરી દો. કેમકે નિર્ગુણ છે, પ્રભુના બધા રહસ્ય જાણે છે. જે રાજસ તામસ હતી એ તો રહસ્ય નહોતી જાણતી, એ બિચારી તો રસની મર્યાદામાં ગાળો આપી રહી હતી પરંતુ વિચારો તો આ ગાળોનો રસની મર્યાદામાં વિચાર કરો તો આનાથી વધારે આનાથી ભયંકર

ગાળો રાજસ કે તામસી એ નથી આપી. જો રાસલીલામાં કોઇ ગોપી આમ કહી દે **ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્ અખિલ દેહિનામ્ અન્તરાત્મદક્. વિખન સાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે** તો બધું ચૌપટ.

ધ્યાન આપો તો તમને ખ્યાલ આવશે કે જેટલી પહેલાની ગોપિકાનો છે બધાએ પ્રભુને 'તું' કહીને બોલાવ્યા છે અને આ **'ભવાન્'** કહી રહી છે. **જયતિ તે..., સુરતનાથતે..., વિષજલાપ્યયાદ્...**માં પણ એ કહી રહી છે **"'તે' વયં રક્ષિતા મુહુઃ"**. બધી ગોપિકાઓ 'તુ'કારાથી બોલી રહી છે અને આ વિનીત ભાવથી અંતર ખોલી રહી છે કે મહારાજ નથી પ્રકટ થઇ રહ્યા તો આ બધું કૌભાંડ ખુલાસાથી કહી દો કે તમે ગોપિકાનન્દન નથી. તમે કોઇ બીજું જ તથ્ય છો. **અખિલદેહિનામ્ અન્તરાત્મદક્** છો, બોલો મંજુર છે કે નહીં? જો આ કૃષ્ણલીલામાં તમને ગોપિકાનન્દનપણું છોડવું મંજુર છે?

**(વૈષ્ણવીં વ્યતનોત્ માયામ્)**

વ્રજમાં જે વખતે મુખમાં બ્રહ્માંડ બતાવ્યું અને એ વખતે યશોદાજીને એમ થયું **"અહં મમ અસૌ પતિઃ એષ મે સુતો વ્રજેશ્વરસ્ય અખિલવિત્તપા સતી ગોપ્યશ્ચ ગોપાઃ સહગોધનાશ્ચ મે યન્માયયા ઇત્થં કુમતિઃ સ મે ગતિઃ"** (ભાગ.પુરા.૧૦/૮/૪૨). અરે! આ જે મારો પુત્ર છે, આ તો પુત્ર નથી. કહે છે કે "હું મારો પતિ હું યશોદા મારો પતિ નંદ હું જે એની સંપત્તિની સ્વામિની આ મારો પુત્ર આ બધી કુમતિ છે." જે વખતે મુખમાં બ્રહ્માંડના દર્શન થયા ત્યારે યશોદા આમ બોલ્યા કે "આ બધી કુમતિ છે. જે ભગવાનની માયાના કારણે આ કુમતિ પેદા થઇ એ ભગવાન્ જ હવે મારી રક્ષા કરે." પછી ખ્યાલ આવ્યો કે ભગવાન્ રક્ષા કરે કે આ બેટામાં જ કાંઇક ગડબડી છે! પહેલા તો ભગવાનપર ધ્યાન આવ્યું જ્યારે મુખારવિંદમાં બ્રહ્માંડ દેખાયું. તો તેની પર્સનાલિટીના કારણે કેટલો આંચકો લાગ્યો હશે કે જેને પુત્ર માનીને ચાલી રહી છે, જે એને પીટવાને માટે તૈયાર છે, જે એને સુધારવાને માટે તૈયાર છે અને એ જો મુખમાં બ્રહ્માંડ બતાવવા લાગી જાય, તો એના વાત્સલ્યને કેટલો મોટો આંચકો છે! કેટલો મોટો ધક્કો છે! એના કારણે એમને થયું કે આ વિષ્ણુની માયા જ વિચિત્ર છે કે આ બધી કુમતિ પેદા થઇ. પહેલી વખત યશોદાજીના મુખથી આ ઉદ્ગાર નિકળ્યા **"કિં સ્વપ્નમ્ એતદ્ ઉત દેવમાયા..."**

(ભાગ.પુરા.૧૦/૮/૪૦). બીજી વખત આ નિકળ્યું **"અથો અમુષ્યૈવ મમ અર્ભકસ્ય યઃ કશ્ચન્ ઔત્પત્તિક આત્મયોગઃ"** (ત્યાંજ). કદાચ આ વિષ્ણુની માયા ન હોય પરંતુ આ બધી માયા મારા પુત્રની થઈ હોય તો? ત્યાં ભગવાન્ વિચલિત થઈ ગયા. ત્યાં આવે છે કે **"વૈષ્ણવીં વ્યતનોદ્ માયાં પુત્રસ્નેહમયીં વિભુઃ"** (ભાગ.પુરા. ૧૦/૮/૪૩). પ્રભુને એ વૈષ્ણવી માયાથી યશોદાજીનું બધું જ્ઞાન વિસ્મૃત કરાવવું પડ્યું. યશોદાજીને આ નિશ્ચિત થયું કે, નહીં કદાચ વિષ્ણુની માયા હશે પરંતુ મારા પુત્રની આવી માયા નથી હોઈ શકતી. આ જે પુત્ર છે એ તો શુદ્ધ પુત્ર જ છે. નહીંતર લીલા એજ વખતે ખતમ થઈ જાત. લીલા આગળ ચાલવાનો કોઈ હેતુ જ ન રહી જાય. ત્યાં ભાગવતકાર કહે છે **"વૈષ્ણવીં વ્યતનોદ્ માયાં..."** વૈષ્ણવી માયાનો વિસ્તાર કરીને અને એ જે કાંઈપણ જ્ઞાન ઉત્પન્ન થયું, એનો ફરીથી લોપ કરવામાં આવ્યો.

**(જ્ઞાનીનો ઉપાલંભ/બ્લેકમેઈલ)**

હવે આ જે વૈષ્ણવી માયાથી જ્ઞાનલીલા ચાલી રહી છે કે કોઈ એમને **'કિતવ'** કહે છે, કોઈ એમને 'કુહક'કહે છે, આ બધું કોઈ એને 'ઘાતક' કહે છે, હવે આ વૈષ્ણવીમાયાની લીલા ચાલી રહી છે કે **"યોગમાયામ્ ઉપાશ્રિતઃ"** (ભાગ.પુરા.૧૦/૨૬/૧). આ જે રાસલીલા પ્રારંભ થઈ એના પહેલા કહ્યું કે ભગવાન્ યોગમાયાથી સમાવૃત્ત છે. તો યોગમાયાથી સમાવૃત્ત થઈને જે લીલા કરી રહ્યો છે અને એ લીલામાં માયાના પડદાને ચીરી નાખવા માટે કોઈ ગોપિકા ઊભી થઈ જાય, તો ભગવાનની લીલા આજે અહીં જ ઠપ્પ થઈ જાય.

તો આ પ્રકારથી બ્લેકમેલિંગ્ કરી રહી છે, મતલબ ભીતર જે ગાળો આપી રહી હતી, એ તો થોડી માઈલ્ડ હતી પરંતુ આ તો પૂર્ણ રસાભાસ કરી રહી છે. પછી એ બધા નિર્ગુણતા જ્ઞાનનના શબ્દોની ડીસેન્સીને કાઢવામાટે. આ નિર્ગુણ ગોપિકાઓના શબ્દોમાં, આ જ્ઞાનીઓના શબ્દોમાં ધમકી કે બીજી કોઈ જાતની તીવ્રતા કે આવેગ કે ઉદ્વેગ નથી, એ કહે છે **ન ખલુ ગોપિકાનન્દનો...ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે"**. બોલો તમે ગોપિકાનન્દન નથી! **ભવાન્ ન ગોપિકાનન્દનો.** ભગવાન્ કહે છે તો કોણ છું? તો કહે કે **"અખિલદેહિનામ્ અન્તરાત્મદૃક્"**. જેટલા પણ દેહી છે જેટલા પણ દેહધારી પુરુષ છે, એમની અંતરાત્માના દ્રષ્ટા તમે છો. **વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે** અને

અહીં લીલા કરવામાટે આવ્યા છો પોતાના સ્વાર્થથી નહીં, પરંતુ બ્રહ્માજીએ પ્રાર્થના કરી અને તમે અહીં જગતનો ઉદ્ધાર કરવામાટે આવ્યા છો. **સખ ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે** અને વ્રજમાં પણ પ્રકટ નથી થયા, યાદવકુલમાં પ્રકટ થયા છો. બોલો. બધા રહસ્ય ઠાકોરજીના ખુલા કરી દીધા. કોઈ રહસ્ય બાકી રહ્યું? કોઈ રહસ્ય બાકી ન બચ્યું, બધા રહસ્ય ખોલી દીધા, આમણે એક શ્લોકમાં.

## (નિગૂઢપ્રશ્ન)

**અન્યાઃ પુનઃ ભગવતો મહાનુભાવત્વં જ્ઞાત્વા તસ્ય સ્વરૂપં કિર્તયન્તિ.** તો કહે છે કે નિર્ગુણા ગોપિકા ભગવાનના મહાનુભાવત્વને જાણીને એમનું સ્વરૂપ કહે છે **"તતશ્ચ જ્ઞાનિભ્યો યથા મોક્ષં પ્રયચ્છતિ તથા અસ્મભ્યમપિ અસ્મદુચિતં મોક્ષં દાસ્યતિ ઈતિ. તં સ્તુવન્તિ ન ખલુ ઈતિ."** બોલ્યા અપ્રકટ રહીને જો રાસલીલા નથી કરવી અને તિરોહિત થવું છે, મતલબ **"પરાંચિ ખાનિ વ્યતૃણત્ સ્વયંભૂઃ તસ્માત્ પરાક્ પશ્યતિ ન અન્તરાત્મન્. કશ્ચિદ્ ધીરઃ પ્રત્યગાત્માનમ્ ઐક્ષદ્ આવૃત્તચક્ષુર્ અમૃતત્વમ્ ઈચ્છન્"** (કઠોપ.૨/૧/૧). ભગવાને ઈન્દ્રિયોના બધા પ્રવાહ બહારની તરફ વાળી દીધા જેથી આ બધી દુનિયા બહાર જૂએ છે, પોતાના અંતરાત્મામાં કોઈ જોઈ નથી શકતું. કોઈ ધીર વિદ્વાન જ્ઞાની પુરુષ આ પ્રવાહોને સમેટી-સમેટીને સમાધિમાં, યોગની કોઈ એકાગ્રતામાં અંતરાત્માની તરફ વાળે છે, પછી જઈને પ્રત્યગાત્માને મતલબ આત્માની અંદર રહેલી પ્રત્યગાત્માને જોઈ શકે છે. તો એ પ્રકારથી આ ગોપિકા કહી રહી છે કે જેમ જ્ઞાનીને મોક્ષ આપવો છે, તો શું એ પ્રકારનો મોક્ષ અમને આપવા માગી રહ્યા છો? તો ચાલો એવી સ્તુતિ સાંભળી લો. જો તમારે રાસલીલા પ્રવૃત્ત ન કરવી હોય, જો તમારે તિરોહિત જ રહેવું હોય, તો આનો મતલબ આ છે કે આ દેહાધ્યાસ છૂટી ગયા છે. તો મુકુંદ છો, મોક્ષ આપનારા તો તમે જ છો અને 'વિશ્વગોપ્તા' છો. 'વિશ્વપાલક' છો અને 'અન્તરાત્મદૃક્' છો, બધાની અંતરાત્માને જોનારા છો, દ્દષ્ટા છો અને કેવળ દ્દષ્ટા હો તો દ્દષ્ટા તો કેવળ સાક્ષી હોઈ શકે. અકસ્માત થયો હોય તો જોવા માટે જેમ રસ્તાપર ભીડ એકઠી થઈ જાય, એવા જ નથી, 'સખા' પણ છો. એટલે અંતરાત્મામાં રહેલા પ્રત્યેક આત્માના સખા છો. **"દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં**

**પરિષસ્વજાતે તયોર્ અન્યઃ પિપ્પલં સ્વાદુ અત્તિ અનશ્નન્ અન્યો અભિચાકશીતિ''** (મુંડક.ઉપ.૩/૧/૧). એટલે આ દેહરૂપી વૃક્ષમાં બે સખાઓ બેઠેલા છે. જેમાંથી એક શુક આ દેહના ફળોને ચાખે છે અને બીજો એનો દોસ્ત ચાખતો નથી, કેવળ જૂએ છે કે આ કેવીરીતે ચાખે છે? એ પરમાત્મા અંતર્યામી છે. તમે સખા છો મતલબ અહિત તો નહીં કરો, એટલા વખત સુધી ચાખવા દેશો કે જેટલા વખત સુધી અમારું એ ચાખવામાં હિત છે. એનાથી વધારે તો ચાખવા નહીં દો. તો અન્તરાત્મદક્ છો, અમારા અન્તરસખા છો. તો જેમ જ્ઞાનીઓને મોક્ષ આપો છો તો એમ અમને મોક્ષ આપો અને આ લીલા અહીં સમાપ્ત થઈ. શું લીલા સમાપ્ત થઈ? આવો એક અંતર્ગૂઢ પ્રશ્ન છે આ નિગૂઢ પ્રશ્ન છે. આમ તો વર્ણન છે પરંતુ એક છૂપાયેલો નિગૂઢ પ્રશ્ન છે આમાં કે શું આ લીલા સમાપ્ત થઈ રહી છે? વ્રજભક્તોમાં શું આ પ્રકારની ઘોષણા કરી દેવામાં આવે! **''ચલન ચહત અબ કૃપાનિધાના''.**

એ કહે છે કે **તતશ્ચ જ્ઞાનિભ્યો યથા મોક્ષં પ્રયચ્છતિ** તથા **અસ્મભ્યમપિ અસ્મદુચિતં મોક્ષં દાસ્યતીતિ.** જેમ પ્રભુ જ્ઞાનીને મોક્ષ આપે છે એમ અમારા માટે ઉચિત મોક્ષ અમને આપશે, એટલા માટે સ્તુતિ કરી રહી છે. હવે એ શું કહી રહી છે? બીજી ગોપીઓને ટોકી રહી છે. બીજી ગોપીઓએ કહ્યું **''જયતિ તેઽધિકં...શશ્વદ્ અત્રહિ.''** એમને ટોકી રહી છે, જેમ મોટા ગાવાવાળાએ નાના ગાવાવાળાને ટોક્યો ને એમ તો કહે છે કે ભગવાનપર ખોટો ઉપાલંભ ન કરો.

**શ્લોક :**

**ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્ અખિલદેહિનામ્ અન્તરાત્મદક્ ।**
**વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ! ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે ॥૪॥**

**સુબાધિની :**

**ભગવતો નન્દસૂનુત્વે સર્વે ઉપાલમ્ભા યુક્તા ભવન્તિ, તદેવ નાસ્તીતિ સર્વમ્ અયુક્તમ્ ઉપાલમ્ભનમ્ ખલુ ઈતિ નિશ્ચયે. ન અત્ર તિરોહિતમિવ. ગોપિકાયાઃ યશોદાયાઃ નન્દનઃ પુત્રઃ ઈતિ ન. તથા સતિ યથા તયા સ્વાધિનઃ કૃતો જ્ઞાતો વા તથા ગોપિકાનામપિ ભવેત્, ગોકુલસ્વામિપુત્રત્વાત્. તુલ્યતાયામેવ હિ વિદ્યાયોનિસમ્બન્ધઃ. કિંચ ન કેવલં ભવાન્ વૈકુંઠાધિપતિઃ**

**પુરુષોત્તમઃ કિન્તુ અખિલદેહિનાં સર્વેષામેવ અસ્મદાદીનામ્ અન્તરાત્માનમ્ અન્તઃકરણં પશ્યતીતિ યદિ અસ્મદ્હૃદયે તાદશં તાપં પશ્યેત્ તદા પ્રસન્નએવ ભવેત્. અતો નાસ્મિન્ વક્તવ્યં કિંચિત્. કિંચ આગતશ્ચ અસ્મદાદીનાં પરિપાલનાર્થમેવ. યદિ જાનીયાદ્ એતાઃ નશ્યતિ ઈતિ તદા પરિપાલયેત્. રક્ષણાર્થં ચ પ્રાર્થિતએવ, ન તુ સ્વેચ્છયા સમાગતઃ. તદાહ વિખનસાર્થિત ઈતિ. વિખના બ્રહ્મા, વિશેષેણ ખનતીતિ સર્વથા વેદાર્થવિચારકઃ. અતએવ વૈખાનસં મતં બ્રહ્મણા કૃતં ભગવદ્ભજનપ્રતિપાદકમ્. તેનૈવ માર્ગેણ પૂજાં ભગવાન્ ગૃહ્ણાતીતિ વેંકટાદૌ તથૈવ પૂજા. અતઃ સર્વેષાં પૂજામપિ ગ્રહીતું બ્રહ્મણા પ્રાર્થિતો, વિશ્વગુપ્તયે ઈતિ મુખ્યં પ્રયોજનમ્. એવમ્ અન્તરાત્મત્વાત્ સર્વેષામેવ જીવાનાં ભવાન્ સખા તાદશો લોકે સમ્યં પ્રકટયિતું સત્ત્વતાં યાદવાનાં વૈષ્ણવાનાં વા કુલે ઉદેયિવાન્ પ્રાદુર્ભૂતઃ. અતઃ એતદર્થમેવ આગતઃ પૂર્વમપિ સખા યથેચ્છમેવ પ્રેરયસિ, આગતસ્ય પુનઃ વિશેષો વક્તવ્યઃ. સ ચ આત્મનિવેદનરૂપો ભવતિ. અતો વયં કિં વિજ્ઞાપયામઃ, યથોચિતમેવ કર્તવ્યમ્ ઈતિ ભાવઃ।।૪।।**

**વિવરણમ્ :**

**(ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્!)**

નિર્ગુણા કહી રહી છે **ભગવતો નન્દસૂનુત્વે સર્વે ઉપાલમ્ભા યુક્તા ભવન્તિ.** આ તમારો ઉપાલંભ ક્યારે ઉચિત થાત? કે જ્યારે આ નંદસૂનુ હોત જો આ ગોપિકાનંદન હોત તો. કોને તમે ઉપાલંભ કરી રહી છો? ખોટો ઉપાલંભ આપી રહી છો. **તદેવ નાસ્તિ ઈતિ સર્વમ્ અયુક્તં ઉપાલમ્ભનમ્.** આ ગોપિકાનંદન તો છે જ નહીં જેથી આના ઉપર બધા ઉપાલંભ આવે. વ્રજના ઉદ્ધારને માટે તમે વ્રજમાં જન્મ્યા છો. અમે વ્રજના હોવા છતાં, તમને શોધવાને માટે આ સમયે ભટકી રહી છીએ. શું વિચિત્રતા છે તમારી અંદર, વ્રજમાં તમે જન્મ્યા જ નથી! **ખલુઈતિ નિશ્ચયે, ન અત્ર તિરોહિમિવ.** ચોક્કસ જ ભગવાન્ આ વ્રજમાં નથી પ્રકટ્યા અને આ વાત ગુપ્ત નથી. **ગોપિકાયાઃ યશોદાયાઃ નન્દનઃ પુત્ર ઈતિ ન.** તો ગોપિકા યશોદાના નંદન હોય, પુત્ર હોય એવી વાત નથી. **તથા સતિ યથા તયા સ્વાધીનઃ કૃતો જ્ઞાતો વા તથા ગોપિકાનામપિ ભવેત્, ગોકુલસ્વામિપુત્રત્વાત્** હવે કહે કે ઠીક છે, પુત્ર તો નથી પરંતુ યશોદાએ આમને પોતાનો નંદન તો બનાવી લીધો, એને પુત્ર બનાવી

લીધો, પોતાના આધીન કરી લીધો, અથવા પોતાના પુત્રના રૂપમાં જે પ્રકારથી સમજ્યા, તો જે અધિકારની, જેવા અધિકારની ઉત્તમતાથી યશોદા આને પોતાનો પુત્ર બનાવી શક્યા, એમ તમારી અધિકારની ઉત્તમતા હોય તો તમે પણ આને તમારો કાંત બનાવી શકશો. તો જે કહે છે **"શરદુદાશયે સાધુજાત...નેહ કિં વધઃ". સુરતનાથ!** એને બનાવી શકશો. જે પ્રકારથી યશોદાએ, જે પ્રકારના અધિકારથી, જે પ્રકારની સાધનસંપત્તિથી એને પોતાનો પુત્ર બનાવ્યો, એવા જ પ્રકારની તમારી કોઈ તપશ્ચર્યા હશે અને કોઈ સાધન હશે તો એને સુરતનાથબનાવી શકશો.નહીંતર તો આ ઉપાલંભ પણ તમારો ખોટો. કેમ? **તુલ્યતાયામેવ હિ વિદ્યાયોનિસમ્બન્ધઃ.** વિદ્યાસંબંધ અથવા યોનિસંબંધ ક્યારે થાય, જ્યારે તુલ્યતા થાય.

**(અખિલદેહિનામ્ અન્તરાત્મદક્)**

**કિંચ ન કેવલં ભવાન્ વૈકુંઠાધિપતિઃ પુરુષોત્તમઃ કિન્તુ અખિલદેહિનાં સર્વેષામેવ અસ્મદાદીનામ્ અન્તરાત્માનમ્ અન્તઃકરણં પશ્યતીતિ.** આ વૈકુંઠાધિપતિ જ નથી પરંતુ આ તો બધા આત્માઓના પણ આત્મા બધાના અંતઃકરણને જોનારા સાક્ષીવત્ પરમાત્મા સર્વભૂતનિવાસ છે. આ તો નિર્ગુણ પરમાત્મા છે. એટલા માટે આ નિર્ગુણ પરમાત્મા તમે સગુણની વચ્ચે કેમ પ્રકટ થશો?

હવે જે ગોપી કહે છે **વિષજલાપ્યયાદ્...રક્ષિતા મુહુઃ.** બધા ભયોથી તેં અમારી રક્ષા કરી પરંતુ એ બધા બાહ્ય ભય હતા. હવે અંતરાત્માનો ભય અમારી સામે ઉપસ્થિત થયો છે. પંક્તિ જટિલ છે, આને સરખીરીતથી જોડશું તો અર્થ મળશે નહીંતર તો નહીં મળે. એ વખતે બાહ્ય ભય ઉપસ્થિત હતા અને હવે આંતરભય ઉપસ્થિત થયા છે, તેથી વધારે પ્રકટ થવાની આવશ્યકતા છે. તો કહે છે કે તમારા કહેવાથી એને અંતરાત્માનું જ્ઞાન થશે? મતલબ **"સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ"** (નવરત્ન.૨). તમારા કહેવાથી તો **"પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્. સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ"** (વિ.ધૈ.આ.૨). સર્વવ્યાપિ છે, સર્વભૂતાન્તરાત્મા છે, સર્વસખા છે અને સર્વજ્ઞ છે ત્યારે પ્રાર્થનાની શું સંગતિ? શું ઔચિત્ય રહી ગયું? પ્રાર્થના તો એને કરવામાં આવે જે અસર્વજ્ઞ હોય છે. મતલબ હું કહું અને તમે

ન જાણતા હો તો તમારી સામે કોઈ પ્રાર્થના કરું. જે કહેવું છે તે તમને ખબર છે. મારું હિત શું છે તે તમને ખબર છે. પ્રભુ કહેશે "હવે કયો ભય તમે દેખાડી રહ્યા છો? બાહ્ય ભય કે આંતર ભય? શું તમારા આ ભયોની અમને ખબર નથી? બધી ખબર છે." એટલા માટે આની સામે આ વાત કહેવી પણ ઉચિત નથી. મતલબ ત્રણે ગોપિકાઓની પ્રાર્થનાનું આમણે ખંડન કરી દીધું. માનો આ કહી રહી છે આ પણ ખોટું બોલી, આ પણ ખોટું બોલી અને આ પણ ખોટું બોલી. પ્રભુ આ બધી ખોટું બોલી રહી છે. કેવળ હું જ ખોટું બોલી નથી રહી. બોલો છે મંજૂર? વ્રજમાં આ રહસ્ય જાહેર ન કરવું હોય તો પ્રકટ થઈ જાઓ.

**યદિ અસ્મદ્હૃદયે તાદૃશં તાપં પશ્યેત્ તદા પ્રસન્નએવ ભવેત્.** જો એ સર્વજ્ઞ છે અને બધાના અંતઃકરણના દ્રષ્ટા છે અને જો તમારા અંતઃકરણમાં તાપ જોઈએ પ્રસન્ન થશે તો કેમ નહીં પ્રકટ થાય? **અતો ન અસ્મિન્ વક્તવ્યં કિંચિત્.** હવે આ વિષયમાં કાંઈ કહેવા જેવી વાત નથી. **કિંચ આગતશ્ચ અસ્મદાદીનાં પરિપાલનાર્થમેવ.** અરે ભાઈ! એ વખતે પણ તમે આવીને બચાવ્યા. તો કહે કે એણે આવીને કોઈ પોતાની ગરજના માટે થોડા જ બચાવ્યા. બ્રહ્માજીએ પ્રાર્થના કરી કે 'આવો' અને આવ્યા. આવવામાં કોઈ એનો સ્વાર્થ તો હતો નહીં. કોઈ બોલાવે કે 'આવો' તો આવી ગયા. ન ગમતું હોય તો પણ જવું પડશે જો કોઈ આગ્રહ કરીને બોલાવે. બ્રહ્માના આગ્રહવશ આવ્યા અને કામ પૂરું થઈ ગયું તો તિરોહિત થઈ ગયા, એમાં શું મોટી વાત છે! હવે શામાટે બચાવે!

**યદિ જાનીયાદ્ એતાઃ નશ્યન્તિ ઈતિ તદા પરિપાલયેત્.** જો નષ્ટ થઈ રહી હો તો આવીને રક્ષા કરશે. હવે આ કોઈ નષ્ટ તો થઈ નથી રહી પછી શામાટે આવવું જોઈએ એને! ઠીક છે તિરોહિત રહેવા દો. **રક્ષણાર્થં ચ પ્રાર્થિતએવ, ન તુ સ્વેચ્છયા સમાગતઃ.** રક્ષણને માટે પણ કોઈ પોતાની ઈચ્છાથી તો આવ્યા નથી કે દરવખતે આવીને અહીં બેઠો જ રહે. જો એને અહીં આવવું સારું લાગત તો તો બેસવાની એને ગરજ હતી, કામને માટે આવ્યો હતો. ઓફિસમાં જેમ આવે, કામ પૂરું થઈ જાય ઓફિસમાંથી તો ચાલ્યો જાય. ત્યાં કોઈ બેઠો તો રહે નહીં. કોઈક વખતે તો કામ અધૂરું પણ છોડીને ઓફિસમાંથી ચાલ્યો જાય અને ઘરમાં જઈને બેસે ને માણસ! પોતાના

કામથી જે વ્યક્તિ આવ્યો છે એ વધારે વખત શામાટે તમારી વચ્ચે પ્રકટ રહેશે?

**(વિખનસાર્થિતઃ)**

**તદ્ આહ વિખનસાર્થિતઃ ઈતિ. વિખના બ્રહ્મા, વિશેષેણ ખનતીતિ સર્વથા વેદાર્થવિચારકઃ.** વિખન કેમ કહે છે? કેમકે વેદના અર્થને ખોદી ખોદીને જેટલા બ્રહ્માજીએ કાઢ્યા, એટલા બીજા કોઈએ નથી કાઢ્યા. હવે બ્રહ્માજીએ ખોદીને કાઢ્યા કે હવે આ પ્રકારથી જરૂરત છે ભગવાનના પ્રકટ થવાની તો એ પ્રાર્થનાથી પ્રકટ થઈને, બ્રહ્માજીપર પ્રસન્ન થઈને આવ્યા.

**અતએવ વૈખાનસં મતં બ્રહ્મણા કૃતં ભગવદ્ભજનપ્રતિપાદકમ્.** એટલા માટે બ્રહ્માજીએ વેદાર્થનો વિચાર કરીને વૈખાનસમતનું નિરૂપણ કર્યું. જે વૈખાનસમતના અનુસાર ભગવદ્ભજનની આખી પ્રણાલી બતાવી જે પ્રણાલીના અનુસાર તિરુપતિ બાલાજીમાં આજે પણ પૂજાની પ્રણાલી ચાલે છે. આ મહાપ્રભુજી આપણને સૂચના આપી રહ્યા છે. **તેનૈવ માર્ગેણ પૂજાં ભગવાન્ ગૃહ્ણાતીતિ વેંકટાદૌ તથૈવ પૂજા. અતઃ સર્વેષાં પૂજામપિ ગ્રહીતું બ્રહ્મણા પ્રાર્થિતો, વિશ્વગુપ્તયે ઈતિ મુખ્યં પ્રયોજનમ્.** કોઈ અલગથી અમને વ્રજવાળાઓને બચાવવા માટે થોડા જ આવ્યા છે. આખા જગતને બચાવવા માટે આવ્યા છે. તમારા એકલાના રોવાથી શું કામ ચાલશે? બધાની પૂજા ગ્રહણ કરશે. વિશ્વને બચાવવા માટે આવ્યા છે. **વિશ્વગુપ્તયે ઈતિ મુખ્યં પ્રયોજનમ્** અવતારનું મુખ્ય પ્રયોજન તો વિશ્વરક્ષા છે તમારી રક્ષા નથી. **એવમ્ અન્તરાત્મત્વાત્ સર્વેષામેવ જીવાનાં ભવાન્ સખા.** અંતરાત્મા હોવાના કારણે જે જીવમાત્ર છે, એના તમે સખા છો. એ પ્રકારનું સખ્ય પ્રકટ કરવા માટે જ તો તમે યાદવોમાં પ્રકટ થયા. હવે જૂઓ. એમાં થોડુંક કોન્ટ્રાડિક્શન દેખાડી રહી છે. જો **વિશ્વગુપ્તયે** છો તો યાદવોમાં કેમ પ્રકટ થયા? બધાના ઘરમાં પ્રકટ થવું જોઈતું હતું. ઘર ઘરમાં પ્રકટ થવું જોઈતું હતું. જો થોડોક પક્ષપાત અહીં કર્યો તો એ પક્ષપાત થવા દો. જૂઓ! **'વિશ્વગુપ્તયે'** શબ્દમાં આ વાત નથી. બધા શબ્દ અત્યંત વિનીત શબ્દ છે. આ વાત તો હું તાત્પર્યમાં બતાવી રહ્યો છું.

**તાદશો લોકે સખ્યં પ્રકટયિતુમ્.** તમે સખા છો મતલબ **''દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે. તયોર્ અન્યઃ પિપ્પલં સ્વાદુ અત્તિ**

**અનશ્નન્ અન્યો અભિચાકશીતિ''** (મુંડ.ઉપ.૩/૧/૧). આ શ્રુતિમાં તમારું વર્ણન આત્મસખાત્વેન છે. તમારા આત્માના સખ્યને પ્રકટ કરવા માટે યાદવોમાં, વૈષ્ણવોના કુળમાં તમે ઉદિત થયા છો. **સાત્ત્વતાં યાદવાનાં વૈષ્ણવાનાં વા કુલે ઉદેયિવાન્ પ્રાદુર્ભૂતઃ. અતઃ એતદર્થમેવ આગતઃ** આથી તમે વિશ્વરક્ષાના માટે આવ્યા છો. **પૂર્વમપિ સખા યથેચ્છમેવ પ્રેરયસિ, આગતસ્ય પુનર્ વિશેષો વક્તવ્યઃ.**

## (સાત્ત્વતાં કુલે ઉદિયવાન)

અહીંથી આચાર્યચરણ થોડોક અલગ પક્ષ રાખી રહ્યા છે, કહે છે. **આગતસ્ય પુનર્ વિશેષો વક્તવ્યઃ સ ચ આત્મનિવેદનરૂપો ભવતિ.** પ્રાણીમાત્રના સખા હોવા છતાં, તમે જો એમ સમજતા હો કે તમે સાત્ત્વતકુળમાં પ્રકટ થયા, તો સાત્ત્વતોપર જેમ પક્ષપાત કર્યો છે અને આવ્યા છો તો કાંઇક એવી વિશેષતા સખ્યતાની તમારે અહીં પણ નિભાવવી જોઇએ. તમે ગોપિકાનંદન ન હોવાપર પણ ગોપિકાનંદન બનીને તો આવ્યા છો કે નહીં, આ બતાવો? જેમ તમે પુત્ર નથી પરંતુ સાત્ત્વતોના પુત્ર તો કહેવાઓ છો કે નહીં? **''યુવાં માં પુત્રભાવેન બ્રહ્મભાવેન ચ અસકૃત્ ચિન્તયન્તૌ કૃતસ્નેહૌ યાસ્યેથે મદ્ગતિં પરામ્** (ભાગ.પુરા.૧૦/૩/૪૫). જેમ વસુદેવ-દેવકીને ત્યાં તમે પુત્રત્વ સ્વીકાર કર્યું, તદવત્ તમે ગોપિકાનંદનત્વ સ્વીકાર કર્યું કે નહીં? હવે આવી ગયા છો તો કાંઇક તો નિભાવશો કે નહીં? **સ ચ આત્મનિવેદનરૂપો ભવતિ.**

હવે ચાહે તમે વિશ્વસખા હો અને આવ્યા છો, જેમ હંસૂભાઇ એવી ધારણા પકડીને બેસી જાય કે ''ભાગવતથી ઉદ્ધાર થાય પરંતુ વ્યક્તિને ન સંભળાવીને ગામને જ સંભળાવે'' જો આત્મોદ્ધારની ભાવના છે તો, જ્યારે ગામને સંભળાવી રહ્યા છીએ તો વ્યક્તિને સંભળાવવામાં શું આપત્તિ છે? ભાગવત તો આત્મોદ્ધારક છે આ વાત તો પાકી. હવે આટલા માટે કહીએ કે ''ગામને જ સંભળાવીશ, વ્યક્તિને નહીં સંભળાવું.'' અરે ભાઇ! ગામને સંભળાવી રહ્યા છો તો વ્યક્તિને પણ સંભળાવી દો. એ પણ આત્મા છે કે નહીં બિચારો! ભાગવત સાંભળીને એનો ઉદ્ધાર નહીં થઇ જાય! આવો જ આગ્રહ શામાટે કે ગામને જ સંભળાવીશ, વ્યક્તિને નહીં સંભળાવું! **સખ ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે** અમારો પણ થોડોક કાંઇક ઉદ્ધાર કરી દો. જેમ એ કુળમાં ઉદિત

થયા છો, એવીજ રીતે અમારે ત્યાં પણ તો આવ્યા છો. જેમ એમનું પુત્રત્વ નિભાવી રહ્યા છો, તેમ અમારું સખાપણું પણ નિભાવો. **આગતસ્ય પુનર્ વિશેષો વક્તવ્યઃ.** અમારે ત્યાં આવ્યા છો તો કાંઈક તો વિશેષતા જતાવો. કેવળ આ જ આગ્રહ રાખશો કે અમે તો **વિશ્વગુપ્તયે** આવ્યા છીએ, વ્યક્તિગુપ્તયે નથી. અરે! વ્યક્તિએ શું પાપ કર્યું તમારું કે વ્યક્તિગુપ્તયે તમે નથી! જેમ વિશ્વગુપ્તયે છો એમ વ્યક્તિગુપ્તયે પણ બનો. **અતો વયં કિં વિજ્ઞાપયામઃ!** હવે તમને શું કહી શકીએ છીએ! જેવો પણ છે તું અમારો છે. તને કાંઈ કહી તો શકીએ નહીં. **અતો કિં વિજ્ઞાપયામઃ, યથોચિતમેવ કર્તવ્યમ્ ઈતિ ભાવઃ.** જેમ રુચે તેમ તું કર ભાઈ! અમે તો તારા છીએ.

શ્રીગુસાંઈજી બહુ સુંદર કહે છે વિજ્ઞપ્તિમાં. **" 'યઃ સર્વજ્ઞઃ સર્વશક્તિઃ' યમવાદીદિતિ શ્રુતિઃ તં પ્રપન્નસ્ય મે અદ્યાપિ કથં દુઃખં ન વેદ તત્"** (વિજ્ઞપ્તિ ૧/૧૫૯). તેથી સર્વજ્ઞ છે, શ્રુતિ જેને સર્વવિદ્ બતાવી રહી છે અને હું કોઈ અપ્રપન્ન નથી. હું તારા આગળ પ્રપન્ન છું છતાંપણ તું મારું દુઃખ નથી જાણી રહ્યો? આ શું ચક્કર છે? શું શ્રુતિ ખોટું કહી રહી છે? શું હું પ્રપન્ન નથી? ક્યાં ગોટાળો થઈ રહ્યો છે? એક વખત પ્રકટ થઈને આ જ બતાવી દે કે આટલા અંશમાં તમારામાં ગોટાળો છે. એટલો અંશ હમે સુધારી લઈશું. આ વાતનો કાંઈક ખુલાસો તો કર. એની આગળ જ્યારે હું પ્રપન્ન થયો છું છતાં પણ મારું દુઃખ જાણતા નથી, આનું કારણ શું? આનો શું ઉપાય કરવો? તો કહે કે એ તો પરમાત્મા છે. પરમાત્માને પ્રાપ્ત કરવો સર્વાત્મના દુરાપ છે. પરમાત્માને પ્રાપ્ત કરવો બહુ કઠિન વાત છે. તો ઠીક છે **"સર્વાત્મના દુરાપત્વં જ્ઞાત્વાઽપિ આશાં કરોમિ યત્ ભ્રાંતો અસ્મિ અહં ન વા ઈતિ ઈશઃ ન જાને કરવાણિ કિમ્."** (વિજ્ઞપ્તિ ૧/૪૨)તો બતાવ "હું શું કરું?" પરમાત્માને પ્રાર્થના કર્યાવગર તો રહી નહીં શકાય. પરમાત્માને જો સ્નેહ નહીં કરીએ તો પણ જે વિષયોને સ્નેહ કરશું તો એ વિષયોમાં અમે પરમાત્માને જ શોધી રહ્યા છીએ. જો પરમાત્માની ખોજ ન હોય તો વિષયસાથે પણ સ્નેહ નથી થઈ શકતો. **"ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ"** (બૃહ.ઉપ.૪/૫/૬). વિષયમાં પણ જે થોડીઘણી આસક્તિ છે, એ આસક્તિમાં જીવ શોધી તો પરમાત્માને જ રહ્યો છે. ખબર ન હોય એને, મળે નહીં પરમાત્મા એને, એ

વાત બીજી છે, પરંતુ જો કોઈ વસ્તુની ખોજ છે તો એ પરમાત્માની છે. હવે એ ભ્રાંત ખોજ છે કે વાસ્તવિક ખોજ છે, આ બીજી વાત છે પરંતુ છે તો એની જ ખોજ પરંતુ આ બધી વાત પ્રકટ થઈ જાય ત્યારે ખબર પડે ને!

શાયર નજીરે બહુ સુંદર કહ્યું છે **''નિકલના ના તુમ ચિલમનસે, કસમ હે તુમકુ ચિલમનકી. લડાઈ આડસે દેખા કરો, શેખોબિરહમનકી.''** મતલબ એક કહે છે કે ''રામ છે. એક કહે છે ખુદા છે.'' બંનેમાં છરીઓ ઉડે છે. હવે બિચારો રામ કહેવાવાળો પણ ખોટો નથી અને ખુદા કહેવાવાળો પણ ખોટો નથી. હવે રામ છે કે ખુદા છે કે જે કાંઈપણ છે એ ચિલમનમાં પડદાની અંદર બેઠા રહીને જોઈ રહ્યો છે કે મારા નામપર ઝઘડા ચાલી રહ્યા છે અને બહાર આવી નથી રહ્યો. તો કહે કે હવે તમને વધુમાં વધુ સોગંદ શેના અપાવીએ? તો તમને પડદાના સોગંદ છે, જેની પાછળ તમે બેઠેલા છો. જો તને આ જ વાતમાં મજા આવી રહી છે, લડાઈ જોવામાં તો ચિલમનમાંથી લડાઈ જોતો રહે. અમે ઝઘડતા રહેશું, એમાં શું છે? જો તને રુચિ છે તો એ પણ કરવામાટે તૈયાર છું ઝઘડશું, કેમ નહીં ઝઘડીએ, જો તારી રુચિ છે તો શું ન કરવા તૈયાર છીએ! **''ભ્રાંતો અસ્મિ અહં ન વા ઈતિ ઈશઃ ન જાને કરવાણિ કિમ્!''** અમે ભ્રાંત હોઈશું કદાચ પરંતુ જો તને પસંદ છે તો ભ્રાંતિનો ઝઘડો પણ અમે ચલાવતા રહેશું દુનિયામાં. કેમકે ચિલમનમાં તું બેસીને આ જ પસંદ કરી રહ્યો છે કે અમે ઝઘડતા રહીએ તો ચાલ ભાઈ અમને ઝઘડવું મંજૂર છે. એટલા માટે એ કહી રહી છે **ન ખલુ ગોપિકાનન્દનો...ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે.''**

## (કૃષ્ણનું પ્રાકટ્ય)

અહીં બે વાતો ખાસ ધ્યાનમાં લેવાની છે. (એકતો) કથાપક્ષથી આપણે સિદ્ધાંતપક્ષમાં આવી રહ્યા છીએ. **ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્.** આ જે ગોપિકાઓ કહી રહી છે, સિદ્ધાંતમાં આપણે ત્યાં ગોપિકાનન્દનત્વ જ માનવામાં આવેલ છે અથવા ગોપિકાનન્દનત્વ પણ માનવામાં આવેલ છે. જેમ દેવકી-વસુદેવને ત્યાં કૃષ્ણનું પ્રાકટ્ય માનેલ છે. આચાર્યચરણ યશોદાજીને ત્યાં પણ પ્રાકટ્ય માને છે. આ વાત ભાગવતમાં જોકે શબ્દશઃ વર્ણિત નથી, પરંતુ તે તે ભાગવતવચનોની ધ્વનીઓથી અને તાત્પર્યથી આચાર્યચરણે આ વાત સિદ્ધ કરીને બતાવી છે કે જેમ દેવકીજીને ત્યાં પ્રાકટ્ય છે, એજ પ્રમાણે એક સ્વતંત્ર

પ્રાકટ્ય યશોદાજીને ત્યાં પણ થયું છે. કેમકે બંનેને પુત્રરૂપથી વાત્સલ્યભાવનું વરદાન હતું.

સામાન્ય કથામાં એવું પ્રતીત થાય છે કે પ્રાકટ્ય વસુદેવ-દેવકીજીને ત્યાં થયું અને ગોકુલ પધાર્યા. આ તો પ્રકટ કથા છે. આ કથાનો એક ગૂઢપક્ષ આ છે કે વસુદેવ-દેવકીજીએ પુત્રના માટે આરાધન કર્યું હતું. વિષ્ણુએ એમની સમક્ષ પ્રકટ થઈને વરદાન આપ્યું. વિષ્ણુ જ્યારે પ્રકટ થયા અને કહ્યું કે ''વર માગો'' તો વિષ્ણુની શોભા અને પોતાના હૃદયમાં રહેલી પુત્રકામના બંનેમાં કાંઈક એવું કન્ફ્યુજન થઈ ગયું કે તેઓ સમજી ન શક્યા કે શું માગવું! એમણે કહ્યું કે ''તમારા જેવો પુત્ર જોઈએ.'' પુત્રકામના હતી, એ તો હૃદયની મૂળ કામના હતી, એ કામનામાં ભગવાનને પુત્ર બનાવવાની કોઈ કામના ન હતી પરંતુ જે વખતે ભગવાને પોતાનું રૂપ પ્રકટ કર્યું, એ રૂપનું જે આકર્ષણ અને એ રૂપનું જે સૌંદર્ય હતું, એ ખૂબજ પ્રબલ હતું. જેમ ગીજર લગાવી દે અને એમાં ઠંડુ અને ગરમ પાણી ભેગું થઈને આવી જાય તેમ એ વખતે જ્યારે વાણીમાંથી આ ભાવ મુખરિત થયો, તો એક બાજુ મનમાં રહેલું જે પુત્રવાત્સલ્ય હતું અને બહારથી ભગવાનનું જે શીતલ રૂપ હતું, એ મિક્સ થઈને શબ્દોના રૂપમાં કામના પ્રકટ થઈ કે ''તમારા જેવો પુત્ર જોઈએ.'' અસલમાં તો પુત્ર જોઈતો હતો પરંતુ જે શીતલ કામના આવી હતી એ આ પ્રકારથી આવી હતી કે ''તું જોઈએ.'' જ્યારે રૂપ જોયું તો આ થયું. અસલમાં તપસ્યા શરુ કરી હતી કે પુત્ર જોઈએ. જ્યારે રૂપ પ્રકટ થયું તો એમ લાગ્યું કે આ જોઈએ કે પુત્ર જોઈએ? તો કન્ફ્યુજન થઈ ગયું. હવે જ્યારે ભગવાન્ કહી રહ્યા હતા કે ''માગો માગો માગો'' તો ગડબડીમાં મુખમાંથી આ નિકળી ગયું કે ''તમારા જેવો પુત્ર જોઈએ.'' હવે તારા જેવો એ પુત્ર નથી અને જે પુત્ર છે એ તારા જેવો નથી. તો ભગવાને કહ્યું કે ચાલો ભઈ ઠીક છે, મારા જેવો તો હું જ છું. **''ગગનં ગગનાકારં સાગરઃ સાગરોપમઃ રામ-રાવણયોઃ યુદ્ધઃ રામરાવણ-યોરિવ''** (રામા.યુદ્ધકા.૧૦૭/૫૧). એ ન્યાયથી મારા જેવો હું જ છું એટલા માટે હું જ પુત્રરૂપમાં પ્રકટ થઈશ. કારાગ્રહમાં જે પ્રાકટ્ય થયું, એ ચતુર્ભુજરૂપનું પ્રાકટ્ય થયું. કેમકે એ પ્રકારના રૂપમાં જ વસુદેવ-દેવકીની નિષ્ઠા હતી. એ પ્રકારના રૂપમાં જ વસુદેવ-દેવકીનું મન રમ્યું હતું.

નંદ-યશોદાની કામના એ પ્રકારના ચતુર્ભુજરૂપની કામના ન હતી. એટલા માટે નંદ-યશોદાને ત્યાં માયાની સાથે અને વિભૂતિથી પ્રાકટ્ય છે. જ્યારે માયા પ્રકટી, મતલબ કૃષ્ણનું પ્રાકટ્ય પહેલા થયું દ્વિભુજરૂપનું અને માયા એમની અનુજાના રૂપમાં પ્રકટ થઈ. એટલા માટે જ ભાગવત ત્યાં કહે છે **''અનુજા વિષ્ણોઃ''** (ભાગ.પુરા.૧૦/૪/૯). કૃષ્ણની અનુજા પ્રકટ થઈ. માયાને ત્યાં અનુજા કહ્યું છે. નાની બહેનના રૂપમાં મતલબ યશોદાજીને ત્યાં જોડકાનું પ્રાકટ્ય છે. વસુદેવ-દેવકીને ત્યાં જે પ્રાકટ્ય થયું અને ભક્તિભાવના આવેગમાં દેવકીને ફરીથી આ સમસ્યા ઊભી થઈ ગઈ કે આ પ્રકારના ચતુર્ભુજરૂપથી કંસે જોઈ લીધા, તો તો માર્યા વગર છોડશે નહીં. લૌકિક બાળક હોય તો કદાચ છૂપાવી શકાય છે. આ છૂપાઈ શકે એવો બાળક નથી. આનો શું ઉપાય કરવો? તો એમણે બીજી પ્રાર્થના કરી. પહેલી આ પ્રાર્થના કરી **''રૂપં યત્ તત્ પ્રાહુર્ અવ્યક્તમ્ આદ્યં બ્રહ્મ જ્યોતિર્ નિર્ગુણં નિર્વિકારમ્ સત્તામાત્રં નિર્વિશેષં નિરીહં સ ત્વં સાક્ષાદ્ વિષ્ણુઃ અધ્યાત્મદીપઃ. નષ્ટે લોકે દ્વિપરાર્ધાવસાને મહાભૂતેષુ આદિભૂતં ગતેષુ વ્યક્તે અવ્યક્તં કાલવેગેન યાતે ભવાન્ એકઃ શિષ્યેતે અશેષસંજ્ઞઃ. યોઽયં કાલસ્ તસ્ય તે અવ્યક્તબન્ધો ચેષ્ટામ્ આહુઃ ચેષ્ટતે યેન વિશ્વમ્ નિમેષાદિર્ વત્સરાન્તો મહીયાન્ તં તુ ઈશાનં ક્ષેમધામ પ્રપદ્યે. મર્ત્યો મૃત્યુવ્યાલભીતઃ પલાયન્ લોકાન્ સર્વાન્ નિર્ભયં ન અધ્યગચ્છત્. ત્વત્પાદાબ્જં પ્રાપ્ય યદૃચ્છયાદ્ય સ્વસ્થઃ શેતે મૃત્યુઃ અસ્માદ્ અપૈતિ.''** (ભાગ.પુરા. ૧૦/૩/૨૪-૨૭). તમે તો કાળના કાળ છો. પછી વાત્સલ્યના આવેગમાં બીજી વખત પ્રાર્થના કરી કે મને બહુ ડર લાગી રહ્યો છે કે આ રૂપને કંસ ઓળખવામાં કેટલી વાર લગાડશે? આ રૂપને કંસે ઓળખી લીધું તો શું થશે, આ વિચારવાની તો દેવકીજીની હિંમત જ નથી. આ ***તો*** **''મર્ત્યો મૃત્યુવ્યાલભીતઃ પલાયન્''** છે મતલબ જેને જોઈને મૃત્યુ ભાગી જાય, એવું રૂપ છે, આ તો એ વિચારે છે પરંતુ કંસ શું કરશે આ વિચારવા માટે દેવકી તૈયાર નથી. જ્યારે આ પુત્ર પ્રકટ થયો છે ત્યારે ત્યાં સુધી મન જાય છે કે પ્રકટ થયો, પ્રકટ થયો, પરંતુ કંસ આવતા જ એ સ્ટોપ આવી જાય. એ વિચારશક્તિ કુંઠિત થઈ જાય. હવે વિચારવું જ નહીં કે આગળ કંસ શું કરશે? જ્યારે આગળ વિચારે જ નહીં તો જવાબ પણ નથી મળતો. ત્યારે ગભરાઈને દેવકી કહે છે **''ઉપસંહર વિશ્વાત્મન્ અદો રૂપમ્ અલૌકિકમ્''** (ભાગ.પુરા.૧૦/૩/૩૦). તારું આ રૂપ

તું તિરોહિત કરી લે. દેવકીને ભગવાને કહ્યું કે ‘‘મેં મારા મનથી આ રૂપ પ્રકટ નથી કર્યું. તમે માગ્યું હતું કે ‘‘તમારા જેવો પુત્ર જોઈએ’’ એટલા માટે આ રૂપ પ્રકટ કર્યું.’’ તો દેવકી કહે ‘‘જે કાંઈ માગ્યું એ તો ભૂલ થઈ, મને આ થોડી જ ખબર હતી આ સ્થિતિમાં તમે પ્રકટ થશો! અમે તો સમજ્યા હતા કે જંગલમાં જેમ તમે અને અમે બંને, એમ ત્રણ હતા. એવીજ સ્થિતિમાં પ્રકટ થઈ જશો, જેમાં ખૂબ મજા આવશે પરંતુ અહીં તો કંસ એક ચોથો ખુણો બીજો બની રહ્યો છે. આ સ્થિતિમાં હવે તો મુશ્કેલ છે. આ રૂપને હવે તિરોહિત કરો. મતલબ જે કાંઈ પ્રકટ થયો તેના પ્રત્યે અત્યંત વાત્સલ્ય ઉભરાયું, તો પણ વસુદેવ-દેવકીએ કહ્યું કે ‘‘આ રૂપને તિરોહિત કરો.’’ આ કારણથી એમણે પ્રાર્થના બીજી વખત કરી અને એ પ્રાર્થના કોઈ ભગવાનના અનાદરના કારણે નથી કરી, અત્યંત ભાવપ્રવણતાની પ્રાર્થના હતી. તો પ્રભુએ કહ્યું કે ‘‘ચાલો ભાઈ! તમારી પ્રાર્થના સ્વીકાર’’ પછી **‘‘પિત્રોઃ સમ્પશ્યતોઃ સદ્યો બભૂવ પ્રાકૃતઃ શિશુઃ’’** (ભાગ.પુરા.૧૦/૩/૪૬). પ્રાકૃત શિશુ જે નંદરાયજીના ઘરમાં પ્રકટ થયો હતો, એ અલૌકિક સામર્થ્યથી પ્રભુ મથુરામાં પ્રકટ થયા. પછી એ નંદાત્મજને જ વસુદેવજી ત્યાંથી પધરાવીને લઈ ગયા છે. જે વસુદેવાત્મજ હતા એ તો ત્યાંજ તેનામાં સમાહિત થઈ ગયા. એ સ્થિતિમાં આ સૈદ્ધાંતિક સ્થિતિમાં, આ નિર્ગુણગોપિકા જે કહે છે કે **ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્** આની સૈદ્ધાંતિક સંગતિ સમજવી જોઈએ. લીલાની સંગતિ તો આપણે જોઈ પરંતુ આની સૈદ્ધાંતિક સંગતિ વધારામાં વિચારી લેવી જોઈએ જેથી કોઈ જાતનું આપણને કોઈ કન્ફ્યુજન ન રહે.

## (વ્યાખ્યાની ત્રણ પ્રણાલી)

આમાં ત્રણ પ્રણાલિઓ અપનાવવામાં આવી છે. એક લેખકારે, એક શ્રીહરિરાયજીએ અને એક શ્રીલાલૂભટ્ટજીએ. અહીં પુરુષોત્તમજી એવી ચુપ્પી સાધી ગયા છે કે જે પુરુષોત્તમને જ શોભા આપી શકે છે બીજા કોઈને શોભા નથી આપી શકતી. કેમ ચુપ્પી શાધી ગયા, સમજમાં ન આવે. એમને શ્રીહરિરાયજીનો મત માન્ય હતો, કે લાલૂભટ્ટજીનો મત માન્ય હતો કે લેખકારનો મત માન્ય હતો, કે એમને આ પ્રશ્નનો જવાબ દેવો જ આવશ્યક ન લાગ્યો કે અત્યંત સ્ફુટ સમાધાન એમના ચિત્તમાં હતું. શું વાત થઈ આ ખબર

નથી પડતી. આ ત્રણ વ્યાખ્યાકારોએ ત્રણ પ્રણાલીથી આના જવાબ આપ્યા છે.

**યોજના :**

**ન ખલુ ગોપિકાનન્દન ઈત્યત્ર યશોદાનન્દનત્વનિરાકરણન્તુ લૌકિકભાવકૃતપુત્રભાવપરં, ''જયતિ જનનિવાસો દેવકીજન્મવાદ'' (ભાગ. પુરા. ૧૦/૮૭/૪૮) ઈત્યત્ર દેવકીનન્દનત્વનિરાકરણવત્. અતએવ ''ન માતા ન પિતા તસ્ય''(ભાગ.પુરા.૧૦/૪૩/૩૮) ઈત્યાદિ સંગચ્છતે. તથાચ પુરુષોત્તમસ્ય જન્માભાવેઽપિ પુત્રભાવેન પ્રાદુર્ભાવાદ્ યશોદાનન્દનત્વં વર્તતએવ ઈતિ ઉપપાદિતં પુરસ્તાત્. અથવા વ્રજસુન્દરીણાં શૃંગારભાવવત્ત્વાત્ કટાક્ષોક્ત્યા યશોદાનન્દનત્વનિરાકરણં જ્ઞેયમ્ ।।૪।।**

**વિવરણમ્ :**

સંક્ષેપમાં મારો મત લાલૂભટ્ટજીની તરફ જાય છે. એમની વ્યાખ્યાની પ્રણાલી બહુજ હૃદયારૂઢ થાય એવી છે. લાલૂભટ્ટજી કહે છે કે **ન ખલુ ગોપિકાનન્દન ઈત્યત્ર યશોદાનન્દનત્વનિરાકણન્તુ લૌકિકભાવકૃત-પુત્રભાવ-પરમ્.** આ જે યશોદાનંદત્વનું ગોપિકા નિરાકરણ કરી રહી છે, આ જેમ લૌકિકપ્રણાલીથી પુત્રોત્પત્તિ થાય છે, એ પ્રણાલીના નિષેધપર છે. કેમકે દશમસ્કંધના વસુદેવ-દેવકીને ત્યાં જન્મપ્રણાલી અથવા યશોદા-નંદરાયજીને ત્યાં ભગવદ્જન્મની જે પ્રણાલી છે, આ બંને પ્રણાલીઓમાં એક વાત સ્પષ્ટ છે કે લૌકિકપ્રણાલીથી પ્રાકટ્ય નથી થયું. ત્યાં પણ જેમ નાલાવેષ્ટિત બાળક જન્મ્યું, એમ ઠાકોરજીનું પ્રાકટ્ય નથી થયું. **''તમ્ અદ્ભુતં બાલકમ્ અમ્બુજેક્ષણં ચતુર્ભુજં શંખગદાદ્યુદાયુધં શ્રીવત્સલક્ષ્મં ગલશોભિકૌસ્તુભં પીતામ્બરં સાન્દ્રપયોદસૌભગમ્. મહાર્હવૈડૂર્યકિરીટકુંડલત્વિષા પરિષ્વક્તસહસ્ર-કુન્તલમ્ ઉદ્દામકાંચ્યગંદકંકણાદિભિર્ વિરોચમાનં વસુદેવ ઐક્ષત''**(ભાગ.પુરા. ૧૦/૩/૯-૧૦). કોઈ અલૌકિકબાળક અલૌકિકપ્રણાલીથી પ્રકટ્યો છે. વસ્ત્ર-આભરણાદિ બધાની સાથે, લૌકિકપ્રણાલીથી આંખ મીંચીને નાલાવેષ્ટિત જેમ બાળક પ્રકટે છે, એમ ન તો વસુદેવ-દેવકીને ત્યાં પ્રકટ થયો અને ન તો આ પ્રકારની પ્રણાલીથી બાળક નંદ-યશોદાને ત્યાં પ્રકટ થયો. આને આપણે અલૌકિક કે કોઈ ચમત્કારપૂર્ણ કહીએ એવી રીતથી બંને ઠેકાણે બાળકનું પ્રાકટ્ય

થયું છે. આ અર્થમાં જ એના ગોપિકાનંદનત્વનો નિષેધ છે. કોઈ ગંભીર અર્થમાં સૈદ્ધાંતિક ક્ષતિ આવી જાય, એવા અર્થમાં ગોપિકાનંદનત્વનો નિષેધ નથી. જેમ **"જયતિ જનનિવાસો દેવકીજન્મવાદો"** (ભાગ.પુરા.૧૦/૮૭/૪૮). મતલબ યશોદાને ત્યાં કૃષ્ણનું પૃથક્પ્રાકટ્ય છે કે નથી, આમાં કેટલાય લોકોને વિવાદ છે. કેમકે આચાર્યચરણ આ કલ્પને માને છે. આ સર્વમાન્ય કલ્પ નથી પરંતુ વસુદેવ-દેવકીને ત્યાં કૃષ્ણનું પ્રાકટ્ય તો સર્વમાન્યકલ્પ છે. એ સર્વમાન્યકલ્પને પણ ભાગવતે સ્વયં જ આખું જન્મપ્રકરણ કહીને વર્ણન કર્યું છે.

**(દેવકીજન્મવાદો)**

પરંતુ, જ્યારે ભાવગત ખુદ જ કહે છે **"જયતિ જનનિવાસો દેવકીજન્મવાદો"** મતલબ દેવકીને ત્યાં જન્મ્યો, એવો કેવળ વાદ છે. દેવકીને ત્યાં જન્મ નથી. તો દેવકીને ત્યાં જન્મ છે અને દેવકીને ત્યાં જન્મ નથી! એક જ ભાગવતની આ બંને વાતો કેવીરીતે સંગત થઈ શકે! ઘટકશ્રુતિ જે સિદ્ધાંત આપણે કાલે વિચાર્યો હતો, જો વચમાં લાવવી હોય તો ઘટકશ્રુતિ આની એક મળે છે કે **"અજાયમાનો બહુધા વિજાયતે તસ્ય ધીરા પરિજાનન્તિ યોનિમ્"** (તૈ.આ.૩/૧૩/૨/૨૧). તે અજ છે પરંતુ બહુધા જન્મ લે છે. બહુધા=ઘણા પ્રકારથી જન્મ લે છે. જે ધીર પુરુષ છે તે સમજી જાય છે કે એ વિરુદ્ધધર્માશ્રય હોવાના કારણે તર્કાગોચરકાર્યનો કર્તા છે અને જે અધીર પુરુષ છે એ આમાં સમજી લે છે કે આમાં કાંઈક માયિક છે. પરંતુ ધીર પુરુષ જાણે છે કે તે અજ હોવાછતાં પણ પ્રજ કેમ ન હોઈ શકે. એટલા માટે લાલૂભટ્ટજી કહે છે **"જયતિ જનનિવાસો દેવકીજન્મવાદો"**(ભાગ.પુરા.૧૦/૮૭/૪૮). **ઇત્યત્ર દેવકીનન્દનત્વનિરાકરણવત્. અતએવ "ન માતા ન પિતા તસ્યે"** (ભાગ.પુરા. ૧૦/૪૩/૩૮). **ઇત્યાદિ સંગચ્છતે. તથા ચ પુરુષોત્તમસ્ય જન્માભાવેઽપિ પુત્રભાવેન પ્રાદુર્ભાવાદ્ યશોદાનન્દનત્વં વર્તતએવ ઈતિ ઉપપાદિતં પુરસ્તાત્.** આથી ભગવાનના કોઈ ન માતા કે ન પિતા છે, આ વાત પણ સંગત થઈ જાય છે. આ વાત જન્મપ્રકરણમાં સમજાવી દેવામાં આવી છે કે પુરુષોત્તમ યદ્યપિ જન્મ નથી લેતા, પરંતુ વિરુદ્ધધર્માશ્રય હોવાના કારણે, ભક્તના ભાવનું અનુસરણ કરવાનું અચિન્ત્ય સામર્થ્ય ખુદમાં હોવાના કારણે, તે યશોદાનંદન પણ બની શકે છે. મતલબ **"નન્દસ્તુ આત્મજ ઉત્પન્ને"**

(ભાગ.પુરા.૧૦/૫/૧). એમ ત્યાં કહ્યું છે. એમ નથી કહ્યું કે નંદને આત્મજ ઉત્પન્ન થવાની ભ્રાંતિ થઈ જે ''સ્વાત્મજ આગતે''. ત્યાં પણ ભાગવતકાર સ્પષ્ટ કહે છે કે **''નન્દસ્તુ આત્મજ ઉત્પન્ને''** મતલબ મારે આત્મજ ઉત્પન્ન થયો. **''આત્મજ ઉત્પન્ન ઈતિ...અતઃ આત્મનઃ સકાશાત્ જાતઃ પુત્રએવ અયમ્ ઈતિ નન્દસ્ય બુદ્ધિઃ''** (સુબો.૧૦/૫/૧). તો નંદને આત્મજ જે ઉત્પન્ન થયો, અને ત્યાં અજનું પણ આત્મજત્વ છે એમાં. આત્મજત્વ કેવી રીતે છે? આનું લૌકિકદષ્ટિથી કે લૌકિકતર્કોથી સમાધાન સંભવ નથી. પ્રભુના અચિન્ત્ય સામર્થ્યથી જ આ પ્રશ્નનું સમાધાન સંભવ છે. એટલા માટે ત્યાં જેમ યશોદાનંદનત્વ બતાવ્યું એ પ્રકારનું અહીં **ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્.** માં જે ગોપિકાનંદનત્વનો નિષેધ છે તેનું આ તાત્પર્ય સમજવું જોઈએ.

### (શૃંગારરસભાવવત્ત્વાત્ કટાક્ષોક્તિ)

બીજી વાત લાલૂભટ્ટજી કહી રહ્યા છે **અથવા વ્રજસુન્દરીણાં શૃંગારરસભાવવત્ત્વાત્ કટોક્ષોક્ત્યા યશોદાનન્દત્વનિરાકરણં જ્ઞેયમ્.** કહે છે કે તે નંદાત્મજ છે કે નથી, તે દેવકીનંદન છે કે નથી, આ વાતની ચર્ચા આ પ્રસંગમાં કેમ ઉપસ્થિત થઈ? તો કહે છે કે વ્રજસુંદરીઓના ભાવ શૃંગારરસના ભાવ છે. તેઓ નિર્ગુણ છે તો શું થયું! નિર્ગુણ છે એટલા માટે એમને બધી ખબર છે. નિર્ગુણ હોવાનો એમને આ લાભ થયો કે એમને આ રહસ્ય ખબર પડી ગયું અને શૃંગારરસભાવ પણ એમના છે તો અહીં કટાક્ષોક્તિથી કહી રહી છે, આ કટાક્ષ ભગવાનપર કરવામાં આવી રહયો છે કે તમે શામાટે ગોપિકાનંદન બનશો? જ્યારે અમારો ખ્યાલ નથી રાખતા તો શેના ગોપિકાનંદન! આ પ્રકારની શૃંગારરસની કટાક્ષોક્તિ છે. વર્ણનનો અર્થ અને વર્ણનનું પ્રયોજન બંનેને લાલૂભટ્ટજીએ કેટલી ચોકસાઈથી સમજાવ્યા છે. વર્ણનનો અર્થ અને પ્રયોજન શું? વર્ણન તો એ છે કે પ્રભુ અચિંત્ય સામર્થ્યવાળા હોવાના કારણે અજ હોવાછતાં પણ નંદાત્મજ થઈ શકે છે અને વર્ણનનું પ્રયોજન આ છે કે અહીં શૃંગારરસભાવમાં કટાક્ષ કરી રહી છે. વસ્તુતઃ નિરૂપણ કે વિધાન નથી કરી રહી.

### (ભવાન્!)

આ શ્લોકની પહેલાના ત્રણ શ્લોકોમાં, રાજસી ત્રિવિધ ગોપિકાઓના

રાજસ તામસ અને સાત્ત્વિક ભાવોનું નિરૂપણ કર્યું. આ રાજસ તામસ અને સાત્ત્વિક ભાવ રાજસી ગોપિકાઓના હતા. આમાં કાલે સંક્ષેપમાં આ બતાવ્યું કે આ બધા ભગવાનને 'તું' કહીને ચાલે છે. આ પહેલી ગોપિકા નિર્ગુણ આવી છે જે ભગવાનને 'તું' ન કહીને 'આપ' કહી રહી છે. ધ્યાનથી જૂઓ તો બધી જગ્યાએ તું શબ્દ આવ્યો છે. **''જયતિ તેऽધિકં''** 'તે' મતલબ તારો, **''સુરતનાથ તે''** અહીં પણ 'તે' આવ્યો, **''ઋષભ તે વયં રક્ષિતા મુહુઃ''** અહીં પણ 'તે' આવ્યો છે. આ જેટલી પણ રાજસી ગોપિકાઓ છે આ ભગવાનને 'તું' કહીને બધી વાત પોત-પોતાની બતાવી રહી છે. ગોપીગીતમાં પહેલી વખત આ ગોપિકા ભગવાનને 'ભવાન્' કહી રહી છે. હવે કોઇને 'તું' કહેવું અને કોઇને 'આપ' કહેવું, એમાં જે અંતર છે તે રાજસગોપિકાનું અને નિર્ગુણગોપિકાનું સંક્ષેપમાં પહેલું અંતર છે. બાકીનું જે કાંઇ કહ્યું એ તો બધું 'તું' અને 'આપ' નો વિસ્તાર છે. કાંઇક 'તું' નો વિસ્તાર છે અને કાંઇક 'આપ' નો વિસ્તાર છે. કોઇ માણસને આપણે 'તું' ક્યારે કહી શકીએ? જ્યારે અતિ નિકટતા હોય અને 'આપ' ક્યારે બોલશું કે જ્યારે અતિ સન્માનની ભાવના હોય. નિર્ગુણ ગોપિકા ભગવાનને 'આપ' કહી રહી છે. આપના બધા ગુણોનું નિરૂપણ કરી રહી છે. ત્રિવિધ ગોપિકાઓએ ભગવાનને 'તું' કહ્યું અને 'તું' નો બધો વિસ્તાર એમણે કર્યો.

### (સ્નેહઃ પાપશંકી)

એક પ્રશ્ન કાલે સંક્ષેપમાં આ પણ થયો કે ઉત્તમ ગોપિકા કઇ? એનાપર ચર્ચા થઇ. 'તું' કહેવાવાળી ગોપિકા ઉત્તમ કે ભગવાનને 'આપ' કહેવાવાળી ગોપિકા ઉત્તમ? ઉત્તમનો વિચાર કરીએ તો એવું લાગે કે આપણા મનની સ્થિતિ જે વખતે વ્યાખ્યા કરી શકે એવી થઇ જાય જેમ સંયોગની અને વિપ્રયોગની સ્થિતિ છે. ભગવાનનો સંયોગ આપણને નિરંતર અનુભવમાં આવતો હોય તો વિપ્રયોગપર ધ્યાન ચાલ્યું જાય અને ભગવાનનો જે વખતે વિપ્રયોગ ધ્યાનમાં આવી રહ્યો હોય, તો સંયોગપર ધ્યાન ચાલ્યું જાય. કેવીરીતે? બે રીતે. એક તો ''સ્નેહઃ પાપશંકી'' કહેવામાં આવે. સ્નેહ પાપશંકી છે. પાપશંકી મતલબ કે જેટલો અધિક સ્નેહ, એટલી અધિક એ સંબંધના દુઃખની આશંકા તમને બની રહે. સ્નેહના પાપશંકી હોવાનો ઠાકોરજીએ કેટલો

લાભ ઉઠાવ્યો, આને અંગ્રેજીમાં 'એક્સ્પ્લોઈટેશન્' કહે છે. સ્નેહના પાપશંકી સ્વભાવ હોવાનો એક્સપ્લોઈટેશન્ ઠાકોરજીએ કેટલો કર્યો. એક તો સ્નેહ પહેલાથી જ પાપશંકી અને એમાં દરવખતે અસુર આવતા રહે. બધા વ્રજભક્ત હંમેશા ચિંતામાં જ રહે કે જરાક પણ ઠાકોરજીથી ધ્યાન છૂટ્યું નહીં કે કોઈ ને કોઈ અસુર આવી જશે. દરેક વખતે એક તો સ્નેહ અને સ્નેહમાં થતી શંકાઓ કુશંકાઓ કે કાંઈક ને કાંઈક થઈ જશે. હવે જેના પર સ્નેહ ન હોય, એને કાંઈપણ થઈ જાય તો શંકા નથી થતી. જેનાપર સ્નેહ હોય, એને કાંઈપણ ન થાય તો પણ આપણને એની બધી વાતોમાં કાંઈક થવાની શંકાઓ થતી રહે. આનો મતલબ સ્નેહ પાપશંકી. આ સ્નેહના પાપશંકી હોવાનો લાભ પણ ઠાકોરજીએ કેટલો ઉઠાવ્યો છે! જ્યારે પણ જરાક સ્નેહમાં ન્યૂનતા આવી તો કોઈ ને કોઈ અસુર આવ્યો. જ્યારે પણ સ્નેહમાં થોડી પણ ન્યૂનતા આવી તો કાંઈક ને કાંઈક ઉપદ્રવ થયો. સ્નેહનો સ્વભાવ આખો આટલો વિચલિત થઈ ગયો, કે શું થયું? પછી પૂરી તત્પરતા આવી ગઈ. મતલબ એક મિનિટની મનને ફુરસત ન લેવા દેવી.

એક તો સ્નેહ પોતાનામાં જ આ પ્રકારનો હોય છે કે મનને ફુરસત નથી લેવા દેતો, એમાં જો દરવખતે આ પ્રકારના અસુરોના આવવાના કૌભાંડ થતા રહે, તો પાપશંકા કેટલી પ્રબલ રહે? આ ન્યાયથી સંયોગ જે વખતે ચાલી રહ્યો હોય તે વખતે પાપશંકા બની રહે. હમણા સવાર થઈ જાય અને ઠાકોરજી ભાગી જાય તો? હમણા આવી રહ્યા હોય અને વચમાં કોઈ બીજો ભક્ત પધરાવીને લઈ જાય તો? મતલબ પચાસ પ્રકારની પાપશંકાઓ મનમાં ચાલતી રહે.

### (મનોરથની ગતિ)

હવે જ્યારે જીવને પ્રભુનો સંયોગાનુભવ મળી રહ્યો છે તે વખતે આ પ્રકારથી વિપ્રયોગમાં મન જાય, અજાણતા જાય, અનિયત જાય પરંતુ જાય જરૂર છે. જે વખતે વિપ્રયોગ થાય, તે વખતે ભગવાનના સંયોગપર મન જાય. બે પ્રકારથી જાય. ભૂતમાં પણ અને ભવિષ્યમાં પણ. જે લીલાઓ થઈ એની પુનઃચર્વણા થાય. જેમ ગાય જુગાડ કરે. એમ અનુભવ જે ભગવાનની સાથે લીલાના થયા, એનું આપણે ચર્વણ કરીએ. મનોરથના અનુસાર પણ, એ

મનોરથો એવા હોય કે એ જ્યારે પૂરા થાય ત્યારે થાય પરંતુ વિપ્રયોગના કારણે આસક્તિભ્રમન્યાયથી એ મનોરથનો અનુભવ કરવા લાગી જઈએ. ભવિષ્ય સંબંધી લીલાઓ છે, એ સંબંધી મનોરથ છે, તે આસક્તિભ્રમન્યાયથી, અનુભવ કરવા લાગી જઈએ. આ પ્રકારથી જીવ વિપ્રયોગમાં જ્યારે હોય ત્યારે સંયોગમાં દોડે અને સંયોગમાં જ્યારે મન હોય ત્યારે તે વિપ્રયોગમાં દોડે. આવી મનની સ્થિતિ હોય છે. તો જે 'તું' કહી રહી છે, તેમાં એક જાતનો 'આપ' છૂપાયેલો છે. જે 'આપ' કહી રહી છે, તેમાં એક જાતનો 'તું' છૂપાયેલો છે. જે પ્રભુને 'તું' કહ્યું છે તે કોઈ અસમ્માનને માટે નથી કહ્યું, સ્નેહથી જ કહ્યું છે. જે આપ પ્રભુને કહ્યું છે એ કોઈ સમ્માનને માટે નથી કહ્યું, એ પણ સ્નેહથી કહ્યું છે. અહીં સુધી કાલે વાત કરી હતી. કેમકે સ્નેહ સમાન છે અને સ્નેહમાં સમ્માનનો પ્રશ્ન આટલો મોટો નથી ગૌણ થઈ જાય પરંતુ સ્વભાવ છે અને એ સ્વભાવના અનુરૂપ સમ્માન આપે છે પરંતુ એ સમ્માન આપવા છતાં પણ એમાં ભાવ 'તું'નો જ છે. ભાવ 'આપ'નો નથી. ગોપિઓમાં અંતરંગતર અને અંતરંગતમ ના માટે એક વાત નિશ્ચિત સમજો કે જેટલી પણ ગોપિકાઓ છે એમાં અંતરંગતર અને તમ નો ભેદ નથી થઈ શકતો. વ્રજભક્ત, તામસપ્રકરણના તામસ ભક્ત જેટલા પણ છે, એ ચાહે નિર્ગુણ હોય, ચાહે સાત્ત્વિક હોય, ચાહે રાજસ હોય, છે બધા અંતરંગતમ જ. પ્રકરણને તામસ એટલા માટે કહ્યું છે. તમથી જે તામસ હોય તે 'તામસ' કહેવાય. તમ સંબંધી તે 'તામસ' કહેવાય. આ વ્યાકરણની વાત નથી પરંતુ એક ઉપહાસના રૂપમાં કહી રહ્યો છું. તમથી જે ભવ છે તે તામસ છે. આ જેટલા પણ ભક્ત છે એ બધા ભગવાનના અંતરંગતમ છે. તમના બે અર્થ થાય. એક તો સુપરલેટિવ અને બીજો અંધકાર અજ્ઞાન આગ્રહ. અહીં એ તામસ શું છે કે એ બધા સુપરલેટિવ ભક્ત છે. કોઈપણ કમ્પેરેટિવ નથી અને ન તો ફર્સ્ટ ડિગ્રીના છે. બધા સુપરલેટિવ છે. તમથી જે ભવ હોય તે તામસ, આ અર્થમાં લેવું. વ્રજના બધા ભક્ત તામસ છે. હવે એ ચાહે નિર્ગુણ હોય તો પણ તામસ છે, સાત્ત્વિક હોય તો પણ તામસ છે, રાજસ હોય તો પણ તામસ છે. કેમકે લીલા તામસલીલા છે અને તમલીલા છે.

## (પરસ્પર શોભાતિશય)

ચૈતન્ય સંપ્રદાયના રૂપગોસ્વામીનો એક શ્લોક છે **"હરિઃ પૂર્ણઃ પૂર્ણતરઃ પૂર્ણતમઃ"** (રૂપગોસ્વામી) દ્વારિકામાં ભગવાન્ પૂર્ણ છે, મથુરામાં પૂર્ણતર છે અને વ્રજમાં પૂર્ણતમ છે. પૂર્ણતમથી સંબંધિત લીલા, એ તામસલીલા છે. હરિ પૂર્ણ, પૂર્ણતર અને પૂર્ણતમ છે. હવે પૂર્ણને પૂર્ણતર અને પૂર્ણતમ કહેવા જશો તો એનો કાંઈ અર્થ નહીં નિકળે. પૂર્ણને પુર્ણતર અને પૂર્ણતમ શું? આ અર્થમાં ગોકુલમાં જે હરિ છે તે પૂર્ણતમ છે. એ પૂર્ણતર નથી, એ પૂર્ણ નથી કેવળ. આ તમે નિશ્ચિત સમજો. એટલા માટે એ અર્થનો, એ અર્થમાં આપણે કોઈ જાતનો ભેદ નહીં કરીએ.

પરંતુ થાય શું જેમ આલંબનવિભાવ અને સ્થાયીભાવ ની શોભા પરસ્પર છે. એકને છોડીને બીજામાં નથી હોઈ શકતું. જે વખતે આલંબનવિભાવપર દૃષ્ટિ જાય, તે વખતે સ્થાયીભાવપર દૃષ્ટિ ન જાય. જે વખતે સ્થાયીભાવપર દૃષ્ટિ જાય, તે વખતે આલંબનવિભાવપર ન જાય દૃષ્ટિ તો ન જાય પરંતુ એ મસ્તીમાં ભક્ત ચાહે જે કાંઈપણ બોલે, એ બધું મધુર છે અને એ બધી વાતો સત્ય છે, જ્યાં સુધી તે પોતાની મર્યાદામાં વાત કહે છે. જેમ જે વખતે આલંબનવિભાવનો અનુભવ થઈ રહ્યો છે, આલંબનવિભાવ મતલબ પ્રભુ, સ્થાયીભાવ મતલબ સ્નેહ. જે વખતે પ્રભુનો અનુભવ થઈ રહ્યો છે, તે વખતે સ્નેહપર દૃષ્ટિ ન જાય, જે વખતે જીવ માન કરે ભક્ત માન કરે જોકે સ્નેહના વિપરીત ભાવ છે. રોષ કરે જે તે સ્નેહના વિપરીત ભાવ છે. હવે ચાહે માન કરે ચાહે રોષ કરે ચાહે ઈર્ષ્યા કરે ચાહે જે કરે એ બધું સંગત છે. કેમકે આલંબનવિભાવ સામે છે. ભક્ત ભગવાનપર રોષ ક્યારે કરી શકે? જ્યારે એને પોતાના સ્નેહની પરવા ન હોય પરંતુ સ્નેહની પરવા કેટલા વખત સુધી નહીં? જેટલા વખત સુધી પ્રભુ સામે હોય એટલા વખત સુધી. અત્યધિક માન કર્યું, કે અત્યધિક રોષ કર્યો અને પ્રભુ તિરોહિત થઈ જાય તો પછી સ્નેહના વગર બીજો રસ્તો જ શું છે? સ્નેહથી લાપરવાહ કેટલા વખત સુધી રહી શકાય? જેટલો વખત પ્રભુ સામે છે એટલા વખત સુધી. કેમકે એટલા વખત પ્રભુના સામે હોવાની મસ્તી છે ને ! પ્રભુના સામે હોવાની મસ્તી છે એથી સ્નેહ એટલો વખત પ્રભુથી લાપરવાહ થઈ શકે છે. સામે હોવાની મસ્તી જરાપણ ખંડિત થઈ

તો પછી સ્નેહથી લાપરવાહી ચાલી નથી શકતી. કેમકે તેના પછી જો લાપરવાહી ચાલી તો રસાભાસ થઈ જશે.

## (સેવામાં મનનું લાગવું/પ્રભુમાં અખંડવૃત્તિ)

હમણા કાલે કે પરમદિવસે કોઈ પૂછી રહ્યું હતું. ''રોજ સેવા કરીએ પરંતુ કોઈ દિવસ મન લાગે અને કોઈ દિવસ મન ન લાગે.'' કારણ શું? કેમકે ઠાકોરજી સામે છે. આ જ કારણ છે. ઠાકોરજીની સેવા તો રોજ કરવી છે પરંતુ કોઈ દિવસ મન લાગે અને કોઈ દિવસ મન ન પણ લાગે. કારણ શું? કારણ તો ઠાકોરજી જ છે. જો ઠાકોરજી સામે ન હોય અને પછી પણ મન (ન) લાગી જતું હોય, તો ભક્તિનો અધિકાર નથી. હવે સામે છે અને સેવા ચાલી રહી છે, મન નથી લાગી રહ્યું તો કાંઈક જસ્ટિફિકેશન છે તેનું. બહુ જસ્ટિફિકેશન નથી પરંતુ જ્યાંસુધી ઠાકોરજીનું સાનિધ્ય છે અને જીવ જ્યાંસુધી પ્રભુની સન્મુખ છે, બહિર્મુખ નથી, ત્યારે તો મન લાગ્યું તોય મંજૂર અને ન લાગ્યું તો પણ મંજૂર. પ્રભુની સન્મુખ જો છીએ તો એ શીતલભાવ પણ આપણે કહેશું કે મંજૂર છે. બહિર્મુખ થયો પ્રભુથી તો પછી તાપભાવ પણ જસ્ટિફાયેબલ નથી.

હમણાં આપણે શ્રીહરિરાયજીની સ્કૂલની વાત નથી કરી રહ્યા. આ સ્કૂલ શ્રીગુસાંઈજીની સ્કૂલ છે. આ આપણે શ્રીગુસાંઈજીની સ્કૂલમાં બોલી રહ્યા છીએ. કે શીતલભાવ પણ મંજૂર છે એ શરતે કે જીવ પ્રભુની સન્મુખ હોય તો. એક સામાન્ય કારણ બતાવું કે જ્યાં ફલાત્મક નિરોધ સિદ્ધ છે, ત્યાં પ્રભુની ઉપેક્ષા વ્રજભક્તોએ કરી છે. હવે વ્રજભક્તોએ પ્રભુની ઉપેક્ષા કરી છે તો આનો અર્થ એ ન લેવો કે આપણે પણ પ્રભુની ઉપેક્ષા કરવી. ત્યારે તો મહાભારતનું તાત્પર્ય ખોટું સમજશો. મહાભારતની કથા થઈ. એમાં કોઈને પૂછવામાં આવ્યું કે ''શું તાત્પર્ય સમજમાં આવ્યું?'' એણે કહ્યું કે ''સતી દ્રોપદીને પાંચ પતિ હતા, તો ઓછામાં ઓછા બે ચાર તો અમે પણ કરી શકીએ.'' ભાઈ! મહાભારતનું આ તાત્પર્ય નથી. મહાભારતનું તાત્પર્ય આ છે કે પાંચ પતિ હતા તેથી મહાભારત થઈ ગયું. એકાદ પતિ હોત તો મહાભારત ન થાત. તો એવું તાત્પર્ય ન લેવું પરંતુ એક તથ્યપર ધ્યાન આપો.

વ્રજભક્તોને પણ ઘણી વખત પ્રભુમાં ઉપેક્ષા જાગી છે. વ્રજભક્તોને પણ ઉપેક્ષા માન રોષ બધા ભાવ જાગ્યા છે પરંતુ જ્યાં ફલાત્મક નિરોધ સિદ્ધ

છે ત્યાં આ લીલાઓ છે. હવે તમે કયા સુરખાબની પાંખો લગાવીને આવી જશો કે જે અત્યારથી માગણી કરી રહ્યા છો! તમારો ફલાત્મક નિરોધ તો સિદ્ધ છે નહીં અને તમે વિચારી રહ્યા છો કે તમારામાં એવી અખંડિત વૃત્તિ સ્થાપિત થઈ જાય કે અહર્નિશ **"વિલજ્જ ઉદ્ગાયતિ નૃત્યતે ચ મદ્ભક્તિયુક્તો ભુવનં પુનાતિ"** (ભાગ.પુરા. ૧૧/૧૪/૨૪). આ પ્રકારની ભગવદ્ભાવાત્મિકા અખંડ વૃત્તિ સ્થાપિત થઈ જાય! આ કરશો તો અનધિકાર ચેષ્ટા થશે. થવી તો આ જ જોઈએ. એનું તાત્પર્ય એવું ન લેતા નહીંતર જેમ મહાભારતનો ખોટું તાત્પર્ય લીધું એવી વાત થઈ જશે, પરંતુ આ તથ્યને પણ જીવનમાં ક્યારેય ન ભૂલતા કે જે વ્રજભક્તોને ફલાત્મક નિરોધ સિદ્ધ છે, એમની સાથે પણ આ લીલા થઈ છે તો તમે કયા સુરખાબની પાંખો લગાવીને આવી ગયા કે તમને અખંડવૃત્તિ ભગવાનમાં સ્થાપિત થઈ જશે!

## (પ્રભુસન્મુખતા)

અરે! આ કોઈ કમ વાત નથી કે તમે પ્રભુની સન્મુખ છો. જો આચાર્યચરણ પ્રકટ ન થયા હોત તો વસ્તુતઃ આ સન્મુખ થવાનો લાભ કોઈ કાળમાં કોઈને મળી જ ન શકત. આ અર્થમાં હું મારા ઘરમાં ઠાકોરજીની સન્મુખતાને માનું છું, મંદિરમાં દર્શનોમાં હું સન્મુખતા નથી માનતો. એ તો ભગવાન્ આપણી સન્મુખ હોય છે. આપણે ભગવાનની સન્મુખ નથી હોતા. આપણા ઘરમાં આપણે ઠાકોરજીની સન્મુખ હોઈએ છીએ. ભગવાનની સન્મુખ હોવાનો મતલબ શું કે આપણી દેહેન્દ્રિયવગેરેની વૃત્તિઓને ભગવાનમાં લગાવવી. આ આપણું ભગવાનની સન્મુખ હોવું છે. જ્યારે આપણે ભગવાનને એક રૂપિયો ભેટ ધરી રહ્યા છીએ અને એના અનુરૂપ ભગવાન આપણને એક લાડૂ કે મઠડી આપી રહ્યા હોય અથવા ભગવાનને આપણે બે રૂપિયા ભેટ ધરી રહ્યા હોઈએ અને ભગવાન્ આપણને એના અનુરૂપ બે લાડૂ કે મઠડી આપી રહ્યા હોય તો ભગવાન્ આપણને આરોગાવી રહ્યા છે, આપણે ભગવાનને નથી આરોગાવી રહ્યા. એમાં તો પછી બીજો ક્રમ આવી જાય. આ ક્રમોમાં ભેદ છે. ભગવાનનું આપણી સન્મુખ થવું અને આપણું ભગવાનની સન્મુખ થવું, બંનેમાં ભેદ છે પરંતુ આપણે ત્યાં પ્રભુની સન્મુખ હોવું જે અર્થમાં બતાવવામાં આવ્યું છે એ અર્થમાં પ્રભુની સન્મુખ થવું કોઈ સાધારણ વાત નથી. આટલી

સન્મુખતા જો આપણે પ્રભુસાથે નભે, તો તમને સંસારાવેશ ન થવો જોઈએ, ન થવો જોઈએ અને ન થવો જોઈએ અને જો થઈ જશે તો ક્ષમ્ય છે, ક્ષમ્ય છે અને ક્ષમ્ય છે. અક્ષમ્ય નથી. આ વાત ક્યારેય ન ભૂલતા પરંતુ આ વાત યાદ રાખજો કે એ ક્ષમ્ય છે પરંતુ જસ્ટિફાયેબલ નથી. જસ્ટિફાયેબલ હોવું અને ક્ષમ્ય હોવું, બંને વાતોમાં થોડુંક અંતર છે. આ ક્ષમ્ય અપરાધ છે, કેમકે વ્રજભક્તોને જે આ ભાવ થયો છે, એ ભાવમાં આપણા હૃદયનો દોષ, દીનતાવશ, ખરાબ માનવો જ જોઈએ.

**(આશાનું પણ આસ્વાદન!)**

પરંતુ, જો મનમાં સાત્ત્વિકભાવ ન હોય, તામસભાવ હોય તો થોડુંક કહી શકાય કે અડધો દોષ તો પ્રભુનો પણ છે. જો થોડીક તામસની ભાષા આપણે અપનાવી લઈએ તો નિશ્ચિત એમાં આ કહી શકાય કે એમાં થોડોક દોષ પ્રભુનો પણ છે. હવે એ દોષ પ્રભુ ન રાખે તો વિપ્રયોગાનુભવનો તો આપણા જીવનમાં કોઈ પ્રસંગ જ ઉપસ્થિત નહીં થાય. જેવો વિપ્રયોગ, જેવો વિરહ આ વ્રજભક્તોને થયો, એવો તો આપણા હૃદયમાં જ ક્યાં છે કે આપણને વિપ્રયોગ થઈ શકે? પરંતુ એક સામાન્ય વાત સમજો કે ક્યારેક ઠાકોરજીના વગર જ તમે પહોંચી ગયા અને દિલમાં તમને બીજું કાંઈ નહીં પણ સૂનાપણું જ લાગ્યું, ભલે આંખમાં આંસૂ ન આવ્યા, ભલે તમારા ચિત્તમાં વિગલિતભાવ ન આવ્યો, આર્દ્રતા ન આવી, થોડોઘણો કંટાળો પણ આવ્યો કે આજે મન નથી લાગી રહ્યું, તો આને જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ સમજજો. એક વખતની સેવા છૂટવામાં મનમાં થોડોક કંટાળો આવ્યો કે મન નથી લાગી રહ્યું, સેવાનું જે ટાઈમટેબલ હતું એ છૂટી ગયું છે આજે, આ પણ ઓછી વસ્તુ નથી. દરેક જીવને નથી મળી શકતું. આ એક બહુ મોટી ઉપલબ્ધિ છે.

જેમ મેં એક શેર સંભળાવ્યો હતો, **''ગુન્ચે તેરી જિન્દગીપે રશ્ક હોતા હે. તૂ એક તબસ્સુમકે લિયે ખિલતા હે. ગુન્ચેને કહા હસકર, એ બાબા! એક તબસ્સુમ ભી કિસે મિલતા હે?''** (જોશ મલીહાબાદી) દરેકને તો નથી મળતું. આ જે એક સ્માઈલ છે, જે સ્માઈલને માટે ફૂલ ખિલે છે, તે દરેકને તો નથી મળતી. આટલું જો આપણને સૂનાપણું લાગે પરંતુ જ્યારે આપણી હેસિયત

જૂઓ તો તે એક બહુ મોટો એચીવમેંટ (સિદ્ધિ) છે એવું લાગે. આનો મહાભારતની જેમ ઉલટો અર્થ ન લેતા. આટલાથી જ સંતુષ્ટ ન થઇ જવું. સંતુષ્ટ થઇ જતા હોઇએ તો સમજજો કે આ પુષ્ટિ નથી, પરંતુ જે ઉપલબ્ધિ છે એને ઇન્કારવાની વૃત્તિ પણ ખરાબ છે. ઉપલબ્ધિને રેલિશ કરતા શીખો. મતલબ આપણું નાનુ મોટું જે પણ એચીવમેંટ (સિદ્ધિ) છે એને રેલિશ કરતા આવડવું જોઇએ. આગળ વધારે મનોરથ કરવા જોઇએ. એક મનોરથ પૂરો થયો તો દશ મનોરથ પેદા થવા જોઇએ પરંતુ એક મનોરથ જે પૂરો થયો અને તેની તમે ઉપેક્ષા કરી તો પછી તમારા નવ મનોરથ પૂર્ણ નહીં થાય. એક મનોરથ જે તમારો પૂર્ણ થયો તેને તમે રેલિશ ન કર્યો, તેને તમે માન્યો નહીં, પોતાના હૃદયસાથે એને બંધાવ્યો નહીં, તો આગળ શું ચાલશે?

આટલા જ માટે આપણે ત્યાં ઠાકોરજીના જન્મની પહેલા જ વધાઇ બેસી જાય. જ્યારે આપણને આશા બંધાઇ જાય કે ફલ પ્રકટ થનારું છે ત્યારથી વધાઇ શરુ થાય છે. આ વાત યાદ દેવડાવવા માટે કે શું વસ્તુ થવાની છે. આશાથી વધાઇ શરુ થાય અને ફલથી તો લીલા શરુ થઇ જાય છે. જન્માષ્ટમીના દિવસે આપણે ત્યાં થાળી જે વાગે, એ પંદર દિવસ પહેલાથી વાગવાની શરુ થઇ જાય. કેમકે આશા છે, આ શું ઓછી વાત છે! એ થાળી વાગવાનો નિયમ કાંઇક આવો છે કે જ્યારે પુત્ર જન્મે ત્યારે થાળી વાગે પરંતુ આપણે પુત્રજન્મની આશામાં થાળી વગાડીએ. પુત્રજન્મની આશા થઇ આ શું ઓછી સાધારણ વાત છે? કોને થાય આશા? રોતા રહે લોકો એને આશા ન થાય. આ શું ઓછું એચીવમેંટ(સિદ્ધિ) છે કે આશા થઇ? આપણા મનમાં જે સૂનાપણું આવ્યું કે આજે સેવા ન મળી, આજે ટાઇમટેબલમાં કાંઇક ચૂક થઇ રહી છે. આટલો અધિકાર તો બહુ મોટો અધિકાર છે. આટલો અધિકાર મળ્યો તો એનો આનંદ લો, ખૂબ આનંદ માનો. આગળ વધવાની કોશિશ કરો. એને ઢીલો ન કરી દો કે આ ક્ષુદ્ર અધિકાર છે. જો સમજી શકો તો ક્ષુદ્ર અધિકાર નથી બહુ મોટો અધિકાર છે.

### (ભગવદ્ભાવોને તોળી ન શકાય)

આ પ્રકારથી ભગવદ્ભાવમાં, તામસ અથવા નિર્ગુણ ભાવ તો પોત-

પોતાના સ્વભાવના કારણે પ્રકટ થઈ રહ્યા છે. મતલબ આપણા સગુણભાવ જેની અંદર તામસ રાજસ સાત્ત્વિક ભાવ છે, એ તો સ્વભાવના કારણે પ્રકટ થઈ રહ્યા છે, એવીજ રીતે નિર્ગુણભાવ પણ સ્વભાવના કારણે પ્રકટ થઈ રહ્યો છે. આ બધા સગુણ અને નિર્ગુણ ભાવની વચમાં પૂરાયેલો એક સ્નેહભાવ તો બધાનો સરખો છે, બધાનો અખંડિત છે અને એ સ્નેહમાં કોઈ જાતનું અંતર નથી. હવે આની જો પારસ્પરિક તુલના કરવા જઈએ તો કયો ભાવ ભારે તો સ્થિતિ એવી થશે કે જેમ સંયોગમાં આપણને વિપ્રયોગ સારો લાગે અને વિપ્રયોગમાં આપણને સંયોગ સારો લાગે. મતલબ ગળ્યું ખાઈ રહ્યા હોઈએ તો ખારું તીખું નમકીન સારું લાગે. ખારું તીખું મીઠુ ખાઈ રહ્યા હોઈએ તો ફીકું સારુ લાગે. દરેક વખતે જે ખાવ એના વિપરીત જ સારું લાગે. મીઠુ ખાવાનું શરુ કરો તો ખારુ તીખુ ખાવાની ઈચ્છા થઈ જાય મનમાં. જે કાંઈ ખાવ પરંતુ જીભ કોઈ બીજો સ્વાદ માગવાની ઈચ્છા કરવા લાગશે. તમે ચાહો કે ન ચાહો પરંતુ જીભ પોતાની મેળે માગવા લાગી જશે. એવીજ રીતે ખારુ તીખુ ફીકુ કાંઈક ખાવ તો જીભ પોતાનીમેળે માગવા લાગી જશે કે ''કાંઈક ગળ્યું લાવો.'' એમાં એક વિપરીત ભાગ છૂપાયેલો છે, તદ્વત્ એ તામસભાવમાં નિહિત એક નિર્ગુણભાવ છૂપાયેલો છે. નિર્ગુણભાવમાં એક સગુણભાવ છૂપાયેલો છે. જ્યારે તોળવા જશો તો તોલ નહીં થઈ શકે. કેમકે જે વખતે જે ભાવને તોળવા જશો તો એમ લાગશે કે આ ભાવ ભારે છે કે તે ભાવ ભારે છે. એ ન્યાયથી આમની પારસ્પરિક તુલના નથી થઈ શકતી. આ બધા ભાવોને ક્રમશઃ ચાહો તો રેલિશ કરી શકો છો. હવે વકીલાત કયા ભાવની કરવી? તો પ્રત્યેક ભક્ત પોત-પોતાના ભાવની વકીલાત તો કરશે જ અને જે વખતે ભક્ત પોતાના ભાવની વકીલાત કરશે તો તે પોતાના સ્વભાવના અનુરૂપ કરશે. તમારું હૃદય પણ તમારા ભાવની વકીલાત કરશે. હવે જે વખતે તમારું હૃદય તમારા ભાવની વકીલાત કરશે, તો એના કારણે એજ ભાવ તમને સારો લાગશે. જ્યાંસુધી તમે તમારા ભાવની વકીલાત કરી રહ્યા છો, ત્યાંસુધી તો ગડબડી નથી પરંતુ જે વખતે તમે બીજાના ભાવની વકીલાત ન કરીને ખંડન કરશો, તો ગડબડી આવી જાય. જ્યાંસુધી તમે તમારા ભાવની વકીલાત કરશો કે ''મારો ભાવ નિર્ગુણ છે અને નિર્ગુણભાવ સર્વશ્રેષ્ઠ.'' તો કોઈ ગડબડી નથી પરંતુ નિર્ગુણભાવ સર્વશ્રેષ્ઠ ન કહીને એમ કહેવા લાગી જાવ કે ''તામસભાવ અશ્રેષ્ઠ'' તો ગડબડી થઈ

જાય. કેમકે જ્યારે તમારું ધ્યાન પોતાના ભાવની વકીલાતપર નથી. બીજાના ખંડનપર છે. એવીજ રીતે સંયોગ પરમફલ કે વિપ્રયોગ પરમફલ? જેનું હૃદય સંયોગને પરમફલ માનતું હોય, એ જો એમ કહે કે સંયોગ પરમફલ તો કોઈ ગડબડી નથી પરંતુ એ જો એમ કહે કે ''વિપ્રયોગ પરમફલ નથી'' તો ગડબડ છે. જેનું હૃદય એમ કહેતું હોય કે ''વિપ્રયોગ પરમફલ'' તો કોઈ ગડબડી નથી, વિપ્રયોગ પરમફલ છે. પરંતુ જો એ એમ કહેવા લાગી જાય કે ''સંયોગ પરમફલ નથી પ્રભુની સાથે'' તો ગડબડ થઈ જાય . પરમફલ બંને છે. આને તોળી નહીં શકાય. એક બીજાને તોળશો તો ગડબડ થશે. જ્યારે તમે એકને માપશો તો આ વધારે દેખાશે અને જ્યારે બીજાને માપશો તો એ વધારે દેખાશે. એમ તમને આ માપતા જ નહીં આવડે કે કોણ કોણથી વધારે? જ્યારે તમે એક એક ભાવને ઉત્તરોત્તર પોતાના હૃદયમાં તોળતા જશો તો તમને એક એક ભાવની ઉત્કૃષ્ટતા સમજમાં આવતી જશે.

આ ન્યાયથી કાલે મેં થોડી આ વાત બતાવી હંસૂભાઈના પ્રશ્નપર કે નિર્ગુણભાવ શ્રેષ્ઠ કેમ છે. નિર્ગુણભાવ શ્રેષ્ઠ એટલા માટે છે કે જેમાં જ્ઞાનીના જેવો નિર્ગુણભાવ છે તેમાં સ્નેહ કેવીરીતે હોઈ શકે? અમે એક ઉદાહરણ આપ્યું. શ્યામદાસ અમારે ત્યાં આવ્યા અને એને ગભરાહટ થઈ ગઈ કે રસેલને વાંચીને શ્યામબાવા આસ્તિક કેમ(કેવીરીતે)? એને આ ગભરાહટ થઈ ગઈ કે એક બાજુ રસેલને વાંચે અને બીજી બાજુ આસ્તિક! કેમકે બંને વિરોધી વસ્તુ છે. એવીજ રીતે જેમાં જ્ઞાનીના જેવો નિર્ગુણભાવ છે તેમાં સ્નેહ કેમ(કેવીરીતે)? જો સ્નેહ થઈ રહ્યો છે તો તે જ્ઞાનના સ્વભાવથી તો નથી થઈ રહ્યો, કેવળ ભગવત્કૃપાથી જ થઈ રહ્યો છે. તામસભાવમાં મેં કાલે એક વાત બતાવી હતી. જ્ઞાનીનો બે પ્રકારથી ઈલાજ કરવો પડે. કેમકે જે સંસારી જીવ છે, એના તો ફક્ત સંસારનો જ ઈલાજ કરવો પડે. ભક્તિરસનો ઈલાજ ન કરવો પડે. સંસારીનો મતલબ શું કે ''જેની સંસારમાં ભક્તિ છે.'' તો એને સંસારને જ ઓપરેટ કરવો પડે. એની ભક્તિ તો બરાબર જ છે, માત્ર એના સંસારને ઓપરેટ કરીને ભગવાન્ બેસાડવા પડે. બાકી જ્ઞાનીના તો બે ઈલાજ કરવા પડે. કેમકે એણે જ્ઞાનાગ્નિના કારણે તપાવી-તપાવીને પોતાનો ભક્તિરસ સૂકાવી નાખ્યો છે અને સંસાર પણ છોડી દીધો છે. હવે એક તો એને ભગવાન

સપ્લાઈ કરવા પડે અને એક ભક્તિરસ સપ્લાઈ કરવો પડે. તો એને બે-બે રસ સપ્લાઈ કરવા પડે. જે સંસારી છે એને ખાલી એક ભગવાન્ જ સપ્લાઈ કરવો પડે. ભક્તિરસ તો એના હૃદયમાં મૌજૂદ છે જ, તો અહીં એને બે સપ્લાઈ કરવા પડે. આ દૃષ્ટિથી જ્ઞાનીનું ભક્ત થવું બહુ કઠિન વાત છે. એટલા માટે આચાર્યચરણ કહે છે **"જ્ઞાની ચેદ્ ભજતે કૃષ્ણં તસ્માત્ નાસ્તિ અધિકઃ પરઃ"** (ત.દી.નિ.૧/૧૪) એનાથી વધારે અનુગ્રહનું ઉદાહરણ મળવું બહુ મુશ્કેલ છે કે જ્ઞાની હોવાછતાં પણ કૃષ્ણનું ભજન કરી રહ્યો છે. મતલબ જો જ્ઞાની છે તો કૃષ્ણભજન નથી થઈ શકતું. જો કૃષ્ણભજન કરી રહ્યો છે તો માનો જ્ઞાની નથી. પરંતુ આવી વાત નથી. જ્ઞાની પણ કૃષ્ણભજન કરી શકે છે. કરી શકે છે તો તેને પરમકૃપાનો વિષય માનવામાં આવ્યો છે. તો આ નિર્ગુણગોપિકાઓ જ્ઞાની છે છતાંપણ એમનો(નિર્ગુણગોપિકાઓનો) ભગવાનમાં સ્નેહભાવ એટલો જ દૃઢ છે જેટલો તામસગોપિકાઓનો. હવે એ સંતુલન કેવીરીતે થઈ રહ્યું છે? "તો થૂ જાણે ઔર થારો રામ જાણે." તે આપણે ન કહી શકીએ કે આ સંતુલન કેવી રીતે થઈ રહ્યું છે? કેવીરીતે થઈ રહ્યું છે? આ એમના જ્ઞાનના સ્વભાવથી તો નથી થઈ રહ્યું.

### (હઠેન દાસીકૃતા)

જેમ ગોપિકાઓની વયના સ્વભાવથી તો રાસલીલા સંભવ ન હતી. વયના સ્વભાવનું વિવેચન કરો તો રાસલીલા સંભવ હતી શું? કોઈ તો પાંચ વરસની હતી, કોઈ છ વરસની હતી. તો રાસલીલાનો પ્રસંગ જ ઉપસ્થિત નથી થતો. તો વયના સ્વભાવથી તો રાસલીલા સંભવ નથી. ભગવાનની કૃપા કે ભગવાનની શૃંગારાત્મિકા દૃષ્ટિ એના કારણે એ રાસલીલા સંભવ થઈ. ત્યાં ભગવાનની રસાત્મિકા દૃષ્ટિના કારણે રાસલીલા સંભવ છે. વયના કારણે રાસલીલા નથી. એવીજ રીતે આ નિર્ગુણગોપિકાઓને જ્ઞાનના કારણે સ્નેહ નથી પરંતુ આ જ્ઞાની છે તો પણ ભગવાન્ એમને લૂંટી રહ્યા છે. એમના જ્ઞાનને લૂંટીને એમનામાં સ્નેહ પેદા કરી રહ્યા છે.

જેમ મધુસૂદન સરસ્વતી કહે છે **"અદ્વૈતવીથિપથિકૈઃ ઉપાસ્યાઃ સ્વારાજ્યસિંહાસનરત્નભૂતાઃ શઠેન કેનાપિ વયં હઠેન દાસીકૃતા ગોપવધૂવિટેન."** (મધુસૂદનસરસ્વતી). અદ્વૈતવીથિ મોનીજમ્‌ની જે લાઈન

છે, એમાં દોડી દોડીને આવનારા 'પથિક'=એમાં ચાલવાવાળા જે યાત્રી છે, એ જ્યાં પહોંચવા માગે છે, એમની ડેસ્ટિની ટોટલ ઇન્ડિપેન્ડેન્સ છે, ઇટ ઇજ નોટ રિલાઈંગ ઈવન ઓન ગોડ. **''અહં બ્રહ્મ અસ્મિ''**(બૃહ.ઉપ.૧/૪/૧૦). અદ્વૈતપથના પથીક જેને પોતાનું અંતિમ લક્ષ્ય માને છે એવું જે સ્વારાજ્યસિંહાસન એના તો અમે સ્વયં હીરા જેવા છીએ, કહી રહ્યા છે ''આઈ એમ લાઈક્ એન્ ડાયમન્ડ્ ઓન દ્ થ્રોન્.'' (મતલબ ઉત્કૃષ્ટતમ ફલોપભોગ કરનારા છીએ). પરંતુ શું કરીએ! કોઈ એક બદમાશ એવો છે કે જેણે બળજબરીથી અમને પોતાનો ગુલામ બનાવી લીધો છે. હવે શું કરી શકીએ છીએ! એ બદમાશ સ્વયં પાછો ગોપવધૂઓની પાછળ પાછળ ફરવાવાળો ખુદ એમનો ગુલામ છે.

### (ઈત્થંભૂતગુણો હરિઃ)

હવે આ જ્ઞાની છે ભાગવત કહે છે **''આત્મારામશ્ચ મુનયઃ નિર્ગ્રન્થાઅપિ ઉરુક્રમે કુર્વન્તિ અહૈતુકીં ભક્તિમ્ ઈત્થમ્ભૂતગુણો હરિઃ''** (ભાગ.પુરા.૧/૭/૧૦). જે મુનિ છે અને નિર્ગ્રન્થ છે મતલબ એમના અંદર કોઈ વાસનાની કે કોઈ કર્મની કોઈ ગ્રંથી નથી, પરંતુ **''કુર્વન્તિ અહૈતુકી ભક્તિમ્''** ભગવાનની અહૈતુકી ભક્તિ કરે છે. શામાટે કરે છે? આ જો એમને પૂછશો તો તેઓ કહી નહીં શકે (ધે વોન્ટ બી એબલ્ ટૂ ગિવ્ એની એક્સ્પ્લેનેશન્ એજ્ ટૂ વ્હાય્ ધે આર્ ડુઈંગ્ ધીસ્ ભક્તિ યટ્ ધે આર્ ડિવોટેડ્.) આનું કારણ છે **''ઈત્થમ્ભૂતગુણો હરિઃ''** આ પ્રકારના હરિમાં ગુણ હોવાના કારણે ભક્તિ જ્ઞાનમાં પણ સંભવ છે. જ્ઞાનના સ્વભાવને કારણે નહીં પરંતુ હરિના ગુણોને કારણે. પ્રભુના સ્વભાવના કારણે પ્રભુમાં ભક્તિ સંભવ છે. જ્ઞાનમાં આ પ્રકારની કોઈ પોટેન્શિયાલીટી (સંભાવના) નથી કે જે તમને ભગવાનના ભક્ત બનાવી શકે. જૂઓ! આ નિર્ગુણગોપિકાઓ ઉપર કેટલી મહતી કૃપા છે, એની વાત કહી હતી.

### (ભક્તિઃ પ્રવર્તિતા દિષ્ટ્યા મુનીનામપિ દુર્લભા)

પરંતુ જો તમે આ વિચાર કરો કે નિર્ગુણગોપિકા જ પરમ કૃપાભાજન છે તો એવી વાત નથી. એ બાજુ સામર્થ્યપર દૃષ્ટિ કરશો તો આશ્ચર્ય થશે કે અરે આ તામસ છે! **''ભગવતિ ઉત્તમશ્લોકે ભવતીભિર્ અનુત્તમા ભક્તિઃ પ્રવર્તિતા**

**દિષ્ટ્યા મુનીનામપિ દુર્લભા...સર્વાત્મભાવો અધિકૃતો ભવતીનામ્ અધોક્ષજે વિરહેણ મહાભાગા મહાન્ મે અનુગ્રહઃ કૃતઃ"**(ભાગ.પુરા.૧૦/૪૪/૨૫-૨૭). મતલબ અક્ષજજ્ઞાન, પ્રત્યક્ષજ્ઞાન, એની જ્યાં પહોંચ નથી, એવા વિષયોમાં તમે કેવળ ભક્તિ કરી કે શ્રદ્ધા કરી હોત તો તો બીજી વાત હતી, પરંતુ તમે એને જોયો સાંભળ્યો સૂંઘ્યો પકડ્યો નચાવ્યો પીટ્યો. શું શું નથી કર્યું એ અધોક્ષજની સાથે! જે અધોક્ષજ છે, જેને જોઇ નથી શકાતો, એની સાથે આ તામસવતી ગોપિકાઓએ કેવા કેવા વ્યવહાર નથી કર્યા! સર્વાત્મભાવથી બધુંજ કાંઈ કર્યું. આવો ભાવ જ્ઞાનમાં તો સંભવ જ નથી હોઈ શકતો. ખરેખર આ કાર્ય જ્ઞાનવાળી ગોપિકા કરી પણ નહીં શકે. પૂર્ણ સ્નેહ હોવા છતાંપણ કાંઈક ને કાંઈ બાધા તો એમાં આવી જ જશે. નિર્ગુણગોપિકાઓમાં કાંઈક ડ્રોબેક (ખામી) પોતાની નિર્ગુણતાના કારણે રહેશે પરંતુ સ્નેહના કારણે ડ્રોબેક નથી. એ ડ્રોબેક (ખામી) નિર્ગુણતાને કારણે છે એ ભગવાનને પીટી નહીં શકે, હાથપકડીને નચાવી નહીં શકે.

કહે છે જે વખતે હોરીની ધમાલ ચાલી રહી હતી અને ઠાકોરજી ત્યાં પધાર્યા તો બધી ગોપીઓએ એમને પકડી લીધા. પકડીને સાડી પહેરાવી ચોલી પહેરાવી કાજળ આંજ્યું ટીકી લગાવી બધા શૃંગાર કર્યા ગુલાલ લપેટી ગોળ ગોળ ઘુમાવ્યા મુખપર ગુલાલ લગાવ્યો અને કહ્યું કે પાછા આવજો આ બાજુ હોરી ખેલવા. **"નૈન નચાય કહ્યો મુસકાય લલા ફિર આઈયો ખેલન હોરી"**. હવે આટલી દુર્ગતિઓના પછી પાછા કોણ હોરી ખેલવા જાય પરંતુ ઠાકોરજી જાય છે. તો આ લીલા તામસભક્ત કરી શકે છે પરંતુ નિર્ગુણભક્ત ઠાકોરજીની આવી ફજેતી ન કરી શકે. આ લીલાનો અધિકાર કેવળ તામસભક્તોનો જ છે. આવો અધિકાર ઠાકોરજી તામસભક્તોને જ આપે છે. હવે તામસ મોટો કે નિર્ગુણ મોટો? કાંઈ કહી નથી શકાતું. આપણા સામર્થ્યથી તો એટલું વિચારવું કે બંને જ મોટા અને બંને જ નાના. નિર્ગુણતામાં તામસતાની પ્રધાનતા દેખાશે અને તામસતામાં નિર્ગુણતાની પ્રધાનતા દેખાશે. આમાં નાના મોટાનો પ્રશ્ન નથી. આ આખું પ્રકરણ સંક્ષેપમાં કાલે આપણે જોયું.

**ટિપ્પણી :**

**સખ ઉદેયિવાન્ ઈત્યત્ર, પૂર્વમપિ સખા યથેચ્છમ્ ઈત્યાદિ.**

**"સુપર્ણાવેતૌ સયુજૌ સખાયૌ" ઈતિ શ્રુતેઃ અન્તરાત્મા જીવસ્ય સખા ભવતિ. પ્રકૃતે ચ સ્વરમણેચ્છામ્ અનતિક્રમ્ય તદનુરૂપમેવ અસ્માન્ પ્રેરયસિ ઈત્યર્થઃ. અતએવ અસ્માકં નાયિકાભાવએવ સાર્વદિક ઈતિ ભાવઃ. એતાદશસ્ય આગમનં નાયિકાયૈ સ્વસમર્પણાર્થમેવ ભવતીતિ તદેવ કર્તુમ્ ઉચિતમ્ ઈતિ ભાવઃ ઈતિ આશયેન આહુઃ આગતસ્ય ઈત્યાદિ.**

**વિવરણમ્ :**

**(સખ ઉદેયિવાન્)**

ચોથા શ્લોકની ટિપ્પણીમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે **સખ ઉદેયિવાન્ ઈત્યત્ર, પૂર્વમપિ સખા યથેચ્છમ્ ઈત્યાદિ...અતએવ અસ્માકં નાયિકાભાવએવ સાર્વદિક ઈતિ ભાવઃ. એતાદશસ્ય આગમનં નાયિકાયૈ સ્વસમર્પણાર્થમેવ ભવતીતિ તદેવ કર્તુમ્ ઉચિતમ્ ઈતિ ભાવઃ ઈતિ આશયેન આહુઃ આગતસ્ય ઈત્યાદિ."** નિર્ગુણાગોપિકા હોવાના કારણે આને આ રહસ્ય ખબર છે કે પ્રભુ અંતરાત્મા છે, અંતર્યામી છે, અંતર્દષ્ટા છે અને સખા છે. અંતરાત્માના (આત્માના) પણ અંતરાત્મા છે, અંતર્દષ્ટા છે, પ્રત્યગ્દ્રષ્ટા છે, પ્રત્યગાત્મા છે અને સખા છે. **"દ્વાસુપર્ણોવેતો સયુજૌ સખાયૌ/દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે તયોર્ અન્યઃ પિપ્પલં સ્વાદુ અત્તિ અનશ્નન્ અન્યો અભિચાકશીતિ"** (મુંડકોપ.૩/૧/૧). શ્રુતિમાં આ વાત બતાવી અને આ ગુણરૂપ બતાવ્યું હોવાના કારણે, **શ્રુતેઃ અન્તરાત્મા જીવસ્ય સખા ભવતિ.** ભગવાન્ જીવના સખા છે કેમકે આત્માની સાથે પ્રભુ અંતર્યામીના રૂપમાં બિરાજેલા છે. **"ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશે અર્જુન! તિષ્ઠતિ ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા. તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત! તત્પ્રસાદાત્ પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્"** (ભગ.ગીતા ૧૮/૬૧-૬૨). જે પ્રકારનું અંતર્યામીનું સ્વરૂપ છે ઈશ્વરનું, મતલબ એવો અંતર્યામી, નિર્ગુણગોપિકા હવે આ યુક્તિ આપી રહી છે કે અમે અહીં સુધી આવ્યા. અમે જે કાંઈ સંવાદ કર્યો અને એ અમારા સંવાદનો જવાબ તું ન આપી શક્યો તો "મૌનં સમ્મતિ લક્ષણમ્." એક વાત હું કહું અને એક વાત તમે કહો અને તેના પછી તમે ચૂપ થઈ ગયા. તમે જવાબ જ ન આપ્યો, એનો મતલબ છે કે તમારી સંમતિ છે. જો તમારો વિરોધ હોય તો ખંડન-બંડન કરવું જોઈએ. ખંડન-બંડન નથી કરી રહ્યા તો તમારી સંમતિ છે.

## (આત્મારામોઽપિ અરીરમત્)

જ્યારે તમે કહ્યું ચાલ્યા જાઓ! તો અમે એનું ખંડન કર્યું. **"મૈવં વિભો! અર્હતિ ભવાન્ ગદિતું નૃશંસં સન્ત્યજ્ય સર્વવિષયાન્ તવ પાદમૂલં પ્રાપ્તા ભજસ્વ દુરવગ્રહ મા ત્યજ અસ્માન્ દેવો યથા આદિપુરુષો ભજતે મુમુક્ષૂન્"** (ભાગ.પુરા.૧૦/૨૬/૩૧). જ્યારે અમે એનું ખંડન કર્યું અને એનો જવાબ તમે ન આપી શક્યા, તમે એમાં મૌન ધારણ કરી લીધું, તો આ "મૌનં સમ્મતિ લક્ષણમ્". એક તો અમને પ્રેરિત કરીને અંતર્યામી રૂપથી અહીં બોલાવ્યા તો એમાં પ્રેરક તો તમે જ હતા. જે અમે કહ્યું તો એ પણ તમારી પ્રેરણાવશ કહ્યું હશે. **"યો અન્તઃ પ્રવિશ્ય મમ વાચમ્ ઈમાં પ્રસુપ્તાં સંજીવયતિ અખિલશક્તિધરઃ સ્વધામ્ના અન્યાંશ્ચ હસ્તચરણશ્રવણત્વગાદીન્ પ્રાણાન્ નમો ભગવતે પુરુષાય તુભ્યમ્"** (ભાગ.પુરા.૪/૯/૬). જ્યારે બધુંજ કાંઈ હસ્ત પાદ શિર હૃદય વગેરેને પ્રેરણા આપી રહ્યો છે તો તમારા વચનોનું ખંડન પણ અમે તમારી પ્રેરણાથી જ કર્યું હશે. કાંઈ અમારા બળ-સામર્થ્યપર તો કર્યું નહીં હોય. રાજની પ્રેરણાથી રાજના વચનોનું ખંડન કર્યું. હવે બધા કામ તમારી પ્રેરણાથી થયા તો સિદ્ધ થયું કે **પ્રકૃતે ચ સ્વરમણેચ્છામ્ અનતિક્રમ્ય તદનુરૂપમેવ અસ્માન્ પ્રેરયસિ ઈત્યર્થઃ**. જો તમને સ્વરમણની ઈચ્છા હોત તો હવે અપ્રકટ થવાનો, તિરોહિત થવાનો મતલબ શું કે તમને આત્મરમણની ઈચ્છા છે! મતલબ **"આત્મારામોઽપિ અરીરમત્"** (ભાગ.પુરા.૧૦/૨૬/૪૨). આ જે બતાવ્યું કે તમે આત્મારામ છો, એમાં તો અમને કોઈ ઈન્કાર નથી. પરંતુ આત્મારામ હોવાછતાં પણ તમે આ રમણ કરવા ઈચ્છતા હતા એ કારણથી તો અમે અહીં સુધી આવી. તમે રમણ કરવા ઈચ્છતા હતા ત્યારે તો અમે તમારી વાતનું ખંડન કરી શકી, નહીંતર તો ઈશ્વરની વાણીનું કોઈ ખંડન કરે! અરે વધારેમાં વધારે ખંડન થઈ જાત પરંતુ જો ભગવદિચ્છા ન હોત તો અહીં ઊભા રહી શકત શું! ભગવદિચ્છા ન હોત તો એમના પુત્ર એમના પિતા એમના પતિ એમના ભાઈ એમને શોધતા શોધતા અહીં સુધી ન આવી જાત શું? શું ગડબડ થઈ ગઈ કે કોઈ ન આવ્યું? કાંઈક ને કાંઈક ભગવદિચ્છા તો નિયામક જ હતી અને જે વખતે ભગવદિચ્છા નિયામક હતી તે વખતે અમારી વાત ટકી. વાણીમાં જ ટકી કેવળ આટલું જ નહીં, અર્થ સુધી ટકી. તો સિદ્ધ થયું કે તમારી ઈચ્છા

આત્મરમણની ઈચ્છા નથી પરંતુ રાસરમણની છે.

જે વખતે રાસરમણની ઈચ્છા છે ત્યારે તમે તદનુરૂપ અમને પ્રેરણા આપી. હવે વચમાં આ શું ગડબડ થઈ રહી છે? આનું એક્સ્પ્લેનેશન (ખુલાસો) લાવો. આ ગોપિકા એક્સ્પ્લેનેશન માગી રહી છે કે અંતર્ધ્યાન થવાનું પ્રયોજન શું? કેમ અંતર્હિત થયા? નિર્ગુણ છે તેથી ભગવાનના બધા રસ્તા જાણે છે આથી તે ભગવાનપાસે એક્સ્પ્લેનેશન પૂછી રહી છે. **અતએવ અસ્માકં નાયિકાભાવએવ સાર્વદિક ઈતિ ભાવઃ.** જો તમારી આત્મરમણની ઈચ્છા હોત તો અમારામાં નાયિકાત્વ આવત કેવી રીતે? અમે તો ઋષિ હતા કાં તો શ્રુતિ હતા. થોડીક ગોપિકાઓ પોતાના સ્વરૂપમાં ઋષિ છે. થોડીક ગોપિકાઓ પોતાના સ્વરૂપમાં શ્રુતિઓ છે. શ્રુતિ છે અને ઋષિ છે તો એમનામાં નાયિકાત્વ આવ્યું કેવીરીતે? જો ભગવાનની આત્મરમણની ઈચ્છા ન હોય તો આમનામાં નાયિકાત્વ તો આવી જ ન શકે. **''યહ સુખ રમા તનિક નહીં પાયો જદપિ પલોટત પાય. અરી ચલ નવલ કિશોરી ભોરી હોરી ખેલન જાંય''** (નંદદાસજી) તો આમનામાં નાયિકાત્વ એમના સામર્થ્યથી નથી આવ્યું, એમના સ્વભાવથી નથી આવ્યું, ભગવાનની આત્મરમણની ઈચ્છા થોડીક ક્ષીણ થઈ કે ન્યૂન થઈ કે તિરોહિત થઈ, જેવી પણ વ્યાખ્યા કરો, આત્મરમણની ઈચ્છા ગૌણ થઈ, તાવતા આમનામાં નાયિકાત્વ આવ્યું. **''સ ઈમમેવ આત્માનં દ્વેધાપાતયત્ તતઃ પતિશ્ચ પત્ની ચ અભવતામ્''**(બૃહ.ઉપ.૧/૪/૩). એ પરમાત્મા પોતેજ પત્ની અને પતિ માં બંટાઈ ગયો. આ માટે દ્વિરૂપપણું નાયિકાત્વ અને નાયકત્વ આવ્યું. જ્યારે નાયિકાત્વ આવ્યું તો એના આવ્યા પછી નાયક તિરોહિત થઈ જાય, તો પછી નાયિકા આત્મરમણ શું કરશે? આમ તે પોતાનો સ્ટ્રોંગ કેસ પોતાનો પ્લીડ કરી રહી છે.

### (આગમનં સ્વસમર્પણાર્થમેવ)

**એતાદશસ્ય આગમનં નાયિકાયૈ સ્વસમર્પણાર્થમેવ ભવતીતિ તદેવ કર્તુમ્ ઉચિતમ્ ઈતિભાવઃ ઈતિ આશયેન આહુઃ આગતસ્ય ઈત્યાદિ.** હવે કહે છે કે જે વખતે અમારામાં નાયિકાત્વ આવ્યું અને જે વખતે તમે પોતાના આત્મારામત્વને ગૌણ બનાવ્યું તો તેના પછી પણ તમે પ્રકટ થયા. તો હવે અમારા સમર્પણનો પ્રશ્ન કાંઈ થોડો જ છે હવે તો તમે સમર્પિત થઈ જાઓ.

હવે અમારા સમર્પણનો પ્રશ્ન તો મોડો (લેટ્) થઇ ગયો કેમકે જે દિવસે તમે તમારા આત્મારામત્વને ગૌણ કર્યું. જે વખતે અમારી ભીતર નાયિકાત્વની સ્થાપના કરી એજ દિવસે અમારું આત્મસમર્પણ તો થઇ ગયું. મતલબ અમારા અસ્તિત્વનો, અમારી સત્તાનો અર્થ તો એજ થઇ ગયો. હવે અમારી સત્તાના સમર્પણનો તો કોઇ પ્રશ્ન નથી પેદા થતો. હવે બીજો તબક્કો આ છે કે તમે સમર્પિત થઇ જાઓ. ચાલો. તમારું આત્મનિવેદન અમારી સામે કરો. તુલસીપત્ર લઇને તમે અહીં આવો અને કહો ''દાસો અહં તવ અસ્મિ'' હવે તમે તમારું આત્મનિવેદન કરીદો.

**સ્વસમર્પણાર્થમેવ ભવતીતિ તદેવ કર્તુમ્ ઉચિતમ્.** જો કોઇ ઔચિત્યનો પ્રશ્ન છે, ત્યારે તો આ કરવું જોઇએ અને અનુચિત કાંઇ કરવું હોય, તો માલિક છો. ઇચ્છો તે કરો. તમે સ્વામિ છો, તમે નાયક છો. ચાહે અનુચિત કરો ચાહે ઉચિત કરો. એમાં તો પાછું આજ કે જે કરે તે ઠીક. એ તો નિર્ગુણગોપિકાઓ છે તેથી સંતોષ તો કરવો જ પડશે. બાકી જો કોઇ ઔચિત્યનો પ્રશ્ન છે તો તો તમારે આત્મનિવેદન કરવું જોઇએ. હવે અમારા આત્મનિવેદનનો પ્રશ્ન નથી. ઔચિત્યનો જો કોઇ પ્રશ્ન છે કે અમે કોઇ ગડબડ ગોટાળા માનાદિના કર્યા તે ઠીક છે. તેથી તમે આત્મનિવેદન કરશો તો અમારા માન છૂટી જશે. જો તમે આત્મનિવેદન નહીં કરો તો અમારા માન છૂટવાથી રહ્યા. તમારા આત્મનિવેદનથી અમારા માન છૂટશે. કેમ? ત્યાં જયદેવજી કહે છે **''સ્મરગરલખંડનં મમ શિરસિ મંડનં ધેહિ પદપલ્લવમ્ ઉદારમ્.''** (જયદેવ) ઠાકોરજી સ્વામિનીજીને કહી રહ્યા છે કે તમારા પદપલ્લવ મારા માથાપર પધરાવો. તમે તમારા ચરણ મારા મસ્તકપર પધરાવી દો પરંતુ કથંચિત્ માન છોડો. જો માન છોડાવવું છે તો સાચી પ્રક્રિયા તો આ છે. અમારામાં જો માન આવ્યું અને જો માન દોષ છે, તો તમે તમારું આત્મનિવેદન કરો. આ શબ્દોમાં **''સ્મરગરલખંડનં મમ શિરસિ મંડનં ધેહિ પદપલ્લવમ્ ઉદારમ્''** પછી જૂઓ અમે માન છોડીએ કે નહીં? જે પ્રકારની લીલા તમે પ્રારંભ કરી છે, એ પ્રકારની લીલાનો નિર્વાહ તમારે જો કરવો હોય તો પ્રકટ થઇ જાઓ. પરંતુ જો કાંઇક અનુચિત કાર્ય કરવું હોય તો મન ફાવે તેમ કરો. એનો તો કોઇ પ્રશ્ન છે નહીં.

સાચું આત્મનિવેદન તો આ છે. જ્યાંસુધી તમે પ્રકટ નહોતા થયા,

ત્યાંસુધી તો અમારા અંદર આત્મનિવેદનનો ભાવ હોવો આવશ્યક હતો. જ્યારે અમે પ્રકટ થઈ ગયા અને તમે પ્રકટ થઈ ગયા, ત્યારે અમારી અંદર આત્મનિવેદનનો ભાવ અપેક્ષિત ન રહ્યો. અમારામાં નાયિકાત્વ તો આવી જ ગયું. જ્યારે અમે આવી ગયા અને તમે પહેલા જ તમારું આત્મરમણ શરણે કરી દીધું અને જ્યારે આત્મરમણ શરણે કર્યું અને આત્મરમણ છોડ્યું તો હવે તમારે તમારું આત્મનિવેદન કરવું પડશે. હવે બોલો કે તમે આત્મરમણ કરવા માગી રહ્યા છો કે આત્મનિવેદન કરવા માગી રહ્યા છો? આમાં કોઈ વચલો રસ્તો નથી. કાં તો આત્મરમણ કરો કાં પછી આત્મનિવેદન. જેમ મેં કાલે જ બતાવ્યું કે બીજી તો બિચારી રહસ્ય નથી જાણતી પરંતુ આ તો નિર્ગુણગોપિકા છે. બીજી તો પોતાના સ્વભાવના કારણે બોલે તો બોલે પરંતુ જેને રહસ્ય ખબર હોય તે કોઈ છોડે? એ તો પૂરો બ્લેકમેલ કરે. જેને રહસ્ય ખબર ન હોય એ થોડોક સંકોચ કે સંતોષ કરે. જેને પ્રભુનું રહસ્ય ખબર છે કે પ્રભુ આત્મરમણ નથી કરવા માગી રહ્યા, એ તો એને પૂરા કલ્મિનેશન પર લઈ જઈ રહી છે કે જો આત્મરમણ નહીં તો બીજો કલ્પ કેવળ આત્મનિવેદનનો છે. જો આત્મનિવેદન નથી કરવું તો પછી કરો આત્મરમણ. પછી અમારા નાયિકાત્વસાથે તારે મતલબ શું? કેમકે આ નિર્ગુણ છે, તો ભાવ તો આ બધા સ્નેહવશ છે પરંતુ શબ્દોમાં આ વાત કહી પણ નથી. શબ્દોમાં તો આટલું જ કહી રહી છે **ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્... ઉદેયિવાન્સાત્વતાં કુલે.** જે શબ્દ છે તે નિર્ગુણતાથી આવી રહ્યા છે અને આ નિર્ગુણતાની પાછળ છૂપાયેલો સ્નેહનો સર્વગુણભાવ છે. સગુણભાવ નહીં સર્વગુણભાવ છે આ વાત ધ્યાનમાં રાખશો તો નિર્ગુણગોપિકાની દષ્ટિનું અને ભાવનું જે તાત્પર્ય છે તે બધું સમજમાં આવશે.

***

## ।।શ્લોક : ૫।।

**ઉત્થાનિકા :**

**અન્યાઃ પુનઃ સાત્ત્વિક-સાત્ત્વિકયઃ, રાજસપ્રધાનાભ્યો વિશિષ્ટાઃ, અપ્રાર્થિતં ચ ભગવાન્ ન દાસ્યતીતિ ભગવત્કરસ્ય સ્વશિરઃ સમ્બન્ધં પ્રાર્થયન્તિ વિરચિતાભયમ્ ઈતિ.**

**વિવરણમ્ :**

**(અપ્રાર્થિતં ન દાસ્યતીતિ...પ્રાર્થયન્તિ)**

આ ગોપિકા સાત્ત્વિક-ગોપિકા છે. આ ગોપિકાના ભાવ સાત્ત્વિક છે. એટલા માટે આ સાત્ત્વિકસાત્ત્વિકી કહેવામાં આવી રહી છે.

કાલે જેમ મેં તમને એ કથા સંભળાવી, બે ગાવાવાળાઓની. એમ દરેક ગોપિકા બીજી ગોપિકાની પ્રાર્થના કે વર્ણનને સાંભળીને ગભરાઈ જાય અને કાંઈક પોતાનું વર્ણન કરી દે. કેમકે એને પોતાના સ્વભાવના અનુરૂપ એ વાત ફિટ નથી લાગતી અને ફિટ નથી લાગતી તો તે પોતાના સ્વભાવના અનુરૂપ વર્ણન કરે અને એ બીજું વર્ણન એનાથી એક પગલું વધારે આગળ થઈ જાય. આ બધા રાજસરાજસી ભાવોના વર્ણન સાંભળીને આ સાત્ત્વિકી બિચારીને ગભરાહટ થઈ રહી છે. આ પ્રકટ થવા જઈ રહ્યા હશે તો આવા આવા વર્ણન કરીને અપ્રકટ કરી દેશે. તો એ ખુલાસો આપી રહી છે કે આ બધી ખોટું કહી રહી છે, જરાક મારી વાત સાંભળો. કેમ કે બધાની પોત-પોતાની વાત છે ને!

જેમ દાદાજી કોલ્હાપુર પધારતા ન હતા. ઘણી વખત અહીં કોલ્હાપુરથી દાદાજીને આમંત્રણ પણ ગયા અને પત્ર પણ ગયા. હવે નહોતા પધારતા તો દાદાજીના નાનપણના એક મિત્ર નટવરભાઈ છે, એમને લઈને ગયા. નટવરભાઈએ દરવાજો બંધ કરીને દાદાજીને કહ્યું કે ''શું અમને કોઈ બીજા ગોસ્વામી નથી મળતા કે જે અમે તમારી આજીજી કરીએ છીએ? તમને આટલી વિનંતી કરી રહ્યા છીએ કોલ્હાપુર આવવાની. શું અમને કોઈ બીજા ગોસ્વામી અવેલેબલ નથી?'' હંસૂભાઈનો પરિચય એજ વખતે થયો હતો. હવે હંસૂભાઈ તો ગભરાઈ ગયા કે આવું કહેવાથી તો આવતા હશે તો પણ નહીં

આવે. પરંતુ એનાથી ઉલટું થયું. દાદાજીએ કહ્યું કે ''ચાલો આવી રહ્યો છું.'' કેમકે એ દાદાજીના નાનપણના દોસ્ત હતા. બહુ બ્લન્ટ વાત કહી તો દાદાજીએ કહ્યું ''ચાલો સમય નક્કી કરી લો, આવી રહ્યા છીએ કોલ્હાપુર.'' હવે હંસૂભાઇ કહેત તો કદાચ એક વખત વાત પછી પોસ્ટપોન્ડ થઈ જાત. એ તો પોત-પોતાની વાત છે ને! જેનો જેવો અધિકાર. કોઈની બ્લન્ટનેસ પણ કામ આવી જાય અને કોઈનો વિનય પણ કામ ન આવે. આ તો પોત-પોતાના સંબંધની વાત છે.

**''અલ્લાહ તો સબકી સુનતા હે જુર્રત હે શકીલ અપની અપની. હાલીને જુબાંસે ઉફ ભી ન કી ખૈયામ શિકાયત કર બૈઠે..''**. શકીલ કહે છે કે અલ્લાહ તો બધાની પ્રાર્થના સાંભળે છે પરંતુ કોઈ કોઈની પોત-પોતાની જુર્રત છે. હાલી કે જે એક ભક્ત થયો છે, એણે તો ઉફ પણ ન કરી અને ખૈયામ કે જે ભગવાનને હંમેશા ગાળો દઈને જ વાત કરતો હતો એણે ભગવાનને ફરીયાદ પણ કરી દીધી. ખૈયામ કહે છે કે જેટલા પણ પાપ મેં કર્યા છે એ બધાની જવાબદારી તારી છે. કેમકે તેં મને એવો બનાવ્યો. જો તેં મને એવો ન બનાવ્યો હોત તો હું શામાટે પાપ કરત? કોઈ જો ભૂલ છે તો તારી છે કેમકે તેં ખોટી રીતથી મને બનાવ્યો છે. ઉત્પાદનમાં તારી ગડબડી છે. મારામાં તો કોઈ ગડબડી નથી. હું તો એવોને એવોજ છું જેવો તેં બનાવ્યો હતો. તો પાપ પણ કર્યું છે તો તારી ભૂલના કારણે. જે પહેલો પાપી છે તો તે તું છે અને એના પછી હું બીજો પાપી. હવે આ તો એનો ગટસ્ છે કહેવાનો. હાલી પોતાને પાપી માને છે કે હું બહુજ પાપી છું. તું ક્ષમા નહીં કરે તો કોણ ક્ષમા કરશે? તું જ એક ક્ષમા કરવાવાળો છે, હાલી આ વાત કહે છે. પાપી તો બંને જ છે અને ક્ષમા પણ બંનેને મળશે પરંતુ કહેવાની રીત તો પોતાની અલગ અલગ છે ને!

આ પ્રકારથી એ કહી રહી છે, આ કેમકે સાત્ત્વિકસાત્ત્વિકી છે, તો રાજસપ્રધાન ગોપિકાઓની ભાષાને આ સમજી નથી શકતી. રાજસપ્રધાન ગોપિઓનો ભાવ આના પલડે પડે નહીં પરંતુ એક વાત આના પલડે પડી કે નિર્ગુણગોપિકાએ કોઈ પ્રાર્થના તો કરી નથી. **''ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્ અખિલદેહિનામ્ અન્તરાત્મદક્ વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ! ઉદેયિવાન્ સાત્ત્વતાંકુલે''** તો આમાં પ્રાર્થના તો કરી જ નથી. ગુણ તો સાચા બતાવી દીધા

પરંતુ કાંઈક બોલવું તો જોઈતું હતું ને તે વખતે! હવે ભાવ તો છે તેના પોતાના, નિર્ગુણગોપિકાના પણ પોતાના ભાવ છે પરંતુ શબ્દોમાં એણે કાંઈ પ્રાર્થના તો કરી નથી. હવે આને લાગ્યું કે ચાહે કેટલા પણ મોટા ગુણ હોય પરંતુ પ્રાર્થના નથી કરી તો મળશે કેવીરીતે? મતલબ માં પણ જ્યાંસુધી બાળક રોવે નહીં ત્યાંસુધી દૂધ ન પીવડાવે. તો વગર પ્રાર્થના કર્યે ભગવાન્ કેવી રીતે પ્રકટ થઈ જશે પ્રકટ થવાની પ્રાર્થના નહીં કરીએ તો પ્રકટ થશે નહીં. એટલા માટે નિર્ગુણગોપિકાએ વાત કહી કે એ તો ઠીક કર્યું પરંતુ એમાં એક કમી શું રહી ગઈ? જેમ રાજસગોપિકાઓએ તો બહુ ભયંકર વાત કહી, આ શું કે કોઈએ ગાળ આપી દીધી, કોઈએ કાંઈ કહી દીધું! આમના સાત્ત્વિક સ્ભાવના કારણે આને એ ભાષા તો સમજમાં આવી નહીં. નિર્ગુણની કાંઈક ભાષા સમજમાં આવી રહી છે પરંતુ એમાં ક્યારેક શું લાગી રહ્યું છે? ભાષા તો બરાબર છે પરંતુ આમાં પ્રાર્થના તો કાંઈ કરી નથી. કાંઈક તો માગવું જોઈતું હતું! આ પંક્તિઓમાં આચાર્યચરણ બહુ અસ્પષ્ટપંક્તિ કહી રહ્યા છે, ધ્યાન આપો તો સ્ફુટ થઈ શકે નહીંતર તો ન થઈ શકે. **અન્યાઃ પુનઃ સાત્ત્વિકસાત્ત્વિક્યઃ, રાજસપ્રધાનાભ્યો વિશિષ્ટાઃ.** મતલબ જેટલી રાજસપ્રધાન ગોપિકાઓ હતી કોઈએ જે 'તું' કહીને ભગવાનની સાથે પ્રાર્થના કરી અને જે ગાળો આપી આપીને પ્રાર્થના કરી, એ તો આની સમજમાં ન આવ્યું, નિર્ગુણની વાત થોડીઘણી સમજમાં આવી. કેમકે સાત્ત્વિક-સાત્ત્વિક છે પરંતુ એમાં આને એક કમી આ લાગી કે માગ્યું તો કાંઈ નહીં? કેવળ ગુણવર્ણન કરી દીધું અને ભગવાન્ કહે કે ચાલો ઠીક છે જે તમે કહ્યું **''ન ખલુ ગોપિકાનન્દનો... ઉદેયિવાન્ સાત્ત્વતાંકુલે''** હવે ભગવાન્ સ્વીકાર કરે કે ચાલો હું આવો છું તો પછી? હવે આગળ શું થશે? કાંઈક તો કબૂલ કરાવી લઈએ. જે કબૂલાતના કારણે આપને પ્રકટ થવું પડે ત્યારે તો આ ગાવાનું કાંઈક પ્રયોજન છે. આટલી દીનતા પણ શું કામની જેમાં કોઈ પ્રાર્થના જ ન કરી! એટલા માટે કહે છે **અપ્રાર્થિતં ચ ભગવાન્ ન દાસ્યતીતિ.** અપ્રાર્થિત તો ભગવાન્ કાંઈ આપશે નહીં. હવે અપ્રાર્થિત ભગવાન્ નહીં આપે આવું આને કેમ લાગી રહ્યું છે? પોતાના સાત્ત્વિક સ્વભાવના કારણે.

નિર્ગુણને પ્રાર્થનાની આવશ્યકતા કેમ ન લાગી? કેમકે તેને પોતાની નિર્ગુણતાના કારણે બધું રહસ્ય એને ખબર છે. જેમ **''પ્રાર્થિતે વા તતઃ કિં**

**સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્. સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વ સામર્થ્યમેવ ચ''** (વિ.ધૈ.આ.૨). જે સર્વજ્ઞ છે, જે સર્વવ્યાપિ છે, સર્વભૂતાન્તરાત્મા છે, બધુંજ કાંઇ જાણે છે, બધુંજ કાંઇ આપવામાં સમર્થ છે અને સર્વસખા છે, તો એને પ્રાર્થના કરીને આપણે શું પ્રાપ્ત કરી લઇશું! પ્રાર્થના કોને કરવામાં આવે? જે ન જાણતો હોય, એને ખબર ન હોય. માંને ખબર નથી હોતી કે બાળકને ભૂખ લાગી છે. એટલા માટે તો બાળક રોઇ રોઇને દૂધ માગે છે ને! જેમ હોસ્પિટલમાં નર્સને ખબર હોય કે આટલા વાગ્યાથી આટલા વાગ્યા સુધી આ આપવાનું છે અને આટલા વાગ્યાથી આટલા વાગ્યા સુધી આ આપવાનું છે. તો બાળકના રોતા પહેલા જ તે એના મોઢામાં બોટલ લગાવી દેશે. કેમકે એનું ટાઈમટેબલ બાંધેલું છે. તો જેને ખબર છે બધી વાત, એને તો બતાવવાની જરૂરત નથી. જેને ખબર ન હોય તો તેને બતાવવાની જરૂરત પડે. ભગવાનને પ્રાર્થનાની આવશ્યકતા ત્યારે હોય જ્યારે ભગવાનને ખબર ન હોય. નિર્ગુણગોપિકાઓનો આ ભાવ સુદઢ છે કે ભગવાનને બધુંજ કાંઇ ખબર છે તો પ્રાર્થના શામાટે કરવી?

સાત્ત્વિકને આવું નથી લાગી રહ્યું કે ભગવાનને બધી જ કાંઇ ખબર છે. આને ભગવાનની ખબર છે પરંતુ સાત્ત્વિકતાના કારણે મનમાં આ થોડોક સંદેહ થઇ રહ્યો છે કે પ્રભુને વિનીત શબ્દોમાં કાંઇક તો પ્રાર્થના કરવી જ જોઇએ, કેમકે નિર્ગુણતા નથી. આથી આને લાગે કે થોડા વિનીત શબ્દોમાં કે જેનાથી પ્રભુ પ્રસન્ન થઇ જાય આપણી સાત્ત્વિકતાપર, આપણા સાત્ત્વિકભાવમાં, એવા ભાવોથી પ્રભુની પ્રાર્થના કરવી જોઇએ. એટલા માટે બહુજ સાત્ત્વિકભાવથી માગી રહી છે કે પ્રભુ પ્રસન્ન થઇ જાઓ આ પ્રકારથી અને અમારા માથાપર એક વખત આશીર્વાદ રાખી દો. આશીર્વાદ રાખવામાટે પ્રકટ તો થવું જ પડશે. જો એક એવું વરદાન માગી લે કે અમારા માથાપર આશીર્વાદનો હાથ રાખી દો. વગર પ્રકટ થયે હાથ રાખવાની તો ખબર જ કેમ પડે? જો ભગવાન્ કહે કે ''ચાલો હું પ્રચ્છન્નરૂપથી માથા પર હાથ ધરું'' તો અમને કેમ ખબર પડે? તો કહી રહી છે કે એવી રીતથી અમારા માથા પર હાથ રાખો કે અમને ખબર પડી જાય. હવે હાથ કેવો? જૂઓ હવે પોતાની જાળ બિછાવી રહી છે, તાણાવાણા. હવે હાથ કેવો? **વિરચિતાભયમ્.** એના માટે

આવા વિશેષણ કહી રહી છે કે જેનામાટે ભગવાનને પ્રકટ થવું જ પડે. હવે ખાલી એમ કહી દે કે માથા પર હાથ રાખી દો અને ભગવાન્ કહી દે કે ચાલો હું અપ્રકટ રૂપથી બધાના માથા પર હાથ રાખું, તો તો પ્રાર્થના નકામી થઈ જાય. તો હાથ કેવો? એની બધી શરતો ઘડી રહી છે. કેવો હાથ માથા પર રાખો? **વિરચિતાભયં** આવો હાથ માથા પર રાખો જે હાથના રાખવાથી અમારા મનનો ભય નિવૃત્ત થઈ જાય. એવો હાથ માથા પર ધરો જેથી અમારી કામનાઓ પૂરી થઈ જાય. હાથ તમારો વરદ હાથ માનવામાં આવે છે વરને દેવાવાળો હાથ માનવામાં આવે. એ વરને દેવાવાળો હાથ અમારા માથા પર રાખો જેથી અમારા મનમાં રહેલો ભય નિવૃત્ત થઈ જાય. આપના હાથની એ ક્વોલિટીનો વિચાર કરો અને અમારા માથાપર એ હાથ ધરી દો બસ. અમારી તકલીફ દૂર થઈ ગઈ બીજી અમારે કોઈ પ્રાર્થના નથી કરવી. તમારા હાથના ગુણોનો સ્વભાવનો વિચાર કરો કે તમારો હાથ કેવો છે? ભક્તમનોરથપૂરક હાથ છે. ભક્તના ભયનો ભંજક હાથ છે. આવો તમારો હાથ તે થોડોક અમારા માથા પર રાખી દો બીજું અમારે કાંઈ નથી જોઈતું. બાકી બધું અમે સંભળી લઈશું. આમ બહુજ સરળ સાત્ત્વિક પ્રાર્થના એ કરી રહી છે.

**શ્લોક :**

**વિરચિતાભયં વૃષ્ણિધુર્ય! તે શરણમીયુષાં સંસૃતેર્ ભયાત્।**
**કરસરોરુહં કાન્ત! કામદં શિરસિ ધેહિ નઃ શ્રીકરગ્રહમ્॥૫॥**

**સુબોધિની :**

**હે સ્વામિન્! હૃદયં સ્ફુટતિ. અતઃ યથા સર્વાંગે આપ્યાયનં ભવતિ તથા શિરસિ કરસરોરુહં ધેહિ. શીતલં હિ કમલં ભવતિ, તત્રાપિ સરસિ જાતમ્. તત્રાપિ કરએવ સરઃસ્થાનં સરસિજસ્થાનં ચ, અતઃ ઉદ્ધરણાદિના ન રસાલતાપગમઃ. કાન્ત! ઈતિ સમ્બોધનં પ્રથમતઃ શિરસિ હસ્તસ્થાપનેન સ્વાધીનીકરણં દ્યોતિતમ્. કિંચ ન કેવલં હસ્તઃ તાપમેવ દૂરીકરોતિ કિન્તુ કામદં ચ, અભિલષિતં કામં પ્રયચ્છતિ. નનુ ભગવાન્ પુરુષોત્તમો યોગિધ્યેયઃ, કથં સ્ત્રીણાં સ્પર્શં કરિષ્યતિ ઈતિ ચેત્, તત્ર આહ શ્રીકરગ્રહમ્ ઈતિ, શ્રિયાઃ કરસ્ય ગ્રહો ગ્રહણં યેન. અતો ભગવાન્ ગૃહસ્થ ઈતિ યત્ર લક્ષ્મ્યા હસ્તં ગૃહ્ણાતિ તત્ર અસ્મચ્છિરોગ્રહણે કિં ભવિષ્યતિ! ઈતિ ભાવઃ. નનુ લક્ષ્મીઃ વિવાહિતેતિ**

**વિધિવશાત્ તસ્યા હસ્તગ્રહણમ્, ભવતીનાં ગ્રહણે કો હેતુઃ? ઈતિ ચેત્, તત્ર આહુઃ સંસૃતેઃ ભયાત્ શરણમીયુષાં વિરચિતાભયમ્ ઈતિ. યથા વિધિઃ વિવાહે તથૈવ શરણાગતપાલનેડપિ. વિવાહાપેક્ષયા શરણાગતરક્ષા મહતી, સ સાધારણધર્મો અયમ્ ઈશ્વરધર્મઃ ઈતિ. નનુ અયં નિષિદ્ધઃ પ્રકારઃ ઈતિ કથં પાલનમ્ ઈતિ ચેત્, તત્ર આહુઃ હે વૃષ્ણિધુર્ય! ઈતિ. વૃષ્ણિઃ હિ યદુવંશોદ્ભવઃ બહુસ્ત્રીકઃ બહુવંશકર્તા. તદ્વંશેડપિ ભવાન્ ધુર્યઃ શ્રેષ્ઠઃ. તત્રાપિ સ્ત્રિયઃ સંસારભયાત્ સમાગતાઃ, ન હિ સંસારઃ સ્વભાવતએવ દુષ્ટઃ કિન્તુ અસહ્યદુઃખહેતુરિતિ. તથા વયમપિ મહદ્ દુઃખં પ્રાપ્નુમ્ ઈતિ દષ્ટાદષ્ટદ્વારા ભવાન્ તન્નિવર્તક ઈતિ. અનેનૈવ નિર્ભયતાપિ સૂચિતા. અતઃ 'કાન્ત'સમ્બોધનાદ્ ભવાનેવ ભર્તા. અતઃ સ્ત્રીણાં વ્રતમ્ અનુસ્મરન્, વાંછિતં કુરુ ઈત્યર્થઃ।।૫।।**

**વિવરણમ્ :**

**(શિરસિ કરસરોરુહં ધેહિ)**

**હે સ્વામિન્! હૃદયં સ્ફુટતિ.** હે સ્વામી! અમારું હૃદય ભયના કારણે ફૂટવાની તૈયારીમાં છે. કેમકે આટલી વારથી તમે પ્રકટ નથી થઈ રહ્યા. હવે હૃદયમાં ભય બહુજ વધી ગયો છે. આટલી ગોપિકાઓએ સ્તુતિ કરી લીધી, બધી જગ્યાએ શોધી લીધા. તેના પછી પણ તમે પ્રકટ ન થયા, તો શું ઘટિત થવા જઈ રહ્યું છે? આ ભયના કારણે અમારું હૃદય ફૂટવાની તૈયારીમાં છે.

**અતઃ યથા સર્વાંગે આપ્યાયનં ભવતિ તથા શિરસિ કરસરોરુહં ધેહિ.** અમારા અંગ પ્રત્યંગ શાંત આપ્યાયિત થઈ જાય, એવો શીતલ કમલજેવો તારો હાથઅમારા મસ્તકપર રાખી દે. **શીતલં હિ કમલં ભવતિ તત્રાપિ સરસિ જાતમ્** કમળ શીતળ હોય જ છે. હવે કમળને તોડીને બહાર લઈ આવો તો એનું ટેમ્પ્રેચર બદલી જાય પરંતુ સરસિજ=સરોવરમાં કમળ કેમકે જલની સાથે લાગેલું છે, એની નાળ જોડાયેલી છે, તો એ તો નિતાંત શીતળ જ હોય છે. **તત્રાપિ કરએવ સરસ્થાનં સરસિજસ્થાનં ચ.** અહીં કહે છે કે તમારો શ્રીહસ્ત સરસિજ જેવો છે, કમળ જેવો છે. તો સર શું છે? તો કહે છે કે તમારો શ્રીહસ્ત એક સાથે બંને કામ કરી રહ્યો છે. સરોવરસ્થાનીય પણ છે અને સરસિજસ્થાનીય પણ છે. **અતઃ ઉદ્ધરણાદિના ન રસાલતાપગમઃ. *સરસિજ*** કેવીરીતે છે? "સરસિ જલે સરોવરે જાયતે ઈતિ સરસિજઃ કમલઃ" જલમાં

પેદા થાય તેને સરસિજ કહેવાય. તો કમળની ઉપમા આપી રહી છે. કમળને રૂપક બતાવી રહી છે. કેવીરીતે? શ્રીહસ્ત કમળ જેવો છે. કમલ જેવો છે તો સરઃસ્થાનીય શું છે? શ્રીહસ્ત જે વખતે કમળ જેવો છે તો સરોવર શું છે? તો કહે છે કે શ્રીહસ્તમાં બંને ગુણ છે. સરતા પણ છે અને સરસિજતા પણ છે.

ભાગવતમાં જ્યાં ધ્યાન બતાવ્યું છે, ત્યાં બહુ સુંદર બતાવ્યું છે. **“શઙ્ખં ચ તત્કરસરોરુહરાજહંસમ્. કૌમોદકીં ભગવતો દયિતાં સ્મરેત દિગ્ધામરાતિભટશોણિતકર્દમેન માલાં મધુવ્રતવરૂથગિરોપઘુષ્ટાં ચૈત્યસ્ય તત્ત્વમ્ અમલં મણિમ્ અસ્ય કણ્ઠે”** (ભાગ.પુરા.૩/૨૮/૨૭-૨૮). શ્રીહસ્તમાં શંખ કેવો લાગે છે? શંખને પકડી રાખ્યો છે તે એવો લાગે છે કે જેવો કોઇ રાજહંસ કમળોમાં ઘેરાયેલો બેઠો હોય. ‘શંખમ્’ શંખ પણ સફેદ છે અને રાજહંસ જેવો શ્વેત છે. શ્રીહસ્ત કેવો છે? તે નીલકમલના જેવો શ્યામ છે તો નીલકમલમાં જેમ કોઇ રાજહંસ જઇને બેસી ગયો હોય.

કેમકે જો ખાલી કમળરૂપ હોય અને કમળને જો સરોવરમાંથી તોડી દીધું, તો એની ખિલેલાપણાની તાજગી નથી રહી જતી પરંતુ સરસ્થાન અને સરસિજસ્થાનીય બંનેની સાથે તું જો અમારા મસ્તકપર શ્રીહસ્ત ધરી દઇશ તો તારી રસાલતામાં કાંઇ અપગમ નહીં થાય. પોતાના શ્રીહસ્તને ઉઠાવીને તેં અમારા માથાપર રાખી દીધો, મતલબ તળાવમાંથી ઉઠાવીને કમળને ક્યાંય લઇ જાઓ તો એની રસાલતા ઓછી થઇ જાય, એની તાજગી ઓછી થઇ જાય પરંતુ અમારા મસ્તકપર તમારો શ્રીહસ્ત ઉઠાવીને ધરી પણ દેશો તો એમાં એની રસાલતામાં કાંઇ ઓછપ નહીં આવી જાય. તારો શ્રીહસ્ત તારી પાસે રહે કે અમારા મસ્તકપર રહે. તારો શ્રીહસ્ત ઉદ્ધરણના કારણે, સરસ્થાનીય અને સરસિજસ્થાનીય (બંને) છે. એટલા માટે કમળ ન કહીને **‘કરસરોરુહમ્’** કહ્યું. કરકમલ ન કહ્યું, કરપદ્મ પણ ન કહ્યું અને સરોરુહ કેમ કહ્યું? એ સરસ્થાનીય પણ છે અને સરોરુહસ્થાનીય પણ છે. બંને સ્થાનીય છે તેથી દરેક સ્થિતિમાં એની તાજગી એટલી જ રહેશે જેટલી રહેવી જોઇએ. તારો શ્રીહસ્ત કેવળ કમળરૂપ હોત અને અમારા મસ્તકપર રાખત તો કદાચ એની રસાલતામાં, તાજગીમાં કોઇક ઓછપ આવી જાત પરંતુ તારો ઉભયસ્થાનીય શ્રીહસ્ત તારી સાથે રહે કે અમારા મસ્તકપર રહે, એની તાજગી એટલીની એટલીજ રહેશે.

**અતઃ ઉદ્ધેરણાદિના ન રસાલતાપગમઃ. કાન્ત! ઈતિ સમ્બોધનમ્, પ્રથમતઃ શિરસિ હસ્તસ્થાપનેન સ્વાધીનીકરણં દ્યોતિતમ્.** હવે કાન્ત કેમ કહ્યું? એક વખત અમારા માથાપર હાથ આવીરીતે ધરી દો, તો અમને આશ્વાસન થઈ જશે કે તમે અમારા આધીન થઈ ગયા. આમતો માથાપર હાથ ધરવાથી અમે તો આધીન છીએ જ, એનો તો કોઈ પ્રશ્ન છે જ નહીં પરંતુ અમારી આધીનતાને આધીન તમે થયા કે નહીં? **"અહં ભક્તપરાધીનો હિ અસ્વતન્ત્રઈવ દ્વિજ! સાધુભિર્ ગ્રસ્તહૃદયો ભકતૈઃ ભકતજનપ્રિયઃ"** (ભાગ.પુરા.૯/૫/૬૩). અમે તો તમારા આધીન છીએ, અમારી આધીનતા તમે સ્વીકાર કરી, એનું દ્યોતક(બતાવનારું) શું હોય? જે વખતે તમે અમારા આધીન થઈને અમારા મસ્તકપર હાથધરી દો તો અમારી આધીનતાનો તમે સ્વીકાર કર્યો. એનો મતલબ શું કે અમારી આધીનતાને આધીન તમે થયા. આ અમારા માથાપર તારો હાથ સ્થાપિત કરવો, અમારા સ્વાધીનીકરણના દ્યોતનને માટે થશે. એટલા માટે એક વખત એ કરસરોરુહને અમારા માથાપર તું ધરી દે. મતલબ એક વખત માથાપર હાથ ધરી દઈશ તો અમારા મનના બધા ભય દૂર થઈ જશે અને તારો શ્રીહસ્ત કામદ તો છે જ. તારો શ્રીહસ્ત કામદ ન હોય એવી વાત તો છે નહીં, એ તો તને તારા શ્રીહસ્તના ગુણ ખબર જ છે.

**(કાન્ત! કામદં વિરચિતાભયમ્)**

**કિંચ ન કેવલં હસ્તઃ તાપમેવ દૂરી કરોતિ કિન્તુ કામદં ચ, અભિલષિતં કામં પ્રયચ્છતિ.** હાથ ધરવાથી કેવળ તાપ દૂર થશે, એવી વાત નથી. એના સિવાય પણ બે ગુણ છે. કામદ છે અને કામફલપ્રદ છે. જેમ આપણે ભોજન કરીએ, તો બે પ્રકારના ભોજન કરીએ. એક ભોજન તો એમ થાય કે ભોજન કરીએ અને ભૂખને શાંત કરીએ. કેટલુંક ભોજન એવું હોય જેમ ચટણી છે, એનાથી ભૂખ વધારતા પણ જાઓ અને ખાતા પણ જાઓ. જેમ ચટણીમાં આદુ મેળવવામાં આવે, હીંગ મેળવવામાં આવે, લીંબુ મેળવવામાં આવે, એ ખાતા જાઓ અને ભૂખ વધારતા જાઓ. આ પ્રભુનો શ્રીહસ્ત કેવળ કામનાનુસારી ફલદેનારો છે એટલું જ નહીં પરંતુ ભગવત્કામ વધારવાવાળો પણ છે. કામદ પણ છે અને કામના ફલને દેવાવાળો પણ છે. મતલબ **વિરચિતાભયં** ભયને દૂર કરવાવાળો છે, કામ વધારવાવાળો છે અને કામનું ફલ

દેનારો છે. કેવળ કામ વધારી દે, ભૂખ વધારી દે અને ભૂખને શાંત ન કરે, એવો નથી. આ ગુજરાતમાં મેં ક્યાંક ક્યાંક જોયું કે એ દૂધમાં સૂંઠ મીલાવીને આપે. એના બંને લાભ થઈ જાય. દૂધનું ભારેપણું દૂર થઈ જાય છે. દૂધના કારણે **ક્ષુધાશામકતા** થાય અને સૂંઠના કારણે **ક્ષુધાવર્ધકતા** થાય. હવે એક દૂધ બે ગુણ કરે. સૂંઠ મેળવેલું દૂધ ભૂખ મટાડે પણ અને ભૂખ વધારે પણ, એક સાથે બંને કામ કરે. આ પ્રકારનો પ્રભુનો શ્રીહસ્ત છે. **કાન્ત કામદં** આવો કામદ શ્રીહસ્ત અમારા મસ્તકપર રાખ. મતલબ કેવળ ફલપ્રદ જ નહીં પરંતુ કામને વધારવાવાળો અને કામપૂરક, બંને એક જ સમયે થાય, એવો શ્રીહસ્ત અમારા માથાપર ધર.

**નનુ ભગવાન્ પુરુષોત્તમો યોગિધ્યેયઃ, કથં સ્ત્રીણાં સ્પર્શં કરિષ્યતીતિ ચેત્.** અરે એ યોગિધ્યેય ભગવાન! હવે આ ગોપી સાત્ત્વિક છે એથી આને આવી જ વાતો સૂજે. ગોપીના માથાપર શામાટે હાથધરશે? **તત્રાહ શ્રીકરગ્રહમ્ ઇતિ.** અરે લક્ષ્મીનો હાથપકડે છે કે નહીં! હાથ ન પકડે તો ન પકડ પરંતુ ઓછામાં ઓછો માથાપર તો હાથ ધરી દે. ઉચિત તો આ વાત હતી કે અમારો હાથ પણ આવીને પકડી લે. ન પકડતો હોય તો ન પકડ પરંતુ માથાપર ધરવામાં તારું શું જાય!

**શ્રિયાઃ કરસ્ય ગ્રહો ગ્રહણં યેન. અતો ભગવાન્ ગૃહસ્થઃ ઇતિ.** અરે યોગિઓનું ધ્યેય હોઈશ પરંતુ ગૃહસ્થ છે કે નહીં? બ્રહ્મચારી રહેવાના કોઈ સોગંદ તો નથી ખાધા. જેમ અમુક સંપ્રદાયના સાધુ સ્ત્રીનું મોઢું જ નથી જોતા. એમના એક સ્વામી અમેરિકા ગયા હતા તો પ્લેનમાં આખો પડદો લગાવ્યો. બે લાખ રૂપિયાનો ખર્ચ આવ્યો. તો પ્લેનમાં કોઈ સ્ત્રી દેખાઈ ન જાય. એ એરહોસ્ટેસ દેખાઈ ન જાય એટલા માટે ખાસ વ્યવસ્થા ટેરો લગાવીને કરાવી. અમુક સીટમાં કે કોઈ સ્ત્રી જોવાઈ ન જાય. તો એટલી સીટપર જે ટેરો લગાવ્યો એના માટે કાંઈક બે લાખનો ખર્ચો થઈ ગયો એકલા એક માણસને જવાનો. હવે અમેરિકામાં કોણ જાણે શું કર્યું હશે. હવે ગૃહસ્થ હોત તો કોણ જાણે કેટલો ડરી જાત. એકલા માણસને જવાનો આટલો ખર્ચો આવ્યો હતો. આજથી આઠ-નવ વરસ પહેલાની વાત છે. તો કહી રહી છે કે આ પ્રકારનો તું કોઈ સ્વામીનારાયણનો સાધુ તો છે નહીં. તમે તો **શ્રીકરગ્રહ** છો. કેવળ

સ્વામીનારાયણ સાધુ હોત ત્યારે તો વાત બરાબર હતી પરંતુ આપ તો શ્રીપતિનારાયણ છો. શ્રીપતિનારાયણ થઈને જ્યારે હાથમાં હાથનાખીને ફરી રહ્યા છો, તો માથાપર હાથ ધરવામાં તમારું શું બગડી રહ્યું છે? ગજબની પ્રાર્થના કરી છે. જ્યારે તું ગૃહસ્થછો તો તારા માટે આ નિયમ તો લાગૂ થતો નથી કે સ્ત્રીનો સ્પર્શ કરવો નહીં. આ નિયમ તો યોગિઓના માટે હોય. ગૃહસ્થ હોવાથી તને એવો કયો નિયમનો બાધ આવી રહ્યો છે?

**યત્ર લક્ષ્મ્યા હસ્તં ગૃહ્ણાતિ તત્ર અસ્મચ્છિરોગ્રહણે કિં ભવિષ્યતિ ઈતિ ભાવઃ.** જ્યારે લક્ષ્મીનો હાથપકડવામાં તમને કોઈ બાધા ન આવી, તો અમારા માથાપર હાથ ધરવામાં તમને શું બાધા આવી રહી છે? તો એનાપર કહે છે અરે તમે ખોટું અર્થઘટન કરી રહી છો. **નનુ લક્ષ્મીઃ વિવાહિતેતિ વિધિવશાત્ તસ્યા હસ્તગ્રહણમ્, ભવતીનાં ગ્રહણે કો હેતુઃ ઈતિ ચેત્.** અરે ભાઈ! લક્ષ્મીની સાથે તો અમે વિવાહ કર્યા છે. કાયદેસર અમે એનો હાથ પકડ્યો છે. તમારા માથાપર હાથ કેવીરીતે રાખી શકું? તો કહે છે બરાબર છે જો તમે આ શપથખાધી છે કે વિવાહિત સ્ત્રીના સિવાય કોઈ સ્ત્રીનો સ્પર્શ ન કરવો.

**(શરણાગતપાલનં તુ ઈશ્વરધર્મઃ)**

તો ત્યાં કહે છે **તત્ર આહુઃ સંસૃતેઃ ભયાત્ શરણમીયુષાં વિરચિતાભયમ્ ઈતિ.** જે પણ વ્યક્તિ સંસારથી ડરેલો છ ેએને અભય આપવાની તમારી પોલિસી/તમારું વ્રત છે કે નહીં? જે સંસારથી ડરેલા ભક્ત છે, એમને અભય આપવાનો ગુણ પણ તમારા હાથમાં છે કે નહીં? એ અભય તમે કયા હાથથી આપી રહ્યા છો? તો ચાલો એ હાથ અમારા માથાપર ધરી દો. જે હાથથી તમે લક્ષ્મીનો હાથ પકડ્યો છે, તે હાથ ચાલો અમારા માથાપર ન ધરતા. હવે એ હાથને એગ્જમ્પટ કરી રહી છે. કોઈ એક એવો હાથ ખાલી તો છે ને કે જે હાથથી તમે સંસારભીતવ્યક્તિઓને અભય આપી રહ્યા છો. તો લાવો એ હાથ અમારા માથાપર ધરી દો. અમને ચાલશે.

**યથા વિધિઃ વિવાહે તથૈવ શરણાગતપાલનેઽપિ.** હવે જો તમે કાયદાની વાત કરી રહ્યા છો તો અમારો કાયદાકીય સવાલ સાંભળો. જેમ વિવાહમાં સ્ત્રીનો હાથ પકડવાની વિધિ છે, તેમ શરણાગતના પાલનની વિધિ છે કે નહીં? શરણાગતના પાલનની વિધિ છે અને શરણાગતનું પાલન તમે કરો છો.

**વિવાહાપેક્ષયા શરણાગતરક્ષા મહતી સ સાધારણ ધર્મો અયમ્ ઈશ્વરધર્મેતિ.** અને વિવાહમાં લક્ષ્મી મતલબ પત્નીનો હાથ પકડવો જેટલું મોટું આવશ્યક કર્તવ્ય છે, એનાથી કેટલુંય વધારે વધુ આવશ્યક શરણાગતનું પાલન માનવામાં આવ્યું છે કેમકે વિવાહમાં પત્નીનો હાથતો વિધિ હોવાના કારણે બધા પકડે છે. એ તો બધા માણસોમાં સામાન્ય છે પરંતુ શરણાગતની રક્ષા તો કોઈ ઈશ્વર જ કરી શકે, બધા ન કરી શકે. રક્ષા કરવી તો બહુ અલૌકિક ધર્મ છે. ચાલો ઠીક છે તમે વિવાહિત સ્રીનો હાથ પકડ્યો. આ શ્રીહસ્ત ચાલો વિવાહિત સ્રીનો હાથ પકડવા માટે છે, પરંતુ શરણાગતની રક્ષા કરવાનો તો તમારો શ્રીહસ્ત છે તે અમારા માથાપર રાખો.

**નનુ અયં નિષિદ્ધઃ પ્રકાર ઈતિ કથં પાલનમ્ ઈતિ ચેત્, તત્ર આહુઃ.** તો કહે છે કે આ નિષિદ્ધ પ્રકાર છે. પાલન કરી લેશું પરંતુ માથાપર હાથ શામાટે રાખીએ? આ પાલનનો પ્રકાર નથી. તો કહે કે નિષિદ્ધ પ્રકારની ચર્ચા કરો છો, તો તમે **વૃષ્ણિધુર્ય** છો. વૃષ્ણિ જાત બહુપત્ની જાત હતી. અલગ અલગ જાતિમાં, જેમ કેરળમાં છોકરી ઘરમાં રહે અને પતિ બહારથી આવે. એમ અલગ અલગ જાતિમાં અલગ અલગ નિયમ આપણે ત્યાં હતા. જે જાતિ વૃષ્ણિ હતી, જે જાતિમાં પ્રભુનો જન્મ થયો, ત્યાં બહુપત્નીની પ્રથા હતી. તો એ કહે છે કે જો તમે આ કહો છો કે નિષિદ્ધ પ્રકાર છે તો આપ વૃષ્ણિધુર્ય છો કે નથી? હવે તમે કઈ વાતનો વિચાર કરો છો? જો શરણાગતવાળો હાથ નથી ધરવા માગતા, તો પછી લક્ષ્મીવાળો જ હાથ તમારે ધરવો પડશે. કેમકે યદુવંશમાં આપ પ્રકટ થયા છો અને યાદવોમાં બહુપત્નીપ્રથા હતી. **વૃષ્ણિઃ હિ યદુવંશોદ્ભવઃ બહુસ્રીકઃ બહુવંશકર્તા. તદ્વંશેઽપિ ભવાન્ ધુર્યઃ શ્રેષ્ઠઃ.** તમે યદુવંશમાં શ્રેષ્ઠ માનવામાં આવો છો, તો ચાલો ઓછામાં ઓછું એજ હેતુથી અમારા માથાપર હાથ ધરો. એ નિયમ તમારાપર લાગૂ ન પડે. તમને તમારા કુળનો નિયમ લાગૂ પડે. **તત્રાપિ સ્રિયઃ સંસારભયાત્ સમાગતાઃ** અને અમે સ્રી છીએ તેથી અમારા ભયના સ્થાન વધારે છે. શરણાગત પુરુષ હોય તો કદાચ પોતાની જાતે પણ રક્ષા કરી લે પરંતુ અમેતો સ્રી શરણાગત છીએ. અમારી રક્ષાનો ભાર વધારે થશે. એટલા માટે કહે છે **સંસારભયાત્ સમાગતાઃ** જો તમે તમારો હાથઅમને ન આપ્યો તો અમારી ગતિ શું થશે? સંસારની ગતિ થશે

અને સાંસારિક ગતિ થઈ તો એનો અમને મહાન ભય છે.

**પ્રકાશ :**

**વિરચિતાભયમ્ ઈત્યત્ર. નનુ ભવતીનાં સંસારભયં ક્વ અસ્તિ યેન સંસૃતેઃ ભયાદ્ ઈતિ ઉચ્યતે ઈતિ આકાંક્ષાયાં તત્તાત્પર્યમ્ આહુઃ ન હિ ઈત્યાદિ. અનેન ઈતિ સંસારનિવર્તકત્વકથનેન ઈત્યર્થઃ. તથા ચ અનયા પ્રાર્થનયા દુઃખનિવૃત્તિરેવ પ્રાર્થિતા ઈતિ ભાવઃ।।૫।।**

**વિવરણમ્ :**

અહીં પુરુષોત્તમજીએ બહુ સુંદર અર્થ કર્યો છે. **નનુ ભવતીનાં સંસારભયં ક્વ અસ્તિ યેન સંસૃતેર્ ભયાદ્ ઈતિ ઉચ્યતે.** કહે છે કે સંસારભય તમને ક્યાંથી આવી ગયો? તો કહે છે કે સંસાર (પોતે)પોતાનામાં દુઃખ થોડો છે. સંસારનું પરિણામ દુઃખ છે. સંસાર તો દુઃખ નથી પરંતુ અંતતઃ સંસાર દુઃખરૂપમાં પરિણત થઈ જાય છે. **“વિષયેન્દ્રિય-સંયોગાદ્ યત્ તદ્ અગ્રે અમૃતોપમમ્ પરિણામે વિષમિવ તત્ સુખં રાજસં સ્મૃતમ્”** (ભગ.ગી. ૧૮/૩૮). કહે છે કે પહેલા તો અમૃત જેવો લાગે અને પરિણામમાં વિષની જેમ ફૂટે. એવા બધા સુખ રાજસસુખ છે. આજ પ્રકારથી સંસાર શરુઆતમાં તો મીઠો લાગે, જેમ એલોપેથીની ગોળી. એનાપર એક મિઠાસનું પડ ચડાવેલું હોય. એ મિઠાસ છે ત્યાંસુધી ગળી ગયા તો ઠીક છે પરંતુ જેવું મિઠાસનું પડ ઉતર્યું તો કડવી. આ હોમિયોપેથીની ગોળી નથી કે ચાખતા(ખાતા) રહો અને મિઠાસ બનેલી રહે. સંસાર પડચડાવેલુંવિષ છે. શરુઆતમાં તો બહુ મીઠો લાગે પરંતુ પાછળથી જઈને બધા દુઃખ પ્રકટ થાય. તો સંસાર પણ પોતે પોતાનામાં દુઃખદ નથી પરંતુ પરિણામમાં દુઃખદ છે. એ ન્યાયથી કહી રહ્યા છે **ન હિ સંસારઃ સ્વભાવતએવ દુષ્ટઃ કિન્તુ અસહ્યદુઃખહેતુઃ ઈતિ.** સંસાર સ્વભાવતઃ દુષ્ટ નથી પરંતુ અસહ્યદુઃખનો હેતુ છે. **તથા વયમપિ મહદ્દુઃખં પ્રાપ્નુમ ઈતિ દષ્ટાદષ્ટદ્વારા ભવાન્ તન્નિવર્તક ઈતિ.** જો તમે પ્રકટ નહીં થાવ તો તમારું અપ્રકટ રહેવું અમારા માટે સંસારથી પણ અધિક દુઃખનો હેતુ હશે. સંસારનું દુઃખ પણ જો તમે નિવર્તન કરતા હો તો એનાથી પણ અધિક દુઃખ અમને છે. તેથી એ વાતનો વિચાર કરીને પણ તમારે પ્રકટ થવું જોઈએ.

**અનેનૈવ નિર્ભયતાપિ સૂચિતા.** કેમકે જે વખતે તમે તમારો અભયપ્રદ

અને કામપ્રદ હાથ અમારા માથાપર ધરશો, તો અમને નિર્ભયતા પણ થશે. **અતઃ 'કાન્ત'સમ્બોધનાદ્ ભવાનેવ ભર્તા. અતઃ સ્ત્રીણાં વ્રતમ્ અનુસ્મરન્ વાંછિતં કુરુ ઇત્યર્થઃ.** એટલા માટે જ્યારે તમે **કાન્ત** છો, તો એથી તમારું પરમ કર્તવ્ય છે કે તમારો હાથ અમારા માથાપર ધરો. તમે ભર્તા છો તેથી તમારો હાથ અમારા માથાપર ધરવો જોઈએ અને એનામાટે હવે તમે પ્રકટ થઈ જાઓ.

રાજસ ગોપિઓના ભાવ અને ભાષા, જે રીતથી એ બોલે એ રીતથી, સાત્ત્વિકગોપિઓને સમજમાં ન આવે. નિર્ગુણગોપીની ભાષા આને સમજમાં આવે પરંતુ નિર્ગુણગોપિકાની ભાષામાં કોઈ પ્રકારની પ્રાર્થના નથી અને પ્રાર્થનારહિત કેવળ પ્રભુનું વર્ણન આની સમજમાં નથી આવતું. રાજસગોપિકાઓમાં તો પ્રત્યેકે પ્રાર્થના કરી છે. નિર્ગુણની ભાષામાં કોઈ પ્રાર્થના નથી કરવામાં આવી **"ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્ અખિલદેહિનામ્ અન્તરાત્મદક્ વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે".** નિગૂઢતયા ભાવમાં તો આના પણ પ્રાર્થના છે પરંતુ ભાષામાં આની પ્રાર્થના નથી કેવળ વર્ણન થયું છે. તો આ વાત સાત્ત્વિકગોપિકાઓને સમજમાં ન આવી. એવું વર્ણન કરીને શું લાભ જેમાં કાંઈ માગ્યું નહીં? અરે જ્યારે મનાવવા બેઠા છીએ તો મનાવવાની કોઈ વાત કહેવી જોઈએ ને! સમજો કે મનાવવા બેઠા છીએ અને એ માની ગયા. આપણી વાત માની લીધી, પ્રસન્ન થઈ ગયા અને કાંઈ વર ન આપ્યો કે કાંઈ વર ન માગ્યો, તો એવી પ્રસન્નતાનો લાભ શું થશે! આ વાત વિચારીને આને ફરીથી ગભરાહટ કાયમ રહી. આથી પોતાના ભાવને પોતાની ભાષામાં વ્યક્ત કરવાની આને આતુરતા થઈ રહી છે. કેમકે કોઈના ભાવ સમજમાં આવી રહ્યા છે તો ભાષા સમજમાં નથી આવી રહી. કોઈની ભાષા સમજમાં આવી રહી છે તો ભાવ સમજમાં નથી આવી રહ્યા. તો પોતાના સ્વભાવના અનુસાર પોતાની ભાષામાં બાંધીને એણે પ્રાર્થના કરી **વિરચિતાભયં વૃષ્ણિધુર્ય...ન શ્રીકરગ્રહમ્.**

### (જ્ઞાનમાર્ગીય અને ભક્તિમાર્ગીય ભાષા)

આ સાત્ત્વિકગોપિકા છે, સ્વયં સાત્ત્વિક છે અને ભાવ પણ આના સાત્ત્વિક છે. આના કારણે આના ભાવ અને ભાષા બંનેમાં સાત્ત્વિકતા ઝલકી રહી છે. જેમ નિર્ગુણગોપિકાએ એકદમ બ્રહ્મતત્ત્વનું પ્રકાશન કરી દીધું. એવું

પ્રતીત થયું કે જેમ ભક્તિમાર્ગની ભાષા એકદમ જ્ઞાનમાર્ગીય ભાષા થઇ ગઇ. ભક્તિમાર્ગના પ્રકરણમાં ભાષા એકદમ જ્ઞાનમાર્ગીય થઇ જાય તો મોટી મુશ્કેલી થઇ જાય. ઘણીવખત શું થાય, જે ભક્તિમાર્ગના મર્મને ન સમજે અને ભગવલ્લીલાના જેટલા પણ આધ્યાત્મિક અર્થ છે, એમને જૂએ તો બે પ્રકારની ભાવના થાય છે, વક્તાના હૃદયમાં પણ અને શ્રોતાના હૃદયમાં પણ. હવે ખબર કેમ પડે કે કેવો ભાવ છે? આધિદૈવિક લીલાનો આધ્યાત્મિક અર્થ ઘટાવવાથી ચહેરાપર પ્રસન્નતા આવી જાય તો સમજી લો કે જ્ઞાનમાર્ગીય છે. આધ્યાત્મિક લીલાનો આધિદૈવિક અર્થ ઘટાવવાથી ચહેરાપર પ્રસન્નતા આવી જાય તો સમજો કે ભક્તિમાર્ગીય છે. પ્રભુની લીલાના તો બંને પક્ષ છે, બલ્કે બધા પક્ષ છે. પ્રભુની લીલાનો આધિભૌતિક પક્ષ પણ છે, આધ્યાત્મિક પક્ષ પણ છે અને આધિદૈવિક પક્ષ પણ છે. બધા પક્ષોમાં આનંદ લઇ શકે એ તો સર્વાંગ છે. પરંતુ જે એકાંગ છે એમની ચર્ચા છે. સર્વાંગીણ જેમની ભક્તિ છે, જેને પ્રભુની કોઇ લીલાથી પરહેજ નથી. માણસની પોત-પોતાની પરહેજ હોય છે. માણસની પોત-પોતાની હાર્દિક, માનસિક અને બૌદ્ધિક કાંઇક કાંઇક પરહેજ હોય છે. એ પરહેજ એના વ્યવહારમાં એના ભાવમાં એના વિચારમાં વ્યક્ત થયા વિના રહે નહીં. તો જેમને આવી પરહેજ થઇ જાય હાર્દિક, માનસિક કે બૌદ્ધિક તો શું થાય, એને પ્રભુની લીલાનો એક પક્ષ બતાવ્યો તો એને પરહેજ વ્યક્ત થાય. એને જે પરહેજ લાગતું હોય તો એનાથી એની એકાંગિતા વ્યક્ત થાય પરંતુ જેમની સર્વાંગિતા છે, એમને પરહેજ નથી થતી. જેમની એકાંગિતા છે એમનો બીજભાવ કેવીરીતે ખબર પડે? એના ભાવાનુસાર જે વખતે વર્ણન થાય, ત્યારે જ એને પ્રસન્નતા થાય, બધો કંટાળો ગાયબ થઇ જાય. નહીંતર બગાસાં આવતા જ રહે. આધિદૈવિક લીલા ચાલી રહી છે અને આધ્યાત્મિક પક્ષનું વર્ણન કરી દો, તો અદ્‌ભુત નિદ્રા આઇ મંડલીમે થઇ જાય. તો આ પોત-પોતાના હૃદયનો બીજભાવ અને પોત-પોતાના બીજભાવાનુપાતી શ્રવણોમાં જેમ રુચિ છે. એમજ ચિંતનમાં રુચી, એમજ મનનમાં રુચી, એમજ સર્વવિધ રુચી. એ પોત-પોતાના બીજાનુભાવના અનુસાર પ્રકટ થાય.

### (રસાવેગમાં રસોચ્છલન)

તદનુસાર આ ગોપિકાના હૃદયને એ ભાષા અને એ ભાવ સ્પર્શ્યા

નથી. આને ગભરાહટ થઈ જાય કે આ કેવી વાત નિકળી રહી છે? ભાવ ઠીક છે પરંતુ ભાષા આવી કેમ નિકળી રહી છે? ક્યારેક એમ થઈ જાય અને નિર્ગુણની વાત સાંભળીએ તો લાગે કે ચાલો ભાઈ ભાવ તો ઠીક છે અને ભાષા પણ ઠીક છે પરંતુ મુખ્ય વાત તો કહી જ નહીં. ભાવ વ્યક્ત કરવામાં ગભરાઈ ગઈ. અરે આટલી પણ કેટલી સાત્ત્વિકતા! મતલબ સાત્ત્વિકગોપીને એમ લાગેકે બહુ શીતળ છે. બહુ શીતળતાથી બોલી રહી છે. આટલી શીતળતા પણ શું કામની જીવનમાં! **"ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્... સાત્ત્વતાંકુલે"**. આટલી શીતળતા!! ભાવ વ્યક્ત કરવામાં ગરમી જોઈએ. થોડીક ગરમી જોઈએ ભાવમાં. તો એ ગરમી લાવવામાટે પ્રાર્થના કરી રહી છે, કાંઈક દાવો કરી રહી છે. એટલા માટે એણે દાવો કર્યો **વિરચિતાભયં વૃષ્ણિધુર્ય તે... નઃ શ્રીકરગ્રહમ્.** આ ન્યાયથી મતલબ પ્રભુને પ્રાર્થના તો કરી રહી છે અને સાથે સાથે આ ચારેય ગોપીકાઓને સમજાવી પણ રહી છે કે આવીરીતથી માગો જો માગવું હોય તો, આ શું ખોટી રીતથી માગી લીધું. પ્રકટ થવાની જે થોડીઘણી સંભાવના છે એમાં પણ તમે ખોટી પ્રાર્થના કરીને વિઘ્ન નાખી રહી છો. માણસમાં જે વખતે રસનું ઉચ્છલન થઈ રહ્યું છે તો પોત-પોતાના ભાવના પાત્રમાં એ રસનું ઉચ્છલન થશે. એ ઉચ્છલન થવાનું દ્વાર તો ભાષા જ છે. વાણી છે તો એ ઉચ્છલન પણ એજ આકારમાં પ્રકટ થશે. હવે એ એક વાણી, એક દ્વાર, એક પાત્ર તો એના પલડે તો પડી નહીં. તો દરેક વખતે એને વિપરીતભાવના અસંભાવના થઈ જાય કે આમાં તો ગડબડ ફેલાઈ ગઈ.

ક્યારેક શું થાય? ભીડ એકઠી થાય તો એવી મુંઝવણ થઈ જાય, કોઈ કાંઈક બોલે, કોઈ કાંઈક બોલે, કોઈ કાંઈક બોલે તો સમજ ન પડે. આટલા માટેજ કહે છે કે જો સારો વિદ્યાર્થી તૈયાર કરવો હોય તો એ ભીડમાં ન થઈ શકે. એક ક્લાસની કાંઈક મર્યાદા હોય. કહેવામાં આવે છે કે ક્લાસમાં એક વ્યક્તિની ઉપર પંદરથી વધારે બાળકો ન હોવા જોઈએ. જે વિષયમાં વ્યક્તિગત ધ્યાનની જરૂરત ન પડે, તો એ ચાલીસ પચાસ સુધી પહોંચે તો વાંધો ન આવે. જેમ એમ.એ.ના સ્તરપર અમારી ફિલોસોફીના ક્લાસમાં બોંતેર સીટ હતી. હવે એ ન તો પ્રોફેસરને ખબર પડતી કે કોણ સમજ્યું અને કોણ ન સમજ્યું અને ન છોકરાઓને સમજ પડતી. અંતે એ થતું કે એ પ્રવચન આપ્યે રાખતો અને

છોકરા ક્રિકેટની કોમેન્ટ્રી સાંભળતા રહેતા. કેમકે છોકરાઓને ખબર પડી જતી કે પ્રોફેસર બહેરો છે. હવે વિદ્યાર્થીપણ ઓછા તો ન હોય. હવે એમને ખબર પડી ગઈ કે પ્રોફેસર બહેરો છે અમારે તો આનું પૂરું એક્સપ્લોઈટેશન કરવું. બહુ ગંભીર મોઢા કરીને બેસતા અને ક્રિકેટની કોમેન્ટ્રી સાંભળતા રહેતા. એક દિવસ એ પ્રોફેસરને ખબર પડી ગઈ અને ચાલૂ લેક્ચરે એણે પૂછ્યું કે ''શું સ્કોર થયો?'' ત્યારે બધાને ખબર પડી કે બહેરો છે પરંતુ મૂરખ નથી. બહેરો તો છે પરંતુ સમજી જાય છે કે ચાલૂ ક્લાસમાં રનિંગ કોમેન્ટ્રી સાંભળવામાં આવી રહી છે. હવે બોંતેર વિદ્યાર્થીમાં શું ખબર પડે કે કોણ શું કરી રહ્યો છે? એમાં પર્સનલ એટેન્શન'' તો ન થઈ શકે. તો આવી આવી એની મર્યાદા હોય. ફિલોસોફી જેવા ગંભીર વિષયોના ક્લાસમાં જો આટલી ભીડ એકઠી થઈ ગઈ તો બહુ મુશ્કેલી થઈ જાય.

હવે આજ રીતથી ઠાકોરજીને પ્રકટ કરવા છે. આ તો ફિલોસોફીની પણ મોટી ફિલોસોફી છે. હવે એમાં ભાષા અને ભાવની ગડબડથી બધાને ગભરાહટ થવા લાગે કે હવે શું થશે? હવે આ પ્રયોગ વિફલ થઈ જાય ક્યાંક તો મુશ્કેલી થઈ જાય. હવે તિરોહિત થયા પ્રભુ કથંચિત્ જે પ્રકારથી પણ પ્રકટ થઈ શકતા હોય! હવે છેલ્લું સાધન શોધનું તો શોધ પણ પૂરી થઈ ગઈ. હવે શોધથી ક્યાંય મળે નહીં આથી વાત સમજમાં આવી કે સાધનના અભિમાનથી, આ સાધનાચરણથી મળવાની સંભાવના નથી. હવે સાધનથી નહીં મળે તો દૈન્યથી મળશે. હવે દીનતામાં શું કરે? જો જ્ઞાનમાર્ગીય દીનતા હોત, જો મર્યાદામાર્ગીય દીનતા હોત તો **''સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ''** કરીને બેસી જાત. હવે કોઈ ધ્યાન લગાવતી, કોઈ સમાધી લગાવતી પરંતુ આ દીનતા પણ તો ભક્તિમાર્ગીય દીનતા આવી છે. રસમાર્ગની દીનતા આવી છે. તો એ ન તો ઘરે જવા દે અને ન ધ્યાન લગાવવા દે, ન સમાધિ લગાવવા દે, ન ચુપ બેસવા દે. આથી ચારે બાજૂથી એમના ભાવપર એમના મનપર એક પ્રકારનો આવેગ છે. ભાવાવેગ એવો છે કે એ મનના ચારે તરફથી છે. આ બાજૂથી દીનતાનો ભાવાવેગ છે. એ બાજુથી રસભાવનો આવેગ છે. આ બાજુથી ભક્તિનો આવેગ છે. એ બાજૂથી પોતાના દોષોની સ્ફુરણ થઈ એનો આવેગ છે. આ બાજુથી પ્રભુના સૌંદર્યની સ્મૃતિઓ જાગી રહી છે. પોત-પોતાના સ્વભાવના

અનુસાર, પ્રભુના રૂપ, પ્રભુના ગુણ યાદ આવી રહ્યા છે. એ સ્મૃતિઓનો આવેગ છે. આ બધાના આવેગોમાં કોઈ પણ માણસ પોતાનામાં રહી નથી શકતો.

આ તો શ્લોક છે જે આ ક્રમમાં લખવામાં આવેલા હશે પરંતુ બોલતી વખતે એમણે કોઈ આટલી ધીરજ રાખી હશે કે એક પોતાનું વર્ણન પૂરું કરે પછી બીજો શરુ કરે! જેમ આપણે ત્યાં એક માણસ બોલે પછી એના પછી બીજો બોલે પરંતુ જોશ આવી જાય તો એક બોલે તો બીજો ઈન્ટ્રપ્ટ કરે. પછી ત્રીજો ઈન્ટ્રપ્ટ કરે. જ્યારે ચક્ર પ્રવર્તન થઈ જાય ત્યારે પછી શાસ્ત્રનું નિયમન નિયામક નથી રહી જતું. એ સ્થિતિમાં હવે એક એક શ્લોકમાં ટોકવાનું શરુ કરી રહી છે. અત્યાર સુધી તો ક્રમથી નિરૂપણ થયું પરંતુ આના આગળ ધ્યાન આપો તો આચાર્યચરણ બતાવે છે કે એક એક ગોપી ઠાકોરજીને પ્રાર્થના તો કરી રહી છે પરંતુ સાથે બીજીને ટોકતી પણ જઈ રહી છે. એ ટોકી કેમ રહી છે? ભાવના પ્રબલ આવેગના કારણે. આ ભાવોના આવેગમાં.

હવે આ ગોપિકા સાત્ત્વિક-સાત્ત્વિક છે, આના મનમાં સૌથી પહેલા બ્રહ્માત્મક તથ્યપર જેણે ધ્યાન અપાવ્યું **"ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્ અખિલદેહિનામ્ અન્તરાત્મદક્"** તો એનાથી એવું પ્રતીત થયું કે ભગવાન્ બધા દેહીઓના અંતર્દ્રષ્ટા છે અને બ્રહ્માજીની પ્રાર્થનાના કારણે પ્રકટ થયા છે. મતલબ એવું પ્રતીત થયું કે ભગવાન સાથે કોઈ સંબંધ થાય જ નહીં આ પ્રકારથી આપ્તકામ, આત્મારામ ઠાકોરજી પ્રકટ થયા છે જેમને ગોપિકાઓની કાંઈ પડી જ ન હોય. હવે પોતાના દીન સ્વભાવના કારણે, પોતાના નિર્ગુણ સ્વભાવના કારણે એને પ્રભુનું આવું સ્વરૂપ દેખાય છે. તદનુસાર પ્રભુની પ્રાર્થના એણે કરી અને જ્ઞાનના પણ કેટલાક રહસ્ય ખબર છે અને ભક્તિના પણ કેટલાક રહસ્ય ખબર છે, બંને બાજુના રહસ્ય ખબર છે. તો એ કહી રહી છે કે બ્રહ્મના બે પક્ષ. બ્રહ્મનો એક પક્ષ તો આ કે જ્યાં નિર્ગુણ નિરાકાર નિર્ધર્મક નિર્વિશેષ છે એ પક્ષ નિરપેક્ષપક્ષ છે. શ્રુતિમાં બ્રહ્મની બાબતમાં ઉપપત્તિ અને ઉત્પત્તિ પક્ષ બંને જ બતાવવામાં આવેલા છે. નિર્ગુણ પ્રતિપાદિકા નિર્ગુણગોપિકા એ ભગવાનના ઉત્પત્તિપક્ષને લઈને વ્યાખ્યા કરી રહી છે. હવે આને ચિંતા થઈ કે ભઈ! શું એક જ પક્ષ છે પ્રાર્થના કરવાનો? એ

પક્ષને કેમ આટલો ગ્લોરિફાઈ કરી રહી છો તમે?

શ્રીગુસાંઈજીને પણ આવું જ થઈ ગયું છે. આપ લખી રહ્યા છે અને જ્યાં ઉત્પત્તિને પ્રસ્તાવિત કરી ત્યાં લખતા લખતા કંટાળો આવી ગયો. ત્યાં લખે છે કે આના સિવાય ઉપપત્તિપક્ષ પણ છે. સંપ્રદાયના સિદ્ધાન્તના હિસાબથી ઉપપત્તિ શ્રેષ્ઠ છે યદ્યપિ ઉત્પત્તિપક્ષ પ્રામાણિક છે. હવે આનો મતલબ શું? તત્ત્વમાં શ્રેષ્ઠતાનું અંતર કેમ આવ્યું? શ્રુતિમાં તો શ્રેષ્ઠતાનું અંતર આવે. જેમ હું તમને કહું કે ''સોપારી પણ તમે ખાઈ શકો છો. એના બદલે એલચી છે. તે તમે એલચી પણ ખાઈ શકો છો પરંતુ સોપારી ખાવાને બદલે એલચી ખાવી શ્રેષ્ઠ છે.'' આ પ્રકારથી એલચી ખાવાની શ્રેષ્ઠતા હું બતાવી દઉં તો આનો મતલબ કે તમે સોપારી નહીં ખાઓ અને એલચી ખાઈ લેશો. (તો બીડા પક્ષમાં તો શ્રેષ્ઠ કે અશ્રેષ્ઠ બતાવવાનું અંતર કરે છે પરંતુ હું જો કહું કે ''આ બીડા છે.'' આ શ્રેષ્ઠ પક્ષ છે અને આમ કહું કે ''આ બીડા નથી પાન છે'' આ અશ્રેષ્ઠ પક્ષ છે, તો આ શું સવાલ છે કે બીડા છે કે પાન છે? હવે એમાં તો કોઈ પક્ષ છે જ નહીં. જો આ બીડા છે અને હું આને બીડા કહી રહ્યો છું તો આ સાચી વાત છે. જો બીડાને બટેટા કહું તો અશ્રેષ્ઠ પક્ષ છે) શ્રેષ્ઠતાનું નિર્ધારિણ તથ્યમાં નથી થતું પરંતુ કૃતિમાં થાય એવો નિયમ છે. આ ઑપ્શન છે. આ ઓપ્શન જ્યારે કોઈ કામ કરતું હોય તો આપવામાં આવે. જ્ઞાનમાં તો તમે ભલે બીડા સમજી જાઓ, ચાહે પાન સમજી જાઓ પરંતુ જ્યાં ઓપ્શન નથી ત્યાં શ્રેષ્ઠ કે અશ્રેષ્ઠ કેવીરીતે થશે? જ્યારે તમારે પેપર લખવું છે તો ચાહે આ લો ચાહે તો તે લો. જેમ સાઈકોલોજી કે સોશિયોલોજી આ વિષયોમાંથી કોઈ એક લેવો હોય ત્યારે તો ક્રિયામાં ઑપ્શન આવે. આમાં ફક્ત એક હોય તો એમાં ઑપ્શન ન આવે પરંતુ જ્યારે બે હોય ત્યારે ઑપ્શન આવે. તો શ્રેષ્ઠ અને અશ્રેષ્ઠ નો પ્રશ્ન ક્યારે આવે જ્યારે કર્મ હોય ત્યારે. જેમ એકકાળસંધ્યા કરવી કે ત્રિકાળસંધ્યા કરવી. તો આપણે કહીએ કે ત્રિકાળસંધ્યા શ્રેષ્ઠ છે. તો જ્યાં જ્ઞાન છે ત્યાં શ્રેષ્ઠ અને અશ્રેષ્ઠનો પ્રશ્ન ન આવે. જ્ઞાનનો સિદ્ધાંત કેવો? હવે જેમ શતપ્રતિશત માર્ક હિસાબમાં મળે. હવે આમાં શ્રેષ્ઠ કે અશ્રેષ્ઠ નો પ્રશ્ન નથી. હવે હિન્દીમાં શતપ્રતિશત નંબર ન મળે. આમાં તો કાંઈક સંભાવનાઓ છે કે વ્યાકરણ બરાબર ન હતું, શબ્દવિન્યાસ બરાબર ન હતો, પેરાગ્રાફિંગ

બરાબર ન હતું, તો આમાં શ્રેષ્ઠતા અને અશ્રેષ્ઠતા આવશે પરંતુ હિસાબમાં શ્રેષ્ઠતા કે અશ્રેષ્ઠતા નથી. પાસ કે ફેલ. ત્યાં શ્રેષ્ઠતા અને અશ્રેષ્ઠતાનો પ્રશ્ન ન થાય.

હવે ત્યાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે ઉત્પત્તિપક્ષ પ્રમાણ છે પરંતુ ઉપપત્તિપક્ષ છે એ શ્રેષ્ઠ છે. આ શ્રેષ્ઠ કેવીરીતે થઈ ગયો? મતલબ પ્રભુ પહેલા નિર્ગુણ નિર્ધર્મક નિરાકાર બ્રહ્મ હતા અને પછી પ્રભુએ પોતાનામાં અલૌકિક ગુણ ધર્મ અને આકાર પ્રકટ કર્યા. તો આકાર પછી પ્રકટ થયા તો ઉત્પત્તિપક્ષ. પ્રભુમાં પહેલાથી જ દિવ્ય ગુણ ધર્મ આકાર મૌજૂદ હતા અને સૃષ્ટિ કેવળ પછી પ્રકટ થઈ. તો આ ઉપપત્તિપક્ષ. હવે બંને પક્ષોનું પ્રતિપાદન શ્રુતિઓએ કર્યું છે. બંને પક્ષનું પ્રતિપાદન કરીને શ્રીમહાપ્રભુજી કહે છે કે બંને પક્ષ પ્રામાણિક છે, અને બંને પક્ષ પ્રામાણિક કહેતા કહેતા શ્રીગુસાંઈજીનો મૂડ ખરાબ થઈ જાય (અને કહે છે) કે ઉપપત્તિ શ્રેષ્ઠ છે. હવે પ્રામાણિક છે તો અશ્રેષ્ઠ કેવીરીતે થયું અને અપ્રામાણિક છે તો શ્રેષ્ઠ કેવીરીતે થયું? હવે અશ્રેષ્ઠ તો પ્રામાણિક કેવીરીતે રહી ગયું? ભાવ રોકાતો નથી કોઈપણ રીતે. તત્ત્વનું નિરૂપણ તો કરે પરંતુ જ્યારે તત્ત્વ સ્વયં ભાવાનુસારી હોય, તો ભાવને અનુસાર વસ્તુમાં શ્રેષ્ઠતા અને અશ્રેષ્ઠતા આવે. જ્ઞાન શ્રેષ્ઠ અને અશ્રેષ્ઠતામાં વિભાજિત નથી થઈ શકતું, છતાંપણ ભાવ એને દબાવી દે. એવીજ રીતે આ સાત્ત્વિક આ સાંભળીને ગભરાઈ જાય કે વાત તો પ્રામાણિક છે પરંતુ આવું વર્ણન શું કામનું જો પ્રામાણિક પણ હોય તો?

થોડુંક વિપરીત ઉદાહરણ છે. જ્યારે અમારા સસુરજી ચાલ્યા ગયા, તો અમે બધા બેસવા ગયા. અમારા સાઢુભાઈ પણ ગયા. અમારા સાળા રોઈ રહ્યા હતા. તો એમને સાઢુભાઈએ સમજાવવાનું શરુ કર્યું કે ‘‘આમાં રોવાની શું વાત છે! સસુરજી ગયા હવે તમારો વારો આવશે.’’ હવે આવી રીતથી સમજાવવા એને! હવે ખોટી વાત તો નથી. અપ્રામાણિક પણ નથી. દરેક માણસનો વારો એક ને એક દિવસ આવવાનો જ છે. દરરોજ માણસ જઈ રહ્યા છે. દરરોજ જવાના છે. કોઈ રોકાવાનો તો છે નહીં. છતાંપણ જે રોકાયેલા છે એ તો એમ જ ઈચ્છે ને કે રોકાઈ રહીએ. હવે એ બિચારો રોઈ રહ્યો છે તો એને આવું આશ્વાસન આપીને સમજાવવો કે ‘‘અરે! ભાઈ ચાલ્યા ગયા તો તું ચિંતા ન

કરતો'' કે આમ સમજાવવો કે ''તેઓ ચાલ્યા ગયા હવે તમારો વારો પણ આવશે.'' તેઓ તો ગયા તો ગયા, દિકરાનો વારો વધારે લગાડી ગયા. આવી સાંત્વના પણ શું કામની!

પ્રામાણિક વાત તો હોઈ શકે છે પરંતુ પ્રામાણિક હોવાછતાં પણ અશ્રેષ્ઠ થઈ જાય. **''ન ખલુ ગોપિકાનન્દનો... ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે''.** આમ વાત તો સાચી છે, પ્રામાણિક છે પરંતુ સાત્ત્વિકગોપિકાઓને શ્રેષ્ઠ નથી લાગી રહી એને લાગી રહ્યું છે કે આ વાતમાં ક્યાંક ગડબડ છે. પ્રામાણિક હોવાછતાં પણ આ મજેદાર વાત નથી. જ્યારે આ વાતને ખાલી સાત્ત્વિક દૃષ્ટિથી જોવા જશો તો વાત ઠીક છે પરંતુ જો થોડોઘણો પણ હૃદયમાં ભાવનો સંચાર છે, તો ખબર પડશે કે પ્રામાણિક હોવાછતાં પણ આ વાત અશ્રેષ્ઠ કેવીરીતે થઈ જાય? એ ન્યાયથી આ બતાવવા માગી રહી છે આખા બ્રહ્મવાદને સાત્ત્વિક-સાત્ત્વિક ગોપિકા. મતલબ ઉપપત્તિનું ઈન્ટરપ્રીટેશન જે નિર્ગુણગોપીનું છે, એને ખેંચી-તાણીને ઉત્પત્તિપક્ષમાં લાવવા માગી રહી છે.

**(શુદ્ધાદ્વૈતદર્શનના વિકાસના બે બીજરૂપભાવ : નિર્ભયતા અને રમણ)**

આખા શુદ્ધાદ્વૈતદર્શનનો જે વિકાસ છે એના બીજમાં બે ભાવ છે. નિર્ભયતા અને રમણ. આપણી આખી જગતની વ્યાખ્યામાં કેટલાક લોકો એમ સમજે છે કે જગતની ઉત્પત્તિ પ્રભુએ જીવના કર્મોના ફલભોગને માટે કરી. કેટલાક લોકો એમ સમજે છે કે જગતની ઉત્પત્તિ બ્રહ્મે કરીજ નથી, માયાએ કરી દીધી. માયાના કારણે જગત્ ઉત્પન્ન થઈ ગયું. કેટલાક લોકો એમ સમજે કે આનાપર તો નિયંત્રણ જ નથી. જેમ દૂધમાં દહીંનું જામણ ન પણ મેળવો તો પડ્યું પડ્યું પણ ફાટી જાય. એનો સ્વભાવજ એવો છે. અથવા જેમ પહાડપરથી પત્થર નાખો તો તે ઢળી જશે. એનો સ્વભાવજ એવો છે. જલ વહે કેમ કે એનો સ્વભાવજ એવો છે. એમ કેવળ સ્વભાવવશ સૃષ્ટિ ઉત્પન્ન થઈ રહી છે કેટલાક લોકો આમ સમજે. સૃષ્ટિના ઉત્પન્ન થવાના બીજભાવમાં પોત-પોતાની માન્યતાનુસાર અલગ-અલગ દાર્શનિક પોત-પોતાના વિચાર રાખે છે.

ઔપનિષદિક દૃષ્ટિ તો વાસ્તવમાં આ છે કે સૃષ્ટિના બીજભાવ નિર્ભયતા અને રમણમાં રહેલા છે. કાંઈ વધારે પણ કહેવું હોય તો કહી શકીએ કે નિર્ભય-રમણ.

## (નિર્ભયતાનું કારણ)

નિર્ભયતા કેવીરીતે સંપાદિત થાય છે? **''દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ''** (બૃહ.ઉપ.૧/૪/૨). જ્યાં પણ દ્વૈત આવી જશે ત્યાં ભય થઈ જશે. જ્યાં એકતા આવી જશે ત્યાં અરમણ થઈ જશે. જો એકતા છે, એકજ માણસ બેઠો હોય તો રમણ કેવીરીતે? **''એકાકી ન રમતે''** (બૃહ.ઉપ.૧/૪/૩). અને બે માણસ બેઠા છે તો ભય પેદા થઈ જાય. **''ભયં દ્વિતીયાભિનિવેશતઃ સ્યાદ્''** (ભાગ.પુરા.૧૧/૨/૩૭). જે વખતે તમને દ્વિતીયનો અભિનિવેશ છે, મતલબ કોઈ તમને જોઈએ છે, એવો જે વખતે તમારો આગ્રહ છે તો તમને ભય છે. જે વખતે તમને એવો આગ્રહ તૂટી જાય તો તમારો ભય ખતમ થઈ જાય. જાનવર તમારાથી ક્યાં સુધી ડરે? જ્યાં સુધી તમને મનુષ્ય સમજે. જે વખતે તમે જાનવરમાં જાનવરની જેમ લિપ્ત થઈ જાઓ તો જાનવર તમારાથી ડરવાનું છોડી દે. કેમકે ભય દ્વિતીયથી છે. જ્યાં સુધી તમને દ્વિતીયાભિનિવેશ છે ત્યાં સુધી તમને ભય છે. જ્યારે દ્વિતીયાભિનિવેશ નહીં રહે તો તમને ભય નહીં રહી જાય. જ્યાં સુધી આપણે કોઈને બીજો માનીએ, ત્યાં સુધી ભય છે. જ્યાં બીજાની ભાવના હટી, અરે ભઈ! આ તો આપણો છે! તો ભય પણ હટી જાય. દરેક ભય બીજાથી થઈ રહ્યો છે. જ્યાં આપણે આપણો માની લીધો, જ્યાં દ્વિતીયાભિનિવેશ હટી ગયો ત્યાંજ ભય ખતમ થઈ જશે.

જ્યારે અમે નાના હતા ત્યારે ભૂતથી બહુ ડરતા. ભૂત કોણજાણે શું છે? કોણજાણે ભૂત ખાશે કે મારશે? ભૂતની બાબતમાં બહુ દ્વિતીયાભિનિવેશ હતો. એક શાસ્ત્રીજી આવ્યા હતા તો એ બોલ્યા ''અરે! ભૂતથી કેમ ડરો? ભૂત તો તમારા શરીરમાં જ છે પંચમહાભુત.'' અમે કહ્યું કે ''અમારું શરીર ભૂત છે?'' એ બોલ્યા ''હા તમારા શરીરમાં ભૂત છે.'' અમે કહ્યું કે ''ચાલો આમાં ડરવાની શું વાત છે?'' કેમકે દ્વિતીયાભિનિવેશ હટી ગયો. તે છોકરા બિવડાવતા રહેતા કે ગલીમાં જશો તો ત્યાં ભૂત છે'', અહીં ભૂત છે તો ડર લાગતો રહેતો. કેમકે દ્વિતીયાભિનિવેશ હતો પરંતુ જ્યારે આપણને ભૂત સમજમાં આવી જાય કે આપણે જ આ ભૂત છીએ તો પછી ડરવાની કોઈ વાત રહી ન જાય. તો જેટલો પણ ભય છે તે દ્વિતીયાભિનિવેશમૂલક ભય છે.

## (નિર્ભયતા ક્યારેક અરમણનું કારણ પણ)

જ્યાં દ્વિતીયનો અભિનિવેશ ખતમ થયો ત્યાં ભય તૂટી જાય. પરંતુ દ્વિતીયનો અભિનિવેશ તૂટે, તો કદાચ બહુ એક્સ્ટ્રીમ પોઈન્ટ પર તૂટી ગયો તો રમણ પણ ખતમ થઈ જશે. કારણ શું? આપણા ઘરમાં બેસવાથી મન કેમ ન લાગે? કેમ તમારામાં પિકનિક કરવામાટે બહારગામ જવાની ઈચ્છા થાય? દ્વિતીયાભિનિવેશ છે આપણા મનમાં કે જે સ્થળ ન જોયા હોય એને જોવાની ઈચ્છા થાય.

## (''કેટલું સુંદર!'' v/s ''અહીં શું ધર્યું છે!'')

હમણા અમે કાશ્મીર ગયા તો પહેલગામમાં એક કાશ્મીરી અમને મળ્યો. એણે અમને પૂછ્યું કે ''ક્યાંથી આવ્યા છો?'' અમે કહ્યું ''મુંબઈથી'' તો બોલ્યો ''મુંબઈ બહુ સારું છે'' અમે બોલ્યા કે ''અમે મુંબઈથી અહીં ફરવા આવ્યા અને તું કહી રહ્યો છે કે ''મુંબઈ બહુ સારું છે.'' તો બોલ્યો કે ''અહીં કાંઈ નથી ધર્યું. અમને મુંબઈ લેતા જાઓ'' અમે તો એમ સમજ્યા હતા કે મુંબઈમાં કાંઈ નથી ધર્યું. અહીં ફરવા આવ્યા. તો બોલ્યો કે ''અહીં બધું બેકાર છે'' અમે બોલ્યા કે ''કેટલું સુંદર છે'' તો બોલ્યો કે ''શું સુંદર છે બરફ જ બરફ છે ચારે બાજુ'' હવે એના અને મારા વચ્ચે એવી દીવાલ ઊભી થઈ ગઈ કે એની વાત મને સમજમાં ન આવી અને મારી વાત એને સમજમાં ન આવી. કહે ''બરફ જ બરફ છે ચારે બાજુ પહાડ છે. અહીં કાંઈ નથી ધર્યું'' કેમકે દ્વિતીયાભિનિવેશ જ નહોતો. હવે અમને દ્વિતિયાભિનિવેશ છે. હવે અમે મુંબઈવાળા તો રમણની ભાવનાથી કાશ્મીર ફરવા ગયા પરંતુ જ્યારે ત્યાં જઈને વસીજ જાઓ તો દ્વિતીયાભિનિવેશ ખતમ થઈ જાય તો રમણની ભાવના ખતમ થઈ જાય. હંસૂભાઈ કોઈને પહાડપર ફરવા લઈ ગયા. તો એ બોલ્યા ''યહાં કાંઈ ધર્યો હે! ઊપર એક મોટો ભાટો નીચે એક ખાડો. યામેં કાંઈ ધર્યો હે!'' કેમકે જ્યારે દ્વિતીયાભિનિવેશ ખતમ થઈ જાય તો આવીજ સ્થિતિ થઈ જાય. દ્વિતીયાભિનિવેશ હોવો જોઈએ અને ન હોવો જોઈએ. જો રમણની દૃષ્ટિથી વિચારો તો હોવો જોઈએ, જો ભયની દૃષ્ટિથી જુઓ તો ન હોવો જોઈએ.

શ્રુતિએ બ્રહ્મમાં આજ પ્રકારથી સમાધાન વિચાર્યું. **''એકોઽહં**

**બહુસ્યામ્ પ્રજાયેય''** (છાન્દો.ઉપ.૬/૨/૩). એક હું જો અનેક થઇ જાઉં તો દ્વિતીયાભિનિવેશ રહેશે અને નહીંપણ રહે. એકના અનેક થવામાં દ્વિતીયાદ્ ભયં નાસ્તિ. બ્રહ્મે વિચાર્યું હું કોનાથી ડરું **''યન્મદન્યદ્ ન અસ્તિ કસ્માદ્ નુ બિભેમિ...દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ''** (બૃહ.ઉપ.૧/૪/૨). એક વ્યક્તિ અન્યવ્યક્તિથી ડરે. તો હું કોનાથી ડરું? જ્યારે હું જ છું તો કોનાથી ડરું? આજની પણ સ્થિતિ છે કે બીજાથી ભય લાગે, પરંતુ એકાકી રમણ ન થાય એટલામાટે તે એક અનેક થઇ ગયો. **''સ વૈ નૈવ રેમે તસ્માદ્ એકાકી ન રમતે સ દ્વિતીયં ઐચ્છત્''** (બૃહ.ઉપ.૧/૪/૩). એણે દ્વિતીયની ઈચ્છા કરી. તો એકના અનેક થવાની પ્રક્રિયામાં, એકથી બે થવાની પ્રક્રિયામાં આ બંને વાતનું સમાધાન મળી જાય છે. ભયનું પણ અને અરમણનું પણ. સમસ્યા બે છે ને! જો બે છે તો ભયના સ્થાન આવશે. જો એક છે તો અરમણની સ્થિતિ આવશે. અભય થઈને રમણ કરવું. ઉપનિષદ્ આનું સમાધાન આમ કરે છે કે એક જો અનેક થઇ જાય છે તો તે અનેક હોવાછતાં પણ અનેક નથી એકજ છે. અદ્વિતીય હોવાછતાં પણ દ્વિતીય હોવું ભયજનક નથી દ્વૈત નથી. અરમણજનક અદ્વૈત પણ નહીં રહી જાય. ભયજનક દ્વૈત ન રહેવું જોઈએ અને અરમણજનક અદ્વૈત ન રહેવું જોઈએ. કાંઇક એક એવું દ્વૈત હોવું જોઈએ જેમાં નિર્ભય-રમણ થવું જોઈએ.

આટલા માટે રાસપંચાધ્યાયીના પહેલા જ વેણુગીતમાં જ આચાર્યચરણ કહે છે **''ઈત્થં શરત્સ્વચ્છજલં પદ્માકરસુગન્ધિના ન્યવિશદ્ વાયુના વાતં સગોગોપાલકો અચ્યુતઃ''** (ભાગ.પુરા. ૧૦/૧૮/૧). ''સગોગોપાલકો અચ્યુતઃ'' આની વ્યાખ્યા કરતા કહે છે **''નાયકોત્કર્ષાર્થમ્ 'અચ્યુત' ઈતિ આહ, તત્રાપિ ગાવોનુભાવિકા ગોપાલાઃ સેવકાઃ, શક્તીનાં નિર્ભયત્વાયએતે દેવાઃ સાક્ષિણઃ''** (સુબો. ૧૦/૧૮/૧). જો રમણ છે તો નિર્ભયતા હોવી જોઈએ. આ પ્રમેયપ્રકરણ છે. આ ફલ ફલિત છે ગોપીગીતમાં. જ્યારે નિર્ભય-રમણની સ્થિતિ આવશે ત્યારે શુદ્ધાદ્વૈતનો અનુભવ જઈને ઘટિત થશે. જો સભય-રમણ રહ્યું તો શુદ્ધાદ્વૈતનો અનુભવ ઘટિત નહીં થાય. જો નિર્ભય-અરમણ રહ્યું તો શુદ્ધાદ્વૈતનો અનુભવ ઘટિત નહીં થાય. નિર્ભય-રમણમાં શુદ્ધાદ્વૈતનો અનુભવ ચરિતાર્થ થાય છે.

**નનુ ભગવાન્ પુરુષોત્તમો યોગિધ્યેયઃ, કથં સ્ત્રીણાં સ્પર્શં કરિષ્યતીતિ ચેત્.** અરે એ યોગિધ્યેય ભગવાન્! હવે આ ગોપી સાત્ત્વિક છે તેથી આને આવીજ વાત સૂઝે. ગોપીના માથાપર શામાટે હાથ ધરશે? **તત્ર આહ શ્રીકરગ્રહમ્ ઈતિ.** અરે લક્ષ્મીનો હાથપકડે છે કે નહીં! હાથ ન પકડ તો ન પકડ પરંતુ ઓછામાં ઓછો માથાપર તો ધરી દે. ઉચિત તો આ વાત હતી કે અમારો હાથપણ આવીને પકડી લે. હાથ ન પકડતો હોય તો ન પકડ પરંતુ માથાપર ધરવામાં તારું શું જાય!

**શ્રિયાઃ કરસ્ય ગ્રહો ગ્રહણં યેન. અતો ભગવાન્ ગૃહસ્થ ઈતિ.** અરે યોગિઓનું ધ્યેય હશે પરંતુ ગૃહસ્થછે કે નહીં? બ્રહ્મચારી રહેવાના કોઈ સમ તો નથી ખાધા. જેમ સ્વામીનારાયણના સાધુ સ્ત્રીનું મોઢું જ ન જુએ. હવે ધ્યાન આપીને જૂઓ તો સાત્ત્વિકસાત્ત્વિક ગોપી કહી રહી છે **કર સરોરુહં કાન્ત કામદં** ભગવાનના શ્રીહસ્તમાં બે ગુણ છે. અભય આપવાનો અને કામ આપવાનો. શ્રીહસ્ત રમણપ્રદ અને અભયપ્રદ છે. આ જે વાત કહેવી છે તો જે પ્રકારનો બ્રહ્મનો ઉપપત્તિપક્ષ છે, જે સ્વતઃ સગુણ સાકાર અને સધર્મક છે, તે સ્વયં શુદ્ધાદ્વૈતરૂપ છે. સ્વયં-રમણરૂપ છે. તો નિર્ભય-રમણરૂપ જો તેનો શ્રીહસ્ત છે તો નિર્ભય-રમણરૂપ શ્રીહસ્તનું વરદાન કેમ નથી માગી રહી? નકામું બેઠા બેઠા જ્ઞાનમાર્ગમાં ડાયગ્રેશન કરી રહી છો. **''ન ખલુ ગોપિકા...''**. આ ડાયગ્રેશનના પ્રસંગની અહીં શું આવશ્યકતા છે? સીધીરીતે વાત કરો. જ્ઞાનનું જો નિરૂપણ કરવું છે તો શુદ્ધાદ્વૈતના સંદર્ભમાં કરો જેટલું થઈ શકતું હોય એટલું કરી લો. અરે બ્રહમના તો પચાસ આસ્પેક્ટસ્ છે. એ આસ્પેક્ટસની સ્તુતિ કરીને શું ફાયદો થશે જે આપણા કામમાં ન આવતું હોય! અરે સ્તુતિ પણ કરો તો એવા આસ્પેક્ટસની ગર્ભસ્તુતિ કરો જે આપણું તત્કાળમાં કામ થઈ જાય.

**''એક હી અનંગ સાધિ સાધ સબ સધત નાહિં અપર અનંગ સાધિ સાધ સરિ હૈં કહા''** (ઉદ્ધવશતક). હવે એક બીજી નિરાકારની સાધના બતાવીને તમે શું કહેવા માગી રહ્યા છો? કયું નિર્ભય-રમણ સિદ્ધ થઈ જશે એ અનંગ સાધનાથી અને અપર અનંગ સાધનાથી! એટલા માટે અમારી તકલીફ છે શુદ્ધાદ્વૈત નિર્ભય-રમણની. મતલબ નિર્ભય-રમણની તકલીફ છે, ભયજનક દ્વૈત ન હોવું જોઈએ. અરમણજનક અદ્વૈત ન હોવું જોઈએ. દ્વૈત એવું હોવું

જોઈએ કે જે અભયપ્રદ હોય. અદ્વૈત એવું હોવું જોઈએ જે રમણપ્રદ હોય. તો એવો શ્રીહસ્ત અમારા માથાપર ધરવાની જે તમે માગણી કરો, તો થોડોક શુદ્ધાદ્વૈત તમે ભણ્યો ભણાવ્યો. નહીંતર તો વાત પ્રામાણિક છે પરંતુ શ્રેષ્ઠ નથી. પ્રામાણિક હોવાછતાં પણ વાત શ્રેષ્ઠ નથી. એનું કારણ આ કે તમે માગવામાં એવા પક્ષનું વર્ણન કર્યું કે જેનો અહીં કોઈ પ્રસંગ જ નથી. જેમ પહેલા કહ્યું હતું કે એમણે કહ્યું ''પિતા ગયા તમારો પણ વારો આવશે'' વાત તો બરાબર કહી, પરંતુ અહીં એનો પ્રસંગ શું ઉચિત છે? અત્યારે બિચારો રોઈ રહ્યો છે ગરીબ તો એને રોવા દો. જો બરાબર રીતથી સમજાવી શકતા હો તો સમજાવો નહીંતર રોઈ લેવા દો. આવી વાત કહીને સમજાવવું તો બહુ કઠોર વાત થઈ જાય ને! આ પ્રકારથી આ સાત્ત્વિકસાત્ત્વિક ગોપિકાઓને લાગી રહ્યું છે કે ગોપિકાનંદનત્વનું નિરાકરણ કરી દેવું અને એને આ વખતે **''અખિલદેહિનામ્ અન્તરાત્મદક્''** કહેવાનો અહીં શું લાભ! ચાલતા પ્રસંગમાં આ સમયે વૃંદાવનમાં ભગવાન્ અખિલદેહિઓના અંતરાત્મા હોય અંતદષ્ટા હોય અંતર્યામી હોય તો એને અહીં કહેવાનો શું લાભ! વૃંદાવનમાં કોઈ લાભ નથી, પ્રામાણિક નિરૂપણ હોવા છતાં પણ પ્રસંગોપાત નથી અને અપ્રાસંગિક નિરૂપણ છે. આમ ટોકી રહી છે.

આટલા માટે આચાર્યચરણ કહે છે **અન્યાઃ પુનઃ સાત્ત્વિકસાત્ત્વિક્યઃ રાજસપ્રધાનાભ્યો વિશિષ્ટાઃ.** રાજસપ્રધાનથી તો વિશિષ્ટ છે, રાજસે જે કાંઈ માગણી કરી, એની ભાષા સાંભળીને જ આ ગભરાઈ ગઈ. આને સમજમાં ન આવ્યું કે આવી ભાષા ભગવાનને કેવીરીતે કહી શકાય! જે નિર્ગુણે પ્રાર્થનાહીન વર્ણન કર્યું, એ વાતમાં આનો ભાવ રૂચે નહીં કે જ્યારે તેં વર્ણન કર્યું તો કાંઈક માગીને વર્ણન કરો. આટલી દીનતા પણ શું કામની કે કાંઈ માગ્યું જ નહીં અને વર્ણન કરી દીધું. કાંઈક તો દાવો હોવો જોઈએ કે નહીં! **''શૌકે દીદાર હે તો તકાજા ભી કરો''** કાંઈક તો દાવો હોવો જોઈએ કે નહીં? વગર દાવે સાક્ષીવત્ વર્ણન કરી દેવાથી આ લીલાના પ્રસંગમાં શું લાભ થશે! જો લાભ ન થયો તો આવું વર્ણન શામાટે કરવું જોઈએ! એટલા માટે એણે ટોકી દીધી. **''વિરચિતાભયં વૃષ્ણિધુર્ય તે''** અને શ્રીહસ્ત અમારા માથાપર રાખ જે અભય આપવાવાળો હોય.

હવે એવો શ્રીહસ્ત અમારા માથાપર રાખ જે કામદ હોય. હવે પ્રભુ કહે કે અભયપ્રદ અને કામદ શ્રીહસ્ત હું તમારા માથાપર શામાટે ધરું? તો કહે કે તારી ઉપપત્તિનો પક્ષ છે કે તું **શ્રીકરગ્રહ** છે. અત્યાર સુધી તું શ્રીનો હાથ પકડતો આવ્યો છે. હવે આ એ શ્રીની વાત નથી પરંતુ આ શ્રી નિત્યલીલામાં તારી સાથે નિત્ય વામભાગમાં બિરાજમાન છે. **''સ ઈમમેવ આત્માનં દ્વેધાપાતયત્ તતઃ પતિશ્ચ પત્ની ચ અભવતામ્''** (બૃહ.ઉપ.૧/૪/૩). જ્યારે નિત્યલીલામાં આ નિત્ય શ્રીકરગ્રહિતા છે, તો હવે તને એ શુદ્ધાદ્વૈત એડોપ્ટ (સ્વીકાર) કરવામાં શું જોર પડી રહ્યું છે? જ્યારે તું શુદ્ધાદ્વૈતસ્વરૂપ છે તો અમે કોઈ ગૈરશુદ્ધાદ્વૈતી માગણી તો કરી નથી રહી. શુદ્ધાદ્વૈતની જ માગણી કરી રહી છીએ કે રમણ નિર્ભય થવું જોઈએ, દ્વૈતમાં અદ્વૈત અને અદ્વૈતમાં દ્વૈત હોવું જોઈએ.

શ્રીકરગ્રહિતના ઉપપત્તિપક્ષમાં અમે આ જોયું છે અને એજ અમે માગણી કરી રહી છીએ કે કોઈક એવો હાથ અમારા માથાપર ધરી દે કે જેથી આ નિર્ભય-રમણ આપણું ચાલતું રહે. અમારા ભય દૂર થઈ જાય અને અરમણની સ્થિતિ પણ ન આવે. આણે બહુ સાત્ત્વિક ભાષાથી નિર્ગુણથી એક પગલું આગળ જઈને વાત કહી છે. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે **''ત્વદીયત્વં ત્વદીયત્વં ત્વદીયત્વં યદ્ અસ્તિ મે તદેવ ફલમ્ ઈતિ આત્મશાસ્ત્રતઃ પ્રમિણોમિ અહમ્''** (વિજ્ઞપ્તિ.૪૪). જૂઓ સાત્ત્વિકભાવ કેવો છે, ''હું તારો છું'' ''હું તારો છું'' ''હું તારો છું'' આ જ મારામાટે ફલ છે. આ આત્મશાસ્ત્ર જ્યારે હું નિર્ગુણના લેવલપર જોઉં છું ત્યારે તો વાત સમજમાં આવે એવી છે. કેમકે ''હું તારો છું'' બસ આ જ મારામાટે ફલ છે. આનાથી વધારે બીજું કયું ફલ હશે?

## (જ્ઞાનદૃષ્ટિ અને ભક્તિદૃષ્ટિ)

તારો છું એમાં કોઈ શંકા નથી કેમકે **''એકો અહં બહુસ્યામ્''** છે. દરેક વ્યક્તિ તારો છે જ્યારે તું **''અખિલદેહિનામ્ અન્તરાત્મદૃક્''** તો હું તારો કેમ નથી? મતલબ ''ખુણો છોડીને ભાઈઓ અને બહેનો'' તો બ્રહ્માંડનો કોઈ એવો ખુણો નથી કે જે ખુણામાં ઠાકોરજીને આ કહેવું પડે કે ''આ મારો નથી'' એક સરદારજી પ્રવચન કરી રહ્યા હતા અને એમની પત્ની ત્યાં બેઠેલ હતી. એક જોક છે. હવે એમને ''ભાઈઓ અને બહેનો'' કહેવું હતું પરંતુ કહે તો કેમ કહે? તો એમણે કહ્યું ''કોના છોડકે ભાઈઓં ઔર બહેનોં'' તો બધાએ જોયું તો

ખુણામાં પત્ની બેઠેલી હતી. બ્રહ્મને તો આવો ખુણો છોડવાની કોઈ આવશ્યકતા નથી કે તમને છોડીને બધા મારા મદીય છે. આવો તો કોઈ નથી. ચાહેતો તામસભાવ હોય ચાહેતો રાજસભાવ હોય ચાહે સાત્ત્વિકભાવ હોય ચાહેતો નિર્ગુણભાવ હોય પુષ્ટિજીવ હોય કે મર્યાદાજીવ હોય કે પ્રવાહીજીવ હોય દૈવીસૃષ્ટિ હોય ચાહે આસુરીસૃષ્ટિ હોય જડ હોય કે ચેતન હોય, બધુંજ કાંઈ બ્રહ્મનું છે, બ્રહ્માત્મક છે. પ્રભુના લીધેલા રૂપ છે. બ્રહ્મનું પોતાના નિર્ભય-રમણને માટે લીધેલ રૂપ છે. **''ત્વદીયત્વં ત્વદીયત્વં ત્વદીયત્વં યદ્ અસ્તિ મે તદેવ ફલમ્ ઈતિ આત્મશાસ્ત્રતઃ પ્રમિણોમ્યહમ્''** (વિજ્ઞપ્તિ ૧/૪૪). આમાં તો કોઈ શંકા નથી કે નિર્ગુણ સાત્ત્વિક દષ્ટિથી જો વિચાર કરીએ પરંતુ મારા કોઈક સાત્ત્વિકભાવ છે, એ પણ સાંભળીશ કે નહીં? હું તામસભાવ ન બોલું કેમકે મને અત્યારે વિપ્રયોગ છે તેથી, પરંતુ સાત્ત્વિકભાવને સાંભળશે કે નહીં? તો કહે છે **''તથાપિ મન્નેત્રવપુઃપ્રભૃતીનાં વ્રજાધિપ! સાક્ષાત્ત્વયિ ઉપભોગં મે મનઃ કામયતેતરામ્''** (વિજ્ઞપ્તિ ૧/૪૫).

હું તારો તો છું. વિજ્ઞપ્તિમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે ''તારો છું'' એમાં શંકા નથી પરંતુ ''તારો છું'' આ વાતની અનુભૂતિ જ આપણે ત્યાં ફલ છે. આનાથી વધારે બીજું કોઈ ફલ નથી. જ્ઞાનની અહીં સુધી પહોંચ છે. ભક્તિની પહોંચ અહીં સુધીજ નથી. ભક્તિની દીક્ષા અહીંથી છે. આપણે ત્યાં એટલા માટે **''ભગવદીયત્વેન પરિસમાપ્તસર્વાર્થા''** (ભાગ.પુરા.૫/૬/૧૭). ભગવદીયતા આપણે ત્યાં પરમમોક્ષ સિદ્ધ થાય છે. ભગવદીયતામાં જ આપણો પરમધર્મ નિહિત છે. પરમધર્મ પણ ભગવદીયતાથી પ્રારંભ થાય છે. પરમમોક્ષ પણ આપણે ત્યાં ભગવદીયતામાં જઈને ચરિતાર્થ થઈ જાય છે. આ તો સ્નેહની દષ્ટિ છે.

### (સર્વાત્મભાવ)

જ્ઞાનની દષ્ટિથી જો વિચાર કરો, તો ભગવાનના આપણે અંશ છીએ, આ જ આપણી પ્રથમ કક્ષાના જ્ઞાનમાર્ગીય સાધનની સાધના છે. ભગવાનના અંશ છીએ એ પ્રકારથી અનુભૂત થવા લાગી જાય તો આ જ જ્ઞાનમાર્ગનો સાક્ષાત્કાર છે. આના સિવાય આપણે ત્યાં શુદ્ધાદ્વૈતમાં કોઈ જીવ ખુદ જ બ્રહ્મ બની જાય, અંશી બની જાય, એ સ્થિતિ તો હોઈ નથી શકતી. અંશીથી

અભિન્ન તો હોઈ શકે પરંતુ અંશી તો નથી બની શકતો. અંશીનો અંશ છે આને સમજી લેવું આ જ્ઞાનની પ્રથમ સાધના છે. અંશિતાનું ભાન જિજ્ઞાસા છે અને અંશિતાનો સાક્ષાત્કાર જ્ઞાનની સિદ્ધિ છે. આરુરુક્ષુ અને આરુઢયોગી જેમ હોય છે તેમ જ જ્ઞાનમાં પણ જિજ્ઞાસુ અને વિદ્વત્‌દશા એવા બે ભેદ છે. આમાં ''અંશી છું'' આ શ્રવણ મનન કર્યું નિદિધ્યાસન કર્યું તો આ જિજ્ઞાસુ. અંશિતાનું જ્યારે ભાન થવા લાગી જાય, **''એષ તે આત્મા અન્તર્યામી અમૃતઃ''** (બૃહ.ઉપ.૩/૭/૩). આમ ઉપનિષદ્ કહે છે. ''અરે એ તારો આત્મા છે. એ અંતર્યામી છે. એ અમૃત છે. તારો આત્મા એ છે.'' આનો મતલબ એ નહીં કે તારા દેહનો આત્મા એ છે. આત્માને સંબોધિત કરીને જ આત્મા કહેવામાં આવી રહ્યો છે કે ''તારા આત્માનો પણ તે આત્મા છે. જેમ તારા દેહનો તું આત્મા છે, તેમ તારા દેહનો આત્માનો પણ તે પરમ આત્મા છે'' આપણે ત્યાં જ્ઞાનમાં પ્રભુનું આત્મનાત્મત્વં મતલબ પ્રભુનું પરમાત્મત્વ જ અનુભૂત થશે. એ જ્ઞાનની અનુભૂતિ થયા પછી જેને ''જ્ઞાનમાર્ગીય સર્વાત્મભાવ'' કહેવાય છે એવું સર્વત્ર બ્રહ્મનું ભાન થઈ જાય અને સર્વત્ર બ્રહ્મના ભાન હોવાના અંતર્ગત પોતાનામાં પણ બ્રહ્મનું ભાન થાય અને તે એમ કહે **''અહં મનુરભવં સૂર્યશ્ચ''** (બૃહ.ઉપ.૧/૪/૧૦). મારામાં જગત્ સ્થિત છે. મારામાં જગત્ લીન થઈ રહ્યું છે. એ એનો જ્ઞાનમાર્ગીય સર્વાત્મભાવ છે.

એવીજ રીતે ભક્ત ભક્તિમાર્ગીય સર્વાત્મભાવમાં કહે છે **''કૃષ્ણો અહં પશ્ય ગતિં''** (ભાગ.પુરા.૧૦/૨૭/૧૯). એ પણ એની એકરસતા છે, તન્મયતા છે. અરે આપણો આસિસ્ટન્ટ (મદદનીશ) આપણી સહી કરે. જેમ તમારો સેક્રેટરી તમારા બધા પત્રોના જવાબ આપી દે. એ પત્ર વાંચીને તમારા બધા જવાબ આપી દે, તો એવીરીતે અંશ અંશીના બિહાફ્ પર કેમ ન જવાબ આપી શકે! બ્રહ્મના તરફથી કેમ ન સહી કરી શકે! આ જ અર્થમાં એ **''અહં બ્રહ્મ અસ્મિ''** સહી કરે છે. આ જ અર્થમાં આપણે એને સહી કરવાની છૂટ પણ આપીએ છીએ કે **''તત્ ત્વમ્ અસિ''** એજ અર્થ **''સર્વં ખલુ ઈદં બ્રહ્મ''** નો છે. **''સર્વં ખલુ ઈદં બ્રહ્મ''** છે આટલા જ માટે એને છૂટ આપવામાં આવી છે. **''તત્ ત્વમ્ અસિ''** કહીને કે તું **''અહં બ્રહ્મ અસ્મિ''**ની સહી કરી દે. એ સહી કરે છે એમાં કોઈ અપ્રામાણિકતા નથી. એ તે આપવામાં આવેલી છૂટને

પ્રયોગમાં લાવી રહ્યો છે. જેમ પાવર ઓફ એટર્ની હોય છે ને! તેમ **''તત્ ત્વમ્ અસિ''**થી એ અધિકાર આપવામાં આવેલ છે, **''તત્ ત્વમ્ અસિ''** કહીને. **''એષ તે આત્મા અન્તર્યામી અમૃતમ્''** કહીને કે તું **''અહં બ્રહ્મ અસ્મિ''** ની સહી કરી દે. હવે સહી કરી રહ્યો છે આનો મતલબ આ નથી કે બધી સત્તા જ એના હાથમાં આવી ગઈ. એનો માલ જ વેંચીને ખાઈ જાય. અધિકાર આપવામાં આવે તે માન્ય ક્યાંસુધી માનવામાં આવે, જ્યાંસુધી બ્રીચ ઓફ ટ્રસ્ટ (વિશ્વાસઘાત) ન કરે. એ ખુદ બ્રહ્મ બની જાય. જ્યારે જનરલ પાવર ઓફ ઓથોરિટી આપવામાં આવે, જેના સંદર્ભમાં એ માલિકની તરફથી એ બધુંજ કરી શકે જે માલિક કરી શકે પરંતુ આનો મતલબ એ નથી કે તે આની માલિકીનો દાવેદાર બની જાય. પાવર ઓફ ઓથોરિટીમાં ભસ્માસુરી વૃત્તિ નથી. ભસ્માસુરી વૃત્તિ નથી કે જેનાથી વરદાન માગ્યું એનાજ માથાપર સૌથી પહેલા હાથ રાખો.

## (વિમુક્તમાનિનઃ)

ભાગવત આથી સ્પષ્ટ કહે છે **''યે અન્યે અરવિન્દાક્ષ! વિમુક્તમાનિનઃ ત્વયિ અસ્તભાવાદ્ અવિશુદ્ધબુદ્ધયઃ આરુહ્ય કૃચ્છ્રેણ પરં પદં તતઃ પતન્તિ અધો અનાદતયુષ્મદઙ્ઘ્રયઃ. તથા ન તે માધવ તાવકાઃ ક્વચિદ્ ભ્રશ્યન્તિ માર્ગાત્ ત્વયિ બદ્ધસૌહૃદાઃ''** (ભાગ.પુરા.૧૦/૨/૩૨-૩૩). જેઓ મુક્ત થઈ ગયા છે એમને બ્રહ્મની સાથે અભેદતા સ્પષ્ટ દેખાવા લાગે છે કેમકે મુક્ત થઈ ગયા. સંસારમાં આપણને બ્રહ્મથી જે ભેદ દેખાતો હતો તે ભેદ દેખાવો બંધ થઈ જાય. બ્રહ્મની સાથે જે અભેદ દેખાવા લાગ્યો, બ્રહ્મની સાથે જે ઘનિષ્ઠતા થઈ, એ ઘનિષ્ઠતાના કારણે (શું થાય કે) એમને પોતાનામાં વિમુક્તતાનો બોધ થાય છે. વિમુક્તતાનો બોધ અને વિમુક્તમાનિતા.

## (પંડિતમન્યતા)

મતલબ એક વિદ્વાન હોય અને એક પંડિતમન્ય હોય. પંડિતમન્ય મતલબ જે પોતાની જાતને પંડિત માને. પંડિત નથી એટલા માટે પંડિતમન્ય. જો પંડિત હોત તો માનવાની જરૂરત શું હતી? આપણને પંડિત કોણ માને જો પંડિત ન હોઈએ. જે પંડિત છે તે તો છે જ. એને માનવાની જરૂરત પડશે શું? પોતાની જાતને એજ પંડિત માને જે પંડિત ન હોય. જો હોય તો માનવાની

જરૂરત જ ન પડે. કેમકે એને પછી રુચશે નહીં. મુંબઈમાં એક વખત એવું થયું કે એક નવા કલાકારને માટે ઓરગેનાઈજરે પ્રોગ્રામ કર્યો તો એ જે સોવેનિયર છપાય એમાં એ કલાકારના નામની આગળ પંડિત ન લગાડ્યું તો એ કલાકાર નારાજ થઈ ગયો. એણે કહ્યું કે ''સોવેનિયરમાં અમારું નામ છાપ્યું અને નામની આગળ પંડિત ન છાપ્યું?'' ઓરગેનાઈજરે (આયોજકે) કહ્યું કે ''ભૂલ થઈ ગઈ મહારાજ! આ વખતે ખાલી પંડિત રહી ગયું, આગળ ઉપર નામ પણ નહીં છાપીએ.'' જો પંડિત હોવ વસ્તુતઃ તો પંડિત ન છાપવાનો ઝઘડો શામાટે થવો જોઈએ! અરે ભઈ આ વખતે તમે ગાશો, એ વખતે દુનિયા માનશે, પંડિત છપાય કે ન છપાય. પરંતુ આટલો ઉદ્વેગ થઈ રહ્યો છે કે પંડિત નામ ન છપાયું. તો એ ઓરગેનાઈજરે કહ્યું કે ''આવતા વખતે અમે નામ પણ નહીં છાપીએ'' કેમકે પંડિતમન્યતા એક બીજી વસ્તુ છે અને પંડિત હોવું બીજી વસ્તુ છે.

**(સિતારવાદનના સર્ટીફિકેટો જૂઓ!)**

કિશનગઢમાં અમારી પાસે અશોકરાય કરીને એક સિતારવાદક આવ્યા અને અમને કહ્યું કે ''મહારાજ સિતાર સાંભળો'' અમે કહ્યું ''સિતાર જરુર સાંભળશું'' હવે એણે કહ્યું કે ''મારા સટીફિકેટો જૂઓ'' અમે કહ્યું ''અશોકરાયજી સર્ટીફિકેટો જોવાની શું જરૂરત છે. સિતાર તો સાંજે સાંભળવાના જ છીએ'' છતાંપણ કહે કે ''સર્ટીફિકેટ્સ જૂઓ'' તો મેં કહ્યું કે ''સર્ટીફિકેટ્સ્ જોવાથી મને કોઈ ફાયદો નહીં થાય'' તો પણ એમણે કહ્યું કે ''આપ જૂઓ ને જૂઓ'' હવે મને ક્રોધ આવી ગયો. મેં કહ્યું કે ''એક શરતે કે કાં તો સર્ટીફિકેટો જોઈશ કાં પછી સિતાર સાંભળીશ. બંનેમાંથી એક વાત નક્કી કરી લો'' કેટલાક કોલેજોના સટીફિકેટો, કેટલાક બાળકોની નિશાળોના સર્ટીફિકેટો, કેટલાક હાયર સેકન્ડરી સ્કૂલોના સર્ટીફિકેટો કે અશોકરાયજી અમારી સ્કૂલમાં સારી સિતાર વગાડી ગયા. હવે મેં કહ્યું ''વચન આપ્યું છે તો સો દોઢસો સર્ટીફિકેટો જૂઓ'' જ્યારે સર્ટીફિકેટો જોઈ લીધા તો મેં કહ્યું કે ''હવે સર્ટીફિકેટો જોઈ લીધા, હવે સિતાર નહીં સાંભળુ. મેં મારી શરત પૂરી કરી દીધી'' બધા સર્ટીફિકેટો જોઈ લીધા હવે સિતાર સાંભળવાની શું જરૂરત છે! જ્યારે સર્ટીફિકેટોનો આટલો આગ્રહ છે તો ક્યાંક ને ક્યાંક કાંઈક કૌભાંડ છે.

આવીજ રીતે જે જ્ઞાની છે એ જ્ઞાનીને વિમુક્તમાનિતા નહીં થાય એને

તો વિમુક્તતા થશે. એની મસ્તી એ મુક્તિની મસ્તી જ હશે પરંતુ જે પોતાની જાતને વિમુક્તમાની કહે **"યે અન્યે અરવિન્દાક્ષ વિમુક્તમાનિનઃ ત્વયિ અસ્તભાવાદ્ અવિશુદ્ધબુદ્ધયઃ. આરુહ્ય કૃચ્છ્રેણ પરં પદં તતઃ પતન્તિ અધો અનાદતયુષ્મદઙ્ઘ્રયઃ"** (ભાગ.પુરા.૧૦/૨/૩૨). એ વિમુક્તમાનિતાના કારણે શું થઈ જાય કે એમને પ્રભુમાં ભાવ અસ્ત થઈ જાય.

### (વિમુક્તમાનિતા અને વિમુક્તતા)

જે મુક્ત છે એને તો સામાન્યથી સામાન્ય ક્ષુદ્ર વસ્તુમાં પણ ભાવનું સ્ફુરણ થશે. પ્રભુની વાત તો દૂર રહી પરંતુ જે ક્ષુદ્ર વસ્તુ છે એ સામાન્ય વસ્તુમાં પણ મુક્તનો ભાવ અસંગત નથી થતો કેમકે એ મુક્ત છે. એનો ભાવ કોઈના પર પણ પડે પરંતુ એને કોઈ પણ ફરક નથી પડતો પરંતુ જે વિમુક્તમાની છે, એમાં ભસ્માસુરની વૃત્તિ જાગે છે. એ કહે છે "બ્રહ્મ કોણ? બ્રહ્મ તો હું." આ પ્રકારથી જે વખતે "બ્રહ્મ કોણ?" થઈ જાય? ત્યારે એ બ્રહ્મમાં ભાવ અસ્ત થઈ ગયો. એ ભાવ ના અસ્ત થવાના કારણે એ બુદ્ધિ અશુદ્ધ થઈ જાય અને **"આરુહ્ય કૃચ્છ્રેણ પરં પદં તતઃ પતન્તિ અધો અનાદતયુષ્મદઙ્ઘ્રયઃ"** જે વખતે રેંટમાં પાણી ઉપર ચઢતું જાય પરંતુ જ્યારે ઊંધુ થાય ત્યારે બધું પાણી ખાલી થઈ જાય. કાલીદાસ કહે છે **"નીચૈર્ ગચ્છતિ ઉપરિ ચ દશાઃ ચક્રનેમિક્રમેણ"** (મેઘદૂતમ્.ઉ.૪૯). ઉપર જાય છે સાધનાઓથી ભરેલો પરંતુ જ્યારે એક એવો સેચ્યુરેશન પોઈન્ટ આવ્યો નહીં અને એ ઉલટ્યો નહીં તો એ એકદમ ખાલી થઈને નીચે આવી જાય.

### (માધવ! તાવકાઃ...ત્વયિબદ્ધસૌહૃદાઃ)

**"તથા ન તે માધવ તાવકાઃ ક્વચિદ્ ભ્રશ્યન્તિ માર્ગાત્ ત્વયિ બદ્ધસૌહૃદાઃ ત્વયાભિગુપ્તા વિચરન્તિ નિર્ભયા વિનાયકાનીકપમૂર્ધસુ પ્રભો"** (ભાગ.પુરા.૧૦/૨/૩૩). જે ત્વદીય છે, જેનો તારામાં ભાવ અસ્ત નથી થયો, એ વિમુક્ત થઈ જશે, એમનામાં અભેદજ્ઞાન પણ આવી જશે કે હું બ્રહ્મ છું પરંતુ એમનો બ્રહ્મમાં ભાવ અસ્ત નહીં થાય. **"પ્રણયરશનયા ધૃતાઙ્ઘ્રિપદ્મઃ સ ભવતિ ભાગવતપ્રધાન ઉક્તઃ"** (ભાગ.પુરા.૧૧/૨/૫૫). જે પ્રણયરશના તારા ચરણમાં બાંધીને રાખે છે એમનું નિર્ભય-રમણ સંસારમાં પણ થાય છે જો જીવન્મુક્ત હોય તો અને જો મુક્ત થઈ જાય, વિદેહમુક્ત થઈ

જાય તો પણ તે આપને પ્રાપ્ત થાય છે. બ્રહ્મભાવમાં પણ એમનું નિર્ભય-રમણ થાય છે.

આ નિર્ભય-રમણ જે શુદ્ધાદ્વૈતની મુખ્ય સમસ્યા છે, એ શુદ્ધાદ્વૈતની મુખ્ય સમસ્યાના અનુરૂપ અહીં ગોપિકાએ પ્રાર્થના કરી છે. **"તથાપિ મન્નેત્રવપુઃપ્રભૃતીનાં વ્રજાધિપ! સાક્ષાત્ત્વયિ ઉપભોગં મે મનઃ કામયતેતરામ્."** (વિજ્ઞપ્તિ.૧/૪૫). બસ આટલીજ વાત છે અને **"મનઃ કામયતે"** એ મારા મનમાં કામના છે કે મારી આંખનો તારામાં કાંઈક ઉપયોગ થાય, મારા દેહનો તારામાં કાંઈક ઉપયોગ થાય અને જ્યાંસુધી અભયપ્રદ શ્રીહસ્ત કામપ્રદ શ્રીહસ્ત મારા માથાપર નહીં ધરે, ત્યાંસુધી કેવળ ત્વદીયતાથી એ અનંગની સાધનાને માટે બધી સાધ આ પ્રકારથી સધાશે નહીં. આ વાત સાત્ત્વિકગોપિકાએ કહી.

***

## ॥ શ્લોક : ૬ ॥

**ઉત્થાનિકા :**

**તતઃ તામસી કિંચિદ્વૈલક્ષણ્યેન ધાર્ષ્ટ્યેન તમેવ અર્થં પ્રાર્થયતિ વ્રજજનાર્તિહન્ ઇતિ.**

**વિવરણમ્ :**

### (પૂર્વશ્લોકસંગતિ)

પૂર્વશ્લોકમાં સાત્ત્વિકસાત્ત્વિક ગોપિકાએ પ્રભુ પાસેથી અભય માગ્યું અને કામ માગ્યો. 'કામ' મતલબ કામના. આમતો સામાન્યતયા તો 'કામદ'નો અર્થ આમ કરે છે કે કામનાને પૂરી કરતો હોય તે 'કામદ' કહેવામાં આવે. પરંતુ 'કામદ'નો અર્થ આવો પણ કરી શકીએ કે જે કામના વધારતો હોય એ પણ 'કામદ' કહેવામાં આવે. ધન આપતો હોય એ 'ધનદ', યશ આપતી હોય તે 'યશોદા', કામ આપતો હોય તે 'કામદ'. જ્યારે કામ છે, જ્યારે ભગવદ્વિષયક કામ છે, ભગવાનની બાબતમાં, પ્રભુની બાબતમાં કાંઈક મનોરથ છે, જો એ પૂર્ણ ન થયા તો ભય ઉપસ્થિત થઈ જશે. મનોરથ છે અને પૂર્ણ ન થયો તો ભય થઈ ગયો તો અભયકામ કેવીરીતે થશે? સફલકામ જ અભયકામ થશે. નિષ્ફલકામ હશે એ તો સભયકામ થશે. એટલા માટે આ ગોપિકાએ પ્રભુના હસ્તમાં બે ગુણ માન્યા. પ્રભુનો અભયપ્રદ હસ્ત છે અને કામપ્રદ હસ્ત છે. તો કામની પૂર્તિ ન માગીને કામ માગ્યો. એનું મુખ્ય કારણ છે કે જેથી પ્રભુ શ્રીહસ્ત ધરે અને શ્રીહસ્ત ધરવાની પ્રક્રિયામાં પ્રભુ બંધાઈ જાય. આટલા જ માટે આચાર્યચરણે ત્યાં કહ્યું **"પ્રથમતઃ શિરસિ હસ્તસ્થાપનેન સ્વાધીનીકરણં દ્યોતિતમ્"** એક વખત અમારા માથાપર હાથ ધરી દે તો અમે તારા આધીન છીએ, આ દ્યોતિત થઈ ગયું. તેં કહ્યું છે **"અહં ભક્તપરાધીનઃ"** (ભાગ.પુરા.૯/૪/૬૩). હું ભક્તને પરાધીન છું તો તારી પણ અમારામાં આધીનતા દ્યોતિત થઈ જશે, પરંતુ આ વાત એ સ્પષ્ટતયા કહી કેમ ન શકી કેમકે ભાવ સાત્ત્વિક હતો.

### (ધાર્ષ્ટ્યેન)

આટલું જ્યારે આણે માગ્યું ત્યારે સાત્ત્વિકગોપિકાઓને અનુસરતી તામસીગોપિકાને એનો ભાવ તો યોગ્ય લાગ્યો પરંતુ ભાષા થોડીક આડી–

અવળી લાગી. આટલા માટે આ એ ભાવને પોતાની ભાષામાં બાંધીને કહી રહી છે. હવે આના તામસભાવ છે. તામસભાવ છે તો વાત એજ કહી રહી છે પરંતુ થોડીક ધૃષ્ટતાથી. આચાર્યચરણે જ્યારે **'ધાષ્ટર્યેન'** શબ્દ કહ્યો હશે તો અતિ રમી ગયા હશે અહીં લખતા લખતા. બહુ પ્રેમથી લખ્યો છે આ શબ્દ **'ધાષ્ટર્યેન'**=ધૃષ્ટતાથી વાત તે કહી રહી છે. તો કહે છે કે જ્યારે છૂપાઇ ગયો છે અને હાથતો માથાપર રાખવો, ઠીક છે તારો શ્રીહસ્ત અભયદાન કરવાવાળો છે, ભય દૂર કરવાવાળો છે. ઠીક છે કામપ્રદ છે અભયપ્રદ છે પરંતુ અભય અને કામપ્રદ શ્રીહસ્તથી પણ વધારે સમસ્યા આ વખતે આ છે કે તું પ્રકટ થઇ જા. મતલબ પહેલા એમ કહેવું અભય હોવું જોઈએ, કામ હોવો જોઈએ અને પછી કામની અભયતા આમાં છે કે તું પ્રકટ થાય. આટલી પરંપરાથી માગવાની શું જરૂરત છે? સીધીરીતે જ કેમ ન માગી લે? કેમકે જ્યારે પરંપરાથી માગે તો કાંઈક અર્થનો અનર્થ થઈ જાય.

એક નિયમ છે કે જેટલી વાત તમે સરળતાથી કહો, એટલી વાત એ સીધી આવે છે. જેટલી વાત તમે ફેરવી-ફેરવીને કહો તો એટલો જ ફેરવી-ફેરવીને એનો અર્થ કાઢી શકાય છે. જે વખતે તમે ફેરવી-ફેરવીને બોલશો, તો એટલા જ ફેરવી-ફેરવીને એના અર્થ કાઢી શકાય છે. જેટલી વાત તમે સીધી કહેશો એટલોજ સીધો અર્થ એનો આવશે.

બિહારીએ એક દોહો બનાવ્યો અને એના કોઈ છ કે સાત અર્થ સમજાવ્યા. કોઈને કહ્યું કે કવિ સંમેલનમાં જઈને સંભળાવજો. હવે બિહારીને વાત ફેરવી-ફેરવીને કહેવાની આદત. જ્યારે એ દોહાને સંભળાવવા કવિ સંમેલનમાં ગયો તો એની પાછળ ચુપચાપ બિહારી પણ ગયો. તો ત્યાં લોકોએ જે જે એના અર્થ કાઢ્યા તે અર્થ તો બિહારીને પણ ખબર નહોતા. એનું કારણ શું? જેટલી ફેરવી-ફેરવીને વાત કહેશો એટલો એના અર્થ ફરી-ફરીને જ નિકળશે ને! હવે જેમાં જેવું સામર્થ્ય એવી રીતે એ ફેરવી-ફેરવીને અર્થ કાઢી દે. તો આટલી ફેરવી-ફેરવીને આપણે વાત કરીએ અને ભગવાન્ એનો ફેરવી-ફેરવીને અર્થ કાઢે અને પછી પ્રકટ ન થાય તો? એના બદલે સીધી વાત કેમ ન કરવી! જે વાત ખૂંચી રહી હોય એજ વાત સીધે સીધી કેમ ન માગી લેવી? આટલી સાત્ત્વિકતાની શું આવશ્યકતા કે જેના કારણે આટલી ફેરવી-ફેરવીને

વાત કહેવી પડતી હોય.

**શ્લોક :**

**વ્રજજનાર્તિહન્ વીર યોષિતાં નિજજનસ્મયધ્વંસનસ્મિત।**
**ભજ સખે! ભવત્કિંકરીઃ સ્મ નો જલરુહાનનં ચારુ દર્શય।।૬।।**

**સુબોધિની :**

**હે ભગવન્! એતા વક્તું ન જાનન્તિ, મયા તુ નિર્ધારિતમ્ ઉચ્યતે. હે સખે! ઈતિ અપ્રતારણાર્થં સંબોધનમ્. નઃ અસ્માન્ ભજ ઈતિ હિતોપદેશઃ. નનુ કથમેવં ધાર્ષ્ટ્યં નિષિદ્ધં ચ બોધ્યતે. તત્ર આહુઃ 'ભવત્કિંકરીઃ' ઈતિ. ''યે યથા માં પ્રપદ્યન્તે'' ઈતિ હિ તવ પ્રતિજ્ઞા. અતો યથા કિંકર્યો વયં ભવન્તં ભજામઃ તથા ભવાનપિ ભજતુ. કિંકરીત્વં તવ પ્રતિજ્ઞા ચ પ્રસિદ્ધા ઈતિ આહુઃ 'સ્મ'ઈતિ. ન કેવલમ્ અસ્મદ્ભજને તવ સૈવૈકા પ્રતિજ્ઞા હેતુઃ કિન્તુ અન્યેઽપિ હેતવઃ સન્તિ. પ્રથમમ્ અવતારપ્રયોજનં વ્રજજનાર્તિહન્ ઈતિ. વ્રજજનાનાં આર્તિં હન્તીતિ તથા. ન અતઃ પરમ્ અન્યા આર્તિઃ અસ્તિ. સામાન્યપ્રયોજનમ્ એતત્, વિશેષપ્રયોજનમ્ આહુઃ યોષિતાં વીર! ઈતિ. કૃષ્ણો ભગવાન્. વીરૈઃ હિ શૂરા નિરાકરણીયાઃ અન્યગતકામાદયઃ. તત્ર મુખ્યઃ કામઃ. સ ચ બહુવિધઃ; અન્તર્બહિઃ પદાર્થેન પૂર્ણેન પૂરયિત્વા આશ્રયાભાવાત્ નિવારણીયઃ. અતએવ લોકે દાતારઃ કીર્તિમન્તો ભવન્તિ વીરેભ્યઃ. અતો ભવાન્ મહાવીરઃ અન્તઃસ્થિતેન આનન્દેન અતિદરિદ્રાણાં બ્રહ્મણાપિ પૂરયિતુમ્ અશક્યાનામ્ ઈચ્છાપૂરકઃ. અયં ચ અર્થઃ તવ સર્વજનીનઃ, અતઃ 'યોષિતાં વીર!' ઈતિ સમ્બોધનમ્. ન હિ કૃષ્ણાદ્ અન્યો જગતિ કશ્ચિદ્ એવં સમ્બોધનમ્ અર્હતિ, અપૂર્ણકામત્વાત્. અતો અવતાર-સામાન્ય-વિશેષપ્રયોજનાભ્યાં ચ નો ભજ. નનુ સત્યં, તથાપિ ભવતીનામ્ અભિમાનદોષનિવૃત્ત્યર્થં ભજનં ન ક્રિયતે ઈતિ ચેત્, તત્ર આહ નિજજનસ્મયધ્વંશનસ્મિત્ ઈતિ. નિજજનાઃ સેવકાઃ તેષાં સ્મયો ગર્વઃ તસ્ય ધ્વંશનાર્થં સ્મિતં યસ્ય, નિજજનાનાં સ્મયદૂરીકરણાર્થં પરિત્યાગો ન ઉપાયઃ કિન્તુઃ તદર્થં સ્મિતમેવ કર્તવ્યમ્. સ્મિતં હિ મન્દહાસઃ. ''હાસો જનોન્માદકરી ચ માયા'' (ભાગ.પુરા.૨/૧/૩૧). તસ્યા મન્દત્વં ભક્તેષુ અપ્રવર્તનમ્. નહિ માયામોહવ્યતિરેકેણ કસ્યચિત્ સ્મયો ભવતિ. અતએવ હાસ્યસંકોચએવ સાધનમ્. નિજજનાનામપિ ધર્મએવ દુષ્ટઃ નતુ ધર્મી, અન્યથા નિજજનત્વમેવ ન**

**સ્યાત્ ઈતિ અલૌકિકોપાયઃ. લૌકિકેઽપિ તવ હાસ્યેન તા અપિ આત્માનં તુલ્યં મન્યન્તે, યદા પુનઃ હાસ્યે સંકોચઃ તદૈવ તાસાં ગર્વો નિવર્તતે. કિંચ અભિમાનો હિ દોષઃ, સ તાવદેવ તિષ્ઠતિ યાવત્ તવ સ્મિતયુક્તમ્ આનનં ન પશ્યતિ. નહિ કાચિત્ તાદૃશમપિ આનનં દૃષ્ટ્વા સ્વાભિમાનં પાલયિતું શક્તા. નનુ એતદ્ લોકે અપ્રસિદ્ધં સાધનત્વેનેતિ કથં જ્ઞાતું શક્યતે ઈતિ આશંક્ય આહુઃ જલરુહાનનં ચારુ દર્શય ઈતિ. જલરુહં કમલં, તત્સદૃશમ્ આનનમ્ અમૃતસ્રાવિ; નહિ અમૃતે પીતે કસ્યચિદ્ દોષઃ તિષ્ઠતિ ઈતિ યુક્તિઃ. સાધનત્વે ચેત્ સંદેહઃ, એકવારં પ્રદર્શ્ય પશ્યતુ ઈત્યર્થઃ. કિંચ અભિમાનો હિ મનોધર્મઃ, તવ આનનં તુ ચારુ મનોહરમ્. નહિ ધર્મિણિ હૃતે ધર્મઃ તિષ્ઠતિ. સખ્યુઃ સખિભજનં યુક્તમેવ॥૬॥**

**વિવરણમ્ :**

આ ગોપી એજ ભાવને થોડી ધૃષ્ટતાની સાથે મતલબ બ્લન્ટ થઈને એજ વાતને કહી રહી છે. હે **ભગવન્! એતા વક્તું ન જાનન્તિ, મયા તુ નિર્ધારિતમ્ ઉચ્યતે.** હે ભગવાન્ આ બધી જે બોલી રહી છે, એમના ભાવ તો ઠીક છે પરંતુ એમને સરખી રીતથી બોલતા નથી આવડતું. એમણે જે પ્રકારથી પોતાનો કેસ ડીલ કર્યો છે એ બરાબર નથી કર્યો. એક જજ અમને બતાવી રહ્યો હતો કે ''જો જજ સીધી સીધી રીતથી પોતાનું જજમેન્ટ(ચુકાદો) આપે છે, એની રૂલિંગ બહુ સીધી સીધી રીતથી આવે છે. જે ફેરવી-ફેરવીને ચુકાદો આપે છે, એની રૂલિંગમાં ઘણા ઘણા અર્થ છૂપાયેલા હોય છે કેમકે બધી ગણત્રી એમણે પહેલેથી જ કરી રાખી હોય છે.'' તો એ ગોપી કહી રહી છે કે આપ એની વાતપર ન જાઓ. જેમ હિરણ્યકશિપુએ વર માગ્યો. ''જલમાં ન મરું થલમાં ન મરું માણસથી ન મરું પશુથી ન મરું આનાથી ન મરું ઓનાથી ન મરું'' બહુજ ફેરવી-ફેરવીને વરદાન માગ્યું અને ભગવાને નૃસિંહનું રૂપ લઈને ફેરવી-ફેરવીને એને મારી નાખ્યો. જે ન જલમાં હતું ન થલમાં હતું ન રાતમાં હતું ન દિવસમાં હતું ન માણસમાં હતું ન પશુમાં હતું. નૃસિંહનું રૂપ ધારણ કરીને ઉંબરામાં પોતાના નખોથી ફાડીને મારી નાખ્યો. **''ન અયં મૃગો નાપિ નરો વિચિત્રમ્ અહો કિમ્ એતદ્ નૃમૃગેન્દ્રરૂપમ્!!''** (ભાગ.પુરા.૭/૮/૧૯). તો જે વાત ફેરવી-ફેરવીને પૂછવામાં આવે એનું ફલ પણ એવીજ રીતે ફરી-ફરીને આવે, સીધીરીતથી ન આવે. હવે એના કોણજાણે શું અર્થ નિકળી જાય!

હવે આમાં પણ આપણે શામાટે તે ભયાનક રસપર જઈએ. ફેરવી-ફેરવીને રાધાસહચરીજીએ કહ્યું **"ન પારયે અહં ચલિતું નય માં યત્ર તે મનઃ"** (ભાગ.પુરા.૧૦/૨૭/૩૮). જો સીધી રીતથી કહ્યું હોત તો ઠાકોરજી પણ કદાચ ગોદીમાં પધરાવીને લઈ ગયા હોત, એમાં શું મોટી વાત હતી! ન ચાલી શકાતું હોય, થાકી જાય, ગોદીમાં ઉઠાવીને લઈ જવામાં કોઈ મોટી વાત ન હતી. પરંતુ ગોદીમાં જવાની ઈચ્છા નહોતી. ફેરવી-ફેરવીને આ વાત કહેવા માગી રહી હતી કે જેમ તમે તિરોહિત થયા બધાથી તેમ હું હવે તિરોહિત થવા માગું છું. જો આ જ વાત સીધી રીતથી કહી હોત તો પ્રભુએ પણ સીધી રીતથી ઉત્તર આપી દીધો હોત પરંતુ પ્રભુએ પણ ફેરવી-ફેરવીને ઉત્તર આપ્યો **"સ્કન્ધમ્ આરુહ્યતામ્"** (ભાગ.પુરા.૧૦/૨૭/૩૯). આચાર્યચરણને અર્થ કરવો પડ્યો કે સ્કન્ધમ્ આરુહ્યતાં એટલે **"સ્વસ્કન્ધમેવ આરુહ્યતામ્"** સ્વસ્કન્ધારુહ્યતામ્ આવો અર્થ કર્યો. પ્રભુએ કહ્યું કે **સ્કન્ધમ્ આરુહ્યતામ્** તો એને લાગ્યું કે "ઝાડપર જો ચઢો તો સ્કન્ધપર ઉઠાવું". હવે એ ચઢીને લટકી તો પ્રભુ ત્યાંથી ગાયબ. ડાળસાથે લટકતી રહી ગઈ. તો આ પ્રકારથી કોઈ વાત ફેરવી-ફેરવીને કરવામાં આવે તો એનો ઉત્તર પણ ફેરવી-ફેરવીને થાય અને ફલ પણ ફેરવી-ફેરવીને થાય છે. સીધી વાતનો જવાબ સીધો આપવામાં આવે અને સમજી પણ સીધું શકાય. કેમ આટલી વાત ફેરવી-ફેરવીને કહેવી, એને આ વાત સમજમાં ન આવે! થોડીક ધૃષ્ટતાની તો જરૂરત છે. જો એ ધૃષ્ટતા છે તો છે એ ધૃષ્ટતા. તારાથી ધૃષ્ટતા ન કરીએ તો કોનાથી કરીએ? અને ક્યાં ધૃષ્ટતા કરીએ તારી સાથે ન કરીએ તો? હવે છે તો છે ધૃષ્ટતા પરંતુ વાત તો સીધી કરે. વાંકી વાત શામાટે કરવી? આટલા માટે આ કહે છે હે **ભગવન્! એતા વક્તું ન જાનન્તિ.** હે ભગવાન્! આને બોલતા નથી આવડતું. વાત બિચારીઓની સીધી છે પરંતુ બોલતા નથી આવડતું ફેરવી-ફેરવીને વાત કરી રહી છે.

**મયાતુ નિર્ધારિતમ્ ઉચ્યતે** સીધી વાત હું નક્કી કરીને બતાવું. હે **સખે! ઈતિ અપ્રતારણાર્થં સમ્બોધનમ્.** હવે આ શુદ્ધ ભાષાના પ્રયોગનો અધિકાર અમને સખાત્વના કારણે મળ્યો છે. તું સખા છે અમારો અને તારી સામે સીધી સાદી વાત ન કરીએ તો આખરે બીજા કોની સામે કરશું? સીધી વાણીનો પ્રયોગ ક્યાં કરવો જો પોતાના મિત્રની સામે ન કરી શકાતી હોય! આટલા માટે

જ્યારે તું સખા છે તો અમે સીધી વાણી કહી રહી છીએ. અમારી સીધી વાણીને તું સીધા અર્થમાં જ લેશે કેમકે તું સખા છે. હવે સીધી વાત શું છે? **નઃ અસ્માન્ ભજ ઈતિ હિતોપદેશઃ.** અમે તને ભજવામાટે આ જંગલમાં વનમાં શોધી રહી છીએ ડોલી રહી છીએ ભટકી રહી છીએ ગાઈ રહી છીએ તો તું અમારું ભજન કેમ નથી કરી રહ્યો? તું અમારું ભજન કર. આ સીધી વાત છે બીજી કાંઈ નથી. ચાહે હાથ માથાપર રાખ ચાહે ન રાખ આ પ્રકારથી ચાહે તે પ્રકારથી, વાત સીધી આટલી છે કે તું અમારું ભજન કર. ભજન કરવાનો મતલબ શું? ભજનનો સીધોસાદો મતલબ છે ''તત્સુખનો વિચાર''. જેમ અમારું સુખ થતું હોય એવું કામ તું કર. કોઈ બીજા શબ્દની કે ભાવની અપેક્ષા નથી. બધા સરળતમ શબ્દોમાં સરળતમ ભાષામાં આ વાત સમજી જા.

**(ભવત્કિંકરીઃ)**

**નનુ કથમ્ એવં ધાર્ષ્ટ્યં નિષિદ્ધં ચ બોધ્યતે! તત્ર આહુઃ ભવત્ કિંકરીઃ ઈતિ.** અરે તમારી આટલી હિંમત કે તમે મને ઉપદેશ આપી રહી છો કે અમારું ભજન કર! તો કહી રહ્યા છે અમે તારી કિંકરી(દાસી) છીએ કે નહીં? જો અમે તારી કિંકરી છીએ, સેવિકાઓ છીએ, તો તારે અમારા સેવક થવું જોઈએ. **''યે યથા માં પ્રપદ્યન્તે તાં તથૈવ ભજામિ અહમ્''** (ભગ.ગીતા૪/૧૦). જો અમે તારું સેવન કરવા તૈયાર છીએ, જો અમે તારી સેવા કરવા તૈયાર છીએ, તને જેવો જે ભજે છે તેને તું તેવો ભજે છે, આ નિયમના અનુસાર તારે અમારું ભજન કરવું જોઈએ. અમારું અનુસરણ કરવું જોઈએ.

**''યે યથા પ્રપદ્યન્તે'' ઈતિ તવ પ્રતિજ્ઞા. અતો યથા કિંકર્યો વયં ભવન્તં ભજામઃ** તથા **ભવાનપિ ભજતુ. કિંકરીત્વં તવ પ્રતિજ્ઞા ચ પ્રસિદ્ધા.** હવે કહે છે કે અમે કિંકરી છીએ આ તો તારાથી અજાણ્યું નથી અને તારો સ્વભાવ પણ છૂપાયેલો નથી. **''યે યથા... ભજામ્યહમ્''** તો આમાં અમે શું કહીએ? અમે અમારા કેસને શું પ્લીડ્ કરીએ? બધી વાતો સ્પષ્ટ છે. ખુલેલી છે. હવે એમાં ફેરવી-ફેરવીને શું વાત કહેવી! સીધીજ વાત આટલી છે કે તમે પ્રકટ થઈ જાઓ.

**(અવતારપ્રયોજન)**

**ન કેવલમ્ અસ્મદ્ભજને તવ સૈવ એકા પ્રતિજ્ઞા હેતુઃ કિન્તુ અન્યેઽપિ**

**હેતવઃ સન્તિઃ.** કેવળ અમારું ભજન કરવું, અમારા સુખનો વિચાર કરવો, કેમકે અમે તારા સુખના વિચારથી તારું અનુસરણ કરીએ છીએ, તો અમારા સુખનો વિચાર કરવો તારું કર્તવ્ય છે. આમાં **"યે યથા માં પ્રપદ્યન્તે"** તેં આ પ્રતિજ્ઞા લઈ લીધી તેના અંતર્ગત અમે તારાથી બળજબરીથી કબૂલ કરાવવા માગતા હોઈએ, એવી વાત નથી. **અન્યેડપિ હેતવઃ સન્તિ** બીજા પણ ઘણા હેતુ છે. એ કયા હેતુ છે? **પ્રથમમ્ અવતારપ્રયોજનં વ્રજજનાર્તિહન્ ઈતિ, વ્રજજનાનાં આર્તિં હન્તીતિ તથા.** તું વ્રજના લોકોની આર્તિ દુઃખને હરણ કરવાવાળો છે. **"ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનો અર્જુન! આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ!"** (ભગ.ગીતા૭/૧૬). અમે આર્ત છીએ, જે જ્ઞાની છે એ ગોપિકાઓએ જ્ઞાનીની રીતથી વાત કહી, જ્ઞાનીએ જ્ઞાનીની જેમ વાત કરી. અમે તો સીધી વાત કરી રહી છીએ કેમકે અમે આર્ત છીએ. કેટલીક અર્થાર્થી ગોપિકાઓ છે. કેટલીક જિજ્ઞાસુ ગોપિકાઓ છે. કેટલીક જ્ઞાની ગોપિકાઓ છે જે નિર્ગુણ ગોપિકાઓ છે. આ બધાનો પરિચય મળશે એક પછી એક. અહીં ચતુર્વિધ ભજન છે. આ આર્ત ગોપિકા છે. આ કહી રહી છે કે અમે આર્ત છીએ. દુઃખ આ વાતનું છે કે અમારી આર્તિને જોઈને તું કેમ નથી આર્ત થઈ રહ્યો. જો **"યે યથા માં પ્રપદ્યન્તે"**વાળી વાત છે તો?

**વ્રજજનાનાં આર્તિં હન્તીતિ તથા. ન અતઃ પરમ્ અન્યા આર્તિઃ અસ્તિ.** અમારી આર્તિ આનાથી વધારે શું હશે કે તું અમારા વચ્ચેથી અપ્રકટ થઈ ગયો? હમણાં અમારી સાથે બોલી રહ્યો હતો, ખેલી રહ્યો હતો, લીલા કરી રહ્યો હતો અને એકાએક તિરોહિત થઈ ગયો. આનાથી વધારે આર્તિ અમારા માટે બીજી શું હોઈ શકે છે? **સામાન્યપ્રયોજનમ્ એતત્, વિશેષપ્રયોજનમ્ આહુઃ યોષિતાં વીર ઈતિ, કૃષ્ણો ભગવાન્. વીરૈઃ હિ શૂરા નિરાકરણીયાઃ અન્યગતકામાદયઃ.** આ તો સામાન્ય પ્રયોજનની વાત છે. આચાર્યચરણ આજ્ઞા કરે છે. વીર કોને કહેવાય? જેમાં વીરતા હોય. શૂર કોને કહેવાય જેમાં શૂરતા હોય. શૂરતા ક્યારે થાય? જો શત્રુનું નિરાકરણ કરી શકતો હોય. વીર બે પ્રકારના માનવામાં આવે છે. એક 'યુદ્ધવીર' અને એક 'દાનવીર'. માણસના સૌથી મોટા છ શત્રુ માનવામાં આવે. કામ ક્રોધ લોભ મોહ મદ અને માત્સર્ય. યુદ્ધવીર કોનો વિજય કરે છે ક્રોધ મોહ અને મદ. દાનવીર કોનાપર વિજય કરે છે કામ લોભ અને

માત્સર્ય. માણસના આ છ શત્રુ સૌથી મોટા માનવામાં આવે.

દાનવીર કોનું કોનું નિરાકરણ કરે? માત્સર્યનું. માનો કોઈની પાસે બહુ પૈસા છે. બીજાની પાસે નથી. તો એને માત્સર્ય આવે. તો દાનવીર શું કરે? દાનવીર કર્ણની વાત કરીએ. કર્ણની પાસે અભેદ્ય કવચ હતું. અર્જુનને માત્સર્ય થયું. ભગવાને કહ્યું કે ''કર્ણ તો દાનવીર છે. ચાલો માગી લઈએ છીએ મળી જશે.'' જ્યારે માગ્યું તો એણે કહ્યું કે ''લઈ જાઓ.'' પછી બીજુ માગ્યું કે ''મારતો નહીં.'' ત્યારે એણે કહ્યું કે ''આ સંભવ નથી. અને પાંડવોને નહીં મારું પણ અર્જુન અને મારું પરસ્પર વિશેષ માત્સર્ય છે, મારીશ તો જરુર. આ અભેદ્ય કવચ ચાહો તો તમે લઈ જાઓ પરંતુ અર્જુનની સાથે લડાઈ તો બંધ નહીં થઈ શકે.'' તો માત્સર્ય, અર્જુનને જે માત્સર્ય હતું એ માત્સર્યને તો કર્ણએ પહેલા જ મારી દીધું. જેમ ભીષ્મ, એની પાસે જઈને પૂછ્યું કે ''કેવીરીતે મરશો બતાવો.'' એણે કહ્યું કે ''મારી સામે શિખંડીને ઊભો કરી દો.'' આટલું મારવાનું માત્સર્ય શામાટે કરો છો? મારવો જ છે મારી દેજો. હવે એક શિખંડી ઊભો કરી દીધો, એની પાછળથી અર્જુને બાણ છોડ્યા. ભીષ્મે કહ્યું કે ''હું તો પુરુષપર બાણ ચલાવું છું. શિખંડીપર તીર કેવીરીતે ચલાવું?'' અર્જુનના બધા તીર શરીરપર સહન કર્યા અને પડી ગયા બિચારા! પરંતુ એની અંદર રહેલા માત્સર્યને મારી નાખ્યો ને ભીષ્મે! કેમ? દાનવીર છે. પોતાના મૃત્યુના રહસ્યનું એણે દાન કરી દીધું. તો દાનથી માત્સર્ય નષ્ટ થઈ જાય.

કોઈને લોભ છે અને એ આપી દીધું તો લોભ નષ્ટ થઈ જશે. જો કામ છે અને કામ આપી દીધો તો કામ નષ્ટ થઈ જશે. એવીજ રીતે યુદ્ધવીર શું કરે? બહુ તમતમાતો કોઈ સામે આવી ગયો, એક લગાવી દીધી તો બધો ક્રોધ ગાયબ થઈ જાય. એવીજ રીતે કોઈમાં મદ બહુ છે તો યુદ્ધવીર એના મદને તોડે છે. કોઈ મોહવશ પોતાની જાતને વીર માની બેશે, તો યુદ્ધવીર યુદ્ધ કરે છે અને એના મોહને તોડી નાખે છે. જેમ અર્જુનને બહુ મોહ હતો કે ''હું બહુ મોટો યોદ્ધા છું.'' હવે આ વાત ભગવાનને ખબર પડી ગઈ. પ્રભુએ કહ્યું કે જોઈએ. કર્ણસાથે યુદ્ધ થયું અને અર્જુન જ્યારે તીર છોડતો હતો તો કર્ણનો રથ ઘણો પાછળ સરકી જતો હતો. જ્યારે કર્ણ તીર છોડતો હતો તો અર્જુનનો રથ એક-બે હાથ પાછળ સરકી જતો. જ્યારે સરકતો ત્યારે ભગવાન્ ''વાહ વાહ!''

કહેતા. હવે અર્જુનને આ વાત બહુ નાગવાર ગુજરે કે મારા તીરથી કર્ણનો રથ આટલો આટલો સરકે છે ત્યારે તો ભગવાન્ 'વાહ' નથી કહેતા અને મારો રથ થોડોક સરકે છે તો ભગવાન્ ''વાહ વાહ!'' કહે છે. હવે આ વાત ભગવાનને ખબર પડી ગઈ કે આ તો મોહ છે. તો ભગવાને કહ્યું કે ''આજે અમે રથ પર નહીં બેસીએ. આજે હનુમાનજીને પણ ઉપર ન બિરાજાવતા.'' કર્ણનું એક તીર લાગ્યું તો અર્જુનનો રથમેદાનની હદથી બહાર થઈ ગયો. કર્ણના ધનુષના તીરનો જે આઘાત હતો તે એટલો જબરદસ્ત હતો. જ્યારે આખો બ્રહ્માંડનાયક તારા રથમાં બેઠેલો છે, ગાંડીવ તારા હાથમાં છે, હનુમાનજી તારા રથની ઉપર બિરાજેલા છે અને એ રથજો એક ઈંચ પણ સરકાવી રહ્યો છે તો વાહ છે એની! એની સાથે તો કોઈ નથી બેઠું અને તું ગમે તેટલો સરકાવી દે તો એની શું વાહ? માણસ આવા મોહ પાળી લે છે. હવે ખબર ન પડે કે એ જે મોહ પાળી રહ્યો છે એ કેટલો વખત કામ આવશે? આ બધા માણસના શત્રુ છે.

હવે આ દાનવીર અને યુદ્ધવીર, આ માણસ શત્રુઓને તોડે છે. જે ક્ષુદ્ર યોદ્ધા હોય છે તેનામાટે ક્ષુદ્ર દાતા હોય છે. એ ક્ષુદ્ર કામ ક્રોધ લોભ મોહ મદ માત્સર્ય નું નિરાકરણ કરે છે. પ્રકૃષ્ટ દાતાઓ પ્રચંડ યોદ્ધાઓ, વ્યક્તિનું નિરાકરણ નથી કરતા, વ્યક્તિગત દોષોનું નિરાકરણ કરે છે. વ્યક્તિગત દોષોના નિરાકરણમાં મહત્તા છે. એમ મોટા મોટા દાતાઓ છે, મોટા મોટા યોદ્ધાઓ છે, એમને આ વાતની શ્રદ્ધા નથી હોતી કે મારો શત્રુ મરે કે ન મરે પરંતુ આ વાતની શ્રદ્ધા જરુર હોય કે મદ તોડવો જોઈએ ભલે એ જીવતો રહે. એનું માત્સર્ય તો તોડવું જ જોઈએ. જે મોટા મોટા દાનવીર છે તો એમણે દાન આપ્યું અને એમાં માત્સર્ય કાયમ રહી ગયું, એવો દાનવીર કે એના કામનું દાન દીધા પછી કામ કાયમ રહી ગયો, એવું દાન આપ્યું કે એનો લોભ મટ્યો નહીં, તો એવા દાનનો શું લાભ? એવું દાન આપવું જોઈએ કે એની ઝોળી ફાટી જાય. એનો લોભ મટી જાય. એનું નામ દાન. માણસને મારવાથી શું ફાયદો? એના મદને મારી દીધો એના ક્રોધને મારી દીધો, તો તો માર્યો માણસ.

જે વખતે અશ્વત્થામાએ પાંડવોના બાળકોને મારી નાખ્યા તો અર્જુને કહ્યું કે ''બદલો લઈશ.'' અર્જુન અને શ્રીકૃષ્ણ એને પકડવામાટે ગયા. જ્યારે પકડવા ગયા તો એણે બ્રહ્માસ્ત્ર ચલાવ્યું. બ્રહ્માસ્ત્ર છોડ્યા પછી બહુ વિકટ

સ્થિતિ થઈ ગઈ. એણે તો બદલાની ભાવનાથી બ્રહ્માસ્ત્ર છોડ્યું. એના જવાબમાં અર્જુને પણ બ્રહ્માસ્ત્ર છોડ્યું. હવે વધારે વિકટ સ્થિતિ થઈ ગઈ. ત્યારે અશ્વત્થામાને કહ્યું કે ''બ્રહ્માસ્ત્રને પાછું લે.'' હવે એને બ્રહ્માસ્ત્ર પાછું વાળવાની વિધિ ખબર નહોતી. ત્યારે શ્રીકૃષ્ણના કહેવાથી અર્જુને બંને બ્રહ્માસ્ત્ર પ્રાર્થના કરીને પાછા વાળ્યા અને અશ્વત્થામાને પકડીને લઈ આવ્યા. દ્રૌપદીની સામે ઉપસ્થિત કર્યો. બાળકોના મરવાથી દ્રૌપદીએ સોગંદ ખાધા હતા કે ''એના લોહીથી મારા કેશ ધોઈશ'' જેમ તેલ નાખે ને! હવે જુઓ દ્રૌપદીની પણ કેવી બીભત્સ પ્રતિજ્ઞા હતી, જરાક વિચારો, એને માત્સર્ય હતું. એ બિચારીના બાળકો ગયા હતા. તો ભગવાન્ એની પ્રતિજ્ઞા પૂરી કરાવવામાટે અશ્વત્થામાને ચોટલીથી પકડીને ખેંચતા એને લઈ આવ્યા. ત્યારે તેનું સાચું માતૃત્વ જે હતું તે જાગી ગયું. ત્યારે એણે કહ્યું કે ''મારા બાળકો મર્યા તે તો મરી ગયા પરંતુ આ પણ તો કોઈ માંનુ બાળક છે! હવે એના લોહીથી સ્નાન કરવાનો મતલબ નથી. આની અંદર રહેલો જે અહંકાર છે એનાથી હું સ્નાન કરી લઉં.'' ત્યારે બ્રાહ્મણ અને ગુરુપુત્ર હોવાના કારણે એને માર્યો નહીં પરંતુ એના માથામાં મણિ હતો તે કાઢી લીધો, વાળ મૂંડી નાખ્યા અને એને છોડી દીધો. બધા ખુશ થઈ ગયા. પહેલા આવા આવા લોકો હતા.

જેમ અમારા કિશનગઢમાં રાજા નાગરીદાસજી હતા, જે સંત કવિ થયા છે. એમની કથામાં આવે છે કે જ્યારે તેઓ દિલ્લી દરબાર ગયા ત્યારે એમની પાછળથી નાના ભાઈએ વિદ્રોહ કરી દીધો. જ્યારે વિદ્રોહ કરી દીધો તો એમને ખબર મળ્યા ત્યાં. બાદશાહને કહ્યું કે ''મને થોડીક સેના આપો, મારે કાંઈક સંભાળવું છે.'' સેના લઈને આવ્યા, યુદ્ધ કર્યું, યુદ્ધ કરીને નાના ભાઈને અરેસ્ટ કર્યો. અરેસ્ટ કરીને રાજ્યસિંહાસનપર લઈ જઈને રાજ્ય-તિલક કરી દીધું કે ''જા રાજ્ય કર. એવું રાજ્ય ન લેવું જોઈએ કે અમે ચાલ્યા જઈએ અને અમારી ગેરહાજરીમાં તમે વિદ્રોહ કરીને રાજ્ય લઈ લો. રાજ્ય લેવું હોય તો લેતા શીખો કે મોટાભાઈ પાસેથી રાજ્ય કેવીરીતે લેવામાં આવે?'' યુદ્ધમાં હરાવીને અરેસ્ટ કરીને રાજ્યસિંહાસનપર બેસાડીને તિલક કરીને વૃંદાવન ચાલ્યા ગયા. **''કૃષ્ણકૃપાગુણ જાત ન ગાયો ગૃહવ્યૌહાર ભુરટકો ભારો, સિર પર તે ઉતરાયો નાગરિયાકો શ્રીવૃંદાવન ભક્તિતખ્ત બેઠાયો''** (નાગરીદાસજી). તમે

કિશનગઢતખ્ત સંભાળો, આજથી અમે ભક્તિતખ્ત સંભાળશું. રાજ્ય દેવા તૈયાર છીએ પરંતુ વિદ્રોહીને નહીં, ભાઈને દેવા તૈયાર છે. બહાદુરીથી લેવું હોય તો યુદ્ધ કરીને જીતો તો લઈ લો પરંતુ બહાદુર સિંહ થઈને લેવું હોય તો રાજ્ય વગર યુદ્ધે આપી ન શકાય પરંતુ નાનાભાઈને તો જ્યારે ઈચ્છે ત્યારે આપી શકાય કેમકે એ ભાઈ છે.

તો એ ન્યાયથી જે મોટો યોદ્ધા છે એનો મતલબ મોટો યોદ્ધા છે. નાનો યોદ્ધા નથી. મોટો યોદ્ધા વ્યક્તિને ન મારે પરંતુ એના શત્રુ મદને મારે. તમે ચાણક્યનું નાટક વાંચો 'મુદ્રારાક્ષસ'. રાક્ષસને મારવામાં ચાણક્યની જીત નથી. બધા લોકો ભયભીત છે કે ચાણક્ય રાક્ષસને મારશે. ચાણક્યની ગણત્રી એવી નથી. એની ગણત્રી એવી છે કે રાક્ષસના મદને તોડીને એને ચંદ્રગુપ્તની સેવામાં હાજર કરી દેવો. એને એવી સ્થિતિમાં લાવવો કે એને ચંદ્રગુપ્તસાથે દ્વેષ ખતમ થઈ જાય અને એ ચંદ્રગુપ્તનો એક ઈમાનદાર નોકર બની જાય. જોકે યુદ્ધ ખતમ થઈ ગયું હતું. એ સ્થિતિપર ડ્રામા નથી. ડ્રામા આ સ્થિતિપર છે કે ચાણક્ય રાક્ષસને પોતાના પક્ષમાં લાવ્યો અને કેવી કેવી સ્થિતિ નિર્માણ કરી કે રાક્ષસનું મન તૂટી ગયું. જેની શત્રુતામાં જે રાક્ષસનું વ્યક્તિત્વ નિખર્યું એ રાક્ષસને એ ચંદ્રગુપ્તનો અનુચર બનવું પડયું.

એવીજ રીતે આ કહી રહી છે **"વીર યોષિતાં"** તમે વીર છો. તમે મહાવીર છો. જો અમે કોઈ અપરાધ કર્યો છે તો અમને મારી નાખવાથી કોઈ લાભ થશે? જો યુદ્ધવીર હો તો અમારા દોષોને મારી દો. અમે મદ કર્યો તો અમારા મદને મારી દો. જો યુદ્ધવીર હો તો અમારા મદને મારી દો. જો યુદ્ધવીર હો તો અમારા જે ક્રોધ પ્રકટ થયા છે એને મારી દો. જૂઓ કોઈ 'કુહક' કહી રહી છે, કોઈ 'કિતવ' કહી રહી છે, બધામાં કેટલો ક્રોધ છે, હવે તમે આને જાનથી મારશો શું? જો ખરેખર સારા વીર સાચા વીર હો તમે તો પ્રકટ થઈ જાઓ અને આમના ક્રોધને ખતમ કરી દો. લો પ્રકટ થઈ જાઓ અને આ મદને ખતમ કરી દો. લો પ્રકટ થઈ જાઓ અને આ મોહને ખતમ કરી દો. જો ખરેખર યુદ્ધવીર હો તો. તો બોલ્યા યુદ્ધવીર નથી, દાનવીર છીએ. તો ચાલો અમારા કામને ખતમ કરી દો. અમારા લોભને ખતમ કરી દો. એવા દર્શન આપી દો કે આગળ આ લોભ રહી જ ન જાય, તૃપ્ત થઈ જઈએ. તમારા

સ્વરૂપાનંદનું એવું દાન કરો કે અમારામાં કામનાઓ **"મનોરથાન્તં શ્રુતયો યથા યયુઃ"** (ભાગ.પુરા. ૧૦/૨૯/૧૩). પૂરી થઈ જાય. એવું વરદાન અમને આપી દો, એવા સ્વરૂપાનંદનું દાન અમને કરી દો કે આ જે માત્સર્ય થઈ ગયું હતું થોડા વખત પહેલા, જ્યારે રાધાસહચરીજીને લઈને તમે ગયા, ત્યારે બહુ માત્સર્ય ગોપિકાઓમાં પ્રકટ થયું. અહીં સુધી માત્સર્ય પ્રકટ થયું કે જ્યાં ઠાકોરજીએ બેસીને રાધાસહચરીજીની ચોટી ગુંથી છે, ત્યાં બેસીને ગોપી કહે કે "અહીં કોઈ જ્ઞાનોપદેશની મુદ્રામાં બેસીને જ્ઞાનોપદેશ થોડો જ કર્યો હશે?" અહીં બંને બેઠા છે. આવી આવી વાતો કરી છે ત્યાં, આટલું માત્સર્ય ત્યાં પ્રકટ થઈ રહ્યું છે. હવે આ જે બધા દુર્ગુણ પ્રકટ થયા છે અહીં અને તમે જો ખરેખર દાનવીર હો, તો પ્રકટ થઈને અમારા આ દુર્ગુણોને ખતમ કરી દો ચાલો.

તામસ છે ને! ધૃષ્ટતાથી ઠાકોરજીને પડકાર ફેંકી રહી છે. દેખાડો તમારી વીરતા! કેવા વીર છો જોઈએ તો! હકીકતમાં જો દાનવીર હો તો તમારા સ્વરૂપાનંદનું દાન આપો! જો યુદ્ધવીર હો તો ચાલો આ જે અમારા દોષ છે કામના ક્રોધના મદના મોહના, પ્રકટ થઈને એને કાપો જો હિંમત છે તો! યુદ્ધવીર શેના જો તમે અમારા આ દોષોને ન કાપી શક્યા તો? આ છે ધૃષ્ટતા.

**વિશેષપ્રયોજનમાહુઃ યોષિતાં વીર ઇતિ. કૃષ્ણો ભગવાન્.** ભગવાન્ કૃષ્ણ વીરયોષિત થઈ શકે છે. કેમકે ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય છએ ગુણ એમનામાં છે કે જેનાથી મનુષ્યમાં રહેલા છએ દોષોનું નિવારણ થઈ શકે. ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય છ ગુણથી છ દોષનું નિવારણ થઈ શકે છે. તું કૃષ્ણ છે, તું ભગવાન્ છે.

**વીરૈર્હિ શૂરા નિરાકરણીયાઃ અન્યગતકામાદયઃ.** શ્રીહર્ષના પિતાને ઉદયનાચાર્યે શાસ્ત્રાર્થમાં હરાવીને મારી દીધા હતા. શાસ્ત્રાર્થ થયો હતો આ શરતે કે જે હારે તે બળીને મરી જાય. ઉદયન તાર્કિક હતા અને શ્રીહર્ષ સામાન્ય અદ્વૈતી વેદાંતી હતા. તો પિતાએ શ્રીહર્ષને કહ્યું કે "આ વાતનો તું ઉદયનાચાર્યસાથે બદલો જરુર લેજે." શ્રીહર્ષ પહેલા માત્ર કવિ હતા, તાર્કિક ન હતા. ત્યારે એણે પોતાના કવિત્વ શક્તિથી તર્કશાસ્ત્રનું અધ્યયન કર્યું. મોટા મોટા તાર્કિકોને જે કલ્પનાઓ ન આવે એવી એવી કલ્પનાઓ એને તર્કશાસ્ત્રમાં આવી. એ કલ્પનાઓના કારણે એણે તર્કશાસ્ત્રનો એક પણ નિયમ તર્કસિદ્ધ

નથી, આ સાબિત કરી દીધું. તેનાપછી એણે જઈને ઉદયનાચાર્યને શાસ્ત્રાર્થને માટે લલકાર્યા કે ''તમારું તર્કશાસ્ત્ર નિયમબદ્ધ નથી.'' હવે જ્યારે જબરદસ્ત શાસ્ત્રાર્થ થયો તો આ શરતની સાથે કે ''જે શરત હારે તે બળીને મરે.'' ઉદયનાચાર્યની આ હાલત થઈ કે તેઓ હવે મર્યા. તો શ્રીહર્ષ તો કવિ હતા અને ઉદયન કવિ ન હતા. તો એણે એના પિતાને મરવા દીધા. તો શ્રીહર્ષે કહ્યું કે ''જો હું તમને આગમાં બળીને મરવા દઉં તો આ આગ તો તમને એક ક્ષણમાં જમી જશે. પ્રાણ નિકળતા જ તમારી આગ પણ બુજાઈ જશે. તેથી તમે સદાય બળતા રહો. આમાં આગ બળી નહીં કહેવાય. હવે તમે મરો નહીં પરંતુ જ્યાંસુધી જીવો ત્યાંસુધી બળતા રહો અને આ તર્કર્શાસ્ત્રના તમારા નિયમ અતાર્કિક છે. બસ આનાથી વધારે હવે મારા બાપને તમારીસાથે બદલો લેવાનો કોઈ છે નહીં.'' એણે એને મુક્ત કરી દીધા. કેમકે આ જે આગ તમારામાં બળશે એ જીંદગી ભર તમારો પીછો નહીં છોડે. જ્યારે પણ તમે તર્કનું પ્રવચન કરશો તો તમને મારા આ તર્ક યાદ આવશે. આવું એણે વસ્તુતઃ સિદ્ધ કરીને બતાવ્યું. એક પણ તર્કનો નિયમ તર્કસિદ્ધ નથી અને પોતાની કવિત્વની યુક્તિથી એની બધી યુક્તિઓને એણે અતાર્કિક સાબિત કરી દીધી. કેમકે કવિ હતા ને! જ્યારે કવિ વિફરી જાય તો આખું બ્રહ્માંડ બનાવી દે. તર્કનું શું ચાલે કવિ તો એક બ્રહ્માંડ ઊભું કરી દે.

ઉદયનાચાર્યને જે ઘમંડ હતો **''વયમ્ ઈહ પદવિદ્યાં તર્કમ્ આન્વીક્ષિકીં વા યદિ પથિ વિપથે વા વર્તયામઃ સ પન્થાઃ. ઉદયતિ દિશિ યસ્યાં ભાનુમાન્ સૈવ પૂર્વા ન હિ તરણિર્ ઉદેતિ દિક્પરાધીનવૃત્તિઃ''** (ન્યાયકુ.ભૂ.પૃ.૬૬). હું જે દિશામાં જે વાત કહું તે સાચી, ઉદયનને આવો ગર્વ હતો. કેમકે જે દિશામાં સૂર્ય ઉગે એ દિશામાં પૂર્વ દિશાનું નિર્ધારિણ થાય. તમે પોતાના મનથી નિર્ધારિણ કરી લો એ દિશાથી સૂર્ય ન ઉગે. એ જે પૂર્વ દિશાનું નિર્ધારિણ થાય છે એ પૂર્વ દિશાના નિર્ધારિણથી સૂર્ય નથી ઉગતો, એ એમ કહેતો હતો. એટલા માટે શ્રીહર્ષે ઉદયનને કહ્યું કે ''તું જે તારી પ્રશંસા કરે છે પરંતુ તારી બુદ્ધિ તારા આધીન નથી. મારી બુદ્ધિ તો પતિવ્રતા છે. તારી બુદ્ધિ પતિવ્રતા નથી. જો હું તર્કના વેરાન જંગલમાં ભટકું તો એ મારી પાછળ ચાલે છે. જો કવિતાના સુંદર મહેલમાં રહું તો મારી સાથે રહે છે. તારી બુદ્ધિ દરેક વખતે તારો સાથ નથી આપતી.'' કાવ્ય પણ લખ્યું તો એવું લખ્યું કે બધાના માથાપર આવે અને તર્ક

પણ લખ્યો તો એવો લખ્યો કે બધાની ખોપડીને ખાઈ જાય.

આ રીતે વ્યક્તિને મારવાની મજા ન આવે પરંતુ તેના દોષોને મારવાથી મજા આવે. વ્યક્તિમાં દોષ છે અને એને (વ્યક્તિને) મારી રહ્યા છીએ તો તો બહુ ક્ષુદ્રતા છે. જો કોઈને કોઈથી દ્વેષ છે અને ખરેખર દ્વેષ કરવો છે, તો એના દોષોનો આનંદથી દ્વેષ કરો. દ્વેષનો આનંદ પણ લેતા આવડવો જોઈએ. મોહનો ક્રોધનો લોભનો આનંદ લઈ શકાય છે જો લેતા આવડતું હોય તો. કેમકે આમાંથી પણ લીલા પ્રકટ થશે, પરંતુ જો વ્યક્તિને જ મારી દીધી તો વાત ખતમ થઈ જશે. લીલાનું સુખ છે તે પ્રકટ નહીં થાય.

એટલા માટે એ કહે છે **વીરૈર્હિ શૂરા નિરાકરણીયાઃ અન્યગતકામાદયઃ. તત્ર મુખ્ય કામઃ.** અન્યગતકામાદિ નિરાકરણ કરવા જોઈએ. અત્યારે કામ સૌથી મોટી શત્રુતા અમારી સાથે કરી રહ્યો છે. **સ ચ બહુવિધઃ; અન્તર્બહિઃ પદાર્થેન પૂર્ણેન પૂરયિત્વા આશ્રયાભાવાત્ નિવારણીયઃ.** કામ ઘણા પ્રકારના છે. ઘણા પ્રકારની કામનાઓ છે. કીર્તિકામના છે યશકામના છે ધનકામના છે અનેક પ્રકારની કામનાઓ છે. બાલબોધની વ્યાખ્યામાં શ્રીપુરુષોત્તમજીએ લખ્યું છે **"કામોડપિ તત્તદ્-ઈન્દ્રિય-વિષય-ભોગાત્મા અનન્તવિધઃ"** (બાલબો. વિવૃત્તિ.૨). કામનાઓ તો અનેકવિધ હોય છે પરંતુ અમારી કામના પૂર્ણ થઈ જાય આ કામના છે. સૌથી મોટી કામના અમારી એ છે કે તું પ્રકટ થઈ જા. **તત્ર મુખ્યઃ કામઃ.** અમારા કામ મુખ્ય કામ છે કેમકે બાકી બધી કામનાઓ, ધનની કામના પુત્રની કામના પતિની કામના કીર્તિની કામના આ બધી ભગવદ્કામનાની આગળ ક્ષુદ્ર કામનાઓ છે. એ બધા વિષયોમાં પણ જે આનંદ દેખાય છે તે પણ મુખ્ય આનંદ નથી પરંતુ એનું રિફલેકશન(પરાવર્તન) છે. મુખ્ય પ્રકાશન હોત તો આનંદની વાત હતી પરંતુ મુખ્ય પ્રકાશન જ નથી ખાલી રિફલેક્શન છે.

જેમ બે તારાઓ હોય. એક તારો તો એવો હોય છે કે જેમાં પોતાનો પ્રકાશ હોય છે. એક તારો(ગ્રહ) એવો હોય જેમાં પોતાનો પ્રકાશ ન હોય, જેમ ચંદ્રમા. ચંદ્રમા સૂર્યથી પ્રકાશ લે અને સૂર્યથી પાછો આવીને પછી તારાઓમાં પ્રકાશ આવે જેના કારણે એ ચમકે છે. તો આમ એનો પ્રકાશ નથી. કોઈ લાઈટ રિફલેકટ થઈ રહી છે. આજ પ્રકારથી અન્ય પણ જ્યાં જ્યાં આપણને

આકર્ષણ થઈ રહ્યું છે, જ્યાં જ્યાં આપણને પ્રકાશ મળી રહ્યો છે, તે કેવળ બ્રહ્મના આનંદનો પ્રકાશ ક્યાંક ક્યાંક રિફ્લેક્ટ થઈને આવી રહ્યો છે. કોઈને માટે પુત્રના રૂપમાં રિફ્લેક્ટ થઈને આવી રહ્યો છે, કોઈને માટે ધનના રૂપમાં રિફ્લેક્ટ થઈને મળી રહ્યો છે. એ તેનો પ્રકાશક, રોચક અને સારો લાગે. વસ્તુતઃ એ તેનો ખુદનો પ્રકાશ નથી, એ ઉધાર લીધેલો પ્રકાશ છે. ચંદ્રમાએ જેમ સૂર્યનો પ્રકાશ ઉધાર લીધો. એ પ્રકાશ રિફ્લેક્શન છે. એ પ્રકાશ રિફ્લેક્શનને અહીં 'માત્રા' કહેવામાં આવે છે. **"અન્યાનિ ભૂતાનિ માત્રામ્ ઉપજીવન્તિ"** (બૃહ.ઉપ.૪/૩/૩૨). હવે આ માત્ર જે જીવમાં સ્થિત છે, માત્રા જે જીવનો કામ છે, એની કામના પણ માત્રાની છે. એને એ માત્રા મળી પણ ગઈ તો તે તુષ્ટ થઈ જશે. આવો ક્ષુદ્ર કામ અને આવો ક્ષુદ્ર સંતોષ એવો અમારો કામ નથી. અમારે તો સૂર્યની કામના છે. અને આ સૂર્યની કામના વગર સૂર્યોદયના, 'જનાર્તિહન્'ના પ્રકટ થયા વગર, અમારી મુખ્ય કામના પુક્ત નહીં થઈ શકે. એટલા માટે કહી રહ્યા છે. **"અન્તર્બહિઃ પદાર્થેન પૂર્ણેન પૂરયિત્વાશ્રયાભાવાત્ નિવારણીયઃ.** મતલબ આ કામના, એવી વાત નથી કે અમારી તમારાવિષે દેહસંબંધી કામના છે, અમારી તો ભક્તિમાર્ગીય કામના છે જે અન્તર્બહિઃ સર્વત્ર અમે તને અને ફક્ત તને જ ચાહીએ. જો લૌકિક વ્યક્તિ હોય તો તેની લૌકિક કામનાઓ હોય. જે લોકોત્તર વ્યક્તિ હોય છે એમની લોકોત્તર કામનાઓ હોય છે.

જેમ ભગવાન્ ગીતામાં કહે છે કે જેટલી પણ કામનાઓ છે તે જેમ સમુદ્રમાં લહેર આવે, એ લહેરાતી રહે પરંતુ એ લહરે ક્યારેય કિનારાપર ન આવે, મતલબ સમુદ્રની સીમાની બહાર ન જાય, એ કિનારાપર પહોંચીને પાછી સમુદ્રમાં પાછી ચાલી જાય. એ લહેર જ્યારે આવે ત્યારે આપણને એવી ભયંકર લાગે કે આપણી ઉપર જ આવી જશે શું! સમુદ્રની કોઈ લહેર પોતાની સીમાની બહાર નથી આવતી. કેવળ ઘુઘવે. કિનારાપર પહોંચતા પહોંચતા પછી પાછી સમુદ્રની ભીતર ચાલી જાય. એવીજ રીતે જીવની કોઈ કામના દેહની બહાર નહીં જાય, પેદા થશે અને મનમાં જ એનું શમન થઈ જશે. આ પ્રથમ કક્ષાના જ્ઞાનીની વાત છે. હવે સફળ યોગી એ કામનારહિત નહીં થઈ જાય. એટલા માટે ઉપનિષદમાં ઘણી ઘણી ઉપાસનાઓમાં જૂઓ તો વર્ણન આવે **"સંકલ્પાદેવ કામ સમુતિષ્ઠન્તે"** (છાન્દો.ઉપ.૮/૨/૧૦). એનો ઉપભોગ આટલો જ છે કે

કામ થયો અને સંતોષ થઈ જાય. એને કામની લહેર ક્યારેક ક્યારેક છલકીને જોવાની ઈચ્છા થાય છે પરંતુ જોવાની ઈચ્છા આંખ સુધી નથી આવતી. જોવાની ઈચ્છા મનમાં આવશે અને સમુદ્રમાં લહેરની જેમ, મનમાં જ ચાલી જશે. એ લહેર દોડીને આંખ સુધી નહીં આવે. સાંભળવાની ઈચ્છા છે પરંતુ સાંભળવાની ઈચ્છાની લહેર કાન સુધી નહીં આવે. મનમાં ઉભરશે અને પછી પાછી જેમ સમુદ્રની લહેર ઉઠીને સમુદ્રમાં પાછી ચાલી જાય છે, એજ પ્રકારથી મનમાં ડૂબી જશે. હવે અંતર કેવળ આટલું જ છે કે કેવળ અંતર કામના રહે છે, બાહ્ય કામના કોઈ રહેતી જ નથી. એમ અમારી કામના કેવળ આંતરિક નથી. અમારી કામના લૌકિકની જેમ બાહ્ય નથી. લૌકિક વ્યક્તિની આંતરિક કામના કોઈ હોતીજ નથી. એમાં કેવળ બાહ્ય કામના જ હોય છે.

હવે જૂઓ જેવી આપણી જીવનપદ્ધતિ આવી ગઈ એમાં એવી વિચિત્ર સ્થિતિ પેદા થઈ ગઈ કે સારામાં સારી રસોઈ બને પરંતુ ઓફિસ જવું છે, તો ખાલી મોઢામાં કાંઈક નાખો અને પેટ ભરો. એનો સ્વાદ લેવાનો સમય નથી. હવે સારી રસોઈ બની તો જીભપર રાખીને થોડો વખત એનો બાહ્ય સ્વાદ લઈ લે, આટલી પણ ફુરસત નથી. હવે આપણામાં બાહ્યતા કેટલી વધતી જઈ રહી છે. નવા જીવનની પદ્ધતિ જે આપણે અપનાવતા જઈ રહ્યા છીએ, એમાં બાહ્યતા કે બહિર્મુખતા, હવે ભગવદ્સંદર્ભમાં લો તો ચાહે લૌકિક કામના સંદર્ભમાં લો, કેટલી વધતી જઈ રહી છે? દરેક વ્યક્તિ કેવળ આટલું જ ઈચ્છે અને રિફ્લેકટેડ(પ્રતિબિંબિત) પ્રકાશને પણ અનુભવવા નથી માગતો. બસ કથંચિત્ કોઈ કામ કરવાની ફુરસત નથી. આપણી આ સ્થિતિ થઈ ગઈ છે.

તો ગોપી કહી રહી છે કે અમારી કોઈ એવી બહિર્કામના પણ નથી. ન યોગીઓના જેવી અમારી કોઈ કેવળ આંતરિક કામના છે. અમે તો દરેક પગલે, દરેક ઈન્દ્રિયથી દરેક સામર્થ્યથી તને અનુભવવા માગીએ છીએ, જે સામર્થ્ય તેં આપ્યું છે. જે આંખ તેં આપી છે એનાથી પૂર્ણતયા જોવા માગીએ છીએ. મતલબ **''પિબન્તઈવ ચક્ષુર્ભ્યાં લિહન્તઈવ જિહ્વયા જિઘ્રન્ત ઈવ નાસાભ્યાં રમ્ભન્તઈવ બાહુભિઃ''** (ભાગ.પુરા. ૧૦/૭૦/૫-૬). જે વખતે ઠાકોરજી દ્વારિકા પધાર્યા છે તે વખતે દ્વારિકાવાસીઓનું બહુજ સુંદર વર્ણન કર્યું છે કે આંખથી એમને પીતા પીતા કાનથી એમને સાંભળતા સાંભળતા, જ્યારે

ભગવાન્ પધારી રહ્યા હતા અને બધા એમનો જયજયકાર બોલી રહ્યા હતા, તો જયજયકાર બોલવામાં એમની જીભપર એવો સ્વાદ હતો જેમ કોઈ રસગુલ્લા જીભપર રાખેલા હોય. આ પ્રકારથી પ્રત્યેક ઈન્દ્રિયથી ભગવાનને માણતા માણતા, રેલિશ્(અનુભવ) કરતા કરતા, એ પ્રકારથી **અન્તર્બહિઃ પદાર્થેન પૂર્ણેન પૂરયિત્વા.** એ વખતે કેવળ બાહ્ય ઈન્દ્રિયપર જ ધ્યાન છે એવુંજ નથી, આન્તરિક ભગવદનુભૂતિનું પણ એટલું જ મહત્વ છે કે જેટલું બાહ્યનું. જેમ યોગીઓને થાય છે **આશ્રયાભાવાદ્ નિવારણીયઃ.** મનમાં એટલો રમી જા કે અમારું મન તારામાં રમી જાય. મન અમારામાં ન રહી જાય. જો અમારું મન અમારામાં રહી ગયું તોતો એ મનમાં કામ રહેશે, કેમકે મનમાં કામ રહે છે. એટલો પ્રકટ થઈ જા કે અમારું મન અમારું ન રહે. અમારું મન સર્વદાને માટે તારામાં રહેવા લાગી જાય. આશ્રય જ જ્યારે ન રહ્યો તો કામ શું રહેશે?

ઘરમાં કોઈ આવે અને એનામાટે આસન બિછાવો તો તો એ બેસે ને! આસન કામનું પડેલું છે ત્યાં જઈને બેસો. ગામની બધી પંચાત તને. સાત્ત્વિકગોપિકા કહી રહી છે કે **'કામદં'** કામપ્રદ હસ્ત આપ. કામપ્રદ હસ્ત કેમ આપે? ભગવત્પ્રદ હસ્ત આપ. અરે આખા ગામની પંચાતથી અમારે શું લેવું, એ તું જાણે! આ આપ. અમે ગામને ક્યાં માથાપર રાખીને ફરીએ? કામ તું રાખ, ગામ તું રાખ. અમને તું મળી જા! કામપ્રદની પંચાત ''તૂ જાને ઔર થારો રામ જાને.'' તામસી છે ને! સંયોગ માગી રહી છે. **અતએવ લોકે દાતારઃ કીર્તિમન્તો ભવન્તિ વીરેભ્યઃ.** અમે તો એમ કહીએ કે તું યુદ્ધવીર છે, તું દાનવીર છે જો આ પ્રકારથી હસ્ત આપતો હોય. તારા હાથનો એવો ઉપયોગ કર કે તું તારા હાથથી ખુદને અમને આપી દે. જો આવો તારો હાથ હોય, જે હાથથી તું અમને મળી જતો હોય, આત્માર્પણ કરી દેતો હોય, તો એ હાથની મહિમા છે, નહીંતર તો શું અભય આપ્યું? કામ મળ્યો તો શું? આ આટલી મોટી સમસ્યા સાત્ત્વિક-સાત્ત્વિકને કહેતા ન આવડ્યું. **અતો ભવાન્ મહાવીરઃ** જો આવો જો પોતાનું ખુદનું તું દાન કરી શકતો હોય, આત્મદાન જો તું કરી શકતો હોય, તો અમે માનીએ કે તું મહાવીર છો. બોલ કરે છે દાન પોતાનું કે નહીં? કરે તો તારું મહાવીરત્વનું બિરુદ સ્થિર છે નહીંતર તો તારું આ બિરુદ

ખતમ.

**અન્તઃસ્થિતેન આનન્દેન અતિદ્રરિદ્રાણાં બ્રહ્મણાપિ પૂરયિતુમ્ અશક્યાનામ્ ઈચ્છાપૂરકઃ. અયંચ અર્થઃ તવ સર્વજનિનઃ''** પંક્તિ બહુ વિકટ છે. **અન્તઃસ્થિતેન આનન્દેન અતિદરિદ્રાણામ્** આમ પણ અન્વય થઈ શકે છે અને **અન્તઃસ્થિતેન આનન્દેન ઈચ્છાપૂરકઃ** આમ પણ અન્વય થઈ શકે છે. જો તારો સ્વરૂપાનંદ કેવળ હૃદયમાં સ્થિત રહ્યો તો તો અતિદારિદ્ર્ય થઈ જશે. જમીનમાં દટાયેલો ઘરનો પૈસો છે, એને વાપરી ન શકે. દબાયેલો પૈસો અને જેની પાસે પૈસા નથી, એવો પૈસો, એ બંનેના જીવનમાં એમની દરિદ્રતામાં, શું ફરક હશે? ઘરમાં એક ખજાનો દબાયેલો છે અને આપણને સમજો ખબર પણ નથી, આપણે ઈચ્છીએ તો એને કાઢીને વાપરી પણ ન શકીએ. જેમ બેંકમાં તમારું ખાતું છે અને એને સરકાર સીલ કરી દે, તો તમે ઈચ્છોતો પણ વાપરી ન શકો. હવે આવા સીજ્ થયેલા ખાતાથી શું તમે લખપતિ માનવામાં આવો? જે પૈસાને તમે ખરચી નથી શકતા, એ પૈસાથી તમે પૈસાવાળા નહીં માનવામાં આવો.

**અન્તઃસ્થિતેન આનન્દેન અતિદરિદ્રાણામ્** આવો પણ અર્થ લાગી શકે. એક એવો પણ અર્થ લાગી શકે કે **અતિદરિદ્રાણાં બ્રહ્મણાપિ પૂરયિતુમ્ અશક્યાનામ્ અન્તઃસ્થિતેન આનન્દેન ઈચ્છાપૂરકઃ.** અમારા મનમાં એવા આનંદનો સંચાર કર કે જેથી અમારી ઈચ્છાઓ પૂરી થઈ જાય. એ આનંદનો સંચાર તારા પ્રકટ થયા વગર તો થઈ જ નથી શકતો. એ પ્રકારથી આમ અન્વય થશે. જો **અન્તઃસ્થિતેન આનન્દેન અતિદરિદ્રાણામ્.** આ આનંદ અંતઃસ્થિત થઈ ગયો, બહાર પ્રકટ ન થયો અને કેવળ મનમાંને મનમાં ધ્યાન ધરીને તને રેલિશ્ કરવો હોય, તો આ દારિદ્ર્યને તો બ્રહ્મા પણ દૂર નહીં કરી શકે જેણે અમને બનાવ્યા છે. તારા સ્વરૂપાનંદની અનુભૂતિ જો અમારે અમારા મનથી જ કરવી હોય, જેમાં તો તું રોકી પણ નહીં શકે. સૂરદાસજી કહે છે ને કે **''હાથ છુડાયે જાત હો નિર્બલ જાનકે મોય. હૃદયતે જબ જાઓગે સબલ બદૂંગો તોય''** આંખથી ઓઝલ થઈ શકો છો, મનથી તો ઓઝલ નથી થઈ શકતા. અન્તઃસ્થિત આનંદ તો છે જ પરંતુ અન્તઃસ્થિતિના કારણે જે દારિદ્ર્ય છે, આ કદાચ નિર્ગુણગોપિકાને જવાબ આપી રહી છે, **'અન્તરાત્મદક્'.** અરે શેનો

**અન્તરાત્મદક્! અન્તરાત્મદક્** તો મહાદારિદ્ર્ય છે. એને કહેતા ન આવડ્યું. જો કૃષ્ણ કેવળ **અન્તરાત્મદક્** છે, એ તો જીવનનું મહાદારિદ્ર્ય છે. અરે! અમને આંખ જોઈતી જ નથી. અમને તો દશ્ય જોઈએ. અમને દષ્ટા નથી જોઈતો. આથી દશ્યની માગણી છે, દષ્ટાની માગણી નથી. અંતરાત્મક દષ્ટા અમારે નથી જોઈતો. અમે એને અમારી અંતરાત્માથી બહિરાત્માથી અને અમારી બધી ઈન્દ્રિયોથી પકડી શકીએ જોઈ શકીએ સ્પર્શી શકીએ સાંભળી શકીએ. **''ધન્યસ્તાઃ વ્રજગોપિકાહિ પરમં દેવાધિદેવં વિભું આલિંગતિ સમાલપન્તિ શતધાતુ કર્ષન્તિ ચુમ્બન્તિ ચ.''**. આટલું બધું જો અમે કરી શકતા હોઈએ તો ચાલશે અન્યથા અન્તઃસ્થિત આનંદ તો ઘોર દારિદ્ર્ય છે. શું અંતર્દષ્ટાની વાત કહી! આ નિર્ગુણગોપિને જવાબ આપી રહી છે, આને બરાબર કહેતા નથી આવડ્યું. એમની વાત ન સાંભળ, મારી વાત સાંભળ.

વ્યાસજીએ ગણપતિજી પાસે મહાભારત લખાવ્યું. કોઈક વાતપર ગણપતિજી પ્રસન્ન થઈ ગયા. ગણપતિજીએ વ્યાસજીને કહ્યું કે ''કાંઈક માગી લો, અમે પ્રસન્ન થયા છીએ.'' વ્યાસજીએ વિચાર્યું કે ''ગણપતિજી પ્રસન્ન થયા છે તો માગી લેવું જોઈએ.'' કહ્યું ''મહારાજ! પ્રસન્ન થયા હો તો એવું કરો કે આ જે ક્ષેત્ર છે જ્યાં બેસીને આપણે મહાભારત લખાવ્યું લખ્યું છે, આનું માહાત્મ્ય કાશીજી જેવું થઈ જાય. જે અહીં મરે તે મુકત થઈ જાય.'' હવે આ બાજુ એમના મિત્ર વ્યાસજી અને એ બાજુ એમના પિતા શંકરજી. આ રચના કેવી રીતે આવી શકે? ગણપતિજીએ કહ્યું બહુ મુશ્કેલ છે! ગણપતિજીએ કહ્યું ''શું માગ્યું?'' વ્યાસજીએ ફરીથી કહ્યું કે ''જે અહીં મરે તેની કાશીમાં મરવા જેવી મુક્તિ થવી જોઈએ.'' ગણેશજીએ પાછું પૂછ્યું કે ''શું માગ્યું?'' વ્યાસજીએ કહ્યું ''જે અહીં મરે તેની કાશીમાં મર્યા જેવી મુક્તિ થવી જોઈએ.'' ગણપતિજીએ પાછું પૂછ્યું ''શું માગ્યું?'' હવે વ્યાસજીને ક્રોધ આવી ગયો એટલે બોલ્યા ''જે અહીં મરે તે ગધેડો બને.'' ગણેશજીએ કહ્યું ''તથાસ્તુ.'' વ્યાસજી જ્યારે ગરમ થઈ ગયા તેથી ક્રોધવશ કાંઈક મોઢામાંથી નિકળી ગયું. વાત તો એ જ કહેવી હતી પરંતુ કોધવશાત્ નિકળી ગયું. હવે વ્યાસજીએ પણ ત્યાં કોઈના મરીને ગધેડો બનવામાં મહાનતા દેખાતી હશે! એટલા માટે ગણપતિજીએ કહી દીધું કે ''તથાસ્તુ''

તો કહી તો રહી છે **અન્તરાત્દક્ અન્તરાત્મદક્...** અને ભગવાન્ કહી દે કે "તથાસ્તુ" તો બની રહેલું કામ પણ બગડી જાય ને અમારું! આવી પ્રાર્થના શું કામની! કોઈ એવી પ્રાર્થના કરો કે બહાર પ્રકટ થઈ જાય. ત્યાં બેઠી બેઠી કહી રહી છે **"ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્ અખિલદેહિનામ્ અન્તરાત્મદક્"** અને ભગવાન કહી દે "તથાસ્તુ", તો બનતું કામ બગડી જાય. આવું કામ ન કરો. આવી પ્રાર્થના કે આવું વર્ણન ન કરો કે જ્યાં ભગવાનને તથાસ્તુ કહેવાનો મોકો મળી જાય. તથાસ્તુ કહે તો એવી વાતપર કહે કે બહાર પ્રકટ થવુંજ પડે. એવી કોઈ પ્રાર્થના કરો. તું અંતઃસ્થિત આનંદ છે. તું ઈચ્છાપૂરક છે. હવે અંતઃસ્થિત આનંદની દરિદ્રતા આવશે તો એને તો બ્રહ્મા પણ દૂર નથી કરી શકતા જેણે આખા બ્રહ્માંડને બનાવ્યું. આ દારિદ્રયને તો તું જ દૂર કરી શકે છે.

આપણે જે અવતારવાદની ચર્ચા ચાલી રહી હતી, મૌલવીજીની સાથેની ચર્ચા જે અમે તમને બતાવી, એ સંદર્ભમાં તમે આ પંક્તિને જૂઓ. **અન્તઃસ્થિતેન આનન્દેન અતિદરિદ્રાણાં બ્રહ્મણાડપિ પૂરયિતુમ્ અશક્યાનામ્ ઈચ્છાપૂરકઃ.** પૈગંબરના આવવાથી આ પ્રોબ્લેમ ક્યાં સોલ થઈ રહી છે! પૈગંબર આવવાથી ધર્મપ્રવર્તન થઈ જશે, પૈગંબર આવવાથી લોકો ધર્મમાર્ગપર ચાલ્યા જશે, સજ્જનોનું કામ થઈ જશે, અસુરોનો સંહાર કરી દેશે પરંતુ **અન્તઃસ્થિતેન આનન્દેન અતિદરિદ્રાણામ્** નું દારિદ્ર્ય ક્યાં દૂર થશે જો પૈગંબર આવશે તો? એ તો જ્યારે ખુદ ન આવે ત્યાંસુધી એ અંતઃસ્થિતનું દારિદ્ર્ય દૂર નથી થઈ શકતું. આ પુષ્ટિઅવતારનું પરમ પ્રયોજન છે. એ દારિદ્ર્ય કોણ દૂર કરશે જો તું બહાર પ્રકટ નહીં થાય?

અરે! ગુસાંઈજીની ટિપ્પણી હોત તો આપણું સ્ટેન્ડ બેસી જાત અને નિર્ભય-રમણ કરત. ગુસાંઈજીનું સ્ટેન્ડ મળતું નથી એ તો સભય-રમણનું છે. શું કરીએ? બે-ચાર બાલકે અહીં ચુપ્પી સાધી લીધી છે. એકલો શ્યામબાવા બોલે તો એની કીંમત શું! **અયં ચ અર્થઃ તવ સર્વજનીનઃ** આ જે તારો અર્થ છે, જુઓ આ પંક્તિમાં શું કહી રહ્યા છે **અયંચ અર્થઃ તવ** તારા સ્વરૂપનો આ જે અર્થ તેનાથી તારો અંતર્બહિ સર્વ આનંદ હોવો જોઈએ. આ સર્વજનિન છે. બધા બ્રાહ્મણોને નોતરું છે. આ ન્યાયથી આ તારા રૂપને ઓળખે છે. તું પણ એને પૂછીને જોઈ લે, ભલે એ નિર્ગુણગોપિકા પ્રાર્થના કરી રહી છે, તું એને

પૂછીને જો કે મારું અંતરાત્મદક્ થવું પસંદ છે કે બહાર દશ્ય હોવું પસંદ છે? પૂછીશ તો એ પણ આ જ કહેશે કે નહીં, નહીં કહેવામાટે આત્મદક્ કહ્યો પરંતુ પસંદ તો આજ છે કે તું દષ્ટા બનવાને બદલે દશ્ય બની જા પરંતુ એ કહી નથી રહી એનું કારણ એની નિર્ગુણતા છે. હવે આમણે કહી દીધું કે અમારામાં હિંમત છે. અમને અમારી વાત સીધે સીધી કહેતા આવડે છે. એને કહેતા નથી આવડતી તો એ ફેરવી-ફેરવીને કહી રહી છે. બાકી જો તારો કોઈ અર્થ છે, જો કૃષ્ણપદાર્થનો કોઈ અર્થ છે તો એનો અર્થ પ્રાકટ્ય જ છે. કેવળ અંતર કે બહિઃ જ નહીં પરંતુ અંતર્બહિઃ સર્વત્ર પ્રાકટ્ય અર્થ છે. **''અતઃ યોષિતાં વીરેતિ સમ્બોધનમ્''** એટલા માટે અમે યોષિતાં વીર કહી રહી છીએ. દ્વિતીય પ્રાર્થના કરવાવાળા ચાહે સાત્ત્વિકભાવથી ચાહે રાજસભાવથી ચાહે તામસભાવથી ચાહે નિર્ગુણભાવથી, એમને પૂછો તો એ પણ આ જ કહેશે.

આ તો ફલપ્રકરણ છે આને પહેલાજ બધી ગોપિકાઓ કહી ચુકી છે. **''અક્ષણ્વતાં ફલમ્ ઇદં ન પરં વિદામઃ સખ્યઃ પશૂન્ અનુવિવેશયતોઃ વયસ્યૈઃ વક્ત્રં વ્રજેશસુતયોર્ અનુવેણુજુષ્ટં યૈર્ વા નિપીતમ્ અનુરક્તકટાક્ષમોક્ષમ્''** (ભાગ.પુરા.૧૦/૧૮/૭). **''પિબન્તઈવ ચક્ષુર્ભ્યાં લિહન્તઈવ જિહ્વયા. જિઘ્રન્તઈવ નાસાભ્યાં શ્લિષ્યનતઈવ બાહુભિઃ''** (ભાગ.પુરા.૧૦/૭૦/૫). પ્રત્યેક ઈન્દ્રિયનું જે આસ્વાદન છે, મનથી અંતર્બહિઃ સર્વત્ર જ્યાં પણ ભગવાનનો અનુભવ કરવાનું સામર્થ્ય છે, જે પણ ઈન્દ્રિયમાં અનુભવ કરવાનું સામર્થ્ય છે, એ બધાથી જો ભગવદનુભવ ન થતો હોય, તો એ કૃષ્ણપદાર્થનો અર્થ નથી. એ કોઈ બીજા પદાર્થનો અર્થ હોઈ શકે છે. 'કૃષ્' વ્યાપક અર્થમાં છે 'ણ' આનંદના અર્થમાં છે. પરમ વ્યાપક આનંદની પરમ વ્યાપક અનુભૂતિ ન થઈ, તો એ કૃષ્ણપદાર્થનો અર્થ નહીં રહી જાય. **''અતઃ યોષિતાં વીર! ઈતિ સમ્બોધનમ્''** હવે જેટલી પણ યાચિકાઓ ઊભી થઈ ગઈ છે એને પૂછી લે કે આજ માગવા ચાહી રહી છે કે નહીં? અમે કહી રહી છીએ પરંતુ આ નથી કહી શકતી. છે બરાબર બધી યાચિકા કૃષ્ણની જ. કૃષ્ણનો જે અમે અર્થ કરી રહી છીએ એ અર્થ વ્યાપક આનંદ જ છે.

**ન હિ કૃષ્ણાત્ અન્યો જગતિ કશ્ચિદ્ એવં સમ્બોધનમ્ અર્હતિ, અપૂર્ણકામત્વાત્. વીર યોષિતામ્!''** મતલબ આ જે વીર યોષિતાઓ છે,

એમની કામનાઓને પૂર્ણ કરી શકે, આવા કૃષ્ણને છોડીને બ્રહ્માથી માંડીને કીડી સુધી કોઈ પદાર્થ છે જ નહીં. **અતો અવતાર સામાન્ય-વિશેષ-પ્રયોજનાભ્યાં ચ નો ભજ.** આ બધા પદાર્થોના નિરૂપણનું નિષ્કર્ષ શું? તારા સ્વરૂપ વિચાર અમારા સ્વરૂપનો વિચાર અમારી યાચનાના સ્વરૂપનો વિચાર તારા દાતાના સ્વરૂપનો વિચાર અમારા યાચકત્વના સ્વરૂપનો વિચાર અને જે દાન અમને અપેક્ષિત છે તે આપી દે.

**નનુ સત્યં, તથાપિ ભવતીનામ્ અભિમાનદોષનિવૃત્ત્યર્થં ભજનં ન ક્રિયત ઈતિ ચેત્.** તો કહે છે કે અમે તમારા કામને નિવૃત્ત કરી દઈએ પરંતુ તમારામાં તો દોષ છે. હવે વીરનો બીજો અર્થ, દાતાનો અર્થ તો થઈ ગયો. હવે યુદ્ધવીરના અર્થમાં, કહે છે કે જો તમે કાયર હો તો યાચકોમાં કોઈ આમ બઢી ચઢીને માગે? યાચકમાં તો વિનય હોવો જોઈએ. તમે તો એવી રીતથી માગી રહી છો જેમ કે કર્જદાર સાથે લેણદાર ઝઘડો કરે છે. યાચક કોઈ આવા લેણદારની જેમ થોડો માગે? તો કહે છે કે જો અમારા આ પ્રકારના દાવાથી તને અમારા પર ક્રોધ આવતો હોય અને અમારામાં કોઈ દોષબુદ્ધિ તને થઈ રહી હોય તો ચાલ હવે અમારી સાથે યુદ્ધવીરનો સંબંધ રાખ. અમે તારી શત્રુ અને તું અમારો યુદ્ધવીર. હવે તું યુદ્ધવીરતા બતાવ કે અમને ખતમ કરશે કે અમારા દોષોને ખતમ કરશે? જો અસાધારણ યોદ્ધા છે તો અમારા દોષોને ખતમ કરીશ. અમારા દોષ શું છે? કે તમારામાં અભિમાન થઈ ગયું. અરે! અભિમાન થઈ ગયું તો તારી પાસે અભિમાનને કાપવાનો બહુ સારું શસ્ત્ર છે, **નિજજનસ્મયધ્વંસનસ્મિત ઈતિ.** નિજજનના સ્મયનો જે દોષ છે, મદરૂપી જે દોષને કાપવામાટે તો તારું સ્મિત પર્યાપ્ત છે. એક સ્મિત આપ અને આ દોષ મટી જશે, કેટલીવાર ટકી શકે.

**"નિજજનાઃ સેવકાઃ તેષાં સ્મયો ગર્વઃ"** નિજજન તો તારા સેવક છે, જુઓ પહેલાથી જ બાંધી રહી છે, આ બહુ ચતુર છે. તો કહે કે અમે દોષને ન મારીને દોષીને મારીએ. તો કહે કે તો નિજજનને મારવાનો અપરાધ લાગશે. નિજજન જે વખતે દોષ કરે, તે વખતે આપણે નિજજનને નથી મારતા, તે વખતે એના દોષને જ મારીએ છીએ. પરજન કોઈ અપરાધ કરે તો અપરાધીને મારવામાં આવે અને નિજજન અપરાધ કરે તો અપરાધને મારવામાં આવે.

અપરાધીને નથી મારવામાં આવતો. જ્યારે તમારું બાળક કોઈ ભૂલ કરે, તો તમને શું લાગે? અરે! બિચારો ભૂલી ગયો. સમજી નથી શકતો. ઉત્પાતી છે. બીજાનું બાળક કોઈ ભૂલ કરે, તો લાગે અરે! કેવા બાળકો પેદા થયા છે? ક્યારેય પોતાના બાળકપર આવો પ્રશ્ન પેદા થાય છે? તો લાગે કે બિચારો ભૂલી જાય. ભૂલ બધાથી જ થાય છે. આનાથી પણ થઈ ગઈ. પોતાના બાળકને દરેક વખતે આપણામાં જો થોડીક પણ નિજજનત્વની બુદ્ધિ છે, તો દર વખતે દોષ દેખાશે પરંતુ સાથેસાથે એ જે નિજત્વ ચમકી રહ્યું છે એના કારણે એની વકીલાત જ સૂઝતી રહે. જ્યાં આપણું બાળક ન સૂઝે ત્યાં કેવળ દોષ જ દેખાય છે. એ વખતે દોષનિરસનની ઈચ્છા નથી થતી બલકે દોષીના નિરસનની ઈચ્છા થાય છે.

એક સામાન્ય વાત બતાવું. આપણું બાળક ઘરમાં દેકારો કરતું હોય તો આપણે એને કહેશું કે ''ચુપ રહો'' પાડોશીનું બાળક ઘરમાં દેકારો કરતું હોય તો આપણે તેને કહેશું કે ''ગેટઆઉટ'' ખુદના બાળકને કેવીરીતે ગેટઆઉટ કરશો? દેકારો તો બંને જ કરે. પાડોશીના બાળકને ગેટઆઉટ કરશું કેમકે એમાં નિજજનતા નથી, નિજતા નથી.

તો ગોપી કહી રહી છે કે તું નિજજન સમજી લે. જો તારે યુદ્ધવીર બનવું છે, જો તને અમારા દોષ દેખાઈ રહ્યા છે, કેવા દોષ? ક્રોધના મોહના મદના જે યુદ્ધવીરને માટે નિરસનને માટે ઉચિત છે. એમાં બે જ સંભાવનાઓ છે. કાં તો તું દોષીનું નિરસન કર કાં દોષનું નિરસન કર. તો પહેલા સમજી લે કે દોષી કોણ છે? નિજજન તારા દોષી છે અને દોષ શું છે? **સ્મયદૂરીકરણાર્થં પરિત્યાગો ન ઉપાયઃ.** પોતાના બાળકને તો ગેટઆઉટ નહીં કરી શકાય. એને તો ચુપ કરાવીને બેસાડવો જ પડશે. અથવા ખિજાઈને કહેવું પડશે કે ''ચુપ રહે.'' ખુદના બાળકને તો ઘરથી બહાર નહીં કાઢી શકાય ઘરનું બાળક છે તો. **કિન્તુ તદર્થં સ્મિતમેવ કર્તવ્યમ્.** થોડુંક સ્મિત કર. કહેવામાટે તો વાત બહુ સરળ લાગે પરંતુ સ્મિત કર હકારાત્મક અર્થમાં નથી. નકારાત્મક અર્થમાં છે.

સંસ્કૃત ભાષામાં કેટલાય પ્રભેદ કરવામાં આવ્યા છે. **''જ્યેષ્ઠાનામ્ સ્મિત-હસિતે મધ્યાનાં વિહસિતાવહસિતે ચ. નીચાનામ્ અપહસિતં તથાતિહસિતં તદેવ ષડ્વિધો હાસઃ.''** (સાહિત્યદર્પણ.સૂ.૩/૨૧૭). છ

પ્રકારના હસવાના પ્રકાર હોય છે. જે ઉચ્ચ કોટિના પુરુષ હોય છે, જેમને ડિગનિફાઈડ્ લોકો કહે, એમના હસવાનું ક્યાં સુધી જાય સ્મિત અને હાસ. મધ્યકોટિના પુરુષ હોય તે વિહાસ અને અવહાસ સુધી જાય. નિમ્નકોટિના પુરુષ અપહાસ અને અતિહાસ સુધી જાય. એમનું એવી રીતનું હસવુ કે પાડોશી સાંભળે તો સાંભળે પરંતુ આખી વસ્તી સાંભળે. એ ''અતિહાસ કે અપહાસ'' કહેવાય. કોઈપણ સમ્માનનીય પુરુષ આટલું ન હસે. સમ્માનીય પુરુષના હસવાની મર્યાદા વધારેમાં વધારે સ્મિતથી લઈને વિહસન સુધી હોય. એ અવહાસ સુધી પણ ન જાય. અવહાસને મધ્યમાં જો બે ભેદ કરીએ, તો વિહાસ પણ ક્યારે આવી શકે કે જ્યારે અત્યંત ઘનિષ્ઠતા હોય કોઈની સાથે. તો ઉત્તમ સમ્માનીય પુરુષ અવહાસના સ્તર સુધી જાય છે. આ નાટકમાં ઈન્સ્ટ્રક્શન્સ્ આપવામાં આવે. નાટકમાં જો કોઈ ઉત્તમ પુરુષને હસાવવો હોય તો તે આમ હા હા કરીને ન હસે. હવે જો જાણકાર ડાયરેક્ટર છે તો એ સ્મિત અને હાસ થી વધારે એને નહીં જવા દે. જો કોઈ અત્યંત ઘનિષ્ઠતાનો સંબંધ છે તો તે વિહાસ સુધી જઈ શકે પરંતુ અવહાસ સુધી નોબલ માણસ ન જઈ શકે. મધ્યસ્તરના લોકોની મર્યાદા સ્મિતથી લઈને અવહાસ સુધીની છે. જે અત્યંત નિમ્ન કોટિના, વિલન ટાઈપના, કે રાક્ષસ ટાઈપના ચરિત્ર હોય છે તે અપહાસ અને અતિહાસ સુધી જાય. તે જ્યારે આ પ્રકારના ચરિત્રને હસવાનું હોય તો ડાયરેક્ટર એને અપહાસ અને અતિહાસ ના સ્તરપર હસવાનું ઈન્સ્ટ્રક્શન્ આપે છે. એમ મરજી પડે તેમ હસી દેવું એમ નહીં.

તો એ પ્રકારથી બતાવે છે કે સ્મિત અને હાસ માં થોડું અંતર હોય છે. ધ્યાન આપશો તો ખબર પડશે કે સ્મિત શ્રવ્ય નથી કેવળ દશ્ય છે. હાસ દશ્ય પણ છે અને શ્રવ્ય પણ છે. વગર દશ્ય થયે હાસ્ય શ્રવ્ય પણ હોઈ શકે છે પરંતુ શ્રેષ્ઠ પુરુષને જ્યારે ઘનિષ્ઠતા વ્યક્ત કરવી હોય ત્યારે હાસ કરે છે. બાકી વ્યવહાર વ્યક્ત કરવો હોય તો સ્મિત કરે છે. એમ સામાન્ય અર્થમાં સ્મિતનો અર્થ સારો માનવામાં આવે પરંતુ સ્મિતમાં એક પ્રકારની ઔપચારિકતા પણ છે. હવે આને તામસપ્રકરણના રૂપમાં સમજો. નાટકના પ્રકરણમાં તો આનું અલગ રૂપ છે પરંતુ તામસપ્રકરણમાં આનો વ્યુત્ક્રમ(ઉલટોક્રમ) ચાલશે ને! નાટકપ્રકરણમાં સ્મિત ઉત્તમ માનવામાં આવે અને હાસ થોડોક કનિષ્ઠ

માનવામાં આવે પરંતુ તામસપ્રકરણમાં આની ગતિ વામ થઈ જાય, ઉલટી થઈ જાય છે. હાસ ઘનિષ્ઠતાનો દ્યોતક હોય અને સ્મિત ઔપચારિકતા થઈ જાય.

તો બે પ્રકારથી કહી રહી છે. જો તેં હાસ કર્યું તો સંભવ છે કે ખાલી સંભળાય. જો ભગવાન્ પ્રકટ થઈ ગયા અને હાસ કરી દે અને કહી દે કે ''ચાલો હવે તો તમે ખુશ છો.'' આ વાતને કહી દે તો મુશ્કેલી. તો એક એના હકારાત્મક અર્થમાં કહી રહી છે કે સ્મિત જ જોઈએ. એવું હાસ નથી જોઈતું કે જે કેવળ સંભળાય જ અને દેખાય જ નહીં. હવે ઝાડપર ચઢીને તો સ્મિત થઈ નહીં શકે. સ્મિતને માટે તો પ્રકટ થવું જ પડશે. એક આ અર્થમાં લેશો અને બીજા અર્થમાં લેશો તો આ વાત છે કે હાસથી જે તારી ઘનિષ્ઠતા પ્રકટ થઈ રહી છે, સ્મિતની ઔપચારિકતા વર્તીલે પરંતુ તું પ્રકટ તો થઈ જા. અમારું કામ અત્યારે તાત્કાલિક તો ચાલી જશે. પછી અમે પ્રસન્ન કરીને તને હસાવી લેશું. અત્યારે સ્મિત કરતો પ્રકટ થઈ જા. પછી તને હસાવવો અમારું કામ છે. એ ઘનિષ્ઠતા જે નિવૃત્ત થઈ છે, જેના કારણે તારું હાસ સ્મિતમાં પ્રકટ થવું જોઈએ, તો પછી એ સ્મિતને હાસમાં પરિવર્તિત કરવાનો પ્રયત્ન કરશું પરંતુ એક વખત સ્મિત તો પ્રકટ કર.

**કથંચિત્ નિજજનાઃ સેવકાઃ તેષાં સ્મયો ગર્વઃ તસ્ય ધ્વંસનાર્થં સ્મિતં યસ્ય.** નિજજન જે સેવક છે, એ સેવકોનો જે ગર્વ, એ ગર્વનું એ મદનું જો નિવારણ કરવું છે બહુ યુદ્ધવીર બનીને એ ગર્વનું વારણ કરવું છે નિરસન કરવું છે તો તારા સ્મિતના કૃપાણથી એને કાપી નાખ તો ગર્વ કપાઈ જશે કૃપાણથી. કેમ? **નિજજનાનાં સ્મયદૂરીકરણાર્થં પરિત્યાગો ન ઉપાયઃ**. તો જે નિજજન છે એમનો જો સ્મય દૂર કરવો છે એથી એમને જ છોડી દેવા, આ નિજજનનો ઉપાય તો નથી. જે પરજનનો ઉપાય તો હોઈ શકે છે કે સ્મિત બહુ થઈ ગયું તો આપણે સંબંધ જ તોડી નાખ્યો પરંતુ નિજજનનો તો આ ઉપાય નથી. તો કહે કે તો પછી ઉપાય શું? તો કહે કે **કિન્તુ તદર્થં સ્મિતમેવ કર્તવ્યમ્.** અમને જોતો રહે. અમારી આંખથી દૂર ન થઈ જ પરંતુ ઘનિષ્ઠતાથી તું આજસુધી અમારી સાથે હાસ વિલાસ કરતો રહ્યો, એવો હાસ વિલાસ ન કર, સ્મિત કર, પરંતુ કમસે કમ પ્રકટ તો થા. **''સ્મિતં હિ મન્દહાસઃ''** સ્મિતને કહે છે કે હાસની મંદતા છે.

**''હાસો જનોન્માદકારી ચ માયા''** (ભાગ.પુરા.૨/૧/૩૧). **તસ્યાઃ મન્દત્વં ભક્તેષુ અપ્રવર્તનમ્.** હાસની પરિભાષા વિરાટસ્વરૂપમાં આમ કહેવામાં આવી છે. ભગવાન્ જે જે વસ્તુના જે જે સ્થાન છે અને જે સ્થાન બતાવ્યા છે એમાં માયાનું કયું સ્થાન છે? માયાનું સ્થાન ભગવાનનું હાસ છે. પ્રભુ બે પ્રકારથી હસે. કદાચ માયાથી મોહિત થઈને જે જીવ પ્રવાહમાં પડી ગયા છે, એમને જોઈને પ્રભુ વિહાસ કરતા હશે. જે રૌદ્રરૂપમાં વિચારોતો કદાચ અટ્ટહાસ્ય પણ કરતા હશે જે અપહાસ કે અતિહાસના રૂપ છે. તો જે પ્રવાહી આસુરી જીવ છે એમના માટે ઉપહાસ કે અતિહાસ થતા હશે, કેમકે **''માયા હાસો જનોન્માદકારી''** માયાનું સ્થાન પ્રભુના હાસમાં છે. પરંતુ બધાના પ્રત્યે એક પ્રકારનું હાસ તો નથી ને! કોઈના તરફ અટ્ટહાસ્ય છે, કોઈના માટે વિહાસ છે, કોઈના પ્રત્યે અવહાસ છે, કોઈના પ્રત્યે કેવળ હાસ છે. પરંતુ ભકતોની સાથે પ્રભુના હાસનો કાંઈક સંબંધ છે. એ હાસનો સંબંધ એમનામાં પણ ઉન્માદ પેદા કરે છે. માયા ભગવાનનું હાસરૂપ છે પરંતુ એમાં પ્રવાહનો ઉન્માદ પેદા કરે છે, જે ઉન્માદમાં, પ્રવાહમાં અધિક રત થઈ જાય પરંતુ ભકતમાં પ્રભુનું હાસ ભક્તિનો ઉન્માદ ઉત્પન્ન કરે છે. એટલા માટે ભકતની સાથે પણ ભગવાનના હાસનો સંબંધ છે. મર્યાદામાં પણ ભગવાનના હાસનો સંબંધ છે. ભક્તિનો **''હાસો જનોન્માદકારી ચ માયા''** હાસ જન ઉન્માદકારી પણ છે અને માયારૂપ પણ છે. **તસ્યા મન્દત્વં ભક્તેષુ અપ્રવર્તનમ્.**

જેમ તમારા ઘરમાં તમારો એક મિત્ર આવે અને જે મિત્રના આવતાંજ તમારો ઉલ્હાસ પ્રકટ થઈ જાય. ઉલ્હાસ પ્રકટ ન થયો, કેવળ સ્મિતથી મિત્રનું સ્વાગત કર્યું, તો જરુર કાંઈક ને કાંઈક કૌભાંડ છે. જેના આવવાથી ઉલ્હાસ પ્રકટ થવો જોઈએ, એ ઉલ્હાસ પ્રકટ ન થઈને કેવળ સ્મિત પ્રકટ થયું! આ ઔપચારિકતા આજે કેમ થઈ ગઈ? તો ભકતમાં હાસનું અપ્રવર્તન! એનાથી મોટો દંડ ભકતને માટે બીજો કોઈ નથી હોઈ શકતો. તું અમારી સાથે હસતો નથી અને કેવળ સ્મિત કરે, આ બસ દંડ થઈ ગયો, અમારું ઘમંડ ચૂર થઈ જશે. આનાથી વધારે અમારા મનને દંડ દેવામાટે અન્ય કોઈ કઠોર ઉપાયની આવશ્યકતા નથી કે તું હસતો હસતો સ્મિત કરતો થઈ ગયો! આટલામાં તો ચિત્ત પિગળી જશે કે શું વાત છે, જો મૈત્રી સાચી છે તો! જેની સાથે હાસ-

પરિહાસનો સંબંધ છે અને હાસ-પરિહાસવાળાએ ક્યારેય સ્મિતથી સ્વાગત કર્યું તો એજ મનમાં એક ખટકો બેસી જાય કે શું ગડબડ થઈ? થયું શું? એ હાસ-પરિહાસનો સંબંધ ક્યાં ગયો? એ કેમ નથી? એ શંકાઓ એજ વખતે હૃદયના ધબકારા વધારી દેશે. એ પ્રકારથી કહી રહ્યા છે **તસ્યા મન્દત્વં ભક્તેષુ અપ્રવર્તનમ્.** હાસની મંદતા શું? ભક્ત જ્યારે તારી સામે આવ્યો અને તું ઉલ્હાસની સાથે એની સામે દોડતો દોડતો ન આવ્યો અને સ્મિત કરીને એકદમ ઓફિશિયલ્-વે માં આવ્યો પછી તો વાત ખતમ થઈ જશે.

એટલા માટે કહી રહી છે **નહિ માયામોહવ્યતિરેકેણ કસ્યચિત્ સ્મયો ભવતિ.** ઘમંડ જ્યાંસુધી માયાથી મોહિત નથી થતો ત્યાંસુધી તો થાયજ નહીં. હવે અમને ઘમંડ તારા હાસ્યના કારણે થયું છે. તેં હસી-હસીને અમારી સાથે અમારામાં આ ગર્વ પેદા કર્યો. કેમકે તારું હાસ માયા છે અને ઉન્માદ કરે છે. અમારામાં જ્યારે ઉન્માદ પ્રકટ થયો તો મદ તો એમાંજ છૂપાયેલો છે ને! ઉન્માદમાં મદ તો છૂપાયેલો છે. તું તારા હાસનો સંકોચ કરી લે તો અમારો મદ પોતાની મેળે ખતમ થઈ જશે. જો અમારા મદનું તું ખોટું લગાડતો હોય તો તારા હાસને સંકુચિત કરી લે. હવે અમારી આ દીનતાપર તું છૂપાઈને હસી રહ્યો છે! અરે હસી કેમ રહ્યો છે સ્મિત કરી દે ને પ્રકટ થઈને! અમારો મદ તૂટી જશે. કેમકે અમારો મદ તારા હાસના સિવાય બીજું કાંઈ નથી. આ મદ અમારામાં તેં હસી-હસીને પેદા કર્યો છે. ચાલ હવે અમે કન્સેશન્ આપી રહી છીએ. હસતો નહીં પરંતુ સ્મિત કરતો આવી જા. જો અમારો મદ પણ ખતમ. તેં તારા હાસનો સંકોચ કર્યો તો જોજે કે અમારા મદનો સંકોચ થઈ જાય કે નહીં? જેટલા પ્રપોર્શન્માં તેં હાસ ઓછું કર્યું એટલા પ્રપોર્શન્(પ્રમાણમાં)માં અમારો મદ તૂટતો ચાલ્યો જશે. આનો બરાબર આ રેશિયામાં સંબંધ છે. તારા હાસનો અને અમારા મદનો. જેટલો તું હસતો ચાલ્યો જઈશ, એટલો અમારા મનમાં મદ વધતો ચાલ્યો જશે કે અમારી ઘનિષ્ઠતા એટલી કે પ્રભુ આવા આવા હસીને પણ અમારી સાથે વાત કરી રહ્યા છે! મતલબ ભરી સભામા કોઈ અટ્ટહાસ્ય કરી શકે? કોઈ ભલે કેટલોય પણ સભ્ય માણસ હોય તો પણ ઘરમાં કોઈ લંગોટિયો યાર આવી ગયો હોય તો ઘરમાં અટ્ટહાસ્ય પણ કરે છે. મોટામાં મોટો માણસ પણ કોઈ બાળપણનો દોસ્ત ઘરમાં આવી ગયો તો અટ્ટહાસ્ય પણ કરે

છે. અટ્ટહાસ્ય કરે તો એનાથી એને નીચ નથી માનવામાં આવતો. આવો નિયમ જે નાટકકારે પરિભાષા કરી દીધી. **''અપહાસં અટ્ટહાસં ચ નીચાનામ્''** એના અનુસાર લેબલ્ લગાડી દેવામા આવશે કે અટ્ટહાસ્ય કર્યું તો નીચ છે. ઘરમાં આ નિયમ જરુરી નથી કે લાગૂ પડે. આ બધા નિયમ નાટકકારના નાટકીય નિયમ છે. જીવનના નિયમ આનાથી વધારે લચીલા છે. એવો કોઈ બાળપણનો ઘનિષ્ઠ મિત્ર આવે તો એની સાથે અટ્ટહાસ્ય તો કરવું પડે, કરવું પડે અને કરવું પડે. ચાલ અમારી સાથે અટ્ટહાસ્ય ન કર, અમારી સાથે ખુલીને હસ, થોડોક તારા હાસનો સંકોચ કર અને જો અમારો ગર્વ તૂટી જાય કે નહીં? અમને કોઈ શંકા થઈ જશે કે અમારી મૈત્રીમાં ક્યાં આંચ આવી ગઈ? તું અમારી સાથે આટલો ખુલીને હસી કેમ નથી રહ્યો?

**અતએવ હાસ્યસંકોચએવ સાધનમ્.** અતએવ કોઈ સાધન છે તો તે કેવળ હાસ્યનો સંકોચ છે. **નિજજનાનામપિ ધર્મએવ દુષ્ટઃ ન તુ ધર્મી** અને નિજજનનો જો કોઈપણ દોષ છે, એમનામાં ધર્મનો દોષ છે. ગુણમાં દોષ છે, વ્યક્તિમાં તો દોષ છે નહીં. જો નિજજન દોષી છે તો તું એવા વ્યક્તિને પાળે છે શું? અમે તો આવી વાત કહેશું નહીં કે તારા નિજજન દોષી છે. હા તારા નિજજનમાં કાંઈક ગુણ દોષરૂપ હોઈ શકે છે પરંતુ આવી વાત અમે અમારા મોઢે કેવીરીતે કહીએ? આવા તો તારા નિજજન હોઈ ન શકે. હા એના કાંઈક ગુણ દોષરૂપ હોઈ શકે છે. તો એ પણ સાચી વાત તો આ છે કે એ પણ તારા હાસના કારણે પેદા થયો છે. હાસનો સંકોચ કર તો એ પણ નિવૃત્ત થઈ જશે. **અન્યથા નિજજનત્વમેવ ન સ્યાત્ ઈતિ અલૌકિકોપાયઃ** જો વ્યક્તિ દોષી હોય તો એ તારો નિજજન કેવી રીતે કહેવાત? તો ગુણ એમાં થોડોક દોષ છે. અમારા મદને દૂર કરવાનો અલૌકિક ઉપાય તો આ છે.

**લૌકિકેડપિ તવ હાસ્યેન તા અપિ આત્માનં તુલ્યં મન્યન્તે, યદા પુનઃ હાસ્યે સંકોચઃ તદૈવ તાસાં ગર્વો નિવર્તતે.** વિરાટના અભિપ્રાયથી અહીં લૌકિક અભિપ્રાય આધિદૈવિક અભિપ્રાયથી આધ્યાત્મિક લીલામાં અલૌકિક અભિપ્રાય બતાવ્યો છે અને આધિદૈવિક લીલામાં લૌકિક અભિપ્રાય બતાવ્યો છે.

**કિંચ અભિમાનોહિ દોષઃ, સ તાવદેવ તિષ્ઠતિ યાવત્ તવ સ્મિતયુક્તમ્ આનનં ન પશ્યતિ. ન હિ કાચિત્ તાદશમપિ આનનં દષ્ટવા સ્વાભિમાનં પાલયિતું**

**શક્તા.** આ બે સ્મિતના નેગેટિવ્ અર્થ હતા એ બતાવ્યા. હવે આનો જે પોજિટિવ્ અર્થ છે તે બતાવી રહ્યા છે. અભિમાનદોષ કેટલા વખત સુધી ટકી શકે? એ એટલો વખત ટકી શકે, જેટલો વખત કોઈએ તારું સ્મિત નથી જોયું. સ્મિતમાં પણ પોજિટિવ્ ક્વોલિટીઓ તો છે ને! જેમ હાસના સંકોચમાં નેગેટિવ્ ક્વોલિટી આવે છે, એવીજ રીતે સ્મિતની પોતાની પોજિટિવ્ ક્વોલિટી પણ તો છે ને! મુખારવિંદપર સ્મિતનું એક સૌંદર્ય, જુઓ અહીં બહુ સુંદર બતાવ્યું છે. **''તસ્યાવલોકમધિકં કૃપયા અતિઘોરતયાપત્રયોપશમનાય નિસૃષ્ટમ્ અક્ષ્ણોઃ''** (ભાગ.પુરા.૩/૨૮/૩૧). ભગવાન્ જુએ, કેવળ જોવું અને સ્મિતપૂર્વક કોઈને જોવું, એમાં કેટલો ફરક છે? 'વિપુલપ્રસાદમ્' એ અવલોકનમાં ભગવાનનો વિપુલ પ્રસાદ ક્યારે પ્રકટ થાય? જે વખતે સસ્મિત અવલોકન થાય ત્યારે. સસ્મિત અવલોકનમાં પ્રભુ આપણી તરફ જુએને પરંતુ સ્મિતહીન જો અવલોકન કર્યું ત્યારે કટાક્ષ પ્રકટ નહીં થાય. અવલોકનમાં આ સામર્થ્ય છે કે જે તાપત્રય છે, તેં પોતાની દૃષ્ટિથી એક વખત એમને જોયા, તો તાપત્રય દૂર થઈ જશે. મતલબ દુઃખાભાવ તો થશે પરંતુ સુખપ્રાપ્તિ નહીં થાય. જ્યાંસુધી તેં જોવામાં એને સ્મિતથી અનુગુણિત ન કર્યું. જોવાનું અવલોકનનું સ્મિતથી અનુગુણન કરે તો **''વિપુલ પ્રસાદઃ''** ત્યારે વિપુલ પ્રસાદ પ્રકટ થશે. **''સ્નિગ્ધસ્મિતાનુગુણિતં વિપુલપ્રસાદં ધ્યાયેદ્ ચિરં વિતતભાવનયા ગુહાયામ્''** (ભાગ.પુરા.૩/૨૮/૩૧). અને પોતાના હૃદયને એટલું વિસ્તૃત કરે કે એમાં નિરંતર ભગવાનનું સ્મિતાનુગુણિત અવલોકન આપણને દેખાતું રહે.

ઠાકોરજીના દર્શન કરવાનો મુખ્ય લાભ શું? જે દિવસે ઠાકોરજીના પ્રભુના દર્શન કરીએ આપણે અને કોઈ પણ સ્મિતાનુગુણિત અવલોકન પ્રભુની દૃષ્ટિમાં દર્શન થયું, તો તે સારા ફોટોસ્ટેટ્‌ની જેમ આપણા હૃદયમાં છપાઈ જવું જોઈએ. જ્યારે આંખ મીંચીએ તો એ સ્મિતાનુગુણિત અવલોકનવાળા મુખનું આપણને દર્શન થતું રહે. જો સેવા કરીએ તો આ વાત સમજમાં આવશે. ઠાકોરજીના મંદિરમાં જઈને આંખ મીંચીને ઊભા રહી જઈએ, **''ધ્યાનેન આત્મનિ પશ્યન્તિ''** (ભગ.ગીતા૧૩/૨૫). આપણે કહીએ કે ''જંગલ જ શું ખોટું હતું? મંદિરમાં જઈને કુલકર્ણીજી આંખ મીંચીને ઊભા રહી જાય.'' અરે જૂઓ એ સ્વરૂપને પી જાઓ. મંદિરમાં આવીને આંખ મીંચીને ઊભા રહી

ગયા. હું તમને મળવા આવું અને તમે આંખ મીંચીને ઊભા રહી જાવ તો કેવો વિચિત્ર વ્યવહાર લાગે! ઠાકોરજીને ભક્તિથી મળવા ગયા છો, આંખ કેમ મીંચી રહ્યા છો? ખોલો. ઘણા લોકો શું કરે? એ અડધી અડધી વાત કરી લે. થોડીક જ્ઞાનની થોડીક ભક્તિની ખિચડી પકાવવાના ચક્કરમાં અને જાય મંદિરમાં અને આંખ મીંચીને ઊભા રહી જાય. હવે એ આંખ મીંચીને શું જોઇ રહ્યા છે, અમને સમજમાં ન આવે! કેમ આંખ મીંચીને ઊભા રહી જાય? જ્યારે મંદિરમાં ગયા પ્રભુના દર્શન કરવા તો આંખ કેમ મીંચી? આંખ આટલી અપલક કરી દો કે અપલક નેત્રથી એ સ્વરૂપ અનવરત તમારા હૃદયમાં છપાઇ જાય. **''ધ્યાયેત્ ચિરં વિતતભાવનાયા ગુહાયામ્''** (ભાગ.પુરા. ૩/૨૮/૩૧). હવે ત્યાં આંખ મીંચીને ઊભા રહી ગયા તો ત્યાં શું મળશે! ઘર શું ખોટું હતું! કોઇને મળવા જઇએ અને આંખ મીંચીને ઊભા રહી જઇએ, પાંચ-દસ મિનિટમાં ગભરાહટ થવા લાગી જાય . કદાચ માણસ પાગલ પણ લાગે. કોઇને મળવા જઇએ અને આંખ મીંચીને ઊભા રહી જઇએ. સીધી ઇચ્છા થઇ જાય કે આને પાગલખાને પહોંચાડો, કેમ આવી ગયો અહીં! અરે કોઇ આવ્યો છે ત્યારે તો આંખ ખોલી દો. જ્યારે તું અહીંથી બહાર નિકળે તો આંખ મીંચીને જજે કે એ રૂપ તારી આંખોમાંથી નિકળી ન જાય. મંદિરમાંથી બહાર નિકળે અને આંખ મીંચી લે તો તો એની શોભા છે પરંતુ જ્યારે ઠાકોરજીની સામે ઊભો છે તો શેની આંખ મીંચી રહ્યો છે! **''અટતિ યદ્ભવાન્ અહ્નિ કાનનં ત્રુટિર્ યુગાયતે ત્વામ્ અપશ્યતામ્''** (ગોપીગીત.૧૫). આગળ જઇને ગોપિકાઓ કહેશે. **''કુટિલકુન્તલં શ્રીમુખં ચ તે જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દશામ્''** અરે એ બ્રહ્મા જડ છે. એને સમજ ન પડી. આ રૂપને જોવામાટે આવી પલક પડવાવાળી આંખ બનાવવી ન જોઇતી હતી. **''ત્રુટિઃ યુગાયતે ત્વામ્ અપશ્યતામ્''** તો ત્યાં આંખ મીંચીને ''ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ'' અરે શું માતા પિતા કરી રહ્યો છે આંખ મીંચીને! પિતા છે તો એનું સૌંદર્ય જો. માતા છે તો એમાં એનું વાત્સલ્ય જો. સખા માનતો હોય તો સખાની સ્નેહભરી દૃષ્ટિથી એ સ્વરૂપને જો. આંખ મીંચીને તને શું દેખાશે પોતાની મીંચેલી આંખના અંધારા સિવાય. કાંઇ ન દેખાય ત્યાં. અમને તો ક્યારેય સમજમાં નથી આવતું કે આવો વ્યવહાર કેમ કરે છે માણસ! તમે અશ્વત્થના વૃક્ષની નીચે બેઠેલા હો, પદ્માસન લગાવ્યું હોય,

પ્રાણાયામ કરતા હો અને આંખ મિંચાયેલી હોય તો જોવામાં પણ ભવ્ય દર્શન થાય. માણસને પણ ઈચ્છા થાય કે ખરેખર સાધના કરી રહ્યો છે. કાંઈક પ્રયત્ન ચાલી રહ્યા છે પરંતુ મંદિરમાં આ કેવો વિચિત્ર વ્યવહાર! અલગ અલગ વાતના સૌંદર્ય અલગ અલગ સમજવા જોઈએ.

એક વખત અમે જનાર્દન ગયા તો એણે એવુંજ કર્યું કે ઠાકોરજીની સામે બેસીને ગીતાનો પાઠ કરવા લાગ્યા **''ન હિ અસંન્યસ્તસંકલ્પો યોગી ભવતિ કશ્ચન''** (ભગ.ગીતા ૬/૨). તો હંસૂભાઈ બોલ્યા કે ''આ ઉપદેશ તું ભગવાનને આપી રહ્યો છે કે કરી શું રહ્યો છે?'' ભગવાનને ગીતા સંભળાવવાથી શું લાભ? હવે ભગવાને તમને ગીતા સંભળાવી દીધી... હવે પાછા તમે ભગવાનને ગીતા સંભળાવો. હવે તમે કલાક સુધી બેસીને ભગવાનને ગીતા સંભળાવી. તો શું ભગવાન્ ગીતા ભૂલી ગયા કે તમે એમને યાદ દેવડાવી રહ્યા છો? હવે આ ગીતાના પાઠનો શું લાભ? અરે! જ્યારે સામે પ્રભુ ન બિરાજતા હોય ત્યારે ગીતાપાઠ કરો પોતાના આત્મબોધના માટે પાઠ કરો, પોતાની બુદ્ધિને માટે પાઠ કરો, પોતાના હૃદયને માટે પોતાના ભાવવિકાસના માટે બધાના માટે પાઠ કરો. ગીતાપાઠ તો બહુ ઉત્તમ સાધન છે. જરૂર કરવો જોઈએ પરંતુ પ્રભુની સામે પાઠ કરવાથી તો પ્રભુ પણ કંટાળી જતા હશે કે ''આ મેં આપેલ ઉપદેશ મનેજ સંભળાવવા માંડ્યો છે અહીં મને સંભળાવવાથી શું લાભ!'' તો પ્રભુની સાથે આવો વિચિત્ર વ્યવહાર માણસ કરી દે.

**''હાસં હરેઃ અવનતાખિલલોકતીવ્રશોકાશ્રુસાગરવિશોષણમ્ અત્યુદારમ્ । સમ્મોહનાય રચિતં નિજમાયયાસ્ય ભ્રૂમંડલં મુનિકૃતે મકરધ્વજસ્ય''।।** (ભાગ.પુરા.૩/૨૮/૩૨).

આનાથી વધારે કાવ્ય શું શ્રેષ્ઠ હોઈ શકે! હાસમાં તારા બંને ગુણ છે. **અવનતાખિલલોકશોકાશ્રુસાગરવિશોષણમ્,** અમે જે તારી સામે ઝુકેલા થયા છીએ, એના શોક અને આંશુ ના સાગરોને સુકવવાની તાકાત પણ તારા હાસમાં છે. અત્યંત દુઃખી થઈને આવ્યા. એક વખત પ્રભુએ હસીને આપણો સામનો કરી લીધો, સ્વાગત કરી લીધું તો બધા શોકના સાગર એજ ક્ષણે સૂકાઈ જશે. છલકતા સાગર સૂકાઈ જશે. **''સમ્મોહનાય રચિતં નિજમાયયા''** એમાં સંમોહન પણ છે, આમાં પ્રાવાહિક સંમોહન પણ છે, પુષ્ટિમાર્ગીય સંમોહન પણ છે.

બધી જાતનું સંમોહન હાસમાં છે. એટલા માટે તેઓ કહી રહી છે, **સ તાવદેવ તિષ્ઠતિ યાવત્ તવ સ્મિતયુક્તમ્ આનનં ન પશ્યતિ. નહિ કાચિત્ તાદશમપિ આનનં દષ્ટ્વા સ્વાભિમાનં પાલયિતું શક્તા.** આવું તારું સ્વરૂપ, આવું તારું મુખારવિંદ જેમાં સ્મિતસહિત અવલોકન થઈ રહ્યું છે, એને જોઈને કોઈ પોતાના અભિમાનને પાળી શકશે શું? **''નનુ એતદ્ લોકે અપ્રસિદ્ધં સાધનત્વેનેતિ કથં જ્ઞાતું શક્યતે ઈતિ આશંક્ય આહુઃ''** હવે કહે કે આ વાત તમને કેમ અને કેવીરીતે ખબર પડી કે અમારા સ્મિતમાં આ ગુણ છે? તો કહે કે **જલરુહાનનં ચારુદર્શય ઈતિ.** મુખ તો બતાવીને જો!. એક વખત તારા મુખને દેખાડ તો ખરો પછી અમે ખોટું કહેતી હોઈએ તો કહેજે. જો એ સસ્મિત અવલોકનમાં તારા આ ગુણ ન હોય, પાછો અપ્રકટ થઈ જજે પરંતુ એક વખત પ્રકટ થઈને દેખાડ તો ખરો. ખુદ ચકાસી લે કે તારા સ્મિતમાં આ ગુણ છે કે નથી?

**જલરુહં કમલં, તત્સદશમ્ આનનમ્ અમૃતસ્રાવિ. નહિ અમૃતે પીતે કસ્યચિદ્ દોષઃ તિષ્ઠતિ ઈતિ યુક્તિઃ.** જેમાં અમૃત વરસી રહ્યું છે. એમાં આ મરણશીલ ધર્મ મદ જેવું રહી જશે શું? જે વખતે સ્મિતયુક્ત આનન, જલરુહ આનન જેવું મુખારવિંદ છે, એમાંથી સ્મિતરૂપ અમૃત વરસી રહ્યું હશે, એ સમયે મરણશીલ ધર્મરૂપ મદ ટકી શકશે શું! **સાધનત્વે ચેત્ સંદેહઃ, એકવારં પ્રદર્શ્ય પશ્ય ઈત્યર્થઃ.** તને સંદેહ હોય કે તારા સ્મિતમાં આ સામર્થ્ય છે કે નહીં તો એક વખત પ્રયોગ કરી લે તો એમાં બધા નિરાકરણ નિકળી આવશે કે તારા સ્મિતમાં આવું સામર્થ્ય છે કે નહીં.

**કિંચ અભિમાનો હિ મનોધર્મઃ તવ આનનં તુ ચારુ મનોહરમ્.** બીજી વાત આ છે કે અભિમાન કોનો ધર્મ છે? મનનો ધર્મ છે અને તારું મુખારવિંદ તો ચારુ છે. ચારુનો મતલબ મનોહર. જ્યારે મનનું જ હરણ કરી લેશે તો અભિમાન કેવી રીતે બચશે? તારા મુખારવિંદમાં આ સામર્થ્ય છે કે તું અત્યારે પ્રકટ થઈને બતાવી દે, તો અમારા બધાના મન હરાઈ જશે અને જ્યારે મન જ હરાઈ જશે તો એનો ધર્મ અભિમાન ક્યાંથી બચી શકશે?

ગાલિબ કહે છે **''કિસીકો દેકે દિલ કોઈ નવાસંજેફુગા ક્યોં હો? ન હો**

**જબ દિલ હી સીનેમેં તો મુંહમેં જુબાં ક્યોં હો?''** અરે આ ઘમંડની વાતો જે અમારા મોઢામાંથી નિકળી ગઈ એ આટલા માટે નિકળી ગઈ મહારાજ કે મન અહીં હતું. એક વખત પ્રકટ થઈને મન જ્યારે તું લઈ લઈશ તો ઘમંડ બધો નિકળી જશે. એ તો મનની સાથેજ નિકળી જશે. **''ન હો જબ દિલ હી સીનેમેં તો મુંહમેં જુબાં ક્યોં હો?''** જીભ તો ત્યારે આવે ને કે જ્યારે દિલ હોય? છાતીમાં દિલ હોય તો મોઢામાં જીભ આવી શકે ને? દિલ તું લઈ જા. પછી અમારા મોઢામાં ઘમંડની જુબાન રહી જ નહીં જાય. **''કિસીકો દેકે દિલ કોઈ નવાસંજેફુગા ક્યોં હો?''** જ્યારે દિલ લઈ ગયો કોઈ આપણું પછી શું કરશે કોઈ? આક્ષેપ ઘમંડ કે માન કરશે કેવીરીતે? જ્યારે દિલ જ ત્યાં ચાલ્યું ગયું. આ તો બધા દિલના ધર્મ છે. એક વખત જો આ મનને લઈ જાય તો આ વાતો ક્યાં રહી જશે?

તો એ કહે છે **કિંચ અભિમાનો હિ મનોધર્મઃ, તવ આનનં તુ ચારુ મનોહરમ્; નહિ ધર્મિણી હૃતે ધર્મઃ તિષ્ઠતિ.** ધર્મીને કોઈ ઉઠાવીને લઈ જાય તો ધર્મ કોઈ પોતાની રીતે તો ટક્યો નહીં રહી જાય? જ્યારે માટલાની બધી માટી હટાવી લો ત્યારે માટલાની આકૃતિ રહી જશે શું? જે માટીથી ઘડો બન્યો છે તેને તમે હટાવી લેશો ત્યારે ઘડાની આકૃતિ પછી તો નહીં રહી જાય. **સખ્યુઃ સખિભજનં યુક્તમેવ.** એટલા માટે જે અમે પ્રાર્થના કરી **''યે યથા માં પ્રપદ્યન્તે તાન્ તથૈવ ભજામિ અહમ્''** તદનુસાર તું પ્રકટ થઈ જા. અમારામાં જો કાંઈ ગડબડ છે, એ મદને એ ગર્વને બધા દોષોને ભૂલીને પ્રકટ થઈ જા.

શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે **''બલિષ્ઠા અપિ મદ્દોષાઃ ત્વત્ક્ષમાગ્રે અતિદુર્બલાઃ તસ્યાઃ ઈશ્વરધર્મત્વાત્ દોષાણાં જીવધર્મતઃ''** (વિજ્ઞપ્તિ.૧/૬૬). જો મારા દોષ બળવાન છે તો તારી ક્ષમાથી વધારે બળવાન થોડા છે? અંતમાં તું જો ક્ષમા કરશે એ તું ઈશ્વરસામર્થ્યથી કરશે અને મેં જે થોડા ઘણા દોષ કર્યા છે, એ જીવના સામર્થ્યથી દોષ કર્યા છે. તું પરમ વ્યાપક પરમાત્મા સર્વજ્ઞ પરમ શક્તિમાન, હું એક અશક્ત અજ્ઞ જીવ દોષ કરી-કરીને પણ કેટલા દોષ કરીશ! થોડીક મારા દોષોની તારી ક્ષમાથી તુલના તો કર. તો તને ખબર પડી જશે કે મારા દોષ કેટલા છે અને તારી ક્ષમા કેટલી છે!

એટલા માટે જો મારો મદ છે તો એ કેટલો હશે! થોડોઘણો મદ હશે પણ જીવ સ્વભાવના અનુરૂપ તો એ મદ તારા હાસના વિસ્તારમાં ક્યાં ટકી શકશે! એક તારું હાસ થયું તો બધો મદ એજ ક્ષણે ક્ષીણ થઈ જશે. આ આનનના દર્શનના પછી કોનો મદ ટક્યો છે! ન કોઈનો ટક્યો છે અને ન કોઈનો ટકી શકે છે.

***

## ।। શ્લોક : ૭ ।।

**ઉત્થાનિકા :**

**રાજસીતુ તતઃ ઉત્તમા તમેવ અર્થં પ્રકારાન્તરેણ પ્રાર્થયતે પ્રણતદેહિનામ્ ઇતિ :**

**વિવરણમ્ :**

આ રાજસી ગોપિકાએ પ્રભુના દ્વારા પોતાના ભજનની પ્રાર્થના કરી. મતલબ પ્રભુ મારું ભજન કરે. કેમ? **''યે યથા માં પ્રપદ્યન્તે તાન્ તથૈવ ભજામિ અહમ્''** (ભગ.ગીતા ૪/૧૧). જો આ પ્રતિજ્ઞા સત્ય છે. બે પ્રકારના સેવક હોય. આમતો નીતિમાં ત્રણ પ્રકારના સેવક બતાવવામાં આવેલા છે. પ્રથમ સેવકનો આ ગુણ બતાવવામાં આવ્યો છે કે જે વગર કહ્યે કામ કરે તે ઉત્તમ સેવક. કહેવાથી કરે એ મધ્યમ સેવક. કહેવાથી પણ ન કરે એ અધમ સેવક બતાવવામાં આવ્યો છે. તો ત્રણ પ્રકારના સેવક બતાવવામાં આવ્યા છે પરંતુ 'કિંકર' કોને કહેવામાં આવે? જેમાં આ તત્પરતા હોય કે શું કરું, શું કરું! હવે 'કિં' શબ્દ પ્રશ્નાર્થક પણ હોઈ શકે છે અને ઉત્કંઠાના અર્થમાં પણ હોઈ શકે. શબ્દ તો એકજ છે 'કિં' પરંતુ બોલનારો એને પ્રશ્નમાં પણ પૂછી શકે છે અને ઉત્કંઠાથી પણ પૂછી શકે છે. મતલબ માથાપર આવીને ઊભો રહી જાય, બતાવો શું કરું? એને કોઈને કોઈ કામ બતાવતા રહો નહીંતર...?

અમારે ત્યાં હરિચન્દ કરીને એક દુર્વાસાનો અવતાર હતો. એનાથી ત્રણ દિવસ જઘડ્યા વગર રહી ન શકાય. ચોથા દિવસે કોઈ ઝઘડવા માટે જોઈએ. હવે કોઈ બીજો ઝઘડવાવાળો ન મળે તો અમારાથી ઝઘડવા આવી જાય. અમારી સાથે કિશનગઢ આવી ગયો, ત્યારે દર વખતે કહેતો ''બતાવો શું કરું, શું કરું?'' હવે મારા એકલાનું એટલું કામ તો હતું નહીં, તો હું કહેતો કે ''ચાલ બુહારી કાઢ'' એ કરીને પાછો આવીને કહેતો ''બતાવો બીજું શું કરું?'' હવે માથાપર ચઢેલોજ રહેતો તો આખું ઘર સાફ કરાવ્યું. કોઈ રહેવાવાળું ન હતું, કોઈ આવવાવાળું ન હતું, કોઈ જવાવાળું ન હતું પરંતુ છતાં પણ. હવે એક 'કિં' ઉત્કંઠામાં પણ હોય કે શું કરું? શું કરું? મતલબ એક કામ કરવાથી એને સંતોષ ન થાય, એનું કામથી દિલ ભરાય નહીં. આવો જે બધા સુખને વિચારે તે ઉત્તમ સેવક છે. જે વગર કહ્યે જ ''કિં કર કિં'' શું શું કરું?

હવે કોઇ પૂછવા આવ્યો કે ''શું કરું?'' બતાવો તો કાંઇ કરે નહીં બેઠો રહે. એક એ પણ કિંકર હોય છે પરંતુ ઉત્તમતાના અર્થમાં દરેક વખતે એનો આ ભાવ બનેલો રહે કે બીજું શું કરું? શું કરું? તો આવો જે સ્વામીના સુખનો વિચાર કરે તે ''કિંકર'' કહેવામાં આવે માથાપર ચઢતો જ આવે. જે દિવસે હરિચંદ આવતો તો દાદાજીની દરેક ડાયરીમાં લખેલું હોતું કે ''આજે હરિચંદ આવી ગયો'', બે-ચાર ગાળો એકસાથે આપે. જ્યારે ઝઘડો કરીને પગાર લઇને ચાલ્યો જાય તો એ દિવસે લખે કે ''આજે ઝઘડો કરીને પગાર લઇને પાછો ગયો.'' એ જ્યારે પણ આવતો એને રાખી લેતા અને જ્યારે જતો તો બે-ચાર ગાળો દઇને પગાર આપીને મોકલી દેતા. આ ક્રમ નિયમિત ચાલતો. એને કોઇને કોઇ ઝઘડવા માટે જોઇએ જ. ખાલી બેસે અને એને દુર્વાસાનો આવેશ આવી જાય. નહીં તો કામ બતાવો.

એકાદ આવો કિંકર આવી જાય તો મુશ્કેલી થઇ જાય પરંતુ જે ઉત્કંઠાથી કિંકર હોય કે જેનામાં નિરંતર ઉત્કંઠા જળવાઇ રહે કે ''બીજું શું શું કામ કરું?'' તો કહે છે કે અમે તારી આ પ્રકારની કિંકરી છીએ. જે તને સુખ મળે એનાથી અધિક સુખ આપવા માગી રહી છીએ. આ તો પહેલા જ શ્લોકમાં બતાવી દીધું **''ત્વયિ ધૃતાસવઃ ત્વાં વિચિન્વતે''** અમારા સુખને માટે નહીં, તારા સુખનો વિચાર કરીને અમે પ્રાણ ધારણ કર્યા છે. જો તારા સુખનો વિચાર ન હોય તો પ્રાણ ધારણની પણ અપેક્ષા નથી. આ પ્રકારની ઉત્કંઠાથી અમે સેવામાં, તારા સુખના સંપાદનમાં, પ્રવૃત્ત થવા માગીએ. અહીં સુધી તો નિર્ગુણભક્તિનો ભાવ છે. એમાં તામસત્વ પાછું અહીંથી આવી રહ્યું છે કે અમે જ્યારે તારી કિંકરી છીએ, તો તું અમારો કિંકર કેમ નથી? અરે ભઇ! ઉત્કંઠાના અર્થમાં નહીં, કેમકે 'કિં'નો એક અર્થ આ પણ થાય છે ''કિમપિ કરોતિ ઈતિ કિંકર'' કાંઇક તો કર. આ પ્રકારના અર્થમાં કિંકર નહીં, પરંતુ ''કિમપિ કરોતિ'' કાંઇપણ જે કરે, અમારું કાંઇક તો કામ કર! બહુ થોડીક જ અપેક્ષા છે કે ''પ્રકટ થઇ જા'' બીજું કાંઇ નથી જોઇતું. આનાથી વધારે સેવા લેવાની અપેક્ષા અમને નથી. અમારી આટલી સેવા કર કે પ્રકટ થઇ જા. અમારી પ્રાર્થનાથી પ્રસન્ન થઇને પ્રકટ થતો હોય તો એમ પ્રસન્ન થઇ જા અને જો કિંકરભાવથી અમારી આજ્ઞા માનીને શિરોધાર્ય કરીને પ્રકટ થતો હોય તો એમ થઇ જા. જેવો

ભાવ હોય તેવો. અમે જે કિંકરી છીએ, તો તું પોતાનું કૈંકર્ય કેમ નથી નિભાવતો? આ ભાવ તામસીએ કહ્યો.

હવે રાજસી પણ આ જ ભાવ પોતાની મર્યાદામાં બતાવી રહી છે કે તું અમારું ભજન કર. તો એમાં હવે બીજો ભાવ નિવેદિત કરી રહી છે "પ્રણતદેહિનાં..."

**શ્લોક :**

**પ્રણતદેહિનાં પાપકર્ષણં તૃણચરાનુગં શ્રીનિકેતનમ્ ।।**
**ફણિફણાર્પિતં તે પદામ્બુજં કૃણુ કુચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્ ।।૭।।**

**સુબોધિની :**

**તે પદામ્બુજં નઃ કુચેષુ કૃણુ કૃણુષ્વ, છાન્દસો લોપઃ, સ્થાપય. તસ્ય પ્રયોજનં કૃન્ધિ હૃચ્છયમ્ ઈતિ. હૃદયે ચૌરવત્ સ્થિતં કામં કૃન્ધિ. કુચેષુ ઈતિ સમુદાયાભિપ્રાયેણ બહુવચનમ્, વિરહેણ ભિન્નાન્ વા મન્યન્તે. શિરસિ હસ્તદાનેન નિકટે સમાનયનમ્ ઉક્તમ્, તતો ભજનેન સમ્બન્ધઃ ઉક્તઃ. અનેન વિપરીતરસઃ ઉચ્યતે, બન્ધવિશેષો વા તિર્યગ્ભેદઃ, એકવચનાત્. તાવતા હિ હૃદયસ્થિતઃ કામો ગચ્છતિ. સ્ત્રીણાં સમૂહે લીલાશયને પરિતઃ સ્થિતાનાં તથા સમ્બન્ધો ભવતિ ઈતિ વા. નનુ કર્કશેષુ સ્તનેષુ કથં કોમલચરણસ્થાપનમ્ ઈતિ ચેત્, તત્ર આહુઃ ફણિફણાર્પિતમ્ ઈતિ. નહિ કાલિયફણાત્ કુરાઃ અસ્મત્સ્તનાઃ. તત્ર યથા ચરણસ્થાપનં કૃત્વા તદન્તર્ગતો દોષો દૂરીકૃતઃ એવમ્ અત્રાપિ કર્તવ્યઃ. 'અમ્બુજ'પદેન ચ પ્રત્યક્ષતઃ તાપહારકત્વમ્. નનુ તથાપિ સ્ત્રીણાં વક્ષસિ ચરણસ્થાપનમ્ અયુક્તમ્ ઈતિ ચેત્, તત્ર આહુઃ શ્રીનિકેતનમ્ ઈતિ, લક્ષ્મ્યાઃ સ્થાનં તત્. લક્ષ્મીઃ કિલ તત્ર સ્પર્શમ્ અર્હતિ અન્યાસુ કઃ સંદેહ ઈતિ. નનુ ભવત્યો મૂઢાઃ કથં ભવતીનાં હિતં કર્તવ્યમ્ ઈતિ ચેત્, તત્ર આહુઃ તૃણચરાનુગમ્ ઈતિ. તૃણચરા ગાવઃ, તેષામપિ અનુગં પશ્ચાદ્ ગચ્છતિ તદ્ધિતાર્થં, તે કિં ભગવતા પ્રેર્યમાણા ઈતિ તૃણં પરિત્યજ્ય અમૃતં ભક્ષયન્તિ! તેષામ્ તૃણમેવ અમૃતં તથા અસ્માકમપિ કામએવ અમૃતમ્. ન એતાવતા પરમકૃપાલોઃ કશ્ચન અર્થઃ ક્ષીયતે. નનુ ભવતીનાં જિતેન્દ્રિયત્વાદ્યભાવાત્ પાપમ્ અસ્તિ, તદપગમે પશ્ચાત્ પદં સ્થાપયિષ્યામિ ઈતિ ચેત્, તત્ર આહુઃ પ્રણતદેહિનાં પાપકર્ષણમ્ ઈતિ. વયં**

**પ્રકર્ષેણ નતાઃ, ન અસ્માભિઃ પ્રકારાન્તરેણ નિવર્તયિતું શક્યતે કિન્તુ તવ ચરણપ્રસાદાદેવ નમ્રાણાં પાપં ગચ્છતિ, તત્રાપિ દેહિનઃ. પ્રકર્ષેણ નતત્વેન ધર્મમાર્ગાદિપરિત્યાગઃ ઉક્તઃ. દેહાભિમાનસ્ય વિદ્યમાનત્વાદ્ ન જ્ઞાનમપિ. પ્રણતાનાં હિ નાપિ અધોગતિઃ. અતઃ તવ પદમેવ તેષાં પાપનાશકં, ચિન્તિતં દૃષ્ટં સ્પૃષ્ટમ્ આલિંગિતં વા||૭||**

**વિવરણમ્ :**

**"તે પદામ્બુજં નઃ કુચેષુ કૃણુ કૃણુષ્વ, છાન્દસો લોપઃ, સ્થાપય. તસ્ય પ્રયોજનં કૃન્ધિ હૃચ્છયમ્ ઇતિ, હૃદે ચૌરવત્ સ્થિતં કામં કૃન્ધિ"** શું કહે છે કે અમે એક આજ્ઞા આપી રહી છીએ. જેમ રક્ષકમાં એક પાલક રક્ષક પણ હોય છે અને એક કિંકર રક્ષક પણ હોય છે.તો હવે અમે તને આજ્ઞા આપી રહી છીએ કે અમારા ઘરમાં એક ચોર ઘુસી ગયો છે. એ ચોર અમારું સત્યાનાશ કરવા માગે છે. તેથી અમે તને આજ્ઞા આપી રહી છીએ કે તું એ ચોરને પકડીને ખતમ કરી દે. કિંકર રક્ષક પણ તો હોઈ શકે છે ને! જેમ સિપાહી હોય. રાજાનો અંગરક્ષક હોય. રાજાની સાથે જે હોય અંગરક્ષક, રાજાની સાથે ચાલે. એમ કહી રહી છે કે તું અમારા માટે આ સેવા કર.

**સમુદાયભિપ્રાયેણ બહુવચનમ્, વિરહેણ ભિન્નાન્ વા મન્યતે.** કહે કે અમારા વક્ષમાં એક હૃચ્છય છે, હૃદયનું શૂળ કામ ઘુસેલો છે, એને તું માર. **'કૃન્ધિ'** ખતમ કરી દે બહુવચન કેમ કહ્યું વક્ષને માટે? સમુદાયાભિપ્રાયથી. એક ઘરમાં ચોર ઘુસ્યો છે એવી વાત નથી. દરેક ઘરમાં આ એક ચોર ઘુસેલો છે. અથવા આચાર્યચરણ કહે છે **ભિન્નાન્ વા મન્યતે** વિરહના તીવ્ર તાપના કારણે એને એવો બોધ થઇ રહ્યો છે કે જો આણે રક્ષા ન કરી, તો વિરહના તાપના કારણે બળી બળીને તૂટી ન જઈએ. એટલા માટે **વિરહેણ ભિન્નાન્ વા મન્યન્તે.**

અહીં પુરુષોત્તમજી થોડોક અલગ અભિપ્રાય બતાવે છે. એ અભિપ્રાય થોડો ક્લિષ્ટ લાગે છે. **'ભિન્નાન્'**ના અર્થમાં પુરુષોત્તમજીનો ભાવ તો બહુ સુંદર છે પરંતુ **'ભિન્નાન્'**નું બહુવચનનું જે તાત્પર્ય છે, એમાં થોડીક ક્લિષ્ટતા આવે છે. તો કહે છે કે જે વખતે ભગવત્સંયોગાનુભૂતિ છે, તે વખતે તો એનામાટે શ્રીયત્વનું અભિમાન છે, ભગવદુપયોગ નથી. તો એટલા માટે શ્રીયત્વનું

અભિમાન પણ નથી. આ અર્થમાં ભાવ તો બહુ ઉત્કૃષ્ટ છે, આધિદૈવિક છે. બધા પ્રકારે પરંતુ વ્યાકરણની દૃષ્ટિથી વિચાર કરવાથી શ્રીમદાચાર્યચરણનું **'ભિન્નાન્'**નું જે તાત્પર્ય છે, તે આમ સરળ લાગે છે. કેમકે વિરહતાપથી તેઓ ભિન્ન થઈ રહ્યા છે, છિન્ન ભિન્ન થઈ રહ્યા છે આ અર્થમાં આચાર્યચરણ **'ભિન્નાન્'** કહી રહ્યા છે.

**શિરસિ હસ્તદાનેન નિકટે સમાનયનમ્ ઉક્તમ્, તતો ભજનેન સમ્બન્ધઃ ઉક્તઃ.** હવે શું છે કે એક એક ની પ્રાર્થના ઉત્તરોત્તર વધતી ચાલી જાય છે. જેમ એક એક વાત મનાવતા ચાલ્યા જાય અને માગણી વધતી ચાલી જાય, એમ કે જ્યારે ભાવ પ્રકટ થતા જઈ રહ્યા છે, તેમ તેમ માગણી ઉત્તરોત્તર વધતી ચાલી જઈ રહી છે. પ્રથમ ગોપિકાની કહેવાની આટલી હિંમત પડી કે અમારા મસ્તકપર હાથ ધર, અમને અભય આપ. તો બીજીએ એ વિચાર્યું કે જ્યારે આ વાત કહી શકાય છે, તો બીજીની હિંમત થોડીક વધી. એણે કહ્યું કે નહીં, નહીં! **''શિરસિ.. ઉક્તઃ''**. સમજો કે પ્રભુ આટલી વાત માનવા તૈયાર થઈ જાય કે માથાપર હાથધરીને ક્યાંય પધારતા હોય તો હાથધરીને પધારી જાય, તો એની થોડીક હિંમત ખુલી તો પ્રાર્થના કરી કે અમારું ભજન કેમ નથી કરતા? જ્યારે પાસે આવી શકો છો અમારી તો જેમ અમે તારું ભજન કરીએ છીએ, એમ તને અમારા આજ્ઞાવર્તી થવામાં શું આપત્તિ છે? આ જે બીજું આણે અધિક કહ્યું કે આજ્ઞાવર્તી થઈ રહ્યા છીએ, તો આ ગોપિકામાં આજ્ઞાવર્તી હોવાના કારણે તિર્યગ્ભાવ જાગી ગયો. (તિર્યગ્ભાવ જાગ્યો) તો એના કારણે ભગવાનનો ભોગ્યભાવ વિચારે છે અને કહે છે **અનેન વિપરીતરસઃ ઉચ્યતે બંધવિશેષો વા તિર્યગ્ભેદઃ, એકવચનાત્. તાવતા હિ હૃદયસ્થિતઃ કામો ગચ્છતિ. સ્ત્રીણાં સમૂહે લીલાશયને પરિતઃ સ્થિતાનાં તથાસમ્બન્ધો ભવતીતિ વા.** એટલા માટે જો તું તારા શીતલ ચરણકમળ અમારા વક્ષપર રાખે તો તારા ચરણકમળની ભક્તિરૂપતાના માહાત્મ્યના કારણે અમારો હૃદયસ્થિત કામ નષ્ટ થઈ જશે.

આગળ કહે છે **નનુ કર્કશેષુ સ્તનેષુ કથં કોમલચરણસ્થાપનમ્ ઈતિ ચેત્, તત્ર આહુઃ ફણિફણાર્પિતમ્ ઈતિ. નહિ કાલિયફણાત્ ક્રુરા અસ્મત્સ્તનાઃ; તત્ર યથા ચરણસ્થાપનં કૃત્વા તદન્તર્ગતો દોષો દૂરીકૃતઃ એવમ્ અત્રાપિ કર્તવ્યઃ.** કહે

છે કે જ્યારે તેં કાલીયના ફણોપર ચરણ રાખી દીધા અને ત્યાં તને દોષભાવ ન જાગ્યો, દોષબુદ્ધિ ન જાગી તો અમારા વક્ષપર ચરણ રાખવામાં તને કેમ દોષભાવ જાગે છે? કાલિયના ફણોથી વધારે કર્કષતા નથી, એનાથી વધારે કુદશ્યતા નથી, છતાં જ્યારે કાલિયનું તું દમન કરી શકે છે તો અમારા વક્ષપર ચરણ કેમ ન ધરી શકે!

**અમ્બુજપદેન ચ પ્રત્યક્ષતઃ તાપહારકત્વમ્.** હવે ચરણામ્બુજ કહ્યું તો તે અમ્બુજથી પ્રત્યક્ષતઃ તાપહારકતા બતાવી. **નનુ તથાપિ સ્ત્રીણાં વક્ષસિ ચરણસ્થાપનમ્ અયુક્તમ્ ઈતિ ચેત્, તત્ર આહુઃ શ્રીનિકેતનમ્ ઈતિ.** જો કે સ્પષ્ટ નથી પરંતુ અહીં લક્ષ્મીનો પ્રાદુર્ભાવ છે. અક્ષરબ્રહ્મના આનંદમાંથી લક્ષ્મીનું પ્રાકટ્ય છે અને અક્ષરબ્રહ્મ ચરણારવિંદપર્યવસાયી છે. એટલા માટેજ લક્ષ્મી ચરણસેવામાં અનુરક્ત છે. કેમકે **"યો યદંશઃ સ તં ભજેત્".** ભગવચ્ચરણારવિંદ અક્ષરબ્રહ્મનું રૂપ છે. ભગવચ્ચરણારવિંદ અક્ષરબ્રહ્મરૂપ નથી. અક્ષર ભગવચ્ચરણારવિંદ રૂપ છે.

આમાં થોડુંક અંતર સમજી લેવું જરૂરી છે. જેમ **"નર્મદા સાગરો અભવત્"** જેમ નર્મદા સાગરમાં મળી જાય, તો મળ્યા પછી તે સાગર કહેવાય કે સાગર નર્મદા કહેવાય?. સાગરમાં નર્મદાનું પાણી છે તો ખરું ને! એમ અક્ષરબ્રહ્મ ભગવચ્ચરણારવિંદ પર્યવસાયી છે. તાવતા અક્ષરબ્રહ્મ તો ચરણરૂપ છે પરંતુ ચરણારવિંદ અક્ષરરૂપ નથી. એટલા માટે આપણે ત્યાં ચરણારવિંદમાં તુલસી સમર્પે તો અક્ષરબ્રહ્મમાં તુલસી સમર્પ્યા એવો ભાવ નથી હોતો. એ ચરણારવિંદમાં તુલસી નથી સમર્પ્યા, પુરુષોત્તમના જ ચરણારવિંદમાં તુલસી સમર્પી છે, અક્ષરબ્રહ્મના ચરણારવિંદમાં નથી સમર્પી. લક્ષ્મી ચરણની સેવામાં રત રહે છે, સેવનમાં રત રહે છે એનું મુખ્ય તાત્પર્ય આ છે કે ચરણમાં જે અક્ષરબ્રહ્મ છે ત્યાંથી તેનો પ્રાદુર્ભાવ છે. ત્યાંથી પ્રાદુર્ભાવ હોવાના કારણે ચરણસેવામાં જ અનુરક્ત રહે છે.

**શ્રીનિકેતનમ્ ઈતિ, લક્ષ્મ્યાઃ સ્થાનં તત્.** ચરણારવિંદ લક્ષ્મીના સ્થાન છે. લક્ષ્મીના સ્થાન છે બધા અર્થમાં. અક્ષરાંશના રૂપમાં, લક્ષ્મી ભગવચ્ચરણોના સેવનપર છે આ અર્થમાં, અને એનો ચરણારવિંદમાં અનુરાગ છે આ અર્થમાં પણ.

**લક્ષ્મીઃ કિલ તત્ર સ્પર્શમ્ અર્હતિ અન્યાસુ કઃ સંદેહઃ ઈતિ.** જ્યારે લક્ષ્મી સ્પર્શ કરી શકે છે, તો તારા ચરણારવિંદનો સ્પર્શ બીજાને કેમ ન મળી શકે? **નનુ ભવત્યો મૂઢાઃ, કથં ભવતીનાં હિતં કર્તવ્યમ્ ઈતિ ચેત્.** તો કહે છે કે અરે! તમે બહુ મૂઢ છો. લક્ષ્મીની સાથે તમારી સરખામણી કરી રહી છો. ક્યાં લક્ષ્મી અને ક્યાં તમે! હવે આ રાજસી છે ને! સ્મેશ્ રિટર્ન કરે છે આખો, કહી રહી છે **તૃણચરાનુગમ્ ઈતિ.** જે તારા ચરણ **શ્રીનિકેતન** છે એની વ્રજમાં શું ગતિ છે? તૃણને ખાનારા પશૂઓની પાછળ ભટકતા ફરે. એવા ચરણ છે. એનાથી અમે શું ખરાબ છીએ? રાજસી છે તો ક્યારેક ઉત્તમતા ખ્યાલમાં આવે અને ક્યારેક કાંઈ ખ્યાલમાં આવે. કેમકે રાજસતામાં મન ચલાયમાન થઈ જાય. ચલાયમાન થઈ જાય તો ક્યારેક ગુણ ખ્યાલમાં આવે તો ક્યારેક અવગુણ ખ્યાલમાં આવે. પહેલા તો લાગ્યું કે આ ચરણ **શ્રીનિકેતન** છે પરંતુ પછી મન ફર્યું તો એમ લાગ્યું કે **તૃણચરાનુગમ્.** આ ચરણોથી પશૂઓની પાછળ ભટકતો ફરે તો અમને સ્પર્શ કરાવવામાં તને શું જોર પડે!

**તૃણચરાઃ ગાવઃ, તેષામપિ અનુગં પશ્ચાત્ ગચ્છતિ તદ્ધિતાર્થં, તાઃ કિં ભગવતા પ્રેર્યમાણા ઈતિ તૃણં પરિતજ્ય અમૃતં ભક્ષયન્તિ?** એ તૃણ(ઘાસ) છોડીને શું અમૃત પીવે છે? જ્યારે એમના પાછળ તારું ચરણ જઈ શકે છે તો અમારું અનુસરણ કેમ ન કરે? હકીકતમાં તો જેમ તું તૃણ ચરનારી ગાયોની પાછળ પાછળ ડોલે છે એવીજ રીતે જ્યારે અમે છૂપાઈ જઈએ તો તારે અમારી પાછળ ડોલવું જોઈએ. એ તો ડોલતો નથી અને પાછી વાત કરે શ્રીનિકેતનતાની. આ કેવો લોચો છે!

**તેષાં તૃણમેવ અમૃતં, તથા અસ્માકમપિ કામએવ અમૃતમ્. ન એતાવતા પરમકૃપાલોઃ કશ્ચન અર્થઃ ક્ષીયતે.** અથવા કહે છે કે ગાયો તૃણચર કેમ છે? કેમકે પ્રભુ પોતાના ચરણારવિંદમાં કોઈ જાતની પાદુકા ધારણ નથી કરતા. એ તૃણોનો ચરણારવિંદથી સ્પર્શ કરીને પ્રભુ અમૃતરૂપ બનાવી દે છે. એટલા માટે એ ગાયો તૃણને ખાય છે. કેમકે એ તૃણોની સાથે પ્રભુના ચરણનો સ્પર્શ છે. તો આવું તૃણ ખાવું તો કોને મળે? બધી ગાયોને તો આવું તૃણ મળે નહીં. એ ભાવથી હવે આ યોનિમાં ગાય છે, એ યોનિમાં એમને આ પ્રકારનું તૃણનું મળવું પણ દેવદુર્લભ વસ્તુ છે. તો જેમ એમને ત્યાં તૃણોમાં અમૃત નિહિત છે.

તારા ચરણારવિંદની મહિમાના કારણે, એ તારા જ ચરણારવિંદમાં અમારું પણ અમૃત નિહિત છે. જેમ એમને તારા ચરણારવિંદના સ્પર્શથી તૃણમાં અમૃત નિહિત છે, એવીજ રીતે તારા ચરણારવિંદના સ્પર્શથી અમૃત તદ્‌વિષયક અમારા કામમાં નિહિત છે.

**ન એતાવતા પરમકૃપાલોઃ કશ્ચન અર્થઃ ક્ષીયતે.** અને તું પરમ કૃપાળુ છે. જેમ ગાયોના અમૃતનો ગાયોને લાભ મળે, એટલા માટે એનું અનુચરણ કરી કરીને એમની પાછળ ચાલી ચાલીને પણ એમને તૃણનો લાભ કરાવે છે, તે પ્રમાણે અમારું પણ અનુસરણ કરીને જ્યાં અમારો અમૃતલાભ નિહિત છે, તે અમને કેમ નથી કરાવતો?

કહે છે કે ભઈ અંતર છે આ **નનુ ભવતીનાં જિતેન્દ્રિયત્વાદ્યભાવાત્ પાપમ્ અસ્તિ, તદપગમે પશ્ચાત્ પદં સ્થાપયિષ્યામિ ઈતિ ચેત્.** પશુ તો પશુ છે નિરીહ(નિર્દોષ) છે અને લક્ષ્મી નિર્ગુણસ્વરૂપ છે. ત્યાં તો પાપની કોઈ સંભાવના જ નથી પરંતુ તમેતો જિતેન્દ્રિય નથી. જેથી પાપની સંભાવના છે. એ સ્થિતિમાં ભક્તિસ્વરૂપ ચરણારવિંદનું સ્થાપન પાપાત્મક અંગોપર કેવીરીતે થઈ શકે છે!

કહે છે **પ્રણતદેહિનાં પાપકર્ષણમ્ ઈતિ. વયં પ્રકર્ષેણ નતાઃ, ન અસ્માભિઃ પ્રકારાન્તરેણ નિવર્તયિતું શક્યતે કિન્તુ તવ ચરણપ્રસાદાદેવ નમ્રાણાં પાપં ગચ્છતિ, તત્રાપિ દેહિનઃ. પ્રકર્ષેણ નતત્વેન ધર્મમાર્ગાદિપરિત્યાગ ઉક્તઃ. દેહાભિમાનસ્ય વિદ્યમાનત્વાદ્ ન જ્ઞાનમપિ. પ્રણતાનાંહિ નાપિ અધોગતિઃ. અતઃ તવ પદમેવ તેષાં પાપનાશકં, ચિન્તિતં દષ્ટં સ્પૃષ્ટમ્ આલિંગિતં વા.** કહે છે કે જો પોતાના ચરણસ્થાપનને માટે તું નિષ્પાપતાની કામના કરે તો પછી તારા ચરણસ્થાપનનું પ્રયોજન જ વ્યર્થ થઈ જાય. જેમ ડોક્ટર એમ કહે કે ‘‘સ્વસ્થ થઈ જાઓ તો હું દવા આપું.’’ તો દવાનું પ્રયોજન શું! જો સ્વસ્થ થયા પછી ડોક્ટર દવા આપવાની શરત કરે તો કોણ ડોક્ટરની પાસે જશે! કોણ દવા લેશે! સ્વસ્થ થયા પછી કોને દવા જોઈએ! દવા જોઈએ જ એટલા માટે છે કે કોઈ બીમારી છે. તારા ચરણારવિંદનું માહાત્મ્ય આ છે કે **પ્રણતદેહિનાં પાપકર્ષણમ્.** જે પણ પ્રણતદેહી છે, એમના પાપનું કર્ષણ કરે. આચાર્યચરણ બહુજ સુંદર સમજાવે છે **પ્રણતદેહિનાં પાપકર્ષણમ્.** જે અપ્રણત છે અને દેહી છે, એમનું

પાપકર્ષણ ચરણારવિંદ નહીં કરે. જે પ્રણત છે અને દેહી નથી, એમનું પણ શું પાપકર્ષણ કરશે! કેમકે પાપ તો દેહમાં હોય છે. તારા ચરણારવિંદના સ્થાપનનું ખરેખર જો ક્યાંય માહાત્મ્ય છે તો તે પ્રણત તથા દેહી જે હોય એમનામાં જ છે. દેહી મતલબ દેહાભિમાન જેને હોય, ત્યારે તો પાપની સંભાવના છે. જ્યાં અતિજ્ઞાનના કારણે દેહાભિમાન જ નથી, **"જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્ કુરુતે** (ભગ.ગીતા ૪/૩૭). જેમણે જ્ઞાનાગ્નિથી પોતાના બધા કર્મોને ભસ્મસાત્ કરી દીધા છે. જેમનું દેહાભિમાન છૂટી ગયું છે, ત્યાં તારા ચરણારવિંદની શું સ્થાપના છે!

**"ચરણં પવિત્રં વિતતં પુરાણં યેન પૂતસ્ તરતિ દુષ્કૃતાનિ. તેન પવિત્રેણ શુદ્ધેન પૂતા અતિ પાપ્માનમ્ અરાતિં તરેમ"** (મહાનારા.ઉપ.૧/૧૧). જે અતિપાપ્મા છે એમને પણ પવિત્ર કરી શકે છે. આ પ્રસંગમાં અતિપાપ્મા શું છે? જે કાંઈપણ અમારા વક્ષમાં રહેલા આવેગ છે, મદના કામના એ બધા આવેગોનું તું તારી ચરણૌષધિથી ઉપશમન ન કરે, તો એ કેવીરીતે ઉપશાંત થઈ શકશે! કેમકે અમે તો પ્રણત છીએ, અન્યાશ્રય તો અમે કરતા નથી. અન્યાશ્રય કરીએ તો તો કોઈ બીજા ઉપાયથી અમારો રોગ નિવૃત્ત થઈ શકે. પ્રણત હોવાના કારણે અમારી તો અનન્યાશ્રયની વૃત્તિ છે. કોઈ બીજો ઉપાય તો અમે કરીએ નહીં. તારા ચરણના પ્રસાદથી જે પણ નમ્ર છે, વિનીત છે, એમના પાપ તો નષ્ટ થાયજ છે. જે દેહી છે એના પાપ તો નષ્ટ થાયજ છે. અમે પ્રણત છીએ તાવતા **"સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ. અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ"** (ભગ.ગીતા ૧૮/૬૬). આ જે તારી પ્રતિજ્ઞા છે એ પ્રતિજ્ઞાના અનુસાર ધર્માદિમાર્ગોથી જો અમારા પાપોનું ક્ષાલન થનારું હોય તો તો પ્રોસેસ્ લેટ્ થઈ જશે. પ્રણત છીએ, તારા ચરણથી પાપનું ક્ષાલન ન થયું અને ધર્મથી ક્ષાલન થયું, ત્યારે તો ચરણારવિંદનું માહાત્મ્ય જ ગૌણ થઈ જશે. કર્મમાર્ગથી અમારા પાપ ક્ષાલન થશે નહીં અને દેહાભિમાન તો છે જ અમારું અને જ્ઞાન તો અમને છે નહીં કે જે જ્ઞાનના કારણે અમારા પાપ ક્ષીણ થઈ જાય. તો કહે છે કે ન તમારામાં કર્મ છે, ન તમારામાં જ્ઞાન છે, તો ચાલો તમારી અધોગતિ થશે. તો કહે છે કે તું તારા ચરણનું માહાત્મ્ય વિચાર. તારા ચરણમાં પ્રણતોની જ્ઞાન કર્મ હોવાના કારણે અધોગતિ થતી હોય તો કરી

દે. જે તારા ચરણમાં પ્રણત છે, એમને જો આ વાતથી અનધિકારી કરી શકાતા હોય કે તમારામાં જ્ઞાન કર્મ નથી તો તું અમને અનધિકારી કર. અમારી અધોગતિ કરી દે. અમારી આ વાતપર કે અમે જ્ઞાન નથી મેળવ્યું, અમે કર્મ મેળવ્યું નથી. ઠીક છે ભઈ! અમે પ્રણત તો છીએ હવે કરવી હોય અધોગતિ તો કરી દે અધોગતિ. હવે આમાં અમારું ખરાબ લાગશે કે તારા ચરણારવિંદનું ખરાબ લાગશે! આ તો જોઈ લે. હવે આ કાંઈ અમારો વિષય થોડો રહી ગયો. એટલા માટે જે પ્રણત અને દેહી છે, જે અપ્રણત દેહી છે, એમના કદાચ જ્ઞાનમાર્ગથી પાપનાશ થતા હોય તો થાય, કર્મમાર્ગથી એમના પાપોનો નાશ થતો હોય તો થાય, જે પ્રણત અદેહી છે એનામાં તો પાપનો કોઈ પ્રશ્ન જ નથી થતો. અથવા અપ્રણત અદેહી છે, એમની તું જાણે અને એ જાણે પરંતુ અમેતો પ્રણત દેહી છીએ. પ્રણતદેહીઓને તો તારા ચરણારવિંદના સિવાય પાપનાશની કોઈ ઔષધિ છે જ નહીં. જો તું આ શરત રાખી દે કે પાપ નાશ થાય તો ચરણારવિંદનું દાન મળે, ત્યારે તો બહુ ઉલટી શરત આવી ગઈ. મતલબ જે ચરણારવિંદના દાનથી જ પાપ નાશ થનારા છે, મતલબ ડોક્ટર એમ કહે કે ''સ્વસ્થ થઈ જાઓ તો દવા મળે'', સ્વીચ દબાવવાથી જ તો અંધારું દૂર થશે! પરંતુ હવે કોઈ કહે કે ''અંધારું દૂર કરો તો સ્વીચ દબાવાય'', તો સ્વીચ કેવીરીતે દબાવાશે? એટલા માટે જો અમારામાં કોઈ જાતના પાપ છે, જો અમે અજિતેન્દ્રિય છીએ, જો આનો વિચાર કરીને તારા ભક્તિરૂપી ચરણારવિંદને અમારા પર સ્થાપિત નથી કરવા માગતો, તો તો તારે આ વાતનો વિચાર કરવો પડશે કે છેવટે તારા ચરણારવિંદનું માહાત્મ્ય ક્યાં નિરૂપિત થઈ શકશે! જો પ્રણતદેહીમાં તારા ચરણારવિંદનું માહાત્મ્ય નિરૂપિત ન થયું! તારા ચરણારવિંદ જ ચિંતિત થઈને ચાહે દૃષ્ટ થઈને ચાહે સ્પૃષ્ટ થઈને ચાહે આલિંગિત થઈને એ પાપનાશક થાય છે. તો કહે કે ચાલો ચિંતન કરી લો. **દૃષ્ટં સ્પૃષ્ટમ્ આલિંગિતં** સુધીની શું જરૂરત છે? જો પાપ ફક્ત હૃદયવર્તી હોત ત્યારે તો વાત ઠીક છે પરંતુ પાપ દેહવર્તી પણ છે અને હૃદયવર્તીપણ છે. એટલાજ માટે કહે છે **''ફણિફણાર્પિતં તે પદામ્બુજં કૃણુ કુચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્''** મતલબ હૃચ્છય પણ દૂર કરવું છે અને દેહના જે ક્ષય છે, એને પણ દૂર કરવા છે. એટલા માટે **અતઃ તવ પદમેવ તેષાં પાપનાશકં ચિન્તિતં દૃષ્ટં સ્પૃષ્ટમ્ આલિંગિતં વા''.**

શ્રીગુસાંઇજીની આ જ ભાવની વિજ્ઞપ્તિ છે **"એકે કર્મપ્રવૃત્તાઃ સતતમ્ ઈહ પરે ભક્તિપૂર્ણાર્દ્રચિત્તાઃ. કેચિત્ જ્ઞાનૈકવિત્તાઃ પ્રભુચરણનમ-સ્યાર્તવૃત્તૌઘવિત્તાઃ. તત્તન્નિષ્ઠાવિહીનં જગદુદધિપયસંસૃતૌ દીનમીનં મા કશ્ચિત્ કૃષ્ણહેતુઃ કૃપયિતુમિહ તે વલ્લભીયા મમેતિ"** (પ્રભુ.વિજ્ઞ. ૫/૨). હશે કોઈ ધર્મપ્રવૃત્ત કે ભક્તિપૂર્ણાર્દ્રચિત્ત નિર્ગુણ જેવા **"ન ખલુ ગોપિકાનન્દનો ભવાન્"** કહેવાવાળી ગોપી જેવા, સાત્ત્વિક ચિત્ત જેવા, ઘણાની પાસે જ્ઞાનનું વિત્ત હશે, અરે કેટલાક એવા પણ હશે કે જે ચરણારવિંદને માથાપર ધરવાની, શ્રીહસ્તને મસ્તકપર ધરવાની પ્રાર્થના કરી રહ્યા છે **"પ્રભુચરણનમસ્ય આર્તવૃત્તૌઘવિત્તાઃ"** પરંતુ એમનામાંથી કોઈમાં પણ નિષ્ઠા બરાબર નથી થઈ શકી અને આ જગતરૂપી સમુદ્રના જલમાં તરવાવાળી હું એક દીન માછલી છું. તું મને પોતાનો વલ્લભીય માનીને અથવા પ્રિય માનીને, જો તું તારા ચરણારવિંદના બળથી મારો ઉદ્ધાર કરે, જો તું તારા ચરણારવિંદના પ્રાકટ્યથી મારો હાથ પકડે, તો બીજો કોણ છે જે હાથ પકડી શકે! એટલા માટે કહે છે **અતઃ તવ પદમેવ તેષાં પાપનાશકં ચિન્તિતં દૃષ્ટં સ્પૃષ્ટમ્ આલિંગિતં વા.**

***

## ॥ શ્લોક : ૮ ॥

**ઉત્થાનિકા :**

**ઈમમેવ અર્થં તતોઽપિ ઉત્તમા પ્રકારાન્તરેણ પ્રાર્થયતે મધુરયા ગિરેતિ.**

**શ્લોક :**

**મધુરયા ગિરા વલ્ગુવાક્યયા બુધમનોજ્ઞયા પુષ્કરેક્ષણ! ॥**
**વિધિકરીરિમા વીર! મુહ્યતીરધરસીધુનાપ્યાયયસ્વ નઃ ॥૮॥**

**સુબોધિની કારિકા :**

**હસ્તેન ચ સ્વરૂપેણ પદા ચ ઉપકૃતિર્ મતા ॥**
**મુખેન ચ ઉપકારો હિ કર્તવ્ય ઈતિ તા જગુઃ ॥૧૨॥**

**પૂર્વોક્તમપિ સર્વં હિ યાવત્ સ્પષ્ટં ન ભાષતે ॥**
**તાવત્ સરસતાં યાતિ ન કદાચિત્ ઈતિ સ્થિતિઃ ॥૧૩॥**

**વિવરણમ્ :**

આને થયું કે જેટલી ગોપીજનો છે તે બધી ગોટાળો કરી રહી છે. કેમકે **હસ્તેન ચ સ્વરૂપેણ પદા ચ ઉપકૃતિઃ મતા. મુખેન ચ ઉપકારો હિ કર્તવ્ય ઈતિ તા જગુઃ.** કોઈએ ભગવાનના હસ્તની ઉપકૃતિ માગી. કોઈએ પ્રભુના સ્વરૂપનો ઉપકાર માગ્યો. કોઈએ ચરણારવિંદથી પોતાનો ઉપકાર માગ્યો. આ ભગવાનના મુખારવિંદથી પોતાનો ઉપકાર માગી રહી છે. કેમકે પ્રાકટ્યનો મતલબ મુખારવિંદનું દર્શન. એટલા માટે જ્યાંસુધી સીધી વાત ન કહેવામાં આવે, ત્યાંસુધી આને લાગી રહ્યું છે કે વાત બરાબર થઈ નહીં શકે. આ જે બધી વાતો પહેલા કહી ગઈ છે તે માન્ય તો છે પરંતુ એને છેલ્લા નિષ્કર્ષ સુધી કહેવી જોઈએ. આ નિષ્કર્ષ સુધી કહેવામાટે એ કહી રહી છે **યાવત્ સ્પષ્ટં ન ભાષતે તાવત્ સરસતાં યાતિ ન કદાચિદ્ ઈતિ સ્થિતિઃ.** ત્યાંસુધી વાતનો રસ સ્પષ્ટ નથી થતો.

આથી પહેલાની ત્રિવિધ ગોપિકાઓએ પ્રભુના પ્રાકટ્યની પ્રાર્થનામાં ત્રિવિધ ઉપકારોનું વર્ણન કર્યું. આચાર્યચરણ કહે છે કે **“વિરચિતાભયં વૃષ્ણિધુર્ય....નઃ શ્રીકરગ્રહમ્”**, આ પ્રાર્થનામાં પ્રભુના શ્રીહસ્તના દ્વારા પોતાના ઉપકારની પ્રાર્થના કરી કે તારો શ્રીહસ્ત અમારા મસ્તકપર ધર. એ શ્રીહસ્તને

મસ્તકપર ધરવાના જે કાંઇ લાભ, એ શ્રીહસ્તને મસ્તકપર ધરવાનો જે રોમાંચ, પૂર્ણ અનુભૂતિઓ, એ બધાનું વર્ણન આપણે જોયું. બીજો ઉપકાર પ્રભુના મુખારવિંદના દર્શનના દ્વારા પ્રાર્થના કરી **"જલરુહાનનં ચારુ દર્શય"**. સ્વરૂપના દ્વારા 'સ્વ' 'રૂપ' પ્રકટ કરો. ત્રીજી ગોપીએ ચરણારવિંદને અમારામાં સ્થાપિત કરો **"પાદામ્બુજં કૃણુ કુચેષુ નઃ"** આ પ્રકારથી પ્રાર્થના કરી. હવે આ આઠમી કારિકામાં સાત્ત્વિકસાત્ત્વિકી ગોપિકા પ્રભુના મુખારવિંદથી પોતાના ઉપકારની પ્રાર્થના કરી રહી છે **મધુરયા ગિરા... અધરસીધુના આપ્યાયયસ્વ નઃ.**

કહે છે **પૂર્વોક્તમપિ સર્વંહિ યાવત્ સ્પષ્ટં ન ભાષતે તાવત્ સરસતાં યાતિ ન કદાચિદ્ ઈતિ સ્થિતિઃ** એ ગોપિકાએ, હે પ્રભુ! મારા મસ્તકપર તમારા શ્રીહસ્ત ધરો આ પ્રકારની પ્રાર્થના કરી પરંતુ કેવળ મસ્તકપર શ્રીહસ્તના ધારણ કરવાથી જે પણ કાંઇ ફલરૂપ મનોરથસિદ્ધ થઇ રહ્યા હતા, એ વાતો બીજી હતી પરંતુ વાત કેવળ ત્યાં સુધી સીમિત ન હતી. આ ગોપિકાએ આ પ્રાર્થના કરી કે હે પ્રભુ! તમે પ્રકટ થઇ જાઓ, તો પ્રાકટ્ય અપેક્ષિત છે જ પરંતુ કેવળ પ્રકટ થવામાં જ એ મનોરથ સીમિત નથી. મનોરથનું પૈડું એનાથી વધારે આગળ દોડવા માગી રહ્યું છે. એ મનોરથ એનાથી પણ આગળ દોડવા માગી રહ્યો છે.

મનોરથ રોકાઇ જાય તો મનોરથ નથી. ચાલતો રહે તો મનોરથ છે. રોકાઇ ગયો તો પછી તો એના પૈડાઓમાં પણ જંગ ચઢી જશે. મનોરથ ત્યારે કહેવામાં આવે કે જ્યારે એ નિરંતર ચાલતો રહે અને આટલાજ માટે રાસપંચાધ્યાયીના પ્રકરણનું જ્યાં સમાપન કર્યું છે, બલકે યુગલગીતનું જ્યાં સમાપન કર્યું છે, ત્યાં આચાર્યચરણે ભાગવતાર્થમાં આને સ્પષ્ટ સમજાવ્યું **"પુરુષાણાં તથા સ્ત્રીણાં રાત્રૌ ચ દિવસે તથા જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્પરિવર્તતે.** મતલબ આ રાસના અનુભવ પછી કોઇ પણ ગોપિકાઓને પ્રપંચસ્મૃતિ નથી થઇ દુનિયામાં જઇને રાસલીલા કરી લીધી, જેમ આપણે ડાંડીયા નાચી લઇએ અને પછી જઇને ઘરના કામકાજમાં લાગી જઇએ, આવા નવ દિવસનો આ ડાંડીયારાસ ન હતો, એ તામસફલપ્રકરણ હતું અને આ પ્રકરણમાં જે ફલાનુભૂતિ એમને થઇ, એ ફલાનુભૂતિના પછી પ્રપંચ ક્યારેય આમના મનપર હાવી નથી થઇ શક્યો.

કાલે સાંજે જેમ આપણે જોયું કે ગોપિકાઓ ભક્તિમતી છે અને

એમની ભક્તિ ક્યારેય પ્રપંચની આસક્તિમાં પરિણત ન થઇ શકે. આ એ ભક્ત છે કે જેમણે બીહડ વનમાં ચાલીને પગદંડી બનાવી છે. જંગલમાં જો લોકો ચાલે તો એની પગદંડી બને. એક વખત પગદંડી બની જાય, જાનવર ચાલે તો પગદંડી ન બને, મનુષ્ય ચાલે તો પગદંડી બને, એવો નિયમ છે. આ ગોપિકાઓએ પુષ્ટિના વનમાં, જે મોટું ભયંકર વન હતું, કામ ક્રોધ મોહ મદ માત્સર્ય બધી જાતના વૃક્ષ આમાં ઉગી રહ્યા છે, આમાં કાંઇક કાંટાઓ પણ છે, ક્યાંક કાંકરા પણ છે, ક્યાંક ખાઈ પણ છે, ક્યાંક નદી પણ છે, ક્યાંક અનુલ્લંઘ્ય પર્વત પણ છે. એ બધા આ પ્રકારના પુષ્ટિના વનમાં ચાલતા ચાલતા, આમણે એક પગદંડી બનાવી છે. જે પગદંડી આમણે બનાવી, એની રેખાઓનું અનુસરણ બીજા ભક્ત કરી શકે છે. આ પુષ્ટિના વનમાં પહેલા ચાલનારી તો આ છે અને આમણે ચાલીને પહેલી વખત આ ભાવોને આ ગરિમા પ્રદાન કરી. આ જે બીહડ વન છે, આની પગદંડીપર ચાલીને પાર કરી લેશું તો પાર પહોંચી જશું વાંદરાની જેમ. શ્લોકોનું આ પ્રકરણ પૂરું થઇ જશે. આપણે વાનરભટ્ટો છીએ, આપણે બધા મોટા મોટા વાનરભટ છીએ નર-વાનર, પરંતુ આની જે ગંભીરતા છે, જેના માટે આ રોઈ રહી છે, જેનામાટે આ મોહિત થઇ રહી છે, જે તડપ આમની છે, એ તો શબ્દોમાં આપણે સાંભળીએ છીએ, જો શબ્દ આપણને છૂવે તો છૂવે, ન છૂવે તો ન પણ છૂવે, બમ્પર ચાલ્યા જાય. ક્રિકેટમાં બોલ માથાની ઉપરથી બમ્પર ચાલ્યો જાય ને!. એમ બમ્પર જાય. આ મન્થાચલ છે, એમણે આ સમુદ્રમાં ડૂબકી લગાવી છે. જે ગાઈ રહી છે આપણે જે સાંભળી રહ્યા છીએ, આપણે તો શબ્દ બોલી રહ્યા છીએ, આપણે તો કેવળ વાનરભટ જ છીએ. પણ એમાં કોઈ હીનભાવના લાવવી નહીં. આ ડૂબવું પણ તો કોને મળે છે! જેમ કોઈ નદી હોય અને એના ઉપર પુલ હોય અને આપણને તરવાનું નથી જાણતા તો એ પુલપરથી નદીને પાર કરવાનો આનંદ છે જ. બસ આનામાટે જ બધો પ્રયત્ન છે. ડૂબી શકીએ કે ન ડૂબી શકીએ આ તો એના પ્રવાહપર નિર્ભર કરે. પરંતુ ઓછામાં ઓછું આપણા આચાર્યચરણોંએ ગોપીગીતના સાગરપર જે પુલ બનાવ્યો છે પોતાની સુબોધિનીજીનો તે એક તફરી તો કરી લઈએ બીજું કાંઇ નહીં તો! આ સુબોધિનીના પુલની નીચે એક એવો નીચે ગેહરાઈનો સાગર લહેરાઈ રહ્યો છે અને એ ન્યાયથી આપણે અહીં થોડીઘણી તફરી કરી શકીએ છીએ. એનાથી

મોટો અધિકાર આમાં તરવાનો કે આમાં ડૂબકીમારવાનો અધિકાર તો બહુ કઠિન વાત છે.

**સુબોધિની :**

**હે સ્વામિન્, મધુરયા ગિરા મુહ્યતીઃ ઈમા ગોપીઃ આપ્યાયયસ્વ. મોહો હિ મરણપૂર્વાવસ્થારૂપઃ. તાસામ્ આપ્યાયને હેતુઃ વિધિરીઃ ઈતિ, આજ્ઞાકારિણીઃ સેવાકારિણીઃ વા. અસામર્થ્યં તુ તવ નાસ્તિ ઈતિ આહુઃ હે વીર! ઈતિ. શૌર્યં હિ આર્તાનામ્ આર્તિનિરાકરણાર્થમ્. ઈમા ઈતિ પ્રદર્શનેન ક્ષણમાત્રવિલમ્બેન મરિષ્યન્તિ ઈતિ સૂચિતમ્. નનુ વાઙ્માત્રેણ કથં મોહનિવૃત્તિઃ ઈતિ ચેત્, તત્ર આહુઃ મધુરયા ઈતિ, મોહો હિ માયારૂપઃ, સ ભવત્સ્વરૂપેણૈવ નિવર્તતે સચ્ચિદાનન્દસ્વરૂપેણ. તત્ર તવ વાણી આનન્દરૂપા ઈતિ આહ મધુરયા ઈતિ, મધુ=અસાધારણો રસઃ તદ્યુક્તા મધુરા. વલ્ગુ મનોહરં વાક્યં યત્ર, વાક્યસ્ય મનોહરત્વં સત્યપ્રિયપ્રતિપાદકત્વેન, અતઃ સદ્રૂપતા નિરૂપિતા. બુધાનાં મનોજ્ઞા આહ્લાદકારિણી, અનેન જ્ઞાનરૂપા નિરૂપિતા-તે હિ જ્ઞાનેનૈવ રતા ભવન્તિ. મુખે નયને વર્તેતે ઈતિ તયોરપિ વ્યાપારં કૃત્વૈવ વક્તવ્યમ્ ઈતિ આહુઃ પુષ્કરેક્ષણ! ઈતિ, કમલવત્ પરતાપાપહારકે ઈક્ષણે યસ્ય. કિંચ અધરસીધુના અધરામૃતેન ચ આપ્યાયયસ્વ, વક્તવ્યાઃ દ્રષ્ટવ્યાઃ પાયયિતવ્યા ઈતિ. મૂર્છિતાનાં હિ મૂર્છાનિવારણાર્થં મહામન્ત્રાઃ પઠ્યન્તે, કમલાદીનિ ચ શીતલદ્રવ્યાણિ સ્થાપ્યન્તે. સર્વથા અસાધ્યે અમૃતમપિ પાય્યતે. અતિગોપ્યાન્ વા રસાન્ પાયયન્તિ. ઈયં તુ મૂર્છા ન અલ્પેન નિવારયિતું શક્યા ઈતિ વીર! ઈતિ સમ્બોધનમ્. અનેન અન્તિમાવસ્થા પ્રદર્શિતા. પૂર્વપ્રાર્થિતશ્ચ અર્થાઃ સ્મારકત્વેન અધિકમૂર્છાહેતવો જાતાઃ ||૮||**

**વિવરણમ્ :**

**(મરણપૂર્વાવસ્થા મોહ/ઈમા મુહ્યતીઃ)**

**હે સ્વામિન્, મધુરયા ગિરા મુહ્યતીઃ.** કહે કે તારી મધુર વાણીઓની એવી ધ્વનિ પણ મધુર હતી. આના વાક્યવિન્યાસ પણ મધુર છે. એ વાણીઓનું સ્મરણ કરી કરીને આમને મોહ ઉત્પન્ન થઈ રહ્યો છે. આમને તારી મધુરવાણીથી જ ફરીથી જીવનદાન આપ. **મોહો હિ મરણપૂર્વાવસ્થારૂપઃ.** શાસ્ત્રમાં મોહ અને મોહ પછીની અવસ્થા ઉન્માદ મૂર્છા મૃત્યુ માનવામાં આવે.

શાસ્ત્રમાં મોહ પર્યંત જ સ્નેહનું વર્ણન થાય છે, મૃત્યુ પર્યંત સ્નેહનું વર્ણન નથી થતું. નહીંતર તો એ સ્નેહ ન માનીને કરુણરસ માનવામાં આવે. જો મૃત્યુપર્યંત વર્ણન થાય તો કરુણરસ બની જાય. મોહપર્યંત જો રસનું વર્ણન કરવામાં આવે તો તે સ્નેહની મર્યાદા માનવામાં આવે. આટલા માટે જ કહે છે **મોહો હિ મરણપૂર્વાવસ્થારૂપઃ**. કહે છે કે અરે! આ તો સાત્ત્કિ-સાત્ત્વિક ગોપિકા છે, જે રાજસ-સાત્ત્વિક હતી એણે આટલો જ્ઞાનોપદેશ આપ્યો, આ સાત્ત્વિક-સાત્ત્વિકા મોહથી ડરેલી છે શું? મૃત્યુથી ડરી રહી છે શું? સાધારણ જે આપણે જોઈ ગયા સાત્ત્વિકગોપિકાઓ, એમને પ્રભુનો આટલો સમ્યકતયા બોધ છે કે મૃત્યુનો ભય તો ત્યાં સતાવતો જ નથી. એટલા માટે એ ગોપિકાએ કહ્યું **"નતુ ગોપિકાનન્દનો... ઉદેયિવાન્ સાત્ત્વતાં કુલે"** તો સાત્ત્વિક-સાત્ત્વિક થઈને આને મૃત્યુનો ભય! આ સાત્ત્વિક-સાત્ત્વિક ગોપિકા કહે છે, મનને આનો ભાવ હોવો જોઈએ, આમતો મૃત્યુનો ભય અજ્ઞાનીને હોય છે, કેમકે અજ્ઞાનીને દેહમાં આત્માનું અભિમાન હોય છે. દેહમાં આત્માના અભિમાનના કારણે જે વખતે દેહ છૂટે તો તે વખતે એને લાગે કે "હું મર્યો". હકીકતમાં 'હું' તો આત્મચેતનાનો વિષય છે અને 'આત્મા' તો મરણશીલ છે નહીં. મરણધર્મ તો દેહનો છે, આત્મા તો મરતો નથી પરંતુ દેહમાં રહેલું અભિમાન જો છૂટે, એના કારણે આપણને એમ લાગે કે "હું મર્યો". મરવાવાળો દેહ અને મૃત્યુની સાક્ષી આત્મા, આ બંનેમાં ઘણું અંતર છે. હવે આ જે સાત્ત્વિક-સાત્ત્વિક ગોપિકા છે એના માટે કહે છે કે આત્મા તો નિત્ય છે, આત્માનું ક્યારેય મૃત્યુ નથી થતું. મૃત્યુ તો દેહનું થાય. તો એ સાત્ત્વિક-સાત્ત્વિક ગોપિકા કહી રહી છે કે આ બધી ગોપિઓને મોહ થયો છે, કોઈ ખુદની બાબતમાં વાત નથી કરી રહી, આ ગોપિકાની આ વાત જૂઓ. **ઈમા ગોપીઃ આપ્યાયયસ્વ.** આ બીજાઓની દુહાઈ આપી રહી છે. **ઈમા મુહ્યતીઃ** આ બધી ગોપિકાઓ મુગ્ધ થઈ રહી છે, આમની મરણની પૂર્વાવસ્થા આવી રહી છે. તો કહે કે આમની મરણની પૂર્વાવસ્થા મોહ થઈ રહ્યો છે. મોહ મતલબ જેને આપણે બેહોશી કહીએ. તો આમને જે મોહ થઈ રહ્યો છે તેમાં તારું શું જાય! આ બચવાની ભાવના કરે છે. આને બધું જ્ઞાન તો છે, સાત્ત્વિક-સાત્ત્વિક હોવાના કારણે કે દેહનું મૃત્યુ થાય છે. આત્મા તો નિત્ય છે, આત્માનું તો મૃત્યુ થતું નથી.

**(નિત્યતા મા અસ્તુ!)**

શ્રીગુસાંઈજી આનો બહુજ સુંદર ભાવ પ્રકટ કરે છે. તો તેઓ કહે છે **"ત્વદ્વિયુક્તસ્ય જીવસ્ય નિત્યતા મા અસ્તુ કસ્યચિત્ કિન્તુ તત્ક્ષણએવ અસ્ય નાશએવ વ્રજેશ્વર!"** (વિજ્ઞપ્તિ.૧/૩૦) આપણને આ જીવની નિત્યતા પણ અન્ય સ્થિતિમાં સારી લાગે. વસ્તુતઃ એક વાત બતાવો, આ ખરેખર દેહ છોડે છે તો મોહ થાય, કેમકે આપણને આત્માની બાબતમાં ન તો ખબર છે અને ન તો ખાત્રી છે. એટલા માટે આપણને દુઃખ આવે પરંતુ ખરેખર જો આપણો સંબંધ મૃતાત્માથી થઈ શકતો હોય, જેમ આત્માઓ બોલાવે કોઈ લખીને બોલાવે કોઈ સ્પિરીચ્યુઆલિટી કરીને બોલાવે કાંઈક ને કાંઈક કરીને બોલાવે આવો આપણા બધા આત્માઓથી સંપર્ક સ્થાપિત થઈ શકતા હોય, એટલી સરળતાથી જેટલી સરળતાથી સમજો કે ઘરનો એક માણસ કોઈ બીજા શહેરમાં જાય, તો આપણે ચિઠ્ઠી લખીને વાત કરી લઈએ, ટેલીફોનથી વાત કરી લઈએ, ચિઠ્ઠીના અક્ષર જોઈને સંતુષ્ટ થઈ જઈએ, ટેલીફોનમાં એનો અવાજ સાંભળીને સંતુષ્ટ થઈ જઈએ. આ પ્રકારથી મૃતાત્માસાથે જો સંપર્ક થઈ શકતા હોય જેમ સ્પિરીચ્યુઆલિસ્ટ્ કરે, તો દુઃખની શું વાત છે! કદાચ સ્ટેશનપર મૂકવા જાઓ તો આંખ ભીની થઈ જાય પરંતુ મનમાં સંતોષ તો છે કે ચિઠ્ઠી આવવાની છે. જે દિવસે આપણે સ્ટેશનપર મૂકવા જઈએ તો આંખ ભરાઈ જાય. કોઈ સ્ટેશનપર રોવે તો લોકો ગમટ્ટૂ સમજે. અમે શ્યામદાસને એક દિવસ પૂછ્યું "તારા અમેરિકામાં વિદાય કરે તો લોકો રોવે કે નહીં?" તો એણે કહ્યું કે "એવું કોઈ કામ કરે તો બહુ વિચિત્ર માનવામાં આવે." આટલી ભીડ સ્ટેશનપર મૂકવા ચાલી જાય પરંતુ ત્યાં કોઈ મૂકવા ન જાય અને આપણે તો બધાને મૂકવા પણ જઈએ. બધા જાય અને બહુ રોવે પણ. રોવે શામાટે કે સ્નેહનો સ્વભાવ છે એટલા માટે રોવે. તો આમ જ્ઞાનની દૃષ્ટિથી વ્યવહારની દૃષ્ટિથી વિચાર કરો તો જેમ આ શહેરથી તે શહેરમાં જાય, આપણે ચિઠ્ઠી-કાગળથી સંપર્ક કરી શકીએ અને શરત એટલીજ છે કે આ શહેરથી તે શહેરમાં જાય તો ચિઠ્ઠી-કાગળથી સંપર્ક થઈ શકે છે, ટેલીફોનથી સંપર્ક થઈ શકે છે અને આવો સંપર્ક ન થાય તો આપણને પૂર્ણ વિશ્વાસ ન આવે કે આ યાત્રા જ છે કે **"ચલન ચહત અબ કૃપાનિધાના"** છે. જો ખરેખર જનારા માણસને માટે યાત્રાનો બોધ થઈ જાય તો જાવાની કરુણા આટલી નહીં રહી જાય. કેમકે આપણને ખબર પડી જાય કે

આ ફક્ત યાત્રા છે, નષ્ટ નથી થઈ રહ્યો, એ ફક્ત યાત્રા કરી રહ્યો છે. ગીતામાં ભગવાન્ કહે છે કે જેમ એક કપડું ઉતારે માણસ અને બીજું કપડું પહેરી લે, તો ઘરનો માણસ રોવે કોઈ! કાલે તો તમે લીલા કપડા પહેર્યા હતા આજે સફેદ કેમ પહેરી લીધા? આજે લીલા કેમ પહેરી લીધા? અરે કપડા બદલાવે તો રોવું નથી આવતું, તો દેહ બદલે તો રોવું કેમ આવે! તો આ નિશ્ચિતરૂપથી વાતની ખબર પડી જવી જોઈએ કે દેહ તો ફક્ત એજ પ્રકારથી બદલાવવામાં આવી રહ્યો છે, જેમ કપડા બદલાવવામાં આવી રહ્યા છે. શાસ્ત્રમાં બતાવે, આપણે શુદ્ધાદ્વૈત માનીએ પરંતુ એ પ્રકારની અનુભૂતિ આપણને થતી નથી, એટલા માટે નિત્યતા હોવાછતાં પણ આપણને રોવું આવે પરંતુ આ સાત્ત્વિક-સાત્ત્વિક ગોપિકા કહે છે કે આ નિત્યતા જે જ્ઞાનમાં પ્રતિપાદિત કરવામાં આવે છે, આ નિત્યતા પણ એજ જીવની હોવી જોઈએ કે જે જીવને તારો સંયોગ મળતો હોય. જ્ઞાની લોકો તો એમ કહે કે દેહ ક્ષણભંગુર છે, આત્મા નિત્ય છે પરંતુ આ સાત્ત્વિક-સાત્ત્વિક ગોપિકા કહે છે **''ત્વદ્વિયુક્તસ્ય જીવસ્ય નિત્યતા મા અસ્તુ કસ્યચિત્''**. જો જીવ તારાથી વિયુક્ત છે તો જેમ દેહ ક્ષણભંગુર છે તો આવા જીવાત્મા ક્ષણભંગુર થઈ જાય ભલે. એની નિત્યતા પછી સારી નથી.

**(ઈશ્વરવાદ અને શૂન્યવાદ)**

આટલા માટેજ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે ટિપ્પણીમાં, ગોપિકાઓના સામર્થ્યભાવના કારણે આમના તામસભાવ છે અને તામસભાવના કારણે આમને પ્રભુનું બહિઃપ્રાકટ્ય જ અભીષ્ટ છે. **''સ્વામિનીનાં હિ બહિઃ પ્રાકટ્યમેવ ભગવતો અભીષ્ટં તદૈવ ઈશ્વરવાદઃ અન્યથા શૂન્યવાદઃ. ઈતિ જ્ઞાપનાય ઐશ્વર્યસમાનસંખ્યા શ્લોકૈઃ દૈહિકા સા નિરૂપિતાઃ''** (સુબો.કા.ટિપ. ૧૦/૨૬/૭). આ જેટલા સ્વામિનીઓ છે, રાસસ્થગોપિકાઓ છે, આમના મનમાં એક દઢ વિશ્વાસ છે, જો ઈશ્વર આમના સામે પ્રકટ થઈ રહ્યા છે તો તો આ બધી બ્રહ્મવાદી છે અને ઈશ્વર પ્રકટ નથી થઈ રહ્યા તો આ બધી તુરત શૂન્યવાદી બની જાય. શૂન્યવાદ કોને કહેવાય?

ભગવાન્ બુદ્ધે શૂન્યવાદ મતનો ઉપદેશ આપ્યો. જે મતમાં બીજા મતવાળા તો એમ કહે કે ''દેહ તો ક્ષણભંગુર છે'' પરંતુ બુદ્ધ ભગવાન્ એમ કહે કે ''આત્મા પણ ક્ષણભંગુર છે''. તો જે મતમાં આત્મા પણ ક્ષણભંગુર

માનવામાં આવતો હોય, એ મતનું નામ 'શૂન્યવાદ'. આપણે તો દેહને ક્ષણભંગુર માનીએ, આત્માને નિત્ય માનીએ. એટલા માટે આપણે 'આત્મવાદી' કહેવાઈએ. 'સદ્‌વાદી' કહેવાઈએ કે 'છે' આપણે એવું માનીએ છીએ. બુદ્ધ ભગવાને જે ઉપદેશ આપ્યો તે આવો ઉપદેશ આપ્યો, કે જેમ દેહ અનિત્ય છે, એવીજ રીતે આત્મા પણ અનિત્ય છે. જેમ દેહ છૂટી જાય, એવીજ રીતે તમારો આત્મા પણ નિરંતર છૂટતો ચાલ્યો જાય છે. જેમ નદીમાં કોઈ બે વખત પગ રાખી ન શકે, કેમકે નદીમાં એક વખત પગ રાખો અને બીજી વખત પગ રાખવા જાવ તો એ નદી તો આગળ નિકળી ગઈ હોય છે. એ નદી નથી રહી જતી, એનો પ્રસાર જરુર રહી જતો હશે. એ ન્યાયથી કોઈ પણ દિવો બળી રહ્યો છે, તો એક દિવાને તમે બે વખત નથી જોઈ શકતા. કેમકે એક વખત તમે જોયો અને એક વખત જોયા પછી બીજી વખત જે જોયો તો એ પહેલાવાળો દિવો તો ઉડી ગયો, બીજો દિવો ત્યાં પ્રકટ થયો છે. એનો એજ દિવો ત્યાં રહેતો નથી. તો આ પ્રકારથી દિવાની જેમ, કે નદીની જેમ આત્માને પણ અનિત્ય માને, એ મતનું નામ છે શૂન્યવાદ.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે આ ગોપિકાઓનો બધાનો આ દઢતર ભાવ છે કે કાલે જેમ તમને આશ્ચર્ય થઈ રહ્યું હતું કે ઉપપત્તિવાદ ઉત્પત્તિવાદ એક સાથે કેમ માનવામાં આવે? હા ઉપપત્તિવાદ અને ઉત્પત્તિવાદ દર્શનની દષ્ટિથી વિરોધી સિદ્ધાંત હોવાછતાં પણ એક સાથે માની શકાય છે. પોત-પોતાની એ વખતની અપેક્ષાઓના કારણે જે વખતે પ્રભુનું બહિઃપ્રાકટ્ય છે તો આ બધી ગોપિકાઓ આત્મવાદી છે, બ્રહ્મવાદી છે, ઈશ્વરવાદી છે. જે વખતે પ્રભુનું બહિઃપ્રાકટ્ય નથી, તો આ બધાનું મન કબૂલ કરી લે કે બુદ્ધે જે શૂન્યવાદનો ઉપદેશ આપ્યો તે સાચો છે.

**''સ્વામિનીનાં હિ બહિઃ પ્રાકટ્યમેવ ભગવતો અભીષ્ટં તદૈવ ઈશ્વરવાદઃ અન્યથા શૂન્યવાદઃ''** બધી ગોપિકાઓ શૂન્યવાદી કેમ છે? **''ત્વદ્ વિયુક્તસ્ય જીવસ્ય, નિત્યતા માસ્તુ કસ્યચિત્''** જો તારાથી વિયુક્ત છે, તારાથી વિયોગ છે તો જીવની નિત્યતા અમને અભીષ્ટ નથી. દેહની નિત્યતા તો નથી, આ તો જોયેલી વાત છે પરંતુ જીવની નિત્યતા સમજાવવામાં આવે કે જીવ નિત્ય છે એ નિત્યતા પણ હવે અમને નથી જોઈતી જો જીવ ક્ષણભંગુર થઈ જાય. જો દેહ

ક્ષણભંગુર છે તો એજ પ્રકારથી જીવ પણ જો ક્ષણભંગુર થઈ જતો હોય તો થઈ જવા દો. કેમકે વધારે દુઃખને નિભાવવાથી ફાયદો શું! આનાથી તો શૂન્યવાદ સારો. **"ત્વદ્ વિયુક્તસ્ય જીવસ્ય, નિત્યતા માસ્તુ કસ્યચિત્. કિંતુ તત્ક્ષણએવ અસ્ય નાશએવ વ્રજેશ્વર!"** જે ક્ષણે તારો વિયોગ થયો, એ ક્ષણે જ જીવ નષ્ટ થઈ જતો હોય તો સૌથી વધારે સારી દાર્શનિક માન્યતા એજ છે. આનાથી સારી ઊંચી દાર્શનિક માન્યતા બીજી કોઈ નથી, આ તો શ્રીગુસાંઈજી આજ્ઞા કરી રહ્યા છે.

**મધુરયા ગિરા... અધરસીધુના આપ્યાયયસ્વ નઃ.** તારી મધુર વાણીથી, તારા મધુર વચનોથી, જે વિદ્વાન છે, એમના મનને પણ હરણ કરવાવાળી અને તારા કમલપત્રના જેવા નેત્ર, **વિધિકરીર્ ઈમા** આ જેટલી ગોપિકાઓ છે, આ તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનારી નથી, **વિધિકરી** છે. જે જે તું આજ્ઞા કરે, તેમ માનવા તૈયાર છે પરંતુ જે મોહ થઈ રહ્યો છે એના બદલે આમને એવું લાગે છે કે **"તત્ક્ષણએવ અસ્ય, નાશએવ વ્રજેશ્વર!"**

(હે વીર!)

**વીર! મુહ્યતીઃ અધરસીધુના આપ્યાયયસ્વ નઃ.** આ બધી મુગ્ધ થઈ રહી છે, બેહોશ થવાની આમની સ્થિતિ આવી રહી છે. આ સાત્ત્વિક-સાત્ત્વિક ગોપિકા ભાવના કરે કે આ પ્રકારથી જે કષ્ટ મેળવે એના બદલે તો સારું છે કે મુક્ત થઈ જાય. ભાવમાં થોડીક ક્રૂરતા છે. એ ક્રૂરતા વિપ્રયોગની દશાને સહન ન કરી શકવાના કારણે જ છે. કોઈ જાતની અશક્તિના કારણે આવું નથી થયું પરંતુ અશક્ય થઈ ગયું છે ને! તો આવો ક્રૂર નિશ્ચય કરવો પડે છે. સાત્ત્વિક-સાત્ત્વિક ગોપિકાને એમ લાગે છે કે આમને મોહ જ્યારે આવ્યો, તો મૃત્યુ પણ આવી જાય તો સારી વાત છે. આ કષ્ટ ક્યાંસુધી મેળવશે? એવું કહેવામાટે એક બહુજ સુંદર સંબોધન કહી રહી છે, અહીં બે વાતો બહુજ સુંદર કહી રહી છે. અહીં વીર! કહી રહી છે. તમને મેં તે દિવસે બતાવ્યું, 'વીર' તો બંને પ્રકારના અર્થોમાં, દાનવીર પણ હોય અને યુદ્ધવીર પણ હોય. એ ન્યાયથી આ ખુલાસો નથી કરતા કે તું દાનવીર છે કે યુદ્ધવીર છે. તું જેવો પણ વીર છે, જો તું વીર છે તો પ્રકટ થા. કેમ! વીરતાનો અને પ્રાકટ્યનો શું સંબંધ? તો કહે છે કે જો તું વીર છે અને જો અમારામાં કોઈ પ્રકારનો મદ છે, જે મદના કારણે તું તિરોહિત

થયો, તો ડરે કેમ છે આ બતાવ! અમારા મદનો તને આટલો ભય? ઠીક છે અમારો મદ ખોટો હોઈ શકે છે પરંતુ વીર તો કોઈના મદથી ડરતો નથી. બલકે વીર જે વખતે બીજાના મદને જુએ ત્યારે તે વખતે હકીકતમાં એની વીરતા જાગે કે ખરેખર હવે કોઈ વિષય આવ્યો.

જગન્નાથ કવિરાજ કહે છે **"દિગ્ગન્તે શ્રૂયન્તે મદમલિનગંડાઃ કરટિનઃ કરિણ્યઃ કારુણ્યાસ્પદમ્ અસમશીલા ખલુમૃગાઃ. ઈદાનીં લોકે અસ્મિન્ અનુપમશિખાનાં પુનર્ અયં. નખાનાં પાંડિત્યં પ્રકટયતુ કસ્મિન્ મૃગપતિઃ".** (જગન્નાથ) અરે! સાંભળીએ છીએ કે આસામમાં કે કેરળમાં ક્યાંક ક્યાંક હાથી હોય છે. બધી જગ્યાએ તો હાથી મળે નહીં. આ જે નાના નાના જાનવર છે, એનાપર સિંહે પોતાનો પંજો માર્યો પણ, તો પંજો મારવાની જે તાકાત છે અને પંજો મારીને પીઠના હાડકાને તોડવાનું જે સામર્થ્ય છે, એનો સાચો સ્વાદ એને શું મળશે! સમજો બકરીને પંજો મારીને એની પીઠ તોડી નાખી, તો સિંહને એમાં શું મજા આવશે? તો કહે છે **"નખાનાં પાંડિત્યં પ્રકટયતુ કસ્મિન્ મૃગપતિઃ"** એ નખનું પાંડિત્ય પંજો મારવાનું એનું જે પાંડિત્ય છે, ક્યાંક હાથી રહેતો હોય આસામમાં કે બીજે ક્યાંય સિંહ પોતાનું પાંડિત્ય ક્યાં પ્રકટ કરે? એનું પંજો મારીને હાડકા તોડી નાખવાનું જે સામર્થ્ય છે એનું પાંડિત્ય જે હોય એની ચિંતા થાય. એવીરીતે કહે છે કે જો તું વીર છે, તો જે વખતે મદ દેખાય અને એવો જ રોઈ રહેલો કોઈ શત્રુ સામે દેખાય, તો મારવાની ઈચ્છા પ્રકટ થાય! "તું ખેંચ મને જોર આવે છે". ગુજરાતીઓમાં આવું બહુજ થાય છે. ઝઘડો કરે નહીં જેટલો ખેચેં-પકડે એટલો દેકારો વધારે કરે. જો એની વચ્ચેથી બચાવ કરવાવાળો હટી જાય તો એજ વખતે ઝઘડો ખતમ. એવીજ રીતે બંગાળીઓમાં પણ થાય છે. બંગાળી પણ બહુ દેકારો મચાવી દે જો વચમાં બચાવ કરો તો. જો એને છૂટ્ટો મૂકી દો કે ચાલો કરો મારામારી તો પછી "એક વખત બોલ્યો તે બોલ્યો બીજી વખત બોલીશ તો માથું ફોડી નાખીશ" એનાપર વાત ચાલી જાય. અત્યારે બોલ્યો તે બોલ્યો પણ બીજી વખત બોલ્યો તો માથું તોડી નાખીશ. "એખોન બોલ તો!" આમ કહીને પછી ઊભો જ ન રહે ઉપર ઘરમાં ઘુસી જાય. અસલ વાત આ છે કે ઝઘડાળુ કોમ નથી. ઝઘડાળુ કોમ હોય તો એ તો લડી મરે. આ બિચારા સીધાસાદા. સંસ્કૃતમાં

લડાઈનો એક પ્રસંગ આવે, વાગ્હરિ, બોલવામાં શેર, લડવામાં શેર નહીં. ખૂબ દેકારો મચાવી દે. ખરેખર લડીને કોઈ ઝઘડો ન કરે પરંતુ આવાઓની આગળ જો ખરેખર કોઈ લડનારો માણસ આવી જાય તો એની લડવાની ઈચ્છા વધે નહીં. કેમકે એને ખબર છે કે સીધો સાચો માણસ છે વાગ્હરિ છે. વાગ્હરિની આગળ વધારેમાં વધારે બે વાત એ બોલી પણ દે. બે ગાળો દઈ દે. લડાઈની સીમા એટલે સુધીજ રહે. જે ખરેખર શારીરિક કાયિક યુદ્ધ કરી શકતો હોય તો એની સામે પછી લડાઈનો આનંદ આવે.

એવીજ રીતે ગોપિકા કહે છે કે જો તું હકીકતમાં વીર છે, જો કે છે જ, તો અમારા મદને જોઈને છુપાય છે શામાટે? એક વખત બોલ્યો તે બોલ્યો બીજી વખત બોલ્યો તો માથું ભાંગી નાખીશ, કરીને છુપાઈ કેમ જાય છે? અરે તોડી દે અમારા મદના માથા જો વીર છે. કહે છે કે જો યુદ્ધવીર નથી તો દાનવીર છે, તો **"અધરસીધુના આપ્યાયયસ્વ નઃ"** તારી અધરસુધાના વિતરણમાં તને શું લોભ આવી રહ્યો છે, એ બતાવ?

### (પ્રભુની વાણીના ત્રણસ્વરૂપ)

**મોહો હિ મરણપૂર્વાવસ્થારૂપઃ તાસામ્ આપ્યાયને હેતુઃ વિધિકરીઃ ઈતિ. આજ્ઞાકારિણીઃ સેવાકારિણીઃ વા.** પ્રભુની વાણીના બે સ્વરૂપ બતાવ્યા. **એક વલ્ગુવાક્યયા** બીજું **બુધમનોજ્ઞયા. બુધમનોજ્ઞયા** વાણી જ્ઞાનકાંડની વાણી છે. **વલ્ગુવાક્યયા** વાણી કર્મકાંડની વાણી છે. ગોપિકાઓ બે પ્રકારની છે એ આપણે જોયું. શ્રુતિરૂપા અને ઋષિરૂપા. આને તમે એમ સમજી લો કે શ્રુતિરૂપા ગોપિકાઓ જ્ઞાનકાંડની ગોપિકાઓ છે અને ઋષિરૂપા ગોપિકાઓ કર્મકાંડની ગોપિકાઓ છે. ભક્તમાં બે પ્રકારની શક્તિ છે એક જ્ઞાનશક્તિ અને બીજી ક્રિયાશક્તિ. જે ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિથી, મતલબ કાંઈક કરવાની તાકાત અને કાંઈક સમજવાની તાકાત. સરળ ભાષામાં કહું તો, ભક્ત જે કાંઈ પ્રભુના સુખને માટે વાત જાણી શકે છે, સમજી શકે છે, આવા ભક્તના સામર્થ્યની જે પ્રતિનિધિ ગોપિકાઓ છે, એ કઈ છે? એ શ્રુતિરૂપા ગોપિકાઓ છે. ભક્ત પ્રભુસુખના માટે જે કાંઈ કરી શકે છે અને કરી શકવાના સામર્થ્યવાળી જે ગોપિકાઓ છે, એ ઋષિરૂપા ગોપિકાઓ છે. આ બંને ગોપિકાઓનો મોહ પ્રભુદ્વારા કરવામાં આવેલો છે. **મધુરયા ગિરા.** એ મધુર વાણી કઈ? જે

ભક્તિકાંડની વાણી છે તે. પહેલા આ શ્રુતિરૂપા હતી અને આ બિચારી પોત-પોતાના જ્ઞાનના પ્રમેયના વર્ણનમાં મસ્ત હતી. અને આ બીજી ઋષિરૂપા હતી તે વખતે પોત-પોતાના કર્મથી પોત-પોતાની આરાધનાથી પ્રભુમાં મસ્ત હતી. જો પ્રભુએ આવું આકર્ષક રૂપ ધારણ ન કર્યું હોત, પોતાની ભક્તિની વાણી પ્રકટ ન કરી હોત તો કેમ આમનામાં આ ભાવ કેવીરીતે જાગત અને આ ગોપીના રૂપથી અહીં પ્રકટ થાત! શા માટે પ્રભુના વિપ્રયોગનો આ પ્રકારનો અવસર આવત? અરે થોડીક સમાધિ લગાવી લેત આ ઋષિઓ તો આવા સિદ્ધ ઋષિઓ છે.

જેમ ઉર્દુમાં કહે છે **''દિલકે આઈનેમેં હે તસ્વીરે યાર, જબ જરા ગરદન ઝુકાઇ દેખ લી.''** મતલબ તારું ચિત્ર હૃદયમાં એવું અંકિત છે કે દૂર ક્યાંય જોવાની આવશ્યકતા જ નથી. ખાલી આંખ મીંચી નથી, હૃદયની તરફ જોયું નથી, તો હૃદયમાં તારું દશ્ય દેખાઇ શકતું હતું. આવા ધ્યાનાભ્યાસવાળા મંત્રસિદ્ધ આ ઋષિઓ છે. શ્રુતિ નિરંતર પોત-પોતાના પ્રમેયરૂપનું પ્રતિપાદન કરે છે. **''માં વિધત્તે અભિધત્તે માં વિકલ્પ્યા અપોહ્યને તુ અહમ્ એતાવાન્ સર્વવેદાર્થઃ શબ્દઆસ્થાય માં ભિદામ્''** (ભાગ.પુરા.૧૧/૨૧/૪૩). માત્ર શ્રુતિના વચન વિભિન્ન વિભિન્ન રુપોમાં કેવળ પરમાત્માનું જ પ્રતિપાદન કરે છે, પરમાત્માના સિવાય બીજા કોઇનું પ્રતિપાદન નથી કરી રહી. પરમાત્માનું પ્રતિપાદન કરવામાં આ શ્રુતિઓનું સ્વરૂપ ચરિતાર્થ હતું. મતલબ એમનું પ્રયોજન સંપૂર્ણ થઇ રહ્યું હતું, તે વખતે વ્યર્થમાં આમને, આ પ્રકારથી ગોપિકાના રૂપમાં પ્રકટ થવાની શ્રુતિવચનોને શું આવશ્યકતા હતી! જો પ્રભુનું એવું ભજનીય સ્વરૂપ પ્રકટ ન થાત તો!

**(સ્વરૂપ/લીલાનુસારી શાસ્ત્રવર્ણન)**

અહીં તો નથી બતાવી રહ્યા પરંતુ વેદસ્તુતિમાં આચાર્યચરણ બતાવે કે જેવું જેવું ભગવાન્ રૂપ ધારણ કરતા જાય. તેવું તેવું નિરૂપણ કરવું શાસ્ત્રનું કર્તવ્ય છે. હવે ભગવાન્ ક્યારેક બે વિરુદ્ધધર્મોને ધારણ કરે તો શ્રુતિ એ વિરુદ્ધધર્મોનું વર્ણન કરે. હવે આમાં શ્રુતિઓનો શું ગુનો! શ્રુતિનો તો કોઇ ગુનો નથી. મતલબ કોઇ ખૂબસૂરત હોય અને કેમેરો એનો ફોટો પાડી દે. કોઇ બદસૂરત હોય તો કેમેરો એનો ફોટો પાડી દે. હવે ફોટામાં કોઇ મારા જેવાનું નાક

વાંકું આવી ગયું તો કેમેરાનો દોષ કે મારો દોષ? અરે ભાઈ જ્યારે નાક વાંકું છે તો કેમેરામાં પણ વાંકું આવશે. વરસો સુધી અમને ખબર જ નહોતી કે અમારું નાક વાંકું છે. એક માણસ આવ્યો 'પીટરબ્રેન્ટ'નામનો અને એણે અમારું નાક જોયું અને ઈન્ટરવ્યુમાં લખ્યું કે ''શ્યામ ગોસ્વામીનું નાક વાંકું છે.'' અમે અરીસામાં જઈને જોયું તો ખરેખર નાક વાંકું હતું. હવે બતાવો કે અરીસાનો દોષ કે અમારો દોષ કે પીટરબ્રેન્ટનો દોષ? અરે જે વાંકું છે તે તો છે જ. ન દેખાયું તે અમારો દોષ હતો એ ખરેખર જોવું જોઈતું હતું જ્યારે રોજ અરીસો જોઈએ ત્યારે. પરંતુ મારી નજર એવી ન હતી. એ પીટરબ્રેન્ટ ઈન્ટરવ્યુને માટે બે-ત્રણ દિવસ આવ્યો અને એણે અમારું નાક જોઈને ઓળખી લીધો. હવે મજા આ કે ઈન્ટરવ્યુમાં શું છાપ્યું સૌથી પહેલા કે ''શ્યામુબાવાનું નાક વાંકું છે.'' અમે અરીસામાં જઈને જોયું તો ખરેખર વાંકું હતું. હવે દોષ કોનો? હવે એણે માફી માગીને અમને પુસ્તક મોકલાવ્યું ''આપનું નાક વાંકું.'' હવે અમને લાગ્યું કે બધા કહેશે કે ''નાક સીધુ છે'' પરંતુ પહેલા અરીસામાં જઈને જોયું તો નાક વાંકું દેખાણું તો અમે કહ્યું કે ''ચાલો માફ.'' નાક વાંકું છે. હવે વાંકું નાક છે તો માફ નહીં કરીએ તો બીજું શું કરશું! સીધું હોત તો એકાદ પત્ર વાંધાનો મોકલાવત કે ''અમારી બાબતમાં ખોટી વાત લખી નાખી, સીધું નાક હતું, વાંકું કેમ લખી નાખ્યું?''

જેવું જેવું દશ્ય તેવું તેવું વર્ણન. પ્રભુ જે જે કામ કરે શ્રુતિઓ એ પ્રકારથી એનું વર્ણન કરે. આ બધી શ્રુતિઓની પ્રભુના વર્ણનમાં તત્પરતા છે. હવે એમાં એમને આ પ્રકારના પ્રશ્નનો અવકાશ જ ન હતો. જ્ઞેય હતા તો શ્રુતિઓ વર્ણન કરી રહી હતી, જ્ઞેયના રૂપમાં શ્રુતિઓનું વર્ણન ચાલુ હતું પરંતુ એકાએક ભજનીય થઈ ગયા ત્યારે શ્રુતિઓને સમસ્યા આવી. જ્યારે પ્રભુએ ભજનીય રૂપ લીધું, તો આપણે શું કેવળ નિરૂપણ કરીને ચૂપ થઈ જવું! ભજનીય રૂપ જે વખતે લઈ લે, તે વખતે જો તમે નિરૂપણ કરીને ચૂપ થઈ ગયા, તો તમે નિરૂપણ ન કર્યું.

જેમ ખાવાની સુંદર સામગ્રી છે. હું ઉદાહરણ આપું અને એ સામગ્રી તમારી સામે રાખી દીધી. હવે નિરૂપણ કરીને તમે બેસી જાવ કે આમાં આટલી હીંગ નાખેલી છે, આટલું મરચું નાખેલું છે, આટલું મીઠું નાખેલું છે અને આ

પ્રકારથી ઘીમાં તળેલી છે. આ નિરૂપણ કરી દીધું તો આનો લાભ શું! અરે ભાઈ! જે ખાવામાટે સામગ્રી બની છે એ તો ખાઈ જવા માટે જ બની છે. એના નિરૂપણથી કોઈ લાભ નહીં થાય.

### (વિધાન અભિધાન અને અપોહન)

આમ પ્રભુના પ્રકટ ભજનીય રૂપના ભજનમાં સાર્થકતા હતી એટલે શ્રુતિઓ ગોપિકાના રૂપમાં પ્રકટ થઈ. નહીંતર નિરૂપણ તો ચાલી જ રહ્યું હતું. અનાદિ કાળથી શ્રુતિઓએ જેવું જેવું પ્રભુનું રૂપ છે, એવું એવું રૂપ નિરંતર **''માં વિધત્તે અભિધત્તે માં વિકલ્પ્યા અપોહ્યતે તુ અહમ્ એતાવાન્ સર્વવેદાર્થઃ શબ્દઆસ્થાય માં ભિદામ્.''** (ભાગ.પુરા. ૧૧/૨૧/૪૩). સર્વ વેદાર્થ ક્યાંક વિધાનથી ક્યાંક અભિધાનથી ક્યાંક વિકલ્પથી ક્યાંક અપોહનથી બધા પ્રકારથી પ્રભુનું જ નિરંતર નિરૂપણ વેદમાં ચાલી રહ્યું હતું. એકાએક જ્યારે પ્રભુના રૂપમાં પરિવર્તન નજરમાં આવ્યું, કેમકે ભજનીયસ્વરૂપનું ન તો વિધાન થઈ શકે છે, ન એનું અભિધાન થઈ શકે, ન એનો વિકલ્પ હોઈ શકે અને ન એનું અપોહન થઈ શકે. તકલીફ આ છે. તમને લોકોને આ બહુ બોમ્બાસ્ટિક વાત લાગી રહી હશે કે એકાએક આ શું ચક્કર શરુ થઈ ગયું. હું તમને થોડુંક સમજાવી દઉં :

જેમ શાસ્ત્ર એમ કહે છે **''સત્યં વદ, ધર્મં ચર''** (તૈત્તિ.ઉપ. ૧/૧૧/૧). આ પ્રકારના વચન વિધાન માનવામાં આવે. મતલબ જેમાં કાંઈક કરવાની આજ્ઞા આપવામાં આવી હોય, એને વિધાન માનવામાં આવે. હું જેમ તમને કહું કે 'ઉઠો' 'ચાલો' તો આ બધા વિધાનના વાક્ય માનવામાં આવે. હું તમને આમ કહું કે ''આ દાદાજીનું ચિત્ર છે.'' ત્યારે હું તમને કરવાનું કામ કાંઈ કહી નથી રહ્યો. કેવળ ચિત્ર છે એનું વર્ણન કરી રહ્યો છું કે ''દાદાજીનું ચિત્ર છે.'' ''આ રંગીન ચિત્ર છે'', ''એ અહીં પધરાવવામાં આવેલ છે.'' હવે આ ખાલી વર્ણન થયું, અભિધાન થયું, વિધાન ન થયું. હું એમ કહું કે ''આ બ્લેક એન્ડ વાઈટ ચિત્ર નથી રંગીન ચિત્ર છે.'' તો આ વિકલ્પનું અપોહન થયું. મતલબ બે પ્રકારના ચિત્ર હોઈ શકતા હતા. એક કદાચ બ્લેક એન્ડ વાઈટ ચિત્ર હોઈ શકતું હતું અને એક કલર ફોટોગ્રાફ હોઈ શકે છે. આ બ્લેક એન્ડ વાઈટ ન હોઈને કલર ફોટોગ્રાફ છે. જે વખતે હું એમ કહું વિકલ્પ કરીને એકનું અપોહન.

એકને હટાવવું અને એકને મંજુર કરવું. આ બ્લેક એન્ડ વાઈટ નથી આ કલર છે, **તો આ વિકલ્પ કરીને અપોહન થયું.**

આમ જેટલા પણ વચન છે, એની આ ત્રણમાં ક્યાંક ને ક્યાંક સ્થિતિ હોય. ઉપનિષદમાં વેદમાં અને શાસ્ત્રમાં ત્રણ પ્રકારથી બ્રહ્મનું નિરૂપણ આવે છે. ક્યાંક વિધાનના રૂપમાં નિરૂપણ આવે કે ''આ આ પ્રકારની પ્રભુની ઉપાસના કરો,'' ''આ આ પ્રકારથી ધર્મનું આચરણ કરો,'' ''આ વાત કરશો તો તમારો આત્મોદ્ધાર થશે'' આ પ્રકારથી ક્યાંક પ્રભુનું વર્ણન વિધાનમાં આવે.

ક્યાંક અભિધાનના રૂપમાં આવે કે બ્રહ્મ, એવો ગુણવાળો છે. **''યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે યેન જાતાનિ જીવન્તિ યત્પ્રયન્તિ અભિસંવિશન્તિ''** (તૈત્તિ.ઉપ.૨/૧) આ જગત્ જેનાથી પેદા થયું છે, જગતનો પાલનહાર, જગતનો સંહારક એ બ્રહ્મ છે. આ પ્રકારના વર્ણનને અભિધાન કહેવાય, કેવળ વર્ણન કરવાવાળા વચનોને.

હવે બ્રહ્મમાં કોઈ પ્રાકૃત ગુણ નથી. બ્રહ્મ મરણશીલ નથી. બ્રહ્મમાં દુઃખનો સ્પર્શ નથી. આ તરીકેના વિકલ્પ કરીને જે અપોહન કરવામાં આવે અને જેનું અપોહન કરવામાં આવે એને પણ શ્રુતિ કહે છે કે બ્રહ્માત્મક છે. **''માં વિધત્તે અભિધત્તે માં''** જેનું અપોહન કરીએ તે પણ બ્રહ્મ છે. જેમ કહે છે કે બ્રહ્મના હાથ નથી તો હાથ ક્યાંથી આવ્યા દુનિયામાં? જો બ્રહ્મના લીધેલા હાથ જુદા જુદા રૂપ ન હોત તો આવ્યા ક્યાંથી આ હાથ? કોઈ શેતાને તો આપણા હાથ બનાવી નથી દીધા. માયાએ તો આપણા હાથ બનાવ્યા નથી. આ પણ બ્રહ્મના બનાવેલા હાથ છે તો પ્રભુના હાથ નથી તો પણ બ્રહ્મ પકડી શકે છે. બ્રહ્મના પગ નથી છતાં પણ બ્રહ્મ દોડી શકે છે. આ પ્રકારથી બ્રહ્મમાં હાથપગનો વિકલ્પ કરીને જે અપોહન કરવામાં આવી રહ્યું છે હાથનું અને પગનું, કોઈને કોઈ રૂપમાં એ પણ બ્રહ્મ જ છે. તો કોઈ રૂપથી એનું અપોહન કરવામાં આવે છે, કોઈ રૂપથી એને હટાવવામાં આવે છે અને કોઈ રૂપથી એને બતાવવામાં આવે છે. હટાવવાવાળો, હટવાવાળી વસ્તુ અને જ્યાંથી હટાવવામાં આવી રહી છે, એ બંને બ્રહ્મ છે. આનો મતલબ 'બ્રહ્મવાદ' છે. આમાં ભગવાન્ આજ્ઞા કરે છે **''એતાવાન્ સર્વવેદાર્થઃ''** બધોજ વેદાર્થ આટલોજ છે, જ્યારે બધો વેદાર્થ આટલોજ છે, તો ભજનીય રૂપ જ્યારે પ્રકટ

થયું તો આ ચિંતા થઈ ગઈ કે શું ભજનીય રૂપનું વિધાન કરવું?

સમજો કે "મારી નાની દીકરી ચિન્ટૂ છે. હવે હું એને બાંધી દઉં, બંધ કરી દઉં, બે-ચાર જાપટ લગાવું, 'મને સ્નેહ કર' 'મને સ્નેહ કર' 'મારાપર શ્રદ્ધા રાખ' ", તો જાપટ લગાવવાથી શ્રદ્ધા પેદા થશે? સમજો કે પતિ છે. એ સવારે ઉઠીને જાપટ લગાવે પત્નીને કે "મારાથી સ્નેહ કર." જાપટ લગાવવાથી સ્નેહ પેદા થઈ જાય શું? સમજો કે કોઈ જાડી પત્ની હોય, એ પતિને જાપટ લગાવી દે, પતિ જ જાપટ લગાવે એવી વાત નથી, હવે જાપટ લગાવવાથી સ્નેહ પેદા નહીં થાય. સ્નેહ તો પેદા થાય તો થાય, ન થાય તો ન થાય. "યે વો લૌ હે જો લગાયે ન લગે ઔર બુઝાયે ન બુઝે." સ્નેહ કોઈ પેદા કરો, કોઈના આદેશ દઈ દેવાથી, જો આદેશ દેવાથી સ્નેહ પેદા થતો હોય તો ઇંદિરાગાંધી ચુંટણી કેમ હારત? એક આદેશ આપી દેત કે "બધા ઇંદિરાગાંધીને પ્રેમ કરો." તો પછી કોઈ બીજાને મત આપત જ નહીં.

તો હુકમથી વિધાનથી ભજનીયનું નિરૂપણ ન થઈ શકે. ભજનીયની સાથે જે આપણા વ્યવહાર છે, એ તો ઈશ્વર પણ આવીને સાક્ષાત્ આજ્ઞા કરે કે "મારું ભજન કરો.' ભજનનો અર્થ આપણે જ્યારે સ્નેહના અર્થમાં લઈએ **"ભજ્ સેવાયામ્"** (પાણિ.ધા.પા.ભ્વા.૧૦૨૩) ભક્તિના અર્થમાં લઈએ કે ભજનનો મતલબ સ્નેહ, તો સ્નેહ કરો તો ઈશ્વર પણ જ્યારે આજ્ઞા આપે, તો આજ્ઞાના કારણે સ્નેહ તો ન થઈ શકે, કર્મ થઈ શકે. અન્યથા કર્મકાંડ કરવા ખાતર તો લોકો કરી દે, ફૂલ ચઢાવવા છે તો ચઢાવી દીધા એમાં અમારું શું ગયું? **"પુષ્પં સમર્પયામિ, ફલં સમર્પયામિ"** ફૂલ ચડાવી દીધા, ફળ ધરી દીધા, એ તો સમર્પણ હોઈ શકે. પત્થર પણ સમર્પણ કરો તો કરી શકે છે માણસ. ભગવાનપર કોઈ જોર નથી પડતું કેમકે જેવી આજ્ઞા. જીવ જીવ છે, ભગવાન્ ભગવાન્ છે પરંતુ આજ્ઞાથી સ્નેહ પેદા નથી થઈ શકતો. તો એટલા માટે જે વિધાનના વચન હતા શ્રુતિઓના, એ તો ભજનીયરૂપના (પ્રકટ)થતાં જ અલગ હટી ગયા કે આ વિષય અમારો નથી.

હવે અભિધાનના જે વચન હતા શ્રુતિઓના એ કાંઈક પોતાનું કામ કરી લેશે. અભિધાન કર્યું ખાલી બેસીને તો એજ ગતિ થશે કે સુંદર રસગુલ્લાની સામગ્રી આવી, બેસીને એનું અભિધાન કરો કે આ પ્રકારથી આનો માવો

બનાવ્યો, આ પ્રકારથી દૂધ ફાડવામાં આવ્યું, આટલી આમાં ચાસણી મેળવવામાં આવી પરંતુ એટલા બધા વર્ણનથી એ રસગુલ્લાની મિઠાસનો સ્વાદ તમારી જીભપર અડધો પણ આવશે? નથી આવી શકતો.

કહે વિકલ્પનું અપોહન કરી દઈએ. બ્રહ્મમાં બધા આકાર મિથ્યા છે, એના બધા ગુણધર્મ મિથ્યા છે. ઉર્દુમાં એક શેર છે **''શેખને મસ્જિદ બનાકર સાફ બુતખાના કિયા. પેહલે એક સૂરત તો થી અબ ઔર વીરાના કિયા.''** બ્રહ્મના બધા ગુણધર્મ આકારોનો તમે અપોહન કરી દીધું, કે બ્રહ્મમાં ન તો કોઈ ગુણ છે ન કોઈ આકાર છે ન કોઈ રૂપ છે તો કાંઈક તો પહેલા હતું પરંતુ અપોહન કરી દીધું, ''પેહલે એક સૂરત તો થી અબ ઔર વીરાના કિયા.'' કાંઈક તો હતું. મતલબ જ્યારે મંદિર હતા, એમ એ કહે કે ધ્યાન ધરવામાટે એક મૂર્તિ તો હતી, એક દિવસ શેખજીને ધર્મભાવ જાગ્યો કે બધી જગ્યા પવિત્ર હોવી જોઈએ, તો મંદિરમાં આવીને એમણે જોયું કે અરે અરે રે બુતપરસ્તી ચાલી રહી છે! એણે કહ્યું કે ''હટાઓ બુત(મૂર્તિ)ને.'' હટાવી દીધી. તોડી નાખી.

**(મધુરયા ગિરા=શ્રુતિઓનો મોહ)**

જે વખતે મથુરામાં કૃષ્ણજન્મસ્થળપર, હવે તો ફરીથી ત્યાં મંદિર બની ગયું છે, મોહમ્મદ ગજનવી આવ્યો હતો, એની સાથે એક અલબરૂની ઈતિહાસકાર પણ આવ્યો હતો. એ લખે છે કે ''જે વખતે મોહમ્મદ ગજનવી આવ્યો અને આ ભવ્ય મંદિર જોયું, ત્યાં કૃષ્ણની સોનાની મનુષ્યના બરાબરની આકૃતિની મૂર્તિ કે સ્વરૂપ હતું, મંદિર પણ એટલું ભવ્ય હતું કે દસ મિનિટ સુધી મોહમ્મદ ગજનવી એકદમ હતપ્રભ થઈ ગયો.'' જેણે બધા મંદિરો તોડ્યા, પરંતુ જ્યારે એણે મંદિરના અને કૃષ્ણના સ્વરૂપના દર્શન કર્યા તો એના મોઢામાંથી આ વાક્ય નિકળી ગયું, એણે કહ્યું ***''આ મંદિર અને મૂર્તિ મનુષ્યના બનાવેલા નથી લાગતા, આ તો કોઈ ફરિશ્તાએ બનાવ્યું છે.''*** એવો એના મનમાં ભાવ જાગી ગયો. પછી એને કુરાન યાદ આવી ગઈ કે બુતપરસ્તી પાપ છે. એણે કમાન્ડરને બોલાવીને કહ્યું ''જલ્દી આને હટાવો નહીંતર મારું મન ચલાયમાન થઈ જશે.'' એજ વખતે કમાંડરે આખે આખું મંદિર તોડી નાખ્યું, બધી મૂર્તિ ખંડિત કરી નાખી. આવું આનું વર્ણન આવે છે કે આટલું ભવ્ય મંદિર હતું કે મોહમ્મદ ગજનવીનું મન ચલાયમાન થઈ ગયું. શ્રુતિઓની અને

ૠષિઓની તો ચર્ચા શું? તો કૃષ્ણ જે વખતે કૃષ્ણરૂપ લે, તે વખતે મોહમ્મદ ગજનવી જેવાનું પણ મન ચલાયમાન થઈ જાય, તો શ્રુતિઓની તો વાત શું!

શ્રુતિએ આ વિચાર્યું કે જે વખતે આ ભજનીયરૂપ લઈને આવ્યો તો હવે કેવળ વિધાન કરવાથી કે અભિધાન કરવાથી કે વિકલ્પોનું અપોહન કરવાથી કામ નહીં ચાલે. પ્રકટ થવું પડશે, એક એક શ્રુતિના વચન, એક એક ગોપિકાના રૂપમાં પ્રકટ થઈ ગયા, પ્રભુ ભજનીય થયા અને શ્રુતિવચન ભજન કરનારી ભક્તિમતિ ગોપિકાઓ બની ગઈ. એ ભજન કરનારી ભક્તિમતિ ગોપિકાઓ બની, એટલા માટે આ બધી લીલા પ્રકટ થઈ. આ લીલા જે પ્રકટ થઈ, તો એટલા માટે કહે છે કે અમે તો આજ્ઞાકારિણી છીએ. તો કહે કે અમે ક્યારે આજ્ઞા આપી પ્રકટ થવાની! તો કહે કે ભલે વાણીથી નથી આપી, પરંતુ વાણીની જે ધ્વની હતી મધુરયા ગિરા જે હતી, મતલબ બે પ્રકારની વાણી, એક તો વાક્યરૂપથી આપણે કરીએ તે અને એક વાણીમાં જે મિઠાસ હોય છે, એ વાણીની મિઠાસ એવી હતી ભજનીયરૂપની કે અમારે ભક્ત બનવું પડ્યું. ભક્તનું રૂપ અમારે લેવું પડ્યું. આ રૂપમાં અમે તારી આજ્ઞાકારિણી છીએ.

જેમ પ્રાચીન રાજાઓ થતા હતા ને! હવે તો આપણને ખબર ન પડે પરંતુ છે અત્યારે પણ એ રૂપ છે, પરંતુ એ રૂપ થોડુંક બદલાઈ ગયું છે, રૂપ અત્યારે પણ મોજુદ છે. જેમ મિનિસ્ટર ક્યાંય જાય તો એની સાથે રિપોર્ટર પણ જાય. મિનિસ્ટર કોઈ પણ કામ કરે, વાત કરે તો રિપોર્ટર એને લખીને રિપોર્ટ કરે. તો એ શ્રુતિઓએ બ્રહ્મની લીલાનું વર્ણન કર્યું. જે વખતે જેવી લીલા કરી એનું એવું વર્ણન કર્યું. હવે આ રિપોર્ટરને કોઈ આજ્ઞા કરવાની જરૂરત ન હોય. એનું કામ જ, મિનિસ્ટર જ્યારે ક્યાંય જાય એની સાથે બધા કાર્યકલાપોનો રિપોર્ટ કરવો એજ હોય છે.

એવીજ રીતે બ્રહ્મના જેટલા પણ કાર્ય શ્રુતિઓએ જોયા, એને કહ્યા. એમ પ્રભુનું ભજનીય સ્વરૂપ પણ એવું છે અને આ શ્રુતિઓનું સ્વરૂપ જ કાંઈક એવું છે. જે પ્રકારથી પ્રભુ લીલા કરે એ પ્રકારથી એનું વર્ણન શ્રુતિ કરતી ચાલી જાય પરંતુ અહીં એક એવી સ્થિતિ આવી ગઈ કે જ્યારે પ્રભુએ ભજનીય રૂપ લીધું કે જ્યાં ખાલી રિપોર્ટિંગથી કામ ન ચાલે. કેમકે કયા પ્રકારની આની રિપોર્ટિંગ થશે? આમાં રિપોર્ટિંગનો પ્રશ્ન ન હતો, આમાં તો ખુદના

ઈન્વોલ્વમેન્ટનો પ્રશ્ન આવી ગયો હતો. હવે આ વાત આવીને ક્યારે ખબર પડે? હવે તો આ પદ્ધતિ ઓછી થઈ ગઈ છે. જેમ મિલિટરીના રિપોર્ટર હોય છે. એમના હાથમાં બંદૂક પણ હોય અને કેમેરો પણ હોય. જે વખતે એમને યુદ્ધ કરવું હોય એ યુદ્ધ કરે અને બીજા સમયમાં રિપોર્ટિંગ પણ ચાલતી રહે. યુદ્ધના રિપોર્ટર આ પ્રકારના હોય છે, ખાલી રિપોર્ટિંગ કરવા બેસે તો મરી જાય, કેમકે યુદ્ધની સ્થિતિની એવી માંગ છે. લડવું પણ છે અને રિપોર્ટિંગ પણ કરવી છે. આ પ્રેસ રિપોર્ટર સડકપર ચાલતા જેવા નથી હોતા. એમને બંને કામ નિભાવવા પડે છે. યુદ્ધસ્થળમાં જ્યારે ખાઈ ખોદવામાં આવે, એમાં બેસવું પડે, હાથમાં બંદૂક લેવી પડે, શત્રુ આવ્યા તો બંદૂક પણ ચલાવવી પડે અને જ્યારે યુદ્ધની સ્થિતિ થોડીક શાંત થઈ, ફાયરિંગ બંધ થઈ, તો એમને એની રિપોર્ટિંગ પણ ફટાફટ કરવી પડે કે યુદ્ધમાં આ થયું, આ થયું અને આ થયું.

આ ગોપિકાઓનું સ્વરૂપ પ્રભુએ જ્યારે ભજનીય સ્વરૂપ ધારણ કર્યું, તે વખતે યુદ્ધના જેવી ઈમરજન્સી પેદા થઈ ગઈ ત્યારે વર્ણન કરનારી ગોપિકાઓને ખુદને પાર્ટિસિપેટ કરવાની આવશ્યકતા પેદા થઈ ગઈ કે હવે રિપોર્ટિંગથી જ કામ ચાલી જાય એવી સ્થિતિ નથી રહી. એટલા માટે પ્રભુએ જ્યારે ભજનીય રૂપ ધારણ કર્યું, તો ગોપિકાઓ ભક્ત બનીને આવી ગઈ, ભક્ત બનીને પ્રકટ થઈ. ત્યારે **'વલ્ગુવાક્ય'** જે કર્મકાંડના વાક્ય હતા અને **'બુધમનોજ્ઞયા'** જે શ્રુતિરૂપા ગોપીઓને મોહ કરવાવાળા વાક્ય હતા, અને ઋષિરૂપા ગોપિકાઓને મોહ કરવાવાળા વાક્ય હતા, એ **''મધુરયા ગિરા''** છે. એ મધુરગિરાથી અમે જે **'વિધિકરી'** છીએ, તું જે પ્રકારથી કહે છે એ પ્રકારથી અમે અનુસરણ કરવાવાળી છીએ, જો અમને મોહ થઈ રહ્યો હોય તો એ મોહથી અમને ઉગારનાર તારા સિવાય બીજો કોણ હોઈ શકે?

**આજ્ઞાકારિણીઃ સેવાકારિણીઃ વા. અસામર્થ્યન્તુ તવ નાસ્તિ ઈતિ આહુઃ હે વીર! ઈતિ.** હવે કહી રહી છે કે તમને મોહ ઉત્પન્ન થઈ રહ્યો છે તો હું શું કરું? આમ તું નથી કહી શકતો. જ્યાં સુધી તું વીર છે. **શૌર્યં હિ આર્તાનામ્ આર્તિનિરાકરણાર્થમ્.** કેમકે બધા શૌર્ય, બધી વીરતા, એનું પ્રયોજન શું છે કે જે આર્ત છે, જે દુઃખી છે, એની આર્તિનું નિરાકરણ કરવું. **ઈમા ઈતિ પ્રદર્શેન ક્ષણમાત્રવિલમ્બેન મરિષ્યન્તિ ઈતિ સૂચિતમ્.** આ સાત્ત્વિક-સાત્ત્વિક બહુ ચતુર

છે. ખુદની વાત નથી કરી રહી પરંતુ બધાની વકીલાત કરી રહી છે કે જો તું એક ક્ષણમાં પ્રકટ ન થયો, તો આ બધી જે મોહની અવસ્થાને પ્રાપ્ત થઈ છે એની અંતિમ અવસ્થા આવવામાં થોડીક જ વાર છે.

**નનુ વાઙ્માત્રેણ કથં મોહનિવૃત્તિઃ ઈતિ ચેત્**, કહે કે ખાલી વાઙ્માત્રથી મોહનિવૃત્તિ કેવીરીતે થઈ જશે? **મધુરયા ગિરા, આપ્યાયયસ્વ નઃ. મોહો હિ માયારૂપઃ, સ ભગવત્સ્વરૂપેણૈવ નિવર્તતે સચ્ચિદાનન્દરૂપેણ. તત્ર તવ વાણી આનન્દરૂપા ઈતિ આહ મધુરયા ઈતિ.** મોહ માયારૂપ છે. માયારૂપ હોવાના કારણે, **"દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા મામેવ યે પ્રપદ્યન્તુ માયામ્ એતાં તરન્તિ તે"** (ભગ.ગીતા ૭/૧૪). આ મારી માયા દુરત્યય છે, ઓળંગી ન શકાય એવી માયા છે. પરંતુ જે મને પ્રપન્ન(શરણાગત) થાય છે, એજ આ માયાને તરી શકે છે. આમ કહીને પ્રભુએ આ જતાવ્યું છે કે જો મને પ્રપન્ન થશો તો તમે માયાને તરી શકશો. તો અમે તો પ્રપન્ન થઈને બધી જગ્યાએ શોધી લીધો. આમ કહે છે કે **"પ્રપચ્છુઃ આકાશવદ્ અન્તરં બહિર્ ભૂતેષુ સન્તં પુરુષં વનસ્પતીન્"** (ભાગ.પુરા.૧૦/૨૭/૪). અમે તો સર્વત્ર શોધી લીધો વૃક્ષ-વૃક્ષથી પૂછીને શોધ્યો, ઝાડીઓ ઝાડીઓમાં શોધ્યો, લતા-લતાઓમાં શોધ્યો પરંતુ ન મળ્યો.

આટલા માટે પ્રાર્થના કરી રહી છે કે અમે તો પ્રપન્ન થઈને શોધી લીધો, હવે તું કહે કે મને જે પ્રપન્ન થશે તે માયાને તરી જશે. અમે પ્રપન્ન થઈને શોધી ચુકી છીએ પરંતુ હવે તું પ્રપન્ન થઈ જા, તું પ્રપન્ન થઈ જા અને તું અમને શોધી લે તો બધા પ્રશ્નનું સમાધાન થઈ જશે. તારી પ્રપત્તિનો આકાર શું? **મધુરયા વાણ્યા. મધુ અસાધારણો રસઃ તદ્યુક્તા મધુરા. વલ્ગુ મનોહરં વાક્યં યત્ર, વાક્યસ્ય મનોહરત્વં સત્ય-પ્રિય-પ્રતિપાદકત્વેન, અતઃ સદ્રૂપતા નિરૂપિતા.** કહે કે તારા પ્રપન્ન થવાના બે રૂપ છે કે જે વાણીથી તેં અમારા અંદર આ મોહ ઉત્પન્ન કર્યો છે, એ મધુરવાણી અમને એક વખત પાછી સંભળાવ. તારી વાણીને એક વખત સાંભળીએ તો અમારા મોહ નિવૃત્ત થઈ જશે. આ જે બેહોશ પડેલી ગોપિકાઓ છે, એનામાં ફરીથી હોશ આવી જશે, આ સૂઈ રહેલી ગોપિકાઓ જો તારી મધુર વાણી એક વખત ફરીથી સાંભળે તો ફરીથી ઉઠીને ઊભી થઈ જશે.

(બુધમનોજ્ઞયા ગિરા)

**બુધાનાં મનોજ્ઞા આહ્લાદકારિણી, અનેન જ્ઞાનરૂપા નિરૂપિતા–તે હિ જ્ઞાનેનૈવ રતા ભવન્તિ.** કહે કે તારી વાણી કેવી છે? બુધ લોકોના મનને પણ હરણ કરવાવાળી છે. એને જે મોહ ઉત્પન્ન થાય છે, તે પોતાના મનમાં નિરંતર તારા એ હાસને, તારા મધુર નેત્રોને સ્તુતિને દૂર નથી કરી શકતા, એટલા માટે આમને મોહ ઉત્પન્ન થઈ રહ્યો છે, બુધ મનોજ્ઞ વાણી મતલબ જે બુધ છે, એમના મનનું પણ હરણ કરનારી વાણીને જે તેં આમને એક વખત સંભળાવી તો આમનું મન બીજી વખત તું હરે તો કદાચ એમનો મોહ દૂર થઈ જશે.

(પુષ્કરેક્ષણ!)

**મુખે નયને વર્તેતે ઈતિ તયોરપિ વ્યાપારં કૃત્વૈવ વક્તવ્યમ્ ઈતિ આહુઃ પુષ્કરેક્ષણ! ઈતિ. પુષ્કરેક્ષણ! ઈતિ, કમલવત્ પરતાપાપહારકે ઈક્ષણે યસ્ય.** અને કેવું? પ્રભુને સંબોધન કરીને કહે છે કે તારા નેત્ર કેવા છે? જેમ કમળની એક પાંદડી હોય.

બિહારી બહુજ સુંદર કહે છે **''અમી હલાહલ મદ ભરે, શ્વેત શ્યામ રતનાર. જિયત મરત ઝુક ઝુક પરત, જિહિં ચિતવત ઈક બાર''** (બિહારી). નેત્રમાં ત્રણ રંગ હોય, એક શ્યામ રંગ નેત્ર ગોલક હોય, એક શ્યામની આજુબાજુ જે સફેદ રંગ હોય તે અને એને ફરતી થોડી થોડી લાલ રંગની રેખાઓ હોય છે એ. ત્રણ રંગ હોય. **''અમી હલાહલ મદ ભરે''** સફેદ રંગ છે એ તો અમૃતનો રંગ છે. જે કીકીનો રંગ છે તે હળાહળ વિષનો કાળો રંગ છે, શ્યામ રંગ છે. થોડા થોડા લાલ રંગની રેખાઓ મદની રેખાઓ છે. **''શ્વેત શ્યામ રતનાર.''** એક વખત જોવાથી એક સાથે ત્રણ પ્રભાવ ઉત્પન્ન થાય છે. કેમકે ત્રણેય રંગમાં રંગાયેલ છે. અમીનો રંગ છે, વિષનો રંગ છે, મદનો રંગ છે. એક નેત્રમાં ત્રણ રંગ છે, જેને લીધે કેવળ એક વખત જોવાથી ત્રણેય પરસ્પર વિરોધ પ્રભાવ પ્રકટ થાય. **''જિયત મરત ઝુકિ ઝુકિ પરત જિહિ ચિતવત ઈકબાર.''** જો તું એક વખત આ નેત્રોથી કોઈને જોઈ લે, એ જીવી રહ્યો હોય તો મરવા લાગી જાય, મરી રહ્યો હોય તો જીવવા લાગી જાય અને મરે નહીં તો ઝુકી ઝુકી જશે. જેને તેં એક વખત આ દૃષ્ટિથી જોઈ લીધો તે પછી તે આ દૃષ્ટિથી બીજાને જોવા નહીં માગે. એની નજરો ઝુકી જાય. જેમ નશામાં

માણસની આંખો ઝુકી જાય, તેમ એની આંખો ઝુકી જાય, જેને તું એક વખત પોતાની **પુષ્કરેક્ષણ** દષ્ટિથી જોઈ લે.

કોઈ કવિ કહે છે **"જાકે લગે સો જાને વ્યથા પરપીરકો કોઉ ઉપહાસ કરે ના. નેકસી કાંકરી આંખ લગે, સો તો પીર તે નેકઉ ધીર ધરે ના. સાગર જો ચુભિ જાત હે ચિત્તમેં કોટિ ઉપાય કરો પે ટરે ના. અરી એરી ભટૂ કલ કૈસે પરે, જબ આંખમેં આંખ પરે નિકરે ના!"** (સાગર) આ પુષ્કરેક્ષણ નેત્રોથી જેને તેં એક વખત જોયો એને નિરંતર મોહ થવો સ્વાભાવિક છે. **મોહો હિ મરણપૂર્વાવસ્થારૂપઃ**[1]. મોહ મરણના પહેલાની અવસ્થા રૂપ પણ છે. મદ છે તે મોહાવસ્થા પણ છે અને જીવી રહી છે કથંચિત આ જ સ્ફૂર્તિમાં જીવી રહી છે, આ અર્થમાં શ્વેતાવસ્થા પણ છે. એટલા માટે આચાર્યચરણ આજ્ઞા કરે છે **પુષ્કરેક્ષણ! ઈતિ. કમલવત્ પરતાપાપહારકે ઈક્ષણે યસ્ય. કિંચ અધરસીધુના અધરામૃતેન ચ આપ્યાયયસ્વ, વક્તવ્યાઃ દ્રષ્ટવ્યાઃ પાયયિતવ્યા ઈતિ. મૂર્છિતાનાં હિ મૂર્ચ્છાનિવારણાર્થં મહામન્ત્રાઃ પઠયન્તે, કમલાદીતિ ચ શીતલદ્રવ્યાણિ સ્થાપયન્તે. સર્વથા અસાધ્યે અમૃતમપિ પાપ્યતે. અતિગોપ્યાન્ વા રસાન્ પાયયન્તિ.** જો કોઈ બેહોશ થઈ જાય, તો શું શું કરવું પડે? આપણે એના કાનપાસે જઈને ઘડીએ ઘડીએ બોલીએ છીએ કે "અરે ભાઈ સાંભળે છે શું? અરે બેહોશ થઈ ગયો છે શું?" એના કાનમાં ઘડીએ ઘડીએ એનું નામ બોલવું પડે. આપણે આ તપાસ કરવા માગીએ કે કેટલો હોશ આવ્યો? ઠંડી ઠંડી વસ્તુ જેમ પાણી છાંટીએ. એ કરવું પડે કે જેથી એને હોશ આવે. અને શું કરવામાં આવે કે દવાઓ આપવામાં આવે. તો કહે છે એ પ્રકારથી અમારા માટે તારે ત્રણેય ઉપાય કરવા પડશે. અમારા કાનમાં આવીને બોલ એ મધુર વાણીને જેનાથી અમારો મોહ તૂટે. અમને તારી તાપહારક કમળના જેવી દષ્ટિથી આવીને જો. એ દષ્ટિને જો તું અમારા મુખપર નાખીશ તો અમારા માટે એ ઠંડકનું કામ કરશે. એનાથી અમારો મોહ કદાચ તૂટી શકે. **અધરસીધુના**

---

([1]"ચક્ષુરાગો મનઃસંગઃ સંકલ્પો જાગરસ્તથા કૃશતા વિષયદ્વેષો લજ્જાત્યાગસ્તથૈવ ચ ઉન્માદમૂર્ચ્છે મરણં પ્રેમ્ણોઽવસ્થાઃ ઈમાઃ મતાઃ". (વાત્સ્યા.કા.સૂ.) કેષાંચિન્મતે ત્વેતાસ્ત્વપરેષાં મતે અન્યથા."અભિલાષાશ્ચિન્તનશ્ચ સ્મૃતિશ્ચ ગુણકીર્તનમ્ ઉદ્વેગશ્ચ પ્રલાપશ્ચોન્માદચ વ્યાધિરષ્ટમા જડતા નવમી જ્ઞેયા મરણં દશમં સ્મૃતમ્." (સંપાદક))

**આપ્યાયયસ્વ નઃ.** અને એ ઔષધિ અમને દે તો જઈને અમારો મોહ તૂટી શકે. **ઈયં તુ મૂર્છા ન અલ્પેન નિવારયિતું શક્યા ઈતિ વીર! ઈતિ સમ્બોધનમ્.** આ મૂર્છા એટલી જબરદસ્ત મૂર્છા છે કે જ્યાંસુધી પૂરા દિલથી તું આનો ઉપચાર નહીં કરે, ત્યાંસુધી આ મૂર્છા નિવૃત્ત નહીં થઈ શકે.

**અનેન અન્તિમાવસ્થા પ્રદર્શિતા. પૂર્વપ્રાર્થિતાશ્ચ અર્થાઃ સ્મારકત્વેન અધિકમૂર્છાહેતવો જાતાઃ.** જે પહેલાની પ્રાર્થનાઓ ગોપિજનોએ કરી, એ પ્રાર્થનાઓથી મૂર્છા વધારે ઊંડી થતી જઈ રહી છે અને આ ઊંડી થઈ રહેલી મૂર્છામાં જો પ્રભુ પ્રકટ ન થાય તો એમની મૂર્છાને દૂર કરવાનો ઉપાય થઈ નથી શકતો. **મધુરયા ગિરા..અધરસીધુનાપ્યાયયસ્વ નઃ.**

***

## ॥ શ્લોક : ૯ ॥

**ઉત્થાનિકા :**

**એવં પદાર્થચતુષ્ટયં સંપ્રાર્થ્ય તદદાને સ્વયમેવ હેતુમ્ આશંક્ય પરિહરન્તિ તવ કથામૃતં...**

**વિવરણમ્ :**

**"મધુરયા ગિરા.. અધરસીધુનાપ્યાયયસ્વ નઃ"** આ આઠમા શ્લોકમાં જે નિર્ગુણગોપિકા હતી એની બાબતમાં સાત્ત્વિકી-સાત્ત્વિકીએ જે કહ્યું હતું, પ્રાર્થના કરી હતી પ્રભુના મુખારવિંદના દર્શનની પ્રભુના હસ્તકમળની, પ્રભુના ચરણારવિંદની સ્વરૂપથી હસ્તથી ચરણથી મુખથી જે પ્રકારથી પ્રભુ ભક્તનો ઉપકાર કરી શકે, એ પ્રકારની પ્રાર્થના એમણે અલગ અલગ કરી. આચાર્યચરણે કહ્યું હતું **"પૂર્વોક્તમપિ સર્વં હિ યાવત્ સ્પષ્ટં ન ભાષતે તાવત્ સરસતાં યાતિ ન કદાચિદ્ ઈતિ સ્થિતિઃ"**. આ ન્યાયથી જે પણ કાંઈ પહેલા કહેવામાં આવ્યું એની વાતને સ્પષ્ટ કરવામાટે નિર્ગુણગોપિકાએ એક ઉપસંહારક એના બધા તાત્પર્યની પ્રાર્થના કરી. હવે આ ગોપિકા રાજસ સાત્ત્વિકી કેમકે સાત્ત્વિકી છે, એટલા માટે આનો ટોન્ નિર્ગુણની સાથે ઝુકી જાય છે. હવે તમને આ બધી વાતો ક્લિષ્ટ લાગી પરંતુ તમે પહેલાનો પ્રસંગ સાંભળ્યો હોત તો આ વાત સ્ફુટ થઈ જાત. થોડીક વારમાં સ્ફુટ થઈ જશે, (ચિંતા ન કરતા).

**એવં પદાર્થચતુષ્ટયં સંપ્રાર્થ્ય તદદાને સ્વયમેવ હેતુમ્ આશંક્ય પરિહરન્તિ તવ કથા... ઈતિ.** રાજસનો સ્વભાવ શંકાનો સ્વભાવ છે. સંદેહ શંકા આ બધા રાજસ ગુણના કારણે વિશેષ થાય. આ રાજસમાં સાત્ત્વિકી છે. એટલા માટે શંકા આને થાય છે અને આ ખુદ એનું સમાધાન કરે છે. કેમકે **"સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનમ્"** (ભગ.ગીતા૧૪/૧૭). રાજસી હોવાના કારણે જે કાંઈ આના પહેલા ગોપિકાઓએ પ્રાર્થના કરી, એ પ્રાર્થનાઓના ઔચિત્યપર આને શંકા થાય. આ પ્રાર્થનાઓ ઉચિત નથી થઈ. પછી એ શંકાઓનું સમાધાન પણ આ કરે છે. આચાર્યચરણ આજ્ઞા કરે છે **એવં પદાર્થચતુષ્ટયં સંપ્રાર્થ્ય** મતલબ એકે હસ્તકમળની પ્રાર્થના કરી કે તમારો હસ્તકમળ અમારા માથાપર ધરીને અમને અભય આપો **"કરસરોરુહં... શિરસિ ધેહિ નઃ"**. બીજી ગોપિકાએ જે આ

પ્રાર્થના કરી, અમને તમારા મુખારવિંદના દર્શન કરાવો **"જલરુહાનનં ચારુ દર્શય"**. ત્રીજીએ પ્રાર્થના કરી કે તમારા ચરણારવિંદને અમારા પર સ્થાપિત કરો **"તે પદામ્બુજં કૃણુ કુચેષુ નઃ"**. ચોથીએ કહ્યું કે તમારી વાણીથી અમારી સાથે કાંઈક બોલો, અધરામૃતની પ્રાર્થના કરી **"અધરસીધુના આપ્યાયયસ્વ નઃ"**. તો આ ચાર પ્રાર્થના કરી અને પ્રભુ પ્રાર્થનાને સાંભળીને પ્રકટ ન થયા તો એને સંદેહ થઈ રહ્યો છે કે પ્રાર્થનામાં ક્યાંક ગડબડ થઈ ગઈ શું? શું ગડબડી થઈ હશે એ વિચારે છે પોતાના રાજસસ્વભાવની ચંચળતાના કારણે. એમ લાગે ક્યારેક મનમાં કે પ્રાર્થના તો જે ભક્ત હોય એની સાંભળવામાં આવશે. અમે હજી ભક્તિ ક્યાં કરી છે કે પ્રભુ અમારી પ્રાર્થના સાંભળે? તો જ્યારે ભક્તની જ પ્રાર્થના સાંભળવામાં આવશે તો પ્રાર્થનાનુસાર નિતરાં ફલ તો ભક્તને જ મળશે. દરેકની પ્રાર્થનાનુસાર ફલ તો મળવાનું નથી.

**શ્લોક :**

**તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્ ।।**
**શ્રવણમંગલં શ્રીમદાતતં ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા અજનાઃ।।૯।।**

**સુબોધિની :**

**નનુ સર્વમ્ ઈદં પ્રાર્થિતં ભક્તેભ્યો દેયં નતુ અભક્તેભ્યઃ. અભક્તત્વંચ વિરહેડપિ જીવનાદ્ અવસીયતે. ભગવાંસ્તુ સર્વનિરપેક્ષઃ. ન તસ્ય ભવજ્જીવનેન કાર્યં, લક્ષ્મીસદશ્યો યસ્ય કોટિશો દાસ્યઃ. અતઃ "ત્વયિ ધૃતાસવ" ઈત્યપિ અસંગતમ્. તસ્માદ્ વ્યર્થમેવ પ્રાર્થનમ્ ઈતિ આશંક્ય પરિહરતિ – ન ઈદં જીવનમ્ અસ્મત્કૃતિસાધ્યં કિન્તુ તવ કથા વિરહેણ પ્રાણાનાં ગમને પ્રતિબન્ધં કરોતિ. કથાયાઃ પુનઃ યથા તવ સામર્થ્યં તથા; સાપિ ષડ્ગુણાત્મિકા મોક્ષદાયિની પરમાનન્દરૂપા ચ, તદાહુઃ તવ કથા અમૃતમિવ. અમૃતં ભગવદ્રસાત્મકં, સર્વેષાં મરણાદિનિવર્તકં યદ્ રૂપં તદ્ "અમૃત"શબ્દેન ઉચ્યતે. અતો મોક્ષદાતૃત્વં પરમાનન્દરૂપતા ચ સિદ્ધા. ઈદાનીં ષડ્ગુણાન્ નિરૂપયન્તિ તપ્તજીવનમ્ ઈત્યાદિ ષડ્ભિઃ પદૈઃ. તપ્તા યે સંસારે તેષાં જીવનં યસ્માત્. અમૃતં હિ તાપનિવર્તકં પ્રસિદ્ધમેવ. વૈરાગ્યં ચ ભગવતો જ્ઞાનં વા સર્વતાપનિવર્તકમ્. યત્સંસ્કારયોગ્યં તદ્ જ્ઞાનેન નશ્યતિ યદયોગ્યં તત્પરિત્યાગેન. અતએવ સ્માર્તૈઃ સંસ્કારાશક્તૈઃ પરિત્યાગએવ બોધ્યતે. અતો જ્ઞાનં વૈરાગ્યં ચ તાપનાશકે ભવતઃ. આપાતતઃ**

તાપનાશકત્વં જલાદાવપિ વર્તત ઈતિ તદર્થમ્ આહ કવિભિઃ ઈડિતમ્ ઈતિ. કવિભિઃ  સર્વૈરેવ શબ્દાર્થરસિકૈઃ જ્ઞાનિભિઃ ઈડિતં જ્ઞાનં વૈરાગ્યં વા. આપાતતઃ સ્રીષુ તથાત્વમ્ અસ્તીતિ તદ્વ્યાવૃત્ત્યથમ્ આહુઃ કલ્મષાપહમ્ ઈતિ. કલ્મષં પાપમ્ અપહન્તિ ઈતિ. ''ઐશ્વર્યસ્ય સમગ્રસ્ય ધર્મસ્ય'' (દ્ર.વિષ્ણુપુરા. ૬/૫/૪૭) ઈત્યપિ કવચિત્ પાઠઃ અલૌકિકસાધકં ચ વીર્યં મહત્ તદ્ધર્મરૂપમેવ ભવતિ. ધર્મ્યં ચ પુનઃ કલ્મષનિવર્તકં ભવતિ, પૂર્વોક્તધર્મવિશિષ્ટં ચ. કથાયાશ્ચ તથાત્વં સર્વત્ર પ્રસિદ્ધમ્. પ્રાયશ્ચિત્તાદીનામપિ આપાતતઃ તથાત્વમ્ અસ્તીતિ તદ્વ્યાવૃત્ત્યર્થમ્ આહ શ્રવણમંગલમ્ ઈતિ. તદ્ગોમયાદિ-લેપનાત્મકમ્ ઉપવાસાત્મકં ચ સ્વરૂપતોઽપિ અમંગલં ઘોરાત્મકત્વાત્ શ્રવણેઽપિ અમંગલમ્, ઈદન્તુ ઉદારચરિતં શ્રુતમેવ આનન્દં જનયતિ ઈતિ અનુભવસિદ્ધત્વાત્ શ્રવણમંગલમ્. તેન કીર્તિતુલ્યતા નિરૂપિતા. પુત્રજન્માદિશ્રવણસ્યાપિ કિંચિદ્ધર્મસામ્યાત્ શ્રવણમંગલત્વમ્ આશંક્ય તદ્વ્યાવૃત્ત્યર્થમ્ આહ શ્રીમદ્ ઈતિ. તદ્ધનવ્યયસાધકં નતુ ધનસાધકં, કથામૃતં તુ લક્ષ્મ્યાઽપિ અપેક્ષિતત્વાત્ તદ્યુક્તં ભવતિ. તેન શ્રોતુઃ વક્તુશ્ચ તત્સિદ્ધિઃ. રાજયપ્રાપ્તિશ્રવણં તથા ભવતીતિ તદ્વ્યાવૃત્ત્યર્થમ્ આહ આતતમ્ ઈતિ. આ સર્વતઃ તતં વ્યાપ્તમ્; રાજ્યાદિકન્તુ પરિચ્છિન્નં, ભગવતઃ ઐશ્વર્યન્તુ ન તથા, અન્તર્બહિઃ સર્વેષાં સર્વથા વ્યાપ્તમ્ ઈતિ. કથામૃતંચ પુનઃ સર્વલોકાન્ વ્યાપ્ય તિષ્ઠતિ, સ્વસામર્થ્યં સર્વત્રૈવ સમ્પાદયતિ. તસ્માત્ સ્વરૂપતો ધર્મતઃ ચ ભવત્સદશી ભવત્કથા ઈતિ તયા કૃત્વા જીવનં, નતુ સ્વતઃ અનેન ઉત્કર્ષોઽપિ ઉક્તઃ - ત્વં કદાચિન્ મારયસ્યપિ, કથામૃતં તસ્મિન્નપિ કાલે જીવયતિ ઈતિ. ભગવાન્ સ્વતન્ત્રઃ કથામૃતં પરતન્ત્રમ્ ઈતિ એતાવાન્ વિશેષઃ. ત્વં ચ અવતારે બ્રહ્માદિભિઃ પ્રાર્થિત આગચ્છસિ, આગતોઽપિ તિરોભવસિ, કથા તુ સમાગતા ન તિરોભવતિ. અતએવ તાદશં કથામૃતં યે ભુવિ ગૃણન્તિ તએવ ભૂરિદાઃ બહ્વર્થદાતારઃ. યે ઈતિ પ્રસિદ્ધાઃ વ્યાસાદયઃ. ભૂરિદાશ્ચ તે અજનાશ્ચ. તે કેવલં ભગવદ્રૂપાઃ જનનાદિદોષરહિતા વા. પરં વિરલમ્ અમૃતં કેવલં મરણોપસ્થિતૌ તન્નિવર્તકમેવેતિ, નતુ સંભૂય એકત્ર રસજનકમ્. રસપિંડયોરિવ તવ કથાયાશ્ચ વિશેષો, અન્યથા કથાર્થમેવ યત્નઃ કૃતઃ સ્યાત્. પરં વિરહે મરણનિવર્તકત્વેન તદુપયોગ ઈતિ ભગવત્ત્વેન સ્તૂયતે. અતઃ તૈઃ ભગવત્કથાકથકૈઃ બહુ દત્તમ્ ઈતિ તદ્વશાદ્ જીવનમ્. એતત્સાત્ત્વિક્યાઃ।।૯।।

**વિવરણમ્ :**

આચાર્યચરણ કહે છે **નનુ સર્વમ્ ઈદં પ્રાર્થિતં ભક્તેભ્યો દેયં નતુ અભક્તેભ્યઃ.** અને તમે તો પ્રાર્થના એવી કરી રહી છો જે અભકતને ક્યારેય આપી ન શકાય. અરે પ્રાર્થના કરી રહ્યા છીએ, ભક્તિ ન હોત તો પ્રાર્થના શામાટે કરત? તો કહે કે સાચી ભક્તિ તમારા હૃદયમાં હોત તો ભક્તિનો સ્વભાવ સ્નેહનો હોય છે. **તદ્વિના સ્થાતું અશક્યઃ,** આ સ્નેહનો સ્વભાવ, જો ખરેખર ભક્તિ તમારામાં છે, તો પ્રભુના વગર તમારી સ્થિતિ ન રહેવી જોઈએ. હવે પ્રભુના વગર તમારી સ્થિતિ છે, તો શું સિદ્ધ થાય છે કે તમારી ભક્તિમાં ક્યાંકને ક્યાંક કોઈ ન્યૂનતા છે.

**અભક્તત્વંચ વિરહેડપિ જીવનાદ્ અવસીયતે.** ભગવાનના વિરહમાં તમારાથી રહી શકાય છે, વિરહ સહ્ય છે, આ જ ભક્તિની અપૂર્ણતાનું દ્યોતક છે. જો પૂર્ણ ભક્તિ હોત, તો ભગવદ્વિરહ સહ્ય ન થાત. આ તો પ્રાર્થના કરવાવાળાના સ્વભાવનો વિચાર. હવે પ્રભુના સ્વરૂપનો વિચાર કરીએ તો **ભગવાંસ્તુ સર્વનિરપેક્ષઃ ન તસ્ય ભવજ્જીવનેન કાર્ય.** પ્રભુ તો નિરપેક્ષ છે, તો થોડીક જ્ઞાનની સ્થિતિ અપનાવી લઈએ તો **''અજો નિત્યઃ શાશ્વતો અયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે''** (ભગ.ગીતા.૨/૨૦). એ સ્થિતિમાં ભગવાનને કોઈના મરવાથી કે જીવવાથી કાંઈ ફરક પડતો નથી. કેમકે પ્રભુએ જે પ્રકારથી જીવનું રૂપ ધારણ કર્યું છે, તો જીવનથી કે મૃત્યુથી જીવની ક્ષતિ તો થતી નથી. જન્મ અને મરણથી જે દેહની ક્ષતિ થાય છે, એ દેહ તો ક્ષયિષ્ણુ છે. કયારેકને ક્યારેક તો એનો ક્ષય થવાનો જ છે. એ ધ્રુવ છે. **''જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ ધ્રુવં જન્મ મૃતસ્ય ચ. તસ્માદ્ અપરિહાર્યે અર્થે ન ત્વં શોચિતુમ્ અર્હસિ''** (ભગ.ગીતા.૨/૨૭). એ ન્યાયથી આ દેહના શોકની સંભાવના નથી. આત્માના જન્મ મરણ નથી તો એમાં શોકની સંભાવના નથી. આ સ્થિતિમાં જીવના જન્મમરણથી જીવને શોક-મોહ તો અજ્ઞાનના કારણે થાય છે. અજ્ઞાનના કારણે અહંતા-મમતામાં બંધાય છે. અજ્ઞાનના કારણે જીવને દેહમાં અપેક્ષા બંધાય છે. એવી અપેક્ષા પ્રભુને નથી. પ્રભુ સર્વતઃ નિરપેક્ષ છે. તો આ જીવના જન્મ અને મરણથી પ્રભુને શું હાનિ-લાભ થનારા છે! જ્યારે હાનિ-લાભ નથી, તો સમજો કોઈ ગોપીએ વિપ્રયોગમાં દેહત્યાગ કરી પણ દીધો, તો

પ્રભુને એમાં કોઈ શોક-મોહ નથી. **ન તસ્ય ભવજ્જીવનેન કાર્યં.** આ તો જ્ઞાનની દૃષ્ટિથી વિચાર કર્યા. **લક્ષ્મીસદૃશ્યો યસ્ય કોટિશો દાસ્યઃ. અતઃ ''ત્વયિ ધૃતાસવ'' ઈત્યપિ અસંગતમ્.** લક્ષ્મીના સદૃશ પ્રભુની કોટિશઃ દાસીઓ છે. તો ત્વયિ ધૃતાસવ આ જે માગણી કરી રહી છે કે અમે આના માટે જીવિત છીએ કે તારામાં અમારા પ્રાણ લાગેલા છે, મતલબ **''ભઈ હે ઉદાસ તોહૂ હે મિલનકી આસ.''** અને **''ત્વયિ ધૃતાસવ ત્વાં વિચિન્વતે''** આ જે વાત કહી તે રાજસીને લાગે કે આ વાત બરાબર નથી કહી. અરે **''ત્વયિ ધૃતાસવ''** ભગવાનના હેતુથી પ્રાણધારણ કર્યા છે, ભગવાન્ પ્રકટ નથી થઈ રહ્યા તો પ્રાણ છોડી દો. જો ખરેખર ભગવાનના માટે પ્રાણ ધારણ કરેલા હોય તો અને છૂટી જતા પણ હોય તો પ્રભુને કોઈ હાનિ નથી. હવે આ પણ રાજસતાના કારણે એને ભાન થાય છે. સમજો ખરેખર કોઈએ પ્રાણ છોડી દીધા, તો એને સંદેહ થાય કે પ્રભુ પછી પણ ન મળ્યા તો?

કોઈ શાયરે કહ્યું છે **''ઘબરાકે કેહતે હેં કિ મર જાયેંગે. મરકે ભી ન ચૈન પાયા તો કહાં જાયેંગે.''** મરી તો જઈશું. મરવાથી જો ચેન મળતું હોય તો મરી જઈશું, રાજસ છે ને! પરંતુ મનમાં સંદેહ થાય કે મરીને પણ ચેન નહીં મળે તો ક્યાં જઈશું? તો આવું એને થઈ રહ્યું છે મરી તો જઈએ ચાલો. **''ત્વયિ ધૃતાસવ ત્વાં વિચિન્વતે.''** જો છતાંપણ પ્રભુ પ્રાપ્ત ન થયા, કેમકે જો પ્રભુ નિરપેક્ષ જ છે, જેમ ઐહિક જીવનમાં પ્રભુને અપેક્ષા નથી, તો એવીજ રીતે અનૈહિક જીવનમાં. અરે જેમાં આત્માની નિત્યતા છે એમાં જ પ્રભુને કઈ અપેક્ષા હશે! આ નિરપેક્ષ છે તો નિરપેક્ષ છે. હવે નિરપેક્ષને કેવીરીતે સાપેક્ષ બનાવવો એના મનમાં આ સંદેહ છે. શું કરીએ કે પ્રભુ સાપેક્ષ બની જાય? એને આ સમજમાં આવી જાય કે ચાલ તું નિરપેક્ષ છે તો રહે પરંતુ અમે તો સાપેક્ષ છીએ. આ વાત એને કેવીરીતે કન્વે કરવામાં આવે? અમારી અપેક્ષાને ગૌણ ન સમજ, આ એ નિરપેક્ષને કેવીરીતે સમજાવવામાં આવે કે અમારી અપેક્ષા ગૌણ નથી.

**તસ્માદ્ વ્યર્થમેવ પ્રાર્થનમ્ ઈતિ આશંક્ય પરિહરતિ.** જો ભગવાન્ નિરપેક્ષ છે તો બધી પ્રાર્થનાઓ **'ત્વયિ ધૃતાસવઃ'** વગેરે બેકાર છે. પછી ખ્યાલ આવે કે આ વાત કહી તેથી પ્રભુ પ્રકટ ન થયા. જો બરાબર રીતે કહેવામાં

આવત તો પ્રકટ થાત. ક્યાંક કહેવામાં ભૂલ થઇ ગઇ. ***"ધૃતાસવ ત્વયિ વિચિન્વતે"*** આમ કહીએ કે તારા માટે પ્રાણ ધારણ કર્યા છે ત્યારે જ તો આ યુક્તિ આવે તો મરી કેમ નહીં જો પ્રકટ ન થયા તો, પ્રાકટ્ય ન થયું તો? ન થયા પરંતુ હવે તો પ્રાણત્યાગ થવા જોઇતા હતા. તો એને સુધારીને કહે છે કે અમે મરી નહીં તો એમાં અમારું કોઇ કારણ નથી પરંતુ તું ખુદ જ કારણ છે. અમારી ભક્તિનો અને અભક્તિનો પ્રશ્ન તો ગૌણ છે. અમારી ભક્તિ કે અભક્તિનો પ્રશ્ન અહીં મુખ્ય નથી. મુખ્ય વાત આ છે કે અમને વિપ્રયોગમાં પણ તારી કથા મરવા નથી દઇ રહી. અમે મરવા તો તૈયાર છીએ. ન પ્રાણ છૂટે તો શું કરીએ! માણસ મરી જાય તો પ્રાણ તો છૂટવા જોઇએ ને, ન નિકળે તો શું કરે!

શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે **"ત્વદ્‌વિયોગે ય આદ્યો મચ્છવાસો નિર્ગમદ્ બહિઃ તેનૈવ સહ ચેત્પ્રાણા ન યયુઃ તર્હિ કિં બ્રુવે."** (વિજ્ઞપ્તિ ૧/૨૭). કહે છે કે તારા વિપ્રયોગમાં, જે વખતે પ્રથમ શ્વાસ નિકળ્યો, હકીકતમાં એ પ્રથમ શ્વાસની સાથે જ પ્રાણ નિકળી જવા જોઇતા હતા પરંતુ ન નિકળ્યા. હવે બોલ હું તને બીજી કઇ સફાઇ આપું! નિકળવા જોઇતા હતા પરંતુ ન નિકળ્યા. કઇ સફાઇ થઇ શકે છે! તો આ સાત્ત્વિકી ગોપિકા કહી રહી છે કે એક આની સફાઇ છે અને એ સફાઇ છે કે **તવ કથામૃતં તપ્તજીવનં.** તારી કથા અમારા પ્રાણોને બાંધીને રાખે છે. છૂટવા નથી દેતી. તારી કથાનું એક એવું આકર્ષણ છે.

ઘનાનંદ બહુજ સુંદર કહે છે **"બહોત દિનાન્‌કી અવધિ આસપાસ પરે, ખરે અરબરનિ ભરે હૈં ઉઠિ જાનકો. કહિ કહિ આવન સંદેશો મનભાવનકોં ગહિ ગહિ રાખત હી દે દે સન્માનકોં. ઝૂઠી બતિયાનિકી પત્યાનિતેં ઉદાસ વ્હે કૈ, અબ ન ઘિરત ઘનાનન્દ નિદાનકોં. અધર લગે હૈં આનિ કરિવે પ્રયાન પ્રાણ ચાહતિ ચલન યે સંદેશો લે સુજાનકોં"** (ઘનાનન્દ). આ જવામાટે સર્વદા ઉદ્યત સામાન બાંધીને સર્વદા તૈયાર બેઠો છે.

અમારા પંડિતજીની વાત અમે તમને બતાવી ને! અમારા પંડિતજી રોજ બિસ્તરો બાંધતા, ઘરમાં જ રહેતા, ક્યાંય ન જતા પરંતુ સવારે ઉઠીને બિસ્તરો રોજ બાંધી લેતા. કેમ? ઇલેવન્થ અવરમાં કોઇ કહે કે 'ચાલો' તો બિસ્તરો બાંધેલો છે. એ વખતે એમ નહીં કે બાંધવાની જરૂરત છે. તો ભગવદ્‌વિપ્રયોગમાં ભક્તના પ્રાણ બિસ્તરો તો બાંધેલો છે, કથાનો દરવાજો જે

વખતે, કથાની હવા દરવાજાને બંધ રાખે તો બિસ્તરો બાંધેલ હોય તો પણ શું કામ આવે? એ નિકળવા જ ન દે. આ કથાની હવા એવી ચાલે, તો દરવાજો એનાથી જામ બંધ થઈ જાય. એમાંથી બહાર ઈચ્છે તો પણ નિકળી ન શકે. હવે કહે છે. **ન ઈદં જીવનમ્ અસ્મત્કૃતિસાધ્યં કિન્તુ વિરહેણ પ્રાણાનાં ગમને તવ કથા પ્રતિબન્ધં કરોતિ.** વિરહમાં પ્રાણ જવા માગે છે પરંતુ આ કથા અનવરત કાંઈક એન્ટી-પ્રોસેસ્ ચલાવે છે. જેમ રેડિયેટર ગાડીમાં પાણી સર્ક્યુલેટ કરતું રહે અને એંજીનને ઠંડુ કરતું રહે. જો રેડિયેટરમાં પાણી ભરેલું રહે અને સરક્યુલેટ થતું રહે તો તે એને ગરમ થવા ન દે. એમ કથા, કથામૃત પણ એવું જ છે. કથા બે પ્રકારની. એક ભગવત્કથા તો ભગવત્સંયોગાનુભવમાં અને એક કથા ભગવદ્વિપ્રયોગાનુભવમાં.

જે વખતે રામચંદ્રજી વનવાસ પૂરો કરીને પાછા પધાર્યા, તો ભવભૂતિએ બહુજ સુંદર બતાવ્યું છે કે જેટલા વનવાસના ચરિત્ર હતા, એને રામચંદ્રજીએ પોતાના અયોધ્યાના ભવનમાં ચિત્રિત કરાવ્યા. જ્યારે ચિત્રિત કરાવ્યા તો નાશિકની બાજુમાં એક પહાડી છે, જેનાપર શ્રીરામચંદ્રજી અને સીતાજીએ રાત્રિ નિવાસ કર્યો હતો. એ ચિત્ર જ્યારે આવ્યું તો રામચંદ્રજીનો એક બહુજ સુંદર શ્લોક છે. **''કિમપિ કિમપિ મન્દં મન્દમ્ આસક્તિયોગાદ્ અવિરલિતકપોલં જલ્પતોર્ અક્રમેણ અશિથિલપરિરમ્ભવ્યાપૃતૈકૈકદોષ્ણોર્ અવિદિતગતયામાઃ રાત્રિરેવ વ્યરંસીત્.''** (ઉત્ત.રામા.૧/૨૭). જ્યારે નાશિક આવ્યા હતા ત્યાંસુધી આ સૂર્પણખાનું કાંડ થયું ન હતું. સીતાહરણ નહોતું થયું. ત્યાંથીજ અરણ્યકાંડ ચાલુ થયું છે. નહીંતર ત્યાં સુધી તો એમની યાત્રા સુખદ રહી. તો પ્રથમ નિવાસ ત્યાં કર્યો. ત્યાં નીચે લક્ષ્મણકુંડ છે. આ બંને ઉપર ટેકરીપર રહ્યા હતા. વિશ્રામ કર્યો હતો. પહેલી વખત જ્યારે આ બંનેને વનોના નવા નવા અનુભવ થયા ત્યારે વનોની ચર્ચા રાતભર ચાલતી રહી. રાતભર આ ચર્ચા ચાલતી રહી કે અયોધ્યા કેવી છે, અયોધ્યાના લોકો કેવા છે અને વનમાં એ ઠેકાણું કેવું આવ્યું અને આ ઠેકાણું કેવું આવ્યું, **''અવિદિત ગતયામાઃ રાત્રિરેવ વ્યરંસીદ્''**. રાત્રિના પ્રહર ક્યારે પસાર થઈ ગયા એ ખબર ન પડી. શ્રીરામચંદ્રજી કહે કે આવી રાત્રિ વીતી ગઈ. મતલબ રાત્રિના કલાકો ક્યારે વિત્યા આ ખબર ન પડી, એવીરીતે આખી રાત્રિ જ વીતી ગઈ. કેમકે એ

સંયોગની રાત્રિ હતી. એના પછી તીવ્ર વિપ્રયોગની રાત્રિ આવી. એ રાત્રિઓ એવી રાત્રિઓ હતી કે જે રાત્રિમાં એ રાત્રિનું ક્યારેય સુખ થયું જ નહીં. તો આ સંયોગની કથા ભગવત્કથા, એક અલગ કથા છે. આ કથા **''જલ્પતો અક્રમેણ''** જે રાતભરમાં ચર્ચાઓ ચાલી, એનો ક્રમ ન હતો. એક ક્રમથી બીજો ક્રમ ચાલ્યો ગયો, બીજી વાતથી ત્રીજી વાત આવી ગઇ. ત્રીજી વાતથી વધારે વાત આવી ગઈ અને રાતભર કથા ચાલતી રહી. વગર ક્રમે ચાલતી રહી, એમાં કોઈ ક્રમ ન હતો છતાંપણ એટલી નિરંતર હતી કે એ કથા આખીરાતને વિતાવી શકી. ઘણાબધા કહે છે કે **''રાત્રિરેવં વ્યરંસિદ્''** એવો પાઠ છે.

કાલીદાસના એક શ્લોકમાં ભવભૂતિએ સંશોધન કર્યું કે તારા અમુક શ્લોકમાં મને આ સંશોધન ઉચિત લાગે છે. તો કાલીદાસે કહ્યું કે સારું પરંતુ મારે સંશોધન નથી કરવું, કોઈ પરિવર્ધન નથી કરવું, કેવળ એક શોધન કરવું છે અને એણે બિંદુ હટાવી દીધું. ભવભૂતિએ લખ્યું હતું **''અવિદિત ગતયામાઃ રાત્રિરેવં વ્યરંસીદ્.''** જે રાત્રિના કલાક ક્યારે વીતી ગયા ખબર ન પડી, આવીરીતે રાત્રિ વીતી ગઈ. કાલીદાસે **'રાત્રિરેવં'**પરથી બિંદુ હટાવી લીધો કે જે રાત્રિના કલાક ક્યારે વીત્યા ખબર ન પડી, **'રાત્રિરેવ'** થઇ ગયું. આવી રાત્રિઓ જ વીતી ગઇ વનમાં. હવે એવી રાત્રિ ન આવી અને બધી રાત્રિઓ આવી પરંતુ એવી રાત્રિ ન આવી. રામકથામાં નાશિકની એ ટેકરીપર જે રાત્રિ આવી એ રાત્રિઓ પાછી ફરીથી ક્યારેય ન આવી. **''રાત્રિરેવ વ્યરંસીદ્''**, એક બિંદુ હટાવીને કાલીદાસે પંક્તિનો અર્થ કેટલો બદલી દીધો!

ત્યાં ભગવાનના સંયોગાનુભવનું કથામૃત હતું, આ જે કથામૃત છે, આ વિયોગાનુભવનું કથામૃત છે. ફરક શું? ભગવાનના સંયોગમાં ભગવાનની સાથેના અનુભવનું કથામૃત છે. ભગવદ્વિપ્રયોગમાં ભગવાનના વિષયમાં ભગવત્કથા ભક્તોની હોય છે. ભગવાનની સાથે ભગવત્કથા, આપણે આપણા અનુભવ જ વિચારીએ, કે અહીં આવું થયું, અહીં તેવું થયું. આનો પણ એક બહુ આનંદ છે અને કોઈના વિષયમાં આપણે વિચારીએ તો તે આખું બીજું સ્વરૂપ છે.

**તવ કથામૃતં તપ્તજીવનં કવિભિઃ ઈડિતં કલ્મષાપહમ્. વિરહેણ પ્રાણાનાં ગમને તવ કથા પ્રતિબન્ધં કરોતિ. કથાયાઃ પુનઃ યથા તવ સામર્થ્ય તથાઃ; સાપિ**

**ષડ્ગુણાત્મિકા મોક્ષદાયિની પરમાનન્દરૂપા ચ.** કહે કે અમે શું કરીએ! તારી કથામાં એવું સામર્થ્ય છે જે તારામાં સામર્થ્ય છે. એ કથાને સાંભળવામાં અમારે તન્મય નથી થવું પડતું, કથા અમને તન્મય કરે છે. કારણ શું? કથા પણ ષડ્ગુણા છે. જેમ પ્રભુમાં ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય વગેરે ગુણ છે, આ જ પ્રકારથી કથામાં પણ છએ ગુણ છે. પરમાનંદ મોક્ષદાયિની છે. પરમાનંદરૂપ છે. આટલા માટે કથાને અમૃત કહેવામાં આવે. **તવ કથામૃતં** જેમ પ્રભુ સ્વરૂપથી મોક્ષ દાન કરે છે, એવીજ રીતે પોતાની કથાથી પણ પ્રભુ મોક્ષ દાન કરે છે. પ્રભુનું સ્વરૂપ જેમ આનંદાત્મક પરમાનંદાત્મક રસાત્મક છે, એજ પ્રકારથી કથાનું સ્વરૂપ પણ આનંદાત્મક પરમાનંદાત્મક રસાત્મક છે.

**અમૃતં ભગવદ્રસાત્મકં, સર્વેષાં મરણાદિનિવર્તકં યદ્રૂપં તદ્ 'અમૃત'શબ્દેન ઉચ્યતે.** આ ભગવાનનું એવું રૂપ છે કે જે પરીક્ષિતે સાંભળ્યું તો **''નૈષા અતિદુઃસહાક્ષુદ્ માં ત્યક્તોદમપિ બાધતે પિબન્તં ત્વન્મુખામ્ભોજચ્યુતં હરિકથામૃતમ્** (ભાગ.પુરા.૧૦/૧/૧૩). જલ પણ છોડી દીધું, કેમકે આ પણ મને બાધા નથી કરતું કેમકે કથામાં એવી આપ્યયાત્મકતા છે, આલ્હાદકતા છે કે તે એની વિસ્મૃતિ કરાવી શકે છે. **અતો મોક્ષદાતૃત્વં પરમાનન્દરૂપતા ચ સિદ્ધા. ઈદાનીં ષડ્ગુણાન્ નિરૂપયન્તિ તપ્તજીવનમ્ ઈત્યાદિ ષડ્ભિઃ પદૈઃ.** ભગવત્કથામાં ભગવાનમાં જેમ છએ ગુણ છે. ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય વગેરે એટલા માટે ગોપિકાઓ છ વાત કરી રહી છે કે ભગવત્કથા **તપ્તજીવન** છે, **કવિભિરીડિત** છે, **કલ્મષાપહા** છે, **શ્રવણમંગલ** છે, **શ્રીમદ્** છે અને **આતત્** છે. આટલા છ ગુણ છે અને આ ગુણ ભગવાનના એક એક ગુણની સમાન ગુણ છે.

**કલ્મષાપહા** મતલબ **કલ્મષં પાપં અપહરતિ દૂરી કરોતિ કલ્મષાપહં. કવિભિઃ ઈડિતમ્** કવિલોકો જેની પ્રશંસા કરે. જોકે ભગવદ્વિપ્રયોગ થયા પછી પહેલો શ્વાસ જે નિકળ્યો, એ શ્વાસની સાથે પ્રાણોને નિકળી જવું જોઈતું હતું પરંતુ નથી જઈ રહ્યા એમાં કારણ અમારું અભક્ત હોવું નથી પરંતુ તારી કથાનું અસાધારણ સામર્થ્ય જ હેતુ છે. તો કહે કે કથા કરીને કેમ પ્રાણને ટકાવી રાખો છો? કથા કરીને પ્રાણને ટકાવો કેમ છો? જેમ માણસ અનશન કરે અને લીંબુનું પાણી પીઈ-પીઈને જીવતો રહે. એમ જીવિત રહેવાની શું આવશ્યકતા છે?

જ્યારે અનશન કરી રહ્યા છો, તો ઉપર જવાની જલ્દીથી જલ્દી તૈયારી કરો. લીંબુનું પાણી પીઈને પોતાને ટકાવી રાખી રહ્યા છો એનો મતલબ છે કે તમે ભોજન નહીં પરંતુ ભોજનનું પરિણામ ઈચ્છી રહ્યા છો! તો ગોપિકાઓ જીવવામાટે કથા કરી રહી છે કે કથાના કારણે જીવી રહી છે? ગોપિકાઓ જીવિત રહેવામાટે કથાઓ નથી કરી રહી, કથા તો બરબસ ચાલી રહી છે. કેમકે કથા વગર રહી શકાતું નથી અને કથા બરબસ ચાલી રહી છે, એનાથી મરી પણ નથી રહી. આ ગોપિકા વકીલાત કરી રહી છે કે અમે જીવવામાટે કથા નથી કરી રહી પરંતુ કથા ચાલી રહી છે એના કારણે જીવિત છીએ. કથા કરી રહી છીએ એમાં અમારું કોઈ સામર્થ્ય નથી. કથા થઈ રહી છે, કથા કરવામાં નથી આવી રહી. કથા કરવામાં આવે અને કથા થઈ રહી છે. કથા કરવામાં નથી આવતી. કથા કરવામાં આવે અને કથા થઈ રહી હોય એનું અંતર શું છે?

અમને લોકો કહે કે ‘‘અમે માનસી સેવા કરીએ, જેવી-તેવી સેવા નથી કરતા.’’ પરંતુ માનસી સેવા કરવાની છૂટ નથી આપવામાં આવતી. માનસી સેવા તો જેને થઈ જાય તો તેને થઈ જાય. માનસી કરવાની છૂટ આપી દે તો તે સેવા ન હોઈને સેવાનો આભાસ મતલબ ‘ડ્રામા’ કહેવાશે. માનસી સેવા કરી ન શકાય પરંતુ થઈ જાય છે. ‘‘કેવળ માનસી સેવા કરીએ છીએ’’ એમ જે કહે છે એને ચોક્કસ સમજો કે તેઓ કાંઈપણ નથી કરી રહ્યા. ખાલી બેઠેલા છે ભેંસની જેમ. માનસી સેવા ક્યારેય કરવામાં નથી આવતી. એવીજ રીતે કથા પણ કરવામાં આવે એ કથા ફલરૂપ કથા નથી.

જ્યારે કથા થવા લાગે ત્યારે સાચી કથા સમજજો. આપણે બેઠા છીએ, જેમ આપણને ગામની ખટપટ યાદ આવે, આણે એમ કહ્યું ઓણે આમ કહ્યું આણે આમ કર્યું, ઓણે એમ કર્યું, એમ ભગવત્કથા જો યાદ આવવા લાગી જાય તો કથા થઈ કહેવાય. બેસીને કરી તો ઠીક છે **‘‘ન હિ કલ્યાણકૃત્ કશ્ચિદ્ દુર્ગતિંમ્ તાત! ગચ્છતિ’’** (ભગ.ગીતા.૬/૪૦). તો એમાં દુર્ગતિ તો નથી પરંતુ કથા થઈ જાય અને કથા કરવામાં આવે એમાં બહુજ ફરક છે. તો ગોપિકા કથા કરી નથી રહી. ગોપિકાઓથી કથા થઈ રહી છે. થઈ રહી છે કથા એટલા માટે જીવી રહી છે. જે દિવસે કથા નહીં થઈ શકે, એ દિવસે એમના પ્રાણ નહીં ટકી શકે. કથા કરીને જીવિત રહેવું, એવું કોઈ મોટિવેશન

ગોપિકાઓનું નથી.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે **"ત્વન્નામોચ્ચારણેઽપિ અસ્તિ ન જીવેષુ અધિકારિતા અલૌકિકત્વાત્ ત્વન્નામ્નઃ મદ્વાચો લૌકિકત્વતઃ"** (વિજ્ઞપ્તિ. ૧/૧૬). કથાની વાત તો દૂર છે, તારા નામના ઉચ્ચારણનો અમને અધિકાર નથી. અમે અમારા હિસાબથી વિચારીએ, જો મારા સામર્થ્યથી હું વિચારું તો તારું નામ લઈ શકું એટલું સામર્થ્ય મારામાં નથી. કારણ શું કે તારા નામ અલૌકિક છે અને મારી વાણી લૌકિક છે. જો મારી વાણીથી એ આપમેળે બરબસ નિકળી ન જતા હોય તો તારા અલૌકિક નામોને મારી લૌકિક વાણી કેવીરીતે બોલી શકશે! એ નામ ગોપિકાઓના મુખથી બરબસ ફૂટી રહ્યા છે. તો ગોપિકાઓને જીવવાની કોઈ આકાંક્ષા ભગવદ્વિપ્રયોગમાં નથી.

**"ત્વદ્વિયોગે ય આદ્યો મચ્છ્વાસો નિર્ગમદ્બહિઃ તેનૈવ સહ ચેત્પ્રાણા ન યયુઃ તર્હિ કિં બ્રુવે"** (વિજ્ઞપ્તિ.૧/૨૭). ***આ ગોપિકાઓનો પણ દઢતર વિશ્વાસ છે,*** **કિં બ્રુવે! તપ્તજીવનં તપ્તા યે સંસારે તેષાં જીવનં યસ્માત્. અમૃતં હિ તાપનિવર્તકં પ્રસિદ્ધમેવ. વૈરાગ્યં ચ ભગવતો જ્ઞાનં વા સર્વતાપનિવર્તકમ્. યત્સંસ્કારયોગ્યં તદ્ જ્ઞાનેન નશ્યતિ યદયોગ્યં તત્પરિત્યાગેન. અતએવ સ્માર્તૈઃ સંસ્કારાશક્તૈઃ પરિત્યાગએવ બોધ્યતે.**

**તવ કથામૃતં તપ્તજીવનમ્** હે પ્રભુ! તારી કથા તપ્તજીવન છે. જેમ તારામાં જ્ઞાન અને વૈરાગ્ય ધર્મ છે, તારા જ્ઞાન અને વૈરાગ્ય ધર્મના કારણે તું સંસારના તપ્તજીવોના જીવન રૂપ થઈ જાય છે. કેવીરીતે? ગીતાના વિભૂતિયોગમાં જેમ **"યદ્યદ્ વિભૂતિમત્ સત્ત્વં શ્રીમદ્ ઊર્જિતમેવ વા તત્તદેવ અવગચ્છ ત્વં મમ તેજોંઽશસમ્ભવમ્"** (ભગ.ગીતા.૧૦/૪૧) કહ્યું, એ સિદ્ધાંતના અનુસાર, શ્રીમદ્ ઊર્જિત તેજસ્વી વસ્તુ કોઈ પણ એવી નથી કે જેમાં ભગવદંશનો પ્રકાશ ન હોય. **"દ્યૂતં છલયતામ્ અસ્મિ તેજસ્ તેજસ્વિનામ્ અહમ્"** (ભગ.ગીતા.૧૦/૩૬). જો દ્યૂતના દ્વારા છળવામાં કોઈ માણસ બહુ ચતુરતા રાખતો હોય, દુનિયામાં કોઈ સૌથી મોટી છલના છે તો એ છે દ્યૂત(જુગાર). હવે આનો ખોટો અર્થ તાત્પર્ય ન લેતા. જેમ કોઈએ મહાભારત સાંભળ્યું. એને પૂછ્યું કે "શું સમજમાં આવ્યું મહાભારત?" તો કહે "પાંચ પાંડવ દ્રૌપદીના હતા. તો અત્યારે પાંચ નહીં તો બે-ત્રણ તો થઈ શકે કે

નહીં?'' આવા ખોટા અર્થ ન સમજતા. **''દ્યૂતં છલયતામ્ અસ્મિ''** ચાલો દ્યૂત ભગવાનનું છલનાનું રૂપ છે તો આપણે દ્યૂતની જ ઉપાસના કરીએ. આ કથાનું આ તાત્પર્ય નથી. જ્યારે જુગારમાં હારી ગયા અને દ્રૌપદીના વસ્ત્ર ખેંચવામાં આવ્યા તો એના પાંચ પાંડવ હતા, એ વખતે સિવાય કૃષ્ણના એ પાંચેયમાંથી કોઈ એકપણ બચાવવા ન આવી શક્યો. પાંચ પાંડવોનું તાત્પર્ય આ થયું કે દ્રૌપદી જેના પાંચ પતિ હતા એ ન બચાવી શક્યા. જો કૃષ્ણ ન આવત તો દ્રૌપદીની શું ગતિ થાત? એવીજ રીતે **''દ્યૂતં છલયતામસ્મિ''** આનું તાત્પર્ય ઉલટું ન લેવું. શુદ્ધ અર્થમાં આપણે સમજીએ તો એક વાત સમજમાં આ આવે કે પ્રભુની વિભૂતિ જ્યાં પણ પ્રકટ થઈ, જેમ પણ પ્રકટ થઈ, એ રૂપમાં એ ભગવાનનું જ સામર્થ્ય છે. હવે એ ભલે સંહારમાં પ્રકટ થાય પાલનમાં પ્રકટ થાય કે ભલે ઉત્પાદનમાં પ્રકટ થાય. દ્યૂતને આપણે કદાચ સંહારક સામર્થ્યમાં લઈએ, પાલન સામર્થ્યમાં ન લઈએ. પરંતુ ઉત્પાદન પાલન કે સંહાર જે પણ સામર્થ્ય પ્રકટ થાય જે પ્રકારે તો એ સામર્થ્ય પ્રભુનું જ છે.

એક સામાન્ય વાત બતાવું જેથી સમજમાં આવી જશે વાત. જેમ ટેપરેકોર્ડર બોલી રહ્યું છે તો વિજળીનું સામર્થ્ય છે, પંખો હવા આપી રહ્યો છે તો વિજળીનું સામર્થ્ય છે, બલ્બ બળી રહ્યો છે તે વિજળીનું સામર્થ્ય છે. હવે આને અંદરોઅંદરમાં જોશો તો કોઈ સંબંધ નથી. રેડિયાના વાગવાનો અને એંજીનના ચાલવાનો શું સંબંધ? શું એંજીન અને રેડિયાના મેકેનિજમ એક જેવા છે? નથી અલગ છે. આનું મેકેનિજમ કાંઈક જુદા પ્રકારનું છે અને એનું મેકેનિજમ કાંઈક જુદા પ્રકારનું છે. તો જે પણ મેકેનિજમ કામ કરી રહ્યું છે, ચાલી રહ્યું છે તો એમાં વિજળી છે. વિજળી નથી તો એકલું મશીન નહીં ચાલી શકે. હજી સુધી ઓટોમેટિકી મશીન પણ કોઈ એવું ઓટોમેટિક મશીન નથી બન્યું કે જેમાં કોઈ પ્રકારની ઊર્જા ન હોય. હવે તારથી આવી રહેલી વિજળી ન હોય તો બેટરીની વિજળી હોય, કોઈને કોઈ વિજળી છે. ખાલી મશીન પોતાનીમેળે ચાલી નથી શકતું. એવીજ રીતે ઉત્પાદન સામર્થ્ય કોઈ વાતને પેદા કરી શકે દુનિયામાં અથવા એવા ગુણ કે જે કોઈ વસ્તુનું પાલન કરી શકે છે. અથવા એવા ગુણ કે જે કોઈ વસ્તુનો સંહાર કરી શકે છે. જેમાં આપણે દ્યૂતને ગણી લઈએ. એમાં પણ સંહારકતાનું કોઈ સામર્થ્ય છે તો ભગવાનનું દ્યૂતમાં

પણ શિવરૂપ પ્રકટ થઈ રહ્યું છે. જો દ્યૂતમાં સંહારનું સામર્થ્ય છે કોઈ તો. જો મદમાં કોઈ સંહારકશક્તિ છે તો ત્યાં શિવનું સંહારકરૂપ પ્રકટ થઈ રહ્યું છે. શિવ પ્રકટ થઈ રહ્યા છે ભગવાનનું જે રૂપ છે. અને કોઈમાં એવું સામર્થ્ય નથી કે એ સંહાર પણ કરી શકે. કેમ? કેમકે ભગવાને આ બધી લીલા પોતાની ક્રીડાને માટે કરી છે. ક્રીડાને માટે જ્યારે બધા રૂપ છે ત્યારે બીજો કોઈ માથાકૂટ કરી ન શકે. બધી ક્રીડા ભગવાનને માટે થયેલા રૂપ છે. આમાં જે પણ બીજાએ માથાકૂટ કરી, એને સમજમાં નથી આવ્યું. **"ક્રીડાર્થમ્ આત્મનઃ ઈદં ત્રિજગત્ કૃતં તે સ્વામ્યન્તુ તત્ર કુધિયોઽપર ઈશ કુર્યુઃ"** (ભાગ.પુરા.૮/૨૨/૨૦).

અમારા કિશનગઢના એક પંડિતજી જટા-બટા વધારીને મુંબઈ આવીને બેઠા. જ્યારે મુંબઈમાં જટા-બટા વધારીને બેઠા તો ફિલ્મલાઈનવાળા આવ્યા કે "મહારાજ વિવાહ કરાવશો?" એમણે કહ્યું કે "કરાવીશ." એણે કહ્યું કે "ચાલો અમારી સાથે." તો એમણે વિચાર્યું કે "શુટિંગ કરવું છે તો કોન્શિયસ્ થઈ જશું કે વિવાહ કરાવવા છે અને કેમેરામાં દેખાઈશ", તો એમણે કહ્યું કે "વિવાહ કરાવશો" તો એ બોલ્યા "કરાવીશ" મંડપ બંડપ તૈયાર હતો. સાવધાન બાવધાન બધું થઈને કન્યા પધરાવવામાં આવી. આહુતિઓ શરુ થઈ. હવે એ ઘી ને બદલે ઘાસલેટની આહુતિ થઈ રહી હતી. ફિલ્મમાં ઘીની આહુતિ શામાટે નાખવામાં આવે. તો આમણે કહ્યું 'અનર્થ!' તો ત્યાંનો ડાયરેક્ટર બોલ્યો કે "આ શું અનર્થ?" એણે સ્ક્રિપ્ટ ખોલીને જોઈ કે "અનર્થ" ડાયલોગ છે કે નહીં? અનર્થ ડાયલોગ તો સ્ક્રિપ્ટમાં હતો જ નહીં. તો એણે પૂછ્યું કે "આ કોણ બોલ્યું અનર્થ?" એમણે કહ્યું કે "ઘાસલેટની આહુતિથી વિવાહ કરાવશો તો વરવધૂ ક્યારેય પણ સુખી નહીં રહે." ડાયરેક્ટરે કહ્યું કે "આ ડાયલોગ છે કે નહીં?" એ ડાયલોગ પણ ન હતો. તો એણે કહ્યું કે "કાઢો ધક્કા મારીને બહાર. સ્ક્રીનપ્લેમાં જે ડાયલોગ લખેલા નથી તો એવા ડાયલોગ કેમ બોલ્યા?" તો આવીરીતે ભગવાનની ક્રીડામાં તમે એવો કોઈ ડાયલોગ બોલ્યા જે ભગવાને સ્ક્રીનપ્લેમાં લખેલ નથી, તો સ્ટેજથી બહાર કાઢવામાં આવશો. કેવળ એજ ડાયલોગ બોલવાની છૂટ છે કે જેટલો ત્યાંના સ્ક્રીનપ્લેમાં લખેલા છે. એક ડાયલોગ પણ વધારે નથી બોલી શકતા. હવે એની વાત તો ખોટી ન હતી કે "ઘાસલેટની આહુતિ નાખશો તો વરવધૂ સુખી

કેવીરીતે થશે!'' પરંતુ સ્ક્રીનપ્લેમાં હોવો જોઈએ ને એ ડાયલોગ? વાત સાચી હોવા છતાં પણ જે વખતે સ્ક્રીનપ્લેમાં નથી તો ડાયરેક્ટરે કહ્યું કે ''હટાવો આને.''

**''સ્વભાવજેન કૌન્તેય નિબદ્ધઃ સ્વેન કર્મણા કર્તું નેચ્છસિ યન્મોહાત્ કરિષ્યસિ અવશોડપિ તત્. ઈશ્વરઃ સર્વભુતાનાં હૃદ્દેશે અર્જુન! તિષ્ઠતિ ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત''** (ભગ.ગીતા.૧૮/૬૦-૬૧). જે તમને પાર્ટ આપવામાં આવ્યો છે એના અનુસાર જ ડાયલોગ બોલવામા આવશે. મનથી ડાયલોગ બોલ્યા તો ગેટઆઉટ થઈ જાય માણસ. એ ભલે તમે અનર્થ બોલો ચાહે તમે કાંઈ પણ બોલો. અનર્થ બોલ્યા નહીં અને અનર્થ થઈ ગયો અને બિચારાને એ વિવાહની દક્ષિણા પણ ન મળી અને બહાર પણ કાઢવામાં આવ્યો બ્રાહ્મણ. એવીજ રીતે વિભૂતિ પણ ભગવાનનું જ સામર્થ્ય છે. એ ભલે સંહારક હોય, ચાહે ઉત્પાદક હોય કે પાલક હોય.

કેટલાક જ્ઞાની પોતાની જાતને **''ઉદ્ધરેદ્ આત્મના આત્માનં ન આત્માનમ્ અવસાદયેત્''** (ભગ.ગીતા.૬/૫). ન્યાયથી એમ સમજે છે કે અમે અમારા આત્માથી અમારો ઉદ્ધાર કરી લેશું. **''અમૃતત્વસ્યતુ ન આશા અસ્તિ વિત્તેન''** (બૃહ.ઉપ.૪/૫/૩). આમ કહે છે. એમને વિત્ત દેખાય તો એમને લાગે કે અનર્થ. તો ભગવાન્ કહે કે સ્ટેજથી બહાર નિકળો. એ વિચારે **''ૠતે જ્ઞાનાદ્ ન મુક્તિ''**. એમને લાગે કે અમે અમારી મેળે જ્ઞાન પ્રાપ્ત કરશું. બ્રહ્મનું જ્ઞાન નહીં માત્ર આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને અમે મુકત થઈ જઈશું. તો ભગવાન્ કહે છે કે ''ચાલો સ્ટેજની બહાર જાઓ. તમે ફિટ નથી.'' કેમકે આત્મજ્ઞાનથી પણ જો મુક્તિ થનારી છે, આત્મજ્ઞાનમાં પણ જો મોક્ષત્વ અમૃતત્વ છે, તો એ ભગવાનના જ્ઞાનનું અંશભૂત જ્ઞાન છે, એટલા માટે છે. એટલા માટે નથી કે જ્ઞાનમાં પોતાનામાં સામર્થ્ય છે કાંઈક. જો જ્ઞાનમાં સામર્થ્ય હોત તો શંકરાચાર્યજીના પહેલા આઈન્સ્ટીન(એક વૈજ્ઞાનિક) સૌથી વધારે મુક્ત હોવો જોઈતો હતો. કેમકે આઈન્સ્ટીન સૌથી મોટો જ્ઞાની હતો. બર્ટેન્ડ રસેલ(તત્ત્વજ્ઞાની) કેટલો મોટો જ્ઞાની વ્યક્તિ. જ્ઞાનથી મુક્તિ થાય છે, રાવણની જ્ઞાનથી મુક્તિ તો હતી, એ મુક્તિ તો પછીથી થઈ પરંતુ રામે માર્યો એના પહેલા

રાવણની મુક્તિ થવી જોઈતી હતી. કેમકે રાવણ પણ બહુ મોટો જ્ઞાની હતો પરંતુ મુક્તિ ન થઈ. કેમકે જ્ઞાનથી મુક્તિ નથી થતી. જ્ઞાન જે વખતે ભગવદ્જ્ઞાનની વિભૂતિ હશે, તે વખતે એ જ્ઞાન મોચક (મુક્તિદાયક) થશે. એ વખતે એ જ્ઞાન મોક્ષપ્રદ થશે. જ્ઞાન પોતે-પોતાનામાં મોક્ષપ્રદ નથી. વૈરાગ્ય વૈરાગ્યના રૂપમાં મોક્ષપ્રદ નથી. ભગવદ્વિભૂતિના અંશરૂપ જે જ્ઞાન અને વૈરાગ્ય છે, ભગવાનમાં ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય, એમ છ ગુણ છે. મતલબ ભગવાનમાં પણ જ્ઞાન છે, વૈરાગ્ય છે અને જે વ્યક્તિ જ્ઞાનથી મુક્ત થાય છે, તે એટલા માટે મુક્ત થાય છે કે ભગવાને એને પોતાના જ્ઞાનનો થોડોક સ્પર્શ કરાવ્યો છે. એવાં જીવ જેમ વિજળી આમાં આવી ગઈ તો રેકોર્ડર ચાલવા માંડ્યું. વિજળી નથી આવતી તો ટેપરેકોર્ડરનું આ બટન દબાવો કે એ બટન દબાવો, ચાહે બધા બટન દબાવો, ટેપરેકોર્ડર નહીં ચાલે. એવીજ રીતે વૈરાગ્યથી મુક્તિ થઈ કોઈની, તો એટલા માટે નહીં કે વૈરાગ્યથી મુક્તિ થઈ, વૈરાગ્યથી મુક્તિ એટલા માટે થઈ કે ભગવાને પોતાની અંદર રહેલું જે વૈરાગ્ય છે એનો કરન્ટ થોડોક પ્રવાહિત એમાં કરી દીધો. ભગવાનનો તો કોઈપણ ગુણ મોક્ષપ્રદ થઈ જશે. મતલબ ભગવાનમાં તો દ્વેષ પણ કર્યો તો મોક્ષ આપશે, જ્ઞાન-વૈરાગ્યની તો શું વાત છે! ભગવાનના ગુણોમાં તો આવું સામર્થ્ય છે કે એ તો વિષના બદલામાં પણ મુક્તિ આપે છે. જો જ્ઞાન-વૈરાગ્ય ભગવદ્વિભૂતિરૂપ ન થયા તો એમાં એટલું સામર્થ્ય નથી કે એ મોક્ષપ્રદાન કરી શકે. તો ભગવત્સંબંધ વિનાના આપણા જ્ઞાન-વૈરાગ્યથી આપણને નથી મળતી. મુક્તિની વાત તો દૂર રહી આપણે કોઈનો સંહાર પણ ન કરી શકીએ. શ્રુતિ બ્રહ્મવાદનો સિદ્ધાંત તો આ છે. એટલા માટે કહે છે કે જે તારી કથા છે, સંસારના જે પણ તાપ છે, સુખ-દુઃખના શોક-મોહના એ જ્ઞાન-વૈરાગ્યથી નિવૃત્ત થાય છે અને એ જ્ઞાન વૈરાગ્ય વસ્તુતઃ જીવગત જ્ઞાન-વૈરાગ્ય નથી, ભગવદ્ગત જ્ઞાન-વૈરાગ્ય છે. એનું કારણ શું?

### (કિયાન્ પૂર્વ જીવઃ!)

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે **"કિયાન પૂર્વં જીવઃ તદુચિતકૃતિશ્ચાપિ કિયતી"** (વિજ્ઞપ્તિ.૧/૧). જીવ કેવડો! **"વાલાગ્રશતભાગસ્ય શતધા કલ્પિતસ્ય ચ ભાગો જીવઃ સ વિજ્ઞેયઃ સચ આનન્ત્યાય કલ્પતે"** (શ્વેતા.ઉપ.૫/૯). આ

વાળ જે હોય ને! એની જે અણી હોય, એના સો ભાગ કરો અને સો ભાગના પાછા સો ભાગ કરો. આટલું નાનું જીવનું પરિમાણ(માપ) માનવામાં આવે. આટલો નાનકડો જીવ આટલા કૌભાંડ રચી રહ્યો છે. એક નાનકડો જીવ કેટલા કૌભાંડ રચે છે? આટલા નાનકડા જીવમાં જે પણ સામર્થ્ય છે, જો જીવના સ્વભાવથી વિચારશો, તો તો આટલું જ નાનકડું થશે. જીવના સામર્થ્યથી કોઈપણ સ્વભાવના વિચારથી કોઈ સામર્થ્ય આટલું મોટું ન હોઈ શકે, કે કોઈ માણસ ઊભો થઈને કહી દે કે હું સંસારમાંથી મુક્ત થઈ જાઉં અને તે પોતાના આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરે. તો પ્રભુ કહે છે **"ઉદ્ધરેદ્ આત્મના આત્માનં ન આત્માનમ્ અવસાદયેત્"** (ભગ.ગીતા.૬/૫). પોતાનું આત્મજ્ઞાન પ્રાપ્ત કરે અને પોતાના આત્મજ્ઞાનથી મુક્ત થઈ જાય. અરે એ આત્મા કેવડો! એ આત્મામાં પેદા થવાવાળું જ્ઞાન કેવડું? એ આત્માને જાણવાથી આટલી નાનકડી વસ્તુનું જ્ઞાન મેળવવાથી આટલી મોટી મુક્તિ કેવીરીતે થઈ શકશે? પરંતુ થઈ જાય છે. એનું કારણ શું? કેમકે કરન્ટ છે અહીંયાથી. જીવના સ્વરૂપના કારણે નથી પરંતુ ભગવદંશના કારણે.

આચાર્યચરણ કહે છે **"અણ્વપિ બ્રહ્મ વ્યાપકં ભવતિ યથા કૃષ્ણો યશોદાક્રોડે સ્થિતોઽપિ સર્વજગદાધારો ભવતિ"** (ત.દી.નિ.પ્ર.૧/૫૪). બ્રહ્મ અણુ હોવા છતાંપણ વ્યાપક છે અને યશોદાજીની ગોદીમાં જે કૃષ્ણ બેઠેલો છે, એજ આખા બ્રહ્માંડનો આધાર બની જાય છે. એટલા માટે બ્રહ્મમાંજ વ્યાપકતાનું સામર્થ્ય આવે. બ્રહ્મમાં જે આટલું સામર્થ્ય છે તે તેની અણુતાના કારણે નથી. આજકાલ લોકોને ભ્રાંતિ થઈ ગઈ છે કે એટમબોમ્બમાં અણુતાના કારણે વધારે સામર્થ્ય છે. અણુમાં વધારે સામર્થ્ય અણુ હોવાના કારણે નથી હોતું પરંતુ અણુ વ્યાપકનું બહુ ઘનીભૂત રૂપ છે, એટલા માટે અણુમાં એ સામર્થ્ય છે. જેમ એક હાંડો ભરેલી છાસમાંથી આપણે થોડુંક માખણ કાઢી લીધું, તો એનો ફેટ ઘનીભૂત થઈને એમાં આવી જાય ને. આમ જોવામાં માખણ ઓછું દેખાય પરંતુ વસ્તુતઃ એ હાંડો ભરીને છાસ છે તો એક વાટકી ભરીને માખણ થયું છે. હવે એ હાંડોભરેલી છાસ ન હોત તો એ માખણ ક્યાંથી આવત! ન આવી શકે. એમ અણુમાં જે કાંઈ સામર્થ્ય છે તે વ્યાપકનું સામર્થ્ય છે. એ વ્યાપક એની પાછળ છે એટલા માટે એમાં એ સામર્થ્ય છે.

## (તાપનિવર્તકતા)

તો જ્ઞાનમાં જે તાપનિવર્તકતા છે, વૈરાગ્યમાં જે તાપનિવર્તકતા છે, એમાં ભગવન્નિષ્ઠ-જ્ઞાન-વૈરાગ્ય છે એની નિવર્તકતા છે. આ જીવના સ્વરૂપવિચારથી જ્ઞાન-વૈરાગ્યમાં તાપનિવર્તકતા નથી. જીવ જે જાણે છે, કે જીવ વિરક્ત થાય છે, એ તો નિષેધાત્મક જ છે. તમારું વૈરાગ્ય કોઇ વસ્તુના સ્વરૂપને પરિપૂર્ણ ન જાણવાના કારણે છે. ભગવાનનું વૈરાગ્ય પ્રત્યેક વસ્તુના સ્વરૂપને પરિપૂર્ણતયા જાણી લેવાના કારણે છે.

## (અજ્ઞાનમૂલક અને જ્ઞાનમૂલક વૈરાગ્ય)

તો અજ્ઞાનમૂલક વૈરાગ્ય અને જ્ઞાનમૂલક વૈરાગ્ય માં કેટલું અંતર છે! જેમ ચિન્ટુ મારી દીકરીની વાત બતાવું. ચિન્ટુને અમે સમુદ્રના કિનારે લઇ ગયા. જ્યારે એની સામે લહેર આવી તો ચિન્ટુ ડરી ગઇ. ડરી ગઇ તો સમુદ્રના પાણીમાં તરી ન શકે. સમુદ્રથી ઘૃણા થઇ ગઇ. હવે આ જે સમુદ્રથી ઘૃણા થઇ, વૈરાગ્ય થયું, આ જ્ઞાનમૂલક હતું કે અજ્ઞાનમૂલક? જો જ્ઞાનમૂલક હોત ત્યારે તો બીજી વાત હતી. અજ્ઞાનમૂલક હતું. એ કેમ ખબર પડી. પછી અમે થોડું થોડું કોડાઇ-કેનાલના પાણીમાં નવડાવી. બધા વ્યક્તિ ન્હાય કોડાઇ-કેનાલના પાણીમાં. એનાથી એની થોડી થોડી હિંમત વધી. હવે અહીંથી જૂઓ નિકળતી જ નથી. તો હવે મને ચોક્કસ વિશ્વાસ છે કે બીજા સ્ટેપમાં આને સમુદ્રમાં લઇ જાઉં તો તે અજ્ઞાનમૂલક વૈરાગ્ય કેટલો જલ્દી દૂર કરી શકાય જ્ઞાનથી. હવે એ સ્પષ્ટ પ્રામાણિક વૈરાગ્ય ન રહ્યો. ક્યાં રહ્યો વૈરાગ્ય? એ હવે સમુદ્રમાં સારીરીતથી ન્હાઇ લે છે. હવે વૈરાગ્ય ક્યાં ગયું? **''તિયા ગઇ ઘર સમ્પતિ નાસી. મૂંડ મુંડાયે ભયે સંન્યાસી.''** તુલસીદાસજી કહે છે કે બાયડી ભાગી ગઇ, સંપત્તિ નષ્ટ થઇ ગઇ, ટકો કરાવીને સંન્યાસી બની ગયા. આ વૈરાગ્ય ટકો કરાવીને સંન્યાસી થવાનો, આ જ્ઞાનમૂલક છે કે અજ્ઞાનમૂલક છે? હકીકતમાં તમારા દિલમાં દૂખે કે પત્ની ભાગી કેમ ગઇ? ભાગતી નહીં તો તમને વૈરાગ્ય આવત નહીં. સંપત્તિ જમા રહેત તો વૈરાગ્ય આવત નહીં. પત્ની ભાગી ગઇ, સંપત્તિ નષ્ટ થઇ ગઇ, તેથી વૈરાગ્ય આવી ગયો તો સંસાર મિથ્યા દેખાવા લાગ્યો અને ટકો કરાવીને સંન્યાસી થઇ ગયા. આ વૈરાગ્ય અજ્ઞાનમૂલક વૈરાગ્ય છે. જ્ઞાનમૂલક વૈરાગ્ય નથી.

જ્ઞાનમૂલક વૈરાગ્ય અને અજ્ઞામૂલક વૈરાગ્યનું આટલું અંતર હોય, જે જ્ઞાનમૂલક વૈરાગ્યમાં આ વાતો ન હોય. દુઃખના કારણે આપણે કોઈ વસ્તુને છોડતા નથી. પૂર્ણતયા એને જાણીએ. ઈચ્છીએ તો એની સાથે રહી શકીએ, ન ઈચ્છીએ તો ન રહીએ. આવો વૈરાગ્ય કદાચ પોતે પોતાનામાં જ્ઞાનમૂલક વૈરાગ્ય છે. જેમ કૃષ્ણનો વૈરાગ્ય. સોળ હજાર ગોપિકાઓની વચમાં એ બ્રહ્મચારી છે આ જ્ઞાનમૂલક વૈરાગ્ય છે. **''પત્ન્યસ્તુ ષોડશસહસ્રમ્ અનંગબાણૈઃ યસ્યેન્દ્રિયં વિમથિતું કુહકૈઃ ન શેકુઃ''** (ભાગ.પુરા.૧૦/૫૮/૪) આ ભાગવતકાર કહે છે. મનને મથિત ન કરી શકી કોઈ. તો આ જ્ઞાનમૂલક વૈરાગ્ય છે. મન એનું મથિત નથી થતું. મન એનું વ્યથિત નથી થતું. અને ગમે તે લીલા કરે. કેમકે એની આસક્તિ નથી, એની લીલા છે. તો આ જ પ્રકારથી જ્ઞાનનું અંતર થઈ જાય છે. આપણે જે જાણીએ છીએ એ થોડોઘણો વૈરાગ્ય જાણીએ છીએ. એને પૂર્ણતયા નથી જાણતા. અહીં આપણને કાંઈકને કાંઈક રાગ છે. જે વસ્તુમાં રાગ છે એ વસ્તુને જાણીએ છીએ પરંતુ બધાને નથી જાણી શકતા. એક વસ્તુને જે વખતે તમે જાણો છો, એટ્ ધ્ કોસ્ટ્ ઓફ્ થાઉજન્ડ્સ્ ઓબ્જેક્ટ્સ્.

હું દર્શનશાસ્ત્ર ભણ્યો એનું કારણ શું? મને ઈજીન્યરિંગમાં રુચિ ન હતી. મને આર્ટસ્‌માં રુચિ ન હતી. મને મેથેમેટિક્સ્ આવડતું નહોતું તો માણસ શું કરે? તો દર્શનશાસ્ત્ર ભણી લીધું. આજકાલ છોકરીઓ શું કરે? મેં ઘણી જગ્યાએ પૂછ્યું યુનિવર્સિટીમાં, સો સો છાત્ર હોય ફિલોસોફી બી.એ.માં. કેમ? આટલા બધા કેમ? હવે ખબર નહીં ઘરે જઈને શું કરશે? પતિસાથે ઝઘડો કરશે, વિવાદ કરશે, આજ-કાલ બધી છોકરીઓ ફિલોસોફી લે છે. કેમકે ફિલોસોફી ભણ્યા પછી કાંઈ કરવાનું નહીં. ''હાથપાંવ નહીં હિલના, દસ બીસ કોસ નહીં ચલના. રાધેકૃષ્ણ બોલ મુખસુ રાધેકૃષ્ણ બોલ.'' બધી છોકરીઓ દર્શનશાસ્ત્ર ભણે. કાંઈ કરવું ધરવું તો નથી. ખાલી બેસીને વિચારવું છે. ઘરમાં પણ તો બેઠેલી છે લગ્નનું સપનું બનાવીને, તો દર્શનશાસ્ત્ર જ ભણી લો, હવે ખબર નહીં એ ભણતર પણ કામ આવશે કે નહીં, શું ખબર! તો આપણે પણ વિષય પસંદ કરીએ છીએ આપણા માટે તો એમાં પણ પોત-પોતાના રાગ અને વૈરાગ્ય કામ કરી રહ્યા છે. શુદ્ધ વિષયને પણ વિષય જાણવામાટે આપણે ક્યાં જાણીએ છીએ. જે જાણીએ છીએ તે વિશેષ જાણીએ છીએ. જે

જાણીએ છીએ તે આપણા રાગથી જાણીએ છીએ અને એકમાં રાગ થવાનો મતલબ નવ્વાણું વસ્તુમાં વૈરાગ્ય. નવ્વાણું વસ્તુઓમાં વૈરાગ્ય પ્રાપ્ત કરીને એક વસ્તુને તમે જાણી લો તો તમારો વૈરાગ્ય ખંડિત થઈ ગયો. તો જ્ઞાન અથવા અજ્ઞાનથી શું ઓછું ખોટું બતાવો? ભગવદ્જ્ઞાન આ પ્રકારનું જ્ઞાન નથી. ભગવદ્જ્ઞાન આવું જ્ઞાન નથી, એ સહજ જ્ઞાન છે. કોઈ વસ્તુમાં વિરક્તિજનક જ્ઞાન નથી. વસ્તુ નિરપેક્ષજ્ઞાન છે એનું, પ્રભુનું જે જ્ઞાન છે, આ પ્રકારનું જ્ઞાન અને વૈરાગ્ય જો હોય તો તાપનિવર્તક થાય છે. આ પ્રકારથી નવ્વાણું વસ્તુઓમાં જે જ્ઞાન છે અને નવ્વાણું વસ્તુઓના અજ્ઞાનથી જે વૈરાગ્ય આવી રહ્યો છે, આ બંને જ્ઞાન અને વૈરાગ્ય અપૂર્ણ જ્ઞાન અને વૈરાગ્ય છે. જીવ આનાથી વધારે શું કરી શકશે? **''કિયાન્ પૂર્વં જીવઃ તદુચિતકૃતિશ્ચાપિ કિયતી''** જો કોઈએ પોતાના જ્ઞાન કે વૈરાગ્ય થી મુક્તિ પ્રાપ્ત કરી છે તો એમાં થોડોક ભગવદ્જ્ઞાન અને વૈરાગ્યનો કરંટ આવ્યો છે. મળી રહ્યો છે કરંટ થોડોક, તો એ આથી મુક્તિ પ્રાપ્ત કરી શકે છે. એટલા માટે શ્રીમદાચાર્યચરણ કહે છે **તવ કથામૃતં તપ્તજીવનં. અમૃતં હિ તાપનિવર્તકં પ્રસિદ્ધમેવ. વૈરાગ્યં ચ ભગવતો જ્ઞાનં વા સર્વતાપનિવર્તકમ્.** મેં વિષયાંતર નથી કર્યું પરંતુ આ વાતને સમજાવું નહીં તો આ પંક્તિ સમજમાં નહીં આવે. મતલબ ભગવદ્વિષયક અથવા ભવન્નિષ્ઠ જ્ઞાન સર્વતાપનિવર્તક છે.

### (સંસ્કારયોગ્યતા અને ત્યાગયોગ્યતા)

**યત્સંસ્કારયોગ્યં તદ્ જ્ઞાનેન નશ્યતિ યદયોગ્યં તત્પરિત્યાગેન.** જ્ઞાન અને વૈરાગ્યની જોડીને સંસ્કાર જોઈએ. પ્રત્યેક વસ્તુનું જ્ઞાન એ વસ્તુનો સંસ્કાર છે. અહીં જ્ઞાન મતલબ સાચું જ્ઞાન. જે વસ્તુને તમે એની સચ્ચાઈમાં જાણી લીધી તો એ વસ્તુનો તમે સંસ્કાર કર્યો. એ વસ્તુ તમારી સામે રિફાઈન્ડ થઈ ગઈ. જેમ હીરો છે. હીરાને તમે હીરાના રૂપમાં જાણી લીધો તો તે પોતાનામાં હીરાનો સંસ્કાર છે. હીરાને હીરાના રૂપમાં ન જાણ્યો તો તે અસંસ્કૃત હીરો છે. વસ્તુમાં પણ અસંસ્કૃત છે અને જ્ઞાનમાં પણ અસંસ્કૃત રહેશે. એની કીંમત શું રહેશે? પરંતુ જે દિવસે તમે જાણી લીધું કે ''આ હીરો છે'', એ દિવસે એ કાચ નહીં રહી જાય. એ કાચના બદલે, પથ્થરને બદલે હીરામાં રિફાઈન્ડ થઈ જશે. પરંતુ જો તમે હીરાને જાણી ન શક્યા, તો હીરો પણ ક્રૂડ થઈ જશે પાછો પથ્થરના

રૂપમાં. તો જ્ઞાન પોતાનામાં વસ્તુનો સંસ્કાર છે.

એક બહુજ સુંદર વાત આચાર્યચરણ કહે છે કે જેનો સંસ્કાર કરી શકાય છે એને જ્ઞાનથી સંસ્કૃત કરવો જોઈએ અને જ્ઞાનથી જેને સંસ્કૃત નથી કરી શકાતું એને છોડી દેવામાં આવે છે. જેમ જગતને છોડવું છે. તો જગતને છોડવામાં આચાર્યચરણ એમ નથી કહેતા કે જગતને છોડીને તમે ભાગી જશો તો જગત્ છૂટી નહીં જાય. સમજો સંન્યાસ લઈને પરિવાર છોડી દીધો. તો પરિવારને છોડવાથી જગત્ છૂટશે નહીં. પરિવારને છોડવાથી જગત્ પાછળ પડી જશે.

હમણાં મેં મારા એક લેખમાં લખ્યું કે શ્રુતિએ આપણને બતાવ્યું લોકેષણા પુત્રેષણા અને વિત્તેષણા. આ ત્રણ એષણાઓને છોડે ત્યારે જઈને વૈરાગ્ય સિદ્ધ થાય. **''લોકેષણાયા પુત્રેષણાયા વિત્તેષણાયા ઉત્થાય''** (બૃહ.ઉપ.૩/૫/૧). મતલબ લોકમાં પોતાની કીર્તિની કામના, પુત્રની કામના અને વિત્તની કામના. આ કામનાઓથી જે વખતે ઉપર ઉઠીએ, ત્યારે વૈરાગ્ય સંપન્ન થાય. લોકોએ ખોટો અર્થ સમજી લીધો છે આનો. એણે કહ્યું ''ચાલો છોડી દો.'' છોડીને એક મઠ બનાવ્યો વૈરાગ્ય લઈને. હવે મઠમાં સો શિષ્ય આવી ગયા. હવે શિષ્યને પુત્ર નહીં કહો તો શું કહેશો? હવે શિષ્યોને માટે તમારે સામાન એકઠો કરવો પડશે. ટ્રસ્ટ કરવું પડશે મઠનું. તેથી વિત્તેષણા પણ આવશે. હવે એને પોપ્યુલરાઈજ કરવા માટે તમારે લોકેષણા પણ લાવવી પડશે. તો જેટલી એષણાઓ છોડી એ બધી મલ્ટીપ્લાઈ થઈને શિષ્યમાં આવી ગઈ. જેટલી એષણાઓ છોડો એ બધી મલ્ટીપ્લાઈ થઈને એકમાં આવી જાય. ત્રણના બરાબર એક શિષ્યેષણા. એમાં બધી એષણાઓ છૂપાયેલી છે. જેટલા પણ સંન્યાસી છે એ શિષ્યને બેટા કહે કે નહીં? શિષ્યને માટે ઘર બનાવવું પડે કે નહીં? ગામોગામ મઠ બનાવવા પડે. કરે શું? અરે તો આનાથી ગૃહસ્થ શું ખોટો હતો! એક ઘરમાં તો રહી રહ્યો હતો શાંતિથી. પંચાત તો ઓછી હતી. બેટાઓ પેદા થતા તો કેટલા થતા? મતલબ કૌરવના સો બેટા પેદા થયા. હવે હજાર શિષ્ય એક એક મઠમાં હોય. તો એક હજાર શિષ્ય થઈ જાય તો બેટાઓથી કેટલો મોટો પરિવાર થઈ જાય? બધી પંચાત વધારે વધી જાય. તો શ્રુતિએ જે ઉપાય બતાવ્યો એને આપણે સમજ્યો નહીં, ખોટા પ્રકારથી ગ્રહણ

કર્યો તો એ ઉલટીને વધારે સામે આવી ગયો. તો આ જે ત્રણેય એષણાઓ છે તે આપણું પિંડ છોડતી નથી. કયાંકને ક્યાંક પાછળ લાગી રહે આપણી. અંતર શું છે કે રૂપ બદલાઈ જાય. જેમ બાળકને તમે દૂધ ન આપો તો એ અંગૂઠો ચૂસવા લાગી જાય. રબરની ટોંટી ચૂસવા લાગી જાય. એ બીજું કાંઈક રૂપ થઈ જાય એનું. વાત ભૂખના કારણે નથી. તમે દૂધ આપ્યું અને એની ભૂખ મટી ગઈ. આ વાત નથી. મતલબ તમે એષણાઓને કાપી નાખી તો કપાઈ નહીં જાય. એની નીચેની જડ જ્યાંસુધી નહીં કપાય ત્યાંસુધી એ એષણાઓ કોઈકને કોઈક બીજા રૂપમાં આવી જશે. તમને ખબર પણ નહીં પડે કે એ એષણાઓ છે પણ કે નહીં. કહેવામાટે તો આપણે મઠ બનાવ્યો પરંતુ મઠ કરતાં ઘર શું ખોટું હતું! કોઈ પણ સારા મઠોમાં જાવ તો એરકંડીશન મળે. સારા સારા ગાદલાઓપર સોફા–સેટપર ભગવું કપડું પાથરી દે. તો આનાથી ગૃહસ્થશું ખોટો હતો! હવે મઠનું ટ્રસ્ટ તો કરાવવું જ પડે કેમકે કાયદા એવા આવી ગયા છે. ટ્રસ્ટમાં ડોનેશન પણ વગર ટેક્સના આવી જાય. આ ચક્કર પડી જાય. એટલા માટે આચાર્યચરણ કહે છે **યદ્ સંસ્કારયોગ્યં તદ્ જ્ઞાનેન નશ્યતિ.** આ ત્રણેય એષણાઓને જો તમારે નષ્ટ કરવી હોય તો છોડીને નષ્ટ નહીં થાય, એનું સાચું સ્વરૂપ સમજો કે એ એષણાઓ તમને ક્યાં મારી રહી છે. લોકેષણા પુત્રેષણા અને વિત્તેષણા તમને કેવીરીતે મારી રહી છે? આનું સાચું સ્વરૂપ સમજી જાત તો તે એનીમેળે નલીફાઈ થઈ જાત. આનું સાચું સ્વરૂપ ન સમજીને આને આપણે છોડવા ગયા તો એણે પલટીને આપણને મારી દીધા.

આ કુતરાઓની ખાસ આદત હોય. જે વખતે ગામમાં જઈએ આપણે તો ભૌં ભૌં કરીને તૂટે આપણાપર. ઊભા રહો એનું રૂપ સમજીને કે આ કુતરો છે તો કાંઈ નહીં કરે પરંતુ ભાગ્યા તમે તો કરડી જ ખાશે. દોડશે જ નહીં કરડી જ ખાશે. તમે ભાગ્યા અને એ ન કરડતો હોય તોય કરડી લે. આ બધી એષણાઓ કુતરા છે. જે વખતે આ એષણાઓથી ડરીને ભાગ્યા, તો એ કરડી ખાશે. એનું સાચું સ્વરૂપ સમજી લો કે આ બધી એષણાઓ કુતરા છે કે જે ભૌં ભૌં કરીને ચુપ થઈ જશે, કરશે કાંઈ નહીં. એષણાઓનું સ્વરૂપ આવું છે. આનું સ્વરૂપ ઓળખવું પડશે. જો એને નષ્ટ કરવી છે તો આચાર્યચરણ કહે છે **યદ્ સંસ્કારયોગ્યં તદ્ જ્ઞાનેન નશ્યતિ.** જો સંસ્કારથી સુધારી શકાતી હોય કોઈ વસ્તુને

તો એને નષ્ટ કરવાની જરૂરત નથી, એનું સાચું સ્વરૂપ જાણવાની જરૂરત છે.

જે સંસ્કારથી સુધારી નથી શકાતું, એને આચાર્યચરણ કહે કે ત્યાગથી નષ્ટ કરી શકાય છે. જેમ મદ્ય, મદ્યને તમે જાણી લીધું કે આ મદ્ય(મદીરા-દારુ) છે તો પીશો? તો એ રિફાઈન નહીં થઈ શકે. કેમકે મદ્ય સંસ્કારના યોગ્ય નથી. તો એનો વૈરાગ્યથી નાશ થશે. એનો જ્ઞાનથી નાશ નહીં થાય પરંતુ જે સંસ્કાર યોગ્ય વસ્તુ છે જેને સુધારી શકાય છે અને જેને નથી સુધારી શકાતી, દરેક વસ્તુને પરખવી જોઈએ. જે વસ્તુને સુધારી શકાય છે એનો જ્ઞાનથી નાશ થાય છે. જેને સુધારી નથી શકાતી, જેનો સંસ્કાર નથી કરી શકાતો એનો વૈરાગ્યથી નાશ થાય. તો આ જે એષણાઓ છે એને સુધારી શકાય છે. **''પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ''** (નિરોધલક્ષણ.૧૮). આચાર્યચરણ કહે છે. આમ વિત્તેષણા છે તો **''ધનં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ ત્યક્તુમ્ ન શક્યતે કૃષ્ણાર્થં તત્ પ્રયુંજીતઃ કૃષ્ણો અનર્થસ્ય વારકઃ''** (ત.દી.નિ.૨/૨૫૬). જેનો સંસ્કાર કરી શકાય છે, તો આનું સાચું સ્વરૂપ સમજવામાં જ તાપનો નાશ છે. આને નષ્ટ કરવાની જરૂરત નથી. જેનો સંસ્કાર નથી થઈ શકતો. જેમ મદ્ય છે અથવા હિંસા જ છે. હિંસાનો સંસ્કાર નથી થઈ શકતો. તો એનો પછી વૈરાગ્યથી ત્યાગથી નાશ થાય છે. આ એનું સ્વરૂપ હતું પરંતુ જ્યારે વિવેક કર્યા વગર બધું મિથ્યા છે, મિથ્યા છે કરીને એને છોડી દઈએ તો એમાં ગડબડ થઈ જાય. બધી વસ્તુ મિથ્યા નથી. બધી વસ્તુ સત્ય છે પરંતુ કેટલીક વસ્તુ સંસ્કારના યોગ્ય છે, કેટલીક સુધારી શકાય છે, કેટલીક નથી સુધારી શકાતી. જે ન સુધારી શકાતી હોય, એનો વૈરાગ્યથી ત્યાગ છે અને જે સુધારી શકાય છે એનો જ્ઞાનથી ત્યાગ છે.

**(સંસ્કારાશક્તૈઃ પરિત્યાગએવ બોધ્યતે)**

અહીં જુઓ કેવો ચીંટીયો ભરે છે આચાર્યચરણ. **અતએવ સ્માર્તૈઃ સંસ્કારાશક્તૈઃ પરિત્યાગએવ બોધ્યતે.** જે લોકો આ સત્યને સમજી નથી શકતા, જેનામાં આ સામર્થ્ય નથી વસ્તુને સુધારવામાં એના સંસ્કારને, જે કમજોર છે, પોતાની સાથે રહેલા સંસારને સુધારી નથી શકતા, એ સંસારને છોડીને ભાગી જાય છે. તો જે વખતે છોડીને ભાગી જઈ રહ્યા છે તે વખતે એમનામાં સામર્થ્ય નથી પરંતુ એ વખતે એનામાં એનું ડરપોકપણું છે. કુતરાથી ડરીને કોણ ભાગે? જે ડરપોક હોય છે. જેને ખબર છે કે આ કુતરો છે તો એનાથી ભાગીશ નહીં

અને એકધારા પગલા ભરતો ભરતો ચાલ્યો જશે. તો એનાથી થોડીક વારમાં કુતરો જ ડરી જાય છે. જ્યારે કુતરાથી આપણે નથી ડરતા તો કુતરો આપણાથી ડરી જાય. જાનવરોમાં આ પણ સિદ્ધાંત છે. સિંહ પણ માણસથી ડરે. સિંહ ક્યારે આપણને ખાઈ જાય? જ્યારે આપણે ઝુકી જઈએ કે ભાગી જઈએ. સિંહ પણ ત્યારે ખાય. નહીંતર મોટોભાગે જે મેનઈટર હોય તે ખાય કેમકે એને આદત પડી જાય ખાવાની. નહીંતર તો સામાન્ય સિંહ આપણને ખાઈ નથી શકતો. સિંહ નો પણ આ સિદ્ધાંત છે. તો સ્માર્તોમાં વસ્તુનો સંસ્કાર કરવાની શક્તિ નથી. એ દરેક વસ્તુનો પરિત્યાગ જ બતાવતા રહે કે છોડો, છોડો પરંતુ શું છોડશો અન કેવીરીતે છોડશો?

બુદ્ધ સાધુઓએ આખું જગત્ છોડી દીધું અને અજન્તા ગૂફામાં જઈને રહ્યા. તો એક વેસ્ટર્ન આર્ટ ક્રિટિકે કહ્યું છે "દુનિયા જેટલી રંગીન નથી એટલા રંગીન ચિત્ર એણે ત્યાં બનાવ્યા છે." હકીકતમાં દુનિયા આટલી રંગીન નથી. હવે તો એ ચિત્ર જ નષ્ટ થઈ ગયા ઘણાબધા. બાકી જઈને જુઓ તો ખબર પડે કે હકીકતમાં દુનિયા આટલી રંગીન અને ખૂબસૂરત નથી જેટલી ખૂબસૂરત અજન્તામાં દેખાય છે. કેમકે છોડી દીધું બધું. છોડી દેવાથી દુનિયા તો નહીં છૂટે ને! એ ગુફાઓમાં આખી દુનિયા ચિત્રિત થઈ ગઈ. રાજા મહારાજા હત્યા હિંસા હાથી સિંહ બધી વસ્તુ છે ત્યાં. દુનિયા થોડી કાંઈ છૂટી. ગુફાઓમાં બનાવી દીધી આખી દુનિયા. દુનિયા ન હતી તો ઊભી કરવી પડી એમને. કેમકે તમે દુનિયા છોડી દીધી પરંતુ દુનિયાએ તો તમને નથી છોડ્યા ને!

જ્યારે પાંચ પાંડવ હિમાલયપર ગયા, તો કહે કે કુતરો પણ એમની પાછળ હિમાલય સુધી પહોંચી ગયો. એ થોડો કાંઈ છોડશે પીછો ધર્મ તમારો. ધર્મ અને અધર્મ જે તમે કર્યા છે, એ દુનિયાને છોડીને ચાલ્યા જશો તો પણ ધર્મ-અધર્મ તમારો પીછો નહીં છોડે. તમે દુનિયા છોડી પણ દેશો તો તમારા કરેલા કર્મ તમારી પાછળ હિમાલય સુધી આવશે. પાછા ત્યાં બધાના બધાજ પ્રભાવ પેદા કરી દેશે જેવા પ્રભાવ તમે અહીં પેદા કર્યા હતા. એટલા માટે કહે છે **અતો જ્ઞાનં વૈરાગ્યં ચ તાપનાશકે ભવતઃ.** એટલા માટે સંસ્કારયોગ્ય વસ્તુનું સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરીને એનું સ્વરૂપ સમજવું જોઈએ ત્યારે એના તાપનો નાશ થશે. આ જ્ઞાન અને વૈરાગ્યમાં તાપનાશકતારૂપી ગુણ ભગવદ્જ્ઞાન-વૈરાગ્યના

કારણે આવે છે અને એ જ્ઞાન-વૈરાગ્યમાં જેવી તાપનાશકતા છે તે જ્ઞાન-વૈરાગ્ય તો આટલા આયાસથી તાપના નાશક હોય છે પરંતુ તારી(ભગવાનની) કથા તો વગર કોઈ આયાસે જ બધા તાપોને દૂર કરી દે છે.

**(કવિભિઃ ઈડિતં કલ્મષાપહમ્)**

**તવ કથામૃતં તપ્તજીવનમ્.** તો કહે કે અરે ભઈ તાપની કોઈ સમસ્યા છે? તો કહે છે **આપાતતઃ તાપનાશકત્વં જલાદાવપિ વર્તતે ઈતિ.** બહુ ગરમી લાગી રહી છે તો જલમાં ન્હાઈ લો તો જલ પણ તાપનાશક છે. તો તાપનાશક હોવાના કારણે કથાનું શું મોટું માહાત્મ્ય છે? તો કહે છે કે જલમાં તાપનાશકતા તો સાધારણ તાપનાશકતા છે. વિદ્વાનોને અપીલ કરી શકે એવી તાપનાશકતા નથી. જ્ઞાન-વૈરાગ્યમાં તાપનાશકતા એવી છે જે **કવિભિઃ ઈડિત** છે. વિદ્વાનોને પસંદ આવી શકે એવી તાપનાશકતા છે. હવે **'કવિ'**શબ્દમાં શ્લેષ આચાર્યચરણ કહી રહ્યા છે **કવિભિઃ સર્વૈરેવ શબ્દાર્થરસિકૈઃ જ્ઞાનિભિઃ ઈડિતં જ્ઞાનં વૈરાગ્યં વા.** જ્ઞાન-વૈરાગ્યમાં તાપનાશકતા તો વિદ્વજ્જનદ્વારા પ્રશંસિત છે. વિદ્વાન લોકો જેની પ્રશંસા કરે, એવી તાપનાશકતા છે. મતલબ આધિદૈવિક અથવા આધ્યાત્મિક તાપનાશકતા છે, જલમાં તાપનાશકતા તો આધિભૌતિક તાપનાશકતા છે. તો કહે છે **કવિભિઃ ઈડિતમ્.** કવિ જેની પ્રશંસા કરે છે.

તો કહે કે કવિપર શું વિશ્વાસ કરવો? કવિ તો સ્ત્રીની પણ પ્રશંસા કરે છે. સ્ત્રીને પણ કહે છે કે તાપનાશક છે. તો કહે છે **કલ્મષાપહ** સ્ત્રીમાં તાપનાશકતા છે પુરુષને માટે અથવા પુરુષમાં તાપનાશકતા છે સ્ત્રીને માટે. એ કલ્મષપ્રદ છે, કલ્મષાપહમ્ નથી. કલ્મષ(પાપ)ને દૂર કરનારી નથી. કલ્મષ વધારવાવાળી તાપનાશકતા છે. **કલ્મષાપહમ્ ઈતિ. કલ્મષં પાપમ્ હન્તિ ઈતિ ''ઐશ્વર્યસ્ય સમગ્રસ્ય ધર્મસ્ય'' ઈત્યપિ ક્વચિત્ પાઠઃ. અલૌકિકસાધકંચ વીર્યં મહત્ તદ્ધર્મરૂપમેવ ભવતિ. ધર્મ્યંચ પુનઃ કલ્મષનિવર્તકં ભવતિ પૂર્વોક્તધર્મ-વિશિષ્ટં ચ. કથાયાશ્ચ તથાત્વં સર્વત્ર પ્રસિદ્ધમ્.** કથામાં તાપનાશકતા કેવી છે કે એ તાપને નિવૃત્ત કરે અને એવી રીતથી નહીં કે કોઈ પ્રકારનું કલ્મષ પેદા થાય, કોઈ પ્રકારનું પાપ પેદા થાય. તાપ દૂર કરે અને સાથે પાપ પણ દૂર કરે. તાપ અને પાપ બંનેને દૂર કરે એવી કથા છે. જલમાં કે સ્ત્રીમાં, તાપનાશકતા છે, તાપ તો દૂર કરે પરંતુ પાપ દૂર ન કરે. કેમ આચાર્યચરણ આ કહી રહ્યા છે?

**તપ્તજીવનમ્** માં જ્ઞાન વૈરાગ્ય બતાવ્યા જેમ, એમ **''કવિભિઃ ઈડિતમ્''** માં વીર્ય બતાવી રહ્યા છે. ભગવાનનો સામર્થ્યરૂપ ગુણ એને **'કલ્મષાપહમ્'**થી બતાવ્યો. ધર્મમાં પણ આ સામર્થ્ય માનવામાં આવેલ છે કે એ પાપ દૂર કરે. એટલા માટેજ ક્યાંક ક્યાંક જ્યાં છ ગુણ ભગવાનના બતાવવામાં આવ્યા છે, ત્યાં ઐશ્વર્ય ધર્મ વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય બતાવવામાં આવેલા છે, ધર્મની પણ પરિગણના ભગવાનના છ ગુણોમાં કરવામાં આવી છે. તો જેમ ભગવાન્ પાપનાશક છે, કૃષ્ણાશ્રયમાં આપણે આવે ને! **''અજામિલાદિદોષાણાં નાશકો અનુભવે સ્થિતઃ જ્ઞાપિતાખિલ-માહાત્મ્ય કૃષ્ણએવ ગતિર્ મમ.''** (કૃ.સ્તો.૭) એ ન્યાયથી જેમ ભગવાનમાં પાપનાશકતા છે, એવીજ રીતે ભગવત્કથામાં પણ પાપનાશકતા છે. એજ પ્રકારે ધર્મમાં પણ પાપનાશકતા છે.

**(શ્રવણમંગલમ્)**

તો કહે છે કે પાપ તો પ્રાયશ્ચિતથી પણ નષ્ટ થઈ જાય, પ્રાયશ્ચિત કરો તો પાપ નષ્ટ થઈ જાય. એનાપર કહે છે **પ્રાયશ્ચિત્તાદીનામપિ આપાતતઃ તથાત્વમ્ અસ્તીતિ તદ્વ્યાવૃત્ત્યર્થમ્ આહ શ્રવણમંગલમ્ ઈતિ.** કથામાં એક અંતર છે. પ્રાયશ્ચિતથી પાપનો નાશ તો થશે, પરંતુ કઠોર કેટલું છે કે સાંભળવામાં માણસ ગભરાઈ જાય. અત્યારે આજે આ કહી દો કે ''કાલે તમે વ્રત કરો.'' તો આજેજ મોઢા ઉદાસ થઈ જાય. કાલે વ્રત કરવાનું છે પણ મોઢા આજથી જ ઉદાસ થઈ જાય. પ્રાયશ્ચિતનું કહીએ તો શ્રવણમંગલ નથી. સાંભળવામાં આનંદ નથી આવતો. પાપનો નાશ કરે પરંતુ શ્રવણમંગલ નથી. સાંભળતા જ મૂડ ખરાબ થઈ જાય. બધા લોકો એવો જ ધર્મ પસંદ કરે એટલા માટે જેમાં કાંઈ પ્રાયશ્ચિત ન કરવું પડતું હોય. બહુજ સુંદર જુઓ આચાર્યચરણ કહે છે **તદ્ગોમયાદિ લેપનાત્મકમ્ ઉપવાસાત્મકં ચ સ્વરૂપતોઽપિ અમંગલં ઘોરાત્મકત્વાત્ શ્રવણેઽપિ અમંગલમ્** જેમ ભૂખે મરવું.

જૈન લોકોમાં બહુ પ્રાયશ્ચિત ઉપવાસ કરે. ભૂખ્યા મરે વીસ પચ્ચીસ દિવસ. પછી પાણી માગે. તો પછી શું થાય કે પાણી માગે તો એમના ભક્ત લોકો ડેરો નાખીને બેસી જાય. કહે કે ''અહીં તરસ્યો મરશે તો ઉપર કૈવલ્ય પ્રાપ્ત કરશે'' અને એટલા જોર જોરથી ભજન કરે કે એ બિચારો પાણી પાણી કરતો રહે પરંતુ એના અવાજને કોઈ સંભળાવા જ ન દે. ''અહીં તરસ્યો મરશે

તો ઉપર કૈવલ્ય પ્રાપ્ત કરશે'', કહેતા રહે. બળજબરીથી એને વીસ-પચ્ચીસ દિવસમાં વિદાય કરી દે. હવે પાપ તો નષ્ટ થતા હશે જો આ પ્રકારના પ્રાયશ્ચિત કરે, પરંતુ વાત કેટલી અમંગલ છે, એ તો વિચારો! કથામાં આવી કોઈ અમંગલતા નથી. તાપનાશકતા છે, પાપનાશકતા છે અને શ્રવણમંગલતા છે. ત્રણેય મધુર છે. આ તો સાંભળવામાં જ ગભરાહટ થઈ જાય.

(ભગવત્કથાની શ્રી)

**ઈદં તુ ઉદારચરિતં શ્રુતમેવ આનન્દં જનયતિ ઈતિ અનુભવસિદ્ધત્વાત્ શ્રવણમંગલમ્ તેન કીર્તિતુલ્યતા નિરૂપિતા.** આ ભગવચ્ચરિત્ર ઉદારચરિત્ર છે. આ તો સાંભળવામાત્રથી જ આનંદપ્રદ છે. આ તો અનુભવની વાત છે. આ આનો યશ છે. **''શ્રવણમંગલં શ્રવત્''** આ બધા યશના પર્યાયવાચી શબ્દ માનવામાં આવેલા છે. શ્રવણમંગલમ્નો મતલબ યશ. **'તપ્તજીવનમ્'**માં જેમ જ્ઞાનવૈરાગ્ય બતાવ્યા, **'કવિભિરીડિતમ્'**માં જેમ ધર્મ બતાવ્યો, **'કલ્મષાપહમ્'**માં જેમ વીર્ય બતાવ્યું, એમ **'શ્રવણમંગલમ્'**માં શ્રી બતાવી.

તો કહે છે કે સાંભળવામાં જે વાત મંગલપ્રદ લાગે, જેમ પુત્રજન્મની વાત સાંભળવામાં મંગલ લાગે. પ્રાચીન સિદ્ધાંતના હિસાબથી, પુત્ર, 'પું' નામના નરકથી એને ત્રાણ અપાવે છે, એટલા માટે પાપનાશક પણ છે. તો તાપનાશક પણ પાપનાશક પણ છે અને શ્રવણમંગલ પણ છે. જો પુત્રજન્મની કોઈ વાત આપણને સંભળાવે તો. તો ભગવદ્કથામાં શું વૈલક્ષણ્ય રહ્યું?

તો કહે છે **શ્રીમદ્ ઈતિ. તદ્ધનવ્યયસાધકં ન તુ ધનસાધકમ્ કથામૃતન્તુ લક્ષ્મ્યાપિ અપેક્ષિતત્વાત્ તદ્યુક્તં ભવતિ. તેન શ્રોતુર્વક્તુશ્ચ તત્સિદ્ધિઃ.** ભગવત્કથા શ્રીમતિ છે. પુત્રકથા શ્રીમતિ નથી, ધનવ્યયસાધક કથા છે, સાંભળતાજ વધાઈ આપવી પડે પરંતુ કથાને તો સાંભળતાજ શ્રીની સાધના થઈ જાય છે. કથામૃત કેવું છે? લક્ષ્મીને પણ ભગવત્કથા સાંભળવી અપેક્ષિત છે. એટલા માટે કથામૃતની શ્રીમત્તા તો કાંઈક અલગ જ પ્રકારની છે.

તો કહે કે તમે તો વધારીને બહુ કહો છો. **રાજ્યપ્રાપ્તિશ્રવણં તથા ભવતીતિ તદ્વ્યાવૃત્યર્થમ્ આહ આતતમ્ ઈતિ.** તો કથા જ્ઞાન-વૈરાગ્યવાળી પણ થઈ ગઈ, વીર્યવાળી પણ થઈ ગઈ, ધર્મવાળી પણ થઈ ગઈ, કીર્તિવાળી પણ

થઈ ગઈ, શ્રવણમંગલ પણ થઈ ગઈ, શ્રીમતિ પણ થઈ ગઈ, તો હવે ગોપિકાઓ કહી રહી છે કે એ આતત પણ છે.

વેદાંતદેશિક રામાનુજના બહુજ સારા વિદ્વાન થયા છે અને વિજયનગરના જે મંત્રી હતા સાયણમાધવ, એના ક્લાસ-ફેલો હતા એ પ્રધાનમંત્રી બની ગયા. આ પોતાની નોકરીમાં રહ્યા ત્યાં. બંને એક કોટિના વિદ્વાન હતા. તો એમણે એક દિવસ એમને કહેવડાવ્યું કે ''હું અહીં વિજયનગર સામ્રાજ્યમાં પ્રધાનમંત્રી પદમાં છું. તમે પણ અહીં આવીને રહી જાઓ તો બંને મળીને આરામથી રહીશું. એના જવાબમાં લખીને મોકલ્યું **''ક્ષોણીકોણશતાંશપાલનભવત્ દુર્વારગર્વાનલક્ષુભ્યત્-ક્ષુદ્રનરેન્દ્રચાટુ-ચપલાન્ ધન્યા ન મન્યામહે દેવં સેવિતુમેવ ઈશનુમહે યોઽસૌ દયાલુઃ પુરાઃ ધાનાચૈલમુચે કુચૈલ મુનયે દત્તે સ્મ વિત્તેશતામ્''** પૃથ્વી આ બ્રહ્માંડમાં કેટલી નાની? અને પૃથ્વીમાં ભારતવર્ષ કેટલું નાનું? આ દુનિયાનો એક તૃતિયાંશ ભાગ પણ નથી ભારત. એ ભારતમાં વિજયનગર સામ્રાજ્ય કેટલું નાનું? એ વિજયનગરના સિંહાસન પર બેસીને ગર્વથી જે નિરંતર બળતો હોય, એને આવી ચાટુકારિતાના વચનોથી ઠંડો રાખવો. એમણે કહ્યું **''ધન્યા ન મન્યામહે દેવં સેવિતુમેવ ઈશનુમહે યોઽસૌ દયાલુઃ પુરાઃ ધાનાચૈલમુચે કુચૈલ મુનયે દત્તે સ્મ વિત્તેશતામ્''** અને કહ્યું કે જે **''અચૌરહાર્યં પવિત્રપાત્રમ્''** મારા પાત્ર તો આવા છે, તારા તો પાત્ર તો ઊંચા હશે, જેને કોઈ ચોર પણ ચોરી શકે છે પરંતુ તારા પાત્ર પવિત્ર નહીં હોય. મારા પાત્ર કેવા છે કે જે સદા પવિત્ર છે અને જેને કોઈ ચોરી પણ નથી શકતું. માટીના છે. હવિ ઉન્માદકારી નથી. ભોજન છે મારું, હું પણ પેટ ભરીને ખાઉં છું પરંતુ શું ખાઉં? ચણા ખાઉં પરંતુ એમાં ઉન્માદ નથી કોઈ પ્રકારનો. એવું આળસપણું નથી કે ખાઈને પડીને સૂઈ ગયા. આરામ કરી રહ્યા છીએ. એવો ઉન્માદ નથી હવિથી. હું અહીં આરામથી રહી રહ્યો છું, મારું જીવન ચાલી રહ્યું છે તો હું શામાટે તારા ક્ષુદ્ર રાજ્યમાં આવીને રહું અને ગુલામ બનું?

વેદાંતદેશિક પોતાને ભગવદ્ઘંટાનો અવતાર કહે છે. મતલબ ભગવાનને જગાવવા માટે જે ઘંટ છે એનો અવતાર કહે છે. અને એમ કહે છે કે વરદરાજસ્વામીએ પ્રસન્ન થઈને કહ્યું છે કે ''તું મારા ઘંટાનો અવતાર છે.'' જેમ

ઘંટ વાગે વૈકુંઠમાં તો બધાને સંભળાવા લાગે તો એવીજ રીતે જ્યારે વેદાંતદેશિક બોલે જે વખતે કોઈ વાત તો બધાને સંભળાઈ પડતી હતી વૈષ્ણવતાની. **''કાવ્યેષુ કોમલધિયો વયમેવ નાન્યે, તર્કેષુ કર્કષધિયો વયમેવ નાન્યે, કૃષ્ણે નિવેશિતધિયો વયમેવ નાન્યે''** (વેદાંતદેશિક). કાવ્યમાં કોમલબુદ્ધિ છે તો અમારી છે કોઈ બીજાની નથી. ચક્રવર્તીસમ્રાટ પોતાને કહે છે. તર્કમાં કર્કષબુદ્ધિ છે તો અમારી છે. કૃષ્ણમાં નિવેશિતબુદ્ધિ છે તો અમારી છે. એના બોલવામાં જુઓ કેવી ગર્જના છે કે ગામમાં ઘંટ વાગતો હોય એવું સંભળાઈ પડે, આવા ભક્ત હતા. ત્યાં કહે છે કે વરદરાજસ્વામીએ એક દિવસ પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યા કે તું મારા વૈકુંઠનો ઘંટ છે. તું એ પ્રકારથી નિનાદ કરે છે. આ જે ન્યાસાદેશ શ્લોક છે તે મહાપ્રભુજીએ લખેલો ન હોઈને વેદાંતદેશિકનો શ્લોક છે પરંતુ મહાપ્રભુજીએ પોતાના ગ્રંથોમાં ઈનકોરપોરેટ્ (સમાવિષ્ટ) કર્યો છે.

તો કહે છે રાજ્ય તો **રાજ્યાદિકન્તુ પરિચ્છિન્નં, ભગવતઃ ઐશ્વર્યન્તુ ન તથા, અન્તર્બહિઃ સર્વેષાં સર્વથા વ્યાપ્તમિતિ. કથામૃતં ચ પુનઃ સર્વલોકાન્ વ્યાપ્ય તિષ્ઠતિ, સ્વસામર્થ્યં સર્વત્રૈવ સમ્પાદયતિ.** ભગવાનનું ઐશ્વર્ય તો અન્તર્બહિઃ સર્વત્ર વ્યાપ્ય છે. મતલબ કોઈ એવું સ્થાન નથી કે જ્યાં ભગવદ્ઐશ્વર્ય ન હોય. આ રાજાઓના જેવું ભગવદ્ઐશ્વર્ય નથી. **તસ્માત્ સ્વરૂપતો ધર્મતશ્ચ ભગત્સદશી ભવત્કથેતિ તયા કૃત્વા જીવનં, નતુ સ્વતઃ અનેન ઉત્કર્ષોઽપિ ઉક્તઃ.** મતલબ કથા એમાં ધર્મ મતલબ છએ ગુણ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય તારા જેવા છે. કથા પરમાનંદરૂપ મોક્ષદાયિની છે. સ્વરૂપતઃ કથા પણ તારા જેવી છે. આના કારણે અમે જીવિત છીએ. આ સામર્થ્ય કે અમે જીવિત છીએ, જો આ અપરાધ છે તો તારો છે. એની ભાષા આ છે અહીં. ગોપી કહી રહી છે કે આ મારો અપરાધ નથી, તારો છે. આ તારો અપરાધ છે જે અમને જીવાડી રહ્યો છે જો અપરાધ છે તો! જો કોઈ પ્રકારની સેવા છે તો તું પ્રકટ થઈ જા. હવે રાજસી છે તો સ્તુતિ કરીને પાછું મન ચલાયમાન થઈ ગયું એનું. રાજસમાં ચાંચલ્ય રહે છે. ચંચલતાના કારણે પાછું એનું મન ફર્યું તેથી શું કહે કે એક અંતર અમને જરુર તારી કથામાં સમજમાં આવી રહ્યું છે કે તું તો તિરોહિત થઈને ક્યારેક અમને મારી શકે છે પરંતુ તારી કથા ક્યારેય મારતી નથી. જેમ તું

હમણાં અમારી સાથે ખેલી રહ્યો હતો, લીલા કરી રહ્યો હતો, સારો હતો બધા ગુણ તારામાં હતા પરંતુ હમણા છૂપાઈ ગયો. તો આ છૂપાઈને અમને મારવાનો ઉદ્યમ કરી રહ્યો છે પરંતુ તારી કથામાં એક ઉત્તમતા આ છે કે એ છૂપાતી નથી અને મારતી નથી. તારી કથા હંમેશા પ્રકટ રહે છે. મતલબ તું છૂપાઈ જાય છે પરંતુ તારી કથા ચાલતી રહે છે અમારા મનમાં અને વાણીમાં. તેથી તારી કથામાં એક ગુણ વધારે છે **કથામૃતં તસ્મિન્નપિ કાલે જીવયતીતિ** આટલા માટે કથાને અમૃત કહીએ છીએ. તને અમૃત નથી કહેતા. તું અમૃતસ્વરૂપ છે. કથા તો અમૃતરૂપ છે.

**ભગવાન્ સ્વતન્ત્રઃ કથામૃતં પરતન્ત્રમ્ ઈતિ એતાવાન્ વિશેષઃ.** હવે કહે છે કે તું મારે છે, કેમકે તું સ્વતંત્ર છે મારી લે. રાજાનો રાજા કોણ! પરંતુ કથામૃત સ્વતંત્ર નથી. પરતંત્ર છે. કેમ? કારણ શું? જે પ્રકારે ભગવાનને લીલા કરવી હોય, પ્રકટ રહેવું હોય તો પ્રકટ રહે, તિરાહિત થવું હોય તો તિરોહિત થઈ જાય છે, છૂપાવું હોય તો છૂપાઈ જાય. કથામાં તો આવું નથી ને! કથામાં તો ભક્તનો જે મનોરથ હોય એ હિસાબથી કથા ચાલતી રહે.

**ભક્તમનોરથાનુસારિતા** આ કથામાં આનંદ આવ્યો તો આ કથા ચાલે. એ કથામાં આનંદ આવ્યો તો એ કથા ચાલે. ભક્તના હૃદયમાં જે મનોરથ થયો, તદનુસાર કથા એનીમેળે પ્રકટ થવા લાગી જાય. આટલી ભક્તને આધીન છે. આપણે જે પણ કથા કરીએ એનાથી આપણા મનોરથજ તો પ્રકટ થાય ને! તો ભક્તના હૃદયમાં જે પ્રકારના મનોરથ થાય એ પ્રકારની કથા ભક્તને આધીન ચાલતી જ રહે છે. કથાના માધ્યમથી એ લીલાનો અનુભવ, ભક્તને થતો રહે. આટલી સાનુકૂળતા તારામાં ક્યાં છે બતાવ? જેવી અનુકૂળતા તારી કથામાં છે, ભક્તોના અનુકૂળ પડે તારી કથા, આટલી અનુકૂળતા તારામાં ક્યાં પડે? આ રાજસી ટોન્ છે.

મહાપ્રભુજી બતાવે તો દેખાઈ શકે નહીંતર તો ન દેખાઈ શકે. આપણને આટલું જ દેખાય કે **તવ કથામૃતં તપ્તજીવનં કવિભિઃ ઈડિતં કલ્મષાપહમ્.** આ બધાનો અર્થ તો ત્યારે દેખાય જ્યારે શ્રીઆચાર્યચરણ બતાવે. બ્રહ્મા પ્રાર્થના કરે ત્યારે તું આવે, એક તો મનથી આવે નહીં. ભક્તના મનોરથથી આવે નહીં. ભક્ત પ્રાર્થના કરે તો પણ તું ન આવે. આવેલો હોય તો

પણ છૂપાઇ જાય. આવ્યો એક તો બ્રહ્માની પ્રાર્થના કરવાથી અને આવી ગયેલો પણ છૂપાઇ ગ્યો. બતાવ તારી કથા આમ છૂપાઇ જાય છે ક્યાંય!

**કથા તુ સમાગતા ન તિરોભવતિ.** કથા નથી છૂપાતી. કથા તો એક વખત આવી નથી કે પછી એ ચાલતી જ રહે. **અતએવ તાદશં કથામૃતં યે ભુવિ ગૃણન્તિ તએવ ભૂરિદાઃ બહ્વર્થદાતારઃ. 'યે' ઈતિ પ્રસિદ્ધા વ્યાસાદયઃ.** આ કથામૃત જ્યાં પ્રકટ થયું, એ બહ્વર્થ ભૂરિદ થઇ જાય છે અને તને દેવાવાળા લોકો ભૂરિદ નથી થતા. કેમકે જે સ્વરૂપદાન કરે છે, એ તો અલ્પદાન કરે છે અને જે કથાનું દાન કરે છે, એ ભૂરિદાન કરે છે. કેમ? કેમકે તું તિરોહિત થઇ શકે છે. કથા તિરોહિત નથી થઇ શકતી. તું ભક્ત મનોરથાનુસારી નથી અને કથા ભક્ત મનોરથાનુસારી છે. ભૂરિ અર્થાત્ અધિકતામાં, ઘણી માત્રામાં, જેમ દામોદરદાસજીએ કહ્યું કે ''દાન બડો કે દાતા બડો?'' તો એમાં આ વાત કહી કે ''દાતા બડો.'' હવે દાતામાં પણ બે ભેદ હોય થઇ જશે. એક સ્વરૂપદાતા અને એક કથાદાતા. તો સ્વરૂપદાતા મોટો કે કથાદાતા મોટો? તો સ્વરૂપદાતા તો બહુ નાનો છે. કથાદાતા ભૂરિદ છે. કેમ ભૂરિદ છે? કેમકે જેવો તમારો મનોરથ તદનુસાર તમને કથા સંભળાવે. જેવો મનોરથ એવી કથા સાંભળો. તો એજ વખતે તમારો મનોરથપૂર્ણ થાય. તમને જો સ્વરૂપદાન કરે, એ સ્વરૂપને તમે રિઝાવો, સેવા કરો, મનોરથકરો અને કોણજાણે ક્યારે તમારા મનોરથોને પૂર્ણ કરશે. તો અધિક માત્રામાં તો ન રહ્યો ને! તો જે કથાનો દાતા છે એ બહોતાયતમાં (અધિક માત્રા) આપે છે. જે સ્વરૂપના દાતા છે એ બહોતાયતમાં નથી આપતો એ તો બહુજ સીમિત માત્રામાં આપે છે.

**ભૂરિદાશ્ચ તે અજનાશ્ચ, તે કેવલં ભગવદ્રૂપાઃ જનનાદિદોષરહિતા વા.** અને એ કેવા છે? જનનાદિ-દોષ-રહિત છે. મતલબ મુક્તરૂપ છે. તો કથા સાંભળવાવાળો જેમ મુક્ત થાય છે, એમ કહેવાવાળો પણ મુક્ત થાય છે. ભગવત્કથા ઉભયમોક્ષપ્રદ છે.

**(તો કથા જ શામાટે ન કરો!)**

તો કહે ચાલો તો પછી શામાટે શોધી રહી છો? એક ભાગવતસપ્તાહના ચોપાનિયા છપાવો, એક કલ્યાણમંડપ બનાવો, ભાગવતકથાનું આયોજન કરીને આનંદથી ભાગવતસપ્તાહ સાંભળો. છૂટ્યા. મને તો પછી શામાટે શોધી

રહી છો? તો પછી શોધવાની શું જરૂરત છે! જ્યારે કથાની આટલી પ્રશંસા છે, તો આનંદથી કથા સાંભળતા રહો. ત્યારે ચક્કર પડી ગયું. જુઓ રાજસવૃત્તિના કારણે મનની કેવી ચંચળતા છે. આ કથામાં બધુંજ કાંઇ છે પરંતુ આમાં એક વાતની કમી છે, એ શું કમી છે?

**પરં વિરલમ્ અમૃતમ્** કે ઘનીભૂત નથી. શેલો(ફેલાયેલ/પ્રવાહિત છે). આટલું હોવા છતાં પણ, શેલો છે, નકોર નથી. કન્ડેન્સ્ડ નથી. સ્વરૂપ કન્ડેન્સ્ડ્ છે. સ્વરૂપનો આનંદ કન્ડેન્સ્ડ્ આનંદ છે અને કથાનો જે આનંદ છે એ વિરલ આનંદ છે. ઘનીભૂત નથી. એટલા માટે શોધી રહી છીએ. નહીંતર તો અમે કથા કરીને તૃપ્ત થઇ જાત. હવે શું કરીએ? **પરં વિરલમ્ અમૃતં કેવલં મરણોપસ્થિતૌ તન્નિવર્તકમેવેતિ, નતુ સંભૂય એકત્ર રસજનકમ્. સંભૂત એકત્ર** રસજનક નથી. મતલબ કન્સોલિડેટેટ્ નથી. કન્ડેન્સ્ડ્ નથી. બહુ દ્રવાત્મક છે. આ કાનથી સાંભળો તો એ કાનથી નિકળી જાય. રહે છે ક્યાં તમારી પાસે. સ્વરૂપ નાનું છે પરંતુ રહે તો છે ને! કથા આ કાનથી સાંભળો તો એ કાનથી નિકળી જાય છે. રહેતું કાંઇપણ નથીં અને સ્વરૂપ એ થોડું હોવા છતાં પણ રહી જાય છે, આ અંતર છે કેમ જે **સંભૂય એકત્ર રસજનકમ્.** એ **ભૂરિદા જના** છે આ ભૂરિદ નથી, અંતર છે પરંતુ અંતર હોવાછતાં પણ કથા સ્થાયી છે, સ્વરૂપ ઠોસ છે. કથા ભૂરિદ હોવાછતાં પણ આ કાનથી સાંભળો અને બીજા કાનથી નિકળી જાય છે. **રસપિંડયોરિવ તવ કથાયાશ્ચ વિશેષો.** એટલા માટે તારામાં અને તારી કથામાં અંતર કેટલું છે કે તું એક પિંડ છે અને તાર કથા વહી રહેલો રસ છે. વહેવામાં જેટલો વખત વહે એટલો વખત વહે, પછી શું કરશો! આ જે પિંડ છે જમા કરીને રાખો ખૂબ, આવું છે સ્વરૂપનું માહાત્મ્ય. **અન્યથા કથાર્થમેવ યત્નઃ કૃતઃ સ્યાત્.** જો આ અંતર તારામાં અને તારી કથામાં ન હોત તો અહીં બેસીને ભાગવતસપ્તાહ કરત. તને શોધી રહી છીએ, તારી કથા એટલા માટે નથી કરી રહી કે તું રસની પિંડતા છે, ઘનીભૂત રસ તો તું જ છે. તારી કથા નથી. એટલા માટે કથાથી જીવન ટકે છે પણ જીવનનો સ્વાદ નથી મળતો. જીવન ટકવું એક બીજી વાત છે. જીવનનો સ્વાદ એક બીજી વસ્તુ છે. જેમ દવા અને વિટામિન. બે વસ્તુ હોય ને! તો કથા દવા છે અને તું અમારું વિટામિન છે. દવાથી રોગ તો દૂર થઇ જાય છે પરંતુ વિટામિન નથી મળતું અને તું અમારું વિટામિન છે.

એટલા માટે તું જો મળી જાય તો અમને બધા વિટામિન મળી ગયા. આટલું અંતર છે. આવે બંનેજ દવાના લેવલપર, લેબલ તો બંનેમાં દવાનું જ લાગે છે ને! વિટામિન પણ એક પ્રકારની દવા છે. દવા પણ એક દવા છે પરંતુ ફરક તો છે ને! એક ફક્ત તાપનિવર્તક છે, રોગનિવર્તક છે અને એક સામર્થ્યજનક છે. તો સામર્થ્યજનક અને તાપનિવર્તક, એમાં થોડુંક અંતર તો છે ને! આ જ પ્રકારથી ભગવત્સ્વરૂપ સામર્થ્યજનક છે. ભક્તિના સામર્થ્યથી અનુભવ કરી શકશો કે તમારી ભક્તિનું મહત્ત્વ શું છે? તમારી ભક્તિનો માદ્દા શું છે? આ તમને સ્વરૂપથી સમજમાં આવશે. કથાથી સમજમાં નહીં આવે. કથાથી તો તમારા ભવના તાપ દૂર થઈ જશે. એટલા માટે કથા નથી કરી રહી. અન્યથા કથાનો પ્રયત્ન કરત. **પરં વિરહે મરણનિવર્તકત્વેન તદુપયોગ ઈતિ ભગવત્ત્વેન સ્તૂયતે.** જે વખતે તીવ્ર વિપ્રયોગમાં મરવાની સ્થિતિ આવી જાય છે, તે વખતે કથા પ્રાણને ટકાવી રાખે છે પરંતુ પ્રાણોને સંતોષ તો તારા વગર નથી.

હવે જુઓ આપણે યાત્રામાં જઈએ અને ચારેય વસ્તુ ન મળતી હોય દાળ રોટી શાક ભાત તો ટિકડા લઈ જઈએ છીએ અને આપણા પ્રાણ ટિકડા ખાઈ ખાઈને ટકેલા રહે છે. હવે એ ટિકડા કેટલા દિવસ ખાવા? એક વખત યાત્રામાં ખાવા બે ચાર દસ દિવસ ખાઈએ પરંતુ બારે મહિના ખાવાની સ્થિતિ આવી જાય તો! ખરેખર કંટાળો આવશે. એવો સંભૂય રસજનક નથી એટલા માટે અમે કથાનો યત્ન નથી કરી રહી. નહીંતર તો અમે તને ન શોધતી. આપસમાં મળીને કથા જ કરી લેત પરંતુ અત્યારે આ વખતે તો ટિકડાથી કામ ચાલી રહ્યું છે તેથી ટિકડાની જ સ્તુતિ કરી રહી છીએ. તું આવી જાય તો તારી સ્તુતિ કરશું. આ એનો અંદરથી નિર્ણય છે. અમે કથાની સ્તુતિ કેમ કરી રહી છીએ? જેમ બે-બાળક હોય અને એક બાળક આપણી વાત ન માનતો હોય, તો આપણે એક બાળકની સ્તુતિ કરીએ ને! જુઓ કેટલો સયાનો છે, કેટલો સારો છે. આપણે તુલના કરીએ ને! આ સારો છે. તું તો તોફાની છે. એમ કથાની પ્રશંસા કરી રહી છે. એનું કારણ શું? તું છૂપાવાના તોફાન બંધ કરી દે. તું જો આ છૂપાવાના તોફાન બંધ કરી દે તો એ બાળકની કોઈ પ્રશંસા નથી. પરંતુ તું છૂપાવાના તોફાન કરી રહ્યો છે તો આ બાળકની પ્રશંસા થઈ રહી છે, જુઓ આ બહુ સયાનો છે. આ તોફાન કરે છે! તો એની ખુદની પ્રશંસા કરવી

નથી. એ તંગ કરે તો આની પ્રશંસા થાય, નહીંતર તો આની કોઈ પ્રશંસા નથી. આ પ્રકારથી આ કથાની જે બધી પ્રશંસા છે, તું છૂપાઈ રહેલો છે એટલા માટેજ છે. **પરં વિરહે મરણનિવર્તકત્વેન તદુપયોગ ઈતિ ભગવત્ત્વેન સ્તૂયતે** એટલા માટે ભગવાન્ જેવી છે એમ અમે કહી રહી છીએ પરંતુ તું જો પ્રકટ થઈ જાય તો તું જ તો અમારો ભગવાન્ છે. પ્રકટ ન થાય તો તો શું કરીએ! ચાલ તારા બદલે તારી કથા સારી છે.

**અતસ્તૈઃ ભગવત્કથાકથકૈઃ બહુ દત્તમિતિ તદ્વશાદ્ જીવનમ્.** આથી જે ભગવદ્કથાના જે કથક છે, એણે લોકોને બહુજ આપ્યું છે અને આપ્યું છે એટલા માટે એનાથી જીવન ટકી રહેલા છે. નહીંતર જીવન ટકે કેવીરીતે જો ભગવત્કથા ન હોય તો! જે વખતે સંસારતાપથી સળગેલો માણસ છે, એની ઔષધિ કથા જ છે, વગર ભગવત્કથાએ ભવૌષધિ નથી પરંતુ જ્યારે એ ભવૌષધિથી ભગરોગ દૂર થયો, તે વખતે વિટામિન તો ભગવાન્ પોતેજ છે, ભગવત્કથા નહીં. **એતત્સાત્ત્વિક્યાઃ.** આ રાજસ સાત્ત્વિક હોવાના કારણે આના વિચારમાં થોડીક સાત્ત્વિકતા પણ છે અને રાજસભાવની થોડી થોડી છૂપાયેલ કણિકા પણ છે, જેથી ભગવાનને ટકોર પણ કરતી જાય અને શબ્દ સાત્ત્વિકતાના વાપરે. રાજસી હોવાછતાં પણ થોડી સાત્ત્વિક છે તો ઠાકોરજીને થોડીક ટકોર તો કરી જ રહી છે. **તવ કથામૃતમ્..... યે ભૂરિદા અજનાઃ.**

***

## ॥ શ્લોક : ૧૦ ॥

**ઉત્થાનિકા :**

**તામસ્યાઃ વચનમ્ આહ પ્રહસિતમ્ ઈતિ.**

**શ્લોક :**

**પ્રહસિતં પ્રિય! પ્રેમવીક્ષિતં વિહરણં ચ તે ધ્યાનમંગલમ્ ॥**
**રહસિ સંવિદો યા હૃદિસ્પૃશઃ કુહક! નો મનઃ ક્ષોભયન્તિ હિ ॥૧૦॥**

**સુબોધિની :**

**યદ્યપિ કથયા સ્થાતું શક્યતે, તદિ ત્વદીયૈઃ ધર્મૈઃ ક્ષોભો ન ઉત્પાદિતઃ સ્યાત્. યથા ભગવતિ ષડ્ગુણાઃ સન્તિ તથા ષડ્વ્યામોહકા અપિ ગુણાઃ સન્તિ. અન્યથા કથયૈવ ચરિતાર્થતા સ્યાત્. તદર્થં ભગવાન્ માયયા કુહકલીલામપિ કરોતીતિ સ્વસ્વભાવદોષાદ્ ભગવતિ તથા સ્ફુર્તિઃ ઈતિ; યથા જ્વરિતસ્ય અન્ને વિરસતાપ્રતીતિઃ. અત આહ તવ પ્રહસિતાદિકં નો મનઃ ક્ષોભયતિ ઈતિ, પ્રકર્ષેણ હસિતં, સ્વભાવતએવ ખિન્ના, તાં ત્યક્ત્વા અન્યયા સહ સ્થિતં ઈતિ, તતઃ ચેદ્ સમાગત્ય પ્રકર્ષેણ હસતિ, સુતરાં ક્ષોભં પ્રાપ્નોતિ. પ્રિય! ઈતિ સમ્બોધનાત્ તવ સમ્બન્ધોઽપિ સ્મૃતઃ ક્ષોભજનકો જાયતે. અતએવ યાસાં ન સમ્બન્ધઃ તાસાં ન ક્ષોભઃ. કિંચ તવ યત્ પ્રેમવીક્ષિતં પ્રેમ્ણા વીક્ષિતં તદપિ ક્ષોભયતિ સ્મૃતં સત્. અન્યવિષયકં વા વિશ્વાસજનકત્વાદ્ વા અન્તઃકપટરૂપ-મિતિ ક્ષોભજનકમ્, અન્યથા કાર્યે વિસંવાદો ન સ્યાત્, મનસઃ ઉત્તોલકં વા આશાજનકમ્ આશયા ચ શ્રમઃ. તવ વિહરણમપિ ક્ષોભજનકમ્. વિહરણં યચ્ચલનં, વેણુવાદનાદિના રસો ભગવદીય આકારાદ્ બહિઃ સ્થાપ્યત ઈતિ. વિશેષેણ હરણં યસ્માદ્ ઈતિ ત્રિભંગલલિતાદિકં ભવતિ. તત્પૂર્વમ્ અસ્માભિઃ ધ્યાતમ્ ઈતિ ધ્યાનમેવ મંગલં ત્વલ્લક્ષણં શુભફલં પ્રયચ્છતીતિ. તદપિ ઈદાનીં ક્ષોભજનકં, તિરોહિતત્વાત્. તે ઈતિ સર્વત્ર સમ્બન્ધઃ. અન્યત્ માયયાપિ કરોતીતિ મુખ્યતયા અત્ર ઉક્તિઃ. એવં રૂપસમ્બન્ધે ચતુષ્ટયં ક્ષોભકમ્ ઉક્તમ્. નામસમ્બન્ધિ દ્વયમ્ આહ રહસિ સંવિદઃ ઈતિ યા હૃદિસ્પૃશઃ ઈતિ. રહસિ એકાન્તે સંવિદો જ્ઞાનરૂપાઃ ભગવદ્વાચઃ. જ્ઞાનાન્યેવ વા શાસ્ત્રજનિતાનિ બન્ધાદ્યભિજ્ઞારુપાણિ. તત્રાપિ યા વાચો હૃદિસ્પૃશઃ હૃદયગામિન્યો ભવન્તિ. અસ્મદનુગુણાએવ બન્ધસંવિદો વા, નતુ કેવલં નાયકાનુગુણાઃ. અતએવમ્ એતે**

**સુખહેતવોઽપિ, ભવાન્ વંચયતિ ચેત્, તદા ક્ષોભં જનયન્તિ. અયમ્ અર્થઃ સર્વાનુભવસિદ્ધઃ ઇતિ આહ હિ ઇતિ॥૧૦॥**

**વિવરણમ્ :**

**(રસાનુભૂતિ=આનંદનું સાકારરૂપ)**

પ્રભુનું સ્વરૂપ રસાત્મક છે અને રસ એકાકિતયા સંભવ નથી. આથી દયિતથી પણ એક પગલું આગળ વધીને હોવો જોઇએ. રસ હોવો જોઇએ. રસનો ભોક્તા હોવો જોઇએ. રસનો ભોગ્ય હોવો જોઇએ. આમ તો રસમાં બીજા પણ ઘણા પાસા જોઇએ, આલંબનવિભાવ સંચારિભાવ સ્થાયિભાવ પરંતુ જે વખતે રસ પોતાની ચરમ અવસ્થાપર પહોંચે રસાનુભૂતિ તે વખતે પણ આ ત્રણ તો રહે જ છે. જેમ અધ્યયન. યદ્યપિ શાસ્ત્રકારોએ અધ્યયન-અધ્યાપનને રસ નથી માન્યો, તો પણ અધ્યયન ચાલતું હોય, આપણે અધ્યાપન કરતા હોઇએ તો વિષય જોઇએ. એક અધ્યાપક જોઇએ, એક અધ્યેતા જોઇએ. યુદ્ધ ચાલતું હોય તો યોદ્ધા જોઇએ, બે યોદ્ધા વગર એકલો માણસ યુદ્ધ ન કરી શકે અને કેટલું યુદ્ધ કરી શકે? તો રસ ચાહે શૃંગાર હોય, ચાહે હાસ્ય હોય, આપણે હસવું હોય તો હાસ્યની સ્થિતિ જોઇએ. હાસ્યાસ્પદ વાત કોઇ જોઇએ કે વસ્તુ જોઇએ અને હસવાવાળા આપણે જોઇએ. એકલો માણસ હસી કેવીરીતે શકશે? શેનાપર હસશે અને શામાટે હસશે?

**"સ વૈ નૈવ રેમે તસ્માદ્ એકાકી ન રમતે સ દ્વિતીયમ્ ઐચ્છત્"** (બૃહ.ઉ.૧/૪/૩). પ્રભુ પરમાનંદ સ્વરૂપતઃ છે જ પરંતુ પરમાનંદ સ્વરૂપ હોવાછતાં પણ, પરમાનંદની પરમતા રસમાં જઇને અભિવ્યક્ત થાય છે. એક આનંદ જ્યાંસુધી કોઇ રસનો આકાર ગ્રહણ ન કરે ત્યાંસુધી એ નિરાકાર આનંદ કહેવાય. જે વખતે કોઇ પણ આનંદ રસનો આકાર ગ્રહણ કરી લે એ વખતે એ સાકાર આનંદ થઇ જાય. આ એક અંતર છે.

એક સામાન્ય વાત બતાવું. જેમ મજા તો આપણને દરેક વસ્તુમાં આવે છે. સુખ તો આપણને દરેક વસ્તુમાં મળે છે પરંતુ એ સુખનો સ્પષ્ટ આકાર આપણે ક્યારે માનીએ? એ સુખનો કોઇ નિશ્ચિત એક મનોભાવ હોય તો. આથી શાસ્ત્રકારોમાં રસની બાબતમાં વિવાદ થઇ ગયા. કોઇએ કહ્યું કે "નવ રસ છે." કોઇએ કહ્યું કે "બાર રસ છે." કોઇએ કહ્યું કે "એક રસ છે."

કોઈએ કહ્યું કે ''ચાર રસ છે.'' આ વિવાદ કેમ થયા? તે એટલા માટે કે એક નિશ્ચિત સુખના મનોભાવ કેટલા છે? મનોભાવ અને સેન્ટિમેન્ટ્સ્. એક એવો સેન્ટિમેન્ટ્બેસ્ જેને સંસ્કૃતમાં 'સ્થાયિભાવ' કહે છે. જેમ બાળક થયું, તમને રાતે જગાડે તો ગુસ્સો નથી આવતો? બાળકપર ગુસ્સો આવે પરંતુ એ ગુસ્સો પ્રેમનો ગુસ્સો આવે કે દ્વેષનો ગુસ્સો આવે? ગુસ્સો આવે અને ગુસ્સો આવવા છતાંપણ પ્યારનો ગુસ્સો આવે. દ્વેષનો ગુસ્સો નથી આવતો. ક્યારેક ખીજનો ગુસ્સો આવે કે કેમ સુતો નથી ને સુવા દેતોય નથી? કેમ અમને તકલીફ કરાવી રહ્યો છે. ગુસ્સો આવે પણ પ્યારનો ગુસ્સો આવે. એક વિદ્યાર્થી ન ભણતો હોય, તો ગુરુજીને ગુસ્સો આવે. એવો ગુસ્સો ન આવે તલવાર લઈએ ગરદન જ કાપી નાખે. પછી એ વિદ્યાર્થી ક્યાં રહ્યો! એ તો શત્રુ થઈ ગયો. ગુસ્સો આવે તો વધારેમાં વધારે સોટી મારે. માં પણ પોતાના બાળકને પીટે. પીટે પરંતુ એવો ન પીટે કે ગળુ જ દબાવી દે. પીટે કેમકે એનું અહિત દેખાય છે. તો આમ ગુસ્સો આવી રહ્યો છે પરંતુ તો પણ પ્યાર કાયમ છે. વાત્સલ્ય કાયમ છે. તો વાત્સલ્યને એક રસ માનવામાં આવે છે. યોદ્ધા યુદ્ધ કરી રહ્યો છે, કોઈ વખતે સામેવાળો શત્રુ એવી સરસ તલવાર ચલાવે, એવી સરસ બંદૂક ચલાવે અથવા કોઈ શસ્ત્ર ચલાવે કે આપણું પણ મન મોહિત થઈ જાય. શું ચલાવી! લડનારા આ વાતની ખૂબસૂરતી સમજી શકે છે કે જ્યારે સામેવાળો કોઈ શસ્ત્ર ચલાવે તો સામેવાળાની પણ વાહ! થઈ જાય કે થઈ વાત. અમારી સામે કોઈ શાસ્ત્રાર્થની વાત કરી દે તો મજા આવી જાય. ભલે જવાબ આપણાથી એક વખત ન આપી શકાતો હોય. કોઈએ એક એવી કડક વાત પૂછી લીધી તો ચિત્તમાં એક વખત તો પ્રસન્નતા થઈ જાય, ભલે પછી દુઃખ થઈ જાય કે આનો જવાબ નથી આપી શકાતો પરંતુ એક વખત ચિત્તમાં પ્રસન્નતા થઈ જાય કે શું વાત પૂછી છે! તો એની પણ મજા આવે. એ મજા આવે એથી આપણે એના શિષ્ય નથી થઈ જતા. જેમને શાસ્ત્રાર્થની આદત છે, કોઈએ એક એવી કડક વાત પૂછી લીધી કે જેનો ઉત્તર ન આપી શકાયો, તો એનો આનંદ આવે. પ્રેમ પણ આવે એનાપર કે વાહ કેવી યુક્તિ આપી રહ્યો છે! પરંતુ એનાથી પરાજય નથી સ્વીકારી લેવાતી આટલી વાત તો છે. પરાજય સ્વીકારી તો યુદ્ધનો સ્થાયિભાવ તૂટી જાય. પછી રસાભાસ થઈ જાય. સરસ તલવાર ચલાવી હોય, સારું શસ્ત્ર ચલાવ્યું હોય તો મોઢામાંથી વાહ નિકળી જાય પરંતુ એનાથી પરાજય ન

સ્વીકારી લેવાય અન્યથા રસાભાસ થઈ જાય. વીરરસનો સ્થાયિભાવ ઉત્સાહ માનવામાં આવે છે. ઉત્સાહ જ્યાંસુધી કાયમ રહે ત્યાંસુધી વીરરસ કાયમ રહેશે. ઉત્સાહ ખંડિત થયો તો વીરરસ ખંડિત થઈ જશે. હવે ચાહે શત્રુની પ્રશંસા કરીએ ચાહે નિંદા કરીએ, શત્રુને ગાળ આપીએ ચાહે કાંઈપણ કરીએ ચાહે ભાગીએ, યદ્યપિ ભાગવું કાયરતાની નિશાની છે પરંતુ ભાગીને પણ યુદ્ધનો ઉત્સાહ કાયમ રાખી શકાય છે.

કૃષ્ણ કાલયવનની સામેથી ભાગ્યા તો ડરીને નથી ભાગ્યા પરંતુ આટલા માટે કે આને કેવીરીતે ખતમ કરવો. શિવાજી તો દરેક વખતે ભાગતા હતા, ભાગવામાં એક્સપર્ટ હતા. એટલા માટે નહીં કે ડરતા હતા, ડરવા-ડરાવવાનો પ્રશ્ન જ ન હતો. યુદ્ધને એ વખતે ઉત્સાહની માંગ હતી કે આ વખતે આ ઉત્સાહને આ કેન્વાસ્ પર નાખો. કોઈ વખત ભાગી પણ રહ્યો હશે. સામાન્યતઃ આ માનવામાં આવે કે મહારાણા પ્રતાપ ભાગ્યા નહીં, સામે લડતા રહ્યા. શિવાજી ભાગ્યા, તો ભાગવું અને સામે લડતા રહેવું બંનેમાં એમનો ભરપૂર ઉત્સાહ કાયમ હતો. મહારાણા પ્રતાપના મનમાં આ વાત નિશ્ચિત હતી કે ''અકબરની સામે નમવું નહીં ભલે મરી જવું પડે.'' શિવાજીની સામે આ ઉત્સાહ કાયમ છે ''ભાગીશ પરંતુ ઔરંગજેબની સામે માથું નહીં નમાવું. ચાહે તો બદમાશીથી ભાગું, ચાહે તો છળકપટ કરીને ભાગું ચાહે તો વીરતાથી ભાગું ચાહે લડું જે કરી શકતો હોઈશ તે કરીશ પરંતુ ઔરંગજેબની સામે માથું નહીં નમાવું.'' વીજાપુરના જે પઠાણ બાદશાહ હતા, એની સામે માથું ન ઝુકાવું. આ વાતનો ઉત્સાહ કાયમ રહ્યો. જો ઉત્સાહ ખતમ થયો તો વીરરસ ખતમ થઈ જાય. એમાં એક સ્થાયિભાવ કાયમ રહે છે અને તે આનંદ એનો આકાર લઈ લે છે. લડવામાં જે સુખ છે એ આનંદ છે. આપણને પણ આનંદ આવે પરંતુ આપણા આનંદમાં લડવાનો ઉત્સાહ નથી હોતો. મતલબ ક્યારેક કોઈસાથે આપણો ઝઘડો થઈ જાય કોઈ વખતે તો એ ઉત્સાહનો ઝઘડો નથી. કોઈનો પ્રેમનો ઝઘડો હશે. એ ઝઘડો ઉત્સાહનો નથી. જેમ શિવાજીને ઝઘડાનો ઉત્સાહ હતો, એવો ઉત્સાહ નહીં, નહીંતર તો પછી એ બીજો ઝઘડો થાય. જેને ઝઘડાનો ઉત્સાહ હોય એને બીજો ઉત્સાહ હોય. આપણને ઉત્સાહનો ઝઘડો નથી, આપણે પ્રેમનો ઝઘડો છે. કોઈને ખીજનો ઝઘડો હોય છે. તો

આમ આપણને ઝઘડવામાં જે આનંદ આવે એ આનંદ નિરાકાર રહી જાય, કેમકે એમાં ઉત્સાહનો આકાર નથી આવતો. જો ઝઘડાના સંદર્ભમાં વિચારીએ તો. જેમ સેવાના સંબંધમાં આપણે વિચારીએ. જેમ સેવામાં આપણને આનંદ આવે.

જો વાદળા એકબીજા સાથે ટકરાય તો એની વિજળી ચમકે. એમ જે વખતે આ ભોક્તા અને ભોગ્ય રસના રૂપમાં આપસમાં ટકરાય ત્યારે વિજળી ચમકવાની શરુ થાય છે. અલગ અલગ બધી ગર્જનાઓ શરુ થાય છે. કોઈ વખતે ગરજે, કોઈ વખતે ગરજે નહીં, ખાલી ચમકે. કોઈ વખતે ચમકે પણ અને ગરજે પણ. આવા કેટલાય રૂપ આના હોય જે વાદળ ઉમડી જાય ત્યારે આ આવે. નહીંતર તો ન આવી શકે અને એટલા માટે જે કાંઈ પ્રભુનું રૂપ છે એ પ્રભુનું રૂપ જે વખતે ગરજી રહ્યું છે ચમકી નથી રહ્યું અને જે વખતે ચમકી રહ્યું છે અને ગરજી નથી રહ્યું. એમ બંને પ્રકારના રૂપોનું વર્ણન **"બર્હાપીડં નટવરવપુઃ"** (ભાગ.પુરા.૧૦/૧૮/૬) માં કર્યું છે. મતલબ ક્યાંક તો ગરજે છે. બહુજ સુંદર પદ છે **"તુમ ઘનસે હો ઘનશ્યામ ગરજ ગરજ આયે અનત જાય બરસે. કહૂં બરસત કહૂં નેહ જનાવત કહૂં લાવત ઝરસે... મુખકી હલબલાઈ હમસુ કરન આયે ઔરનકે તુમ પગ પરસે. ધોંધીકે પ્રભુ તુમ બહુનાયક ઈન બાતન સરસે..."** માણસ ગણત્રી કરતો રહે કે ગરજે ક્યાં વરસે ક્યાં, ચમકે ક્યાં? વાદળ તો એક છે પરંતુ બધે ઠેકાણે એક જાતનો વ્યવહાર નથી કરતા. ક્યાંક ગરજવાનો વ્યવહાર કરે, ક્યાંક વરસવાનો વ્યવહાર કરે, ક્યાંક ચમકવાનો વ્યવહાર કરે. કેમકે વાદળ ગહન છે. એ ક્યાંક ટકરાશે ક્યાંક નહીં ટકરાય અને જ્યાં ટકરાયો છે, ત્યાં ચમકશે. એની ગર્જના પણ સાંભળી શકાશે. જ્યાં વરસસે ત્યાં વરસસે. તો આ પ્રકારે એકજ વાદળને જોવાવાળો નીચે ક્યાંથી જોઈ રહ્યો છે એના હિસાબથી તે એ વાદળના અનેક રૂપ થઈ જાય છે પરંતુ વાદળ તો એક છે. એના વરસવાના ચમકવાના ગરજવાના અલગ અલગ રૂપ થઈજાય.

એટલા માટે આ ગોપિકાઓ અત્યાર સુધી પ્રભુના ગરજવાને વરસવાને એપ્રીસિયેટ્ કરી રહી છે. એ ગોપિકાઓ હવે આમ કહી રહી છે કે આ વાત આ શ્લોકમાં અમને સારી નથી લાગી રહી, કેમકે ભોગ્યનું રૂપ છે. તો દરેક

ભોગ્ય પ્રભુએ જે વખતે પોતાના પરમાનંદનો વિસ્તાર કર્યો, પરમાનંદમાં જે વખતે સાકાર રસરૂપતા આવી, તો રસરૂપતાના આવવાના કારણે પ્રભુમાં બંને પ્રકારના રૂપ આવ્યા. ભોક્તાનું રૂપ પણ આવ્યું અને ભોગ્યનું રૂપ પણ આવ્યું. આ તો આપણે એક સામાન્ય રૂપથી કહીએ તો. આવા તો અનેક ભોક્તાના રૂપ પ્રભુમાં આવ્યા છે. અનેક ભોગ્યરૂપથી પ્રભુ પરિણત થયા છે. હવે એમાં શેર્ કેવીરીતે એલોટ્ થયો? શેર્ બધાને આ પ્રકારથી મળ્યો કે વાદળના ભાગલા. કેટલાક ભોક્તારૂપી વાદળ જે ઉડી રહ્યા હતા, આજકાલ પણ એને નેગેટિવ પોજિટિવ માનીએ છીએ ને! વિજળી તો ત્યારે જ ચમકે કે જ્યારે નેગેટિવ પોજિટિવ મળે. એ પ્રકારના વાદળ હોય ને! આપણે એને ભોગ્ય ભોકતા ના વાદળ સમજી લો. તો કેટલાક જીવોને કહેવામાં આવ્યું કે અચ્છા ચાલો તમે ભોક્તા બની જાઓ. તો જે જીવોને ભોક્તા બનાવવામાં આવ્યા, એ જીવોના સંબંધમાં પ્રભુ ભોગ્ય બની ગયા. કેટલાક જીવોને કહેવામાં આવ્યું કે ચાલો તમે ભોગ્ય બની જાઓ. એ જીવોના સંબંધમાં પ્રભુ ભોક્તા બની ગયા. હવે બંને રમત રમે. ચોર સિપાહી રમે ત્યારે એક ચોર બની જાય, એક સિપાહી બની જાય. એક સિપાહી બની જાય બાકી બધા ચોર બની જાય. તો અલગ અલગ દાવ આ લાગે. મર્યાદાજીવોને ભગવાને ભોગ્ય બનાવ્યા અને ખુદ ભોક્તા બન્યા. અથવા સાચા શબ્દોમાં કહીએ તો જે જીવોને ભગવાને ભોગ્ય બનાવ્યા, એ જીવોને 'મર્યાદાજીવ' કહેવામાં આવે. જે જીવોની સાથે રસાનુભૂતિમાં પ્રભુ ભોગ્ય બને, એ જીવોને 'પુષ્ટિજીવ' કહેવામાં આવે. પુષ્ટિને ભોગ્ય નથી બનાવ્યા પરંતુ પ્રભુ સ્વયં જે જીવોમાટે ભોગ્ય બન્યા એ જીવ 'પુષ્ટિજીવ' કહેવાયા. આ પ્રકારના પ્રભેદના કારણે સ્વરૂપમાં અંતર થઇ જાય. જે જીવ ભગવાનના માટે ભોગ્ય બન્યા, એમને માટે તો પ્રભુ ભોક્તા છે. એમની સાથે જે પણ સંબંધ છે, એની ટર્મસ્-ડિક્ટેટ્ ભગવાન કરે. એક બિજનેસ્-કોન્ટ્રેક્ટમાં શરત હોય છે કે આટલાનો માલ ખરીદવામાં આવશે. આટલાનો માલ વેંચવામાં આવશે. આ થશે આ નહીં થાય. એની ટર્મસ્-ડિક્ટેટ્ કરે. કોન્ટ્રેક્ટનો મતલબ છે કે આપસમાં બંને જણા સંધિ કરે. કોઈ વખત માલની સ્કેયરસિટી થાય તો વેંચવાવાળો ટર્મસ્-ડિક્ટેટ્ કરે. આટલામાં લેવો હોય તો લો નહીંતર ગુડબાય્. એમ ટર્મસ્ જે ડિક્ટેટ્ કરે એ ભક્ત ડિક્ટેટ્ કરે. ભક્ત કહે કે "મારા સંબંધથી ટર્મસ્ બનશે મંજૂર છે." તો ભગવાન્ ના ન પાડી શકે. ઠીક

છે નહીં તો ગુડબાય્. જે પ્રકારથી એક બાયર્ છે, એક સેલર્ છે. તો બાયર્ તો કમજોર છે. એને તો સામાન ખરીદવો છે, જોઈએ છે અને સેલર્ કહે કે ''આ સામાન તો આટલાનો મળશે.''

જો જીવને તમે ભોગ્ય માન્યો તો ટર્મસ્ તમે ડિક્ટેટ્ કરશો. જો તમે ભોક્તા માન્યો, તો ભોગ તો મારે કરવો છે ને! હવે વસ્તુ પસંદ કેવી આવશે આ હું નક્કી નહીં કરું તો કોણ કરશે? આપણે કોઈને ભોજન કરવા બોલાવીએ, સામાન્યતયા તો એવું છે કે જે બને તે ખાવું જોઈએ પરંતુ ઘનિષ્ઠ સંબંધ હોય તો આપણે પૂછશું કે ''શું ભાવે છે?'' જ્યારે આપણને ખબર પડી જાય કે ''આને આ ભાવે છે'' તો એને એ વસ્તુ આપવી જોઈએ. જ્યારે ભોક્તા જીવ બને છે, તો ભગવાન્ એમ નથી કહી શકતા કે તારે આ લેવું પડશે કે મને આ વસ્તુ ભાવે છે. આ સમયે તો જે જીવને ભાવે એ ભગવાનને દેવી પડશે. કેમકે જીવ ભોક્તા છે. ભગવાન્ તો ભોક્તા નથી. આ સમયે તો ભગવાન્ ભોગ્ય બની ગયા. તો એટલા માટે કહી રહી છે **પ્રહસિતં પ્રિય.... ક્ષોભયન્તિ હિ.** પ્રભુ હંસેં, પ્રભુ આપણા પ્રેમના પાત્ર બને, પ્રભુ પ્રેમથી આપણને રિઝાવી રહ્યા છે અને પ્રભુની વિવિધ ક્રીડાઓ પ્રભુની વાતો પ્રભુ જેમાં આપણું સુખ વિચારી રહ્યાછે, પ્રભુ જીવના હિતમાં જીવનું સુખ વિચારી રહ્યા છે, પોતાનું સુખ નથી વિચારતા, જ્યાં પ્રભુ જીવના સુખનો વિચાર કરી રહ્યા છે અને જીવે ભોક્તા હોવાના કારણે ઘણીબધી વાતો કરી પરંતુ આ બધું સુખ ક્યારે છે? સંયોગમાં. આ જ વાત વિપ્રયોગમાં દુઃખ જ લાગે છે. આ બધાજ પ્રભુના ગુણ જે ભગવત્સંયોગમાં મીઠા લાગી રહ્યા હતા, મધુર લાગી રહ્યા હતા, એજ વાતો વિપ્રયોગમાં તીખી લાગવા માંડે.

હવે તમે કોઈને ભોજન પર બોલાવો અને એને પીરસો. તો કોઈ વસ્તુ એને ભાવે અને કોઈ વસ્તુ ન ભાવે. હવે જે ભાવે તો તમે એની પાછળ પડી જાવ કે 'ખાઓ.' કેમ તમે કબૂલ કર્યું કે 'ભાવે' તો ખાઓ આખો દિવસ. આમ ન ભાવે. હવે તારો સાથ, તારી પ્રેમાસ્પદતા તારું નિહાળવું, આ બધું ભાવે પરંતુ ક્યારે ભાવે? જ્યારે તું સામે હોય તો. તારો સંયોગ હોય તો પરંતુ તારા વિયોગમાં તો આ બધી વાતો તીખી લાગે છે. હશે સોહાતી પરંતુ જ્યારે તું સામે નથી તો આ બધી વાતો તીખી લાગી રહી છે.

આચાર્યચરણ આટલા માટેજ અહીં બહુજ સુંદર કહે છે. જેમ પ્રભુમાં છ ગુણ છે, ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય અને એવીજ રીતે છએ ગુણ પ્રભુની કથામાં પણ છે. આ કથામાં છે અને એના કારણે જે સામર્થ્ય પ્રભુમાં છે, એ ભગવત્કથામાં પણ છે. આટલા જ માટે ભગવત્કથાના માધ્યમથી પણ જીવન ટકી શકે છે. ગોપિકાઓ કહી રહી છે કે પરંતુ જેમ છ આ ગુણ છે, છ અવગુણ પણ છે. અરે તો અવગુણને શોધી રહી છો! તો કહે છે કે તું મળી જાય તો ગુણ છે નહીંતર તો અવગુણ છે. એ છ અવગુણ કયા કયા? **હાસ પ્રેમાસ્પદતા પ્રેમવીક્ષણ વિહરણ સંવિદ અને હૃદિસ્પૃશ** આ છ અવગુણ તારામાં છે જે તારી કથામાં નથી. હવે બતાવ શું કરીએ? આ છ અવગુણ કથામાં હોત, તો તો અમે કથા પ્રેમથી કરત. કથાને સાંભળીએ છીએ, કથાને સાંભળી શકીએ છીએ પરંતુ જેમ તું મુસ્કુરાઈને અમને પ્રેમથી જુએ છે એમ કથા અમને જોઈ નથી શકતી. કથા તો સાંભળી શકાય ને! કથામાં વાત ક્યાં થઈ શકે છે? બોલે તો બોલવાવાળો નારાજ થઈ જાય. કથા ચાલી રહી હોય અને તમે વચમાં કાંઈક બોલો, નારાજ થઈ જાય માણસ કે કથામાં વિક્ષેપ કરી રહ્યો છે.

અમે પ્રશ્નોત્તરનો કાર્યક્રમ રાખીએ. તો કલકત્તામાં કોઈએ કહ્યું કે ''પ્રશ્નોત્તર કરવાથી ચર્ચા થાય છે, વાદવિવાદ થાય છે, વિતંડાવાદ થાય છે, તો કથા કરો.'' કથામાં તો આ નહીં થાય. જ્યાં સંયોગ છે ત્યાં આ સંવાદ છે. કથામાં સંવાદ નહીં થઈ શકે. ભગવત્સંયોગ જ્યાં છે ત્યાં તો સંવાદ છે. કથા કેવીરીતે સંવાદ કરશે? પરીક્ષિતે સંવાદ કર્યો તો શુકદેવજી નારાજ થઈ ગયા. થઈ ગયા કે ન થઈ ગયા નારાજ? બોલવાની છૂટ તો છે નહીં. એકતરફી પ્રયાસ છે. એ બોલતા જાય અને તમે સાંભળતા જાઓ. તો કથામાં સંવાદ ક્યાંથી લાવવો? હસવું. હસવું પણ સંવાદ નથી. તો આ કથા એમાં આ અવગુણ નથી જે તારામાં છે. એટલા માટે અમે કથા ન કરીને તને શોધી રહી છીએ.

આચાર્યચરણ કહે છે **યદ્યપિ કથયા સ્થાતું શક્યતે, યદિ ત્વદીયૈઃ ધર્મૈઃ ક્ષોભો ન ઉત્પાદિતઃ સ્યાત્. ''તવ કથામૃતં તપ્તજીવનં''** તારી કથા તપ્તનું જીવન છે, વિદ્વત્પ્રશંસિત છે, કલ્મષાપહ છે, શ્રવણમંગલ છે, સાંભળવામાં પણ મધુર છે, શ્રીમતી છે અને આતત છે. આ અવગુણ નથી પરંતુ તારામાં જે અવગુણ

છે, આ જે ક્ષોભકગુણ છે તારામાં, એ તારી કથામાં ક્યાં છે બતાવ?

**(ષડ્ વ્યામોહિકા ગુણાઃ)**

**યથા ભગવતિ ષડ્ગુણાઃ સન્તિ તથા ષડ્ વ્યામોહિકાઅપિ ગુણાઃ સન્તિ.** જેમ ભગવાનમાં છ ગુણ છે અને છ અવગુણ છે. મહાપ્રભુજીની પ્રભુમાં એટલી આસક્તિ છે કે અવગુણ નથી કહેતા. અને આ અવગુણ કહી રહી છે તો નારાજ થઈ રહ્યા છે કે અવગુણ ન કહેવા જોઈએ. એટલા માટે **વ્યામોહિકાઅપિ ગુણાઃ સન્તિઃ** આનો ખુલાસો આગળ કરી રહ્યા છે. **સ્વભાવદોષાદ્ ભગવતિ તથાસ્ફૂર્તિઃ ઈતિ.** આ જે અવગુણ દેખાઈ રહ્યા છે, વ્યોમોહક ગુણ દેખાઈ રહ્યા છે. આ ભગવાનના અવગુણ નથી પરંતુ આપણા સ્વભાવના કારણે આપણને દેખાઈ રહ્યા છે પરંતુ થોડાક આના તાત્પર્યમાં જાઓ. આ સ્વભાવદોષ શું છે? જીવમાં ભોકતૃભાવ પ્રભુએ સ્થાપિત કર્યો છે. તો એ જીવ પોતાની ટર્મસ્-ડિક્ટેટ્ કરશે કે હવે આ વસ્તુ અમારે જોઈએ અને આ નથી જોઈતી (ભાવે તો પણ)?. તો ગોપિકા કહી રહી છે કે આ જે તારામાં છ અવગુણ છે કે દરેક વખતે અમને તારી હંસી યાદ આવી જાય દરેક વખતે અમને તારો પ્રેમ યાદ આવી જાય પ્રેમસહિત નિહાળવું યાદ આવી જાય તારું વિહરણ યાદ આવી જાય તારી ચતુરાઈની વાતો યાદ આવી જાય. અમે આને જો ભૂલી જઈએ તો કથા કરવા બેસી જઈએ. પછી તને ન શોધીએ. પરંતુ વ્યામોહક ગુણોના કારણે અમે લાચાર છીએ અને તને શોધી રહી છીએ પરંતુ તારી કથાને નથી શોધી રહી. કેમકે આ વસ્તુઓ ત્યાં નથી મળી શકતી.

**અન્યથા કથયૈવ ચરિતાર્થતા સ્યાત્. તદર્થં ભગવાન્ માયયા કુહકલીલામપિ કરોતીતિ સ્વસ્વભાવદોષાદ્ ભગવતિ તથા સ્ફુર્તિરિતિઃ.** અરે! ભગવાનમાં અવગુણ શોધી રહી છો? એક તો પ્રાર્થના કરી રહી છો કે પ્રકટ થઈ જાઓ, પ્રકટ થઈ જાઓ અને આવો ફટકો! તો કહે છે **સ્વસ્વભાવદોષાત્** તો સ્વભાવ બનાવ્યો કોણે? જે પણ અમારો સ્વભાવ છે અને એ સ્વભાવમાં જે પણ દોષ છે, એ દોષને બનાવ્યા કોણે? મતલબ તમે અમને ભોજનના માટે આમંત્રિત કરો અને અમે તમને એમ કહી દઈએ કે અમને આ વસ્તુ રુચે છે, આને આ વસ્તુ પીરસો, આ દોષ અમારો કે તમારો દોષ? આમંત્રિત શામાટે કર્યા આમને ભોક્તા તરીકે? આમંત્રિત ન કરતા. અમે તો ઘરમાં આનંદથી

બેઠેલા હતા. કોઈ દુઃખ ન હતું, કોઈ પીડા ન હતી. આમંત્રિત કર્યા, આર.એસ.વી.પી. લખી દીધી અને એ પછી તમે એમ કહો કે તમે માગ્યું શામાટે? તમે એમ કેમ કહ્યું કે આ ભાવે અને આ ન ભાવે? અમે આર.એસ.વી.પી. તમને મોકલાવી દીધી, તો અમને જે વસ્તુ ભાવે તે પીરસો અમને. નહીંતર તો આમંત્રિત શામાટે કરો? તો કહે કે ફોરમેલિટી છે. એવું ન કહેવું જોઈએ. જે પીરસે એ તો ખાઈ જ લેવું જોઈએ. તો જ્યાં આ ફોરમેલિટી છે તે મર્યાદામાર્ગમાં હશે. અમારે તો ઘનિષ્ઠતા છે. અમે એ ફોરમેલિટી શામાટે વરતીએ?

આચાર્યચરણ શું કહે છે, બહુજ સુંદર પંક્તિ કહે છે **યથા જ્વરિતસ્ય અન્ને વિરસતાપ્રતીતિઃ**. કોઈ વસ્તુ ભાવે, તો પણ ભાવતી બંધ થઈ જાય. જેમ કોઈ રસોઈ બહુ સારી વસ્તુ લાગતી હોય પરંતુ આપણને તાવ આવી ગયો હોય તો એ ભાવતી નથી. તો ગોપિકાઓને જે વસ્તુ સૌથી વધારે પ્રિય છે, એ પણ આ વિરહજ્વરમાં એમને વિરસ લાગી રહી છે. આ વસ્તુ, આઈટમ્ આવી છે, આ ડિશ્ આવી છે કે ખૂબ ભાવી રહી છે પરંતુ આ વિરહજ્વર જે આ વખતે છે, એમાં આ વસ્તુઓ પ્રત્યે આમને વિરસતા પ્રતીત થઈ રહી છે. હવે થઈ રહી છે તો થઈ રહી છે શું કરી શકાય. જો વિરહજ્વર દૂર થઈ જાય તો આ વસ્તુ સારી લાગવા લાગી જશે.

## (વિયોગો બાધતે તાવદ્...)

શ્રીગુસાંઇજી એક બહુજ સુંદર આજ્ઞા કરે છે. **"વિયોગો બાધતે તાવદ્ યાવદ્ હૃદ્યેવ તે સ્થિતિઃ. યદા બહિઃ તદા નેતિ, વિચિત્રા ઈયં સ્થિતિઃ તવઃ"**. (વિજ્ઞપ્તિ.૧/૬૪) સંસ્કૃતમાં વિયોગના બે અર્થ થાય છે. શબ્દકોષના હિસાબથી આખો શબ્દ વિયોગનો અર્થ થાય છે સેપરેશન્. અલગ હોવું. ગ્રામેટિકલી એને લો તો બીજો મતલબ થઈ જાય. યોગ એટલે જોડવું અને વિયોગ મતલબ વિશેષ જોડવું. વધારે જોડવું. તો શબ્દકોષ અને ગ્રામેટિકલ્ મીનિંગ્માં બહુજ અંતર હોય છે વિયોગનું. ગ્રામર્ અને ડિક્શનરી ના હિસાબથી સંસ્કૃતમાં બે અર્થ પોસિબલ્ થાય છે. ડિક્શનરી મીનિંગ થાય સેપરેશન્ અને ગ્રામેટિકલ્ મીનિંગ થાય ક્લોજકોન્ટેક્ટ્. તો **"વિયોગો બાધતે તાવદ્ યાવદ્ હૃદ્યેવ તે સ્થિતિઃ. યદા બહિઃ તદા નેતિ વિચિત્રા ઈયં સ્થિતિઃ તવઃ"** (વિજ્ઞપ્તિ. ૧/૬૪) ગુસાંઇજી કહે

છે વિયોગ ક્યાં સુધી પરેશાન કરે છે? જે વખતે અમારા હૃદયમાં તું સ્થિત છે, ત્યાંસુધી વિયોગની પરેશાની થાયછે. હૃદયમાંથી પ્રકટ થઈને બહાર આવી જાય છે ત્યારે આ બાધક નથી રહેતું. આનંદ આવે. મતલબ જે વખતે તું અમારા હૃદયમાં સ્થિત છે તો આ જ વિયોગ અમને તકલીફ આપે છે. હૃદયમાંથી પ્રકટ થઈને બહાર દર્શન આપવા લાગી જાય. આ પણ તો વિયોગ છે ને! ત્યારે ગ્રામેટિકલ્ મીનિંગ્ આવી જાય. ત્યારે ડિક્શનરીમીનિંગ ન રહે. હૃદયમાંથી પ્રકટ થઈને દર્શન આપવા લાગી જાય તો આ વિયોગ તકલીફ નથી આપતો. આ કેવી વિચિત્ર સ્થિતિ છે?

જ્યારે તું હૃદયમાં છે તો આ વિયોગ તકલીફ આપે છે અને હૃદયમાંથી બહાર પ્રકટ થઈ જાય, તો આજ વિયોગ તકલીફ નથી આપતો. આ તારા વિયોગ અને સંયોગ નો કેવો સ્વભાવ છે?

યોગ અને વિયોગ. યોગ શબ્દનો અર્થ થાય છે જોડાવું. **"યોગઃ ચિત્તવૃત્તિનિરોધઃ"** (યો.સૂ.૧/૧/૧) અને ચિત્તવૃત્તિનું જોડાવું યોગ છે. યોગ મતલબ જોડાવું. 'વિ' ઉપસર્ગ છે, એના બે અર્થ થાય છે : એક નેગેટિવ્, વિગત મીનિંગ્ થાય છે. બીજો મીનિંગ્ થાય છે પ્રચુરતા બહુતાયત ખૂબ અધિક વિશેષ. તો વિયોગનો શું અર્થ થયો? વિયોગ અલગ થવું અને બીજો અર્થ શું થયો? વિશેષ યોગ. જે વખતે પ્રભુ હૃદયમાં બિરાજી રહ્યા છે તે વખતે અમને આ વિયોગ દુઃખ આપે છે. જે વખતે હૃદયમાંથી પ્રકટ થઈને બહાર આવી જાય તો આ વિશેષ યોગ અમને તકલીફ નથી આપતો.

એવીજ રીતે કહે છે કે આ જે તારા ગુણ છે, **પ્રહસિતં પ્રિય પ્રેમવીક્ષણં વિહરણં રહસિ સંવિદ હૃદિસ્પૃશઃ.** આ બધા જેમ સંયોગમાં સુખદ છે, તેમ જ વિયોગમાં દુઃખદ છે. કેમ? **યથા જ્વરિતસ્ય અન્ને વિરસતા પ્રતીતિઃ.** જે વસ્તુ ભાવતી હતી, તો જે વખતે જ્વર આવી જાય એ ભાવતી બંધ થઈ જાય. એ વસ્તુનો દોષ છે કે જ્વરનો દોષ છે? આ બધું નથી ભાવતું એ વખતે. તો એમ જે તારા આ ગુણ છે, જે સંયોગમાં ભાવે છે, એ જ ગુણ વિયોગમાં અત્યધિક કષ્ટકારી થઈ જાય છે. જો જ્વર થયો છે તો આચાર્યચરણ કહે છે કે એ કષ્ટકારી નથી થતા. કયો જ્વર થયો? જે વિરહજ્વર થયો, એના કારણે આ ગુણ કષ્ટકારી લાગે છે. જે વખતે પ્રભુના ચિતવનનું સ્મરણ આપણને આવે તો દુઃખ

થાય છે. જે વખતે એમની કહેલી વાતો યાદ આવે તો કષ્ટ વધારે થાય. જો યાદ ન આવત તો કષ્ટ શામાટે થાત! જો પ્રભુની સાથે કોઈ સંબંધ જ ન થાત તો કષ્ટ થાત! આ સેવા કરવામાટે પ્રવાહીજીવને કષ્ટ થાય! આ બ્રહ્મસંબંધમાં જ આપણે કહીએ છીએ કે હજારો વરસો વીતી ગયા આપણને તો કષ્ટ ક્યાં થયું ઠાકોરજીથી છૂટ્ટા પડવાનું! વિયોગનું કષ્ટ આપણને નથી થતું, તાપક્લેશ નથી થતો, તાપક્લેશ ન હોત તો આનંદ તો હોત વિયોગનો, એ આનંદ પણ ન થયો. કાંઈજ ન થયું, ક્યારેય ન થયું. કેમકે સંબંધ જ આપણને યાદ નથી રહ્યો પરંતુ યાદ આવી જાય તો! ત્યારે તો થશે ને! તો આ વાતો એવી છે કે જે વખતે હૃદયમાં સ્થિત રહેશે તો તકલીફ દેશે ને! હૃદયમાં ન રહી તો? કોઈ વસ્તુ આપણા હૃદયમાં છે અને નથી મળી રહી અને બહાર પણ નથી મળી રહી તો કષ્ટ છે ને! નથી મળી રહી અને હૃદયમાં પણ નથી મળી રહી અને બહાર પણ નથી મળી રહી. મતલબ ન તો બહાર કોઈ સ્થાન છે એનું અને ન આપણા હૃદયમાં સ્થાન છે એનું, તો શું એ કષ્ટ આપશે! જવા દો ગઈ તો ગઈ. એવીજ રીતે આ જે તારા ગુણ છે એનું હૃદયમાં તો સ્થાન છે એટલા માટે આ કષ્ટ આપી રહ્યા છે.

## (પ્રહસિતં પ્રિય)

**અતઃ આહ તવ પ્રહસિતાદિકં નો મનઃ ક્ષોભયન્તિ ઈતિ, પ્રકર્ષેણ હસિતં, સ્વભાવતએવ ખિન્ના, તાં ત્યક્ત્વા અન્યયા સહ સ્થિતઃ ઈતિ, તતઃ ચેત્ સમાગત્ય પ્રકર્ષેણ હસતિ, સુતરાં ક્ષોભં પ્રાપ્નોતિ... કિંચ તવ યત્ પ્રેમવીક્ષિતં પ્રેમ્ણા વીક્ષિતં તદપિ ક્ષોભયતિ સ્મૃતં સદ્, અન્યવિષયકં વા વિશ્વાસજનકત્વાદ્ વા અન્તઃકપટરૂપમિતિ.** જો કહે કે મારું પ્રહસિત મારું હસવું તમને તકલીફ કેમ આપે? તો કહે કે આમ તકલીફ આપે. **સ્વભાવતએવ ખિન્ના તાં ત્યક્ત્વા અન્યયા સહ સ્થિતઃ ઈતિ.** પ્રભુએ કહ્યું કે આવીશ અને આવ્યા નહીં. ગોપિકા વિચારમાં બેઠેલી છે, ક્યાં ગયા હશે? કેમ ન આવ્યા? ક્યાંક બીજે પધાર્યા અને આવ્યા તો આને ખબર ન પડે. આ પ્રકારે વિચારમાં બેઠેલી છે. આવે તો એની આહટને સાંભળી ન શકે. આટલો મનમાં રોષ છે. આવીને સામે ઊભા પણ રહી જાય તો મનમાં નિશ્ચય ન થાય કે ભાવનાથી દેખાઈ રહ્યા છે કે ખરેખર દેખાઈ રહ્યા છે! આ તો આસક્તિભ્રમન્યાય છે ને! આસક્તિથી દેખાઈ રહ્યા છે

કે ખરેખર દેખાઈ રહ્યા છે! મતલબ પોતાનું ઈમેજિનેશન્ પ્રકટ થઈ રહ્યું છે બહાર કે હકીકતમાં દેખાઈ રહ્યા છે, આ નિશ્ચય ન થાય તો જોતી રહે.

મળવાની સ્થિતિમાં સામે ઊભા રહી જાય તો અનિમેષ દૃષ્ટિથી જોતી રહે. નિશ્ચય થઈ ન શકે કે પ્રભુ આવી ગયા કે નથી આવી ગયા? કે પછી પોતાના હૃદયનો જ ભાવ બહાર પ્રભુના દર્શન કરાવી રહ્યો છે. આવી મનઃસ્થિતિ જોઈને પ્રભુને જોરથી હસવું આવી જાય. જ્યારે જોરથી હસે ત્યારે આ ચમકે કે અરે આ તો આપણી ઈમેજિનેશન્ પ્રોજેક્ટ્ નથી થઈ રહી, આ તો ખરેખર પધારી આવ્યા.

આ જે હંસી છે તે જ્યારે-જ્યારે યાદ આવે છે ત્યારે-ત્યારે દુઃખ આપે છે. કેમ? હવે કેમ નથી આવી રહ્યા હસતા હસતા! જેમ અવિગત આવીને હસીને અને અમારા વિરહને દૂર કરી દીધો, એવીજ રીતે હવે કેમ નથી હસતા હસતા પ્રકટ થઈ રહ્યા? **પ્રહસિતમ્** એ કષ્ટ આપે છે એટલા માટે. **તતઃ ચેત્ સમાગત્ય પ્રકર્ષેણ હસતિ.** પ્રભુ બહુજ ખડખડાટ હસી દે અને આવીને સામે ઊભા રહી ગયા અને એ ઓળખી ન શકે, અનિમેષ દૃષ્ટિથી જોઈ રહી છે, કયા સ્વરૂપને જોઈ રહી છે? હૃદયસ્થિત સ્વરૂપને જોઈ રહી છે કે બહાર પ્રકટ થયેલા સ્વરૂપને જોઈ રહી છે એ નિર્ણય નથી કરી શકતી. એ એનું સિલેક્શન્ નથી કરી શકતી. આ રૂપને જોવું કે એ રૂપને જોવું? આ રૂપને એટેન્ડ્ કરવું કે એ રૂપને એટેન્ડ્ કરવું? કન્ફ્યૂઝ્ડ થઈ જાય અને આ કન્ફ્યુજન પર જ્યારે પ્રભુ હસે અને જ્યારે હંસી એના કાનોમાં જાય અને એ હંસી દર વખતે ઘરના પ્રત્યેક કામને કરતી વખતે, યાદ આવતી રહે. એ હંસી ક્યારેય ભૂલી ન જાય. એ હંસી જે વખતે પ્રભુનો સંયોગાનુભવ થાય, ત્યારે તો બહુ સુખદ લાગે અને આ જ હંસી, જ્યારે પ્રભુનો વિપ્રયોગાનુભવ થાય છે, એ તલવારની જેમ, કટારની જેમ ખૂંચતી રહે. આ ગુણ અવગુણ થઈ ગયો.

**(ભગવદવગુણ કે ભગવદ્ગુણ?)**

મહાપ્રભુની ભાષામાં આ ગુણ અવગુણ ન થયા પરંતુ **જ્વરિતસ્ય અન્ને વિરસતાપ્રતીતિઃ.** કેમકે મહાપ્રભુજીને આગ્રહ છે કે આમ ન કહો. જે વખતે જતીપુરામાં દર્શન કરવા કોઈ મહારાણી આવી, તો કહેવામાં આવ્યું કે ''બધા દરવાજા બંધ કરો, મહારાણી સાહિબા દર્શન કરવા આવી રહ્યા છે.'' તો સુરક્ષા

કરાવવામાં આવી. બધા દરવાજા બંધ થયા. દર્શન થયા. ત્યારે શ્રીનાથજીએ દરવાજો ખોલી નાખ્યો. તો એવી ભીડ પડી કે મહારાણીની પડદાની વાત તો દૂર રહી, એના કપડાનું પણ ઠેકાણું ન રહ્યું. ક્યાં તો પડદામાં હતી અને જે વખતે મહારાજાધિરાજ બેઠેલા છે તો ત્યાં મહારાણીનું શું પુછવું! કોણ પૂછે કે ''મહારાણી છે કે કોણ છે જે વખતે ભીડ પડે છે.'' બધા કપડા આડા અવળા થઈ ગયા. એ વખતે પરમાનંદદાસજીએ આ પદ ગાયું **''કૌન યે ખેલવેકી બાનિ?''** અરે! એ કેવી ખેલવાની રીત છે! તો મહાપ્રભુજી નારાજ થઈ ગયા કે નહીં, જે ખેલે છે તેને આપણે પ્રશ્ન ન કરવો જોઈએ. આપણે આમ કહેવું **''ભલી યહ ખેલવેકી બાનિ.''** આપણે કેવીરીતે આ કહી શકીએ કે કઈ રીતનો ખેલ છે? નથી ખેલી રહ્યો તો વાત અલગ છે પરંતુ જ્યારે ખેલી રહ્યો છે તો આપણે પ્રશ્ન નથી કરી શકતા. જેમ જેમ એ ખેલે એમ એમ એને રેલિશ્ કરો. મતલબ ખેલના સારા દર્શક બનો. જે ખેલ ચાલી રહ્યો છે એને એપ્રીશિયેટ્ કરતા શીખો. ત્યારે સાચો બ્રહ્મવાદ છે. તો આચાર્યચરણે બ્રહ્મવાદના મૂડમાં ટોકી દીધા કે **''ઐસે મત કહો 'કૌન યે ખેલવેકી બાનિ'** એમ કહો **'ભલી યે ખેલવેકી બાનિ' ''** એ મૂડમાં આચાર્યચરણ એમ નથી કહેતા કે પ્રભુના આ અવગુણ છે, પરંતુ એમ કહે કે આપણને જ્વર આવી ગયો છે, એટલા માટે વિરસતા છે, તેથી અવગુણ લાગે છે બાકી અવગુણ નથી. વાત તો એકની એકજ છે પરંતુ એને કહેતા તો આવડવી જોઈએ ને!

## (હે પ્રિય!)

**પ્રિય! ઈતિ સમ્બોધનાત્ તવ સમ્બન્ધોઽપિ સ્મૃતઃ ક્ષોભજનકો જાયતે. અતએવ યાસાં ન સમ્બન્ધઃ તાસાં ન ક્ષોભઃ.** કેવા મોઢેથી બોલે. કહે કે જેમ તારું પ્રહસિત ક્ષોભજનક છે, ગોપિકા એક પગલું વધારે આગળ વધી જાય છે. પ્રહસિત પછી તારીસાથે સંબંધ રાખવો પણ ક્ષોભજનક છે. સંબંધ જ ન હોય તો સારું. સંબંધ રાખ્યો તો ક્ષોભ થયો ને! સંબંધ ન હોત તો શું કામ ક્ષોભ થાત? **સમ્બન્ધોઽપિ સ્મૃતઃ ક્ષોભજનકઃ** આ વાત ક્યાંથી બતાવી ગોપિકાએ? ઠાકોરજીને **'પ્રિય!'** કહીને. તું પ્રિય છે એથી ક્ષોભ છે. જો પ્રિય ન હોત તો શા માટે ક્ષોભ થાત? તિરોહિત રહેત કે પ્રકટ હોત, શું ફરક પડે? દિવસમાં કેટલા માણસ સામે આવે સામેથી ચાલ્યા જાય કેટલા માણસ મળે કોઈના માટે ક્ષોભ

થાય! ક્ષોભ કોના માટે થાય? પ્રિય વ્યક્તિ છૂટ્ટો પડે તો ક્ષોભ થાય નહીંતર તો શું કામ ક્ષોભ થાય? લોકો આવતા રહે જતા રહે. તો કહે છે 'પ્રહસિત'. ક્ષોભજનક છે તે તો છે પરંતુ તારીસાથે સંબંધ રાખવો જ ગુનો છે. **પ્રિય! ઈતિ સમ્બોધનાત્** આ જે પ્રિય બોલી છે એ બહુ ચાવીને બોલી છે. એમજ નથી બોલી. **પ્રહસિતં પ્રિય!** જે એણે સંબોધિત કર્યા છે તો એણે ફક્ત સંબોધન માટે સંબોધિત નથી કર્યા, એ સંબોધનમાં પણ થોડોક ટોણો છે. એમાં પણ કાંઈક મેણું છે થોડુંક. એમજ સંબોધન નથી કરી રહી. એટલા માટે કહે છે.

**તવ સમ્બન્ધોઽપિ સ્મૃતઃ ક્ષોભજનકો જાયતે. અતએવ યાસાં ન સમ્બન્ધઃ તાસાં ન ક્ષોભઃ.** તારી સાથે જેને સંબંધ નથી એવા પ્રવાહી જીવ દુનિયામાં બહુ આરામથી જીવી રહ્યા છે. એને શું ક્ષોભ છે? પરંતુ જેને તારીસાથે સંબંધ છે, જેને બ્રહ્મસંબંધના કારણે વિરહાર્તિનું દાન છે, એને ક્ષોભ છે. એને કૃષ્ણવિયોગજનિત તાપ છે, એને કૃષ્ણવિયોગજનિત ક્લેશ છે, બાકી કોને ક્લેશ છે? આખી દુનિયા ચેનથી જીવે છે.

**કિંચ તવ યત્ પ્રેમવીક્ષિતં પ્રેમ્ણા વીક્ષિતં તદપિ ક્ષોભયતિ સ્મૃતં સત્.** તો કહે છે કે હસવાથી તને ક્ષોભ થાય છે, સંબંધથી તને ક્ષોભ થાય છે, તો તમને કદાચ એમ લાગતું હશે કે હું તમારી સાથે સ્નેહ ન કરું. તો લો હું તમારી સાથે સ્નેહ કરું છું, તો તમને કેમ ક્ષોભ થાય! તો કહે છે કે તું અમને પ્રેમથી જોવે છે તો એનાથી પણ ક્ષોભ થાય છે. તો અમને પ્રેમથી જો નહીં. આ વનમાં રાત્રિના સમયે અમને પ્રેમથી ન જોયા હોત તો શુંકામ ક્ષોભ થાત! અમને તેં જે સ્નેહભરી દૃષ્ટિથી જોયું એનો આજે બધો આ ક્ષોભ થઈ રહ્યો છે. કેમ જોયું! એક પ્રકારથી નહીં ત્રણ પ્રકારથી ક્ષોભજનક છે.

## (ક્ષોભજનકતા)

ત્રણ પ્રકારથી ક્ષોભજનક છે. **અન્યવિષયકં વા વિશ્વાસજનકત્વાદ્ વા અન્તઃકપટરૂપમિતિ.** યાદ કરીએ તો પણ તારું પ્રેમવીક્ષણ અમને ક્ષોભ પેદા કરે છે. જ્યારે અમને એ યાદ આવે કે તું અમને સ્નેહથી ન જોઈએ ક્યાંક બીજે સ્નેહથી જોઈ રહ્યો છે તોપણ ક્ષોભ પેદા થાય છે. જ્યારે એ ખબર પડે કે તું અમને કેવળ સ્નેહથી નિહાળી જ રહ્યો છે પરંતુ ખરેખર સ્નેહ નથી કરી રહ્યો તો બહુ વધારે ક્ષોભ થાય. જ્યારે સ્નેહ નથી તો સ્નેહથી નિહાળે શામાટે?

કપટથી કેમ નિહાળે? આ વધારે ક્ષોભજનક થાય. પદમાં આવે ને.

**''હાંકે હટકિ હટકિ ગાય ઠઠકિ ઠઠકિ રહી ગોકુલકી ગલી સબ સાંકરી. જારી અટારી ઝરોખન મોખન ઝાંકત દૂરદૂર ઠૌર ઠૌર તે પરત કાંકરી. ચંપકલી કુંદકલી બરસત રસ ભરી તામેં પુનિ દેખિયત લિખેસે આંકરી. નંદદાસપ્રભુ જહીં જહીં દ્વારે ઠાઢે હોત તહીં તહીં વચન માંગત લટક લટક જાત કાહૂસોં હાં કરી કાહૂસોં ના કરી.''** એ ગોકુલની ગલી બહુ સાંકળી છે. હવે જે ગાય એકસાથે આવે, તો બધીની બધીજ ગાય એકસાથે તો ન આવી શકે ને! તો એને હાંકી-હાંકીને એક એક બબ્બેને લાઈનમાં આગળ મોકલવી પડે. **''હાંકે હટકિ હટકિ ગાય ઠઠકિ ઠઠકિ રહી''** મતલબ એકસાથે આગળ ન વધી શકે. **''ગોકુલકી ગલી સબ સાંકરી''** તો એ રોકાવાના કારણે શું થાય કે એ એક એક ભક્ત, ઠાકોરજી સાંજે પાછા આવે, ત્યારે બધી પોત-પોતાની અટારીઓપર, ઝરોખાઓપર આ શોભાને જોવામાટે ઊભી રહી જાય. **''ચંપકલી કુંદકલી બરસત રસ ભરી તામેં પુન દેખિયત લિખે કછુ આંકરી''** એ ભક્ત પોત-પોતાના પુષ્પ એનાપર ફેંકે. તો પ્રત્યેક પુષ્પમાં કાંઈક કાંઈક સંકેત છે. **''નંદદાસપ્રભુ જહીં જહીં દ્વારે ઠાઢે હોત તહીં તહીં વચન માંગત લટક લટક જાત કાહૂસોં હાં કરી કાહૂસોં ના કરી''** તો શું ઠાકોરજી કોઈ ગોપીને કે કોઈ ભક્તને ક્યારેય ના કહી શકતા હશે? આ ના નથી. હાં તો એવી કે આવશો તો ઠાકોરજી કહે હાં આવીશ પરંતુ આવશો એ તો કાલે પણ કહ્યું હતું કે આવીશ અને કાલે પણ ન આવ્યા. એમ આવશો શું? તો બોલ્યા એમ નહીં આવું. **''કાહૂસોં હાં કરી ઔર કાહૂસોં ના કરી''.** ના કરી એનો મતલબ એ છે કે કાલે જેવીરીતે આવ્યા હતા એવીરીતે જ આવશો શું? તો કહે છે કે એવીરીતે નહીં આવીએ. તો આ બધા કપટના વચન પણ ક્ષોભજનકં ભવતિ. આ પણ વધારે ક્ષોભજનક થઈ જાય. **અન્યથા કાર્યે વિસંવાદો ન સ્યાત્.** કેમકે જો ખરેખર તમે હાં કરી રહ્યા હો ત્યારે તો આવવું જોઈએ. હાં તો કહી દો અને આવો નહીં. એનો મતલબ આ કે અન્તઃકપટ રૂપ છે. આ કપટનો આરોપ પ્રભુપર લગાવે કે તમે કપટી છો. અરે તું કપટી છે અને વ્યર્થમાં અમારા મનમાં ક્ષોભ પેદા કરે છે.

**મનસઃ ઉત્તોલકં વા** તો ઠાકોરજી કહે નહીં નહીં અમે તો તમારા મનને હાં અને ના ના ત્રાજવામાં તોળી રહ્યા છીએ. હાં કહેવાથી મનપર કેવો વજન આવે, મન કેવું ભારે થાય અને ના કહેવાથી મન કેવું ભારે થાય છે? તો બોલ્યા

મન કેમ તોળે છે? તોળે એ માણસ જેને લેણદેણમાં સંદેહ હોય. ભઈ ઘરમાં તમારો કોઈ વ્યક્તિ દુકાનદાર હોય તો ખૂબ તોળે. ઘરનો માણસ ચા માગે તો એને તોળીને આપશો! કોફી સાકર તોળીને આપશો! પાડોશીએ કાંઈ માગ્યું અને એને ત્રાજવું મંગાવીને તોળીને આપી શકાય શું! પાડોશીની સાથે આવો વ્યવહાર થાય! ન થાય. દુકાનમાં જ તોળીને અપાય. ઘરમાં તોળીને આપી શકાય શું! આપણો ઘનિષ્ઠ હોય તો એને તોળીને આપી શકાય શું! કેમ અમારા મનને તોળે છે! હાં અને ના ના ત્રાજવામાં અમારા મનને કેમ તોળે છે! કઈ વાતનો તને સંદેહ છે, તું એ બતાવ! **મનસઃ ઉત્તોલકં વા આશાજનકમ્** જે વખતે તને એમ લાગે કે અમારા મનને તોળીને કે અમારું મન આસક્ત છે તારામાં તો આશા શામાટે પેદા કરે છે પછી! એજ વખતે નિરાસ કરી દે ચાલ. બધી વાત જ ખતમ થઈ જાય. કોઈ કહે કે માલ ઓછો આપે છે. હવે તોળીને માલ ઓછો મળે, તો તોળવામાં શું થાય છે કે તોળવામાં વાણિયો ત્રાજવાને અહીંથી પકડીને દબાવી દે છે તો માલ થોડોક ઓછો જાય છે. તો તોળે તો વધારે પરંતુ માલ સપ્લાઈ ઓછો થાય છે. એક તો મનને તોળે અને પાછો તોળીને પણ સપ્લાઈ ઓછી! તોળે ત્યારે તો સચ્ચાઈ રાખ. અરે જે માલ આપવો છે તે આપી દો અમે લઈ લેશું અમારી જોળીમાં. જેટલો આવે એટલો. અરે આ તોળવાનું નાટક કરે અને માલ ઓછો આપે! આવો કેવો પરિવૃઢ છે!

**આશયા ચ શ્રમઃ** તો કહે છે કે આશા અમને થાય છે. આશાના અનુરૂપ અમે કોણજાણે કેટલો સમય વાટ જોતી રહીએ, કોણજાણે કેટલા ચક્કર અમે મારતી હોઈશું, કોણજાણે કેટલા કામ ઘરના જલ્દી કરી કરીને અમે ભાગતા હશું, વ્યર્થના માટે? આવી ખોટી આશા પેદા કરીને? તો આ જે તું છૂપાઈ ગયો છે તે અમને ક્ષોભજનક છે. આ તામસી છે ને! એકના ઉપર એક ફરીયાદ કરતી ચાલી જઈ રહી છે. હમણાં સુધી તો રાજસીસાથે પનારો પડ્યો હતો. હવે તામસી સાથે પનારો પડ્યો છે. કેટલી ફરીયાદો છે, ફરીયાદના પછી ફરીયાદ.

**તવ વિહરણમપિ ક્ષોભજનકમ્** તો કહે છે કે નહીં નહીં અમે તો ગાય ચરાવવા ગયા હતા. આ કામ આવી ગયું એ કામ આવી ગયું હતું. તો કહે છે કે જેટલા તારા કામકાજ છે એ બધા અમને ક્ષોભજનક છે. **વિહરણમ્ યચ્ચલનં,**

**વેણુનાદનાદિના રસો ભગવદીય આકારાદ્ બહિઃ સ્થાપ્યત ઈતિ, વિશેષેણ હરણં યસ્માદિતિ ત્રિભઙ્ગલલિતાદિકં ભવતિ. તત્પૂર્વમ્ અસ્માભિઃ ધ્યાતમિતિ ધ્યાનમેવ મંગલં, ત્વલ્લક્ષણં શુભફલં પ્રયચ્છતીતિ. તદપિ ઈદાનીં ક્ષોભજનકં તિરોહિતત્વાત્.** કોણ બતાવે આચાર્યચરણના વગર આ બધા રહસ્ય! વિહરણમ્ નો મતલબ અહીં તહીં ઘુમવું. હવે પછી જુઓ ડિકશનરી મીનિંગ્ અને ગ્રામેટિકલ્ મીનિંગમાં અંતર પડી રહ્યું છે. વિહરણમ્નો ડિકશનરી મીનિંગ જે થાય છે અહીં તહીં ફરવું અને ગ્રામેટિકલ્ મીનિંગ થઈ જાય **વિશેષેણ હરણમ્** ચોરાઈ જવું/ચોરી લેવું. તો આ વિહરણ કેમ છે? મતલબ બંસી બજાવતા, જે વખતે આવે **''બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં બિભ્રદ્ વાસઃ કનકકપિશં વૈજયન્તીં ચ માલામ્ રન્ધ્રાન્ વેણોઃ અધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈઃ વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ** (ભાગ.પુરા.૧૦/૧૮/૫). દિવસ ભર ગાય ચરાવીને એમની અલકો(લટો)માં ગોરજ (ગાયોના ચાલવાથી ઉડતી ધુળ) ભરાઈ ગઈ અને બંસી બજાવતા અને ગોવાળિયાઓને લઈને ઠાકોરજી સાંજે પાછા ફરે, એ વખતનો અને જંગલમાં જે વખતે મોરના પીછા પડ્યા હોય એને પોતાના અંબોડામાં ખોંસી લે. આંબાના જે પાંદડા છે એને કાનપર લટકાવી લે. જંગલી ફૂલ જે જંગલમાં મળે એને એક એક ફૂલ તોડીને ક્યારેક બીજે ક્યાંક ખોંસી લીધા. એક મસ્તી **વિહરણમ્.** મતલબ સોદ્દેશ્ય જે માણસ જાય એમાં તો આવી મસ્તી ન હોય, કેમકે જ્યાં જવું હોય એનું ટેન્શન્ હોય કે ત્યાં જવું છે. આ તો મસ્તીમાં જંગલમાં ઘૂમી રહ્યા છે. રસ્તામાં જે જે વસ્તુ મળી એને ઉપાડી ઉપાડીને ખોંસતા જઈ રહ્યા છે. ચાલતા જઈ રહ્યા છે. એ પ્રકારનું જે તારું વિહરણ છે અને વેણુનાદન કરતા કરતા આવી રહ્યાછે, એ વાતોના કારણે અમને ક્ષોભ થાય છે. તો કહે છે કે તમને કેમ ક્ષોભ થાય છે? એ તો અમારી વનની લીલા છે; તમે તો અહીં વ્રજમાં રહો છો. તો કહે કરીએ શું **ધ્યાનમંગલમ્** છે ને! ધ્યાન તો એમાં લાગેલું છે ને. સવારથી જાય ત્યારથી મનમાં ધ્યાન શરુ થઈ જાય. એ પૂરો ચાલે કે આ જગ્યાએ પહોંચ્યા હશે. હવે આ વૃક્ષની નીચે પહોંચ્યા હશે. એના પાંદડા ખોંસી લીધા હશે. કેવીરીતે ખબર પડી કે પાંદડા ખોંસી લીધા? તો કહે છે કે સાંજે આવો ત્યારે બધું દેખાય છે ને. સાંજે જ્યારે પાછા ફરે તો બધું દેખાઈ જાય છે. તો આ નિશ્ચય થાય છે કે આ આ વૃક્ષોપાસેથી પસાર થયા હશે. અલગ અલગ ફૂલ-પત્તા જે પ્રભુએ

શ્રીઅંગમાં ધરાવ્યા તો બધા વૃક્ષ એક જગ્યાએ તો નહીં હોય ને. અલગ અલગ જગ્યાએ હશે. તો એ એ વિસ્તારમાંથી પ્રભુ પસાર થયા હશે. એમ એ એ વિસ્તારપર ધ્યાન તો જાય છે ને !

## (વેણુવાદનથી ઉપદેશ)

તો કહે કે ધ્યાન ન કરો. તો કહે કે એ નહીં બની શકે, કેમકે વિહરણ એવું નથી હોતું. એ તો વેણુવાદનની સાથે થાય છે અને વેણુવાદનનો પ્રભુએ વિદ્યાની જેમ ઉપયોગ કર્યો. આચાર્યચરણ કહે છે કે બંસી જે ઠાકોરજી બજાવે છે, આ એક પ્રકારનો ઠાકોરજીનો ઉપદેશ છે. બલ્કે સાચા અર્થમાં કહો તો આ ઉપનિષદ્ છે. તો જેમ ઉપનિષદ્‌ના પ્રતિપાદ્ય બ્રહ્મને સમજી શકાય છે. એજ પ્રકારથી બંસીની ધુનથી કૃષ્ણના સ્વરૂપને સમજી શકાય છે. કૃષ્ણે જે પણ કાંઇ સ્વરૂપ સમજાવ્યું વ્રજભક્તોને એ બંસી બજાવી બજાવીને સમજાવ્યું. એ તો બંસી બજાવતા બજાવતા મદનમોહન થયા. આ બંસી એક પ્રકારનું પ્રભુનું ઉપદેશક રૂપ છે. એટલા જ માટે આને વિદ્યારૂપ માનવામાં આવેલ છે.

હમણાં કિશનગઢમાં અમારે બહુ સુંદર ચર્ચા થઇ કે આપણા સંપ્રદાયને શિવજીની સાથે આટલો દ્વેષ કેમ છે? શિવજીની સાથે કેમ દ્વેષ? કેમકે જે વખતે ઠાકોરજી કૃષ્ણના રૂપમાં અવતરિત થયા તો શિવજી વેણુના રૂપમાં અવતરિત થયા. તો બંસીની સાથે શું વેર થઇ ગયું! બંસીને અને આપણે? દિવસ રાત શ્રીઠાકોરજીના શ્રીહસ્તમાં રહે છે. દિવસ-રાત અધરામૃત પાન કરે છે. એવીજ રીતે કોઇ પ્રકારથી ઠાકોરજીને છોડે જ નહીં. બંસી કહાં બૈર પડી. તો આ દ્વેષ ગોપિકાઓના વખતથી શરુ થયો શિવજીનો અને ગોપિકાઓનો, જે હજી સુધી આપણામાં પણ ચાલી રહ્યો છે. બાકી બીજો કોઇ દ્વેષ નથી. કેમકે આપણો સંપ્રદાય પણ શિવજીના દ્વારા પ્રવર્તિત સંપ્રદાય છે. આપણો પુષ્ટિમાર્ગ રુદ્રસંપ્રદાય કહેવામાં આવે છે. આના આદ્ય આચાર્ય રુદ્ર છે. મતલબ રુદ્રએ જ આપણને કૃષ્ણની તરફ બોલાવ્યા છે. તો બોલાવે ત્યારે તો સારા લાગે પરંતુ ખુદ જ ભક્તિ કરવા લાગી જાય અને આપણને ન બોલાવે તો કેવીરીતે સારા લાગે! ચક્કર આ છે. દિવસરાત ખુદ ભક્તિ કરતા રહે આંખો મીંચીને અને ઠાકોરજી આપણા હાથમાં ન આવે, આ વિવાદ એ વખતથી ચાલી રહ્યો છે, તે હજી સુધી ચાલી રહ્યો છે. મુરલીના પદ તો આપણે ત્યાં ભરેલા પડ્યા છે અને

ગાવામાં પણ આવે છે. શરદપૂર્ણિમાના પહેલા મુરલીના પદ ગાવામાં આવે છે. એ ગાળોથી જ ભરેલા છે. એમાં બધી જાતની ગાળો છે. મતલબ અહીંસુધી કે ગોપિકાઓ નિર્ણય કરે છે કે એક દિવસ એવું કરીએ કે જંગલમાં જઈને જેટલા વાંસના વૃક્ષ છે એ બધાને બાળી નાખો. ન રહે બાંસ ન બજે બાંસુરી. આ વાંસ છે તો બંસી બને ને! આ વાંસ જ બધા બાળી નાખો તો પછી વાંસડી વાગશે કેવીરીતે? તો આ જુનો દ્વેષ છે નવો દ્વેષ નથી.

ઉર્દુમાં કહેવામાં આવે **"પુશ્ત ગુજરી હે ઈસ રાહકી સૈયારીમેં"** મતલબ આ માર્ગપર જનરેશનથી્ જનરેશન્ આપણે ચાલતા આવ્યા છીએ, ઝઘડતા ચાલતા રહેશું અને એમાં શિવજીને પણ મજા છે અને આપણને પણ મજા છે. આ ઝઘડો ચાલવો જોઈએ કેમેક આ મધુર ઝઘડો છે. આ ક્ષોભજનક ઝઘડો છે ને! આચાર્યચરણ કહે છે **વિહરણં યચ્ચલનં, વેણુવાદનાદિના ક્ષોભજનકં ભવતિ. રસો ભગવદીય આકારાદ્ બહિઃ સ્થાપ્યત ઈતિ, વિશેષેણ હરણં યસ્માદિતિ.** તો શું થાય છે કે વેણુનું બહુજ અસાધારણ સામર્થ્ય છે વિદ્યારૂપ. ન કેવળ આ ભક્તોના મનને હરીને ભગવાનની પાસે લઈ જાય વેણુ પરંતુ જે વખતે વાગે તે વખતે ભક્તોના મન હરીને ભગવાનની પાસે ચાલ્યું જાય અને ભગવાનના સ્વરૂપને પણ હરીને ભક્તોના હૃદયમાં પધરાવી દે. કેમકે વેણુવાદનની પ્રક્રિયાના દ્વારા ભગવાનનું સ્વરૂપ જે ભગવાનની આકૃતિ છે, એ તો ભગવાનમાં જ રહેવી જોઈએ પરંતુ એ ત્યાંથી વેણુનાદની પ્રણાલીથી ભક્તોના હૃદયમાં આવીને સ્થિત થઈ જાય. તો ભક્તોમાંથી ભક્તના હૃદય ચોરીને ભગવાનની પાસે પહોંચાડી દે અને ભગવાનની આકૃતિ ભગવાનનું રૂપ માધુર્ય એ ભગવાનમાંથી અહીં ભક્તોના હૃદયમાં લાવીને પધરાવી દે. આ પ્રકારની ગડબડ શડબડ કરે. ચોરી બોરી ન કરે પરંતુ હેરાફેરી તો કરે ને!

અમારા પંડિતજી અને ઉત્તમજી ના રૂમ બાજુબાજુમાં. પંડિતજી બિચારાને ઈન્સોમેનિયા થઈ ગયો. રાતના ઉંઘ ન આવે. તો એ રાતભર ગાયન ગાતા. ઉત્તમજીને રાતના ખટકો પણ થાય તો ઉંઘ ઉડી જાય એટલી કાચી ઉંઘ. એમને આખી રાત પરેશાની થતી. હવે બંને કરે શું? બંને પોત-પોતાના સ્વભાવથી લાચાર. એ રાતના ગાયન ગાય તો ઉત્તમજીની ઉંઘ ઉડી જાય તો ઉત્તમજી બેસીને પલંગપર તબલા વગાડે. પંડિતજીને લાગતું કે "આ અપમાન

થઈ રહ્યું છે મારું, હું ગાયન ગાઉં તો તબલા કેમ વગાડે!'' પાર્ટીશન્ વગાડે ઢમઢમ ઢમઢમ. આ પ્રકારથી બંનેમાં ખૂબ દ્વેષ વધ્યો. વધતા વધતા એટલો થયો કે પંડિતજી છીવે જાય કે ન્હાવા જાય, તો ઉત્તમજી શું કરે કે પાર્ટીશનમાંથી કૂદે અને કૂદીને એમની બાલ્ટી અહીં રાખી હોય તો ત્યાં રાખી દે, કપડા અહીં રાખ્યા હોય તો ત્યાં રાખી દે. ચોરીનું તો ઉત્તમજીનું કોઈ કામ નહીં, ચોરી શામાટે કરે ઉત્તમજી! ચોરી ન કરી શકે પરંતુ વસ્તુવિનિમય કરી દે. એમનો રૂમ બહુ અગડમ બગડમ એથી પાછા પાર્ટીશન કૂદીને પોતાના કમરામાં સુઈ જાય. હવે પંડિતજીએ આવીને મને ફરીયાદ કરી કે ''મારા કમરામાં વસ્તુવિનિમય થઈ જાય છે.'' મેં કહ્યું કે ''વસ્તુવિનિમય કેવીરીતે થઈ ગયો?'' હું સમજ્યો નહીં કે વસ્તુવિનિમય કેવીરીતે થઈ ગયો! તો એમણે કહ્યું કે ''ચાલો મારી સાથે.'' તો એમણે દેખાડ્યું આ બાલ્ટી અહીં રાખી હતી હવે ત્યાં રાખી દીધી છે કોઈએ. અમે કહ્યું કે ''ભૂત આવી ગયું કે પ્રેત આવી ગયો.'' મારી સમજમાં ન આવ્યું કે શું થઈ રહ્યું છે. મેં વિચાર્યું ''હશે કોઈ ગોટાળો.'' એના પછી બે-ત્રણ દિવસ પછી ઉત્તમજીએ મને કહ્યું કે ''આ મને આખીરાત તંગ કરે છે તો હું એને આ રીતે તંગ કરું છું.''

તો ભક્તો વેણુને ગાળો આપે. તો વેણુ પણ પોતાનો રિવેન્જ લે તો કાંઈક વસ્તુવિનિમય ઉત્તમજીની જેમ કરી દે. ભક્તોના મન ઠાકોરજીની પાસે રાખી આવે અને ઠાકોરજીનું સ્વરૂપ ભક્તોના હૃદયમાં પધરાવી દે. હવે પરેશાન થતા રહો. કેમ ગાળ દીધી? તો એનો કાંઈકને કાંઈક તો રિવેન્જ થશે ને! કોઈ ચોરી ન કરે પરંતુ વસ્તુવિનિમય તો કરી જાય કે અહીંની વસ્તુ ત્યાં અને ત્યાંની વસ્તુ અહીં રાખી દે અને બંને પરેશાન. ત્યાં જે પણ કાંઈ આકાર રૂપ રસ છે, તે અહીં ભક્તના હૃદયમાં સ્થિત થઈ જાય વેણુના દ્વારા અને અહીં આનું મન ત્યાં સ્થિત થઈ જાય. હવે બંને પરેશાન કે શું કરવું?

**રસો ભગવદીય આકારાદ્ બહિઃ સ્થાપ્યત ઈતિ.** એ કહે છે કે ભગવદીય રસ આકારથી બહિઃ સ્થાપિત કરી દે. **વિશેષેણ હરણં યસ્માદિતિ ત્રિભંગલલિતાદિકં ભવતિ.** મતલબ **''તેરી ભ્રોંહકી મરોરનતે લલિતત્રિભંગી ભયે અંજન દે ચિતયો ભયેજૂ શ્યામવામ''** (નંદદાસજી). તો કહે કે આ પ્રકારનું લલિતત્રિભંગી રૂપ પણ ધ્યાન કરવામાં બહુ સુખ આપતું હતું. **તદપિ ઈદાનીમ્**

**ક્ષોભજનકમ્** હવે તો એ પણ તકલીફ આપવા લાગી ગયું છે. અમને એ પણ નથી રુચતું. મતલબ તારું હસવું નથી સોહાતુ, તારી પ્રિયતા અમને નથી સોહાતી, તારો સંબંધ અમને નથી સોહાતો, તારું પ્રેમથી નિહાળવું અમને નથી સોહાતુ, તારું વિહરણ અમને નથી સોહાતુ, જા, જો તું પ્રકટ ન થાય તો. બહુ કઠોર વાત કહી રહી છે.

**તત્પૂર્વમ્ અસ્માભિઃ ધ્યાતમિતિ ધ્યાનમેવ મંગલમ્.** પહેલા અમે એનું ધ્યાન કર્યું હતું, પ્રમેયપ્રકરણમાં પણ તો ધ્યાન થયું ને! તો વેણુવાદન કરીને જે વખતે હૃદયમાં સ્વરૂપસ્થાપન થયું, ત્યારે ધ્યાન કર્યું હતું પરંતુ ધ્યાન જ મંગલ છે મહારાજ બીજી કોઈ વાત નથી. ધ્યાન કરવાથી જ ગોટાળો થયો. ન ધ્યાન કર્યું હોત, આ સ્વરૂપ અમારા હૃદયમાં ન પધરાવ્યું હોત, તો શામાટે આ કષ્ટ થાત!

**(ધ્યાનમંગલમ્)**

**તત્પૂર્વમ્ અસ્માભિઃ ધ્યાતમિતિ ધ્યાનમેવ મંગલમ્, ત્વલ્લક્ષણં શુભફલં પ્રયચ્છતીતિ. તદપિ ઈદાનીં ક્ષોભજનકં તિરોહિત્વાત્. તે ઈતિ સર્વત્ર સમ્બન્ધઃ.** આ જે કહ્યું **વિહરણં ચ તે ધ્યાનમંગલમ્, 'તે'** મતલબ તારો. મતલબ 'તે'નો સંબંધ બધાસાથે છે. તારું હસવું તારું પ્રિય હોવું તારું પ્રેમથી નિહાળવું તારું વિહરણ બધું અમને કષ્ટ આપે છે. આને **'તે'** કેમ કહ્યું, આને તારું કેમ કહ્યું? તો કહે કે **અન્યદ્ માયયાપિ કરોતીતિ મુખ્યતયા અત્ર ઉક્તિઃ.** અને જે કાંઈ તારા ગુણ હશે, એ કદાચ માયાથી પણ હોઈ શકે છે પરંતુ આ તો ચોક્કસ તારા જ છે બધા અવગુણ. મતલબ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય તો ક્યાંય માયાથી પ્રકટ થઈ જાય, કોઈમાં માયિક ઐશ્વર્ય પ્રકટ થઈ જાય. માયિક જ્ઞાન પ્રકટ થઈ જાય. માયિક વૈરાગ્ય પ્રકટ થઈ જાય. બધું પ્રકટ થઈ શકે, પરંતુ જે પ્રકારથી તું હસે છે જે પ્રકારની તારી પ્રિયતા છે જે પ્રકારનું તારું પ્રેમવીક્ષણ છે જે પ્રકારનું તારું વિહરણ છે, એ તારા સિવાય બીજા કોઈની તાકાત નથી જે કરી શકે એટલા માટે આ બધું તારું છે અને તારું છે તેથી તકલીફ આપી રહ્યું છે, બોલ કાંઈ કહેવું છે!

**(વાણીસંબંધિ ક્ષોભક)**

**એવં રૂપસમ્બન્ધે ચતુષ્ટયં ક્ષોભકમ્ ઉક્તમ્. નામસમ્બન્ધિ દ્વયમ્ આહ**

**'રહસિ સંવિદઃ' ઈતિ 'યા હૃદિસ્પૃશઃ' ઈતિ.** આમ પ્રભુના રૂપસાથે સંબંધિત ચાર વાતો ક્ષોભક બતાવી. હવે બે વાતો પ્રભુની વાણીસાથે સંબંધિત ક્ષોભક બતાવી રહ્યા છે. જે કાંઈ વાતો સંયોગમાં, મિલનકાલની એ બધી ચતુરાઈની વાતો હવે અમને તકલીફ આપે છે. (એ વાતો) જેમાં તારી ચતુરાઈ પ્રકટ થાય અને જે વાતો અમારા હિતની કરે કે આ પ્રકારથી તમારું હિત છે, આ પ્રકારથી તમારું હિત છે, અમારા હિતના વિચારમાં પણ જે અમારો ખ્યાલ આવે, તો અમને થાય કે હિત વિચાર કરીને, અમારો હિતેચ્છુ બનીને, અમારો સ્નેહપાત્ર બને અને પાછો અમારું હિત કરે નહીં, તો જે **રહસિ સંવિદઃ** છે અને જે હૃદયને સ્પર્શ કરનારી મતલબ અમારા હૃદયમાં તારી હિત કરવાની વાતો જે તું કરે છે, એ બધી વાતો ક્ષોભજનક છે. **અતઃ એવમ્ એતે સુખહેતવોઽપિ, ભવાન્ વંચયતિ ચેત્, તદા ક્ષોભં જનયન્તિ.** આ જે બધા સુખના હેતુ છે, ચાર ગુણ તારા રૂપથી સંબંધિત અને બે તારી વાણીથી સંબંધિત, આ સુખના હેતુ હોવાછતાં પણ જે વખતે એના દ્વારા તું અમને ઠગવા લાગે છે, તો આ અમને તકલીફ દેવા લાગે છે, આ વાત બતાવી.

**અયમ્ અર્થઃ સર્વાનુભવસિદ્ધઃ ઈતિ આહ હિ ઈતિ.** આ હું એકલી કહી રહી છું એવું નથી, પરંતુ જેટલી ગોપી ઊભી છે એ બધી આ જ કહી રહી છે, આ તામસી છે ને! તો આ કહી રહી છે કે હું જ નથી કહી રહી, બધીને પૂછ કે કોઈ આમાં ના પાડે? બીજાની પ્રાર્થનામાં તો કદાચ મને વાંધો હશે પરંતુ મારી પ્રાર્થનામાં આ કોઈને વાંધો નથી.

***

## ।। શ્લોક : ૧૧ ।।

**ઉત્થાનિકા :**

**રાજસ્યા વચનમ્ આહ ચલસિ ઈતિ.**

**વિવરણમ્ :**

રાજસતામસીઓના મનોક્ષોભના વર્ણન પછી, રાજસરાજસીનો મનોક્ષોભ હવે અહીં બતાવવા જઈ રહ્યા છે. **રાજસ્યા વચનમ્ આહ ચલસિ ઈતિ.** આ શું કહે છે પોતાના સ્નેહની અને પ્રભુના સ્નેહની તુલના કરે છે. આ કહે છે કે તું અમારો સ્નેહ જો કે કેવો છે? અને તું તારો વ્યવહાર અને સ્નેહ અમારા પ્રત્યે જો અમારો સ્નેહ કેવો છે? પૂર્વમાં જે તામસીએ કહ્યું **પ્રેમવીક્ષિતમ્** એ વાતનું થોડું એમેન્ડમેન્ટ કરે છે. તામસી કહે છે **''પ્રેમવીક્ષિતં નો મનઃ ક્ષોભયન્તિ હિ''** આ કહે છે કે પ્રેમથી તું જોવે ક્યાં છે? અમે તો સ્નેહવશ જ્યાં તને કષ્ટ ન પડે, એમાં પણ અમને સ્નેહવશ તને કષ્ટ થવાની બુદ્ધિ થતી રહે છે. અમને લાગે છે કે તને કષ્ટ થઈ રહ્યું છે. આ વાતનું કષ્ટ છે, એ વાતનું કષ્ટ છે!

**શ્લોક :**

**ચલસિ યદ્ વ્રજાત્ ચારયન્ પશૂન્ નલિનસુન્દરં નાથ! તે પદમ્ ।**
**શિલતૃણાંકુરૈઃ સીદતીતિ નઃ કલિલતાં મનઃ કાન્ત! ગચ્છતિ ।।૧૧।।**

**સુબોધિની :**

**અસ્માકં તુ સ્નેહવશાત્ ત્વદ્વિષયકા સમીચીનેઽપિ ખેદબુદ્ધિઃ જાયતે, તવ તુ ન અસ્મદ્વિષયિણી સતિ ખેદેઽપિ જાયતે ઈતિ ન્યાયવિરોધમિવ આહ. યદ્ વ્રજાત્ પશૂન્ ચારયન્ ચલસિ તત્ર ચલને નલિનાપેક્ષયાતિ સુન્દરં કોમલં, હે નાથ!, તે પદં માર્ગસ્થિતૈઃ શિલતૃણાંકુરૈઃ - શિલાઃ પાષાણાઃ, તૃણાનિ અંકુરાઃ દર્ભાદીનાં, તામસાનિ સાત્ત્વિકાની રાજસાનિ; અથવા શિલારૂપં યત્ તૃણં શિલાતૃણં કઠિનતૃણં, તસ્ય અંકુરૈઃ - અતિપરુષતીક્ષ્ણૈઃ સીદતિ ઈતિ ક્લેશં પ્રાપ્નોતિ ઈતિ, વસ્તુતો ન પ્રાપ્નોત્યેવ તથાપિ, હે કાન્ત! ભર્તઃ, મનઃ કલિલતાં ગચ્છતિ. વ્રજાદ્ ઈતિ પ્રાતરારભ્ય ખેદઃ સૂચિતઃ, ચલનાદેવ ચ ખેદઃ અતઃ પ્રથમતઃ તદેવ ઉક્તમ્. વસ્તુતસ્તુ તવ પદે અસ્મત્સ્થાનં વિહાય ન ગચ્છતઃ**

**તથાપિ ભવાનેવ તથા ચાલયતિ. કિંચ વ્રજસ્થિતા ગાવો અરણ્યે નીયન્તે, તાસાં ચારણં ન માર્ગગમનેન ભવતિ અતો અમાર્ગેઽપિ ગન્તવ્યમ્. ભૂમ્યાદીનામ્ અનુગ્રહાર્થં ન પાદુકાગ્રહણં, પાલ્યાનાં ચર્મ ચ ન પરિધેયમ્, અતો નલિનસુન્દરં પદમેવ શિલતૃણાંકુરૈઃ સિદતિ. (નલિનં!) જલએવ સ્થાતું યોગ્યં, જલપૂર્ણે વા નલિનાદપિ સુન્દરં ચેત્, લક્ષ્મ્યામ્ અસ્માસુ વા સ્થાતું યોગ્યમ્. નાથ! ઈતિ સમ્બોધનાદ્ બહવએવ અત્ર અર્થે નિયોજ્યાઃ સન્તિ તથાપિ સ્વયમેવ ગચ્છસિ ઈતિ. વને હિ ત્રિવિધા ભૂમિઃ – પર્વતરૂપા અરણ્યરૂપા કચ્છરૂપા ચ. તત્ર ક્રમેણ એકમ્ એકત્ર ભવતિ, સર્વં વા સર્વત્ર. અવસાદો અશક્યા એકત્ર સ્થિતઃ તદા ચિન્તા ભવતિ, સ્વયં ગત્વા સ્વહૃદયે સ્થાપનીયમ્ ઈતિ. મનઃકાન્ત! ઈતિ ચ, તેન મનઃ સ્થાપિતમપિ ન તિષ્ઠતિ ઈતિ ।।૧૧।।**

**વિવરણમ્ :**

**(કિમ્ આસનમ્ તે ગરુડાસનાય...!)**

અસલમાં શું છે કે આખા ભક્તિમાર્ગનું રહસ્ય આમાં છૂપાયેલું છે. જો બ્રહ્મવાદની દૃષ્ટિથી જુઓ તો પ્રભુને શું કષ્ટ છે? બ્રહ્મવાદની ભૂમિકામાં મહાપ્રભુજી કહે છે **"કિમ્ આસનં તે ગરુડાસનાય કિં ભૂષણં કૌસ્તુભ ભૂષણાય. લક્ષ્મીકલત્રાય કિમ્ અસ્તિ દેયં, વાગીશ તે કિં વચનીયમ્ અસ્તિ"** (ત.દી.નિ.પ્ર.૧/૧). જેનું ગરુડ જેવું આસન છે, એને કયું આસન બિછાવીએ અમે! જેનું કૌસ્તુભમણિ જેવું ભૂષણ છે, એને કયા શૃંગાર ધરાવીએ અમે! જેની લક્ષ્મી ખુદ પત્ની છે, એને અમે કઈ ભેટ ધરીએ! અને જે વાણીનો બુદ્ધિનો મનનો પ્રેરક છે એની સ્તુતિ પણ શું કરીએ!

આચાર્યચરણ આથીજ પત્રાવલંબનમાં આજ્ઞા કરે છે **"બ્રહ્મવાદે નિરુક્તિસ્તુ ન વક્તવ્યૈવ કુત્રચિત્ વસ્તુતો બ્રહ્મ સર્વંહિ વ્યવહારસ્તુ લોકતઃ"** (પત્રા.૩). જો એક વખત બ્રહ્મવાદનો સિદ્ધાંત અપનાવી લઈએ, મતલબ બુદ્ધિમાં તો અપનાવ્યો જ છે આપણે, પરંતુ વ્યવહારમાં કોણ કહે કોને કહે શું કહે, આ બધું કાંઈ બ્રહ્મ છે. જે બોલો તે પણ બ્રહ્મ અને જે નથી બોલતા તે પણ બ્રહ્મ. જે કહી શકાય વાત તે પણ બ્રહ્મ અને જે ન કહી શકાય વાત એ પણ બ્રહ્મ. બધુંજ કાંઈ બ્રહ્મ તો કોણ કોને કહે અને શું કહે અને શામાટે કહે! કાંઈ પ્રયોજન નથી. સમજો તો આપણી ભાષામાં એક શબ્દનો એક એક અર્થ

થાય. જેમ હું કહું કે ''મારે જલ પીવું છે. એક ગ્લાસ ભરીને જલ લાવો'' તો 'મારે'શબ્દનો એક અર્થ છે. 'ગ્લાસ'શબ્દનો એક અર્થ છે. 'જલ'શબ્દનો એક અર્થ છે. 'લાવો'નો એક અર્થ છે. તો બધાના અર્થ અલગ અલગ છે. બધાના અર્થ અલગ અલગ છે તો વાક્ય બોલવાથી વાક્યનો અર્થ સમજમાં આવે. સમજી લોકે કોઈ આપણી એવી સ્થિતિ થઈ જાય કે આપણે એક જ શબ્દ બોલી શકતા હોઈએ, કોઈ પણ શબ્દ. જેમ કાગડો ખાલી ''ક્રાઉં ક્રાઉં'' કરે. વધારે શબ્દ ન બોલી શકે. એવીજ રીતે આપણા કંઠમાંથી કેવળ એક જ ધ્વનિ નિકળી શકતી હોય. કેવળ એક શબ્દ જ નિકળતો હોય અને સમજી લો કે એ શબ્દ 'બ્રહ્મ' છે. તો મારે જલ પીવું છે. એક ગ્લાસ ભરીને લાવો. તો મારે શું કહેવું પડશે કે ''બ્રહ્મ બ્રહ્મ બ્રહ્મ બ્રહ્મ બ્રહ્મ.'' અરે ભાઈ શું અર્થ થયો! જપ થઈ રહ્યો છે કે શું થઈ રહ્યું છે? કેવીરીતે અર્થ સમજમાં આવશે માણસને! પાંચ છ વખત બ્રહ્મ બ્રહ્મ બોલી લીધું તો મારે જલ પીવું છે એક ગ્લાસ જલ લાવો. આ અર્થ કેવીરીતે સમજમાં આવશે? તો બ્રહ્મવાદનો સિદ્ધાંત એવો વિકટ છે કે બધા શબ્દોનો અર્થ બ્રહ્મ છે અને બધુંજ કાંઈ બ્રહ્મ છે અને જે નથી તે બ્રહ્મ છે અને જે કહી રહ્યા છે એ પણ બ્રહ્મ છે. જે નથી કહેવામાં આવી રહ્યું તે પણ બ્રહ્મ છે. તો હવે શું કહેવું? બહુ વિકટ સ્થિતિ થઈ જાય. આટલા માટેજ આચાર્યચરણ કહે છે **''બ્રહ્મવાદે નિરુક્તિસ્તુ ન વક્તવ્યૈવ કુત્રચિત્''**. બ્રહ્મવાદમાં કહેવા લાયક કોઈ વાત જ નથી. એ બ્રહ્મવાદ તો હતો જ પરંતુ બ્રહ્મવાદને છોડીને કાંઈક બ્રહ્મે ભગવદ્‌ભાવ અપનાવ્યો થોડોક પરમાત્મવાદ અપનાવ્યો થોડોક ભગવત્ત્વવાદ અપનાવ્યો તો એ બ્રહ્મ તો હતો જ પરંતુ એણે થોડીક કાંઈક એડીશનલ્ ક્વોલિટી અપનાવી પરમાત્મા હોવાની ક્વોલિટી અપનાવી, ભગવાન્ હોવાની થોડીક બીજી ક્વોલિટી અપનાવી, તો બ્રહ્મ જ્યારે ભગવાન્ બન્યો ત્યારે આપણે કાંઈક બોલી શકીએ. બ્રહ્મની સામે કાંઈ પણ નથી બોલી શકતા. ભગવદ્‌વાદમાં તો કાંઈક બોલી શકીએ. બ્રહ્મવાદમાં તો કાંઈ બોલી જ નથી શકાતું. કેમ? ભગવદ્‌ભાવ મતલબ શું? જેમાં ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય હોય એને 'ભગવાન્' કહે છે. ભગવાન્ છે તો ઐશ્વર્ય છે ઐશ્વર્યને ગોપિકાઓના જેવો કોઈ ગાવાવાળો હોય તો ભગવાનનું ઐશ્વર્ય છે ને! યશ છે તો કોઈ સામે હોય તો યશ થશે. શોભા છે તો કોઈ ક્રિટિક્ છે તો આર્ટની બ્યુટી સમજમાં આવશે. જ્ઞાનીને થોડી કાંઈ સમજમાં આવશે! જ્ઞાની તો એને પાછો

બ્રહ્મ બનાવી દેશે. જ્ઞાનીને માટે તો ઐશ્વર્ય પણ બ્રહ્મ વીર્ય પણ બ્રહ્મ યશ પણ બ્રહ્મ શ્રી પણ બ્રહ્મ જ્ઞાન-વૈરાગ્ય પણ બ્રહ્મ. **ગોમયં પાયસમ્.**

### (ગોમયમ્ પાયસમ્)

સંસ્કૃતમાં એક **''ગોમયપાયસન્યાય''** (લૌકિ.ન્યાય.૪૦૩) કહેવાય. ગોમય=ગાયથી જે વસ્તુ પેદા થતી હોય તે. હવે ગાયથી તો દૂધ પણ પેદા થાય ઘી પણ પેદા થાય દહીં પણ પેદા થાય છાણ પણ પેદા થાય. હવે જ્યારે ખાવાના પ્રસંગે માણસ બેઠેલો છે અને કોઈ કહે ''ગોમય લાવો'' તો કોઈ દૂધ આવે પેંડા આવે તો તો કોઈ વાત છે પરંતુ 'ગોમય' કહેવાથી કોઈ છાણ લાવીને રાખી દે તો! એ પણ છે તો 'ગોમય' તો જ્ઞાનની એવી જ એબ્સ્ટ્રેક્ટ્ ગતિ છે. ગોમયની જેટલી વેરાયટી છે, એમાં માખણ પણ છે. આ બધું એબ્સ્ટ્રેક્ટ કરીને એક અદ્વૈત થઈ જાય, એક ગોમય થઈ જાય. ગોમય છે કે નહીં? ગોમય તો છે. તો પછી કેમ ના પાડી રહ્યા છો! હવે પાતળમાં ગોબર પડ્યું છે, શું કરે માણસ! ગોમય તો છે. હવે જે ગોભક્ત છે એ બિચારો તો ખાઈ લે પરંતુ જે ખાવાનો શોખીન છે ભક્ત જેવો એ ક્યાં જાય? એ તો કહેશે કે ''નવનીત માગ્યું હતું, આ ગોબર કેમ રાખી દીધું લઈને પાતળમાં? હવે કેમકે અદ્વૈત છે એ પણ ગોમય અને એ પણ ગોમય છે. તો આ **''ગોમયપાયસન્યાય''** કહેવાય સંસ્કૃતમાં. પાયસને ગોમય સમજવું. વાત તો ખોટી નથી. બધી વસ્તુ બ્રહ્મ છે, આ વાત ખોટી નથી પરંતુ ભક્તની પોત પોતાની ભૂખ પણ તો છે કે નહીં? ખાલી બ્રહ્મ હોવાથી તો **'ગોમયપાયસન્યાય'** થઈ જશે. ભક્તની ભૂખ ભગવાન્ બનાવે છે. ભક્તને ભૂખ છે બ્રહ્મનું ઐશ્વર્ય જાણવાની. કેમકે આપણે જો એના સેવક નથી તો એ ઈશ્વર કોનો? જો એ ઈશ્વર નથી તો એમાં ઐશ્વર્ય કેવીરીતે? જો ઈશ્વર હોય ત્યારે તો એનું ઐશ્વર્ય હોય ને! વગર ઈશ્વરે તો ઐશ્વર્ય ન હોઈ શકે. તો એનું ઐશ્વર્ય આપણે સેવકોપર નિર્ભર કરે. આપણે સેવક છીએ એથી એમાં ઐશ્વર્ય છે. આપણે એનો યશ ગાઈ રહ્યા છીએ, એટલા માટે એમાં એ યશ છે. આપણે એની શોભાને સમજી શકીએ છીએ એથી બ્રહ્મમાં શ્રી છે કેમકે ભક્તમાં ભૂખ છે. ભક્તની ભૂખ બ્રહ્મને ભગવાન્ બનાવે છે. હવે ભગવાન્ બની જાય બ્રહ્મ, બ્રહ્મ માત્ર બ્રહ્મ જ રહે એકાકી તો કોઈ ચિંતાની વાત નથી, પછી તો બોલવા લાયક સ્થિતિ છે જ નહીં, ચુપ રહો. પરંતુ જ્યારે બ્રહ્મ

ભગવાન્ બની ગયો, એ પછી અમે તો સ્નેહની દૃષ્ટિથી જોઈએ અને તું સ્નેહની દૃષ્ટિથી ન જુએ! આ ક્યાંનો ન્યાય છે? આવું તો હોઈ શકે કે એક માણસ ભત્રીજો હોય અને બીજો માણસ કાકા ન હોય! આ કાકો-ભત્રીજો તો આપસી સંબંધ છે ને! જો એક માણસ ભત્રીજો છે તો કોઈને કોઈ તો કાકો હોવો જ જોઈએ. એમને એમ કોઈ ભત્રીજો થઈ જાય અને કોઈ કાકો હોય જ નહીં! કાકો-ભત્રીજો તો આપસી વાત છે ને!

## (એકલવ્યતા)

કહે છે કે એકલવ્યે દ્રોણાચાર્યને ગુરુ બનાવ્યા અને પોતે ચેલો બન્યો. આ વાત બીજી છે કે દ્રોણાચાર્યે પોતે એને તીર ચલાવવાનું શિખવાડ્યું નથી, પરંતુ એકલવ્ય તો દ્રોણાચાર્યથી જ શીખ્યો. એની ભાવનામાં એટલી તાકાત હતી જે ન શિખવાડવાવાળા દ્રોણાચાર્ય પણ શિખવાડવાવાળા બની ગયા અને એ સાચી પરખ ક્યારે થઈ? જે વખતે એમણે કહ્યું કે ''અચ્છા! તું મારો શિષ્ય છે આ વાતને માને છે?'' એણે કહ્યું કે ''હા માનું છું''. તો ''લાવ ગુરુદક્ષિણા દે અંગૂઠો.'' એણે કહ્યું કે ''શિષ્ય છું એટલા માટે આપી રહ્યો છું અંગૂઠો.'' આ થઈ ભાવનાની સાચી ઓળખાણ. એ વખતે એણે જ્ઞાનીની જેમ આમ ન કહ્યું કે ''નહીં નહીં એ તો ફક્ત એક પ્રતીક હતું. સાચા દ્રોણાચાર્યપાસે હું ક્યાં શીખ્યો?'' મૂર્તિ તો પ્રતીક છે. પ્રતીક શું છે? કે જેટલો સમય ન આવે, જેટલો સમય ધ્યાન ન લાગે એના માટે મૂર્તિ રાખવામાં આવે. જ્યારે ધ્યાન લગાવતા આવડી જાય તો મૂર્તિને છોડી દો. પોતાની મેળે તીર ચલાવવા લાગી જાઓ. આવો એકલવ્ય ન હોઈ શકે. જે એકલવ્ય છે તે આવું ન કહી શકે. અનેકલવ્ય આ પ્રકારનો વ્યવહાર કરે. એકલવ્ય મૂર્તિ અને દ્રોણાચાર્યમાં ભેદ ન માને. જો મૂર્તિ અને દ્રોણાચાર્યમાં ભેદ માને તો એ એકલવ્ય નથી. એકલવ્યનો મતલબ છે કે જે મૂર્તિ છે એ દ્રોણાચાર્ય છે અને જે દ્રોણાચાર્ય છે એ મૂર્તિ છે. એમાં આહ્વાન નથી કર્યું, એણે પ્રતિષ્ઠા નહોતી કરી, એણે પૂજન નહોતું કર્યું, એણે બ્રાહ્મણને નથી બોલાવ્યો, પોતાની ભાવનાથી એણે દ્રોણાચાર્યની મૂર્તિ પધરાવી, તીર ચલાવતા એવું આવડી ગયું કે જેને સાક્ષાત્ દ્રોણાચાર્ય શિખવાડી રહ્યા હતા એ અર્જુનને પણ એવું તીર ચલાવતા ન આવડ્યું. મતલબ અર્જુનને ચિંતા થઈ ગઈ કે તમે તો મહારાજ વચન આપ્યું હતું અમને કે મારાથી ઉત્તમ

કોઈ શિષ્ય નથી અને આ શું કૌભાંડ છે અહીં? એમણે કહ્યું કે ખબર ન પડી કે આવું કૌભાંડ કેવીરીતે થઈ ગયું! પરંતુ તીર ચલાવતા અર્જુન કર્મથી શીખ્યો હતો અને આ ભાવથી શીખ્યો હતો. કર્મથી શીખે અને ભાવથી શીખે એમાં તો અંતર છે ને! પુષ્ટિભક્ત તો ભાવથી ભગવદારાધન શીખે છે, કર્મથી નથી શીખતો. ત્યાં શાસ્ત્રીય આજ્ઞા નથી કે ''જલં સમર્પયામિ, નૈવેદ્યં સમર્પયામિ, ધૂપં સમર્પયામિ.'' એ શાસ્ત્રીય આજ્ઞા જેમકે દ્રોણાચાર્ય કહેતા અર્જુનને કે ''જો વૃક્ષ છે.'' તો એણે કહ્યું કે ''હા વૃક્ષ છે.'' ''ચલાવ તીર.'' એણે તીર ચલાવ્યું, પરંતુ એકલવ્ય દ્રોણાચાર્યની વિધિથી નથી શીખ્યો, પોતાની ભાવનાથી શીખ્યો છે. જે ભાવનાથી શીખ્યો એ વધારે વેધક થયો, જે વિધિથી શીખ્યો એ એટલો વેધક ન થયો. ખુદ દ્રોણાચાર્યને આ સમજ ન પડી કે આ તીર ચલાવતા કેવીરીતે શીખ્યો! જ્યાં વિધિથી દ્રોણાચાર્ય શિખવાડવા ગયા એ વિદ્યાર્થી એટલો તૈયાર ન થયો અને જે વિદ્યાર્થી ભાવનાથી શીખ્યો દ્રોણાચાર્યથી એ વધારે શીખ્યો. આથી સમજમાં આવે કે અવિહિત ભક્તિનું માહાત્મ્ય શું છે! જે વિહિત ભક્તિ છે, જે શાસ્ત્રીય વિધિથી ચાલનારી ભક્તિ છે, એ કેટલો વેધ કરી શકશે અને અવિહિત ભક્તિની નિશાનબાજી કેવી છે! આ એકલવ્યના ઉદાહરણમાં પુષ્ટિમાર્ગનું બધું રહસ્ય છૂપાયેલું છે, ક્યારેક સમજવા જાઓ તો!

**''તે નાધીતશ્રુતિગણા...કેવલેન હિ ભાવેન...સિદ્ધા મામીયુઃ અંજસા.''** (ભાગ.પુરા.૧૧/૧૨/૭) કેવળ ભાવથી એણે દ્રોણાચાર્યનું સ્વરૂપ પધરાવ્યું. હું નથી માનતો કે એ સ્વરૂપ એની સાથે બોલ્યું હશે કે બેટા તીર આવીરીતે ચલાવ. આજકાલ ઘણા લોકો કહે કે ''અમે સ્વરૂપ પધરાવી લીધું પરંતુ ઠાકોરજી અમારી સાથે બોલતા નથી.'' અરે પરંતુ તમારામાં એકલવ્યતા છે! એકલવ્યે ક્યારેય દ્રોણાચાર્યને એમ ન કહ્યું કે ''લો મહારાજ મેં આપની મૂર્તિ પધરાવી છે. ત્રણ દિવસ પછી તો બોલો? નહીંતર તો મૂર્તિ કેમ પધરાવી?''

એક દિવસ અમારી સાથે એકે ઝઘડો કર્યો. ''અમે અગીયાર વરસથી ઠાકોરજીની સેવા કરી રહ્યા છીએ. ઠાકોરજી જ્યારે પૂતનાને દર્શન આપે તો અમને કેમ નથી દર્શન આપતા?'' મેં કહ્યું કે ''કોન્ટ્રેક્ટ તમે કર્યો હતો,

કાઉન્ટરસિગ્નેચર્ ઠાકોરજીના લીધા હતા?'' કહે એ તો ''નહોતા લીધા'' તો મેં કહ્યું કે ''તમે વન સાઈડ્ એગ્રીમેન્ટમાં આવ્યા છો તો એની વેલિડિટી કેવી રીતે માનવામાં આવે?'' હવે કોઈ કરાર કરે તો સામાવાળાની સહી જોઈએ. એ તો છે નહીં. હવે તમે કહી રહ્યા છો કે ''ઠાકોરજી નથી બોલતા.'' તો કેવીરીતે બોલશે ઠાકોરજી! એકલવ્યતા તો લાવો. આ સેવા તમે કરી રહ્યા છો તમારા હૃદયમાં આટલી મૃદુલતા આવી. આ જ તો એ બોલી રહ્યો છે. એ નથી બોલી રહ્યો તો આટલી મૃદુલતા આવી ક્યાંથી!

**''યોઽન્તઃ પ્રવિશ્ય મમ વાચમ્ ઈમાં પ્રસુપ્તાં સંજીવયતિ અખિલશક્તિધરઃ સ્વધામના અન્યાંશ્ચ હસ્તચરણશ્રવણત્વગાદીન્ પ્રાણાન્ નમો ભગવતે પુરુષાય તુભ્યમ્''** (ભાગ.પુરા.૪/૯/૬). જો તમારામાં પ્રભુના માટે એક આંસુ પણ વહાવવાની ક્ષમતા આવી છે તો ચોક્કસ સમજો કે ઠાકોરજીના હૃદયમાં પણ તમારા માટે કોઈ સોફ્ટકોર્નર્ થયો છે. જો ઠાકોરજીના હૃદયમાં સોફ્ટકોર્નર્ ન હોય તો તમારી આંખમાં એક આંસુ પણ કેવીરીતે ટપકે! જે માત્ર ઈન્દ્રિયોનો પ્રેરક છે, એ જ્યાંસુધી કોઈ પ્રેરણા ન કરે તો તમારા કયા વ્યવહાર બની શકશે! કોઈ વ્યવહાર નહીં બની શકે. હવે પછી પણ તમે એમ સમજો કે અમે મૂર્તિ પૂજી રહ્યા છીએ તો એકલવ્યતા સાચી નથી. બોલતા નથી! અરે બોલવાથી શું ફરક પડે? જેને સ્નેહ છે એને કોઈ ફરક ન પડે, બોલે કે ન બોલે. સ્નેહ તો સ્નેહ રહે છે અને જો કોઈ કરાર છે તો વાત પાછી સામીસહીની છે. તો આ ચક્કર છે થોડુંક. આપણે ભક્તિમાર્ગપર ચાલીએ પરંતુ ભક્તિના ભાવોને ગ્રહીત ન કરીએ તો એનાથી આવું કન્ફ્યુજન્ (મુંઝવણ) આપણને થઈ જાય.

આપણું નાનું બાળક કોની સાથે બોલી રહ્યું છે! હવે જુઓ આ નિષ્ઠા ''કૈં કૈં'' કરે, રોવે. હવે પેટ દુખી રહ્યું છે કે કાન દુખી રહ્યો છે કે ગરમી લાગી રહી છે, હવે શું એ બતાવે? હવે આ વાતપર નારાજ થઈ જઈએ તો? બતાવ તો ઈલાજ કરાવશું નહીંતર નહીં કરાવીએ. આપણને લાગે કે પેટ દૂખી રહ્યું હશે તો હીંગ લગાવીએ, કાન દૂખી રહ્યો હશે તો કાનમાં બે-ચાર ટીપા નાખીએ. હવે ભગવાન્ જાણે કે આના કારણે ચુપ થાય કે એનો રોવાનો મૂડ ખતમ થઈ ગયો એના કારણે ચુપ થાય? શું ખબર પડે આપણને? આપણને લાગે કે હીંગ

લગાવવાથી પેટ દૂખતું બંધ થઈ ગયું કે નહીં? હવે બાળક શું બતાવશે? બાળકને તો કાંઈક એક્ટિવિટી જોઈએ. કાંઈ ન મળે તો એ રોઈને પોતાને એક્ટિવ્ રાખે. હવે જ્યારે એને એક્ટિવિટી મળી ગઈ તો આપણને જગાડીને આનંદથી સૂઈ જાય. આપણને શું ખબર પડે! પરંતુ આ પ્રકારનું જ્ઞાન માં તો ન વાપરી શકે ને! જ્યારે રોવે તો માં એના બધી જાતના કામ કરે. હીંગ પણ લગાવે કાનમાં પણ દવા નાખે બધુંજ કરે, આપણી જે જે સંભાવનાઓ છે. જેટલી વાત આપણને સમજમાં આવે.

**(કલિલતા મનઃ કાન્ત! ગચ્છતિ)**

એમ ભક્ત તો ભગવાનની સેવા જ કરતો રહે. ભગવાન્ પાછું શું આપે છે! આ કોઈ ભક્તનો વિષય નથી. ભક્તિનો સ્વભાવ એવો છે પરંતુ રાજસભાવ આવી જાય તો આપણે માગીએ પછી, કે અમે તો સ્નેહ કરીએ અને તું અમને સ્નેહ ન કરે! આ ગોપી અહીં કહી રહી છે. ગોપી શું કહે છે? **ચલસિ યદ્ વ્રજાત્ ચારયન્ પશૂન્ નલિનસુન્દરં નાથ! તે પદમ્. શિલતૃણાંકુરૈઃ સીદતીતિ નઃ કલિલતાં મનઃ કાન્ત! ગચ્છતિ.** હવે જુઓ કહેવામાં કેટલો ફરક છે. કહેવા કહેવામાં ફરક છે. કહી તો ફક્ત એટલું જ રહી છે કે અમે અહીં રાતના વનમાં ભટકી રહી છીએ અને તું અમારી ચિંતા નથી કરી રહ્યો. આમ એ કહી નથી રહી. માત્ર મનનો ભાવ આ પ્રકારનો છે. કહી કેટલું રહી છે? કહી ફક્ત આટલી વાત રહી છે **ચલસિ યદ્ વ્રજાત્ ચારયન્ પશૂન્** તારા કોમળ કમળ જેવા ચરણ, સવારથી ગાય ચરાવવા માટે આ કોમળ કમળ જેવા ચરણથી તું ચાલે છે, ત્યારથી અમને દુઃખ થવા લાગી જાય. આ કોઈ રાતના અત્યારે જ દુઃખ થઈ રહ્યું છે એવી વાત થોડી જ છે. સવારથી જ્યારે તું પહેલું પગલું વ્રજની બહાર ભરે છે, ત્યારથી અમારું મન ખિન્ન થવા લાગી જાય. કેમ ખિન્ન થાય? તો કહે છે કે તારા ચરણ કોમળ છે, તે આવા કાંઈ જંગલમાં ભટકવાને માટે છે શું? આટલા કોમળ ચરણ જંગલમાં શામાટે ફરે છે? ત્યાં કાંકરા હોય પથ્થર હોય કાંટા હોય તણખલા હોય બધું ખૂંચે પગમાં. કેમ ભટકે છે ત્યાં? તો ઠાકોરજી કહે કે હું તો સવારથી જ જાઉં છું. ગાય ચરાવવા જાઉં. તો કહે કે અમને પણ સવારથી જ દુઃખ છે આટલા માટે. અમને કાંઈ અત્યારે દુઃખ છે એવું થોડું જ છે. અમને સવારથી જ દુઃખ છે આ વાતનું કે તું સવારથી જ

જંગલમાં કેમ ભટકે છે? તો હમણાં કોઈ નવું દુઃખ આવ્યું છે શું? હમણાં તો ચાલ્યો જઈ રહ્યો છે. હમણાં તો વધારે દુઃખ વધી રહ્યું છે એ વાતનું કે દિવસના ભટકે એ તો ભટકે અત્યારે રાતમાં વધારામાં ભટકી રહ્યો છે. રાતમાં શામાટે ભટકે જ્યારે દિવસના થઈ ગઈ ભટકણ પૂરી! હવે તો શાંતિથી બેસ ક્યાંક. તો જો પ્રભુ કહે કે અમારા કોમળ ચરણને જંગલમાં ભટકવાનો અભ્યાસ થઈ ગયો છે. તો કહે કે કદાચ તને અભ્યાસ હશે. તારા કોમળ ચરણોને આવી કઠોરતાનો અભ્યાસ હશે પરંતુ અમારું મન તો ખિન્ન થાય જ છે. અમારું મન એ આ વાતથી સંતુષ્ટ નથી થઈ શકતું કે તને અભ્યાસ છે.

એક વાત બતાવું. આપણા ઘરમાં કોઈ મહેમાન આવ્યા. હવે આપણા મહેમાનને તો પંખો રાખવાની આદત છે. આપણને પંખો રાખવાની આદત નથી. હવે એ સૂતા હોય વગર પંખે અને એને ખબર હોય કે આને પંખો રાખવાની આદત નથી. હવે એ એમ કહે કે મને તો અભ્યાસ છે વગર પંખે સૂવાની અને સૂઈ જાય તો! હવે જો આપણા સુખનો વિચાર કરીએ, તો આપણે કહીએ કે અભ્યાસ છે ને વગર પંખે સૂવાનો, તો આજે અહીં ન ચલાવતા પંખો, તમારા ગામ જાઓ તો ત્યાં ચલાવજો પંખો. જો જરાક પણ આપણામાં આતિથ્યની ભાવના છે તો આપણે શું કરશું? ભઈ તમને તો અભ્યાસ હશે વગર પંખે સૂવાનો પરંતુ શામાટે એ અભ્યાસ અહીં પ્રકટ કરો છો. તમારો અભ્યાસ તમારા ઘરમાં પ્રકટ કરજો. અહીં તો પંખામાં સૂવો. અમને કષ્ટ છે તે અમે ભોગવી લઈશું. જેમાં આતિથ્યની ભાવના છે એ તો આ પ્રકારનો વ્યવહાર કરશે ને!

એવીજ રીતે ગોપિકા કહી રહી છે કે ઠીક છે તને હશે અભ્યાસ થોડોઘણો બહુ જંગલમાં ગાય ચરાવવાનો અને જંગલમાં ભટકવાનો. પરંતુ આ અભ્યાસ દિવસમાં પ્રકટ કરજે, અત્યારે કેમ પ્રકટ કરી રહ્યો છે? હમણાં અહીં આ અભ્યાસને જતાવવાની શું જરૂરત છે? હવે તો અમારા વચ્ચે શાંતિથી બિરાજ. આ કમળ જેવા કોમળ ચરણોને અભ્યાસ હોય તો પણ આ કાંકરા પથ્થરોપર પધરાવીને એને તકલીફ શામાટે આપે છે. અમારામાં પધરાવી દો. કેમકે **નલિનસુન્દરં નાથ તે પદમ્** આ કમળ જેવા કોમળ સુંદર ચરણ છે, આ કોઈ કાંકરા પથ્થરાપર પધરાવવા લાયક છે! આ વાતને વિચારીને અમારા મનને

ક્લેશ થાય છે. તે આ વાત કહેતી નથી. આ તો ભાવ છે અંદરનો. અંદરનો ભાવ એક રાજસભાવ છે જે આચાર્યચરણ પ્રકટ કરે છે. શબ્દોમાં એ કેવળ આટલું જ કહે છે કે શામાટે કષ્ટ ભોગવે છે તું? તો આ માણસ ક્યારે કહી શકે? જ્યારે એના હૃદયમાં આવો સ્નેહ હોય ત્યારે ને! નહીંતર તો કહી દે કે અભ્યાસ છે ને! જો વ્યવહારકુશળ હોય, ત્યારે તો આ વાત નભી જાય પરંતુ જો થોડોક પણ સ્નેહી હોય, તો આ કૌશલ્ય કામ ન આવે. આ ચતુરાઈ કામ ન આવે. સ્નેહ તો નિશ્છલ હોય. એ સ્નેહની નિશ્છલતા આચાર્યચરણ અહીં સમજાવી રહ્યા છે કે આ તેના શબ્દોમાં નિશ્છલતા પ્રકટ થઈ છે કે તું પોતાના ચરણોને કેમ કષ્ટ આપે છે? તો એનાથી આ ભાવ પ્રકટ થયો કે ભઈ જે કષ્ટોને સહન કરવાનો અભ્યાસ છે, એમાં પણ અમે નથી ઈચ્છતા કે તને એ કષ્ટ થાય. પરંતુ જે કષ્ટને અમને સહન કરવાનો અભ્યાસ નથી, એ કષ્ટ તું અમને કેમ આપવા માગે છે? તને થોડો ઘણો અભ્યાસ હશે પણ પરંતુ અમને આ અભ્યાસ નથી, એ કષ્ટ અમને કેમ આપે છે? આ ચરણ જેના સ્થાપનનો અધિકાર કેવળ અમારા ઉપર જ છે અને એ ચરણ જો અમારા ઉપર સ્થાપિત ન થાય તો અમને મહાન્ કષ્ટ છે અને એ કષ્ટને સહન કરવાનો અભ્યાસ અમને નથી. એવું કષ્ટ અમને કેમ આપે છે? તને અભ્યાસ હશે કદાચ, કાંકરાઓ પથ્થરોપર ચરણ સ્થાપિત કરવાનો, પરંતુ અમને આ અભ્યાસ નથી કે તારા ચરણ આ કાંકરા પથ્થરાઓપર સ્થાપિત થાય.

હવે આચાર્યચરણ આજ્ઞા કરે છે **અસ્માકં તુ સ્નેહવશાત્ ત્વદ્વિષયિકા સમીચીનેઽપિ ખેદબુદ્ધિઃ જાયતે.** જે વાત તારા માટે સમીચીન છે, ઠીક છે, એમાં કોઈ અનૌચિત્ય નથી પરંતુ એમાં પણ અમને તો અનૌચિત્ય પ્રતીત થાયછે અને ખેદ થાયછે કે આવું ન થવું જોઈએ. **તવ તુ ન અસ્મદ્વિષયિણી સત્યખેદેઽપિ જાયત ઈતિ ન્યાયવિરોધમિવ આહ** અને જ્યાં ખરેખર અમને ખેદ છે, એમાં પણ તને અમારો કોઈ વિચાર જ નથી થતો. કહે કે અમને આનું બહુ કષ્ટ છે. મતલબ તુલના કરી રહી છે કે જરાક અમારા સ્નેહની તરફ તારા સ્નેહની તુલના તો કર? **''ન્યાયવિરોધમ્ આહ''** નથી કહી રહ્યા આચાર્યચરણ. **''ન્યાયવિરોધમિવ આહ''** કહી રહ્યા છે. આ વાતને સમજજો કે એ કહી નથી રહી, એ ભાવ તો બધા હૃદયમાં છે પરંતુ વાણીમાં આ પ્રકારનો કોઈ ઝઘડો

નથી. વાણી તો કેવળ આટલી છે કે ''તું શામાટે કષ્ટ ભોગવે છે?''

**યદ્ વ્રજાત્ પશૂન્ ચારયન્ ચલસિ તત્ર ચલને નલિનાપેક્ષયાપિ સુન્દરં કોમલં, હે નાથ! તે પદં માર્ગસ્થિતૈઃ શિલતૃણાંકુરૈઃ શિલાઃ પાષાણાઃ, તૃણાનિ, અંકુરાઃ દર્ભાદીનાં, તામસાનિ સાત્ત્વિકાનિ રાજસાનિ;** આ કહે છે કે જ્યારે સવારે સવારે તું ગાય ચરાવવા માટે ચાલે છે તો નલિનની અપેક્ષાથી પણ વધારે સુંદર કોમળ તારા પદ છે. હવે એક બીજી વાત એ ગોપિકાના મનમાં જાગે છે. એ એમ કહે કે તને અભ્યાસ છે, શિલાપર તૃણોપર અંકુરોપર ઉઘાડે પગે ઘૂમવાનો, તો કહે છે કે આ તો અમારામાં પણ છે. કેવી રીતે? શિલા તામસભાવવાળી છે તૃણ સાત્ત્વિકભાવવાળું છે અને અંકુર કાંટા હોય છે, એ રાજસભાવવાળા છે. તો અમારામાં પણ એવા ભાવ છે. હવે તને અભ્યાસ છે તો અભ્યાસનો મતલબ શું?

જેમ સમુદ્રમાં નહાવાનો અભ્યાસ છે. સમુદ્ર કેવો પણ હોય પરંતુ નહાવવાળો તો નહાશે. કોઈ ડરી જાય, જેમ આપણે ડરી ગયા, એનો મતલબ આ કે સમુદ્રમાં નહાવાનો અભ્યાસ નથી ખાલી શોખ છે. જો ખરેખર અભ્યાસ છે તો પછી ચાલ રાજસ સાત્ત્વિક તામસ જેવી પણ શિલા હોય, અમારા હૃદયમાં પણ કેટલાક શિલા જેવા તામસભાવ છે. અમારા હૃદયમાં પણ બહુ દૈન્યવાળા મતલબ તૃણ જેવા ભાવ છે મતલબ તૃણપર પગ રાખો તો તૃણ ઝુકી જાય. શિલાપર પગ રાખો તો શિલા શું કરે? ખૂંચી જાય. શિલા ઝુકે નહીં પગ રાખવાથી તમારે પગને જ ઉપર ઉઠાવવો પડે. અમારામાં પણ તૃણ જેવા ભાવ છે જે સાત્ત્વિકભાવ છે. જે વખતે તું એનાપર તારા ચરણ સ્થાપિત કરીશ તો એ વખતે એ દીનતાથી ગદગદ થઈ જશે. કોઈમાં તામસભાવ છે કે પગ રાખશો તો થોડીક વાર ખૂંચશે. કોઈમાં રાજસભાવ છે, કોઈમાં સાત્ત્વિકભાવ છે કે થોડી વાર ચલાયમાન રહેશે, ક્યારેક સીધા ખૂંચે છે, ક્યારેક આડા ખૂંચે ક્યારેક આડા ખૂંચે ક્યારેક ન પણ ખૂંચતા. જેમ કાંટો સીધો ખૂંચે તો વધારે દર્દ કરે અને આડો ખૂંચે તો ઓછું દર્દ કરે કાંટો વધારે આડો થઈ જાય તો ન પણ ખૂંચે. આવી ચંચળતા રાજસતાની સ્થિતિ એ અંકુરમાં રહે, શિલામાં ન રહે. તૃણ બિચારો તો સીધો જ હોય છે. પગ રાખ્યો નહીં કે ઝુકી જાય. તો આવા ભાવ અમારામાં પણ છે. જો તને અભ્યાસ છે, તેમજ તારા મનમાં કોઈ શોખ છે કે

મારે શિલા તૃણ અંકુરોપર ઉઘાડા પગે ફરવું છે તો એ તો બધાના બધાજ ભાવ અમારામાં મૌજૂદ છે. અમારા પર જ એ ચરણ કેમ નથી સ્થાપિત કરતો? એટલા માટે મનમાં ક્લેશ પામીએ છીએ. એમ કહે છે.

**અથવા શિલારૂપં યત્ તૃણં શિલતૃણં કઠિનતૃણં, તસ્યા અંકુરૈઃ - અતિપરુષતીક્ષ્ણૈઃ સીદતીતિ ક્લેશં પ્રાપ્નોતિ ઈતિ.** કહે છે કે તમે આટલું બધું સંભળાવી રહી છો, તમારા ભાવ દૈન્યવાળા નથી. સાત્ત્વિકભાવ નથી. જે બહુ નિર્ગુણભાવ છે એ પણ બહુ ખૂંચનારા સંભળાવી રહી છો. સાત્ત્વિકભાવ જતાવી રહી છો શબ્દ સાત્ત્વિક પ્રયોગ કરી રહી છો પરંતુ ભાવ એના પણ તામસ છે. કેમકે પ્રકરણ તામસ છે. શબ્દ તો આમના સાત્ત્વિક હોઈ શકે છે પરંતુ પ્રકરણ તામસ છે તો ભાવ તો બધાના તામસ જ છે.

બધાના ભાવ તામસ છે તો એટલા માટે કહે છે કે ભલે ભાષા સમજે બીજી કોઈ **''ન ખલુ ગોપિકા નન્દનો ભવાન્''** કહે કે તમે તો જગતના અંતરાત્મા છો તમે ભગવાન્ છો તમે તો દુનિયાના પાપને નાશ કરવાવાળા છો, અમારામાં પાપ હોય તે દૂર કરો, આ તો ફક્ત તમારી ભાષા જ ભાષા છે. તમારા ભાવ એવા નથી. જે વખતે તમે મીઠી ભાષા પ્રયોગ કરી રહી છો એ વખતે પણ ભાવ તમારા તામસ છે.

જેમ અમે એ કથા સંભળાવી ને કે ''રાજ મુખારવિન્દસુ આજ્ઞા કરેં ઔર દાસ મનમેં વિનતી કરેં.'' ભાષા બહુ સાત્ત્વિક છે. મહારાજને ગાળ દેવાની બહુ આદત. ગાળ દીધી મહારાજે નોકરને સમજાવી દીધું હતું કે ક્યારેય ગડબડ ભાષા ન બોલવી. વધારે બોલે નહીં કેમકે આ તો નોકર છે. તો ભાવ તામસ છે પરંતુ મનમાં, કહે એમ કે ''દાસ વિનતી કરે કિ આપ ગધા હો.'' હવે દાસ મનમાં વિનતી કરે અને મનમાં આવા ભાવ રાખવો કે ''આપ ગધા હો.'' તો ભાવ તો તામસ જ છે ને ! શબ્દ સાત્ત્વિક ભાષા સાત્ત્વિક અને ભાવ તામસ.

આ ગોપિકાઓ સાત્ત્વિકભાષાનો પ્રયોગ કરી રહી છે એમનો ભાવ તો તામસ જ છે કેમકે આખું પ્રકરણ જ તામસ છે. કોઈ પણ ભક્ત, કોઈ પણ ગોપિકાના ભાવ તો સાત્ત્વિક નથી. ભાષાઓ સાત્ત્વિક આવી રહી છે. કોઈની

રાજસ આવી રહી છે, કોઈની તામસ આવી રહી છે. એટલા માટે કહે છે કે **નહીં નહીં નહીં** તમારે ત્યાં તો ત્રિવિધ પ્રકારના ભાવ નથી. ભાવ તો બધાના તામસ જ છે, એક સરખા જ છે. તો કહે ચાલો અચ્છા અદ્વૈતવાદી બનીને આ બધાને એક માનીલો. તો કહે છે કે ચાલો એમ ન સમજતા કે ત્રણ વસ્તુ છે. શિલા એક અલગ તામસ છે. શિલા જેવા તામસ ભાવ છે. તૃણ અંકુર જેવા સાત્ત્વિક રાજસ ભાવ અલગ છે, આવું ન માનીને અમારા બધાના તામસભાવ છે. તો એમ સમજી લો કે **શિલારૂપં યત્ તૃણં શિલતૃણમ્** એવા એવા તૃણ જે શિલાની જેમ ખૂંચતા હોય, કોઈ એવા કઠિન કઠોર તૃણ હોય છે કે જે શિલાની જેમ ખૂંચતા હોય, કોઈ બબૂલનું ઝાડ જેમ પગ રાખવાથી ઝુકે નહીં પરંતુ પગ રાખવાથી ખૂંચે ને ખૂંચે. નાના કાંટાઓ પણ એવા હોય તૃણ કે જે ઝુકે નહીં, ખૂંચે ને ખૂંચે. **તસ્ય અંકુરૈઃ અતિપરુષતીક્ષ્ણૈઃ.** અને એના અંકુર તો બહુજ તીખી ધારવાળા હોય. એ ખૂંચે. તો અમારા જો ભાવ એવા તામસ હોય તો શું વ્રજમાં એવા શિલારૂપ તૃણ અંકુર નથી? એનાપર પગ કેમ રાખો? એનાપર પગ રાખતો હો તો અમારાપર કેમ નથી પગ રાખતા? એમાં શું આપત્તિ છે? અમારો ભાવ શું એનાથી વધારે કઠોર છે? આ બતાવ. વ્રજમાં તો કાંટા વધારે હોય છે. વ્રજમાં થોડી કાંઈ અહીંના જેવી નરમ જમીન છે. ત્યાંની કઠોર જમીન છે. કાંટા જ વધારે હોય. **''કાંટા લાગે ગોખરુ લાગે ફાટ્યો જાત તનો. ભાવે તોહિ ટોંડકો ઘનો.''** ત્યાં તો કાંટા અને ગોખરુ જ વધારે હોય. **સીદતીતિ ક્લેશં પ્રાપ્નોતિ ઈતિ, વસ્તુતો ન પ્રાપ્નોત્યેવ તથાપિ, હે કાન્ત! ભર્તઃ, મનઃ કલિલતાં ગચ્છતિ.** તો કહે છે કે તને અભ્યાસ છે, તેથી તને ક્લેશ નહીં થતો હોય પરંતુ અમારા મનને તો ક્લેશ થાય છે. અમારું મન તો ક્લેશ પામે જ છે. તારા ચરણને કલેશ નહીં થતો હોય વસ્તુતઃ પરંતુ અમારા મનને તો ક્લેશ થાય કે અરે રે રે રે આ ચરણ! આ પ્રકારના! અહીં રાખવા લાયક છે! પરંતુ કેમ થાય ક્લેશ? તો કહ છે કે એટલા માટે કે તું કાન્ત છે. તું ભર્તા છે. **''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''** (તૈત્તિ.આર.૩/૧૪/૧). તારા ચરણ તો અમારા પર હોવા જોઈએ પરંતુ અમારા પર ન હોઈને એના પર રહે છે. આ તારું ભર્તૃત્વ, આ તારું કાન્તત્વ બરાબર નિર્વાહ નથી થતું, એટલા માટે મનમાં ખેદ થાય. **વ્રજાદ્ ઈતિ પ્રાતરાભ્ય ખેદઃ સૂચિતઃ** આ તો રાજસી ગોપકા છે ને, **ચલસિ યદ્**

**વ્રજાત્ ચારયન્ પશૂન્.** આ કહી રહી છે કે આ ખેદ અમને અત્યારે છે એવી વાત નથી, સવારથી અમને ખેદ હતો, કે શામાટે ગાય ચરાવવા જાય? તો બોલ્યા કે અરે ગાય ચરાવવા ન જાઉં તો શું કરું? વ્રજમાં પ્રકટ થઈને, વ્રજમાં જ્યારે જન્મ લીધો ગોપાલકના ઘરમાં ગોવાળોના ઘરમાં તો ગાય ન ચરાવું, આ કેવીરીતે બની શકે! તો એટલા માટે એ આગળ જઈને કહેશે **નાથ! ઈતિ સમ્બોધનાદ્ બહવએવ અત્રાર્થે નિયોજ્યાઃ સન્તિ તથાપિ સ્વયમેવ ગચ્છસિ ઈતિ.** કહે છે જો તું ખુદ આ રીતથી રખડવાનો શોખીન ન હોય, તો તારા નંદરાયજીના ઘરમાં નોકર નથી શું જે તારા બદલે ગાય ચરાવવા આવે? નોકર પણ તો ગાય ચરાવવા જઈ શકે છે, પરંતુ તું રખડે છે સાથે! તો અમને આ ખેદ પણ અત્યારે થઈ રહ્યો છે, એવી વાત નથી અમને તો આ ખેદ સવારથી થઈ રહ્યો છે.

આપણે ત્યાં જે ઉત્સવમાં બધા પોતેજ સેવામાં પહોંચે તો એ વાતનો ખુલાશો અહીં થઈ રહ્યો છે. આ ઉત્સર્ગ છે અપવાદ નથી. **વસ્તુતસ્તુ પ્રાતરાભ્ય ખેદઃ સૂચિતઃ. ચલનાદેવ ચ ખેદઃ.** હવે સવારથી ખેદ છે અને ક્યારથી શરુ થાય? જે વખતે ચાલવાની તૈયારી કરી નહીં ઠાકોરજીએ કે એ વખતથી ખેદ શરુ થઈ જાય. હવે જુઓ જંગલમાં જશે. હવે કાંકરાઓ ઉપર પગ રાખશે. હવે અહીં જશે. હવે ત્યાં જશે. આ કષ્ટ ભોગવશે, એ કષ્ટ ભોગવશે. **‘‘અતઃ પ્રથમતઃ તદેવ ઉક્તમ્. વસ્તુતસ્તુ તવ પદે’’** આટલા માટે ગોપિકા પોતાની વાત જ અહીંથી શરુ કરે છે **ચલસિ યદ્ વ્રજાચ્ચારયન્ પશૂન્.** મતલબ જે વાત આપણને સૌથી વધારે ખૂંચતી હોય એ વાત જ સૌથી પહેલા બહાર આવે ને. એને સૌથી ખરાબ વાત આ લાગે છે કે ચાલ્યા કેમ છે? ચાલ્યા છે ત્યારે તો છોડીને જઈ શકે છે ને! આનું જોર ચાલે તો ઠાકોરજીને ચાલવા જ ન દે. ઠાકોરજીના ચરણોમાં સાંકળ બાંધી છે. **‘‘પ્રણયરશનયા ધૃતાઙ્ઘ્રિપદ્મઃ’’** (ભાગ.પુરા.૧૧/૨/૫૫) પ્રણયની રશનાથી ઠાકોરજીના ચરણ એવા બાંધી દો કે વ્રજમાંથી ઠાકોરજી ચાલી ન શકે. ઠાકોરજી એક પગલુ પણ આગળ ન જઈ શકે. આને સૌથી વધારે ક્રોધ આ વાતનો આવે છે કે **ચલસિ યદ્ વ્રજાત્** ચાલે કેમ છે તું? તું અમારી સામે બેઠો રહે. બહુ રાજસભાવ છે.

ઘણી વખત આપણે ત્યાં શું થઈ જાય કે જેમ કોઈ સેવા કરે અને

જ્યારે સેવા કરે તો વિલંબ થઈ જાય. તો શું કરે કે પૂરી સેવા કરે પાછી ક્રમથી. હવે જેમ ઉત્સવ છે આ કારણથી વિલંબ થઈ ગયો કે યાત્રા જ કરી અને વિલંબ થઈ ગયો અને સાંજના છ વાગી ગયા કે રાતના નવ દશ વાગી ગયા. હવે ઉત્થાપનની સેવા કરો, ઉત્થાપન પછીની બધી સેવા વનની સેવા છે. તો એ શું કરે કે શયનભોગ ન ધરીને, ઉત્થાપનભોગથી સેવા શરુ કરે. કેમકે આપણામાં તો પુસ્તકનું પાંડિત્ય આવી ગયું ને! જ્યારે ઉત્થાપનમાં ઘંટાનાદ થયો તો એ સમયે ઉત્થાપનભોગ આવવા જોઈએ. હવે દસ વાગ્યા રાતના શામાટે ઠાકોરજીને ગાય ચરાવવા જંગલમાં પધરાવો! થઈ ગયો વિલંબ તો થઈ ગયો એ દિવસે વિલંબ. હવે આવી ભાવના કરો કે આજે ઠાકોરજી ગાય ચરાવવા નથી પધાર્યા. આજે ઠાકોરજીના કોઈ સેવક ગાય ચરાવવા પધાર્યા હશે. એટલેજ તો વિલંબ થયો નહીંતર તો વિલંબ કેમ થાત? તો એ દિવસે એવો ભાવ કરીને જે પ્રથમ વસ્તુ છે, હવે વિલંબ થઈ ગયો તો ઠાકોરજીને શયનભોગ ધરીને પોઢાડી દેવા. હવે એ દસ વાગ્યાથી ઉત્થાપનની સેવા શરુ કરે. તો રાતના બે વાગે શયન થાય. હવે ઠાકોરજીને પણ પરેશાની, આવા ભક્ત આવી જાય તો! ક્યારેક ક્યારેક ગ્રહણ આવે તો આવું થઈ જાય. ગ્રહણમાં શું થાય કે સેવાનો ક્રમ આડા અવળો થઈ જાય. તો રાતના બે વાગ્યે ફરીથી સેવા શરુ થાય. છેલ્લા ગ્રહણમાં આમ જ હતું. હોળીના દિવસે એ હોળી ખેલીને ડોલ ખેલીને ઠાકોરજી ઘરે પધારે, પછી સાંજની સેવા શરુ થાય. અરે ભાઈ જે દિવસે હોળી ખેલવા પધારે એ દિવસે ગાય ચરાવવા શામાટે પધારશે! જરુરી છે શું? જે દિવસે હોળી ખેલવા પધારે એ દિવસે ગાય ચરાવવા નહીં જાય. એ દિવસે કોઈ બીજાને મોકલી દેશે ગાય ચરાવવામાટે પરંતુ માને નહીં કેમકે પુસ્તકમાં લખ્યું છે ને! હોળી ખેલાવીને ઠાકોરજીને ગાય ચરાવવા પાછા મોકલાવે. હવે હોળ ખેલી તો ચાલો ગાય ચરાવવા જાઓ. રાતના દોઢ વાગ્યે બે વાગ્યે ઠાકોરજીને પોઢવાનો અવસર આવે. આવી સેવા કરીને શું ફાયદો! આ મારા કહેવાનો મતલબ હતો.

હવે સ્પષ્ટ આજ્ઞા કરી રહ્યા છે આચાર્યચરણ **બહવએવ અત્ર અર્થે નિયોજ્યાઃ સન્તિઃ**. ઘણાં છે જેને પ્રભુ ગાય ચરાવવાને માટે મોકલી શકે છે. આ જો ગાય ચરાવી આવે તો વનના ભક્તોને કેવીરીતે દર્શન મળે આ હેતુથી પ્રભુ વનમાં પધારે. ગાયોને કેવીરીતે સુખ મળે જો પ્રભુ ગાય ચરાવવા ન પધારે

તો. એટલા માટે ખુદ પધારે પરંતુ આનો મતલબ એવો તો નથી કે વિલંબ થવાથી રાતના નવ-દસ વાગ્યે ઠાકોરજીને ગાય ચરાવવા મોકલાવવા! તો આવી અનુચિત સેવા ન કરવી જોઈએ. હવે એક વાગ્યે મંગળા થયા રાતના અને સવારે છ વાગ્યે રાજભોગ થઈ ગયો. ક્રમ કેટલો ઉલટી ગયો આખો! છોડે નહીં લોકો કેમકે પુસ્તકમાં લખ્યું છે તો કરવું તો પડે.

**(લે મહારાજ!)**

અમે હજારીબાગ ગયા તો દાદાજીએ કહ્યું કે "મારો દોસ્ત રહે છે ત્યાં એના ઘરે ઉતરજો." દાદાજીએ કહ્યું હતું કે "મારો દોસ્ત છે" તો એમને કાંઈ કહી તો શકીએ નહીં. એણે કહ્યું "ભોજન કરો" તો અમે ભોજન કર્યું. એના પછી એણે કહ્યું કે "એક ગ્લાસ દૂધ પીવો." હવે ગ્લાસ આવ્યો તો એટલો મોટો બિહારી ગ્લાસ દૂધ. મેં કહ્યું કે "દાઉદયાળજી! આટલું દૂધ નહીં પી શકાય" તો એમણે કહ્યું કે "પીડડઓ....જવાન હોકે દૂધ નહીં પીતે હો!" હવે એ દાદાજીનો દોસ્ત તો કાંઈ કહી શકીએ નહીં. એક ગ્લાસ પી ગયો. હવે એક ગ્લાસ જ્યારે પી ગયો તો એમને પાછું જોશ આવી ગયું, "અચ્છા એક ગ્લાસ્ પી ગયે તો એક ગ્લાસ્ ઔર પીઓ." મેં કહ્યું "દાઉદયાલજી! મર જાઉંગો." એ બોલ્યા " મર કૈસે જાઓગે. પીઓ..." હવે ત્યાં ટાઈગર સેન્ચ્યુરી હતી. આ તો પાછું થોડુંક શહેર છે પરંતુ એ ગાઢ જંગલ. હવે અમને ખબર નહીં કે ટાઈગર ક્યાં ફરતા હશે. અમે સમજ્યા કે અહીં ક્યાંક ફરતા હશે ટાઈગર પણ. તો રાતના પેટમાં ઘુડઘુડ થાય અને બહાર જઈએ તો ટાઈગરની બીક લાગે. હવે કોઈ પણ રીતે ઉંઘ ન આવે. આખી રાત ત્રાહી ત્રાહી થઈ ગયો. આવી દોસ્તી શેની? એણે કહ્યું "મહારાજ! ફિર આઈયો." તો મેં મનમાં કહ્યું કે "અબ યહાં આયેંગે હી નહીં કભી, આ ગયે સો આ ગયે." દાદાજીના દોસ્ત હોવાથી, દરેક વાતમાં આજ્ઞા કરે. હવે ના પણ ન પાડી શકીએ. મેં આખી રાત કષ્ટ ભોગવ્યું. કોઈ રીતે ચેન ન પડે. બહાર નિકળવામાં ડર લાગે, એકદમ ઝુંપડી વિજળી પણ નહીં. ગામમાં રાતના કોઈ સિંહ પકડે તો મુસીબત થઈ જાય. બે-ગ્લાસ દૂધ પીધા પછી આખી રાત ઉંઘ ન આવી. આખી રાત પેટમાં ઘુડડ ઘુડડ, પેટમાં જ સિંહ બોલતા રહ્યા. તો આવી લે મહારાજ! સેવા કરો તો બહુ ત્રાસ થઈ જાય. સવારે ભોજન પછી મને કહ્યું કે "મહારાજ લઘુશંકા કરવા

જાઓ.'' મેં કહ્યું ''નહીં લગ રહી હે અભી.'' તો કહે કે ''જાડડડઓ...'' હવે હું વિચારું કે શું કરું? દરેક વાતમાં આજ્ઞા દે. એમને ભ્રાંતિ કે ભોજન કરીને લઘુશંકા ન કરીએ તો બીમાર પડી જઈએ. જંગલમાં એમને કયો સિદ્ધાંત સમજમાં આવ્યો આપણને કેમ ખબર પડે? હવે સમજો કે કોઈ વખત લઘુશંકા ન લાગી હોય પરંતુ ''જાડડડઓ...'', તો શું કરવું? હવે દાદાજીના દોસ્ત છે તો વાત માનવી પડે ને! દાદાજીને મેં કહ્યું કે ''આવું દુઃખ ભોગવ્યું.'' એ તો એકેય વાત માને જ નહીં.

ઠાકોરજીને પણ આવું જ થઈ જાય કે હવે સમજો કે મહાપ્રભુના નામથી કહેવાવાળા, બધા આમ કહે કે ''જાઓ ગાય ચરાવવા.'' તો ઠાકોરજી પણ કદાચ રાતના દસ વાગ્યે ગાય ચરાવવા જતા હશે અને ગાય પણ રાતના એક વખત ન ચરે. હવે કોઈ પુષ્ટિભક્ત કહી રહ્યો છે તો કદાચ ઠાકોરજી પણ જતા હશે ગાય ચરાવવા, હવે ઠાકોરજી પણ શું કરે! બહુ કષ્ટ થઈ પડે. હવે મહાપ્રભુનીની સાથે ઠાકોરજીનો સંબંધ તો ના પણ ન પાડી શકે, કહે તો જવું પડે. આવી સ્થિતિ થઈ જાય.

### (ક્યારેક ચરણને પૂછીને જો!)

શું કહે છે કે **વસ્તુતસ્તુ તવ પદે અસ્મત્સ્થાનં વિહાય ન ગચ્છતઃ તથાપિ ભવાનેવ તથા ચાલયતિ.** તું તો સમર્થ છે નાથ છે. જોઈએ એ વસ્તુને લાવી શકે છે. મતલબ બ્રહ્મજ્ઞાનીમાં આ સામર્થ્ય આવી જાય. જ્ઞાનેશ્વરના માટે કહે છે ને કે ભીંતપર બેસીને આવી ગયા. એ નાથ કયા હતા જે સિંહપર બેસીને આવ્યા. જ્ઞાનેશ્વર ભીંતપર બેસીને આવ્યા અને ભીંત ચાલવા લાગી. તો બ્રહ્મજ્ઞાન જેને હોય એમાં આટલું સામર્થ્ય આવી જાય કે જે અચલને ચલાયમાન કરી શકે. તો તું ચરણને ચલાવે તો એમાં શું આશ્ચર્યની વાત છે? પરંતુ તું ક્યારેક ચરણને પૂછ કે તારા ચરણ અમને છોડીને ક્યાંય જવા માગે છે? તું નાથ છે, માણસ કષ્ટ ભોગવે. જેમ મોટાભાગે આપણે ઠંડીમાં જઈએ ને તો ઘણા લોકોને સંદેહ થઈ જાય કે શું અમને ઠંડી નહીં લાગતી હોય? એવી વાત નથી. ઠંડી અમને લાગે. જેમ બધાને લાગે તેમ પરંતુ સહન થઈ જાય. મનમાં એવો નિશ્ચય કર્યો કે ઠંડીને સહન કરવી છે તો સહન થઈ જાય. એવું નથી કે અમારા ભીતર ઠંડીનું સેન્સેશન્ નથી. જેમ તમને ઠંડીનું સેન્સેશન્ હોય તેવીજ રીતે અમને પણ

ઠંડીનું સેન્સેશન્ થાય. તમે સહન કરો નહીં એને તેથી તમે કપડા પહેરી લો છો. અમે નિશ્ચય કર્યો કે સહન કરશું, તો સહન થઈ જાય. તો એવીજ રીતે ચરણોને જવાની ઈચ્છા છે, એવી વાત નથી, ચરણોને પણ એ સ્થળ તો ઉચિત નથી લાગતું પરંતુ તું નાથ છે. તું કહે તો એ બળજબરીથી ચાલે છે. એથી સહન કરવાની તારી આદત પડી ગઈ છે. તો એક સહન કરવાનું સામર્થ્ય જે માણસ કામ કરે એક રુચિથી જે કામ કરે. જેમ ઘણીવખત શું થાય? ખૂબ ઠંડી પડતી હોય, તો ઠંડુ જલ રુચે નહીં. પરંતુ જેને સહન કરવાની આદત હોય છે ને, એ ઠંડા જલથી ન્હાઈ શકે. એમને પૂછો કે ગરમ જલ સારું લાગશે કે નહીં? તો કબૂલ તો કરવું પડશે કે સુહાવનો તો લાગશે ગરમ જલ, પરંતુ ફરક આ છે કે ગરમ જલથી ન્હાયા પછી ફરી વધારે ઠંડી લાગે છે. ઠંડા જલથી ન્હાયા પછી ઠંડી ઓછી લાગે છે. હવે થોડો સમય ઠંડી ભોગવવી કે આખો દિવસ ઠંડી ભોગવવી? આમ બધા વિચાર કરીને માણસ ઠંડા જલથી ન્હાઈ લે સહન કરી લે તો વાત બીજી છે.

અમે સિક્કિમ ગયા તો આવું જ થયું. ચાર વાગ્યે સવારે ઉઠીને અમારે કલિંગપોંગથી જવાનું હતું સિક્કિમ. મેં કહ્યું કે ''ચાર વાગે કોને જગાવવા અહીંયા.'' અમે અંધારામાં બધી જગ્યાએ શોધીને જોયું કે ક્યાંય જલ મળે. તો સીમેંટની કોઠીમાં જલ ભરેલું હતું. ડિસેમ્બરનો મહીનો, કોને જગાડવા, ગાળ દેશે કે ''સારા મહારાજ આવ્યા!'' તો એક ડોલ ભરીને મારાપર નાખી દીધી તો શરીર ઠંડુ પડી ગયું. ઠંડુ એવું પડી ગયું કે ઠંડી લાગતી જ બંધ થઈ ગઈ. અમે સવારે પાંચ વાગે બહાર નિકળ્યા, તો આમજ ધોતી ઉપરણામાં નિકળ્યા. બરફ પડી રહ્યો હતો. ખૂબ ઠંડી પડી રહી હતી. હવે શરીર જ સુન્ન પડી ગયું તો શાલ ઓઢીને પણ કરીએ શું કરીએ? શરીરમાં વિજળી જેવું દોડી ગયું. ઠંડી લાગતી બંધ થઈ ગઈ. સહન કરવું એક બીજી વાત છે પરંતુ એ વખતે જ્યારે એક ડોલ નાખી તો આત્મા જાણે કે શું અનુભવ થયો? આટલી ઠંડી લાગી. કેમકે એ જે એક્સ્ટ્રીમ્ ઠંડી લાગી શકતી હતી એ એક ડોલથી લાગી ગઈ તો આખા દિવસની શાંતિ થઈ ગઈ. તો આમ આપણા ઉપર કોઈની બળજબરીથી સહન કરી લેવી કોઈ વસ્તુ અને સુહાવનું શું લાગે? એ વાત બીજી છે.

એ તો કહે છે કે તારા ચરણને પૂછ? અમને છોડીને વનમાં ભટકવું

સુહાવનુ લાગે ચરણોને? એને નથી લાગતું પરંતુ તું નાથ છો તે તું લઈ જાય છે ચરણને પણ ચલાવીને તો લઈ જા તો એમાં તો શું કરી શકીએ! એ તો કૂટસ્થ છે તો ચાલે કેવી રીતે! પરંતુ તું કૂટસ્થને પણ ચલાયમાન કરી દે તો તારી મરજીની વાત છે. ચરણ તો ચાલવા નથી માગતા. અમને છોડીને ચરણ એક પગલું આગળ નથી જવા માગતા પરંતુ તું નાથ છે. તેથી અક્ષરનો પણ નાથ છો. કેમકે **"તદ્ધામ પરમં મમ"** (ભગ.ગીતા.૧૫/૬). તું તો અક્ષરનો પણ સ્વામી છે. **"યસ્માત્ ક્ષરમ્ અતીતો અહમ્ અક્ષરાદપિ ચ ઉત્તમઃ. અતો અસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ"** (ભગ.ગીતા.૧૫/૧૮). તું પુરુષોત્તમ છે. તું જેમ ક્ષરનો નાથ છે એમ અક્ષરનો પણ નાથ છે. તું ક્ષરને પણ ચલાવે અને અક્ષરને પણ ચલાવે. હવે ચલાવે તો ચલાવે. અક્ષર શું કરે? અક્ષર ચાલવા નથી માગતો, ચાલવું અક્ષરનો સ્વભાવ નથી. ચાલે તો તું તારા સામર્થ્યથી ચલાવે છે, પોતાના સ્વભાવથી નહીં. તું ચલાવે છે એટલા માટે એ ચાલી જાય છે.

**(પ્રભુ નાંગે પાયન અનુદિન ગૈયા ચારી)**

**કિંચ વ્રજસ્થિતા ગાવો અરણ્યે નીયન્તે. તાસાં ચારણં ન માર્ગ ગમનેન ભવતિ અતો અમાર્ગેડપિ ગન્તવ્યમ્. ભૂમ્યાદીનામ્ અનુગ્રહાર્થ ન પાદુકાગ્રહણં, પાલ્યાનાં ચર્મ ન પરિધેયમ્, અતો નલિનસુન્દરં પદમેવ શિલતૃણાંઙ્કુરૈઃ સીદતિ.** કહે છે કે ચલાવે છે અને ચાલે છે. કહે છે કે અમે બહુ સાવધાનીથી આટલા વખતથી ગાય ચરાવતા આવી રહ્યા છીએ. બધા રસ્તાની અમને જાણકારી છે. ક્યાં સારા રસ્તા છે, ક્યાં ખરાબ રસ્તા છે અને બહુ સાવધાનીથી અમે ચાલીએ છીએ. એવી વાત નથી. અમે અમારા ચરણને ચલાવીએ કેમકે અમે જાણીએ છીએ કે અમારા ચરણનું હિત શેમાં છે. કેટલું ચલાવવા? તો ગોપિકા કહે છે કે વધારેમાં વધારે તમે જાણતા હશો, પરંતુ ગાય થોડી કાંઈ જાણે છે કે ક્યાં તારા ચરણને તકલીફ થશે? એને તો ખરી છે, એને તો કાંટા ખૂંચે નહીં અને ગાય ઘાસ ચરવામાટે માર્ગથી જ જશે આ કોઈ જરુરી છે! જ્યાં પણ ઘાસ દેખાય ત્યાં ગાય ભાગી જાય. ગાય ભાગે અને તારા ચરણ કેવા છે? **'તૃણચરાનુગમ્'** છે. તૃણચરના અનુગમ જે ગાય એની પાછળ પાછળ ફરવાવાળા તારા ચરણ છે. તો ગાય જ્યારે અમાર્ગથી જતી હશે, ત્યારે તારે એની પાછળ પાછળ જવું પડતું હશે કે નહીં એ કહે? તું કહે કે હું બહુ સમજદાર છું. હું આટલા દિવસથી

ગાય ચરાવવા જઈ રહ્યો છું, મને બધી ખબર છે ક્યાં સારા છે ક્યાં કાંટાળા મારગ છે, ક્યાં સીધા મારગ છે પરંતુ ગાયને થોડી ખબર છે? ગાયોને તો એકજ વાત ખબર છે કે તૃણ ક્યાં છે. જ્યાં તૃણ હોય ત્યાં ગાય જાય. જ્યાં ગાય જાય ત્યાં તારે જવું પડે. હવે ત્યાં જો તું જાય તો ત્યાં તારા ચરણમાં ખૂચતું હશે કે નહીં? કહે. ગાયોના પ્રત્યે તારો સ્નેહ એટલો કે જીવિત ગાયને તો કોઈ રીતે કષ્ટ ન થાય, એમના માટે માર્ગથી અમાર્ગથી જ્યાં પણ એ જાય એની પાછળ પાછળ તું જાય. આટલું જ નહીં ગાયોના પ્રત્યે સ્નેહના કારણે, ઠાકોરજી ખાલી ગાય જ ચરાવવા પધારતા હોય એવી વાત નથી. એમાં ભેંસ હતી, બકરી પણ હતી, બધી હતી. ગોપાલ શબ્દ આપણે કહીએ પરંતુ વ્રજમાં બધીજ હતી, એને ગોવાળો ચરાવતા હશે. આ ગાય ચરાવતા હશે આમને ગાય રુચે એથી. તો આ બધાને માટે તારો સ્નેહ એટલો કે જીવિતને માટે તો તું કષ્ટ ભોગવે અમાર્ગોપર જઈને પરંતુ એમના પ્રત્યે સ્નેહના કારણે એના ચામડામાંથી બનેલા ચપ્પલ પણ ધારણ નથી કરતો. કેમકે હવે આ મારા પાલ્ય છે તો પાલ્યનું ચામડું ધારણ કરું તો એના મરણનું મેં એક પ્રકારથી સેન્કશન્ કર્યું એવો અર્થ થશે.

જેમ બુદ્ધધર્મમાં બુદ્ધભગવાને કહ્યું કે ‘‘હિંસા ન કરવી.’’ હિંસા ન કરવી પરંતુ માંસ ખાઈ શકો. જૈનોમાં માંસ ખાવું પાપ માનવામાં આવેલ છે પરંતુ બૌદ્ધોમાં માંસ ખાવું પાપ નથી માનવામાં આવ્યું. હવે એ શું થયું એ સિદ્ધાંતની પરિણતિ? કે બૌદ્ધ માંસ તો ખાય, એ કહે કે ‘‘મારવું નહીં, પાપ છે.’’ તો કોઈ વાટ જુએ કે જાનવર પોતાની મેળે મરી જાય તો એ દિવસે ખાઈ જાય! એની કોઈ વાટ ન જુએ, એ ખુદ ન મારે પરંતુ કોઈ મારી દે, તો હિંસા તો આપણે કરી નથી, આપણે તો મરેલાનું માંસ ખાધું. મારવું નહીં હિંસા કરવી પાપ છે પરંતુ બીજો માણસ મારી કેમ રહ્યો છે? તમે ખાઈ રહ્યા છો એટલા માટે જ તો મારી રહ્યો છે. નહીંતર એને શું પંચાત પડી કે મારે! આજે ખેડુત જો આટલા અનાજ ચોખા વગેરે ઉગાડે, જો જેટલું એનું પેટ એટલું જ ઉગાડે અને મસ્ત રહે પરંતુ આટલી ખેતી કરે અને આટલી મહેનત કરે એનું કારણ આ જ છે ને કે બીજા પણ ખાવાવાળા ઘણા છે. આટલા માટેજ કે તમે માંસ ખાઓ તો એ મારે, નહીંતર શુંકામ મારે? તો આ વાતનો ખ્યાલ ન કર્યો એમ

આના કારણે અનુચિત સિદ્ધાંત ચાલી નીકળ્યા. ''મારે નહીં પરંતુ મરેલાનું ખાઈ લે.'' તો ઉદ્યોગ એના માટે એવા જ ડેવલપ્ થઈ ગયા કે કોઈ ખાવાવાળા છે. તો એક પ્રકારથી ખાઇને એની હિંસાને સેન્કશન્ કરી દીધું ને! જે હિંસા પ્રતિબંધિત હતી એનું સેન્કશન્ કરી દીધું કે ખાઈ શકાય એટલા માટે હિંસા સેન્કશન્ થઈ ગઈ પરંતુ ઠાકોરજીને જે પશૂઓનું પાલન કરવું છે એની હિંસાનુ સેન્કશન્ નથી કરતા. એટલી હદ સુધી કે મરેલા જાનવરનું પણ ચામડું નથી ધારણ કરતા.

ટીકાકાર એમ બતાવે કે યદ્યપિ ચામડાના જૂતા કે ચપ્પલ ઠાકોરજી નહોતા ધરતા, જો કે એ જમાનામાં બનતા હતા પરંતુ લાકડાની પાદુકા ધારણ કરતા હતા પરંતુ હંમેશા નહીં. કેમકે લાકડાની પાદુકા ધરીને થોડે દૂર સુધી જ ચાલી શકાય છે, વધારે દૂર ચાલવું હોય તો તકલીફ થાય. જેમ ચપ્પલ પહેરીને આપણે ઘણું ચાલી શકીએ, એમ લાકડાની પાદુકા પહેરીને વધારે ચાલી નથી શકાતું. સરોવરથી આવીને મંદિર ચાલ્યા ગયા આટલું તો ચાલીએ પરંતુ લાકડાની પાદુકાથી વધારે ચાલો તો તકલીફ થાય છે અને એમાં દોડી તો શકાય જ નહીં. તો ગાયની પાછળ તો દોડવું પડે. જંગલમાં ઊંચી નીચી બધી જગ્યાએ જવું પડે. આજકાલ તો રબર લગાવી દે પાદુકામાં તો વાત બદલાઈ ગઈ. બાકી જુના જમાનામાં જેવી પાદુકા હતી એવી પાદુકાથી દોડી કે ઊંચા નીચા સ્થળમાં ન જઈ શકાય. એટલા માટે ગાય ચરાવતી વખતે ઠાકોરજી લાકડાની પાદુકા પણ ધારણ નથી કરતા. તો આ ગાયોના પ્રત્યે, આ પશૂઓના પ્રત્યે તો તારો આટલો અનુરાગ કે માર્ગને છોડીને અમાર્ગમાં પણ જાય અને એનામાટે બધા કષ્ટ સહન કરે, તો અમે શું ગુનો કર્યો! અમને તો આ વાતનું આટલું કષ્ટ છે કે તને અમારું કોઈ ધ્યાન જ નથી! એટલા માટે જે નલિનસુન્દર પદ, કમળથી કોમળ જે પદ છે, એ **શિલતૃણાઙ્કુરથી** દરેક વખતે વિંધવામાં આવે છે. આ વાતને વિચારીને અમારું મન બહુ ખિન્ન થાય છે. કારણ શું? જો પાદુકા ધારણ કરે, તો ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ શિલતૃણોને ન મળે. આ ભગવનના ચરણારવિંદના સ્પર્શવાળાને ગાય ખાય, એમ ગાયોને પણ એ તૃણોમાં અનુરાગ છે. વૃંદાવનની ભૂમિ પણ ભગવાનના ચરણનો સ્પર્શ ઈચ્છે છે. તો એ બધી વાતોનો વિચાર કરીને પ્રભુ વૃંદાવનમાં ઉઘાડે પગે ગાય

ચરાવવા પધારે. જ્યારે કે વસ્તુતઃ જો કમળ જેવા પદ છે, તો કમળનું સ્થાન ક્યાં? નલિનનું સ્થાન જલમાં છે, તો અમારા હૃદયસરોવરપર જ તારા પદ રહેવા જોઈએ અને એને છોડીને તું શિલતૃણાંકુરોમાં પોતાના ચરણોને વિંધાવે. આ શું છે? આનો સંબંધ શું?

**જલે એવ સ્થાતું યોગ્યં, જલપૂર્ણે વા. નલિનાદપિ સુન્દરં ચેત્, લક્ષ્મ્યામ્ અસ્માસુ વા સ્થાતું યોગ્યમ્.** કાં તો કમળ જલમાં રહેવા જોઈએ. જો આપણે કાઢી લઈએ જલમાંથી તો પછી ક્યાં રાખીએ? એવી ફૂલદાનીમાં જેમાં જલ ભરેલું હોય તો એ કમળની તાજગી અને કમળની શોભા રહે અને એવી સૂકેલી જગ્યામાં રાખી દીધું તો એ મુરઝાઈ જશે. તો કહે કે સરોવર અથવા સરોવરના જલથી પૂરિત પાત્રોમાં રહેવા જોઈએ. કાં તો તારા ચરણ લક્ષ્મીની ગોદીમાં રહે તો આ ચરણોની શોભા છે કાં લક્ષ્મીના ભાવથી પૂરિત જે અમે છીએ, ઘટવત્, જેમ ઘડામાં જલ ભરી દો, ફૂલદાનીમાં અને એમાં કમળ રાખી દો તો એ થોડો વખત તાજું રહે. સરોવર જેટલું તો ન રહે પરંતુ થોડુંક તો રહે તાજું. કાં તો લક્ષ્મીની ગોદમાં તારા ચરણ રહેવા જોઈએ કાં પછી અમારી પાસે રહેવા જોઈએ જેમાં લક્ષ્મીનો ભાવ છે. પરંતુ આ સૂકેલી જગ્યામાં ચરણ પધરાવીને તને શું મળે છે, એ કહે?

**નાથ! ઈતિ સમ્બોધનાદ્ બહવએવ અત્ર અર્થે નિયોજ્યાઃ સન્તિ તથાપિ સ્વયમેવ ગચ્છસીતિ. વને હિ ત્રિવિધાઃ ભૂમિઃ – પર્વતરૂપા અરણ્યરૂપા કચ્છરૂપા ચ. તત્ર ક્રમેણ એકમ્ એકત્ર ભવતિ. સર્વં વા સર્વત્ર.** ત્રણ પ્રકારની ભૂમિ વનમાં હોય છે. પર્વતરૂપા ભૂમિ. તો શિલા પર્વતરૂપા ભૂમિ હોય છે. તૃણ અરણ્યરૂપા ભૂમિમાં હોય છે અને અઙ્કુર કચ્છરૂપા ભૂમિમાં હોય છે અથવા બધી વસ્તુઓ બધી જગ્યાએ હોઈ શકે છે પરંતુ વાત આટલી છે **અવસાદો અશક્ત્યા એકત્ર સ્થિતિઃ.** તારા ચરણમાં ખૂંચે છે. એમાં અવસાદનની શક્તિ છે, તારા ચરણોમાં ખૂંચવાની એનામાં શક્તિ છે. પરંતુ અમારા માટે તો તું પર્વતપર ફરે, ચાહે નદી તટપર ફરે ચાહે વનમાં ફરે ક્યાંય પણ એવી જગ્યાએ ફરે જ્યાં તારા ચરણમાં કોઈ વસ્તુ ખૂંચી શકતી હોય, તો એ અમને ખૂંચે છે. હવે ભલે એ પથ્થર હોય, ભલે તૃણ હોય ભલે અંકુર હોય.

**તદા ચિન્તા ભવતિ. સ્વયં ગત્વા સ્વહૃદયે સ્થાપનીયમ્ ઈતિ.** જ્યારે

અમને આ ખ્યાલ આવે કે આ તારા ચરણમાં ખૂંચી રહ્યા હશે, તો અમને તું ચાલે ત્યારથી આ થાય છે કે અમે ચાલ્યા જઈએ અને અમારી જાતને ભૂમિપર બિછાવી દઈએ જેથી તારા ચરણ ખૂંચવાવાળી વસ્તુપર ન પડે. અમને તો આવી ચિંતા દરેક વખતે અનવરત સતાવતી રહે છે.

**(મનઃકાન્ત કલિલતાં ગચ્છતિ)**

**મનઃકાન્ત! ઈતિ ચ, તેન મનઃસ્થાપિતમપિ ન તિષ્ઠતિ ઈતિ.** હવે શું કહે છે. **શિલતૃણાઙ્કુરૈઃ સીદતિ ઈતિ નઃ કલિલતાં મનઃકાન્ત! ગચ્છતિ.** યદ્યપિ ચરણ હૃદયમાં અંદર તો પધરાવી રાખીએ છીએ અને હૃદયમાં પધરાવેલા ચરણને, બહાર તો કદાચ તારા ચરણને અભ્યાસ હશે એના ખૂંચવાનો, પરંતુ જે પ્રકારના તારા ચરણ અમારા હૃદયમાં ધારણ કરી રાખ્યા છે, એ હૃદયમાં ધારણ કરેલા જે ચરણ છે, ત્યાં સ્પષ્ટ અમને કષ્ટ થઈ રહ્યું છે. આનો સાક્ષી અમારું હૃદય છે. તો **મનઃકાન્ત કલિલતાને** પ્રાપ્ત થાય છે. તારું સ્વરૂપ કાંઈ પણ હોય પરંતુ અમારા હૃદયમાં બિરાજમાન તારા સ્વરૂપને કષ્ટ ન પહોંચવું જોઈએ. તારી આ ક્રિયાથી અમારા હૃદયમાં બિરાજમાન તારા સ્વરૂપને કષ્ટ પહોંચી રહ્યું છે. મતલબ સ્વરૂપના પણ બે ભેદ કરી રહી છે. એક તો તું જેવો રહે એવો. અને તું જે અમારા હૃદયમાં બિરાજમાન છે એવો. તો તું જેવો છે તેવો તારા ચરણને કદાચ અભ્યાસ હશે એ તું જાણે પરંતુ અમારા હૃદયમાં તારા ચરણનું જે રૂપ છે, એને કાંટો ખૂંચે એ અમારાથી સહન નથી થઈ શકતું. તને અભ્યાસ હોય તો તું તારી કથા તું જાણ પરંતુ અમારા હૃદયમાં જે તારું સ્વરૂપ છે એ સ્વરૂપના ચરણને કાંટો ખૂંચે એ અમને પસંદ નથી આવતું. અમારું મનઃકાન્ત કલિલ થાય છે, ક્લેશને પ્રાપ્ત કરે છે. આ અમને પસંદ નથી આવતું.

***

## ।। શ્લોક : ૧૨ ।।

**ઉત્થાનિકા :**

**એવં સપ્તવિધા અનન્યપૂર્વા નિરૂપિતાઃ, ચતસ્રશ્ચ તાઃ (અન્યપૂર્વા). અતઃ પરં ક્રમેણ ષટ્ તાએવ નિરૂપ્યન્તે. તત્ર પ્રથમં રાજસતામસ્યા વચનમ્. તા હિ બહિર્ગત્વા દ્રષ્ટુમ્ અશક્તાઃ. અતો યદા સંધ્યાયાં ભગવાન્ આયાતિ તદા ભગવન્તં દૃષ્ટ્વા મનસિ કામો ભવતિ. તતો બન્ધપ્રાર્થના અધરામૃતપ્રાર્થના ચ રજસા સત્ત્વેન ચ ભવિષ્યતઃ, અનન્યપૂર્વાણાં તુ નિત્યએવ કામઃ, દિનપરિક્ષયે ઈતિ.**

**વિવરણમ્ :**

**એવં સપ્તવિધા અનન્યપૂર્વા નિરૂપિતા ચતસ્રશ્ચ તાઃ** (અન્યપૂર્વા). આ પ્રકારથી સાત પ્રકારની અનન્યપૂર્વા અને સાત્ત્વિક રાજસ તામસ અને નિર્ગુણ ના ભેદથી અગિયાર ભક્તોના ગીતનું વર્ણન થયું. અત્યાર સુધીના પ્રકરણમાં પ્રથમ ચાર શ્લોક શ્રુતિરૂપા ગોપિકાઓની પ્રાર્થનાના અને એના પછી સાત શ્લોક કુમારિમાઓની પ્રાર્થનાના એમ અગિયાર શ્લોકોમાં વર્ણન થયું. ગાન થયું. **એવં સપ્તવિધા અનન્યપૂર્વા નિરૂપિતા ચતસ્રશ્ચ તાઃ.** પ્રથમના જે ચાર શ્લોક શ્રુતિરૂપા ગોપિકાઓના હતા, જે વિવાહિતા ગોપી છે એમના ગાયેલા ભાવ અને એના પછી પાંચમા શ્લોક પછી આ ઋષિરૂપા કુમારિકાના શ્લોક છે.

**(મનોહરે વપુષિ મગ્નમનઃ મુનિમંડલીઃ)**

જે ઋષિ કુમારિકાઓના રૂપમાં પ્રકટ થયા, એને નંદરાયજી બિહારથી ખરીદીને લાવ્યા. આ ગોકુલમાં જ રહેતી હતી. આમણે કાત્યાયનીવ્રત કર્યું હતું. જેમનું ચીરહરણ થયું એ બધી કુમારિકાઓ ઋષિરૂપા છે. આ ઋષિ જેમણે રામાવતારના વખતે રામચંદ્રજીના માધુર્ય સૌંદર્યપર મોહિત થઈને રામચંદ્રજી પાસેથી વર માગ્યો કે "જેમ સીતાને આપ આપના પાર્શ્વમાં રાખો છો તેમ અમને પણ ક્યારેક એ માધુર્યભાવથી આપના પાર્શ્વમાં ઉપસ્થિત થવાની સેવાનો અવસર પ્રદાન કરશો." એ વખતે તો શ્રીરામ મર્યાદારૂપમાં સ્થિત હતા એટલા માટે કૃષ્ણાવતારમાં આમનો મનોરથપૂર્ણ થશે, એવું વરદાન મળ્યું. એ બધા ઋષિ દંડકારણ્યમાં તપસ્યા કરતા કરતા, જેમ કાલે મેં તમને બતાવ્યું, **"ગણિ વિડમ્બનિ તસ્ય મનોહરે વપુષિ મગ્નમનઃ મુનિમંડલીઃ જપમ્ અમુંચત હોમમ્ અમુંચત વ્રતમ્ અમુંચત સર્વમ્ અમુંચત"** (પ્રતિવાદિભયંકર-

અણ્ણંગરાચાર્ય) એવું મધુરસ્વરૂપ લઇને જ્યારે શ્રીરામ એમની સામે આવ્યા તો કોઈ હોમ કરી રહ્યા હતા, કોઇ જપ કરી રહ્યા હતા બધા પોત-પોતાના તપમાં લાગેલા હતા એમનું ચિત્ત તો એકાગ્ર હતું, એમના ચિત્તમાં એકાગ્ર થવાનું સામર્થ્ય પણ હતું, પરંતુ એકાગ્રભૂત ચિત્તને હરવાનું સામર્થ્ય જે પ્રભુમાં છે, તો એમણે જે વખતે એ ચિત્તને હર્યું, તો એટલું હર્યું કે એ ચિત્ત ત્યાં એકાગ્ર થઇ ગયું. જ્યારે તપ હોમ બધુંજ છૂટી ગયું. **''જપમ્ અમુંચત, તપઃ અમુંચત, હોમમ્ અમુંચત સર્વમ્ અમુંચત''** બધુજ કાંઇ એમનુ છૂટી ગયું. અહીં સુધી કે જે ૠષીઓમાં રહેલો પુંભાવ હતો એ પણ છૂટી ગયો બીજાની વાત તો દૂર રહી. જ્યારે છૂટવાની તૈયારી થઇ તો એટલો છૂટી ગયો . હતા તો ૠષિઓ પરંતુ એમને થયું કે અમને સીતાની જેમ રામ પોતાના પાર્શ્વમાં રાખે. **''ગણિ વિડમ્બનિ તસ્ય મનોહરે વપુષિ''** આવું મનોહર સ્વરૂપ શ્રીરામ પ્રભુનું છે.

**(શ્રુતિઓનો ગૌણાર્થ અને મુખ્યાર્થ)**

એ ૠષિરૂપા ગોપિકાઓએ સાત શ્લોકથી મતલબ પાંચમા શ્લોકથી લઇને અગિયારમા શ્લોક સુધી પ્રાર્થના કરી. એના પછી ફરીથી શ્રુતિરૂપા ગોપિકાઓ જે શ્રુતિના એક એક વચન ગોપિકાઓના રૂપમાં અવતરિત થયા, જે વખતે શ્રુતિના પ્રમેય પરમાત્મા કૃષ્ણના રૂપમાં અવતરિત થયા, એ પ્રમેયનું નિરૂપણ કરવાવાળી જે એક એક શ્રુતિઓ છે, એ ગોપિકાઓના રૂપમાં અવતરિત થઇ. પ્રત્યેક વ્યાખ્યાકાર પોત-પોતાની રુચિથી પોત-પોતાના અધિકારથી શ્રુતિઓના અન્ય અન્ય અર્થ લગાવે છે. આ ન્યાયથી જેટલી પણ શ્રુતિરૂપા ગોપિકાઓ છે એ બધી વિવાહિતા થઇ ગઇ. કેમકે એક એક વ્યાખ્યાકારે એક એક શ્રુતિનો એક એક અર્થ લગાડી દીધો. કોઇએ કહ્યું ''આ શ્રુતિનો અર્થ પ્રકૃતિ છે'' કોઇએ કહ્યું કે ''આનો અર્થ શિવ છે'' કોઇએ કહ્યું ''આ શ્રુતિનો અર્થ ગણેશ છે''. કોઇએ કહ્યું ''આ શ્રુતિનો અર્થ આકાશ છે.'' કોઇએ કહ્યું કે ''બ્રહ્મા છે.'' કોઇએ કાંઇ કહ્યું અને બીજાએ કાંઇ કહ્યું. એ ન્યાયથી પ્રત્યેક શ્રુતિ ઠાકોરજીની સાથે સંબંધિત થવા પહેલા અન્યત્ર વિવાહિતા છે, પોત-પોતાના ગૌણ અર્થની સાથે થઇ ગઇ.

**(વેણુનાદનું આહ્વાહન)**

જે વખતે રાસલીલામાં બધાને બોલાવ્યા, એ વખતે રાસની રાત્રિનું

મુખ્ય વરદાન શ્રુતિરૂપાઓને ન હતું, કુમારિકાઓને હતું કેમકે આમણે વ્રત કર્યું હતું, આમને પ્રભુએ વર આપ્યો હતો. **"મયા ઈમાઃ રંસ્યથક્ષપાઃ"** (ભાગ.પુરા.૧૦/૨૨/૨૭). આ શરદઋતુમાં રાસ કરીશ. આ શ્રુતિરૂપાઓને રાસનું વરદાન ન હતું પરંતુ વેણુ એમને પણ સંભળાઈ ગઈ. વેણુ સંભળાઈ ગઈ અને એ વેણુમાં, વરદાન વિનાનું આહ્વાહન થયું અને એટલા માટે આ બધી દોડીને આવી. જો વેણુ સંભળાઈ ગઈ ન હોત તો આવતી કેવીરીતે! વેણુવાદન પણ વ્રજમાં સંભળાઈ ગયું અને જેમને સંભળાઈ ગયું એ દોડ્યા. જેમને સંભળાયું નહીં એમનો તો કોઈ પ્રશ્ન જ ન હતો. જેમને સંભળાઈ ગયું અને એ વેણુનાદમાં, વરદાન ન હતું પરંતુ આહ્વાહન તો હતું અને જ્યારે આહ્વાહન હતું તો આહૂત અને અનાહૂત બધી પહોંચી ગઈ. જેમ એક માણસ ક્યાંક ફસાઈ ગયો હોય અને દેકારો કરે કે "આવો આવો બચાવો બચાવો બચાવો!" તો જેને પણ સંભળાઈ જાય જેમાં થોડીક પણ દયા હશે એ બધા દોડશે. એમ જ્યારે ભગવાને એકાંતમાં **"એકાકી ન રમતે"** એમણે વેણુના દ્વારા આહ્વાહન શરુ કર્યું કે "આવો આવો આવો!" તો જેટલા પણ ભક્તોને સંભળાઈ ગયું, જેમનામાં પણ ભાવ હતો એ બધી દોડીને ગઈ. ત્યાં જેમ દયાનો ભાવ હોય તો દોડે, એમ જેમને વેણુનું આહ્વાહન સંભળાઈ ગયું અને જેનામાં ભાવ હતો, એ બધા દોડીને ગયા. જે બધા દોડીને ગયા એ બધા આહૂત જ હતા કે અનાહૂત હતા, આની વ્યાખ્યા કરવી મુશ્કેલ થઈ જાય. કેમકે આવાહન જે હતું એ નામથી ન હતું. આહ્વાહન જે હતું તે અનામક આહ્વાહન હતું તો જે પણ બધા પહોંચ્યા તે આહૂત જ કહેવાશે, અનાહૂત તો નહીં કહેવાય પરંતુ વરદાન જે હતું તે કેવળ કુમારિકાઓને જ હતું. આટલું અંતર છે.

### (શ્રુતિઓનો સમન્વય)

તો શ્રુતિરૂપાઓ વિવાહિત છે એમનું વારણ થયું કેમકે એક એક શ્રુતિનો અર્થ જ્યારે એક એક તત્ત્વની સાથે કે દેવની સાથે ભાષ્યકાર વ્યાખ્યાકાર કરી લે તો માણસને જિદ પડી જાય. જેમ કોઈ શ્રુતિનો આ અર્થ થઈ જાય કે આ શ્રુતિનો અર્થ આ દેવ છે. હવે આપણને યાદ રહી જાય કે આ શ્રુતિનો અર્થ તો આ દેવ છે.

હમણાં અમે એક ઘાટાને વાંચી રહ્યા હતા. તો એમાં વાંચ્યું કે

"વલ્લભાચાર્યના ભાષ્યમાં આમ તો બધું ઠીક છે પરંતુ બળજબરીથી બધી શ્રુતિઓનો અર્થ બ્રહ્મપરક કરે છે." આમને આગ્રહ થઈ જાય, આમને ઘાટા નજર આવી જાય. આ બધા પતિ બનીને બેઠા શ્રુત્યર્થના કે અમે પતિ છીએ. અમે આને અહીં રોકીને રાખશું. આ અર્થમાં રોકીને રાખશું, આ કૃષ્ણપરક નથી હોઈ શકતી. હવે એ રોકાઈ જાય તો રોકાઈ જાય અને જે ન રોકાય તે ન રોકાય. જેમને જારભાવ છે એ શ્રુતિઓને જ રોકી શકે છે. જેમને જારભાવ નથી, શુદ્ધ સ્નેહ છે, એ શ્રુતિઓ તો પરમબ્રહ્મની સાથે સમન્વિત થશે, થશે અને થશેજ.

આટલા જ માટે આચાર્યચરણે રુદ્ર સંપ્રદાયને સ્વીકાર્યો કે જે વેણુનાદના કારણે બધી શ્રુતિઓ બ્રહ્મમાં સમન્વિત થઈ જાય. કોઈ શ્રુતિ અટકી ન જાય બ્રહ્મના સિવાય કોઈ અર્થમાં. આટલા જ માટે આચાર્યચરણનો અવતાર છે. એ શ્રુતિરૂપાઓ ગોપિકાઓ અહીંથી ફરી કહેવાનું શરુ કરી રહી છે. કારણ શું? કેમકે આ બધા ઈતરાર્થમાં ભગવદ્‌ભિન્ન જે અર્થ છે એમાં એક વખત આ પણ નિહિત છે. નિહિત છે એથી આ શ્રુતિઓમાં બ્રહ્મમાં સમન્વિત થવાની ગતિ, બ્રહ્મથી સંયુક્ત થવાની સ્વચ્છંદ ગતિ આમની નથી. જે અન્યત્ર સમન્વિત નથી શ્રુતિઓ એ સ્વચ્છંદ ગતિથી બ્રહ્મમાં સમન્વિત થઈ જાય. કેમકે એમને રોકવાવાળું કોઈ નથી. એ શ્રુતિઓની કોઈ પંચાત ન કરે. ક્યાં છે ક્યાં નથી. આનો શું અર્થ છે? કોઈ નુકશાન તો છે નહીં. જેને પી.એચ.ડી. કરવી હોય કે આ શ્રુતિઓનો આ જ અર્થ થવો જોઈએ અને આ ન થવો જોઈએ. એવો કોઈ પી.એચ.ડી. ન કરે ત્યાં. તો એટલા માટે એ શ્રુતિઓને તો કોઈ નુકશાન છે નહીં. એ શ્રુતિઓ સ્વચ્છંદ ગતિથી ચાહે દિવસની લીલા હોય ચાહે રાતની લીલા હોય જ્યાં કૃષ્ણ હોય ત્યાં એ શ્રુતિઓ પહોંચી શકે છે. પરંતુ એ પ્રકારનું સ્વરૂપ કુમારિકાઓનું માનવામાં આવેલું છે, પરંતુ બધી શ્રુતિ એવી શ્રુતિ નથી.

એટલા માટે કુમારિકાઓને કૃષ્ણના દર્શન દિવસમાં પણ વનમાં થઈ શકે છે. કેમકે જેવા એ ખેલતા ખેલતા નિકળી જાય એવીજ રીતે આ પણ ખેલતી ખેલતી નિકળી જાય. આને કોઈ રોકટોક નથી. આ શ્રુતિરૂપા ગોપિકાઓને રોક-ટોક નથી. ઘરનું કામ-કાજ છે. ઘરનું કામ-કાજ બધું કરવું

પડે છે. ક્યાંય જવું હોય તો પહેલા એની સૂચના આપવી પડે છે કે અહીં જવું છે અહીં નથી જવું. એટલા માટે આમને તો દર્શન ત્યારેજ થાય છે કે જ્યારે ફરીથી ઠાકોરજી પાછા વ્રજમાં પધારે. એના પહેલા આ શ્રુતિરૂપા ગોપિઓને પ્રભુના દર્શન નથી થતા જ્યારે પ્રભુ વનમાં પધારે છે. જે થોડાઘણા દર્શન થાય છે, એ પણ ધ્યાનદ્વારા થાય છે સાક્ષાત્ નથી થતા. ધ્યાનદ્વારા આમને માનસીના કારણે, માનસી સેવા જે એમની ચાલે છે એના કારણે એમને થોડાઘણા દર્શન થાય પરંતુ એ પણ સતત ન થાય, વ્યવધાનથી થાય. ઘરનું કામ-કાજ કરે અને એ વખતે મનમાં એ વાત આવી જાય ઘરના કામકાજની તે વખતે દર્શન નથી થઈ શકતા. આમને સમગ્ર દર્શન નથી. આમને જે વખતે પ્રભુ પાછા આવે છે, તે વખતે દર્શન થાય છે. જ્યાંસુધી પાછા ફરીને ન આવે, ત્યાંસુધી **"દિવસે સર્વે શ્યામા મળી રસરૂપતણો જસ ગાયેજી...વાસર નિર્વાહ એમ કરે, સખી સાયંકાળે પેખે. અલક મુખ ખુરરજ લાગી તે, કમળ ભ્રમર વિશેખે...ભુજલતા ભીડી ભામિની ત્યારે દિવસ તાપ બુઝાવે"**(વલ્લભા.૬/૪-૮) આ વલ્લભાખ્યાનમાં બતાવ્યું છે ને! એ પ્રકારથી સાયંકાળમાં જ્યારે પ્રભુ પાછા ફરે ત્યારે દર્શન થાય. પાછા ફરવાની તૈયારી થઈ રહી હોય, જુએ કે દિવસભર આ સૂર્ય કેવો તપ્યો, માનો એમના માટે વિરહનો તાપ જ તપતો રહ્યો. સૂર્ય નથી તપતો પરંતુ આમનો વિરહ તપતો રહે છે. જે વખતે સૂર્ય આથમવો શરુ થાય, તો માનો આમની આશાએ રંગ પકડ્યો, આમની આશામાં કાંઈક લાલિમા આવી કે હવે પાછા ફરશે તો દર્શન થશે. પાછા ફરવાનો સમય પાછો થયો, તો ગોપિકાઓ પોતાના કોઈને કોઈ બહાના કરીને, વ્રજમાં નહીં તો વ્રજની બહાર આસપાસ ક્યાંક કુવો છે, તો ક્યાંક યમુનાજી છે કોઈ તળાવ છે, ત્યાં જઈને જલ ભરવાના બહાને ચાલી જાય. ચાલી જાય ત્યારે ત્યાંથીજ દર્શન કરતી આવે. એમને આટલી ધીરજ નથી કે વ્રજમાં આવી જાય ત્યારે દર્શન કરીએ. આટલાજ માટે સંધ્યાઆરતીના પદમાં આવે છે **"ઝુક રહી સુન મુરલીકી ટેર. ઉતતેં આઈ પનિયાંકે મિષ, ગૌ આવનકી બેર..મોરચન્દ્રિકા મુકુટ બિરાજત, ચપલ નયનકી ફેર. પરમાનન્દ પ્રભુ મિલે ખિરકમેં, યાતેં ભઈ અવેર.."** (પરમાનન્દદાસજી).

ક્યાંકથી બંસીની ધુન સંભળાઈ રહી છે કે નહીં? આ બંસીની ધુન

થોડીક પણ સંભળાઈ જાય, તો બસ સંકેત મળી ગયો કે હવે પાછા ફરવાનો સમય થઈ ગયો. એજ વખતે ઘડા-બડા માથાપર રાખીને, એકને બદલે બે ઘડા પણ માથાપર રાખીને દર્શન કરવામાટે ભાગી જાય યમુના તટપર કે તળાવપર કે કુવાપર જેને જેવી સુવિધા હતી એમ ત્યાં જાય અને દર્શન પ્રાપ્ત કરે. આટલી ઉત્કટ દર્શનની અભિલાષા છે. એ અભિલાષાના કારણે આખો દિવસ જે સૂર્ય તપ્યો એ એમ લાગે કે નિરંતર આમનો વિરહ તપી રહ્યો હોય. જ્યારે એ આથમવા લાગે તો દિવસનો એક જાતનો હ્રાસ થાય **દિનપરિક્ષયે** દિવસનો ક્ષય થઈ ગયો આજે કેટલો વધી ગયેલો હતો. એક એક ક્ષણ જે વીતે એ આગળ જઈને કહેશે કે **ત્રુટિર્ યુગાયતે ત્વાં અપશ્યતામ્.** એ ન્યાયથી એક એક ક્ષણ વીતતી નથી. યદ્યપિ શ્રૂતિઓનો સિધ્ધાંત આ છે કે કોઈ વસ્તુનો ક્ષય થતો જ નથી. જો કુમારિકા કહેત આ વાત કે દિવસનો પરિક્ષય થાય છે ત્યારે તો વાત બરાબર હતી પરંતુ શ્રુતિ તો માનતી જ નથી કે કોઈ પણ વસ્તુ ક્ષીણ થાય છે. કેમકે શ્રુતિ **"સર્વં ખલુ ઈદં બ્રહ્મ"** (છાન્દો.ઉપ.૩/૧૪/૧) માને છે. બધુંજ કાંઈ બ્રહ્માત્મક માને છે. આથી સર્વને નિત્ય માને છે અને જ્યારે નિત્ય માને છે અને જ્યારે નિત્ય છે તો ક્ષય કેવીરીતે થાય? અને ક્ષય ન થાય તો પરિક્ષય કેવીરીતે થાય? પરંતુ દિવસભર અમારા હૃદયને એક તકલીફ હતી, કે અક્ષય તો કેવળ ભગવદ્દર્શન જ હોવું જોઈએ, બાકી બધું ક્ષયવાન થાય તો થાય. એ ભાવ અત્યંત તાપના કારણે એ દિવસભર ખૂંચતો રહે. દિવસની અક્ષયતા મતલબ અક્ષયવત્ જે દિવસ પ્રતીત થાય જે વખતે ઢળવા લાગે તો તે વખતે એમને લાગે કે ચાલો આજે દિવસનો ક્ષય થયો. એમને એમ લાગે, વર્ણન નથી પણ આ ગાળ છે. આમના હૃદયમાં દિવસ પ્રત્યે જે રોષ રહેલો છે, આ દિવસના કારણે આમને દર્શન નથી થતા. એ દિવસના પ્રત્યે રહેલો રોષ આ પ્રકારથી નિકળી જાય છે. **દિનપરિક્ષયે** હવે સંપૂર્ણ દિવસ નષ્ટ થયો. ક્યારે નષ્ટ થયો કે જે વખતે પ્રભુના પધારવાનો સમય આવ્યો. **તા હિ બહિર્ ગત્વા દ્રષ્ટુમ્ અશક્તાઃ. તત્ર પ્રથમં રાજસતામસ્યા વચનમ્.** હવે આ જે શ્રુતિરૂપા ગોપિકાઓ છે એમના છ શ્લોક હવે આગળ આવશે. બારમા શ્લોકથી લઈને સત્તરમા શ્લોક સુધી આ શ્રુતિરૂપા ગોપિકાઓ પોતાના ભાવ વ્યક્ત કરી રહી છે.

## (સન્ધ્યાયાં ભગવન્તં દૃષ્ટ્વા...)

**તત્ર પ્રથમં રાજસ-તામસ્યા વચનમ્.** હવે સૌથી પ્રથમ રાજસ-તામસી ગોપી બોલી. આ ગોપિકા રાજસ-તામસી છે. **તા હિ બહિર્ગત્વ દ્રષ્ટુમ્ અશક્તાઃ. અતો યદા સંધ્યાયાં ભગવાન્ આયાતિ તદા ભગવન્તં દૃષ્ટ્વા મનસિ કામો ભવતિ.** આ રાજસગોપિકા છે. આના ભાવ રાજસ છે. પરંતુ બોલવામાં તામસ આવે છે. એટલા માટે જ્યારે સંધ્યાએ ભગવાન્ પાછા આવે, ત્યારે પ્રભુના એ સ્વરૂપને, જો કે ગાયોને ચરાવવાના કારણે ગોરજ ઉડી એ બધી મુખપર લપેટાયેલી છે. પરસેવાની બૂંદોના કારણે એ વધારે ચોંટતી જાય. રસ્તામાં જે કોઈક પુષ્પ મળે પાંદડા મળે મોરના પીછા જે મળે, એ બધું પ્રભુએ ખોંસી રાખ્યું છે. એક હાથમાં વેણુ લઈને વગાડતા, **"હાંકે હટક હટક ગાય ઠઠક ઠઠક રહી"** આમ ગાયોને ચરાવતા-ચરાવતા, સાંજે વેણુવાદન કરતા, ક્યારેક ગાયોની આગળ જાય, ક્યારેક પાછળ જાય ક્યારેક આ ગોવાળ સાથે વાત કરે, ક્યારેક બીજા ગોવાળ સાથે વાત કરતા આવે. આવું જે પ્રભુનું વ્રજના તરફ પાછું ફરતું સ્વરૂપ, એ સ્વરૂપને જોઈએ આમના મનમાં કામ ઉત્પન્ન થાય છે. કેમ? હતો તો ફક્ત શુધ્ધ સ્નેહ પરંતુ આ સ્વરૂપ કામપ્રદ સ્વરૂપ છે એટલા માટે અને જે વખતે પ્રભુ **કામાદપિ કમનીય** રૂપ લઈને આવે, તો આમને કામ થાય, નહીંતર વિપ્રયોગમાં તો આમને શુદ્ધ સ્નેહનો ભાવ જ રહે છે. જેટલા પણ વ્રજભક્ત છે, પ્રભુ જેવું સ્વરૂપ ધારણ કરે એવા ભાવ એમના હૃદયમાં પેદા થાય. આમ તો બધા ભક્તોનો મુખ્ય ભાવ તો કેવળ શુદ્ધસ્નેહનોજ ભાવ છે. એમાં ન તો કામ છે, ન વાત્સલ્ય છે ન સખ્ય છે. એક નિષ્કારણ, નિષ્પ્રયોજન સ્નેહ છે. મતલબ **"સુદૃઢો સર્વતોધિક સ્નેહઃ"** નિરુપાધિક અને નિષ્પ્રયોજન.

## (સહજસ્નેહનું સ્વરૂપ)

નિરુપાધિક નિષ્પ્રયોજન મતલબ શું? એ સ્નેહ કે પહેલા થવામાં કોઈ કારણ નથી, આ સ્નેહને પ્રાપ્ત કરવામાં કોઈની ઈચ્છા નથી. કેમ થયો આ સ્નેહ એનું કોઈ કારણ નથી. મતલબ પૈસાવાળો છે, એના પૈસાના કારણે સ્નેહ થયો. ઈન્ફ્લ્યુએન્શલ્ (પ્રભાવશાળી) માણસ છે એના કારણે સ્નેહ થયો. કાંઈક અમારું હિત સાધન કરે છે આથી સ્નેહ થયો. કાંઈક અમારા અહિતોનું વારણ કરે છે આથી સ્નેહ થયો એવા કોઈ કારણથી અથવા સુંદર છે એથી સ્નેહ થયો,

આવા કોઈ પણ કારણ નથી. સૌંદર્ય વગેરે પણ કોઈ કારણ નથી. જાણ્યો અને સ્નેહ થઈ ગયો. તો સ્નેહ ઉત્પન્ન થવાના પહેલા પણ કોઈ કારણ નથી અને આ સ્નેહ ઉત્પન્ન થયો કે ઉત્પન્ન સ્નેહથી કોઈ વસ્તુ પ્રાપ્ત કરવી છે, કોઈ પ્રયોજન છે એવું પણ નથી. સ્નેહ છે ફક્ત સ્નહેના માટે. આ સ્નેહથી કાંઈ પ્રાપ્ત કરવું નથી અને આ સ્નેહ પ્રાપ્ત કરેલો નથી. સહજ રહેલો સ્નેહ છે. અત્યાર સુધી કોઈ કારણથી અવરુદ્ધ(અટકેલો) હતો, જેમ જમીનમાં આપણે કૂવો ખોદીએ, તો પાણી પેદા નથી થતું, પાણી તો જમીનમાં ભરેલું જ હતું, આપણે કૂવો નહોતો ખોદ્યો એટલા માટે આપણને એ ઉભરતું નજર નહોતું આવી રહ્યું. આપણે ત્યાં થોડોક ખાડો કરીએ, તો જે આવરણ છે એનાપર એને દૂર કરી દઈએ તો ત્યાં જે પાણીનો સ્રોત છે, તે આપ મેળે પાણીને ઉપર ફેંકવા લાગી જાય. ભગવાનના વ્રજમાં આગમનથી કેવળ આવરણ દૂર થયા છે, એ સ્નેહ દબાયેલો હતો, એનું કેવળ આવરણ દૂર થયું. નવો સ્નેહ પ્રકટ નથી થયો પરંતુ સ્નેહ ઉપર જે આવરણ હતું તે દૂર થયું. એવો કે જે સ્નેહ પહેલાથી જ હતો, કેમકે ભગવત્સ્વરૂપ પ્રકટ થશે એ વિચારીને અહીં શ્રુતિરૂપા ગોપિકાઓ પ્રકટ થઈ છે અને એજ સ્નેહ આટલા રૂપથી **''વ્રજ ભયો મહરિકે પૂત જબ યહ બાત સુની, સુનિ આનન્દે સબ લોગ ગોકુલ ગનિત ગુની...''** (જન્મા.વધા. સૂરદાસજી) કોઈ એકાદ વ્યક્તિ પ્રસન્ન થયો એવી વાત નથી, બધા લોકો ખુશ થયા, એનું કારણ આ કે બધા વ્રજના જેટલા પણ હતા એ બધામાં પહેલાથી જ પ્રભુને માટે સહજસ્નેહ હતો જ. સાચી વાત પૂછવામાં આવે તો વ્રજભક્તોમાં જ નહીં, પ્રાણીમાત્રમાં ભગવાનના પ્રત્યે સહજસ્નેહ વિદ્યમાન છે પરંતુ એનાપર કોઈ કોઈ વિષયાસક્તિની ધૂળ ચડેલી છે, આપણે એ વિષયાસક્તિની ધૂળને પથ્થરથી ખોદી ખોદીને કાઢી નાખીએ, તો કૂવો તો ભરેલો જ છે. છલકતો કૂવો છે. અમારા રાજસ્થાનના જેવો કૂવો નથી. કેરળનો કૂવો છે જ્યાં પાંચ છ ફુટ નીચે જ જલ મળી જાય. વધારે ઊંડા ખોદાણની પણ જરૂરત નથી કે ભાઈ એંસી ફુટપર મળતું હશે પરંતુ જે પુષ્ટિજીવ છે એમને તો કેરળના કૂવાની જેમ તરત જલ મળી જાય. પ્રવાહીજીવોને એંસી ફુટપર પાણી મળે. વધારે ખોદાણ કરવું પડે. ત્યારે ખબર પડે કે ભગવદાસક્તિ આમાં પણ છે પરંતુ કેમકે એ પ્રવાહીજીવ છે તો જલ એટલું નીચે ઉતરી જાય છે સામાન્ય ખોદાણથી તો જલની ખબર જ ન પડે. પરંતુ પુષ્ટિજીવ અથવા જે

મર્યાદાજીવ છે, એને આટલા ખોદાણની જરૂરત નથી. એની વિષયાસક્તિનું થોડુંકજ આવરણ તમે હટાવ્યું તો ખબર પડી જાય. પુષ્ટિજીવનું થોડુંક પણ વિષયાસક્તિનું આવરણ હટાવ્યું તો પાણી મળી જાય, કેરળના કૂવાની જેમ માટી ભર હટાવી અને પાણી તૈયાર. હવે મર્યાદાના જીવમાં એક પથ્થરનું પડ આવે. વિષયાસક્તિના પછી એ મોક્ષકામનાનું પડ. એ પથ્થર તોડવો થોડો અઘરો પડે. એ તોડીએ ત્યારે પાણી નિકળે. માટી હટાવવાથી જ પાણી ન નિકળે. પુષ્ટિજીવમાં વિષયાસક્તિની ધૂળ હટાવી નથી કે ફટ દઈને પાણી આવી જાય પરંતુ મર્યાદાજીવમાં મોક્ષકામનાના પથ્થરને તોડવો પડે. ઊંડો તોડી દો તો ત્યાં નીચેથી ભગવદાસક્તિનું પાણી મળે અને પ્રવાહીજીવ તો રાજસ્થાની ખાતા છે. સો ફુટપર નેવું ફુટપર જઈને પાણી મળે. એ પણ ક્યારેક ક્યારેક ખારું મળે, મીઠું ન મળે પરંતુ છે તો ખરું. એવો કોઈ જીવ નથી કે જેમાં ભગવદાસક્તિ ન હોય. એવો કોઈ જીવ છે જ નહીં. જો જીવ છે તો એમાં ભગવદાસક્તિ તો છે છે અને છે જ. હવે કેટલા ફુટપર છે એ એની પોત-પોતાની ક્વોલિટીઓપર આધાર રાખે છે પરંતુ ભગવદાસક્તિ સર્વત્ર વિદ્યમાન છે.

ગાલિબ કહે છે **''અલાવા ઈદકે મિલતી હે ઔર દિન ભી શરાબ. ગદાયે કૂચયે મયખાના નામુરાદ નહીં''** (ગાલિબ). મુસલમાનમાં એક એવો નિયમ છે કે ઈદના દિવસે શરાબ ન પીવી જોઈએ. આમ તો ક્યારેય પણ ન પીવી જોઈએ શરાબ, મૌહમ્મદસાહેબે એમ કહ્યું મતલબ કે ''આટલો કઠોર નિયમ કોણ પાળે? પરંતુ ઈદના દિવસે શરાબ ન પીવો. બાકીના દિવસે શરાબ પી શકો છો''. ગાલિબ કહે છે કે શરાબની ગલીમાં જે ભીખારી છે, એને ઈદના દિવસે જ શરાબ મળે એવો નિયમ નથી. જ્યારે બધા પીઈ ને ચાલ્યા જાય તો રહી-સહી શરાબ ભિખારીઓને મળી જાય. **''અલાવા ઈદકે મિલતી હે ઔર દિન ભી શરાબ ગદાયે કૂચયે મયખાના નામુરાદ નહીં''.** મળશે તો ખરી જ. ઈદના દિવસે તો મળે જ છે કેમકે એ દિવસે કોઈ પણ ન આવે શરાબ પીવા પરંતુ થોડો વખત પ્રતીક્ષા કરવી પડે. એવીજ રીતે કોઈ જીવ એવો નથી કે જે ભગવદ્‌ભાવ રૂપ મદ છે એનો નશો ન કરવાવાળો હોય પરંતુ ક્યારે મળશે આ! આ વાત અલગ છે. કોઈને આખી રાતની પ્રતીક્ષા પછી મળે. કોઈને ઈદના દિવસે મળે.

કોઈ જો ગ્રાહક હોય તો જ્યારે ચાહો ત્યારે મળી જાય. આવા આના અલગ અલગ ભેદ છે પરંતુ આ નશો બધાને ચઢનારો છે એક દિવસ. દરેક પ્રાણી આ જ નશામાં ફરી રહ્યો છે. કોઈ પ્રાણી એવો નથી જેને ભગવદ્ભાવનો નશો ન હોય. નશો તો આ જ છે બીજા તો જે નશા  છે એ તો ખોટા નશા છે. એક સાચો નશો તો આ જ છે જે બધાને ચડેલો છે. બધાએ પી રાખી છે આ શરાબ પરંતુ થોડુંક અંતર છે મળવામાં.

## (ભગવદ્ભાવનું કારણ)

આટલા માટે કહે છે **સંધ્યાયાં ભગવાન્ આયાતિ તદા ભગવન્તં દૃષ્ટ્વા મનસિ કામો ભવતિ.** તો આમના જે નિરુપાધિક ભાવ હતા એ નિરુપાધિક ભાવમાં કોઈ એવા શૃંગારના ભાવ હતા નહી. માત્ર વ્રજભક્ત નિરૂપાધિક ભાવથી નિષ્પ્રયોજન ભગવાનમાં સ્નેહ કરતા હતા પરંતુ રૂપ જ્યારે ભગવાને લીધું અને પ્રભુ બાળક બની ગયા તો ભક્તોમાં વાત્સલ્ય ભાવ જાગી ગયો. જે વખતે કામાદપિ કમનિય રૂપ ધારણ કર્યું તો ભકતોમાં માધુર્ય ભાવ જાગી ગયો. જ્યારે સખારૂપથી પ્રભુ ચાલ્યા તો સખ્યભાવ જાગી ગયો. જ્યારે મારવા માટે આવ્યા તો ભક્તોમાં ભય પણ પેદા કરી દીધો. એ કંસાદિ પણ ભક્ત છે. આપણે ત્યાં તો કંસાદિને પણ ભક્ત માનવામાં આવેલા છે પરંતુ એ ભક્ત કયા અર્થમાં? સામાન્ય ભક્તના અર્થમાં નહીં પરંતુ સેવક માનવામાં આવેલા છે. અંતર ફક્ત આટલું જ છે. ભક્તિનો મતલબ છે સ્નેહ. તો એમાં સ્નેહ એ પ્રકારથી પ્રકટ નથી થયો, છૂપાયેલો સ્નેહ એમાં છે. ભગવાનના ઐશ્વર્ય-વીર્યાદિ ગુણ આ પ્રકારના આસુરભાવ પ્રકટ ન કરે તો ભગવાનનો વીર્ય ગુણ, ભગવાનનો તામસ ગુણ ઐશ્વર્ય કેવી રીતે પ્રકટ થશે? હવે વ્રજભક્તોમાં, યશોદાની સામે ઐશ્વર્ય ગુણ પ્રકટ કરે તો શું મજા આવશે ઐશ્વર્યને! સામર્થ્ય પ્રકટ કરો તો યશોદાને શું સમજમાં આવે? થોડુંક વજન વધાર્યું ઠાકોરજીએ તો રાખી દેવા પડ્યા નીચે ઠાકોરજીને. કેમ વજન વધાર્યું? વર્ણન વાંચો કે જે વખતે એક અસુરને ઉપાડીને ફેંકી દીધો ઠાકોરજીએ, તો એનાથી અસુર નિરાશ ન થયો. પાછો ઉઠીને દોડીને આવ્યો. મતલબ જ્યારે ઠાકોરજીમાં સામર્થ્ય વધે તો એના કારણે અસુરોમાં એનો રિસ્પોન્સ્ કરવાના સામર્થ્યની વૃત્તિ વધારે વધે. નહીંતર તો પ્રભુના આ ગુણને કોણ રીસ્પોન્સ્ કરશે? એટલા માટે એમના

ગુણનો ઉલ્લેખ પોતે પોતાનામાં પ્રભુ રિવીલ્ ન કરાવે તો પ્રભુના આ ગુણોનું કેવીરીતે પ્રાકટ્ય થશે? એટલા માટે એ અસુર પણ આ પ્રકારથી પ્રભુની સેવા કરી રહ્યા છે. તો આ પ્રકારથી એ સેવક છે પરંતુ ભક્ત નથી, બાકી સેવક તો ગોપી છે. પ્રભુની સેવા નથી કરી રહ્યા, એવી વાત નથી.

અમારો એક કાકાનો દિકરો ભાઈ નાનો હતો તો એની આ જ આદત હતી. એના ઉપર અમારા કાકાને બહુ સ્નેહ. તેથી માથે ચઢી ગયો. તો એની આદત કે જે છોકરાઓથી દોસ્તી હતી એને મારતો. એની દોસ્તી કેવળ એ છોકરાઓ સાથે હતી કે જે એનાથી માર ખાઈ શકે. એ મારવા માટે છોકરાઓને રમકડા આપતો. સારા સારા રમકડા આપતો છોકરાઓને જઈને કે રમો આનાથી તમે. પછી એની પિટાઈ કરે. જે એની પિટાઈ સહન કરે એની સાથે દોસ્તી અને જે પિટાઈ સહન ન કરે એની દોસ્તી ખતમ, ભગાડી દેતો. આમ છોકરાઓની પણ અલગ અલગ રુચિ હોય. એમ આ ઠાકોરજીના સેવક બિચારા પિટાઈ સહન કરે. કેમકે એમને લોભ આ છે કે ભગવાનના હાથનો એને સ્પર્શ મળશે. કમસે કમ ચરણનો સ્પર્શ તો મળશે આ બહાને. ચાલો થોડીક પિટાઈ સહન કરી લીધી એમાં શું થયું! લોભ હોય રમકડાનો તો માર સહન કરે બિચારા. અમુક બાળકને જોઈએ અમને બહુ આશ્ચર્ય થતું કે આ કેમ આવી જાય! ત્યારે અધ્યયન કરીને શોધ્યું કે એ રમકડાનો લોભ આપી આપીને પટાવતો. એને તો રમકડા મળતા જ. મહારાજ એને લાવીને આપતા રમકડા. એ રમકડાઓનો લોભ આપી આપીને નાના નાના છોકરોઓને પિટતો. રમકડાના લોભમાં બધા છોકરા પિટાવા માટે આવતા. એ બધા એના ફાસ્ટ્-ફ્રેંડ્ હતા. હવે અમને સમજમાં ન આવે કે આમની દોસ્તી નભે કેમ છે? પરંતુ નભે દોસ્તી. પિટાવા છતાં પણ નભે દોસ્તી. ભગવાનની સાથે કાંઈક આવા સંબંધ પણ સ્થાપિત છે કે આ પિટાવા આવી જાય. આ છે તો સેવક જ, પરંતુ બીજી જાતના ગુણોને મોકો આપે છે. અને આ ભક્ત ભગવાનના બીજી જાતના ગુણોને મોકો આપે છે પરંતુ જેટલા પણ સેવક છે પ્રભુના, એમના વચ્ચે જ પ્રભુના ગુણ પ્રકટ થાય છે. આ વાત નક્કી છે.

**(પ્રભુ પોતાના ગુણ અને ગુણસંબંધિ સેવક સહિત પ્રકટે છે)**

બ્રહ્મ પોતે પોતાનામાં આત્મારામ છે. જો ભગવાનને પ્રકટ થવું છે તો

સેવકોના સહિત જ ભગવાન્ પ્રકટ થઈ શકે છે. જેમ મિનિસ્ટર આવે કોઈ, તો ફટફટી એસ્કોર્ટ ન આવે, પરંતુ ગવર્નર જ્યારે આવે તો ફટફટી એસ્કોર્ટ બધું આવે. એ એક ઓફિશિયલ ફોરમાલિટી છે જેને નિભાવવી પડે. આગળ ફટફટી પાછળ ફટફટી અને આગળ એક સાયરન કાર, બધું ચાલે એના આગળ પાછળ. તો જે વખતે પ્રભુ પધારે તો પ્રભુના જેટલા ગુણ છે, તો કોણ જાણે કયા ગુણને ક્યારે પ્રકટ કરવાની પ્રભુની ઇચ્છા થઈ જાય, તો એને સહન કરવાવાળા એક એક સેવક પણ આવે.

અત્યારે તો નહીં પણ પહેલા જુના જમાનામાં રાજાની સાથે એક પંખો રાખીને ચાલવાવાળો ચાલતો. જલ રાખીને એક સાથમાં ચાલતો. એમ એક એક સેવક એક એક સામાનને રાખીને રાજા ચાલતા. એમ જે વખતે પ્રભુ પધારે તો એક એક ગુણના સેવક સાથે ચાલે. કોઈ વખતે ઐશ્વર્ય પ્રકટ કરવું હોય તો તે વખતે એવી એવી લીલા કરે કે જેથી ઐશ્વર્ય પ્રકટ થઈ શકે. વીર્ય પ્રકટ કરવું હોય તો તે વખતે વીર્યને પ્રકટ કરવામાટે સેવક રાખે, જેથી સામર્થ્ય પ્રકટ થાય. યશોદાને સામર્થ્ય દેખાડ્યું તો શું કામ આવે! ન યશોદાને આનંદ આવે અને ન તો પ્રભુને આનંદ આવે. આ સેવક તો બધા છે પરંતુ પ્રભુની લીલાને અનુરૂપ સેવક હોય છે. ભક્ત બધા નથી હોતા. આ વાત વિશેષતયા સમજવી. એટલા માટે બધાને ભગવાનમાં સ્નેહ છે, કંસને પણ ભગવાનમાં સ્નેહ છે. કેમકે સ્નેહ ન હોય તો નિરંતર દ્વેષ કેમ કરે? સ્નેહનો અર્થ શું? સ્નેહને સંસ્કૃતમાં સ્નિગ્ધ=ચિકાસ કહે છે. થોડું ચિપકે છે એનું મન, નહીંતર તો નિરંતર દ્વેષ કેમ કરે જો મન ચિપકતું ન હોય? તો જે નિરંતર દ્વેષ કરે તો એમાં કાંઈક ને કાંઈક ચિકણાસ તો છે જ ને? તો એટલા માટે સ્નેહ તો સર્વત્ર છે પરંતુ એ સ્નેહને આકાર પ્રભુ પોતાની લીલાના અનુરૂપ રૂપ ધારણ કરી કરીને આપે. સ્નેહ તો બધામાં નિરુપાધિક નિષ્પ્રયોજન છે જ ચાહે એ દ્વેષ કરે ચાહે એ ભક્તિ કરે. એવીજ રીતે આ શ્રુતિરૂપા ગોપિકાઓને, કુમારિકાઓને નિરુપાધિક સ્નેહ છે પરંતુ આમના નિરુપાધિક સ્નેહને પ્રભુએ શૃંગારનું રૂપ ધારણ કરીને શૃંગારાત્મક ભાવ પ્રદાન કર્યો છે. આ જવાબદારી આમની નથી.

આથી ગોપિકા કહે છે **ધનરજસ્વલં દર્શયન્ મુહુર્ મનસિ નઃ સ્મરં વીર યચ્છસિ.** તું અમને સ્મર આપે છે. સ્મર અમારો નથી. **તતો બન્ધપ્રાર્થના**

**અધરામૃતપ્રાર્થના ચ રજસા સત્ત્વેન ચ ભવિષ્યતઃ, અનન્યપૂર્વાણાં તુ નિત્યએવ કામઃ, દિનપરિક્ષયે ઈતિ.** એના પછી કેમક આ પ્રભુએ આમના શુદ્ધ સ્નેહને એવો આકાર આપ્યો, દિવસતાપન્યાયથી અધરામૃત પ્રાર્થનાઓ એ બધું સ્મરના કારણે કરી રહી છે. શુદ્ધ સ્નેહના કારણે નહીં. **રજસા સત્ત્વેન ચ ભવિષ્યતઃ** આ આગળના શ્લોકમાં તેરમા શ્લોકમાં નિકળી જશે. અનન્યપૂર્વાને તો પ્રતિબંધ છે નહીં અને આમને પ્રતિબંધ છે. તો એટલા માટે કુમારિકા તો વનમાં પણ જઈ શકે. આ કુમારિકાઓનો શૃંગારભાવ તો દરેક વખતે ઉદબુદ્ધ રાખે છે પ્રભુ. આ શ્રુતિરૂપાઓનો શૃંગારભાવ અહર્નિશ ઉદબુદ્ધ નથી રાખતા પ્રભુ. એ તો **દિનપરિક્ષયે નીલકુન્તલૈઃ વનરુહાનનં વિભ્રદાવૃતમ્ ધનરજસ્વલં દર્શયન્ મુહુર્ મનસિ નઃ સ્મરં વીર! યચ્છસિ.** આ ન્યાયથી સાંજે જ્યારે પધારે છે ગાય ચરાવીને તે વખતે આમનામાં એ ભાવ ઉદબુદ્ધ થાય છે. ત્યાં સુધી એ ભાવ ઉદબુદ્ધ નથી થતો. કેમકે પ્રભુ સામે હોય તો આ ભાવ ઉદબુદ્ધ થાય. પ્રભુ સામે ન હોય ત્યારે આ ભકતોનો પ્રભુના પ્રત્યે ભાવ શુદ્ધ સ્નેહનો જ ભાવ છે.

**દિનપરિક્ષયે નીલકુન્તલૈઃ વનરુહાનનં બિભ્રદાવૃતમ્ ।**
**ધનરજસ્વલં દર્શયન્ મુહુર્ મનસિ નઃ સ્મરં વીર! યચ્છસિ ।।૧૨।।**

**સુબોધિની :**

**દિનપરિક્ષયે સંધ્યાકાલે, ક્ષયોક્ત્યા દિને દ્વેષ્યત્વં જ્ઞાપ્યતે. રજોગુણસ્ય અયં સમયઃ, કામસ્ય ચ કાલઃ. નીલકુન્તલાઃ ભ્રમરાઈવ રસબોધકાઃ. યે હિ મુખકમલલાવણ્યામૃતં પિબન્તિ તે ઉદ્બોધકા ભવન્તિ, અતઃ તૈઃ આવૃતં વનરુહવત્ કમલવદ્ આનનં બિભ્રદ્, હે વીર!, નઃ મનસિ સ્મરં યચ્છસિ.**

**(સન્ધ્યાયાં નીલવર્ણૈઃ આવૃતત્વે તત્પ્રભાવ્યાપ્તત્વં ભવતીતિ તદુક્ત્યા વનરુહોક્ત્યા ચ કુવલયાભત્વં જ્ઞાપ્યતે. તથા ચ પ્રિયામુખેન્દુદર્શનેન ઉત્તરોત્તરમ્ અધિકવિકાસવત્ત્વમ્ ઈતઃ પૂર્વમ્ અતાદશત્વં ચ જ્ઞાપ્યતે. તેન પ્રિયસ્ય સર્વાસુ આસક્તિઃ સૂચિતા ભવતિ. અતએવ 'જલ'પદં વિહાય 'વન'પદમ્ ઉક્તમ્. તેન વને યા અવસ્થા તાં જ્ઞાપયિતું તાન્ ધર્માન્ વિભ્રદેવ આનનં દર્શયતિ ઈતિ ધ્વન્યતે.)**

**ધનેન ગોભિઃ રજસ્વલં મુહુઃ ચ પ્રદર્શયન્. મધ્યેમાર્ગં ગચ્છન્ ઉભયતઃ સ્થિતા ગોપીઃ પર્યાયેણ પશ્યતિ, અતો મુહુઃ પ્રદર્શનમ્. અગ્રે ગચ્છન્ પુનઃ પુનઃ વ્યાધુટ્ય પશ્યતિ ઇતિ વા તથા. તાદગ્દર્શનં સ્વાપેક્ષાજ્ઞાપકમ્ ઇતિ સ્મરજનકમ્. નિરન્તરદર્શનેન તત્રૈવ રસાસ્વાદનમિતિ ન સ્મરોત્પત્ત્યવસરઃ સ્યાત્. અતો વારંવારં પ્રદર્શનં સ્મરાગ્નેઃ સંધુક્ષણમિવ ભવતિ. તાદશં કૃત્વા તત્પૂરણાર્થં તન્નિરાકરણાર્થં વા યુદ્ધમ્ અવશ્યં કર્તવ્યમ્. તત્સૂચયન્તિ વીર! ઇતિ. ધનેન રજસ્વલં ચ શ્રમસૂચકં ભવતિ. શ્રમનિવૃત્તિશ્ચ અસ્માભિરેવ. વનરુહમ્ ઇતિ. વનએવ એતત્ સર્વથા ભોગ્યમ્ અતો અત્રૈવ સમાગમનમ્. અનેન ગૃહે રતિં દાસ્યામિ ઇતિ પક્ષો વ્યાવર્તિતઃ બિભ્રદ્ ઇતિ બલાત્કારેણ તામેવ અવસ્થાં સ્થાપયતિ. યદિ મુખસંમાર્જનં કૃત્વા સમાગચ્છેત્ તદા પ્રસન્નમુખદર્શનાદ્ જ્ઞાનં વા ભવેત્. ધનસમ્બન્ધિ રજ ઇતિ કામએવ, નતુ ક્રોધઃ. યથા પાત્રં ધૃત્વા તત્સ્થિતમ્ અન્નં ભોગાર્થં દીયતે તથા મુખં ધૃત્વા તત્રત્યો રસઃ કામાત્મા મનસિ સ્થાપ્યતે ઇતિ મુખધારણસ્ય હેતુત્વમ્. અતો ભોગાર્થં દત્ત ઇતિ ભોગઃ કરણીયઃ. અયં કામ આગન્તુક ઇતિ ન અસ્ય અન્યેન પૂરણં ભવતિ।।૧૨।।**

**વિવરણમ્ :**

**(દિનપરિક્ષયે)**

**દિનપરિક્ષયે સંધ્યાકાલે** વસ્તુતઃ તો સંધ્યાકાળ કહેવા માગે છે કે સાંજના જ્યારે આપ પધારો. અરે જ્યારે પધારે તે વખતે આવો અપશુકનનો શબ્દ કેમ બોલો પરિક્ષયે જેવો શબ્દ! પરંતુ **ક્ષયોક્ત્યા દિને દ્વેષ્યત્વં જ્ઞાપ્યતે.** દિવસનો ક્ષય કહ્યો છે એ કદાચ ગોપિઓને બહુ દાંત ભીંસીને કહ્યો હશે કે ચાલો હવે દિવસનો ક્ષય થયો. એટલા માટે દિવસને માટે આમનો દ્વેષ પ્રકટ થઈ રહ્યો છે. આ ભાવનાઓ આચાર્યચરણ ન બતાવે તો કોણ બતાવે! આપણે તો સીધા અર્થ કરીએ કે **દિનપરિક્ષયે** ચાલો સાંજ થઇ ગઈ! હવે પ્રભુ ઘરે પધારી રહ્યા છે. હવે સાંજ થઇ અને **દિનપરિક્ષયે** માં કેટલું અંતર છે!

**(રજોગુણસ્ય અયં સમયઃ)**

**રજો ગુણસ્ય અયં સમયઃ, કામસ્ય ચ કાલઃ. નીલકુન્તલાઃ ભ્રમરાઇવ રસબોધકાઃ.** કહે છે કે આ સમય જે વખતે ઠાકોરજી પધારી રહ્યા છે, દરેક રીતે આ રાજસ સમય છે. આ સમયને એટલા માટે જ ગોધૂલિસમય કહેવામાં આવે

છે. ગાય જ્યારે પાછી ફરે, એની ખરીના કારણે ધૂલિ ઉડે. એટલા માટે ‘ગોધૂલીવેળા’ કહેવામાં આવે. વ્યાવૃત્તિના હિસાબે વિચારો તો ગાય પાછી આવી તો ગોદોહનકાળ આવશે. ગોદોહનકાળ આવશે તો ક્રિયા રાજસ થશે. તો ગોપિકાઓને માટે આને રાજસ કેમ કહે? જ્યારે માણસ બહુ વ્યસ્ત હોય, ઓક્યુપાઈડ હોય, જેને આપણે ઓફિસ-અવર્સ કહીએ, આજની પરિભાષામાં ઓફિસટાઈમને આપણે રાજસી કહીએ. સવારનો કાળ જાગવાનો કાળ છે તે સાત્ત્વિક કાળ કહેવામાં આવે છે. સૂઈ જવાના કાળને તામસ કાળ કહેવામાં આવે છે. કાળ ત્રણ પ્રકારના માનવામાં આવે. જે વખતે આપણે સાત્ત્વિકભાવ યુક્ત હોઈએ, શાંતિથી આપણે વિચારી શકતા હોઈએ કે ભઈ આજે શું કરવું છે, અથવા કાલે શું કર્યું! જે સવારના સમયે ચિત્તમાં એક સાત્ત્વિકતા રહે છે, એ કાળ ‘સાત્ત્વિક’ કહેવાય. ઓફિસ-અવર્સ ‘રાજસકાળ’ કહેવાય અને રાતના સુવાનો કાળ ‘તામસકાળ’ કહેવાય. આ પ્રમાદ નિદ્રા વગેરે ‘તામસ’ કહેવાય. એ ન્યાયથી આ વ્રજના લોકોને માટે આ રાજસ કાળ છે. કેમકે ગાય બધી પાછી આવી રહી છે. એના વાછડાઓને દૂધ પિવડાવવું, એનું દોહન કરવું, એને ઘાસ નાખવું એના માટે સાફ કરવું બધા કામ કરવા રસોઈ મુકવી, આ દિવસનો કાળ ગોપિકાઓને માટે બપોરનો કાળ સત્ત્વકાળ છે. ગોવાળો બધા ગોચારણને માટે ચાલ્યા જાય તો એ વખતે આમનો ફુરસતનો કાળ છે. એ વખતે યુગલગીત ચાલે **“વામબાહુકૃતવામકપોલો વલ્ગિતભ્રુઃ અધરાર્પિતવેણુમ્ કોમલાઙ્ગુલિભિર્ આશ્રિતમાર્ગં ગોપ્ય ઈરયતિ યત્ર મુકુન્દઃ”** (ભાગ.પુરા. ૧૦/૩૨/૨). એ વખતે પાછું એમનું મન પ્રભુનું ધ્યાન કરવા માટે અહીં તહીં દોડે. પ્રભુની કઈ કઈ લીલાઓ ચાલી રહી છે. આ વખતે વ્યસ્ત કાળ છે. આ વ્યસ્ત કાળમાં પણ કથંચિત્ સમય કાઢે, આ એ ગોપીનો કૃષ્ણ પ્રત્યે સ્નેહ અને આકર્ષણનું સ્વરૂપ છે. નહીંતર ઓફિસ-અવર્સમાં કોઈ આપણને કહે કે ભગવન્નામ લો તો વાત ગમે નહીં. આપણે કહીએ “ઘરમાં ગોવિંદ ગુણ ગાસું”. તો ઓફિસ-અવર્સ ગમે નહીં એ વખતે પરંતુ આમનો સ્નેહનો સ્વભાવ એવો છે, સ્નેહના કારણે એવું છે કે આમને વ્યસ્ત સમયમાં પણ જો પ્રભુના દર્શન એ વખતે થઈ રહ્યા હોય, તો આમનાથી રહી નથી શકાતું. નથી રહી શકાતું આ એમના હૃદયની વિવશતા છે, લાચારી છે એટલા માટે આચાર્યચરણ કહે છે **રજોગુણસ્ય અયં સમયઃ, કામસ્યચ કાલઃ** આ સમય

રજોગુણનો છે અને કામના શૃંગારના મધુરભાવના આગમનનો આ કાળ છે.

**(નીલકુન્તલાઃ ભ્રમરઈવ રસબોધકાઃ)**

મધુરભાવના આગમનનો કાળ છે કેમ? **નીલકુન્તલાઃ ભ્રમરાઈવ રસબોધકાઃ** પ્રભુ ગાય ચરાવીને પાછા વ્રજની તરફ ફરી રહ્યા છે. જેમ ત્યાં કહે છે **"મત્ત ગજરાજકીસી ચાલ. ભુજવર દંડ સૂંઢકી શોભા હર લીની નંદલાલ.. કુંચિત કચ અનેક અંકુશસે ચલત લટકત ભાલ"** મતલબ આ વાંકડીયા વાળ જે ઠાકોરજીના છે, નાના નાના આમ કર્લી થઈને અહીં અલકોપર જે વિખરાઈ જાય, તો એમાં અનેક ભાવ જાગૃત થાય. ક્યારેક ઠાકોરજી ઝૂમી-ઝૂમીને આવી રહ્યા હોય, ત્યારે એવું પ્રતીત થાય છે કે માનો કોઈ મસ્ત હાથી આવી રહ્યો છે. એ હાથીને કાબૂમાં રાખવામાટે અંકુશ અનેક લટકાવ્યા હોય છે જેથી કે આ હાથી બેકાબૂ બેતાબ ન બની જાય. ક્યારેક એવો બોધ થાય કે આ મુખ નીલકમલ છે, કેમકે સાંવરુ મુખારવિંદ છે અને સાંજ પડી રહી છે, એ વખતે એનાપર આ અલક એવીરીતે લાગે કે સાંજના નીલકમલ પર કોઈ ભમરાઓ બેઠેલા હોય. કુંતલ એવા લાગે છે જેમ કે ગોળ ગોળ ભ્રમર હોય. મુખારવિંદ આખું નીલકમલ જેવું દેખાય અને એનાપર આ અલક ભ્રમરની જેમ દેખાય છે. **નીલકુન્તલાઃ ભ્રમરાઈવ રસબોધકાઃ. યે હી મુખકમલલાવણ્યામૃતં પિબન્તિ તે ઉદ્બોધકા ભવન્તિ.** છેવટે વાત શું છે? રસનું ઉદ્બોધન કોણ કરી શકે? રસને કોણ જગાડી શકે? જેની ભગવાનનાં મુખારવિંદમાં આસક્તિ હોય. આ કુંતલોની મતલબ ભગવાનની જે અલકો છે, એમની ભગવાનના મુખારવિંદમાં એટલી આસક્તિ છે કે પચાસ વખત એને ઉપર કરો છતાં પણ પડીને મુખપર આવે છે. કેમકે એ મુખનો સંબંધ છોડવા નથી માગતી. જ્યારે મુખનો સંબંધ નથી છોડવા માગતી, મુખારવિંદની આસક્તિ એની છૂટતી નથી, એથી આમનામાં આ સામર્થ્ય છે કે મુખારવિંદ સંબંધી જે કાંઈ પણ સ્નેહ છે, એ રસનું આ ઉદ્બોધન કરે. **યે હિ મુખકમલ લાવણ્યામૃતં પિબન્તિ** જે મુખકમલનું લાવણ્યામૃત પાન કરી શકે છે, તે આ રસનું ઉદ્બોધન કરી શકે છે. એ બતાવી શકે. મતલબ જે જાણે એજ તો બતાવી શકે ને! જેણે જાણ્યું જ નથી, એને કેવીરીતે ખબર પડે! હવે શેરડીનો રસ છે, જેણે પીધો જ નથી અને હું પચાસ વખત કહું કે "શેરડીનો રસ મીઠો હોય છે", તો એને સમજમાં નહીં આવે કે

કેવો મીઠો હોય. હવે મુખકમલનું લાવણ્ય જેણે પીધું છે, આ કુંતલોએ પીધું છે, તેથી એ જાણે છે અને જતાવી શકે છે, બાકી તો કોઈ બીજું જતાવી જ ન શકે.

### (વનરુહાનનમ્)

**અતઃ તૈ આવૃતં વનરુહવત્ કમલવદ્ આનનં બિભ્રદ્ હે વીર! નઃ મનસિ સ્મરં યચ્છસિ.** આ અલકોથી ઠાકોરજીનું મુખારવિંદ ઘેરાઈ ગયું. જેમ એક કમળ ખિલેલું હોય અને એનાપર અનેક ભમરાઓ તૂટી પડે અને ચારેબાજુથી ભમરાઓથી ઘેરાઈ જાય, એવા નીલકમલની જેમ ઠાકોરજીના મુખારવિંદની શોભા છે. આ પ્રકારથી **હે વીર! નઃ મનસિ સ્મરં યચ્છસિ.** આ પ્રકારે નીલકમલના સદૃશ ભમરાઓથી આવૃત્ત મુખારવિંદ અમારામાં શૃંગારરસનું ઉદ્‌બોધન કરે છે. કેમ? **''શ્યામો ભવતિ શૃંગારઃ''** (ભરતનાટ્યશાસ્ત્ર, અ.૬) શૃંગારનો રંગ જે શ્યામ માનવામાં આવ્યો છે. નીલકમલ જેવા રંગથી જે વખતે પ્રભુ આવે તો શ્યામ શૃંગારના વર્ણથી શૃંગારના ભાવ ઉદ્‌બોધિત ન થાય તો બીજું શું થશે?

આટલા જ માટે આજ્ઞા કરે છે **સન્ધ્યાયાં નીલવર્ણૈઃ આવૃતત્વે તત્પ્રભાવ્યાપ્તત્વં ભવતીતિ તદુક્ત્યા વનરુહોક્ત્યા ચ કુવલયાભત્વં જ્ઞાપ્યતે.** કેટલાક લોકો કહે છે સાંજના સૂર્યાસ્ત થયા પછી જે અરુણિમા છે ત્યારે પધારે છે. નહીં, અરુણિમાના પછી નીલિમાનો પીરિયડ આવે છે ત્યારે ઠાકોરજી પધારે છે. અરુણિમાના પીરિયડપર તો પાછા ફરવાનું શરુ કરે છે. પદોમાં તમે જોશો તો ખ્યાલ આવશે કે હવે સૂરજ ઢળ્યો, તો એણે કહ્યું કે ''હવે પાછા જઈએ'' તો માર્ગમાં જ એ અરુણિમા ખતમ થઈ જાય. જ્યારે વ્રજમાં પહોંચે ત્યાંસુધી તો નીલિમા આવવાની શરુ થઈ જાય. એ નીલિમાના કારણે સાંજને જે નીલિમા છવાઈ રહી છે, એ નીલિમાના કારણે પણ પ્રભુના મુખારવિંદપર નીલિમા આવી છે. તેથી નીલકમલની શોભા છે, પાછા ફરતી વખતે રક્તકમળની શોભા નથી. એટલાજ માટે રક્તવર્ણ યદ્યપિ ભયંકર રસનું પ્રતિક માનવામાં આવેલ છે, એ પ્રકારના કાળમાં પ્રભુ પાછા નથી ફરતા. જ્યારે નીલિમાનો કાળ આવે છે ત્યારે પાછા ફરે છે. **''દિવસે સહુ શ્યામા મળી રસરૂપ તણો જસ ગાય જી, ગોપમંડળી મધ્ય દેખીને, વારંવાર સુખ થાય જી. વાસર નિર્વાહ એમ કરે, સખી સાયંકાળે પેખેજી. અલક મુખ ખુરરજ લાગી તે કમળ**

**ભ્રમર વિશેખે જી''** (વલ્લભાખ્યાન.૬/૪-૫). આ સાયંકાળના જે વખતે દર્શન કર્યા છે, એ આ પ્રકારના સ્વરૂપના દર્શન કર્યા છે. **નીલવર્ણૈઃ આવૃતત્વે તત્પ્રભાવ્યાપ્તત્ત્વં ભવતીતિ તદુક્ત્યા વનરુહોક્ત્યા ચ કુવલયાભત્વં જ્ઞાપ્યતે.** કારણ શું? **તથાચ પ્રિયામુખેન્દુદર્શનેન ઉત્તરોત્તરમ્ અધિકવિકાસવત્ત્વમ્ ઈતઃ પૂર્વમ્ અતાદશત્વં ચ જ્ઞાપ્યતે. તેન પ્રિયસ્ય સર્વાસુ આસક્તિઃ સૂચિતા ભવતિ. અતએવ 'જલ' પદં વિહાય 'વન' પદમ્ ઉક્તમ્''.**

અહીં **'વનરુહાનનમ્'** કહ્યું 'જલરુહાનનમ્' નથી કહ્યું, કેમકે આ વખતે આમના ભાવ શૃંગારના ભાવ છે અને નીલિમા અપેક્ષિત છે. હવે જલરુહાનન્માં તો રક્તિમા હોય, ગુલાબીપણું હોય પરંતુ આમને તો નીલિમા અપેક્ષિત છે. અને આ ખિલ્યા શામાટે છે? નીલકમલ જેવા, કમલ નહીં, જેને કમલની કહે ને! એ પ્રકારનું પ્રભુનું મુખારવિંદ ખિલેલું છે તો કેમ ખિલ્યું છે? **પ્રિયામુખેન્દુદર્શનેન** એક એક ભક્તોના મુખારવિંદના દર્શન ઠાકોરજીને પણ થઈ રહ્યા છે. તો એ ઠાકોરજીને ભક્તોના મુખારવિંદના દર્શન થાય છે એથી પણ પ્રભુના મુખારવિંદમાં એક પ્રકારનો વિકાસ નજરે પડે છે. વિકાસ મતલબ શું? પ્રફુલ્લતા નજરે પડી રહી છે. કેમકે જ્યારે આખો દિવસ વનમાં રહ્યા અને સાંજે જ્યારે પાછા ફરે ત્યારે એક એક વ્રજભક્તના મુખ જે વખતે દેખાવા શરુ થાય, તો એ દેખાવાની જે પ્રફુલ્લતા છે, એ પ્રભુના મુખારવિંદપર પણ ઝલકી રહી છે. ત્યાં કહે છે ને! **''આનન્દસિંધુ બઢ્યો હરિ તનમેં. રાધામુખપૂરણશશિ નિરખત ઉમગિ ચલ્યો વ્રજ વૃંદાવનમેં..''** આ જે રાધાજીના મુખનો ચંદ્રમા ઉદિત થયો, ત્યારે આ પ્રભુના અંગરૂપી સમુદ્રમાં, શ્યામસમુદ્ર, નીલસમુદ્રમાં ભરતી આવી. **''ઈત રોક્યો યમુના ઉત ગોપિન''** આવા બે કિનારા હતા. એક કિનારે યમુનાજી રોકી શક્યા આ ભરતીને, બીજી બાજુ ગોપીજન રોકી શક્યા આ ભરતીને. **''કછુ એક ફ્રેલ પર્યો ત્રિભુવનમેં''** જેમ ખાડીમાંથી પાણી નિકળી જાય છે ક્યાંક ક્યાંક, એવીજ રીતે કેટલોક રસ ક્યાંક ક્યાંક ત્રિભુવનમાં ફેલાયો. તો આચાર્યચરણ અહીં તો આજ્ઞા નથી કરતા પરંતુ બીજે ક્યાંક આજ્ઞા કરે છે કે એ જે થોડોક ફેલાયો, એમાં બધા કવિઓને વર્ણન કરવાનો વિષય મળી ગયો. બધા કવિ જેમ 'ગીતગોવિન્દ'નું નામ લે છે કે થોડોક ફેલાયો તો જેમ ગીતગોવિન્દના જયદેવ વગેરે ભક્તકવિ છે એમને પ્રકાશ મળ્યો. જેમ એ

ખાડીમાં થોડુંક જલ આવી જાય એવીજ રીતે એટલાથી બધું સાહિત્ય રચવામાં આવ્યું તો એ મૂલ સમુદ્રની ગંભીરતા કેટલી? જો ખાડીમાં આટલી ગહેરાઇ જોઇએ તો ખબર પડે કે મૂલ સમુદ્ર એનું ગાંભીર્ય કેવું હશે! સમુદ્રમાં ભરતી આવી છે, આનંદ સમુદ્ર ઉમડ્યો તેથી. **''ઇત રોક્યો યમુના ઉત ગોપિન કછુ એક ફેલ પર્યો ત્રિભુવનમેં''** (પરમાનંદદાસજી) એ એટલાકમાં તો ત્રિભુવન ડૂબી ગયું.

તો એટલા માટે કહે છે **તથાચ પ્રિયામુખેન્દુદર્શનેન ઉત્તરોત્તરમ્ અધિકવિકાસવત્ત્વમ્ ઇતઃ પૂર્વમ્ અતાદશત્વં ચ જ્ઞાપ્યતે.** જ્યાંસુધી પ્રિયાના મુખેન્દુના દર્શન નહોતા થયા, ત્યાંસુધી આ ભરતી પ્રભુના મુખમાં પણ આવી નહીં. **તેન પ્રિયસ્ય સર્વાસુ આસક્તિઃ સૂચિતા ભવતિ.** આટલા માટે એમને એક ભક્તને જોઇને નથી, અનેકવિધ ભક્તોના મુખને જોઇને પ્રભુના મુખમાં એ વિકાસ, પ્રફુલ્લિતતા જોવામાં આવે છે. એટલા માટે જેટલા પણ ભક્ત પ્રભુને જોવામાં આવે છે, એ બધામાં પ્રભુની પણ આસક્તિ સ્ફુટિત થઇ રહી છે. **અતએવ 'જલં' પદં વિહાય 'વન'પદમ્ ઉક્તમ્.** કેમકે બધામાં પ્રભુની આસક્તિ છે, એથી જલ ન કહીને વન કહ્યું. વન મતલબ બધા. જલ તો એકવાચી થાય અને વન તો સમુદાયવાચી હોય છે. કેમકે બધા ભક્તોમાં પ્રભુની પણ આસક્તિ છે. જેમ બધા ભક્તોમાં પ્રભુની આસક્તિ છે, એથી **વનરૂહાનનં વિભ્રદાવૃતમ્** કહ્યું. **તેન વને યા અવસ્થા તાં જ્ઞાપયિતું તાન્ ધર્માન્ વિભ્રદેવ આનનં દર્શયતીતિ ધ્વન્યતે.** તો કહે છે કે વનમાં જે બધી લીલા કરી, એ લીલાઓમાં જે-જે ભક્તોની જેવી રુચિ છે, એ રુચિઓના અનુસાર પ્રભુએ પોતાનો આનંદ પ્રદાન કર્યો છે.

**(મુહુ દર્શયન્ નઃ મનસિ સ્મર યચ્છસિ)**

ગાય જે ગોવાળોનું ધન, ગાયોની જે ધૂલિ એનાથી પ્રભુનું મુખારવિંદ પણ રજસ્વલ છે. મતલબ એનાપર પણ રજ ચમકી રહી છે. **મુહુશ્ચ પ્રદર્શયન્. મધ્યેમાર્ગ ગચ્છન્ ઉભયતઃ સ્થિતા ગોપીઃ પર્યાયેણ પશ્યતિ, અતો મુહુઃ પ્રદર્શનમ્** હવે આ પ્રકારે મુખારવિંદને એક વખત કોઇને જોઇ લેતા હોય, એવું નથી. જ્યારે પ્રભુ પધારી રહ્યા છે તો બંને બાજુ ભક્ત દર્શનોમાટે ઊભા છે. એક વખત આ બાજુ જુએ એક વખત એ બાજુ જુએ. આ બાજુ એ બાજુ બંને

બાજુ જોવા છતાંપણ, એવું નથી કે જોતા જોતા આગળ નિકળી ગયા પરંતુ પાછળ ફરીને પણ એક વખત જોઈ લે. આ પ્રકારથી ચતુર્વિધ દષ્ટિ પ્રભુની ચાલે છે એથી એક જ મુખારવિંદના પ્રભુ ફરી ફરી દર્શન કરાવે છે.

**અગ્રે ગચ્છન્ પુનઃ પુનઃ વ્યાધુટ્ય પશ્યતીતિ વા તથા.** જેમ સિંહ આગળ ચાલે અને ફરી પાછું જુએ તો એને સિંહાવલોકન કહેવાય છે. એમ આગળ જાય અને પાછળ પણ જોતા જાય. પાછળ જુએ એનાથી સિદ્ધ થાય કે એક વખત જુએ તો એ જિજ્ઞાસા કહેવામાં આવે પરંતુ પાછળ ફરીને જુએ એને ઉત્કંઠા કહેવાય છે. આપણે જઈ રહ્યા હોઈએ અને ક્રમથી આપણે એક વખત આ બાજુ જોઈએ, એક વખત એ બાજુ જોઈએ તો માણસ જિજ્ઞાસાવસ પણ જોઈ શકે છે પરંતુ જેને એક વખત જોઈ લીધું અને પુનઃ એક વખત પાછળ ફરીને જોવું, એમાં તો ઉત્કંઠા દ્યોતિત થાય છે. એ બીજીવખત જોવામાં ભક્તોને એ પ્રતીત થાય કે નહીં જેવું મારું મન પ્રભુમાં આસક્ત છે એવુંજ પ્રભુનું મન પણ મારામાં કાંઈક સ્પૃહાનુભૂત છે.

**તાદગ્દર્શનં સ્વાપેક્ષાજ્ઞાપકમિતિ સ્મરજનકમ્** પાછા જે ફરીને બીજીવખત જુએ છે એ બીજીવખત જોવામાં ગોપિકાઓના હૃદયમાં શૃંગારભાવનો ઉદય થાય છે. એક વખત જોવાથી તો કદાચ ન થાય કે શું છે? આ જાણકારીને માટે જુએ પરંતુ જ્યારે ફરીને બીજીવખત જુએ તો નિશ્ચય થઈ જાય કે નહીં, પ્રભુમાં ભક્તોના પ્રત્યે ઉત્કંઠા છે.

**નિરન્તર દર્શનેન તત્રૈવ રસાસ્વાદનમિતિ ન સ્મરોત્પત્ત્યવસરઃ સ્યાત્.** પરંતુ જ્યારે નિરંતર જુએ ત્યારે તો શૃંગારના ભાવ જાગે જ છે. એનું કારણ શું? નિરંતર જોવામાં તો બંનેમાં એકતાનતા આવી જાય. એકતાનતા આવી જાય તો બંનેમાં તૃપ્તિ આવી જાય. તૃપ્તિ આવી જાય તો શૃંગારના ભાવ જાગી ન શકે. થોડોક ટેરો આવી જાય. એક વખત પર્યાયથી જુએ અને પાછું એના પછી પાછળ ફરીને જ્યારે પ્રભુ જુએ છે તો શૃંગારના ભાવ જાગે છે. **ધનરજસ્વલં દર્શયન્ મુહુઃ મનસિ નઃ સ્મરં વીર! યચ્છસિ.** થઈ જાય. **અતો વારંવારં પ્રદર્શનં સ્મરાગ્નેઃ સંધુક્ષણમિવ ભવતિ.** જેમ હવા નિરંતર ચાલે તો અગ્નિ ઠરી જાય પરંતુ લહેરોમાં ચાલે હવા તો અગ્નિ ભડકી જાય. એકદમ લગાતાર હવા ચાલે તો એ અગ્નિને બુઝાવી નાખે. સંધુક્ષણ ન થાય જેને

વાસણપર કલાઈ ચઢાવવાવાળો રહી રહીને ધમણ કરે તો એમાંથી નિકળેલી હવા અગ્નિને બુઝાવે નહીં પરંતુ સરખી રીતે સળગાવી દે છે. આ પ્રકારથી આમના હૃદયમાં જે ભાવ છે, એનું પ્રભુ સંધુક્ષણ કરે છે. નિરંતર જો દર્શન આપે તો એકતાનતા આવી જાય. એકતાનતા આવી જાય તો સંધુક્ષણ ન થાય.

(હે વીર!)

**તાદૃશં કૃત્વા તત્પૂરણાર્થં તન્નિરાકરણાર્થં વા યુદ્ધમ્ અવશ્યં કર્તવ્યમ્.** આ તામસ છે ને! તો આને શું થાય કે જો એ પ્રકારથી સંધુક્ષિત કરીને તમે શૃંગારાગ્નિને પ્રજ્જ્વલિત કરી રહ્યા છો તો તમે વીર છો એટલા માટે તમે જ આને બુઝાવો. જો વીર છો તો આને બુઝાવો. આટલા માટે એ કહે છે **વીર યચ્છસિ. તત્સૂચયન્તિ વીર! ઈતિ. ધનેન રજસ્વલં ચ શ્રમસૂચકં ભવતિ, શ્રમનિવૃત્તિઃ ચ અસ્માભિરેવ.** આ રજ મુખારવિંદપર ચોંટે કેમ છે? કેમકે ગાય ચરાવતી વખતે જે શ્રમબિંદુ આવ્યા છે, એના કારણે રજ વધારે ચોંટી જાય. નહીંતર તો એટલી ન ચોંટે. કેમકે આ શ્રમ સૂચિત થયો. આ જે રજ મુખારવિંદપર લાગેલી છે આથી વનમાં જે ગાય ચરાવી છે એનાથી શ્રમ થયો, આ સૂચિત થયું. હવે આટલા શ્રાન્ત હોય તો એને એમ થાય કે અમે કેમ ન શ્રમ નિવારિત કરી દઈએ! **વનરૂહમ્ ઈતિ, વનએવ એતત્સર્વથા ભોગ્યમ્ અતો અત્રૈવ સમાગમનમ્. અનેન ગૃહે રતિં દાસ્યામીતિ પક્ષો વ્યાવર્તિતઃ બિભ્રદ્ ઈતિ.** અરે વચમાં યમુનાજી આવ્યા હતા. કેટલાય તળાવ આવ્યા હશે, જો ઈચ્છતા તો પોતાના મુખારવિંદને ધોઈ લેત. ફ્રેશ થઈને જાત. ફ્રેશ થઈને નથી આવ્યા તો જે કાંઈ પણ વનમાં શ્રમ થયો છે, એ બધા શ્રમચિન્હોને લઈને આવ્યા છો ખાલી એ જતાવવા માટે કે અમે શ્રાન્ત છીએ. જેમ માણસ ખાય અને ભોજન કર્યા પછી તૃપ્તિ જતાવે તો ભોજન પીરસવાની ઈચ્છા મરી જાય. ખાઈને ભૂખ જતાવે તો પીરસવાની ઈચ્છા થઈ જાય. આવીને કહે કે ‘‘પેટ ભરેલું છે,’’ આપણે કહેશું કે ‘ખાઓ’ તો કેટલું કહેશું કે ‘‘થોડુંઘણું ખાઈ લો’’ પરંતુ આપણને આવીને ભૂખ જતાવે તો પીરસવાની ઈચ્છા અધિક થાય. તો આ પ્રકારથી શ્રમ જતાવી રહ્યા છે. તો શ્રમનિવારણની ઈચ્છા થાય. શ્રમ ન જતાવતા હોત, ફ્રેશ થઈને આવત, આજકાલ ઘણો લોકો જાય ને! સ્ત્રીઓ પણ પર્સમાં પાઉડર રાખી લે, પોંછી પોંછીને ફ્રેશ થઈને આવી જાય તો શ્રમનો પ્રશ્ન

જ નથી. એવીજ રીતે યમુનાજલમાં પોતાનું મુખારવિંદ ધોઈને અને ફ્રેશ થઈને આવત, તો તો પછી મુખારવિંદપર કોઈ અપીલ(પ્રભાવ) તો રહે જ નહીંને! હવે કેમકે મુખારવિંદપર પ્રભાવ છે તો અમે અટેન્ડ્ કરી રહી છીએ.

**યદિ મુખસમાંર્જનં કૃત્વા સમાગચ્છેત્ તદા પ્રસન્નમુખદર્શનાદ્ જ્ઞાનં વા ભવેત્.** હવે ઠાકોરજીનું પ્રસન્ન મુખ દેખાયું હોત તો સ્નેહ ન થાત, જ્ઞાન થાત. ભગવાનનું પ્રસન્ન મુખ નહીં દેખાય તો કોનું દેખાશે! જ્ઞાન થઈ જશે કે પ્રભુ પ્રસન્નતાથી પધાર્યા છે. સ્નેહનો અવકાશ ન આવે. સ્નેહનો અવકાશ તો ત્યારેજ આવે કે જ્યારે શ્રાન્તિ જોવામાં આવે. સ્નેહની પરીક્ષા જ ત્યારે થાય કે જ્યારે આપણને કોઈ શ્રાન્ત દેખાય. જ્યારે કોઈ શ્રાન્ત જોવામાં આવે તો એનો શ્રમ દૂર કરવાની ઈચ્છા થાય. જ્યારે તમે પ્રસન્ન અને અમે પણ પ્રસન્ન તો બંને આત્મારામ જેવા એકઠા થયા. બંને ભેંસ જેવા દેખાય. એ આને જુએ અને આ એને જુએ. બંને સ્થિતપ્રજ્ઞ. **''સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ! સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમ્ આસીત વ્રજેત કિમ્''** (ભગ.ગીતા. ૨/૫૪). તમે પણ આત્મારામ અને અમે પણ આત્મારામ. પછી તો કોઈ વાત જ ન કરવી. કોઈ કોઈને અટેન્ડ્ જ ન કરે. તો આ સ્થિતપ્રજ્ઞતા જ્ઞાનનું લક્ષણ છે. સ્નેહનું લક્ષણ અલગ છે, ત્યાં પ્રજ્ઞા સ્થિત નથી થતી. ત્યાં સ્નેહના કારણે આપણી પ્રજ્ઞા ચલાયમાન થઈ જાય કેમકે અહીં શ્રમ જોવામાં આવે તો ત્યાં ઉદ્વેગ દેખાય કે શ્રાન્ત છે. જોવાવાળો દુઃખી થઈ જાય કે કેવીરીતે આના શ્રમનું નિવારણ કરવું? એકદમ સ્થિતપ્રજ્ઞ થઈને એ પણ આત્મતુષ્ટ આવે, તમે પણ આત્મતુષ્ટ અને અમે પણ આત્મતુષ્ટ. બંનેની પ્રજ્ઞા સ્થિત થઈ જાય. સ્નેહનો તો કોઈ પ્રસંગ રહી જ ન જાય, શ્રાન્ત ન દેખાય તો.

### (સ્નેહ અને પરિશ્રમનો વિચાર)

આટલા માટે જ આપણે ત્યાં સેવામાં સૌથી વધારે વિચાર પરિશ્રમનો કરવામાં આવ્યો છે. કારણ શું કે પરિશ્રમનો વિચાર થાય તો સ્નેહપૂર્વક સેવા બને. આપણે એનો ઉલટો અર્થ સમજી લીધો. એક સામાન્ય વાત બતાવું કે જેમ ઠાકોરજીને પરિશ્રમ થઈ જાય, તો આપણે ત્યાં સીરો ભોગ ધરીએ. કેવો સહજ ભાવ હતો એમાં કે બાળક રોઈ રહ્યો છે. તો આપણે ચોકલેટ મોઢામાં આપી દઈએ કે નહીં! બાળક ચુપ થઈ જાય. આપણે શું ઉલટું ચક્કર વિચાર્યું કે

ખૂબ પરિશ્રમ આપવો અને તપેલા ભરી ભરીને સીરો ભોગ ધરવો. તપેલા ભરીને સીરો ભોગ ધરવાથી તો બીજો વધારાનો પરિશ્રમ થઈ જાય. તપેલા ભરીને સીરો ભોગ ધરવાથી પરિશ્રમ દૂર ન થઈ જાય. ઘણા લોકો કહે કે ''અમે છપ્પનભોગથી પરિશ્રમ દૂર કરી દીધો.'' અરે છપ્પનભોગથી ઠાકોરજીનો પરિશ્રમ દૂર થોડો થઈ જશે! જે વખતે પરિશ્રમ થયો અને તે વખતે એ પરિશ્રમના કારણે તમારા ચિત્તમાં થોડોક પણ ઉદ્વેગ આવ્યો અને એ ઉદ્વેગના કારણે તમે એક નાનકડી કટોરી ગરમ ગરમ સીરો ભોગ ધરી દીધો તો પ્રભુના હૃદયમાં પણ આ આવે કે હવે અમારો પરિશ્રમ દૂર થયો.

અમારા કિશનગઢ દરબારના મહેલથી આગળ ૧૬ કિલોમીટર દૂર એક બીજો કિલ્લો છે. ત્યાં કિલ્લામાં દરબાર રહેતા અને અહીં કિલ્લામાં ઠાકોરજી રહેતા. રોજ સવારે ઘોડાપર ચઢીને શૃંગાર કરવા આવતા. ઉઠ્યા, મંજન કરવામાં થોડોક વિલમ્બ તો થઈ જ જતો હતો. હવે જ્યારે દરબારને ખબર પડી તો હુકમ કર્યો કે એક કલાક મોડું થાય તો એક છબડું પેંડાનો ભોગ ધરી દેવો. હવે પરિશ્રમનો સિદ્ધાંત અને પરિશ્રમ થાય તો સામગ્રી ધરવી. જ્યારે આ સિદ્ધાંત સમજમાં આવ્યો તો એક કલાક મોડા આવે તો એક છબડું પેંડાનો ભોગ ધરી દે. હવે મનને ખુલાસો મળી ગયો કે પેંડા તો ભોગ આવી રહ્યા છે ને! ચાલો એક વધારે કામ કરી લઈએ તો એક છાબડી વધારે ભોગ ધરી દેશું. મનને ખુલાસો તો આવી રહ્યો છે ને! એક છબડી પેંડા ધરવાથી એક કામ કરવાની છૂટ લીધી તો મન ત્રણ કામ કરવાની છૂટ લઈ લે કે ચાલો ત્રણ છબડી ભોગ ધરી દો. હવે જ્યારે છબડીપર છબડી આવવા લાગી ગઈ તો મુખિયાજીએ કહ્યું કે ''મહારાજ આપ તો રાજા છો, ચાહો એટલા પેંડાના છબડા ભોગ ધરી શકો છો પરંતુ આનાથી પરિશ્રમ ઘટી નથી રહ્યો, વધી રહ્યો છે.''

આપણા સ્નેહની જે સ્વાભાવિકતા, સહજતા, કોમલતા હતી, એ ખોઈ નાખી અને પરિશ્રમનો અસ્વાભાવિક વિચાર કરી લીધો. આવીરીતે પરિશ્રમ નિવારણ નથી થતો. વસ્તુતઃ જે વખતે આપણને લાગે કે પ્રભુને પરિશ્રમ થઈ ગયો અને તે વખતે સીરાનો કટોરો કે બીજું કાંઈપણ જેમાં બાળકને મજા આવે, એવું કાંઈક પ્રભુને ભોગ ધરવું જોઈએ અને એનો ઉદ્વેગ

આપણા ચિત્તમાં પણ થવો જોઈએ. હુકમનામાના અનુસાર એક કલાક મોડું થાય તો એક છબડી ભોગ ધરી દો તો ન તો આપણા ચિત્તમાં કોઈ ઉદ્વેગ થઈ રહ્યો છે અને ન તો ઠાકોરજીનો પરિશ્રમ દૂર થઈ રહ્યો છે. પરંતુ ઠાકોરજીને બીજો અધિક શ્રમ થઈ રહ્યો છે. કેમકે મન પછી સહારો શોધવા લાગી જાય. એક છબડી બીજી આપી દેજો. એક છબડી બીજી આપી દેજો. મનમાં એક કામ કરવાની જ ઈચ્છા થોડીજ થાય. પછી તો એકની સાથે બે કામ બીજા કરી લો. આ પ્રકારથી છબડા ભોગ ધરવા લાગી જઈએ તો અસ્વાભાવિકતા થઈ જાય.

પરિશ્રમનો વિચાર તો બહુજ આવશ્યક છે પરંતુ એ સ્વાભાવિક હોવો જોઈએ. આવશ્યક પણ અને સ્વાભાવિક પણ હોવો જોઈએ. જેમ ભોજન બહુ સ્વાભાવિક છે, આવશ્યક છે. સ્વાભાવિક હોય તો આવશ્યક છે. કોઈ અસ્વાભાવિક ભોજન કરવા લાગી જાય તો! બેદાના સમજીને બે બોરી મટર ખાઈ ગયા. આમાં તો પરિશ્રમ વધી જ જશે, ઘટશે નહીં. પરિશ્રમનો વિચાર આવશ્યક હોવો જોઈએ અને સ્વાભાવિક હોવો જોઈએ, અસ્વાભાવિક નહીં. અસ્વાભાવિકનો વિચાર કરીએ ને, તો એ વિડંબના થઈ જાય. પછી સ્નેહ નથી રહી જતો, રૂટીન થઈ જાય. રૂટીનમાં પછી શ્રમનું નિવારણ પણ ન થાય અને અધિક વધી જાય છે. આપણને ખબર ન પડે પરંતુ યૂરોપના ઓફિસના જે કાયદા છે, એમને તમે પૂછો. એ બધાને તાલીમ આપવામાં આવે. જેમ રિસેપ્શનિસ્ટને બતાવવામાં આવે કે કોઈ આવે તો કેવીરીતે એનું સંબોધન કરવું, કેવીરીતે હસીને બેસાડવા વગેરે. એ હસવાના કારણે એના મનમાં ટેન્શન આવે, હસવું બહુ સારી વસ્તુ છે પરંતુ દરેક વખતે ઓફિશિયલ વે માં જે પણ આવે હસીને બોલવું સત્કાર કરવો. હવે જ્યારે આ બધું ઓફિશિયલ રીતથી કરવામાં આવે તો પણ ટેન્શન આવે છે જ્યારે કે હસવાથી ટેન્શન દૂર થાય છે. એમ જ્યારે તમે ઓફિશિયલ હસવાનું હસો તો એનાથી એક અલગ પ્રકારનું ટેન્શન થાય છે અને એ ટેન્શન પછી હસવાથી દૂર નથી થઈ શકતું. એ માણસ રોવે છે કે ''ક્યાં ફસાઈ ગયો.'' એ ટેન્શન હસવાથી દૂર નથી થઈ શકતું કેમકે એ અસ્વાભાવિક હંસી છે. આપણને જોઈને રિસેપ્શનિસ્ટ જે હસે છે, એ અસ્વાભાવિક હંસી છે, એ પ્રસન્નતાની હંસી નથી. એ આર્ટિફિશિયલ

(બનાવટી) હસી છે. એનાથી ટેન્શન દૂર નથી થતું. એવીજ રીતે અસ્વાભાવિક પરિશ્રમના વિચાર સ્નેહસૂચક નથી. ફોરમેલિટી(ઔપચારિકતા) છે. સ્વાભાવિક પરિશ્રમનો જ્યાં વિચાર છે, ત્યાં સ્નેહ રહેલો છે અને એ આવશ્યક છે. સેવામાં આટલાજ માટે પરિશ્રમના વિચારપૂર્વક સેવા કરવામાં આવે છે. પ્રભુને કોઇ જાતનો પરિશ્રમ ન થાય. શીતકાલ છે તો કેવો પરિશ્રમ કે ''પ્રભુને ઠંડી લાગી રહી હશે.'' પ્રભુને ન પણ લાગતી હોય પરંતુ આપણા હૃદયમાં જો પરિશ્રમનો વિચાર આવી રહ્યો છે, તો આપણા હૃદયમાં એ સ્નેહનો પરિચાયક છે. આપણા હૃદયમાં પરિશ્રમનો વિચાર ન આવી રહ્યો હોય અને પ્રભુને પરિશ્રમ થાય છે, એવું માનીને તમે ચાલો તો એ અસ્વાભાવિક છે. ગદલ પણ ધરાવી દો એનાથી કાંઇ ફરક નહીં પડે. કેમકે તમારા હૃદયમાં એવો કોઇ વિચાર તો છે નહીં. ફોરમેલિટીમાં તમે ઠાકોરજીને ગદલ ધરાવી રહ્યા છો. આપણા હૃદયમાં પરિશ્રમનો વિચાર મુખ્ય છે. એની ચકાસણી કેવીરીતે થાય કે આપણા હૃદયમાં ઉદ્વેગ થાય છે કે નહીં? આપણા હૃદયમાં થતું હોય કે આજે તો ભોગ ધરવામાં વસ્તુતઃ વિલંબ થઇ ગયો, ત્યારે તો પ્રભુને પરિશ્રમ થયો પરંતુ આપણા મનમાં તો ઉદ્વેગ થાય નહીં કે વિલંબ થયો. અગીયાર વાગે ભોગ આવવા જોઇતા હતો, સાડાઅગીયાર વાગી ગયા. ચાલો એક કટોરો સીરાનો ધરી દો. તો એ પરિશ્રમનો ભોગ નથી. પરંતુ મોટાભાગના મંદિરોમાં આ જ પ્રથા ચાલે. બધી જાતના પરિશ્રમ આપે. આપણે પણ જઇ જઇને માગીએ, આ કામના પૂરી કરો, આ કામના પૂરી કરો, પ્રભુ આપને પરિશ્રમ થયો એટલા માટે એક મનોરથ કરાવી દેવો. તમે આ બધો પરિશ્રમનો વિચાર જ ક્યાં કર્યો! જાણીજોઇને પરિશ્રમ આપો અને પછી એનો મનોરથકરીને પરિશ્રમનું નિવારણ કરો, એમાં આનંદ નથી. આ સ્નેહનું સૂચક નથી. આ ફક્ત વ્યવહારનું સૂચક છે.

આટલા જ માટે કહે છે **પ્રસન્નમુખદર્શનાદ્ જ્ઞાનં વા ભવેત્** પ્રભુનું જો પ્રસન્ન મુખ જોઇએ, તો જ્ઞાન થઇ જાય પરંતુ પરિશ્રાન્ત મુખ દેખાય, મુખારવિંદપર કાંઇક પરિશ્રમ નજરે આવી રહ્યો છે, એના કારણે સ્નેહ ઉત્પન્ન થઇ રહ્યો છે. જો સ્નેહ ન હોય તો માણસને પરિશ્રમ દેખાય જ નહીં. માણસ થાકેલો અને આપણને પરિશ્રમ પણ દેખાઇ રહ્યો છે, જેમ એક નોકર છે, એ બિચારો મજૂર સવારથી માંડીને સાંજ સુધી કેટલું કામ કરે, એના ચહેરાપર શું

થાકના ભાવ નજરે નહીં પડતા હોય! ધ્યાનથી જોશો તો એના ચહેરાપર થકાનના ભાવ નજર આવશે પરંતુ એના પ્રત્યે આપણા હૃદયમાં સ્નેહ નથી, તો આપણને એના ચહેરાપર થકાન ક્યારેય દેખાય જ નહીં. ઘોડાને કેટલો ચાબુક મારી મારીને ભગાવીએ પરંતુ મનમાં ક્યારેય થાય કે ઘોડો થાકી ગયો હશે! બળદને કેટલા હંટર મારે અને દોડાવે. ક્યારેય આપણને દેખાય છે કે ઘોડો થાક્યો હશે કે નહીં! બળદ થાક્યો હશે કે નહીં! આપણને ઘોડા પ્રત્યે સ્નેહ નથી. આપણને બળદના પ્રત્યે સ્નેહ નથી પરંતુ જો કોઈ આપણો માણસ દોડે કે ચાલે પણ તો થોડીક વારમાં આપણને એના મુખપર શ્રમ દેખાવા લાગી જાય કે થાકી ગયો. કેમ? એ દેખાય અને આપણને બીજાના ચહેરાપર કેમ ન દેખાય? આપણે આમ માનીને ચાલીએ છીએ કે આ તો એનો ધંધો છે, આને શું થાકવું અને ન થાકવું! પરંતુ જો થોડોક પણ સ્નેહ છે તો આપણને લાગે કે થાકી ગયો હશે. આને આરામ આપો. સ્નેહ હોય તો આપણને સમજમાં આવે અને સ્નેહ ન હોય તો આપણને સમજમાં ન આવે. હવે જુઓ બિચારા ઘોડાને આપણે કેટલો ભગાવીએ? થોડોક ધીમો ચાલતો હોય તો ચાબુક મારી મારીને જડપથી ચલાવીએ. કેમકે આપણા હૃદયમાં એના પ્રત્યે સ્નેહ છે જ નહીં. પરિશ્રમ જે દેખાય છે એ સ્નેહના કારણે દેખાય છે બાકી નહીંતર તો પરિશ્રમ ન દેખાય. મતલબ જાનવરની વાત તો દૂર રહી, ગાડીના જે શોખીન છે એમની ગાડી જ્યારે ગરમ થઈ જાય, તો એ પણ નર્વસ થઈ જાય કે અરે ગાડી ગરમ થઈ ગઈ. જે ગાડીના શોખીન નથી, ગમેતેમ મારીપીટીને ગાડી ચલાવવી જેને આવડે છે, એ ગાડી ગરમ પણ થઈ જાય તો ચલાવતા જ રહે છે, પરવા નથી કરતા. એમને ગાડીના પ્રત્યે લગાવ જ નથી. ખુદની ગાડી હોય, નવી નવી ગાડી લીધી હોય, અમે જોયું. એકની સાથે ફરવા ગયા. પતિ પત્ની બંનેએ નવી ગાડી લીધી. અમને પણ કહ્યું કે "આપ પણ ચાલો મહારાજ." અમે કહ્યું કે "અચ્છા ચાલો." હવે એ ગાડી પત્નીની હતી. ગાડી પત્નીએ લીધી હતી. પતિ હાંકી રહ્યો હતો. તો એ દર વખતે એને કહે કે "અરે જોઈને હાંકો, સંભાળીને હાંકો." હવે આટલા સૂચનો આપ્યા કે પતિ ગભરાઈ ગયો. જે દિવસે ગાડી લીધી એજ દિવસે પાછળથી કોઈએ ટાયરના ઉપરના ભાગપર કોઈએ ટક્કર મારી દીધી. હવે ગાડી છોલાઈ કે અમારી સામે જ બંનેમાં ઝઘડો શરુ થઈ ગયો. એ કહી રહી હતી કે "હું પહેલાથી જ કહી રહી હતી કે ગાડી

બરાબર હાંકો પરંતુ તમે બરાબર ન હાંકી.'' હવે એ કહે કે ''લાગી ગઇ તો લાગી ગઇ ટક્કર, નવો રંગ કરાવી લેશું.'' રંગ તો લાગવાનો જ હતો. રંગ નહોતો લાગવાનો એવી વાત તો હતી નહીં. રંગ તો મળતો જ હતો પરંતુ ગાડીના પ્રત્યે રહેલો સ્નેહ ઝઘડો કરાવે. આ તો નિર્જીવમાં માણસનો વ્યવહાર આવો છે. જ્યાં સજીવ માને ત્યાં કેટલું વ્યવહારમાં પરિવર્તન આવી જાય? હવે જે પરિવાર બે બે ગાડી રાખી શકે તો શું એ એક ઘસરકાને સરખો ન કરાવી શકે, પરંતુ ઝઘડો કેમ થાય? ઘસરકાનો ઝઘડો નથી થતો પરંતુ એ સ્નેહનો ઝઘડો થાય. હૃદયમાં રહેલા સ્નેહના કારણે એવું લાગે કે જાણે છોકરાને ચોટ લાગી ગઇ હોય. આટલી કોમળ ભાવના માણસ ગાડીના પ્રત્યે રાખી લે. સ્નેહ હોય તો ગાડીને પરિશ્રમ થઇ ગયો. જ્યારે સ્નેહ ન હોય તો ઘોડાને પણ આખો દિવસ દોડાવો, કોઇ પૂછે નહીં કોઇ જાણે નહીં. નોકર આખો દિવસ કામ કરતો રહે તો આપણને ક્યારેય વિચાર ન આવે કે આપણે પૂછીએ આ ગરીબને કે ''ભઇ તું થાકી ગયો છે કે નથી થાક્યો?'' કેમ? એના પ્રત્યે સ્નેહ નથી. આપણે પગાર તો આપીએ જ છીએ, પછી શામાટે પૂછવું? પગાર આપીએ તો કામ કેમ ન કરે? થાકવાનું શું? આપણા મનમાં આવી ગણત્રી રહે. આપણે વ્યવહાર જાણીએ છીએ પરંતુ આપણે સ્નેહ નથી જાણતા. સ્નેહ જાણીએ તો પરિશ્રમ દેખાય, દેખાય અને દેખાય જ છે. તો પરિશ્રમ સ્નેહના કારણે દેખાય છે અને સ્નેહના કારણે પછી શ્રમનું સંધુક્ષણ થાય છે. આ નિયમ છે અને જ્યાં પરિશ્રમ ન દેખાતો હોય, ત્યાં સમજી જવું કે ત્યાં ફક્ત જ્ઞાન છે, ફક્ત વ્યવહાર છે પરંતુ સ્નેહ નથી. મતલબ ભગવાનની બધી પૂજા મર્યાદામાર્ગમાં પણ કરવામાં આવે, આપણે ત્યાં સેવા એવી વસ્તુઓથી થોડી કાંઇ કરવામાં આવે કે જે દુનિયામાં મળતી ન હોય. એજ અન્ન, એજ ફળ, એજ ફૂલ અને એજ જલ અને એજ વસ્ત્ર આપણે પણ સેવામાં વાપરીએ છીએ. એજ અન્ન ફલ ફૂલ વસ્ત્ર મર્યાદામાર્ગીય પૂજામાં પણ વાપરવામાં આવે છે. અંતર કેટલું છે કે ત્યાં પૂજામાં વાપરવામાં આવે, વ્યવહારના રૂપમાં. આપણે ત્યાં શું છે કે એજ બધી વસ્તુ પરિશ્રમના વિચારથી કરવામાં આવે. એક પરિશ્રમનો વિચાર, દરેક વાતને બદલી નાખે છે. સ્નાન કરાવવું એટલે કરાવવું. એક આ અત્યારે શીતકાલ છે, તેથી સોહાતા જલથી સ્નાન કરાવવું. ઉષ્ણકાલ છે તો શીતલ જલથી સ્નાન કરાવવું. આ પ્રકારનો પરિશ્રમનો વિચાર કરીને સ્નાન કરાવો. એજ ક્રિયા

સ્નેહની સેવા થઈ ગઈ. ફૂલ આવ્યા તો ઠાકોરજીના માથે પધરાવો. જલ આવ્યું તો **"નૈવેદ્યં સમર્પયામિ, જલં સમર્પયામિ."** તો એ પણ સેવા જ છે પરંતુ એ સેવા સ્નેહના કારણે નથી. કેમકે એમાં પરિશ્રમનો વિચાર નથી, ફક્ત વ્યવહારનો વિચાર છે કે નૈવેદ્ય સમર્પિત કરવું જોઈએ. નહીં કરીએ તો પાપ લાગી જશે. એમાં પાપનો વિચાર છે, ભયનો વિચાર છે પરિશ્રમનો વિચાર નથી. કોઈ પણ સેવા કરો, જો પ્રભુના પરિશ્રમના વિચારથી કરશો, તો એ તમારા સ્નેહનું થર્મામીટર છે. જે વખતે તમારા હૃદયમાં પ્રભુને પરિશ્રમ થઈ રહ્યો છે, આ ભાવ જાગ્યો તો તમારા સ્નેહના થર્મામીટરમાં પારો ચઢ્યો. જો તમારા હૃદયમાં પ્રભુના પરિશ્રમનો વિચાર નથી અને બધી ક્રિયા ગોખી લીધી, આઈટમવાઈજ એક્સપર્ટ થઈને બધી સેવા કરી દીધી એક્સપર્ટ હોવું સેવા નથી.

હું અવારનવાર એક વાત કહું છું કે "નર્સ બાળકની દેખરેખ કરવામાં એક્સ્પર્ટ હોય છે પરંતુ માઁ નથી હોતી." માઁ પોતાના બાળકની થોડીઘણી ઉપેક્ષા પણ કરતી હશે, બાળકને એટેન્ડ કરવામાં નર્સની જેમ એટલી એક્સ્પર્ટ નહીં હોય પરંતુ બાળક રોવે ત્યારે માઁ નું જે દિલ દૂખાય છે, એ નર્સનું દિલ નહીં દૂખાય. યદ્યપિ નર્સ બાળકને માઁ ની સરખામણીમાં સારીરીતથી એટેન્ડ કરી શકે છે. માઁમાં અને નર્સમાં એક મૌલિક અંતર છે અને એ અંતર આ છે કે એ નર્સ એક્સપર્ટ છે પરંતુ બાળકનું પોષણ કરવામાં એનું દિલ નથી દૂખાતું. બાળકના પરિશ્રમનો એમાં વિચાર નથી. માઁ ભલે એક્સપર્ટ ન હોય, ભલે ફૂહડ જ હોય પરંતુ એને બાળકના રોવામાં એના પરિશ્રમનો વિચાર છે. અહીં આવીને બધી વાત બદલાઈ જાય છે. બાકી ક્રિયામાં તો કાંઈ બદલતું નથી. ફૂહડ માઁ પણ માઁ જ છે.

આટલાજ માટે આચાર્યચરણ કહે છે **"મૂઢાઅપિ વૈષ્ણવાઃ વિષ્ણુગતિં જાનન્તિ નતુ અત્યન્ત નિપુણાઅપિ અવૈષ્ણવાઃ"** (ભાગ.પુરા. ૧૦/૨૭/૧૦). મૂઢ પણ જો વૈષ્ણવ છે તો એ વિષ્ણુની ગતિ જાણશે. અત્યંત નિપુણ છે પરંતુ અવૈષ્ણવ છે તો વિષ્ણુની ગતિ એને ખબર નહીં પડે. એ વધારેમાં વધારે નર્સ બની જશે. અટેન્ડ કરી લેશે, રોતો હશે તો મોઢામાં એક દૂધની બાટલી ખોંસી દેશે પરંતુ બાટલી મોઢામાં ખોસવામાં એની મમતા નહીં હોય. માઁ બોટલ મોઢામાં ખોંસશે નહીં પરંતુ મોઢામાં રાખશે. ક્રિયા તો

એક જ છે પરંતુ એના નામ જુદા જુદા થઈ જાય. એ એવું નથી ઈચ્છતી કે રોતો બંધ થઈ જાય પરંતુ એ એવું ઈચ્છે છે કે જે કારણથી રોઈ રહ્યો છે એ કારણ ખતમ થઈ જાય. માઁના હૃદયમાં બોટલ ખોસવાની ભાવના અને નર્સ કે આયાના હૃદયમાં બોટલ ખોંસવાની ભાવનામાં બહુજ અંતર છે. માઁમાં પરિશ્રમનો વિચાર છે અને આયામાં ક્રિયાનો વિચાર છે. આટલાજ માટે પ્રભુ પણ ભક્તના ભાવને અનુરૂપ ભક્તમાં સ્નેહ જાગે, એનામાટે પોતાના મુખારવિંદપર બધા પરિશ્રમના ચિન્હોને લઈને પધારે છે. બનાવટી રીતે પોતાના મુખારવિંદને ધોઈને પોતાનો પરિશ્રમ છૂપાવવા નથી માગતા. પ્રભુ પરિશ્રાંત છે તો આપણને પરિશ્રાંત દેખાડે છે. નહીંતર આપણે ઘરમાં ઘુસીએ ત્યારે રુમાલ લઈને મોઢું પોંછીને ફ્રેશ થઈને ઘુસીએ છીએ. મોટાભાગે લોકો કરે ને કે ખીસામાંથી રુમાલ કાઢીને મોઢાને પોંછીને ઘરમાં ફ્રેશ થઈને ઘુસે. આ પ્રકારથી પણ થઈ શકે છે અને એ ક્યાં થઈ શકે છે? ક્યારેય કોઈ પોતાના ઘરમાં રુમાલથી મોઢું પોંછીને ઘુસે છે! ઓફિસથી તમે ઘેર જાઓ તો રુમાલથી મોઢું પોંછીને ઘુસો છો? નહીં. બીજાના ઘરમાં જવું હોય તો આપણે તેના ઘરમાં મોઢું પોંછીને જઈએ. બીજાને શામાટે આપણો પરિશ્રમ બતાવવો! આપણા ઘરમાં આવતા હોઈએ તો પસીનાના ટીપા વધારે ચમકે તો સારું લાગે. કમસે કમ ઘરવાળા પૂછે તો ખરા કે શરબત પીશો, ઠંડુ પીશો, શું પીશો?

આટલાજ માટે પ્રભુ પણ બનાવટી ફ્રેશ થઈને વ્રજમાં પ્રવિષ્ટ નથી થતા. હવે જે કાંઈપણ પરિશ્રમના ચિન્હ એમના મુખારવિંદપર પ્રકટ થયા છે, એ ચિન્હોની સાથે આવે છે જેથી કે જેને એટેન્ડ કરવાના છે તો એ પ્રભુને પ્રોપરલી અટેન્ડ કરે કે આખો દિવસ ગાય ચરાવ્યા પછી બહુ પરિશ્રમ થયો છે.

**(વ્રજરજ અને પ્રભુનું મુખારવિંદ)**

**ધનસમ્બન્ધિ રજઃ ઈતિ કામએવ, નતુ ક્રોધઃ. યથા પાત્રં ધૃત્વા તત્સ્થિતમ્ અન્નં ભોગાર્થ દીયતે તથા મુખં ધૃત્વા તત્રત્યો રસઃ કામાત્મા મનસિ સ્થાપ્યતે ઈતિ મુખધારણસ્ય હેતુત્વમ્** અને આ ગોરજ પ્રભુએ મુખારવિંદપરથી ધોઈ નથી, તો એથી આ પણ સૂચિત થાય છે કે ગાય ચરાવવામાં પ્રભુને કોઈ ખીજ કે ક્રોધ નથી. શ્રમ તો છે પરંતુ ક્રોધ નથી. કેમકે ક્રોધ થયો હોત તો આ લીલા શામાટે કરત!

## (આધુનિકદૃષ્ટિ અને સ્નેહદૃષ્ટિ)

હું એક વાત બતાવું, અમારા દાદાજી, અમે જ્યારે નાના હતા ત્યારે વ્રજમાં કોઈના ઘરમાં ગયા. જેના ઘરે જઈને રોકાણા એના ઘરમાં એક વ્યક્તિ પ્લેન ચલાવવા માટે દિલ્લીમાં રહેતો હતો. જે દિવસે દાદાજી પહોંચ્યા એજ દિવસે એ વ્યક્તિ ત્યાં આવ્યો. દાદાજીએ એને સ્નેહવશ એમજ પૂછ્યું ''કેમ બેટા અહીં નથી રહેતો! દિલ્લીમાં રહે છે.'' તો એણે કહ્યું કે ''અહીં ધૂળબૂળ બહુ ઉડે અને કંટાળો આવે છે, કોણ અહીં રહેવાનું પસંદ કરે! હું તો દિલ્લી રહું, સાફ સુથરું તો છે.'' હવે દાદાજીએ કહ્યું કે ''હવે આ ઘરમાં ન રહેવાય, ભાગો અહીંથી. વ્રજની રજને ધૂળ કહે!! તો આપણે નથી રહેવું.'' મોટાભાઈએ બહુજ સમજાવ્યા કે ''નહીં નહીં એ દિલ્લીમાં પ્લેન ચલાવે છે એથી રહે છે.'' દાદાજીએ કહ્યું કે ''તારી વાત તો મને સમજમાં આવે છે કે પ્લેન ચલાવવા માટે દિલ્લીમાં રહે છે, પરંતુ આણે એમ કહ્યું કે અહીં ધૂળબૂળ ઉડે એટલે દિલ્લીમાં રહે છે.'' બધો સામાન બાંધીને સવારે પહોંચ્યા અને સાંજે પાછા ફરીને નિકળી ગયા. વ્રજરજને ધૂળ કહે!!! ક્રોધ આવે એથી વ્રજરજ ધૂળ લાગે. સ્નેહ થતો હોય તો ધૂળ પણ રજ લાગે છે બસ અંતર આટલું જ છે. આપણને વ્રજરજમાં ક્યારેય એવો ભાવ નથી આવતો કે ''આ ધૂળ છે.'' આ તો આધુનિક જ્ઞાનની આંખમાં ધૂળ હોય છે, નહીંતર આવી બુદ્ધિ થાય. આપણને તો ધૂળમાં પણ વ્રજરજની બુદ્ધિ થાય છે. કેમકે આપણે એના પ્રત્યે સ્નેહ છે, ભક્તિ છે. તો આ જ પ્રકારથી પ્રભુએ પોતાના મુખ પર જે રજ ધારણ કરી રાખી છે, એમાં પ્રભુનો સ્નેહ જ પ્રકટ થઈ રહ્યો છે, ક્રોધ પ્રકટ નથી થઈ રહ્યો. કેમકે જો ક્રોધ પ્રકટ થાત તો યમુનામાં ન્હાઈ લેત, તળાવ હતા જ, અરે મોઢે ક્યાં રજ લાગી ગઈ કહીને મોઢું ધોઈ લેત પરંતુ એ રજને પોતાના મુખારવિંદપર ધારણ કરવાથી પ્રભુનું પણ તત્સુખ છે, પરિશ્રમ છે તો સુખ પણ છે. પરિશ્રમમાં પણ સુખ તો છે જ ને! એવું તો નથી કે બધું સુખ પરિશ્રમના નિવારણમાં જ નિહિત છે. કાંઈક સુખ પરિશ્રમમાં નિહિત છે અને કાંઈક સુખ પરિશ્રમના નિવારણમાં નિહિત(સમાયેલું) છે. આ વાતને પણ તો સમજવી જોઈએ ને. માણસ કસરત કરે તો પરિશ્રમ છે કે નથી? કસરત કરવાથી તમને ખબર પડે કે આમાં સુખ છે. સુખ ખાલી પડ્યા રહેવામાં જ નથી કે ''પંછી કરે ના ચાકરી અજગર કરે ના કામ. દાસ મલૂકા કહ ગયે સબકે દાતા રામ'' પડ્યા રહેવામાં જ સુખ છે. પરિશ્રમમાં પણ કાંઈક સુખ છે. કાંઈક

પરિશ્રમના નિવારણમાં પણ સુખ છે. સુખ સર્વત્ર છે. આ પ્રકારથી પ્રભુને ગોચારણમાં જે પરિશ્રમ થયો છે, એમાં પણ કાંઈક સુખ છે, એ વાતની નિશાનીના રૂપમાં પ્રભુએ એને ધોઈ નથી, આ વાત કહી રહ્યા છે.

જેમ કોઈને ભોજન કરાવવું હોય તો પીરસવાનું એક પાત્ર હોય. એવું આ જે પ્રભુનું મુખારવિંદ છે એ શૃંગારભાવનું પાત્ર છે. આ મુખારવિંદરૂપી પાત્રથી બધાના મનરૂપી કટોરામાં પ્રભુ શૃંગાર ભાવ ભરે છે. જેમ કડછી હોય કે મોટા મોટા ભોજ હોય તો ચૌગડા દુગડા થી શાક વગેરે પીરસવામાં આવે, તો આ પ્રકારનું પ્રભુનું મુખારવિંદ શૃંગારભાવ પીરસવામાં મનરૂપી પાતળો પર એક કમંડળ જેવું છે. એટલા માટે પ્રભુએ પોતાના મુખારવિંદની એ શોભા યમુનાજલમાં ધોઈને મિટાવી નથી દીધી, એની પાત્રતા બનાવી રાખી અને એ પ્રકારનું મુખારવિંદ રાખવાનો નિર્વાહ પ્રભુએ કર્યો છે.

**અતો ભોગાર્થં દત્ત ઈતિ ભોગઃ કરણીયઃ. અયં કામ આગન્તુક ઈતિ ન અસ્ય અન્યેન પૂરણં ભવતિ.** આ પ્રભુએ પોતાના મુખારવિંદથી વ્રજભક્તોને જે કામભાવ કે શૃંગારભાવ પીરસ્યો છે, એનો જે ભોગ છે એ સિવાય જ્યાં સુધી પ્રભુ સ્વયં ન આવે ત્યાં સુધી કરી નથી શકતા, આનું આસ્વાદન કરી નથી શકતા, આ તો પ્રભુ કરે ત્યારે જ થઈ શકે છે. એટલા માટે કહ્યું **દિનપરિક્ષયે... સ્મરં વીર યચ્છસિ.** ।।૧૨।।

***

## ॥ શ્લોક : ૧૩ ॥

**ઉત્થાનિકા :**

**તતઃ ઉત્તમા અનન્યપૂર્વાવત્ સ્તનયોઃ ચરણધારણં પ્રાર્થયન્તિ પ્રણત ઈતિ. અતએવ ન પૌનરુક્ત્યં પરં પૂર્વાપેક્ષયા અત્ર ચરણમાહાત્મ્યમ્ અધિકં-ગુણાધાયકમ્ એતત્ પૂર્વન્તુ દોષનિવર્તકમ્.**

**વિવરણમ્ :**

કુમારિકાઓને અહર્નિશિ ભગવાનના સંયોગાનુભવને કારણે, દિવસ એટલો ખરાબ નથી લાગતો. શ્રુતિરૂપા ગોપિકાઓને આ સ્થિતપ્રજ્ઞ જેવો ભાવ છે. **''યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશાઃ પશ્યતો મુનેઃ''** (ભગ.ગીતા.૨/૬૯) વાળો ભાવ છે. જેમાં દુનિયા જાગે તેમાં એને સૌથી વધારે કંટાળો આવે. પછી સુઈ જાય. યદ્યપિ કેવીરીતે સુતી હશે! આંખ મીંચીને સુતી હશે, એ જરુરી નથી. આ ધ્યાનની નિદ્રામાં સુઈ રહે. અહર્નિશ આમનું ધ્યાન, આખો દિવસ આમનું ધ્યાન પ્રભુની વનમાં કેવા પ્રકારની લીલાઓ હશે! એમાં લાગેલું રહે. તો વનલીલાનો અનુભવ આમને થાય નહીં. બધી અનન્યપૂર્વા છે. વિવાહિતા છે. ઘરના કામકાજમાં લાગેલી રહે છે. આથી દિવસ કેવીરીતે વીતે? આ વાતની આમની બહુ ભારે મહત્ત્વાકાંક્ષા છે કે દિવસ કથંચિત વીતે. ખરેખર વાત કુમારિકાઓએ છેડી હતી. **'ચલસિ યદ્ વ્રજાત્... કાન્ત ગચ્છતિ'**. વ્રજમાંથી જાય છે અને અમને ખેદ થાય છે. આ એમણે વાત છેડી હતી. એમણે સવારની પ્રાતઃકાલની વાત છેડી હતી અને એમને દુઃખ આ વાતનું ન હતું કે વનમાં શામાટે જાય છે. એમને દુઃખ આ વાતનું હતું કે શિલતૃણાંકુરોપર પોતાના ચરણ સ્થાપિત શામાટે કરે છે. કમલ કોમલ ચરણ શિલતૃણાંકુરોપર શામાટે સ્થાપિત કરે છે! એમને રોષ આ વાતનો હતો કે એ સ્થાપિત કરવામાટે પ્રભુ જાય ત્યારથી એમનું દુઃખ શરુ થાય છે. આ વાત છેડી તો આ શ્રુતિરૂપા ગોપિકાને યાદ આવ્યું કે પ્રભુ જાય છે એનો તો ખેદ થાય જ છે, જાય ત્યારથી તીવ્ર વિપ્રયોગના કારણે ધ્યાનાત્મિકા સ્થિતિ તો પ્રાપ્ત થઈ જ જાય છે. તેથી ધ્યાન કરતી રહે.

આચાર્યચરણ કહે છે **''અન્તર્નિષ્ઠા વિરહો વા તાસામ્ નાન્યા કાચિદ્ અવસ્થા''** (સુબો.૧૦।૪૪/૪૭।૫૮) ક્યારેક અંતર્નિષ્ઠા થાય, મતલબ ક્યારેક

હૃદયપર ધ્યાન આપે, તો ભગવલ્લીલાના દર્શન થાય, ક્યારેક આંખ બહારની વસ્તુઓપર ચાલી જાય તો પાછો વિપ્રયોગ થવા લાગી જાય. જેટલો સમય હૃદયપર ધ્યાન જાય એટલો સમય, મતલબ જ્યાંસુધી ધ્યાનમાં એ ડુબકી લાગેલી રહે ત્યાંસુધી તો વિસ્મૃતિ જેવું થઈ જાય. વિસ્મૃતિ તો ન થાય પરંતુ વિસ્મૃતિ જેવું થઈ જાય કાંઈક. કેમકે ધ્યાન લાગી જાય. ત્યાં ધ્યાનમાં વનમાં કઈ કઈ લીલાઓ ચાલતી હશે? આ વાતમાં મન લાગી જાય. પછી આંખ, કાન ક્યારેક બહારની વાતોપર ચાલ્યા જાય અને બહારની વાતોમાં ગયા પછી જ્યારે ભગવદ્દર્શન ન થાય, ત્યારે ભગવાન્ પોતાના વ્રજમાં નથી આ વાતનો બોધ થાય ત્યારે એમને તીવ્ર વિરહ થવા લાગી જાય, તાપ થવા લાગી જાય. ત્યારે દિવસના પ્રત્યે પાછો દ્વેષ શરુ થાય અને એ દિવસના પરિક્ષયની કામના કરતી રહે. સંસ્કૃતમાં **'પરિક્ષય'**નો મતલબ થાય છે **'પરિતઃ ક્ષય'** ક્ષય તો સામાન્ય વાત છે પરંતુ પરિક્ષયનો મતલબ બિલકુલ ખતમ થઈ જવું. હવે આટલો કઠોર શબ્દ સંધ્યાને માટે પ્રયોગ કરવો આવશ્યક નથી કે દિવસનો પરિતઃ ક્ષય થાય. પરંતુ કેમકે આમના હૃદયની ભાવના છે કે દિવસ સંપૂર્ણ રીતે ખતમ થઈ જાય, એટલા માટે એમના મોઢામાંથી નિકળી ગયું, એમણે આ વાત બતાવી. સાંજે જે વખતે ઠાકોરજી વ્રજની તરફ પાછા ફરે, યદ્યપિ પ્રભુના પાછા ફરવાનો સમય થયો, પ્રભુ પાછા ફર્યા, એટલાથી આમને સંતોષ નથી થઈ જતો. પાછા ફરે એનો આનંદ તો થાય, ઉલ્લાસ તો આવે પરંતુ ઉલ્લાસ એક બીજી વસ્તુ છે અને સંતોષ એક બીજી વસ્તુ છે. સંતોષ આમને થાય નહીં. કેમકે સંધ્યાકાલીન જે કાંઈ, સંધ્યાના સંધિકાલીન હોવાના કારણે જ પોતાનામાં દિવસનો અડધો ભાગ તો તે રાખે જ છે.

સંધિ મતલબ શું? સંધ્યા કેમ કહે છે? દિવસ અને રાત્રિની જ્યાં સંધિ થાય. મતલબ અડધો એનો રંગ દિવસ જેવો અને અડધો રંગ એનો રાત જેવો. સાંજે જેમ સંધ્યા થાય એમ પ્રાતઃકાલમાં ઉષા થાય છે. ઉષાનું પણ આવુંજ સ્વરૂપ છે, અડધો રંગ એનો રાત્રિના જેવો અને અડધો રંગ દિવસ જેવો. એ સમય કેટલો વખત? તારાઓ અસ્ત થઈ જાય અને સૂર્યોદય ન થાય, એટલો સમય ઉષાકાલ કહેવાય. એના પછી પ્રાતઃ થઈ જાય. એવીજ રીતે સંધ્યાનો કેટલો? સૂર્ય અસ્ત થઈ જાય અને તારાઓનો ઉદય ન થાય, એ સંધ્યાકાલ.

આ સંધ્યાકાલમાં સંધિ થવાના કારણે આ સંધિકાલ છે. એટલા માટે દિવસની પણ થોડીક છાંયા રહે છે. દિવસનો પણ આભાસ રહે છે. રાત્રિનો પણ થોડો આભાસ રહે છે. એટલા માટે ઉલ્લાસ તો થાય પરંતુ સંતોષ ન થાય. પરંતુ એ આવે ગાયોને ચરાવતા, એક એક ભકત, જેની જ્યાંથી દર્શન કરવાની રુચિ, જેને જ્યાંથી દર્શન કરવાનો અવસર, એમ રુચિ અને અવસર ના અનુરૂપ ભક્તો પ્રતીક્ષા કરતા રહે. જે જેવા વ્યાજથી દર્શન કરી શકે, એ વ્યાજથી દર્શન કરવામાટે, વ્યાજ એટલે બહાનું, ભક્તો દર્શન કરે. રાજસલીલામાં રુચિ આમના રાજસસ્વભાવને અનુરૂપ અધિક છે આથી એ લીલા જ આમને સૌથી પહેલાં સ્મરણમાં આવે. વનની લીલા એટલી સ્મરણમાં ન આવે. હવે રાજસના અંતર્ગત પણ આમનો જે રાજસભાવ તે તામસભાવથી મિશ્રિત છે. એમ થોડુક તામસભાવના અનુરૂપ થોડુક કહેવાનું સંભળાવવાનું પ્રભુને કરી દે છે કે તેં કામભાવને જગાવ્યો, તેં આને સંધુક્ષિત કર્યો. હવે તું છૂપાયેલો રહે સારા વીર છો તમે! ક્યારેક આ રાજસભાવોના કારણે જેમ પ્રભુ પુનઃ પુનઃ જોઈને આ કામને સંધુક્ષિત કરે, આ સ્મરને સંધુક્ષિત કરે, ભડકાવે, પરંતુ આ પુનઃ પુનઃ જોઈ તો નથી શકતા, દર વખતે એવો અવસર મળવો મુશ્કેલ છે કે જે વખતે પ્રભુ પાછું વળીને જુએ તો એ વખતે એ જોઈ શકે.

ભક્તો એનું ચિત્રણ કરે **"જર જાઓરી લાજ મેરે ઐસે કૌન કાજ આવે કમલનયન નીકે દેખન નહીં દીને. વનતે આવત મારગમેં ભેંટ ભઈ સકુચ રહી રી ઈન લોગનકે લીને. કોટિક યતન કર રહીરી નિહારવેકૂં અચરાકી ઓટ દે દે કોટિ શ્રમ કીને. નન્દદાસ પ્રભુ પ્યારી તા દિનાતેં મેરે નયના ઉનહીકે અંગ સંગ રંગ રસ ભીને."** (નંદદાસજી).

તો જ્યાં જ્યાં આમણે દર્શન આપ્યા છે એના પુણ્યને અને આ લજ્જા ગુરુજનોની લાજ, સખીજનોની લાજ એને વધૂ વધારી દે છે અને સંધુક્ષણ વધારે થઈ જાય. વિકલતા અતિ થઈ જાય. કેમકે દર વખતે તો જોઈ ન શકે ને! આમ સંધુક્ષિત કામનું જે પુનઃ પુનઃ દર્શનના કારણે વધ્યું છે અને આ લજ્જામાં ન જોઈ શકવાના કારણે, અતૃપ્તિના કારણે જે વધ્યો છે, એ બધામાં જો લજ્જા ઘી નું કામ કરે, તો પુનઃ પુનઃ દર્શન વાયુનું કામ કરે. આ પ્રકારથી બંને રીતે ભડકેલી લાલસાના પછી જો છૂપાઈ જાય, તો વીર તું કેવો વીર છે તું સમજી

જા. રાજસતામસી કુમારિકાએ યાદ અપાવી.

**ચલસિ યદ્ વ્રજાત્ ચારયન્ પશૂન્** તો કથંચિત્ જેટલી પણ શ્રુતિરૂપા ગોપિકાઓ છે, એમને એ વાત મનમાંથી જતી નથી આગળ સુધી આ વાતને ગોપિકાઓ છોડશે નહીં. બે શ્લોકોમાં જેટલા પણ ઉપાલંભ છે તે આ વાતની સાથેના જ છે અને એની પહેલા રાજસરાજસી કહી રહી છે **''પ્રણતકામદં પદ્મજાર્ચિતં ધરણિમંડનં ધ્યેયમ્ આપદિ. ચરણપંકજં શન્તમં ચ તે રમણ નઃ સ્તનેષુ અર્પય આધિહન્''**. પ્રાર્થનામાં કેટલાક શબ્દ અથવા પ્રાર્થનાના મૂલ ભાવ, મૂલ પ્રાર્થનાના સ્વર એક જેવા છે. આટલું માનીને આ પ્રાર્થનાને એક ન માની લેતા. આવીજ પ્રાર્થના કુમારિકાઓએ પણ કરી છે. ચરણપંકજની પ્રાર્થના ચરણથી ઉપકારની પ્રાર્થના આમણે કરી. આ બધી પ્રાર્થનાઓ તો સામાન્ય છે કેમકે એમણે પોતાના ભાવથી કરી, આ પોતાના ભાવથી કરશે પરંતુ એક સામાન્ય વાત છે. માણસ ભોજન કરવા બેઠો હોય, એક ગ્લાસ જલ પી લીધું હોય, ગ્લાસ ખાલી થઈ જાય, કહે કે જલ આપજો. તડકામાંથી ચાલીને આવ્યો હોય, ઘરમાં આવીને બેસે અને ઘરવાળો પૂછે કે ''શું લાવું'' અને એ કહે કે ''એક ગ્લાસ પાણી લાવજો.'' પ્રાર્થના તો એક જ છે કે નહીં પરંતુ અંતર કેટલું છે? પ્રાર્થના તો સર્વથા એક છે. પ્રાર્થના તો એક ગ્લાસ પાણીની જ પ્રાર્થના છે. શબ્દમાં કોઈ અંતર નથી. ભાવમાં કોઈ અંતર નથી પરંતુ એની ભૂમિકામાં કેટલું અંતર છે? એક તો ખાવામાટે બેઠો અને એક ગ્લાસ પાણી પી લીધું, હવે કોઈ વસ્તુ નમકીન છે કે તીખી છે એના અનુરૂપ જલ વધારે માગે એક ગ્લાસ અને એક તડકામાંથી ચાલીને આવ્યો હોય, તૃષાર્ત હોય, સર્વથા ઘરમાં આવીને જ્યારે ઘરના પૂછે એને કે ''શું લાવું તમારા માટે ચા કે કોફી લાવું?'' તો એ કહે ''ચા કોફી નહીં એક ગ્લાસ પાણી લાવો.'' એ એક ગ્લાસ પાણીની પ્રાર્થનામાં કેટલું અંતર છે? આમણે આખો દિવસ સૂર્યનો તાપ સહન કર્યો છે. એમણે તો સહન નથી કર્યો. એમને તો હજુ વિરહ તાપ થયો છે. આમને તો આખો દિવસ તાપ રહેલો છે. રાત્રિના પાછો તાપ થઈ જાય. મતલબ ઘરમાં જાય, ઘરવાળો પૂછે કે ''તમારા માટે શું લાવું ચા કે કોફી લાવું'' અને એ કહે કે ''ચા કોફી નથી જોઈતી, એક ગ્લાસ પાણી આપી દો.'' હવે પાણીની કમીને કારણે એ કહે કે ''પાણી તો નથી'' બિચારાની કેવી

સ્થિતિ થઇ જાય! એવી સ્થિતિમાં આ પ્રાર્થના કરી રહી છે **પ્રણતકામદં પદ્મજાર્ચિતમ્.... સ્તનેષુ અર્પય આધિહન્.**

**(ચરણની દોષનિવર્તકતા અને ગુણાધાયકતા)**

**તતઃ ઉત્તમા અનન્યપૂર્વાવત્ સ્તનયોઃ ચરણધારણં પ્રાર્થયન્તિ પ્રણત...ઈતિ. અતએવ ન પૌનરુક્ત્યં..** આમાં પુનરુક્તિ ન સમજતા એમ આચાર્યચરણ કહી રહ્યા છે, કેમકે એણે જે પ્રાર્થના કરી હતી ચરણની એ ચરણની પ્રાર્થના એવી હતી કે એકાદ ગ્લાસ પાણી પી લીધું છે, હવે કોઇ વસ્તુ તીખી લાગી કે ખારી લાગી તો એક ગ્લાસ બીજું પાણી પીવું છે. આ બિચારીની આવી સ્થિતિ નથી. આ બિચારીની સ્થિતિ એવી છે કે આખો દિવસ તપી છે. તપીને આવી છે કથંચિત્ અને તે વખતે એક ગ્લાસ જલ તૃષાર્તને ન મળતું હોય તો કેવી સ્થિતિ હશે! શબ્દ તો પુનરુક્તિના લાગશે પરંતુ તરસમાં બહુજ ભેદ છે. તરસનો ભેદ સમજશો ત્યારે સમજમાં આવશે કે આ પુનઃ ઉક્તિ શામાટે નથી? **પરં પૂર્વાપેક્ષયા અત્ર ચરણમાહાત્મ્યમ્ અધિકમ્.** એણે જે કાંઇ ચરણનું માહાત્મ્ય બતાવ્યું એ તો થોડીક ધરાઇ ગયેલી હતી ને. ઈકોનોમિક્સ્માં આને ડિમિનિશિંગ યૂટિલિટી કહે છે. પ્રભુના ચરણમાં તો ડિમિનિશિંગ યૂટિલિટી હોતી નથી, ઈન્ક્રસિંગ યૂટિલિટી જ હોય છે પરંતુ ભક્તના હૃદયનું તો પોત-પોતાનું સામર્થ્ય છે ને. એવી વાત તો આપણે કહી ન શકીએ ડિમિનિશિંગ યૂટિલિટીની વાત, કેમકે ડિમિનિશ હોતું જ નથી, ભગવત્ચરણારવિંદનું જે સૌખ્ય છે, સુખ છે પરંતુ ભૂખમાં તો અંતર હોઈ જ શકે ને! ભગવત્ચરણારવિંદમાં ડિમિનિશિંગ યૂટિલિટી નથી આવતી પરંતુ ભગવત્ચરણારવિંદની પ્યાસમાં તો અંતર હોઈ શકે છે ને. કોઈની તીવ્ર છે, કોઈની તીવ્રતર હોય છે અને કોઈની તીવ્રતમ હોઈ શકે. આમની બહુજ તીવ્રતમ છે કેમકે દિવસમાં આમણે તાપ જ જોયો છે. સાંજે પણ આમને તાપ દેખાઈ રહ્યો છે. એટલા માટે ચરણનું માહાત્મ્ય આમને માટે વધારે છે. આને યુટિલિટી ડિમિનિશ નથી થઈ રહ્યું.

**ગુણાધાયકમ્ એતત્, પૂર્વન્તુ દોષનિવર્તકમ્.** પૂર્વમાં તો દોષનિવર્તક છે, અહીં ગુણાધાયકતા ચરણની બતાવવામાં આવી રહી છે. ભગવચ્ચરણારવિંદના સ્થાપનથી કેવા કેવા ગુણનું આધાન થશે? કેવા કેવા ગુણ આવશે? ત્યાં જે

હતું, એ પ્રાર્થનામાં ભગવત્ચરણારવિંદના સ્થાપનથી દોષનિવર્તન કેવીરીતે થશે એવી પ્રાર્થના હતી. તું તારા ચરણ અમારાપર સ્થાપિત કરે તો કેવા પ્રકારથી અમારા દોષ નિવૃત્ત થઈ જશે, આ પ્રાર્થનામાં જોર હતું. કેમકે ખાધું અને એકાદ ગ્લાસ જલ તો પીધું જ હતું. એકાદ તીખું લાગ્યું કે કોઈ તળેલી વસ્તુ ખાધી તો એના પછી પાછી થોડીક આવશ્યકતા છે અને એટલો જે દોષ પેદા થયો છે એટલો જ નિવૃત્ત કરવો છે. ત્યાં તરસનો સવાલ નથી પરંતુ ખાવામાં જે તીખું કે તળેલું આવી ગયું છે, એના કારણે થોડોક જે દોષ આવ્યો છે, એ દોષ નિવર્તન કરવામાટે એ જલ પાન કરવા ઈચ્છે છે. પરંતુ આમને તો પૂરી તરસ છે ને. આ દોષ નિવર્તનના રૂપમાં પ્રાર્થના નથી કરી રહી. આ તો ગુણાધાનના રૂપમાં પ્રાર્થના કરી રહી છે કેમકે આમને પ્રથમ ગ્લાસ પીવો છે.

**શ્લોક :**

**પ્રણતકામદં પદ્મજાર્ચિતં ધરણિમંડનં ધ્યેયમ્ આપદિ।।**
**ચરણપંકજં શન્તમં ચ તે રમણ નઃ સ્તનેષુ અર્પયાધિહન્।।૧૩।।**

**સુબોધિની :**

**હે રમણ! રતિકર્તઃ, નઃ સ્તનેષુ ચરણપંકજમ્ અર્પય. પ્રયોજનમ્ આહુઃ આધિહન્ ઈતિ આર્તિહન્ ઈતિ વા, હૃદયતાપઃ ચિન્તા ચ નિવારણીયા. દૃષ્ટોપકારેણૈવ તાપો ગમિષ્યતિ; અસ્માભિઃ હૃદયે સ્થાપિતં ન બહિઃ સમાયાતિ અતઃ ત્વયા બહિઃ સ્થાપનીયમ્. ચરણપંકજસ્યાપિ ભગવતઈવ ષડ્ગુણાન્ આહ, તત્ર પ્રથમમ્ ઐશ્વર્યં પ્રણતકામદમ્ ઈતિ. પ્ર કર્ષેણ યે નતાઃ અનન્યશરણાઃ તેષાં કામદમ્ અભિલષિતાર્થદાતૃ. ઈશ્વરએવ તથાવિધો ભવતિ. તત્રત્યઃ કામઃ સ્તબ્ધૈઃ ગૃહીતું ન શક્યતઈતિ પ્રણતત્વમ્ ઉક્તમ્. પદ્મજાર્ચિતમ્ ઈતિ ધર્મરૂપતા નિરૂપિતા, બ્રહ્મપ્રાર્થનયૈવ અત્ર આગતમ્ ઈતિ. કીર્તિરૂપતામ્ આહ ધરણિમંડનમ્ ઈતિ, ધરણ્યાઃ મંડનમ્ અલંકરણરૂપં શ્રીરૂપં વા. આપદિ ધ્યેયં શ્રીરૂપં કીર્તિરૂપં વા. પંકજસામ્યાત્ સ્વરૂપોત્કર્ષઃ ઉક્તઃ. શન્તમં કલ્યાણતમં જ્ઞાનરૂપમ્. આર્તિહન્! ઈતિ સમ્બોધનાત્ તે ચરણપંકજમ્ ઈતિ સમ્બન્ધ-નિરૂપણાદ્ વૈરાગ્યયુક્તં ચ. રમણ ઈતિ ઈષ્ટપ્રાપકઃ. આર્તિહન્! ઈતિ, અનિષ્ટનિવારકઃ.**

**અથવા યલ્લોકે પંચવિધમ્ ઉપકારં કરોતિ તદસ્માસુ એકમેવ કરોતુ ઈતિ પ્રાર્થ્યતે. પ્રણતાસુ કામં દદાતિ, તત્ પૂર્વમ્ ઉક્તં ''મનસિ ન સ્મરં વીર! યચ્છસિ'' ઈતિ. પ્ર કર્ષેષુ નમ્રેષુ વા કામં દ્યતિ ખંડયતિ. પદ્મજેન પદ્મજયા વા અર્ચિતમ્ ઐશ્વર્યાર્થં કામાર્થં વા પદ્મજૈઃ અર્ચિતમ્ તત્તુલ્યં વા, અન્યથા તાનિ ચરણપંકજજન્મ કથં પ્રાપ્નુયુઃ? ધરણ્યપિ સ્ત્રી અનલંકૃતા ન ભુજ્યતઈતિ તસ્યાં પદસ્થાપનમ્. ભગવદપેક્ષયાપિ ચરણો મહાન્, આપદિ ધ્યાનમાત્રેણૈવ આપદં દૂરીકરોતીતિ. યથા એતેષાં સર્વોપકારકર્તૃ તથા અસ્માકમપિ કરોતુ ઈતિ પ્રાર્થના. અનેન સર્વએવ સુરતબન્ધા આક્ષિપ્તાઃ ।।૧૩।।**

**વિવરણમ્ :**

**(આધિહન્ અને આર્તિહન્)**

**હે રમણ રતિકર્તઃ, નઃ સ્તનેષુ ચરણપંકજમ્ અર્પય. પ્રયોજનમ્ આહુઃ આધિહન્ ઈતિ.** અમારા પર ચરણ સ્થાપિત કર. કેમકે જે અમારી આધિ છે એને હરણ કરવાવાળો તો તું જ છે. જે અંતરની તકલીફ થાય છે તે 'આધિ' કહેવાય અને જે બહારની તકલીફ હોય તે 'વ્યાધિ' કહેવાય. એક પાઠ **'આર્તિહન્'** પણ છે. તો અમારી જે આર્તિ છે તેને તું નહીં કાપે, તું હૃદયની આર્તિનું હનન નહીં કરે તો એ કેવીરીતે મટે! આટલા માટેજ આપણે ત્યાં ઠાકોરજીની જે આરતી કરીએ તેમાં પણ આ જ ભાવ છે. આ વાત ધ્યાન રાખજો. મર્યાદામાર્ગમાં જે આરતી કરે, એ તો દેવની પૂજાના અંગથી. (આપણે ત્યાં ગયા હતા તો જોયું કે આમ દેવ હોય તો આમ દેવની પાસે જ આરતી કરી દે.) અમને તો ભય થવા લાગી ગયો કે ઠાકોરજીના મુખારવિંદની આટલી બાજુમાં દિવો કેવીરીતે લઇ જઇ શકાય! પરંતુ એ તો પૂજાવિધિ છે. જ્યાં કહો ત્યાં દિવો લઈ જઈ શકાય. આપણે ત્યાં તો આટલો પાસે દિવો લઇ જઈ જ ન શકાય. આપણે ત્યાં આરતી દૂરથી થાય સમીપથી આરતી નથી થતી અને એમાં પણ પાછો એવો વિવેક રાખીએ કે શીતકાલમાં નિજમંદિરમાં બિરાજતા હોય એ નિજમંદિરમાં આરતી થાય અને ઉષ્ણકાલમાં નિજમંદિરમાં બિરાજતા હોય એ રૂમની બહાર નિકળીને આરતી થાય. મતલબ આટલો પણ ઉષ્ણતાનો પરિશ્રમ આપણે ઠાકોરજીને આપવા નથી માગતા. એક વાત સાચી છે કે પ્રભુએ આપણને આટલો સમય દર્શન ન આપ્યા, એની આપણા હૃદયમાં

આરતી થવી જોઈએ અને જે વખતે પ્રભુ દર્શન આપે તે વખતે એ આરતી આપણે પ્રભુપર વારી દઈએ. હવે તારા મુખારવિંદના દર્શન થયા, તો આરતી અમે હવે વારી દીધી અને નિવૃત્ત કરી દીધી. તો આપણે ત્યાં આરતીનો આ ભાવ છે.

**(પ્રણયાવલોકન જ પુજન)**

આરતી આપણે ત્યાં પૂજન તો છે જ પરંતુ પૂજન પણ **''પૂજાં દધુઃ વિરચિતાં પ્રણયાવલોકૈઃ''** (ભાગ.પુરા.૧૦/૧૮/૧૧). આપણે ત્યાં પ્રણયાવલોકન જ પ્રભુનું પૂજન છે, બીજું કોઈ પૂજન નથી; કેમકે નેત્રોને કમલના પત્રની જેમ માનીએ. ભકત જે વખતે પ્રભુના દર્શન સ્નેહથી કરે તો આપણા નેત્રને પણ પ્રભુ નેત્રકમલ માને. તો કહે કે મેં એક કમળનું પત્તુ ચઢાવ્યું. બંને નેત્રોથી દર્શન કરે તો પ્રભુને પણ આ સંતોષ થાય કે ચાલો મારો ભક્તોએ બે કમળના પત્ર મને ચઢાવ્યા. તો પ્રણયાવલોકન જ આપણે ત્યાં પૂજન માનવામાં આવે છે. **''પૂજાં દધુઃ વિરચિતાં પ્રણયાવલોકૈઃ''** પ્રણયાવલોકન જ પૂજન છે. એ ન્યાયથી જે આરતી છે તે પણ કોઈ પૂજનાંગ નથી. એ અર્થમાં તો પૂજનાંગ છે પરંતુ આરતી આપણે ત્યાં વારણ છે. વારણ એટલા માટે કે જે વખતે પ્રભુના મુખારવિંદના દર્શન થયા, તો જે આટલો સમય દર્શન ન થયા એના કારણે જે કાંઈ આરતી થઈ, તે આપણે મુખારવિંદના દર્શન થતાં જ પ્રભુપર વારી દીધી. આરતીનો પણ ભાવ સમજવો જોઈએ. ક્રિયા તો બરાબર જ છે, ક્રિયામાં તો **''ક્રિયા સર્વાપિ સૈવાત્ર''** જે પૂજામાર્ગમાં ક્રિયાઓ છે, એ જ ક્રિયાઓ આપણે ત્યાં પણ છે, પરંતુ **''ક્રિયા સર્વાપિ સૈવાત્ર પરં ભાવોહિ ભિદ્યતે''** ક્રિયા તો બધી એની એજ છે પરંતુ એના ભાવ ભિન્ન થઈ જાય. મતલબ આજે તો આપણે આ ચારે તરફ વિજળીની લાઈટો લાગી ગઈ ને! તો આપણને સમજમાં ન આવે કે આરતીને કારણે સુખ શું છે? પ્રાચીનકાળમાં જે વખતે ઠાકોરજી નિજમંદિરમાં કે ગર્ભગૃહમાં અંદર બિરાજે તે વખતે આરતી થાય ત્યારે મુખારવિંદની ઝાંખી મળે. આટલા જ માટે આરતીનો પણ એવો નિયમ હતો કે પ્રથમ ચરણની આરતી થાય, દીનતાથી શરુ થાય. તો પ્રથમ જે વખતે દર્શન થાય, યદ્યપિ મનની લાલસા તો હોય કે મુખારવિંદના દર્શન પહેલાં કરી લઈએ પરંતુ થોડીક દીનતાથી વાત આગળ વધે તો એમાં સુખ આવે.

અંગ્રજોમાં એક રિવાજ છે કે જ્યારે ભોજન કરે ત્યારે બીજા બધા સ્વાદ ચાખી લે અને મીઠો સ્વાદ છોડી દે, તે અંતમાં ચાખે. આપણે ત્યાં તો ઉતાવળ થઇ જાય તો લાડુ પહેલા જ ખાઇ જાય. અંગ્રેજોમાં આ વાતનો નિયમ છે કે કોઇ પણ મિઠાઇ એમને ધરીએ તો એ પહેલા ન ખાય. બધી વસ્તુઓ ખાધા પછી છેલ્લે એ મીઠુ ખાય. એવું જ કેરળમાં પણ હોય છે. તો આટલા જ માટે મુખારવિંદના દર્શનની જે મિઠાસ છે, એ સૌથી છેલ્લે આવે. બાકી તો ચરણારવિંદથી જ આરતીનું વારણ શરુ થાય. પ્રથમ જે આરતીના આંટાઓ છે તે ચરણના લેવામાં આવે, પછી જાનુના લેવામાં આવે, પછી ઉદરના લેવામાં આવે, પછી વક્ષના લેવામાં આવે, ત્યારે મુખ આવે. એમજ તુરત મુખ ન આવી જાય પરંતુ એકાએક મુખ સુધી પહોંચી જવું થોડુંક અનૌચિત્ય છે. અધિકારના અનુરૂપ જવું જોઇએ, કેમકે છલાંગ મારીએ તો લપસી પણ જઇએ છીએ. તેથી છલાંગ મારતા પહેલા જોઇ લેવું જોઇએ કે આપણે પહોંચી શકીએ, એટલી ઉંચાઇ છે કે નહીં? જો વધારે હોય તો આસ્તે આસ્તે જવું સારું છે, પહોંચશું તો જરુર. છલાંગ મારવાથી તો પડશું. ફાયદો શું થશે! એટલા માટે મુખારવિંદનું માધુર્ય પહેલા જ લઇ લેશો તો પછી સ્વાદની ઉત્તરોત્તર ગતિને મજા શું આવશે? તો એ દષ્ટિથી પણ ચરણારવિંદમાં જે દૈન્યનું સ્વરૂપ છે એનાપર આરતીનું વારણ કરી લો અને પછી ઉત્તરોત્તર મુખારવિંદ સુધી પહોંચો તો આરતી વારણનો પણ કાંઇક સ્વાદ છે. આ આરતી પ્રભુની આરતીનું નિવારણ કરી શકે. એથી કહે **'આર્તિહન્'**. આર્તિને દૂર કરવાવાળા છો.

**હૃદયતાપઃ ચિન્તા ચ નિવારણીયા. દષ્ટોપકારેણૈવ તાપો ગમિષ્યતિ; અસ્માભિઃ હૃદયે સ્થાપિતં ન બહિઃ સમાયાતિ અતઃ ત્વયા બહિઃ સ્થાપનીયમ્.** આર્તિહન તો તમે છો. તમે અમારી આરતી દૂર કરો તો અમારી આરતી દૂર થઇ શકે છે. બાકી જો પ્રભુ આરતી દૂર ન કરે, તો ભક્તની આરતી કેવીરીતે દૂર થઇ શકે? કેમકે ભક્તની આરતી ભગવદ્વિષયણી આરતી છે. લોકિક આરતી તો છે જ નહીં. લૌકિક દષ્ટિથી આર્ત હોય તોપણ પુષ્ટિભક્ત તો ભગવાનની પાસે રોવા નહીં જાય. **"આર્તો અર્થાર્થી જિજ્ઞાસુ જ્ઞાની ચ ભરતર્ષભ!"** (ભગ.ગીતા. ૭/૧૬) માં જે આર્ત ભક્ત છે, એ પુષ્ટિભક્ત નથી. જો પુષ્ટિભક્તના અર્થમાં

આર્ત લેવું છે એને, તો ભગવત્કામનાથી ભગવલ્લાલસાથી જે આર્ત થઈ ગયો છે, એ જ ભક્ત છે આ અહીં લેવું જોઈએ. આ ભગવલ્લાલસાથી ભક્ત છે, લૌકિક કામનાથી આર્ત ભક્ત નથી. એટલા માટે આ **આર્તિહન્** પ્રભુને કહે છે. આખો દિવસ પ્રભુના દર્શન થયા નથી, જે દિવસના પરિક્ષીણ થવાથી પ્રભુના દર્શન થવાની કામના હતી, એ દિવસ પણ પરિક્ષીણ થઈ ગયો, પ્રભુના દ્વારા આમંત્રિત ભલે ન પણ હોય, આમંત્રણ ભલે ન મોકલ્યું પરંતુ આવી ગયા તો આટલો વ્યવહાર તો રાખીએ કે ભલે આવ્યા.

આચાર્યચરણ એક બહુજ સુંદર વચન કહે છે કે જે પણ ઘરે આવે તે અતિથિ. એમાં કહે કે જે જ્ઞાની અને વૈરાગી હોય, જે જ્ઞાનમાર્ગીય અને વિરક્ત છે, એમના માટે હત્યારો પણ ઘરમાં આવ્યો હોય તો અતિથિના બરાબર છે. આવી આચાર્યચરણ આજ્ઞા કરે છે. જે હત્યારો ઘાતક પણ હોય, એ ઘરમાં આવી ગયો તો એ અતિથિના બરાબર થઈ જાય જો જ્ઞાની અથવા વિરક્ત હોય તો. જ્ઞાની અને વિરક્ત ન હોય તો ઘાતક જે હોય એ ભલે અતિથિના બરાબર ન હોય અને ઘાતક ન હોય પરંતુ ભલે દુશ્મન હોય અને ઘરમાં આવ્યો હોય તો અતિથિના બરાબર જ હોય. ગૃહસ્થને ત્યાં એનો સત્કાર તો થાય જ છે. ન આવ્યો હોય તો દુશ્મનીનું કારણ તો છે જ પરંતુ ઘરમાં આવ્યો તો એ અતિથિના બરાબર છે અને આતિથ્ય એનું થાય જ છે. જ્ઞાની અને વિરક્ત હોય તો એમને તો ઘાતક અને હત્યારો પણ હોય તો એમનું આતિથ્ય કરવું જોઈએ.

આપણને ખબર છે જેમ ભીષ્મની પાસે બધાજ પાંડવ પૂછવા ગયા કે ‘‘મહારાજ તમે મરશો કેવીરીતે, એ બતાવી દો? અમે તો લડતા લડતા થાકી ગયા.’’ તો એમણે કહ્યું કે તમે મારે ત્યાં અતિથિ બનીને પૂછવા આવ્યા છો, યાચક બનીને માગવા આવ્યા છો તો તમને હું નિરાશ નથી કરી શકતો. લો હું તમને રહસ્ય બતાવી દઉં કે હું કેવીરીતે મરીશ. તો ઘાતકને પણ કેમકે જ્ઞાની હતા અને ભીષ્મ જ્ઞાની હતા, સાધારણ જ્ઞાની ન હતા, ભીષણ વિરક્ત હતા, લોકો ડરી જાય એવો જેમનો વૈરાગ્ય હતો. એટલા માટે મરણનો ઉપાય પણ પૂછવા આવ્યા તો એમને અતિથિ માનીને, અતિથિને જે અપેક્ષિત હોય અને એનો સત્કાર અને ઉપકાર કરવો અને એમને અપેક્ષિત રહસ્ય બતાવી દીધું કે આવી રીતથી મારજો તો હું મરી જઈશ. કેમકે વિરક્ત હતા, જ્ઞાની હતા. તો એ

ન્યાયથી કહે છે કે ભલે અમે અનામંત્રિત આવ્યા, ભલે અમને આમંત્રણ ન હતું, પરંતુ આવ્યા તો પણ અતિથિ તો છીએ ને! અતિથિ મતલબ શું સમજ્યા! જેના આવવાની તિથિ નક્કી ન હોય. જેના આવવાની તિથિ નક્કી હોય, તે 'અતિથિ' ન કહેવાય કેમકે એની તિથિ તો નક્કી છે જ કે આ તિથિએ આવશે. અતિથિનો મતલબ કે જે નિશ્ચિત ન હોય એવી તિથિના દિવસે આવી જાય અને એનો સત્કાર કરીએ, ત્યારે તો સાચો 'ગૃહસ્થ' કહેવાય. તો આ કહે છે કે ભલે અમે કેવા પણ છીએ, અનામંત્રિત આવી છીએ પરંતુ અતિથિતો છીએ ને! અમને આમંત્રણ, અમને તિથિ નહોતી આપી, **''મયેમા રંસ્યથ ક્ષપાઃ''** (ભાગ.પુરા.૧૦/૨૨/૨૭). આ શરદકાલીન રાત્રિઓની તિથિનું આમંત્રણ અમને નહોતું આપ્યું! તો ચાલો અનામંત્રિત માનો પરંતુ અતિથિ તો માનો. અતિથિ જ ન માનો આ કેવી મુશ્કેલી છે? અતિથિ માનો તો કમસે કમ અમારો અપેક્ષિત સત્કાર તો કરો! આટલો તો સત્કાર કર.

### (હૃદયતાપઃ ચિન્તા ચ નિવારણીયા)

ગોપીજન તો કહે છે કે આખા દિવસ સુધી તાપથી તપી છીએ. આટલું જ નહીં આંતર બાહ્ય ઉભયવિધ તાપથી તપી છીએ. ઉભયવિધ તાપથી અમે તપી છીએ, **હૃદયતાપઃ ચિન્તા ચ નિવારણીયા** ન કેવળ હૃદયમાં તાપ છે પરંતુ ચિંતા પણ થઈ રહી છે કે દિવસ આખો તો અમે આ આશામાં વિતાવ્યો કે ચાલો વીતી જશે પરંતુ આ રાત્રિમાં પણ જો અમને આમજ રહે, ચરણ ન મળે, તો ચિંતા થાય છે કે હવે શું થશે? હવે કયો સમય લાવવો? તો કહે છે કે જ્ઞાનમાર્ગના પ્રકારથી ભગવાનના ચરણારવિંદનું ધ્યાન ધરો. આટલી જો ચરણારવિંદની આસક્તિ છે તો ચરણારવિંદનું ધ્યાન ધરો. તો પહેલા પણ એણે કહ્યું **ધ્યાનમંગલમ્** ભગવાનના ચરણારવિંદ ધ્યાનમંગલ છે. તો ધ્યાનમંગલ ચરણારવિંદનું તમે ધ્યાન ધરશો તો તમારું મંગલ થઈ જશે. તો કોઈ બીજાને આમ મૂરખ બનાવી શકાય છે પરંતુ આ તો શ્રુતિરૂપા છે ને! આમને પ્રભુના બધા રહસ્યની ખબર છે, એથી કહે છે કે નહીં નહીં, **અસ્માભિઃ હૃદયે સ્થાપિતમ્** આ ચરણારવિંદ તો અમારા હૃદયમાં ક્યારથી સ્થાપિત છે. ક્યારથી એને અમે કેદ કરીને રાખ્યા છે. આ ચરણારવિંદ હૃદયમાં તો સ્થાપિત છે જ એટલે જ તો દુઃખી છીએ. તો કહે અરે હૃદયમાં ચરણારવિંદ સ્થાપિત છે તો

પછી શું દુઃખ રહી ગયું! મૂલતઃ એટલા માટે દુઃખી છે કે એમના હૃદયમાં ભગવત્ચરણારવિંદનું ધ્યાન સ્થિર નથી રહેતું. પ્રાણાયામ કરે, શીર્ષાસન કરે, ઉર્ધ્વાસિન કરે, હલાસન કરે, પચાસ પ્રકારના યમ નિયમ ધ્યાન ધારણા બધું કરે, શામાટે કરે? કેમકે હૃદયમાં ચરણારવિંદ પૂર્ણ રીતે સ્થિર નથી થઈ શકતા. તો એમ કહે કે જેમને લૌકિક તાપ, લૌકિક ચિંતા દૂર કરવી છે તેઓ આ બધું કષ્ટ કરે. આ તો કહે કે **"કાહેકો દેહ દમત સાધન કરિ મૂરખ જન વિદ્યમાન આનન્દ તજિ ચલત ક્યોં અપાથે"** (શ્રીહરિરાયજી) અમારી સામે તું પ્રકટ થઈ ગયો તો અપથમાં અમે શામાટે જઈએ! અમે ન તો શીર્ષાસન કરીએ, ન અમે પ્રાણાયામ કરીએ, અમે તો વગર પ્રાણાયામે હૃદયમાં સ્થાપિત કરી રાખ્યા છે, અમારે પ્રાણથી ચરણોંને અમારા હૃદયમાં દબાવીને રાખવા નથી પડતા. હવાનું દબાણ કરો તો વસ્તુ દબાયેલી રહે ને! જલ ઉપર હવાનું દબાણ રાખો તો જલ ત્યાં દબાયેલું રહે. તો અમે હૃદયમાં જે તારા ચરણારવિંદ પધરાવ્યા છે, એને પ્રાણથી દબાવીને અમે નહીં રોકીએ. એ તો સ્વતઃ જ રોકાયેલા છે, બલકે પ્રાણ એમના પર ટકી રહેલા છે જેમના હૃદયમાં ચરણારવિંદ સ્થાપિત છે. નહીંતર તો હૃદયમાં જો ચરણારવિંદ સ્થાપિત ન હોત તો પ્રાણ તો ક્યારનાય નિકળી જાત.

**"બાવરી વ્હે જાત બાર બાર કહિ વેદનકો બિલખ બિલખ જો વિહારસ્થલ રોતી ના. પીર ઉઠ તે જિયરો હમારો ટૂક ટૂક હોત ધ્યાઈ પ્રાણનાથ જો કસક નિજ ખોતી ના. હરિચન્દ પ્યારેકે પધારે પરદેશ હુતે નૈન નસિ જાતે જો સપનસંગ સોતી ના. તન જર જાતો જો ના અસુંઆ ઢરત આલી પ્રાણ કઢિ જાતે જો પ્રતીતિ ઉર હોતી ના"** (ભારતેન્દુ હરિશ્ચન્દજી). જો પ્રતીતિ હૃદયમાં ન હોત. ચરણારવિંદની અનવરત હૃદયમાં પ્રતીતિ કાયમ છે. અમારે સાધનોથી નથી સાધવી પડતી. અમારા દ્વારા દુનિયા સાધે છે. અમે જેવા ચરણારવિંદનું નિરૂપણ કર્યું એ નિરૂપણને લઈને દુનિયા સાધે છે કે કેવા ચરણારવિંદ હૃદયમાં હોવા જોઈએ. અમે બતાવ્યું **"સંચિન્તયેદ્ ભગવતઃ ચરણારવિન્દં વજ્રાઙ્કુશ-ધ્વજ-સરોરુહ-લાંછનાઢ્યમ્ ઉત્તુઙ્ગરક્તવિલસદ્ નખચક્રવાલ-જ્યોત્સ્નાભિ-રાહત-મહદ્-હૃદયાન્ધકારમ્"** (ભાગ.પુરા. ૩/૨૮/૨૧). આ તો અમે બતાવ્યું. તો બોલ્યા અરે જ્યારે દવા તમે બતાવી તો કેમ બીમાર! જ્યારે દવા

જાણો પછી કેમ બીમાર! તો એક કારણ છે. જે માણસ વધારે દવા ખાય ને! એના રોગ વધારે અટપટા બની જાય. જે ઓછી દવા ખાય એના રોગ ઓછા અટપટા હોય છે. એકાદ દવાથી એનો રોગ દૂર થઇ જાય. કાયમ તમે દવા ખાતા રહો, જેમ એલોપેથીમાં તો બહુ હોય છે.

એક સામાન્ય વાત બતાવું. મંદાગ્નિને માટે આયુર્વેદમાં જો પૂછીએ તો શું કહે, થોડોક આદુ, લીંબુ નિચોવીને ખાધા કરો. મંદાગ્નિ દૂર થઇ જશે. હવે તમે રોજ પાવલી ભાર આદુ ખાતા હો તો! એના પછી મંદાગ્નિ વધે ત્યારે! હવે થોડાક આદુથી એ મંદાગ્નિ દૂર નહીં થાય. કેમકે એટલી દવા તો તમે ખાઇ જ રહ્યા છો. હવે એ મંદાગ્નિ આયુર્વેદના આ ઉપાયથી થોડી દૂર થવાની. એની દવા કાંઇક વધારે પાવરવાળી જોઇએ. કેમકે એટલો તો એનો રોજનો ખોરાક છે જેટલો વૈદ્યરાજ બતાવે. ભાઇ એક ચમચો આદુનો રસ પી જજો, હવે એક ચમચો આદુનો રસ જેટલો આદુ આપણા રોજના ખોરાકમાં રાખી લો એના પછી પણ થોડા દિવસમાં મંદાગ્નિ થઇ શકે છે. હવે એ મંદાગ્નિ એક ચમચા આદુના રસથી થોડીકાંઇ સરખી થશે. એટલી દવા તો એને પચે છે. હવે એ જેને દવા પચે છે એમને માટે તો થોડોક પાવરફુલ ડોજ જોઇએ ને! એમને હલકા ડોજથી રોગ ઠીક ન થાય.

**(યોગીઓની અને ગોપિજનોની સમસ્યા)**

એટલા માટે હૃદયમાં પધરાવવાની વાત તો અમને પચી ગઇ છે. હવે એ બધી સમસ્યા યોગીઓની છે. એમના મનમાં આ સમસ્યા છે કે હૃદયમાં કેવીરીતે સ્થિર કરવા? એમનું હૃદય અહીં તહીં ભટકતું ફરે, એકાદ અવસર આવી જાય તો સાધનાથી હૃદય ભટકી જાય. ભગવાનના ચરણનું ધ્યાન લગાવે મતલબ પ્રાણાયામ કરીને, અન્ન છોડીને, જલ છોડીને, ફલાહાર કરીને, અનલાહાર કરીને, મોટા મોટા વિચિત્ર આસન જમાવીને બેસે, પરંતુ એકાદ અવસર આવે ત્યારે એમનું મન પોતાના માર્ગથી ભટકી જાય, લિંક તૂટી જાય. અહીં એવી સમસ્યા નથી. હૃદયમાં પધરાવવાની જે વાત હતી એટલો ડોજ તો અમે પચાવી લીધો છે કેમકે એટલો તો અમારો ખોરાક છે જેનાથી અમે જીવીએ છીએ. આટલો આદુ તો અમે રોજ ખાઇએ તો અમે જીવીએ. હવે મંદાગ્નિની બીમાર થઇ છે હવે શું કરવું! હવે વૈદ્યરાજ પરેશાન કે જેટલો ડોજ

લખ્યો હતો કે એક ચમચો આદુ રોજ પીવું તો મંદાગ્નિ દૂર થઈ જાય; એ તો આમના રોજના ખોરાકમાં જ છે. હવે કઈ દવા બતાવવી! તો કહે છે કે હૃદયનો તાપ તો અમે **અસ્માભિઃ હૃદયે સ્થાપિતં** ભગવત્ચરણારવિંદ હૃદયમાં સ્થાપિત કરી જ રાખ્યા છે. અમને સમસ્યા આ છે કે **ન બહિઃ સમાયાતિ અતઃ ત્વયા બહિઃ સ્થાપનીયમ્.** હૃદયમાં સ્થાપિત ચરણ બહાર કેવીરીતે આવે? આ અમારી સમસ્યા છે. બહાર આવી જાય તો અમારો રોગ દૂર થઈ જાય. બહાર નથી આવી રહ્યા એટલા માટે અમને આર્તિ થઈ રહી છે. હૃદયમાં પધરાવેલા ચરણ જો બહાર આવી જાય, તો અમારી આર્તિ દૂર થઈ જાય. બહાર નથી આવી રહ્યા, આ અમને તકલીફ છે. હવે તું ચાહે તો અમારા હૃદયમાં જે ચરણ પધરાવીને અમે રાખ્યા છે એને બહાર સ્થાપિત કરી શકે છે. આટલી અમારી માગણી છે, વધારે કાંઈ નથી.

**(દષ્ટોપકારેણૈવ તાપો ગમિષ્યતિ)**

**હૃદયતાપઃ ચિન્તા ચ નિવારણીયા. દષ્ટોપકારેણૈવ તાપો ગમિષ્યતિ.** આ બહુ સુંદર પદ છે આનાપર ધ્યાન આપજો. એવું કહેવામાં આવે છે કે લૌકિક ઉપાય જેટલા છે એ દષ્ટોપકારી હોય છે. અલૌકિક જેટલા ઉપાય હોય છે એ અદષ્ટોપકારી હોય છે. જેમ સ્નાન કરવાથી સ્વચ્છતા આવશે, આ દષ્ટોપકારી ઉપાયછે. ન્હાઈને જોઈ લો, સ્વચ્છ જલથી સ્નાન કરો તો શરીર સ્વચ્છ થઈ જાય. શરીરની સ્વચ્છતા જલના દ્વારા કરવામાં આવતો જોવામાં આવતો, અનુભવમાં આવનારો ઉપાય છે, પરંતુ શરીર શુદ્ધ પવિત્ર થઈ જશે આ દષ્ટોપકાર નથી અદષ્ટોપકાર છે.

જેમ કિશનગઢમાં અમને બાંભણિયા એક વાત કહી રહ્યા હતા. એમની સાથે એક હરિજન કલાસમેટ હતો. આ બાંભણિયા પણ ગાંધીવાદી અને એ હરિજન પણ ગાંધીવાદી. બંને જણા હોસ્ટેલમાં રહેતા હતા. એક દિવસ શું થયું કે પાણીની અછત હતી. ખાલી લેટ્રીનમાં પાણી આવી રહ્યું હતું. આ બાંભણિયા બ્રાહ્મણ અને વધારામાં ગાંધીવાદી હતો. એ ગાંધીવાદી અને વધારામાં હરિજન હતો. એણે કહ્યું કે ''જલ નથી આવી રહ્યું તો લેટ્રીનમાંથી જલ લઈને ન્હાઈ લઈશું.'' હવે બાંભણિયા ગાંધીવાદી તો પાકો પરંતુ બ્રાહ્મણ હતો, તો એણે કહ્યું ક ''લેટ્રીનના જલથી તો અમે ન ન્હાઈ શકીએ.'' એણે

કહ્યું કે ''શરીર જ તો સાફ કરવું છે.'' આણે કહ્યું ''શરીર સાફ કરવું કે ન કરવું પરંતુ અમે લેટ્રીનમાંથી જલ લઈને ન્હાઈ ન શકીએ.'' તો હરિજને તો ન્હાઈ લીધું, કેમકે દષ્ટોપકારમાં એની બુદ્ધિ છે ને! શરીરને સાફ કરવું, એટલી જ બુદ્ધિ છે. એની શુદ્ધ કરવાની બુદ્ધિ નથી. આની બુદ્ધિ શાસ્ત્રના આધારે છે કેમકે બ્રાહ્મણવંશમાં છે. ગાંધીવાદી થયો તો શું થયું! એ બ્રાહ્મણત્વના સંસ્કાર તો મનઉપરથી ગયા નથી. બ્રાહ્મણત્વના સંસ્કાર મનઉપરથી ગયા નથી, એટલા માટે એને શુદ્ધિનો વિચાર છે, મતલબ અદષ્ટોપકારનો વિચાર છે. આને એ કહે છે કે ''નહીં ભાઈ, જેમ સ્વચ્છ જલથી જ શરીર સ્વચ્છ થાય છે, તેમ શુદ્ધ જલથી જ શરીર શુદ્ધ થઈ શકે છે. અશુદ્ધ જલથી શરીર શુદ્ધ નથી થઈ શકતું.'' અશુદ્ધ જલ પણ સ્વચ્છ તો હોઈ શકે છે, સ્વચ્છતા એક અલગ વસ્તુ છે. જેમ એક હોસ્પિટલ છે, સ્વચ્છ હોઈ શકે છે પરંતુ આપણે ત્યાં હોસ્પિટલને શુદ્ધ નથી માનવામાં આવતી, સ્વચ્છતા એક બીજી વસ્તુ છે, શુદ્ધતા એક બીજી વસ્તુ છે.

કેટલાક લોકો શું સમજે છે કે શુદ્ધતા મતલબ સ્વચ્છતા અને સ્વચ્છતા મતલબ શુદ્ધતા. આવું નથી, દષ્ટોપકાર એક અલગ વસ્તુ છે અને અદષ્ટોપકાર એક અલગ વસ્તુ છે. હવે આ જે અદષ્ટોપકાર છે, મતલબ ભગવાનને આપણા હૃદયમાં પધરાવવાથી બધા પાપ દૂર થઈ જશે. હવે પાપ જ ન દેખાય દુનિયામાં તો પાપની નિવૃત્તિ કેવીરીતે દેખાશે! બધા કષ્ટ, બધા ક્લેશ દૂર થઈ જશે પરંતુ પાપ દેખાતા હોય તો ને! કોઈના માથાપર લખેલું તો હોય નહીં કે આ પાપી છે, ન કોઈ પુણ્યાત્માના માથાપર લખેલું હોય કે આ પુણ્યાત્મા છે. પાપ અને પુણ્ય આ તો અદષ્ટ છે, જોવામાં ન આવે એવી વસ્તુ છે, તો આની નિવૃત્તિ અથવા આનો સંચય, ઉપચય પણ નથી જોવામાં આવતો. તો અદષ્ટોપકાર જોવામાં નથી આવી શકતો. ભગવાનના ચરણનું હૃદયમાં ધ્યાન ધરવાથી બધા પાપ નિવૃત્ત થઈ જશે, આ ક્યાં જોઈ શકીએ છીએ! નિવૃત્ત થયા કે નહીં પાપ! ક્ષય થયા કે ન થયા! આટલું જોઈ શકાય કે થોડો સમય હૃદયમાં ચરણનું ધ્યાન ધર્યું, એટલું તો જોવામાં આવે પરંતુ એનાથી પાપ નિવૃત્ત થયા, આ તો જોવામાં ન આવે. તો ચરણને હૃદયમાં ધરવાથી જે તાપ પાપ ક્લેશ નિવૃત્ત થાય છે, આ બધું અદષ્ટોપકાર છે. આવા બધા અદષ્ટોપકારોને પચાવીને બેઠી છે.

એટલા માટે કહે છે અદષ્ટોપકાર તો અમે શ્રુતિ ગામને બતાવીએ કે કેવા કેવા કામ કરવાથી, કેવા કેવા ન્હાવાથી, અદષ્ટોપકારથી ઠીક થઇ જઇએ. કેવીરીતે સંધ્યા કરવાથી અદષ્ટોપકાર મન-વાણીનો થઈ જાય. કેવા યજ્ઞ કરવાથી જીવને અદષ્ટોપકાર થઇ જાય. આ બધા અદષ્ટોપકાર તો અમે ગામને બતાવનારી છીએ. હવે આ તું અમને ન બતાવ. અમને તો હવે એની જરૂરત નથી. અમને તો એના ઉપરની આ આવશ્યકતા છે કે તું દષ્ટોપકાર બતાવ તો કામ ચાલે. આટલું તો તું અમને બતાવ. એટલા માટે કહી રહ્યા છે કે **દષ્ટોપકારેણૈવ તાપો ગમિષ્યતિ** અદષ્ટની અમને બધી ખબર છે. કેવા કેવા અદષ્ટોપકાર હોઈ શકે છે એ બધું અમે જાણીએ છીએ. **અસ્માભિઃ હૃદયે સ્થાપિતં ન બહિઃ સમાયાતિ.** એટલા માટે અમે તારા ચરણોને હૃદયમાં સ્થાપિત કર્યા પરંતુ એ હૃદયમાં સ્થાપિત કરેલા ચરણ પણ બહાર નથી આવતા. આથી હવે અમને તાપ અને ચિંતા થઈ રહી છે. **અતઃ ત્વયા બહિઃ સ્થાપનીયમ્.** તો તું એ શામાટે નથી કરતો! જે અમે તારા ચરણ હૃદયમાં સ્થાપિત કર્યા, એ ચરણને તું બહાર સ્થાપિત કરી લે, બસ અમારી આટલી વિનંતી છે.

**(ચરણપંકજના પણ ભગવાનના જેવા ષડ્ગુણ)**

**ચરણપંકજસ્યાપિ ભગવતઈવ ષડગુણાન્ આહ** હવે ચરણના સ્થાપનની આટલી લાલસા છે, તો ચરણનું થોડુંક માહાત્મ્ય બતાવવું જોઈએ. એટલા માટે ચરણનું માહાત્મ્ય બતાવે છે. જેમ તારા ષડ્ગુણ છે, ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય એવી જ રીતે તારા ચરણમાં પણ છ ગુણ છે. હવે એ ચરણના એક એક ગુણોની સ્તુતિ કરે છે :

**(પ્રણતકામદમ્=ઐશ્વર્યમ્)**

**તત્ર પ્રથમ ઐશ્વર્યં પ્રણતકામદમ્ ઈતિ, પ્રકર્ષેણ યે નતાઃ અનન્યશરણાઃ તેષાં કામદમ્ અભિલષિતાર્થદાતૄ.** જે પ્રણત છે, જે ઝુકેલા છે, જે દીન છે, નત(ઝુકેલું) હોવું એક બીજી વસ્તુ છે અને પ્રણત હોવું બીજી વસ્તુ છે. ઝુકવું અને પ્રકૃષ્ટ રૂપથી નત હોવું ઝુકવું. સરખી રીતથી ઝુકવાનો મતલબ શું? **અનન્યશરણાઃ** બીજાનું શરણ નહીં. અનન્ય શરણ હોવાનો મતલબ 'પ્રણત' હોવું છે, અને ખાલી 'નત' હોવાનો મતલબ તારે ત્યાં ઝુકીએ, ત્યાં પણ ઝુકીએ અને જેટલા દેવ આવે બધાને ત્યાં ઝુકીએ.

અમારે ત્યાં મુંબઈમાં રાયસાહેબ કરીને હતા. રાયસાહેબ સવારે ઉઠીને ભૂલેશ્વરમાં જેટલા મંદિર છે બધા મંદિરોમાં જાય. બધા મંદિરોમાં જઈને ઠાકોરજીની આગળ ઝુકે. રામ હનુમાન મુમ્બાદેવી બધાની આગળ ઝુકે. ઝુકે અને પછી ઝટકો મારે. આપણા બાલકૃષ્ણલાલને ત્યાં પણ આવીને ઝુકે. તો એક દિવસ અમે પૂછ્યું કે "તમે નમસ્કાર કરો છો એ તો બરાબર છે, **નમન** તો બરાબર છે પરંતુ આ ઝટકો શું છે!" તો એમણે કહ્યું કે "આ ઝટકો એ વાતનો છે કે તમે દેવતા છો. એટલા માટે નમસ્કાર પરંતુ મારું કામ હજી સુધી પૂરું નથી કરતા, તો મારા શું કામના! એના માટે ઝટકો છે." તો હવે એના કામ પૂરા ન થાય, એથી જેટલા દેવ છે હનુમાનજીના મંદિરમાં જાય, પંચમુખી મંદિરમાં જાય, શ્રીરામના મંદિરમાં જાય, મુમ્બાદેવીમાં જાય, ભૂલેશ્વર મહાદેવમાં જાય, બાલકૃષ્ણલાલમાં આવે, દાઉજીમાં જાય. બધાને ત્યાં જઈને નમસ્કાર પણ કરી આવે અને ઝટકો પણ દઈ આવે. હવે એ **નમન** છે, પ્રણામ નથી. આ **નમન** છે, બધા દેવતાઓની આગળ ઝુકવું પરંતુ એ ઝુકવામાં એક ઝટકો રહેલો છે. એ ઝટકો તમે કરતા હો તો કરો નહીંતર બીજા દેવતા તૈયાર છે એના માટે ઝટકો. તો એ **નમન**માં એ ઝટકો જ્યારે હટી જાય, અન્યશરણનો જે ઝટકો છે, એ એને જ્યારે ન આપો તો પ્રણત કહેવાય. એટલા માટે કહે છે **પ્રકર્ષેણ યે નતાઃ અનન્યશરણાઃ તેષાં કામદમ્ અભિલષિતાર્થદાતૃ.** તારા અનન્ય શરણસ્થના કામનો અભિલષિત અર્થ આપનારા છે. **ઈશ્વરએવ તથાવિધો ભવતિ. તત્રત્યઃ કામઃ સ્તબ્ધૈઃ ગ્રહીતું ન શક્યતે ઈતિ પ્રણતત્વમ્ ઉક્તમ્.** જે પણ કાંઈ કામના છે, **"અકામઃ સર્વકામો વા મોક્ષકામ ઉદારધીઃ તીવ્રેણ ભક્તિયોગેન યજેત પુરુષં પરમ્"** (ભાગ.પુરા.૨/૩/૧૦) જે પણ અકામ હોય, સર્વકામ હોય, મોક્ષકામ હોય, જે પણ કામના છે, એ બધી કામનાઓને પૂરી કરવાવાળું જો કોઈ સ્વરૂપ છે, તો એ તો પરપુરુષ સ્વરૂપ જ છે. જે અન્ય દેવસ્વરૂપ છે, એ પ્રત્યેક કામનાની પૂર્તિને માટે એક એક દેવ સ્વરૂપ પ્રભુએ લીધા છે. કામનાની પૂર્તિના માટે પ્રભુએ જે દેવ સ્વરૂપ લીધા છે, એ દેવસ્વરૂપદ્વારા એ જ કામનાની પૂર્તિ થઈ શકે. બધા દેવથી બધી કામનાઓની પૂર્તિ નથી થઈ શકતી. **"કામૈઃ તૈઃ તૈઃ હૃતજ્ઞાનાઃ પ્રપદ્યન્તે અન્યદેવતાઃ તં તં નિયમમ્ આસ્થાય પ્રકૃત્યા નિયતાઃ સ્વયા."** (ભગ.ગીતા.૭/૨૦) એ ન્યાયથી એક એક

કામનાની એક એક પ્રકૃતિના નિયમનને માટે એક એક દેવતાના રૂપ છે. જે પરપુરુષ રૂપ છે, એ તો અકામ, સર્વકામ, મોક્ષકામ, અથવા ભક્તિકામ, બધાના માટે એ ભજનીય રૂપ છે. **"તીવ્રેણ ભક્તિયોગેન યજેત પુરુષં પરમ્"** (ભાગ.પુરા.૨/૩/૧૦). એટલા માટે આ માહાત્મ્ય સિવાય પરમેશ્વરના, સાક્ષાત્ પરમાત્માના બીજા કોઈમાં નથી. જે બીજા દેવતાઓના રૂપ છે એમનામાં આ માહાત્મ્ય નથી. જેમ સાક્ષાત્ પરમાત્મામાં આ સામર્થ્ય છે, એવીજ રીતે આ સામર્થ્ય પરમાત્મામાં જરુર છે. આ પ્રકારની ચરણની સ્તુતિ કરી રહી છે. **ઈશ્વરએવ તથાવિધો ભવતિ. તત્રત્યઃ કામઃ સ્તબ્ધૈઃ ગ્રહીતું ન શક્યતે ઈતિ પ્રણતત્વમ્ ઉક્તમ્** પરંતુ ઈશ્વર જે તમને આપવા માગે છે, તમારા મનમાં જે કામ છે, એ તો તમે માગશો પરંતુ ઈશ્વર જે તમને આપવા માગી રહ્યો છે એ તમે સ્તબ્ધ થઈને નથી માગી શકતા. સ્તબ્ધ મતલબ શું? જેમ લહેર આવે અને માણસ આમ ઉભો રહી જાય, એનું નામ સ્તબ્ધતા. ઈશ્વરની આગળ સ્તબ્ધ થઈ જાઓ. ગીતામાં આસુરી સમ્પત્તિમાં સ્તબ્ધતાનું વર્ણન આવે છે. **"આત્મસમ્ભાવિતાઃ સ્તબ્ધાઃ ધનમાનમદાન્વિતાઃ"** (ભગ.ગીતા. ૧૬/૧૭). ઈશ્વરપાસે જે વખતે કોઈ મતલબ આપણા કામ તો કોઈ પણ પ્રકારથી અકામ, સર્વકામ, મોક્ષકામ, ભક્તકામ બધા કામ ઈશ્વરથી પૂર્ણ થઈ શકે છે પરંતુ તમે શું ઈચ્છી રહ્યા છો અને ઈશ્વર તમને શું આપવા માગી રહ્યો છે, એની ક્યારેય તુલના કરી તમે? આની તુલના કરો તો તમને માગતા આવડશે. નહીંતર તો માગતા પણ નહીં આવડે. માગવામાં પણ માણસ ડગુમગુ થઈ જશે.

જે વખતે ધ્રુવની સામે પ્રભુ પ્રકટ થયા તો ધ્રુવે આ જ કહ્યું કે "હવે હું શું માગુ?" તો પ્રભુએ કહ્યું કે "તારા માગવાથી નહીં પરંતુ મારા આપવાથી પુરી કરીશ. તને હું ધ્રુવસ્થાન પણ આપીશ કે જ્યાં તારે જન્મ-મરણના ચક્કરમાં ફસાવું નહીં પડે. તો પ્રભુ જે આપવા માગે છે આપણને અને જે આપણે પ્રભુપાસે માગી રહ્યા છીએ, એની કયારેક તુલના કરો તો ખબર પડે કે આપણે કેટલું ક્ષુદ્ર માગીએ છીએ અને એ કેટલું અધિક આપવા માગે છે.

અમારે ત્યાં પંડિતજી કોઈ બાવાને ભણાવવા ગયા. તો મહારાજશ્રીએ મોટા મંદિરના પંડિતજીને કહ્યું કે "કાંઈક દક્ષિણા લઈ લો" અમારા પંડિતજી

બહુજ નિસ્પૃહી, પ્રયાગમાં રહે તેઓ, એમણે કહ્યું કે 'નહીં.' એમને અમારે ત્યાંથી પગાર મળતો જ હતો. નિસ્પૃહ હતા. તો આવશ્યક જેટલું હતું એમને અમારે ત્યાંથી મળતું હતું. અનાવશ્યક સંચયમાં એમની રુચિ ન હતી પરંતુ મહારાજશ્રીએ કહ્યું કે ''પંડિતજી કાંઈક તો માગો.'' તો એમણે કહ્યું કે ''મને કોઈ આવશ્યકતા નથી. બાવા ભણ્યા એનાથી વધારે મને બીજી દક્ષિણા શું મળશે!'' મહારાજશ્રીને લાગ્યું કે વિનયવશ સંકોચવશ નહીં માગી રહ્યા હોય, એટલા માટે ટાળી રહ્યા છે. એમણે બે ત્રણ વખત આગ્રહ કર્યો. આમણે બે ત્રણ વખત રિફ્યૂજ કર્યું. બહુ મહારાજશ્રીએ આગ્રહ કર્યો તો પંડિતજીને ક્રોધ આવી ગયો. નિસ્પૃહ હતા ને! સ્પૃહા હોય તો ક્રોધને દબાવે. તો એમણે કહ્યું કે ''લાવો મહારાજ જે આપતા હો, તે લાવો. કેમકે મને શું ખબર કે આપ કેટલું આપી શકશો અને કેટલું આપવા માગી રહ્યા છો! આપ લાખ આપવા માગતા હશો અને હું હજાર માગી લઉં તો નુકશાનીમાં જઈશ. લાવો આપ કેટલું આપી રહ્યા છો? જે આપશો તે મંજૂર છે.'' મહારાજશ્રી ભીતર પધારી ગયા. આવાને શું આપે! માગવાવાળાને આપી શકે આવાને ન આપી શકાય. તો જે પ્રભુ આપવા માગે છે, એ કેટલું છે આપણને શું ખબર! આપણે હજાર માગીને રહી જઈએ અને એ લાખ આપવા માગતા હોય તો બહુ નુકશાન થઈ જશે એટલા માટે **''પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત્ સર્વત્ર તસ્યા સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ''** (વિ.ધૈ.આ.૨). પ્રભુ સર્વજ્ઞ છે, સર્વ હિતેષી છે, જે આપવા માગી રહ્યા છે, જે રૂપમાં આપવા માગી રહ્યા છે એમાં કાંઈ ને કાંઈ આપણું હિત રહેલું છે, આ શ્રદ્ધાથી જો તમે પ્રભુથી વસ્તુ સ્વીકારી ત્યારે તો તમે એ લઈ શકશો અને લીધેલી વસ્તુનો આનંદ આવશે બાકી કોરી સ્તબ્ધતા પ્રભુની સામે આપણે વરતી, તો જે કાંઈ મળવાનું છે એનાથી કાંઈક ન્યૂન જ લઈને જશો. કેમકે તમારી ઝોળીનું સામર્થ્ય જ કેટલું અને એના આપવાના અક્ષય વરદ હસ્તના આપવાનું સામર્થ્ય કેટલું! એની તુલના તો ક્યારેક કરીને જુઓ! તમારા ભિક્ષાપાત્રમાં એ સામર્થ્ય છે, એ વિસ્તાર છે, જે એના વરદ હસ્તથી મળી રહેલા વરને એનામાં સમાવી શકે! નથી સામર્થ્ય. આટલું સામર્થ્ય હૃદયનું નથી, આટલું સામર્થ્ય આપણા હાથનું નથી, આટલું સામર્થ્ય આપણી બુદ્ધિનું નથી, તો માગીને શું કરશો? પરંતુ સ્તબ્ધતા કરી તો કાંઈપણ નહીં મળે. એ કહે છે કે જો સ્તબ્ધ થઈ જઈએ તો ભગવાનના હૃદયમાં જે આપવા

માટે કામના છે, તો ભગવાન્ જે તમને આપવા માટે કામુક છે કે આ વસ્તુ હું ભક્તને આપી દઉં, એ કામનાને પ્રાપ્ત કરવામાટે તમે જો સ્તબ્ધતા વાપરશો, તો કામ નહીં આવે. એમાં તો પ્રણતતા જ જોઈએ. પ્રણત થશો તો પ્રભુ તો **પ્રણતકામદં** છે.

## (સાગર અને કૃપાસાગર ના ગુણ)

આજે સવારે સમુદ્રમાં ન્હાઈ રહ્યા હતા, તો એક બહુ મજેદાર વાત ખ્યાલમાં આવી. સમુદ્રના અને ઠાકોરજીના ગુણ એક સરખા. સમુદ્ર પણ લહેરાતો સાગર, એવીજ રીતે ઠાકોરજી પણ કૃપાના લહેરાતા સાગર તો કૃપાના લહેરાતા સાગરની લહેરનો એક નિયમ શું? કે જો પગ જમાવીને ઉભા રહો તો લહેર ફેંકી દે. તમને ઉભા રહેવા ન દે કેમકે એ કહે કે ભૂમિનો અન્યાશ્રય કેમ કર્યો! જ્યારે મારામાં તમે કૂદ્યા છો, તો મારાપર નિર્ભર રહો. જમીન પર પગ કેમ જમાવો છો! તો જમીન પર પગ જમાવવાનો અન્યાશ્રય કરો તો લહેર ફેંકે. તરતા રહો તો એ જ લહેર ફેંકે નહીં. એ પલનાની જેમ ઝુલાવતી રહે. ક્યારેક આમ લઈ જાય તો ક્યારેક એમ લઈ જાય. હવે એ થોડાક એ પાણીના સહારા પર પોતાને છોડી દો તો જેમ માઁ ઝુલાવે ને પલનું! એવો ઝુલવાનો આનંદ આપણને લહેરમાં મળે. એક વખત આમ જાય, એક વખત તેમ જાય પરંતુ પગ ટકાવતા જ ક્રોધ આવી જાય. એ કરુણાસાગરનો પણ એવોજ સ્વભાવ છે, ક્રોધ આવે કે ન આવે, પરંતુ એ લહેર નો સ્વભાવ જ એવો છે કે એ લહેર જે આવી રહી છે એમાં પગ જમીન પર ન ટકાવો. લહેર આવી રહી છે તો એમાં વહો. લહેરમાં વહેશો તો એ કૃપાની એવી લહેર છે કે એ તમને બાળકની જેમ ઝુલાવશે પરંતુ પગ ટકાવવાની કોશીષ કરી તો પલટી જ ખાશો. તો એક એ અન્યાશ્રય ન જોઈએ.

બીજી વાત આ સમજમાં આવી કે લહેરની સામે સ્તબ્ધ ઉભા રહી જાવ તો એ પટકશે. પટકશે એ તો પટકશે પરંતુ મોઢામાં, નાકમાં, કાનમાં મીઠાવાળું પાણી વધારામાં ઘુસશે. એ લહેરની સામે સ્તબ્ધ ન થઈ જાઓ તો ઉપરથી જો લહેર ચાલી જાય તો વહાવે પણ નહીં. એ તો ઉભા રહો તો વહાવીને લઈ જાય. નીચે ઝુકી જાવ તો વહાવે નહીં. આ પ્રકારથી સાગરનો અને કૃપાસાગરનો ગુણ એક જેવો જ છે. સ્તબ્ધતા ન જોઈએ અને અનન્યતા

જોઈએ. અસ્તબ્ધ અનન્ય આ કૃપાસાગરનો આનંદ લઈ શકે છે. **તત્રત્યઃ કામઃ સ્તબ્ધૈઃ ગ્રહીતું ન શક્યતે ઈતિ પ્રણતત્વમ્ ઉક્તમ્.** એટલા માટે ગોપિકા કહી રહી છે **પ્રણતકામદમ્.**

## (પદ્મજાર્ચિતમ્=ધર્મરૂપમ્)

**પદ્મજાર્ચિતમ્ ધર્મરૂપતા નિરૂપિતા, બ્રહ્મપ્રાર્થનયૈવ અત્ર આગતમ્ ઈતિ.** કહે છે કે **પદ્મજાર્ચિતં** કેમ કહ્યું? ગોપી ઠાકોરજીને થોડુંક મેણું મારી રહી છે. એ બ્રહ્મા કેવળ વિધિના અનુરૂપ અર્ચન મતલબ પૂજા કરે. વિધિથી પુષ્પ સમર્પણ કરવા હોય તો ''પુષ્પં સમર્પયામિ'', પત્ર સમર્પણ કરવું હોય તો ''પત્રં સમર્પયામિ''. બ્રહ્મા વગર કોઈ સ્નેહથી તમારા ચરણોની પૂજા કરે અને કહે ભગવાન્ ભૂમિપર અવતીર્ણ થઈ જાઓ, તો તમે ભૂમિપર અવતીર્ણ થઈ જાઓ છો. અમે તો સ્નેહથી તમારા ચરણોની અર્ચના કરવા માગી રહ્યા છીએ અને ભૂમિપર અવતીર્ણ થાઓ પણ નથી કહેતા, પરંતુ કહીએ કેવળ પ્રકટ થઈ જાઓ. કેમકે અહીંયા જ ક્યાંક વૃક્ષમાં છુપાયેલા છો અમને જોવામાં નથી આવતા. આટલું જ કહીએ તો તમે પ્રકટ નથી થઈ શકતા શું! આવું કેવું માહાત્મ્ય છે તમારા પ્રણતકામદ ચરણનું! અમે પ્રણત નથી કે પછી તમારા ચરણોમાં ધર્મરૂપતા નથી! શું વાત છે એ તો પ્રકટ થઈને બતાવો! આખરે પૃથ્વીપર આવ્યા તો કેમ આવ્યા? બ્રહ્માજીએ પ્રાર્થના કરી કે ભગવાન્ પૃથ્વીપર અધર્મ વધી ગયો છે, આવીને જરા ખબર તો લો પૃથ્વીની. એક તો બ્રહ્માએ ખુદને માટે પ્રાર્થના નથી કરી, ગામના માટે પ્રાર્થના કરી અને એ પણ પ્રાર્થના સ્નેહથી નથી કરી, ખાલી વિધિથી કરી અને તમે એના કહેવાથી અહીં આવી ગયા. હવે અમે માન્યું કે તમે પ્રણતકામદ છો પરંતુ શું અમે પ્રણત નથી! અમેતો પ્રણત છીએ અને સર્વથા પ્રણત છીએ. અમે તમારા ચરણોની પ્રાર્થના કરીએ અને તમે પ્રકટ ન થાવ, આ કેવી ધર્મરૂપતા છે તમારા ચરણના રૂપની!

## (ધરણિમંડનમ્=કીર્તિ/શ્રીરૂપ)

**કીર્તિરૂપમ્ આહ,** તો કહે છે કે ચાલો ઠીક છે. જેવા છો તેવા **''યાદશોઽસિ હરે! કૃષ્ણ! તાદશાય નમોસ્તુ તે. યાદશોઽસ્મિ હરે! કૃષ્ણ! તાદશં હિ મામ્ પાલય''** (સેવાશ્લોકા૧૦). તું કૃષ્ણ જેવો છે, ઠીક છે બ્રહ્માની પ્રાર્થનાથી વિધિવત્ પૂજન કરવાથી પણ ધરણીપર આવી જતો હોય, અમે સ્નેહથી

પૂજન કરવા માગીએ તો પણ પ્રકટ ન થતો હોય, ઝઘડો તો થઈ ન શકે, જેવો પણ છે તેવો, અમે તો તારો યશ જ ગાઈશું. આચાર્યચરણ કહે છે કે "ઐસે નહીં કહિયે" કૌન યહ ખેલિવેકી બાનિ ન કહિયે. જેમ કરે, જેમ ખેલે એને એવું કહેતા રહેવું કે "ભલી યહ ખેલિવેકી બાનિ."

તો કહે **કીતિરૂપમ્ આહ ધરણિમંડનમ્ ધરણ્યા મંડનમ્ અલઙ્કરણરૂપં શ્રીરૂપં વા.** જે વખતે તું આ એક એક ચરણ ધરણીપર રાખે અને એક એક ચરણના જે નિશાન પડે છે, એ નિશાન શું છે? એ પૃથ્વીના શૃંગાર છે. ચરણની છાપનો એક હારજેવો બની જાય પૃથ્વીપર, એ હારને ધારણ કરવા માટે ધરણી કોણ જાણે કેટલા વખતથી વ્યગ્ર હશે! તું પ્રકટ થયો અને આ જે તેં પોતાના ચરણની છાપોનો હાર પૃથ્વીને ધારણ કરાવ્યો, ધરણિને ધારણ કરાવ્યો, તો આજે આ પૃથ્વીની શોભા છે, નહીંતર તો પૃથ્વીની શોભા ક્યાં! એ કહે છે ને કે ભારતભૂમિને માટે! ભારતની ભૂમિ ધન્ય છે. જ્યાં દેવતાઓ પણ આ ભૂમિની સ્તુતિ કરે છે એનું કારણ શું? કેમકે અહીં કૃષ્ણનો અવતાર થયો છે. આ ધરણીએ એ ધરણીધરના ચરણને હારના રૂપમાં પોતાના હૃદયમાં ધારણ કર્યો છે, આથી વધારે બીજી ભારતની ભૂમિની કઈ સ્તુતિ થઈ શકે છે!

**(ચરણની પુરુષાર્થરૂપતા=અનિષ્ટનિવારકતા અને ઈષ્ટપ્રાપકતા)**

જનકે કહ્યું **"મિથિલાયાં પ્રદીપ્તાયાં ન મે દહ્યતિ કિંચન"** (મહાભા.૧૨/૨૬૧/૪). જનક બ્રહ્મજ્ઞાન આપી રહ્યો હતો અને કોઈએ જઈને ખબર આપી કે મિથિલામાં આગ લાગી ગઈ. એણે કહ્યું "લાગી હશે આગ મિથિલામાં એમાં મારું હૃદય શું બળ્યું!" અરે આખું ગામ બળી રહ્યું છે અને રાજા થઈને પણ તને કોઈ ચિંતા નથી થઈ રહી! ઠીક છે બ્રહ્મજ્ઞાન તો બહુ સારી વાત છે પરંતુ બ્રહ્મજ્ઞાની હોવાથી તેં રાજાના પદથી તો રિઝાઈન નથી કરી દીધું ને! કાંઈક તો ચિંતા કર! પરંતુ વિરક્ત છે કરે શું! આ દોષ નથી. આ વિરક્તિનો સ્વભાવ છે. **"મિથિલાયાં પ્રદીપ્તાયાં ન મે દહ્યતિ કિંચન"** તો એ ન્યાયથી કહે છે કે આરતી અનુરક્તિના કારણે થાય અને જેને તારા ચરણ મળી જાય એની બધી આર્તિ દૂર થઈ જાય! તો તારા ચરણમાં વૈરાગ્ય ગુણ છે કે નહીં? બતાવ. આ **આર્તિહન્** કહીને અનિષ્ટનિવારકતા બતાવી. **'રમણ'** કહ્યું એથી ઈષ્ટપ્રાપક બતાવ્યું. કેમકે 'રમણ' મતલબ શું કે જે રમણ કરતો હોય

એવો ચરણ. તો એનાથી જે અમને ઈષ્ટ વાંછિત છે એને આપવાવાળો છે અને **આર્તિહન્ ઈતિ અનિષ્ટ નિવારકઃ** અને આર્તિહનથી અનિષ્ટનું નિવારણ બતાવ્યું મતલબ દુઃખાભાવ અને સુખ. બે પ્રકારથી પુરુષાર્થ માનવામાં આવે છે. દુઃખ મટી જાય અને સુખ મળે. ખાલી દુઃખ મટી જાય એટલું જ અપેક્ષિત નથી હોતું. જેમ બીમારી મટી જાય અને શરીર સ્વસ્થ થઈ જાય. તો બીમારી મટવી એક વસ્તુ છે અને શરીર સ્વસ્થ થઈ જવું બીજી વસ્તુ છે. બીમારી મટે દવાથી અને શરીર સ્વસ્થ થાય વિટામિનથી. એવીજ રીતે ભગવાનના ચરણોમાં બંને પ્રકારના ગુણ છે. આર્તિહનરૂપતા પણ છે અને રમણરૂપતા પણ છે. દુઃખનિવારકતા પણ છે અને સુખપ્રાપકતા પણ છે. અથવા તો કહે કે ગોળગોળ વાત કેમ કહો! સીધી વાત કેમ ન કહેવી. અમે તારા ચરણારવિંદના ગુણોની યાદ અપાવીએ કે તારા ચરણારવિંદ કેવા છે? **આર્તિહન્ અને રમણ** છે.

જેમ હનુમાનજીને જ્યારે લંકા જવું હતું ત્યારે પોતાનું સામર્થ્ય ભૂલી ગયા. બધા વાનરોએ વિચાર કર્યો કે ''જાય કોણ?'' અંગદે કહ્યું કે ''જઈ તો શકું પરંતુ આવવામાં સંદેહ છે.'' ત્યારે બધાની પાછળ જાંબવાનને ખ્યાલ આવ્યો કે ''પવનને ક્યાંય પહોંચવામાં તકલીફ થાય છે! તો પવનપુત્ર હનુમાનને ક્યાંય જવામાં તકલીફ કેવીરીતે થઈ શકે છે!'' તો જ્યારે હનુમાનજીએ કહ્યું કે ''આટલી દૂર લંકામાં કેવીરીતે જાઉં?'' ત્યારે જાંબવાને યાદ અપાવી કે ''તમે પવનપુત્ર છો, આ કામ કરવાનું તમારામાં સામર્થ્ય છે.'' તો યાદ અપાવવાથી એમને સ્વરૂપ યાદ આવ્યું ત્યારે તો એમણે કહ્યું ''કહો તો રાવણને પણ મારીને આવું?'' જાંબવાને કહ્યું કે ''બસ એ ન કરતા. બસ જઈને જોઈ આવો કે સીતાજી કેમ છે! રાવણને મારવાનું કામ રામપર છોડી દો.'' તો સમર્થ માણસ પણ પોતાનું સામર્થ્ય ભૂલી જાય.

ત્યારે આ ગોપિકાઓ યાદ અપાવે કે તારા ચરણોમાં ઐશ્વર્ય છે, વીર્ય છે, યશ છે, શ્રી છે, જ્ઞાન-વૈરાગ્ય છે. હવે સામર્થ્ય હનુમાનજીને તો યાદ આવી ગયું પરંતુ આટલા વખતથી તને યાદ અપાવી રહ્યા છીએ સામર્થ્ય અને છતાંપણ યાદ નથી આવી રહ્યું અને પ્રકટ નથી થઈ રહ્યો! આરતી દૂર નથી કરતો તો કેમ સીધી વાત ન કહેવી! તો કહે છે કે આ જે બધા દુનિયાના

કરવાના ઉપકાર છે તે કર કે ન કર, એ તું જાણે અને તારી દુનિયા જાણે પરંતુ અમારી વચ્ચે તારા આ ગુણ કેમ નથી પ્રકટ કરતો! આ ગોપિકા સીધી પ્રાર્થના કરે છે.

**યદ્ લોકે પંચવિધમ્ ઉપકારં કરોતિ તદ્ અસ્માસુ એકમેવ કરોતુ ઈતિ પ્રાર્થ્યતે. પ્રણતાસુ કામં દદાતિ.** આપના ચરણ દુનિયામાં પાંચ ઉપકાર કરે છે. કરે. પરંતુ અમારામાં એક કામ તો કરી દે! **પ્રણતકામદમ્** બીજો કોઈ ઉપકાર નથી જોઈતો. અમે પ્રણત છીએ એમાં તને સંદેહ હોય તો કહે! તું 'કામદ' નથી એમાં તને કોઈ સંદેહ હોય તો કહે, અમે બંને વાત તને કરી દઈએ! અમારા સ્વરૂપની વાતનો ખુલાસો કરી દઈએ અને તારું સ્વરૂપ તને યાદ અપાવી દઈએ. બંને સ્વરૂપ યાદ આવી ગયા પછી શું કમી રહી રહી છે! તારું પ્રણતકામદતાનું સામર્થ્ય હમણાં કેમ પ્રકટ નથી કરતો! દુનિયામાં પંચવિધ ઉપકાર કર, પરંતુ અમારે પંચવિધ ઉપકારની જરૂરત નથી અમારો તો એક ઉપકાર કરી દે **પ્રણતકામદમ્.**

**તત્પૂર્વકં મનસિ નઃ સ્મરં વીર યચ્છસિ ઈતિ** અને એ બિચારી પહેલાવાળી ગોપિકાએ કહ્યું છે કે **મનસિ નઃ સ્મરં વીર યચ્છસિ** તો જ્યારે તું **સ્મરં વીર યચ્છસિ** છે તો પછી કેમ તદનુરૂપ પ્રકટ નથી થતો? **પ્રકર્ષેણ નમ્રેષુ વા કામં દ્યતિ=ખંડયતિ.** તો કહે છે કે ભઈ **યચ્છસિ. પ્રણતકામદમ્** નો એક અર્થ આ પણ થઈ શકે છે કે પ્રણતને કામ આપવાવાળો છે. તો પહેલાવાળી ગોપિકાએ કહ્યું કે તું કામપ્રદ છે. છે તો શું થયું! છે થી કામ નહીં ચાલે. કામદનો બીજો અર્થ આ પણ થાય છે કે **કામં દ્યતિ ખંડયતિ.** કામને જે ખંડિત કરી દે. જે કામ તેં જગાવ્યો છે, અમારા હૃદયમાં જે આગ તે લગાડી છે, એને તું બુઝાવ. આ અર્થમાં **કામદ** લો. આવું માનીને સંતોષિત ન થઈ જા કે **કામદ,** કામ છે તે તમને તમારા હૃદયમાં દર્શનની કામના છે જ, ચાલો બસ તથાસ્તુ! એમ નહીં, આટલામાં તથાસ્તુ નહીં ચાલે.

જેમ ગણપતિ અને વ્યાસજીમાં જે વખતે મહાભારત લખાવવાનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો, લોકકથા છે લગભગ, શાસ્ત્રીય કથા તો નથી. તો એ વખતે વ્યાસજીને બહુ લોભ આવી ગયો કે ગણપતિજી જેવા લેખક પ્રસન્ન

થઈને આપણું આખું મહાભારત લખી દે અને પ્રસન્ન થઈ ગયા તો ગણપતિજીથી એકાદ વરદાન માગી લઈએ. તો ગણપતિજીને એમણે કહ્યું કે "મહારાજ પ્રસન્ન થઈ ગયા?" ગણપતિજીએ કહ્યું "હા મહાભારત લખીને પ્રસન્ન થઈ ગયો." તો એમણે કહ્યું કે "એક વરદાન આપી દો કે જે ક્ષેત્રમાં આપણે મહાભારત લખ્યું, વ્યાસાશ્રમ હતો, અહીં જે પણ મરે એને મુક્તિ મળી જાય." ગણપતિજીને થયું કે આ માહાત્મ્ય તો શિવનું, કાશીનું છે. જો આ ઠેકાણાને આ કહી દીધું તો મારા પિતાનું જે માહાત્મ્ય છે એમાં ત્રુટિ આવી જાય. હવે ના પણ પાડે તો પ્રસન્નતાની કમી દેખાય. બહુ વિચાર કરીને ગણપતિજીએ કહ્યું કે "શું કહ્યું?" તો વ્યાસજીએ કહ્યું કે "મહારાજ એમ કહ્યું કે આ ક્ષેત્રમાં જે મરે તેને મુક્તિ મળી જાય." ગણપતિજીએ પાછું પૂછ્યું કે "શું કહ્યું?" એમણે કહ્યું કે "મહારાજ એમ કહી રહ્યો છું કે આ ક્ષેત્રમાં જે મરે તેને મુક્તિ થઈ જાય." ત્રીજી વખત ગણપતિજીએ પાછું પૂછ્યું તો વ્યાસજીને ક્રોધ આવી ગયો તો એમણે કહ્યું કે "આ ક્ષેત્રમાં જે મરે તે ગધેડો થઈ જાય." તો ગણપતિજીએ કહ્યું 'તથાસ્તુ'. આવી લોકકથા છે. પ્રામાણિક છે કે નહીં મને ખબર નથી. ત્રણ વખત પૂછ્યું તો ક્રોધ આવી ગયો. ક્રોધના વશમાં મનમાંથી ગાળ નિકળી ગઈ, ગાળ નિકળી અને એમણે કહ્યું 'તથાસ્તુ.' તો કાશીનું માહાત્મ્ય બન્યું રહ્યું આ કારણથી નહીંતર કાશીનું માહાત્મ્ય સંકટમાં આવી ગયું હતું.

એવીજ રીતે એ ગોપિકા કહે છે કે **'કામદમ્'** ભગવાન્ કહે કે "જાઓ તથાસ્તુ!" કામના તમારા મનની આપી તો તકલીફ આપી દેશો મહારાજ! તો અમે **'કામદં'**નો અર્થ તમને સ્પષ્ટ સમજાવી દઈએ, ક્યાંક ગણપતિજીના જેવું તથાસ્તુ ન થઈ જાય. **'કામદં'**નો મતલબ અમારો કામ દેવાવાળો નહીં પરંતુ **કામં દ્યતિ=ખંડયતિ** કામને જે ખંડિત કરતો હોય, કામને નષ્ટ કરતો હોય, એવું તમારું ચરણ પ્રકટ કરો કે આ અમારો કામ, આ અમારી લાલસા બધું ખંડિત થઈ જાય, કેમકે આ બહુ તકલીફ આપે છે.

**પદ્મજેન પદ્મજયા વા અર્ચિતમ્ ઐશ્વર્યાર્થં કામાર્થં વા પદ્મજૈઃ અર્ચિતમ્ તત્તુલ્યં વા. અન્યથા તાનિ ચરણપઙ્કજજન્મ કથં પ્રાપ્નુયુઃ! 'પદ્મજ'** મતલબ તારા ચરણારવિંદના જે નખ છે. એ ગોપિકાઓનું ચરણનું ધ્યાન ધરતા ધરતા

નખપર ધ્યાન ગયું. કેમકે ચરણ જે પંચવિધ ઉપકાર કરે છે અને પાંચ નખ છે આથી એવું લાગે છે કે નખોની જ્યોત્સના કે ચમક છે, એનાથી નખ નિરંતર ચરણની પૂજા કરે છે. ચરણની જાણે આરતી ઉતારી રહ્યા હોય અને ચરણની શોભા વધારી રહ્યા હોય. એના કારણે તારા નખોથી તારા ચરણની પૂજા નિરંતર ચાલી રહી છે એવો ભાવ અહીં પ્રકટ થઈ રહ્યો છે. એટલા માટે જ આપણે ત્યાં શ્યામસ્વરૂપના ચરણારવિંદમાં નખ ધરાવવામાં આવે છે. શ્રીનાથજી નખ ધરે છે. કેમકે એ પણ એક પ્રકારની ચરણની પૂજા છે. એવીજ રીતે શ્રીનાથજી શ્રીહસ્તમાં પણ પાંચે આંગળીઓમાં નખ ધરે છે. શ્યામસ્વરૂપ હોય તો બધી જગ્યાએ ધરે અને ગૌર સ્વરૂપ હોય તો ન ધરે. તો એ કહે છે કે પદ્મજ જે નખ છે, તે પોતાના ઐશ્વર્યને વધારવા માટે, તારા ચરણોની પૂજા કરે છે. મતલબ એવું લાગે કે જાણે તારા ચરણ પોતાના નખોથી પૂજિત છે અને એ લક્ષ્મી છે એ પણ નિરંતર તારા ચરણોની પૂજા કરે છે, કદાચ પ્રણયાવલોકનથી, કદાચ પદસંવાહનથી, તો આ કામાર્થ કરતી હશે. **અન્યથા તાનિ ચરણપઙ્કજજન્મ કથં પ્રાપ્નુયુઃ!** નહીંતર તે આવો જન્મ કેમ ઈચ્છે કે એ નિરંતર તારા ચરણોથી લાગેલી રહે! તો ઐશ્વર્યાર્થ કે કામાર્થ જે તારા ચરણમાં પ્રણત થઈ જાય છે, એમના કામને તો તું પૂર્ણ કરે જ છે તો અમારા કામ કેમ નથી પૂર્ણ કરતો!

**(ધરણિમંડનમ્ ધ્યેયમ્ આપદિ)**

**ધરણ્યપિ સ્ત્રી અનલંકૃતા ન ભુજ્યતઈતિ તસ્યાં પદસ્થાપનમ્.** આ ધરણી જે છે તે વિષ્ણુપત્ની છે. ધરણિમંડન જે છે, તો આ પૃથ્વીપર જે તું નિરંતર ફરે છે અને ચરણ આ ધરતીપર સ્થાપિત કરે છે અને તું ચરણ સ્થાપિત કરે અને એમાં શોભા ન આવે, અલઙ્કરણ એનું ન થાય, એવી ધરણી કેવીરીતે હોઈ શકે છે! મતલબ અનલઙ્કૃત ધરણીનો ઉપભોગ તો સંભવ નથી, એટલા માટે તું ખુદ ધરણીપર ફરી ફરીને મતલબ પાદુકા પણ ધારણ નથી કરતો અને ઉઘાડા પગોથી પોતાના ચરણારવિંદ છાપી છાપીને ધરણીનું અલઙ્કરણ કરે છે. આટલું જ્યારે તારા ચરણનું માહાત્મ્ય વધારે છે મતલબ **ભગવદપેક્ષાયાપિ ચરણો મહાન્.** આ ગોપિકાને થોડોક ગુસ્સો આવી રહ્યો છે, તો કહે છે કે તારે બદલે તો તારા ચરણ સારા છે. આ ધરણીનો આટલો ઉપકાર તો કરે છે,

લક્ષ્મીનો આટલો ઉપકાર તો કરે છે! તું તો બિલકુલ ઉપકારી **નથી**, અપકારી છે એવી પ્રતીતિ થાય છે.

**ધ્યેયમ્ આપદિ આપદિ ધ્યાનમાત્રેણૈવ આપદં દૂરીકરોતિ ઈતિ.** આપત્તિ આવી જાય અને ચરણારવિંદનું ધ્યાન ધરો તો આપત્તિ દૂર થઇ જાય. યથા એતેષાં સર્વોપકારકર્તૃ આ બધાના ઉપર તેં આટલા ઉપકાર કર્યા તો **તથા અસ્માકમપિ કરોતુ ઈતિ પ્રાર્થના** તો અમારા ઉપર પણ ઉપકાર કરી દે, આટલું પણ નહીં કરે શું! સામે પ્રકટ થઇ જા. **અનેન સર્વએવ સુરતબન્ધા આક્ષિપ્તાઃ.** આ પ્રકારથી **પ્રણતકામદં.... સ્તનેષુ અર્પય આધિહન્.**

**ટિપ્પણી : શ્લોક૧૨ :**

**દિનપરિક્ષયે ઈત્યત્ર 'બિભ્રદ્' પદતાત્પર્યોક્તૌ જ્ઞાનં વા ભવેદ્ ઈતિ, ભક્ત્યાત્મકત્વાત્ મુખસ્ય સ્નેહરસાનુભવએવ સ્યાદ્ ઈત્યર્થઃ।।૧૨।।**

**વિવરણમ્ :**

થોડોક જે આપણો ક્રમ છે તે આપણે નિર્વાહ કરી લઈએ. વચમાં ટિપ્પણી છૂટી ગઇ હતી. અહીં બે શ્લોકોમાં થોડીક ટિપ્પણી છે તે આપણે જોઇ લઈએ. **દિનપરિક્ષયે .... વીર યચ્છસિ.** આ કારિકામાં એક વાત કાલે આવી હતી **યદિ મુખસંમાર્જનં કૃત્વા સમાગચ્છેત્ તદા પ્રસન્નમુખદર્શનાદ્ જ્ઞાનં વા ભવેત્. ધનસમ્બન્ધિ રજ ઈતિ કામએવ, નતુ ક્રોધઃ.** એક એનું તાત્પર્ય કાલે આ બતાવ્યું કે મુખસંમાર્જન કરીને આવતા, પરિશ્રમ દૂર થઇ જાત તો કેવળ જ્ઞાન થાત, સ્નેહ ન થાત પરંતુ ધનસંબંધિ ગોધનના સંબંધથી ગોરજના કણ પોતાના મુખપર લઈને વ્રજમાં પધારે છે, આથી મુખારવિંદપર, કામભાવ જતાવ્યો, ક્રોધ નહીં.

ત્યાં **જ્ઞાનં વા ભવેત્** આ જ્ઞાનનું તાત્પર્ય શ્રીગુસાંઈજી કાંઈક અધિક આપી રહ્યા છે. પ્રભુચરણ આજ્ઞા કરે છે કે જો આ પ્રકારથી મુખસંમાર્જન કરીને પધારત તો મુખારવિંદપર એક પ્રકારનો તાજાપણાનો અનુભવ થાત મતલબ શ્રમનો બોધ ન થાત. અશ્રાન્તમુખના જો દર્શન થાત, તો આચાર્યચરણ કહી રહ્યા છે કે જ્ઞાન થાત. શ્રીગુસાંઈજી કહી રહ્યા છે કે જ્ઞાન મતલબ કેવું જ્ઞાન? કહી રહ્યા છે કે ચરણ મર્યાદાભક્તિરૂપ છે અને પ્રભુનું મુખારવિંદ પુષ્ટિભક્તિરૂપ

છે. તો પુષ્ટિભક્તિરૂપ મુખારવિંદના દર્શનથી જ્ઞાન થાત તો કેવું થાત? એવું જ્ઞાન થાત કે કેવળ સ્નેહરસનો અનુભવ થાત. જે સ્નેહરસ તો છે જ, વ્રજભક્તોને પણ છે, પ્રભુને પણ છે પરંતુ આ જે શૃંગારરસનો અનુભવ એ ન થઈ શકત. શૃંગારરસના અનુભાવક તરીકે, ગોધનની જે રજ છે એનું મુખારવિંદપર વહન કરીને, ધારણ કરીને પ્રભુ પધારે છે. આ બહુ સુંદર સ્વારસ્ય 'જ્ઞાન'પદનું બતાવ્યું. આનાથી વધારે શ્રીગુસાંઈજી કાંઈ લખતા નથી.

**ટિપ્પણી : શ્લોક૧૩ :**

**પ્રણતકામદમ્ ઈત્યત્ર, અથવા યલ્લોકે ઈત્યાદિ. લૌકિકકામ-ખંડનૈશ્વર્ય (દાન) સ્વકામદાનાલંકરણાપદ્દૂરીકરણાત્મકં પંચવિધમ્ ઉપકારં કરોતિ તચ્ચરણપંકજં તાપનિવારણાત્મકમ્ એકમેવ ઉપકારમ્ અસ્માસુ કરોતુ ઈતિ અર્થઃ. પદ્મજૈઃ અર્ચિતમ્ ઈતિ, ચરણપદ્મજૈઃ નખૈઃ તથા ઈતિ અર્થઃ. લોકે તેષાં સંયોગિદ્રવ્યત્વેઽપિ ભગવન્નખાનાં સચ્ચિદાનન્દરૂપત્વેન તથા વક્તુમ્ અશક્યં યદ્યપિ તથાપિ સ્વસ્ય અધુના ચરણસમ્બન્ધે અત્યાર્ત્યા યદેવ તત્સમ્બન્ધિ તદેવ પૂર્ણસાધનમ્ ઈતિ આશયેન તથા ઉક્તમ્. અસ્મિન્ પક્ષે ઉપપત્તિમ્ આહુઃ અન્યથા ઈતિ. ઉક્તારુચ્યૈવ પક્ષાન્તરમ્ આહુઃ તત્તુલ્યં વા ઈતિ. તૈઃ અતિશોભા અતઃ તૈઃ ચરણપદ્મં પૂજિતમિવ ભવતિ ઈતિ અર્થઃ. ધ્વજાદિચિહ્નાનિ ચ ઉક્તરૂપાણિ જ્ઞેયાનિ॥૧૩॥**

**વિવરણમ્ :**

**પ્રણતકામદમ્** આ કારિકામાં આ જે કહ્યું કે **અથવા યલ્લોક,** કે જગતના તમે જે પંચવિધ ઉપકાર કરો છો, એ પંચવિધ ઉપકાર અમારે નથી જોઈતા, અમને કેવળ એકવિધ ઉપકાર કરો કે પ્રણતકામદતા જે તમારી છે એને નિભાવો. આ વાતનો ભાવ સ્ફુટ કરે છે. **લૌકિકકામ-ખંડનૈશ્વર્ય (દાન) સ્વકામદાનલંકારણાપદ્દૂરીકરણાત્મકં પંચવિધમ્ ઉપકારં કરોતિ.** લૌકિક જે કાંઈ વિષયાસક્તિ હોય આ ભગવાનના ચરણારવિંદ એ લૌકિક વિષયાસક્તિને દૂર કરે છે. ઐશ્વર્ય તો ભગવત્ચરણારવિંદોમાં છે જ. ભગવત્ચરણારવિંદમાં એક વખત પ્રણત થાય, એને ભગવદ્મુખમાં કામ જાગૃત થઈ શકે છે. દરેકનો અધિકાર નથી. એટલા માટે ચરણારવિંદમાં ભગવત્કામદાતૃતા પણ છે. લૌકિકકામખંડનનું સામર્થ્ય છે. લૌકિકવિષયક કામનાઓને તોડે છે અને

ભગવદ્મુખારવિંદની કામનાને જગાવવાવાળા પણ ચરણારવિંદ છે.

એટલા માટે આપણે ત્યાંનો ક્રમ તમે જુઓ. તો પહેલા અષ્ટક્ષરમંત્ર દીક્ષા આપવામાં આવે છે જેથી જીવ પ્રભુના ચરણારવિંદમાં શરણાગત થાય. એના પછી બ્રહ્મસંબંધ આપવામાં આવે છે. તો અષ્ટાક્ષરની દીક્ષા શરણાગતિની દીક્ષા, ચરણારવિંદમાં આપવામાં આવતી દીક્ષા છે. બ્રહ્મસંબંધની દીક્ષા, યદ્યપિ તુલસી ચરણારવિંદમાં સમર્પવામાં આવે છે પરંતુ આ વાત ન ભૂલતા કે બ્રહ્મસંબંધની દીક્ષા મુખારવિંદની ભક્તિની દીક્ષા છે. ચરણારવિંદની ભક્તિની દીક્ષા નથી. આટલા માટે બ્રહ્મસંબંધની દીક્ષા લીધા પછી સેવા ન પધરાવી તો **''ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે મંદમતિ કહી અને નિંદા દાખી''** (વલ્લભાખ્યાન.૭/૭). બ્રહ્મસંબંધ લીધા પછી તો સેવા કરવી કરવી અને કરવી જ જોઈએ. ભગવત્સેવા છોડીને બ્રહ્મસંબંધ લેવું એ પદ્ધતિ જ ખરાબ છે. આનું નુકશાન થયું પુષ્ટિમાર્ગને! આથી બધા લોકો બ્રહ્મસંબંધને એવું સમજી ગયા જાણે કે પુષ્ટિમાર્ગનો ટ્રેડમાર્ક હોય. એક વખત બ્રહ્મસંબંધ લઈ લેશું તો તરી જશો. અરે તરવાને માટે બ્રહ્મસંબંધ છે જ નહીં. ઠાકોરજીની સાથે તરવાને માટે બ્રહ્મસંબંધ છે, તરવામાટે નથી. આ ભક્તિરસમાં ઠાકોરજી અને તમે સાથે તરો, બહાર ક્યાંય નથી જવાનું. અહીંજ તરતા રહેવાનું છે ભક્તિરસમાં. બહાર જવાના માર્ગતો બધા બીજા જ્ઞાનમાર્ગ મર્યાદામાર્ગ કર્મના, એમને પાર પહોંચવાની ચિંતા છે. તમે ક્યાં પાર જશો! કઈ વસ્તુને માટે પાર પહોંચશો! આ ભક્તિરસ તમને અહીં મળી રહ્યો છે. જ્યારે તમારી સેવા ઠાકોરજી અહીં અંગીકાર કરી રહ્યા છે તો શેનાથી પાર થવા માગો છો!

**(વૈરાગ્યથી વૈરાગ્ય)**

શ્રીગુસાંઈજીને એક વખત વૈરાગ્ય આવી ગયો. વૈરાગ્ય આવી ગયો તો ગુસાંઈજીએ કહ્યું કે ''આજે અમારા કપડા ભગવા રંગમાં રંગી દો. અમે ઘર છોડીને જઈશું.'' વાર્તામાં આવે છે કે નવનીતપ્રિયાજીને જ્યારે આ વાતની ખબર પડી તો એમણે પોતાનો તનિયો પણ આપ્યો ગિરિધરજીને કે ''આ તનિયો પણ ભગવા રંગમાં રંગો.'' જ્યારે એ ભગવા રંગમાં કપડા સુકવ્યા તો ગુસાંઈજીના ભગવા રંગમાં રંગેલા કપડાઓની સાથે નવનીતપ્રિયાજીનો તનિયો

પણ ભગવા રંગમાં રંગેલો સૂકાવ્યો. તો ગુસાંઈજીએ પાછા આવીને જોયું કે ''આ શું!'' ગિરિધરજીએ કહ્યું કે ''નવનીતપ્રિયાજીની આજ્ઞા થઈ છે.'' હવે એ નવનીતપ્રિયાજીએ આજ્ઞા કરી કે ન કરી પરંતુ આ ગિરિધરજીની ચતુરાઈ હતી કેમકે ગિરિધરજી તો વૈરાગ્યના રહસ્યને જાણે છે ને. તો ગિરિધરજીની ચતુરાઈ હતી કે શું હતું! પરંતુ જ્યારે નવનીતપ્રિયાજીનો તનિયા બાજૂમાં સૂકાતો જોયો તો ગુસાંઈજીને વૈરાગ્યથી વૈરાગ્ય આવી ગયો. એમણે કહ્યું કે ''કોના માટે વૈરાગ્ય લેવો!'' ઠાકોરજી જ્યારે ઘરમાં બિરાજે છે તો વૈરાગ્ય કેવું વધારે મોટું તિલક તમારા માથાપર લગાવશે! આ વૈરાગ્ય પ્રાપ્ત કરીને પણ જેને પ્રાપ્ત કરવાનો છે એ જ તો છે જે ઘરમાં બિરાજી રહ્યો છે. હવે વગર વૈરાગ્ય પ્રાપ્ત કર્યે આપણે ત્યાં શ્રીઆચાર્યચરણે આ સામર્થ્ય આપ્યું છે કે ઠાકોરજી તમારા ઘરમાં બિરાજે અને એ ઠાકોરજીના ચરણારવિંદમાં તો ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય બિરાજે છે તો કયો વૈરાગ્ય પ્રાપ્ત થઈ જશે! ઉર્ધ્વપુંડ ધારણ કરો તો એમાં ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય બધું જ આવી જશે. ક્યાં ભાગીને જશો! જે વખતે પ્રભુની સાથે રહી રહ્યા છો, પ્રભુની સેવાને માટે ઘરમાં રહી રહ્યા છો તો બીજો કયો વૈરાગ્ય જોઈએ! વૈરાગ્ય લઈને પણ મઠ બનાવવો પડશે તો ફાયદો શું થશે! વૈરાગ્ય લઈને તો એષણાઓ વધી જશે તો ફાયદો શું થશે. કાંઈ ફાયદો નહીં થાય. એના કરતાં ઘરમાં કેમ ન ઠાકોરજીની સાથે બિરાજો. પાર બાર જવાનો માર્ગ આપણો નથી. પાર જવાનો માર્ગ તો જ્ઞાનીઓનો, વિરક્તોનો, મર્યાદભક્તોનો છે, પુષ્ટિમાર્ગમાં તો ભગવત્સેવા જ મુખ્ય છે.

## (સકલં તદ્ધિ તવૈવ માધવ!)

**''ભગવદીયત્વેન પરિસમાપ્તસર્વાર્થાઃ''** (ભાગ.પુરા.૫/૬/૧૭). ભાગવતકાર કહે છે કે એક વખત તારો છું એમાં બધા પુરુષાર્થ પ્રાપ્ત થઈ ગયા. હવે તારો છું એની ઓળખાણ આ છે કે જે કાંઈ મારું છે તે તારા માટે છે, તારી સેવામાં વિનિયોગાર્હ છે. તારી સેવાને માટે મારું ઘર છે. તારી સેવાને માટે મારા બાલ-બચ્ચા છે. તારી સેવાને માટે મારો પરિવાર છે. તારી સેવાને માટે મારું ગાર્હસ્થ્ય છે. **''મમ નાથ! યદસ્તિ યોઽસ્મિ અહં સકલં તદ્ધિ તવૈવ માધવ!''** (આળવન્દાર.૫૬) જે કાંઈ પણ મારું છે, મારું કાંઈ પણ છે જે હું છું **''સકલં તદ્ હિ તવૈવ માધવ!''**. બધું તારું જ છે.

### (નગ્નક્ષપણકસ્ય ગ્રામે રજકઃ કિં કરિષ્યતિ)

કહે છે તો આજ વાત જ્ઞાની પણ પરંતુ આપે છે ક્યાં! એની પાસે ભગવા કપડાના સિવાય હોય શું જે આપે! એ કહે કે દિગંબરોના ગામમાં ધોબીઓ ભૂખે મરે છે. શું તો નહાય અને શું નિચોવે! ગામ દિગંબરનું તો બધા બિચાર ધોબી ભૂખે મરે. શબ્દ ખરાબ થઈ ગયો છે બાકી સાચા અર્થમાં એને સમજો. તો જે આપણે આ કપડાઓને **''વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય''**, (ભગ.ગીતા.૨/૨૨) આ કપડાઓને, ભગવત્ચરણારવિંદ જે ધોવે છે એ આપ ખુદ દિગંબર થઈ જાઓ, તો ધોશે શું! આપ ખુદ દિગંબર થઈ જાઓ મુક્તિમાર્ગીય, તો આપણે ત્યાં કહ્યું છે કે **''બ્રહ્મજ્ઞાની ને મુક્તિમાર્ગીય સપને નહીં વ્યવહાર''** (વલ્લભાખ્યાન.૧/૭) કેમકે જે આપણો ધોબી છે, ધોબીને ગાળના અર્થમાં નહીં લેતા, સાચા અર્થમાં સમજો, જે કે આપણા દેહરૂપી કપડાઓને ધોવે છે પોતાના ચરણારવિંદની રજ સાબુઓથી, એનું કામ શું રહી જશે આપણા ઘરમાં! એ સાબુ ક્યાં લગાવશો! તો ચરણરજ ક્યાં લગાવશો! એ ન લગાવી તો ફાયદો શું થયો આવા વૈરાગ્યનો! તમારા આ નવા નવા કપડા પણ પહેરો તો પણ સુખ છે અહીં તો. ત્યાં તમે એ જુના કપડા ફેંકી પણ દીધા તો શું સુખ મળશે! બધું વ્યર્થ જશે. મતલબ **''ઇદમેવ ઇન્દ્રિયવતાં ફલં મોક્ષાપિ નાન્યથા. યથા અન્ધકારે નિયતા સ્થિતિઃ નાક્ષ્ણોઃ ફલં ભવેત્''** (સુબો.કારિકા. ૧૦/૧૮/૭). તમે બીજું કોઈ ફલ ઇચ્છ્યું આ ફલના સિવાય તો તમે આંખવાળા હોવા છતાં પણ અંધારા કુવામાં પડ્યા. ફલ તમને શું મળ્યું! કોઈ ફલ ન મળ્યું.

### (બ્રહ્મસંબંધદીક્ષાનું તાત્પર્ય)

એટલા માટે આપણે ત્યાં બ્રહ્મસંબંધની દીક્ષા છે, એ મૂલતઃ મુખારવિંદની દીક્ષા છે, મુખારવિંદની ભક્તિની દીક્ષા છે. ચરણારવિંદની ભક્તિની દીક્ષા તો આપણે અષ્ટાક્ષરથી જીવને આપી દઈએ. એટલા માટે જે સેવા ન કરવા માગતો હોય, એને કેવળ અષ્ટાક્ષરમંત્ર જ લેવો જોઈએ, બ્રહ્મસંબંધ ન લેવું જોઈએ. કેમકે એનાથી પ્રભુને પણ પરિશ્રમ છે. શ્રીમદાચાર્યચરણને પણ પરિશ્રમ છે અને માર્ગની શોભામાં પણ બગાડ આવે. આ પ્રકારના પહેલા બે ચાર દસ વીસ જીવ હતા આજે તો બહુજ વધી ગયા,

આજે તો બે ચાર દસ કહેવામાં શરમ આવે છે. હવે તો સેંકડો એવા જ વૈષ્ણવ થઇ ગયા છે ટ્રેડમાર્ક છાપ, બિન્નીસૂટ, મફતલાલસૂટ, મફતલાલ સૂટિંગ, એવાજ પુષ્ટિમાર્ગના ઘરમાં મફતલાલ સૂટિંગ પેદા થઇ ગઇ. સેવા કરે નહીં અને બ્રહ્મસંબંધ લઇ જાય મફતમાં. આ બધા મફતલાલ સૂટિંગ છે, આ સૂટ નથી થતા પુષ્ટિમાર્ગમાં. આ સૂટેબલ નથી પુષ્ટિમાર્ગમાં પરંતુ ચાલી નિકળ્યું છે, શું કરીએ! આનાથી માર્ગની બહુ ક્ષતિ થઇ છે. જે પુષ્ટિમાર્ગ જીવશે તે એજ જીવશે જેના ઘરમાં ભગવત્સેવા બિરાજે છે. જો માર્ગ તિરોહિત થયો તો એ વૈષ્ણવો, એ મહારાજોના ઘરમાંથી તિરોહિત થશે કે જેમણે બ્રહ્મસંબંધ આપ્યું અને જેમણે બ્રહ્મસંબંધ લઇને સેવા નથી કરી. બ્રહ્મસંબંધ ન લેવું અપરાધ નથી, આ વાતને તમે સાફ સુથરી રીતે સમજી લેજો. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ લઇને સેવા ન કરવી સૌથી મોટો અપરાધ છે. આનાથી મોટો અપરાધ બીજો કોઇ નથી. બ્રહ્મસંબંધ ન લીધેલા એવા કેટલાય વૈષ્ણવ મહાપ્રભુજી પાસેથી અષ્ટાક્ષર લીધેલા હતા, આચાર્યચરણ આટલા માટે બધાને અષ્ટાક્ષર આપતા કે જેમને સેવાની અનુકૂળતા ન હોય, કોઇપણ કારણથી, પરિવારના કારણથી, પોતાના સ્વભાવના કારણથી, કોઇ લૌકિક ઉપદ્રવના કારણથી, જેમને સેવાની અનુકૂળતા ન હતી, એમને કેવળ અષ્ટાક્ષરમંત્ર આપવાની પદ્ધતિ હતી પરંતુ મહારાજોએ અને વૈષ્ણવોએ અંદરોઅંદર મળીને આ પદ્ધતિ બગાડી નાખી. ઉર્દુમાં એક ગજલ છે **''ગુલચીંકી સાજિશેં હૈં ન ખારોંકા હાથહે. બરબાદીએ ચમનમેં બહારોંકા હાથહે. ગફલતપે નાખુદાકી જમાના હે તાનાજર. કશ્તીકે હાદિસોંમેં કિનારોંકા હાથ હે.''** (નસીમ) મતલબ આ બગીચો જે ઉજડ્યો એ ન તો માળીનો ગુનો હતો, ન આ કાંટાઓનો ગુનો હતો, બગીચો જો ઉજડ્યો તો આ વસંતઋતુનો ગુનો છે. વસંતઋતુ કઇ? આપણે ભૂલથી સમજી લીધું કે ખૂબ વૈષ્ણવ વધી જશે, તો પુષ્ટિમાર્ગમાં વસંતઋતુ આવી જશે. આમ વૈષ્ણવોએ વધી વધીને પુષ્ટિમાર્ગને ચૌપટ કર્યો કે જે બ્રહ્મસંબંધ દીક્ષા લઇ લે અને ઘરમાં ઠાકોરજીની સેવા ન કરે. દીક્ષા લીધા પછી સેવા ન કરવી આનાથી મોટો અપરાધ બીજો કોઇ છે જ નહીં. હત્યા કરો તો આનાથી નાનો અપરાધ છે પરંતુ આ વધારે ભયંકર અપરાધ છે. હવે કરીએ શું! એ વસંતના બહાને આપણે વિચાર્યું કે જેટલાને આપો જથ્થો વધારો, માસપ્રોડક્શન કરો. માસપ્રોડક્શનમાં ક્વોલિટી ચીપ થઇ ગઇ. માસ પ્રોડક્શનમાં આપણે આપણી

ક્વાલિટી મેન્ટેન ન કરી શક્યા. આ માસ પ્રોડક્શનની આપણે ત્યાં જરૂરત નથી. આપણે ત્યાં ક્લાસ પ્રોડક્શન કર્યું હોત, એક બે સેવા કરવાવાળા વૈષ્ણવ હોત અને માસ અષ્ટાક્ષર જપવાવાળા હોત તો પુષ્ટિમાર્ગને કોઈ નુકસાન ન થાત પરંતુ બ્રહ્મસંબંધ લઈએ આ માસ પ્રોડક્શન જે થયું, **''બરબાદીએ ચમનમેં યે બહારોંકા હાથ હે''**. એ બહાર આવી વૈષ્ણવોની બ્રહ્મસંબંધ લેવાની, એણે આ સત્યાનાશ કર્યો છે સંપ્રદાયનો, એમણે અમારા મહારાજોની આદત બગાડી, એમણે તમારી વૈષ્ણવોની આદત બગાડી, એમણે સંપ્રદાયની આદત બગાડી અને એક એટલો મોટો મહામંત્ર, આટલા મોટો પથપર ચાલવાનો મહામંત્ર, પ્રભુનું મહાપ્રભુજીને વરદાન, મહાપ્રભુજીની યોજના, આપણે બધુંજ ચૌપટ કરીને રાખી દીધું. એક નાનકડી ભૂલના કારણે આપણે બ્રહ્મસંબંધને એટલો ચીપ બનાવ્યું. બ્રહ્મસંબંધ આટલું ચીપ ન હતું. બ્રહ્મસંબંધ અતિશય મહત્ત્વપૂર્ણ વાત હતી. તમે આ વાતને ધ્યાનથી સાંભળજો. તમે બ્રહ્મસંબંધ લીધું છે તો બ્રહ્મસંબંધ લઈને સેવા કરવી જોઈએ. નહીંતર બ્રહ્મસંબંધ લેવું જ નહીં.

અમને એકે કહ્યું કે ''તમારું કામ છે બ્રહ્મસંબંધ આપવાનું. તમે બ્રહ્મસંબંધ આપી દો. અમે અને ઠાકોરજી સમજી લેશું અંદરોઅંદર. તમે બ્રહ્મસંબંધ અમને કરાવી દો પછી અમે અને અમારા ઠાકોરજી સમજી લેશું એકબીજાસાથે, તમારી કોઈ જરૂરત નથી એમાં''. અમે કહ્યુ કે ''તમે તો આપસમાં સમજી પણ લેશો ઠાકોરજીસાથે પરંતુ મહાપ્રભુજીએ કહ્યું છે કે જે વગર વિચાર્યે આ દીક્ષાને આપશો તો અજગર બનશો અને ચેલાઓ બધા કીડીઓ બની જશે. આવતા જન્મમાં હું અજગર બનું અને તમે મને આવીને ખાઓ એવી ભયંકર કલ્પના મારે મારા મનમાં નથી લાવવી. શામાટે તમે કીડીઓ બનો છો શામાટે હું અજગર બનું! હું સુખી છું વગર બ્રહ્મસંબંધ આપ્યે. તમે શામાટે મને ખાવામાટે ભૂખ્યા થયા છો આટલા! તમારે જેની પાસે બ્રહ્મસંબંધ લેવું હોય તે લઈલો પરંતુ હું અજગરની યોનિમાં પડવા નથી માગતો. હું મારી આ યોનિથી પ્રસન્ન છું.'' સ્પષ્ટ કહ્યું છે **''વિચાર્યૈવ સદા દેયં કૃષ્ણનામ વિશેષતઃ અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ''** (જલભેદ–વિવૃતી.૩). તમે જે મહારાજથી બ્રહ્મસંબંધ લ્યો છો એ મહારાજનું તમે

અહિત કરો છો, જો બ્રહ્મસંબંધ લીધા પછી તમે સેવા નથી કરતા એ દિવસે તમે તમારા ગુરુનું અહિત કર્યું. તમારું હિત અહિત તો ઠાકોરજીસાથે સંબંધ થયો તો તમે જાણો અને ઠાકોરજી જાણે. એ વૈષ્ણવોમાં અને મહારાજોમાં બંનેમાં ભૂલ છે. તમારી જ ભૂલ નથી. આ મહારાજોની ભૂલ છે કે બ્રહ્મસંબંધ આપે આ પ્રકારથી જો સેવા ન કરવી હોય તો પણ. સૃષ્ટિ વધારવાના ચક્કરમાં બ્રહ્મસંબંધ આપવું, આનાથી ભયંકર સંપ્રદાયમાં બીજું કોઈ પાપ નથી. જે સેવા કરવા માગતો હોય એને જ બ્રહ્મસંબંધ આપવું જોઈએ. જેમનામાં સેવા કરવાની ભાવના હોય, એનેજ બ્રહ્મસંબંધ આપવું જોઈએ, બાકી બ્રહ્મસંબંધ ન લેવું હજાર ગણું સારું છે. વાર્તામાં આવે છે કે **“ઈનકો બરજે હતે પર આયે તાકો ફલ પાય રહે હૈં”** (૮૪વૈ.વાર્તા). કોઈએ પૂછ્યું કે “તમારા પુષ્ટિના સંપ્રદાયમાં આટલા દુબળા શિષ્ય કેમ!” તો મહાપ્રભુજીએ કહ્યું કે “હમને ઈનકુ ના પાડી હતી કિ યા માર્ગમેં મત આઓ પર યે આયે વાકો ફલ પાય રહે હૈં.” તો આ માર્ગ તાપક્લેશનો માર્ગ છે. ભગવત્સેવાર્થ સર્વસ્વવિનિયોગનો માર્ગ છે. આ માર્ગમાં ચાલી શકતા હો તો જ આવવું જોઈએ. આ માર્ગને બ્લોક કરવા આવવાની જરૂરત નથી. રસ્તામાં બેસી જાઓ અને ચાલો જ નહીં. ન આ બાજુ જાઓ અને ન એ બાજુ જાઓ. આવી રીતે આ માર્ગમાં આવો એ મહાન હાનિપ્રદ વસ્તુ છે.

**(વરઃ તુષ્યતિ નાન્યથા)**

આ પ્રકારથી આ માર્ગમાં ક્યારેય આવવું ન જોઈએ. ભગવત્સેવા કરવી હોય તો જ બ્રહ્મસંબંધ લેવું જોઈએ. નહીંતર ન લેવું જોઈએ અને ન આપવું જોઈએ. આ બ્રહ્મસંબંધની દીક્ષા ભગવદ્મુખારવિંદની ભક્તિની દીક્ષા છે. હોળીમાં શ્રીઠાકોરજીના કપોલપર ગુલાલ ખેલાવવાની દીક્ષા છે. નાકપર નકવેસર ધરાવવાની દીક્ષા છે. શ્યામસ્વરૂપ હોય તો ચિબુક ધરાવવાની દીક્ષા છે. કાનોમાં કર્ણફૂલ ધરાવવાની દીક્ષા છે. મસ્તકપર તિલક ધરાવવાની દીક્ષા છે. આ તમારે અલકાવલી ધરાવવાની દીક્ષા છે. ઠાકોરજીના મસ્તકપર બાલ લગાવવાની દીક્ષા છે. આ કરવાની જો તમારી વૃત્તિ નથી તો શામાટે વ્યર્થમાં બ્રહ્મસંબંધ લો છો!

આચાર્યચરણ ત્યાં આજ્ઞા કરે છે **“પ્રૌઢાપિ દુહિતા યદવત્ સ્નેહાદ્ ન**

**પ્રેષ્યતે વરે તથા દેહે ન કર્તવ્યં વરઃ તુષ્યતિ નાનયથા''** (અંતઃ.પ્રબો.૮). આપણી દીકરીનો વિવાહ કરાવી દઈએ અને પછી કહો કે ''સાસરે જશે તો દુઃખી થશે.'' એટલા માટે પીયરમાં જ પાળીને રાખો તો તમે તમારી દીકરીનું હિત કરી રહ્યા છો કે અહિત કરી રહ્યા છો! વિવાહ શા માટે કરાવ્યા! કુંવારી જ રાખતા એને. એક તો ગરીબનો વિવાહ કરાવ્યો અને પછી તમારું વાત્સલ્ય બતાવી રહ્યા છો કે ''સાસરીયામાં જશે તો દુઃખી થશે.'' એને ઘરમાં પાળીપોસીને મોટી કરો અને ઘરમાં જ રાખો તો ફાયદો શું થયો! વિવાહ શામાટે કરાવ્યો! **''તથા દેહે ન કર્તવ્યમ્''** આ દેહને તમારી દીકરીની જેમ માનો અને તમારી જાતને પિતાની જેમ માનો અને કૃષ્ણને આનો પતિ માનો. તો આનો કૃષ્ણની સાથે સંબંધ કરાવ્યો છે તો કૃષ્ણની સેવામાં આને મોકલી દો, આને અલગ ન પાળો. **''વરઃ તુષ્યતિ નાન્યથા''** જો તમે બ્રહ્મસંબંધ લઈને સેવા ન કરી તો એમાં વરને સંતોષ નહીં થાય. પરંતુ અમે બધા એવા ફ્રોડ નિકળ્યા કે જબરદસ્તી વિવાહ કરાવવો અને વિવાહ કરીને સાસરિયે ન મોકલવી. અરે આવો વિવાહ કરાવવાની જરૂરત શું! આ કૌભાંડ કરવાની જરૂરત શું! કોણ તમને સમજાવે છે આવી વિચિત્ર વાત ! કેવી રીતે આ વાત આપણા વૈષ્ણવ સંપ્રદાયમાં ઘુસી ગઈ! વિચારી વિચારીને પરેશાન છીએ પરંતુ સમજમાં નથી આવતું. તો આ બ્રહ્મસંબંધ પુષ્ટિભક્તિમાર્ગની દીક્ષા છે, આ ક્યારેય ન ભૂલતા. બ્રહ્મસંબંધ ભગવાનના મુખારવિંદની ભક્તિની દીક્ષા છે. ચરણારવિંદની દીક્ષા, જેમાં તમારે પાર પહોંચવાનું ન હતું, જેમાં તરવાનું હતું.

**(શરણાગતિતાત્પર્ય)**

આ તો તમે અષ્ટાક્ષરથી પણ તરી શકો છો. કૃષ્ણનામમાં એટલું સામર્થ્ય છે કે તમને તારી દે (તમારો ઉદ્ધાર કરી દે). તમે તો 'શરણમ્' પાછા કહી રહ્યા છો બીજું વધારામાં. મતલબ કેવળ કૃષ્ણનામ બોલો તો તરી જાઓ આટલું કૃષ્ણનામમાં સામર્થ્ય છે, તો તમે તો 'શરણં' કહી રહ્યા છો (શરણાગતિ લઈ રહ્યા છો). જ્યારે પ્રભુ **''સકૃદેવ પ્રપન્નાય 'તવાસ્મિ' ચ ઈતિ યાચતે અભયં સર્વ ભૂતેભ્યો દદામિ એતદ્ વ્રતં મમ.''** (વાલ.રામા. ૬/૧૮/૩૩). **''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિસ્યામિ મા શુચઃ''** (ભગ.ગીતા. ૧૮/૬૬). આ પ્રકારથી કહે

છે, તમારે જો તરવું જ છે ત્યારે તમે અષ્ટાક્ષરથી કેમ નહીં તરી જાઓ! તરવું હોય તો તરી જાઓ, કાલે તરતા હો તો આજે તરી જાઓ, કહો તો અમે વિદાય સમારંભમાં આવવા તૈયાર છીએ જો તમે તરતા હો તો પરંતુ સેવામાર્ગને શામાટે આ પ્રકારથી વિચ્છિન્ન કરો છો! આ આખા માર્ગની મર્યાદા અને બિચારા ગોસ્વામિઓને બધાને અજગર યોનિમાં ફેંકવાની વ્યાપક યોજના શામાટે બનાવો છો આ અમને સમજમાં નથી આવતું! બહુ કલેશ થાય છે વિચારી વિચારીને. તમારી વૈષ્ણવની જ ભૂલ નથી અમારી ગોસ્વામીઓમાં પણ સુસાઈડલ ટેન્ડેનસી છે અજગર યોનિ પ્રાપ્ત કરવાની. વગર વિચાર્યે જે આવે એને આપીએ બ્રહ્મસંબંધ! કોણ જાણે શું લાભ થતો હશે! આ ખોટો દીક્ષાનો પ્રકાર ચાલી નિકળ્યો. એટલા માટેજ કહે છે **લૌકિક કામખંડન, એશ્વર્ય(દાન), સ્વકામદાન, અલંકરણ, આપદ્દૂરિકરણ.** આથી સ્વકામદાનનો અધિકાર સિદ્ધ થાય છે. આ ચરણારવિંદની અષ્ટાક્ષરદીક્ષાથી તમને બ્રહ્મસંબંધમંત્ર લેવાનો અધિકાર સિદ્ધ થાય છે. એના પછી તમને ભગવત્કામનું દાન મળે છે. જે વખતે તમે કહો કે ‘‘હે કૃષ્ણ હું તારો છું.’’ ત્યારે એના ચરણારવિંદ જોઈને ન કહો, ભગવાનનું મુખારવિંદ જોઈને કહો કે ‘‘હે કૃષ્ણ! હું તારો છું’’. જે વખતે અષ્ટાક્ષર લો તે વખતે ચરણારવિંદની તરફ ધ્યાન આપો. ‘‘કૃષ્ણ તું મારું શરણ, મારો રક્ષક છે’’. જે વખતે તુલસી સમર્પી રહ્યા છો તે વખતે તુલસી ચરણમાં સમર્પો પરંતુ તમારી દૃષ્ટિ કૃષ્ણના મુખ ઉપર રાખો, ત્યારે બ્રહ્મસંબંધનો સાચો આનંદ આવશે. જો ચરણમાં જ તુલસી સમર્પવી હોત તો અષ્ટાક્ષર બોલીને શું તુલસી સમર્પી નથી શકાતા! અષ્ટાક્ષર બોલીને પણ તુલસી સમર્પી શકાય છે.

અમને ઘણી વખત જ્યારે વૈષ્ણવ બહુ પાછળ પડી જાય તો એક ફ્રોડ કરવાની ઈચ્છા થાય. ગામમાં કરું તો દેકારો થઈ જાય એટલા માટે કરતો નથી પરંતુ એક ફ્રોડ્ કરવાની ઈચ્છા થાય કે આવાઓને બ્રહ્મસંબંધ બોલવાના બદલે અષ્ટાક્ષરમંત્ર બોલાવીને તુલસી સમર્પાવીને મોકલી દેવા ‘‘જાઓ આપી દીધું બ્રહ્મસંબંધ!’’ આવી છેતરપીંડી કરવાની ઈચ્છા થાય પરંતુ ગામમાં લોકો દેકારો કરે કે ‘‘મહારાજ નવા નવા પંથ કાઢે છે.’’ ‘‘એક તો મિયાં બાવરે ઔર ઊપર ખાઇ ભાંગ’’ એવું થઈ જાય એથી કરતો નથી. નહીંતર જ્યારે વૈષ્ણવ બહુ

હેરાન કરે તો ખરેખર ઘણી વખત આવી ઈચ્છા થાય કે બોલાવી બોલાવીને બધાને કહું કે ''હું પણ આપું છું બ્રહ્મસંબંધ.'' ''ટકે સેર ભાજી ટકે સેર ખાજા!'' તુલસી હાથમાં આપવાની અને અષ્ટાક્ષર બોલાવીને તુલસી સમર્પાવવાની અને કહેવું કે ''જાઓ આપી દીધું બ્રહ્મસંબંધ, ભાગો અહીંથી.'' પરંતુ કરું અને વ્યર્થમાં કોઈને ખબર પડી જાય તો કૌભાંડ થઈ જાય કે ''શ્યામૂબાવા નવા નવા નિયમ કાઢે છે.'' બાકી આવી છેતરપીંડીની મનમાં બહુ ઈચ્છા થાય છે.

આ તો **લૌકિકકામખંડન, ઐશ્વર્ય(દાન), સ્વકામદાન, અલંકરણ, આપદ્દૂરીકરણ** આ વિધિથી પંચવિધ ઉપકાર ભગવાનના ચરણારવિંદ કરે છે, એમાં અમને કોઈ ઉપકાર નથી જોઈતો. **કેવલ તાપનિવારણાત્મકં એકમેવ ઉપકારં કરોતુ ઈતિ અર્થઃ.** ગામને માટે પાંચ ઉપકાર કર પરંતુ તારા પુનઃ પુનઃ દર્શનથી તેં જે અમને સ્મરનું પ્રદાન કર્યું છે જે અમારા હૃદયમાં તેં તાપ જગાવ્યો છે એ તાપ દૂર કરી દે બસ! આટલોજ એક ઉપકાર અમારો કર. એક વખત **''સ્મયમાનમુખામ્બુજઃ પીતામ્બરધરઃ સ્રગ્વી સાક્ષાન્મન્મ-થમન્મથઃ''** (ભાગ.પુરા.૧૦/૨૯/૨) તેથી અમારા તાપનું નિવારણ કરવા તું પ્રકટ થઈ જા તો બીજો કોઈ ઉપકાર અમારે નથી જોઈતો. આ મુખારવિંદની ભક્તિની દીક્ષા છે ને! એટલા માટે ગોપિકાઓ આમ કહી રહી છે.

શ્રીગુસાંઈજી **'પદ્મજ'**નો અર્થ નખ કરે છે, નખના કારણે ચરણની શોભા જે વધે છે એના કારણે ચરણ નખથી પૂજિત છે એવો બોધ થાય છે. એવીજ રીતે **ધ્વજાદિચિન્હાનિ ચ ઉક્તરુપાણિ જ્ઞેયાનિ.** એવીજ રીતે ધ્વજા-ચક્રાદિ ચિન્હના રૂપમાં પણ સમજવા. આ પ્રકારથી **પ્રણતકામદં પદ્મજાર્ચિતં ધરણિમંડનં ધ્યેયમ્ આપદિ ચરણપંકજં શન્તમં ચ તે રમણ નઃ સ્તનેષુ અર્પય આધિહન્** પર કહેવામાં આવેલી ટિપ્પણી પૂરી થઈ.

***

## ।। શ્લોક : ૧૪ ।।

**ઉત્થાનિકા :**

**તદનન્તરં તતઃ ઉત્તમાઃ પ્રાર્થયન્તે સુરતવર્ધનમ્ ઈતિ.**

**વિવરણમ્ :**

પહેલાવાળી ગોપિકાએ પ્રભુને પ્રાર્થના કરી કે તારા ચરણ પ્રણતજીવોના તાપને દૂર કરવાવાળા છે. તારા ચરણોમાં ધર્મનું સામર્થ્ય છે. જે વખતે કોઈ આર્ત પુકારે તો તું પ્રકટ થાય છે. તારા ચરણ પ્રકટ થઈને જે વખતે ભૂમિને પોતાનો સ્પર્શ પ્રદાન કરે છે તે વખતે એના અલંકાર રૂપ બની જાય છે. આપદ્‌માં એક તારા ચરણ જ ધ્યેય છે, ધ્યાન ધરવા લાયક છે. ધ્યાન ધરવા માત્રથી તારા ચરણ આપત્તિ દૂર કરી દે છે. આથી તારા ચરણારવિંદનો મહિમા તારાથી પણ અધિક છે, કેમકે તું પ્રકટ નથી થઈ રહ્યો, આપદ્‌ને દૂર નથી કરી રહ્યો, તારા ચરણારવિંદ આપદ્‌ને દૂર કરે છે. જ્યારે પૃથ્વીપર આટલો ઉપકાર કરે છે, બ્રહ્માથી આટલું સધાય કે એ ધર્મથી વિધિવત્ પૂજન કરે છે અને પ્રાર્થના કરે છે કે "પ્રકટ થઈ જાઓ" તો તું પ્રકટ થઈ શકે છે. પૃથ્વીપર તને કાંટા ચુભે, શિલા ચુભે, કાંકરા ચુભે, પત્થર ચુભે અને છતાંપણ પૃથ્વીપર તને આટલો સ્નેહ કે તું પાદુકા ધારણ કરીને ચાલવા નથી માગતો અને એનાપર તું પોતાના ચરણોની છાપ છાપે છે, તો અમે તારું શું બગાડ્યું! અમે શું તારા પ્રણત નથી! અમે શું તારા ચરણની અર્ચના કરવા નથી ઈચ્છતા! પ્રણયાવલોકનથી અમે તારા ચરણની અર્ચના નથી કરવા ઈચ્છતા! શું અમે તારી સામે પ્રણત નથી! તો જ્યારે તું અમારાપર ચરણારવિંદ પધરાવશે તો એ અમારે માટે મંડનરૂપ નહીં થાય શું!

યામુનેયાચાર્ય બહુજ સુંદર કહે છે **"નનુ પ્રપન્નઃ સકૃદેવ નાથ 'તવાહમસ્મિ' ઈતિ ચ યાચમાનઃ તવાનુકમ્પ્યઃ સ્મર તત્પ્રતિજ્ઞાં મદેકવર્જમ્ કિમિદં વ્રતં તે".** (આળવન્દાર.સ્તો.૬૭) એક વખત "તારો છું" એમ કહી દે તો તું એનાપર પ્રસન્ન થાય, તો આવી અનુકંપામાં મને જ કેમ અપવાદ સમજે છે બતાવ? ખાલી મને જ છોડવો, આવું પણ શું! જે વખતે તેં સોગંદ ખાધા હતા કે "જે તારો છું કહી દે, તો તેનાપર હું કૃપા કરીશ", તો તે વખતે તેં શું આ ક્વોલિફિકેશન રાખ્યું હતું કે આને છોડીને બીજા પર કૃપા કરીશ! એવો એ

વખતે મને અપવાદ બનાવીને છોડી દીધો હતો શું! આ કેવી પ્રતિજ્ઞા તેં લીધી, એ તો સમજાવ મને! **"રઘુવર યદભૂઃ ત્વં તાદશો વાયસસ્ય પ્રણતઈતિ દયાલુઃ યચ્ચ ચૈદ્યસ્ય કૃષ્ણ પ્રતિભવમ્ અપરાદ્ધુઃ મુગ્ધ સાયુજ્યદો અભૂઃ વદ કિમપદમાગઃ તસ્ય તે અસ્તિ ક્ષમાયાઃ. નનુ પ્રપન્ન સકૃદેવ નાથ! 'તવાહમસ્મિ' ઈતિ ચ યાચમાનઃ તવાનુકમ્પ્ય સ્મરત પ્રતિજ્ઞાં મદેકવર્જં કિમિદં વ્રતં તે"** (આળવન્દાર.સ્તો.૬૬-૬૭) જ્યારે તું કાગડાપર જે સીતાજીના ચરણપર ચાંચ મારી રહ્યો હતો એનાપર તું પ્રસન્ન થયો, જે ચેદી શિશુપાલ તને સો સો ગાળો દઈ રહ્યો હતો એનાપર તું પ્રસન્ન થયો, તો મારામાં તને એવું કયું પાપ દેખાઈ રહ્યું છે કે મારાપર તું પ્રસન્ન નથી થઈ રહ્યો? તારી ક્ષમાનો વિષય હું કેમ નથી બની શકી રહ્યો? એવું મારું કયું પાપ છે બસ મને આ સમજાવી દે તું! એવું યામુનેયાચાર્ય કહે છે.

એવીજ રીતે આ ગોપિકા કહે છે **"પ્રણતકામદં.... સ્તનેષ્વર્પયાધિહન્"** તું મારું સ્વરૂપ નથી જાણતો કે તારું સ્વરૂપ ભૂલી ગયો છે કે શું વાત છે! એ તો બતાવ. અમે બધા તારા છીએ. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે **"સર્વજ્ઞે ત્વયિ અજ્ઞતરઃ કિં વચ્મિ વ્રજપાલક! સર્વથા અહં પ્રપન્નોઽસ્મિ સાન્વયઃ સપરિગ્રહઃ"** (વિજ્ઞપ્તિ.૧/૩૪) તું સર્વજ્ઞ છે, હું અજ્ઞતર વધારે બોલું તો પણ સારી વાત નહીં લાગે અને તારી શોભા નહીં લાગે ને! સર્વજ્ઞને જઈને કોઈ ખબર આપે કે આજની આ મુખ્ય ખબર છે, તો સર્વજ્ઞનું અપમાન છે કે નહીં! શિક્ષકને જઈને કોઈ ભણાવવા માંડી જાય તો શિક્ષકનું અપમાન છે કે નહીં! અરે સર્વજ્ઞ જે બધુંજ જાણે છે એને કઈ ખબર આપણે પહોંચાડવાની છે! સર્વજ્ઞની જે સર્વજ્ઞ છે અને હું તો અજ્ઞતર છું **"કિં વચ્મિ વ્રજપાલક"** તું વ્રજપાલક છે અને અમે વ્રજના છીએ. **"સર્વથા અહં ત્વદીયોઽસ્મિ"** તારા પ્રણત છીએ, સર્વથા ત્વદીય છીએ, તારા છીએ, આટલું જ નહીં અમારા શરીરનો રોમ રોમ કણ કણ તારો છે. તો તને ચરણ ધરવામાં ક્યાં આપત્તિ આવી રહી છે, એ તો બતાવ! કેમ અમારા શરીરનું અલંકરણ તારા ચરણ ધરવાથી નહીં થાય! જો તારું ચરણ ધરણીનું મંડન બને છે, તો અમારા દેહનું મંડન કેમ નથી બનતું, એ બતાવ! એ વાતને જ્યારે આણે કહી ત્યારે આ ગોપિકા કહી રહી છે. આ રાજસીમાં પણ સાત્ત્વિક છે. આ કહી રહી છે

**"સુરતવર્ધનં શોકનાશનં... નઃ તે અધરામૃતમ્"** જે રાજસ-તામસ હતી મતલબ બારમા શ્લોકની ગોપિકા એ આ વખતે પ્રભુને વીર કહી રહી છે તો એ યુદ્ધવીર કહે છે. કેમકે એમાં ખુદમાં તામસભાવ છે. પ્રભુને 'વીર' તો કહે છે પરંતુ યુદ્ધવીર કહે છે. એના ભાવ પણ યુદ્ધના જેવા ભાવ છે કે આજે હાથોહાથ થઈ જાય. લડાઈનો જે શોખીન હોય, તો એના હાથોમાં ખુજલી થતી રહે. હાથમાં મારામારીની ખુજલી થતી રહે. એ જે વખતે 'વીર!' કહે છે, તો આવા કોઈક તામસભાવથી પ્રભુને 'વીર' કહે છે કે જો સંધુક્ષણ કર્યું છે તો ચાલ થઈ જાય યુદ્ધ, પરંતુ આ એવું નથી કહી રહી કેમકે આ સાત્ત્વિક છે. આ ગોપિકા પ્રભુને દાનવીર કહી રહી છે, યુદ્ધવીર નથી કહી રહી. 'વીર' આ પણ કહે છે, 'વીર' એ ગોપિકા પણ કહે છે. એ પણ ભગવાનમાં વીરતા ઈચ્છે છે, આ પણ ભગવાનમાં વીરતા ઈચ્છે છે. એ યુદ્ધવીરતા ઈચ્છે છે પોતાના તામસભાવને અનુરૂપ અને આ દાનવીરતા ઈચ્છે છે પ્રભુમાં પોતાના સાત્ત્વિકભાવને અનુરૂપ.

**સુરતવર્ધનં શોકનાશનં સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્।।**
**ઈતરરાગવિસ્મારણં નૃણાં વિતર વીર! નસ્તેઽધરામૃતમ્।।૧૪।।**

**સુબોધિનીજી :**

**અધરામૃતં વિતર ઈતિ, અત્રાપિ અધરામૃતં ગુણાધાયકમ્. એતસ્ય ચતુર્ગુણત્વમેવ વિવક્ષિતં, જ્ઞાન-વૈરાગ્યયોઃ અત્ર અનુપયોગાત્. તસ્ય ઐશ્વર્યમ્ આહ સુરતવર્ધનમ્ ઈતિ, ગોપિકાસુ પરિચ્છિન્નઃ કામઃ અપરિચ્છિન્નેન સહ સંયોગે ક્લિષ્ટો ભવતિ. યથા રસાઃ ક્ષુદ્દ્બોધકાઃ ભવન્તિ તથા અયં રસઃ કામોદ્બોધકઃ. કિંચ ન કેવલમ્ અયં કામમેવ પોષયતિ કિન્તુ સર્વાનેવ અન્તઃકરણદોષાન્ નિવારયતિ. અતઃ શોકનાશકત્વં જ્ઞાન-વૈરાગ્યરૂપતા ચ નિરૂપિતા, ઐશ્વર્ય-ધર્મરૂપતા ચ. યશોરૂપતામ્ આહ સ્વરિતો નાદયુક્તો યો વેણુઃ તેન સુષ્ઠુ ચુમ્બિતમ્ ઈતિ, યશો હિ નાદજ્ઞૈઃ કીર્ત્યતે; વેણુશ્ચ પરમભક્તઈતિ તેનાપિ ચુમ્બિતમેવ નતુ પીતમ્. ઈતરરાગવિસ્મારણમ્ ઈતિ શ્રિયો રૂપં, સા હિ સર્વં વિસ્મારયતીતિ. સ્વતઃપુરુષાર્થત્વેન પ્રમેયબલમ્ ઉક્તં, પૂર્વેણ પ્રમાણબલમ્, શોકનાશનમ્ ઈતિ ફલબલં, સુરતવર્ધનમ્ ઈતિ સાધનબલમ્-એવં ચતુર્વિધપુરુષાર્થપ્રદં સ્વતઃપુરુષાર્થરૂપમ્. નૃણામ્ અસ્માકમ્ અધિકારિણાં**

**દુર્લભપુરુષાર્થાનાં વા. યદ્યપિ ઈદં દેયં ન ભવતિ તથાપિ વિતરણગુણેન દાતું શક્યત ઈતિ વિતર ઈતિ ઉક્તમ્. વીર! ઈતિ સમ્બોધનાત્ શૌર્યં નાન્યથા સંભવતિ ઈતિ નિરૂપિતમ્।।૧૪।।**

## (દાનવીર)

દાનવીર એટલે શું? કાલીદાસ કહે છે જે વખતે કૌત્સ નામના ઋષિએ પોતાના ગુરુની પાસે અધ્યયન પૂરું કર્યું અને અધ્યયન પૂરું કરીને ગુરુજીને કહ્યું કે ''આપ ગુરુદક્ષિણા બતાવો, હું શું ગુરુદક્ષિણા આપું?'' તેઓ યોગ્ય શિષ્ય હતા તેથી ગુરુજીએ કહ્યું કે ''તું મારી પાસે ભણ્યો એજ તારી ગુરુ દક્ષિણા છે. મારે કાંઈ નથી જોઈતું તારી પાસેથી.'' તો પણ આમણે કહ્યું કે ''મારી પાસેથી આપ દક્ષિણા લો ને લો.'' બહુ આગ્રહ કર્યો તો ગુરુજીને ગુસ્સો આવી ગયો. ગુરુજીએ કહ્યું કે ''ચૌદ વિદ્યાઓને માટે ચૌદ કરોડ રુપિયા લાવીને આપ.'' હવે બિચારો કૌશલ જંગલમાં રહેવાવાળો વૃક્ષથી ફલ તોડીને ખાય, વલ્કલ પહેરે, ધંધો પણ કરે તો પણ ચૌદ કરોડ કેટલા દિવસમાં કમાય અને ક્યારે લાવીને આપે! ત્યાં સુધી ગુરુજી જીવે કે ન જીવે અને એ ખુદ પણ જીવે કે ન જીવે! એથી તે બહુ ગભરાઈ ગયો. બહુ ગભરાઈ ગયો તેથી રઘુની પાસે ગયો. હવે એ રઘુની પાસે પણ એવા દિવસે ગયો કે રઘુએ યજ્ઞ કરીને પોતાની બધી સંપત્તિનું બ્રાહ્મણોને દાન કરી દીધું હતું. હવે આ જે વખતે રઘુની પાસે ગયો એ વખતે રઘુના ભંડારમાં કાંઈ હતું નહીં. આણે કહ્યું કે ''હું હવે શું કરું?'' ત્યારે રઘુએ કહ્યું કે ''તમે થોડા દિવસ મોડા આવ્યા નહીંતર તો હું મારી બધી સંપત્તિ કોઈ બીજા બ્રાહ્મણને બદલે તમને આપી દેત. અત્યારે તો મારી પાસે કાંઈ પણ રહ્યું નથી.'' પરંતુ રઘુ દાનવીર હતો. એણે કહ્યું કે મારા ઘરમાં આવીને કોઈ ખાલી હાથે પાછો જાય, એ મારાથી સહન નથી થઈ શકતું મૃત્યુ સહન છે મને પરંતુ મારા ઘરમાં આવીને કોઈ ખાલી હાથે પાછો ફરે એ સહન ન થાય. **''માભૂત્ પરીવાદનવાવતાર''** (રઘુવંશ. ૫/૨૪). તો એને દાન આપવા માટે એણે કુબેરપર ચડાઈ કરવાનું વિચાર્યું. તો કુબેરને ખબર પડી કે આજે રઘુ હુમલો કરવાનો છે તો રાતોરાત એણે ભંડાર ભરાવી દીધા કે કેમ અટેક કરે છે! રઘુનો અટેક કોઈ એવું આક્રમણ ન હતું કે જેમાં હારજીતના અડધી અડધી શક્યતા હોય. એ આક્રમણમાં પૂરેપૂરો કુબેર હારી જાત. તો કુબેરે વિચાર્યું કે

કોણ જોખમ ખેડે! ભરી દો ને ભંડાર. વ્યર્થમાં યુદ્ધ શામાટે કરવું, તો આખો ભંડાર કુબેરે રઘુનો ભરાવી દીધો. સવારે જ્યારે રઘુ પ્રસ્થાનને માટે ઉદ્યત થયા ત્યારે જ રાજકોષરક્ષકોએ ખબર આપી કે કોષગૃહમાં આકાશથી સુવર્ણની વર્ષા થઈ છે. તો એણે કહ્યું કે "બધીજ સંપત્તિ આ કૌત્સ બ્રાહ્મણને આપી દો." કૌત્સે કહ્યું કે "ચૌદ કરોડ મારા ગુરુજીએ માગ્યા છે, ચૌદ કરોડથી એક પૈસો વધારે મારે તો જોઈએ નહીં, બાકીનું હું શું કરીશ!" અહીં રઘુ કહે કે "ભઈ મારા ભંડારમાં તો જેટલું આવ્યું એ તારા નિમિત્તે જ આવ્યું છે. એ તો હું તને જ આપીશ બીજા કોઈને નહીં આપું." ત્યાં કાલીદાસ બહુજ સુંદર વર્ણન કરે છે. **"જનસ્ય સાકેતનિવાસિનઃ તૌ દ્વાવપ્યભૂતામ્ અભિનન્દ્યસત્ત્વૌ ગુરુપ્રદેયાધિકનિઃસ્પૃહોઽર્થી નૃપો અર્થિકામાદ્ અધિકપ્રદશ્ચ"** (રઘુવંશ. ૫/૩૧). આ યાચક એવો હતો કે આને જેટલું ગુરુને આપવાનું હતું એનાથી વધારે એક પૈસો નથી જોઈતો અને દાતા એવો હતો કે બધાનું બધુંજ આપ્યા વગર હું માનીશ નહીં. એક બીજાને ધન્ય! કહેવા લાગી ગયા. કૌત્સ કહે કે "મેં તારા જેવો દાતા ન જોયો" અને રઘુ કહે કે "તારા જેવો માગવાવાળો ન જોયો કે 'હું દઈ રહ્યો છું અને તું લઈ નથી રહ્યો." પહેલા મને આવીને કહ્યું કે ચૌદ કરોડ રુપિયા જોઈએ અને હવે આપી રહ્યો છું તો કહી રહ્યો છે કે એક પૈસો વધારે ન જોઈએ. અરે ચૌદ કરોડ લેવા હતા તો થોડાક વધારે લઈ લે, શું વાંધો છે તને! એ કહે કે એક પૈસો વધારે નહીં લઉં. હાથ નહીં લગાવું ચૌદ કરોડ સિવાય. મતલબ દાનની દક્ષિણા પણ નહીં લઉં. નહીંતર બ્રાહ્મણ પહેલા તો દાન માગે અને દાનની દક્ષિણા પણ માગે. આ કહે છે કે મારે દાનની દક્ષિણા પણ ન જોઈએ. મારે તો ફક્ત ગુરુને જેટલું આપવું છે એટલું જ જોઈએ. બંને એક બીજાના અભિનંદચરણ થઈ ગયા. આ દાનવીરના લક્ષણ કહેવાય **"ચિન્તિતાધિકાદાયકઃ"** (પુ.સ.ના.૪/૬૧) થાય. આ જે વખતે વીર કહે છે, તે વખતે આ અર્થમાં 'વીર' કહી રહી છે કે તું દાનવીર છે, કેમકે આનો સાત્ત્વિકભાવ છે, રાજસભાવ હોવાછતાં પણ તામસભાવ નથી. ભાષા એવી સાત્ત્વિક છે. પહેલા એ જે 'વીર' કહી રહી છે એ દાંત કચકચાવીને દાંત ભીંસીને 'વીર' કહેતી હશે અને આ જે વખતે પ્રભુને 'વીર' કહી રહી છે તો બહુ સાત્ત્વિકભાવથી પ્રાર્થનાથી દૈન્યથી પ્રભુને 'વીર' કહે છે. આ દાંત કચકચાવી નથી રહી કે આવી જાવ, હાથોહાથ થઈ જાય યુદ્ધના. આનો બહુ

સાત્ત્વિકભાવ છે. આ બહુ વિનમ્રતાથી 'વીર' કહી રહી છે. સાત્ત્વિકભાવથી પ્રભુને દૈન્યતાથી વીર કહી રહી છે **"સુરતવર્ધનં.. નસ્તેઽધરામૃતમ્".**

આમ કહે છે કે થોડુંક ડિસ્ટ્રિબ્યૂટ કર. **વિતર** કહે છે વાટવાનું. આ બિચારી સાત્ત્વિક છે તો આ એમ પણ કહી રહી છે કે જેટલું મારે જોઈએ એટલું તો મને આપ અને બાકી બધામાં પણ વાંટ, તારી વાટમાં ઘણાબધા ભિખારી બેઠેલા છે. થોડું થોડું એ બધાને વાંટી દે. આવી આની બહુ સાત્ત્વિક પ્રાર્થના છે. **અધરામૃતં વિતર ઈતિ. અત્રાપિ અધરામૃતં ગુણાધાયકમ્.** પહેલા પણ એક કુમારિકાએ ઋષિરૂપા ગોપિકાએ અધરામૃતદાનની પ્રાર્થના કરી. આ પણ પ્રાર્થના કરે છે અને આમાં અને એમાં અંતર આ જ છે કે એણે ફરી દોષનિવર્તનની પ્રાર્થના કરી અને આ ગુણાધાનની પ્રાર્થના કરી રહી છે.

### (અધરામૃતનું ચતુર્ધાવર્ણન)

**એતસ્ય ચતુર્ગુણત્વમેવ વિવક્ષિતં, જ્ઞાન-વૈરાગ્યયોઃ અત્ર અનુપયોગાત્.** ગુણાધાન શું છે? આ અધરામૃતનું ચતુર્ધા વર્ણન કરે છે. પ્રમાણબલથી, પ્રમેયબલથી, સાધનબલથી અને ફલબલથી. આ ષડ્વિધવર્ણન નથી કરતી, કેમકે ક્યાંક પ્રભુ જ્ઞાન વાપરી લે. ષડ્વિધ વર્ણન કરવા જાય અને કોઈ જ્ઞાનનું વર્ણન આવે, તો વૈરાગ્ય પણ કરવું પડે. જ્ઞાની બનીને જાઓ તો મુશ્કેલી, વિરક્ત બનીને બેસી જઈએ તો મુશ્કેલી. એટલા માટે બહુ સાવધાની રાખે છે. એવી વાત કરતી જ નથી. ચાર વાત કહે ઐશ્વર્ય, વીર્ય, યશ અને શ્રી બસ. જ્ઞાન-વેરાગ્યથી વાત કરે જ નહીં. ક્યાંક ગણપતિજીની જેમ તથાસ્તુ કહી દે તો મુશ્કેલી થઈ જાય. તો એ કહે છે આવો જુગાર રમવો જ શામાટે કે જેમાં આપણો નંબર ન લાગે. તો એ એવું કામ જ નથી કરતી. એ બીજી વિધિથી વર્ણન કરે છે. પ્રમાણ પ્રમેય સાધન અને ફલ ના પ્રકારથી વર્ણન કરે છે. મતલબ ઐશ્વર્ય, વીર્ય, યશ, અને શ્રી નું વર્ણન કરે છે. ફલતઃ જ્ઞાન-વૈરાગ્ય આવતા હોય, તો એ જ્ઞાન વૈરાગ્ય પણ એવા અર્થમાં લેવા કે જે તમે તમારી પાસે ન રાખો અને અમને વિતરિત કરી દો. એવું જ્ઞાન-વૈરાગ્ય પ્રભુ રાખે તો હરકત નથી પરંતુ ક્યાંક વિરક્ત બની જાય કે યાચકથી પણ વિરક્ત થઈ જાય તો મુશ્કેલી થઈ જાય. એટલા માટે ફલતઃ વૈરાગ્ય કહે છે. શબ્દતઃ વૈરાગ્ય નથી કહેતી. ફલતઃ વૈરાગ્ય કહેવામાં એક લાભ થાય છે કે યાચકથી વિરક્ત નથી

થતા. પોતાની પાસે રાખવાને બદલે વિચારે છે કે વ્યર્થમાં શામાટે લોભ કરવો, ચાલો આપી દો. આવો વૈરાગ્ય થાય પ્રભુમાં તો તો સારું. એવું જ્ઞાન થાય કે બિચારા યાચક છે એને આપવું જોઈએ, આમના યાચક હોવાનું જ્ઞાન તો પ્રભુમાં હોવું જોઈએ. એવું ઉલટું જ્ઞાન થઈ જાય કે શું જરૂરત છે! **''આત્મન્યેવ આત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞઃ તદોચ્યતે''** (ભગ.ગીતા. ૨/૫૫). આવું સ્થિતપ્રજ્ઞતાનું જ્ઞાન પ્રભુમાં આવી જાય. **''વીતરાગભયક્રોધઃ સ્થિતધીઃ મુનિઃ ઉચ્યતે''** (ભગ.ગીતા.૨/૫૬) આવું વૈરાગ્ય પ્રભુમાં આવી જાય તો મુશ્કેલી થઈ જાય. લેવાના દેવા પડી જાય. એટલા માટે આ ગોપિકા એવું કોઈ જોખમ લેવામાટે તૈયાર જ નથી. એ ચાર પ્રકારથી વર્ણન કરે છે **એતસ્ય ચતુર્ગુણત્મેવ વિવક્ષિતં, જ્ઞાન-વૈરાગ્યયોઃ અત્ર અનુપયોગાત્** અહીં જ્ઞાન વૈરાગ્ય નો બહુ ઉપયોગ નથી.

### (કામનાની પરિચ્છિન્નતા બ્રહ્મની અપરિચ્છિન્નતા)

**તસ્ય ઐશ્વર્યમ્ આહ સુરતવર્ધનમ્ ઈતિ, ગોપિકાસુ પરિચ્છિન્નઃ કામઃ અપરિચ્છિન્નેન સહ સંયોગે ક્લિષ્ટો ભવતિ.** કહે કે આ બિચારા ભક્તોના ભગવાનની બાબતમાં કામ હોય તો કેટલા હોઈ શકે છે! પ્રભુનું સ્વરૂપ તો અપરિચ્છિન્ન અગણિતાનંદ છે અને આપણે માગીએ પણ, ભગવાનની બાબતમાં આપણે કામના પણ કરીએ તો કેટલી કામના કરી શકીએ! અંતમાં કરશું તો પરિચ્છિન્ન જ કરશું ને! જેમ આપણે વધારે ઘરમાં બેસીએ તો ગુંગળામણ લાગે. તો આપણે કહીએ કે ચાલો એકાદ કલાક ખુલ્લામાં બેસીએ. હવે એકાદ કલાક ખુલ્લામાં આવીને રહે તો પણ આપણને આકાશ કેટલું ખુલેલું લાગે! વૈજ્ઞાનિક લોકો કહે કે ''ત્રણ માઈલ સુધી આકાશ જોઈ શકાય. એનાથી વધારે આકાશ જોઈ નથી શકાતું.'' કેમકે પૃથ્વીની રેખા ત્રણમાઈલ થયા પછી કર્વ લે. મતલબ પહાડ ન હોય, કોઈ વસ્તુ વચમાં ન આવતી હોય, જેમ અહીં તો વનરાજી આવી ગઈ તો આગળ દેખાતું બંધ થઈ ગયું. પરંતુ સમજો રાજસ્થાનનું ડેજર્ટ કે એકદમ સમુદ્રમાં અંદર ચાલ્યા જાઓ, તો કુલ કેટલું દેખાય આપણને? ફક્ત ત્રણમાઈલ સુધી દેખાય. મતલબ માણસની દૃષ્ટિનું સામર્થ્ય ખાલી ત્રણમાઈલ સુધી જોવાનું છે. બહુ જોર લગાવે તો એકાદ માઈલ વધારે જોઈ લે જો ઊંચો થાય તો. પ્રમાણ પ્રમેય સાધન ફલ સુધી જાય દૃષ્ટિ.

મોક્ષ સુધી તો બહુ ઓછા માણસોની દૃષ્ટિ જાય. બાકી તો ધર્મ-અર્થ-કામમાં જ માણસની દૃષ્ટિ જાય છે. મોક્ષ સુધી કોની દૃષ્ટિ જાય! માણસ પોતાના ધર્મ-અર્થ-કામ માં લાગેલો રહે. મહાપ્રભુજી કહે છે **"ત્રિવર્ગસાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે"** (બાલબોધ.૫). માણસને ત્રણમાઈલ દેખાય. ગીતામાં પણ કહ્યું છે ને કે **"ત્રૈગુણ્યાવિષયા વેદાઃ નિસ્ત્રૈગુણ્યો ભવ અર્જુન!"** (ભગ.ગીતા.૨/૪૫) ત્રણ માઈલ જ દેખાય ખાલી. થોડોક ઊપર ઉઠ, પોતાને થોડોક એલીવેટ કર જેથી તારી હોરાઈજનની મર્યાદા વધે. બહુ વધે તો ચોથો માઈલ દેખાઈ જાય એનાથી વધારે તો માણસને દેખાય નહીં, આટલી સીમિત દૃષ્ટિ છે. હવે માણસની આટલી સીમિત દૃષ્ટિ છે ત્યારે દેખાય કેટલું અને માગે કેટલું! જેટલું દેખાય એટલું જ તો માગે એનાથી વધારે તો માગી ન શકે. એટલા માટે એમનો જે ભગવદ્વિષયક કામ છે એ એમના સ્વભાવના અનુરૂપ છે ને! અરે ભઈ બાળક છે તો બહુ રોવે. આપણે રોઈએ એનાથી ચારગણું વધારે રોવે. કૈં કૈં કરે પરંતુ ભૂખ કેટલી! એક બાટલી દૂધની. દેકારો કેટલો મચાવે પરંતુ ભૂખ વધારે થોડી હોય! બાળક નાનકડો તેથી નાનકડું પેટ એમાં એક બાટલી દૂધ સમાઈ જાય તો બિચારો આનંદથી પીને સુઇ જાય. એની કેટલી ભૂખ હોય છે! એવીજ રીતે આપણા હૃદયનું સામર્થ્ય કેટલું અને ભગવદ્વિષયક કામના આપણે કેટલી કરી શકીએ! બિચારી એક બાટલી **"નઃ તે અધરામૃતમ્"** બસ મસ્ત થઈ જાય બીજું શું જોઈએ! કાંઈજ ન જોઈએ. વધારે ન જોઈએ. નાનકડી કામના એટલી પણ થઈ જાય તો બહુ છે. રાડારાડી કરે અને સંભળાઈ જાય તો. માઁ વ્યસ્ત હોય તો બાળક રોતો જ રહે ધ્યાન જ ન આપે, રાડારાડી કરે કાનપર જાય વાત તો આવીને દૂધ પિવડાવી દે.

એથી કહે કે **ગોપિકાસુ પરિચ્છિન્નઃ કામઃ અપરિચ્છિન્નેન સહ સંયોગે ક્લિષ્ટો ભવતિ.** એમને તારતમ્ય જ ન બેસે. ત્યાં તો ગણિતાનંદ છે. તમને એક બહુ સાચી વાત બતાવું, તમને ખબર નહીં આ તકલીફ છે કે નહીં! મારી સાથે આ તકલીફ છે તમારા લોકોની તમે જાણો. એક કે બે વસ્તુ રસોઈમાં બની હોય ને તો મારાથી વધારે ખાઈ શકાય પરંતુ દસ પંદર વસ્તુ બને, તો મગજ બેર મારી જાય કે આને ખાઉં કે એને ખાઉં! મારાથી તો ખાઈ જ ન શકાય. વિચારતો રહું અને ગભરાહટના માર્યા જ અડધી ભૂખ ભાગી જાય કે આ

ખાઈએ કે તે ખાઈએ. એકાદ વસ્તુ બની હોય ખાલી રોટી શાક, તો ખૂબ ખાવાની ઈચ્છા થાય, ચાર ખાઈ શકતા હોઈએ તો આઠ ખાઈ લઈએ પરંતુ પાંચ-દસ વસ્તુ બની જાય તો ચિત્ત ગભરાય જ જાય. ક્લેશ થઈ જાય. આમતો ખાવામાં દસ વસ્તુ બની હોય તો વધારે સ્વાદ આવે પરંતુ હકીકતમાં એવું નથી હોતું. જેટલી વધારે રસોઈ બને તો પછી ગભરાઈને કાંઈપણ ન ખાઈ શકાય. મને તો આવું બહુ થાય, તમને લોકોને થાય કે નહીં એ ખબર નહીં.

આવીજ રીતે પરિચ્છિન્ન સામર્થ્યમાં આટલી વેરાઈટી કે જેમાં શું ખાઈએ શું જોઈએ! અને જોઈને જ જીવ ગભરાઈ જાય. બ્રહ્મનો કેટલો ઉપભોગ કરી શકીએ છીએ! મતલબ ઉપનિષદ્ આને કહે છે **"સત્યં જ્ઞાનમ્ અનન્તં બ્રહ્મ યો વેદ નિહિતં ગુહાયાં પરમે વ્યોમન્ સોઽશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતાઃ"** (તૈત્તિ.ઉપ.૨/૧) આ હૃદયની ગુહામાં હવે હૃદય કેટલું નાનકડું, એક તો આ અનંત બ્રહ્માંડના વિસ્તારમાં, માણસ કેટલું નાનું પ્રાણી! કોઈ પ્રાણી હાથી જેવું બન્યું હોત કે વ્હેલ જેવું બન્યું હોત તો કાંઈક શોભા હતી. કેટલો પણ મોટો માણસ હોય પરંતુ બ્રહ્માંડમાં હાથી અને વ્હેલની તુલનામાં જુઓ તો મનુષ્ય કેટલું નાનું પ્રાણી છે! એમાં એનું હૃદય કેવડું એક મુઠ્ઠીના બરાબર. થોડુંક મોટું થઈ જાય તો હાર્ટઅટેક આવી જાય ગરીબને. હાર્ટ એક્સપાન્શનનો રોગ થઈ જાય. હાર્ટ મોટું ન થઈ શકે તો આટલા નાનકડા હૃદયમાં હૃદયગુહા કેટલી નાની! મતલબ ચાર ભાગ તો હૃદયના આમજ વહેંચાઈ જાય અને ચાર ભાગ વહેંચાયા પછી એ ચાર ભાગની વચ્ચેની ગુહા કેવિટી કેટલી નાનકડી હોય છે! હવે એ નાનકડી ગુહામાં એના કેટલા કામ સમાઈ શકે છે! હવે એ અનંત બ્રહ્મના અનંત વિસ્તારને જુઓ, એના અનંત રૂપોને જુઓ, એની અનંત લીલાઓને, અનંત નામોને જુઓ, તો કામના કરી કરીને કેટલી કરશો!

હમણાં અમારે ત્યાં એ અમેરીકન શ્યામદાસ આવ્યો હતો. હવે હંસૂભાઈના ઘરની જેમ અમેરીકામાં સંયુકતપરિવારની પ્રણાલી નહીં. રોજ આમના ઘરમાં નવા નવા ફેમિલી મેમ્બર દેખાય. તો એ ચકરાયો કે આટલા ફેમિલીમેમ્બરના નામ કેવીરીતે યાદ રહે! તો એક દિવસ એણે હંસૂભાઈની પરીક્ષા લીધી કે "ફેમિલીમેમ્બરના નામ બતાવો બોલીને!" એમને ત્યાં મિયાં,

બીબી અને બચ્ચા. આટલો જ પરિવાર રહે. હવે અમેરીકામાં તો સાથે રહેવાની પદ્ધતિ જ નહીં. તો એમને પોતાનું નામ યાદ રહે, બીબીનું નામ યાદ રહે અને બે ચાર બાળકોના નામ યાદ રહે. બહુ જોર મારે તો માઁ-બાપના નામ યાદ રહે. વૃદ્ધાશ્રમમાં જાય ત્યારે એમના નામ પણ ભૂલી જતા હશે કદાચ. તાતજીના નામ તો મુશ્કેલીથી યાદ આવે. કોઈ પોતાની છ પેઢીના પૂર્વજોના નામ ગણાવી દે તો એને ભ્રમ થઈ જાય કે કોઈ રોયલ પરિવારના તો નથી ને!

અમને એક યૂરોપિયન મળ્યો. તો એણે અમને કહ્યું કે "તમારા પિતાજી કોણ હતા?" અમને શું ખબર કે આટલું ભયંકર રૂપ થઈ જશે. તો મેં પિતાજીનું નામ, એમના પિતાજી ગોકુલનાથજી મહારાજ, એમના પિતા દામોદરલાલજી મહારાજ, એમના પિતા બધા ગણાવ્યા. તો એણે પૂછ્યું કે "તમારો કાંઈક રોયલ પરિવાર છે શું?" મેં કહ્યું કે "નહીં ભાઈ સામાન્ય પરિવાર છે." તો એણે પૂછ્યું કે "આટલી પેઢીઓના નામ કેવીરીતે યાદ રાખો છો!" તો અમે કહ્યું "અમારે ત્યાં તો બધાને યાદ રહે છે. લગ્નમાં ત્રણ ત્રણ પેઢી સુધીના નામ તો લેવડાવવામાં જ આવે." તો અહીં યાદ રહે અને ત્યાં નાનો પરિવાર હોય એથી યાદ ન રહે. આપણે ત્યાં પહેલાથી જ મોટા પરિવારનો કન્સેપ્ટ રહ્યો છે. **"શતાયુષાન્ પુત્ર-પૌત્રાન્ વૃણીશ્વ"** (મન્ત્રાક્ષતા). આપણને બધા નામ યાદ છે, ત્યાં નામ જ યાદ નથી રહેતા.

**(ક્ષુદુદ્બોધક અને અન્તઃકરણદોષનિવર્તક)**

તો આમ બહુ કામનાઓ આવી જાય તો કેટલી કામનાઓના નામ યાર રાખીએ! ભાઈ આ કામના એ કામના ગડબડ થઈ જાય. આટલા નાનકડા હૃદયમાં એ પ્રભુની અનંતલીલામાં લીધેલા અનંતરૂપ અને એના અનંતગુણોની કામના કેટલી આવી શકે! હૃદયગુહા જેટલી હોય એટલી જ તો આવી શકે. એ ગુહાની સામે પ્રભુના જ્યારે આટલા રૂપ પીરસી દેવામાં આવે. એ કામનાની સામે, એ નાનકડી ગુહાની ભૂખની સામે, આટલા રૂપ, આટલા ગુણ, આટલી લીલાઓનો થાળ પીરસ્યો તો જીવ ગભરાઈ જાય કે **"સહ બ્રહ્મણા વિપશ્ચિતાઃ"**. શું લેવું અને શું ન લેવું! આ કન્ફ્યુજનના કારણે કદાચ ભૂખ જ કમજોર પડી જાય. તો આચાર્યચરણ કહે છે **અપરિછિન્નેન બ્રહ્મણા સહ, કૃષ્ણેન સહ સંયોગે ક્લિષ્ટો ભવતિ.** આ ગોપિકાઓમાં રહેલો જે અપરિછિન્ન કામ છે,

એનાથી આને ક્લેશ પહોંચી જાય, કેમકે એને એ બેલેન્સ ન આવે. **યથા રસાઃ ક્ષુદુદ્બોધકા ભવન્તિ તથા અયં રસઃ કામોદ્બોધકઃ.** જ્યારે ક્લિષ્ટ થઈ જાય, ખાવાના પહેલા જોઈને ધરાઈ જાય, બહુ સામગ્રી બની હોય તો જોતાંજ પેટ ભરાઈ જાય. તો આપણે ત્યાં અન્નકૂટમાં એક નિયમ છે કે જ્યારે બધી સામગ્રી બનાવીને ધરીએ તો ભૂખ લગાડવાવાળુ આદુ, કાંજી એવી બધી સામગ્રી પણ પીરસવામાં આવે કે આટલી સામગ્રી જોઈને ધરાઈ ન જતા, થોડોક આદુ આરોગો.

અમારે ત્યાં સુરેશબાવા એક દિવસ આવ્યા. તો એમણે કહ્યું કે ''દાદા ભૂખ નથી.'' તો એ કાળી કાળી ગોળી શું હોય! યૂનીએન્જાઈમ. તો અમે કહ્યું કે ''ભૂખ નથી ને તો ચાલો ખાઓ અને અમે ગોળી મંગાવીને તૈયાર રાખીએ.'' એમણે કહ્યું ''આમ બેચાર વાર આવા મહારાજોથી પનારો પડે તો માણસ ભોજન કરવાનું જ ભૂલી જાય.'' એક તો ભૂખ નહીં અને બળજબરીથી ખવડાવ્યું અને ઉપરથી ગોળી વધારામાં ખાઓ. એમજ કહે છે કે, ''પ્રભુની પાસે પણ એવી ગોળી છે કે જે ક્ષુધાવર્ધક છે.'' આટલા અનંતરૂપમાં કયા રૂપને પસંદ કરવું, કઈ લીલાને પસંદ કરવી, કયા ગુણોને પસંદ કરવા, કયા રૂપ, કયા ગુણ, કઈ લીલાના માટે આપણા હૃદયમાં કામના થાય, તો એ કહે છે કે એની ઔષધી શું છે? **વિતર વીર નઃ તે અધરામૃતમ્** એની ઔષધી છે.

**કિંચ ન કેવલમ્ અયં કામમેવ પોષયતિ કિન્તુ સર્વાનેવ અન્તઃકરણદોષાન્ નિવારયતિ.** જેમ આવી ગોળી જે હોય, અથવા આવી ઔષધી જે હોય, એ કેવળ ભૂખ વધારે, એવું જ નથી. મતલબ ભાંગ તમે પી લો તો ભૂખ તો બહુ લાગે અને ભાંગ પીને તમે ખૂબ ખાઈ લો તો પચે નહીં. પેટ એને પચાવવાની જવાબદારી ન લે. ભાંગમાં કેવળ ભૂખ લગાડવાનો ગુણ છે, પચાવવાનો નથી. પરંતુ આવી જે ઉદ્બોધક ઔષધી હોય છે, તેમાં બંને ગુણ હોય છે. ક્ષુદુદ્બોધક પણ હોય અને સાથે સાથે એક્સેસમાં જે તમે ખાઈ રહ્યા છો, એને પચાવવાનો પણ ગુણ એમાં હોય છે. તો એવીજ રીતે અધરામૃત ભગવત્કામના ભગવદ્વિષયક કામનાનું પોષણ કરે એટલું જ નહીં, **કિન્તુ સર્વાનેવ અન્તઃકરણદોષાન્ નિવારયતિ.** આ જે ભગવત્કામના આપણા હૃદયમાં પચે

નહીં, એનું કારણ શું? જે બીજાવિષયની કામનાઓ છે, એ સાથમાં રહે તો એ આપણા પેટને ભારે પડી જાય. જો ભગવત્કામના આપણને ગરિષ્ઠ થઈ જાય, પચે નહીં, વમન થઈ જાય, ભગવત્કામના હોવાછતાં પણ, જો ઈતરવિષયોની કામના સાથે રહેતી હોય, તો હૃદયમાં એકસાથે આટલું સામર્થ્ય નથી કે ઈતરવસ્તુની બાબતમાં આપણા રાગ અને અનુરાગને ભગવદનુરાગની સાથે પચાવી શકે. તો આ યૂનિએન્જાઈમ ભગવાનના અધરામૃતરૂપી યૂનિએન્જાઈમમાં બે ગુણ છે; ઈતરરાગનું વિસ્મારણ કરે મતલબ દોષોને દૂર કરે અને ભગવદનુરાગને વધારે. બધા અંતઃકરણના દોષ, ભગવદિતર અન્ય લૌકિક જે કાંઈપણ રાગ છે, એને દૂર કરે છે, આ અર્થમાં આ શોક અને તાપનાશક છે તો આ અર્થમાં જ્ઞાનવૈરાગ્યરૂપતા પણ આની ફલિત થાય છે પરંતુ ગોપિકા કહેવા નથી માગતી.

**અતઃ શોકનાશકત્વં જ્ઞાન-વૈરાગ્યરૂપતા ચ નિરૂપિતા, ઐશ્વર્યધર્મરૂપતા ચ.** આના કારણે મૂલતઃ પોતાના ઐશ્વર્ય અને ધર્મના રૂપને પણ કેમકે **"ધર્મેણ પાપમ્ અપનુદતિ, ધર્મે સર્વં પતિષ્ઠિતમ્"** (મહા.નારા.ઉપ.૧૭/૮). ધર્મથી પાપ અને શોક દૂર થાય એટલા માટે જે વખતે એ **સુરતવર્ધનમ્** કહે છે તે વખતે તે પ્રભુના અધરામૃતમાં ઐશ્વર્ય ગુણનું વર્ણન કરે છે. કેમકે ઐશ્વર્ય વ્યાપક છે, એ અપરિછિન્ન છે. જે વખતે **શોકનાશનમ્** કહે છે, તે વખતે ધર્મરૂપતાનું નિરૂપણ કરે છે કે પ્રભુના અધરામૃતમાં ધર્મરૂપતાનો પણ ગુણ છે. કેમકે ધર્મથી જેમ પાપનું નાશન થાય છે, એવીજ રીતે આનાથી મનના જેટલા દોષ છે, એ બધા નિવૃત્ત થઈ જાય છે.

**યશોરૂપતામ્ આહ સ્વરિતો નાદયુક્તો યો વેણુઃ તેન સુષ્ઠુ ચુમ્બિતમ્ ઈતિ.** હવે આનો યશ બતાવી રહ્યા છે. આ પ્રભુના અધર કેવા છે? **સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્** જે સ્વરિત વેણુ છે, સ્વરપરિપૂર્ણ જે વેણુ છે, જેમાંથી સ્વર નિકળી રહ્યા છે, એ વેણુના દ્વારા આ અધરોનું ચુંબન થયું છે. અધરો એનું ચુંબન કરી રહ્યા છે, એમ નથી કહી રહી કેમ કે એમને વેણુમાં દ્વેષ છે. જુઓ આને ગુસ્સો આ વાતનો નથી કે ભગવાનના અધર વેણુનું ચુંબન કરી રહ્યા છે પરંતુ ગુસ્સો આ વાતનો છે કે વેણુ ભગવાનના અધરસાથે શામાટે લાગેલી છે આ વાતનો ક્રોધ છે. કેમકે **"વંશસ્તુ ભગવાન્ રુદ્રઃ"** (કૃષ્ણોપ.૮).

કેમકે વંશ ભગવાન્ રુદ્ર છે. આટલા માટે ''શિવદ્વેષે તાત્પર્યમ્''. સંસ્કૃતમાં એક કહેવત છે કે કોઈપણ કામ કરવું હોય અને કામ કરીને કોઈપણ વાંકીરીતે ગાળ આપવી હોય, કોઈ ગાળ દેતો હોય કોઈ વસ્તુને તો એનામાટે કહેવામાં આવે છે કે ''શિવદ્વેષે તાત્પર્યમ્''. એ વિષ્ણુભજન કરે છે એટલા માટે નહીં કે વિષ્ણુ એને પ્રિય છે પરંતુ શિવનો દ્વેષ કરવો એટલા માટે વિષ્ણુનું ભજન કરે છે. આવી સ્થિતિને કહેવામાં આવે ''શિવદ્વેષે તાત્પર્યમ્'' મતલબ આ ગોપિકાને આ વાતનો ક્રોધ નથી કે ભગવાનનો અધર વેણુનું ચુંબન કેમ કરે! આ વાતનો ક્રોધ છે, રોષ છે કે વેણુ કેમ ભગવાનના અધરથી લાગેલી રહે! આ યશ છે. **સ્વરિતો નાદયુક્તો યો વેણુઃ તેન સુષ્ઠુ ચુમ્બિતમ્ ઈતિ, યશો હિ નાદજ્ઞૈઃ કીર્ત્યતે, વેણુશ્ચ પરમભક્ત ઈતિ તેનાપિ ચુમ્બિતમેવ.** જુઓ શિવ ભગવાનના પરમભક્ત છે **ઈતિ તેનાપિ ચુમ્બિતમેવ નતુ પીતં** એણે પીધું નથી અધરામૃતનું ચુંબન કર્યું એમાં આટલો દ્વેષ છે.

યશનું ગાન કોણ કરે! યશનું ગાન ગાયક લોકો કરે, આજકાલ એ વંશવારસ પ્રોફેશન રહ્યું નથી. જુના જમાનામાં શું હતું ગાવાવાળા પ્રોફેશનલ વંશવારસ જેમનો ગાવાનો જ વ્યવસાય છે એવા હોતા હતા જેમ 'ભાટ-ચારણ.' એમનો આ જ વંશવારસ ધંધો હતો. એ કહે જે નાદજ્ઞ ગાવાવાળા હોય એ યશનું ગાન કરે. આ વેણુ તારા અધરપર લાગેલી રહે છે એ તારી ગાયક ભાટ-ચારણ છે. એ દેકારો કરતી રહે કૃષ્ણ આવો છે, કૃષ્ણ તેવો છે. અધરામૃતપાનનો અધિકાર એનો નથી.

'શ્રી' મતલબ શોભા. સાચી શોભા મતલબ શું? જે શોભાના કારણે માણસ (બીજી) બધી વાત ભૂલી જાય આ છે સાચી શોભા. આ અધરોની શોભા એવી છે કે **ઈતરરાગવિસ્મારિકા** અને કોઈ લૌકિક આસક્તિ આની સામે ટકી નથી શકતી. જેમ કહે છે **''જાકો મન લાગ્યો ગોપાલસોં તાહિ ઔર કૈસે ભાવે હો! લેકર મીન દૂધમેં રાખો જલ બિનુ સચુ નહીં પાવે હો''** જલમાંથી માછલીને બહાર કાઢી લો તમે સમજો કે દૂધ બહુ ઊંચી વસ્તુ છે દૂધમાં નાખી દો દૂધમાં માછલી જીવશે? એ મરી જશે. **''લેકર મીન દૂધમેં રાખો જલ બિનુ સચુ નહીં પાવે હો... ઐસે સૂર કમલ મુખ નિરખત ચિત ઈત ઉત ન ડુલાવે હો''** અહીં સૂરદાસજીએ બહુ વ્યુત્ક્રમની ઉપમા આપી છે (સામાન્ય ઉપમા આ છે)

સૂર્યના દર્શન કરીને કમલ ચિત આમ-તેમ નથી ડોલાવતું, પરંતુ સૂરદાસજી કહે છે કે ભગવાના કમલમુખનું દર્શન કરીને સૂરનું ચિત આમ-તેમ નથી ડોલતું અને એક વખત ભગવાનના કમલમુખના દર્શન થયા તો એના પછી ક્યાંય બીજે ચિત્ત ડોલી નથી શકતું મતલબ અહીં-તહીં ભટકી નથી શકતું.

રસખાનજી કહે છે - **''શેષ સુરેસ દિનેશ ગનેસ અજેસ ધનેસ મહેસ મનાવો. કોઊ ભવાની ભજો મનકી સબ આસ સબેવિધ જાઈ પુરાવો. કોઊ રમા ભજ લેહુ મહાધન કોઊ કહૂં મનવાંછિત પાવો હે રસખાનિ સોહી રસખાન ઔર ત્રિલોક રહો કે નસાવો.''** (રસખાનજી). જે રસખાન છે એ તો રસની ખાણ છે ત્રિલોક રહે કે ન રહે અમારે એનાથી કાંઈ લેવા-દેવા નથી અમે તટસ્થછીએ એટલા માટે જેને ભજવા હોય તે ભજે **ઈતરરાગવિસ્મારણં નૃણાં વિતર વીર નઃ તે અધરામૃતમ્. ઈતરરાગવિસ્મારણમ્ ઈતિ, શ્રિયો રૂપં, સાહિ સર્વં વિસ્મારયતીતિ. સ્વતઃપુરુષાર્થત્વેન પ્રમેયબલમ્ ઉક્તં, પૂર્વેણ પ્રમાણબલં, શોકનાશનમ્ ઈતિ ફલબલં સુરતવર્ધનમ્ ઈતિ સાધનબલમ્ - એવં ચતુર્વિધપુરુષાર્થપ્રદં સ્વતઃપુરુષાર્થરૂપમ્.** આમાં ચતુર્વિધ બલ બતાવ્યા છે. સુરતવર્ધનથી સાધનબલ બતાવ્યું. ભગવદ્વિષયક અનુરાગ વધારવામાટે બીજા કોઈ સાધનની અપેક્ષા નથી ભગવદધરામૃતની અપેક્ષા છે. આટલા જ માટે આપણે ત્યાં અસમર્પિતભોજનની મનાઈ છે **''અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્''** (સિ.ર.૪) આટલી કડક આચાર્યચરણે આજ્ઞા કરી એનું કારણ શું? ભગવદ્ભુક્ત જે પ્રસાદ છે એને અધરામૃત માનવામાં આવેલ છે, સાચું સાધન આ જ છે. ઉપનિષદ્ પણ આને કહે છે **''આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિ સત્ત્વશુદ્ધૌ ધ્રુવા સ્મૃતિ સ્મૃતિલમ્ભે સર્વગ્રન્થીનામ્ વિપ્રમોક્ષઃ''** (છાન્દો.ઉપ. ૭/૨૫/૨). આહાર શુદ્ધ હોય તો સત્ત્વની શુદ્ધિ થશે સત્ત્વની શુદ્ધિ થશે તો ચિત્તની શુદ્ધિ થશે ચિત્તની શુદ્ધિ થશે તો ધ્રુવાસ્મૃતિ તમને પ્રાપ્ત થશે. કઈ ધ્રુવા સ્મૃતિ? કે હજારો વરસોથી હું તારાથી વિછુરેલો છું, મને જે તાપક્લેશ થવો જોઈતો હતો એ પણ ન થયો, તારી યાદ આવવી જોઈતી હતી એ પણ ન આવી. તને પણ ભૂલી ગયો અને ધ્રુવાસ્મૃતિ જે ખીલીની જેમ હૃદયમાં ખૂંચવી જોઈતી હતી એ ન ખૂચીં. **સ્મૃતિલમ્ભે** એ હવે ખૂંચવા લાગી જશે અને સ્મૃતિનો જે વખતે લાભ થયો તો તો **સર્વગ્રંથીનામ્ વિપ્રમોક્ષઃ,** આનાથી

હૃદયમાં બંધાયેલી ઈતરરાગની જેટલી ગાંઠો છે એ બધી છૂટી જશે, ખુલી જશે. **ઈતરરાગવિસ્મારણમ્ નૃણાં વીર નઃ તે અધરામૃતમ્** આ આટલા માટે આપણે ત્યાં કહ્યું કે **"અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્ નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઈતિ સ્થિતિઃ"** (સિ.ર.૪-૫). આટલો મહાપ્રભુજીનો આગ્રહ છે ક્યારેક વિચારો તો ખરા આ વાતને! આપણે બસ એ વાત નથી વિચારતા બ્રહ્મસંબંધ લઈ લઈએ અને આ જ નથી વિચારતા કે આપણું સાધનબલ શું છે? આપણું સાધનબલ ત્યાં નિહિત છે કે આપણે ઠાકોરજીનું અધરામૃત લઈ શકીએ છીએ. ઠાકોરજીનો આપણે પ્રસાદ લઈએ છીએ એ જ આપણું સાધનબલ છે બધા રાગોનું આપણી પાસે કોઈ વિસ્મારક સાધન છે તો તે એક આ જ સાધન છે એટલા માટે આમાં સાધનબલ બતાવ્યું. **સુરતવર્ધનં** કેમકે ભગવદ્વિષયક જે રતિ છે એ ભગવદધરામૃતથી જ આપણામાં વધશે. **"આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિ"** આપણા આહારની શુદ્ધિ આ જ છે, બાકી ધોઈ લેવું માંજી લેવું આ તો લૌકિકશુદ્ધિ છે પરંતુ આહારની આ આધિદૈવિક શુદ્ધિ છે. પ્રામાણિક વૃત્તિથી કમાવું, પારકું અન્ન બળજબરીથી ન ખાઈ જવું આ બધી એની આધ્યાત્મિક શુદ્ધિ છે પરંતુ આધિદૈવિક શુદ્ધિ આપણી છે તે **નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્** આ છે. આપણા જે રોગ છે તે આધ્યાત્મિક આધિભૌતિક તો છે જ પરંતુ એમાં જે સૌથી મોટો આપણો રોગ છે તે આધિદૈવિક રોગ છે અને તે આ છે કે ભગવદધરામૃત આપણને નથી મળી રહ્યું. ભગવત્સ્મૃતિ આપણામાં જાગી નથી રહી આથી ભગવાનના વિપ્રયોગનો તાપક્લેશ આપણને સતાવી નથી રહ્યો. આ તાપક્લેશ આપણને કેવીરીતે સતાવે આ સૌથી વધારે માથાનો દુખાવો છે અને એ માથાનો દુખાવો ભગવદધરામૃત વગર દૂર નહીં થાય અને આપણી આધિદૈવિક શુદ્ધિ નહીં થાય. એટલા માટે આપણે ત્યાં સૌથી મોટું સાધનબલ આને માનવામાં આવેલ છે **સુરતવર્ધનં** કેમકે ભગવદ્વિષયક આપણે ત્યાં જે ભગવદ્રતિ છે તે આનાથી જ વધી શકે છે આ નિયમ છે.

આપણે શું કરીએ કે ઠાકોરજીને મિશ્રી ભોગ ધરી દઈએ અને આપણે ઢોકળા ફાફડા ગાંઠિયા બધું ખાઈએ બહુ જોર આવ્યું તો થોડીક પ્રસાદી મિશ્રી નાખી દઈએ જ્યારે તમે મિશ્રી પધરાવી રહ્યા છો તો તમને ભગવદધરામૃત

પધરાવવામાં મળી રહ્યું છે અંતરિત મળી રહ્યું છે શુધ્ધ નથી મળી રહ્યું શુધ્ધ પ્રકાર તો આ જ છે કે **અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્ નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્.** ઠાકોરજીને પહેલા ભોગ ધરો અને એ પછી પ્રસાદ લો ત્યારેજ એની આધિદૈવિક શુદ્ધિ છે ત્યારે સુરતવર્ધન થશે નહીંતર તો એ મળેલું સામર્થ્ય બેકાર જઈ રહ્યું છે **સુરતવર્ધનં સાધનબલમ્ શોકનાશનં ઈતિ ફલબલમ્.** ત્યારે આ શોક આ શોક કયો છે આ લૌકિકશોક નથી આને લૌકિકશોક ન સમજતા મેં જેમ પહેલાં બતાવ્યું કે **દષ્ટોપકારેણૈવ તાપો ગમિષ્યતિ** અહીં અદષ્ટોપકારી ચિંતા નથી થઈ રહી તાપક્લેશાનંદ જે નથી થઈ રહ્યો સહસ્રપરિવત્સરથી છુટ્ટાપડ્યા પછી પણ એ શોકની અહીં વાત થઈ રહી છે અને એનો નાશ અધરામૃતનું ફલ છે એ શોક પણ અત્યારે તો થઈ જ નથી રહ્યો. અદષ્ટ છે એ શોક જ અદષ્ટ છે તે શોક જ નથી થઈ રહ્યો અત્યારે તો બીમાર પડવું કઈ રીતે અત્યારે તો આ સમસ્યા આવી રહી છે બીમારીના ઈલાજની તો પછીની વાત છે આ જે બીમારી છે એ તો પહેલા બીમાર પડશો ત્યારે તો દવાનો સ્વાદ આવશે અને આનો ઈલાજ થશે એના માટે કહે છે **શોકનાશનમ્ ઈતિ ફલબલમ્** આમાં ફલરૂપતાનું બલ છે **સ્વરિતવેણુના સુષ્ઠુચુમ્બિતમ્ ઈતિ પ્રમાણબલમ્.** તમને પ્રભુ બોલાવશે કેવીરીતે જ્યાં લીલા છે ત્યાં તો વેણુનાદથી જ પ્રભુએ બધાને બોલાવ્યા નહીંતર તો ક્યાં વૃંદાવન અને ક્યાં વ્રજ બધાને વેણુ કેવીરીતે સંભળાત! કેટલી દૂર બંસી સંભળાઈ શકે? વધારેમાં વધારે બહુજ નીરવ રાત્રિ હોય તો પણ એક માઈલ સુધી બંસીનો નાદ સંભળાઈ શકે. બંસી તો બહુ મધુર વાદ્ય છે કોઈ નગારા જેવું વાદ્ય થોડું છે કે ઢમ-ઢમ કરીને વાગે, બહુ મધુર વાદ્ય છે એ બંસી બધા ભક્તોને સંભળાઈ ગઈ કેમ સંભળાઈ ગઈ? કેમકે આ બંસીમાં પ્રમાણબલ છે અને પ્રમાણબલ છે એટલા માટે બધા ભક્ત દોડીને આવ્યા. જેમ ગંગાજી દોડીને સમુદ્રમાં જાય તેમ ભક્ત દોડીને આવ્યા. આચાર્યચરણ કહે છે **''યથા કાયિકગતિઃ ગોપિકાનામ્''** (સુબો. ૩/૨૯/૧૧). જેમ પહાડ આવે પત્થર આવે એને પણ તોડીને ગંગા રસ્તો કાઢે. જે ભૂગોળના જાણકાર છે તે આ વાતને જાણે કે બે પહાડોની વચમાં રસ્તો જે બને છે જેની વચ્ચેથી નદી નિકળે છે આજે આપણને લાગે કે નદી પહાડની વચમાંથી નિકળી રહી છે પરંતુ નદીએ આ પહાડ પોતાના

પાણીની ધારથી કાપ્યા છે સમુદ્રની તરફ એને જવાની જે ઉત્કટ કામના હતી એથી એ રોકાઈ નથી શકતી. પાણી પણ પત્થરને કાપી શકે છે. એવીજ રીતે પત્થર જેવી જે આપણી દૃઢ વિષયાસક્તિ છે એક વખત ભક્તિની ધારા આપણા હૃદયમાં વહી તો બે વિષયાસક્તિના જે પત્થરના પહાડ છે તે કપાઈ જશે આ ધ્રુવસત્ય યાદ રાખજો, પરંતુ એક વખત ભક્તિરૂપી નદીને પોતાના હૃદયમાં વહેવા તો દો. આ (વિષયાસક્તિની ચટ્ટાનો) બાજુમાં ઊભા રહી જશે અને નદી આરામથી નિકળી જશે નહીં કપાય તો એને ઓળંગીને જશે પરંતુ પાણીની ધારા જે વહી છે વહેવી શરુ થઈ છે એ તો સમુદ્રને મળશે મળશે અને મળશે જ આ વાત ધ્રુવ સત્ય છે.

**(વેણુનાદ=પ્રમાણબલ)**

એટલા માટે કહે છે **સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્.** આ વેણુ આ અધરામૃતનું પ્રમાણબલ છે આના દ્વારા આ અધરામૃતની સર્વત્ર ખ્યાતિ ફેલાય છે. કહ્યું છે **''સર્વ પ્રવાહઃ સર્વત્ર સ્વાનુકૂલ્યેન કર્ષતિ વેણુગીતપ્રવાહસ્તુ પ્રાતિકૂલ્યેન કર્ષતિ''**. જેટલા પણ પ્રવાહ છે એ બધા પ્રવાહોની એક સરખી પ્રકૃતિ છે જેમ નદી આમ વહી રહી છે અને તેમાં તમે પડી જાઓ તો જે દિશામાં નદી વહી રહી છે એ દિશામાં તમે વહી જશો નદીના પ્રવાહની સાથે સાથે આ વેણુગીતનો પ્રવાહ એવો છે કે વહે આમ છે પરંતુ એમાં તમે પડશો તો ખેંચાઈને ઉલ્ટા જશો. હવે જો કોઈ પ્રવાહમાં પડે તો જે દિશામાં પ્રવાહ ખુદ વહે એ દિશામાં વહાવીને લઈ જાય, પરંતુ **વેણુગીત પ્રવાહસ્તુ પ્રાતિકૂલ્યેન કર્ષતિ,** વેણુગીતનો પ્રવાહ તો પ્રવાહની ઉલ્ટી દિશામાં (પોતાના મૂળની તરફ) ખેંચે છે. ક્યારેક પડીને જુઓ આ વેણુગીતના પ્રવાહમાં તો ઉલ્ટા વહીને ચાલ્યા જશો આવું વિરુદ્ધધર્માશ્રય આ વેણુગીતના પ્રવાહમાં છે, એટલા માટે આને પ્રમાણબલ માનેલું છે, કેમકે જો પ્રભુને જાણવા છે તો વેણુગીતથી જ જાણી શકશો. આથીજ વેણુને શિવ કહ્યા છે કેમકે **''વેદો શિવઃ શિવો વેદઃ''**. તથા **''વેદૈશ્ચ સવૈઃ અહમેવ વેદ્યો વેદાન્તકૃદ્ વેદવિદેવ ચ અહમ્''** (ભગ.ગીતા. ૧૫/૧૫). શિવ વેદ રૂપ છે અને પ્રભુને જાણવા હોય તો વેદ પ્રભુને જાણવાનો ઉપાય છે. જે વખતે પ્રભુ વ્રજમાં અવતીર્ણ થયા તો એ વેદ જ વેણુના રૂપમાં અવતરિત થયા હવે 'વેદ' કહો કે 'શિવ' કહો વાત એક જ છે.

શિવ નિરંતર વિષ્ણુનું ધ્યાન ધરે છે વેદ પણ નિરંતર વિષ્ણુનું ધ્યાન ધરે છે. વેદ અને શિવ એકજ વસ્તુના બે રૂપ છે એક શબ્દાત્મક રૂપ છે અને એક સાક્ષાત્ રૂપ છે, વેદ જ શિવના રૂપમાં મૂર્તિમાન થઇ જાય છે અને શિવ જ અક્ષરના રૂપમાં વેદ બની જાય છે, બંને એક જ વસ્તુ છે. આ બંનેના પછી વેદ્ય કોઇ વસ્તુ છે તો તે કૃષ્ણ છે. ''હું વેદના એક-એક વચનોનો એક-એક વાક્યોનો એક-એક કાંડનો એક-એક પ્રકરણનો અને ચારેય વેદોનો વિષય કેવળ હું અને હું જ છું મારા સિવાય બીજું કોઇ નથી.'' **''માં વિધત્તે અભિધત્તે માં વિકલ્પ્ય અપોહ્યતે તુ અહમ્ એતાવાન્ સર્વવેદાર્થઃ શબ્દ આસ્થાય માં ભિદામ્''** (ભાગ.પુરા.૧૧/૨૧/૪૩). વેદમાં મારું જ વિધાન છે, મારું જ અભિધાન છે, મારું જ વિકલ્પન છે, મારું જ અપોહન છે બધુંજ કાંઇ મારું છે. વેદના પ્રત્યેક અક્ષરનો અર્થ હું છું. એમ પ્રભુ આજ્ઞા કરે છે એટલા માટે એ જ પ્રમાણબલ છે.

**(શાસ્ત્રમ્ અવગત્ય...કૃષ્ણઃ સેવ્યઃ)**

જે વખતે પ્રભુ ગોપાલના રૂપમાં અવતીર્ણ થયા તો વેદ વેણુના રૂપમાં અવતીર્ણ થયા આ વેણુ પ્રમાણબલ છે આથી જે વખતે આપણે ઠાકોરજીના શૃંગાર કરીએ તે વખતે વેણુ ધરાવીએ અને વેણુ ધરાવીએ તે વખતે આરસી બતાવીએ આમાં જુઓ આપણે ત્યાં બે ભાવ છે એક તો આ કે ઠાકોરજીએ શૃંગાર કર્યો છે તો એમને આરસી જોવાની ઉત્કંઠા છે કેવો શૃંગાર ધરાવ્યો મારા ભક્તે મને! જોઉં તો ખરો કે ભક્ત મારા શૃંગાર કેવા કરે છે! હું તો જેવો છું તેવો છું પરંતુ ભક્ત મને પોતાના ભાવથી કેવો શૃંગારિત કરે છે એ પોતાનું રૂપ આરસીમાં પ્રભુને પણ જોવાની ઉત્કંઠા થાય છે. ભક્તે મારું રૂપ કેવું બનાવ્યું છે અને બીજી આપણી આ ભાવના છે કે જેમ આપણે આરસી બતાવીએ તો બે વખત આરસી બતાવીએ. તમે લોકો સેવા કરો છો એથી હું તમને બતાવી રહ્યો છું બે વખત ઠાકોરજીને આરસી બતાવવામાં આવે છે એક વખત સીધી આરસી બતાવવામાં આવે છે જેથી ઠાકોરજી પોતાના રૂપનું ખુદ દર્શન કરે કે આપણે કેવું રૂપ પ્રભુને આપ્યું બીજી વખત ત્રાંસી આરસીમાં ઠાકોરજીનું રૂપ આપણે જોઇએ એને તરત આપણા હૃદયથી લગાવવી આ ભાવનાથી કે જેમ આપનું સ્વરૂપ આ આરસીમાં પ્રતિબિંબિત છે એવીરીતે મારા હૃદયમાં આપ પધારો.

એટલા માટે જેવા આપણે વેણુ ધરાવીએ તો તરત આરસી બતાવીએ એનું કારણ સમજો **"અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિઃ વિધિયતામ્"** (સિ.મુ.૧૨) **"શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ"** (ત.દી.નિ.પ્ર.૧). કૃષ્ણને પ્રમાણ વગર જાણવા ખોટી પ્રણાલી છે પહેલા શાસ્ત્રને જાણો અને એને સમજીને હૃદયમાં ધારણ કરો આથી પહેલા વેણુ ધરાવવામાં આવે પછી આરસી બતાવવામાં આવે પછી એ આરસીના દ્વારા ઠાકોરજીને હૃદયમાં પધરાવવામાં આવે, કેમકે **"શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ"** શાસ્ત્રને સમજીને શાસ્ત્રાનુસારી કૃષ્ણનું સ્વરૂપ જાણો કૃષ્ણને મનઘડંત જાણશો તો મનઘડંત સેવા કરશો, મનઘડંત સેવા કરશો તો મનઘડંત દિશાઓમાં પહોંચી જશો, સાચી દિશામાં નહીં પહોંચો એટલા માટે આચાર્યચરણ આજ્ઞા કરે છે **"શાસ્ત્રમ્ અવગત્ય"** શાસ્ત્રને સમજો અને મન વાણી દેહ થી કૃષ્ણની સેવા કરો. એટલા માટે જેમ આરસી બતાવીને હૃદયમાં પધરાવવા છે તો પહેલા વેણુ ધરાવો પછી આરસી બતાવો અને ભાવના કરો **"શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ"** મને શાસ્ત્ર સહિત શાસ્ત્રીયરૂપથી જાણો. મતલબ જેવો કૃષ્ણ ભાગવતમાં ગીતામાં વર્ણિત છે, જેવો કૃષ્ણ બ્રહ્મસૂત્રમાં વર્ણિત છે, જેવો કૃષ્ણ વેદોપનિષદ્માં વર્ણિત છે તેવો કૃષ્ણ મારા હૃદયમાં બિરાજમાન થઈ જાય એટલી જ સ્પષ્ટતાથી જરા પણ ધૂમિલ નહીં. કેટલાક મંદિરોમાં આરસી ધુંધળી હોય અને પ્રાયઃ મંદિરોમાં આરસી ધુંધળી હોય જ છે કેમકે ત્યાં આરસી તો દેખાય જ નહીં પાછળનો ભાગ જ દેખાય છે તો મુખિયાજી તો આરસી નવી બનાવતા જ નથી. પરંતુ ઘરમાં સેવા કરો મંદિરોની ચર્ચા ભૂલી જાઓ ઘરમાં આરસી બહુજ સ્વચ્છ રાખવી જોઈએ જેમાં ઠાકોરજીનું સ્વચ્છ પ્રતિબિંધ પડે એવું સ્વચ્છ પ્રતિબિંબ કે એક વખત સિદ્ધાંતાનુરૂપ શૃંગારિત ઠાકોરજીના દર્શન તમે કર્યા તો એ હૃદયમાં એટલું સ્પષ્ટ પ્રતિબિંધ થઈ જાય કે જેટલું સ્પષ્ટ પ્રતિબિંબ આરસીમાં આવી રહ્યું છે.

આપણા શિવની સાથે જે સંબંધ છે તે બહુ અટપટા છે ગાળ પણ દેવાનો છે અને અનુસરવાનો પણ છે. જેમ મેં તમને બતાવ્યું હતું કે "થાંકે બિના ચલે નહીં ઔર થારાસુ બને નહીં". જેવા શિવની સાથે આપણા સંબંધ છે એવાજ વેણુની સાથે પણ છે એવીજ રીતના વેદની સાથે પણ બહુ અટપટા

સંબંધ છે વેદને પણ આપણે દરવખતે ગાળ આપીએ **"વેદદધિમધ્ય નવનીત જે ભજનરસ મથિત માધુરી જીવે શ્રવણ પીધો તક્રસમ કર્મપથ સ્નેહરસ હીન જે શ્વેત જાણી વિમુખ તાણી લીધો"** (વલ્લભા.૭/૨). હવે આને ગાળ કેમ આપીએ છીએ વેદને તક્ર કહીને એટલામાટે દઈએ કે આપણો એની સાથે સંબંધ અટપટો છે એના વગર ચાલે નહીં અને એ પ્રભુના મુખારવિંદથી લાગેલા પણ રહે તો ગાળ દીધા વગર રહી પણ નથી શકાતું. **સ્વરિત વેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્.** જે વખતે **વિતર વીર! નઃ તે અધરામૃતમ્.** કહ્યું તે વખતે તો આમના હૃદયમાં મુખપર જરૂર સાત્ત્વિકભાવ છે, પરંતુ જે વખતે **સ્વરિત વેણુના સુષ્ઠુ ચુમ્બિતં** બોલી છે તો **'સુષ્ઠુ'** બોલતા-બોલતા આ ગોપિકાના દાંત ભીંસાઈ ગયા છે, બહુજ ક્રોધ આવ્યો છે, બહુજ ઈર્ષ્યા આવી છે, બહુ રોષ થયો છે. વેણુગીતમાં ગોપી કહે છે **"ગોપ્યઃ કિમ્ આચરદ્ અયં કુશલં સ્મ વેણુઃ દામોદરાધરસુધામપિ ગોપિકાનામ્ ભુઙ્ક્તે સ્વયં યદવશિષ્ટરસં હ્રદિન્યો હૃષ્યત્ત્વચોશ્રુમુમુચુઃ તરવો યથા આર્યાઃ** (ભાગ.પુરા.૧૦/૧-૮/૯). એ કહે છે કે મૂલતઃ તો આ મિલ્કત ગોપિકાઓની છે અને તું એકલી ખુદ પડાવી જાય છે કાંઈ-ને-કાંઈ કુશળ કર્યું હશે! શું કરીએ હવે ચાલતું તો કાંઈ નથી! મનને મારવું પડે **"ગોપ્યઃ કિમ્ આચરદ્ અયં કુશલં"** આણે કાંઈક કુશળ કર્યું હશે. હવે જોર ન ચાલે તો થોડોક અકર્મણ્યતાવાદ આવી જાય છીના-ઝપટી ક્યાંસુધી ચાલે જ્યાંસુધી વાત આપણા હાથમાં થોડીઘણી રહે. જ્યારે છિનવાતી ચાલી જાય ત્યારે સંતોષ કરી લેવો કે એનામાં સામર્થ્ય અધિક હતું, એના કર્મ વધારે બળવાન હતા આપણા કર્મ ઓછા હતા. હાથમાં રહે ત્યાંસુધી ખેંચા-તાણી ચાલે એટલા માટે કહે છે **"ગોપ્યઃ કિમ્ આચરદ્ અયં કુશલં સ્મ વેણુઃ દામોદરાધરસુધામપિ ગોપિકાનામ્ ભુઙ્ક્તે સ્વયમ્".** બધુંજ લઈ જાય એકલી આની આગળ કહે છે **સુરતવર્ધનં શોકનાશનં સ્વરિત વેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્.** આ એનું પ્રમાણબલ બતાવ્યું **ઈતરરાગવિસ્મારણં** આ આનું પ્રમેયબલ છે કેમ? કેમકે જો તમને બહુજ જોરથી તરસ લાગી અને કોઈ કહે કે "નારંગી ખાઈલો, થોડુંક કેળું ખાઈ લો. શું તરસ છિપાસે? નહીં છિપાય. અરે ભાઈ કેળું પણ તો ઠંડુ છે, નારંગીનો રસ પણ તો રસ છે પરંતુ તરસ છિપાતી નથી. અરે કેરીનો રસ પી લો! કેરીના રસથી પણ તરસ નથી છિપાતી તરસ તો ત્યારેજ બુઝાય

જ્યારે પાણી પીઓ. ભૂખ મટી જાય પરંતુ પ્યાસ નથી બુઝાતી આ જલનું માહાત્મ્ય છે જલરૂપી પ્રમેયનું માહાત્મ્ય છે કે એ પ્યાસ બુઝાવે એવીજ રીતે અધરસુધાનું આ માહાત્મ્ય છે કે ઈતરરાગનું વિસ્મારણ કરાવે. આ આનું પ્રમેયરૂપ માહાત્મ્ય છે મતલબ આ પ્રમેયની એક એસેન્શિયલ્ ક્વોલિટી છે. પ્રમેયનો મતલબ આ છે કે તેની એસેન્સિયલ્ ક્વોલિટી છે કે એ ઈતરરાગનું વિસ્મારણ કરાવે છે. કેમકે આના વગર બીજું કોઈ રાગનું વિસ્મારણ નથી કરાવી શકતું બીજા વિષયોમાં જે આપણાં અનુરાગ છે ભગવદ્વિષયકથી અન્ય વિષયોમાં જે આપણો અનુરાગ છે, આપણી ચિત્તની વૃત્તિઓ છે, આપણી વાસનાઓ છે, આપણી લાલસાઓ છે એ ભગવદધરસુધાના સિવાય મટી નથી શકતી આ આનું પ્રમેયબલ છે.

**(બ્રહ્મસૂત્ર : પ્રમાણ-પ્રમેય-સાધન-ફલનિરૂપણ)**

(થોડોક તમને વિષય અઘરો લાગશે એટલા માટે મારે અહીં વર્ણન કરવું પડી રહ્યું છે) વ્યાસજીએ જે બ્રહ્મસૂત્રની રચના કરી એ પણ આ ચાર પદ્ધતિથી કરી છે અને એ છે પ્રમાણ પ્રમેય સાધન અને ફલ. એમણે બધા ઉપનિષદોના વાક્યોને ચાર વિભાગમાં વિભાજિત કર્યા છે કેટલાક ઉપનિષદ્‌ના વાક્ય એવા છે જે બ્રહ્મના સ્વરૂપને જાણવામાં પ્રમાણરૂપ થઈ જાય છે, કેટલાક ઉપનિષદ્‌ના વાક્ય એવા છે જે સીધા બ્રહ્મના સ્વરૂપનું જ વર્ણન કરે છે, કેટલાક ઉપનિષદ્‌ના વાક્ય એવા છે કે જે બ્રહ્મને પ્રાપ્ત કરવાના સાધનનું વર્ણન કરે છે, કેટલાક ઉપનિષદ્‌ના વાક્ય એવા પણ છે જે આ સાધનોથી પ્રાપ્ત થતા બ્રહ્મની જે વિવિધ ફલરૂપતા છે તેનું નિરૂપણ કરે છે. આમ ચાર પ્રકારના વચનોને ચાર કક્ષામાં ગોઠવ્યા છે આના પછી એ વાક્યોને આપસમાં પોહવાના(પરોવવાના) માટે સૂત્ર બનાવી દીધા. સૂત્રનો મતલબ થાય છે દોરો. એક-એક શ્રુતિના વાક્ય એક-એક મણિના જેવા છે એ બધાને વ્યાસજીએ એક સૂત્રમાં પરોવી દીધા એ છે બ્રહ્મસૂત્ર. એ વિચારનો એક આખો હાર બનાવ્યો, વિચારનો હાર એટલામાટે બનાવ્યો કે બ્રહ્મના જે જિજ્ઞાસુ છે એમના કંઠમાં ધારણ કરવામાટે આ હાર છે. એ વિચારના હારમાં ચાર વિભાગ છે પ્રમાણ પ્રમેય સાધન અને ફલના.

**(સર્વોત્કૃષ્ટસાધન અનન્યભક્તિ)**

એમાં કેટલાય સાધન બતાવ્યા કર્મ જ્ઞાન ભક્તિ આશ્રય ના. એમાં સર્વોત્કૃષ્ટ સાધન ભક્તિને બતાવી એટલા માટે **સુરતવર્ધનં.** સુરત મતલબ ***ભક્તિઃ અનન્યાસક્તિઃ.*** **"અનન્યાઃ ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે"** (ભગ.ગીતા.૯/૨૨) **"ભક્ત્યાતુ અનન્યયા શક્ય અહમ્ એવંવિધો અર્જુન! જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ તરન્તપ!"** (ભગ.ગીતા.૧૧/૫૪). એટલા માટે અનન્યભક્તિ આ બધા સાધનોમાં સર્વોત્કૃષ્ટ સાધન છે આ બતાવ્યું છે.

આથી સાધનાધ્યાયનો પરમોત્કર્ષ છે ક્લાઈમેક્સ્ છે તે અનન્ય ભક્તિના માહાત્મ્યના નિરૂપણમાં છે અને બધા સાધન બતાવ્યા એવીજ રીતે ફલાધ્યાય છે તેમાં જે બતાવ્યું છે ઉત્કૃષ્ટતમ ફલ તે આ છે **"સો અશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતા"** (તૈત્તિ.ઉપ.૨/૧) એટલા માટે અહીં બતાવ્યું **પ્રણતકામદમ્** કયા અર્થમાં કામને પૂર્ણ કરવો-**કામાન્ દ્યતિ ખંડયતિ.** આ ભક્તિથી જે બ્રહ્મને એપ્રોચ કરશે તો આ આધિદૈવિક શોક નિવૃત્ત થઈ જશે.

પ્રમેયાધ્યાયમાં શું બતાવ્યું! જેટલા પણ જુદા-જુદા મતોના જે અલગ-અલગ સિદ્ધાંત છે જેમ કે નૈયાયિક છે એ કહે છે કે સાત પદાર્થોથી જગત્ બન્યું છે મતલબ દ્રવ્ય ગુણ કર્મ સામાન્ય વિશેષ સમવાય અભાવ આ પદાર્થોથી જ જગત્ બન્યું છે તેથી આ પ્રમેય સાચા પ્રમેય નથી આ પ્રમેયોમાં આસક્તિ ન કરો આ પ્રમેયોનું ચિંતન ન કરો આ પ્રમેયોનું મનન ન કરો આમ અવિરોધાધ્યાયમાં વ્યાસજીએ નિરૂપણ કર્યું છે. સાંખ્ય કહે છે કે પ્રકૃતિ પુરુષ સપ્ત પદાર્થોથી આખું જગત્ બન્યું છે. અવિરોધાધ્યાયમાં વ્યાસજી કહે છે કે "નહીં નહીં પ્રકૃતિ પુરુષ થી જગત્ નથી બન્યું પ્રકૃતિ પુરુષ જેનાથી બને છે એ પરમાત્માનું ચિંતન કરો." બુદ્ધ કહે છે કે વાસનાથી મતલબ આત્મા અને આત્માની રહેલી વાસના આનાથી આ આખું જગત બની જાય છે તો વ્યાસજી કહે છે કે "નહીં નહીં આત્મા જે પરમાત્માનો અંશ છે એ પરમાત્માનું ચિંતન કરો આ વાસના જે પરમાત્માની શક્તિ એક અવિદ્યાના કારણે પેદા થઈ રહી છે એ પરમાત્માનું ચિંતન કરો આ વાસના અને આત્માનું ચિંતન ન કરો." એવીજ રીતે પાંચરાત્ર વૈષ્ણવ કહે છે કે સંકર્ષણ અનિરુદ્ધ પ્રદ્યુમ્ન વાસુદેવ થી

જગત્‌ની ઉત્પત્તિ થઈ છે તો વ્યાસજી કહે છે કે **"નહીં નહીં આ જેના વ્યુહ છે** આ તો એ પરમાત્માના એક એક વ્યુહ છે એ પરમાત્માનું ચિંતન કરો વ્યૂહોનું શું ચિંતન કરી રહ્યા છો!"

આવીજ રીતે જેટલા શૈવમત વૈષ્ણવમત આસ્તિકમત નાસ્તિકમત જે અલગ-અલગ પ્રમેયોનું પરમાત્માના સિવાય નિરૂપણ કરે છે એ બધાનો પદાર્થમાં રહેલો રાગ એનું વિસ્મારણ વ્યાસજીએ ત્યાં કર્યું છે **ઇતરરાગવિસ્મારણમ્ નૃણામ્.** આ અવિરોધાધ્યાયમાં બ્રહ્મસૂત્રના એટલા માટે આચાર્યચરણ પ્રમેયબલ કહે છે અવિરોધાધ્યાય એવો છે કે આ પ્રમેયની સાથે કોઈ ટક્કર લઈ શકે કોઈ વિરોધ કરી શકે એવું કોઈ પ્રમેય નથી. **"ન ત્વત્સમોઽસ્તિ અભ્યધિકઃ કુતો અન્યો"** (ભગ.ગીતા.૧૧/૪૩). જ્યારે આના સમાન જ કોઈપણ નથી તો અધિક ક્યાંથી હશે, અધિક તો ત્યારે હોય જ્યારે સમાન હોય. આ પરમાત્માના સમાન કોઈ વસ્તુ છે જ નહીં તો આનાથી અધિક કેવીરીતે હોય બીજી બધી વાતોને ભૂલી જાઓ અને બધા પદાર્થોને ભૂલી જાઓ. **"અનન્યાઃ ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે"** (ભગ.ગીતા.૯/૨૨) **"ભક્ત્યાતુ અનન્યા શક્ય અહમ્ એવંવિધો અર્જુન! જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું પરંતપ!"** (ભગ.ગીતા.૧૧/૫૪). **"કેવલેનહિ ભાવેન"** (ભાગ.પુરા. ૧૧/૧૨/૮) આ ન્યાયથી કેવળ આ જ પરમાત્મામાં પોતાનો રાગ અનુરાગ વિકસિત કરો **ઇતરરાગવિસ્મારણમ્ નૃણાં,** આ એ પ્રમેયનું સ્વરૂપ બતાવ્યું.

પ્રમાણ જે પ્રથમ બતાવ્યું હતું એ શું હતું **સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્** આ **"શાસ્ત્રયોનિત્વાત્"** (બ્ર.સૂ.૧/૧/૨) શાસ્ત્રયોનિ હોવાથી આ બ્રહ્મને સમજવાનો ઉપાય આપણી મનઘડંત રીતથી નથી. જે મનમાં આવ્યું એ પ્રકારથી કથા કરી દેવી કે ગિરિરાજજીમાં લાકડીનો ઘોંચો મારો તો પેંડા પડે લાડૂ પડે આ મનઘડંત કલ્પનાથી બ્રહ્મનું સ્વરૂપ ન સમજવું. આ સ્વરૂપથી બ્રહ્મને સમજવું કે જે સુષ્ઠુચુમ્બિત છે વેદને ભગવાને પોતાના મુખસાથે લગાવ્યા છે વેદને વેણુના રૂપથી ભગવાન નિરંતર ધારણ કરે છે શાસ્ત્રને ભગવાન્ પોતાના મુખપર નિરંતર ધારણ કરે છે **શાસ્ત્રયોનિત્વાત્** શાસ્ત્રૈકસમધિગમ્યરૂપ છે ભગવાનની મનઘડંત કથા કહી કહીને ભગવાનની કથા કહેતા હોય એ કથાઓને

સાંભળશો તો તમને વેણુથી ભગવાનનું અવગાહન નથી થઈ રહ્યું કોઈ નગારું વગાડીને કોણજાણે કઈ દિશામાં ભટકી જશો આ વેણુના દ્વારા જે આહૂત છે એજ સાચું અવગાહન છે બાકી તો આવી મનઘડંત કથાઓથી તમે વિપરીત દિશામાં ચાલ્યા જશો પ્રમેયની દિશામાં નહીં જઈ શકો કેમકે એ બધીની બધીજ શાસ્ત્રીય કથા નથી અશાસ્ત્રીય કથાઓ છે.

એટલા માટે **સ્વરિત વેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્.** પ્રમાણ એવું હોવું જોઈએ કે જેને ભગવાન્ પણ ચુંબન કરી લે કે તું સાચું એવા પ્રમાણ શું કામના કે જેને જોઈને ભગવાન્ કહે કે ફેંકો આને! આમાં મારી કોઈ કથાનું વર્ણન નથી આમાં મારા તરફ લઈ જવાની કોઈ કથા નથી. આમાં ભગવત્કથાના બદલે ભગવદિતરરાગ વધારવાવાળી કથાઓ છે. કથા ભગવાનની કરે અને કહે કે જ્યારે ઠાકોરજીએ ગિરિરાજને ઉઠાવવા ઈચ્છ્યો તો એમનાથી ઉપડ્યો નહીં તેથી એમણે હનુમાનજીનું ધ્યાન ધર્યું શક્તિનું ધ્યાન ધર્યું. હવે બતાવો કે આનાથી ઠાકોરજીમાં ધ્યાન વધ્યું કે શક્તિમાં ધ્યાન વધ્યું ઠાકોરજીમાં રાગ વધ્યો કે હનુમાનજીમાં ધ્યાન વધ્યું! જ્યારે ઠાકોરજીમાં રાગ વધવાના બદલે હનુમાનજીમાં અનુરાગ વધી જાય કેમકે કૃષ્ણને પણ જો ગિરિરાજ ઉપાડવા માટે હનુમાનજીનું ધ્યાન ધરવું પડતું હોયતો કૃષ્ણને શામાટે ભજવો! હનુમાનજીને કેમ ન ભજવા! આવા ઈતરરાગવર્ધનની જે કથાઓ છે એ સ્વરિત વેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્ નથી તે એવી કથા નથી કે જે કથાઓથી જેમ આરસીમાં ઠાકોરજી બિરાજે છે સ્પષ્ટતમ એ પ્રકારથી તમારા હૃદયમાં સ્પષ્ટતમ બિરાજી શકે, આવી કથા નથી આવી કથાઓથી બચવું પણ પુષ્ટિમાર્ગીયજીવનું કર્તવ્ય છે જે કથા કરી રહ્યા છે ભલે કરે નિરંતર કરે, એમનું કામ છે કથા કરવી. આચાર્યચરણ કહે છે કથા વક્તવ્યા એમનું કામ છે કથા કરવી પરંતુ આચાર્યચરણ કહે છે **"કુલ્યા પૌરાણિકાઃ પ્રોક્તા પારમ્પર્યયુતા ભુવિ ક્ષેત્રપ્રવિષ્ટાઃ તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ"** (જલભેદ.૩). આ જે કથક્કડ છે મનઘડંત કથા કરવાવાળા પોતાના મનથી ભગવાનની કથા કહેવાવાળા જે શાસ્ત્રીય કથા કહેવાવાળા નથી તેઓ કેવા છે **કુલ્યાઃ**, (વહેતી ધારાને બતાવીને : આ જુઓ આપણે ત્યાં બહાર વહી રહે છે કુલ્યા, આ નદી નથી.) ભગવદ્ગુણનું વર્ણન કરવાવાળી આ સમુદ્ર નથી આ કુલ્યા છે જેમાં ગટર છૂટે

આ જેના ક્ષેત્રમાં પ્રવિષ્ટ થઈ જાય એમાં ખાતર છે અનાજ પેદા કરશે પરંતુ સંસારોત્પત્તિહેતવ થશે આનું ધ્યાન રાખજો આમાં ભગવદનુરાગવર્ધક ક્ષમતા નથી ભગવદિતરાનુરાગવર્ધક ક્ષમતા છે ***ઈતરરાગવિસ્મારકતા*** નથી એટલા માટે પ્રમાણ કેવું હોવું જોઈએ **સ્વરિત વેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્** જોઈએ ત્યારે **ઈતરરાગવિસ્મારણ** થશે નહીંતર તો નહીં થાય આ વાત ધ્યાનમાં રાખજો આ પ્રકારનું પ્રમાણબલ વ્યાસજીએ **''શાસ્ત્રયોનિત્વાત્''** (બ્ર.સૂ.૧/૧/૨) કહીને બતાવ્યું છે.

આના કારણે જ શ્રીશંકરાચાર્યજી આજ્ઞા કરે છે **''રૂપાદ્યભાવાદ્ હિ ન અયમ્ અર્થઃ પ્રત્યક્ષસ્ય ગોચરો લિંગાદ્યભાવાદ્ ન અનુમાનાદીનામ્ આગમમાત્રસમધિગમ્યો અયં વિષયો ધર્માદિવદ્''** (બ્ર.સૂ.શાં. ભા.૨/૧/૧૧). બ્રહ્મની કથા કરવામાટે મનઘડંત કથા ન કરવી જોઈએ કેમકે એ નિરાકાર બ્રહ્મમાં માને છે એથી તેઓ કહે છે કે બ્રહ્મમાં રૂપ નથી તમે જોઈને કેવીરીતે કથા કરશો બ્રહ્મની! બ્રહ્મ કોઈ તાર્કિક વિષય નથી કે જેની કથા તમે મનની કલ્પના કરીને કરી દો. બ્રહ્મ શાસ્ત્રીય વિષય છે એથી બ્રહ્મની કથા શાસ્ત્રીય હોવી જોઈએ. એવી કથા કે ગિરિરાજમાં લાકડીનો ઘોંચો મારીએ તો પેંડા પડે લાડૂ પડે આ બધી અશાસ્ત્રીય કથા છે. **''એવં પ્રતારણાશાસ્ત્રં સર્વમાહાત્મ્યનાશકમ્ ઉપેક્ષ્યં ભગવદ્ભક્તૈઃ શ્રુતિસ્મૃતિવિરોધતઃ''** (ત.દી.નિ.૧/૮૦). આચાર્યચરણ કહે છે કે **''ફલં વૈમુખ્યતઃ તમઃ''** (ત.દી.નિ.૧/૮૦) આવી કથાઓને સાંભળવાથી તમોગુણની તરફ જ તમારી ગતિ થશે ભગવદ્ગુણની તરફ તમારી ગતિ નહીં થાય આની ઉપેક્ષા કરો વિરોધ કરવાનું નથી કહી રહ્યા **''ઉપેક્ષ્યં ભગવદ્ભક્તૈઃ શ્રુતિસ્મૃતિવિરોધતઃ'' - અતઃ તત્ર ઉપેક્ષૈવ કર્તવ્યા સુતરાં ભગવદ્ભક્તૈઃ ભક્તિમાર્ગે વિરોધાત્** (ત.દી.નિ.૧/૮૦). આચાર્યચરણ કહે છે કે ઉપેક્ષા કરો ભૂલી જાઓ છોડી દો આ કથાઓને આ કથાઓમાં ન જાઓ એનો વિરોધ કરવામાં પણ આપણા ચિત્તમાં ક્લેશ થશે અને ભગવદ્વૈમુખ્ય આવશે એટલા માટે ઉપેક્ષા કરો જેમ આપણને વાસ આવતી હોય તો આપણે નાક બંધ કરીને ચાલ્યા જઈએ સફાઈ કરવા થોડા કાંઈ બેસીએ ત્યાં એ આપણને ખબર છે કે વાસ આવી રહી છે પરંતુ કેટલી-કેટલી જગ્યાએ સફાઈ કરશું કોઈ બીજું સારું કામ કરો ને આને બદલે આટલા માટે **''ઉપેક્ષ્યં ભગવદ્ભક્તૈઃ ફલં વૈમુખ્યતઃ તમઃ.''**

(નૃણાં મતલબ ભોક્તૃભાવાત્મકમ્)

**સુરતવર્ધનં શોકનાશનં.... નઃ તે અધરામૃતમ્. એવં ચતુર્વિધ પુરુષાર્થપ્રદં સ્વતઃપુરુષાર્થરૂપમ્.** આ પ્રકારે પ્રમેય પ્રમાણ સાધન ફલ ચારેય પુરુષાર્થોને આપવાવાળું આ જે તારું અધરામૃત છે તે સ્વતઃપુરુષાર્થરૂપ છે હવે અમે કઈ વસ્તુ માગીએ! આ ગોપી કહી રહી છે **નૃણામ્ અસ્માકમ્ અધિકારિણાં દુર્લભપુરુષાર્થાનાં વા** કહે છે **ઈતરરાગવિસ્મારણં નૃણાં.** અહીં **'નૃણાં'** એમ કહ્યું આ તો બધી ગોપિકાઓ છે નારી છે. **'નૃણાં'** એમ કહે છે **નૃણાં અસ્માકમ્ અધિકારિણામ્.** અધિકારીના અર્થમાં આને **'નૃણાં'** કહ્યું છે. કયો અધિકાર? એ અધિકાર કે પ્રભુ ભોગ્ય છે અને આ ભોક્તા છે આમને જે ભોક્તૃત્વનો અધિકાર છે અને પ્રભુને જે ભોગ્ય હોવાનો જે અધિકાર છે એ અર્થમાં આ **નૃણાં** કહી રહી છે કેમકે **'રાસસ્રીભાવપૂરિતવિગ્રહઃ'** (સર્વો.સ્તો.૧૬.નામ.૪૨). ભગવાનમાં ભોગ્યભાવ છે એટલા માટે આ કહી રહી છે **નૃણાં ઈતરરાગવિસ્મારણં,** કેમકે ભોક્તા પ્રભુને છોડીને બીજી વસ્તુનો ભોગ ન કરવા લાગી જઈએ. આ સમસ્યા ભોક્તાઓની છે, ભોગ્યને તો શું છે કે જેમ રોટીને સમસ્યા થોડી જ છે કે તમે તેને ખાઓ! તમારી સમસ્યા છે કે તમારે રોટી ખાવી છે. હવે તમે રોટી ન ખાઈને કચરો ખાઓ તો રોટી શું કરી શકે! રોટી તો પડેલી છે એને ખાવી હોય તો ખાઓ ન ખાવી હોય તો ન ખાઓ. ભૂખે મરો તમે કચરો ખાઈને તો રોટી દેકારો થોડો કરશે. ઈતરરાગવિસ્મરણ આ ખાવાવાળાની ચિંતા છે, ભોક્તાની ચિંતા છે ભોગ્યને કોઈ ચિંતા નથી. ભોગ્ય તો પોતે પોતાનામાં સ્થિત છે નારિયેળ ઝાડપર લાગેલું છે તમારે ખાવું હોયતો ખાઓ ન ખાવું હોય તો ન ખાઓ નારિયેળને એમાં શું નુકશાન થઈ શકે! પરંતુ તમારું નુકસાન છે આટલું સરસ ફળ હોવાછતાં પણ તમે એને ન ખાઓ. એક સુંદર કેરીનું ફળ ઝાડપર ઉગ્યું અને તમે એનાથી વંચિત રહી ગયા તો **''ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી''** (વલ્લભા.૭/૭) તમે ભાગ્યહીન છો એમાં કેરીને કોઈ હાનિ નથી. એટલા માટે **નૃણાં** કહી રહી છે, કેમકે પ્રભુ તો ભોગ્યભાવાપન્ન છે અને તમે ભોક્તૃભાવાપન્ન છો 'નૃ' છો પુરુષભાવાપન્ન છો એટલા માટે **નૃણાં** કહી રહી છે. **''પુરુષતે તિયભાવ ઉપજ્યો સબહી ઉલટી રીત''** (સુરદાસજી). એટલે પ્રભુમાં ભોગ્યભાવ જાગ્યો

છે **નૃણાં ઈતરરાગવિસ્મારણમ્** એક વખત પ્રભુનો સ્વાદ લઈને જુઓ! તો ત્યારે તમને ખબર પડશે કે બીજા સ્વાદ કેવા શુષ્ક છે.

સુરદાસજી કહે છે કે **"મેરો મન અનત કહાં સુખ પાવે જૈસે ઉડ જહાજકો પંછી ફિર જહાજપે આવે... સૂરદાસ કામધેનું તજ છેરી કૌન દુહાવે"** એક જહાજ જઈ રહ્યું હોય એમાં એક પક્ષી પાળી લો તે ઉડે કેમકે એને પાંખો લાગેલી છે વાસનાની પાંખો ઉગી જાય આપણને તો આપણે બધું શોધવા માટે ભોગ ભોગવવા માટે ઉડીએ પરંતુ જહાજથી ઉડીને જશે ક્યાં ઉતરવું તો જહાજ પર જ પડશે. સમુદ્રની વચમાં જહાજપરથી પક્ષી ઉડે તો એ ઉડીને જશે ક્યાં **"મેરો મન અનત કહાં સુખ પાવે જૈસે ઉડ જહાજકો પંછી ફિર જહાજપે આવે"**. કૃષ્ણને છોડીને મારું મન બીજે ક્યાં સુખ પ્રાપ્ત કરી શકે કૃષ્ણ મારું જહાજ છે અને હું એ જહાજનું પક્ષી છું જો કોઈ જગ્યાએ ઉડ્યો પણ ભૂલથી ઉડી શકું પરંતુ ઉતરીશ તો જહાજપર જ, મતલબ કૃષ્ણના શરણમાં જ. **"સૂરદાસ પ્રભુ કામધેનુ તજ છેરી કૌન દુહાવે"** અરે જ્યારે કામધેનુ મારા દોહવામાટે છે તો હું શું બકરી દોહીશ!

એ ગોપી કહે છે **"ગોપ્ય કિમ્ આચરદ્ અયં...મુમુચુઃ તરવો યથા આર્યાઃ** (ભાગ.પુરા.૧૦/૧૮/૯)." **અસ્માકમ્ અધિકારિણાં દુર્લભપુરુષાર્થાનાં વા ભુઙ્કતે** ***સ્વયં આ વાત બતાવી*** **યદ્યપિ ઈદં દેયં ન ભવતિ તથાપિ વિતરણગુણેન દાતું શક્યતઈતિ વિતર ઈતિ ઉક્તમ્** - કહે છે કે અધરસુધાનું વિતરણ ક્યાંથી થાય ઓષ્ઠથી અને ભગવાનના ઓષ્ઠને વિરાટના સ્વરૂપમાં લોભરૂપ માનેલ છે. "પ્રથમગ્રાસે મક્ષિકાપાત" થઈ ગયો કેમકે ભગવાનના ઓષ્ઠ લોભરૂપ છે. "દાતા દાન આપે અને ભંડારી પેટ કૂટે" કે અરે આટલું લઈ ગયો! અરે તારું એમાં શું જાય છે! અરે દઈ દે ને! પરંતુ ભંડારીનો સ્વભાવ જ એવો હોય કે આપતો નથી એમ ભગવદાજ્ઞા થઈ પણ જાય તો પણ લોભમાં સ્થિત છે તો વિતરણ થાય કેવીરીતે! તો એ અધરના સ્વયંના વિચારથી તો થઈ ન શકે **યદ્યપિ ઈદં દેયં ન ભવતિ** એ અધરના વિચારથી તો દેય નથી **તથાપિ વિતરણગુણેન** એટલા માટે ભગવાનને ઉશ્કેરી રહી છે કે તું વીર છે! તું દાનવીર છે! થોડુંક વાંટી દે, બધું ન વાંટ થોડુંઘણું વાંટ આ પ્રકારથી કહે છે. **તથાપિ વિતરણગુણેન દાતું શક્ય ઈતિ.** થોડુંઘણું તો બાંટી શકે છે ને!

લોભપર સ્થિત છે તો બધું ન બાંટ પરંતુ જેટલું બાંટી શકતો હોય એટલું તો બાંટ! અમને તો એક બૂંદ પણ બહુ છે આથી કહે છે **વીર! ઈતિ સમ્બોધનાત્ શૌર્યં નાન્યથા સંભવતીતિ નિરૂપિતમ્.** દાનનું જે તારું શૌર્ય છે તે અન્યથા કેવીરીતે થઈ શકે! અને દાન એનાવગર તો સંભવ નથી **સુરતવર્ધનં શોકનાશનં... નઃ તે અધરામૃતમ્** કેમકે આ અધરામૃત અમને મળ્યું તો જ ઈતરરાગનું વિસ્મારણ થશે, આ અધરામૃતનું અમને પાન ન થયું તો ઈતરરાગ અમારા વિસ્મૃત નહીં થાય.

ઈતરરાગ વિસ્મૃત નહીં થાય તો શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે **''વરં નેત્રે મુદ્રા ન પુનર્ ઈતરાવલોકનમપિ વરં શૂન્યારણ્યે સ્થિતિઃ ઈહ વરં નાન્યમિલનમ્ વરં મૂકીભાવો ન પુનર્ અપરા કાચન કથા વરં પ્રાણત્યાગઃ ક્ષણમપિ ન તત્સંગવિગમઃ''** (વિજ્ઞપ્તિ.૩/૨૭) કહે છે કે આ અધરસુધા અમને ન મળે તો આંખ બંધ થઈ જાય તો સારું , આંધળા થઈ જઈએ તો સારું પરંતુ અમને આ પ્રભુને છોડીને ઈતરાવલોકન નથી જોઈતું. જંગલમાં એકલા પડ્યા રહીએ એ સારું છે પરંતુ અમારે બીજા કોઈને અમારે મળવું નથી ઈતરરાગ અમારે નથી જોઈતા. આ પ્રાર્થના અમારી સાંભળી શકાતી હોય તો કાંઈક પ્રાર્થના કરીએ પણ! નહીંતર તો અમને ચુપ રહેવું વધારે પસંદ છે બીજી કોઈ કથા અમારે કરવી નથી આના વગર અમારા પ્રાણ છૂટી જાય તો સારું છે પરંતુ ક્ષણમાત્ર પણ ભગવત્સંગથી વિગમ થવું અમારે માટે શ્રેષ્ઠ નથી.

**સુરતવર્ધનં શોકનાશનં સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતં ઈતરરાગ વિસ્મારણં નૃણાં વિતર વીર! નઃ તે અધરામૃતમ્.**

***

## ।। શ્લોક : ૧૫ ।।

**ઉત્થાનિકા :**

**એવં ત્રિવિધા નિરૂપ્ય પુનઃ તામસ્યઃ ત્રિવિધા નિરૂપ્યન્તે-દેવનિન્દિકાઃ સાત્ત્વિકતામસ્યઃ, ભગવન્નિન્દિકાઃ તામસતામસ્યઃ, સ્વનિન્દિકાઃ રાજસતામસ્યઃ ઈતિ :**

**અટતિ યદ્ ભવાન્ અહ્નિ કાનનં ત્રુટિ યુગાયતે ત્વામ્ અપશ્યતામ્ ।।**
**કુટિલકુન્તલં શ્રીમુખં ચ તે જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દશામ્ ।।૧૫।।**

**સુબોધિનીજી :**

**અટતિ ઈતિ. ભવાન્ અહ્નિ કાનનં યદ્ અટતિ તત્ર દિવસે ત્રુટિ યુગાયતે. તત્ર નિમિત્તં ત્વામ્ અપશ્યતામ્ ઈતિ. યદા પુનઃ પશ્યામઃ તદા કુટિલકુન્તલં શ્રીમુખં તે ઉદીક્ષતાં નો અસ્માકં યઃ પક્ષ્મકૃદ્ બ્રહ્મા સ જડઃ. યથા દેવાનાં પક્ષ્મ ન કરોતિ અલૌકિકદ્રષ્ટૃત્વાત્, તદપેક્ષયાપિ અત્યલૌકિકદ્રષ્ટૃત્વાદ્ અસ્માકમપિ પક્ષ્મકરણમ્ અનુચિતમ્, અતો અનુચિતકરણાદ્ જડઃ. દેવા હિ બહુકાલં જીવન્તિ તથા વયમપિ, ત્રુટિઃ યુગાયતે ઈતિ. 'ત્રુટિ'શબ્દો સ્ત્રિયામ્. યદિ સાર્થકં ગમનં ભવેત્ તથાપિ ન કાચિત્ ચિન્તા પરમ્ અહ્નિ કાનનમેવ અટતિ, નતુ કાનને કશ્ચન પુરુષાર્થઃ. અસ્માકં ચ ન બહિર્ગમનં સંભવતિ. એવં દેવત્વં ભગવતા સમ્પાદિતમ્. મૂર્ખો બ્રહ્મા તાદશીનાં પક્ષ્મકૃત્ ।।૧૫।।**

**વિવરણમ્ :**

### (ત્રૂટિ યુગાયતે)

રાજસી ગોપિકાઓના ભાવ આપણે જોયા, હવે એના પછી જે આવી રહ્યા છે તે તામસી ગોપિકાઓ શ્રુતિરૂપાઓના ભાવોનું વર્ણન આવી રહ્યું છે. આ બધી વિવાહિતા છે તેથી વનમાં જઈ નથી શકતી. આમનો બધો દોષ વનની લીલા અનુભવ ન કરવાના કારણે થયો છે. દિવસે વનમાં ન જઈ શકી ભગવલ્લીલાનો અનુભવ નથી કર્યો એ વાતની ગ્લાનિ તો કાયમ હતી, કોણજાણે કેટલા વિઘ્નોને ટાળીને કથંચિત રાત્રે વનમાં આવી અને એ વખતે પણ પ્રભુ આ પ્રકારથી તિરોહિત થઈ જાયતો એમને કલેશ થવો સ્વાભાવિક છે. જ્યારે કલેશ થાય તો એમના તામસભાવ જે હૃદયના છે તે પોત-પોતાના

ધુમાડાઓ બહાર છોડે આચાર્યચરણ કહે છે **"શબ્દોહિ ધૂમવલ્લોકે"** (સુબો.કારિકા.૧૦/૨૭/૫) આ ગોપીગીત શું છે? સ્નેહથી ભીના આર્દ્રભાવ અને વિપ્રયોગના તાપનો જ્યારે સંબંધ થયો ત્યારે ગોપીગીત પ્રકટ થયું. ભીના લાકડાનો જ્યારે અગ્નિની સાથે સંબંધ થાય છે તો એ ધુમાડા છોડે એવીજ રીતે આમના ભાવાર્દ્ર હૃદય પોત-પોતાના બધાના ભાવ એ ભાવાર્દ્ર હૃદયનો જે વખતે વિરહ તાપની સાથે સંબંધ થયો તો આ પોત-પોતાના ધુમાડો કાઢી રહી છે. જેના જેવા ધુમાડા છે કોઈના સફેદ ધુમાડા કોઈના લાલ ધુમાડા કોઈના શ્યામ ધુમાડા કાષ્ઠના અનુરૂપ પોત-પોતાના ધુમાડા છોડે છે અને એ અનુસાર આ ગોપી કહી રહી છે **ભવાન્ અહ્નિ કાનનં યદ્ અટતિ તત્ર દિવસે ત્રુટિ યુગાયતે તત્ર નિમિત્તં ત્વામ્ અપશ્યતામિતિ.** કેટલો સમય વીતી ગયો જેમ કુંભનદાસજીએ કહ્યું **"કેતેક દિન હ્વે જુ ગયે બિન દેખે"**

મારા દાદાજીની એક આદત હતી એક ભૂલ કરે તો પોતાના ચિત્તમાં એનો રેકોર્ડ રાખતા. દરેક ભૂલપર ટાંય-ટાંય ન કરતા પાંચ ભૂલનો રેકોર્ડ જ્યારે એમની પાસે પૂરો થઈ જતો ત્યારે એક દિવસ માર પડતી કે એ દિવસે એ કર્યું આ દિવસે આ કર્યું. ત્યાંસુધી એ રેકોર્ડ એકઠો થતો રહેતો એવીજ રીતે આમણે જાણે કેટલાય દિવસની શિકાયત એકઠી કરીને રાખી છે જ્યારે એક દિવસ કોઈ મોટી ભૂલ થઈ જાય તો બધી ખીજ એકસાથે કાઢી નાખતા, નાના હતા ત્યારે પિટાઈ પણ થઈ જતી, મોટા થઈ ગયા તો ખાલી ઠપકો મળતો. રોજ રોજની કાંય-કાંય નહોતી થતી. આ પ્રકારથી જ તામસ હોવા છતાં પણ આટલી સાત્ત્વિકતા આમનામાં છે કે રોજ કાંય-કાંય નથી કરતા. રોજની શિકાયત આમના મગજમાં છે "રોજ તમે ચાલ્યા જાઓ, આ રીતથી આજે જ ગયા છો એવી વાત નથી રોજ ચાલ્યા જાવ છો અને રોજ અમારી એક-એક ક્ષણ યુગ જેવી વીતે છે અને હવે અહીં રાત્રિમાં બહુ મુશ્કેલીથી વનલીલામાં સમ્મિલિત થવામાટે આવી શકી છીએ તો અહીં પણ તમે એ જ કામ કરી રહ્યા છો હવે આ અસહ્ય અપરાધ થઈ ગયો." હવે આ વાતની આ બધી કસર કાઢી રહી છે પરંતુ સાત્ત્વિક છે તામસભાવ હોવાછતાં પણ સાત્ત્વિક છે ચાહે તો પ્રભુને જ કાંઈ કહેવું હોય પરંતુ પ્રભુને ન કહીને બ્રહ્મા ને ગાળ આપી રહી છે થોડુંક સત્ત્વ આવી ગયું છે મનમાં શું કરે! દિવસના આ પ્રકારથી ગાયો ચરાવવા ચાલ્યા જાય

અને રાત્રિના અમે આવ્યા તો આ પ્રકારથી તિરોહિત થઈ જાય ખબર ન પડે કે કેમ તિરોહિત થઈ ગયો! શું ગડબડ થઈ ગઈ? પછી જ્યારે રાધાસહચરીજીથી વાતની ખબર પડી ત્યારે વાત સમજમાં આવી કે કેમ તિરોહિત થયા. સાત્ત્વિકભાવ છે તેથી કોને ગાળ આપે ગીતામાં કહ્યું છે **''યજન્તે સાત્ત્વિકા દેવાન્''** (ભગ.ગીતા.૧૭/૪). એટલા માટે બ્રહ્માને ગાળ આપે છે બ્રહ્મા મળી ગયા કેમકે જેટલા સાત્ત્વિકલોકો છે તે દેવતાનું યજન કરે એટલામાટે કે બધા ગોટાળાઓ દેવતા કરે છે તેથી બ્રહ્માજીને ગાળ આપી રહી છે કહે કે ''આ બ્રહ્મા મૂર્ખ છે.'' આ યજન કરી રહી છે **''યજન્તે સાત્ત્વિકા દેવાન્. ''યજ્ દેવપૂજા સંગતિકરણ દાનેષુ''** (પાણિનીધાતુપાઠે.૧/૧૦૮૭). 'યજ્' ધાતુનો અર્થ યજ્ઞ જ નથી થતો, કોઈને કાંઈક આપવું એ પણ 'યાગ' કહેવાય. તેથી આ ગાળ આપી રહી છે. દાન આપવું પણ યાગ કહેવાય. આ પક્ષ્મકૃદ્ કહી રહી છે તેને કે બહુ જગતકર્તા થઈને બેઠો છે જગતનો ઉત્પાદક બનીને બેઠો છે અને કઈરીતથી કઈ વસ્તુ બનાવવી એ આને આવડતું નથી અને બનાવવા બેસી જાય છે. સંગતીકરણ પણ યજ્ઞ છે, અરે ત્રણ લોકના ઉત્પાદનની વ્યવસ્થા બ્રહ્માએ કરી દેવલોક મર્ત્યલોક અસુરલોક બધા લોકોના ભેદના હિસાબથી **''ઉર્ધ્વમ્ ગચ્છન્તિ સાત્ત્વિકાઃ અધોગચ્છન્તિ તામસાઃ, મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ''** (ભગ.ગીતા.૧૪/૧૮).

**(જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દશામ્)**

જેણે બધી વ્યવસ્થા બરાબર કરી એવો બ્રહ્મા મૂર્ખ કેવીરીતે હોઈ શકે! તો કહે કે ''નહીં એવો બ્રહ્મા પણ મૂર્ખ છે.'' કેમ? ''દેવતા જેમના દેવ લોકમાં કૃષ્ણનું અવતરણ નથી, જ્યાં કૃષ્ણ અવતીર્ણ નથી થતા, કૃષ્ણ પોતાનું રૂપ પ્રકટ નથી કરતા, કુટિલકુંતલમુખ જ્યાં પ્રકટ નથી કરતા એ દેવતાઓની તો આંખો એવી બનાવી કે એમની પાંપણો પણ નથી પડતી અને અહીં જે કૃષ્ણ અવતીર્ણ થયો એવા કુટિલકુંતલમુખને લઈને તો અમારી પાંપણો બનાવી દીધી. હવે એનું મુખ જોતા રહીએ તો પાંપણોનું પડવું પણ અમને ખૂંચે છે અને આવા બ્રહ્માએ અમારી પાંપણો બનાવી દીધી. અરે નહીં નહીં મનુષ્ય લોકની તો વ્યવસ્થા જ એવી છે આ લોકમાં તો મનુષ્યની પાંપણો પડે જ છે દેવતાઓની પાંપણો નથી પડતી. હવે તમે મનુષ્યલોકમાં છો તો પાંપણ પડશે

જ; મનુષ્યલોક અને સ્વર્ગ નું અંતર શું? મનુષ્ય મતલબ 'મર્ત્ય' અને દેવતા મતલબ 'અમર'. મનુષ્ય અને દેવતાઓમાં અંતર આટલું જ તો છે દેવતાઓને રાક્ષસની જેમ સીંગડા કે તીક્ષ્ણ દાંત કે એવું કોઈ ક્રૂર રૂપ તો હોતું નથી. દેવતાઓનું આવું જ સૌમ્યરૂપ હોય છે, પરંતુ દેવતાઓનું અંતર કેવળ આટલું જ કે તેઓ અમર હોય અને મનુષ્ય બીચારો મર્ત્ય(મરણશીલ) હોય. બીજું અંતર શું છે? તો બોલ્યા કે આટલાજ માટે તો તમારી પાંપણો બનાવી છે દેવતાઓ અમર છે એમને ત્યાં કાળની સ્તબ્ધતા છે અમર મતલબ કે જ્યાં કાળ સ્તબ્ધ થઈ જાય, સમરમાં કાળ ચાલે છે. કાલાધીનતા બતાવવા માટે પાંપણો બનાવી છે આજે તો બાલબોધનને માટે ઘડીયાળ ચાલે છે પ્રાચીનકાળમાં પાંપણોનું પડવું આ પ્રથમ કાળ કહેવાતો. પાંપણ પડવાથી જેટલો કાળ વ્યતીત થયો અને ચોવીસથી ગુણો પછી એને ચોવીસથી ગુણો પછી એની ત્રુટિ બને એનો પલ બને પછી ઘડી બને આ પ્રકારથી સમયની ગણના થતી હતી. જેમ આજે સેકંડ મિનિટ અને કલાક હોય છે આ પ્રકારથી મનુષ્ય કાલાધીન છે મનુષ્ય જે કાંઈ જુએ છે તે કાલાધીન થઈને જુએ છે એની દૃષ્ટિ કાલને અધીન છે એને જે કાંઈપણ જોવામાં આવે છે તે કાલના અંતરગત જ જોવામાં આવે છે. જે કાંઇ જોવામાં આવી રહ્યું છે એ કાળમાં દેખાઈ રહ્યું છે એટલા માટે એ કાળની પરિચાયક પાંપણનું પડવું મનુષ્યની સાથેજ બનાવ્યું છે. આ તો બરાબર જ છે બ્રહ્માએ ક્યાં મૂર્ખતા કરી મર્ત્ય મરણશીલ પ્રાણી તો કાળને અધીન છે ત્યારે તો મરે છે કાળને અધીન ન હોય તો મરે જ નહીં. કાળને અધીન છે અને મરે છે તેથી તેને કાલાધીન વિષય જ જોવામાં આવે છે આટલાજ માટે 'કાલ' શબ્દ મૃત્યુ અને સમય બંનેનો પર્યાય છે સમય વીતવાને પણ 'કાળ' કહે છે. આ જે જેમની કાળને અધીન દૃષ્ટિ છે જેમને દૃશ્ય દેખાઈ રહ્યું છે તે કાળને અધીન છે એમને બ્રહ્માને રિસ્ટવોચની જેમ પાંપણ પ્રદાન કરી છે કે જ્યારે તમે કાલાધીન દૃશ્ય જોઈ રહ્યા છો તો એને કાળમાં જોતા રહેજો કે કયા સમયમાં તમને કઈ વસ્તુ દેખાઈ એ ધ્યાન રહે.

દેવતાઓ તો બધા અમર છે કાળને અધીન નથી એમને કાલગણનાની આવશ્યકતા નથી એથી એમને પલકની શું આવશ્યકતા! મતલબ આવશ્યકતાના અનુસાર જ તો બધી વસ્તુ પ્રદાન કરવામાં આવી છે. જેમ જાનવરને સીંગડા

પ્રદાન કર્યા, કયા જાનવરને? જેમના પંજામાં તાકાત ન હતી. જેમના દાંતમાં તાકાત ન હતી તે જાનવર પોતાની સુરક્ષા કેવીરીતે કરે તો એને સીંગડા આપી દીધા. પોતાની સુરક્ષા કરવી હોય તો સીંગડાનો ઉપયોગ કરે જેના પંજામાં દાંતમાં તાકાત છે એને સીંગડા નથી આપ્યા એ તો પંજો મારીને, દાંતથી કાપીને પોતાનું કામ ચલાવી લે છે. દરેક વસ્તુ જેની જેવી આવશ્યકતા છે એને એ પ્રદાન કરવામાં આવી છે.

મનુષ્યને મરણશીલ હોવાને કારણે કાળને અધીન હોવાને કારણે કાલગણનાની આવશ્યકતા હોવાના કારણે પલકો આપી અને દેવતા જે અમર છે કાલાધીન નથી એટલામાટે એમને અનાવશ્યક હોવાને કારણે પલકો ન આપી. ઘણોલોકો મજાક ઉડાવે કે ‘‘નાક એટલા માટે આપ્યું કે ન હોત તો ચશ્મા શેના ઉપર રહેત!’’ જે કાંઈ બ્રહ્માએ આપ્યું એ સમજી વિચારીને આપ્યું છે તો એને જડ કેમ કહેવો? આટલા માટે કહે છે કે ભૂલ થઈ ગઈ **અટતિ યદ્ ભવાન્ અહ્નિ કાનનં ત્રુટિઃ યુગાયતે.** જે વખતે તમે વનમાં જાઓ તો એક ત્રુટિ-ત્રુટિ કેટલો કાલ કહેવાય? સો-પચાસ કમળના પાંદડા નાખી દો અને એમાં એક સોઈ ભોંકી દો તો એક પાંદડી કેટલા સમયમાં વિંધાઈ જેટલા સમયમાં એક પાંદડી વિંધાણી એટલો કાલ ‘‘ત્રુટિ કાલ કહેવાય.’’ એવી એક ત્રુટિ યુગના જેવી વીતે તો આખા દિવસમાં કેટલી ત્રુટિ હશે અને કેટલા વરસથી અમે આ યુગ સહસ્રપરિવત્સરથી અમે વિપ્રયોગ સહન કરતી આવી રહી છીએ તો અમે અમર ન થઈ ગઈ શું! અમારા માટે એ કાલ ક્યાં બચ્યો! જે લોકો કાલને અધીન છે જે કાલમાં મર્ત્ય છે એ તો સીમિત કાળમાં મરી જાય તો મર્ત્ય માનવામાં આવે અમે કેટલો મોટો કાલ જોયો છે. યુગની ગણના કરો ત્યારે તો ચાર-ચાર લાખ વરસનો યુગ થાય અને અમે એક-એક ત્રુટિ એક-એક યુગના સમાન વિતાવી છે એ રીતથી અને અમે કેટલી ત્રુટિઓ વિતાવી છે! તારા વિપ્રયોગમાં અત્યાર સુધીમાં આટલા દિવસથી! ફક્ત આજનો હિસાબ જ લઈ લો તો અમે અમર સિદ્ધ થઈ જઈએ. એમ અમે પણ જે અમર છીએ એમની પલક બનાવી દીધી બ્રહ્માએ! **જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દશામ્** મૂર્ખ છે બ્રહ્મા અને કહે છે કે **પક્ષ્મકૃદ** કાલાધીન વસ્તુને જોવામાટે, કાલાધીન વસ્તુની કાલિકતા માપવામાં પક્ષ્મ મતલબ પલક બનાવી હોત તો વાત અલગ હતી પરંતુ તું તો

કાલાતીત છે તને જોવામાટે આ પક્ષ્મની શું જરૂરત હતી!! કાળની તો સીધી ગતિ છે એક દિશામાં ચાલ્યો જાય છે ભૂતથી શરુ થઈને વર્તમાનથી થઈને ભવિષ્યમાં ચાલ્યો જાય છે કાળ આડો-અવળો નથી જઈ શકતો અને આ જે કુટિલકુંતલ મુખ છે એની બહુ કુટિલ ગતિ છે. **"ગિરિધર સબહી અંગકો બાંકો બાંકી ચાલ ચલત ગોકુલમેં છૈલ છબીલો કાકો! બાંકી ભ્રોંહ ચરણગતિ બાંકી બાંકો હૃદય તાકો પરમાનંદદાસકો ઠાકુર કિયો ખોર વ્રજ સાંકો"** (પરમાનંદદાસજી). એક તો ખુદ વાંકો ચાલે અને વ્રજની ખોર તો સંકીર્ણ(સાંકડી) છે એ સંકીર્ણ ગલિઓમાં સીધો ચાલે તો જલ્દીથી નિકળી જાય પરંતુ ખોર તો સાંકડી છે આ પ્રકારથી પોતાના હૃદયની જે સાંકરી ખોર છે એમાંથી આ આડો-આડો ચાલે છે તો બીજો માણસ એમાં આવે કેવીરીતે! કોઈ પણ વિષયના રાગ આવીજ નથી શકતા જ્યારે વાંકી ચાલ હોવાના કારણે બધી ગલીને ખુદ ઘેરીને ચાલે. **કુટિલકુન્તલં શ્રીમુખં ચ તે** મુખથી જ કુટિલતા શરુ થાય વાતમાં કુટિલતા બોલમાં કુટિલતા બોલે કાંઈક કરે કાંઈક! જેમ ગોપીને કહ્યું કે "ખંભાપર ચઢી જાઓ" અને એને ઝાડપર લટકાવીને ચાલ્યો ગયો. ઝાડ કોઈ ખંભો હતો શું! કોણજાણે કેવા કુટિલ અર્થમાં વાત કરી! એ ગોપી કહ્યું **"ન પારયેહં ચલિતુમ્"** (ભાગ.પુરા.૧૦/૨૭/૩૭). ચાલી નથી શકતી તો કૃષ્ણએ કહ્યું કે "ખંભાપર ચઢી જાઓ." એણે ખંભાપર ચઢવામાટે ઝાડનો સહારો લીધો તો એ ઝાડપર લટકતી છોડીને ભાગી ગયો! આ જુઓ! વાત કુટિલ, મુખ કુટિલ, ભ્રમરો કુટિલ, જોવાની રીત કુટિલ, વાણી કુટિલ, ચાલ કુટિલ!! **"ગિરિધર સબહી અંગકો બાંકો, બાંકી ચાલ ચલત ગોકુલમેં છૈલ છબીલો કાકો!"**. આવો જે કુટિલ છે અને **"કિયો ખોર વ્રજ સાંકો"** જગ્યા ખુલ્લી હોય અને એમાં વાંકો ચાલે તો કોઈ તકલીફ ન થાય, પરંતુ; વ્રજમાં જેટલી પણ ખોર છે સંકીર્ણ છે તો જરાક પણ વાંકો ચાલે માણસ તો ટ્રાફિક જામ થઈ જાય, એ એક ભાવને પકડી રહેવાને કારણે બધા ભાવોની ટ્રાફિક જામ થઈ રહી છે. **"ગોપીનામ્ પરમાનન્દઃ આસીદ્ ગોવિન્દ દર્શને ક્ષણં યુગશતમિવ યાસાં યેના વિના અભવત્"** (ભાગ.પુરા. ૧૦/૧૬/૧૬). એક ક્ષણ સો યુગના જેવી જતી હોય એવું લાગે બધા ભાવ એમાં અવરુદ્ધ થઈ જાય આ હૃદયની સંકીર્ણ ખોરમાં બીજો કોઈ ભાવ આવી જ ન શકે, કેમકે રૂપદર્શનમાત્રમાં આ જ એક

આનંદનો ભાવ છે બીજો કોઈ ભાવ હૃદયને પકડી જ ન શકે આથી કહે છે **જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દશામ્.**

હવે આ તો ''જેમ કહેવું દીકરીને અને સંભળાવવું તો વહુને છે.'' આ કહેવામાં તો દીકરીને આવે છે કે ''તેં ઘરની સફાઈ નથી કરી તેં બુહારી નથી કાઢી ચાય પીને વાસણ નથી માંજ્યા'' પરંતુ સંભળાવવામાં આ બધું વહુને આવે છે. સીધા નવી આવેલી વહુને કહીએ તો માઠું લાગી જાય. દીકરીને તો ખીજાઈ શકીએ પરંતુ વહુ સમજી જાય કે સવારે ઉઠીને શું કરવું. આવી ઉલ્ટી ગતિ છે બ્રહ્માને મૂર્ખ કહી રહી છે પરંતુ સંભળાવી ઠાકોરજીને રહી છે. તામસ છે તેથી સંભળાવી ઠાકોરજીને રહી છે કે બ્રહ્મા બહુ મૂર્ખ છે કે આ પ્રકારે એણે પક્ષ્મ બનાવી દીધી આ પ્રકારથી અમારી એક એક ત્રુટિ એક એક યુગજેવી બનાવી દીધી. હવે બનાવી કોણે? બ્રહ્મા ગરીબ શું કરશે **''બ્રહ્મા રુદ્ર ત્યાં કોણ બાપડા શ્રી હરિનું મન મોહે!** (વલ્લભાખ્યાન.૧/૧૧) તો બિચારો બ્રહ્મા અહીં શું કરે! હવે જેને ગાળ આપી શકાતી હોય એને આપીને કહી દેવું પોતાના મનમાં ધુમાડો ભર્યો ન રહેવા દેવો નહીંતર વિસ્ફોટ થઈ જાય.

**(ટકવું મુખારવિંદપર)**

આપણે દીન છીએ પરંતુ એક વખત શ્રીકૃષ્ણ જો આપણને શરણરૂપમાં રક્ષકરૂપમાં પ્રાપ્ત થઈ જાય તો જેમ કાલે મેં તમને બતાવ્યું કે પુષ્ટિજીવનું ધ્યાન ચરણમાં પડશે તો ત્યાંજ નહીં રહે; પડશે ચરણમાં પરંતુ જઈને ટકશે મુખારવિંદપર. સૂરદાસજી કહે છે **''ચિતવન રોકેહુ ના રહી શ્યામસુંદરસિંધુસન્મુખ સરિત ઉમગ બહી પ્રેમસલિલ પ્રવાહ મોહિ કવન થાહ લહી લહર લોલ કટાક્ષ ઘૂંઘટપટ કગાર ઢહી થકે પલકન ધીર નાવિક પરત નાહિં ગહી મિલી સૂર સમુદ્ર શ્યામહિ ફિર ન ઉલટિ બહી''** (સુરદાસજી). જેટલા પણ પુષ્ટિમાર્ગીય જીવ છે એ શ્યામસુંદરના મુખારવિંદરૂપી જે સિંધુ છે એનાપર જેમની આંખ મીન જેવી નથી ટકતી એ પુષ્ટિજીવ હોઈ નથી શકતો. આપણે બધા આ અર્થમાં મીનાક્ષી છીએ. દક્ષિણમાં મદુરાઈમાં એક મીનાક્ષીદેવીનું મંદિર છે. આપણે જેટલા પુષ્ટિમાર્ગીય છીએ એ બધા મીનાક્ષી છીએ. મીનાક્ષી મતલબ જેની આંખ મીન જેવી હોય. આપણો સમુદ્ર કયો છે? શ્યામસુંદર-

સીંધુ. આપણી બધાની આંખો એ સમુદ્રની મીન છે અને **''લેકર મીન દૂધમેં રાખો જલ બિનુ સચુ નહીં પાવે હો''** (હિલગપદ) એ સમુદ્રમાંથી કાઢીને દૂધમાં આ મીનને રાખો અને એ સંતુષ્ટ થઈ જાય તો સમજવું કે એ પુષ્ટિમાર્ગીય નથી **''તદા જ્ઞાનમાર્ગે સ્થાતવ્યમ્''** (સેવાફલ.વિ.૫) એમ આચાર્યચરણ કહે છે. **''બાવરી વે અખિંયા જર જાઓ સાંવરો છાંડ તકે કોઉ ઓરે''** આમ ભક્ત કહે છે કે, એવી આંખ બળી જાય તો બહેતર છે જે સાંવરાને છોડીને બીજાને તાકે. એવી મીન શું હોઈ શકે કે જે આ શ્યામસિંધુને છોડીને કોઈ બીજા સિંધુમાં તરવા માગે! અને આ સિંધુમાં તરવાવાળી મીનને પકડવામાટે જ કુટિલકુંતલ છે. **કુટિલકુન્તલ શ્રીમુખં ચ** તે એ કુટિલકુંતલ શ્રીમુખપર લટકાવી રાખે છે જેથી આ બધીજ માછલીઓ ત્યાંજ વિંધાયેલી રહે બહાર ન જઈ શકે.

***

**|| શ્લોક : ૧૬ ||**

**ઉત્થાનિકા : તદપેક્ષયા હીના આહુ: પતિ...ઈતિ :**

**(સર્વસાધનહીનસ્ય...શ્રીકૃષ્ણઃ શરણં મમ)**

હવે તામસ-તામસને માટે કહે છે **તદપેક્ષયા હીના આહુઃ પતિસુતાન્વય...ઈતિ.** જે ભગવન્નિન્દક છે એ દેવનિન્દકથી વધારે હીન છે. આચાર્યચરણ કહે છે કે સર્વાપેક્ષયા હીનાઃ કેમકે **''સર્વસાધનહીનસ્ય પરાધીનસ્ય સર્વતઃ પાપપીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ''** (શ્રીકૃષ્ણશરણાષ્ટકમ્.૧). આ બધી વાતોથી બધા સાધનથી હીન છે. એવો આપણામાં ઉત્કર્ષ ક્યાંથી હોઈ શકે છે! આવો ઉત્કર્ષ તો આપણામાં છે નહીં, રાજસ પણ આપણામાં નથી આ અર્થમાં આપણે ત્યાં બધા તામસ-તામસ છે. આથી આપણે બધા **સર્વસાધનહીન પરાધીન સર્વતઃ પાપપીન** છીએ.

**પતિસુતાન્વયભ્રાતૃબાન્ધવાન્ અતિવિલંઘ્ય તેऽન્ત્યચ્યુતાગતાઃ ||**
**ગતિવિદસ્તવોદ્ગીતમોહિતાઃ કિતવ! યોષિતઃ કસ્ત્યજેન્નિશિ ||૧૬||**

**સુબોધિનીજી :**

**હે અચ્યુત સ્વતઃ કામનિવૃત્તિભયરહિતઃ, પતિઃ સુતાઃ અન્વયો વંશઃ ભ્રાતરઃ બાન્ધવાઃ સમ્બન્ધિનઃ - એતે સર્વથા અવિલંઘ્યાઃ તાનપિ અતિવિલંઘ્ય તે અન્તિ સમાગતાઃ. ત્વં સર્વેષાં ગતિં જાનાસીતિ ગતિવિત્ સર્વૈઃ યાવતી ગતિઃ સંપાદ્યતે વાં ભવાનેવ દાસ્યતીતિ. વયં વા ગતિવિદઃ તેષાં ભજને ભગવદ્ભજને ચ તારતમ્યવિદઃ. કિંચ તવ ઉદ્ગીતેન ચ મોહિતાઃ. અતો મોહયિત્વા સમાનીય ઉભયભ્રંશાર્થમ્ અરણ્યે નિશિ યોષિતઃ કઃ ત્યજેત્? સર્વદૈવ સ્ત્રિયો ન ત્યાજ્યાઃ, સુતરામ્ અરણ્યે, સુતરાં નિશિ. યદર્થં વા સમાહૂતાઃ તદપિ અદત્વા ઈતિ અભિપ્રાયેણ સમ્બોધનમ્. કિતવાનાં (વા!) વયં સમ્બન્ધિન્યઃ અતો અસ્માકં તેષુ ન પ્રવેશઃ||૧૬||**

**વિવરણમ્ :**

**(કપટનું મૂલ)**

પરીક્ષિતે પૂછ્યું કે **''પ્રભુનો અવતાર છે એમાં પ્રભુએ આ પ્રકારનું પરસ્રીરમણનું કામ કેમ કર્યું?''** તો શુકદેવજીએ કહ્યું **''ગોપીનાં તત્પતીનાં ચ**

**સર્વેષામેવ દેહિનામ્ યો અન્તશ્ચરતિ સો અધ્યક્ષઃ ક્રીડનેન ઈહ દેહભાક્''** (ભાગ.પુરા.૧૦/૩૦/૩૬) એવી કથા આવે કે જે વખતે બ્રહ્માજી ગોપાલોને ચોરી ગયા અને વાછરડાઓને તે વખતે બધા ગોપાલોના અને વાછરડાઓના રૂપ ધરીને ઠાકોરજી પહોંચી ગયા. બ્રહ્માજીને આ કૃષ્ણ છે કે નહીં એની શંકા થઈ તેથી બધા ગોવાળોને બધા વાછડાઓને બધાને ચોરીને લઈ ગયા અને એક ગુફામાં જઈને મોહનિદ્રામાં સુવડાવીને બધાને બંધ કરી દીધા. ઠાકોરજીને આ વાતની ખબર પડી ગઈ કે આપણા ગ્વાલ-બાલ વાછડા બધા ચોરાઈ ગયા. જ્યારે વ્રજમાં પાછાફર્યા તો બધા એટલા ગ્વાલ અને વાછડા ના રૂપ ધારણ કરીને વ્રજમાં પાછાફર્યા. હવે પ્રભુ તો કેટલાય રૂપ ધારણ કરીજ શકે. પરમાત્મા પોતાની માયાથી અનેક રૂપ ધારણ કરી શકે. હવે માયાને કેટલાક લોકો મિથ્યા માને છે પરંતુ આપણે ત્યાં માયા પરમ સત્ય છે સર્વભવનરૂપસામર્થ્યરૂપ માયા છે. આપણે ત્યાં માયાનો અર્થ કપટ જરૂર છે પરંતુ મિથ્યા નથી ઈશ્વર કપટ કરે એ પણ સાચું બીજાઓનું નિષ્કાપટ્ય પણ ખોટું કેમકે ડાયનેમો તો ત્યાં છે. **''ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ''** (બૃહ.ઉપ.૪/૫/૬). કપટની શરુઆત ક્યાંથી છે! હું સમજું છું કે મને ભણવાનો શોખ છે હું દિવસ-રાત ભણવામાં લાગેલો રહું હું ભણું કેમકે મને ભણવામાં બહુ મજા આવે છે પરંતુ આવું એટલા માટે થાય કે ભણવાના બહાને ઈશ્વરે મારો સ્નેહ લઈ લીધો, પુસ્તકના બહાને મારો સ્નેહ લઈ લીધો. બધાનો સ્નેહ પ્રાપ્ત કરવાનો એને શોખ છે એટલા માટે એણે આટલા વિવિધ રૂપ લીધા. દરેકનો સ્નેહ પ્રાપ્ત કરવો એનો શોખ છે બધાના હૃદય ચોરવા આનો શોખ છે કેમ જે ચોરવાની આદત છે ને! એનું મનોહર રૂપ છે એનો સ્વભાવ જે ચોરી કરવાનો છે એણે આ કામને માટેજ અનેક રૂપ ધારણ કર્યા **''ઈન્દ્રો માયાભિઃ પુરુરૂપ ઈરૂયતે''** (બૃહ.ઉપ.૨/૫/૧૧). જેમ શ્રુતિ કહે છે **''ન વા અરે પુત્રાણાં કામાય પુત્રા પ્રિયા ભવતિ આત્મનસ્તુ કામાય પુત્રા પ્રિયા ભવન્તિ... ન વા અરે સર્વસ્ય કામાય સર્વ પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વ પ્રિયં ભવતિ''** (બૃહ.ઉપ.૪/૫/૬). આપણે સમજીએ કે આપણે આપણા દીકરાને પ્રેમ કરી રહ્યા છીએ પરંતુ ઈશ્વર આપણને ઠગી રહ્યો છે. હકીકતમાં આપણો સ્નેહ એ ચોરી જાય છે આપણે સમજીએ કે આપણે આપણો સ્નેહ આપણા દીકરાને આપી રહ્યા છીએ પરંતુ દીકરાનું રૂપ ધરીને ઈશ્વર આપણો

સ્નેહ ચોરી રહ્યો છે. બધાના સ્નેહ એ જ ચોરી રહ્યો છે. આપણે સમજીએ કે આપણે આપણા પતિને પ્રેમ કરી રહ્યા છીએ પરંતુ એ જ પતિના રૂપમાં આપણો સ્નેહ ચોરી જઈ રહ્યો છે. સ્નેહનું આલંબન તો એજ છે પરંતુ આપણે એના કપટવશ એમ વિચારીએ કે નહીં આ મારો છે અને હું આને સ્નેહ કરું છું. એમ આપણે જે પણ કાંઇ સ્નેહ કરીએ તે એ ચોરી જાય છે.

### (ખુરશીનો ફાયદો (એડવાન્ટેજ))

જેમ આપણે આપણા ઘરને માટે ટ્રસ્ટ બનાવીએ કે આ બધું અમારા ગયા પછી અમારા પરિવારને મળે પરંતુ એ ટ્રસ્ટી બધા પૈસા આવીને ખાઈ જાય પરિવારના ટ્રસ્ટમાં આપણે લખીને જઈએ કે આટલા પૈસા દીકરાઓના આટલા પત્નીના પરંતુ મોકો મળતાંજ આપણા ગયા પછી ટ્રસ્ટી આવીને બધા પૈસા ખાઈ જાય. એમ જીવ પોતાના સ્નેહના ભાગલા કરે કોઈ પતિને માટે વહેંચે કોઈ પુત્રને માટે વહેંચે કોઈ કીર્તિને માટે વહેંચે કોઈ ધનને માટે વહેંચે અને આનો ટ્રસ્ટી કોણ પરમાત્મા એ ટ્રસ્ટી બધાના પૈસા ખાઈ જાય એવો કપટી અને આપણને ખબર પણ ન પડે ટ્રસ્ટી ખાય તો ખબર ન પડે બધા ચોપડા બરાબર રાખે એમાં કોઈ વાતની હેરા-ફેરી ખબર ન પડે. એવી જ અમારી એક ટ્રસ્ટીસાથે ચર્ચા થઈ એમણે કહ્યું ''બધા કહે છે કે ટ્રસ્ટના પૈસા અમે ખાઈ ગયા પરંતુ તમે બધા ચોપડા અમારા જોઈ લો એમાં કોઈ ગોટાળો હોય તો અમને કહો નહીંતર તો કોઈને બોલવાનો અધિકાર નથી.'' મેં એમને કહ્યું કે ''બધા લોકો આ કહી તો રહ્યા છે કે તમે પૈસા ખાધા છે.'' ત્યારે એમણે કહ્યું ''હું તો ફકત આ ચેયરમેનની ખુરશીનો એડવાન્ટેજ લઉં છું બીજું કાંઈ નથી ખાતો.'' એ ખુરશીનો એડવાન્ટેજ કેટલો જેટલી ભાડાચિઠ્ઠી આવે એને બદલાવે એની પાઘડી ખાઈ જાય હવે ટ્રસ્ટની મિલ્કત તો ઘણી રોજ ભાડાચિઠ્ઠી ભાડૂતિ બદલે ભાડું તો ટ્રસ્ટના નામપર જ હોય પરંતુ જે પાઘડી મળે એ બધી ખાઈ જાય આ એની ખુરશીનું એડવાન્ટેજ હતું મેં એમને કહ્યું કે ''વાત તો તમારી બરાબર છે પરંતુ પાઘડી ની તો કોઈ લેખિત રસીદ આપશે નહીં એનો હિસાબ ક્યાં છે?'' એવીજ રીતે પરમાત્મા ચેયરપર બેસીને ભગવાન્ ખાલી ચેયરનો એડવાન્ટેજ લે છે હિસાબ પૂરો રાખે એક માણસ પોતાની પત્નીને પ્રેમ કરી રહ્યો છે એક સ્ત્રી પોતાના પતિને પ્રેમ કરી રહી છે એક બાપ પોતાના દીકરાને

પ્રેમ કરી રહ્યો છે હું એમાં ક્યાં છું જમા ખરચ બરાબર છે જોઈ લો દુનિયાના ચોપડા ક્યાંય ગોટાળો નથી પરંતુ વચ્ચેની પાઘડી આઘી-પાછી થઈ જાય **ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ.''** આ એ ચેયરનો એડવાન્ટેજ લઈ જાય.

**(બ્રહ્મની માયિકતા)**

એટલા માટે પહેલું કપટ તો સૃષ્ટિની પ્રક્રિયામાં જ રાખી દીધું છે બિચારા અદ્વૈતી લોકો શું કરે! માયિક ન કહે સગુણબ્રહ્મને તો શું કહે!! આવી બધી વાત જોઈને ગભરાઈ જાય તો એ માયિક કહી દે. મહાપ્રભુજી જેવાઓને આ વાત સારી નથી લાગતી એ કહે **''ઐસે નહીં કહિયે ઐસે કહિયે કે ભલી યહ ખેલવેકી બાનિ.''** એ અદ્વૈતીઓની તો ધીરજ છૂટી જાય તો કહી દે કે સગુણબ્રહ્મ માયિક છે કરે શું! આચાર્યચરણને એ વાત પસંદ નથી આવતી હવે પસંદ ન આવે તો તેઓ આમ કહે કે **''કૌન યહ ખેલવેકી બાનિ?''** ન કહો, એમ કહો **''ભલી યહ ખેલવેકી બાનિ!''**. આ મિથ્યા નથી આ ખેલ પણ ભલો છે. પ્રભુ કરેં સો ભલી કરેં આ આચાર્યચરણનો ભાવ છે. એમાં બિચારા માયાવાદી શું કરે! ગભરાઈ જાય એકાદ વખત ઠગાય જાય તો ડરી જાય. તમે કોઈ ગામમાં જાઓ અને ઘુસતા જ તમને કોઈ ઠગી લે તો તમે જ્યારે પોતાના ગામ જશો તો બધાને આ જ તો કહેશો કે ''એ ગામમાં ન જતા ત્યાં તો બહુ ઠગ છે.'' અરે પાંચ દસ લાખની વસ્તીમાં કોઈ એક-બેએ તમને ઠગી લીધા તો કાંઈ આખું ગામ થોડું ઠગ છે! પરંતુ થાય શું છે કે એક વખત નવો-નવો માણસ ઠગાય જાય તો એને આખું ગામ ઠગ લાગે.

એવીજ રીતે બિચારા અદ્વૈતી લોકો આવે વિચારીને કે જગતની ચર્ચા કરશો તો **''અથાતો બ્રહ્મજિજ્ઞાસા''** (બ્ર.સૂ.૧/૧/૧) કરશું. હવે બ્રહ્મનું સ્વરૂપ વિચાર કરવા બેસે તો એકાદ જગ્યાએ ઠગાઈ જાય હવે ઠગાઈ જાય તો એને આખું જગત્ જ માયા દેખાય, પછી ઠાકોરજી સ્વયં પણ આવી જાય તો એ પણ એમને માયા દેખાય. બ્રહ્મ સ્વયં એમની સામે કૃષ્ણરૂપ ધારણ કરીને આવે તો પણ શ્રીશંકરાચાર્ય કહે છે માયિક છે. તેથી **''સમ્ભવામિ આત્મમાયયા''** (ભગ.ગીતા.૪/૬) એ આત્મમાયયાને શંકરાચાર્ય કહે કે માયિકરૂપ બ્રહ્મ છે, પ્રભુ પણ માયિક છે. ખુદ બ્રહ્મ આવી ગયો ખુદ બ્રહ્મ કહી

રહ્યો છે કે **"બહૂનિ મે વ્યતિતાનિ જન્માનિ... તાનિ અહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરન્તપ!"** (ભગ.ગીતા.૪/૫) તો કહે કે **નહીં નહીં** તમે પણ માયિક છો. કેમકે જગતમાં માયાના રૂપથી એક વખત ઠગાઇ ગયા હવે ડર લાગી ગયો. હવે સગુણબ્રહ્મ આવ્યો તો જાઓ માયિક! હવે જુઓ બ્રહ્મ પણ માયિક! એક રિફ્લેક્સએક્શન્ જેવું થઇ જાય.

રિફ્લેક્સએક્શન્ શામાટે કહે! જેમ 'પાવલો' નામનો રશિયામાં એક વૈજ્ઞાનિક હતો એણે એક પ્રયોગ કર્યો એણે કુતરાને રોટી દેવામાટે પહેલા ઘંટડી વગાડવાની શરુ કરી મહીના સુધી રોજ એવીરીતે ઘંટડી એને સંભળાવી મહીના પછી રોટીને જોઇને લાળ ટપકવી જોઇતી હતી એ ઘંટડીના અવાજ ઉપર ટપકવા લાગી. હવે રોટી આવે કે ન આવે ઘંટડી વાગતાંજ લાળ ટપકવા લાગી જતી, આ છે 'રિફ્લેક્સએક્શન્'. જેમ આપણે પગ જમીનપર રાખીએ અને કોઇ વસ્તુ ખૂંચે તો પગ એનીમેળે ઉપડી જાય એ 'રિફ્લેક્સએક્શન્' કહેવાય, એ એનીમેળે જ ઘટિત થઇ જાય. આવીરીતે એક બે વખત ઠગાઇ જાય તો એ માયાવાદીઓનું માઇન્ડ કન્ડીશન્ડ થઇ જાય. હવે પછી બ્રહ્મ પણ આવે તો રિફ્લેક્સએક્શનથી કહી દે કે 'માયા' છે. આ બાજુ ઘંટડી વાગી અને એ બાજુ લાળ ટપકી. અરે પરબ્રહ્મ પણ માયિક! બધું માયિક કેમકે માઇન્ડ કન્ડીશન્ડ થઇ ગયું. એવું નથી થોડોક માયિક પણ છે તો થોડોક ખુદ પણ છે. જેમ આપણે ત્યાં ટ્રસ્ટમાં થોડોક ચેયરનો એડવાન્ટેજ લે છે પરંતુ નેચરલ કમાણી પણ છે કેમકે ટ્રસ્ટ ધંધો ન કહેવાય પરંતુ એક્સ્ટ્રાકેરિકુલમ એક્ટિવિટી છે. ટ્રસ્ટી બનવું ધંધો નથી. આપણે ટ્રસ્ટી કોને બનાવીએ જેને ખુદ ધંધા સારા ચાલતા હોય મફતીયાને ટ્રસ્ટી નથી બનાવતા. એમ એના બહુસારા ચાલી રહેલા ધંધા તો છે તેથી ટ્રસ્ટી બન્યો, પરંતુ થોડોક ચેયરનો એડવાન્ટેજ લે છે.

### (ક્રીડાને માટે દેહધારણ)

ગોપિકા કહે છે કે **ગતિવિદઃ તવોદ્ગીતમોહિતા** તારા ગીતથી બધા મોહિત થઇ જાય છે. **"ગોપીનાં તત્પતીનાં ચ સર્વેષામેવ દેહિનામ્ યો અન્તઃચરતિ સો અધ્યક્ષઃ ક્રીડનેન ઇહ દેહભાક્"** (ભાગ.પુરા. ૧૦/૩૦/૩૬). શુકદેવજી પરીક્ષિતને ફટકારે છે અરે આ ગોપી રાસ નથી કરતી અને આ એ ગોપિકાઓની સાથે રાસ નથી કરતો તો શું એ હતો કે નહીં એમની સાથે!

એમના પતિરૂપથી કોણ હતો? એ જ તો હતો. એમના પુત્રરૂપથી કોણ હતો? એ ખુદ હતો. વિભિન્ન રૂપોમાં આ બધી ક્રીડા એનીજ તો ચાલી રહી છે. એણે જ અલગ અલગ રૂપ લઈને એક રાસક્રીડા વધારામાં કરી લીધી તો એમાં ફરક શું પડી ગયો! આપણે તો પરિછિન્નરૂપ છીએ એટલા માટે ફરક પડે છે. જેમ સ્ટેજપર આપણે એક હીરોને જોઈએ એક વિલનને જોઈએ. એમાં વિલનને આપણે બદમાશ માનીએ અને હીરોને આદર્શ માનીએ. હીરો થઈને કોઈ બદમાશીના કામ કરે તો આપણને નાટક સારું નહીં લાગે આ જ પ્રકારથી વિલન સદ્‌વૃત્તિ દેખાડતો હોય તો પણ આપણને સારું નહીં લાગે. વિલન થઈને સદ્‌વૃત્તિ કેમ કરે!! પરંતુ સમજી લો કે કોઈ કુશળ અભિનેતા એક પછી એક ક્યારેક વિલન બનીને ક્યારેક હીરો બનીને સ્ટેજપર આવી જતો હોય તો આપણે રોકી શકીએ શું એને!! વિલન બનીને વિલનનો અભિનય સારો કરી લે હીરો બનીને હીરોનો અભિનય સારો કરી લે તો એને કોઈ કેવીરીતે રોકી શકે!! ક્યારેક ક્યારેક ફિલ્મમાં બતાવે કે એકજ માણસ બે રોલ કરી રહ્યો છે એક બીજાની આમને-સામને આવી જાય એકબીજા ઉપર તલવાર પણ ચલાવે હવે એમાં કોણ સારો અને કોણ ખરાબ? બંનેજ એક જેવા છે એક માણસ બંને રોલ કરી રહ્યો છે. આ જ પ્રકારથી પતિનો રોલ પણ એજ કરી રહ્યો છે અને પત્નીનો રોલ પણ એજ કરી રહ્યો છે. પિતાનો રોલ પણ એજ કરી રહ્યો છે અને પુત્રનો રોલ પણ એજ કરી રહ્યો છે. પાપીનો રોલ પણ એજ કરી રહ્યો છે અને પુણ્યાત્માનો રોલ પણ એજ કરી રહ્યો છે. આ સ્ટેજપર બધા રોલ અલગ-અલગ છે પરંતુ પડદાની પાછળ તો એકજ વ્યક્તિ છે **"એકોહં બહુસ્યામ્ પ્રજાયેયં"** (છાન્દો.ઉપ.૬/૨/૩). તે એક જ આટલા બધા ચરિત્રોને નભાવી રહ્યો છે એણે કોઈ એક નવું નાટક બતાવી દીધું એક નવી લીલા બતાવી દીધી તો એમાં કઈ મોટી વાત થઈ ગઈ! એમાં આટલી ચિંતા કરવાની શું વાત છે! આ તો ધીરજ છે. શુકદેવજીને ધીરજ છે એથી તેઓ કપટી નથી માનતા. તે એક વધારે લીલા બતાવવાના કારણે એમના હૃદયનો ભાવ આરૂઢ છે મહાપ્રભુજીની જેમ કે જ્યારે બધી લીલા એ કરી રહ્યો છે તો જે પણ લીલા એ કરી રહ્યો છે એનો આનંદ લેતા જાઓ. ચેયરનો એડવાન્ટેજ લે તો પણ સેંક્શન્ કરો. ત્યાં તો જે એ કરે તે બધું ભલું, આપણે તો ખાલી સેંક્શન્ કરવાનું છે, પરંતુ ધીરજ છૂટી જાય.

**(તસ્ય ધીરાઃ પરિજાનન્તિ યોનિમ્)**

શ્રુતિ એમ કહે છે **"એકં સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ"** (ઋક્.સંહિ.૧/૧૬૪/૪૬) **"અજાયમાનો બહુધા વિજાયતે તસ્યઃ ધીરાઃ પરિજાનન્તિ યોનિમ્"** (તૈત્તિ.આર.૩/૧૩/૩). એ અજ છે 'અજ' મતલબ જે પેદા ન થતો હોય, પરંતુ એજ ઘણાબધા રૂપ લઈને પેદા થઈ જાય, હવે જો ધીરજ ન હોય તો એમ લાગે કે બધું મિથ્યા છે, પરંતુ ધીરજ હોય તો ખબર પડે કે બધાના બધા રૂપ એના લીધેલા સાચા છે એમાં એકપણ કપટ નથી. અનેક રૂપ લેવા હોય તો આપણી પાસે કપટના સિવાય કોઈ બીજી વ્યવસ્થા હોઈ નથી શકતી, કેમકે આપણી જે મર્યાદા છે તે એટલી જ છે. આપણી મર્યાદા આટલી છે કે જ્યારે આપણને બધું એકસાથે ન દેખાય તો આપણને સમજ ન પડે એજ કૃષ્ણ જે અસ્તેયં અહિંસા અચૌર્યનો ગીતામાં ઉપદેશ કરવાવાળો માખણ-ચોરી કેવીરીતે કરી શકે! આથી આપણને લાગે કે આ તો માખણચોરીલીલા કપટ હશે અથવા ગીતાનો ઉપદેશ કપટ હશે! વધુ અધિક ધીરજ છૂટી જાય તો બંનેજ લીલા કપટ લાગશે, સમજમાં ન આવે વાત તો ધીરજ છૂટી ગઈ શું કરીએ! પરંતુ જે સમજે છે જેમનામાં બ્રહ્મના સ્વરૂપને સમજવાની ધીરજ છે કે **"અજાયમાનો બહુધા વિજાયતે તસ્ય ધીરાઃ પરિજાનન્તિ યોનિમ્"**. એકજ તથ્ય અનેક રૂપ લઈ શકે આ વાત ધીરજથી જ એમને સમજમાં આવે કે એ એક હોવા છતાં પણ અનેક રૂપ લઈ શકે. **"બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે!"** (નરસિંહમહેતા). ખુદ તો ખુદની સામે નાચી શકે. એક મહાપ્રભુ આ બધી વાતોને સેંક્શન્ પણ કરી દે કે **"ભલી યહ ખેલવેકી બાનિ"** આમાં કપટ શા માટે કહેવું! જે કપટ કરશે તો જેની સામે એ કપટ કરશે એ પણ તો એ ખુદ જ તો છે. જેમ **"બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે"** આમ કપટ કરી રહ્યો છે તો ખુદની સામે જ તો કપટ કરી રહ્યો છે. જેને ઠગી રહ્યો છે એ પણ બ્રહ્મ છે અને જે ઠગાઈ રહ્યો છે એ પણ બ્રહ્મ છે. **"સર્વં ખલુ ઈદમ્ બ્રહ્મ"** (છાન્દો.ઉપ.૩/૧૪/૧). ક્યાં કપટ આવી ગયું! આ ભાવથી આચાર્યચરણ કહી દે કે **"ભલી યે ખેલવેકી બાનિ"** આપણે કોણ એ કહેવાવાળા જ્યારે એ ખુદને જ ઠગી રહ્યો છે તો આપણે કોણ! તમે અરીસામાં જોઈને મુસ્કુરાતા હો અથવા દાંત કાઢતા હો એમાં બીજાને શું તકલીફ હોઈ શકે! મને તમે દાંત

બતાવો તો હું કહી શકું કે ''પાગલ થઈ ગયા છો શું! શું થઈ ગયું કે દાંત બતાવી રહ્યા છો!'' પરંતુ અરીસામાં ખુદને જોઈને તમે જે પણ કરો એમાં મને આ સમસ્યા થશે! તમારો અરીસો તમારો ચહેરો અને તમારા દાંત. એવીજ રીતે બ્રહ્મ પોતાના સામર્થ્યથી ખુદના રૂપની સાથે ઠગાઈ કરે કે બીજું કાંઇ કરે એ તો એ સ્વયંની સાથે જ તો કરી રહ્યો છે એમાં કોઇ જ્ઞાનીને ચિંતા કરવાની આવશ્યકતા નથી ધીરજ રાખવી છોડવી નહીં ધીરજની સાથે સમજવું કે **''અજાયમાનો બહુધા વિજાયતે''**. એટલા માટે આ ગોપી કહી રહી છે કે આ **કુટિલકુન્તલમુખ** જે જ્ઞાની છે પરંતુ એ જ્ઞાનીની ધીરજ છૂટી જાય એનો ઉપાય શું!

## (આપીતમપિ નાતૃપ્યત્)

**''આત્મારામશ્ચ મુનયો નિર્ગ્રન્થાઅપિ ઉરુક્રમે કુર્વન્તિ અહૈતુકીં ભક્તિમ્ ઈત્થમ્ભૂતગુણો હરિઃ''**(ભાગ.પુરા.૧/૭/૧૦). આ કુમારિકાઓ આત્મારામ મુનિ હતા સમાધિમાં ધ્યાન લગાવીને નિર્ગ્રન્થહતા આમને ભોજનાદિની આવશ્યકતા ન હતી પોતાની સમાધિમાં મસ્ત હતા, પરંતુ રામનું રૂપ સામે આવી ગયું તો એમની સમાધિ તૂટી ગઇ તો એમાં એમની શું ભૂલ! એમની કોઈ અલ્પતાનો કે સમાધિના સામર્થ્યનો કોઈ દોષ નથી પરંતુ એ પ્રભુ શ્રીરામના સૌંદર્યનો અપરાધ હતો કે એમની સમાધિ તૂટી ગઈ. આટલા જ માટે આગળ જઈને કહેશે કે **''અપરા અનિમિષદૃગ્ભ્યાં જુષાણા તન્મુખામ્બુજમ્ આપીતમપિ નાતૃપ્યત્ સન્તઃ તચ્ચરણં યથા''** (ભાગ.પુરા.૧૦/૨૯/૭). જે વખતે રાસમાં પ્રભુ પ્રકટ થયા તે વખતે આચાર્યચરણ બહુજ સુંદર વાત કહે છે **''અપરાઽનિમિષદૃગ્ભ્યાં''** અહીં તો આ કહી રહી છે **જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ્ દશામ્** પરંતુ જે વખતે પ્રભુ પ્રકટ થયા ત્યારે એમના રૂપમાધુર્યનું લાવણ્યા એવું હતું કે આમની નિમેષ પડતી બંધ થઈ ગઈ.

**''અપરા અનિમિષદૃગ્ભ્યામ્ જુષાણા તન્મુખામ્બુજમ્ આપીતમપિ નાતૃપ્ય''** પ્રભુએ કહ્યું કે તમે બ્રહ્માને ગાળ દઈ રહ્યા છો ને! તો હું એવું રૂપ લઈને પ્રકટ થાઉં કે તમારી પાંપણો જ ન પડે એવું મુખારવિંદ લઈને સૌંદર્યનું પાન કરતા કરતા પૂરી રીતથી પાન કરી લીધું છતાંપણ અતૃપ્ત રહી.

ચૌબેજીની કથામાં એવું આવે કે એમણે ખૂબ ખાઈ લીધું ખાધું તો

યજમાન ગભરાઈ ગયો એણે કહ્યું કે ''મહારાજ કાંઈક ચૂરણ ખાઈ લો નહીંતર અપચો થઈ જશે.'' ચૌબેજીએ કહ્યું ''ચૂરણ ખાવેકી જગહ પેટમેં હોતી તો એક લડ્ડૂ નહીં ખા લેતો?'' ચૂરણ ખાવાની જગ્યા ન રહી એટલું પેટ ભરાઈ ગયું **આપીતમપિ** આટલું ખાધા પછી પણ ચૌબેજીને તકલીફ જ રહે જેમાં ચૂરણ ખાવાની જગ્યા પણ ન રહી તો એક લાડુ વધારે ખાઈ લેત; **આપીતમપિ નાતૃપ્યત્ સન્તઃ તચ્ચરણં યથા** દર્શન કર્યા પછી પણ તૃપ્તિ ન થઈ ત્યાંસુધી ખાઈ લીધું છતાં પણ તૃપ્તિ ન થઈ. બે ચૌબાઓને માટે બે યજમાનોમાં ઝઘડો થયો એકે બીજાને પૂછ્યું કે ''તમારે ત્યાં ચૌબેજી કેવીરીતે જમાડો?'' તો એ બોલ્યો કે ''અમારે ત્યાં ચૌબેજીને જમાડ્યા પછી એમને ખાટપર સૂવડાવીને લઈ જવા પડે.'' તો બીજો બોલ્યો કે ''બહુ દરિદ્ર છો તમે લોકો અમારે ત્યાં તો એટલું ખવડાવીએ કે ચૌબેજીને ઘરે જવાની પણ હિમ્મત ન થાય તેઓ ત્યાંજ ખાઈને સૂઈ જાય.'' આવા એકદમ આપીત તૃપ્તિજ ન થાય. ચૌબા ખાઈ ભલે લે પરંતુ એની તૃપ્તિ ન થાય. ચૌબાને સંસ્કૃતમાં 'ચતુર્વેદી' કહે છે ચારેય વેદ ચૌબાઓને ત્યાં હોય છે. આ ચારેય વેદની શ્રુતિઓ **આપીત** ખૂબ ખાઈ રહી છે એટલું ખાઈ રહી છે પરંતુ બીચારીઓની તૃપ્તિ નથી થતી જેમ ચૌબાઓને તૃપ્તિ ન થાય, હવે પ્રભુ એમને સામગ્રીમાં લાડૂ પેંડાઓમાં ઠગી લે છે **''સન્તઃ તચ્ચરણં યથા''** જેમ સંતલોકોમાં ન ગ્રંથિ છે ન મોક્ષની કામના છે ન ભોગની કામના છે આ કામનાઓથી રહિત હોવાછતાં પણ ભગવાનના ચરણપર ધ્યાન અકામ જ થતું રહે છે. નહીંતર સાધારણ માણસને એવું થાય કે કોઈપણ કામ કરે તો કોઈને કોઈ કામના તો રાખે જ છે. જેમ કોઈ કહે કે ''અરે નિષ્કામયોગ બતાવ્યો છે.'' પરંતુ નિષ્કામયોગને અપનાવવાની પણ કોઈક કામના હોય છે. નિષ્કામયોગની કામના ન હોય તો તે એને અપનાવશે કેવીરીતે! કામના ન હોય તો નિષ્કામ પણ ન હોય કેટલીક વાતો એવી ખરાબ છે દુનિયામાં કે જેમનો કોઈ ઉપાય જ નથી. જેમ એક પ્રસિદ્ધ વાક્ય છે તમે જો એમ કહો કે જેટલી પણ ફિલોસોફી(તત્ત્વજ્ઞાન) છે એ ખોટી છે આ તો આ પોતાના ખુદમાં એક ફિલોસોફીકલ વાક્ય છે. ફિલોસોફીને નકારવું પોતે પોતાનામાં એક ફિલોસોફી છે. એવીજ રીતે કામનાને છોડવામાટે કહે કે ''આ કામના છોડી, તે કામના છોડી અમે બધી કામનોઓ છોડી'' તો આ પણ તો એક કામના થઈ કામનાથી ક્યાં છુટકારો છે! કેમકે **''સોઽકામયત્**

**બહુસ્યામ પ્રજાયેય''** (તૈત્તિ.ઉપ.૨/૬). કામનાથી જ સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થયો, કામનામાં જ સૃષ્ટિ છુપાયેલી છે, કામનામાં જ સૃષ્ટિ લીન થઈ રહી છે. આને નકારશો તો એમાં પણ કોઈને કોઈ કામના છુપાયેલી નિકળશે વગર કામનાએ તો કામનાને પણ નકારી નહીં શકો. આ પ્રકારથી ઠાકોરજીનું પણ એવું સ્વરૂપ છે. બધા રૂપથી આપ ઠાકોરજીને નકારી દો તો એ રૂપ પણ ઠાકોરજીનું જ છે. **કિતવ યોષિત કઃ ત્યજેદ્ નિશિ.**

**(ગતિવિદ્-ભજને તારતમ્યવિદ્)**

**સર્વૈઃ યાવતી ગતિ સંપાદ્યતે તાં ભવાનેવ દાસ્યતીતિ વયં વા ગતિવિદઃ** ગોપી કહે છે ''અમે પણ જાણીએ છીએ ગતિ.'' **તેષાં ભજને ભગવદ્ભજને ચ તારતમ્યવિદઃ** અને અમને આ પણ ખબર છે કે **''ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ''** (બૃહ.ઉપ.૨/૪/૫). તું ક્યાંથી ઠગી રહ્યો છે થોડાઘણા રહસ્ય અમને પણ ખબર છે. એટલા માટે પ્રભુએ ત્યાં કહ્યું કે **''માતરઃ પિતરઃ પુત્રા ભ્રાતરઃ પતયશ્ચ વઃ વિચિન્વન્તિ હિ અપશ્યન્તો મા કૃઢ્વં બન્ધુસાધ્વસમ્''** (ભાગ.પુરા.૧૦/૨૬/૨૦). તમે અહીં શામાટે આવી! કોઈની માઁ કોઈના પિતા કોઈના પુત્ર કોઈના ભાઈ કોઈના પતિ તમને બધા શોધી રહ્યા છે અને તમને મેળવશે નહીં તો બહુ દુઃખી થઈ જશે. **''ભર્તુઃ શુશ્રુષણં સ્ત્રીણાં પરો ધર્મો હિ અમાયયા તદ્બન્ધૂનાં ચ કલ્યાણ્યઃ પ્રજાનાં ચ અનુપોષણમ્''** ભગવાને કહ્યું આ તમારો પરમ ધર્મ છે એનો જવાબ આપતી વખતે ગોપિકાઓએ શું કહ્યું? **''યત્ પત્યપત્યસુહૃદામ્ અનુવૃત્તિઃ અંગ! સ્ત્રીણાં સ્વધર્મઃ ઈતિ ધર્મવિદા ત્વયા ઉક્તમ્ અસ્ત્વેવમ્ એતદુપદેશપદે ત્વયિ ઈશે પ્રેષ્ઠો ભવાન્ તનુભૃતાં કિલ બન્ધુઃ આત્મા''** (ભાગ.પુરા. ૧૦/૨૬/૩૨). મહારાજ આ જે આપ ધર્મોપદેશ આપી રહ્યા છો કે પોતપોતાના પરિવારમાં બધા રહો અને પોતપોતાના પરિવારના સદસ્યોની સેવા કરો; આ તમે બહુજ સારો ધર્મનો ઉપદેશ આપ્યો વિદ્વાન છો ધર્મના જાણકાર છો સારો ઉપદેશ આપ્યો! પરંતુ અમે એમ કહી રહી છીએ કે તમે અમારા પરિવારમાં રહી રહ્યા છો અને અમારા પરિવારમાં જેટલા સદસ્ય છે, એ બધા રૂપોમાં તમે જ અમને બિરાજમાન દેખાઈ રહ્યા છો. આ ઉપદેશપદ તમે જ પ્રાપ્ત કરો કેમકે તમે જ અમારા પ્રેષ્ઠ છો. જેપણ તનુભૃત છે એમાં

તમેજ પ્રેષ્ઠ છો કેમકે (આપે જ કહ્યું છે) **"અહમ્ આત્માઽઽત્મનાં ધાત! પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિઃ યત્કૃતે પ્રિયઃ"** (ભાગ.પુરા.૩/૯/૪૨). જેટલા પણ પ્રેષ્ઠતમ છે; જેમ ઘર આપણને કેમ પ્રિય લાગે? કેમકે ઘરમાં આપણી દેહસંબંધી જેટલી પણ વાતો છે તે મળે છે. દેહ કેમ પ્રિય લાગે છે કેમકે આ દેહ આપણો દેહ છે. આત્મા પ્રિય છે એટલા માટે દેહ પ્રિય લાગે છે. આત્મા કેમ પ્રિય લાગે છે? કેમકે આત્માની ભીતર પરમાત્મા બિરાજે છે. દેહ પ્રિય હોય તો આત્મા પ્રિયતર છે અને આત્મા જો પ્રિયતર છે તો પરમાત્મા પ્રિયતમ છે એટલા માટે પ્રિયતમ તો તું જ છે, પ્રેષ્ઠ તો તું જ છે. **"પ્રેષ્ઠો ભવાન્ તનુભૃતાં કિલ બન્ધુઃ આત્મા"** પરમાત્મા હોવાના કારણે પ્રિયતમ તો તું જ છો. તું જે ઉપદેશ આપી રહ્યો છે કે પરિવારની સેવા કરો તો એ સેવા શું તારા સુધી પહોંચવાની નથી! અને જ્યારે એ સેવા તારા સુધી જ પહોંચવાની છે તો સીધી તારી સેવા જ કેમ નહીં? આ પ્રકારથી ધર્મવિદ્ કૃષ્ણને ગોપીજનોએ ઉત્તર આપ્યો છે. એ વાત અહીં યાદ અપાવવામાં આવી રહી છે **તેષાં ભજને ભગવદ્-ભજને ચ તારતમ્યવિદઃ.**

**(તવ ઉદ્ગીતેન ચ મોહિતાઃ)**

**કિંચ તવ ઉદ્ગીતેન ચ મોહિતાઃ.** અમે તો બધા ધર્મોને જાણીએ છીએ અમે ધર્મની જાણકારીના કારણે આ પણ જાણી શકીએ છીએ કે **"પરાંચિ ખાનિ વ્યતૃણત્ સ્વયંભુ તસ્માત્ પરાઙ્ પશ્યતિ નાન્તરાત્મન્ કશ્ચિદ્ ધીરઃ પ્રત્યગાત્મનં ઐક્ષદ્ આવૃત્તચક્ષુઃ અમૃતત્વમ્ ઇચ્છેન્"** (કઠોપ.૨/૧/૧). પરમાત્માએ ઇન્દ્રિયોના દ્વાર બહારની તરફ ખોલી દીધા છે, આ ઇન્દ્રિયોનો જે પ્રવાહ છે તે બહારની તરફ કરી દીધો છે એથી આપણે બહારની બધી વસ્તુઓને પ્રેમ કરીએ છીએ, જો આંખને મીંચીને ઇન્દ્રિય પ્રવાહ અંદરની તરફ વાળશો તો આ પ્રવાહ અંદરની તરફ વળી જશે. **"યદા સંહરતે ચાયં કૂર્મો અંગાનીવ સર્વશઃ ઈન્દ્રિયાણિ ઇન્દ્રિયાર્થેભ્યઃ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા"** (ભગ.ગીતા.૨/૫૮). જેમ કાચબો પોતાના હાથપગ પૂંછ મોઢું બધું સંકોચીને અંદર લઈ લે. એ પ્રકારથી ઇન્દ્રિયોના વ્યાપાર જે વિષયોની તરફ જઈ રહ્યા છે એને ક્યારેક સમેટીને પોત-પોતાના આત્માની તરફ લઈ લેશો તો અંદર પણ તમને પરમાત્મા મળી શકે છે; અને અમને આ રહસ્યની ખબર છે કે અંદર

હૃદયમાં સ્વયં આંખ મીંચીને પણ અંતરાત્માને શોધી શકાય છે. ઘરમાં બેસીને પણ પરમાત્માને શોધી શકાય છે અને અમે શોધી પણ લેત કેમકે અમે આપીત છીએ. શોધવાની પણ આવશ્યકતા નથી હૃદયમાં જ ચરણ બિરાજમાન છે પરંતુ **હૃદયે સ્થાપિતમ્ બહિ ન સમાયાતિ** તો એમણે કહ્યું કે બહાર લાવવાની શું જરૂરત છે? તો કહે કેમકે **ઉદ્ગીતેન મોહિતાઃ** તેં વેણુ બહાર વગાડી અંદર વગાડતો તો અમે અંદર જતી. અમે તો વેણુના પ્રવાહમાં સ્થિત છીએ જો હૃદયમાં વેણુ વગાડતો તો હૃદયમાં ખેંચાઈને જતી બહાર વેણુ વગાડીશ તો બહાર ખેંચાઈને આવશું. તેં ભૂલ કરી જો! હૃદયમાં વગાડતો તો સર્વથા અમે અમારા અંતરાત્માની તરફ વળી જતી જો તું અંતરાત્મામાં છુપાઈને વેણુ વગાડત તો! પરંતુ એમ તો તે વગાડી નથી આ વૃંદાવનમાં ઊભા રહીને વેણુ વગાડી છે એટલા માટે અમે વૃંદાવનમાં આવી છીએ. નહીંતર અમને આ રહસ્યની ખબર છે. **કિંચ તવ ઉદ્ગીતેન ચ મોહિતાઃ** અને **ઉદ્ગીત** મતલબ એમને વેણુનો મધ્યમ સ્વર સંભળાયો નહીં જેમ જંગલમાં ક્યાંય વેણુ વાગતી હોય તો એની ધીમી-ધીમી ધ્વની કાનમાં આવે છે. એવી ધીમી-ધીમી ધ્વની આમના કાનમાં નથી આવી બલ્કી બહુ તેજ ધ્વનિ આમના કાનમાં આવી, એવી કે જાણે આમને દોડવામાટે વ્યથિત કરી દીધા પરવશ કરી દીધા. એ પ્રકારનું આમને ઉદ્ગીત સંભળાયું કે જેથી ઉદ્ગમન થઈ ગયું ઓળંગતી ચાલી ગઈ બધું **અતો મોહયિત્વા સમાનીય.**

હવે તેં કપટ કેવીરીતે કર્યું અમે પરિવારમાં હતા ત્યાંથી અમારી આસક્તિ છોડાવી. અંતરાત્મામાં જે પરમાત્માને શોધવાનો અમારો વિવેક હતો એ વેણુનાદના દ્વારા છોડાવ્યો અને વૃંદાવનમાં વેણુનાદ કરીને અમને બધીને એકઠી કરી અને **ઉભયભ્રંશાર્થમ્ અરણ્યે નિશિ યોષિતઃ કઃ ત્યજેત્!** અહીં જંગલમાં અમને બોલાવીને અહીંથી પણ અમને છોડીને જઈ રહ્યો છે! **સર્વૈદેવ સ્ત્રિયો ન ત્યાજ્યાઃ સુતરામ્ અરણ્યે સુતરાં નિશિ.** સ્ત્રીને તો ક્યારેય એકલી છોડવી જ ન જોઈએ. **સુતરામ્ અરણ્યે** અને એ પણ જંગલમાં! ક્યારેય એકલી છોડી શકાય જંગલમાં અને તે પણ **સુતરાં નિશિ** એ પણ રાત્રિમાં! **યદર્થં વા સમાહૂતા તદપિ અદત્વા ઈતિ અભિપ્રાયેણ સમ્બોધનમ્.** જે હેતુથી વેણુનાદ કરીને બોલાવ્યા એ હેતુને પૂરો થયા પહેલા જ અમને છોડી દીધી. હવે આથી

આ નિષ્કર્ષ આવી ગયો કે **કિતવાનાં વયં સંબન્ધિન્યઃ અતોઽસ્માકં તેષુ ન પ્રવેશઃ.** આથી આ સિદ્ધ થયું કે બીજી કોઈ વાત નથી અમારો પ્રેમ કોઈ કપટીની સાથે જોડાઈ ગયો છે એથી સાત્ત્વિકે વાત કહી કે અમે દેવ છીએ એ બધી ખોટી વાત છે અમે કોઈ દેવ નથી અમે તો કપટીની પ્રેમિકા થઈ ગઈ છીએ કપટીની પ્રેમિકા છીએ એ અમારું દુર્ભાગ્ય છે બીજું કાંઈ ચક્કર નથી. આ સદ્ભાગ્ય છે તો આ જ અમારું સદ્ભાગ્ય છે કે આવા કપટીની અમે પ્રેમિકા છીએ. **પતિસુતાન્વયભ્રાતૃબાન્ધવાન્ અતિવિલઙ્ઘ્ય તે અન્તિ અચ્યુત આગતા ગતિવિદઃ તવ ઉદ્ગીતમોહિતા કિતવ! યોષિતઃ કઃ ત્યજેદ્ નિશિ.**

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે– **''ગતા બુદ્ધિઃ શુદ્ધિર્ જગતિ વિરુણદ્ધિ સ્વપતિરપ્યયે લજ્જા ગુર્વી ગુરુપતિસુતાનાં ન ગણિતા યદર્થં તત્સંગ સખિ ન ભવિતા યદ્યચિરતસ્ તદા નાહં પશ્યામિ અહહ મરણાદ્ અન્યદરણમ્''** (વિજ્ઞપ્તિ.૨/૨૬). જેના કારણે અમારી શુદ્ધ બુદ્ધિ અંતરાત્માને શોધવાની અમારી જે શુદ્ધ બુદ્ધિ હતી એ ચાલી ગઈ જે અમારા પતિ હતા એમના વિરોધને અમે માન્યો નહીં. જે ગુરુ-લજ્જા સ્ત્રીને માટે સૌથી મોટું સાધન છે; **''કીર્તિ શ્રી વાક્ ચ નારીણાં''** (ભગ.ગીતા.૧૦/૩૪). આ ત્રણ કીર્તિ વાણી અને શ્રી આ નારીમાં ઈશ્વરીય તત્ત્વ છે મતલબ આના કારણે જ લજ્જાતત્ત્વ સ્ત્રીમાં આવે છે. કીર્તિ ન હોય તો લજ્જાનો કોઈ પ્રશ્ન જ ઉભો ન થાય. કીર્તિ બગડી એ સ્ત્રીનું બધુંજ કાંઈ બગડી ગયું શ્રી બગડી તો સ્ત્રીનું બધુંજ બગડી ગયું. વાણી સ્ત્રીની બગડી તો બધુંજ બગડી ગયું એ લજ્જાને પણ અમે છોડી દીધી જે હેતુથી કે તારી સાથે ચિરતર સંગ થાય. એ ન થાય તો મૃત્યુ સિવાય અમારી કઈ ગતિ સારી છે! આ છેલ્લી ગતિ બતાવીને તામસી ગોપિકાઓએ; કેમકે આટલી વિકલતા થઈ છે તે વિરહનો તાપ ભાવાર્દ્ર હૃદયના કાષ્ઠને આટલો બાળી રહ્યો છે કે આ બિચારી ધુમાડો કાઢે છે **ન મરણાદ્ અન્યદરણમ્** બીજો અમારે શું ઉપાય છે!

### (બધા પુષ્ટિજીવ ગતિવિદ)

આચાર્યચરણની જે બ્રહ્મસંબંધની દીક્ષા છે તે ભગવદ્મુખારવિંદની ભક્તિની દીક્ષા છે, ચરણારવિંદની ભક્તિની દીક્ષા નથી. બ્રહ્મસંબંધમાં જે કાંઈ કહી શકાતું હતું **''પતિસુતાન્વય ભ્રાતૃબાન્ધવાન્ અતિવિલંઘ્ય તે અન્તિ અચ્યુત**

**આગતાઃ ગતિવિદઃ તવોદ્ગીતમોહિતા કિતવ! યોષિતઃ કઃ ત્યજેદ્ નિશિ!!''** માં કહી દીધું. આમાં જે કાંઈ કહી શકાય એજ વાત બ્રહ્મસંબંધમાં આચાર્યચરણે કહી છે આચાર્યચરણની સામે **તદપેક્ષયા હીના ''સર્વસાધનહીનસ્ય પરાધીનસ્ય સર્વતઃ પાપપીનસ્ય''** પુષ્ટિમાર્ગીય જીવ છે અને આટલાજ માટે આ બ્રહ્મસંબંધની ભૂમિકા છે **ગતિવિદઃ તવોદ્ગીતમોહિતાઃ ''માહાત્મ્યજ્ઞાન પૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોધિકઃ સ્નેહો ભક્તિરિતિ પ્રોક્તઃ''** (નારદપંચરાત્ર). પુષ્ટિમાર્ગમાં માહાત્મ્યજ્ઞાન કેટલું અપેક્ષિત છે એટલું કે ભગવાનના મુખારવિંદદ્વારા ઉદ્દીપ્ત જે વેણુગીત છે એનાથી મોહિત થવો જોઈએ અને ગતિવિદ થવો જોઈએ. ઉદ્દીપ્ત મોહ જ આપણું જ્ઞાન છે અને ગતિવિદતા જ આપણે ત્યાં ભક્તિ છે. પ્રભુ ક્યાં પ્રાપ્ત થાય(આ જ ઉત્કટતા છે) પુષ્ટિભક્તિમાં સાક્ષાત્ સ્વરૂપાસક્તિમાં કોઈ બાંધછોડનો સવાલ નથી, આનો કોઈ વિકલ્પ નથી. ભક્ત ગતિવિદ હોવો જોઈએ. (ગોપિકા પહોંચી તેમાં) બધા રસ્તાપર સંકેતો શું હતા કે પ્રભુ કેટલા માઈલ દૂર છે! કોઈ સંકેત હતા શું, કે હવે જમણી બાજુ વળો હવે ડાબી બાજુ વળો! ત્યારે કેવીરીતે પહોંચી ગઈ! કેમકે એ બધીજ ગતિવિદ છે. એમનો અંતરાત્મા સાક્ષી આપે કે સ્વરૂપ અહીં છે. જેમ પ્રભુ ગતિવિદ છે એ તો છેજ પરંતુ બધા પુષ્ટિજીવ ગતિવિદ છે. કેમ ગતિવિદ છે? કેમકે એમની ભક્તિ એમને ગતિ જણાવે છે. જે ગતિ છે એ ભક્તિ જ છે. **''ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્''** (પુ.પ્ર.મ.૧૨). ભગવત્સ્વરૂપસેવાને માટે જ આ પુષ્ટિસૃષ્ટિ છે બાકી બીજી બધી મર્યાદાની સૃષ્ટિ મોક્ષને માટે હોઈ શકે અને પ્રવાહની સંસારભોગને માટે છે, પરંતુ પુષ્ટિસૃષ્ટિ તો ભગવત્સેવાને માટે જ છે પરંતુ આ ભગવત્સ્વરૂપ બિરાજે ક્યાં છે એ ગતિને પણ આ સારીરીતથી જાણે છે **ગતિવિદઃ તવોદ્ગીતમોહિતાઃ**. આ પ્રકારથી **''માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોધિકઃ સ્નેહઃ=ભક્તિ.''** ભક્તિપૂર્વક જે ભગવત્સેવામાં પ્રવૃત્ત થયો **પતિસુતાન્વયભ્રાતૃબાન્ધવાન્ અતિવિલઙ્ઘ્ય,** મતલબ બ્રહ્મસંબંધ લઈને તે **અન્તિ અચ્યુત આગતાઃ** અચ્યુતની પાસે પહોંચી ગયા. બીજા તો જે પણ સંબંધ છે તે ચ્યુતસંબંધ છે કેવળ પ્રભુની સાથેનો સંબંધ એ જે પ્રકારનો પણ હોય અચ્યુતસંબંધ રહેશે. એ સંબંધ ક્યારેય છૂટશે નહીં ભાવ સ્થિર હોવો જોઈએ, ભાવ રૂઢ હોવો જોઈએ તો એ ભાવ ક્યારેય નહીં છૂટે. આ આપણે

અચ્યુતની તરફ જે જઈ રહ્યા છીએ એ અચ્યુતગતિ જ બ્રહ્મસંબંધ છે. આ જે આપણી મોહની નિશા(રાત્રિ) છે આ જે આપણે ભવાટવીમાં ભટકી રહ્યા છીએ **કિતવ! યોષિતઃ કઃ ત્યજેદ્ નિશિ** આથી આપણે પણ ***કિતવ! ન*** કહીને પણ પ્રાર્થના તો કરી જ શકીએ છીએ. જ્યારે બ્રહ્મસંબંધ આપણે લીધું જ્યારે આપણે શરણાગત છીએ જ્યારે આ મોહની અંધકાર ભરેલી રાત્રિમાં આ ભવાટવીમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક તારું ભજન અમે કરી રહ્યા છીએ તો શું તું અમને છોડી દેશે! **''દુષ્ટતમોઽપિ દયારહિતોઽપિ વિધર્મવિશેષકૃતિ-પ્રાર્થિતોઽપિ દુર્જનસંગરતોઽપિ અવરોઽપિ કૃષ્ણ તવાઽસ્મિ ન ચાસ્મિ પરસ્ય''** (પંચાક્ષરમંત્રગર્ભસ્તોત્ર.૧.) હે કૃષ્ણ! તારો જ છું બીજા કોઈનો નથી. **''કામમયોઽપિ ગતાશ્રયણોઽપિ પરાશ્રયણાશયચંચલિતોઽપિ વૈષયિકાદર-સંવલિતોઽપિ કૃષ્ણ તવાસ્મિ ન ચાઽસ્મિ પરસ્ય''**.(પંચાક્ષરમંત્ર ગર્ભસ્તોત્રમ્. ૩).

## (હીનતાની ઉત્કૃષ્ટતા)

**કિતવ! યોષિતઃ કઃ ત્યજેદ્ નિશિ.** આમાં આપણા આખા પુષ્ટિમાર્ગની કથા આવી ગઈ આમાં આપણે બધા આવી ગયા. આ હીનભાવનો અધિકાર આપણને બધાને છે અને આ હીનભાવના આપણે બધા પ્રભુને **કિતવ! યોષિત કઃ ત્યજેદ્ નિશિ** કહી શકીએ છીએ. આ હીનતા જ આપણી ઉત્કૃષ્ટતા છે, અન્ય આપણી ઉત્કૃષ્ટતા તો આપણને દેખાતી જ નથી. આ અધિકાર પ્રભુએ આપ્યો છે કે આપણે પ્રભુને **કિતવ!** કહી શકીએ છીએ. બસ આમાં આપણો બધો ઉત્કર્ષ આવી ગયો આપણે મુક્તિ નથી જોઈતી, આપણે જ્ઞાન નથી જોઈતું **''ન નાકપૃષ્ઠં ન ચ પારમેષ્ઠ્યં ન સાર્વભૌમં ન રસાધિપત્યમ્ ન યોગસિદ્ધિ ન અપુનર્ભવં વા સમંજસ ત્વા વિરહય્ય કાઙ્ક્ષે''** (વૃત્રા.ચતુ.૨). સ્વર્ગ નથી જોઈતું મુક્તિ નથી જોઈતી બ્રહ્મલોક નથી જોઈતો કોઈ સામ્રાજ્ય નથી જોઈતું, બસ આ અધિકાર પુષ્ટિજીવોનો બન્યો રહે કે આપણે પ્રભુને એકાદ ગાળ આપીએ તો તે આપણી ગાળ સહન કરે. ચાહે તો સામે આપણને હીન કહી દે બસ આપણને હીન સાંભળવું મંજૂર છે એ આપણી ગાળ તો સાંભળી રહ્યો છે તો મુક્તિને લઈને કરશું શું!! આપણે પુષ્ટિજીવને ગાળનો અધિકાર બહુ છે આમાં બધું આવી ગયું **''ભગવદીયત્વેન પરિસમાપ્ત સર્વાર્થાઃ''** (ભાગ.પુરા.૫/૬/૧૭). બધા અર્થ આમાં પરિપૂર્ણ થઈ ગયા.

## ॥ શ્લોક : ૧૭ ॥

**ઉત્થાનિકા :**

**તતઃ ઉત્તમાઃ આત્માનમેવ નિન્દન્તિ રહસિ ઈતિ :**

મહાપ્રભુજીએ **દેવનિન્દિકાઃ સાત્ત્વિકતામસ્યઃ ભગવન્નિન્દિકા તામસતામસ્યઃ સ્વનિન્દિકા રાજસતામસ્યઃ ઈતિ,** આમ કહીને તામસભાવ ત્રણ પ્રકારના બતાવ્યા દેવનિંદક ભગવન્નિંદક અને આત્મનિંદક. જે તામસ-સાત્ત્વિક ગોપી હતી એણે **જડ ઉદીક્ષતાં પક્ષ્મકૃદ દશામ્** કહીને દેવનિંદા કરી મતલબ બ્રહ્માજીની નિંદા કરી, જે તામસ-તામસ ગોપિકા હતી એણે **કિતવ!** કહીને ભગવન્નિંદા કરી અને હવે આ તામસ-રાજસ છે એ આત્મનિંદા કરે છે.

**તત ઉત્તમાઃ આત્માનેવ નિન્દતિ રહસિ ઈતિ.** આથી ઉત્તમ આત્માની પોતાની નિંદા કરી રહી છે કેમકે રાજસ છે. આ ધ્યાન રાખજો હીન છે આપણી સિમ્પ્ટમ્ એનાસાથે વધારે મળે છે. અમે તો એમ કહીએ, જ્યારે સિમ્પ્ટમ્ આપણા એનાસાથે વધારે મળે તો આપણને બીમારી પણ એજ હોવી જોઈએ. બીજી કઈ બીમારી આપણે લઈશું કે જેથી આપણો મેળ ખાય આથી જ હોમિયોપેથીમાં દવાઓ પહેલ સિમ્પ્ટમ્ મેળવવામાં આવે, જેટલા સિમ્પ્ટમ્ મળે એ દવા આપવામાં આવે આપ તો આપની બધી સિમ્પ્ટમ્ જોઈ લો. **"પતિસુતાન્વયભ્રાતૃબાન્ધવાન્ અતિવિલઙ્ઘ્ય તે અન્તિ અચ્યુત આગતા ગતિવિદઃ તવોદ્ગીતમોહિતા કિતવ! યોષિતઃ કઃ ત્યજેદ્ નિશિ"** થી આપણી બધી સિસ્ટમ્ મેળ ખાઈ રહી છે. આપણી દવા પણ આ જ છે કે આપણે આ પ્રકારથી હીનભાવથી પ્રભુને **કિતવ!** કહી દઈએ "ભઈ હવે અમને કેમ છોડે છે. કપટી તું અમારી સાથે કેમ કપટ કરે છે જ્યારે અમે બ્રહ્મસંબંધ લઈ લીધું, જ્યારે અમે તારી સેવામાં પ્રવૃત્ત થઈ ગયા, તારા ઉદ્ગીતથી મોહિત થઈને તારી પાસે આવી ગયા તોપણ આ ભવાટવીમાં એકલા ભટકીએ! જો અમે ભટકી રહ્યા છીએ તો એમાં અમારી ભૂલ નથી તું કપટી છે. આ આથી ઉત્તમ છે.

**રહસિ સંવિદં હૃચ્છયોદયં પ્રહસિતાનનં પ્રેમવીક્ષણમ્ ॥**
**બૃહદુરઃ શ્રિયો વીક્ષ્ય ધામ તે મુહુરતિસ્પૃહં મુહ્યતે મનઃ ॥૧૭॥**

**સુબોધિનીજી :**

**નો મનઃ અતિસ્પૃહં સદ્ મુહ્યતે ઈતિ. તત્ર કારણત્રયં ગુણત્રયસહિતં–વાક્યં હાસ્યમ્ ઉરશ્ચૈવ કામાનન્દાધિકારિણઃ રહસિ એકાન્તે યા સંવિદ્ જ્ઞાનં વા. પૂર્વવત્ હૃચ્છયસ્ય કામસ્ય ઉદયો યેન તાદશમ્. પ્રહસિતયુક્તમ્ આનનં પ્રેમપૂર્વકં વીક્ષણં ચ યસ્મિન્. શ્રિયો ધામ બૃહદુરઃ. ભગવદ્રૂપસ્ય વા ષડ્ગુણત્વમ્ ઉચ્યતે–રહસિ સંવિદો યસ્માદ્ ઈતિ એતાદશં ત્વાં, હૃચ્છયસ્ય ઉદયો યસ્માત્, પ્રહસિતમ્ આનનં યસ્ય, પ્રેમપૂર્વકં વીક્ષણં યસ્ય, બૃહદુરઃ શ્રીધામ ચ વીક્ષ્ય. પ્રમાણાદિબલરૂપતા ભગવદ્રુપે નિરુપિતા. વક્ષસિ ચ સ્વસ્થિત્યર્થં યશઃ શ્રીઃ ચ નિરુપિતાઃ મુખદર્શનેનૈવ પ્રહસિતયુક્તત્વાત્ પૂર્વસ્થિત્યભાવઃ, તતઃ કામઃ, પ્રેમવીક્ષણેન ચ તસ્ય સ્થિરીકરણં, તતઃ સ્વયોગ્યતા, તતો ભોગચાતુર્યં પ્રથમવિશેષણેન–એવં સર્વં ભવિષ્યતીતિ અતિસ્પૃહાયુક્તં મનઃ મુહ્યતે કેવલં મોહં પ્રાપ્નોતિ, પદાર્થાલાભાત્ મુહુઃ મૂર્ચ્છા સમાયાતીતિ જીવનમરણા–ન્યતરાભાવાદ્ ધિગ્ જીવનમ્ ઈત્યર્થઃ।।૧૭।।**

(મોહના કારણો : ગુણત્રય અને ભગવદ્રૂપના ષડ્ગુણ)

**નો મનઃ અતિસ્પૃહં સદ્ મુહ્યતે ઈતિ તત્ર કારણત્રયં ગુણત્રયસહિતમ્.** આ પોતાના આત્માની નિંદા કરી રહી છે કે ભઈ તારી શું ભૂલ! તને કેમ કપટી કહીએ બ્રહ્માને કેમ ગાળ આપીને બધો દોષ અમારા મનનો છે, અમારું મન તારાપર મુગ્ધ થાય છે. મન મુગ્ધ ન થાત તો કોઈ સ્પૃહા બહુ વધારે વધત કેમકે **વાક્યં હાસ્યમુરશ્ચૈવ કામાનન્દાધિકારિણઃ. રહસિ એકાન્તે યા સંવિદ જ્ઞાનં વા પૂર્વવત્ હૃચ્છયસ્ય કામસ્ય ઉદયો યેન તાદશમ્.** ૧.પ્રભુના વચન ૨.પ્રભુનું હાસ્ય ૩.પ્રભુનું ઉન્નત વક્ષસ્થલ, આ ત્રણ કારણોથી ત્રણ ગુણ ઉત્પન્ન થાય છે ૧.ભગવદ્વાક્ય ભગવદ્વિષયક લાલસા આપણા મનમાં પેદા કરે ૨.હાસ્ય આપણા મનમાં આનંદ પેદા કરે અને. ૩.ભગવાનનું વક્ષસ્થલ આપણી અધિકારિતા બતાવે. એકાંતમાં જે વાત પ્રભુએ કહી છે એ લાલસા પ્રકટ કરે છે. **પ્રહસિતયુક્તમ્ આનનં પ્રેમપૂર્વકં વીક્ષણં ચ યસ્મિન્** અને હાસ્યયુક્ત મુખારવિંદથી પ્રેમપૂર્વક જે પ્રભુ આપણને જુએ છે અને વક્ષસ્થલ શ્રીનું નિવાસસ્થાન છે.

**ભગવદ્રૂપસ્ય વા ષડ્ગુણત્વં ઉચ્યતે રહસિ સંવિદો યસ્માદ્ ઈતિ એતાદશં**

**ત્વાં. હૃચ્છયસ્ય ઉદયો યસ્માત્. પ્રહસિતમ્ આનનં યસ્ય, પ્રેમપૂર્વકં વીક્ષણં યસ્ય, બૃહદુર શ્રીધામ ચ વીક્ષ્ય પ્રમાણાદિબલરૂપતા ભગવદ્રૂપે નિરૂપિતા.** પ્રભુના ષડ્ગુણ બતાવ્યા એવું સ્વરૂપ કે જેનાથી કામ ઉત્પન્ન થાય, એવું સ્વરૂપ કે જે હાસ્યયુક્ત છે, એવું સ્વરૂપ કે જે પ્રેમથી પોતાના ભક્તોને જોઈ રહ્યું છે અને એવું ઉન્નતવક્ષ કે જેમાં શ્રીનિવાસ કરી શકે આથી બધા પ્રમાણાદિબલ, પ્રમાણ પ્રમેય સાધન ફલ ચારેય બલ પ્રભુમાં બતાવ્યા. **વક્ષસિ ચ સ્વસ્થિત્યર્થં યશઃ શ્રીઃ ચ નિરૂપિતા.** જે વક્ષ શ્રીનું ધામ છે, તો શ્રીભાવાપન્ન જે કાંઈ પણ છે મતલબ જેપણ ભક્ત છે એ બધાનું ધામ પ્રભુનું વક્ષ છે.

### (અતિસ્પૃહાયુક્ત મનની સ્થિતિ)

**મુખદર્શનેનૈવ પ્રહસિતયુક્તત્વાત્ પૂર્વસ્થિત્યભાવઃ, તત કામઃ, પ્રેમવીક્ષણેન ચ તસ્ય સ્થિરીકરણં તત સ્વયોગ્યતા તતો ભોગચાતુર્યમ્. પ્રથમ વિશેષણેન એવં સર્વં ભવિષ્યતીતિ અતિસ્પૃહાયુક્તં મન મુહ્યતે કેવલં મોહ પ્રાપ્નોતિ પદાર્થાલાભાત્ મુહુઃ મૂર્ચ્છા સમાયાતીતિ જીવનમરણાન્ય-તરાભાવાદ્ ધિગ્ જીવનમમ્ ઈતિ અર્થઃ.** આ બધા ગુણ જોઈને ભક્તોનું મન વધારે મુગ્ધ થઈ જાય અતિશય મુગ્ધ થઈ જાય **''મુગ્ધેઽર્ધસમ્પત્તિ પરિશેષાત્''** (બ્ર.સૂ.૩/૨/૧૦). વ્યાસજી કહે છે અતિશય સ્પૃહાયુક્ત થઈને મન જે મોહિત થાય છે પરંતુ મોહથી લાભ તો થતો નથી. (જ્યારે) મોહથી લાભ ન થાય (ત્યારે) પછી યાદ આવે કે હજુ સુધી પ્રાપ્ત ન થયો ફરી લાલસા જાગે. લાલસાના કારણે હૃદયમાં ફરી લીલાઓ જાગે, લીલાની સ્મૃતિઓ જાગે, મનોરથો જાગે. એ મનોરથોના અનુરૂપ ભાવ જાગે, હૃદયમાં ફરી આંતરદર્શન થાય. આંતરદર્શન થાય ફરી વિસ્મૃતિ થાય અને ફરી મોહ પેદા થઈ જાય (ત્યારે મૂર્છા આવે). **મુહુઃ મૂર્ચ્છા સમાયાતિ.** આખો જીવનનો ક્રમ ઘડિયાળનો લોલક છે. આ બાજુ આવે એ બાજુ જાય એમ જીવન અને મરણ ની વચ્ચે પ્રાણ ફરતા રહે છે ન પૂરું જીવી શકે અને ન પૂરું મરી શકે. આ અતિસ્પૃહાશીલ અમારું મન છે આ એનો દોષ છે. બહુજ રાજસભાવથી કહી રહ્યા છે બહુ કાતરભાવ પણ છે આમાં ભાવમાં થોડીક તામસતા પણ છે. તારો દોષ નથી બધો અમારા મનનો દોષ છે. તારામાં તો આ બધા ગુણ જ ગુણ છે તારા વાક્ય કામજનક છે, તારું હાસ્ય આનંદજનક છે, તારું પ્રેમવીક્ષણ અમને

અધિકારી બનાવે છે, તારું હાસ્ય આનંદજનક છે, તારું પ્રેમવીક્ષણ અમને અધિકાર બનાવે છે, તારું જે ઉન્નતવક્ષ છે તે અમને અધિકારી બનાવે છે. આથી તારામાં તો બધા ગુણ જ ગુણ છે આ ત્રણ કારણોથી જે કાંઇ અવગુણ છે તે અમારા મનના છે. આ અતિસ્પૃહા છે જો આટલી સ્પૃહા ન હોત તો મન શામાટે પરેશાન થાત! આ મોહ શામાટે થાત! મનમાં આ બધો મોહ અતિસ્પૃહાના કારણે થઇ રહ્યો છે.

આ પ્રકારથી તામસરાજસ ગોપિકા આત્મનિંદા કરે છે. ભગવન્નિન્દા નથી કરતા પરંતુ તામસભાવ છે એથી એમાં છૂપાયેલી ભગવન્નિન્દા તો વ્યક્ત થઇ જ રહી છે, પરંતુ કાયરતા બહુ વધી ગઇ છે, એના લીધે આત્મનિંદાના બહાને ભગવન્નિન્દા કરે છે. જે ભગવન્નિન્દાને માટે ભગવન્નિન્દા કરી રહી હતી તો એ કદાચ આત્મનિંદા કરી રહી હતી. હીન હતી એથી એ ભગવન્નિન્દામાં આત્મનિંદા કરી રહી હતી. જે દેવનિંદક હતી તે દેવનિંદામાં ભગવન્નિન્દા કરી રહી હતી અને આ આત્મનિંદામાં ભગવન્નિન્દા કર રહી છે. આટલાજ માટે આમનામાં તામસ-રાજસત્વ છે જે જેવા પણ છીએ તારા છીએ. કાતરતા એટલી છે કે આનાથી વધારે કાંઇ કહેવાનું નથી **''યદિ તુષ્ટોઽસિ રુષ્ટો વા ત્વમેવ શરણં મમ મારણે વારણે વાપિ દાસીનાં નઃ પ્રભુઃ ગતિઃ''** (વિજ્ઞપ્તિ.૧/૨૬). આ જીવ વધારે બીજું શું કહી શકે!!

***

## ॥ શ્લોક : ૧૮ ॥

**ઉત્થાનિકા :**

**પુનઃ અનન્યપૂર્વા એતવત્કાલં મનોરથાભિનિવિષ્ટાઃ કિંચિત્ પ્રાર્થયતે વ્રજવનૌકસામ્ ઈતિ :**

આ પ્રકારથી ત્રણ વિવાહિતા તામસ ગોપિકાઓએ કહ્યું હવે આના પછી બે શ્લોક કુમારિકાઓના ઋષિરૂપાઓના આવી રહ્યા છે. **પુનઃ અનન્યપૂર્વા એતાવત્કાલં મનોરથાભિનિવિષ્ટા કિંચિત્ પ્રાર્થયતે વ્રજવનૌકસામ્ ઈતિ.** એક એક ગોપી પ્રાર્થના કરે અને બીજી ગોપીઓના મનોરથની એના ભાવોથી સંગતિ છે કે નહીં એનું તારતમ્ય વિચાર કરતી રહે. અથવા કદાચ પોત-પોતાની પ્રાર્થના કરવામાં એવી કલિલતા આવી જાય કે બીજી શું કહી રહી છે એ સાંભળવામાં આવતું જ નથી. પોતાની પ્રાર્થના કરે અને એ પ્રાર્થનામાં એના જે મનોરથ જાગે એ મનોરથોના કારણે જે એને આંતરદર્શન થયા, જે લીલાની હૃદયમાં અભિવ્યક્તિ થઈ એમાં એ ખોવાયેલી રહે છે. ક્યારેક એ લીલારસાબ્ધિમાં ડૂબી જાય અને ક્યારેક એમાંથી બહાર આવે. બહાર આવે તો ફરી યાદ આવે અને ફરી પ્રાર્થના કરે :

**વ્રજવનૌકસાં વ્યકિતરંગ તે વૃજિનહન્ત્ર્યલં વિશ્વમંગલમ્ ॥**
**ત્યજ મનાક્ ચ નઃ ત્વત્સ્પૃહાત્મનાં સ્વજનહૃદ્રુજાં યન્નિષૂદનમ્ ॥૧૮॥**

**ઈયં તે વ્યક્તિઃ વ્રજવનૌકસાં વૃજિનહન્ત્રી પાપનાશિકા વિશ્વસ્યાપિ અત્યર્થં મંગલરૂપમ્. દોષનિવર્તકં વિશેષાકારેણ અસ્માકમેવ, ગુણાધાયકં સર્વેષામ્. અતઃ એતાદશં મનાક્ ત્યજ. ત્યાગાવશ્યકત્વે હેતુઃ ત્વસ્પૃહાત્મનામ્ ઈતિ, ત્વય્યેવ સ્પૃહાયુક્ત આત્મા અન્તઃકરણં યાસામ્. કિં ત્યક્તવ્યમ્? ઈતિ આશંકાયામ્ આહ સ્વજન... ઈતિ, સ્વજનાનાં ગોપિકાનાં હૃદ્રુજાં હૃદયરોગાણાં કામરૂપાણાં યદેવ નિષૂદનં ભવતિ, નિતરાં સૂદનં નાશનં યસ્માત્, કેષાંચિત્ પાપનાશકઃ કેષાંચિત્ ફલદાતા, તાદશો અસ્માકં રોગનિવર્તકો ભવતુ ઈતિ॥૧૮॥**

### (પ્રભુનું સ્વરૂપ અને વ્રજમાં પ્રાકટ્ય)

પહેલા ગોપિકાએ કહ્યું હતું કે **"જયતિ તે અધિકં જન્મના વ્રજઃ શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ."** હવે એ ન્યાયથી આ કહી રહી છે કે **વ્રજવનૌકસાં વ્યક્તિઃ**

**અંગ!** તે. ભાગવત કહે છે **"નૃણાં નિઃશ્રેયસાર્થાય વ્યક્તિઃ ભગવતો નૃપ! અવ્યયસ્ય અપ્રમેયસ્ય નિર્ગુણસ્ય ગુણાત્મનઃ"** (ભાગ.પુરા.૧૦/૨૬/૧૪). પ્રભુનું પ્રાકટ્ય શામાટે થયું? નિઃશ્રેયસમાત્રને માટે. **અવ્યયસ્ય અપ્રમેયસ્ય** પ્રભુ **અવ્યય** છે એમને જન્મ-મરણ નથી એવા પ્રભુ પ્રકટ્યા છે. પ્રભુ **અપ્રમેય** છે કોઈના જ્ઞાનનો વિષય બની શકે એવું પ્રભુનું સ્વરૂપ નથી અને અહીં સર્વજ્ઞાનવિષયક થયા. પ્રભુ **નિર્ગુણ** છે કોઈ પ્રકારના ગુણ પ્રાકૃતગુણોનો પ્રભુમાં સંસ્પર્શ નથી તોપણ **"બભૂવ પ્રાકૃતઃ શિશુઃ"** (ભાગ.પુરા. ૧૦/૩/૪૬) પ્રાકૃત શિશુ બનીને પ્રભુ વ્રજમાં પ્રકટ થયા અને જેમ પ્રાકૃત શિશુ લીલા કરે તેમ બધી લીલાઓ કરી. આટલી કોમળતા પ્રભુએ બતાવી કે જેટલી પ્રાકૃત શિશુમાં હોય. **નિર્ગુણસ્ય ગુણાત્મનઃ પ્રાકૃતધર્માનાશ્રયઃ** આ બધા પ્રાકૃતધર્મોના અનાશ્રય હોવાછતાં પણ પ્રભુ **અપ્રાકૃતનિખિલધર્મરૂપઃ** છે. બધા ગુણોની જે ગતિ છે તે જ્યાં પણ જે ગુણ છે મતલબ એક બાળકમાં કોઈ બાળસુલભ સૌંદર્ય છે તો એ પ્રભુના જ કોઈ ગુણનો પ્રકાશ છે.

શ્રુતિમાં સમજાવે છે કે પ્રભુ સગુણ કેવા થયા! આપણે તો સગુણ એવા હોઈએ કે આપણી આંખ છે એનાથી આપણે જોઈએ, કાન છે એનાથી આપણે સાંભળીએ, હાથ છે એનાથી આપણે પકડીએ, પરંતુ પ્રભુનું સ્વરૂપ એવું નથી શ્રુતિ આપણને સમજાવે છે કે **"પશ્યન્ ચક્ષુઃ શ્રૃણવન્ શ્રોત્રમ્"** (બૃહ.ઉપ.૧/૪/૭). જોવા લાગે એનું નામ જ ચક્ષુ છે. **"અપાણિપાદૌ જવનૌ ગ્રહીતાઃ"** (શ્વેતા.ઉપ.૩/૧૯). હાથ અને ચરણ નથી પરંતુ પકડી શકે છે, એટલા માટે હાથ પગ છે દોડી શકે છે એથી ચરણરૂપ છે, ત્યાં હાથનો અને સ્વરૂપનો ભેદ નથી જેમ આપણે આપણા હાથને કાપી શકીએ અલગ એવું નથી પ્રભુમાં બધું અપ્રાકૃતસામર્થ્ય છે એજ સામર્થ્ય પ્રભુની ઈન્દ્રિયરૂપથી કહેવામાં આવે છે. ગુણાત્મા જ છે પ્રભુ ગુણરૂપ જ છે પ્રભુ ગુણાધાર નથી. જેમ આપણામાં આપણે અને આપણો હાથ એવો ભેદ છે પરંતુ આવો પ્રભુમાં અને પ્રભુના અંગોમાં ભેદ નથી. અવ્યય હોવાના કારણે નિર્ગુણ હોવાના કારણે ગુણાત્મા હોવાના કારણે કૃત્સ્નપ્રજ્ઞાનઘન એક રૂપ છે. **"અવ્યયસ્ય અપ્રમેયસ્ય નિર્ગુણસ્ય ગુણાત્મનઃ"**.

**(સર્વોદ્ધારકતા કૃષ્ણાવતારની વિશેષતા)**

કૃષ્ણનું જે વ્રજમાં પ્રાકટ્ય થયું છે એ પ્રાકટ્ય શામાટે છે? **નૃણાં નિશ્રેયસાર્થાય** નિશ્રેયમાત્રને માટે થયું છે. **"અહન્યાપૃતં નિશિ શયાનમ્ અતિશ્રમેણ લોકં વિકુંઠમ્ ઉપનેષ્યતિ ગોકુલં સ્મ"** (ભાગ.પુરા. ૨/૭/૩૧). આ વ્રજભક્ત કોઈપણ સાધન નહીં કરી શકે આ વ્રજભક્તો પાસેથી કાંઈપણ અપેક્ષા રાખવી ખોટી છે. આ દિવસના કામ કરશે અને રાત્રિમાં થાકીને સુઈ જશે આમના દિવસના કામમાં તું આડો આવતો રહે આ રાતના સુતા રહે અને તું એમના સ્વપ્નમાં આવતો રહે. **"લોકં વિકુંઠમ્ ઉપનેષ્યતિ ગોકુલં સ્મ"**. આ જે તારું ગોકુલ છે એ વૈકુંઠરૂપ જ છે, બલ્કે વેકુંઠાધિક્ય છે જો તું પ્રકટ થઈ જાય તો. **"જયતિ તે અધિકં જન્મના વ્રજઃ"**. તારા વ્રજમાં જન્મવાથી આ વ્રજની શોભા છે. **"અહન્યાપૃતં નિશિ શયાનમ્ અતિશ્રમેણ"** દિવસે પોતાના કામમાં લાગેલા રાતે થાકીને સુઈજવાવાળા વ્રજના વાસીઓને એવો ઉત્કર્ષ છે કે જેવો **"દેવાઅપિ અસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાંક્ષિણઃ"** (ભગ.ગીતા. ૧૧/૫૨). ગીતામાં કહ્યું છે દેવતાઓ પણ આ રૂપના આ વ્રજના નિત્ય દર્શનની આકાંક્ષા રાખે છે. ઉદ્ધવજી જેવા પરમજ્ઞાની કહે છે : **"આસામહો ચરણરેણુજુષામ્ અહં સ્યાં વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્"** (ભાગ.પુરા.૧૦/૪૪/૬૨). ભક્ત તો અહીંસુધી કહે છે કે **"વરં વૃન્દાવનેઽરણ્યે શૃગાલત્વં ભજામ્યહમ્ ન તુ વૈશૈષિકીમ્ મુક્તિં પ્રાર્થાયામિ કદાચન"** (ન્યાયભૂ.પૃ.૫૯૪). નિર્ગુણ સ્થિતિમાં સ્થિત થવાને બદલે, આત્મામાં કૈવલ્યમાં અથવા પરમાત્મામાં સ્થિત થવાને બદલે વૃંદાવનમાં સિયાળની યોનિ મળે તો એ પણ મને મંજૂર છે. અહીં સુધી ભકત કહે છે કેમકે વૃંદાવનમાં પ્રભુના આ સ્વરૂપનું માહાત્મ્ય છે વૃંદાવનનું માહાત્મ્ય છે કે **"વ્રજવનૌકસાં વ્યક્તિઃ અંગ તે"**. આ વ્યક્તિ પ્રભુની અભિવ્યક્તિ આ વ્રજવાસીઓને માટે છે. કદાચ બીજા પણ જેટલા અવતાર થયા બધા પ્રભુના જ અવતાર છે. બધા અવતારોમાં પ્રભુએ પોતાના સ્વરૂપનો આનંદ તત્તદધિકારી ભક્તને કરાવ્યો પરંતુ કૃષ્ણાવતારની એક વિશેષતા છે કે જેમાં પ્રભુ કહે છે **"યે યથા માં પ્રપદ્યન્તે તાન્ તથૈવ ભજામિ અહમ્"** (ભગ.ગીતા.૪/૧૧). જે ભાવથી જે જીવ આવ્યો એને સ્વીકાર્યો, ન આવ્યો

તો બળજબરીથી દાનઘાટીપર એને રોકીને પકડ્યો **''યહી હમારો રાજ હે વ્રજમંડલ સબ ઠૌર તુમ હમારી કુમુદની હમ કમલ વદનકે ભૌંર નાગરી દાન દે''** (દાનલીલા) આ કૃષ્ણાવતારનું માહાત્મ્ય છે કે પ્રત્યેક ભક્તને મતલબ **''હૃષ્યત્ત્વચો અશ્રુઃ મુમુચુઃ તરવો યથા આર્યાઃ''** (ભાગ.પુરા.૧૦/૧૮/૯). વૃક્ષપર્યંતને નદીને પશુને પક્ષીને **''પ્રાયો બત અમ્બ! વિહગાઃ મુનયો વને અસ્મિન્ કૃષ્ણેક્ષિતં તદુદિતં કલવેણુગીતમ્''** (ભાગ.પુરા.૧૦/૧૮/૧૪) નિરુદ્ધ કર્યા છે. આ લીલાને માટે પ્રત્યેક પ્રાણીના પ્રત્યેક મનોરથના અનુરૂપ એને આનંદ આપવાનું વિલક્ષણ સામર્થ્ય કૃષ્ણાવતારમાં જ છે અન્ય કોઈ અવતારમાં નથી. પ્રભુનું સ્વરૂપ ભાવાત્મક છે પરંતુ ભાવોનો જેવો લહેરાતો સાગર કૃષ્ણમાં છે અને જેટલી વિવિધ પ્રકારની ભાવોની લહેર આ કૃષ્ણસાગરમાં ઉઠે છે એવી ક્યાંય અન્યત્ર નથી ઉઠતી; ભલેને કોઈ પુષ્ટિનો અવતાર માનવામાં આવે. અન્ય બધા અવતારોમાં પ્રભુએ ભક્તપર ઉપકાર કર્યો છે. ભક્તોને આ અભિમાન થયું કે ગર્વ થયો કે જેમ પ્રહલાદજી કહે છે કે ''નૃસિંહ અવતાર મારા માટે થયો'' પરંતુ કૃષ્ણાવતારની ખાસિયત આ છે કે બધી વ્યક્તિઓ એમ કહે કે **વ્રજવનૌકસાં વ્યક્તિઃ અંગ** તે અને આ વ્રજના માધ્યમથી માત્ર વિશ્વના જે પુષ્ટિભાવના પ્રાણી છે એ બધાને પ્રભુએ આશ્વાસન આપ્યું છે કે જો સાધનબળથી મુક્તિ આપી શકાય છે એવી વ્યવસ્થા કે મર્યાદા મેં સ્થાપિત કરી છે તેથી એ મર્યાદાને તોડવાનું પણ મારું સામર્થ્ય છે. જેમ કાલે મેં તમને બતાવ્યું કે જે મર્યાદા મેં સ્થાપિત કરી છે લોકમર્યાદા વેદમર્યાદા એ બધી મર્યાદાઓને તોડવાનું મારું સામર્થ્ય છે. યદ્યપિ રામાવતાર થયો નૃસિંહાવતાર થયો વામનાવતાર થયો બીજા અનેક અવતાર થયા પરંતુ જે ઈશ્વરીય મર્યાદા ઈશ્વરે સ્થાપિત કરી એને તોડવાનું સામર્થ્ય હશે બધા અવતારોમાં પરંતુ એમણે તોડી નથી. બધા પુષ્ટિજીવને જે કેવળ સ્વરૂપાસક્ત છે જે સૃષ્ટિ કેવળ ***''ભગવદ્રૂપસેવાર્થ''*** છે એ સૃષ્ટિને એ અવતારોથી એવુ આશ્વાસન નથી મળી શક્યું જેવું કૃષ્ણાવતારમાં આશ્વાસન મળ્યું છે. એથી ભક્ત કહે છે કે : **''કૌન રસ ગોપિન્ લીનો ઘૂંટ મદનગોપાલ નિકટ કર રાખે પ્રેમકામકી લૂંટ. નિરખિ સ્વરૂપ નન્દનન્દનકો લોક લાજ ગયી છૂટ. પરમાનન્દ વેદ સાગરકી મર્યાદા ગયી ટૂટ''** (પરમાનન્દદાસજી). મર્યાદાને

તોડવાનું જે પુષ્ટિનું સામર્થ્ય છે એ પ્રભુએ અન્ય અવતારોમાં પ્રકટ નથી કર્યું. સામર્થ્ય જરૂર હશે અસામર્થ્યનો તો પ્રશ્ન પેદા જ નથી થતો પરંતુ એ અવતારોમાં પ્રભુનો મૂડ એવો નથી કે સ્વયંની સ્થાપિત કરેલી મર્યાદાનું સ્વયં જ ઉલ્લંઘન કરે. આ તો એવી સ્થિીત પ્રભુએ સ્વીકાર કરી છે કે, આ વખતે એટલા સ્પોર્ટિંગ્ મૂડમાં પ્રભુ છે કે કામ ક્રોધ લોભ મોહ ભય દ્વેષ જેટલી પણ વૃત્તિઓની શાસ્ત્રએ નિંદા કરી છે એ બધી વૃત્તિઓથી પણ પ્રભુએ જીવને પ્રાપ્ત થઈને બતાવ્યું. દ્વેષની નિંદા કરી **"રાગદ્વેષવિયુક્તેસ્તુ વિષયાનિ ઈન્દ્રિયૈઃ ચરન્"** (ભગ.ગીતા.૨/૬૪). તો બોલ્યા કે "ચાલ દ્વેષથી પ્રાપ્ત થઈશ મારીસાથે દ્વેષ કરીને તો જુઓ! હું દ્વેષથી પણ પ્રાપ્ત થઈ શકું છું. કામની નિંદા કરી છે **"કામઃ એષઃ ક્રોધઃ એષઃ રજોગુણસમુદ્ભવઃ મહાશનો મહાપાપ્મા વિદ્ધિ એનમ્ ઈહ વૈરિણમ્"** (ભગ.ગીતા.૩/૩૭). ચાલ હું કામથી પણ પ્રાપ્ત થઈને બતાવીશ. જ્ઞાની લોકો રોતા રહે દેકારો કરતા રહે આ જે ષડ્વૈરી છે ષડરિપુ છે થતા હશે. પિકનિકના મૂડમાં છે ને પ્રભુ આ પિકનિક મૂડ છે. જે વખતે પિકનિક મૂડ આવ્યો તે વખતે કોઈ મર્યાદા ન જોઈએ. **"કામં ક્રોધં ભયં સ્નેહં ઐક્યં સૌહૃદમેવ વા નિત્યં હરૌ વિદધતે યાન્તિ તન્મયતાં હિ તે"** (ભાગ.પુરા.૧૦/૨૬/૧૫) અને જે જ્ઞાની છે એ તો બિચારા ડરી ગયા કે આ શું ચક્કર થઈ ગયું! ક્યાં ફરક પડી ગયો! જ્ઞાનને અમે અત્યાર સુધી સાધન માન્યું એનાથી પ્રભુ પ્રાપ્ત નથી થઈ રહ્યા અને આ કેવો મૂડ આવી ગયો કે બધાને નિંદિત સાધનોથી પણ પ્રભુ પ્રાપ્ત થઈ રહ્યા છે.

**(વ્રજલીલાનું વૈશિષ્ટ્ય)**

જેવો પિકનિક મૂડ પ્રભુનો છે આ અવતારમા એવો બીજા અવતારોમાં નથી આવ્યો. **"હિ હી હી હીંકારાન્ પ્રતિપશુ વને કુર્વતિ સદા નમદ્ બ્રહ્મેશેન્દ્રપ્રભૃતિષુ ચ મૌનં ધૃતવતિ"** (શ્રીપરિવૃઢા.૩). ગાયોની પાછળ જેમ ગોવાળ દોડે છે 'હી-હી' કરીને ગાય તો બોલી ન શકે પરંતુ આ ગાયોના નામ લઈ-લઈને બોલાવે છે જે કે નિતાંત અજ્ઞાની પ્રાણી છે અને બ્રહ્માજી અને બીજા દેવતાઓ ઋષિ-મુનિઓ સ્તુતિ કરે તો એ તરફ જોવાનો પણ મૂડ નથી, કેમકે એ તો રુટીન્ છે એમાં શું જોવું! આ વખતે તો કાંઈક એવોજ પિકનિકનો મૂડ છે હવે ચાહે જે પણ હોય પરંતુ આપણે તો રુટીન્થી હટીને આ વખતે

પિકનિકના મૂડમાં આવ્યા છીએ. વ્રજને જેવું ઠાકોરજીએ પિકનિકસ્પોટ માન્યું એવું કોઈને નથી માન્યું, 'બ્રહ્માંડનાયક!' કહેવાથી ઠાકોરજીને એ મજા નથી આવતી જેવી 'વ્રજાધિપ!' કહેવામાં આવે. **"વ્રજરાજ વિરાજત ઘોષવરે વરણીય મનોહરરૂપધરે ધરણીરમણીરમણૈક પરે"** (રાજ.આર્યા.૧). પૃથ્વીપર પધારીને વ્રજમાં રમણ કરવાનું જેવું રૂપ થયું કે જેટલા પણ દોષ જીવનમાં ભરેલા હતા એ બધા દોષોને **"અસાધનમપિ સાધનં કરોતિ"** (ત.દી.નિ.પ્ર.૧/૧) અને ***"સાધનં અસાધનં કરોતિ"***. જે સાધન ન હતા એવી બધી વસ્તુઓને સાધન બનાવી દોષનું હનન કેવીરીતે કર્યું **વૃજિનહન્ત્ર્યલં** કેવી રીતે શાસ્ત્રએ જેને દોષ માન્યો પ્રભુએ કહ્યું "ચાલો ઓલરાઈટ દોષ માન્યો છે ને! હું મારા પુષ્ટિના સામર્થ્યને પ્રકટ કરું તો આ દોષ જ ગુણ છે." જેને-જેને દોષ ગણાવ્યા શાસ્ત્રે એને ગુણરૂપથી પ્રકટ કરી દીધા, એની ગુણરૂપતા બનાવી જે-જેની ગુણરૂપતા બતાવી શાસ્ત્રે એમને કહ્યું કે રુટીન્‌ના વખતે જોયું જશે વૈકુંઠાધિપતિના ડિપાર્ટમેન્ટમાં, અહીં તો અત્યારે વ્રજાધિપનો ડિપાર્ટમેન્ટ ચાલી રહ્યો છે આમાં રૂટીનની જરૂરત નથી. **"કૌન રસ ગોપિન લીનો ઘૂંટ... પરમાનન્દ વેદસાગરકી મર્યાદા ગઈ ટૂટ"** આથી કહે છે **ઈયં તે વ્યક્તિ વ્રજવનૌકસાં વૃજિનહન્ત્રી પાપનાશિકા** અહીં ગોપિકાઓના બહાનાથી પુષ્ટિનો સિદ્ધાંત પ્રભુએ સ્થાપિત કર્યો.

### (અર્જુનના બહાનાથી ગીતોક્ત સિદ્ધાંત પ્રકટ કર્યો)

જેમ અર્જુનના પ્રશ્નના બહાનાથી પ્રભુએ ગીતાનો સિદ્ધાંત પ્રકટ કર્યો ત્યાં એમ ન સમજવું કે પ્રભુની સામે કેવળ અર્જુન છે. કેવળ અર્જુન હોત તો ચર્ચા આટલો સમય ન ચાલત! બે ચાબખા મારત અને કહેત કે "જે કહી રહ્યો છું એ કર." જે વાત આટલા વિસ્તારથી કહેવી હતી અરે શું જરૂરત હતી અર્જુનને આટલા વિસ્તારની! અઢાર અધ્યાયમાં ગીતાના અર્જુનને નિરૂપણ કરવાની પ્રભુને શું જરૂરત પડે છે! જે **"શય્યાસનાટનવિકત્થનભોજનાદિષુ ઐક્યાદ્ વયસ્ય ઋતવાનિતિ વિપ્રલબ્ધ"** (ભાગ.પુરા.૧/૧૫/૧૯) જેના આટલા સંબંધ છે તે એક શૈયાપર સુઈ શકે એક થાળીમાં ખાઈ શકે એક બીજાને **"હે કૃષ્ણ! હે યાદવ! હે સખા! ઈતિ"** કહી શકે એવા જેના ઘનિષ્ઠ સંબંધ એને ગીતા ઉપદેશ વ્યાજથી કહેવી પડે! કાન પકડીને કહેત કે "ચાલ

પછી વિચાર કરજે અત્યારે તો જેમ હું કહી રહ્યો છું તેમ કર.'' એ વાતને અર્જુન શું ના પાડી દેત! અર્જુનમાં શું આટલી તાકાત નહોતી કે ભગવાનના સ્નેહના આગ્રહથી ન કરી શકે! જો ભગવાન્ કહી દેત કે ''ચાલ મારી નાખ પહેલા પછી જોયું જશે'', તો શું અર્જુનને ભગવદાજ્ઞાની વધારે આવશ્યકતા હતી કે એના **''સ્વજન હિ કથં હત્વા સુખિનઃ શ્યામ માધવ! યદ્યપિ એતે ન પશ્યન્તિ લોભોપહતચેતસઃ કુલક્ષયકૃતં દોષં મિત્રદ્રોહે ચ પાતકમ્ કથં ન જ્ઞેયમ્ અસ્માભિઃ પાપાદ્ અસ્માદ્ નિવર્તિતું કુલક્ષયકૃતં દોષં પ્રપશ્યદ્ભિઃ જનાર્દન! કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતાનાઃ ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમ્ અધર્મો અભિભવતિ ઉત અધર્માભિભવાત્ કૃષ્ણ! પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ. સ્ત્રીષુ દુષ્ટાષુ વાર્ષ્ણેય! જાયતે વર્ણસંકરઃ સંકરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ. પતન્તિ પિતરો હ્યેષાં લુપ્તપિંડોદક ક્રિયાઃ દોષૈરેતૈ કુલઘ્નાનાં વર્ણસંકરકારકૈઃ''** (ભગ.ગીતા. ૧/૩૭-૪૩). આ જ્ઞાનમાં શું પડત! જે વખતે ભગવાન્ પોતાની દોસ્તીના આગ્રહથી કહેત કે ''ચાલ હું કહી રહ્યો છું તીર ચલાવ.'' તો આ બધું જ્ઞાન ચાલી શકત શું! અર્જુન તો બહાનું હતું પ્રભુએ પણ જોયું કે ''ચાલો મારો આ સિદ્ધાંત મારો દોસ્ત સાંભળવા માગી રહ્યો છે તો એના બહાનાથી વ્યક્ત થઈ જવા દો બધાના કામમાં આવી જશે.'' અને આ ઉપદેશની સાર્થકતા રહી ગઈ આમાં જેવો મૂડ નભશે કેમકે પોતાના દોસ્તને વાત કહેવામાં જે મૂડ બને છે તે ગામને કહેવામાં થોડો જ આવે! ગામને કહેવામાં તો એ મૂડ ન આવત પરંતુ કહેવું તો ગામને જ હતું ગામને કહેવું હતું પરંતુ ગામને આટલા પ્રેમથી કહી શકાય શું આ ગીતાનો ઉપદેશ! **''પાર્થો વત્સ સુધીઃ ભોક્તા દુગ્ધં ગીતામૃતં મહત્''** (ભગ.ગીતા.મહા.). આ જે ગીતાનો વત્સ હતો એ પાર્થ જ હતો. પાર્થ વત્સ હતો પાર્થને માટે જ દોહવામાં આવ્યું પરંતુ વત્સના લીધા પછી દૂધ તો બધાને મળે ને! ગાયના થનમાં જે દૂધ પેદા થાય તે કોનામાટે હોય? પોતાના વાછડાના માટે પેદા થાય વાછડું સામે બાંધેલું હોય અને ગાય દૂધ આપી દે વાછડું દૂધ પીએ અને બચેલું ગામ પીવે. એમ ગીતાનું જે દૂધ હતું એ પ્રભુએ આપ્યું તો અર્જુનને પરંતુ પીધું બધાએ.

**(વ્રજલીલાનું રહસ્ય)**

આ જ પ્રકારથી વ્રજલીલામાં એક સીધીજ વાત તમને બતાવું જે

સ્વયં શ્રુતિરૂપા છે, જે સ્વયં ઋષિરૂપા છે એ જો તામસ પણ થઈ ગઈ તો એમનું શું બગડ્યું! જેમ ભગવાનની એક લીલા હતી તેમ જ એમની પણ આ એક લીલા છે આ તો આપણા માટે એક આશ્વાસન છે કે નહીં! જો તમારામાં માદ્દા હોય તો આવો સંબંધ પણ પ્રભુની સાથે સ્થાપિત થઈ શકે છે. સંબંધ સ્થાપિત કરવાનો માદ્દા હોવો જોઈએ. આ સંબંધ સ્થાપિત થઈ શકે છે. એ આપણને એક ઉદાહરણ આપ્યું. જેમ ગીતાનો ઉપદેશ ભગવાને અર્જુનના માધ્યમથી આપ્યો અને આ તો સ્વયં શ્રુતિરૂપા જ છે જો લીલા ન કરત તો પણ લીલા તો અનવરત ચાલતી રહેતી. આમના તામસત્વ હોવાથી આમનું કાંઈ બગડતું નથી. આમના સાત્ત્વિક હોવાથી આમનો કોઈ ઉત્કર્ષ નથી. આ તો નિત્યસિદ્ધાઓમાંથી આવેલા છે નિત્ય પ્રભુની સાથે નિત્યવિહાર કરવાવાળા વ્રજભક્ત છે. આમના તામસ હોવાથી આમનું શું બગડી શકે છે! અથવા આમના સાત્ત્વિક હોવાથી આમનો કયો ઉત્કર્ષ થઈ શકે છે! આમના કયા વૃજિન હતા જે પ્રભુને ખતમ કરવા પડે! આમનામાં વૃજિન છે જ નહીં અને જો વૃજિન છે તો અંગીકાર કરેલા વૃજિન છે કે ચાલો આજે વૃજિન અંગીકાર કરશું અને તમે દૂર કરો. જેમ ખેલમાં એક બાળક ચોર બની જાય અને એક બાળક સિપાહી બની જાય સિપાહી ચોરને પકડી લે. જે બાળક ચોર બન્યો તો શું એ હકીકતમાં ચોર છે! એ ચોર નથી એણે ચોરી કરી છે એ વાત તો સાચી છે પરંતુ એ ચોર ન ચોર છે અને ન સિપાહી સિપાહી છે. એ જે સિપાહી બની રહ્યો છે એથી એ લીલાનો કોઈ એક લીલાત્મક ઉત્કર્ષ છે અને જે ચોર બની રહ્યો છે એનાથી કાંઈક લીલાત્મક અપકર્ષ છે? આ તો લીલા છે પરંતુ આપણે ત્યાં ખરેખર આ સ્થિતિ છે જો કૃષ્ણ આ પ્રકારના સંબંધ સ્થાપિત ન કરે તો આપણા જેવા જીવોને જે રૂપસેવાર્થ સૃષ્ટિ છે જેનામાં સાધનબળ નથી સાધનાભિમાન નથી એ જો પ્રભુ આ પ્રકારથી આશ્વાસન ન આપે તો કેવીરીતે ભગવદભિમુખ થઈ શકશે!

આટલાજ માટે આચાર્યચરણ કહે છે **"કૌંડિન્યો ગોપિકા પ્રોક્તા ગુરવઃ સાધનં ચ તદ્‌ભાવો"** (સંન્યા.નિ.૮). આમાં કોઈ વૃજિન નથી આમણે તો વૃજિન આપણા માટે સ્વીકાર્યું છે. એમના વૃજિન સ્વીકારવાથી પુષ્ટિજીવોની સાથે મતલબ આમણે ભગવાનની  સાથે એક પ્રકારની છૂટ લઈ લીધી કે પ્રભુ

અવતીર્ણ થવાના છે તો ચાલો આપણે વૃજિન સ્વીકાર લઈશું. અમે તામસભાવ સ્વીકારી લઈશું જોઈએ હવે પ્રભુ શું કરે છે! જ્યારે પ્રભુ અવતીર્ણ થવાના હતા તો આ ગોપિકાઓએ આપણા પર કૃપા કરવામાટે તામસભાવ અંગીકાર કર્યા છે. સાત્ત્વિકભાવ રાજસભાવ અંગીકાર કર્યા છે જેથી આપણી જે વૃત્તિઓ રાજસ તામસ સાત્ત્વિક છે એને આશ્વાસન મળી જાય. આ એજ વખતે હતું એવી વાત નથી એક વખત ઉદાહરણ મળી જાય તો બધાને છૂટ મળી જાય ને! ઉદાહરણ ન મળે તો શ્રુતિ તો કહે છે : **''નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન યમેષૈવ વૃણુતે તેન લભ્યઃ તસ્યૈવ આત્મા વિવૃણુતે તનું સ્વામ્''** (કઠોપ.૧/૨/૨૩) એના તો અનર્થ કરી શકાય છે પરંતુ લીલાનો અનર્થ કેવીરીતે કરશો! લીલાનો અનર્થ નથી થઈ શકતો વધારેમાં વધારે લીલાને તમે છુપાવી શકો છો પરંતુ લીલાનો અનર્થ કેવીરીતે થશે! વધારેમાં વધારે તમે એમ કહેશો કે લીલા મિથ્યા છે માયિક છે પરંતુ લીલા છે જ નહીં એમ તો નહીં કહી શકો. અહીં રહસ્ય ખુલી જાય છે પછી જો આ લીલા માયિક પણ છે તો છે! આ લીલા થઈ છે માયાથી થઈ ચાહે પ્રભુના આનંદ સ્વભાવથી થઈ ચાહે પ્રભુની કૃપાશક્તિના કારણે આ લીલા થઈ. લીલા થઈ તો ભગવદ્રૂપસેવાર્થ રૂપસેવાને માટે જે પુષ્ટિસૃષ્ટિ પેદા થઈ છે એના વૃજિન ચાહે જેટલા પણ છે તે દૂર થશે. **''અપરાધસહસ્રભાજનં પતિતં ભીમભવાણર્વોદરે અગતિં શરણાગતં હરે કૃપયા કેવલમ્ આત્મસાત્ કુરુ''** (આળવન્દારસ્તો.૫૧). જો તું મારા પર દયા નહીં કરે તો તને મારા જેવો દયનીય કોઈ મળશે જ નહીં અને આપણે જે દયનીય છીએ આપણી સ્થિતિ આમણે સ્વીકારી અને સ્વીકારીને આ માર્ગ પ્રશસ્ત કર્યો. આમણે આ માર્ગપર ચાલીને પગદંડી બનાવી છે આપણને તૈયાર પગદંડી મળી છે આનાપર આપણે નિર્ભય થઈને ચાલી શકીએ છીએ પ્રભુની સાથે આ સંબંધ સ્થાપિત થઈ શકે છે.

વ્રજલીલા પ્રકટ ન થાત તો **''નમદ્ બ્રહ્મેશેન્દ્રપ્રભૃતિષુ ચ મૌનં ધૃતવતિ''**. નમસ્કાર કરીને સ્તુતિ કરી રહેલા જે બ્રહ્માદિકોની આગળ મૌન થઈ જાય એવા પ્રભુ એમને આવી રીતે જોવાનું સાહસ થઈ શકે! જીવનું જોવાનું સાહસ પણ નથી થઈ શકતું. જાપાનમાં જ્યારે રાજાશાહી હતી ત્યારે એવો નિયમ હતો કે રાજાને જોઈ નહોતો શકાતો માથું નીચે રાખીને ઊભું રહેવું પડતું.

જુઓ તો સજા મળતી આટલો કઠોર નિયમ હતો. જ્યારે આટલા ક્ષુદ્ર રાજાઓના આવા નિયમ હોય તો બ્રહ્માંડનાયકના તરફ જોવાની કોની હિંમત પડે! આમણે જોઈને નહીં પરંતુ મારીપીટીને ગાળ દઈને પણ પુષ્ટિજીવોને આટલી હિંમત અપાવી દીધી જે તમારો માદ્દા હોવો જોઈએ સ્નેહ હોવો જોઈએ તમે તામસભાવથી આને ગાળ પણ આપી શકો **કિતવ** પણ કહી શકો છો **કુહક** પણ કહી શકો છો અને એવું કરવામાં જો કોઈ પાપ લાગશે તો એની ચિંતા તમે શામાટે કરો છો! **"અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ"** (ભગ.ગીતા.૧૮/૬૬). એ પાપનો હિસાબ એ ખુદ ચુકવશે.

બાળક હોય ખર્ચા કરતો હોય અને બાપ વાત્સલ્યયુક્ત હોય તો જ્યારે બાળક ખર્ચો કરી આવે તો બાપ ચુકવતો રહે છે કે નહીં! એમ તમે થોડાઘણા પાપ કરીને પ્રભુને ગાળ પણ દેશો તો એનું જે ખાતું છે જે એને ઓફિશિયલ્ રિકોર્ડ મેન્ટેન કરવા પડતા હશે એ પ્રભુ ચુકવી દેતા હશે કે "ભઈ આ મારા ખાતામાં માંડજો."

એવું કહે છે કે જે વખતે સ્વરાજનું આંદોલન ચાલતું હતું તે વખતે ...એ સ્વરાજફંડમાંથી કેટલા હજાર રૂપિયાની શરાબ પીઈ લીધી. ગાંધીજી ફંડના ટ્રસ્ટી હતા એમની પાસે ફરીયાદ થઈ કે "સ્વરાજ ફંડમાંથી કોઈ મોટા નેતાએ આટલાની શરાબ પી લીધી." ગાંધીજીએ કહ્યું "આને સ્વરાજફંડમાં જ માંડો અરે સ્વરાજનો સંઘર્ષ તો કરી રહ્યા છે શરાબ પીઈ લીધી તો પીઈ લીધી." ગાંધીજીએ એને શરાબખાતામાં ન મંડાવ્યું સ્વરાજખાતામાં જ મંડાવ્યું સ્વરાજ પ્રાપ્તિમાં આ ખર્ચ થયો.

આવીજ રીતે આપણે કોઈક કામ ક્રોધ લોભ મોહ મદ માત્સર્યની જે શરાબ પી રહ્યા છીએ એને ઠાકોરજી કહેશે કે આને સ્વરાજ ખાતામાં જ ચડાવો. કેમકે કામ કરવું છે પુષ્ટિનું કામ મર્યાદાથી સ્વરાજ સ્થાપિત કરવાનું કરવું છે તે જેમ થશે તેમજ તો થશે. જ્યારે પુષ્ટિનું કામ કરવું છે તો બધા પ્રકારના જીવોને સહન કરવા પડશે આ સ્વરાજ ખાતું છે કે જેમાં **"વ્રજવનૌકસાં વ્યક્તિરંગ તે વૃજિનહન્ત્ર્યલં વિશ્વમંગલમ્"**. વિશ્વને માટે મંગલરૂપ છે પરંતુ અમારે માટે તો **દોષનિવર્તકં વિશેષાકારેણ અસ્માકમેવ** ગામને માટે તું મંગલરૂપ હશે પરંતુ અમારા દોષ જો તું નિવર્તન નહીં કરે તો બીજા કોઈની તાકાત નથી કે

અમારા દોષ નિવર્તન કરે **ગુણાધાયકં સર્વેષામ્** બીજા બધામાં તું ગુણાધાન કરતો રહે પરંતુ અમારા દોષનું નિવર્તન તો તું જ કરી શકે છે, કેમકે આ તારો અવતાર અમારા માટે જ છે અને અમે એવા દરદી છીએ કે તારા સિવાય બીજા કોઈથી સ્વસ્થ પણ નથી થઈ શકતા.

**(પુષ્ટિભક્તોનું સ્વરૂપ=ત્વત્સ્પૃહાત્મના)**

**ત્યાગાવશ્યકત્વે હેતુઃ** અરે ભઈ! અમારા જ દરદી તમે શામાટે થાઓ છો બધા દુનિયામાં બીજા ઘણા ચિકિત્સક છે. આના જવાબમાં કહે છે **ત્વત્સ્પૃહાત્મનામ્ ઈતિ ત્વય્યેવ સ્પૃહાયુક્ત આત્મા અન્તઃકરણં યાસામ્,** મતલબ બીમાર રહીએ તો પણ તારી જ સ્પૃહા છે, મરી જઈએ તો પણ તારી જ સ્પૃહા છે, અને સાજા થઈ જઈશું તો પણ તારી જ સ્પૃહા છે, અમને કોઈ બીજી ચિકિત્સાની સ્પૃહા નથી. તારા સિવાય ન કોઈ દવાની સ્પૃહા છે અને ન સાજા થવાની સ્પૃહા છે અને જો કોઈ સ્પૃહા છે તો એ છે તારી સ્પૃહા.

વૃત્રાસુર કહે છે **''અજાતપક્ષાઈવ માતરં ખગાઃ સ્તન્યં યથા વત્સતરાઃ ક્ષુધાર્તા પ્રિયં પ્રિયેવ વ્યુષિતં વિષણ્ણા મનો અરવિંદાક્ષ! દિદક્ષતે ત્વામ્''** (વૃત્રા.ચતુ.૩). જેમ ચકલીનું બચ્ચુ માળામાં બેઠું રહે એને કાંઈ ખબર જ નથી કે દાણો ક્યાંથી આવ્યો અને કોણ ખવડાવે અને ચકલીને કોણજાણે કેટલી વખત કાગડાઓથી બચવું પડતું હશે કેટલી વખત ખેતરનો રખવાળો એને પત્થર મારીને ડરાવતો હશે એ બધું આ બચ્ચાને શું ખબર. માળામાં બેઠેલા એને તો એટલી ખબર છે કે સવાર થઈ અને સાંજ સુધી ક્યારેકને ક્યારેક માઁ આવશે અને ચુગ્ગી ભરીએ દાણા લાવશે અને મને ખવડાવશે. પોતાની માઁના સ્તનની વાછડું જેમ પ્રતીક્ષા કરતું રહે છે પોતાનો પતિ જેમ પરદેશ ચાલ્યો ગયો હોય એની પતિવ્રતા સ્ત્રી જેમ ઝરોખામાં બેસીને વાટ જોતી રહે આ પ્રકારથી મારું મન તને જોતું રહે. **ત્વત્સ્પૃહાત્મના** થઈ ગયા છે.

પુષ્ટિભક્તનું સ્વરૂપ જો કોઈ એક વાતમાં વ્યક્ત કરી શકાતું હોય તો ત્વત્સ્પૃહામાં આપણું આખું સ્વરૂપ વ્યક્ત થઈ ગયું **''ભગવદ્રૂપસેવાર્થં તત્ સૃષ્ટિ નાન્યથા ભવેત્''** (પુ.પ્ર.મ.૧૨). ભગવત્-સ્વરુપાસક્તિને માટે જ આ સૃષ્ટિ છે અને આનું કોઈ બીજું પ્રયોજન નથી બીજી કોઈ સ્થિતિનું કારણ પણ નથી. જો ભગવત્સ્વરૂપાસક્તિ ન થઈ તો સમજી લો કે એ જીવ પુષ્ટિ-સૃષ્ટિનો નથી

કોઈ અન્ય સૃષ્ટિમાંથી આ સૃષ્ટિના કુળમાં જન્મી ગયો છે. અહીંનો જીવ તો એજ છે જેને ભગવત્સ્વરૂપાસક્તિ છે બીજી બધી પંચાત હોઈ શકે છે.

જો ભગવત્સ્વરૂપાસક્તિ છે તો એવા ભક્તના પાપોને ***વૃજિનહન્ત્ર્યલં*** બનીને બધું ખાતુ એ ચુકવશે. ભગવાન્ આ કહી શકે છે **"અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્ સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ. ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ કૌન્તેય! પ્રતિજાનિહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ. માં હિ પાર્થ! વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુ પાપયોનયઃ સ્ત્રિયો વૈશ્યાઃ તથા શૂદ્રાઃ તેઽપિ યાન્તિ પરાં ગતિમ્"** (ભગ.ગીતા.૯/૩૦-૩૨). ભગવાન્ સ્વયં પ્રતિજ્ઞા નથી કરી રહ્યા કે મારા ભક્તનો ક્યારેય નાશ નહીં થાય અર્જુનને કહી રહ્યા છે કે તું પ્રતિજ્ઞા કર ગામને સામે જઈને કે કૃષ્ણના ભક્તનો ક્યારેય નાશ નહીં થાય ચાહે જેવો હોય તામસ હોય રાજસ હોય સાત્ત્વિક હોય તામસમાં તામસ હોય. **"કૌન્તેય પ્રતિજાનિહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ"**. જો મારો ભક્ત છે તો એનો નાશ નથી આ વાત પત્થરપર લખવામાં આવેલી ધ્રુવ સત્ય છે. બ્રહ્માંડના નિયમ ટળી શકે પરંતુ આ નિયમ ન ટળી શકે **વૃજિનહન્ત્ર્યલં વિશ્વમંગલમ્.** કેમ જે કૃષ્ણભક્ત છે તે સ્વરૂપાસક્ત છે કૃષ્ણનું સ્વરૂપ એવું છે કે એ તમને મુક્તિમાં સ્પૃહા રાખવા નહીં દે, એ ભુક્તિની સ્પૃહા તમને રાખવા નહીં દે જો કૃષ્ણના તમે પુષ્ટિભક્ત હો સીધોજ મતલબ આનો આ છે કે તમને સ્વરૂપાસક્તિ છે જો સ્વરૂપાસક્તિ નથી તો સમજી લો કે તમે કૃષ્ણના પુષ્ટિભક્ત નથી તમે કોઈના પણ ભક્ત હોઈ શકો છો તમારા મનમાં કૃષ્ણના કોઈક બીજા અર્થ હોઈ શકે છે પરંતુ કૃષ્ણના તમે ભક્ત તો નથી જો તમારામાં સ્વરૂપાસક્તિ નથી; અને જો કૃષ્ણના ભક્ત છો તો સ્વરૂપાસક્તિ જ એકમાત્ર લક્ષણ છે એજ એક સિસ્ટમ્ છે. **ત્વત્સ્પૃહાત્મનઃ** તમારું સ્વરૂપ તમારું એસેન્સ્ તમારું કેરેક્ટર બસ એક આમાંજ પરિભાષિત થઈ જાય કૃષ્ણસ્પૃહા છે તો પુષ્ટિ છે, કૃષ્ણસ્પૃહા નથી તો પુષ્ટિ નથી. **"ઉનકી મરજી નહીં હે તો ક્યા દેં તૂલ દાસ્તાં ખત્મ એક આહમેં હે"**. વધારે સાંભળવી હોય તો બધી વાત સાંભળો અને ન સાંભળવી હોય તો એક નિઃશ્વાસ આપણે છોડશું અને બધી વાત વ્યક્ત થઈ જશે. એક કૃષ્ણસ્પૃહાના નિઃશ્વાસમાં આખો પુષ્ટિનો ભાવ વ્યક્ત થઈ જાય છે. એક કૃષ્ણસ્પૃહાનો નિઃશ્વાસ નથી તો બધી કથા કહેતા રહો બધી વ્યર્થ.

**કિં ત્યક્તવ્યમ્ ઇતિ આશંકાયામ્ આહ સ્વજન...ઇતિ.** કહે છે તમે વ્રજના વનના જીવોને માટે પ્રકટ થયા છો વિશ્વમાં તમે મંગલ કરતા હશો, પરંતુ તમે તો અમારા પાપોને દૂર કરવાવાળા છો દોષોને દૂર કરવાવાળા છો અને અમે તમારી સ્પૃહાળુ છીએ પ્રભુ અમને છોડો નહીં. ગોપી ખુદ કૃષ્ણના સંવાદને બોલે છે કોને છોડું તો કહે છે કે એક વસ્તુને છોડી દો **સ્વજનાનાં ગોપિકાનાં હૃદ્રુજાં હૃદયરોગાણાં કામરૂપાણાં યદેવ નિષૂદનં ભવતિ નિતરાં સૂદનં નાશનં યસ્માત્.** આ અમારા હૃદયમાં જે તાપ તેં જગાવ્યો છે એ તાપને ખતમ કરી દે, અમને છોડ નહીં.

**કેષાંચિત્ પાપનાશક કેષાંચિત્ ફલદાતા તાદૃશો અસ્માકં રોગનિવર્તકૌ ભવતુ ઇતિ.** અમે તો અમારા પાપનાશનની પ્રાર્થના નથી કરતા પાપ અમે નરકમાં પણ ભોગવવા તૈયાર છીએ, એનામાટે અમે તારાથી કોઇ છૂટ નથી માગતા. અમે જો પાપ કર્યા છે એને અમે નરકમાં ભોગવવામાટે તૈયાર છીએ.

તાતજી મહારાજના જમાનામાં વૃંદાવનના એક બાબાજી આવતા હતા સારા ભક્ત હતા એમને એમજ ઠાકોરજીની આજ્ઞા થઇ જતી હતી જ્યારે તેઓ અહીં આવ્યા તો એમણે તાતજી મહારાજને કહ્યું કે ''અમને આ મંદિરમાં બંધ કરી દો.'' તાતજી મહારાજે બહુ સમજાવ્યા પરંતુ તેઓ માન્યા નહીં અને બંધ થઇ ગયા અને કહ્યું કે ''હવે મને પીટો.'' પોતાની પિટાઇ કરાવી હવે કોણજાણે એમના શું પાપ હતા કાં તો એવું હશે કે કૃષ્ણ એમની પિટાઇ જોવા માગતા હશે! શું વાત હતી શું નહોતી અમને બરાબર યાદ નથી બચપણની વાત છે.

ભક્ત તો પોતાના પાપ સ્વયં ભોગવવા માટે તૈયાર છે. ભક્ત ક્યારેય પ્રભુપાસે આ નથી કહેતો કે ''તું મારા પાપ માફ કર.'' ભક્ત તો આ માગે છે કે ''તું અમારા તાપ દૂર કર'' અને એ તાપ કયા છે સંસારના તાપ નથી, ત્વત્સ્પૃહાના જે તાપ છે, ત્વત્સ્પૃહાજન્ય જે તાપ છે એ તાપોને દૂર કરી દે બસ આટલી જ માગણી છે બીજી કોઇ માગણી નથી. પાપના હિસાબને અમે ભોગવવા માટે તૈયાર છીએ પુણ્ય અમારે જોઇતું નથી, નહીંતર પુણ્ય અમે કરી શકીએ એવી સ્થિતિ અમારી છે નહીં શું કરીએ લાચાર છીએ. **અસ્માકં હૃદયે સ્થાપિતં બહિ સ્થાપય.** અમારો એક તાપ છે પરંતુ કથંચિત તું તારા ચરણને તારા મુખારવિંદને તારા સ્વરૂપને બહિ સ્થાપિત કરી દે તો અમારો તાપ દૂર થઇ

જાય આટલી જ અમારી પ્રાર્થના છે. આનાથી વધારે પ્રાર્થના પુષ્ટિમાર્ગમાં દોષાવહ છે. કોઈ કહે કે પાપનાશ કરજો કોઈ કહે કે મને આ ફળ આપજો, અમને તો બસ આટલું જ છે કે **તાદૃશો અસ્માકં રોગનિવર્તકો ભવતુ ઈતિ.** જે અમારો હૃદયનો તાપ છે એનું નિવર્તન તું કરી દે તો અમારી બધી વાતો એમાં આવી ગઈ.

***

## || શ્લોક : ૧૯ ||

**ઉત્થાનિકા :**

**કાચિદ્ રાજસ-તામસી સખેદમ્ આહ યત્તે ઈતિ :**

**યત્તે સુજાતચરણામ્બુરુહં સ્તનેષુ**
**ભીતાઃ શનૈઃ પ્રિય દધીમહિ કર્કશેષુ ||**
**તેનાટવીમ્ અટસિ તદ્ વ્યથતે ન કિંસ્વિત્**
**કૂર્પાદિભિઃ ભ્રમતિ ધીઃ ભવદાયુષાં નઃ ||૧૯||**

||ઈતિ શ્રીભાગવતે મહાપુરાણે દશમસ્કન્ધે અષ્ટાવિંશતિતમો અધ્યાયઃ||

**સુજાતં યચ્ચરણામ્બુરુહં ચરણકમલં ભીતાઃ સત્યઃ સ્તનેષુ શનૈઃ દધીમહિ. શનૈઃ ધારણે હેતુઃ કર્કશેષ્વિતિ. 'પ્રિય!' ઈતિ સમ્બોધનાત્ સ્નેહાદ્ ધારણમ્. સુજાતમ્ ઈતિ, તથા મહત્ સમ્યકપ્રકારોત્પન્નં શીતલં સુગન્ધિ તાપનાશકં ભવતિ અતઃ સ્તનેષુ સ્થાપનમ્. પ્રિયત્વાદ્ ધાર્ષ્ટ્યેન સ્થાપનમ્. તેનૈવ અતિકોમલેન અસ્માન્ ત્યકત્વા અસ્મદ્ દોષેણ ઈદાનીમ્ અટવીમ્ અટસિ! સ્વયમ્ અદુઃખેન સ્થિત્વા યદિ અન્યસ્મૈ દુઃખં દાતું શક્નુયાત્ તર્હિ પ્રયચ્છેત્, નતુ સ્વયમપિ દુઃખં પ્રાપ્ય. તત્ર અસ્માકં સન્દેહઃ કિં વ્યથતે ન વા ઈતિ. સ્વિદ્ ઈતિ ઉત્પ્રેક્ષાયાં-કિં ન વ્યથતે! અપિતુ વ્યથતએવ. કૂર્પાદિભિઃ શર્કરાદિભિઃ, 'કૂર્પ'શબ્દેન વિષમાઃ શર્કરા ઉચ્યન્તે. તર્હિ વ્યથતએવ, કથમ્ ઉત્પેક્ષ્યતે, તત્ર આહ ભ્રમતિ ધીઃ ઈતિ, બુદ્ધિઃ કેવલં પરિભ્રમતિ. યદિ વ્યથતે ઈતિ નિશ્ચયઃ સ્યાત્ તદા બુદ્ધિઃ શાન્તૈવ ભવેત્, પુનઃ યદ્ આયાતિ તેન સન્દેહઃ. તત્ર હેતુ ભવદાયુષામ્ ઈતિ, ભવલ્લીલાર્થમેવ આયુઃ યેષામ્. પૂર્વન્તુ ખેદેન મનઃપીડા નિરૂપિતા, ઈદાનીન્તુ મૂર્ચ્છા નિરૂપ્યતે ઈત્યન્તસ્થિતિઃ. એવં સર્વાસાં મૂર્ચ્છાપર્યન્તં સ્થિતિઃ જ્ઞાતવ્યા-પુનઃ લીલાપ્રવેશે પ્રલાપઃ, પુનઃ સ્વરૂપસ્થિતૌ ગાનમ્ ઈતિ. એવં સાધનપરીક્ષયોઃ યાવત્ તાવત્ તાસાં તાપો નિરૂપિતઃ||૧૯||**

**સુજાતં યચ્ચરણામ્બુરુહં ચરણકમલં ભીતા સત્ય સ્તનેષુ શનૈઃ દધીમહિ. શનૈઃ ધારણે હેતુ કર્કશેષુ ઈતિ. પ્રિય! ઈતિ સમ્બોધનાત્ સ્નેહાદ્ ધારણમ્.** અમે આ ચરણોને હૃદયમાં પધરાવ્યા તો હૃદયની જે રુક્ષતા હતી તે અંદરથી નષ્ટ થઈ ગઈ હૃદયની જે કર્કશતા હતી તે અંદરથી નષ્ટ થઈ ગઈ, પરંતુ બહાર તો હજી

કર્કશતા છે એટલા માટે અમને આ ચરણોને વક્ષપર પધરાવવામાં બહુ સંકોચ થાય છે કે તારા ચરણોને આ કર્કશ વક્ષપર કેવીરીતે પધરાવવા એથી **ભીતા શનૈઃ દધીમહિ** બહુજ ભયથી બહુજ સાવધાનીથી બહુજ હળવેથી અમે આ ચરણોને અમારા વક્ષ પર પધરાવીએ છીએ.

જે લોકો ચરણસ્પર્શ કરવા આવતા તો એમની યોગ્યતા દાદાજીએ બનાવી હતી. દાદાજી આજ્ઞા કરતા કે કેટલી જાતના લોકો આવે. કોઈ ચરણદંશ કરવા આવે. દાદાજીના પગ સોજેલા રહેતા તો દાદાજીને લોકોના નખ ખૂંચી જતા દાદાજી જોઈને કહેતા કે ''જો આ ચરણદંશને માટે આવ્યો છે.'' કોઈ ચરણપ્રહાર કરવા આવતો કોઈ ચરણપેષણ કરવા આવતા દાદાજીનો પગ બહુજ દૂખતો કેમકે એમના પગમાં બોનટી.બી. હતી. બધાના પ્રકાર દાદાજી ગણાવતા દાદાજી કહેતા કે ''ચરણસ્પર્શ કરવા તો કોઈક સોમાંથી એકાદ જ આવે છે બાકી તો બધા કોઈ ચરણદંશ કરી જાય, કોઈ ચરણપ્રહાર કરી જાય, કોઈ ચરણપેષણ કરી જાય.'' ભયથી બહુજ મૃદુતાથી ચરણને પોતાનાપર પધરાવવા આટલી મૃદુતા આદ્રતા કોના ભાવમાં આવે! અને **પ્રિય!** કહીને આ બતાવ્યું કે અમે કેટલા સ્નેહથી તારા ચરણ ધારણ કરીએ છીએ અને કેટલા ભયથી ધારણ કરીએ છીએ. **સુજાત** કહેવાથી આ બતાવ્યું કે તારા ચરણકમલ શીતલ છે, સુગંધિત છે, તાપનાશક છે ચંદન જેવા છે. ચંદન વક્ષપર ધારણ કરો તો જેવી ઠંડક થાય એવીજ તારા ચરણને ધારણ કરવાથી થાય છે. એમાં શીતલતા છે સુગંધ છે ભક્તિની સુગંધ છે. તાપનાશકતા છે સહસ્રપરિવત્સરોથી ચાલ્યા આવતા તાપની નાશકતા છે **પ્રિયત્વાદ્ ધાર્ષ્ટ્યેન સ્થાપનમ્.** આ વાત ઠીક છે કે ક્યારેક ક્યારેક ધૃષ્ટતાથી તારી ઈચ્છા ન હોય તો પણ અમે પધરાવી લઈએ. એટલો તારાપર અધિકાર તેં જ અમને પ્રિય હોવાના કારણે આપ્યો છે આના કારણે ધૃષ્ટતાથી પધરાવીએ નહીં તો અમે ધૃષ્ટતા ન કરીએ. **તેનૈવ અતિકોમલેન અસ્માન્ ત્યક્ત્વા અસ્મદ્દોષેણ ઈદાનીમ્ અટવીમ્ અટસિ.** આવા કોમલ ચરણોથી અમને છોડીને અટવીમાં અટન કરે, વનમાં તું ફરતો રહે છે.

**સ્વયમ્ અદુઃખેન સ્થિત્વા યદિ અન્યસ્મૈ દુઃખં દાતું શક્નુયાત્ તર્હિ પ્રયચ્છેત્ નતુ સ્વયમપિ દુઃખં પ્રાપ્ય.** આ કહે છે કે બીજો અમને કોઈ ખેદ નથી અમે અભિમાન કર્યું એ અમે માની લીધું. આ ન કરવું જોઈતું હતું અમારી

યોગ્યતા બતાવવા માટે તું છૂપાઈ ગયો તો કોઈ દુઃખની વાત નથી. ચાલ અમને દુઃખ આપવા માટે છૂપાયો હોત તો અમને દુઃખ મળી ગયું અમને હવે સમજમાં આવ્યું છે કે જે અમે માન કર્યું એ ખોટું હતું પરંતુ તું કેમ અટવીમાં અટન કરી રહ્યો છે! તું તકલીફ ભોગવીને અમને તકલીફ આપે એમાં તને શું સુખ મળશે! તું તકલીફ ન ભોગવતો હોય અને અમને તકલીફ મળતી હોય તો ચાલ એ તકલીફ અમને મંજૂર છે પરંતુ ખુદ તકલીફ ભોગવીને અમને તકલીફ આપવામાં તને કયો લાભ મળશે! **તત્ર અસ્માકં સન્દેહ કિં વ્યથતે ન વા! ઈતિ.** આથીજ અમને સંદેહ થાય છે કે ખુદ તકલીફ ભોગવીને તું અમને તકલીફ આપી રહ્યો છે તો એવું કામ તું કરી રહ્યો છે કે નહીં! આ સંદેહ અમને થાય છે જો તું ખરેખર તકલીફ ભોગવી રહ્યો છે તો તો અમને બહુ કષ્ટ છે અને તકલીફ નથી ભોગવી રહ્યો તો એ બતાવ કે ક્યાં છે? આ વનમાં તું નથી, આ વનમાં તું અટન નથી કરી રહ્યો તો તું ક્યાં ચાલ્યો ગયો બસ તું આ બતાવી દે. હમણાંસુધી તો અમારી સાથે હતો.

**સ્વિદ્ ઈતિ ઉત્પ્રેક્ષાયાં કિં ન વ્યથતે! અપિતુ વ્યથતએવ. કૂર્પાદિભિ શર્કરાદિભિ 'કૂર્પ'શબ્દેન વિષમા શર્કરા ઉચ્યન્તે.** કેમકે આ વનમાં કોઈ નાના કાંકરા કોઈ મોટા કાંકરા કોઈ નાના પત્થર કોઈ મોટા પત્થર એવા પડેલા છે એનાથી તારા ચરણ વિંધાતા હશે આ વિચારીને અમારી બુદ્ધિ ચકરાવે ચડી રહી છે. **તત્ર આહ ભ્રમતિ ધીઃ ઈતિ બુદ્ધિઃ કેવલં પરિભ્રમતિ. યદિ વ્યથતે ઈતિ નિશ્ચય સ્યાત્ તદા બુદ્ધિ શાન્તૈવ ભવેત્.** અને જો આ નિશ્ચિત થઈ જાય કે તું પોતાને કષ્ટ આપી રહ્યો છે તો તો અમારી બુદ્ધિ શાંત થઈ જશે મતલબ કામ કરવાનું બંધ કરી દેશે. ત્યારે તો રાજસભાવ પણ નહીં રહે આ વ્યથાથી પણ ઉપરની અવસ્થા થઈ જશે કે તું પોતે પોતાને કષ્ટ આપી રહ્યો છે. **તત્ર હેતુ ભવદાયુષામ્ ઈતિ.** કેમ સંદેહ થઈ રહ્યો છે? **ભવલ્લીલાર્થમેવ આયુઃ યેષામ્ પૂર્વન્તુ ખેદેન મનઃપીડા નિરૂપિતા. ઈદાનીન્તુ મૂર્ચ્છા નિરૂપ્યતે ઈત્યન્તસ્થિતિઃ.** એ ગોપીઓને તો પ્રભુને કષ્ટ થઈ રહ્યું છે એ વિચારીને કષ્ટનો ભાસ થઈ રહ્યો હતો પરંતુ હવે એ વિપ્રયોગનો જે તાપ છે તે એવી અવસ્થાપર પહોંચ્યો છે કે એ ગોપિકાની મૂર્ચ્છાની સ્થિતિ આવી રહી છે એટલા માટે આ **ભ્રમતિ** કહી રહી છે **ભ્રમતિ ધીઃ ભવદાયુષાં નઃ.** જાણે કે આ એક-એક પત્થર એમના

મગજમાં એવું ચક્કર કાપી રહ્યા છે કે એમની બુદ્ધિસાથે ટકરાઈ રહ્યા છે અને એ છતાંપણ જીવી રહી છે. તેનું એકમાત્ર કારણ છે કે આ તારી લીલા ચાલી રહી છે. રવિન્દ્રનાથ કહે છે : **''તોમાર લીલા હોબે એ પ્રાણ ભરે. યે સંસારે રેખે છે તાઈ ધરે રહિબો બાંધા તોમાર બાહુડોરે બંધન આમાર સેઈ ટુકુ થાકબાકિ''** (રવિન્દ્રનાથ). રવિન્દ્રનાથ કહે છે કે તારી લીલા થાય એટલા માટે પ્રાણ ધરેલા છે, આ સંસારમાં ટકી રહેલા છે. હવે અમારું એકજ બંધન બાકી રહી ગયું છે બીજા તો બધા બંધન છૂટી ગયા છે તારું બાહુબંધન એજ એક બંધન બાકી રહી ગયું છે એ બંધન અત્યાર સુધી પૂર્ણરીતથી બંધાઈ નથી શક્યું એથી અહીં બંધાયેલા છીએ બાકી બીજું કોઈ બંધન અવશિષ્ટ નથી. **એવં સર્વાસાં મૂર્ચ્છાપર્યન્તં સ્થિતિઃ જ્ઞાતવ્યા પુનઃ લીલાપ્રવેશે પ્રલાપઃ.** આ પ્રકારથી ગોપિકાઓ પોતાના ભાવોની તીવ્રતા તાપની તીવ્રતામાં મૂર્છિત થઈ રહી છે ફરી લીલાનું ભાન થાય છે. ફરી પ્રલાપ શરુ થાય છે ફરી મૂર્ચ્છાને પ્રાપ્ત થાય છે આ પ્રકારથી ફરી સ્વરૂપસ્થ થાય છે ફરી ગાય છે. **એવં સાધનપરીક્ષયોઃ યાવત્ તાવત્ તાસાં તાપો નિરૂપિતઃ.** આ પ્રકારથી સાધન અને પરીક્ષાની જે પરાકાષ્ઠા છે જેટલું સાધન કરી શકાતું હતું દીનતાવશ એ આ ગોપિઓએ પોતાની પરાકાષ્ઠાથી કર્યું અને પ્રભુ જેટલી પરીક્ષા લઈ શકતા હતા એટલી પરીક્ષા લેવાઈ ગઈ હવે આનાથી વધારે તાપનું વર્ણન અનભિષ્ટ છે.

***

(પ્રભુનું પાકટ્ય)

**એકોનત્રિંશકે અધ્યાયે પ્રસાદં ભગવત્કૃતમ્।।**
**રોદનાત્ પ્રાપ્ય તુષ્ટાસ્તા નિર્ણયજ્ઞા ઈતીર્યતે।।૧।।**

**નહિ સાધનસમ્પત્ત્યા હરિઃ તુષ્યતિ કસ્યચિત્।।**
**ભક્તાનાં દૈન્યમેવૈકં હરિતોષણસાધનમ્।।૨।।**

**સન્તુષ્ટઃ સર્વદુઃખાનિ નાશયત્યેવ સર્વતઃ।।**
**અતો નિર્ણયવાક્યાનિ ભજનાર્થં ન્યરૂપયત્।।૩।।**

**એવં પૂર્વાધ્યાયાન્તે તાસાં સ્તુતિમ્ ઉક્ત્વા, તતઃ પૂર્વાધ્યાયે તાસાં પ્રલાપમ્ ઉક્ત્વા, ઉભયમપિ ઉપસંહરન્ તયોઃ અસાધનતાયાં જાતાયાં રોદનં કૃતવત્ય ઈતિ આહ ઈતિ..ઈતિ.**

**ઈતિ ગોપ્યઃ પ્રગાયન્ત્યઃ પ્રલપન્ત્યશ્ચ ચિત્રધા।।**
**રુરુદઃ સુસ્વરં રાજન્! કૃષ્ણદર્શનલાલસાઃ।।**

**પૂર્વોક્તપ્રકારેણ સર્વાએવ ગોપ્યઃ પ્રગાયન્ત્યઃ પ્રલપન્ત્યશ્ચ જાતાઃ. યદા અસ્માભિઃ એકઃ પ્રકારઃ ઉક્તઃ તાસ્તુ ચિત્રધા વિલાપયુક્તા જાતાઃ. યદા તયોઃ અસાધનત્વં જાતં તદા સર્વાઃ સમ્ભૂય મહદ્રોદનં કૃતવત્યઃ. રોદને નિમિત્તમ્ આહ કૃષ્ણદર્શનલાલસાઃ ઈતિ, નતુ સ્વદેહરક્ષાર્થમ્ ।।૧।।**

આટલા માટે આ પ્રકારથી ગાતી ગાતી રોતી રોતી કૃષ્ણદર્શનલાલસાવાળી ગોપિકાઓના સાધનની હવે કોઈ સીમા નથી રહી ગઈ ત્યારે ઉંચા સ્વરથી રુદન કર્યું.

**તતો ભગવાન્ બ્રહ્માવિષ્ણૂ રુદ્રશ્ચ ભૂત્વા પુનઃ કૃષ્ણએવ જાતઈતિ આહ તાસામ્ આવિરભૂદ્ ઈતિ :**

**તાસામ્ આવિરભૂદ્ શૌરિઃ સ્મયમાનમુખામ્બુજઃ।।**
**પીતામ્બરધરઃ સ્રગ્વી સાક્ષાન્મન્મથમન્મથઃ ।।૨।।**

**સુબોધિનીજી :**

**તાસાં મધ્યએવ ભગવાન્ આવિર્ભૂતઃ માયાજવનિકાં દૂરીકૃત્ય ભગવાન્ પ્રકટો જાતઃ યતઃ શૌરિઃ શૂરસ્ય પૌત્રઃ શૌર્યમ્ અત્ર પ્રકટનીયમ્ ઈતિ,**

**સર્વેષાં દુઃખનિવારણાર્થમેવ યદુવંશે અવતીર્ણ ઈતિ. તદા તાસાં દોષનિવૃત્ત્યર્થં સ્મયમાનં મુખામ્બુજં યસ્ય, ઈષદ્ધસન્મુખઃ તાસાં વૈક્લવ્યેન સન્તુષ્ટઃ. સ્મિતયુક્તં સ્મયમાનં, સ્મય-માનાભ્યાં વા સહિતં મુખામ્બુજં યસ્ય. ભક્તાનાં દોષો ભક્તેભ્યો નિર્ગતો ભક્તૌ સમાયાતિ ઈતિ જ્ઞાપનાર્થમ્. તદાનીન્તનં રૂપં વર્ણયતિ પીતામ્બરધરઃ ઈતિ. પીતામ્બરં હાસ્યસંકોચાર્થં હસ્તે ધૃત્વા તિષ્ઠતિ. અથવા વ્યાપિવૈકુંઠરૂપેણ એતાવત્કાલં લક્ષ્મ્યા સહ રમણં કૃત્વા તેનૈવ રૂપેણ પ્રાદુર્ભૂતઃ. સ્રગ્વી વનમાલાયુક્તશ્ચ. મધ્યે બ્રહ્માદિપૂજાં ચ ગૃહીતવાન્ લક્ષ્મ્યા વા અતો વિલમ્બઃ ઈત્યપિ સૂચિતમ્. અતએવ પ્રથમશ્લોકે પૂર્વાધ્યાયે "શ્રયત ઈન્દિરા" ઈતિ ઉક્તમ્. ઈદાનીન્તુ ઉપેક્ષા કર્તુમ્ અયુક્તેતિ પ્રાદુર્ભૂતઃ. અતઃ આગમનમ્ ઉક્તમ્ અગ્રે. (યદ્વા તત્ર હેતુમ્ આહ વિશેષણદ્વયેન. ઈદાનીમ્ અનાવિર્ભાવેતુ ન રસો ન વા કીર્તિઃ, સ્વયન્તુ આચ્છાદનેન રસત્વસાધક-પીતામ્બરધરઃ કીર્તિમયસ્રગ્વાન્ ચ. અતઃ પ્રકટ ઈત્યર્થઃ. અન્યથાતુ ભક્તાનાં સ્વરૂપતિરોધાને ઉક્તોભયાભાવઃ સ્ફુટઃ ઈતિ ભાવઃ) નનુ કન્દર્પેણ કથં ન વશીકૃતઃ, સ્વપૂતના ખિન્નેતિ, તત્ર આહ સાક્ષાન્મન્મથસ્યાપિ મન્મથઃ. આધિભૌતિકો મન્મથઃ દેવતારૂપઃ. તતઃ આધ્યાત્મિકઃ સર્વહૃદયેષુ સાક્ષાન્મન્મથઃ. તસ્યાપિ અયં મન્મથઃ આધિદૈવિકઃ સર્વસ્યાપિ સર્વત્વાત્. અતઃ કન્દર્પોઽપિ મુગ્ધઃ કન્દર્પસ્યાપિ અશક્યમોહઃ કન્દર્પરૂપશ્ચ. અતઃ તાસાં દૈન્યે પ્રાદુર્ભૂતે તન્નિવારણાર્થં કામરૂપમેવ પ્રકટીકૃતવાન્. અતઃ તેન પૂર્વવત્ કામસમ્પન્નાઃ તાઃ કૃતાઃ ।।૨।।**

આ વ્રજભક્તોમાં કેવીરીતે પેદા થયો? આ પ્રકારથી ભગવાને ખુદે માન પેદા કરીને માન પ્રકટ કર્યું. ભગવાનના આવેશના કારણે આમનામાં માન આવ્યું કેમકે ભગવાનમાં જે ઐશ્વર્ય છે તે ભગવત્સંબંધથી આમનામાં આવ્યું. એક વાત બતાવું કે જ્યારે ભગવાને આમના ઉપર હાથ ધર્યો તો આમને થયું કે અમારું પણ ઐશ્વર્ય છે કે પ્રભુ અમારા ખંભાપર હાથ રાખે છે ભગવાને આમના ખંભાપર શ્રીહસ્ત રાખીને આમનામાં માન જગાવ્યું. આમનામાં માન જગાવવાના કારણે એક રીતથી ભગવાન્ બ્રહ્મા થયા અને આમને માન જગાવીને આમની સાથે વિહરણ કર્યું એ માનને સહન કર્યું આથી પ્રભુ વિષ્ણુ થયા અને એજ માન જ્યારે વધ્યું તો પ્રભુએ તિરોહિત થઈને આ પ્રકારથી

રુદ્રનું સ્વરૂપ બતાવ્યું આ બધી રોવા લાગી ગઈ અને **રુદ્રશ્ચ ભૂત્વા પુનઃ કૃષ્ણએવ જાત.** ફરી પ્રભુ કૃષ્ણ થઈ ગયા, રમણને માટે પ્રકટ થયા.

આચાર્યચરણ બહુજ સુંદર એક વાત કહે છે : **ઈદાનીમ્ અનાવિર્ભાવેતુ ન રસો ન વા કીર્તિઃ, સ્વયં તુ આચ્છાદનેન રસત્વસાધકઃ પીતામ્બધરઃ કીર્તિમયસ્રગ્વાન્ ચ. અત પ્રકટ ઈતિ અર્થઃ.** આટલો તાપ થયા પછીપણ જો પ્રભુ પ્રકટ ન થાય તો ન તો લીલામાં રસ જ રહી જશે અને ન તો પ્રભુની કોઈ કીર્તિ રહી જશે. આમ વિચારીને **તાસામ્ આવિરભૂત્ શૌરિ સ્મયમાનમુખામ્બુજઃ.** એ સ્મય જે હતો આમનો સ્મય આમનું માન જે ગોપિકાઓએ કર્યું એ પ્રભુએ હવે સ્વયં ધારણ કરી લીધું. **સ્મયમાનમુખામ્બુજઃ** એ સ્મય જે હતો આમનો સ્મય આમનું માન જે ગોપીકાઓએ કર્યું તે પ્રભુએ હવે સ્વયં ધારણ કરી લીધું **સ્મયમાનમુખામ્બુજઃ** પ્રભુના મુખામ્બુજપર એ માન અને સ્મય આવ્યો, કેમ આવ્યો. પ્રભુને હવે ગર્વ થઈ ગયો કે બતાવો આવા ભક્ત કોઈ બીજા દેવના છે જેવા મારા છે! એવું અભિમાન જેવો પહેલા આમનો સ્મય હતો કે જેવો અમારો કૃષ્ણની સાથે સંબંધ છે તેવો બીજા કોઈનો નથી એવો સ્મય-માન આમને થયા જેવા સ્મય-માન આમના મુખારવિંદપર ઝલક્યા હતા એ રુદ્રલીલા કરીને પ્રભુએ ઉપસંહરણ કર્યું અને એ સ્મય અને માનને ખુદના મુખપર ધારણ કર્યા. હવે આ કહી રહી છે હસતા હસતા **પીતામ્બરધરઃ સ્રગ્વી.** સંસ્કૃતમાં કેવલ 'પીતામ્બર' શબ્દ કહી દો તો એનો અર્થ થઈ જાય છે પીત અમ્બર અને પીત અમ્બર છે જેનું એને 'પીતામ્બર' કહેવામાં આવે છે. પીતામ્બરધરઃ કહી રહી છે કેમકે શ્રીહસ્તમાં પીતામ્બર લઈને પધાર્યા છે. ધારણ તો કર્યું છે હાથમાં આમ લઈને આવ્યા છે જેથી જે રોઈ રહી છે એના આંસુ લૂંછી શકે જે ગ્લાન થઈ ગઈ છે એમને આશ્વાસન આપી શકે. એ કદાચ માફી માગવા માટે પધાર્યા હોય માફ કરી દો. આટલી રોઈ છો તો એક એક ગોપિકાથી માફી માગવી. તો પ્રભુને કેટલી મોટી ઝોળી જોઈએ આટલું મોટું પીતાંબર પ્રભુએ પસાર્યું કે બધાની ક્ષમા પ્રભુને મળી શકે. **તાસામ્ આવિરભૂદ્ શૌરિ સ્મયમાનમુખામ્બુજઃ.** ***આચાર્યચરણ કહે છે કે*** **શૌરિ શૂરસ્ય પૌત્રઃ.** શૂરના પૌત્ર છે ને! આથી શૌરિ કહી રહી છે **શૌર્યમ્ અત્ર પ્રકટનીયમ્ ઈતિ.** હવે તો અહીં પોતાનું શૌર્ય બતાવવું જ પડશે નહીંતર તો જશે ક્યાં! **સર્વેષાં**

**દુઃખનિવારણાર્થમેવ યદુવંશે અવતીર્ણ ઈતિ તદા તાસાં દોષનિવૃત્ત્યર્થ સ્મયમાનં મુખામ્બુજં યસ્ય, ઈષદ્ધસન્મુખઃ તાસાં વૈક્લવ્યેન સન્તુષ્ટઃ.** એવું હાસ્ય જેમાં સ્મય અને માન બંને પ્રકટ થતા હોય અને જેમાં પ્રભુનો એવો ભાવ ઝલકી જાય કે કોઈ બીજાના આવા ભક્ત નથી જેવા મારા ભક્ત છે. આવા પ્રભુ પ્રકટ થયા **તાસામ્ આવિરભૂદ્ શૌરિઃ સ્મયમાનમુખામ્બુજઃ પીતામ્બરધરઃ સ્રગ્વી સાક્ષાન્મન્મથમન્મથઃ. અતઃ તાસાં દૈન્યે પ્રાદુર્ભૂત તન્નિવારણાર્થ કામરૂપમેવ પ્રકટીકૃતવાન્ અતઃ તેન પૂર્વવત્ કામસમ્પન્નાઃ તાઃ કૃતાઃ.** જે દૈન્યના કારણે એમનો કામ તિરોહિત થવા જઈ રહ્યો હતો એને ફરી પોતાના અલૌકિકકામથી સર્વકાલીન કામથી સંપન્ન કર્યો.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે આપણે પણ કોણજાણે કેટલી ગાળો ગોપીગીતના માધ્યમથી પ્રભુને આપી પરંતુ આપણો ભાવ કે અધિકાર આપણો છે કે નહીં આ તો એ જાણે જે આ માર્ગપર ચાલી અને આપણે પણ આ માર્ગપર ચાલીએ. આપણો આ માર્ગપર ચાલવાનો અધિકાર છે કે નહીં એ ખબર નથી પરંતુ ખુલી પગદંડી દેખાઈ તો બીજે ક્યાં જાત! વનમાં તો ભટકી નહોતા શકતા જે વન હતું એમાં એક આ જ પગદંડી મળી આપણને અને જે પગદંડી મળી એની નાકની સૂધમાં આપણે પણ ગયા. આપણે પણ ઠાકોરજીને **કિતવ!** કહ્યા, આપણે પણ ઠાકોરજીને **કુહક!** કહ્યા. આ કહ્યું તો આપણને પણ મજા આવી વસ્તુતઃ આમાં આપણો અધિકાર છે કે નહીં આપણને ખબર નથી.

શ્રીગુસાંઈજી એક બહુજ સુંદર વાત કહે છે **''વિજ્ઞપ્તૌ વા અપરાધે વા પાખણ્ડે વા મદુક્તયઃ પર્યવસ્યન્તિ કુત્ર ઈતિ ન જાને અહં વિમૂઢધીઃ''** (વિજ્ઞપ્તિ.૧/૬૧). આપણે જે પ્રભુને **કિતવ!** કહ્યા, આપણે પ્રભુને **કુહક!** કહ્યા એ આપણી વિજ્ઞપ્તિ માનશે પ્રભુ કે આપણો અપરાધ માનશે ખબર નહીં! પરંતુ જે કાંઈ પણ માને તે માને આપણે મૂઢધી છીએ. મૂઢતાવશ જે પગદંડી ગોપિકાઓએ બનાવી એનાપર આપણે ચાલ્યા આપણે જેવાપણ છીએ પ્રભુ આપણો અંગીકાર કરે.

**જયતિ તેડધિકં જન્મના વ્રજ.**

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે :

**મંગલમખિલં ગોપીશિતુરિતિ મંથરગતિવિભ્રમમોહિત રાસસ્થિતગાનમ્ ।।**
**ત્વં જય સતતં ગોવર્ધનધર! પાલય નિજદાસાન્ ।।** (મંગલાર્તિ.૪)

આ આખું ગોપીગીત મંગલગીત છે આને આપણે ગોપીગીત ન કહીને મંગલગીત કહીએ **મંગલમ્ અખિલં ગોપીશિતુરિતિ મંથરગતિવિભ્રમમોહિત રાસસ્થિતગાનમ્.** રાસસ્થિત જે ગાન છે એ મંગલ છે. **''ત્વં જય સતતં ગોવર્ધનધર! પાલય નિજદાસાન્.** આપણા માટે તો ગોવર્ધનધરની જય થાય અને તે આપણું પાલન કરે આ પુષ્ટિમાર્ગમાં આ જ પ્રાર્થના છે. આટલોજ આપણો અધિકાર છે બાકી તો જે કાંઈ કર્યું તે ગોપીજનોના શબ્દોથી ગોપીજનોના ભાવથી કર્યું નહીંતર તો આપણો અધિકાર ક્યાં છે.

***

## ઉદ્ધરણતાલિકા

### (અ-એ)

| | |
|---|---|
| અંબુદસ્ય સ્વભાવોऽયં સમયે | (વિજ્ઞપ્તિ.૧/૮) |
| અકામઃ સર્વકામો વા | (ભાગ.પુરા.૨/૩/૧૦) |
| અક્ષણ્વતાં ફલમ્ ઈદં ન | (ભાગ.પુરા.૧૦/૧૮/૭) |
| અચિન્ત્યકાર્યકર્તા | (પુ.સ.ના.૫/૬૮) |
| અજાપતક્ષાઈવ માતરં | (વૃત્રા.ચતુ.૩) |
| અજામિલાદિદોષાણાં નાશકો | (કૃ.સ્રો.૭) |
| અજાયમાનો બહુધા વિજાયતે | (તૈત્તિ.આર.૩/૧૩/૩) |
| અજો નિત્યઃ શાશ્વતો | (ભગ.ગીતા.૨/૨૦) |
| અણ્વપિ બ્રહ્મ વ્યાપકં | (ત.દી.નિ.પ્ર.૧/૫૪) |
| અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે | (સિ.મુ.૧૨) |
| અત્ર 'કટાક્ષ'પદેન | (સુબો.૧/૧૬/૩૨) |
| અથાતો બ્રહ્મજિજ્ઞાસા | (બ્ર.સૂ.૧/૧/૧) |
| અથો અમુષ્યૈવ મમ અર્ભકસ્ય | (ભાગ.પુરા.૧૦/૮/૪૦) |
| અદ્વૈતવીથિપથિકૈઃ ઉપાસ્યાઃ | (મધુસુદનસરસ્વતી) |
| અધરં મધુરં | (મધુરાષ્ટકમ્.૧) |
| અનન્યાઃ ચિન્તયન્તો | (ભગ.ગીતા.૯/૨૨) |
| અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્રિદર્શનમ્ | (વિ.ધૈ.આ.૫) |
| અનુજા વિષ્ણોઃ | (ભાગ.પુરા.૧૦/૪/૯) |
| અનેકતન્ત્રકાન્તારે | (        ) |
| અન્તર્નિષ્ઠા વિરહો વા | (સુબો.૧૦/૪૪, ૪૭/૫૮) |
| અન્યાનિ ભૂતાનિ માત્રામ્ | (બૃહ.ઉપ.૪/૩/૩૨) |
| અપરા અનિમિષદ્ગ્ભ્યાં | (ભાગ.પુરા.૧૦/૨૯/૭) |
| અપરાધસહસ્રભાજનં પતિતં | (આળવન્દારસ્તો.૫૧) |
| અપાણિપાદો જવનો ગ્રહીતાઃ | (શ્વેતા.ઉપ.૩/૧૯) |

| | |
|---|---|
| અપિ ચેત્ સુદુરાચારો | (ભગ.ગીતા.૯/૩૦-૩૨) |
| અભિલાષાશ્ચિન્તનશ્ચ | (કેષાંચિન્મતે) |
| અમીહલાહલમદભરે | (બિહારી) |
| અમૃતત્વસ્યતુ ન આશા | (બૃહ.ઉપ.૪/૫/૩) |
| અલાવા ઈદકે મિલતી હે | (ગાલિબ) |
| અશોચ્યાન્ અન્વશોચસ્ત્વં | (ભગ.ગીતા.૨/૧૧) |
| અસમર્પિત વસ્તૂનાં | (સિ.ર.૪) |
| અસાધનમપિ સાધનં કરોતિ | (ત.દી.નિ.પ્ર.૧/૧) |
| અહં ત્વા સર્વપાપેભ્યઃ | (ભગ.ગીતા.૧૮/૬૬) |
| અહં બ્રહ્મ અસ્મિ | (બૃહ.ઉપ.૧/૪/૧૦) |
| અહં ભક્તપરાધીનઃ | (ભાગ.પુરા.૯/૪/૬૩) |
| અહં મનુરભવં સૂર્યશ્ચ | (બૃહ.ઉપ.૧/૪/૧૦) |
| અહં મમ અસૌ પતિઃ | (ભાગ.પુરા.૧૦/૮/૪૨) |
| અહન્યાપૃતં નિશિ શયાનમ્ | (ભાગ.પુરા.૨/૭/૩૧) |
| અહમ્ આત્માઽઽત્મનાં | (ભાગ.પુરા.૩/૯/૪૨) |
| ‘આત્મજ ઉત્પન્ન’ ઈતિ | (સુબો.૧૦/૫/૧) |
| આત્મન્યેવ આત્મના તુષ્ટઃ | (ભગ.ગીતા.૨/૫૫) |
| આત્મસમ્ભાવિતાઃ સ્તબ્ધાઃ | (ભગ.ગીતા.૧૬/૧૭) |
| આત્મારામશ્ચ મુનયઃ | (ભાગ.પુરા.૧/૭/૧૦) |
| આત્મારામોઽપિ અરીરમત્ | (ભાગ.પુરા.૧૦/૨૬/૪૨) |
| આનન્દસિંધુ બઢ્યો હરિતનમેં | (પરમાનંદદાસજી) |
| આયુર્ મનાંસિ ચ દશા | (ભાગ.પુરા.૧/૧૫/૧૫) |
| આર્તો અર્થાર્થી જિજ્ઞાસુ | (ભગ.ગીતા.૭/૧૬) |
| આશાબન્ધઃ કુસુમસદૃશં | (મેઘદૂત.પૂર્વ.૯) |
| આસામહો ચરણરેણુજુષામ્ | (ભાગ.પુરા.૧૦/૪૪/૬૨) |
| આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિ | (છાન્દો.ઉપ.૭/૨૫/૨) |

| | |
|---|---|
| આહુસ્ય તે નલિનનાભ! | (ભાગ.પુરા.૧૦/૭૯/૪૯) |
| ઇત્થં શરત્સ્વચ્છજલં | (ભાગ.પુરા.૧૦/૧૮/૧) |
| ઇદમેવ ઇન્દ્રિયવતામ્ ફલમ્ | (સુબો.કારિકા.૧૦/૧૮/૧૦) |
| ઇનકો બરજે હતે | (૮૪વૈ.વા.૨૦.પ્ર.૧) |
| ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ | (ભગ.ગીતા.૨/૬૦-૬૧) |
| ઇન્દ્રો માયાભિઃ | (બૃહ.ઉપ.૨/૫/૧૧) |
| ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશે | (ભગ.ગીતા.૧૮/૬૧-૬૨) |
| ઉદ્ધરેદ્ આત્મના | (ભગ.ગીતા.૬/૫) |
| ઉપસંહર વિશ્વાત્મન્ | (ભાગ.પુરા.૧૦/3/30) |
| ઉપેક્ષ્યં ભગવદ્ભક્તૈઃ | (ત.દી.નિ.પ્ર.૧/૮૦) |
| ઉર્ધ્વમ્ ગચ્છન્તિ સાત્ત્વિકાઃ | (ભગ.ગીતા.૧૪/૧૮) |
| ઋષિણાં પુનર્ આદ્યાનામ્ | (ઉત્ત.રામચ.૧/૧૦) |
| ઋતે જ્ઞાનાદ્ ન મુક્તિ | (       ) |
| એક હી અનંગ સાધિ | (ઉદ્ધવશતક) |
| એકં સદ્ વિપ્રાઃ બહુધા | (ઋક્.સંહિ.૧/૧૬૪/૪૬) |
| એકાકી ન રમતે | (બૃહ.ઉપ.૧/૪/3) |
| એકે કર્મપ્રવૃત્તાઃ સતતમ્ | (પ્રભુ.વિજ્ઞ.૫/૨) |
| એકોઽહં બહુસ્યાં પ્રજાયેય | (છાન્દો.ઉપ.૬/૨/3) |
| એવં પ્રતારણાશાસ્ત્રં | (ત.દી.નિ.૧/૮૦) |
| એષ તે આત્મા અન્તર્યામી અમૃતઃ | (બૃહ.ઉપ.3/૭/3) |
| ઐશ્વર્યસ્ય સમગ્રસ્ય ધર્મસ્ય | (દ્ર.વિષ્ણુપુરા.૬/૫/૪૭) |

(ક-ઙ)

| | |
|---|---|
| કામં ક્રોધં ભયં સ્નેહં | (ભાગ.પુરા.૧૦/૨૬/૧૫) |
| કામઃ એષઃ ક્રોધઃ એષઃ | (ભગ.ગીતા.3/3૭) |
| કામમયોઽપિ ગતાશ્રયણોઽપિ | (પંચાક્ષરમંત્રગર્ભસ્તોત્રમ્.3) |
| કામૈઃ તૈઃ તૈઃ હૃતજ્ઞાનાઃ | (ભગ.ગીતા.૭/૨૦) |

| | |
|---|---|
| કામોડીપ તત્તદ્-ઇન્દ્રિય | (બાલબો.વિવૃત્તિ.૨) |
| કાવ્યેષુ કોમલધિયો | (વેદાન્તદેશિક) |
| કાહેકો દેહ દમત સાધન કર | (શ્રીહરિરાયજી) |
| કિં સ્વપ્નમ્ એતદ ઉત દેવમાયા | (ભાગ.પુરા.૧૦/૮/૪૦) |
| કિમપિ કિમપિ મન્દં | (ઉત્ત.રામ.૧/૨૭) |
| કિમ્ આસનં તે ગરુડાસનાય | (ત.દી.નિ.પ્ર.૧/૧) |
| કિયાન્ પૂર્વં જીવઃ | (વિજ્ઞપ્તિ.૧/૧) |
| કીર્તિ શ્રી વાક્ ચ | (ભગ.ગીતા.૧૦/૩૪) |
| કુલ્યા પૌરાણિકાઃ | (જલભેદ.૩) |
| કૃષ્ણકૃપાગુણ જાત ન | (નાગરીદાસજી) |
| કૃષ્ણાધીના તુ મર્યાદા | (ત.દી.નિ.૩/૫/૨૬) |
| કૃષ્ણો અહં પશ્ય ગતિં | (ભાગ.પુરા.૧૦/૨૭/૧૯) |
| કેવલેનહિ ભાવેન | (ભાગ.પુરા.૧૧/૧૨/૮) |
| કૌંડિન્યો ગોપિકા પ્રોક્તા | (સંન્યા.નિ.૮) |
| કૌન રસ ગોપિન્ લીનો | (પરમાનંદદાસજી) |
| કૌન્તેય પ્રતિજાનિહિ | (ભગ.ગીતા.૯/૩૧) |
| ક્રીડાર્થમ્ આત્મનઃ | (ભાગ.પુરા.૮/૨૨/૨૦) |
| કૃષ્ણકૃપાગુણ જાત | (નાગરીદાસજી) |
| ક્વાસિ ક્વાસિ મહાભુજ! | (ભાગ.પુરા.૧૦/૨૭/૩૯) |
| ગગનં ગગનાકારં સાગરં | (રામા.યુદ્ધકાં.૧૦૭/૫૧) |
| ગતા બુદ્ધિઃ શુદ્ધિર જગતિ | (વિજ્ઞપ્તિ.૨/૨૬) |
| ગણિવિડમ્બનિ તસ્ય | (પ્રતિવાદિભયંકરઅણ્ણંગરાચાર્ય) |
| ગિરિધર સબહી અંગકો | (પરમાનંદદાસજી) |
| ગુંચે તેરી જિન્દગીપે | (જોશ મલીહાબાદી) |
| ગુલચીંકી સાજિશેં હૈં | (નસીમ) |
| ગોકુલં સર્વમ્ આવૃણ્વન્ | (ભાગ.પુરા.૧૦/૭/૨૧) |

| | |
|---|---|
| ગોપીનાં તત્પતીનાં ચ | (ભાગ.પુરા.૧૦/૩૦/૩૬) |
| ગોપીનાં પરમાનન્દઃ | (ભાગ.પુરા.૧૦/૧૬/૧૬) |
| ગોપ્યઃ કિમ્ આચરદ્ | (ભાગ.પુરા.૧૦/૧૮/૯) |
| ગોમયપાયસન્યાયઃ | (લૌકિ.ન્યાય.૪૦૩) |

**(ચ- ઞ)**

| | |
|---|---|
| ચકાસ ગોપીપરિષદ્ગતોઽચિૃતઃ | (ભાગ.પુરા.૧૦/૨૯/૧૪) |
| ચતુર્વિધા ભજન્તે માં જનાઃ | (ભગ.ગીતા.૭/૧૬) |
| ચરણં પવિત્રં વિતતં પુરાણં | (મહાનારા.ઉપ.૧/૧૧) |
| ચક્ષુરાગો મનઃસંગઃ | (વાત્સ્યા.કામસૂત્ર) |
| ચિતવન રોકેહુ ના રહી | (સૂરદાસજી) |
| ચિન્તિતાધિકદાયકઃ | (પુ.સ.ના.૨૭૯) |
| જગૌ કલં વામદશાં | (ભાગ.પુરા.૧૦/૨૬/૩) |
| જનસ્ય સાકેતનિવાસિનઃ | (રઘુવંશ.૫/૩૧) |
| જયતિ જનનિવાશો | (ભાગ.પુરા.૧૦/૮૭/૪૮) |
| જર જાઓરી લાજ મેરે | (નંદદાસજી) |
| જાકો લગે સો જાને | (સાગર) |
| જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ | (ભગ.ગીતા.૨/૨૭) |
| જોપે શ્રીવલ્લભ પ્રકટ ન | (સગુણદાસજી) |
| જૈસો હૂં તૈસો કહાઉં તેરો | (શ્રીહરિરાયજી) |
| જ્ઞાનભક્ત્યોઃ તુ ભગવદાવિર્ભાવાર્થં | (સુબો.૧૦/૨૬/૧૩) |
| જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ | (ભગ.ગીતા.૪/૩૭) |
| જ્ઞાની ચેદ્ ભજતે કૃષ્ણં | (ત.દી.નિ.૧/૧૪) |
| ધ્યાયેન આત્મનિ પશ્યન્તિ | (ભગ.ગીતા.૧૩/૨૫) |
| જ્યેષ્ઠાનામ્ સ્મિત-હસિતે | (સાહિત્યદર્પણ.૩/૨૧૭) |
| ઝુક રહી સુન મુરલીકી | (પરમાનંદદાસજી) |

**(ત-ન)**

તથૈવ તસ્ય લીલેતિ (નવ.૨.૮)
તતઃ તસ્યાં દષ્ટૌ ભગવાન્ (સુબો.૧/૧૬/૩૨)
તથા ન તે માધવ તાવકાઃ (ભાગ.પુરા.૧૦/૨/૩૩)
તથાપિ મન્નેત્રવપુઃ પ્રભૃતીનાં (વિજ્ઞપ્તિ.૧/૪૫)
તથૈવ તસ્ય લીલેતિ (નવ.૨.૮)
તદા અન્યસેવાતુ વ્યર્થા સ્યાત્ (સેવા.વિ.૫)
તદા જ્ઞાનમાર્ગે સ્થાતવ્યમ્ (સેવા.વિ.૫)
તદ્ધામ પરમં મમ (ભગ.ગીતા.૧૫/૬)
તન્મન્સકાઃ તદાલાપાઃ (ભાગ.પુરા.૧૦/૩૧/૪૩)
તમ્ અદ્ભુતં બાલકમ્ (ભાગ.પુરા.૧૦/૩/૯-૧૦)
તર્કાગોચરકાર્યકૃત્ (પુ.સ.ના.૫/૬૮)
તસ્માત્ મચ્છરણં ગોષ્ઠં (ભાગ.પુરા.૧૦/૨૨/૧૮)
તસ્યાવલોકમધિકં (ભાગ.પુરા.૩/૨૮/૩૧)
તા દષ્ટ્વાન્તિકમ્ (ભાગ.પુરા.૧૦/૨૬/૧૭)
તાસામ્ આવિર્ભૂત્ શૌરિઃ (ભાગ.પુરા.૧૦/૨૯/૨)
તીવ્રેણ ભક્તિયોગેન યજેત્ (ભાગ.પુરા.૨/૩/૧૦)
તુમ ઘનસે હો ઘનશ્યામ (ધોંધી)
તે નાધીતશ્રુતિગણા (ભાગ.પુરા.૧૧/૧૨/૭-૮)
તે હિ દુર્લભા એકત્ર સમુદિતાઃ (સુબો.૧/૧૬/૩૨)
તેરી ભ્રોંહકી મરોરનતે (નંદદાસજી)
તોમાર લીલા હોબે ઐ (રવિન્દ્રનાથ)
ત્રિવર્ગસાધકાનીતિ ન (બાલબોધ.૫)
ત્રૈગુણ્યવિષયા વેદાઃ (ભગ.ગીતા.૨/૪૫)
ત્વદીયત્વં ત્વદીયત્વં (વિજ્ઞપ્તિ.૧/૪૪)
ત્વદ્વિયોગે ચ આદ્યો (વિજ્ઞપ્તિ.૧/૨૭)
ત્વદ્વિયુક્તસ્ય જીવસ્ય (વિજ્ઞપ્તિ.૧/૩૦)

| | |
|---|---|
| ત્વન્નામોચ્ચારણેઽપિ | (વિજ્ઞપ્તિ.૧/૧૬) |
| દિગ્ગન્તે શ્રૂયન્તે મદમલિનગણ્ડાઃ | (જગન્નાથ) |
| દિવસે સર્વે શ્યામા મળી | (વલ્લભા.૬/૪-૮) |
| દુષ્ટતમોઽપિ દયારહિતોઽપિ | (પંચાક્ષરમંત્રગર્ભસ્તોત્ર.૧) |
| દ્યૂતં છલયતામ્ અસ્મિ | (ભગ.ગીતા.૧૦/૪૧) |
| દૃષ્ટ્વા કુમુદ્વન્તમ્ અખંડમંડલં | (ભાગ.પુરા.૧૦/૨૬/૩) |
| દેવાઅપિ અસ્ય રૂપસ્ય | (ભગ.ગીતા.૧૧/૫૨) |
| દૈત્યો નામ્ના તૃણાવર્તઃ | (ભાગ.પુરા.૧૦/૭/૨૦) |
| દૈવી હ્યેષા ગુણમયી | (ભગ.ગીતા.૭/૧૪) |
| દ્વા સુપર્ણા સયુજા સખાયા | (મુંડ.ઉપ.૩/૧/૧) |
| દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ | (બૃહ.ઉપ.૧/૪/૨) |
| ધનં સર્વાત્મના ત્યાજ્યં | (ત.દી.નિ.૨/૨૫૬) |
| ધન્યાસ્તાઃ વ્રજગોપિકાહિ | (   ) |
| ધર્મવ્યતિક્રમો દૃષ્ટ ઈશ્વરાણાં | (ભાગ.પુ.૧૦/૩૦/૩૦-૩૧) |
| ધર્મેણ પાપમ્ અપનુદતિ | (મહા.નારા.ઉપ.૧૭/૮) |
| ધ્યાયેત્ ચિરં વિતતભાવનયા | (ભાગ.પુરા.૩/૨૮/૩૧) |
| ન અપશ્યત્ કશ્ચન આત્માનં | (ભાગ.પુરા.૧૦/૭/૨૩) |
| ન અયં મૃગો નાપિ નરો | (ભાગ.પુરા.૭/૮/૧૯) |
| ન તત્ સમોઽસ્તિ | (ભગ.ગીતા.૧૧/૪૩) |
| ન નાકપૃષ્ઠં ન ચ પારમેષ્ઠ્યં | (વૃત્રા.ચતુ.૨) |
| ન પારયે અહં ચલિતું | (ભાગ.પુરા.૧૦/૨૭/૩૭) |
| ન પારયેઽહં નિરવદ્યસંયુજાં | (ભાગ.પુરા.૧૦/૨૯/૨૨) |
| ન માતા ન પિતા | (ભાગ.પુરા.૧૦/૪૩/૩૮) |
| ન વા અરે સર્વસ્ય કામાય | (બૃહ.ઉપ.૪/૫/૬) |
| ન વા અરે પુત્રાણાં કામાય | (બૃહ.ઉપ.૪/૫/૬) |
| ન વિના વિપ્રલમ્ભેન શૃંગારં/સંભોગઃ | (દ્ર.સાહિ.દર્પ.૩/૨૧૩) |

| | |
|---|---|
| ન હિ અસંન્યસ્તસંકલ્પો | (ભગ.ગીતા.૬/૨) |
| ન હિ કલ્યાણકૃત્ કશ્ચિદ્ | (ભગ.ગીતા.૬/૪૦) |
| નિરોધો અસ્ય અનુશયનં | (ભાગ.પુરા.૨/૧૦/૬) |
| નનુ પ્રપન્નઃ સકૃદેવ નાથ | (આળવન્દાર.સ્તો.૬૭) |
| નન્દગોપસુતં દેવિ પતિં | (ભાગ.પુરા.૧૦/૧૯/૪) |
| નન્દસ્તુ આત્મજ ઉત્પન્ને | (ભાગ.પુરા.૧૦/૫/૧) |
| નાયકોત્કર્ષાર્થમ્ 'અચ્યુત'ઈતિ | (સુબો.૧૦/૧૮/૧) |
| નાયમાત્મા પ્રવચનેન લભ્યો | (કઠોપ.૧/૨/૨૩) |
| નિશમ્ય ગીતં તદનઙ્ગવર્ધનં | (ભાગ.પુરા.૧૦/૨૬/૪) |
| નીચૈર ગચ્છતિ ઉપરિ | (મેઘદૂતમ્.ઉ.૪૯) |
| નૈષાતિદુઃસહા | (ભાગ.પુરા.૧૦/૧/૧૩) |
| નૃણાં નિઃશ્રેયસાર્થાય વ્યક્તિઃ | (ભાગ.પુરા.૧૦/૨૬/૧૪) |

**(પ-મ)**

| | |
|---|---|
| પત્ન્યસ્તુ ષોડશસહસ્રમ્ | (ભાગ.પુરા.૧૦/૫૮/૪) |
| પરાંચિ ખાનિ વ્યતૃણત્ | (કઠોપ.૨/૧/૧) |
| પશ્યન્ ચક્ષુઃ શૃણવન્ શ્રોત્રં | (બૃહ.ઉપ.૧/૪/૭) |
| પાર્થો વત્સ સુધીઃ ભોક્તા | (ભગ.ગીતા.માહા.) |
| પિત્રોઃ સમ્પશ્યતોઃ | (ભાગ.પુરા.૧૦/૩/૪૬) |
| પિબન્તઈવ ચક્ષુર્ભ્યાં લિહન્તઈવ | (ભાગ.પુરા.૧૦/૭૦/૫-૬) |
| પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ | (નિરો.લ.૧૮) |
| પુનઃ પુલિનમ્ આગત્ય | (ભાગ.પુરા.૧૦/૨૭/૪૪) |
| પુરુષતે તિયભાવ ઉપજ્યો | (સૂરદાસજી) |
| પુરુષાણાં તથા સ્ત્રીણાં | (ત.દી.નિ.૩/૧૦/૧૧૧) |
| પૂજાં દધુઃ વિરચિતાં | (ભાગ.પુરા.૧૦/૧૮/૧૧) |
| પ્રણયરશનયા ધૃતાઙ્ઘ્રિપદ્મઃ | (ભાગ.પુરા.૧૧/૨/૫૫) |
| પ્રતિયાત્ વ્રજં નેહ સ્થેયં | (ભાગ.પુરા.૧૦/૨૬/૧૯) |

| | |
|---|---|
| પ્રપચ્છુઃ આકાશવદ અન્તરં | (ભાગ.પુરા.૧૦/૨૭/૪) |
| પ્રાયો બત અમ્બ! | (ભાગ.પુરા.૧૦/૧૮/૧૪) |
| પ્રાર્થયે રસિકાઃ સ્વૈરં | (શૃં.ર.મ.) |
| પ્રાર્થિતે વા તતઃ કિં | (વિ.ધૈ.આ.૨) |
| પ્રૌઢાપિ દુહિતા યદવત્ | (અંતઃ.પ્રબો.૮) |
| ફલં વૈમુખ્યતઃ તમઃ | (ત.દી.નિ.૧/૮૦) |
| બભૂવ પ્રાકૃત શિશુઃ | (ભાગ.પુરા.૧૦/૩/૪૬) |
| બલિષ્ઠા અપિ મદ્દોષાઃ | (વિજ્ઞપ્તિ.૧/૬૬) |
| બહૂનિ મે વ્યતિતાનિ | (ભગ.ગીતા.૪/૫) |
| બર્હાપીડં નટવરવપુઃ | (ભાગ.પુરા.૧૦/૧૮/૫) |
| બહોત દિનાનૂકી અવધિ | (ઘનાનન્દ) |
| બાવરી વ્હે જાત | (ભારતેન્દુ હરિશ્ચન્દજી) |
| બ્રજ ભયો મહરિકે પૂત | (જન્મા.વધા.સૂરદાસજી) |
| બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે | (નરસિંહમહેતા) |
| બ્રહ્મજ્ઞાનીને મુક્તિમાર્ગીય | (વલ્લભાખ્યાન.૧/૭) |
| બ્રહ્મવાદે નિરુક્તિસ્તુ | (પત્રા.૩) |
| બ્રહ્માદયો બહુતિથં | (ભાગ.પુરા.૧/૧૬/૩૨) |
| બ્રહ્મારુદ્ર ત્યાં કોણ બાપડા | (વલ્લભાખ્યાન.૧/૧૧) |
| ભક્તિઃ પ્રવર્તિતા દિષ્ટ્યા | (ભાગ.પુરા.૧૦/૪૪/૨૫) |
| ભક્ત્યાતુ અનન્યયા | (ભગ.ગીતા.૧૧/૫૪) |
| ભગવતિ ઉત્તમશ્લોકે | (ભાગ.પુ.૧૦/૪૪/૨૫-૨૭) |
| ભગવદીયત્વેન પરિસમાપ્તસર્વાર્થાઃ | (ભાગ.પુરા.૫/૬/૧૭) |
| ભગવદ્રૂપસેવાર્થં તત્ સૃષ્ટિ | (પુ.પ્ર.મ.૧૨) |
| ભગવાનપિ તા રાત્રીઃ | (ભાગ.પુરા.૧૦/૨૬/૧) |
| ભગવાનેવ હિ ફલં સ | (પુ.પ્ર.મ.૧૭) |
| ભગવાન્ બ્રહ્માવિષ્ણૂ રુદ્રશ્ચ | (સુબો.૧૦/૨૯/૨) |

| | |
|---|---|
| ભજ ગોવિન્દં ભજ... | (શ્રીશંકરાચાર્યજી) |
| ભજ્સેવાયામ્ | (પાણિ.ધા.પા.ભ્વા.૧૦૨૩) |
| ભયં દ્વિતીયાભિનિવેશતઃ સ્યાદ્ | (ભાગ.પુરા.૧૧/૨/૩૭) |
| ભર્તૃઃ શુશ્રૂષણં સ્ત્રીણાં | (ભાગ.પુરા.૧૦/૨૬/૨૪) |
| ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ | (તૈત્તિ.આર.૩/૧૪/૧) |
| ભાગ્યહીન જીવ જેણે | (વલ્લભા.૭/૭) |
| ભૂતલ ભૂષણ વિષ્ણુસ્વામીપથ | (વધાઈઃસગુણદાસજી) |
| ભૂલ જિન જાય મન અનત | (શ્રીહરિરાયજી) |
| મંગલમખિલં ગોપીશિતુરિતિ | (મંગલાર્તિ.૪) |
| મનએવ પિતા વાઙ્ માતા | (બૃહ.ઉપ.૧/૫/૭) |
| મનશ્ચક્રે | (ભાગ.પુરા.૧૦/૨૬/૧) |
| મનોરથાન્તં શ્રુતયો યથા | (ભાગ.પુરા.૧૦/૨૯/૧૩) |
| મમ નાથ! યદસ્તિ | (આળવન્દાર.૫૬) |
| મયા ઈમા રંસ્યથ ક્ષપાઃ | (ભાગ.પુરા.૧૦/૧૯/૨૭) |
| માં વિધત્તે અભિધત્તે માં | (ભાગ.પુરા.૧૧/૨૧/૪૩) |
| માતરઃ પિતરઃ પુત્રાઃ | (ભાગ.પુરા.૧૦/૨૬/૨૦) |
| માભૂત્ પરીવાદનવાવતાર | (રઘુવંશ.૫/૨૪) |
| માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદઢઃ | (નારદપંચરાત્ર) |
| મિથિલાયાં પ્રદીપ્તાયાં | (મહાભા.૧૨/૨૬૧/૪) |
| મુગ્ધેઽર્ધસમ્પત્તિ પરિશેષાત્ | (બ્ર.સૂ.૩/૨/૧૦) |
| મુનિઃ વિવક્ષુઃ ભગવદ્ગુણાનાં | (ભાગ.પુરા.૩/૫/૧૨) |
| મહૂર્તમ્ અભવદ્ ગોષ્ઠં | (ભાગ.પુરા.૧૦/૭/૨૨) |
| મૂઢાઅપિ વૈષ્ણવાઃ વિષ્ણુગતિમ્ | (ભાગ.પુરા.૧૦/૨૭/૧૦) |
| મેરો મન અનત કહાં | (સૂરદાસજી) |
| મૈવં વિભો અર્હતિ ભવાન્ | (ભાગ.પુરા.૧૦/૨૬/૩૧) |

## (ય-વ)

| | |
|---|---|
| યજન્તે સાત્ત્વિકા દેવાન્ | (ભગ.ગીતા.૧૭/૪) |
| યજ્ દેવપૂજા સંગતિકરણ | (પાણિનીધાતુપાઠે.૧/૧૦૮૭) |
| યતો વા ઈમાનિ | (તૈત્તિ.ઉપ.૨/૧) |
| યત્ પત્યપત્યસુહૃદામ્ | (ભાગ.પુરા.૧૦/૨૬/૩૨) |
| યથા કાયિકગતિઃ ગોપિકાનાં | (સુબો.૩/૨૯/૧૧) |
| યદા સંહરતે ચાયં કૂર્મો | (ભગ.ગીતા.૨/૫૮) |
| યદિ તુષ્ટોઽસિ રુષ્ટો વા | (વિજ્ઞપ્તિ.૧/૨૬) |
| યદ્ અલ્પ તન્મર્ત્યમ્ | (છાન્દો.ઉપ.૭/૨૪/૧) |
| યદ્યદ્ વિભૂતિમત્ સત્ત્વં | (ભગ.ગીતા.૧૦/૪૧) |
| યન્મદન્યદ નાસ્તિ કસ્માદ્ | (બૃહ.ઉપ.૧/૪/૨) |
| યસ્માત્ ક્ષરમ્ અતીતો | (ભગ.ગીતા.૧૫/૧૮) |
| યસ્યાં જાગ્રતિ ભૂતાનિ | (ભગ.ગીતા.૨/૬૯) |
| યહ સુખ રમા તનિક | (નંદદાસજી) |
| યહી હમારો રાજ હે | (દાનલીલા) |
| ‘યઃ સર્વજ્ઞઃ...’યમવાદીતિ | (વિજ્ઞપ્તિ.૧/૧૫૯) |
| યાદશોઽસિ હરે! કૃષ્ણ! | (સેવાશ્લોકા-૧૦) |
| યાવદ્ બહિઃસ્થિતો વહ્નિ | (સુબો.કારિ.૧૦/૧/૧૬-૧૭) |
| યુવાં માં પુત્રભાવેન | (ભાગ.પુરા.૧૦/૩/૪૫) |
| યે અન્યે અરવિન્દાક્ષ! | (ભાગ.પુરા.૧૦/૨/૩૨-૩૩) |
| યે યથા માં પ્રપદ્યન્તે | (ભગ.ગીતા.૪/૧૧) |
| યો અન્તઃ પ્રવિશ્ય મમ | (ભાગ.પુરા.૪/૯/૬) |
| યો યદંશ સઃ તં | ( ) |
| યો વૈ ભૂમા તત્સુખં | (છાન્દો.૭/૨૩/૧) |
| યોગઃ ચિત્તવૃત્તિનિરોધઃ | (યો.સૂ.૧/૧/૧) |
| યોગમાયામ્ ઉપાશ્રિતઃ | (ભાગ.પુરા.૧૦/૨૬/૧) |

રઘુવર યદભૂઃ ત્વં તાદૃશો (આળવન્દારસ્તો.૬૬-૬૭)
રન્તું મનશ્ચક્રે (ભાગ.પુરા.૧૦/૨૬/૧)
રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિ (ભગ.ગીતા.૨/૬૪)
રાસસ્રીભાવપૂરિતવિગ્રહઃ (સર્વો.સ્તો.૧૬.નામ.૪૨)
રૂપં યત્ તત્ પ્રાહુર (ભાગ.પુરા.૧૦/૩/૨૪-૨૭)
રૂપાદ્યભાવાદ્ હિ ન (બ્ર.સૂ.શાં.ભા.૨/૧/૧૧)
લેકર મીન દૂધમેં રાખો (હિલગપદ)
લોકેષણાયા પુત્રેષણાયા (બૃહ.ઉપ.૩/૫/૧)
લૌકિકે તુ ભાવેષુ યત્રૈવ (સુબો.કારિ.૧૦/૫/૫)
વંશસ્તુ ભગવાન્ રુદ્રઃ (કૃષ્ણોપ.૮)
વપુરાદિષુ યોઽપિ (સ્તોત્રરત્નમ્.૫૨)
વયમ્ ઈહ પદવિદ્યાં તર્કમ્ (ન્યાયકુ.ભૂ.પૃ.૬૬)
વરં નેત્રે મુદ્રા (વિજ્ઞપ્તિ.૩/૨૭)
વરં વૃન્દવનેઽરણ્યે (ન્યાયભૂ.પૃ.૫૯૪)
વસ્તુતસ્તુ મહારસનિધાન (સુબો.ટિપ.૧૦/૨૭/૩૭)
વામબાહુકૃતવામકપોલો (ભાગ.પુરા.૧૦/૩૨/૨)
વાલાગ્રશતભાગસ્ય શતધા (શ્વેતા.ઉપ.૫/૯)
વાસાંસિ જીર્ણાનિ (ભગ.ગીતા.૨/૨૨)
વિચાર્યૈવ સદા દેયં (જલભે.વિ.૩)
વિજ્ઞપ્તૌ વા અપરાધે (વિજ્ઞપ્તિ.૧/૬૧)
વિયોગો બાધતે તાવદ્ (વિજ્ઞપ્તિ.૧/૬૪)
વિલજ્જ ઉદ્ગાયતિ નૃત્યતે (ભાગ.પુરા.૧૧/૧૪/૨૪)
વિષયેન્દ્રિયસંયોગાદ યત્ (ભગ.ગીતા.૧૮/૩૮)
વીતરાગભયક્રોધઃ સ્થિતધીઃ (ભગ.ગીતા.૨/૫૬)
વેદદધિમધ્ય નવનીત જે (વલ્લભા.૭/૨)
વેદૈશ્ચ સર્વૈઃ અહમેવ વેદ્યો (ભગ.ગીતા.૧૫/૧૫)

| | |
|---|---|
| વેદો શિવઃ શિવો વેદ | (    ) |
| વૈષ્ણવીં વ્યતનોદ્ માયાં | (ભાગ.પુરા.૧૦/૮/૪૩) |
| વ્રજરાજ-વિરાજિત-ઘોષવરે | (રાજ.આર્યા.૧) |

**(શ-હ)**

| | |
|---|---|
| શઙ્ખં ચ તત્કરસરોરુહરાજહંસમ્ | (ભાગ.૩/૨૮/૨૭-૨૮) |
| શતાયુષાન્ પુત્ર-પૌત્રાન્ | (મન્ત્રાક્ષતા) |
| શબ્દોહિ ધૂમવદ્ લોકે | (સુબો.કા.૧૦/૨૭/૫) |
| શયાસનાટનવિકત્થનભોજનાદિષુ | (ભાગ.પુરા.૧/૧૫/૧૯) |
| શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ | (ત.દી.નિ.પ્ર.૧) |
| શાસ્ત્રયોનિત્વાત્ | (બ્ર.સૂ.૧/૧/૨) |
| શેષ સુરેસ દિનેસ ગનેસ | (રસખાન) |
| શ્યામો ભવતિ શૃંગારઃ | (ભરતનાટ્યશાસ્ત્ર,અ.૬) |
| સ ઈમમેવ આત્માનં | (બૃહ.ઉપ.૧/૪/૩) |
| સ વૈ નૈવ રેમે તસ્માદ્ | (બૃહ.ઉપ.૧/૪/૩) |
| સંકલ્પાદેવ કામા સમુતિષ્ઠન્તે | (છોન્દો.ઉપ.૮/૨/૧૦) |
| સંસ્થાપનાય ધર્મસ્ય પ્રશમાય | (ભાગ.પુ.૧૦/૩૦/૨૭-૨૯) |
| સકૃદેવ પ્રપન્નાય 'તવાસ્મિ' | (વાલ.રામા.૬/૧૮/૩૩) |
| સંચિન્તયેદ્ ભગવતઃ | (ભાગ.પુરા.૩/૨૮/૨૧) |
| સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનમ્ | (ભગ.ગીતા.૧૪/૧૭) |
| સત્યં જ્ઞાનં અનન્તં | (તૈત્તિ.ઉપ.૨/૧) |
| સત્યં વદ ધર્મં ચર | (તૈત્તિ.ઉપ.૧/૧૧/૧) |
| સમ્ભવામિ આત્મમાયયા | (ભગ.ગીતા.૪/૬) |
| સર્વ પ્રવાહઃ સર્વત્ર સ્વાનુકૂલ્યેન | (    ) |
| સર્વં ખલુ ઈદં બ્રહ્મ | (છાન્દો.ઉપ.૩/૧૪/૧) |
| સર્વજ્ઞે ત્વયિ અજ્ઞતરઃ | (વિજ્ઞપ્તિ.૧/૩૪) |
| સર્વધર્માન્ પરિત્યજ્ય | (ભગ.ગીતા.૧૮/૬૬) |

| | |
|---|---|
| સર્વસાધનહીનસ્ય પરાધીનસ્ય | (શ્રીકૃષ્ણશરણાષ્ટકમ્.૧) |
| સર્વાત્મના દુરાપત્વં જ્ઞાત્વાઽપિ | (વિજ્ઞપ્તિ.૪૨) |
| સર્વેશ્વરશ્ચ સર્વાત્મા | (નવ.૨) |
| સો અશ્નુતે સર્વાન્ કામાન્ | (તૈત્તિ.ઉપ.૨/૧) |
| સોઽકામયત્ બહુસ્યામ | (તૈત્તિ.ઉપ.૨/૬) |
| સ્કન્ધમ્ આરુહ્યતામ્ | (ભાગ.પુરા.૧૦/૨૭/૩૮) |
| સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા | (ભગ.ગીતા.૨/૫૪) |
| સ્નિગ્ધસ્મિતાનુગુણિતં | (ભાગ.પુરા.૩/૨૮/૩૧) |
| સ્મયમાનમુખામ્બુજઃ પીતામ્બરધરઃ | (ભાગ.પુરા.૧૦/૨૯/૨) |
| સ્મરગરલખંડનં મમ | (જયદેવજી) |
| સ્વજન હિ કથં હત્વા | (ભગ.ગીતા.૧/૩૭-૪૩) |
| સ્વભાવજેન કૌન્તેય | (ભગ.ગીતા.૧૮/૬૦-૬૧) |
| સ્વસ્કન્ધમેવ આરુહ્યતામ્ | (સુબો.૧૦/૨૭/૩૯) |
| સ્વામિનીનાં હિ બહિઃ | (સુબો.કા.ટિ.૧૦/૨૬/૭) |
| હરિઃ પૂર્ણઃ પૂર્ણતરઃ | (રૂપગોસ્વામી) |
| હા નાથ! રમણ પ્રેષ્ઠ | (ભાગ.પુરા.૧૦/૨૯/૨) |
| હાસં હરેઃ અવનતાખિલલોકતી | (ભાગ.પુરા.૩/૨૮/૩૨) |
| હાંકે હટક હટક | (નંદદાસજી) |
| હાસો જનોન્માદકારી ચ માયા | (ભાગ.પુરા.૨/૧/૩૧) |
| હિહીહીહીંકારાન્ પ્રતિપશુ | (પરિવૃઢાષ્ટક.૩) |
| હૃષ્યત્ત્વચો અશ્રુઃ મુમુચુઃ | (ભાગ.પુરા.૧૦/૧૮/૯) |
| ક્ષોણીકોણશતાંશપાલન... | (વેદાન્તદેશિક) |

***


कुले
विरचिताभयं
वृष्णिधुर्य
सात्वतां
करसरोरुहं
कान्त
कामदं
यात्
योषितां
शिरसि धेहि नः
श्रीकरग्रहम्
निजजनस्मय
ध्वंसनस्मित
किंकरीः
स्म नो
भज सखे भवत्
प्रणतदेहिनां
पापकर्ष
ारुदर्शय
फणिफणार्पितं
ते पदाम्बुजं
निकेतनम्
कृन्धि हृच्छयम्
कुचेषु नः
मधुरया गिरा
पुष्करेक्षण
वल्गुवाक्य
रधरसीधुनाप्याययस्व नः
ीर
मुह्यतीः